
Shree Kundkund-Kahan Parmarthik Trust
: 302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website:** www.vitragvani.com **Email:** vitragva@vsnl.com

**"Bhartesh Vaibhav"** has been published by us & the PDF version of the same has been put on our website www.vitragvani.com

We have taken due care, while preparing the same. However, if you find any typographical error, you may kindly inform us on info@Vitragvani.com

**By "Shree Kundkund-Kahan Parmarthik Trust"**
**(Shri Shantilal Ratilal Shah-Parivar, Mumbai)**

# ભરતેશ વૈભવ



“कैलासगिरि पर ऋषभजिनवर पदकमल हिरदे धरूं”

મૂળ લેખક : મહાકવિ રત્નાકર વર્ણિ

ભરતેશ વૈભવ

# ભરતેશવૈભવ

(ખંડ ૧ થી ૫)

: મૂળ લેખક :
મહાકવિ રત્નાકર વર્ણિ

હિન્દી સંપાદક અને અનુવાદક
પં. વર્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્રી

ગુજરાતી અનુવાદક
અમૃતલાલ માણેકલાલ ઝાટકીયા

શિષ્ટ સાહિત્ય મુદ્રણાલય
મોટા આંકડિયા : સૌરાષ્ટ્ર

**પ્રથમ આવૃતિ**
પ્રત : ૩૦૦૦

વીર સંવત : ૨૫૩૨ વિક્રમ સંવત : ૨૦૬૨ ✣ ઈ. સ : ૨૦૦૬
(ગોમટેશ્વર ભગવાન શ્રી બાહુબલી સ્વામી મહામસ્તકાભિષેક
તથા
પંડિત શ્રી બનારસીદાસ જન્મ જયંતી, માઘ સુદ-૧૧, તા. ૮-૨-૨૦૦૬)

: પ્રાપ્તિ સ્થાન :
**હિતેનભાઈ એ. શેઠ**
૩૦૨, કિષ્ણા કુંજ, વી. એલ. મહેતા માર્ગ, વિલે-પાર્લે (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૫૬. ફોન :૨૬૧૩૦૮૨૦

પ્રથમ આવૃતિ ૧૯૫૪માં **રવાણી પ્રકાશન** તરફથી છપાયેલ
તે આવૃતિમાં કાંઈપણ ફેરફાર વગર છાપવાની મંજુરી આપવા
માટે અમો તેમના આભારી છીએ.

: પ્રકાશક :
**સુરજબેન અમુલખ શેઠ સ્મૃતિ ટ્રસ્ટ**
૨૧૮, વિણા વિહાર, સાયન (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૨.

## ઉપોદ્‌ઘાત

**ભ**રતની પુણ્યભૂમિ ઉપર જે અનેકાનેક નરરત્નો વિચર્યા છે તેઓમાંના એક મહાન આત્મવિજ્ઞાની ભરતેશનું મંગલ-જીવન, આ ભવાટવીના ગાઢ અંધકારમાં ભટકતા આત્મજ્ઞાન વિહીન માનવીઓને યથાર્થ વસ્તુસ્થિતિનું સ્વરૂપ સમજાવી રહ્યું છે. ભરતની અપૂર્વ સંસ્કૃતિ દર્શાવતા વાસ્તવિક ઈતિહાસમાંથી ભરતેશનું ઉદાત્ત, ધીર અને ધાર્મિક જીવનપુષ્પ ચૂંટીને તેની મુક્તિપ્રેરક સુવાસ ગ્રંથકારે માનવ સમુદાયમાં ફેલાવવાનો મહાન પ્રયાસ કર્યો છે.

ભરતેશના અનેકવિધ વૈભવ સર્જનના પાયારૂપ બે તત્ત્વો છે. પુણ્ય અને ધર્મ. પુણ્યના નિમિત્તે વૈભવ અને સાનુકૂલ સંયોગો પ્રાપ્ત થયા અને ધર્મના નિમિત્તે શ્રદ્ધા, જ્ઞાન, ઉદાસીનતા ને વૈરાગ્ય પ્રગટયાં. આ બે તત્ત્વોના કેન્દ્રમાં જ ભરતેશનું જીવન રચાયું છે.

ધરતીના એક છેડાથી બીજા છેડા સુધી પોતાના સૈનિકોને દોરતો ભરતેશ અપૂર્વ સમ્રાટ છે. અને તે જ ભરતેશ ભૂલ્યા-ભટક્યા માનવીઓને આત્મજ્ઞાનના પંથે દોરતો સન્માર્ગદર્શી પણ છે. છ ખંડોનો મહાન સમ્રાટ પણ ભરતેશ છે. અને છતાં તે પ્રત્યે ઉદાસીનતાથી વર્તતા યોગી જેવો પણ તે જ છે. છ ખંડના ધન-દોલતનો સંયોગ હોવા છતાં તે તો આત્મસંપત્તિનો જ સ્વામી રહ્યો છે. સંપત્તિના ઝાળાં, વિભવનો પંક અને રણવાસની લપસણી ખીણમાં રહેવા છતાં પણ ભરતેશના આત્મજ્ઞાન ને આત્મધ્યાનની પુનિત આદર્શ આત્મજ્યોત અવિચલ અખંડ પ્રજ્વલિત રહી છે. એ આત્મવિજ્ઞાની સંસારની અનેક વિકલતાઓની મધ્યમાં પણ પોતાના આત્માને ભૂલ્યો નથી. ભરતેશનું જીવન એટલે સામાન્ય માણસને વિરોધાભાસી લાગે છતાં ધર્મ ને સજ્જનતામય નીતિપૂર્ણ મહાન ગુણોનો તે ભંડાર છે. એમનું જીવન બતાવે છે કે વિલાસની મધ્યમાં જલકમલવત્ રહીને દરેક પ્રસંગમાં તેમનું આત્મવિજ્ઞાન નીતરી રહ્યું છે. ભરતેશ એટલે આ અપૂર્વ સિદ્ધિનું મૂર્તિમંત પ્રતિક, ભરતેશ એટલે બાહ્ય ભોગ હોવા છતાં આંતરિક ત્યાગ, સત્તા હોવા છતાં સંયમ, આસક્તિ દેખાવા છતાં યોગ, સંપત્તિ હોવા છતાં વૈરાગ્ય, સામ્રાજ્યનો સંબંધ હોવા છતાં સંત; આ બધાનું મેળબદ્ધ એકત્રિત પ્રસંગોનું ચરિત્ર ભરતેશ કે જે અનુકરણીય એક આદર્શ વ્યક્તિ છે.

આ કથાદ્વારા લેખકે એક મહાસૂત્ર ભરતેશના જીવનમાં સુસંગતપણે એક સરખું વણાયેલું દર્શાવ્યું છે. અને તે એ છે કે :- ઉપાર્જિત પુણ્ય-પાપનાં પાયા ઉપર આ જન્મમાં પર વસ્તુના સંયોગ-વિયોગ હોય છે, અને વર્તમાન પુરુષાર્થથી પરમશુદ્ધ નિશ્ચયનયના વિષયરૂપ શુદ્ધ સહજ આત્માની શ્રદ્ધાએ પ્રાપ્ત કરેલ આત્મવિજ્ઞાનના પાયા ઉપર ધર્મની ઈમારત ઊભી થાય છે.

અજ્ઞાનીઓને પુણ્યનું ફળ રુચિકર લાગે છે. બાહ્યદૃષ્ટિએ દેખાતા ઈષ્ટ સંયોગોની લોલુપતામાં અજ્ઞાનીઓ તન્મય થઈ જાય છે. સુખદ લાગતા આ સંયોગો પુણ્યરૂપી મીઠા ઝેરના બીજમાંથી ઉદ્‌ભવેલાં છે. પુણ્ય મુક્તિનો માર્ગ દર્શાવવા અસમર્થ છે. તે તો માત્ર કલ્પાતા અનુકૂળ ને સુખદ સંયોગોમાં જ નિમિત્તમાત્ર છે. સંયોગો તો માત્ર જ્ઞેય છે. તેથી તે પ્રત્યેનો આદરભાવ મુક્તિના માર્ગને રોકે છે. એ સંયોગોમાં જે તન્મય થઈ જાય છે તે સંસારમાં વધુ ને વધુ ઊંડો ઊતરતો જાય છે. અને ધર્મના માર્ગથી દૂર જાય છે. આ પરિસ્થિતિમાંથી જીવને માત્ર ધર્મ જ ઉગારી શકે છે. પુણ્યના મીઠા

ને મંદ ઝેરનો ઉતાર કેવળ ધર્મ જ છે. આથી સ્પષ્ટ સમજાય છે કે પુણ્યમાં ધર્મ કે મુક્તિ નથી. ધર્મને પહોંચવા માટે પુણ્ય (વિકાર)નો આદરભાવ છોડવો પડે છે. પુણ્યભાવ તે ધર્મ નથી. પુણ્ય-પાપ રૂપ ઝેરના અભાવરૂપ એવો જે શુદ્ધ ઉપયોગ તે જ ધર્મ છે.

ભરતેશ પુણ્યાત્મા પણ છે અને ધર્માત્મા પણ છે. પુણ્યના નિમિત્તે તેને અખૂટ અને અમાપ બાહ્ય સંપત્તિનો સંયોગ થયો, પણ ધર્માત્મા ભરતેશ એ બધામાં જ્ઞાનથી અધિક થઈને સદા નિર્મોહી અને આત્મશ્રદ્ધાળુ રહીને ધર્મબળે પુણ્યનો જ્ઞાતા રહી આત્મજ્ઞાનની મશાલ હાથમાં લઈ ધર્મના પંથે પ્રયાણ કરી ગયા. તેની પ્રતીતિ ભરતેશના જીવન ઈતિહાસનું પ્રત્યેક પૃષ્ઠ આપી રહ્યું છે.

આ ભરતેશ વૈભવ છે. આ ભરતેશ વૈભવ હોવાથી ઉત્તમોત્તમ પાત્ર એવા ભરતનું ધૈર્ય, તેની સાગરજેવી અગાધ સૌજન્ય-ગંભીરતા તેની ઉદાત્ત અને ઉદારવૃતિ, સાહજિક ને સરલ તત્ત્વવિનોદ, તેનું આત્મજ્ઞાન, મુક્તિનું કારણ એવા નિશ્ચયરત્નત્રય પ્રત્યેની તેમની અવિચલ શ્રદ્ધા વગેરે ગુણોનું વર્ણન કરવું એ આ કાવ્યનો ઉદ્દેશ છે. ખરેખર ગ્રંથકર્તાએ ભરતેશનું યથાતથ્ય હૃદય એ રીતે સર્વત્ર આલેખ્યું છે.

ભરતેશ ચક્રવર્તી છે - છ ખંડના અધિરાજ છે. છ ખંડના અધિપતિની બાહ્ય સંપત્તિની કથાનું બ્યાન કરતાં ગ્રંથકારે સર્વત્ર ભરતેશે નિશ્ચયની-શુદ્ધ આત્માની જ-શ્રદ્ધા અંતરંગમાં નિરંતર કેવી રીતે પરોવી રાખી છે, તેઓએ પોતાનું અંતરંગ હૃદય પરથી કેવી રીતે નિરાળું રાખ્યું છે, ઉદાસીન રહીને આત્મવિજ્ઞાનની જ ધારા કેવી રીતે વહાવી રાખી છે, દરેક કાર્યને પ્રસંગમાં આત્મસન્મુખપણું કેવી રીતે સાધ્યું છે તે સચોટ ને સુગમપણે દર્શાવ્યું છે. જ્ઞાની પુરુષનું અંતરંગ હૃદય કેવું હોય અને પુણ્યના સંયોગના થોકમાં પણ આત્મસ્થિતિ કેમ જળવાઈ રહે છે તે આ ચરિત્ર જણાવે છે. પુણ્ય કે પુણ્યના સંયોગના આત્મજ્ઞાની માત્ર જ્ઞાતા છે. પુણ્યના સંયોગથી આત્મવિજ્ઞાનીનું હૃદય મપાઈ શકાતું નથી. પુણ્યના પ્રકાર, તેના ફળો અને આત્મવિજ્ઞાન કેવા પ્રકારનાં હોય છે એ બધું અંતરંગને અવલોકનાર વાંચકને આ જીવનચરિત્રમાં દેખાયા વિના નહિ રહે.

જ્ઞાની પુરુષની દશા જ કંઈ ઔર હોય છે. તેની દશા જ ફરી ગઈ હોય છે. બાહ્ય આચરણની પાછળ તેનો આત્મા કંઈક જુદુંજ કામ કરતો હોય છે, સમ્રાટ ભરતને આવી સંપદા હોવા છતાં પણ તેને તે જગતની ઊજળી ધૂળ માને છે. તેના પ્રત્યે કિંચિત્ માત્ર પણ રહેલો રાગ તે નિશ્ચયની શ્રદ્ધાએ નિશ્ચયના વિષયમાં ઢળતાં છોડવાનો પ્રયત્ન કરે છે. એ એમ સૂચવે છે કે આ જગતની ગમે તેટલી અનુકૂળ સગવડતાં હોય તો પણ તેમાં સુખ નથી. તેના પ્રત્યેના વિકારમાં પણ સુખ નથી. સુખ હોય તો તે આત્મવિજ્ઞાનમાં જ છે. સંપદા હોવા છતાં પણ તેના પ્રત્યેનું મોહ વિનાનું હૃદય કેવું હોય. આરાધક પુણ્ય કેવાં હોય તે આ જીવનચરિત્ર ઉપરથી જાણી શકાય છે.

અદ્ભુત શક્તિશાળી, મહાન વિજેતા, અદમ્ય સત્તાધીશ, અદ્વિતીય નરેન્દ્ર ને વૈભવી સમ્રાટ ભરતેશના વૈભવોનું વર્ણન કરવાની સાથે ગ્રંથરચિતાએ તેનું આત્મજ્ઞાન, વિનમ્રતા, વિવેકીતા, વૈરાગ્ય, ઉદાસીનતા ને નિરપેક્ષતાનું સ્પષ્ટ દર્શન કરાવ્યું છે. આવા ધાર્મિક અને આત્મજ્ઞ પાત્રની કથાને રજૂ કરવાનો અહીં એક નમ્ર પ્રયાસ કર્યો છે. કવિ 'રત્નાકર' સર્જિત આ મહાન ગ્રંથના પાંચે

ભાગોમાં તેના મૂળ ઉદ્દેશને સમ્પૂર્ણ વફાદાર રહીને તેના હિન્દી ગ્રંથ ઉપરથી અક્ષરશઃ અનુવાદ કરવામાં આવ્યો છે. આ કથામાંથી ધર્મનું સ્વરૂપ મેળવી શકાય તેવી રીતે ખરેખર ગ્રંથકારે ભરતવૈભવનું વર્ણન કર્યું છે. કલ્પિત નહિ પણ કાળના પ્રવાહમાં બની ગએલા બનાવોનો યથાર્થ ભાવ દર્શાવ્યો છે. પુણ્ય અને ધર્મની સ્થિતિ સમ્પૂર્ણપણે વ્યક્ત કરી છે. તેમ તેની છાપ વાંચનાર ઉપર પડયા વિના રહેતી નથી.

ભરતેશની બાહ્ય સંપદા ને આત્મસંપદા કવિ રત્નાકર વર્ણીએ પાંચ ભાગમાં યથાસ્થાને બરાબર વર્ણાવી છે. ૧. ભોગવિજય, ૨. દિગ્વિજય, ૩. યોગવિજય, ૪. મોક્ષવિજય, ૫. અર્કકીર્તિવિજય. એ પાંચ ભાગમાં ભરતેશના પુણ્ય અને ધર્મનું સ્વરૂપ કેવી રીતે વર્ણવ્યું છે તે ટુંક (સંક્ષેપ)માં આપ્યું છે.

## કથાસાર

### ૧ ભોગવિજય

**કૌ**શલદેશની અયોધ્યા નગરીમાં કૃતયુગની આદિમાં શ્રી આદિનાથ તીર્થંકરના પુત્ર આદિ ચક્રવર્તી ભરત મહારાજ રાજ્ય કરતા હતા. તેઓ ભાવુક, ધર્મિષ્ઠ ને આત્મવિજ્ઞાની હતા. તેમને હંમેશાં આત્મવિનોદના કાર્યમાં જ પ્રસન્નતા રહેતી હતી.

આ ચક્રવર્તીનો દૈનિક કાર્યક્રમ એક વિરાગી રાજર્ષિના સુચરિત્રને છાજે તેવો છે. પ્રભાતે તેમનું ઉત્થાન થતું-ત્યારથી જ ધર્મ અને આત્મોન્નતિ માટે જરૂરી કર્તવ્યો બજાવી પછી જ ભરત દરબારમાં જતા. ત્યાં તેમના દૂતો, સૈનિકો, સેનાપતિ અને અમાત્ય સાથે રાજ્યના કાર્યમાં પ્રવૃત થતા. ત્યારે પણ ત્યાં જ ઉપસ્થિત વિદ્વાન કવિઓ, સંગીતકારો સાથે આત્મિક જ્ઞાનચર્ચા કરીને આત્મવિનોદના તરંગો ઉછાળતા. શરીરમાં રહેલા ભગવાન દિવ્યાત્માની પિછાન વિના પોતાની જાતને રાંક માનનાર અલ્પબુદ્ધિ જીવો તેની પાસે જ રહેલો આત્મજ્ઞાનનો ખજાનો શી રીતે સ્પષ્ટ દેખે અને પોતાના સ્વરૂપની સાચી શ્રદ્ધા કરી તેમાં લીન કેમ થાય તે વિષયો વારંવાર રાજદરબારમાં પણ ચર્ચાતા.

પોતાના શરીરની અંદર સ્થિત આત્માનું મૂળ સ્વરૂપ નહિ ઓળખવાથી જ ભ્રાંતિને લીધે જીવ ભવચક્રના ચકડોળે ચડી રહ્યો છે. પોતાના ઘરમાં વિદ્યમાન ભંડારને દેખ્યા વિના ભગવાન આત્માને ભૂલીને બાહ્ય પદાર્થમાં સુખ શોધનાર કેવી રીતે સુખી હોઈ શકે ? ભેદવિજ્ઞાની શરીરસુખને, ઈન્દ્રિયસુખને અને પુણ્યપાપના વિકારને તુચ્છ સમજી આત્મીય સુખનો જ અનુભવ કરે છે. જ્ઞાન જ આત્માનું શરીર છે અને તે જ્ઞાન જ આત્માનું ચિહ્ન છે. સમ્યક્‌જ્ઞાન ને ધ્યાનરૂપી અગ્નિથી વિકાર ટળતાં કર્મ સ્વયં બળી જાય છે. ને ફરી વિકાર ને વિકારનું ફળ એવા દેહની ઉત્પત્તિ થતી નથી. ને આત્મા મુક્તિ પામે છે. આત્મવિજ્ઞાન એ જ ખરું વિજ્ઞાન છે. આત્મવિજ્ઞાન એ જ ભવનાશનું તીક્ષ્ણ શસ્ત્ર છે. આત્મવિજ્ઞાન એ જ સર્વસુખનું મૂળ છે. આત્મવિજ્ઞાન એ જ મુક્તિના દ્વારને બતાવે છે, આત્મવિજ્ઞાની સંસારની અનેક વિકલતાની મધ્યમાં, અરે ! વજ્રપાત થાય તોપણ પોતાના આત્માને ભૂલતો નથી. એવું અપૂર્વ શ્રદ્ધાનું ધૈર્ય તેનામાં હોય છે.

આવા આધ્યાત્મિક વિષયોને સંગીતજ્ઞો પોતાના તંતુવાદ્યના ઉન્નત સરોદમાં, નર્તિકાઓ પોતાના ઝાંઝરના ઝંકારમાં ચિત્રકારો પત્રના ફલક ઉપર અને શિલ્પીઓ આરસના પત્થરમા ઉતારતા અને સૌને આત્મોન્નતિને માર્ગે વળવાનું સૂચવતા.

સમસ્ત રાજવૈભવ સંભાળવા છતાં પણ જેની મુખ્યદૃષ્ટિ સ્વશક્તિ સન્મુખ છે એવા આત્મવિજ્ઞાનના મહાપ્રેમી નરેશ પોતાના વિજ્ઞાનીઓની જ્ઞાનચર્ચા અત્યંત હૃદયના રસથી સાંભળતા. ભરતેશનું હૃદય પોતામાં કોતરી લીધું હોય તેવી રીતે દ્વિવિધ કલાધરની જ્ઞાનધારા વહેતી. ‘રાજા ! વિજ્ઞાન બે પ્રકારનું છે. બાહ્યવિજ્ઞાન અને અંતરંગવિજ્ઞાન; કામ, આયુર્વેદ, મંત્ર, તંત્ર, ગણિત, ખગોળ, સંગીત, જ્યોતિષ, ભૌતિકશાસ્ત્ર આદિ બાહ્ય વિજ્ઞાનનાં વિષયો છે. અને તે વિષયોને જાણવા તે બાહ્યવિજ્ઞાન છે. આત્મા અને શરીરની ભિન્નતા, સ્વપરનું ભેદવિજ્ઞાન, તેના અસલી મૂળ સ્વરૂપનો વિચાર વગેરે આધ્યાત્મિક તત્ત્વને જ મુખ્ય કરનારા શાસ્ત્રો તે અંતરંગ વિજ્ઞાનના રસિક વિષયો છે, પોતાના

આત્માને જાણવો તે અંતરંગ વિજ્ઞાન છે, અંતરંગ વિજ્ઞાનનો દીપ આત્મહિતનો સાધક બની આત્માની પરિશુદ્ધિ કરી તેને ઉન્નત બનાવી ભવ ભવના ફેરામાંથી તેને મુક્ત કરે છે. બાહ્ય વિજ્ઞાનના મોહથી જીવનું ભવકૂપમાં અધઃપતન થાય છે. અંતરંગ વિજ્ઞાનની રુચિથી પર સાથેની એકત્વબુદ્ધિ ટળી જાય છે. અને તેથી સંપત્તિનો મદ ઊતરી જાય છે. ઘમંડ ગળી જાય છે, ક્ષુદ્ર મજાકની વાતો તુચ્છ ભાસે છે. ને અનેક પ્રતિકુળતાની મધ્યે રહેવા છતાં પણ આત્માનુભવરૂપી અમૃતના આસ્વાદથી જીવને ધર્મના માર્ગનો વેગ મળે છે. ધર્મ માટે તો અંતરંગ વિજ્ઞાનની અનિવાર્ય ઉપયોગીતા છે.'

ભરતેશ ઉપર કથિત મહા વિજ્ઞાનનો અનુભવ પોતાના જીવનમાં કરી રહ્યા હતા. તેની જિંદગીની પ્રત્યેક ક્ષણ આ અનુભવની સિદ્ધિમાં જ વીતતી હતી. તેઓ પોતાના વ્યક્તિત્વને દેહથી ને વિકારથી ભિન્ન સ્વરૂપે ઓળખતા. તેઓ આત્મવિજ્ઞાનના મહાજ્ઞાતા અને ખરેખર નિર્મોહી યોગી હતા. ભરતેશને ધર્મ સિવાય અન્ય વિષયમાં આનંદ જ આવતો નહતો. અને એવું તેનું હૃદય હોવાને લીધે ધર્મના ધવલયશના તેઓ સફળ પાત્ર બન્યા છે.

જિનભક્તિ, સિદ્ધભક્તિ, ગુરુભક્તિ અને શાસ્ત્રસેવન એ એની અતિપ્રિય સ્વાભાવિક ક્રિયા હતી. આત્મસ્થિત સંતોની સેવામાં તે પોતાને કૃતાર્થ માનતા અને નિત્ય નિર્ગ્રંથ મુનિઓને ભોજન આપ્યા પછી જ ભરતેશના ઉદરમાં કોળિયો જતો. મુનિઓ પ્રત્યે તેની કેવી અદ્‌ભુત ભક્તિ હતી તેનો ખરો ખ્યાલ ચારણ મુનિઓના આગમનમાં વિલંબ થતાં સ્ફુરેલી ભરતેશની ચિંતાના ઉદ્‌ગારો વાંચતા જ આવશે.

સાચોસાચ ભરતના હૃદયનો વિચાર આસન્નભવ્ય જ જાણી શકે છે. પાંચ રસોનું ભોજન કરતી વખતે પણ આત્માને અનંત ચતુષ્ટય ગુણોનો અનુભવ કરાવતા. જમતી વખતે પણ તેનામાં સહજ ઉદાસીનતા જ છવાઈ રહેતી હતી. આટલી સંપત્તિ, આટલો વૈભવ. આટલી સ્ત્રીઓ છતાં ભરતને આત્મજ્ઞાન હતું તે સૂચવે છે કે આત્મજ્ઞાનનો આધાર બાહ્ય સંયોગો ઉપર નથી. આત્મજ્ઞાનનો આધાર બાહ્ય આચરણ ઉપર નથી, અરે ! આત્મજ્ઞાનનો આધાર મંદકષાય ઉપર પણ નથી, આત્મજ્ઞાનનો આધાર તો અંતરંગ આત્મવિજ્ઞાન ઉપર જ છે.

ભક્તિ બે પ્રકારની છે. પોતાની મૂળ શુદ્ધ સહજ સ્વશકિતનો વિશ્વાસ કરીને સમ્યગ્દર્શન પ્રગટાવ્યા પછી આત્મામાં લીનતારૂપે સ્થિતિ નહિ જામતી હોવાથી પોતાની સામે જિનેન્દ્ર ભગવાન અને સિદ્ધની પ્રતિકૃતિ રાખીને પોતાના ભાનપૂર્વક ઉપાસના કરવી તે ભેદભક્તિ છે. પોતાની શુદ્ધ સહજ શક્તિના વિશ્વાસે પોતાના આત્માની ઉપાસના કરવી તે અભેદભક્તિ છે. સમ્યગ્દર્શન તે પ્રથમ નિશ્ચયભક્તિ (અભેદભક્તિ) છે અને પછી સમ્યક્‌ચારિત્ર તે બીજી નિશ્ચય ભક્તિ છે. શુભભાવરૂપ ભક્તિ સ્વર્ગનું જ કારણ છે. આત્મા ચૈતન્યરૂપ છે. દેવ છે એવી અભેદભક્તિ મુક્તિનું કારણ છે. અભેદભક્તિ તે ખરેખર ધર્મ છે. ભવ્ય તેનો સ્વીકાર કરે છે. અભવ્ય તેનો સ્વીકાર કરતા નથી.

ખરેખર આ રીતે આપણે જોયું કે ભરતેશ્વરનું આત્મજ્ઞાન ને આત્મધ્યાન અલૌકિક ને અપૂર્વ હતું. તેઓ સંસારમાં રહ્યા છતાં પણ ભૂમિકાનુસાર પોતાના નિજ આનંદરસને સમ્પૂર્ણ રીતે ભોગવી રહ્યા હતા. તેથી રાજયોગી હતા. એ વાત જાણીને હે જીવો તમે પણ સુખપ્રદ આત્મવિજ્ઞાનના પંથે ચડો એ રીતે કવિએ ભાવના દર્શાવી છે.

## ૨. દિગ્વિજય

દિગ્વિજયના સાઠ હજાર વર્ષોમાં વિજયી ભરતને બારસો તદ્ભવમોક્ષગામી પુત્રરત્નોની પ્રાપ્તિ થઈ હતી. તે બધાના યજ્ઞોપવીત વગેરે સંસ્કારને બહુ સમારંભપૂર્વક કર્યા હતા.

એક દિવસ એવો પ્રસંગ ઉપસ્થિત થયો કે જેથી ભરતના પુત્રોની આત્મશ્રદ્ધાની કસોટી થઈ. ભરત ચક્રવર્તીના સાળા નમિરાજે પોતાના પુત્રો ને પુત્રીઓ સહિત સમ્રાટનું આતિથ્ય સ્વીકાર્યું. રમૂજ કરતાં કરતાં આનંદી સમ્રાટ નમિરાજ સાથે તત્ત્વચર્ચાની ઊંડી ગુફામાં ઊતરી પડયા.

'મુક્તિ માટે આત્મધર્મની શી આવશ્યકતા છે.' ભરતેશ્વરે પૂછયું. 'વ્યવહાર અથવા બાહ્યધર્મ જ શું પર્યાપ્ત (પૂરતો) નથી ?'

'ના.' ધર્મભાવે આર્દ્ર બનતા નમિરાજે સ્પષ્ટ ઈન્કાર કર્યો. 'વ્યવહાર રત્નત્રયથી સ્વર્ગની પ્રાપ્તિ થઈ શકે ખરી પણ મોક્ષસિદ્ધિ માટે તો નિશ્ચય રત્નત્રયની જ આવશ્યકતા છે.'

આ જવાબથી ભરતના મોં ઉપર સંતોષનું છૂપું મંદ સ્મિત ફરી વળ્યું. શક્તિની જ કબૂલાત કરનાર એવા નિશ્ચયનયના વિષયની શ્રદ્ધા કરીને સ્વદ્રવ્યને મુખ્ય કરતા એવા નિશ્ચયનયના વિષયરૂપ શુદ્ધાત્માની સ્થિરતારૂપ નિશ્ચયરત્નત્રયથી આત્મધર્મની સિદ્ધિ થાય છે. તો પણ પોતાના પુત્રોની પરીક્ષા કરવા માટે તે પ્રશ્ન તેમને બોલાવીને તેમની પાસે રજૂ કર્યો. સૌને એમ લાગ્યું કે ભરતના પુત્રો પોતાના પિતાનો જ પક્ષ લેશે. પણ ભરતના સુજ્ઞપુત્રો અવિવેકી પગલું ભરીને તેમ કરે તેવા નહોતા. સૌના આશ્ચર્ય વચ્ચે ભરતના આત્માર્થી પુત્રોએ સત્‌નો પક્ષ લઈ બેધડક કહ્યું કે ''મુક્તિ માટે આત્મધર્મની આવશ્યકતા છે. ભેદરત્નત્રયથી-સ્થૂલ ધર્મથી- સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. આત્મધર્મવિના મુક્તિ અસંભવિત છે.'' આ સાંભળીને નિશ્ચયને સ્થાપનાર એવા અધ્યાત્મપ્રેમી ભરતેશ અત્યંત આનંદ પામે એમાં નવાઈ શી ! નમિરાજ ને બીજા સૌ ચકિત થયા. સૌને રાજકુમારના સત્‌ની પ્રિયતા ઉપર અનહદ માન ઊપજ્યું. નાની ઉંમરના આ પુત્રોનો પ્રસંગ દરેક જીવને જાગૃત કરી અધ્યાત્મના શાંત રસમાં વળવા સૂચવે છે.

ષટ્‌ખંડ ભરતના તાબામાં આવ્યા છતાં પણ બાહુબલિએ ભરતની આધિનતાનો સ્વીકાર ન કર્યો, તેથી ભાઈ ભાઈઓમાં પરસ્પર યુદ્ધ થયું. ને ભરત હાર્યા; પછી રાજ્ય માટે મારે ભાઈ સાથે યુદ્ધ કરવું પડયું એ પશ્ચાત્તાપથી વૈરાગ્ય પામીને ભરતને રાજ્ય સોંપી દીક્ષા લઈને ચાલ્યા ગયા. એ પ્રકારે પૂર્વાચાર્યોના પુરાણોમાં કથન છે, પરંતુ કવિએ પોતાના ચાતુર્યબળથી તેને બીજી રીતે કહ્યો છે.

## ૩. યોગવિજય

જંગલમાં એક વર્ષ મેરુ સમાન અડોલ રહીને ઘોર તપશ્ચર્યા કર્યા છતાં નાના ભાઈ બાહુબલિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ નથી થઈ એવા સમાચાર સાંભળી ધર્મવત્સલ ભ્રાત પોતાના પિતાશ્રી આદિનાથ ભગવંતના સમસવરણમાં ગયા. ત્યાં બાહુબલિને તેના તપનું ફળ હજુ સુધી કેમ ન આવ્યું તેનું કારણ પૂછયું. ''તેના હૃદયમાં હજુ સુધી શલ્ય મોજૂદ છે ને તે જ તેની સિદ્ધિનું બાધક છે'' એવો ઉત્તર ભગવાન પાસેથી મળતાં નિરાભિમાની ભરતે ધર્મવાત્સલ્યના ઊભરાએ જંગલમાં પોતાના તપસ્વી

બંધુ તરફ પ્રયાણ કર્યું. ખરેખર જેને ધર્મી પ્રત્યે પ્રેમ નથી તેને ધર્મ પ્રત્યે પ્રેમ નથી. વડીલ છતાં ધર્મી પ્રત્યે પ્રેમ બતાવીને ભરતે પોતાનો ધર્મભાવ દર્શાવ્યો છે. ત્યાં જઈ બાહુબલિ યોગી પ્રત્યે અનેક પ્રાર્થનાઓ કરી. તેઓએ કહ્યું કે હે ભવ્ય ! ઘોર તપશ્ચર્યા કરવાથી શો લાભ ? બોધની પ્રાપ્તિ માટે આત્માની પરિણતિ નિર્મળ કરીને આત્મસમાધિમાં રહેવાની જરૂર છે. હજી તમને કાંઈક માન રહ્યું હોવાથી તમને આત્મ નિરિક્ષણ (કેવળજ્ઞાન) થયું નથી. આવી આવી અનેક સહૃદય નમ્ર પ્રાર્થનાઓ કરી ત્યાં બાહુબલિજીના હૃદયનો ડંખ દૂર થયો અને તેને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું.

પિતાજીની અનુમતિથી ફરવા નીકળેલ યુવરાજ અર્કકીર્તિકુમાર પોતાના ભાઈ આદિરાજની સાથે કાશીમાં આવી પહોંચ્યા ત્યાં સ્વામીભક્ત સેનાપતિ સાથે એક અઘટિત પ્રસંગ બનવાના યોગથી દૂર ન રહેવાયું. તે રાજના અધિપતિ અકંપન રાજાની પુત્રી સુલોચનાદેવીનો સ્વયંવર થઈ રહ્યો હતો; સુલોચનાદેવીએ પૂર્વના પ્રેમથી વીર સેનાપતિ જયકુમારને વરમાળા પહેરાવી. એ કારણે અર્કકીર્તિ અને જયકુમાર વચ્ચે લડાઈનો યોગ જામ્યો. સ્વામીભક્ત જયકુમારે પોતાનો ક્ષત્રિય ધર્મ અને નીતિ સાચવવા દુઃખિત હૃદયે અર્કકીર્તિને હરાવ્યા. તે સમાચાર ભરતને પહોંચ્યા. ન્યાયી ભરતે કાને સાંભળેલી વાત ખરી છે કે કેમ તે જાણી લાવવા પોતાના ખાસ વિશ્વાસુ મિત્ર નાગરને તપાસ કરવા મોકલ્યા. ને તેની પાસેથી ખરી હકીકત મેળવી. જયકુમારનો વાંક ન હોવા છતાં પણ સ્વામીપ્રત્યે અત્યંત ભક્તિભાવ હોવાથી તેના હૃદયમાં ભરતને મળતા ક્ષોભ થતો હતો. હૃદયજ્ઞ ભરતે ઉદાર ને પ્રસન્ન હૃદયે તે વાતનો ડંખ તેના હૃદયમાંથી ભુસાડી નાખ્યો તેની વિવેકી કલા વિચારવા યોગ્ય છે. આ સંબંધમાં પુરાણોમાં એમ આવે છે કે, અર્કકીર્તિ સ્વયંવર મંડપમાં ગયા હતા અને ભરતેશવૈભવમાં આવે છે કે ગયા ન હતા. તે વાત યથાર્થ નથી. પણ તત્ત્વજ્ઞાનની વાત બધી જગ્યાએ યથાર્થપણે જણાવી છે.

## ૪. મોક્ષવિજય

વિદ્યાધ્યયન કરીને ભરતજીના ગુણવાન સત્પુત્રો અનેક કલાઓમાં નિપુણતા પ્રાપ્ત કરી રહ્યા હતા. તેઓ એક દિવસે પોતાનું સાધનસામર્થ્ય દર્શાવવા બહાર નીકળી પડયા. તેઓએ ત્યાં અસ્ત્રવિદ્યા, શસ્ત્રવિદ્યા, અશ્વવિદ્યા અને ધનુર્વિદ્યામાં અનેક પ્રકારની પોતાની વિલક્ષણતા ભરેલી કલાઓ દર્શાવી. જેમ તેઓ શસ્ત્રવિદ્યામાં નિપુણ હતા તેમ તેઓ આધ્યાત્મિક શાસ્ત્રના જ્ઞાનના રસમાં પણ અત્યંત નિપુણ હતા. અભેદરત્નત્રય ને ભેદરત્નત્રયના સ્વરૂપ ને તેના ફળનું અનેક પ્રકારે વિવેચન કરી તેઓએ પોતાનું શાસ્ત્રજ્ઞાન દર્શાવ્યું છે. એ દરમિયાન હસ્તિનાપુરના અધિપતિ મેઘેશે આ સંસારથી વિરક્ત થઈને ભગવાન પાસે દીક્ષા લીધી એ સમાચાર સાંભળી ભરતજીના સો પુત્રોનાં હૃદયમાં સંસાર પ્રત્યે વૈરાગ્ય આવ્યો. વિચારને અંતે બાળબ્રહ્મચારી સો પુત્રોએ સમવસરણનો માર્ગ લીધો. માર્ગમાં જાણે આદિપ્રભુના વાક્ય હોય તેવી રીતે તે કુમારોએ આત્મધર્મનું વર્ણન કર્યું. ભરતજીના કુમારોનું વિદ્યાસામર્થ્ય જોઈને પાઠકને આશ્ચર્ય થયા વિના નહિ રહે. એ રીતે ધર્મની ચર્ચાએ હોંશભર્યો માર્ગ કાપતા ભગવાનના સમવસરણમાં તે વૈરાગીપુત્રો પહોંચ્યા. ને ભગવાન આદિનાથના

તત્ત્વોપદેશથી આત્મશાંતિનો અનુભવ કરી નિશ્ચય રત્નત્રયને જ મોક્ષમાર્ગ સમજી જિનદીક્ષા લીધી.

આ સમાચાર સાંભળી ચક્રવર્તીના દિલમાં ખેદ થયો. તે તે જ વખતે સમવસરણમાં ગયા. સમવસરણમાં બિરાજમાન પરમ ભટ્ટારક ભગવાનની સમીપવર્તી પોતાના પુત્રોને જોઈને ભરતના હૃદયનો ખેદ સહજ શમી ગયો. ને તીર્થનાથની બહુ ભક્તિપૂર્વક પૂજા કરી. ભગવાનની દિવ્યધ્વનિમાંથી ભરતને પરમહર્ષ ઊપજે એવો ઉત્તર સાંભળવાનું ભાગ્ય પ્રાપ્ત થયું કે હે ભવ્ય ! તમારી સ્ત્રીઓમાં કોઈપણ અભવ્ય નથી. બધી દેવીઓ ભવ્ય જ છે. ચિદ્‌દ્રવ્યનો તેમને પરિચય છે. તેઓ ક્રમશઃ અવ્યય સિદ્ધિને પામશે. સ્ત્રી પર્યાય પલટાવીને પુરુષલિંગનો માનવજન્મ પામીને બધી દેવીઓ મુક્તિને પામશે.

તમારી પુત્રીઓ, વહુઓ, પુત્ર અને જમાઈ બધા પુણ્યશાળી છે. ભવ્ય છે. અભવ્ય નથી....આત્મા પોતે જ આત્માનો છે. એ છોડીને અન્ય પદાર્થો તરફ આત્મબુદ્ધિ કરવી તે મોહ છે. શાસ્ત્ર, ગુરુઓ પ્રત્યે ભક્તિ રહેવી તે પુણ્ય છે. શરીર તરફ મમતા રાખવી તે પાપ છે. સુકૃત (શુભભાવ) અને દુષ્કૃત (અશુભભાવ) બન્ને પદાર્થ આત્માને ધર્મમાં ઉપયોગી નથી. તે બન્નેને સમાનરૂપે જોઈને જે પરિત્યાગ કરે છે તે વિકૃતિને દૂર કરીને મુક્તિ પામે છે. અજ્ઞાનીની દૃષ્ટિમાં આ આત્મા અપવિત્ર છે. પરંતુ આત્મજ્ઞાની સુજ્ઞાનીની દૃષ્ટિમાં તે પવિત્ર છે. અજ્ઞાન ભાવનાથી અજ્ઞાન થાય છે. સુજ્ઞાનથી સુજ્ઞાન થાય છે. જ્યાં સુધી આ આત્માને બદ્ધ રૂપે દેખે છે ત્યાં સુધી તે આત્મા ભવબદ્ધ જ છે. જ્યારથી જીવ એને શુદ્ધરૂપે દેખવા લાગે છે ત્યારથી તે મોક્ષમાર્ગનો પથિક થાય છે. શરીર જ હું છું. હું શરીરની ક્રિયા કરી શકું, શરીર મારી પ્રેરણાથી કામ કરે એમ સમજનારા શરીરને જ આત્મા સમજનારા બહિરાત્મા છે. આત્મા ને શરીરને ભિન્ન સમજનારા અંતરાત્મા છે. કેવળજ્ઞાની આત્મા પરમાત્મા છે. આત્માના દર્શન જે વખતે થાય છે તે વખતે બધા પરમાત્મા છે. બહિરાત્મા બદ્ધ છે. પરમાત્મા શુદ્ધ છે. અંતરાત્મા પોતાના હિતમાં લાગેલ છે. પોતાના આત્માને અલ્પ સમજનારા સ્વયં અલ્પ છે. પોતાના આત્માને શુદ્ધ સમજીને આદર કરનાર અલ્પ કે ગર્વી નથી. તે મારી સમાન લોકપૂજિત છે. આ મારી આજ્ઞા સમજીને શ્રદ્ધાન કરો.

ત્યારપછી જ્યારે ભગવાન આદિનાથનો નિર્વાણ થયો ત્યારે ઈન્દ્રોએ નિર્વાણ કલ્યાણક મહોત્સવ ઊજવ્યો. ભરતને અશ્રુપાત થવા લાગ્યો. અનેક રીતે વિલાપ કરવા લાગ્યા કે હવે મને સત્પંથે દોરનાર કોણ રહ્યા ? ખરેખર ધર્મના પ્રશસ્ત રાગનું કાર્ય એવું જ હોય છે. ઈન્દ્રથી સાન્ત્વન પામી ચક્રવર્તી અયોધ્યાભણી પાછા ફર્યા. એક દિવસે એક એવી ઘડી ભરત સન્મુખ આવી કે તે જ ઘડીએ તેની જીવનનૌકા એકાએક તપના દિવ્યપંથે વળી ગઈ.

દર્પણમાં પોતાનું મુખ જોતાં જોતાં કપાળમાં પડેલી એક કરચલીએ ભરતના હૃદયને ચોંકાવી નાખ્યું. તેની નજર દર્પણમાં પ્રતિબિંબિત થતાં મુખ ઉપર પડતાં તરત જ તેમને પ્રતીત થઈ કે આ દેહની જીવનસંધ્યા આવી પહોંચી છે. તેમના ધર્માત્માએ પોકાર કર્યો ''નિર્વાણમાર્ગથી હવે વધુ વખત દૂર રહેવું ઉચિત નથી.'' તે જ ક્ષણે અર્કકીર્તિનો પટ્ટાભિષેક કરાવવામાં આવ્યો. રાજ્યની ધુરા પિતા ઉપરથી ઊતરી પુત્ર ઉપર મુકવામાં આવી. ષટ્‌ખંડસમ્રાટ ભરતનો તાજ અર્કકીર્તિના મસ્તકે આવ્યો. એ પછી પોતે જ પોતાના ગુરુ બનીને ભરતે દીક્ષા લીધી.

ચક્રવર્તી સમ્રાટ મુનિ થયા. પ્રજાના રાજા હવે પ્રજાના ગુરુ થયા. એ રીતે એ આત્મજ્ઞાની ધર્માત્માએ દિવ્યપંથે પ્રયાણ કર્યું. તેના પુરુષાર્થે તેના પંથને નિષ્કંટક બનાવ્યો અને આત્મજ્ઞાન તથા વૈરાગ્યના બળે ધ્યાનરૂપી નિશ્ચયરત્નત્રયનું છત્ર ધર્યું. મહામુનિ ભરતે નિશ્ચલધ્યાનના બળથી રાગદ્વેષને ટાળીને અંતર્મુહૂર્તમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. અને મોક્ષલક્ષ્મીએ વરમાળા પહેરાવી. પુરાણોમાં કેવલજ્ઞાન પછી લાંબે કાળે તેઓ મોક્ષ પામ્યા એમ આવે છે જ્યારે આ કથામાં તેઓ તુરત મોક્ષ પામ્યા એમ કહ્યું છે. એટલો તફાવત અહીં આવે છે.

## ૫ અર્કકીર્તિ વિજય

આત્મધર્મના સંસ્કાર આ કુટુંબમાં એટલા પ્રબળ હતા કે જ્યારે તેણે સાંભળ્યું કે પોતાના પિતા મુક્તિમાર્ગે ગયા છે, ત્યારે તેનું ચિત્ત પણ ઉદાસ થઈ ગયું. રાજ્યના રાગને તુચ્છ સમજીને એ સમૃદ્ધિથી વિરક્ત થઈ તેણે પોતાના નાનાભાઈ આદિરાજ સાથે દીક્ષા લીધી. અને કેટલાક સમય પછી નિશ્ચલશુકલ ધ્યાનના બળથી મુક્તિ પ્રાપ્ત કરી.

એ રીતે ભરતેશવૈભવની કથા પૂરી થાય છે. તે પોતે તથા તેનું દરેક કુટુંબ અને પરિવાર મોક્ષપંથી છે. આવા વિશાલ કુટુંબમાં દરેકના હૃદયમાં ધર્મની રુચિ જોતાં તે કેવો મહાન ધર્મકાળ હતો તે જણાઈ આવ્યા વિના રહેતું નથી.

ખરેખર શ્રદ્ધાની કબૂલાત પર સાથે નથી. વિકાર સાથે નથી. શ્રદ્ધાની કબૂલાત તે સહજ શુદ્ધ નિજશક્તિ સાથે છે. એમ સમજી વાચક પોતામાં ધર્મરુચિ પ્રગટાવે અને વધારે અને એ રીતે સમ્યગ્દર્શનરૂપ પ્રથમ ધર્મ પ્રાપ્ત કરી પછી સમ્યગ્ચારિત્રરૂપ વિશેષ ધર્મને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરમું છું.

અનંત ચતુર્દશી : ૨૪૭૫ — રામજી માણેકચંદ દોશી

સોનગઢ

# અનુક્રમણિકા

## ૧. ભોગવિજય

### પ્રથમ ખંડ


| | સંધિ | પાન | | સંધિ | પાન |
|---|---|---|---|---|---|
| | મંગલાચરણ | ૧ | ૭ | શુકસંલાપસંધિ | ૫૭ |
| ૧ | આસ્થાનસંધિ | ૫ | ૮ | ઉપહારસંધિ | ૬૪ |
| ૨ | કવિવાક્યસંધિ | ૧૨ | ૯ | સરસસંધિ | ૭૪ |
| ૩ | મુનિભુક્તિસંધિ | ૨૪ | ૧૦ | સન્માનસંધિ | ૮૫ |
| ૪ | રાજભુક્તિસંધિ | ૩૩ | ૧૧ | પર્વાભિષેકસંધિ | ૯૯ |
| ૫ | રાજસૌધસંધિ | ૪૦ | ૧૨ | તત્ત્વોપદેશસંધિ | ૧૦૮ |
| ૬ | રાજલાવણ્યસંધિ | ૪૯ | ૧૩ | પર્વયોગસંધિ | ૧૨૧ |
| | | | ૧૪ | પારણાસંધિ | ૧૩૩ |


## ૨. દિગ્વિજય સંધિ

### દ્વિતિય ખંડ


| | સંધિ | પાન | | સંધિ | પાન |
|---|---|---|---|---|---|
| ૧ | નવરાત્રિસંધિ | ૧૪૫ | ૧૪ | વિનમિવાર્તાલાપસંધિ | ૨૩૪ |
| ૨ | પતનપ્રયાણસંધિ | ૧૫૩ | ૧૫ | વૃષ્ટિનિવારણસંધિ | ૨૪૧ |
| ૩ | દશમીપ્રસ્થાનસંધિ | ૧૬૨ | ૧૬ | સિંધુદેવિયાશીર્વાદસંધિ | ૨૪૮ |
| ૪ | પૂર્વસાગરદર્શનસંધિ | ૧૬૬ | ૧૭ | અંકમાલાસંધિ | ૨૫૫ |
| ૫ | રાજવિનોદસંધિ | ૧૭૧ | ૧૮ | મંગલયાનસંધિ | ૨૬૨ |
| ૬ | આદિરાજોદયસંધિ | ૧૭૮ | ૧૯ | મુદ્રિકોપહારસંધિ | ૨૭૩ |
| ૭ | વરતનુસાધ્યસંધિ | ૧૮૬ | ૨૦ | નમિરાજવિનયસંધિ | ૨૮૧ |
| ૮ | પ્રભાસામરચિહ્નસંધિ | ૧૯૩ | ૨૧ | વિવાહસંભ્રમસંધિ | ૨૮૭ |
| ૯ | વિજયાર્ધદર્શનસંધિ | ૨૦૧ | ૨૨ | સ્ત્રીરત્નસંભોગસંધિ | ૨૯૨ |
| ૧૦ | કપાટવિસ્ફોટનસંધિ | ૨૦૮ | ૨૩ | પુત્રવૈવાહસંધિ | ૨૯૫ |
| ૧૧ | કુમારવિનોદસંધિ | ૨૧૪ | ૨૪ | જિનદર્શનસંધિ | ૩૦૫ |
| ૧૨ | ખેચરીવિવાહસંધિ | ૨૨૧ | ૨૫ | તીર્થાગમનસંધિ | ૩૧૦ |
| ૧૩ | ભૂચરીવિવાહસંધિ | ૨૨૮ | ૨૬ | અંબિકાદર્શનસંધિ | ૩૨૧ |

| સંધિ | પાન | સંધિ | પાન |
|---|---|---|---|
| ૨૭ કામદેવાસ્થાનસંધિ | ૩૩૦ | ૩૦ મદનસન્નાહસંધિ | ૩૫૫ |
| ૨૮ સંધાનભંગસંધિ | ૩૩૭ | ૩૧ રાજેન્દ્રગુણવાકયસંધિ | ૩૬૭ |
| ૨૯ કટકવિનોદસંધિ | ૩૪૬ | ૩૨ ચિત્તજનિર્વેગસંધિ | ૩૭૫ |
| | | ૩૩ નગરીપ્રવેશ સંધિ | ૩૭૮ |


# ૩. યોગવિજય

## તૃત્રિય ખંડ


| સંધિ | પાન | સંધિ | પાન |
|---|---|---|---|
| ૧ શ્રેણ્યારોહણસંધિ | ૩૯૫ | ૫ જનકસંદર્શનસંધિ | ૪૩૧ |
| ૨ સ્વયંવરસંધિ | ૪૦૪ | ૬ જનનીવિયોગસંધિ | ૪૦૮ |
| ૩ લક્ષ્મીમતિવિવાહસંધિ | ૪૧૩ | ૭ બ્રાહ્મણનામસંધિ | ૪૪૯ |
| ૪ નાગરાલાપસંધિ | ૪૨૨ | ૮ ષોડશસ્વપ્નસંધિ | ૪૫૮ |
| | | ૯ જિનવાસનિર્મિતસંધિ | ૪૬૯ |


# ૪. મોક્ષવિજય

## ચતુર્થ ખંડ


| સંધિ | પાન | સંધિ | પાન |
|---|---|---|---|
| ૧ સાધનાસંધિ | ૪૭૯ | ૯ કુમારવિયોગસંધિ | ૫૬૧ |
| ૨ વિદ્યાગોષ્ઠિસંધિ | ૪૮૩ | ૧૦ પંચૈશ્વર્યસંધિ | ૫૭૦ |
| ૩ વિરક્તિસંધિ | ૪૯૩ | ૧૧ તીર્થેશપૂજાસંધિ | ૫૭૭ |
| ૪ સમવસરણસંધિ | ૫૦૧ | ૧૨ જિનમુક્તિગમનસંધિ | ૫૮૬ |
| ૫ દિવ્યધ્વનિસંધિ | ૫૧૪ | ૧૩ રાજ્યપાલનસંધિ | ૫૯૪ |
| ૬ તત્ત્વાર્થસંધિ | ૫૨૯ | ૧૪ ભરતેશનિર્વેગસંધિ | ૬૦૦ |
| ૭ મોક્ષમાર્ગસંધિ | ૫૩૮ | ૧૫ ધ્યાનસામર્થ્યસંધિ | ૬૦૮ |
| ૮ દીક્ષાસંધિ | ૫૫૨ | ૧૬ ચક્રેશકૈવલ્યસંધિ | ૬૧૭ |


# ૫. અર્કકીર્તિ વિજય

## પંચમ ખંડ


| સંધિ | પાન | સંધિ | પાન |
|---|---|---|---|
| ૧ સર્વનિર્વેગસંધિ | ૬૦૫ | ૨ સર્વમોક્ષસંધિ | ૬૪૩ |

# आदिनाथ-ऋषभदेव स्तुति

जय भुवणभवणतिमिरहरदीव जय सुइसंबोहियभव्वजीव ।
जय भासियएयाणेयभेय जय णग्ग णिरंजण णिरुवमेय ।
सकयत्थइं कमकमलाई ताई तुह तित्थु पसत्थु गयाइं जाइं ।
णयणाइं ताइं दिट्ठो सि जेहिं सो कंठु जेण गायउ सरेहिं ।
ते धण्ण कण्ण जे पइं सुणंति ते कर जे तुह पेसणु करंति ।
ते णाणवंत जे पइं मुणंति ते सुकइ सुयण जे पइं थुणंति ।
तं कव्वु देव जं तुज्झु रइउ सा जीह जाइ तुह णाउं लइउ ।
तं मणु जं तुह पयपोमलीणु तं धणु जं तुह पूयाइ खीणु ।
तं सीसु जेण तुहुं पणविओ सि ते जोइ जेहिं तुहुं झाइओ सि ।
तं मुहुं जं तुह संमुहउं थाइ विवरंमुहुं कुच्छियगुरुहुं जाइ ।
तेल्लोक्कताय तुहुं मज्झु ताउ धण्णेहिं कहिं मि कह कह व णाउ ।।

– महापुराण (१०.७)

(दिशाओं के लोकपालों को कँपानेवाले चक्राधिप भरत ने स्तुति प्रारम्भ की —)

— विश्वरुपी भवन के अंधकार के दीप, आपकी जय हो ! आगम से भव्य जीवों को सम्बोधित करनेवाले, आपकी जय हो ! एकानेक भेदों को बतानेवाले, आपकी जय हो ! हे दिगम्बर, निरंजन और अनुपमेय, आपकी जय हो ! वे चरणकमल कृतार्थ हो गये जो तुम्हारे प्रशस्त तीर्थ के लिए गये । वे नेत्र कृतार्थ हैं जिन्होंने तुम्हें देखा; वह कण्ठ सफल हो गया जिसने स्वरों से तुम्हारा गान किया । वे कान धन्य हैं जो तुम्हें सुनते हैं; वे हाथ कृतार्थ हैं जो तुम्हारी सेवा करते हैं । वे ज्ञानी हैं जो आपका चिन्तन करते हैं; वे सज्जन और सुकवि हैं जो तुम्हारी स्तुति करते हैं । हे देव ! काव्य वह है जो तुममें अनुरक्त है । जीभ वह है जिसने तुम्हारा नाम लिया है । वह मन है जो तुम्हारे चरण-कमलों में लीन है । वह धन है जो तुम्हारी पूजा में समाप्त होता है, वह सिर है जिसने तुम्हें प्रणाम किया है । योगी वे हैं जिनके द्वारा तुम्हारा ध्यान किया गया । वह मुख है जो तुम्हारे सम्मुख स्थित है । जो विपरीत मुख हैं वे कुगुरुओं के पास जाते हैं । हे त्रैलोक्य पिता, तुम मेरे पिता हो (इसलिए मैं धन्य हूँ), मुझ धन्य के द्वारा (आपका स्वरुप) ज्ञात है ।







જલફલ વસ્તુ દ્રવ્ય પુનીત લેકર અર્ઘ કરું,
ગુણ ગાઉ પ્રભુ ઈહ ભ્ર્માંતિ ભવતરુ મોક્ષ વરું,
શ્રી આદિશ્વર કે પુત્ર ચક્રી પદ ધારી
અર્પણ પ્રભુજી ભરતેશ પૂજે નર નારી.

કર્મભૂમિકી આદિ રિષભ જિનવર ભયે,
ધર્મપંથ દરશાય સકલ જગ સુખ ભયે;
તિનકે પદ ઉર ધ્યાઈ હરષ મનમેં ધરું,
અત્ર તિષ્ઠ જિનરાજ ચરણ પૂજા કરું.

કર્મ અરિગણ જીતીકે, દરશાયો શિવપંથ,
પ્રથમ સિધ્ધપદ જિનલયો ભોગ ભૂમિકે અંત;
સમર દૃષ્ટિ જલ જીત લહી, મલ્લ યુધ્ધ જય થાય,
વીરા અગ્રણી બાહુબલી, વંદો મન વચ કાય.

# ભોગવિજય

## પ્રથમ ખંડ

# શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુકહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત્ સત્ જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
–રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેન્દ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.


**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું,
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું,

**(સ્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું –મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી



# અર્પણ

ભવાટવીમાં ભટકતાં ભૂલા પડેલા ભવ્યોને ઉગારનાર,
ભગવાન શ્રી સીમંધરસ્વામીના સમવસરણના શ્રોતા,
મહાવિદેહમાં સમવસરણમાં ભગવત્ કુંદકુંદાચાર્યદેવના
પ્રત્યક્ષ દર્શન કરનાર હે અનંત ઉપકારમૂર્તિ પૂજ્ય
ગુરુદેવ ! આપશ્રીએ ૪૫-૪૫ વર્ષો સુધી
અધ્યાત્મની ધોધમાર વર્ષા વરસાવીને પંચમ
આરાના અંત સુધી ઘસમસતી વહેતી
રહેનાર તત્ત્વજ્ઞાનની ગંગા વડે ભવ્ય
જીવો પર જે અસીમ ઉપકાર કર્યો છે.
તે ઉપકાર પ્રતિ ભક્તિ અંજલિ
સમર્પિત કરવા આ 'ભરતેશ-વૈભવ'
આપને અર્પણ કરતાં અમો અત્યંત
પ્રસન્નતા અનુભવીએ છીએ.

— જય જિનેન્દ્ર

## મંગલાચરણ

કરોડો ચંદ્ર સૂર્યના પ્રકાશથી પણ અધિક જેનું તેજ છે. એવી કેવલજ્ઞાનરૂપી ઉત્કૃષ્ટ જ્યોતિના જેઓ ધારણ કરવાવાળા છે અને જેના ચરણો દેવોનાં મસ્તકના મુગટમાં પ્રતિબિંબિત થઈ રહ્યાં છે એવા શ્રી ભગવાન વૃષભદેવ અમારી રક્ષા કરો.

અષ્ટકર્મ રહિત હોવાથી સદા શુદ્ધ એવા કેવળ જ્ઞાનસંપત્તિના અધિપતિ સિદ્ધ પરમેષ્ઠીને મેં નમસ્કાર કર્યા છે, તેથી પારામાં ડૂબાડેલા લોહની સમાન સિદ્ધ રસમાં લીન એવો હું હવે આત્મસિદ્ધિને પામીશ. તો હવે મને શેની ચિંતા છે ?

વ્યવહાર અને નિશ્ચય જાણી આત્માને ઓળખીને આત્મસાધન કરનાર ત્રણ ન્યૂન નવકરોડ મુનિઓને અમારા નમસ્કાર હો.

હે આત્મા ! તમે પરબ્રહ્મ છો. ત્રણલોકમાં તમે જ શ્રેષ્ઠ છો, જ્ઞાન જ તમારું વસ્ત્ર છે, તમે સર્વકર્મમલ રહિત છો, પાપને જીતવાવાળા છો તેથી તમને નમસ્કાર હો. વિશેષ શું કહું ! તમે જ મારા સાક્ષાત્ ગુરુ છો. મને દર્શન દ્યો. જ્યારે મને ચિત્તની એકાગ્રતા ન રહે, ત્યારે આપનું સ્મરણ કરીને આપની આજ્ઞાથી કર્ણાટકી[1] ભાષામાં આને (આ કાવ્યને) હું કહું એવી તમારી પાસે મારી એક પ્રાર્થના છે.

કવિઓને વાંચવા યોગ્ય આ કાવ્ય ઈક્ષુ સમાન મધુર રહો. તે વાંસની માફક રહે તો શો લાભ ? હે સરસ્વતી ! મને બુદ્ધિ દ્યો.

'અય્યા ! યેષ્ટુ ચેન્નાયિતપ્પા ? ' એમ કર્ણાટકી લોકો, 'અય્યા મંચિઢી ? ' એમ તેલુગુ લોકો, 'અય્યા યેંચ પોર્લુઆણ્ડ ? ' તેમ તુળુ ભાષાના લોકો (અર્થાત્ શું આ કાવ્ય શ્રેષ્ઠ થયું ? એમ તે લોકો) કહે છે. ઉત્સાહથી બધા ભાષાભાષી મન દઈને આને સાંભળો.

આ કાવ્યમાં કોઈ કોઈ જગ્યાએ શબ્દદોષ, સમાસદોષ વગેરે હોય તો તેમાં આશ્ચર્ય પામવા યોગ્ય નથી, કેમકે બધા લક્ષણને લક્ષ્યમાં રાખીને જો કાવ્યની રચના કરવામાં આવે તો તે અઘરું થઈ જાય અને તેમ થતાં તો તે કાવ્ય ન રહેતાં વિચિત્ર ગ્રંથ થઈ જશે, અને કાવ્ય નહિ રહે.

દોષ કયાં જોવામાં નથી આવતો ? શું ચંદ્રમામાં કાળો ડાઘ નથી હોતો ? તેથી શું ચાંદની પણ કાળી છે ? નહિ. કદાચિત્ કયાંક શબ્દદોષ થઈ જાય તો તેથી શું કાંઈ તત્ત્વમાં બાધા આવી જાય છે ? ભવ્ય આત્માઓ ! સાંભળો ! તમને એક સુંદર અને આદર્શ કથા સંભળાવું છું. જો તમે સાંભળશો તો તમારા જ આત્માનું કલ્યાણ આજે, કાલે કે તે પછીના દિવસે થશે.

---

૧ મૂળ ગ્રંથ કાનડી ભાષામાં લખાયો છે.

આ ભરતેશ વૈભવ છે. એને સાંભળો. એને સાંભળવાથી વારંવાર સૌભાગ્યની પ્રાપ્તિ થશે, મંગળ થશે, પાપનો વિનાશ ને પુણ્યની પ્રાપ્તિ થશે, દેવેન્દ્ર પદવી પમાશે. અને અન્તે મોક્ષ પણ મળશે એમાં શંકા નથી. જેઓએ અગણિત રાજ્ય સંપત્તિનો ઉપભોગ કરી દિગમ્બર યોગી બનીને એક ક્ષણમાં જ કર્મોને ભસ્મીભૂત કરી નાખી અનંત સુખ પ્રાપ્ત કર્યું છે એવા મહારાજા ભરતેશનો વૈભવ શું તમે સાંભળવા નહિ ઈચ્છો ? આ કાવ્યમાં અધ્યાત્મ અને શૃંગારનું એવી રીતે વિવેચન કરીશ કે જેમાં ત્યાગ અને ભોગની સીમા જણાઈ જાય, અને ત્યાગી તથા ભોગી બન્નેના હૃદયમાં તેનો રોમાંચકારી અનુભવ થઈ જાય. સાંભળો તો ખરા !

કવિગણ કાવ્યના કલેવરને પૂર્ણ કરવા માટે સમુદ્ર, નગર, રાજા, રાણી આદિનું વર્ણન કરવાની પદ્ધત્તિનો ઉપયોગ કરીને નિરૂપણ કરે છે પરંતુ અમે તેમ નહિ કરીએ. કારણ કે આ ગ્રંથમાં મારે ચરિત્રના ઓઠામાં કાંઈક અધ્યાત્મનું પણ વર્ણન કરવું છે.

જો કે આ કૃતિનો રચનાર હું એક સામાન્ય કોટિનો મનુષ્ય અવશ્ય છું પરંતુ ચરિત્રનાયક તો સામાન્ય નથી જ, તેઓ તો કૃતિયુગના પ્રથમ તીર્થંકરના પુત્ર છે. તેથી તમે સાંભળો ને મારો દોષ ન જુઓ.

આ પુણ્યકથા પુણ્યાત્માઓને રુચિકર થશે, દુર્જનોને આ નહિ પસંદ પડે. પાપને દૂર કરીને પુણ્ય સંપાદન કરતા થકા સ્વર્ગ જવાના ઈચ્છુક આને અવશ્ય સાંભળો.

'ૐ નમઃ, જિનં નમઃ, સિદ્ધં નમઃ હંસં નમામિ ' ઈત્યાદિ મંત્રોચ્ચારણ કર્યા પછી આ કથાને સાંભળવાની ઈચ્છા હોય તો 'इच्छामि' (હું સાંભળવા ઈચ્છું છું) એમ કહો એટલું જ નહિ, એક ચિત્ત ઉપયોગ લગાવીને સાંભળો.

# ૧. આસ્થાન સંધિ

**ભ**રતક્ષેત્રના ભૂષણરૂપ અયોધ્યા નગરીમાં ભરત ચક્રવર્તી સુખે રાજપાલન કરી રહ્યા હતા. તેમની સંપત્તિનું હું શું વર્ણન કરું ? ભગવાન આદિનાથના જેષ્ઠપુત્ર, પૃથ્વીનો એક જ રાજા તે ભરત (ષટ્ ખંડાધિપતિ) એક ક્ષણ જો આંખ મીંચે તો મુક્તિ દેખે છે, તેમનું વર્ણન કોણ કરી શકે ? સોળમા મનુ, પ્રથમ ચક્રવર્તી, સ્ત્રીઓનાં કામદેવ, વિવેકી પુરુષોના ચૂડામણિ અને તદ્ભવમોક્ષગામી (તેજ ભવે મોક્ષ જનાર) ભરતનું વર્ણન કરવામાં હું કયાં સમર્થ છું ? જે ખરી રીતે ગુણ નથી, એવા ગુણોનું વર્ણન કરવાની પદ્ધત્તિ યોગ્ય નથી, પણ જે ગુણો તે ભરત મહારાજામાં છે, તેમનું પણ પૂર્ણરૂપે વર્ણન કરવામાં કોણ સમર્થ છે ?

વિશેષ કહેવાથી શું લાભ ? તે ક્ષત્રિય કુલરત્નને આહાર તો છે, પણ નિહાર (મલમૂત્ર) નથી. શું તે અલૌકિક પુરુષ નથી ? જગતમાં બધા પદાર્થોને બાળવાથી કયાંય ભસ્મ તૈયાર થાય છે શું ? નહિ. સંસારના બધા મનુષ્યોને આહાર નિહાર હોય છે. પરંતુ અમારા ભરતને આહાર તો છે પણ નિહાર નથી.

ચક્રવર્તી ભરતનું શરીર કોમલ છે. સુવર્ણસદશ તેનો રંગ છે. પોતાના રૂપથી દુનિયાભરને મોહિત કરવાવાળા સુંદર રૂપધારી છે એટલું જ નહિ, અત્યારે તે તરુણ છે.

સમ્રાટ ભરત એક દિવસ પ્રાતઃકાળે દેવપૂજાદિ નિત્યક્રિયાથી નિવૃત્ત થઈ રાજસભામાં આવી બિરાજતા હતા. નવરત્ન નિર્મિત તે આસ્થાન ભવનમાં (સભાસ્થાનમાં) ભરત રત્નનિર્મિત પુષ્પક વિમાનમાં બિરાજમાન દેવેન્દ્રની સમાન શોભી રહ્યા હતા, માનસરોવરમાં કમલ ઉપર જેવી રીતે રાજહંસ શોભે છે. તેવી રીતે શરીર કાંતિથી પરિપૂર્ણ તે રાજસભારૂપી સરોવરમાં રત્ન સિંહાસનરૂપી કમલ ઉપર તે રાજહંસ ભરત શોભતા હતા.

શું એ ચક્રવર્તી છે ? ઉદયગિરિના શિખર ઉપર ઉદય પામનાર સૂર્યની સ્પર્ધા કરવાવાળો કોઈ પ્રતિદ્વંદી સૂર્ય તો નથીને ? તેમનું શરીર કેટલું સુંગંધયુક્ત છે ? મુગટ કેટલો તેજસ્વી છે ? તેમના કપાળ ઉપર કેટલું ભવ્ય તિલક ચમકી રહ્યું છે ? કેવી વીરદષ્ટિથી તે દેખી રહ્યા છે ? બીજા લોકો આઠ દશ વાર બોલે છે ત્યારે તો તે એકવાર ઉત્તર આપે છે. તેની વાત સાંભળવાને લોકોને રાહ જોવી પડે છે. એ એની ગંભીરતા છે. સારી વાત છે. ગંભીરતા સર્વ ગુણોમાં શ્રેષ્ઠ છે. રાજા હો, કે રાજયોગી હો પણ તેમને ગાંભીર્ય ગુણની આવશ્યકતા છે. પણ જો ગંભીરતા છૂટી જાય તો બાકી શું રહ્યું ? તે ચક્રવર્તી ભરતે કંઠમાં રત્ન અને મોતીના હાર પહેર્યાં હતા. હારોની વચ્ચે રહેલું તેનું સુંદર મુખકમલ, દિવસે પણ નક્ષત્રોની મધ્યે રહેલા ચંદ્રની સમાન શોભી રહ્યું હતું.

આ રીતે તે અનેક પ્રકારે શોભી રહ્યા હતા. કોઈ એને કવિનું કલ્પનાચાતુર્ય માની એ વાત જતી ન કરે કેમકે તે આદિનાથ સ્વામીના પુત્ર છે, તેઓ કર્મોના વેરી (નાશક) ચરમ શરીરી છે. તેઓશ્રીને માટે શું આ બધી બાબત અસંભવિત છે ? અમારી સરખા સામાન્ય દેહધારીને આ આશ્ચર્યની વાત લાગશે. પણ વજ્રમય શરીરી એવા ચક્રવર્તીની બાબતમાં શું આશ્ચર્ય હોય ? તેઓશ્રી

તો કરોડો સૂર્યની સમાન પ્રકાશનારા પરમૌદારિક દિવ્ય શરીરને ધારણ કરવાવાળા છે. તેના રૂપનું ચિત્ર કોઈ ચિત્ર આદિના અવલંબનથી ચીતરી શકાતું નથી. જે રૂપ, નેત્ર તથા મનને ગોચર નથી થઈ શકતું, તે ભલા, કેવી રીતે વચનગોચર થઈ શકે ?

પુરુષોના રૂપ પર સ્ત્રીઓનું તથા સ્ત્રીઓના રૂપ પર પુરુષોનું મોહિત થવું સ્વભાવિક છે. પરંતુ સમ્રાટ ભરતના સૌંદર્ય પર સ્ત્રી અને પુરુષ બન્ને મુગ્ધ થતા હતા. ભરતને દેખતા થકા અત્યંત વૃદ્ધા (વૃદ્ધડોસી) પણ એકવાર તો ચંચલ બની જતી હતી. એવી સ્થિતિમાં યુવતીઓની શી દશા થતી હશે તે હવે કહેવાની જરૂર નથી. ભરત જેવું સુંદર શરીર, યોગ્ય અવસ્થા, અતુલ સંપત્તિ, અગાધ ગાંભીર્ય અને અનુપમ પરાક્રમ અન્યત્ર અનુપલભ્ય છે.

અહા ! આ બધી વિશેષતાઓ પ્રાપ્ત થાય એવું તેઓએ પૂર્વભવમાં કયા પ્રકારનું પુણ્ય કાર્ય કર્યું હશે ? અથવા ભક્તિથી ભગવાનની કેટલી સ્તુતિ કરી હશે ? નહિંતર આવો વૈભવ કેવી રીતે પ્રાપ્ત થાય ?

અધિક શું કહીએ ? પૂર્વભવમાં તેઓએ આત્મા અને શરીરનું ભેદવિજ્ઞાન કરીને આત્મકલાની ઉત્તમ સાધના કરી હતી. આત્મધ્યાનનો અભ્યાસ કર્યો હતો, તેના ફળમાં આ બધું ય પ્રાપ્ત થયું છે. આ વિભૂતિ બધાને ક્યાંથી મળી શકે ?

તેમનાં દર્શન કરનારની આંખો તેમને દેખતાંદેખતાં થાકતી જ નહોતી. તેમની પ્રશંસા કરનારને આળસ આવતું નહોતું. દેખતાં કે સ્તુતિ કરતાં તૃપ્તિ જ થતી નહોતી. બધા લોકો વિચાર કરતા હતા. આ રૂપ, આ સંપત્તિ, આ બળ વગેરે અન્ય બીજા કોઈને મળી ન શકે, કદાચિત્ મળે તોપણ શોભા આપે નહિ.

તેમની બન્ને બાજુએ ઢાળવામાં આવતાં ચામરોની વચ્ચે તેઓ ધવલ મેઘની મધ્યે સ્થિત, ચંદ્ર સૂર્યની સમાન શોભતા હતા. એક બાજુએ અધીનસ્થ (મંડલિક) નરેન્દ્રમંડલ હતું, ત્યારે બીજી બાજુ નર્તકીઓ, કવિઓ, મંત્રીઓ વગેરે બેઠા હતા. તેમના સિંહાસનની પાછળ હિતૈષી-અંગરક્ષક ઊભા હતા.

'બોલચાલ ન કરો,' 'અહીં સાંભળો', 'બેસો' એ પ્રકારના શબ્દો રાજસભામાં સંભળાઈ રહ્યા હતા. કોઈ કહેતા હતા, આ રાજસભા છે, એમાં બોલચાલ ન કરવી જોઈએ. હસવું ન જોઈએ. આમતેમ જવું ન જોઈએ. કેટલાક બુદ્ધિમાન લોકો, સમ્રાટ ભરતના મનોભાવ જાણીને અને બીજાના વિચારો સમજીને કયારેક ક્યારેક કાંઈ સમયોચિત ભાષણ કરતા હતા.

મંડલિક રાજાઓ, રાજકુમારો, મંત્રીઓ, પંડિતો અને ગાયકના સમૂહથી તે રાજસભા ભરચક હતી. યાચકગણ, સ્તુતિપાઠ કરનાર, વૈદ્ય, જ્યોતિષી, મહાવત, સૈનિક, વાહકગણ અને સેવકલોક આ રાજસભામાં ઉપસ્થિત હતા તથા ભરતેશ્વરની શોભા જોઈ રહ્યા હતા. જેવી રીતે કમલ સૂર્ય તરફ નજર નાખે છે, નીલકમલ ચંદ્ર તરફ તાકે છે તેવી રીતે તે સભામાં ઉપસ્થિત સમાજ સમ્રાટ ભરતના દર્શન કરવામાં લીન હતા અને બીજી વાતો ભૂલી ગયા હતા.

આ રીતે તે વખતે બધા લોકો તેની તરફ જોઈ રહ્યા હતા. તે વખતે સમ્રાટે ગાયકો પર નજર નાખી અને તે લોકોએ મહારાજાનો અભિપ્રાય જાણીને ગાયન ગાવાનું શરૂ કરી દીધું.

ત્યાં રોમાંચનસિદ્ધ, જાુંજાુમાલપ, ગાનામોદચંચુ, શ્રીમંત્ર, ગાંધાર, રાગવર્તક આદિ પ્રસિદ્ધ ગાયકો હતા. વધારે પડતું મુખ ઉઘાડયા વિના પોતાના શરીરને આમતેમ હલાવ્યા વગર ઘણી કુશળતાપૂર્વક તેઓ ગાન કરવા લાગ્યા. તેઓ ગાતી વખતે ગભરાયા નહિ. તેઓ એ વિશેષ પડતી ધ્વનિ પણ કરી નહિ. આ રીતે કેટલાક ગાયકોએ ગાનદ્વારા સમ્રાટ ભરતનું મન રીઝવ્યું.

જ્યારે તેઓએ રાગભંગ કર્યાં વિના ઘણી કુશળતા પૂર્વક પ્રાતઃકાલે શોભે તેવા રાગ, આલાપ કર્યા ત્યારે એમ લાગતું હતું કે જાણે શ્રોતાઓના અંતઃકરણમાં શીતલ પવન વહી રહ્યો છે. જેવી રીતે ભમર કમલ નજીક મધુર ગુંજાર કરે છે તેવી રીતે આ ગાયકો મહારાજ ભરતના મુખકમલ સમીપ મધુર ગાન ગાઈ રહ્યા હતા. જેવી રીતે ચંદ્રદર્શનથી સમુદ્ર ઉછળે છે, તેવી રીતે ભરતચંદ્રને દેખીને આ ગવૈયાંઓનાં હૃદય પણ ઊછળી રહ્યાં હતા.

જે ભરતના સ્મરણ માત્રથી અજ્ઞજનોને પણ ભરતશાસ્ત્ર (સંગીતશાસ્ત્ર) આવડી જાય, ત્યારે ભલા, એ ગાયકો તે સંગીતશાસ્ત્રમાં પ્રવીણ બને તો તેમાં નવાઈ શી ?

પ્રાતઃકાલને અનુરૂપ રાગમાં શ્રી વીતરાગ પ્રભુના ગુણોનું વર્ણન કરતા થકા ગાયકોએ એવું મધુર ગાન કર્યું કે સાંભળનારાઓનો આત્મા પવિત્ર થઈ જાય. તેઓએ, ભૂપાલ તથા ધનશ્રી રાગમાં, ભૂપાલીના (રાજસમૂહના) અધિપતિ ચક્રવર્તીની સામે શ્રી આદિનાથ સ્વામીની સ્તુતિ કરતા થકા, એવી રીતે ગાયું કે બધાનાં પાપ નાશ પામે. તેઓએ અમલ મનથી પવિત્ર, નિષ્કલ, અવિનાશી ભગવાન આદિનાથ પ્રભુની સ્તુતિ મલ્હાર રાગમાં એવી રીતે કરી કે સાંભળનારના કર્મમલ દૂર થઈ જાય.

દેશાક્ષિ રાગમાં જિનેન્દ્રની સ્તુતિ કરીને તે લોકોએ દેશાધિપતિ ભરતને પ્રસન્ન કર્યા. મંગલકૌશિક નામના રાગમાં મંગલાષ્ટક ગાઈ બતાવ્યું, એ રીતે ગુંડાક્રિ, ભૈરવી ઈત્યાદિ રાગોમાં જિનેશ્વરની સ્તુતિ કરી. વીણાની ધ્વનિ કોની છે અને ગાનારની ધ્વનિ કોની છે એ ભેદ પ્રગટ ન થવા દેતાં તેઓ જિન અને સિદ્ધોનો મહિમા પ્રગટ કરીને ગાવા લાગ્યા.

[૧]કિન્નરીની સાથે જ્યારે તેઓ ગાતા હતા ત્યારે શ્રોતા લોકો કહેતા હતા કે હવે કિન્નર, કિંપુરુષોની શી આવશ્યકતા છે ? તેઓ રત્નત્રયનો મહિમા વીણા દ્વારા એવી રીતે ગાતા હતા કે શ્રોતા ફરી ફરી ગાવા માટે પ્રેરણા કર્યા વિના રહેતા નહિ. તેમની કંઠધ્વનિ, ગાયનજાગૃતિ, આલાપક્રમ એ બધુંય સારું હતું. એમાં જિનેન્દ્ર ભગવાનનું નામ પણ ભેગું ભળ્યું, ભલા, તો માધુર્યનું શું કહેવું ? લોકો બોલી રહ્યા હતા કે ભ્રમરના ગુંજારમાં શું છે ? કોયલનો સ્વર તો દૂર રહો. તંબૂરું, નારદોની હવે શી જરૂર છે ? પાષાણ, વૃક્ષ, સર્પ, પશુ, મૃગ પણ ગાવાથી મુગ્ધ બને છે. તો વળી શું રસિક મનુષ્ય મુગ્ધ ન બને ? તેઓના ગાવાથી આખી સભા પોતાને ભૂલી ગઈ. જ્યારે બંસરીથી મૃગ, મોરલીથી સર્પ, કન્યા ધ્વનિથી વૃક્ષ, ગુંડાક્રિથી પત્થર પણ વશ થાય છે, તો મનુષ્યોને મુગ્ધ થવામાં શું આશ્ચર્ય છે ?

૧ કિન્નરી : તંબૂરો, સારંગી.

ગાયનવિદ્યા એકાંતદૃષ્ટિથી નથી તો સારી કે નથી તો ખરાબ. જો આ ગાયનમાં પુણ્યાનુંબંધિની કથા ગ્રથિત હોય, ધર્માચરણનો આદર્શ વિદ્યમાન હોય અને ઉદ્દેશ પવિત્ર હોય તો તે ગાયન હિતકર છે, પુણ્યબંધનું કારણ છે. જે ગાયનમાં નીચ સ્ત્રીઓની વૃત્તિ, હિંસા, કલહ આદિનું વર્ણન હોય તે પાપબંધનું કારણ છે, અને હેય છે.

અમલ મુનિઓના સમૂહમાં કમલકર્ણિકાને સ્પર્શ્યા વિના વિમલ પ્રકાશયુક્ત ભગવાન અર્હંત સમવસરણમાં બિરાજમાન હતા, તેમના ગુણોનું વર્ણન કરતા થકા તેઓ બહુ ભક્તિથી ગાવા લાગ્યા.

કેટલી આશ્ચર્યની વાત છે ! કમલની ઉપર પણ ચાર અંગુલ ઊંચા નિરાધાર આકાશમાં ઊભા રહેવાનું સામર્થ્ય અર્હંત પરમેષ્ઠી સિવાય બીજા કોનું છે ? શું તેમને રહેવા માટે ધરાતલની આવશ્યકતા છે ? પુષ્પની પણ શું આવશ્યકતા છે ? જેઓ એ સમસ્ત સંસારને લાત મારી છે, તેમને કઈ વસ્તુની આવશ્યકતા છે ?

સરોવરમાં કમલનો વાસ, જંગલમાં સિંહનું રહેવું લોકપ્રસિદ્ધ છે તથા એવી પદ્ધત્તિ પણ છે, પરંતુ દેવોની વચ્ચે સિંહ, સિંહની ઉપર કમલનું રહેવું તે તો મહા આશ્ચર્ય છે. એ જિનેશ્વરનો જ મહિમા છે. આકાશમાં એક ચંદ્રનું તો આપણે દર્શન કરીએ છીએ. પરંતુ ત્રણ ચંદ્ર એક જ સ્થળે શોભે એ ત્રણ છત્રધારી જિનેન્દ્ર ભગવાનનો જ મહિમા છે.

દેવગણ જ્યારે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી રહ્યા હતા ત્યારે તે પુષ્પોની સુગંધથી આકર્ષાઈને ભમરાઓ આવતા હતા, તેની શોભા જોવા જેવી હતી. ભગવાનની સમીપે રહેનારું અશોક વૃક્ષ કેટલું સુંદર દેખાય છે. શું તે નવરત્નથી નિર્મિત તો નથી ને ?

ભગવાનની દિવ્યધ્વનિ ખરેખર દિવ્ય છે. કેમકે ભગવાન દિવ્ય છે. તેમનું સુખ દિવ્ય છે, તેમનું જ્ઞાન દિવ્ય છે, તેમની શક્તિ દિવ્ય છે, અને તેમની સિદ્ધિ દિવ્ય છે. ભલા એવી સ્થિતિમાં તેમની ધ્વનિ પણ દિવ્ય કેમ ન હોય ?

ભગવાનની પાછળ વિદ્યમાન ભામંડલ, મેરુપર્વતની પાછળ રહેવાવાળા ઈન્દ્રધનુષની શોભાને ઉત્પન્ન કરી રહ્યું છે. ચામરોની વચ્ચે ભગવાન એવા શોભાયમાન થઈ રહ્યા છે, કે જાણે હિમથી આચ્છાદિત પર્વત જ હોયની ! તેઓએ સિંહાસન આદિ આઠ મહાપ્રાતિહાર્યોની વચ્ચે બિરાજમાન, ભવ્યોના કર્મનો નાશ કરવાવાળા ભગવાનની અત્યંત ભક્તિપૂર્વક સ્તુતિ કરી.

એ રીતે જિનેન્દ્રના ગુણાનુવાદ કરીને તેઓએ સિદ્ધ પરમેષ્ઠીને ને ત્યાર પછી મુનિઓને વંદના કરી, આ શરીરમાં સ્થિત આત્મતત્ત્વના વિચાર ઉપર એવું મધુર ગાન કર્યું કે ભરત ચક્રવર્તી ખુશ થઈ ગયા.

આ શરીરમાં આત્મા સર્વત્ર વિદ્યમાન છે, એ વાતને જાણ્યા વિના સંસારી જીવો તેને બહાર જ ઢૂંઢીને દુઃખનો અનુભવ કરી રહ્યાં છે. ચળકાટ મારતો અરીસો હાથમાં હોવા છતાં પણ પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોવાવાળા વ્યક્તિની સમાન પોતાના શરીરની અંદર રહેવાવાળા આત્માને નહિ જોવાથી, આ પ્રાણી સર્વત્ર ભટકી રહ્યો છે, એ કેટલી દુઃખની વાત છે ! પોતાના ઘરમાં વિદ્યમાન

ભંડારને દેખ્યા વિના બહાર શ્રીમંતોની પાસે જઈને ભીખ માગનાર મૂર્ખ નથી તો કોણ છે ! શરીરસ્થિત આત્માને ભૂલીને બાહ્ય પદાર્થો જોનાર કેવી રીતે સુખી થઈ શકે ? ઈક્ષુમાં વિદ્યમાન મીઠા રસને નહિ જાણવાથી બહારના સૂકાં પાંદડાં ખાનાર પશુઓની સમાન મૂર્ખજન આત્મીય સુખના અનભિજ્ઞ હોવાથી શરીર સુખમાં જ મુગ્ધ હોય છે.

હા ! લીલાં લીલાં પાંદડાને પણ છોડીને હાથી ઈક્ષુના મીઠા રસનો સ્વાદ લે છે એવી રીતે કોઈ કોઈ ભેદવિજ્ઞાની શરીર સુખને તુચ્છ સમજી આત્મીય સુખનો જ અનુભવ કરે છે.

પોતાના હાથમાં રહેલા પદાર્થને ન જોતાં આખાય જંગલમાં તેને શોધનાર વ્યક્તિની જેમ શરીરમાં રહેલા આત્માને ન જોતાં આખાંય લોકમાં ઢૂંઢતાં શું આત્માની ઉપલબ્ધિ થશે ?

મ્યાનમાં રહેનારી તલવારની જેમ, વાદળાંથી ઢંકાયેલા સૂર્યની જેમ બહારથી મલિન શરીરથી ઢંકાયેલો આત્મા અંદર પ્રકાશી રહ્યો છે. જ્ઞાન જ આત્માનું શરીર છે, જ્ઞાન જ આત્માનું રૂપ છે. તે આત્મા નિર્મળ જ્ઞાનદર્શન સ્વરૂપ છે. આ જ્ઞાનદર્શન જ આત્માનું ચિહ્ન છે. જેઓ આ પ્રકારે સમજીને આત્મદર્શન કરે છે તેઓને ધન્ય છે. આ આત્મા પુરુષાકાર થઈને શરીરમાં રહે છે, તોપણ આ શરીરના સ્વરૂપમાં મળી જતો નથી. આ આત્મા આકાશની મધ્યે પુરુષાકારરૂપે રચવામાં આવેલા ચિત્રની સમાન છે.

આ શરીર એક વાદ્યની જેવું છે. વાદ્યને જ્યાંસુધી કોઈ વગાડનાર વગાડતો નથી ત્યાંસુધી તે વાગતું નથી, એવી રીતે આ શરીરમાં જ્યાં સુધી આત્મા નથી ત્યાં સુધી તેનો કોઈ ઉપયોગ નથી. જો કે આત્મા ને શરીર ભિન્ન ભિન્ન છે પરંતુ ઘણી ખેદની વાત છે કે એને✤ ન સમજીને આત્મા ચાલવામાં અસમર્થ શરીરને ચલાવે છે, બોલવામાં અસમર્થ શરીરને બોલાવે છે અને કયારેક તે શરીર અસમર્થ થઈ જાય તો આત્મા દુઃખી થઈ જાય છે.

જ્યારે અગ્નિ લોઢામાં પ્રવેશે છે ત્યારે લુહાર તેને હથોડાથી ટીપે છે. પરંતુ જ્યારે લોઢામાંથી બહાર નીકળી જાય ત્યારે તેને કોણ ટીપે છે ? પ્રત્યુતઃ તે બધાને બાળી શકે છે. એવી રીતે જે આત્મા શરીરમાં પ્રવિષ્ટ છે તેને જ બાધા થાય છે. શરીરને છોડી દેતાં આત્માને કઈ બાધા છે ? કોઈપણ નહિ.

જીવ વર્તમાન દેહને મરણ ટાણે છોડે તો આગળ બીજા શરીરની ફરી પ્રાપ્તિ થાય છે. આ શરીરને છોડી આગળ અન્ય શરીર ધારણ ન કરવાની અવસ્થા પ્રાપ્ત કરવી તે મુક્તિ છે. કોઈ કહે કે આ કથન તો સરલ છે. પરંતુ એમ થવું કઠણ છે. આ પ્રાપ્ત થએલા શરીરને છોડી આગામી શરીર ધારણ ન કરવાનો ઉપાય શું છે ? એનો ઉત્તર એ છે કે બીજની અંકુરોત્પત્તિનું સામર્થ્ય જ્યાં સુધી મૂળથી નાશ નથી કરવામાં આવતું ત્યાં સુધી તે અંકુરોત્પત્તિનું કાર્ય જરૂર કરશે. મૂળથી તેની શક્તિનો નાશ કરવામાં આવતાં ફરી તેમાં તે કાર્ય જોવામાં નહિ આવે. એવી રીતે શરીરની ઉત્પત્તિનું કારણ જે કર્મ તે કર્મબીજનો મૂળથી નાશ કરવો જોઈએ. તેથી આગામી શરીર ઉત્પન્ન થઈ

✤ આત્મા ને શરીર બન્ને ભિન્ન છે. એક બીજામાં એકબીજાનો અત્યંત અભાવ છે, તેથી કોઈ કોઈમાં કિંચત્માત્ર પરિવર્તન કરી શક્તું નથી. અજ્ઞાનીજન જોકે શરીને કિંચિત્માત્ર ચલાવી શકતો નથી તો પણ તેને ચલાવવાનો મોહ ને ઈચ્છા કરે છે ને દુઃખી થાય છે.

શકતું નથી. જો કર્મબીજને મૂળથી બાળે તો શરીરની ઉત્પતિ થવી અસંભવ છે. પરંતુ કઈ અગ્નિથી? સમ્યગ્જ્ઞાન અથવા વિવેકરૂપી અગ્નિથી આ કર્મ બાળી શકાય છે; ફરી આ દેહની ઉત્પત્તિ થવી અસંભવ બને છે. ત્યારે આત્મા મુક્તિસ્થાન પ્રાપ્ત કરીને અનંત સુખી બને છે, જે વૃક્ષનું મૂળિયું અધિક ફેલાયેલું રહે છે તેના નાશનું કારણ તે પોતે બને છે તેવી રીતે તૈજસ કાર્મણ શરીરનો ફેલાવ જ આત્માના અહિતનું કારણ છે તેથી સૌની પહેલા આત્માનુભવરૂપી અગ્નિથી કાર્મણ તૈજસ શરીરના વિસ્તારને બાળી નાખવો જોઈએ, પછી તો બાહ્ય ઔદારિક આદિ શરીર બધુંય સ્વતઃ જ નાશ પામે છે અને ત્યારે જ મુક્તિ થાય છે.

આવો ભગવાન આદિનાથનો સંદેશ છે, આત્મા અને શરીરને ભિન્ન કરીને દેખવા માટે ઉપર્યુક્ત વિચાર અચૂક ઉપાય છે. ભેદ વિજ્ઞાનીને જ આ પ્રકારનો વિચાર પ્રાપ્ત થઈ શકે છે, અન્ય વ્યક્તિને નહિ. આ પ્રકારે આત્મવિનોદી ભરત રાજાની આગળ તે ગાયકોએ ગાયન કર્યું.

તે લોકોએ પોતાના ગાયનમાં એમ પણ કહ્યું કે ચાહે તો રાજા હો, ચાહે યોગી હો, અથવા ગૃહસ્થ હો, જો તે જિનતત્ત્વને જાણીને જિનની ભક્તિ કરશે તો તેને મુક્તિ અવશ્ય મળશે એમાં કાંઈ સંદેહ નથી.

આ પ્રકારે ગંભીર તત્ત્વપૂર્ણ ગાયનો સાંભળી ચક્રવર્તી અત્યંત આનંદ પામ્યા. સસ્મિત ભરતેશ્વરના મુખ ઉપર હર્ષની રેખાઓ પ્રગટ થવા લાગી. સમ્રાટે તે લોકોને બોલાવીને અનેક દિવ્યવસ્ત્રો પારિતોષિકરૂપે આપ્યા.

આ પ્રકારે સંગીત પુરું થયું. ગાયકના ગાનકૌશલથી તે સભા આનંદ પામી. મહારાજા ભરત પણ સાનંદ તે આસ્થાનમાં બિરાજમાન હતા.

આ જિનકથા જે કોઈ સાંભળે છે તેના પાપ નાશ પામે છે. પુણ્યની વૃદ્ધિ થાય છે. તેજ વધે છે. તથા ભવિષ્યમાં તે કૈલાસ પર્વત ઉપર પહોંચીને ભગવાન આદિનાથના દર્શન કરશે. જો આ પ્રેમથી વાંચે, તેના ગાણાં ગાય, અથવા સાંભળી પ્રસન્ન થાય તો નિયમથી સ્વર્ગીય સંપત્તિ અનુભવી આગળ વિદેહ ક્ષેત્રમાં જઈ સીમંધર સ્વામીના દર્શન અવશ્ય કરશે.

''હે પરમાત્મા ! તમે પ્રત્યેક મનુષ્યના ઈચ્છિત ધ્યેયની સિદ્ધિ કરનાર છો. યોગીઓના અધિનાયક છો. અર્થાત્ યોગીગણ સદા તમારું જ ચિંતવન કર્યા કરે છે. તમે અંતરંગ બહિરંગથી સુંદર છો. સર્વ શ્રેષ્ઠ છો, જ્ઞાનનું એકાધિપત્ય પ્રાપ્ત કરી ચૂક્યા છો, તેથી તો મારા અંતરંગમાં તમારો નિવાસ સદાકાળ બન્યો રહે એ મારી ઈચ્છા છે.''

## ૨. કવિવાક્ય સંધિ

**સિ**દ્ધપરમેષ્ઠી ! આપ સમસ્ત લોકના યથાર્થ ગુરુ છો. ઉત્કૃષ્ટ કેવલજ્ઞાન જ્યોતિના ધારણ કરનાર છો. વિષય વિષનો નાશ કરી ચૂક્યા છો, તેથી જ આપે આપના સંસારનો નાશ કર્યો છે; ભવ્યરૂપી કમલ વિકસાવવાને આપ સૂર્ય સમાન છો, તેથી આપને મારી સાદર પ્રાર્થના છે કે મને આપ સદા સુબુદ્ધિ આપો.

ચક્રવર્તી ભરતના આ સ્થાનમાં સંગીત ધ્વનિ હવે સંભળાતી નથી. હવે ભરતરાજની ઈચ્છા સાહિત્યકલા સાંભળવાની તરફ વળી હતી. તેથી તેઓએ વિદ્વાનોની સભા તરફ પોતાની નજર નાખી. સમ્રાટ ભરતના આ સ્થાનમાં કવિઓની શી ખોટ ? તો પણ તેમાં જ્યારે **દિવિજકલાધર** નામના કવિની તરફ મહારાજ ભરતની દૃષ્ટિ ગઈ ત્યારે તે વિદ્વાન તેના ભાવને સમજી લઈને બોલવા લાગ્યા.

રાજા ! તમે શ્રી જિનેન્દ્ર ચરણના સેવક છો. રાજાધિરાજાઓમાં અગ્રગણ્ય છો. હંસ (આત્મ)કલાથી આનંદ પામનારા છો, એ રીતે બધાને આનંદ ઉપજાવનારા છો. તેથી તમને મહાજય સિદ્ધ થાઓ.

પ્રત્યેક શબ્દના વ્યાવહારિક અને પારમાર્થિક એવા બે અર્થ નીકળે છે. શત્રુરાજા તમારી 'જયસિદ્ધિ' હો, એમ કહે તો એ જયસિદ્ધિ શબ્દનો લૌકિક અર્થ છે. જો સંસારી પ્રાણીઓને ભય ઉપજાવનાર કાલકર્મને જીતી લે તો એ તેનો પારમાર્થિક અર્થ છે.

રાજા ! લૌકિક જયસિદ્ધિ પામનાર રાજાઓ લોકમાં ઘણા છે, પરંતુ લૌકિક જય તેમજ પારમાર્થિક જય પ્રાપ્તિ કરનારા, રાજાઓમાં દુર્લભ છે. તેને માટે સુવિવેકની આવશ્યકતા છે. આ સાધારણ વાત નથી.

રાજાને ભોગ વિચારની આવશ્યકતા છે. આત્મયોગ વિચારની પણ આવશ્યકતા છે. રાજા રાગ રસિક હોવો જોઈએ. વીતરાગતાનો પણ રસિક હોવો જોઈએ, તેમાં શૃંગારનું વિજ્ઞાન પણ હોવું જોઈએ, તેણે આત્મજ્ઞાન સન્મુખ પણ ઝૂકવું જોઈએ. સંગરની (યુદ્ધની) પણ તેની તૈયારી રહેવી જોઈએ. આત્મયોગનો વિષય પણ તેની પાસે હોવો જોઈએ. તે ઈહ લોકનું સુખ પણ ભોગવે, પરલોકમાં સુખ મળે એ માટે ધર્મ કાર્યમાં ઉત્સાહિત હોય અનંત પ્રકારની ઈચ્છાઓમાં ફસાયેલ જેવા રાજા લોકોને દેખાય પરંતુ તે હૃદયથી નિસ્પૃહ રહે.

સુખનું મૂલ સંપત્તિ છે. સંપત્તિનું મૂલ ધર્મ છે. તેથી ઉત્તમ પુરુષ તો, જે ધર્મના પ્રસાદથી સંપત્તિની પ્રાપ્તિ થઈ છે તે ધર્મને, કદી ભૂલતા નથી. ભોગમાં ફસાઈને કર્મી લોક ધર્મની ઉપેક્ષા કરે છે.

યોગ્ય સ્થાનમાં દાન દેવું જોઈએ. પરિસ્થિતિ તથા ધર્મને જાણીને વાતચીત કરવા યોગ્ય છે. અયોગ્ય સ્થાનમાં મૌન આવશ્યક છે. ભગવાન અને પોતાના ગુરુઓની આગળ ગરીબની જેમ જ રહેવું જોઈએ. પ્રજાની સામે રાજા તરીકે પણ રહેવું જોઈએ. ઉત્તમ કુલોત્પન્ન ક્ષત્રિયોનું આ લક્ષણ છે.

રાજા પ્રજાનો હિતૈષી રહે, શત્રુ રાજાઓ માટે તો ભુજંગેન્દ્ર (સર્પરાજ) સદશ રહે, પોતાના ગુરુની સમીપે સેવક સમાન રહે. ધાર્મિક લોકોના બંધુ થઈને રહે.

હે રાજા ! રાજા પરસ્ત્રીઓને માટે ડરપોક રહે. યુદ્ધને અર્થે મહાવીર હોય, મિથ્યામતનો સ્વીકાર કરવાનો અવસર આવે તો મૂર્ખ રહે, જિનાગમમાં પ્રીતિ રાખે, આત્મકલામાં આનંદી હોય એ રાજધર્મ છે.

ઈન્દ્રિયોને પોતાને વશ રાખીને આત્મયોગમાં અવિચલ રહેવું જોઈએ. વિશેષ શું કહીએ ? લોકનો આજનો રાજા તે ભવિષ્યમાં સ્વર્ગનો ઈન્દ્ર કહેવાશે. ઈન્દ્રિયો વશ કરનાર વાસ્તે આ કોઈ મોટી વાત નથી.

ઈન્દ્રિયો વશ ન કરીને ઈન્દ્રિયોને વશ થનારી માછલી, હાથી, પતંગ, ભમર ઈત્યાદિ પ્રાણી જ્યારે એક એક ઈન્દ્રિયને વશીભૂત થઈને પોતાના પ્રાણ ખૂએ છે ત્યારે પાંચે ઈન્દ્રિયોને વશ થવાવાળો રાજા બંધાય એમાં આશ્ચર્ય શું ? એમાં કોઈ આશ્ચર્ય નથી.

અવિવેકી મનુષ્યને પાંચ ઈન્દ્રિયો પંચાગ્નિ જેવી છે, તે ઈન્દ્રિયોથી સ્વયં તેનો નાશ થાય છે. વિવેકીને પાંચ ઈન્દ્રિયો પાંચ રત્નો જેવી છે. જ્ઞાન શૂન્ય બનીને વિષય ભોગવનાર ભોગી ભોગી નથી, તે તો ભવરોગી છે, વિવેક સહિત ભોગવનાર ભોગી યોગી છે.

કર્મ અજ્ઞાનીને સ્પર્શે છે, જ્ઞાનીને સ્પર્શ કરવાનું સાહસ તે કર્મોમાં નથી. તે જ્ઞાન કયાં છે ? હું જ જ્ઞાન સ્વરૂપ છું. શરીર રૂપે હું નથી. આ પ્રકારનો વિચાર વિવેકી મનુષ્યોના માનસિક અનુભવની વસ્તુ છે.

રાજા ! વિજ્ઞાન બે પ્રકારનું છે, એક બાહ્ય વિજ્ઞાન, બીજું અંતરંગ વિજ્ઞાન, બાહ્ય વિષયને જાણવાવાળું બાહ્યવિજ્ઞાન છે. પોતાના આત્માને જાણવો તે અંતરંગવિજ્ઞાન છે, જગતમાં રત્ન પરીક્ષા કરવાનો પ્રયત્ન કરવો, હાથી, ઘોડા આદિની પરીક્ષા કરવાનું શીખવું તે પણ એક કલા છે. પણ એ બાહ્ય કલા છે. આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્રરૂપ રત્નત્રય સ્વરૂપ છે. તે રત્નોની પરીક્ષા કરી ઓળખવાં ઘણું કઠણ કાર્ય છે. એને અંતરંગ વિજ્ઞાન કહે છે. તેનાથી જ કલ્યાણ થાય છે. કામ, આયુર્વેદ, મંત્ર, તંત્ર, ગણિત, સંગીત તથા જ્યોતિષ એ બધાં શાસ્ત્ર બાહ્યવિજ્ઞાન છે, કેમકે તે શાસ્ત્રોના જ્ઞાનથી મનુષ્યને શરીરને પોષવાનો ઉપાય જ્ઞાત થાય છે. પણ આત્મા નિર્મલ સ્વરૂપ છે, તેમાં અને તેના નિર્મલ ગુણોમાં કોઈ ભિન્નતા નથી. એમ સમજીને તેનો વિચાર કરવો એ અંતરંગ વિજ્ઞાન છે. એ ગ્રાહ્ય છે. છંદ, અલંકાર અને નાટ્યના શાસ્ત્ર આદિ બાહ્ય જ્ઞાનનાં સાધક છે. કેમકે તેનાથી અલ્પકાળ મનોરંજન થાય છે. તથા આત્મા પોતાની યથાર્થતાને (વાસ્તવિકતાને) ભૂલી જાય છે. પણ આ બધા વિકલ્પોને છોડી આત્મતત્ત્વનો જ વિચાર કરવો એ અંતરંગ વિજ્ઞાન છે. વેદ, પુરાણ, તર્ક ઈત્યાદિ શાસ્ત્રોને જાણવા એ બાહ્યકલા છે. આત્મા અને શરીરને ભિન્ન કરી અસલી સ્વરૂપનું ચિંતવન કરવું એ અંતરંગ વિજ્ઞાન છે. આ રીતે લોકમાં બીજી એટલી કલાઓ છે કે જે આત્મ પોષણમાં સહકારી ન થતાં શરીર પોષણમાં નિમિત્ત થાય અને ભૌતિક ઉન્નતિની સાધક થાય તેને બાહ્ય વિજ્ઞાન કહેવું જોઈએ, જે જ્ઞાન આત્મહિતનું સાધક છે, જેનું મનન કરવાથી આત્મા

પરિશુદ્ધ થાય છે, જેનાથી લોકોમાં આત્મોન્નતિનો આદર્શ સ્થપાય છે તેને અંતરંગ જ્ઞાન કહે છે. રાજાના પ્રત્યેક જીવે અનેક ભવોમાં બાહ્યવિજ્ઞાન અનેકવાર પ્રાપ્ત કર્યું અને ખોયું, પણ અંતરંગ વિજ્ઞાનની પ્રાપ્તિ એકવાર પણ ન થઈ કેમકે તે સામાન્ય જ્ઞાન નથી. જો એમ કહેવામાં આવે કેતે મુક્તિપદનું કારણ છે, તો અનુચિત નથી. તે મનોરથ પૂર્ણ કરે છે. કલ્પવૃક્ષ, કામધેનું તથા ચિંતામણિ રત્ન પણ તેની બરાબરી નથી કરી શકતું. લોકમાં કોઈપણ વસ્તુ તેની સમાન નથી. હે રાજા ! જે રાજાને તે અલૌકિક વિજ્ઞાન પ્રાપ્ત થાય છે તેના વિષયમાં કહેવું જ શું ? આજ આ ભૂમંડળના રાજા છે તો કાલ સ્વર્ગના રાજા થશે. અને ત્રીજે દિવસે મુક્તિ સામ્રાજ્યનાં અધિપતિ બનશે.

હે રાજા ! તે આત્મવિજ્ઞાની સંપત્તિથી મદોન્મત્ત નહિ થાય, ઘમંડીઓને આધીન નહિ થાય, ક્ષુદ્ર મજાકની વાતોથી સંતુષ્ટ નહિ થાય, ગંભીરતા વગરની વાતો નહિ કરે. વિશેષ શું ? તેઓ મેરુપર્વતની જેમ અકંપિત ધૈર્યવાન રહેશે. તેઓ ઈન્દ્રિય સુખમાં આસક્ત નહિ બને. દેવેન્દ્રની સંપત્તિ પણ તેની નજરમાં તુચ્છ રહેશે. ઈન્દ્રિય સુખનો અનુભવ કરતા થકા પણ તેઓ યોગીન્દ્ર વૃત્તિની અધિક ઈચ્છા કરતા રહેશે. તેઓ સાંસારિક અનેક દુઃખોની મધ્યે રહેવા છતાં પણ આત્માનુભવરૂપી અમૃતના આસ્વાદથી પોતાને અત્યંત સુખી માને છે.

વારંવાર આત્મચિંતન કરવાથી તેને કર્મોની સદા નિર્જરા થયા કરે છે. હું કોઈ પણ રીતે આ દુષ્ટ કર્મોને દૂર કરી અવશ્ય મુક્તિ પામીશ એવો તેને દૃઢ નિશ્ચય રહે છે. સાચી વાત તો એ છે કે જે વ્યક્તિ વારંવાર દેહ અને આત્માનો ભિન્નભિન્ન સ્વરૂપે અનુભવ કરીને સ્વરૂપને ભોગવે છે તેને કર્મબંધ થતો નથી. તે તો ભોગી હોવા છતાં પણ ખરી રીતે યોગી છે. હે રાજા ! જમીનમાં દાટેલા લોઢામાં કાટ લાગે છે પણ શું સોનામાં કાટ લાગે છે ? નહિ. એવી રીતે અવિવેકી ભોગીઓને તો કર્મબંધ થાય છે. વિવેકીઓને શું કર્મબંધ થાય છે ? બે પ્રકારના ભોગી થાય છે. એક સકામ ભોગી બીજા નિષ્કામ ભોગી. સકામ ભોગી કર્મબંધનથી બંધાય છે. પણ નિષ્કામ ભોગીને કર્મબંધ થતો નથી, બળેલું બીજ વાવવાથી શું તે અંકુરોત્પત્તિ કરવામાં સમર્થ થઈ શકે છે ? કદી નહિ. કેમકે તેની અંકુરોત્પત્તિની શક્તિ નાશ પામી ગઈ છે. એવી રીતે કર્મબંધરૂપી અંકુરનાં બીજરૂપ રાગનો જો પહેલેથી જ નાશ કરી દેવામાં આવે તો ફરી તેની ઉત્પત્તિ કયાંથી થાય ? નિષ્કામ ભોગી આત્મવિજ્ઞાનીને ઈન્દ્રિય વિષયોમાં રાગ નથી રહેતો. તેથી જ તેઓ કર્માંકુરને ઉત્પન્ન નથી કરતા. વિકારમય સંસારની વચ્ચે રહેવા છતાં પણ તેના પર તે વિકારોનો કોઈ પણ પ્રકારનો પ્રભાવ પડતો નથી. નાગલોકમાં વાસ કરવા છતાં પણ શું ગરુડને સર્પો ઉપદ્રવ ઊપજાવી શકે છે ? નહિ. એવી રીતે ઈન્દ્રિયજનિત સુખ આખા જગતને દુઃખથી પીડે છે. તો શું તે આત્મવિજ્ઞાનીનું કાંઈ બગાડી શકે છે ? કદી નહિ.

હે રાજા ! આપની આ વૃત્તિ અન્ય રાજાઓમાં નથી. આપની વૃત્તિ, આપની વાત આપમાં જ દેખીને હે છ ખંડના અખંડ સ્વામી, મેં આ બધું નિવેદન કર્યું છે.

લોકમાં પ્રાયઃ એવી પદ્ધત્તિ જોવામાં આવે છે કે જે વાત રાજાને પ્રિય હોય છે તેવી વાત લોકો કહે છે. તેવી રીતે આપને પ્રસન્ન કરવાની દૃષ્ટિથી મેં આ કહ્યું નથી. હે ભરતેશ ! આપનું આ તત્ત્વ નિશ્ચયથી મોક્ષનો માર્ગ છે.

રાજા ! લોકમાં એવા ઘણા યોગી હશે, જેઓ સમ્પૂર્ણ પરિગ્રહનો પરિત્યાગ કરીને અંતરંગ નિર્મલ આત્માનું દર્શન કરે છે. પરંતુ બાહ્ય અતુલ ઐશ્વર્ય રાખતાં થકા પણ અંતરંગમાં અકિંચન તુલ્ય નિર્મોહી થઈને આત્માનુભવ કરનાર આપ જેવા કેટલા છે ? લોકોમાં સંપત્તિ, શરીર સૌંદર્ય, યૌવન, અધિકાર એ બધું પ્રાયઃ મનુષ્યને અભિમાનના પર્વત ઉપર ચઢાવીને અવનતિના ખાડામાં પાડવામાં સાધક છે, પરંતુ હે ભરતેશ ! એમાંથી આપને કઈ વાતની ખામી છે ? એમ હોવા છતાં પણ આપની દૃષ્ટિ સિદ્ધાલય તરફ લાગેલી છે. આપ સમા તત્ત્વવિલાસી લોકમાં બીજા કોણ છે ? અમુક મારો શત્રુ છે, તેને હું કેવી રીતે જીતું ? અમુક શત્રુને જીતવાનો શું ઉપાય છે ? એવા વિચાર કરનાર લોકમાં ઘણાં છે. પરંતુ યમને જીતવાનો શું ઉપાય છે ? એવા વિચાર કરનારા આપની જેવા કેટલા છે ?

જેવી રીતે એક નર્તકી પોતાના મસ્તક પર એક ઘડાને રાખીને નાચ કરે છે; નૃત્ય કરતી વખતે તે ગાયન, તાલ, લય આદિનો ભંગ થવા દેતી નથી; આટલું બધું થવા છતાં પણ તેની મુખ્ય દૃષ્ટિ એ રહે છે કે માથાપરનો ઘડો નીચે ન પડી જાય. એવી રીતે હે રાજા ! સમસ્ત રાજવૈભવ સંભાળવા છતાં પણ આપની મુખ્યદૃષ્ટિ મુક્તિમાં છે. જે વખતે બાળક આકાશમાં પતંગ ઉડાવે છે તે વખતે પતંગની દોરી પોતાના હાથમાં રાખે છે. જો તે દોરો હાથમાં ન રાખે તો પતંગ કોણ જાણે કયાંય ઊડીને જાય ! એવી રીતે હે રાજા ! આપે આપની બુદ્ધિ સીધી મુક્તિમાં લગાડી છે. આત્મા પોતાની ચંચલ પરિણતિથી જ્યાં ત્યાં ન વિચરે એ માટે આપે તે દોરીને સંભાળપૂર્વક મુક્તિમાં લગાવી છે. ઘટિકાયંત્ર[1] જોવા જે વ્યક્તિ બેઠી છે તે, નિંદ્રા આવતાં બીજાઓને કથા કહેવાની પ્રેરણા કરી સ્વયં હુંકાર કરતા થકા પણ, તે ઘડીના યંત્રથી પોતાની દૃષ્ટિને જેવી રીતે હટાવતો નથી તેવી રીતે આત્મવિજ્ઞાની પણ સંસારની અનેક વિકલતાઓની મધ્યમાં પોતાના આત્માને ભૂલતો નથી.

ભાવાર્થ :– પૂર્વે વખત જાણવા માટે ઘરઘતુ એવું યંત્ર થતું હતું કે ઘડી વિના કામ ચાલતું હતું. લગ્ન વગેરેના પ્રસંગે નિશ્ચિત સારા મુહૂર્તમાં કાર્ય કરવા માટે એક પ્રમાણ વિશેષથી નિશ્ચિત કટોરીના તળે એક અત્યંત સૂક્ષ્મ કાણું પાડીને તેને પાણીમાં મૂકતા હતા. તે કાણામાંથી પાણી અંદર જઈને જે વખતે તે કટોરી ડૂબી જતી હતી ત્યારે એક ઘટિકા થતી હતી. ફરી તેમાંથી પાણી કાઢી નાંખીને પાણીમાં મૂકવી પડતી હતી. આ પ્રકારે ઘટિકાનો નિર્ણય થતો હતો.

આજે પણ ક્યાંક ક્યાંક આ પ્રકારની પ્રથા છે. પરંતુ આજની ઘડિયાળમાં વખત જાણવાને ઘડિયાળ પાસે કોઈ આદમીને બેસાડવો પડતો નથી. દેશી સાધનની પાસે કોઈ આદમીને બેસાડવો પડે છે. કેમકે ત્યાં જો કોઈ ન બેસે તો કટોરી ડૂબી જતાં કેટલો વખત થયો તે જાણવાનું તેમાંથી બની શકે નહિ. તેની પાસે જે મનુષ્ય બેસી રહે છે, તેનો વખત પસાર થવાને કોઈ કથા કહેવા રહે છે. કથા કહેનાર પણ સાંભળનારને નિદ્રા ન આવે તેથી હોંકારા દેવા કહે છે. તે આદમીને હોંકારો તો આપે છે, પરંતુ તેની દૃષ્ટિ તે પાણીની કટોરી તરફ જ રહે છે. નહિતર તે ઉદેશ્યથી સ્ખલના પામે છે. એવી રીતે આત્મવિજ્ઞાની વ્યાવહારિક સર્વ કાર્યોમાં રહેતા થકા પણ લક્ષ્યથી ચ્યુત થતો નથી. પોતાના આત્મામાં સ્થિર રહે છે.

---

૧ ઘટિકાયંત્ર : ઘડી, ચોવીસ મીનીટ જેટલો વખત

લોકમાં એવું ઘણું બને છે કે સ્ત્રીઓના સૌદર્યનું વર્ણન કરતાં ઘણી આસક્તિપૂર્વક તેને સાંભળે છે. તે સ્ત્રીનું મુખ ચંદ્ર જેવું છે, તેના સ્તન અમૃતના ઘડા જેવા છે, તે મદોન્મત હાથણી જેવી છે. તેની જાંઘ કેળનાં વૃક્ષ જેવી છે. તેની કમર અત્યંત પાતળી છે. ઈત્યાદિ શૃંગારપૂર્ણ વર્ણન લોક ઉત્સાહ સહિત સાંભળે છે. આત્મહિતકારી તત્ત્વ સાંભળનારા, હે રાજા ! આપના જેવા ભલા, કેટલા હશે ? આ રાજ્યાસન પર આરૂઢ થઈને કામકથા, ચોરકથા, જારકથા, સ્ત્રીકથા, રણકથા, વેશ્યાકથા વગેરે સાંભળી નરકે જનારા રાજાઓ ઘણા છે. પરંતુ સત્કથા સાંભળી આત્મશુદ્ધિ અને એ રીતે મુક્તિ પામનારા આપ જેવા કેટલા છે ? અર્થાત્ બીજાઓ નથી.

મંદિરમાં બિરાજમાન દેવને ન દેખતાં કેવળ મંદિર દેખનાર મૂર્ખની જેમ અંદરના આત્માને ન જોતાં શરીરને જ આત્મા સમજીને પોતાની પ્રશંસા કરનારા ઘણા છે.

મહારાજ ! તમે ઈન્દ્ર જેવા છો, ચંદ્ર જેવા છો. એવી પ્રશંસા કરવામાં આવતાં રાજલોક ખૂબ પ્રસન્ન થાય છે. પરંતુ ચક્રવર્તી ભરતને એવી વાતથી હર્ષ થતો નથી. તેને સમજણ છે કે ઈન્દ્રાદિ અઢળક સંપત્તિના ધણી બધા નાશ પામનાર છે, કેવળ જિનેન્દ્રદેવની સંપત્તિ જ અવિનશ્વર છે. સ્તુતિપાઠક લોક રાજાઓને કહે છે. તમારી કીર્તિ ખૂબ વિસ્તૃત છે, તમારી મૂર્તિ અત્યંત કોમલ છે, ત્યારે તે નરેશો પ્રસન્ન થઈને તે સ્તુતિપાઠકોનો ઉદ્ધાર કરે છે, પણ ભરતેશ્વર કહે છે કે શુદ્ધ નિશ્ચય નયથી આ આત્માની કોઈ મૂર્તિ જ નથી, તો પછી તેને કોમલ મૂર્તિ આદિથી ઓળખાવવો યોગ્ય નથી. કોઈ કોઈ રાજાની પ્રશંસા કરતાં કહે છે, તમે કલ્પવૃક્ષ સમાન છો, કામધેનુ સમાન છો, ચિંતામણિરત્ન સમાન છો. એવી પ્રશંસા કરતાં રાજાઓ હર્ષથી ફૂલી જાય છે, અને તે ભક્તની ઈચ્છા પૂરી કરે છે. પરંતુ મહારાજ ભરત વિચાર કરે છે કે કલ્પવૃક્ષ[1] તો એકેન્દ્રિય વૃક્ષ છે. શું હું તેની સમાન છું ? કામધેનું તો એક ગાય છે, શું હું તેની સમાન પશુ છું ? ચિંતામણિરત્ન તો એક પત્થર છે, શું હું પણ પત્થર છું ? ના, ના એમ નહિ, હું તો ચિત્સ્વરૂપ છું.

આત્મા અનુપમ છે. સંસારમાં તેની તોલે આવે તેવો બીજો કોઈ પદાર્થ જ નથી. જ્ઞાનને સૂર્યની ઉપમા આપવી યોગ્ય નથી, દર્પણની ઉપમા આપવી પણ યોગ્ય નથી. સૂર્યથી અંધકારનો નાશ થાય છે, પણ અજ્ઞાનનો નાશ થતો નથી. દર્પણમાં પદાર્થો પ્રતિબિંબિત થાય છે, તેવું પ્રતિબિંબ જ્ઞાનમાં પડતું નથી. એથી જ્ઞાન અને આત્માનું અનુપમ સ્વરૂપ છે.

હે રાજા ! તમે નૃત્યકલા દેખો છો, સંગીતને સાંભળો છો, સાહિત્યનો આનંદ પણ લૂંટો છો પણ તે બધામાં આત્મકલાને ખૂબ ઉત્સુકતાથી શોધો છો. બધાની અપેક્ષાએ વિચિત્રતા આપમાં છે.

આપના હૃદયમાં ભોગવિલાસ પ્રત્યે આસકિત નથી. તો પણ લોકો છ ખંડના વૈભવના ભોગી સમજે છે. તમે યોગી થઈને બાહ્યરૂપે કોઈ આત્મધ્યાન નથી કરતા છતાં તમે અંતરંગમાં આત્માનુભવ કરો છો તેથી યોગી છો. ભોગમાં રહીને યોગની સાધના કરીને મુક્તિ પામનારા તમારા જેવા કેટલા છે ?

વિષય વિષને ભક્ષીને પણ તેનો પ્રભાવ (તેનું ઝેર) ઉતારી નાખવામાં તમે સર્વથા સમર્થ છો. વિષમ ચિત્તને તમે આત્મામાં લગાડયું છે, તેથી હે રાજા ! તમે રાજર્ષિ છો.

---

૧ કલ્પવૃક્ષ : આદિપુરાણમાં કલ્પવૃક્ષને અચેતન પૃથ્વીકાય કહ્યું છે.

મહારાજ ! જે આપના દર્શન કરે છે, તેનાં પાપો ધોવાઈ જાય છે. તમારું નામસ્મરણ કરનારને પુણ્યનો બંધ પડે છે. મેં આપની સ્તુતિ કરી નથી, નજરે જોયેલી વાત જ કહી છે.

ભરત મહારાજનો મહિમા અપાર છે, તેના ગુણ ગાઈ શકાતા નથી. કવિઓએ તેમની સ્તુતિમાં કહ્યું છે કે એવી કોઈ કલા અગર શાસ્ત્ર નથી કે જેનો નિર્ણય ભરત કરી ન શકે. એ રીતે તેના શરીરને 'આયુર્વેદોનું મૂર્તિમાન' સાક્ષાત્ સજીવ જીવનશાસ્ત્ર કહ્યું છે. તેનું પુણ્ય પણ અચિંત્ય છે. તેનો આ સંપૂર્ણ અનુભવ, આ જન્મ પૂરતો અનુભવ અથવા વિજ્ઞાન નથી. તેઓએ અનેક ભવોમાં તેનો સંચય કર્યો છે. તેથી આ ભવમાં તેઓ લોકોત્તર પુરુષ છે.

રાજા ! પ્રતિ સમય ઉચિતરૂપે જિનવંદના કે સિદ્ધવંદના કરવા આપ નથી ભૂલતા, તેથી આપને આત્મયોગ દેખાય છે. જો કે આપ અતુલ ભોગ ભોગવો છો, પરંતુ તે શીલસંગત છે; તેથી આપની સ્તુતિ કરવી યોગ્ય છે. જેવી રીતે ભમર કમળનો આશ્રય લે છે તેવી રીતે સત્પાત્રદાની, તત્ત્વજ્ઞાની કે આત્માનુભવી સજ્જન લોક આપનો આશ્રય કરે છે, તેમાં કોઈ અનુચિત વાત નથી.

રાજા ! દેવ, ગુરુ, ધર્મનો આપ ઉત્કર્ષ (વૃદ્ધિ) કરનાર છો. જિનયજ્ઞ સંબંધી કથા આપ સાંભળનાર છો. જિનસંઘની પૂજામાં તમારી અનુપમ ભક્તિ છે. આપના સંતાનની જેમ આપ પ્રજાની રક્ષા કરો છો. તો એવો કોણ અવિવેકી મનુષ્ય આ સંસારમાં હશે કે જે તમારા ગુણોનું, વર્ણન નહિ કરે ?[૧]

હે રાજા ! આપ જિનભક્તિ, સિદ્ધભક્તિ આદિકાલોચિત કાર્યોમાં પ્રમાદ નથી કરતા. આ બધું કરતા થકા પણ આત્મદર્શનને આપ ભૂલતા નથી. શીલથી અસંગત ભોગોમાં આપની ઘૃણા છે. ભોગમાં પણ આપ શીલથી ચ્યુત નથી થતા. ભલા, આપ જેવા રાજાઓની કોણ સ્તુતિ નહિ કરે ? એ સ્વાભાવિક વાત છે કે લોકોમાં સત્પાત્રદાની, તત્ત્વવિજ્ઞાની ને આત્માનુભવી પુરુષનો, સજ્જન લોક આશ્રય કરે છે જેવી રીતે ભમરાઓ જઈ જઈને કમલનો આશ્રય કરે છે. એમાં આશ્ચર્યની શી વાત છે ?

મહારાજ ! જીર્ણોદ્ધાર કરવો, જિનપૂજા કરવી, પુણ્યાનુબંધિની કથાઓ સાંભળવી, જિનસંઘની સેવા કરવી આદિ શુભકાર્ય આપની મુખ્ય દિનચર્યા છે. આ બધી બાબત કરવા છતાં પણ પ્રજાનું પુત્રવત્ પાલન કરવામાં આપ કયારેય પણ અસાવધાન નથી રહેતા. તો ભલા, આપની સ્તુતિ કોણ નહિ કરે ?

જિનભક્તિ, સિદ્ધભક્તિ, ગુરુભક્તિ અને શાસ્ત્રસેવા આદિ આપના સ્વાભાવિક કાર્ય છે, પિતાને જોઈ જેમ પુત્ર પ્રફુલ્લિત થાય છે તેવી રીતે પ્રજા આપને જોઈને સંતુષ્ટ થાય છે.

જે વ્યક્તિ જિનસ્વરૂપ કે સિદ્ધસ્વરૂપનો સમ્યક્ પ્રકારે વિચાર કર્યા વગર ધ્યાન ધરે છે, તેને કાંઈ લાભ થતો નથી. પરંતુ જિન તથા સિદ્ધ સ્વરૂપમાં પોતાના મનને લીન કરી ધ્યાન કરે છે તે રાજાની પ્રીતિ મેળવે છે. સ્ત્રીપ્રેમ, રાજાનુરાગ, પ્રજાપ્રેમ મેળવવા માટે તેનાથી સારો બીજો કયો મંત્ર છે ?

---

૧. અહીં ખરેખર કવિ રાજા ભરતની અતિશયોક્તિથી સ્તુતિ કરે છે. એવી વાત નથી ભરતમાં આવા આવા અદ્ભૂત ગુણો હતાં કે જેનું વર્ણન કરવું માનવીની શક્તિ બહાર છે. મહારાજ ભરતનું ચરિત્ર તીર્થંકરપ્રભુની દ્વારા પણ પ્રશંસિત હતું. અનેક પ્રકારના રાજવૈભવને ભોગવતા થકા પણ યોગી કહેવાનો અધિકાર, ગાર્હસ્થ જીવનમાંજ

જે સ્થિતિમાં આત્માના સ્વરૂપનું દર્શન થાય છે, અને સાધક સાક્ષાત્ અરહંતનું રૂપ ધારે છે તે અવસ્થામાં તે વ્યક્તિને વ્યંતરવશ કરવો, વિદ્યા વશ કરવી શું કોઈ કઠણ કાર્ય છે ? એ તો જવા દો, મુક્તિકાંતા પણ તેને સહેજે વશ થઈ જાય છે.

રાજા ! આ શરીર જ જિનેન્દ્ર મંદિર છે, મન જ સિંહાસન છે. નિર્મળ આત્મા જિનેન્દ્ર ભગવાન છે. બહારના અન્ય વિકલ્પોને છોડીને આંખ મીંચીને એ પ્રકારે જુએ તો સાચેસાચ જિનદેવ પોતાની જ અંદર દર્શન દે છે. જેવી રીતે કોઈ વ્યક્તિ કોઈ વાતને ભૂલીને પાછો સાવધાન થઈ ફરીથી તે પ્રતિ ઉપયોગ લગાવીને તે પદાર્થમાં ચિત્ત સ્થિર કરે છે તેવી રીતે ખોવાયેલો પદાર્થ શોધવાની જેમ એકાગ્રતાપૂર્વક જ્ઞાનદર્શન જ મારું નિજરૂપ છે એ પ્રકારની ચિંતના જ્યારે શરીરની અંદર હોય છે ત્યારે આ આત્માનું દર્શન થાય છે, જેવી રીતે કોઈ વિદ્યાર્થી અભ્યાસ કરેલા પાઠોને ભૂલી ગયો હોય અને શિક્ષકના પૂછવાથી તે બહુજ દત્તચિત્ત થઈને વિચાર કરતો હોય તેવી જ રીતે જ્ઞાન દર્શન જ મારુ રૂપ છે એમ સમજીને એકાગ્રતાથી જો શરીરની અંદર ચિત્ત લગાડે તો આત્માનું દર્શન થાય છે. જેવી રીતે સુંદર છાયા મૂર્તિનું રૂપ છે તેવી રીતે આત્માનું પણ નિજરૂપ છે કે એ રીતે સ્મરણ કરતાં કરતાં આંખો મીંચીને આત્માને દેખે તો અવશ્ય આત્મદર્શન થાય છે. પ્રાભૃત શાસ્ત્રોનું ઉત્તમ પ્રકારે અધ્યયન અથવા મનન કરીને શરીરમાં રહેલા વાયુઓને ચાકરની માફક વશ કરીને જે વખતે ચિત્તમાં ત્રિલોકીનાથ ભગવાનનું સ્મરણ કરે છે તે વખતે આત્મા પ્રત્યક્ષ થાય છે. સૂર્ય ચંદ્રસ્વરૂપ નાસિકારંધ્રને બંધ કરીને પ્રાણ અથવા અપાન વાયુને જે સમયે બ્રહ્મરંધ્રમાં ચડાવે છે તે વખતે શરીરની અંદરનો અંધકાર નાશ થઈને તેજઃપુંજ આત્માનું દર્શન થાય છે.

ખેદની વાત છે –કોઈ કોઈ પવનને વશ કરીને આત્માને દેખે છે. કોઈ કોઈ તેને વશ કર્યા વિના જ દેખે છે. કોઈ શરીરને જ આત્મા સમજે છે. કોઈ પ્રયત્ન કરીને એક જ દિવસમાં સહસા આ આત્માનું દર્શન કરવા ઈચ્છે તો તે તેને દેખી નથી શકતો. તે કોઈ સરલ વાત નથી. જ્યારે કોઈક વિરલાને જ પુરુષાર્થદ્વારા દર્શન વિશુદ્ધિ થઈને જટિલ કર્મ દૂર ખસી જાય છે ત્યારે આ આત્મા પ્રત્યક્ષ થાય છે. શું આત્મા વીજળીની કોઈ મૂર્તિ તો નથી, ચાંદનીમાં બનાવેલું ચિત્ર તો નથી અથવા પ્રકાશનું પૂતળું તો નથી –એ રીતે કલ્પના કરીને વિચાર કરતાં તે દેખાશે.

આત્માનુભવી એવો અનુભવ કરે છે, જાણે કે એ જ્યોતિર્લોકમાં પ્રવેશ્યો હોય અથવા શીતલ જ્યોતિની વચ્ચે જ સ્થિત હોય. આ પ્રકારે અભ્યાસ કરતાં કરતાં એમ લાગે છે કે હું તનુવાતવલયમાં રહેનાર સિદ્ધ પરમેષ્ઠી જેવો થઈ ગયો છું.

આત્મા બોલતો નથી, ચાલતો નથી. તેને શરીર નથી, મન નથી, ત્યાં સુધી કે તે પંચેન્દ્રિય પણ નથી. અનંત સુખ કેવલજ્ઞાન એ એનું નિજ સ્વરૂપ છે. એવો આત્મા આ શરીરમાં છે.

---

આત્માનુભવ કરવાનું અદ્ભુત સામર્થ્ય શું કોઈને સહજ પ્રાપ્ત થઈ શકે છે. ? તેને માટે તો જન્માંતરમાં કઠિન તપશ્ચર્યા કરવી પડે છે. જે ભરતની સ્વર્ગમાં દેવેન્દ્રો પણ પ્રશંસા કરે છે તેમના વિષયમાં બીજા લોકો સ્તુતિ કરે તો અતિશયોક્તિની શી વાત છે. ?

જે વખતે આ આત્મા પોતાના જ્ઞાન શરીરનો વિચાર કરે છે તે વખતે અનેક પ્રકારના કર્મો આપો આપ તેને છોડી ચાલ્યા જાય છે, અને એને એવું સુખ મળે છે કે જેવું તેણે કદી અનુભવ્યું નથી, અથવા નથી પેલા દેખ્યું કે સાંભળ્યું.

મુક્તિ સુખને વાસ્તે આ અભેદ ભક્તિ કારણ છે. આ જ જિનેન્દ્ર ભગવાન દ્વારા ઉપદેશાયું છે.

રાજા ! આ વાતને મુક્તિગામીજન જ જાણે છે. તમે રાજયોગી છો. વૈરાગ્ય રસનો તમને સારી રીતે અનુભવ છે. તેથી તમને તો આનો બીજો પણ અધિક અભ્યાસ છે. હે રાજા ! આ આત્માનુભવથી ઊપજતા સુખને શું અમારી જેવા મનુષ્યો જાણે છે ? નહિ, અમે તો માત્ર બોલીએ જ છીએ. આ સ્વાનુભવગમ્ય સુખનો આત્મયોગીઓના શિરોમણિ તમે જ અનુભવ કરો છો. એ વાત અમે બધા સ્વીકારીએ છીએ. મહારાજ ! આપ અધ્યાત્મ સૂર્ય છો. આપની સમક્ષ અમારી જેવા લોકોએ અધ્યાત્મ રસનું વર્ણન કરવું તે સાચોસાચ સૂર્યને દીપક દેખાડવા જેવું છે.

જેવી રીતે ચંદનના વૃક્ષોની સમીપે રહેવાવાળા અન્ય વૃક્ષો પણ તેના સંસર્ગથી થોડા ઘણા સુગંધિત થઈ જાય છે તેવી રીતે આપના સત્સંગથી આત્મવિશુદ્ધિના માર્ગને અમે પણ થોડું ઘણું સમજી ગયા એમાં શું આશ્ચર્ય છે ?

આપનાથી પ્રાપ્ત કરાએલા અનુભવ આપની જ સેવામાં આ જ ઉપસ્થિત કરવામાં આવતાં આપને સંતોષ થયો તથા તમારા ભક્તને પણ હર્ષ થયો. આજ મૈં 'યથા રાજા તથા પ્રજા' (સ્વામીના જેવો તેનો પરિવાર હોય છે.) એ વાક્યોના યથાર્થ સ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો છે.

ભરતેશ્વરે આ રીતે દિવિજ કલાધર કવિની રચના ઘણી ઉત્સુકતાપૂર્વક સાંભળી, તે રચના સમ્રાટના હૃદયમાં ઊતરી. અધ્યાત્મ વિષય સાંભળવાની ભરતેશ્વરની તીવ્ર ઈચ્છા રહે છે. મહારાજ ભરત મનમાં ને મનમાં એવો વિચાર કરી પ્રફુલ્લિત થાય છે કે આ કવિએ મારા અંતરને પહેલા કયારેક નજરે દેખ્યું હોઈ એ પ્રકારે વિવેચન કર્યું છે, આ કેટલું બુદ્ધિયુક્ત છે ? આ કવિને આત્મજ્ઞાન અવશ્ય પ્રાપ્ત થયું છે. જો એમ ન હોય તો આ પ્રકારે વચન ચાતુર્ય તે વિષયમાં કેવી રીતે લાવી શકે ? લોકમાં વચન જ મનનાં ભાવોને દર્શાવે છે, ચક્રવર્તી ભરત આ રીતે પોતાના મનમાં વિચારવા લાગ્યા.

આ લોકમાં થલમાં, જલમાં ઈચ્છાનુસાર ગમન કરવું સરલ છે. પરંતુ આધાર વિના કોઈ આકાશમાં ચાલી શકે છે ? નહિ. આ રીતે બાહ્ય લોકો સમસ્ત લોકોનું વર્ણન કરી શકે છે, પરંતુ આધ્યાત્મિક વિષયનું વર્ણન કરવું તે લોકો માટે કદી શકય થઈ શકતું નથી. શબ્દ સમુદ્રમાં પ્રવેશીને એક એક શબ્દના સેંકડો અર્થ કરનારા વિદ્વાનો તૈયાર થઈ શકે છે પરંતુ શબ્દ રહિત આત્મયોગનું વર્ણન કરવું સામાન્ય (સાધારણ) વાત નથી. તર્કશાસ્ત્રમાં પ્રવેશ કરીને પરસ્પર વિવાદ કરનારા વિદ્વાનો તૈયાર થઈ શકે છે, પરંતુ સૂર્યની સમાન રહેનારા આત્માને ઓળખીને વચનથી કહેવું ઘણું કઠન છે. આગમ, કાવ્ય કે નાટકના વર્ણનથી લોકોને આનંદચકિત કરીને મુગ્ધ કરી શકાય છે પણ આત્મયોગનું વર્ણન કોણ કરી શકે છે ? સ્ત્રીઓની વેણીનું તેમજ મુખ અને સ્તનનું વર્ણન કરી લોકોને પ્રસન્ન કરવા તે સહેલી વાત છે, પણ વચન અગોચર પરમજ્યોતિ આત્માનું વચનદ્વારા વર્ણન કરવું શું સરલ છે ?

યુદ્ધનું વર્ણન કરીને સાંભળનારાઓના હૃદયમાં શૌર્ય ઉપજાવવું સરલ છે પણ આત્માનું વર્ણન

કરીને બીજાના હૃદયમાં પરમાત્માનો વિચાર સ્ફૂરવવો અત્યંત કઠણ કાર્ય છે.

જે આસનભવ્ય છે (જેનો સંસાર સમીપ છે) તે લોકોને અધ્યાત્મ વિચાર સ્ફુરે છે, પ્રત્યેકને નહિ. આત્મધ્યાન કરવાવાળા જ આત્મજ્ઞાનની વાત કહે છે. બીજાઓને આ કલા આવી નથી શકતી. જેવી રીતે પ્રત્યક્ષ કોઈ વિષયને જોનાર વ્યક્તિ તેને સ્પષ્ટ વર્ણવે છે તેવી રીતે આત્માનું પ્રત્યક્ષ દર્શન કરનાર વ્યક્તિ તેને વર્ણવે છે. આત્માને પ્રત્યક્ષ કરીને પણ તેનું વર્ણન કરવા છતાં પણ અભવ્ય તેને નથી માનતા. હા ભવ્યોત્તમોને વાસ્તે તે અમૃત છે.

આ કવિ અવશ્ય આસન્નભવ્ય છે, સિદ્ધલોકના પથિક છે. એ પ્રકારે ચક્રવર્તી મનમાં ને મનમાં જ વિચારી રહ્યા હતા. ત્યાં તેઓએ પોતાના મુખેથી સ્પષ્ટ કહ્યું છે કે હે દ્વિવિજ કલાધર ! 'તમે સાચેસાચ સુકવિ છો, અહીં આવો.' એ પ્રકારે તેને પોતાની સમીપે બોલાવી તેને પોતાના હાથથી પારિતોષિક આપ્યું. સુવર્ણકંકણ, કંઠમાળા, કુંડલ આદિ અનેક આભૂષણ અને વસ્ત્ર તેને દીધાં. એટલું જ નહિ ઘણાં ગામની જાગીર આપીને તેની દરિદ્રતા દૂર કરી. વળી ચક્રવર્તી કંઈક હસીને કહેવા લાગ્યા. 'તમે ઘણી સારી વાત કીધી, જે તમે અંદર દેખ્યું છે તે બહાર કહ્યું છે. લાંબા વખત સુધી કહેવાથી તમે થાકી ગયા હશો. તેથી હવે જરાવાર બેસી જાઓ.' એ પ્રકારે કહીને તેના સ્થાને જવા કહ્યું.

ત્યારે તે દ્વિવિજ કલાધર હર્ષિત થઈને કહેવા લાગ્યા. 'રાજા ! આ જૈનાગમ છે, શું તેનું કથન કરવું સરલ છે ? ભલા હું તો શા હિસાબમાં ? આપના આસ્થાન વિદ્વાનો જ આ વિષયને જાણી શકે છે. આ બધું આપની જ કૃપાનું ફળ છે. એમાં અમારું કાંઈ પણ નથી. આપના જ પ્રસાદથી પ્રાપ્ત અમુલ્ય રત્નોને આપની જ સેવામાં અર્પ્યું છે. એમાં મેં શી મોટી વાત કરી ?' એવું કહીને તે ત્યાંથી સાનંદ જતા રહ્યા.

સભામાં હાજર રહેલા લોકો પણ વિચાર કરવા લાગ્યા, ચક્રવર્તીના અંતરને કોઈ ન ઓળખે. પરંતુ આ વિદ્વાન કવિએ તેનું અંતરંગ ઓળખીને વર્ણન કર્યું છે. સાચેસાચ એ તીવ્રબુદ્ધિમાન દૂરદર્શી વિદ્વાન છે. ઈત્યાદિ પ્રકારે લોકો તે કવિની પ્રશંસા કરવા લાગ્યા. કવિના જ્ઞાન પર રાજાનો હર્ષ કે રાજાની ઉદારતા દેખીને બધા પ્રજાજનો જ્યારે પ્રસન્ન થઈ રહ્યા હતા ત્યારે ભોં ભોં થતો શંખનો અવાજ સાંભળવામાં આવ્યો, તે વખતે બધાએ વિચાર્યું કે હવે ચક્રવર્તીને ભોજનની વેળા થઈ છે, એમ નિશ્ચય કરી બધા લોકો રાજાને નમન કરી કરીને ત્યાંથી ઊઠયા. તે વખતે દંડધારી લોકો યથોચિત સન્માનપૂર્ણ શબ્દોની સાથ બધા લોકોને ત્યાંથી વિદાય આપી રહ્યા હતા.

રાજસભાવિસર્જિત થઈ. મહારાજા ભરત પણ 'જિન શરણ' શબ્દ કહેતાં કહેતાં ત્યાંથી ઊઠયા, તે વખતે ચારે તરફથી જય જયકાર શબ્દ સાંભળવામાં આવતો હતો.

મહારાજા ભરત જેવી રીતે પ્રજાનું પાલન કરે છે તેવી રીતે રત્નત્રયધર્મપાલક સાધુઓની સેવા કરવામાં પણ તેઓ દત્તચિત્ત રહે છે. પ્રતિનિત્ય સાધુઓને આહાર દીધા વિના ભોજન નહિ કરું એવી તેની કઠણ પ્રતિજ્ઞા છે. તેથી રાજસભાની બહાર જઈને તેઓ મુનિઓને પડ્ગાહન (પ્રતિગ્રહણ) કરવા તૈયારી કરવા લાગ્યા. વચ્ચે વચ્ચે તેઓશ્રીને દરબારની વાત યાદ આવતી હતી. કવિએ મારા હૃદયની વાત જાણી લીધી હતી. તે વાતનું વારંવાર સ્મરણ કરીને તેઓ મનમાં ને મનમાં આનંદ પામતાં હતા. ત્યાર પછી સમ્રાટ મુનિઓની માર્ગપ્રતીક્ષા કરવા તૈયાર થયા.

## ૩. મુનિભુક્તિ સંધિ

**સિ**દ્ધ પરમેષ્ઠીનું સ્વરૂપ અપાર છે. લોકના ભવ્યોને અજરામરપદ દેનાર સ્વભાવ અવસ્થાને પ્રાપ્ત થએલ, મોહનીય કર્મને વશ કરેલ પ્રસિદ્ધ આત્મા સિદ્ધાલયમાં બિરાજમાન છે. એવા વિશુદ્ધ આત્મા પાસે બધા જનો પ્રાર્થના કરે છે તેઓ અમને બધાને સુબુદ્ધિ આપે. ભરત ચક્રવર્તીના હૃદયની વાત જિનેન્દ્ર ભગવાન જ જાણે. મુનિઓની ચર્યાનો સમય જાણીને તેઓ રાજમહેલના દ્વાર તરફ ચાલ્યા.

સભા ભવનથી આવીને તેઓએ શરીરના સમસ્ત રાજચિહ્નોને ઉતારી નાખ્યા. રાજ્યાસનના યોગ્ય વસ્ત્રાભૂષણોને જોકે તેઓએ ઉતારી નાખ્યા તો પણ શું તેની સુંદરતામાં કોઈ ન્યૂનતા આવે ? નહિ. શારીરિક શૃંગારથી રહિત થઈને તેઓ દ્વાર તરફ પ્રતીક્ષા માટે ચાલ્યા. છત્ર, ચામર, ખડગ, પાદરક્ષા આદિ રાજચિહ્નોની હવે તેને આવશ્યકતા ન હતી. અત્યારે તો સમ્રાટ ભરત પાત્રદાનની અપેક્ષા કરનાર એક સામાન્ય શ્રાવકની જેવા છે.

પાત્રદાનની પ્રતીક્ષા કરવા જતી વખતે તેના વામ હાથમાં અક્ષત, પુષ્પ આદિ મંગલ દ્રવ્ય ને જમણા હાથમાં જલનો કલશ હતો. તેમની કડક આજ્ઞા હતી કે ‘મારી સાથે કોઈ ન આવે અને ન કોઈ મને માર્ગમાં નમસ્કાર કરે.’ નિધિની અપેક્ષા રાખનાર કોઈ વ્યક્તિ જે પ્રકારે તે નિધિની પૂજા કરીને પછી તેને લેવા જાય છે, તે પ્રકારે ભરત ચક્રવર્તી પણ તપોનિધિઓને (મુનિઓને) લેવા જઈ રહ્યા હતા. રાજાની સામે સેવકોએ તેમ ગુરુની સમક્ષ રાજાએ કેવો વ્યવહાર કરવો જોઈએ એ વાત રાજનીતિજ્ઞ ભરત સારી રીતે જાણતા હતા.

દાન દેવું, પૂજા કરવી એ ગૃહસ્થનાં કર્તવ્ય છે, એ કાર્ય પર હાથે થવું યોગ્ય નથી, એમ સમજીને સમ્રાટ જાતે જ તે કાર્ય વાસ્તે જઈ રહ્યા હતા.

જે વખતે તેઓ આગળ જતા હતા તે વખતે તેમનું અનુગમન કરનાર લોકોને પાછળ રોકી દેવામાં આવ્યા હતા. તો પણ ભરત મહારાજના શરીરની સુગંધથી મુગ્ધ થએલા ભમરા તેમની પાછળ પાછળ ટોળે ટોળાં આવવા લાગ્યાં. ભરતે તેમને ય બહુ કહ્યું કે મારી સાથે ચાલવાની જરૂર નથી, પરંતુ તેમ છતાં તે ભમરાઓ રોકાયા નહિ. એ તો સારી જ વાત છે. મનુષ્યોને કાન છે તેથી તે લોકોએ મારી આજ્ઞા સાંભળી, પરંતુ આ ભમરાઓને કાન નથી. તેઓ ચતુરિંદ્રિય છે તેથી તેને રોકવાને કાંઈ પ્રયોજન નથી. એમ સમજીને તેઓ ચૂપચાપ ચાલ્યા. છેવટે કોઈ પ્રકારે રસ્તો કાપીને ભરત મહારાજ રાજમહેલના બહારના ભાગમાં આવી ઊભા રહ્યા.

તેઓએ પૂજન સામગ્રી ને જલકલશને નીચે રાખી દીધા છે. હવે તેઓ સાધુની પ્રતીક્ષા ઘણી ઉત્સુકતાથી કરી રહ્યા છે. તે વખતે તેની શોભા અપાર હતી. એમ જણાતું હતું, કે જાણે કે અયોધ્યા નગરીની શોભા જોવા માટે સ્વયં દેવેન્દ્ર જ કયાંક આવીને તો ઊભા નથી ને ?

ભરતેશ્વર બહુ ચિંતામાં નિમગ્ન છે તેના મનમાં એ ચિંતા થઈ રહી છે કે હું આ સંસાર સમુદ્રને પાર કરીને કયારે મોક્ષ જઈશ ?

તે રાજમહેલની આસપાસ ત્રણ ભવ્ય રાજમાર્ગ ત્રણ દિશાઓમાં ગયા હતા. ભરત મહારાજ તે ત્રણે માર્ગોની તરફ ફરી ફરી જોતાં શાંત ભાવથી મુનિઓની રાહ જોઈ રહ્યા હતા. જેવી રીતે કુમુદિની ચંદ્રમાની પ્રતીક્ષા કરે છે તેવી રીતે મહારાજા ભરત મુનિઓની ઈચ્છા કરી રહ્યા હતા. ક્યારેક તો ચર્મચક્ષુથી માર્ગમાં જોતા હતા તો ક્યારેક જ્ઞાનદૃષ્ટિથી શરીર સ્થિત આત્માનું નિરીક્ષણ કરી રહ્યા હતા. અંદર આત્મામાં ને બહાર મુનિઓને માર્ગમાં જોવા વખતે તેના કાર્યમાં જરી પણ પ્રમાદ થતો ન હતો.

ચારે બાજુ સ્તબ્ધતા છવાઈ ગઈ હતી. રાજમહેલથી તે બહાર લગી કોઈ ધકાધકી નથી કેમકે બધાય લોકો જાણતા હતા કે આ ભરત ચક્રવર્તીને મુનિદાન દેવાનો વખત છે, કેટલાક સેવકો આજુબાજુમાં છૂપાઈને દાનવિધિ જોવા બેઠા હતા. ભરત તેમને નથી દેખતા. એમ સંભવે છે કે પોતાની ચર્યાથી એ વાત બતાવી રહ્યા હતા કે જો કે બધા લોક મને દેખી રહ્યા છે તો પણ હું તેનાથી અલિપ્ત છું. તેથી જ તો તેઓ એકલા ઊભા હતા. આ વખતે ભરત એવા લાગતા હતા કે જાણે આત્મવિજ્ઞાની પંચેન્દ્રિયોથી યુક્ત હોવા છતાં પણ તેનાથી અલિપ્ત છે.

તે વખતે તેના ચિત્તમાં નિર્મળ યોગીઓને દાન દેવા સિવાય ભોજન આદિ કરવાની કોઈ ચિંતા ન હતી.

તે દિવસે તે નગરીમાં ચર્યા માટે ઘણા યોગીરાજ આવ્યા હતા. પરંતુ રસ્તામાં જ ઘણા શ્રાવકોએ તેમનું પ્રતિગ્રહણ કરી લીધું તેથી રાજ-પ્રાસાદ સુધી કોઈ ન પહોંચી શકયા. હવે તો ભરતચક્રવર્તી ઘણી ચિંતામાં મગ્ન બન્યા. કયારેક જમણી તરફ ને કયારેક ડાબી તરફ જુએ છે. પરંતુ કોઈ જિનરૂપધારીને ન દેખવાથી વળી ચિંતામગ્ન થઈ જાય છે. ઘણે દૂર નજર નાખીને જુએ છે તો પણ કોઈ દેખાતા નથી. તેથી તેના મનમાં ઘણું દુ:ખ થઈ રહ્યું છે.

શું આજે પર્વોપવાસનો દિવસ છે ? આજે કોની તિથિ છે ? નહિ, આજ તો કોઈ પર્વનો દિવસ નથી. તો પછી મુનિરાજ કેમ ન પધાર્યા ? શું કારણ છે કે મારા મહેલ તરફ તપોનિધિ નથી આવતા ? ક્યાંક કોઈ દુષ્ટ હાથી ઘોડા વગેરે તો તેમને કષ્ટ નહિ ઉપજાવ્યું હોય ને ! શું કોઈ દુષ્ટે તેમની નિંદા કરી છે ? મારા રાજ્યમાં જો કોઈએ મુનિ નિંદા કરી તો મારા રાજ્યની ઈતિ શ્રી (સમાપ્તિ-અંત) થઈ ગઈ. પછી મારા અસ્તિત્વથી શું પ્રયોજન છે ? એવી અવસ્થામાં મને છ ખંડનો અધિપતિ કોણ કહેશે ? ના, ના. મારા રાજ્યમાં મુનિઓની નિંદા કરનાર કોઈ મનુષ્ય નથી. તો પછી આજે મુનિઓનું આવાગમન કેમ નથી થતું ?

હા ! આજે મુનિઓની સેવા કરવાનું ભાગ્ય નથી ? સાચેસાચ એક દિવસ પણ ખાલી ગયા વગર મુનિઓને આહારદાન દેવું ઘણી સૌભાગ્યની વાત છે.

જેવી રીતે દ્વીપમાં જનારા જહાજમાં અનેક પ્રકારનો માલ ભરી મોકલવામાં આવે છે તેવી રીતે મોક્ષ જનાર મુનિઓના કરકમલમાં અન્ન મૂકી મોકલવું પ્રત્યેક શ્રાવકનું કર્તવ્ય છે.

આત્મા અને શરીરને જુદા સમજીને ધ્યાન કરનાર યોગીને પોતાના હાથથી આહાર દેવાનું સૌભાગ્ય શું પ્રત્યેક વ્યક્તિને મળે છે ? રત્નત્રયના ધારક, પરમવીતરાગી, તપસ્વી આત્મામૃત તો

આત્માને જ અર્પે છે, અને ભવ્ય આત્માઓ દ્વારા દેવાએલું અન્ન શરીરને આપે છે. એવા યોગીઓને આહાર દેનારા ગૃહસ્થોને શું ધન્ય નથી. ચિદ્‌ગુણ...છે ? આત્માને માટે ચિદ્‌ગુણાન્નને અને પૌદ્‌ગલિક શરીર માટે પુદ્‌ગલાન્નને આપનારા સદ્‌ગુરુઓને આહારદાન આપે તો તેથી સદ્‌ગતિ થાય તેમા શું સંદેહ છે ? બ્રહ્મ નામ આત્માનું છે. તે બ્રહ્મ ઉત્પન્ન અન્નને બ્રાહ્મણાન્ન કહે છે. પરપદાર્થથી ઉત્પન્ન અન્નને શૂદ્રાન્ન કહે છે.

સુક્ષેત્રમાં વાવેલું બીજ નકામુ જતું નથી, તેમાં અંકુરોત્પત્તિ થઈને ફલ આદિ અવશ્ય ઉત્પન્ન થાય છે. એવી રીતે મોક્ષગામીના હાથમાં દેવામાં આવેલો આહાર નકામો જતો નથી, તેનું આ લોકમાં પણ પ્રત્યક્ષ ફળ મળે છે. છીપમાં પડેલું સ્વાતી નક્ષત્રના વરસાદનું ટીપું શું વ્યર્થ જાય છે ? નહિ, તે તો ઉત્તમ મોતી બની જાય છે. એવી રીતે એવા સદ્‌ગુરુઓને દેવામાં આવેલું આહારદાન નકામુ જતું નથી. તેનાથી મુક્તિ પણ મળે છે.

ભોજન નહિ લેનારી મૂર્તિની દ્રવ્યથી પૂજા કરવી ઉપચાર ભક્તિ છે. ભોજન કરનારી જિનરૂપધારી ગુરુઓને આહારદાન દેવું મુખ્ય ભક્તિ છે.

આ રીતે ભરત ચક્રવર્તી અનેક વિચારમાં મગ્ન થઈ ગયા હતા પણ હજુ સુધી કોઈ મુનિરાજ નથી આવ્યા. તેઓ વિશેષ ચિંતામાં પડી ગયા. કારણ શું છે કે આજે મુનિશ્વરોનું આગમન નથી થયું ? એવામાં એક આશ્ચર્યકારક ઘટના બની. આકાશમાં એક અદ્‌ભુત પ્રકાશ દેખાવા લાગ્યો. આમ તેમ ન જોતાં તે કાંતિ તરફ જ ભરત મહારાજ જોવા લાગ્યા. હજી તે કાંતિ દૂરથી દેખાઈ રહી છે, તેથી ચક્રવર્તીની ઉત્સુકતા વધવા લાગી.

આ શું છે ? બીજા કોઈ સૂર્ય જેવો આ અદ્‌ભૂત પ્રકાશ શું છે ? જિન, જિન, આ શું છે ?

એટલામાં તે પ્રકાશ એકને બદલે બે રૂપે પૃથક્ પૃથક્ ભાસવા લાગ્યો. ભગવાન ! આ એક હતા, હવે બે થઈ ગયા. પહેલાં સૂર્ય જેવા દેખાતા હતા, હવે સૂર્યને ચંદ્ર જેવા દેખાય છે. એટલો વિચાર કરી રહ્યા હતા કે તરત જ બન્ને પ્રકાશ તદ્દન નજીક આવી પહોંચ્યા.

અહા ! આ તો ચારણ મુનિઓનું શરીર છે. બીજી કોઈ વસ્તુ નથી એમ તેઓએ નિર્ણય કર્યો, સૂર્યના વિમાનમાં વિદ્યમાન જિન પ્રતિમાઓનું પોતાના પ્રાસાદથી દર્શન કરનારા ચક્રવર્તીને એ મુનિઓને ઓળખવામાં આટલી વિલંબ ન લાગત, પરંતુ તે દિવસે આકાશ વાદળાઓથી ઘેરાએલ હતું તેથી તેઓએ સારી રીતે વિચાર કરીને નિર્ણય કર્યો.

ચિંતા દૂર થઈ ગઈ. હર્ષથી શરીર રોમાંચિત થઈ ગયું, અહા ! મારું તો ભાગ્યોદય થયું, એમ કહીને પૂજાના દ્રવ્યને હાથમાં લઈને તેઓ નીચે ઉતર્યા.

એટલામાં જ તે ચંદ્રમંડલ ને સૂર્યમંડલ આ પૃથ્વી પર ઊતર્યા.

ગરીબ મનુષ્ય નિધિઓને દેખીને હર્ષથી નાચી ઊઠે છે તેવી રીતે ભરત ચક્રવર્તી આ મુનિ નિધિઓને જોઈને અત્યંત આનંદિત થઈને તેની સેવામાં ઉપસ્થિત થયા, ચક્રવર્તીએ ખૂબ ભક્તિ પૂર્વક કહ્યું, ''ભો મુનિમહારાજ ! અત્ર તિષ્ઠ તિષ્ઠ'' એ સાંભળતાવેંત જ તે બન્ને મુનિરાજો ત્યાં ઊભા રહી ગયા ત્યારે ભરત મહારાજે પોતાના હાથથી ગંધ, પુષ્પ, અક્ષત આદિથી દર્શનાંજલિ દઈને તરત જ

ભાવશુદ્ધિથી જલધારા કરી, પછી અત્યંત ભક્તિપૂર્વક ત્રણ પ્રદક્ષિણા દઈને તેમને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. તે વખતે કેટલાક લોકો ચારે બાજુથી આવીને જય જયકાર શબ્દ કરતા થકા કહેવા લાગ્યા કે ચક્રવર્તી ભરત અહીં ઊભા ઊભા ધ્યાન કરી રહ્યા હતા તેથી તેના ધ્યાનના બળથી આ બન્ને મુનિઓ આવી ગયા.

ભરત ચક્રવર્તી જે નિધિ લઈ જવા અહીં આવ્યા હતા તે નિધિ હવે તેમને મળી ગઈ. હવે તેઓ તે નિધિને પોતાના મહેલમાં ઘણી સંભાળપૂર્વક લઈ જતા હતા, જેવી રીતે કામદેવ હારીને તે મુનિઓને પ્રાર્થના કરી પોતાને ઘેર લઈ જાય છે તેવી રીતે તે નરલોકના કામદેવ તેમને પોતાના મહેલમાં લઈ જતા હતા.

જ્યાં મુનિઓને સીડીઓથી ઊતરવું પડે છે ત્યાં ચકવર્તી તેમને પોતાના હાથથી ટેકો આપતા હતા અને જ્યારે તેઓ ઉપર ચડે છે ત્યારે પણ બહુ ભક્તિભાવથી હાથ દઈને કહેતા હતા કે સ્વામી! આપલોક આકાશમાં આધાર વિના ચાલનાર છો, આપને અવલંબનની આવશ્યકતા નથી, આ કેવલ અમારો ઉપચાર છે. એ પણ જવા દો. દેખો તો ખરા, જ્યારે અમારો મહેલ આટલો વક્ર છે ત્યારે અમારું હૃદય કેટલું વક્ર હશે ? અમારો મહેલ વક્ર, અમારું મન વક્ર, તો પણ આપ આ શિષ્ય ઉપર કૃપા કરીને અહીં પધાર્યા છો. તેથી અમારું મન ને મહેલ બન્ને સીધા થઈ ગયા.

ભરત ચક્રવર્તીનો ધર્મવિનોદ સાંભળતાં સાંભળતાં મુનિરાજ મનમાં ને મનમાં પ્રસન્ન થવા લાગ્યા. પરંતુ કાંઈ બોલ્યા નહિ, કેમકે તેમની દૃઢ પ્રતિજ્ઞા હતી કે ભોજન કર્યા પહેલાં કોઈની સાથે ન બોલવું તો પણ મનમાં ભરતની ભક્તિથી પ્રસન્ન થઈને જઈ રહ્યા હતા.

આ રીતે ભાવ અને ભક્તિથી જે વખતે તે યોગીઓને તે ચક્રવર્તી મહેલમાં લઈ ગયા ત્યારે ચક્રવર્તીની રાણીઓ સામી આવી. મુનિઓને દેખતાં જ ભક્તિથી બધીયે સ્ત્રીઓ રોમાંચિત થઈ ગઈ. તત્કાળ આરતી ઉતારી, ફરી બધાએ મુનિરાજોને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. જેવી રીતે કામદેવ દિગમ્બર તપસ્વીઓ પ્રતિ સ્પર્ધા કરીને હારી ગયા હોય અને તે હારના કારણે પોતાના મહેલમાં લાવીને પોતાની સ્ત્રીઓનેપણ હારનો સ્વીકાર કરાવ્યો હોય અને તેથી સ્ત્રીઓ પણ તે મુનિરાજોના ચરણમાં પડતી હોય એવી રીતે તે વખતે ભરત ચક્રવર્તીની શોભા જોવામાં આવી.

તે વખતે મહેલમાં એકને નહિ, બધાને એક ઉત્સવનો દિવસ જણાયો. ઉત્સવ દિવસ પણ કેવો ? વિવાહોત્સવની સમાન હર્ષ હતો. આ આનંદમાં તે સતીઓએ કિન્નર વીણા આદિ લઈને અન્નદાનનો મહિમા ગાવો શરૂ કર્યો. તે મુનિરાજો જ્યારે મહેલમાં અંદર જતા હતા ત્યારે તે સ્ત્રીઓ બન્ને તરફથી ચામર ઢાળતી હતી. સેવકને ઘરે સ્વામી આવે તો જેવી રીતે સેવક અનેક પ્રકારે ભક્તિ કરે છે તેવી રીતે ભરત ચક્રવર્તી જ્યારે તે તપસ્વીઓ પોતાના મહેલમાં આવ્યાં ત્યારે અનેક પ્રકારે પોતાની સ્ત્રીઓની સાથે તેમની ભક્તિ કરીને પોતાને ભાગ્યશાળી સમજતા હતા.

ચક્રવર્તીએ એમને નમસ્કાર કર્યા તેનું તે મુનિરાજોને કાંઈ અભિમાન ન થયું, અને તેની સુંદર રાણીઓને દેખીને મનમાં કોઈ વિકાર પણ ઉત્પન્ન ન થયો. જે યોગીઓએ પોતાના શરીરને પણ તુચ્છ સમજીને આત્મામાં ચિત્ત લગાડયું છે તેમનું મન, ભલા, કાંઈ બાહ્ય પદાર્થો દેખીને વિચલિત થઈ શકે ?

ત્યાર પછી તે યોગીઓના પાદકમલોનું પ્રક્ષાલન કરીને અમૃતગૃહમાં પદાર્પણ કરાવ્યું. તે ઘરમાં બિલકુલ અંધકાર ન હતો. લોકોને એવું લાગતું હતું કે જાણે કે આ સૂર્યનું જન્મસ્થાન નથી ને ? ભરતેશ્વરે ત્યાં તે યોગીઓને ઊંચું આસન દીધું પછી પોતાની ધર્મપત્નીઓની સાથે ભક્તિથી તેમની પૂજા કીધી, ત્યારબાદ ભક્તિપૂર્વક આહારદાન દીધું.

દાતારોમાં ચક્રવર્તી ભરત ઉત્તમ હતા, અને પાત્રોમાં તે ચારણ મુનીશ્વર ઉત્તમ હતા. તેથી ઉત્તમ પાત્રોને સિદ્ધાન્ત શાસ્ત્રોમાં પ્રણિતવિધિ અનુસાર ઉત્તમ દાન દેવાયું.

દાન દેતી વખતે બહાર ઘંટા, વાદ્ય આદિ મંગલ શબ્દ થવા લાગ્યા, કેમકે ચક્રવર્તીનો આહારદાન સમારંભ[1] સામાન્ય ન હતો. આ જગતમાં જેટલા ઉત્તમ પદાર્થ છે તે બધા ભરત ચક્રવર્તીના મહેલમાં હતા. તેથી તેને કોઈ વાતની ખામી હોઈ શકે ? તે જ્ઞાનશીલ તપસ્વીઓને તે ચક્રવર્તીએ અમૃતાન્ન દઈને તૃપ્ત કર્યા. સાચે સાચ તે વખત અનેક પ્રકારના ભોજન-ખીર, શાક, પાક, ફળ આદિને સોનાના વાસણમાંથી લઈ લઈને દેતા થકા ચક્રવર્તી કલ્પવૃક્ષ, કામધેનુ ને ચિંતામણિને પણ પરાજય આપી રહ્યા હતા. તે પ્રસંગે ભરત ચક્રવર્તીની રાણીઓની પીરસવાની યુક્તિ અને તે અમૃતરસોને મુનિરાજના હાથમાં મૂકવાની ચક્રવર્તીની યુક્તિ સાચે સાચ દેખવા યોગ્ય હતી.

બન્ને મુનિરાજો કોઈ પણ ઈષ્ટ પદાર્થો પ્રતિ સંકેત ન કરીને જે દિવ્ય અન્ન દીધું તેનો આહાર કરીને તૃપ્ત થઈ ગયા.

તે મુનિરાજોના તપપ્રભાવથી નિરસ અન્ન પણ હાથમાં જતાં સરસ થઈ જાય છે. તો તેને ચક્રવર્તી દ્વારા આપવામાં આવતું સરસ અન્ન કેવું થયું એ વાત અવર્ણનીય છે. સ્વર્ગના દેવો જે અમૃત સેવે છે તેના જેવો તેઓને માટે નિર્મિત આહાર પોતાના હાથથી છ ખંડાધિપતિએ મુનિરાજને સમર્પણ કર્યો તેનું શું વર્ણન કરીએ.

ચક્રવર્તીએ ભુક્તિથી (ભોજનથી) તે ચારણ મુનિઓને તૃપ્ત કર્યા. તથા ભુક્તિ ને ભક્તિથી મુક્તિપંથની યુક્તિ મેળવી લીધી.

સાતવિધ દાતૃગુણ તથા નવવિધ ભક્તિયુક્ત હોઈને જ્યારે ચક્રવર્તીએ તે યોગીઓને આહારદાન દીધું ત્યારે તેમને તૃપ્તિ થઈ ગઈ.

તે યોગીઓએ જ્યારે ભોજન પૂરું કર્યું ત્યારે સંભવ છે કે તે લોકોએ એવો વિચાર કર્યો હશે કે પરમાત્માનો સ્વાત્માનંદ જ ભોજન છે. ભોજન શરીર અર્થે છે, આહારાદિક લેવા તે શરીર સ્થિતિનું કારણ છે તેથી શરીર વિશેષ પોષવું યોગ્ય નથી. એ રીતે હંસક્ષીરનીર ન્યાયથી સમજીને તેમણે ભોજન પૂરું કર્યું. બદ્ધ પલ્યંકાસને બિરાજમાન થઈને ચારણ યોગીઓએ મુખશુદ્ધિ કરી. ત્યાર બાદ હાથ ધોઈને સિદ્ધભક્તિ કર્યા પછી આંખ મીંચીને તેણે આત્મદર્શન કર્યું.

એવામાં ઘંટાધ્વનિ બંધ કરવામાં આવ્યો. ચારે તરફથી રાણીઓ આવી હાજર થઈ ગઈ. યોગીઓની નિશ્ચલ ધ્યાન મુદ્રા દેખીને ચક્રવર્તી મનમાં ને મનમાં હર્ષિત થવા લાગ્યા.

૧ સમારંભ : ઠાઠમાઠથી કરેલો આરંભ

હવે તે મુનિઓનો દેહ જરા પણ હલતો ન હતો. તેઓ પત્થર મૂર્તિ સમાન નિશ્ચલ હતા. તેઓ સિદ્ધાન્તોકત મંત્રોનો જપ કરતા આત્માનું બહુ દઢતાપૂર્વક નિરીક્ષણ કરતા હતા. આંખો ઉઘાડીને જ્યારે તેઓએ આનંદથી રાજા તરફ જોયું ત્યારે ભરતે ઘણા ઉત્સાહ ને ભક્તિથી 'નમોસ્તુ' કર્યું. 'अक्षयं दानफलमस्तुं ते' (તમને દાનનું અક્ષય ફળ પ્રાપ્ત થાઓ) એ પ્રકારે ચંદ્રગતિ મુનિએ અને 'निर्मलात्मसिद्धिरस्तु' (નિર્મલ આત્માની સિદ્ધિ થાઓ) એ પ્રકારે આદિત્યગતિએ તેમને આશીર્વાદ આપ્યા.

તે ચારણ યોગીઓનો પવિત્ર આશીર્વાદ પામીને તે ચક્રવર્તીના હૃદયમાં કેટલો આનંદ થયો તે તો પરમાત્મા જ જાણે. તે વખતે તે એવા નાચવા લાગ્યા કે જાણે મુક્તિ જ તેના હાથમાં આવી ગઈ હોય. યોગ્ય જ છે. સત્પાત્રોની પ્રાપ્તિમાં કોને હર્ષ ન થાય ? તે વખતે ભરત ચક્રવર્તીની રાણીઓએ પણ મુનિઓને નમસ્કાર કર્યા. મુનિઓએ પણ તે બધાને ગીર્વાણ ભાષામાં આશીર્વાદ આપ્યો.

તે પ્રસંગે ભરતેશની દાનચર્યાથી દેવ પણ પ્રસન્ન થયા. આના હર્ષમાં તેઓ નાચવા લાગ્યા. આશ્ચર્ય છે કે તે વખતે પાંચ ઘટનાઓ દ્વારા દેવોએ પૃથ્વીલોકને ચકિત કરી નાખ્યા.

સહસા કોઈએ સુગંધિત ફૂલોના બગીચામાં પ્રવેશ કર્યો હોય તેની જેમ શીત અથવા સુગંધયુક્ત પવન વાવા લાગ્યો.

તે વખતે અયોધ્યેશ ભરતના મહેલમાં સ્વર્ગથી પુષ્પવૃષ્ટિ થવા લાગી.

સ્વર્ગથી દેવો ભરતના મહેલ ઉપર રત્નવૃષ્ટિ અથવા સુવર્ણવૃષ્ટિ કરવા લાગ્યા.

દેવગણ હર્ષથી અનેક પ્રકારની વાદ્યધ્વનિ કરવા લાગ્યા.

આકાશમાં દેવો આવીને ભરત ચક્રવર્તીની જય જયકાર કરતાં પ્રશંસા કરવા લાગ્યા. આ દાન ઉત્તમ છે, દાતા ઉત્તમ છે અને પાત્ર તો ઉત્તમોત્તમ છે. હે ભરત ! અમે સ્વર્ગલોકમાં ઉત્પન્ન થઈને સ્વર્ગીય સુખનો અનુભવ કર્યો તો શું થયું ? તમારી જેમ પાત્રદાન કરવાનું ભાગ્ય અમોને ક્યાં છે ? અમે વ્રત, તપ ને દાનથી આ સ્વર્ગ પ્રાપ્ત કર્યું –એ સત્ય છે પરંતુ ખેદ છે કે અહીં આ વ્રત નથી, તપ નથી કે દાન દેવાનો અધિકાર પણ નથી. હે ભરત ! તમારું ભાગ્ય અમને ક્યાં ? અન્ન દેવાની શક્તિ તો અમારામાં ય છે પરંતુ અમે કદાચિત્ આહારદાન કરવાનો વિચાર કરીએ તો અમે વ્રતી નથી. અવ્રતી હોવાથી અમે દાન દઈએ તો જિનમુનિ તે ન લે. હે રાજા ! અમે જિનેન્દ્રની પૂજા કરીએ છીએ પરંતુ તે કેવલ ઉપચાર છે કેમકે તેમને ઉદરાગ્નિ નથી, જ્યારે આ મુનિઓને ઉદરાગ્નિ છે; તેની ઉપશાન્તિ કરવાનો અધિકાર અમને નથી. તમને છે, તેથી તમને ધન્ય છે. ભૂલોકમાં આહારદાન દેનાર ઘણા રાજા જોવામાં આવે છે પરંતુ તેમાં દાન દેવાની યુક્તિ નથી, કદાચિત્ યુક્તિ હોય તો ભક્તિ નથી, યુક્તિ ને ભક્તિથી યુક્ત મુક્તિસાધક દાતા તમે જ છો. જે સૌભાગ્ય ને સંપત્તિ મનુષ્યોમાં મદ ઉત્પન્ન કરે છે તે મદે તમારો સ્પર્શ પણ કર્યો નથી, તમને એ ભોગથી મૂર્ચ્છા નથી આવી, એવી રીતે અનેક પ્રકારે દેવોએ ચક્રવર્તી ભરતનો મહિમા ગાયો. યોગ્ય જ છે, ધર્માત્માઓના ધાર્મિક ગુણ પર મુગ્ધ થઈને તેમની પ્રશંસા કરવી એ ધાર્મિક પુરુષોનું જાતિ ચિહ્ન છે.

'ધર્મસામ્રાજ્યનું ચિરકાલ પાલન કરો' એ પ્રકારે દેવવાણી કરીને દેવો અંતર્ધાન થયા.

આદ્ય ચક્રવર્તીના દાનનો મહિમા અપાર છે. ઉપર્યુકત પાંચ આશ્ચર્યરૂપ ઘટનાઓ ભરતેશ્વરના દાનનો પ્રત્યક્ષ પ્રભાવ સૂચવે છે.

'જિન શરણ' શબ્દનું ઉચ્ચારણ કરતા થકા મુનિઓ ત્યાંથી જવા ઊઠયા. તે વખતે મહારાજ ભરત પણ 'અમને આપનું જ શરણ છે' એમ કહીને તેમની પાછળ પાછળ ઊઠીને ચાલવા લાગ્યા. ભરતને તે મુનિઓએ આજ્ઞા કરી કે 'તમે રોકાઈ જાઓ, હવે અમે જઈએ છીએ. પરંતુ ભરતે તેમને સવિનય જણાવ્યું 'આપ પધારો' એમ કહીને એકદમ પોતાના બે રૂપો બનાવી લીધા. અને બન્ને રૂપોથી બન્ને મુનિરાજને હાથથી ટેકો આપીને તેમની સાથે જવા લાગ્યા. ચાર આઠ ગજ ગયા બાદ મુનિઓએ ફરી કહ્યું 'હવે તો રોકાઈ જાઓ.' સ્વામી ! કૃપા કરીને થોડીક સેવા વધારે કરવા દ્યો. આપ પધારો. ભરતે કહ્યું. થોડેક દૂર ગયા બાદ ફરી મુનિઓએ કહ્યું કે 'હવે આગળ ન આવો, રોકાઈ જાઓ.' 'ભગવાન ! આપને ઉચિત છે કે ભક્તને પાસે બોલાવી તેનો ઉદ્ધાર કરો, પરંતુ તમે અમારો તિરસ્કાર કરીને આગળ ન આવવાનો આદેશ કરો છો. શું તે આપને યોગ્ય છે ?' એવી રીતે ભરતે વિનોદમાં કહ્યું. ભરતનો વિનય દેખીને મુનિગણ મનમાં પ્રસન્ન થઈને જતા હતા. આ ભગવાનનો જ પુત્ર છે, એમ સમજીને મનમાં વિચાર કરતાં થકા તેઓ જઈ રહ્યા હતા. 'રાજા ! જમવાને મોડું થશે. જાઓ, હવે તો જાઓ' એમ કહીને મુનિ ઊભા રહ્યા, પરંતુ ભરત ત્યાંથી પણ જવા તૈયાર ન થયા. તે કહેવા લાગ્યા કે 'ભગવાન ! હજી જરાક દૂર ચાલોની' એમ કહીને ભક્તિથી આગળ વધ્યા.

એ પ્રકારે આ મુનિઓની સાથે ચક્રવર્તી અંતિમદ્વાર સુધી ગયા. ત્યાંથી પણ તેમને છોડીને આવવા ઈચ્છા નહોતી. ઉચિત છે. જે સતત્ આત્માનુભવ કરે છે એવા યોગી રત્નોને છોડીને કોણ મોક્ષગામી થવા ચાહે ? હજી પણ તેઓ પાછા નથી જતા એમ સમજીને મુનિઓએ કહ્યું કે ''હવે ભગવાન આદિનાથના શપથ છે, રોકાઈ જાઓ.'' એમ કહીને રોક્યા. ભરતે પણ ભક્તિપૂર્વક તે તપસ્વીઓને નમસ્કાર કરી સાથો સાથ પોતાના બન્ને રૂપો એક બનાવી દીધા. વીતરાગી તપસ્વીઓએ પણ તેમને આશીર્વાદ આપ્યા અને આકાશ માર્ગે વિહાર કરી ગયા. ભરત પણ તેમની તરફ નજર લગાવીને એક ટશે જોવા લાગ્યા. બન્ને મુનિઓ આકાશ માર્ગમાં જતી વખતે ચંદ્ર અને સૂર્યના જેવા જણાયા. ઉચિત છે. તેઓ નામથી પણ ચંદ્રગતિ ને આદિત્યગતિ હતા.

તેઓ જ્યાં સુધી નજરે પડતા હતા ત્યાં સુધી ચક્રવર્તી ઊભા રહીને ઘણી ઉત્સુકતાની સાથે તેમને જોઈ રહ્યા હતા. ત્યાર બાદ નિરાશ થઈને ત્યાંથી મહેલ તરફ ચાલ્યા.

સેવકોએ આવીને સોનાની ચાખડી લાવી આપી. ચારે બાજુથી આવીને ચામરધારી ચામર ઢાળવા લાગ્યા. આ રીતે ચક્રવર્તી રાજવૈભવ સાથે મહેલની તરફ ચાલ્યા.

# ૪. રાજભુક્તિ સંધિ

પવિત્ર છે જેની મૂર્તિ, ઉજ્જવલ છે જેની કીર્તિ એવા ત્રૈલોક્યમાં પવિત્રાકાર તથા ગંભીર જે સિદ્ધ ભગવાન છે તેઓ અમારી રક્ષા કરો.

રાજાધિરાજ ભરત ચક્રવર્તી મુનિદાન દીધા પછી મહેલ તરફ આવવા લાગ્યા. તે વખતે સુંદર દુપટ્ટા લગાવેલા તેઓ એવી રીતે ચાલતા હતા કે જાણે કોઈ હાથીનું બચ્ચું ચાલી રહ્યું હોય. તે વખતે દુપટ્ટા હલાવતા તેઓ ચાલવા લાગ્યા. પગમાં સોનાની પાદુકા પહેરીને તથા પોતાની પ્રવિણતાને દેખાડતા થકા તેઓ ધીરે ધીરે લીલાપૂર્વક ચાલવા લાગ્યા.

મારે ઘેર આજે ઉત્કૃષ્ટ પાત્રનું દાન બન્યું છે. એ રીતે મનમાં આનન્દિત થઈ સેવકોનો આદર સત્કાર કરતા થકા તેઓએ મહેલમાં પ્રવેશ કર્યો. ત્યારપછી એક નોકરને બોલાવી કહ્યું ''જાઓ, સોનાની રાશિમાંથી સોનું કાઢીને પુરવાસી ગરીબોને તથા ભિક્ષુકોને યથેચ્છ આપી દો'' એ પ્રકારે આજ્ઞા દેતા થકા તેઓ મહેલમાં અંદર ગયા.

આ તરફ તેમની રાણીઓ મુનિઓના ગુણની સ્તુતિ કરતી થકી તથા દાનમાં થએલા અતિશયોથી હર્ષ મનાવતી થકી પતિના આગમનની રાહ જોવા લાગી. એટલામાં પોતાની સામે પતિની ચકચકતી મુખની કાંતિને દેખીને ચક્રવર્તીની બધી સ્ત્રીઓ પરસ્પર વાતચીત કરવા લાગી.

આજ રાજાધિરાજ ભરતચક્રીનું (સ્વામીનું) મન ઘણું પ્રફુલ્લિત છે. એમ જણાય છે કે તેમને કોઈ ઉત્તમ વસ્તુ પ્રાપ્ત થઈ છે. વળી પરસ્પર કહેવા લાગી. બહેન ! તમે તેના મુખને તો જુઓ તો જણાશે કે મારું કહેવું સાચું છે કે જૂઠું. તે પ્રકારે તે કહેવા લાગી. કોઈ કોઈ કહે છે કે તમારી વાત સાચી છે, જૂઠી નથી. એવી રીતે અમને પણ જોવામાં આવે છે. એમ કહેતી થકી બધીયે સ્ત્રીઓ આનંદ પામે છે. કોઈ કોઈ કહે છે કે પોતાની મેળે પરસ્પર સંદેહાસ્પદ વાત કરવાથી કાંઈ પ્રયોજન નથી, તેથી ચાલો સ્વામી પાસે જઈને આપણો સંદેહ દૂર કરીએ.

એવામાં બધી સ્ત્રીઓ ભરતચક્રીની પાસે જઈને પૂછવા લાગી, હે નાથ ! આપના મુખની પ્રસન્નતા જોઈને અમારા મનમાં જે ભાવ ઉત્પન્ન થયો છે તે સાચો છે કે જૂઠો ? ત્યારે તેઓએ કહ્યું સાચો છે. મારા હૃદયના ભાવોને તમારા સિવાય બીજું કોણ જાણી શકે છે. એમ કહીને ભરતેશ્વરે તેમને કહ્યું કે ચાલો હવે આપણે બધા ભોજન કરીએ.

ત્યારપછી પગ ધોઈને જ્યારે તેઓ ભોજન કરવા ગયા ત્યારે પોતાને યોગ્ય જ ભોજનની તૈયારી જોઈને તેઓ ઊભા રહીને વિચારવા લાગ્યા, આજે ઘણું મોડું થઈ ગયું, તેથી બધી રાણીઓની સાથે જ ભોજન કરવું યોગ્ય છે. એમ વિચારી નીચે લખેલા નામોથી બધાને પ્રેમપૂર્વક બોલાવવા લાગ્યા. કન્નાજી, કમલાજી, વિમલાજી, સુમનાજી, હોન્નાજી, મધુરાજી, રન્નાજી, ચેન્નાજી, ચિન્નાજી, કાંતાજી, મુકુરાજી, કુસુમાજી, સંતાજી, મધુમાધવાજી, અન્તરંગાજી, સખાજી, સુખવતી, શાંતાજી, ભ્રઙગલોચના, નીલલોચના, કુરંગલોચના, સારંગલોચના, પુષ્પમાલા, શૃંગારવતી, ચંદ્રમતી, વીણાદેવી, વિદ્યાદેવી, સૂરદેવી, વાણીદેવી, શ્રીદેવી, બાણાદેવી, ચંદ્રાદેવી, કલ્યાણીદેવી, અંજનાદેવી, કુંકુમદેવી, મલ્લિકાદેવી, સુદેવી, ઉત્સાહાદેવી, ચિત્રાવતી, ચિત્રલેખા, પદ્મલેખા, લલિતાંગી, વિચિત્રાંગી, કનકલતા, કુંછલતા,

કનકમાલા, જિનમતી, સિદ્ધમતી, રત્નમાલા, મણિમાલા, કાંતિમાલા આદિને બોલાવીને કહેવા લાગ્યા કે આજે આપણે બધા સાથે બેસીને ભોજન કરીશું.

એવામાં બધી સ્ત્રીઓ આવીને કહેવા લાગી કે અમારે નિયમ છે કે પતિના ખાધા પછી જ અમે ભોજન કરીએ. અતઃ કૃપા કરીને પહેલા આપ ભોજન કરો. એ પ્રકારે હાથ જોડીને કહેવા લાગી.

ભરતેશે કહ્યું કે આ નિયમ કેવો છે ? આજ મારી વાત સાંભળો. આવો, બધા એક પંક્તિમાં બેસીને ભોજન કરો.

બધી રાણીઓ અંદરો અંદર મુખ જોઈને વિચારવા લાગી. બધાના વિચાર એક પ્રકારના થતા નથી. તેથી તેઓ બધા અંદરો અંદર નાની બહેન મોટી બહેનને કહેવા લાગી. જીજી[1] ! અમે સ્વામીની આજ્ઞાનું પાલન કરવા માટે સાથે બેસીને ભોજન કરીશું. તો એમાં દોષ તો નહિ લાગે ને ? એ પ્રકારની વાત સાંભળી એકે કહ્યું કે જેવી રીતે સ્વામી મુનિરાજને આહાર આપ્યા વિના આહાર નથી કરતા તેવી રીતે અમે પણ પોતાનો ધર્મ કેમ છોડીએ પતિને ભોજન કરાવ્યા પછી ભોજન કરનારી સ્ત્રી સ્વર્ગગામિની હોય છે, તેથી એક સાથે ભોજન કરીએ તો દોષ છે, પરંતુ અહીં તો તેઓ સ્વતઃ ભોજન કરવાનું કહે છે, તેથી તેમાં કોઈ દોષ નથી. એટલામાં વળી એક સ્ત્રીએ કહ્યું કે એમને આપણે જ કારણે ભોજનનું આટલું મોડું થઈ રહ્યું છે.

કોઈ કોઈ મનમાં જ વિચારવા લાગી કે આટલીવાર લગાડી ને કહીએ છીએ, પરંતુ કરવું શું ? પતિને ઉત્તર આપવો અધર્મ છે. તેથી કાંઈ સૂઝ ન પડવાથી કોઈ તો ગૂંગાની જેમ ચૂપચાપ રહી, અને કોઈ પોતાના મનમાં અનેક પ્રકારે ચિંતા કરવા લાગી. કોઈ એક બે પ્રકારની વાતો પણ કરવા લાગી.

એ પ્રકારે તે બધી રાજમહિલાઓ કિંકર્તવ્યવિમૂઢ થઈને (શું કરવું તેની સૂઝ ન પડવાથી) વિચાર કરે છે ત્યાં તો તેમનો અભિપ્રાય સમજી જઈને ભરતેશ બોલવા લાગ્યા કે દેવીઓ, આવો, અહીં આવો, તમને આ વ્રત કયા ગુરુએ આપ્યું છે ? શું મારી આજ્ઞા વિના વ્રત લઈ શકાય છે ? આ વ્રત મારી આજ્ઞાથી લેવામાં આવ્યું હોય કે ન હોય પરંતુ મારી વાત માનવી શું તમારો ધર્મ નથી ?

પ્રાણનાથ ! અમોએ દેવ, ગુરુ સાક્ષીપૂર્વક આ નિયમ નથી લીધો. અમે આ વાત પ્રતિજ્ઞાપૂર્વક કહીએ છીએ. સાત આઠ દિવસથી અમે અમારી ઈચ્છાથી આ નિયમ પાળીએ છીએ.

ભરતેશ્વર બોલ્યા, ઠીક છે ગુરુદેવની સાક્ષીપૂર્વક તો તમોએ આ નિયમ નથી કર્યો કેમકે નિયમ દેનાર ગુરુ તમારાથી અલગ છે. તો પછી તમારે આ વ્રત છે એવી કલ્પના કરીને એનું હજુ સુધી પાલન કર્યું છે ? આ વ્રતરૂપે શું તમે પાળી રહ્યા છો ?

સ્વામી ! આવી પદ્ધતિઓ અમે શું જાણીએ ? વ્રતગ્રહણની વિશેષ વિધિ આદિને આપ જ જાણો. પતિના ભોજન પછી બાકી રહેલું ભોજન કરવું અમને ઘણું વહાલું લાગે છે. જેવી રીતે લોકો પ્રીતિથી વ્રત પાળે છે, એવી રીતે અમે આમ પાળતા આવ્યા છીએ. અમારા હૃદયમાં કોઈ વ્રતની કલ્પના નથી.

---

૧ જીજી : મોટી બહેન

સારી વાત ! ગુરુએ તમને વ્રત આપ્યું નથી, તમોએ પણ વ્રત છે એવી કલ્પના કરી નથી. કેવળ વિનોદમાં જે વાત થઈ છે તેને વ્રત કહીને શા માટે હઠ કરો છો એ સમજાતું નથી. આવો, આપણે બધા ભોજન કરીએ, તમારે ધ્યાન રાખવું કે હું મારા સ્વાર્થ કે સંતોષને માટે તમારા વ્રતનો કદી ભંગ નહિ કરાવું, એમાં તમારે શંકા ન રાખવી, તેથી હું આ વાત પિતૃસાક્ષીપૂર્વક કહું છું. હવે તમે બધા જાઓ, તમારો કોઈ દોષ નથી, દેવીઓ ! આવો આપણે બધા મળીને મુનિભુક્ત શેષાન્નનું ભોજન કરીએ. એ તો અમૃતાન્ન છે. તમે બધા સંકોચાઈ ને મારા હૃદયને કેમ દુભાવો છો ? સમજાતું નથી. હવે તમને બધાને તરુણી કહું કે નિષ્કરુણી કહું એ પણ નથી સમજાતું બસ ! નિષ્કરુણા તરુણીઓ ! હવે તો આવો. ભોજન કરો. ઘણું મોડું થયું છે. આ રીતે ભરતે તે બધાને જરા લજ્જિત કરતા થકા કહ્યું.

એવામાં તેમની આજ્ઞા પાળવા અર્થે બધી સ્ત્રીઓએ સ્વીકાર કર્યો અને હર્ષપૂર્વક પતિનો આદેશ માથે ચડાવ્યો. ભલા, એમાં આશ્ચર્ય શું છે ! જ્યારે છ ખંડના મનુષ્ય માત્ર એમની આજ્ઞા પાળવામાં જરા પણ વિલંબ નથી કરતા તો પછી અબળા સ્ત્રીઓની તો શી વાત ? અને તે પણ તેમના અંતઃપુરમાં રહેનારી રાણીઓ.

ભરતે સોનાનું જલપાત્ર જાતે પોતાના હાથથી લીધું. બધી સ્ત્રીઓને હાથ પગ ધોઈને ભોજન લેવા ચાલવાનું કહ્યું.

એવામાં ત્યાં એક વિનોદપ્રદ ઘટના બની. ભરતજી જ્યારે તે સુવર્ણકલશને હાથમાં ઝાલીને ઊભા હતા ત્યારે જલદી જલદી આવતી એક રાણીથી તે કલશનો જરાક ધકકો તે ભરતને લાગી ગયો. કાંઈ વાગ્યું નહોતું માત્ર કંઈક સ્પર્શ થયો હતો. એવામાં તે રાણીએ ભરતેશ્વર વિશેષ પ્રસન્ન થાય એટલા માટે કહ્યું, 'જિન ! જિન ! સિદ્ધ ! હા ! આપને લાગી ગયું,' એમ કહીને તે પોતાનું દુઃખ બહાર જણાવા લાગી. તેનું મુખ મ્લાન બની ગયું. તે આંખ ઉઘાડીને જોઈ ન શકી. તેમના હોઠ સૂકાઈ ગયા. ને દુઃખી થઈને કહેવા લાગી. સ્વામી ! કહીએ તો આપ માનતા નથી, આપજ ધમાલ મચાવો છો. હવે આપને લાગી ગયું એમાં મારો શો દોષ ?

એવામાં બીજી સ્ત્રીઓ પણ દુઃખ પ્રદર્શિત કરવા લાગી. કોઈ ખંભાને આધારે, તો કોઇ દીવાલને આધારે ટેકવીને ઊભી રહી ગઈ, કોઈ શાબ્દિક તો કોઈ માનસિક દુઃખ દેખાડવા લાગી.

આ દૃશ્ય દેખીને ભરતેશ્વરને હસવું આવ્યું. તેઓ કહેવા લાગ્યા. હા ! કષ્ટ છે. ભરતનું કેવું ભાગ્ય છે, આ વખતે આ શી સ્થિતિ છે ?

આ પ્રકારના વચનોથી તે સ્ત્રીઓનું ચિત્ત જરા ગળવા લાગ્યું. તેઓ હવે વિરસ પ્રસંગને સરસ રૂપ બનાવવા પ્રયત્ન કરવા લાગી. તેઓ હસતી હસતી આગળ આવીને બોલી. ''પ્રાણનાથ !'' આપ જે કહી રહ્યા છો તે પૂર્ણ સત્ય છે. અમે ટેકવીને ઊભા રહ્યા તો શું થયું ? અમારા મુખની કાંતિ શું કાઈ ચાલી ગઈ છે ? આપ આટલી ચિંતા કેમ કરી રહ્યા છો ? અમે જરીકવાર વિનોદ કર્યો. એમાં ચિંતા કરવાની કોઈ વાત નથી, સ્વામી ! અપરાધીઓને દંડ દેનાર રાજા જ જો અપરાધ કરે તો પછી શું કહીએ ! એ પ્રકારે તે સ્ત્રીઓએ હસતાં હસતાં કહ્યું, અને તે ભરતના મનને દરેક રીતે પ્રસન્ન કરવા લાગી.

બસ, હવે વિનોદ કરવો રહેવા દો. તમે બધા થાકી ગયા છો. હવે આપણે બધા ભોજન કરીએ એમ કહીને ચક્રવર્તી ભરતે તે બધાને પોતાની સાથે જ ભોજન કરવા બેસાડી દીધા.

જે મંગલાસન ભરતેશ્વરને માટે પહેલેથી જ રાખવામાં આવ્યું હતું તે ઉપર તેઓ બેસી ગયા. હારબદ્ધ તે સ્ત્રીઓ આમ તેમ બેસી ગઈ. ભૂકાંત ભરતને વચમાં રાખીને તે કાંતામણિ રમણીઓ બેસી ગઈ હતી. તે વખતે ખરેખર એવું જણાતું હતું, જાણે કે લતાઓની મધ્યે મુખ્ય રત્ન જ હોય !

કેટલીક સ્ત્રીઓ તો ભોજન કરવા બેઠી હતી, અને કેટલીક સ્ત્રીઓ ઘણા પ્રેમથી ભોજન પીરસવાની તૈયારી કરવા આમ તેમ ફરતી હતી. રત્ન, સુવર્ણને ચાંદી આદિના બનાવેલાં પાત્રો લઈને જ્યારે સ્ત્રીઓ આમ તેમ જતી હતી ત્યારે વીજળીના ચમકાર જેવો દેખાવ થઈ રહ્યો હતો. જે વખતે ભોજન કરવા ભરતેશ્વર પોતાની સ્ત્રીઓની સાથે ત્યાં બેઠા હતા તે વખતે ત્યાં એક જાનૈયાનું પંક્તિભોજન જેવું દૃશ્ય જણાતું હતું.

પીરસનારી રાણીઓ ઘણી ચતુરાઈથી પીરસતી હતી. એ વખતની શોભા અત્યંત વિચિત્ર હતી. શું ચંદ્રની પંક્તિમાં અમૃતપાન કરવા વારાંગનાઓ તો નહોતી બેઠી ? અથવા દેવામૃત ખાવાવાળી દેવેન્દ્રની પંક્તિમાં દેવાંગનાઓ તો નથીને ? અથવા કામદેવની પંક્તિમાં મોહનદેવી તો નથીને ? એ પ્રકારે જોનારના મનમાં વિવિધ પ્રકારના વિચાર આવતા હતા. પીરસનારી સ્ત્રીઓ પણ એવી જણાતી હતી કે ક્યાંક તેઓ દેવલોકથી જ ઊતરીને તો પીરસતી નથી ને ?

અમૃતાન્ન, ભોજ્યાન્ન, દેવાન્ન, દિવ્યાન્ન ને અમૃતરસાયન એ પ્રકારે પંચામૃતો ક્રમસર તેઓએ પીરસ્યાં. અનેક પ્રકારના શાક, શિખંડ, પૂરણપોળી આદિ ખાસ ભોજન ઘણી સાવધાનીપૂર્વક બધાને પીરસવા લાગી. એ પ્રકારે બીજા પણ અનેક પ્રકારના ખાસ ભોજન તે સ્ત્રીઓ બહુ આનંદપૂર્વક પીરસતી હતી. એવું જણાતું હતું કે જાણે તે દિવસ કોઈ પર્વ જ હોયની ? તે બધી સ્ત્રીઓ પોતાના પતિની પંક્તિમાં બેસીને ભોજન કરે છે અને અમે તેમને પીરસવાના કામમાં રોકાણા છીએ એ પ્રકારે મનમાં જરાપણ મત્સરભાવ તે સ્ત્રીઓમાં નથી. અમારા અને તેમનામાં કોઈ ભેદ નથી. એમ સમજીને તેઓ પીરસવાના કામમાં લાગી હતી. લોકમાં ઘણું કરીને મત્સરભાવ વિશેષ જોવામાં આવે છે પરંતુ તે વિવેકી સ્ત્રીઓમાં આ વાત નથી. આ પ્રકારે ઘણી ભક્તિથી બધા પ્રકારનાં ભોજન પીરસીને તે સ્ત્રીઓએ ચક્રવર્તી ભરતની આરતી ઊતારી અને નમસ્કાર કરી એક બાજુ ઊભી રહી.

ભરત પણ આ સ્ત્રીઓની નવીન ભક્તિ દેખીને જરા હસ્યા. તે વખતે ભરત ભોજન કરવા શુદ્ધિપૂર્વક બિરાજમાન હતા. તે વખતે તિલક, યજ્ઞોપવિત, સોનાનો કંદોરો, ઉત્તરીય ને અંતરીય વસ્ત્ર સિવાય અન્ય કોઈ રાજકીય વિભૂતિ તેના શરીર પર નહોતી. તેઓ હસ્તપ્રક્ષાલન આદિ વિધિથી પરવારીને પર્યંકાસનમાં બેસી ગયા અર્થાત્ જમણા ઘૂંટણને ડાબા ઘૂંટણ ઉપર રાખ્યો, અને તેની ઉપર ડાબા હાથ ઉપર જમણો હાથ રાખીને તેઓ બેસી ગયા. ત્યાર પછી શાંતભાવથી આંખ મીંચીને પોતાના ઉપયોગને લોકના અગ્રભાગમાં લગાડીને તેઓએ શ્રી સિદ્ધ પરમેષ્ઠીને યાદ કર્યા, તથા તેમને પોતાના અંતરમાં ઉતારીને સ્થાપ્યા, તેમને ભાવવંદના કરી અને તેમને યથાસ્થાન બિરાજમાન કરીને પોતાના નેત્ર ખોલ્યા. તેઓ આંખોથી અન્નજલને બરાબર જોઈ રહ્યા હતા અને જ્ઞાનચક્ષુથી પોતાના આત્માના દર્શન કરી રહ્યા હતા.

ત્યારબાદ સોનાના કલશથી પાણી લાવીને મંત્ર જપ કરતા થકા તેઓએ થોડુંક જલ પીધું. અર્થાત્ જમવાનું શરૂ કર્યું. એ વખતે ઘંટ વાગવા લાગ્યો. ભરતેશ્વર દિવ્યામૃતની જેમ, દિવ્ય ખાનપાન હવે જમવા લાગ્યા. ભરતેશ્વર જ્ઞાનાન્ન આત્માને માટે અને ખાનપાન શરીરને માટે એક જ વખતે આપી રહ્યા હતા. જ્ઞાનીઓ સિવાય ભરતેશના હૃદયની વાતને બીજા કોણ જાણી શકે ? ભરત ભોજનના સુખનો અનુભવ શરીરને કરાવતા હતા. અને આત્માને મોક્ષના સુખનો અનુભવ કરાવતા હતા. મોક્ષગામી સિવાય તે દક્ષની હૃદય પરીક્ષા કોણ કરી શકે ? તે મધુર અન્ન સમ્રાટ પોતાના શરીરને ખવડાવતા હતા. ખવડાવતા થકા તેઓ શરીરને કહેતા હતા કે 'દેખો તમને જાડા ને હૃષ્ટપુષ્ટ થવા માટે હું આ ખવડાવતો નથી, તમારે મારા આત્માની બરાબર સેવા કરવી.' સાચો સાચ ભરતના હૃદયનો વિચાર આસન્નભવ્ય જ જાણી શકે છે.

તેઓ જ્યારે તીખા, કડવા, કષાયેલા, ખાટા ને મધુર એ પાંચ રસોનો અનુભવ જીવને કરાવતા ત્યારે આત્માને દર્શન, જ્ઞાન, વીર્ય અને સુખનો પણ અનુભવ કરાવતા. તંદુલાન્ન ખવડાવતા હતા તો બોધપિંડ આપી રહ્યા હતા. ભોજન કરતી વખતે થાળી, કટોરી વગેરેમાં હાથ નાખીને જેવી રીતે ભોજન મોઢામાં જાય છે તેવી જ રીતે તેમનું હૃદય સિદ્ધલોકમાં જતું હતું. જેવી રીતે કોઈ મનુષ્યને ભૂખ તો ન લાગી હોય પરંતુ બંધુઓના આગ્રહથી તે જમતા હોય તેવા પ્રકારની દશા ચક્રવર્તીની થઈ ગઈ હતી. અર્થાત્ તેઓ ઘણા ઉદાસીન ભાવથી જમી રહ્યા હતા. કેમકે અનુપમ પુણ્યોદયવાળા શ્રી ભરતને મોક્ષ સિવાય અન્ય વિષયમાં આનંદ જ આવતો નહોતો. જેવી રીતે કોઈ દુષ્ટ રાજાના રાજ્યમાં જ્યાં સુધી કોઈ સજ્જન રહે ત્યાં સુધી તો તે દુષ્ટ રાજાની વાત સાંભળવી જ પડે છે, તેવી રીતે ચક્રવર્તી ભરત એવો વિચાર કરીને ભોજન કરતા હતા કે જ્યાં સુધી આ દુષ્ટ કર્મજન્ય શરીર સાથે હોઊં ત્યાં સુધી મારે તેની રક્ષા કરવી પડશે. જેવી રીતે ઘરે આવેલા અતિથિનો સત્કાર કરીને વિદાય કર્યા પછી મનુષ્ય પોતાના ઘરમાં સ્વસ્થ બને છે. તેવી રીતે ભરતજી તે શરીરને અતિથિ સમજતા હતા અને તેને જમાડીને તેઓ પોતાના ઘરરૂપ જે આત્મા તેમાં પહોંચીને સુખે રહેતા હતા.

આવી રીતે ભરતજી પોતાનો આત્મ વિચાર કરતા થકા જમતા હતા, તો પણ તેમની રાણીઓ ચૂપચાપ બેઠી હતી. તેઓએ હજી જમવું શરૂ નથી કર્યું. ચક્રવર્તીએ જરા નજર નાંખીને તેમની તરફ જોયું, અને પૂછયું તમે બધા શા માટે બેઠા છો ? જમતા કેમ નથી ? ત્યારે કોઈએ ભરતજીના કાનમાં કંઈક કહ્યું. ભરતે સંમતિ આપ્યાનો ઈશારો કર્યો. તે જ ટાણે એક રાણીએ ભરતની થાળીમાંથી કંઈક પકવાન્ન લઈને બધાને પીરસી દીધું. ત્યારે કાંઈક સંતોષ થયો. તે પતિવ્રતા સ્ત્રીઓને પતિભુક્ત શેષાન્ન ખાવાની પ્રતિજ્ઞા હતી. શું આ પ્રકારની પતિભક્તિ ઘેર ઘેર હોય છે ?

જીવબલ, દેહબલની વૃદ્ધિ માટે ભરતજીએ બત્રીશ કોળિયા જમીને તૃપ્તિ કરી. વળી તે રાણીઓએ પણ હિતમિતમધુર જમણ જમીને તૃપ્તિ કરી. તેઓ સદા સંતોષાન્ન ખાતા. તેથી તેમને ક્ષુધાગ્નિ વિશેષ નહોતી.

ભરત તથા તેમની રાણીઓએ નિર્મલજલથી હાથ ધોઈ લીધા. ભરત કહેવા લાગ્યા કે હવે અમારે જમ્યા પછીની ક્રિયા કરવાની છે. તમે હવે તે પીરસનારી રાણીઓને જમાડો. એમ કહીને તેઓ સ્વયં આંખ મીંચીને બેસી ગયા, અને સિદ્ધમંત્રનું ધ્યાન કરવા લાગ્યા.

રાણીઓએ કહ્યું ‘બહેનો આવોને, તમે બધા થાકી ગયા છો અમે હવે તમને પીરસીશું’ એમ કહીને બાકી રહેલી રાણીઓને ઘણા આનંદથી ભોજન કરાવ્યું.

ભરત ચક્રવર્તી આંખો ઉઘાડી **‘જિનસિદ્ધ શરણ’** એમ ઉચ્ચારીને ત્યાંથી ઊઠયા, અને આરામ લેવા ચંદ્રશીલામાં ગયા, ત્યાં પણ રાણીઓ પહોંચી જઈને પતિસેવા કરવા લાગી. કોઈ પંખા નાખવા લાગી, કોઈ ગુલાબજલ છાંટવા લાગી, કોઈ પગ દાબવા લાગી. એ પ્રકારે અનેક પ્રકારની સેવા કરવા લાગી.

‘‘હે પરમાત્મા ! તમારું રૂપ ઘણું વિચિત્ર છે. લખવામાં નથી આવતું, સુધારવામાં નથી આવતું, મંથન કરવા છતાં પણ નથી મળી શકતું. તમે અભવ છો તેથી મારી ઈચ્છા છે કે મારા હૃદયમાં તમે હમેશાં રહો’’ એ ભરતનો હરહંમેશનો વિચાર છે.

## ૫. રાજસૌધ[1] સંધિ

હે પરમાત્મા ! તમારું રૂપ વિચિત્ર છે. કોઈ કુશળ ચિત્રકાર તમારા ચિત્રને ચીતરવાનું જ ઈચ્છે તો તે ચીતરી નહિ શકે, બગડયા પછી સુધરવાની વાત તો દૂર જ રહી, સમુદ્રને વલોવ્યા પછી જેવી રીતે અનેક પ્રકારના પદાર્થોની પ્રાપ્તિ થઈ હતી એવી લોકોકિત છે તેવી રીતે અથવા દહીંને વલોવીને જેવી રીતે માખણ નીકળે છે તેવી રીતે શું, કોઈ વસ્તુનું મંથન કરવાથી તમે મળી શકો છો ? નહિ. કેમકે તમારે રૂપ નથી. આકાર[2] નથી. કોઈ તમને સ્પર્શી શકતું નથી, દેખી શકતું નથી, તમારામાં કોઈ શબ્દ નથી, માટે કોઈ સાંભળી શકતું નથી, તમારામાં ગંધ નથી માટે કોઈ સુંઘી શકતું નથી. તો પણ હે આત્મા ! હું પ્રાર્થના કરું છું કે મારા હૃદયમાં તમે એવા જ અંકિત રહો કે જેવી રીતે કોઈએ તમારા ચિત્તને ચીતરી છાનું રાખ્યું હોય.

હે સિદ્ધાત્મા ! તમારો મહિમા અપાર છે. અનંતા અમૃત સંપત્તિઓ ધારવા છતાં પણ લોકને એક અકિંચનની સમાન (તૃણ જેવું) દેખો છો. આભરણ નહિ હોવા છતાં પણ અત્યંત સુંદર છો. તમારી વાતો કૃત્રિમ નથી, સ્વાભાવિક છે, કેમ કે તમે યથાર્થપદ પામી ચૂકયા છો. ભકતજન પોતાના વિચારોના વિકારથી કોઈને કોઈ સમજે એ જુદી વાત છે. હે ભવ્યેશ્વર ! મને તમારા સાચા રૂપના દર્શનનું સામર્થ્ય આપો. તેવી સદ્‌બુદ્ધિ મારી અંદર ઉત્પન્ન થાય. ભગવાન ! મારી આશાને પૂર્ણ કરો.

એક દિવસની વાત છે. ભરતેશ પ્રાતઃકાલની નિત્ય ક્રિયાઓથી નિવૃત્ત થઈને પોતાના ઉપરના મહેલમાં નવરત્નમય મંડપમાં જઈને બિરાજે છે. સોનાના મહેલમાં સ્થિત નવરત્નમય મંડપમાં લાલ કમલની જેવા સિંહાસન પર બેઠેલા રાજેન્દ્ર, દેવેન્દ્રની જેવા લાગતા. પાછળ ઝાલરવાળાં સુંવાળા તકિયા, ચારે બાજુ શીતળ હવા નાખનારી દેવદાસીઓ તથા સમ્રાટના દેહ ઉપર સ્થિત દિવ્યવસ્ત્ર સાચેસાચ અદ્‌ભુત શોભા આપી રહ્યા હતા. એટલું જ કેમ ? શરીરની કાંતિ, આભરણની કાંતિ, મંડપની કાંતિ આદિ પ્રસરી જવાથી જનપતિ ભરત તે વખતે દિનપતિના ઉદયકાલમાં સાક્ષાત્ દિનપતિ (સૂર્ય) જ ભાસતા હતા.

એવામાં અંતઃસભાને યોગ્ય બધી સામગ્રી ત્યાં એકઠી થવા લાગી, અનેક મંગલદ્રવ્યોને લઈને દાસીઓ સેવામાં હાજર થઈ. વીણા, કિન્નરી વેણુ આદિ વાદ્યોને લઈને ગાનારી સ્ત્રીઓ આવી અને ભરતેશ્વરને બહુ વિનયપૂર્વક નમસ્કાર કરવા લાગી.

હાથમાં સોટી રાખનારી વ્યવસ્થાપક સ્ત્રીઓ ''આઘા ખસો, માર્ગ કરો, આમને બોલાવો, એમને બોલાવો'' આદિ શબ્દો ઉચ્ચારતી પોતપોતાની સેવા કરતી હતી. ભરતેશની રાણીઓને કાવ્યનું અધ્યયન જેણે કરાવ્યું હતું તે પંડિતા નામની દાસી પણ ત્યાં આવીને હાજર થઈ. રાજેન્દ્રને પ્રણામ કરી, પોતાના સ્થાને બેસી ગઈ.

---

૧. રાજસૌધ : મહેલ, પ્રાસાદ, ભવન

૨. આકાર : આકાર વગરની કોઈપણ વસ્તુ ન હોય, જે કોઈ વસ્તુ હોય. તેને આકાર અવશ્ય હોય. પણ પરમાત્મા પુદ્‌ગલનો આકાર નથી માટે આકાર રહીત કહ્યાં છે. અથવા જે અપેક્ષાએ ઘટે એ અપેક્ષાએ ઘટાડવું.

આ રીતે બધી રાણીઓ શણગાર સજીને દર્શનાર્થે પોતાના હાથમાં ઉત્તમોત્તમ ભેટોને લઈને તે મહેલ પર ચઢતી હતી. એવી જણાતી હતી કે જાણે કામદેવના દર્શનાર્થે તેમની સ્ત્રીઓ મેરુપર્વત ઉપર ચઢી રહી હોય.

'બહેન ! જોઈને ચાલો, સાવધાનીથી આવો, જરા અમારા હાથને તો પકડો, આ પ્રકારે મને છોડીને કેમ દોડો છો ? ગભરાઓ નહિ, આવો, આવો બહેન.'' એ પ્રકારે પરસ્પર અનેક પ્રકારની વાર્તાલાપ કરતી તેઓ તે મહેલ ઉપર ચડી રહી હતી.

'તમે આગળ કેમ ભાગી રહ્યા છો ! ભાગો ! ભાગો ! રાજા પ્રસન્ન થઈને તમને અવશ્ય કંઈને કંઈ આપશે. જલદી જાઓ.' એ પ્રકારે કોઈ આગળ જનારી રાણીને કહેતી ત્યારે તે લજ્જા પામીને 'સારું બહેન ! જેના પગથી ચલાતું નથી તેઓ ગમે તે બોલી શકે છે આપની ઈચ્છામાં આવે તેમ બોલો.' એમ કહેતી કહેતી જતી રહેતી.

કોઈ રાણી કહેતી હતી 'જરા જલદી ચાલો, બહેન ! આટલા ધીમે કેમ ચાલો છો.' એવામાં તેની હાંસી કરવાની દૃષ્ટિથી બીજી રાણીઓ કહેવા લાગી કે જુઓ આને કેટલું જલદી જવું છે ! કોણ જાણે પતિના મુખના દર્શન કર્યાને કેટલા દિવસ થઈ ગયા હશે ! તેથી જલદી દોડે છે. ત્યારે તે લજ્જિત થઈને બોલી 'સારું', તમોને હિતની વાત કરી તે ભૂલ કરી હવે હું મૌન રહીશ.' એમ કહીને ચાલતી હતી.

એક રાણી સગર્ભા હતી તેને જોઈને બીજી રાણીઓ કહેવા લાગી કે 'બહેન ! આ ઉપર ચડી નથી શકતી. પોતે ચડે છે ને પેટમાં એક વજન લઈને ચડે છે. તેથી કેટલું કષ્ટ થતું હશે ? શું ભરતેશ્વરને દયા નથી ? આને કેમ બોલાવી છે ? જરા હાથનો ટેકો દેજો બહેન !' ત્યારે તે સ્ત્રી કહેવા લાગી કે 'બસ, રહેવા દો તમારી વાત ! હું તમારાથી આગળ જઈ શકું છું પરંતુ આગળ જવાથી તમે એમ કહો છો કે આને પતિને જોવાની ગડમથલ છે, તેથી હું પાછળ ધીમે ધીમે આવી રહી છું.'

આ રીતે બહુ બહુ પ્રકારે વિનોદ કરતી થકી તે રાણીઓ મહેલ ઉપર ચડે છે. તેમાં એક રાણી બોલ્યા વિના ચડતી હતી. તેને જોઈને બીજી કહેવા લાગી, 'જુઓ ! આ મૌન ધારણ કરીને જાય છે. લાગે છે કે આ મનમાં પતિનું ધ્યાન કરતી થકી જઈ રહી છે. એના મનમાં શું છે, તે સમજાતું નથી. બહેન ! તમને આવું ધ્યાન કોણે શીખવ્યું છે ?'

તે રાણી કહેવા લાગી, 'બહેનો ! ધ્યાન, ગાન તો તમે ને તમારા પતિ જાણે. અમારી જેવા તેને શું સમજે. હા ! તમારા લોકોનો વાર્તાલાપ સાંભળતી થકી ને મનમાં પ્રસન્ન થતી થકી હું બોલ્યા વિના આવી રહી છું કોઈ બીજી વાત નથી.'

'પાછળ રહે, આગળ જાય, બોલે કે મૌન રહે, પ્રત્યેક અવસ્થામાં તમે બધા કાંઈ ને કાંઈ કલ્પના કરો છો. તમને જીતવા માં પતિદેવ જ સમર્થ છે. હવે રહેવા ઘો વિનોદ, સભાભવન પાસે આવી ગયું છે. હવે ઘણી ગંભીરતાથી આવો. આપણી વાત ત્યાં સાંભળવામાં આવશે, તેથી ઘણા સાવધાન ચિત્તથી ચાલો.'

આવી રીતે અનેક અનેક પ્રકારે વિનોદ કરતી થકી તે રાણીઓ મહેલ ઉપર ચઢી ગઈ. હવે સભાભવન તદન નજીક છે.

રાણીઓ આનંદપૂર્વક મહેલ ઉપર આવે છે. એ સમાચાર રાજાને વ્યવસ્થાપક દાસીઓ મારફત પહેલેથી મળી ગયા.

બધી રાણીઓ તે સભાભવનમાં પ્રવેશીને હારબંધ ઊભી રહી, પછી એક એક રાણી ભેટ સમર્પવા લાગી. એક રાણી નિંબફલને ભરતના ચરણમાં સમર્પી છૂટી પડીને સુવર્ણબિંબની જેમ ઊભી રહી. બીજી નીલાંગી નીલકમલને સમર્પીને છૂટી પડીને ઈંદ્ર નીલમણિના બિંબની જેમ ઊભી રહી. એક રાણી લાલ કમલને સમર્પીને ભરતની ડાબી બાજુએ માણિકની પૂતળી જેમ ઊભી રહી. એક રાણી ચંપાના ફૂલને અર્પીને સ્ત્રીઓની વચ્ચે ઊભી રહી. એક કૃષ્ણ વર્ણની રાણી પોતાના હસ્ત કૌશલ્યથી રચિત પુષ્પમાલા લાવી ભરતને ભેટ દેવા લાગી-જાણે કે રતિદેવી જ કામદેવને ભેટ દઈ રહી હોય ! જેવી રીતે રતિદેવી કામદેવને પુષ્પનું ખડ્ગ અથવા બાણ ભેટ આપે છે તેવી રીતે કોઈ રાણી શ્રી ભરતને કેવડાનું ફૂલ લાવીને સમર્પવા લાગી. એક તારુણ્યભૂષિત રાણી પહાડી કમલને ભરતના ચરણમાં રાખીને એક કોર જઈને ઘણા વૈભવથી ઊભી રહી. એક રાણી લજ્જા પામીને સામે જ આવતી નહોતી, બધાની પાછળ પાછળ રહી હતી. તેનો બીજી રાણીએ હાથ પકડીને તેના હાથથી ભેટ દેવરાવી, એક રાણી ડરી ડરીને આવી, ને જે વખતે ભેટ સમર્પવા લાગી તે વખતે તેના હાથનું જયા પુષ્પ અચાનક નીચે પડી ગયું, ત્યારે ઘણી લજ્જિત થઈ. બીજી રાણીઓ તે વખતે હસીને કહેવા લાગી કે આ ભેટ નથી આ તો પુષ્પાંજલિ છે. એક મુગ્ધા રાણી લજ્જાયુક્ત થઈને આવી. મલ્લિકા પુષ્પનું હાથમાંથી સરકીને પડી ગયું ત્યારે તે વિશેષ લજ્જિત થઈ. ભરત કહેવા લાગ્યા કે આટલી બધી લજ્જા પામવાનું શું કારણ છે ? પુષ્પ પડી ગયું તો શું થયું ? અમારી ઉપર જ પડી ગયું છે ને ? તમારે લજ્જિત ન થવું જોઈએ.

એક રાણીએ પાદરી પુષ્પને લાવીને ભરતના ચરણમાં મૂક્યું. જ્યારે ચક્રવર્તીએ પગથી તેને જરા ઠેલ્યું ત્યારે પંડિતા કહેવા લાગી કે રાજા ! આપે સારું કર્યું. શું પરદાર સોદર (સહોદર) ભરતની પાસે પાદરી આવી શકે ? આપના પગથી લાત મારી તે ઘણું જ સારું કર્યું. આથી મહારાજને જરાક હસવું આવી ગયું. રાજા ! તમારી સ્ત્રીઓ અત્યધિક શીલવતી છે. તેની સમીપે જો પાદરી આવ્યું તો તેને પકડીને તમારી પાસે લાવી અને તમે તેને લાત મારી દંડ દીધો તે વ્યાજબી જ કર્યું.

એવામાં બીજી રાણી આવી અને આમ્રફૂલને સમર્પીને એક બાજુ ઊભી રહી ગઈ. એક રાણી કે જેણે મોતીનો હાર પહેર્યો હતો તે પોતાની ભેટ સમર્પવા લાગી. એક રાણી પોતાના હાથમાં માણિક્ય રત્નને લાવીને ભરતના હાથમાં આપતી થકી નમસ્કાર કરવા લાગી. બીજી રાણી મોતીનો એક હાર બહુ ભક્તિપૂર્વક ભરતના હાથમાં મૂકીને નમસ્કાર કરવા લાગી.

એવામાં પંડિતા વિનોદથી કહેવા લાગી કે રાજા ! લોકમાં મુખથી મુખને સ્પર્શીને ચુંબન કરવાની પદ્ધતિ તો છે પરંતુ આ આશ્ચર્યની વાત છે કે અહી બન્ને હાથ પરસ્પર ચુંબે છે.

એ પ્રકારે અનેક રાણીઓએ ચાંદીના ફૂલ, સોનાના ફૂલ વગેરે અર્પ્યા અને પોતપોતાના સ્થાને ઊભી રહી ગઈ. પંક્તિબધ્ધ સ્થિત તે રાણીઓ તે વખતે દેવાંગનાઓ જેવી જણાતી હતી.

મહારાજ ભરતે બધા ઉપર એકવાર નજર નાખી અને થોડીવાર પછી ઈશારાથી બધાને બેસવા કહ્યું. પતિની આજ્ઞા મળવાથી ત્યાં બધી સ્ત્રીઓ મૃદુ ગાદી ઉપર બેસી ગઈ. પાસે જ પંડિતા બેસી ગઈ. જે ગાનારીઓ આવી હતી તેમને પણ બેસવા ઈસારો કર્યો તેથી તેઓ પણ પોતાના સ્થાનપર બેસી ગઈ.

તે વખતે ત્યાંનો દેખાવ કામદેવના દરબાર જેવો લાગતો હતો. ભરત સિવાય ત્યાં કોઈ પુરુષ ન હતો. ચામર ઢાળનારી તે તરુણીઓની વચ્ચે ભરત અત્યંત સુંદર જણાઈ રહ્યા હતા.

કમલ રસને ખેંચી લેનાર ભ્રમરા જેવી રીતે તેમાં મગ્ન થઈ ગૂંજે છે તેવી રીતે ગાયનકલામાં પ્રવીણ ગાનારીઓ મગ્ન થઈને ગાવા લાગી. તેમની દૃષ્ટિ તો રાજા તરફ, સ્મરણ રાગ તરફ તથા હાથ વીણાના તાર પર હતાં તેમાં એકાગ્ર થઈને તેઓ ગાતી હતી. પ્રાતઃ કાલમાં ઘણા પક્ષી સૂર્યની સામે જેવી રીતે મધુર ધ્વનિ કરે છે તેવી રીતે રાજા ભરતની સામે તે દાસીઓ ગાતી હતી. સૌથી પહેલાં તે લોકોએ ઉદય રાગ એટલો સરસ ગાયો કે જો તે વખતે દેવેન્દ્ર પણ ત્યાંથી નીકળે તો ગાયન સાંભળવા તે ત્યાં જ અટકી જાય. એમ જણાતું હતું કે, તે વખતે એક વાર તેઓ ગાયન સમુદ્રમાં પ્રવેશીને ફરી તેમાં ડૂબકી મારીને આવી હોય.

તેઓ તે સ્વર નાભિમાંથી ઉઠાવતી હતી. વળી તેને હૃદયદેશમાં લાવીને ફેલાવતી હતી, પછી સુંદર કંઠમા ધ્વનિત કરીને બહાર કાઢતી હતી, તે ગાયન સાચેસાચ શ્રી દેવીના મંગલગાન જેવું લાગતું હતું. તે ગાનારીઓએ ઉદયરાગ ગાઈને વળી દેવગાંધારી, ભૂપાળી, ધનાક્ષરી, વેરાવળી, સૌરાષ્ટ્ર આદિ શુદ્ધ રાગોનો આશ્રય કરીને ગાયું.

તેઓ તે ગાયનની સાથે હાવભાવ, વિલાસ, વિભ્રમ આદિ અનેક ક્રિયાઓ પણ કરતી હતી, તે વખતે સાંભળનારી રાજસભાની બધી સ્ત્રીઓ મસ્તક ડોલાવતી હતી.

જે વખતે વીણાના તારને તેઓ આંગળીથી તાડિત કરતી હતી તે વખતે ભરતેશ્વર મનમાં વિચારકરી રહ્યા હતા કે આ કુશલ ગાયિકા આ સંસારને નિરસ જાણીને તેને ઉઘાડો કરવા જ આ ક્રિયા કરે છે. જ્યારે તેઓ સ્વરમંડલથી ગાતી હતી ત્યારે જો સૂરમંડલ પણ સાંભળે તો મુગ્ધ થઈ જાય, તો પરમંડલને જીતવામાં સમર્થ ભરતેશ્વર તેના પર કેમ સંતુષ્ટ ન થાય ? એટલું જ નહિ તે ગાયન કર્મરૂપી અરિમંડળને જીતવા સમર્થ હતું.

સાંભળનાર કહેતા હતા કે એમની આગળ કિન્નરી, વિદ્યાધરી કે અપ્સરાઓ શા હિસાબમાં ? તેઓએ ભિન્ન ને અભિન્ન ભક્તિયુક્ત કિન્નરી વાદ્યથી પણ સભાને મુગ્ધ કરી દીધી હતી. ભલા, એમાં આશ્ચર્ય પણ શું છે ? તે ગાનારીઓ સામાન્ય તો નહોતી. ભરત ચક્રવર્તીને ત્યાં ગાયનનો અભ્યાસ કર્યો હતો, એથી શ્રોતાઓને અત્યંત મોહિત કરવાની તેમાં કઈ વાતની ખામી હોય ?

સૌથી પહેલાં અરહંત ભગવાનનું સ્મરણ કર્યા પછી સિદ્ધ પરમેષ્ઠી અને મુનિઓનું બહુ ભક્તિપૂર્વક સ્મરણ કર્યું, ત્યાર પછી ભોગ ને યોગના વિચારનું મિશ્રિત કરીને તેઓ ગાવા લાગી.

કેમકે તેઓ સારી રીતે જાણતી હતી કે ભરતેશ્વરના મનમાં શું રમી રહ્યું છે ? તે ચક્રવર્તી ભોગ તથા યોગને હૃદયથી પસંદ કરતા હતા. તેમને પ્રસન્ન કરવાની દૃષ્ટિથી તેઓએ ભોગ ને યોગના વિચારને નીચે પ્રમાણે ગાઈ બતાવ્યો.

સુખનો અનુભવ કરવો શું સરલ છે ? તેને માટે ઘણી ભારે કુશલતા જોઈએ. ઈહલોક ને પરલોકની ચિંતા રાખવાવાળા ચતુર હોય. ઉપસ્થિત બધી પરિસ્થિતિઓને જાણવી જોઈએ. પોતાને પણ જાણવા જોઈએ એ કુશળતા છે.

આત્મજ્ઞાનીને ત્રણ નેત્ર હોય છે. અથવા જેને ત્રણ નેત્ર છે તે આ લોકમાં વિજયી બને છે. બે આંખોથી તો તેઓ લોકને દેખે છે. પરંતુ આત્મા તે આંખોથી નથી દેખી શકાતો. તેને માટે ત્રીજી જ્ઞાનરૂપી નેત્રની આવશ્યકતા છે. તે જ્ઞાનરૂપી નેત્રથી તેઓ આત્માને દેખે છે. તેથી ત્રિનેત્રીને જ સુખની સિદ્ધિ થાય છે, બધાને નહિ.

તે વિવેકી તરુણીઓની વચ્ચે રહે છે અથવા આત્મરતિરૂપી ક્ષીર સમુદ્રમાં પણ રહે છે. અનેક વિષયવાસનાની વચ્ચે રહેવા છતાં પણ આત્માનુભવની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવો જોઈએ. ઉદ્યમી પુરુષપુંગવોને જ સુખની સિદ્ધિ થઈ શકે છે. ભલા, આળસુ લોકોને તે કેમ મળે ?

એકવાર તો તે નરેન્દ્ર ઉત્તમ સ્ત્રીઓ સાથે વાર્તાલાપ કરે છે તો બીજીવાર સરસ્વતી (શાસ્ત્ર) સાથે વાર્તાલાપ કરે છે. પરસતીઓ પ્રતિ મૌન ધારણ કરીને મુક્તિરૂપી સતી પ્રતિ ધ્યાન રાખે છે. આ પ્રકારે તે વિવેકી ચતુર્મુખ રહે છે.

જે કમલનયનીઓનું ચિત્ત અથવા પોતાના ચિત્તનું અંતર સમજવા સમર્થ છે તેને આત્મસિદ્ધિ છે. તેને અહં કહે છે. જેમાં આ પ્રકારની શક્તિ છે તે શ્રીમંત છે, તે પ્રભુ છે. એવા શ્રીમંતોને જ સુખની સિદ્ધિ થાય છે. દીનને નહિ.

જે લોક શરીર સંબંધી સુખમાં પાગલ (મુગ્ધ) બનીને આત્મસુખનો સ્વાદ લેતો નથી, અને ઈન્દ્રિયોના સુખને જ ભોગવે છે, ખરેખર તેઓ ભારે મોટી ભૂલ કરે છે તેની દશા બરાબર તેના જેવી છે કે, જેવી રીતે કોઈ ગાંડો ફોતરાંને બચાવે ને કણને ફેંકી દે. આ અજ્ઞાની પણ સારરૂપ આત્મસુખ છોડીને અસાર ઈન્દ્રિય સુખને ગ્રહણ કરે છે.

લોકમાં અસમર્થ મનુષ્ય ગુણોની[૧] પ્રાપ્તિ માટે ઘણો પ્રયત્ન કરે છે. મારે અમુક ગુણ જોઈએ, ધન જોઈએ, શક્તિ જોઈએ. એ પ્રકારે રાતદિવસ લોકો ખટપટ કરે છે, એમાંને એમાં જ લાગ્યા રહે છે, પરંતુ તેને તે પદાર્થ મળતો નથી. પણ આત્મયોગ ધારવાવાળા યોગીઓ આગળથી તે ગુણો હડસેલવામાં આવતા છતાં પણ નથી જતા. પ્રત્યુત તે મહાગુણો તે વ્યક્તિના શરણમાં સ્વયમેવ આશ્રય લેવા આવે છે. જેના હાથમાં પારસ અથવા ચિંતામણિ રત્ન છે તેને સંપત્તિઓ પ્રાપ્ત કરવામાં શું મુશ્કેલી પડશે ? એ પ્રકારે જેના હાથમાં આત્માનુભવરૂપી રત્ન આવી ગયું તેને એવો કયો પદાર્થ છે કે જે નહિ મળે ? ત્રણે લોક તેને હસ્તગત હોય.

---

૧ ગુણ : વિશેષતા, કલા, વિદ્યા, નિપૂણતા, સિદ્ધિ

જેણે આત્માનુભવ પ્રાપ્ત કર્યો છે તેને ભવોભવ ભોગ પ્રાપ્ત થશે. ત્રણભવ, ચારભવ, દશભવ અથવા જ્યાં સુધી તે સંસારમાં રહેશે ત્યાં સુધી તે બહુ સુખપૂર્વક રહેશે. ત્યાર પછી તે ભવનો નાશ કરીને કૈવલ્ય સુખને પ્રાપ્ત કરશે. આ આત્માનુભવની બરાબરી કરે એવું ભાગ્ય શું બીજું કોઈ છે ? નહિ. તે બધાથી અધિક ભાગ્યશાળી છે. તે આત્મવિનોદી જો સ્વર્ગલોકમાં જઈને જન્મ લે છે તો દેવોને પણ આશ્ચર્ય ઉત્પન્ન કરવાવાળા સૌંદયને પામે છે. જો ભૂલોકમાં આવી જન્મ લે છે તો તે કામદેવ સદૃશ સુંદરરૂપ પામીને જન્મે છે.

પોતે તે કાંઈ નથી ચાહતા પરંતુ સૌભાગ્યાદિક તો અહમહમિકારૂપ (હું પેહેલો, હું પહેલો એ ભાવથી) તેનો આશ્રય પામવા સ્વયં આવે છે. તે સૌભાગ્યની પણ ઈચ્છા નથી કરતો, તેથી તે આવે છે. આત્મરસિકના મનમાં લોકની ચિંતા નથી રહેતી, તો પણ બધા જનો તેની ચિંતા કરે છે. લોકપ્રતિ તેનો ઉપયોગ જતો નથી પરંતુ આશ્ચર્ય છે કે લોકના વિચારમાં તેનું ધ્યાન રહે છે.

જે આત્મવિવેકી છે તે પોતાની સમક્ષ આવતી ગમે તે સ્ત્રીના હૃદયની વાત તત્કાલ સમજી જાય છે. જે સ્ત્રીઓ, પુરુષોને ફસાવવામાં પ્રવીણ છે તેમને જીતીને તે તેમને પોતાની પાછળ પાછળ ફેરવે છે. પરંતુ તેની તરફ ઉપેક્ષા જ રહે છે. તેમના જરીક મંદ હાસ્ય કરવા માત્રથી તે સ્ત્રીઓના હૃદયમાં અપાર આનંદ ઉત્પન્ન થાય છે. પરંતુ તે સ્ત્રીઓને એ સમજ નથી કે આત્મરસિકના ઈન્દ્રિય અને આત્મા ભિન્ન ભિન્ન છે. તે ઈન્દ્રિયથી હસે છે, આત્માથી નહિ. તેના આત્માને બહારની વાતો શિખવાડનાર કોણ છે ? ક્યારેક ક્યારેક તે આત્મજ્ઞાની મુગ્ધા સ્ત્રીને મોહનકલા શિખવાડીને તેને વિદગ્ધા (ચતુર) બનાવે છે. ક્યારેક ક્યારેક તે ચતુર સ્ત્રીને પણ પોતાના વચનચાતુર્યથી મુગ્ધા બનાવે છે. કોઈ વખતે તે મૌન રહે છે. તે સ્ત્રીઓની સાથે વિશેષપણે સરસ હાસ્ય આદિ કરવા ઉદ્યત નથી થતા. કદાચિત કોઈ વખત તેમ કરે તો તેમાં નીરસતા પણ આવવા નથી દેતા. તે હાસ્યાલાપથી સ્ત્રીઓને પોતાને વશ કરી લે છે. આટલું બધું હોવા છતાં પણ પોતાની આત્મપરિણતિમાં તે પ્રમાદ નથી કરતા. તેમાં ઘણા સાવધ રહે છે. તે તેની વિશેષતા છે.

તે કોઈ ઉપર ક્રોધ કરતા નથી, તેને ક્રોધ કરતાં જ આવડતો નથી. તેને તેવી ઈચ્છા કયારે ય થતી નથી. જો તેને જરા ક્રોધ આવી ગયો તો પણ તે ક્રોધને ભૂલી જાય છે, અને જ્ઞાન પ્રાપ્ત કરી લે છે. જેવી રીતે તપાવેલું પાણી જલદી ઠરી જાય છે તેવી રીતે તેને ક્યારેક થોડો કષાય આવી જાય તો તે જલદી શાંત થઈ જાય છે.

તે સ્ત્રીઓની સાથે પ્રેમ વ્યવહાર કરે તો નખહતિ, દંતહતિ આદિ કરીને તેને વિશેષ આસકત થતા નથી. કદાચિત્ કરે તો બીજાઓને તે તેની કૃતિ છે કે નહિ તે પણ જણાતું નથી. સ્ત્રીઓની સાથે તે પ્રણયકલહ ક્યારે ય નથી કરતા. જો કદી કરે તો તરત જ તે પલટાવીને ગંભીરતામાં નિમગ્ન રહે છે, એ નિષ્પાપ ભોગીઓનું લક્ષણ છે.

પોતે જ પોતાના ગૌરવ, ગંભીરતા આદિ ગુણોનું પૂર્ણ ધ્યાન રાખીને તે આત્મવિવેકી વ્યવહાર કરે છે. તેની સ્ત્રીઓ પણ તેની જેમ આચરણ કરે છે. તેની લીલા બરાબર તેની જેવી જ છે કે જેવી રીતે હાથી જંગલમાં હાથણીઓની વચ્ચે રહીને ક્રીડા કરે છે. જો કોઈ એક સ્ત્રી પ્રતિ તેનો વિશેષ પ્રેમ

હોય તો પણ તે તેને કોઈની પાસે ખુલ્લો કરતા નથી. એક પુરુષ એક પત્નિ સાથે જેવી રીતે રહે તેવી રીતે તે અનેક સ્ત્રીઓની સાથે સમદૃષ્ટિથી રહે છે. સ્ત્રીઓને આકર્ષક છે. તેના તરફ પ્રીતિ પણ કરે છે. તેમની ઈચ્છાની નિત્યપૂર્તિ પણ કરે છે, તેમને આનંદ પમાડે છે, તેમને હરેક પ્રકારની નીતિ, રીતિ શિખવાડે છે, અને વચ્ચે વચ્ચે પોતે અનુભવ કરે છે.

તે આત્મજ્ઞાની ઘણી જાળોમાં ફસાયેલા છે એમ બહારથી જોનારને લાગે છે, પરંતુ યથાર્થમાં તે શેમાંય ફસાયેલા નથી. તે કામ સેવનમાં મદોન્મત્ત થઈ ગયા હોય એવું તો લાગે છે, પરંતુ તે કદી પણ તેવા બનતા નથી. ઠગોની જેવું તેનું આચરણ લેખાય છે. પરંતુ ખરેખર તેમાં છલ નથી હોતું. જેણે પોતાના આત્માનો અનુભવ કર્યો છે તેની તે લીલા છે. અંતરમાં એક પ્રકારે અને બાહ્યમાં અન્યરૂપે રહેવા છતાં પણ આત્મ કલ્યાણના સાધક હોવાથી તે માયાચાર નથી.

ક્યારેક તો તેઓ કિલ્લા સમાન બને છે અને ક્યારે તે ગામની સમાન બને છે, ક્યારેક તે ફૂલના બગીચાની સમાન રહે છે. જે વખતે તે સ્ત્રીઓને સંસર્ગસુખનો અનુભવ કરાવે છે, તે વખતે તેને તેવું લાગે છે કે જાણે સ્વર્ગ જ પુરુષના રૂપમાં આવ્યું હોય. જેવી રીતે કોઈ તરુણ મનુષ્ય બચ્ચાંઓની સાથે અનેક પ્રકારનો સરસ વાર્તાલાપ વિનોદ આદિ કરે છે. પરંતુ તે થોડા વખત માટે જ કરે છે. તેવી રીતે આ આત્મજ્ઞાની તે સ્ત્રીઓ સાથે વિનોદ પરિહાસ આદિ કરે છે, તો પણ તેના મનમાં જુદો જ વિચાર વર્તે છે. તે પોતે પોતાને ભૂલતા નથી.

જેવી રીતે નગરવાસી ચતુર જનો ગામડિયાની સાથે અનેક પ્રકારે વિનોદ કરતાં કરતાં ક્યાંક જાય છે, તેવી રીતે મોક્ષ જવાવાળા આ પથિકના માર્ગમાં આ અનેક પ્રકારની મોહલીલા છે.

બહારથી જે લોકો તેનો વ્યવહાર દેખે છે તેને જણાય છે કે આ નીતિમાર્ગ નથી. એ માર્ગભ્રષ્ટ બન્યો છે, પરંતુ વસ્તુત્તઃ તે સન્માર્ગમાં જ રહે છે. આત્મજ્ઞાનીની ગતિ ઘણી વિચિત્ર છે. તેના મનની વાત કોણ જાણી શકે ? તેના હૃદયને જિનેન્દ્ર ભગવાન જ જાણવા સમર્થ છે. મોટામોટા સાંઢ, હાથી આદિ જે માર્ગે જાય છે ત્યાં તેના પગના ચિહ્નો દરેક જાણી શકે છે, પરંતુ હવાના ય પાદ (ચિહ્ન) ને કોઈ ઓળખી શકે છે ? નહિ. આ પ્રકારે સામાન્ય મનુષ્યોની ચિત્ત પ્રવૃત્તિ જાણી શકવા છતાં પણ તત્ત્વશીલ વિવેકીના હૃદયને જાણવું તે સાધારણ વાત નથી.

તે ગાનારીઓ કહેવા લાગી કે આ અમારા ભરત ચક્રવર્તીની દિનચર્યા છે. આ વાત બીજે નહિ જોવામાં આવે. ભરતમાં પણ આ પ્રકારની પ્રવૃત્તિની પ્રાપ્તિ કેવી રીતે થઈ છે ? તેઓએ પૂર્વ જન્મમાં જે અંતઃકરણપૂર્વક આત્મભાવના કરી તેનું આ ફળ છે, તેથી તેઓ આજે આદર્શ મહાપુરુષ કહેવાય છે.

ઉપયુક્ત વિષયને સાંભળીને તેમને ઘણો હર્ષ થયો. તેઓએ તે વખતે તેને પાસે બોલાવીને અનેક પ્રકારના દિવ્ય વસ્ત્ર, આભરણ આદિ આપીને તેનો સત્કાર કર્યો.

સમ્રાટે કહ્યું 'તમે બધાએ ઘણું સરસ ગાયું.' આ વચનો સાંભળીને સમ્રાટના ચરણકમલને બહુ ભક્તિપૂર્વક નમસ્કાર કરી તેઓ પોતપોતાના સ્થાને બેસી ગઈ.

ચારે તરફથી કમલો દ્વારા ઘેરાયેલા તથા કમલોની વચ્ચે બેઠેલા બ્રહ્મા જેવી રીતે શોભે છે તેવી રીતે ભરત તે વખતે તે સ્ત્રીઓની સભામાં બેઠા બેઠા શોભી રહ્યા છે.

સમ્રાટ ભરતને આ પ્રકારનો વૈભવ કેમ પ્રાપ્ત થયો છે ? તેઓ આ પ્રકારની ભાવનામાં રત રહેતા હતા કે ''હે આત્મા ! સંસારના ભયથી જો કોઈ પણ પ્રાણી તમારી પાસે શરણાગત થઈને આવે તો તેની રક્ષા કરવામાં તમે વજ્રના પિંજરા સમાન છો. જેથી તેનો કોઈ નાશ કરી શકતું નથી. તમે સ્વાભાવિક આભૂષણોથી યુક્ત છો તેથી સહજ સુંદર છો. અનંતસુખ તમારામાં છે. તમે ઉજ્જવલ જ્ઞાનજ્યોતિને ધારી રહ્યા છો તેથી મારી રક્ષા કરવામાં સર્વથા સમર્થ છો. મારી રક્ષા કરો. મારા હૃદયમાં રહો. આત્મા ! સાચેસાચ તમે સંસારનો નાશ કરનાર છો. મને પણ સિદ્ધિની સન્મુખ લઈ જાઓ.''

આ પ્રકારે સતત ભાવનાના કારણે સમ્રાટ ભરતે અસાધારણ વૈભવને પ્રાપ્ત કર્યો.

## ૬. રાજલાવણ્ય સંધિ

**જ્યા**રે ભરત અંતઃદરબારમાં ઘણા વૈભવપૂર્વક બિરાજમાન હતા ત્યારે એક ગાનારીએ પંડિતાના કાનમાં કાંઈક કહ્યું. તે પંડિતા એકદમ ઊઠી અને સમ્રાટને હાથ જોડીને કહેવા લાગી કે સ્વામી ! મારે આપને એક પ્રાર્થના કરવી છે. આશા છે કે આપ આજ્ઞા આપશો.

'સારું ! કહો !' ભરતે કહ્યું.

'આપની સેવામાં હું એક નવીન કાવ્યને ઉપસ્થિત કરવા ચાહું છું. કૃપા કરીને આપ તેને સાંભળવા જરાક તસ્દી લેશો.' પંડિતાએ કહ્યું.

ત્યારે વિચારકુશલ સમ્રાટ ભરતે કહ્યું 'કે તે કાવ્ય કોણે રચ્યું છે ? તેમાં શેનું વર્ણન છે ? તે નવીન કૃતિનો સંશોધક કોણ છે ?'

'બીજાએ તે કાવ્યની રચના કરી નથી. અને તેમાં બીજાઓનું વર્ણન જ નથી, તેનું સંશોધન કરનાર બીજું પાત્ર નથી.'

'હે રાજા ! તે રચના આપના મહેલમાં જ રચાઈ છે. અને તેમાં આપનું જ વર્ણન છે. તેનું આપનાથી જ સંશોધન થાય એવી દાસીની પ્રાર્થના છે.'

'મહેલમાં જે નવીન રૂપે રચના રચવામાં આવી છે તેના કરનાર કોણ છે ? રચના કરનારાઓનાં નામ તો બતાવો.' એ પ્રકારે મંદ હાસ્ય કરીને મહારાજ બોલ્યા

'રાજા ! મહેલમાં સૌ. કુસુમાજી રાણીએ પોતાના મનની વાત એક પોપટને કહી. તેની નજીક રહેવાવાળી સૌ. સુમનાજી રાણીએ સાંભળી અને ચરિત્ર રૂપે રચના કરી દીધી.'

'કાલે સુમનાજી રાણીના મહેલમાં લીલા વિનોદ કરવા માટે અમનાજી આવ્યા હતા. તે વખતે કુસુમાજી અમૃતવાચક નામના પોતાના પોપટ સાથે વાતચીત કરતા હતા. ત્યારે બન્ને રાણીઓએ તેને ગોઠવીને ચરિત્રનું રૂપ આપી દીધું.'

અમનાજી સુમનાજીને કહેવા લાગી કે કુસુમાજીએ જે કાંઈ કહ્યું તે ઘણું સારું હતું. બહેન ! તમે તેની રચના કરો હું તેને સારી રીતે લખી લઉં છું. એવી રીતે તૈયાર થએલું આ કાવ્ય છે. રાજા આપ તેને સાંભળો એમ પંડિતાએ કહ્યું.

ભરતે કહ્યું સારી વાત. હું તેને સાંભળીશ કોઈને તે વાંચવા માટે કહો. તમે બેસી રહો. એમ કહેતાં જ તે પુસ્તકને કોઈ એક સ્ત્રીના હાથમાં દઈને તેને વાંચવાનું કહેવા લાગી અને પોતે ત્યાં નજીક બેસી ગઈ.

એટલામાં આ સભામાં સ્થિત કુસુમાજી રાણી એકદમ ઊઠી અને સમ્રાટને પ્રાર્થના કરીને કહેવા લાગી કે આજે મારે એક વ્રતવિધાન છે. મારે હજી મંદિરમાં જવાનું છે. તેથી હું હવે જાઉં છું એમ કહીને જવા લાગી. એવામાં મહારાજ હસીને બોલવા લાગ્યા કે, ''સારી વાત ! તમે જઈ શકો છો. પરંતુ તમારું વ્રતવિધાન નિર્વિઘ્ન પરિપૂર્ણ થાય એ અર્થે સુવર્ણકંકણ દઉં છું લેતા જાઓ, ચુપાચૂપ કેમ

જાઓ છો. આને લેતા જાઓ.'' એમ કહીને તેના તરફ હાથ આગળ લંબાવ્યો. ત્યારે કુસુમાજી આ વાતને સાચી માનીને નજીક આવી, અને કંકણ લેવા તેણે હાથને આગળ ધર્યો. એટલી વારમાં તો હાથી જે પ્રકારે પોતાની હાથણીને પકડે છે તેવી રીતે ભરતે તેના હાથને પકડી લીધો. પ્રિયા ! તું કોને ઠગે છે ? મારાથી છાનું રાખીને તને આજે વ્રત કોણે આપ્યું છે ? રહેવા દ્યો. અહીં બેસી રહો. તને મારા સોગન છે. એમ કહીને ભરતજીએ કુસુમાજીને પોતાની પાસે બેસાડી.

તમે જે ચરિત્ર મનોવિનોદાર્થે પોપટને કહ્યું તે સાંભળીને તમારી બહેનોને હર્ષ થયો. તેથી તેઓએ તેની રચના કરી. શું હવે હું પણ તેને સાંભળીને મનોવિનોદ ન કરું ? એવા આનંદ વખતે કેમ ઊઠી જાઓ છો ? વિચારો તો ખરા. હા, હું તમારું ઊઠવાનું કારણ સમજી ગયો છું. તમે જે એકાંતમાં પોપટની સાથે વાતચીત કરી હતી તે બહાર પ્રગટ થઈ ગઈ છે. એવી લજ્જાના કારણે તમે ઊઠીને જતા રહો છો. પોતાના હૃદયની વાત બીજાને ખબર ન પડવા દેવી એ કુલીન સ્ત્રીઓનો ધર્મ છે, પરંતુ આ તો વિચારો કે અહીં બીજું કોણ છે ? અહીં તો બધા પોતાના જ લોકો છે. તો તને આટલો સંકોચ થવાનું કારણ શું ? શાંત રીતે અહીં બેસી રહો અને આ કાવ્ય સાંભળો.

વળી ભરતેશ્વરે પંડિતાને કહ્યું, પંડિતા ! કુસુમાજીને તમે જોયા ! કુસુમના (ફૂલના) ગોટાની માફક કેવી રીતે દૂરથી ઝૂંટવીને જતી હતી ! 'રાજા ! જોઈ લીધું સ્ત્રીઓના હૃદયની વાત આપની જેમ બીજું કોણ જાણી શકે છે ? સ્વામી ! પોતાનો ગુપ્ત વાર્તાલાપ બીજાઓને જાણવામાં આવી ગયો છે જેથી એ શરમાઈ ગઈ છે, જો કે કુલીન સ્ત્રીઓનો એ ધર્મ છે. આપે તેને સમજાવ્યા તે ઘણું સારું કર્યું.' પંડિતાએ એ પ્રમાણે કહ્યું.

સમ્રાટ કહેવા લાગ્યા એ વાત જવા દ્યો. પણ એ તો જુઓ કે વ્રતના બહાને તે મને કેવી રીતે ઠગી રહી છે ?

પંડિતા કહેવા લાગી, 'સ્વામી ! તેની પાસે જીતવાનો તંત્ર નથી, આ તંત્રથી તે તમને જીતી શકી નહિ. શું કરે ? તે મૂઢ છે, તેથી તેણે આટલે સુધી દૂરદર્શિતાથી વિચાર કર્યો નહિ. સ્ત્રીઓનું ચાતુર્ય એવું જ રહે છે. એકાંતમાં સ્ત્રીઓ અનેક પ્રકારની કલા કૌશલ્યને પ્રગટ કરે છે, પરંતુ લોકોની આગળ પૂછતા તેનું સર્વ ચાતુર્ય નાશ પામે છે. આ સ્ત્રીઓનો નિજ ગુણ છે.

સ્ત્રીઓની અનેક જાતિ હોય છે. તેમાં બાલા બોલવું જાણતી નથી, મુગ્ધા આગળ જતી નથી અથવા બીજાની સામે મૂર્ખ બને છે, મધ્યમા આળસુ રહેતી નથી, લોલા ચંચળ રહે છે, તે સાર રહિત છે. એવી રીતે વિદગ્ધા, તંત્રીણિ આદિ કેટલીક જાતિ સ્ત્રીઓની છે. આ બધાના મર્મને રાજા ! તમે જાણો જ છો.

'સ્વામી ! કુસુમાજીના હાથને પકડીને આપે તેમને રોક્યા તે ઠીક થયું, પરંતુ તે હવે એકલાં આપની પાસે બેસી રહેવામાં શરમાય છે. તેથી તેને પોતાની સહોદરીઓ સાથે બેસવાની આજ્ઞા આપો.' એ પ્રમાણે પંડિતાએ કહ્યું.

ભરત કહેવા લાગ્યા કે પ્રિયા કુસુમાજી ! તમે મારી પાસે બેસવામાં શરમાઓ છો ? જો શરમાતા હો તો જાઓ, તમારી બહેનોની સાથે હંમેશની માફક બેસી રહો.

આ પ્રકારે આજ્ઞા દેવાથી તે ત્યાંથી ઊઠી અને બીજી રાણીઓ જ્યાં બેઠી હતી ત્યાં જઈને બેસી ગઈ.

'હવે કાવ્યને વાંચો.' એ પ્રકારે સમ્રાટે આજ્ઞા આપી ત્યારે એક કન્યા તાડપત્ર ઉઘાડીને ગ્રંથને ખોલી વાંચવા લાગી. જેમાં નીચે પ્રમાણે કાવ્ય લખ્યું હતું :

સિંહની ઉપર જે સુંદર કમલ રાખ્યું છે તેને પણ નહિ સ્પર્શીને જેઓ નિરાધાર ઊભા છે તે આદિનાથ સ્વામીના પાદકમલોને નમસ્કાર હો. જેના શરીરનો ભાર નથી, જ્ઞાન જ જેનું શરીર છે, જે તનુવાતવલયની વચ્ચે સ્થિત સિદ્ધશિલામાં બિરાજમાન છે તે સિદ્ધ પરમેષ્ઠીઓનાં પાદકમલ હું હૃદયથી સ્મરું છું. ત્રણ ન્યૂન નવ કરોડ મુનીશ્વરોને હું ભાવ શુદ્ધિપૂર્વક નમસ્કાર કરું છું. તેમજ શારદાદેવીને પણ હું પ્રણમું છું. અને ભેદાભેદાત્મક રત્નત્રયની પણ હું સદા ભાવના કરું છું.

સમ્રાટ ભરતના હૃદયમાં જે પ્રકાશપુંજ પરમાત્મા છે તેને શુભચિત્તથી હું નમસ્કાર કરું છું.

કમલને ન સ્પર્શતાં આકાશ પ્રદેશમાં ઊભા રહેલા પોતાના મામાજી (શ્વસુર)ને નમસ્કાર કરી બહેન અમરાજીની આજ્ઞાથી આ ચરિત્ર વાંચી પતિદેવને સંભળાવીશ.

કુસુમાજી રાણીએ જે અમૃતવાચક પોપટની સાથે વિનોદ વારતા કરી હતી તેને એક ચરિત્રનું રૂપ આપીને ત્યાં વર્ણન કરવામાં આવશે.

કુસુમાજી કહે છે કે, હે અમૃતવાચક ! સાંભળો ! ભરતચક્રેશ્વરે બધાને મોહ પમાડનારું આવું સુંદરરૂપ કયા પુણ્યથી પ્રાપ્ત કર્યું ! પૂર્વે એની પ્રાપ્તિ થાય એવું તેઓએ કયા વ્રતનું આચરણ કર્યું હશે ? આ તારુણ્યપૂર્ણ અપૂર્વ સૌંદર્ય પામીને સ્ત્રીઓની વચ્ચે રહેવા છતાં પણ પોતાનું હૃદય ન દર્શાવતાં ચલિત ગંભીરતા (કાર્ય સિદ્ધિ કરે એવી વ્યવહારુ પ્રસંગાનુકુલ ફરતી ગંભીરતા) તેને ક્યાંથી પ્રાપ્ત થઈ ! લોકમાં યૌવન તથા સંપત્તિને પામવા કઠણ નથી, પરંતુ તેની સાથે વિનયાદિક સદ્‌ગુણો પ્રાપ્ત કરવા કઠણ છે.

જેવી રીતે આકાશમાં રહેનારો એક જ સૂર્ય જળથી ભરેલા અનેક ઘડામાં પ્રતિબિંબિત થાય છે, તેવી રીતે આ એક જ ભરત અનેક સ્ત્રીઓના હૃદયમાં પ્રતિબિંબિત થાય છે. જે જંગલમાં ઉત્તમ તપોધન રહે છે ત્યાં ક્રૂર મૃગ પણ પોતાના પરસ્પર વૈર-વિરોધ ભૂલી જાય છે. તેવી રીતે રાજર્ષિ ભરત જ્યાં રહે છે ત્યાં રહેનારી સ્ત્રીઓ મત્સરભાવ છોડીને રહે છે. એ આશ્ચર્યની વાત છે. અમને માતૃગૃહને ભૂલાવીને રાતદિન અનેક પ્રકારના મિષ્ઠ વ્યવહારોથી આનંદ ઉત્પન્ન કરાવનાર સાહસ તેમનામાં કયાંથી આવ્યું ? લોકમાં એક વ્યક્તિને એકવાર જોઈને ફરી દેખતાં તે પહેલાંની જેવી રહેતી નથી. તે જૂના જેવી (મહત્તા વગરની, અનાકર્ષક) થઈ જાય છે, પરંતુ આશ્ચર્ય છે કે, આ ભરતેશ નિત્યપ્રતિ નવી નવી વ્યક્તિની જેવા જ (આકર્ષક) જણાય છે.

અમૃત વાચક ! છ ખંડના રાજ્યને પાળનારા પતિદેવનું હું મુગટથી માંડીને ચરણ સુધીનું વર્ણન કરીશ. તમે સાંભળો. એમ કહીને કુસુમાજીએ સમ્રાટ ભરતના પ્રત્યેક અંગપ્રત્યંગોનું ઘણી સુંદરતાથી વર્ણન કર્યું. જે વખતે તે ચક્રવર્તીનું વર્ણન કરતી હતી તે વખતે તેના હૃદયથી પતિદેવ પ્રત્યે ભક્તિ રસ ઝરી રહ્યો હતો.

હે શુકરાજ ! મુકુટવર્ધન જે અનેક રાજા છે, તેનું પાલન કરનાર અમારા પ્રાણનાયકની સર્વાંગ શોભાનું મુગટથી માંડીને ચરણ સુધી વર્ણન કરીશ. તેને ધ્યાન દઈને સાંભળો. હે શુકરાજ ! પુરુષ પ્રમાણના કેશથી માંડીને પૂર્ણ શૃંગાર અમારા રાજા પામ્યા છે, તેમના મુખની હર્ષમુદ્રા અને સુંદરતા જે તરફ રાજા મોઢું ફેરવે તે તરફ ઝળકી ઊઠે છે. વિશાલ ભાલમાં કસ્તુરીનું તિલક ઘણી અધિક શોભા પામે છે. હે શુકરાજ ! કામદેવને પોતાના બાણોદ્વારા સ્ત્રીઓને વશ કરવાનું કષ્ટ શા માટે ઉઠાવવું પડે છે ? જાઓ તેને કહો કે અમારા ભરતેશ્વરની ભૃકુટીઓની સેવા કરો, એટલે કામ જાગૃત થશે. હે પક્ષી ! જેવી રીતે ચાંદનીના સ્પર્શ માત્રથી ચંદ્રકાન્ત શિતળ પાણી ટપકાવે છે તેવી રીતે અમારા રાજાની આંખોનો પ્રકાશ પડતાં જ સ્ત્રીઓનું અંતરંગ પીગળે છે. પતિદેવના સુગંધી શ્વાસોચ્છવાસને વશીભૂત થઈને જે ભ્રમરાઓ આવીને ગુંજાર કરે છે તે જોતાં પોતાની સુગંધથી ભ્રમરાઓને આકર્ષિત કરનારા ચંપા પુષ્પનું પણ કોઈ મહત્ત્વ રહેતું નથી. પતિદેવના ગાલ દર્પણની સમાન ચમકે છે, પતિદેવના કાનમાં જે મોતીનાં કુંડલ શોભે છે તે જોતાં જણાય છે કે કદાચ પ્રિય સ્ત્રીઓ તેની અંતરંગ ઈચ્છાને કાનમાં કહેતી વખતે લગાવેલું તે હર્ષચિહ્ન છે. નેત્રકાંતિ, આભરણોની જ્યોતિ જ્યારે તેના કપોલ ઉપર પડે છે ત્યારે લાગે છે કે આકાશમાં ગર્જનાની સાથે વીજળી ચમકી રહી હોય ! યૌવનાવસ્થા પતિદેવના શરીરમાં ઓતપ્રોત ભરેલી હોવાથી બહાર પણ ફૂટી નીકળી હોય એવું દૃશ્ય તેની સુંદર મૂછો બતાવે છે.

મકરંદથી યુક્ત કમલ સૂર્યના ઉદય વખતે જેવી રીતે ખીલી નીકળે છે તેવી રીતે હે શુકરાજ ! અમારા પતિદેવનું મુખ ઊઘડતા કર્પૂરવાટિકાની શોભા ખીલી નીકળે છે. પતિરાજની દંતપંક્તિ મોતીની માલાની જેમ શોભા પામે છે. પ્રિય પક્ષી ! સાંભળો, અમારા રાજા જ્યારે બોલવા મોઢું ખોલે છે ત્યારે જીભ અને હોઠનું હલન ચલન જાંબુની વચ્ચે છૂપેલા કલ્પવૃક્ષના પર્ણની સમાન જણાય છે. કાચ અથવા અભ્રકની બાટલીમાં પડતા કુંકુમ રસની સમાન તાંબૂલ રસ ગળામાંથી નીચે ઊતરતી વખતે દેખાય છે. તો અમારા પતિના તે સુંદર કંઠનું હું શું વર્ણન કરું ?

શુકરાજ ! અમારા રાજાની પ્રિય સ્ત્રીઓ બન્ને બાજુ ઊભી રહીને તેમના કેશપાશના બળથી ઝૂલો ઝૂલાવે છે, તો તેના કેશ સમૂહના બળનું હું શું વર્ણન કરું ? અમારા રાજાના બન્ને બાહુ તો મોહિનીઓનો મોહપાશ છે. સુવર્ણવર્ણાથી યુક્ત રાહુ સમાન શત્રુ ચંદ્રમાનો પણ તિરસ્કાર કરે છે. તે બંને જાંઘ તથા બાહુ, શૃંગાર અને વીરરસથી શોભાને પ્રાપ્ત થાય છે. કામદેવ પંચબાણ કહેવાય છે કેમ કે પાંચ બાણોને તે ધારણ કરે છે. પરંતુ અમારા રાજા તો તેથી બે ગણા સુંદર છે તે વાત દર્શાવવા તેઓ દશ આંગળારૂપી બાણોને ધારણ કરે છે. એ રીતે તેમની સુંદર આંગળીઓ શોભે છે. કરતલ અરુણ વર્ણાથી યુક્ત છે તેમાં પણ નખની શ્વેતકાંતિ અને અંગુઠીઓની રત્નની કાંતિ જ્યારે પ્રતિબિંબિત થાય છે તો તે બંને બાહુ અનેક વર્ણની દ્વારા મિશ્રિત કમલનાલની જેવા જણાય છે. શુકરાજ ! અમારા રાજા કંઠમાં જે હાર પહેરે છે તેમાં જડેલું રત્નપદક તો એવું ભાસે છે કે લાવણ્ય સમુદ્રની વચ્ચે કોઈ રત્નદીપક હોય ! હે પક્ષી ! અમારા રાજાની કુક્ષિ જીવરક્ષાના કોમલપર્ણની જેવી સુંદર જણાય છે. સ્ત્રીઓનાં નેત્રરૂપી માછલીઓને વિહાર કરવા યોગ્ય તળાવની સમાન શૃંગારરૂપ અમારા રાજાની નાભિ છે. શુકરાજ ! એ કોઈને નહિ કહેતા.

પક્ષી ! છૂપાવવાની શી વાત છે ? એકવાર અમારા રાજાની સુંદર કુક્ષિની રોમરાજીને કીડીઓનો સમૂહ સમજીને મેં હાથથી કાઢી નાખવાનો પ્રયત્ન કર્યો. રાજા મારી કૃતિ ઉપર હસ્યા, મને શરમ આવી. વિજયાર્ધ પર્વત પર્યંત છ ખંડોના અમારા રાજા અધિપતિ થશે, એ વાત જણાવતી કંઠની ત્રણ અને કુક્ષિની ત્રણ રેખાઓ શોભે છે. શત્રુઓને અમારા રાજા પીઠ નથી બતાવી શકતા, પીઠમાં પાછળ રહેલી સ્ત્રીઓને આંખ નથી બતાવી શકતા એ વાતનું સૂચન કરતો પતિદેવનો પૃષ્ઠભાગ શૃંગાર ને વીરતાથી શોભે છે.

પક્ષી ! બીજાને નહિ કહેતા, અમારા રાજાનો મધ્ય પ્રદેશ દેખીતો જ એવો ભાસે છે કે હાથીના કુંભ ઉપર કોઈ બલસિંહ ઊભો હોય ! અમારા રાજાના જાંઘોનો સ્પર્શ પણ જે સ્ત્રીઓને થાય તેનો બધો થાક ઊતરી જાય છે. હરણ પણ તેની બરાબરી કરી શકતું નથી. શુકરાજ ! અમારા પતિદેવનું સૌંદર્ય બરાબર જાણી લ્યો. ભૂનુતકાંતિ ગંગાની ઉપર બે માછલીઓ જેવી રીતે ઊભી હોય તેવી રીતે રાજાના પગ ઉપરની બે જાંઘ શોભે છે.

આ રીતે ચક્રવર્તીના પાદ, આંગળીયો અને નખની કાંતિ ઘણી સુંદરતાપૂર્વક શોભી રહે છે.

રાજાની હથેળી અને પગના તળિયામાં હળ, કુલિશાંકુશ, ચક્ર, ચામર, કલશ, દર્પણ, ચાપ, ગોધૂમ, કમલ આદિ અનેક શુભ લક્ષણોથી લક્ષિત રેખાઓ શોભે છે. એ સિવાય શરીરમાં જ્યાં ત્યાં શુભલક્ષણોથી યુક્ત તિલ, સુપ્રદિક્ષણાથી યુક્ત ભ્રમર, આંખની લાલાશ અને રોમસંકુલ આદિ શોભે છે. છ અંગુલપ્રમાણનો મધ્ય પ્રદેશ, ચાર અંગુલપ્રમાણનો કંઠ, ગોઠણ સુધીના લાંબા બાહુ અને દીર્ઘ કેશ એ વગેરે; પક્ષી ! અમારા પતિદેવની શોભામાં અદ્વિતીય છે. સુંદર નાસિકા, લલાટ, જાંઘ આદિ તો ભદ્ર લક્ષણોથી યુક્ત છે.

આ પ્રકારે પતિદેવનાં પ્રત્યેક અંગ શુભ લક્ષણોથી યુક્ત છે.

હસતું મુખ, વિશાલ નાક, દીર્ઘનેત્ર, કાળીમૂછ, કાંતિપૂર્ણ ઓષ્ઠ આદિ દ્વારા અમારા રાજા દુનિયાને આકર્ષિત કરતા થકા શોભે છે. શુકરાજ ! શું કહું ? પતિદેવના શરીરના પાછલા ભાગ, આગલા ભાગ આદિમાં કયાંય પણ કોઈ પ્રકારની ત્રુટિ નથી. સર્વ પ્રદેશ ઉત્તમ લક્ષણોથી સંયુક્ત છે. ક્યાંયે કોઈ પણ પ્રકારની ન્યૂનતા નથી. વિશેષ શું કહું ? કોઈ સુવર્ણની પૂતળીને સારી રીતે ઘસીને ધોઈ રાખવાથી તેમાં ચમક આવી ગઈ હોય તેવી રીતે અમારા પતિદેવ દીપ્તિથી દીપે છે. અને અમારા અંતરંગને આકર્ષે છે. જાણે કે તે સુગંધી દ્રવ્યોથી બનેલો પુરુષ તો ન હોય ! અથવા કાંતિથી બનેલો પુરુષ તો ન હોય, અથવા ચંપાપુષ્પના દલથી બનેલો પુરુષ તો ન હોય ! અથવા શીતલ વાયુદ્વારા બનેલો પુરુષ તો ન હોય ! એ પ્રકારે સ્ત્રીઓના હૃદયને આનંદ ઉપજાવે છે. શુકરાજ ! વસ્ત્ર, આભરણ, રીતિ, નીતિ, બોલચાલ અથવા સરસ વ્યવહારથી વારંવાર સ્ત્રીઓના અંતરંગને આ રીતે આકર્ષે છે કે જેનું હું વર્ણન નથી કરી શકતી. હે અમૃતવાચક ! બોલો, તમારા કામદેવને પણ અમારા પતિદેવનું સૌંદર્ય, હસવું, બોલવું અને શૃંગારનું સમ્મિલન આદિનું નશીબ હોય શકે છે ? પોતાના સૌંદર્યદ્વારા જ્યારે સ્ત્રીઓને આકર્ષી લે છે ત્યારે તમારા કામદેવને સ્ત્રીઓને જિતવાનું ખોટું અભિમાન શેનું ?

અમારા રાજા કામદેવને પણ ગભરાટ ઉપજાવી શકે છે, અને પોતાની અંગકાંતિથી અમોને જીતે છે. અંગસૌંદર્યથી સ્ત્રીઓને જીતવી જોઈએ. યુદ્ધમાં તરવારની આવશ્યકતા છે. સ્ત્રીઓનાં યુદ્ધમાં પુષ્પની તલવારની આવશ્યકતા છે અને સોનાને માટે અગ્નિની આવશ્યકતા છે. પ્રિય અમૃતવાચક ! સાંભળો, પતિરાજનો સ્પર્શ થતાં જ અમે સુખસાગરમાં મગ્ન થઈએ છીએ. બોલવું ન જોઈએ તથાપિ બોલી દઉં છું. અમારી સાથે સરસ આલાપ કરીને અમને વિહ્‌વલ કરે છે. રાતદિન જ્યારે અમારી સાથે રહે છે ત્યારે તે વખત માત્ર ક્ષણ જેટલો જ અમને લાગે છે. પરંતુ જ્યારે જુદા પડે છે ત્યારે તો યુગ જેવો વખત લાગે છે. શરીરમાં ચુંબન જ મધુર છે એમ કહે છે, પરંતુ પક્ષી ! તમને આશ્ચર્ય થશે પતિદેવનું આખું શરીર જ મધુર છે, મારાથી નારાજ ન થશો, નાસિકાનો શ્વાસોચ્છ્‌વાસ સુગંધી છે એમ લોકો કહે છે, પરંતુ અમારા રાજાના સર્વ અંગ સહજ દિવ્ય ગંધથી યુક્ત છે; તેનું હું વર્ણન શું કરું ?

પ્રત્યેક અંગ પ્રત્યંગોનું વર્ણન કર્યા પછી તે કહેવા લાગી કે અમૃતવાચક ! એમ ન કહો કે ભરતજી મારા પતિ છે તેથી પ્રેમવશ બનીને મેં તેમની પ્રસંશા કરી છે, પરંતુ જરીક તમે જ વિચાર કરો કે જેના શરીરમાં મલમૂત્ર નથી એવા પવિત્ર શરીરવાળા ચક્રવર્તીનું સૌંદર્ય કેવું હશે ? તેનું વર્ણન મારાથી થઈ નથી શકતું. સમ્રાટને જોઈને કિંર્કતવ્ય વિમૂઢ થઈ ગઈ તેથી જ તેણે ચક્રવર્તીનું આ પ્રકારે વર્ણન કર્યું છે એમ ન કહો. તેઓ તો પ્રથમ તીર્થંકરના પ્રથમ પુત્ર છે, તેનું પૂર્ણરૂપે વર્ણન કરવામાં શું હું સમર્થ છું ? તેઓ સર્વ મનુષ્યોના સ્વામી છે. વ્યંતરોના અધિપતિ છે, વિદ્વાનોના રાજા છે. એ પ્રકારની ખ્યાતી લોકમાં ભરતેશ્વરને છે. તેનું વર્ણન કોણ કરી શકે ?

બધા રાજાઓનો તે રાજા છે, વિદ્વજ્જનોનો તે સ્વામી છે, ત્રણ લોકમાં પ્રશંસાને પાત્ર એવા અમારા પતિદેવ છે. પુષ્પબાણથી રહિત તે કામદેવ છે, કલંક રહિત એ પૂર્ણચંદ્ર છે, ભરજુવાન યુવતીઓની દૃષ્ટિમાં આનંદપૂર્ણ પર્વ છે. શુકરાજ સાંભળો, આ અમારા પતિદેવ છે. તેનામાં જે ગુણ છે તેનો પાર પામીને વર્ણન કરવા હું સર્વથા અસમર્થ છું. અમૃતવાચક ! આ તો મેં કેવલ તેમના ગુણોની સૂચના માત્ર તમને આપી છે, એમ તમે સમજો. પરંતુ ધ્યાન રાખો, મેં જે જે વાતો કહી છે તેમને તમે તમારા મનમાં રાખો, બીજા કોઈને કહેશો નહિ. માત્ર તમને જ સ્નેહી સમજીને મેં આ કહ્યું છે, નહિતર હું કોઈને કહેવાની ન હતી.

અમૃતવાચક ! તમે હજુ સુધી છાનામાના સાંભળો છો અને કાંઈ પણ ઉત્તર નથી આપતા, હું જે કાંઈ કહું છું તે સાચું છે કે જૂઠું, તમારા મનમાં તે બેસે છે કે નહિ ? બોલો તો ખરા, તે પ્રકારે તે આગ્રહથી પૂછવા લાગી.

ત્યારે તે અમૃતવાચક બોલવા લાગ્યો. બહેન ! તમે જે કંઈ પણ રહસ્ય કહ્યું તે મારા ચિત્તમાં બેસતું જ નથી, બેઠું છે તો હું તેને કહી શકતો નથી. પક્ષીઓની જાતિમાં જેણે જન્મ લીધો છે તેમાં તે ચાતુર્ય કયાંથી આવે ? લોકમાં હું બધાની બોલચાલ દેખી સાંભળીને શીખી શકું છું, પરંતુ બહેન! તમારી તથા તમારા પતિદેવની બોલ ચાલ કંઈક વિચિત્ર જ છે. તે કોઈ બીજાને આવડી શકે નહિ, તેથી છાનોમાનો હું સાંભળતો હતો. હવે તમે ઘણો આગ્રહ કરો છો તેથી જે કાંઈ મારી બુદ્ધિમાં આવ્યું તે કહું છું, સાંભળો.

વાંચનારને આશ્ચર્ય થશે કે ભરતેશ્વરે તે પ્રકારનાં અંગલાવણ્યને કે અલૌકિક સૌંદયને કેવી રીતે પ્રાપ્ત કર્યાં ?

તે આ જન્મના પ્રયત્નનું ફળ નથી. તેઓએ પૂર્વ જન્મથી જ આ પ્રાપ્ત થાય એવી મોટી તૈયારી કરી હતી. તેઓ નિરંતર આત્મચિંતન રત રહેતા હતા.

''પરમાત્મા તમે ભયંકર સંસારરૂપી જંગલને ભસ્મીભૂત કરવા અગ્નિ સમાન છો, ઉત્તમ કેવલજ્ઞાનના ધરનાર છો, મંગલસ્વરૂપ છો. તમારું ધૈર્ય મેરુની જેમ અચલ છે તેથી સંસારનો નાશ કરવા માટે અંતરંગમાં આપનો વાસ રહે એવું સામર્થ્ય મને આપો.''

આ ભાવનાનું એ ફળ છે કે તેઓએ લોકાકર્ષક સૌંદર્ય પ્રાપ્ત કર્યું છે.

## ૭. શુકસલ્લાપ સંધિ

સિદ્ધ પરમાત્મા ! ભવ્યોના હૃદયમાં આપ સંતોષ ઉત્પન્ન કરનારા છો. તપોધન આપની સેવામાં સદા નિરત રહે છે, તેથી અમને પણ આપની સેવાને માટે યોગ્ય સુબુદ્ધિ આપો.

બહેન કુસુમાજી ! સાંભળો, તમારી આગળ હું કહેવા સમર્થ તો નથી, તેમ છતાં તમે આગ્રહ કર્યો છે; તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવું મારો ધર્મ નથી. તેથી મારા મનમાં જે વાત આવી છે તે હું તમને કહીશ.

બહેન ! તમે જેટલી વાતો તમારા પતિ માટે કહી છે તે પૂર્ણ સત્ય છે. તેમાં જરાપણ અતિશયોક્તિ નથી. ત્રણ છત્રાધિપતિ ભગવાન આદિનાથના જેષ્ઠ પુત્રની બરાબરી કરનાર રાજા આ લોકમાં કોઈ પણ નથી. એટલું જ નહિ તમારી સાથે વાતચીત કરવાવાળા મારી જેવા પણ કોઈ નથી, એમ કહેવામાં આવે તો કોઈ અત્યુક્તિ નથી.

જેણે આ છ ખંડના અધિપતિને જન્મ આપ્યો છે, તે યશસ્વતીદેવી પણ જગન્માતા છે. અને તમે બધી જે તેની રાણીઓ થઈ છો તેને માટે પણ તમે પૂર્વે અતુલ પુણ્ય સંપાદન કર્યું હશે. ઉત્તમ સતીઓની સાથે ઉત્તમ પુરુષોનો સંબંધ ઉત્તમ સુવર્ણના આભરણની વચ્ચે ઉત્તમ રત્ન જડતું હોય તેવો લાગે છે. બહેન ! તરુણીને તરુણનો સંબંધ ખરેખર આમ્રવૃક્ષ પર લાગેલી મલ્લિકાની સમાન છે. સુંદર ભરતની સાથે આપ જેવી સુંદરીઓનો સંબંધ અશોક વૃક્ષની સાથે લાગેલી જૂઈની લતા સમાન લાગે છે. જો ભરત ચંદનની સમાન સુગંધયુક્ત છે તો આપ લોકો કર્પૂરની સમાન છો. ચંદનવૃક્ષ પર લપેટાએલી સુગન્ધિત લતાની સમાન આપની અવસ્થા છે, ભરત પુરુષ રત્ન છે, આપ લોકો સ્ત્રીરત્ન છો તેથી આપ જનોની જોડી રત્નોને મિલાવીને બનાવેલી રત્નહાર જેવી જણાય છે.

લોકમાં અનેક પ્રકારના અણમેળ જોવામાં આવે છે, જો પતિ ધાર્મિક હોય તો પત્ની ધાર્મિક રહેતી નથી. પત્ની ધાર્મિક હોય તો પતિ તેવા હોતા નથી, પતિ બુદ્ધિમાન હોય તો પત્ની મૂર્ખ, પત્ની બુદ્ધિશાળી હોય તો પતિ મૂર્ખ, પતિ વીર હોય તો પત્ની ભીરુ, પત્ની શૂર હોય તો પતિ કાયર, પતિ વ્યવહારકુશલ હોય તો પત્ની ભોળી, પત્ની કાર્યદક્ષ હોય તો પતિ મૂર્ખ. આ પ્રકારની વિચિત્રતાથી સંસાર ભર્યો પડયો છે, પરંતુ બહેન ! પતિપત્નીઓની સમાનતામાં તમારી જેવી પ્રશંસા મેળવનારી લોકમાં કોણ છે ? તમારા બધામાં પતિને અનુકૂલ પત્ની, પત્નીને અનુકૂલ પતિના ગુણ છે બધા લોકો તમારા પતિની પ્રશંસા કરે છે અને તમારી પણ પ્રશંસા કરે છે. સર્વકલાવિશારદ પુરુષ પામવો સ્ત્રીઓનું પૂર્વ જન્મમાં અર્જિત પુણ્ય સમજવું. કલાઓમાં પ્રવૃત્તિ કરવાને અનુકૂલ સ્ત્રીનું પામવું પણ પુરુષનું મહાન પુણ્ય સમજવું. લોકમાં સ્ત્રી પુરુષોમાં પરસ્પર અનુકૂલ પ્રવૃત્તિ મળવી કઠિન જ નહિ પણ દુર્લભ છે. તેને માટે અનેક જન્મોનાં સંસ્કાર, ભાવના ને પુણ્યની આવશ્યકતા છે. કુસુમાજી બહેન ! એ કહેવામાં મને હર્ષ થાય છે, કે તમારામાં ને ભરતમાં જે અનુકૂલ પ્રવૃત્તિ છે તે લોકમાં આદર્શરૂપ છે. આ પ્રકારનું દૃશ્ય બીજે દુર્લભ છે. બહેન ! તમોએ કેટલું પુણ્ય કર્યું છે કે નવું વ્રત પાળ્યું છે, ક્યા પ્રકારની શુભ ભાવના ભાવી છે, કહી નથી શકાતું. બહેન ! વિદ્વાન પતિ ને વિદુષી પત્નીનો યોગ થવો ખરેખર ઘણુંજ મધુર જણાય છે. જેવી રીતે વીણાના તાર મળીને મીઠો સ્વર

નીકળે છે. આવા પ્રકારનો સુયોગ હાથીપર સવાર થવા સમાન છે. મુર્ખોનો યોગ બળદ પરની સવારી સમાન છે. વિશેષ શું ! તમારી જોડી સાક્ષાત્ કામદેવ ને રતિદેવીની જ જોડી છે.

બહેન ! અવસર ઓળખવો જોઈએ. યથાયોગ્ય વિચાર જાણવો જોઈએ. પોતાના પતિનું ચિત્ત જોવું જોઈએ, એ ઉત્તમ સુખી જનોનું લક્ષણ છે. પતિનો શૃંગાર પત્નીને, પત્નીનો શૃંગાર પતિને પ્રિય હોવો જોઈએ. આ પ્રકારનું આચરણ રાખવું એ સ્ત્રીઓનો ધર્મ છે. સ્ત્રીઓને પ્રત્યેક વિષયની ચિંતાની આવશ્યકતા છે. ગંભીરતા પણ તે મેળવે કે ઉગ્રતાને છોડી દે. બહેન ! વીરતાની પણ આવશ્યકતા છે. આચાર અને શીલોનું પાળવું તે તેનો પરમ ધર્મ છે. ઉત્તમ ભોગીઓનું આ લક્ષણ છે, બહેન ! કામ સુખ અતિ આસક્તિ પૂર્વક ન ભોગવવું જોઈએ, જઠરાગ્નિની તીવ્રતા, મંદતા આદિ જાણીને જેટલી જરૂરિયાત હોય તેટલું જ ભોજન કરે તો હિતકર થાય, નહિ તો અનેક પ્રકારની રોગોત્પત્તિ થવાનો સંભવ છે. કામસુખ પણ એ પ્રકારે ભોગવવું જોઈએ. અતિ કામસેવનથી દુઃખ થશે. આ ઉત્તમ ભોગીઓનું લક્ષણ છે.

યૌવનનો મદ જેટલો ચડે તેટલો જ તેને ભોગવીને શાંત કરવો જોઈએ. મદન કામેશ્વરી આદિ તંત્રોથી તે કામેચ્છા વધારવી કદી પણ યોગ્ય નથી. બહેન ! તમે તો જાણો છો કે ભોજન કરવામાં આવેલું અન્ન જો બરાબર શરીરના અવયવોમાં પહોંચે તો તે યોગ્ય છે. દ્રાવણ, સ્તંભન, આદિ પ્રયોગ કરીને તે આહારને પચાવવા પ્રયત્ન કરવો તેમાં સુખ નથી, દુઃખ છે. નવયૌવનમાં ઉત્પન્ન થતું કામસુખ સ્વર્ગીય ગંગાજલની જેવું મીઠું રહે છે. અનેક ધાતુ પૌષ્ટિક ઔષધિઓથી ઉત્પન્ન થતા મદ વડે ભોગવેલો ભોગ એ લવણ સમુદ્રના જલ જેવો છે. સ્વાભાવિક શક્તિથી ન ભોગવતા જે લોકો ઔષધિ આદિના બલથી ભોગવે છે તેને છેવટે અનેક પ્રકારના રોગ ઉત્પન્ન થાય છે. ઈન્દ્રિય વગેરે નષ્ટ થાય છે. બહેન ! જો કોઈને ભૂખ ન હોય ને તે ભોજન કરે તો તેને જે પ્રકારે નિશ્ચયથી અજીર્ણ રોગ થાય તેવી રીતે પોતાની શક્તિ અને ઈચ્છાને નહિ જાણીને કામભોગ કરે તો અનેક રોગ અવશ્ય ઉત્પન્ન થાય. પોતાની વિવશતા દેખીને જેટલી વારમાં તે મદ ઊતરી જાય ત્યાં સુધી ભોગવવામાં મગ્ન છે. અત્યુત્કટ ભોગ ભોગવતાં મહાન અહિત થાય, તેથી તૃષ્ણા વધે, બુદ્ધિ ભ્રષ્ટ થાય, વિશેષ શું ? એવું સુખ પોતાનો જ શત્રુ બની જાય છે. સ્ત્રીઓની સાથે હાસ્ય, વિલાસ, વિનોદ આદિ કરીને વખત ગાળવો જોઈએ, સંસર્ગ સુખ તો કોઈક જ વખતે લેવું જોઈએ. જો પચી જાય તો તે સુખ છે, નહિ તો મહાન દુઃખ છે. બહેન ! પોતાના અંતરને જાણીને, ઈચ્છા જોઈને ને શક્તિને ઓળખીને જે કુશલ પતિપત્ની ભોગ ભોગવે છે તેનો જય થાય છે. તેને આનંદ મળે છે. ઈન્દ્રિયોને વશ પોતે થઈને તે મદોન્મત્ત ઈન્દ્રિયોને વશ કરીને ભોગ ભોગવવામાં વિશેષ શોભા છે, તે સરસ કવિતા છે, શૃંગાર છે. રતિક્રીડાથી થાકીને (અશક્ત મસ્તકથી) બનાવેલી રચના કવિતા આદિ વેશ્યાના શૃંગાર સમાન છે. સશક્ત મસ્તકથી ઉત્પન્ન શબ્દમાધુર્ય, અર્થગંભીર્ય આદિ ગુણોથી યુક્ત રચના બ્રાહ્મણીના શૃંગાર સમાન છે. બહેન ! પતિ ને પત્ની પરસ્પર એક બીજાનાં ચિત્ત હરી લઈને ભોગ ભોગવે તો તેમાં ઘણી શોભા છે. એકાંગી ભોગ સુખ નથી. તે તો કંઠની તરવાર છે. સ્ત્રી પુરુષ અંતરંગ હૃદયથી મળે તો મધુર ફળ ચાખવાનો આનંદ આવે છે. નહિ તો કટુરસ પ્રાપ્ત થાય છે. કુસુમાજી ! એક બીજાના ગુણ પર મુગ્ધ થઈને જે પતિપત્ની ભોગવિલાસ કરે છે તે લોકોનો સુખમાર્ગ એટલો સરલ રહે

છે–જેવી રીતે જલની અંદર રહેલા ઘણા ભારે પત્થરાને ઊચકવાને કોઈ મુશ્કેલી થતી નથી; પરંતુ કેવલ ધન, સુવર્ણ આદિના કારણથી જે પ્રેમ ઊપજે છે તેમાં કોઈ શોભા નથી, જમીન પર પડેલા પત્થરને ઊંચકવાની માફક તેને માર્ગ પણ કઠણ છે.

બહેન ! કુસુમાજી ! તમારા પતિનું અને તમારું રૂપ સરખું છે. વય પણ બરાબર છે. ગુણગણ પણ સમાન છે. આ બધી વાતોની જોડી તમોને પ્રાપ્ત થઈ ગઈ છે. તેથી પતિપત્નીઓમાં આટલો પ્રેમ છે. દાંપત્યજીવનની સર્વ સામગ્રી અવિકલ રૂપે તમોને પ્રાપ્ત છે.

સમ્રાટે રૂપથી તમોને જીતી લીધા છે. સરસ કલાલાપથી તમારા લોકોનું મન પ્રસન્ન કર્યું છે. તે રાજાના રૂપમા કામદેવ છે, તેથી તેઓએ તમારા લોકોનું સર્વસ્વ હરી લીધું છે.

બહેન ! મને લાગે છે કે, બધી રાણીઓમાં તમારા પર સમ્રાટનો અધિક પ્રેમ હશે, અને તમારો પ્રેમ તેના પર અધિક હશે. અન્યથા આ પ્રકારે ચક્રવર્તીની સુંદરતાને અંગપ્રત્યંગોનું વર્ણન કરવાની ચતુરતા તમારામાં ક્યાંથી આવી શકે ? જ્યાં મન પ્રસન્ન થાય છે ત્યાં કાર્ય પણ સારું બની જાય છે. અને તદ્નુકૂલ વચનની પણ પ્રવૃત્તિ થઈ જાય છે, તેથી હે સત્સતીકુલમણિ ! તમે તમારા પસંદ પતિની પ્રશંસા કરી તે ઉચિત છે. તમે શું કહ્યું ? તમારા પતિનો પ્રેમ જ એવો છે કે જે તમને બોલાવ્યા વિના રહે નહિ. એવી કઈ સ્ત્રી હશે કે જે પતિથી મળતા આનંદ રસને નહિ વર્ણવે ? પોતાના પતિના કૃત્યપર કોને હર્ષ ન થાય ?

કુસુમાજી ! લોકમાં દુઃખી પુરુષોનાં, દુઃખી સ્ત્રીઓનાં, નિષ્ઠુર પુરુષોનાં અને નિષ્ઠુર સ્ત્રીઓનાં પણ ઘણા ઉદાહરણ રાતદિવસ અમારી સામે નજરે પડે છે; પરંતુ શિષ્ટ પુરુષોનું અને શિષ્ટ સ્ત્રીઓનું વ્રત સાંભળવું જ દુર્લભ છે. તેવા સ્ત્રીપુરુષો અમારા જોવામાં જ નથી આવતા.

બહેન ! તમારા રોમેરોમમાં ભરતેશનો પ્રેમ ભરેલો છે, તેથી તમારું હૃદય તેને સમર્પાયું છે. આ સાચું છે કે નહિ, એ હું તમને પૂછવા નથી ઈચ્છતો. તમારું વચન જ આ વાતને સ્પષ્ટ દર્શાવે છે.

પોતાના પતિના સત્ કૃત્યપ્રતિ સંતુષ્ટ રહેવાવાળી શીલવતી સ્ત્રીઓનું લોકમાં કોણ વર્ણન નહિ કરે ? બહેન ! હું તમારા સોગનપૂર્વક કહું છું કે મને સજ્જન સતીઓના ચારિત્રમાં ઘણો આનંદ આવે છે તેને સાંભળીને મારું હૃદય ભરાઈ જાય છે.

આ પ્રકારે તે અમૃતવાચક પોપટ કુસુમાજીને દાંપત્યજીવનનું રહસ્ય કહેવા લાગ્યો.

કુસુમાજી બેઠા બેઠા તે પોપટનું રહસ્યપૂર્ણ વચન ને વાક્ચાતુર્ય સાંભળતી હતી. પોતાના મનમાં જ વિચાર કરવા લાગી કે તેણે જે કાંઈ વાત કહી તે નવીન ને રહસ્યપૂર્ણ છે. તેથી જણાય છે કે આ પોપટ નથી. પ્રાણીઓને જેટલું શીખવાડાય તેટલું જ તે બોલી શકે છે. પરંતુ આ તો મને જ શીખવાડવા મંડી ગયો છે, અને કલા શીખવી રહ્યો છે. આ પોપટ કદી નથી, આ તો કોઈ વ્યંતર આ શરીરમાં પ્રવેશ કરીને બોલે છે. અથવા તો કોઈ દેવ છે. પોપટનું ચાતુર્ય આવું ન હોઈ શકે. આના શબ્દો પુરુષ જેવા નથી. સ્ત્રી જેવા નથી, પણ તરુણીના જેવા છે. આ યુક્તિ શું છે ? હવે તે વાત જાણી લેવી જોઈએ. એવો વિચાર કરીને તે કહેવા લાગી. પક્ષી ! તમારા વચન બધા ય સાચાં છે,

પરંતુ તમારો વેષ સાચો નથી જણાતો; તેથી તમે તમારા નાના વેષને છોડીને મોટું રૂપ લઈને મારી સાથે બોલો.

બહેન ! તમે મને નાના રૂપને છોડીને મોટું રૂપ લેવા કહ્યું પરંતુ આ મારો વેષ સત્ય જ છે. મારો નાનો વેષ તો બચપણમાં જ ચાલ્યો ગયો છે.

જુઓ ! મારી સાથે આ પ્રકારે ચાલાકી કરવી યોગ્ય નથી. તમે મારી પ્રિય સખી છો તેથી તમારું નિજરૂપ બતાવો, એ પ્રકારે કુસુમાજીએ ભારપૂર્વક કહ્યું.

એવામાં તે પોપટ નીચેથી અનેક રત્નાભૂષણોથી ભૂષિત એક તરુણી ઊઠીને ઊભી થઈ ગઈ. પોતાના છૂપાવેલા રૂપને, પોતાની બુદ્ધિચાતુર્યને જાણનારી તે રાણીની કુશલતા પર તે દેવી હસવા લાગી.

સુંદરી ! તમે કોણ છો ? અહીં કેમ આવ્યા ? બોલો રાણીએ પૂછયું.

દેવી ! હું એક વ્યંતર કન્યા છું. અહીં તહીં પર્વત, જંગલ વગેરેમાં રહું છું. લીલા વિનોદથી આકાશ માર્ગે જતી હતી. તે વખતે બહેન ! તમે આ પોપટ સાથે બોલતા હતા. તે મનમોહક વચનોથી આકર્ષાઈને હું અહીં સાંભળવા આવી છું. જુદી ઊભી રહીને સાંભળત તો કદાચ તમે તમારા મનની વાત મને ન કહેત, તેથી આ પક્ષીના શરીરમાં પ્રવેશીને હું તમારી સાથે બોલતી હતી, તમે મારા રહસ્યને સમજી ગયા. ઘણું સારું થયું. ખરેખર તમે વિવેકી ભરતની અર્ધાંગના છો.

બહેન ! રૂપ, યૌવન, સંપત્તિ અને બુદ્ધિચાતુર્ય આદિને પ્રાપ્ત કરવું કઠણ નથી, પરંતુ આ પ્રકારની પતિભક્તિ મેળવવી અત્યંત કઠણ છે. પુરાણપુરુષ સમ્રાટની અર્ધાંગના થઈને તમે જ તેને પ્રાપ્ત કરી છે. બીજાને એ પતિભક્તિ કયાંથી મળે ? ભરત જિનેન્દ્ર ભગવાનના પુત્ર છે, તમે જિનેન્દ્ર ભગવાનની પુત્રવધુ ! તેથી તમારા લોકનું આચરણ પુણ્યમય છે. એ સૌભાગ્ય બધાને કેવી રીતે પ્રાપ્ત થાય ?

તે સમ્રાટ મારા કાંઈ સગા નથી, તે લોકમાં પરનારી સહોદરના નામથી પ્રસિદ્ધ છે તેથી તે મારો સહોદરભાઈ છે. હવે હું તેને ભાઈના નામથી જ સંબોધીશ. દેવી ! અત્યાર સુધી પોપટના શરીરમાં પ્રવેશીને હું તમને બહેનના નામથી સંબોધતી હતી, પરંતુ હવે હું તમને બહેનના નામથી ન બોલાવતાં ભાભીના નામથી સંબોધીશ.

ભાભી ! મારા ભાઈ પ્રતિ તમે જે અસલી પ્રેમ રાખ્યો છે, તેને જોઈને મને ચિત્તમાં અત્યંત હર્ષ થાય છે. તેના ઉપલક્ષ્યમાં હું તમારી સેવામાં શું ભેટ સમર્પું-સમજાતું નથી. અમારા ભાઈ નવનિધિના સ્વામી છે. તેઓએ તમોને ઈચ્છિત રત્નમય આભૂષણો આપી જ રાખ્યા છે. એવી હાલતમાં હું તમને શું આપું ? જો આપું તો પણ તમે લ્યો તેવા નથી. એ વાતને હું જાણું છું. હવે તમોને વસ્ત્રાભૂષણ દેવાની વાત જવા દઉં છું. પણ જે વખતે તમને મારી આવશ્યકતા હોય તે વખતે યાદ કરજો. હું તમારી સેવામાં હાજર થઈશ. એમ કહીને તે વ્યંતર કન્યા અદૃશ્ય થઈ ગઈ.

કુસુમાજી આશ્ચર્યચક્તિ થઈને આમ તેમ જોવા લાગી, પરંતુ હવે તે વ્યંતર કન્યા ત્યાં ન હતી. તે વીતેલી ઘટનાનો વિચાર કરતી કરતી જરા હસવા લાગી. ને 'જિન સિદ્ધ' એમ ઉચ્ચારીને આશ્ચર્ય કરવા લાગી, કે ક્યાંક હું કોઈ સ્વપ્નને તો જોઈ નથી રહી !

એવામાં ત્યાં ઘણી સ્ત્રીઓ કુસુમાજીની સાથે ક્રીડા કરવા આવી. કુસુમાજી બનેલી આશ્ચર્યપ્રદ ઘટનાઓ કોઈને ન કહેતી હંમેશની જેમ રમવા લાગી.

આ પ્રકારે કુસુમાજીના ચરિત્રને સુમનાજીએ રચી તૈયાર કર્યું, અને અમરાજીએ તેને લખ્યું. એ સામાન્ય ચરિત્ર નથી. આ ચક્રવર્તીની પુણ્ય સંપત્તિના વૈભવથી પૂર્ણ છે. આમાં કોઈ દોષ હોય તો આપ શ્રીમાન તેનું સંશોધન કરે.

ભરતેશ્વરે કહ્યું કે એમાં કોઈદોષ નથી, આ કાવ્ય જિન શરણ થઈને સર્વકાલ આ ભૂમંડલને સુશોભિત કરે.

આ પ્રકારે ઉપર્યુક્ત ચરિત્ર વાંચીને તે સુંદરીએ ગ્રંથ બાંધી લીધો.

સમ્રાટ પણ ચરિત્ર સાંભળીને મનમાં ને મનમાં જ આનંદ પામતા હતા. વિચાર કરવા લાગ્યાં કે કુસુમાજી ઘણી ચતુર છે, કેવી કુશલતાથી તે પોપટની સાથે વાતચીત કરતી હતી, તેને સાંભળીને કવિતાબદ્ધ રચના કરવાવાળી આ રાણીઓ પણ ઓછી ચતુર નથી. પોપટની સાથે વાતચીત કરતી તેના સ્વરથી જ પોપટના શરીરમાં પ્રવેશેલી વ્યંતર કન્યાને ઓળખી ગઈ તે આશ્ચર્યની વાત છે.

ઠીક થયું કે પોપટના શરીરમાં વ્યંતર કન્યા હતી એવો નિશ્ચય હોવાથી કુસુમાજી ત્યાં બેઠી રહી. જો તેના શરીરમાં કદાચિત્ પુરુષ હોત તો તે કદી પણ ત્યાં બેસત નહિ. પ્રથમથી જ ગભરાઈને આમતેમ નાસવા લાગત.

આ પ્રકારે ભરતેશ્વરે પોતાના મનમાં અનેક પ્રકારના વિચારોથી પ્રસન્ન થઈને જેણે કાવ્યને વાંચ્યું તેનો અનેક વસ્ત્રાભૂષણોથી સત્કાર કર્યો. અને આ કાવ્યને રચનારી બન્ને રાણીઓ અને કુસુમાજીને પછી સારી રીતે સન્માન આપું એમ વિચારીને તેઓ ત્યાંથી મહેલ તરફ જવા ઊઠયા, એવામાં તે અંતઃપુરનું સભાભવન જયજયકાર શબ્દથી ગાજી ઊઠયું.

વાચકને આશ્ચર્ય થશે કે સમ્રાટ ભરતની આવા પ્રકારની પ્રશંસા કેમ થતી હતી ? તેને આવી અદ્‌ભુત વિવેક જાગૃતિ કેમ પ્રાપ્ત થઈ હતી ?

એનો સીધે સીધો ઉત્તર એ છે કે ભરત મહારાજ સદા નિજ આત્મગુણોની પ્રાપ્તિ માટે આ પ્રકારે પ્રાર્થના કરતા હતા.

''હે આત્મા ! તમે બોલવામાં ચતુર છો, ચાલવામાં ચતુર છો, વ્યક્ત રહેવામાં કે અદૃશ્ય રહેવામાં ચતુર છો, તેથી સુચતુર છો. લોકમાં બધાથી અધિક તમે વિવેકી છો. તેથી હે વિવેકીઓનાં સ્વામી ! તમે સદા મારા ઉપર કૃપા કરીને મારા હૃદયમાં રહો જેથી હું પણ તમારી સમાન જ લૌકિક પારમાર્થિક માર્ગમાં કુશલ બની જાઉં.''

અને એનું આ ફળ છે.

## ૮. ઉપહાર સંધિ

**તે** કાવ્યની રચનાથી સમ્રાટ ભરત પોતાના હૃદયમાં આનંદ પામ્યા. સાથો સાથ જ પ્રગટ બોલ્યા કે એમાં કોઈ વિચારણીય વિષય છે. એ સુમનાજી રાણીની કવિતા નથી. એ અમરાજીની જ રચના છે. એ સાંભળીને બંને રાણીઓ એક બીજાનું મુખ જોઈ હસવા લાગી. સુમાનજી કહેવા લાગી બહેન ! મેં તે જ વખતે કહ્યું હતું કે આ ભાર મારી ઉપર ન મૂકો, પણ મેં જોઈ લીધું કે હવે રહસ્ય પ્રગટ થઈ ગયું.

નાથ ! આપ જે કહી રહ્યા છો તે બરાબર સત્ય છે. બહેને મને આ કાવ્ય રચવાનું કહ્યું હતું, પરંતુ મેં કહ્યું કે આની કવિતા કરવાનું કઠણ કામ છે; તેથી મારાથી એ નહિ બની શકે. ત્યારે અમરાજીએ તેની રચના કરી, મેં કેવળ તે લખ્યું છે, બીજી કોઈ વાત નથી. મેં ત્યાં જ બહેનને કહ્યું હતું કે એ વાત છૂપાવો નહિ. જેણે રચના કરી હોય તેનું જ નામ પતિની સમક્ષ પ્રગટ કરવું; પરંતુ બહેને મારી વાત ન સાંભળી, હું એ જાણતી હતી કે પતિદેવની સામે કોઈ પણ વાત છૂપાવવામાં આવે તો તે છૂપાવી શકાશે નહિ. તે દરેકની મનોવૃત્તિને જાણે છે. તેથી બહેનની સાથે વ્યર્થ વિવાદ કરવાથી શો લાભ ? એમ મનમાં વિચાર કરીને હું લખતી ગઈ. પરંતુ સ્વામી ! લોકમાં વિવેકીઓને કોણ છેતરી શકે ? આ વાતની સત્યતા અહીંઆ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થઈ હવે ઠીક થયું કે મારી ઉપર ખોટો ભાર મૂક્યો હતો તેને આપે ઊતારી નાંખ્યો. આ પ્રકારે સુમનાજી ઘણા સંતોષની સાથે ૫ .૦

બોલવા લાગી.

સમ્રાટ કહેવા લાગ્યા કે, પહેલા અર્ધા ભાગમાં તો સુમનાજીની રચના છે ત્યારે અમરાજી ઘણી હર્ષિત થઈને બોલી કે એ તદ્દન સાચું છે.

સુમનાજી બોલી, બહેન ! મેં પહેલેથી જ કહ્યું હતું કે તમે જ આની પૂરી રચના કરો. તેને ન સાંભળતાં તમે છાનામાના બેસી ગયા. ત્યારે મેં થોડીક રચના કરી ને કોઈ ઉપાયથી આગળની રચના તમારી પાસે કરાવી.

સ્વામી ! આદિ મંગલ તો મારી જ રચના છે, પરંતુ મધ્ય મંગલ અને અંત્ય મંગલ જે કાંઈ છે તે બધી ય અમરાજીની રચના છે. આપ એ બધી વાતોનો ભેદ સ્પષ્ટ રૂપે સમજી ગયા. શું ભગવાન આદિનાથે આવીને આપને તો નથી કહ્યું ?

બહેન ! સાંભળો તો ખરા, આપણા પતિરાજને આપણા જેવા કેવી રીતે જીતી શકે ? અમારા અંતરને તેઓ કેવી કુશલતાપૂર્વક જાણે છે ? એ પ્રકારે કહેતી થકી બધી સ્ત્રીઓ પરસ્પર હર્ષ કરવા લાગી.

સમ્રાટ બોલવા લાગ્યા કે તમારું કાવ્ય સાંભળીને મને હર્ષ થયો. તમારો કવિતા કરવાનો અભ્યાસ પણ સારો છે. હું આ કાવ્યની રચનાથી પ્રસન્ન થયો છું. તમોને આ પ્રસન્નતાથી આ વખતે હું શું આપું ? જે પદાર્થ ઈચ્છો તે માગો. હું તેવી આજ્ઞા કરીશ.

''સ્વામી ! આપને પ્રસન્ન કરીને તમારી પાસેથી કોઈ ધનવૈભવનો પુરસ્કાર મેળવવાની ઈચ્છાથી અમે આની રચના નથી કરી. અમારા મનમાં કોઈ લોભ નથી. આપના મનમાં જે હર્ષ થયો છે તે આપના જ ભંડારમાં જમા રહે.'' એમ તે બન્ને રાણીઓએ કહ્યું.

''સારી વાત ! આ પ્રસન્નતાના પ્રતિફૂલને તમો જ્યારે કહેશો ત્યારે અમે આપીશું. હાલ મેં જે આભૂષણો પહેર્યા છે તેમાંથી તમને દઈશ.'' સમ્રાટે કહ્યું.

'સ્વામી ! અમને આપની દયાથી કોઈ આભૂષણોની ખામી નથી. જરૂરિયાત કરતાં પણ અમારી પાસે વધારે આભૂષણો છે. તેથી આભરણ દેવાની ઘોષણા પણ આપના જ ખજાનામાં જમા રહે. અમને હાલ તેની જરૂર નથી.' આ પ્રકારે ઘણા સંતોષની સાથે તે બોલી.

સમ્રાટે કહ્યું 'જો પહેલાના આભૂષણો છે તો શું થયું ? હાલ હું આ પ્રસન્નતાના પ્રસંગમાં મારા આભૂષણોમાંથી તમને દેવા ઈચ્છું છું. આવો ! લ્યો !' એમ કહીને તેઓ તેને પોતાની પાસે બોલાવવા લાગ્યા.

હા ! અમે કેટલી વાર ના પાડીએ છીએ, તેમ છતાં પણ પતિદેવ નથી માનતા. અમે શું કરીએ ! એમ કહીને બધી રાણીઓને ઈશારો કર્યો, તેઓ તેમની સાથે આવી અને ભરતના ચરણોમાં સાષ્ટાંગ નમસ્કાર કરવા લાગી, તે વખતે બરાબર એવું દૃશ્ય દૃષ્ટિગોચર થયું કે જેવી રીતે એક ભારે ઝંઝાવાત દ્વારા કોઈ વૃક્ષથી કોઈ લતાનું ભૂતલ પર પડવું થતું હોય !

આ શું થયું ? મેં તો પુરસ્કાર પ્રદાનનિમિત્ત આ બન્નેને બોલાવ્યા હતાં, પરંતુ આ બધા ય આવીને શા માટે સાષ્ટાંગ નમસ્કાર કરે છે ? એમ વિચાર કરતા થકા તેઓ પંડિતાના મુખ તરફ જોવા લાગ્યા. પંડિતા સમ્રાટના મનની વાત સમજી જઈને બોલવા લાગી.

'સ્વામી ! આપે આ રાણીઓને જે પોતે પહેરેલાં આભૂષણો દેવાની વાત કરી તે તેમને પસંદ પડી નથી. ઉત્તમ સતીઓનું એ લક્ષણ છે કે તે ક્યારે ય પણ પોતાના પતિના અલંકારને લગાડી પોતાનો શૃંગાર કરવા ઈચ્છે નહિ, તેઓ સારી રીતે જાણે છે કે તમારો જે શૃંગાર છે તે જ તે લોકોના નેત્રોનો શૃંગાર છે, એવી સ્થિતિમાં આપના અલંકારને કઢાવીને તેઓ પોતાનો શૃંગાર કરવા નથી ઈચ્છતી. તેના હૃદયમાં સાચી પતિભક્તિ છે તેથી એમ કરવાની ઈચ્છા ન હોવાથી બધી યે આવીને આપના ચરણોમાં નમસ્કાર કરે છે. એટલો જ એ લોકોનો અભિપ્રાય છે, બીજો નહિ. તે લોકોએ કેટલાક પ્રકારે નિષેધરૂપ પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યા તેમ છતાં આપે ન માન્યું, આગ્રહ જ કર્યો. એવી અવસ્થામાં કોઈ જવાબ આપવો અમારો ધર્મ નથી એમ સમજીને તેઓ મૌન રહીને આપને સાષ્ટાંગ પ્રણામ કરે છે.

ત્યારે સમ્રાટ કહેવા લાગ્યા કે ''સારું અમે તો બે રાણીઓને આભૂષણ દેવા બોલાવ્યા હતા, આ બધીએ આવીને કેમ નમસ્કાર કરે છે ? તેનું પણ કંઈક કારણ તો હોવું જોઈએ.

સ્વામી શું આપ એ વાતને નથી જાણતા અને હાંસી કરો છો ? જાણવા છતાં પણ નથી જાણતા એમ દેખાડો છો. તેને છુપાવો છો. હું જાણું છું કે આપ ઘણા ચતુર છો, આ વાત જાણવા છતાં પણ

અજાણ બનીને આપ મને પૂછો છો. શું આપ એ નથી જાણતા કે આપની રાણીઓમાં પરસ્પર કોઈ ભેદભાવ નથી. એક બીજા ઉપર આવેલી વિપત્તિઓને તેઓ બધીયે પોતાના જ ઉપર આવેલી સમજે છે. એ લોકોનો સ્નેહ જ એવા પ્રકારનો છે.

સ્વામી ! દેવીઓને આપના ચરણોમાં પડયા ઘણો વખત થઈ ચૂક્યો છે. હવે વિશેષ વિનોદની આવશ્યકતા નથી. તેમને તમે ઊઠવાની આજ્ઞા આપો, સમ્રાટ હસીને બોલ્યા, 'સારું ! તમો ઘણા' જ થાકી ગયા હશો. હવે ઊઠીને ઊભા થાઓ આ વાત સાંભળીને બધી રાણીઓ ઊઠીને ઊભી થઈ ગઈ.

ભરતજી કહેવા લાગ્યા સારી વાત ! જો તમોને મારા પહેરેલાં આભૂષણો પસંદ નથી તો બીજાં નવાં આભૂષણો આપીશ. તો તમોને આટલો સંકોચ શા માટે રહે છે ? સ્પષ્ટ કેમ કહેતા નથી. ત્યારે તે સ્ત્રીઓ સ્પષ્ટ બોલી. આજે આપ ગમે તે કહો, અમો લેવાને તૈયાર નથી. એ અમારું વ્રત છે.

આ પ્રકારે દૃઢતાપૂર્વક કહેવાથી ભરત ઘણા વિચારમાં પડી ગયા. હવે શું કરવું ! આ લોકોના નિમિત્તથી મને આનંદ થયો, તેના ફળમાં હું તેને કાંઈ દેવા ઈચ્છું છું, પરંતુ તેઓ લેવા તૈયાર નથી. તે લોકોને કાંઈને કાંઈ આપ્યા વિના મારો ઊછળતો આનંદ રોકી શકાતો નથી. હવે એને માટે શો ઉપાય છે ? ઠીક છે. તેઓ સુવર્ણ ઈચ્છતી નથી તો કાંઈ નહિ, તેમને એકવાર આલિંગન તો કરવું જોઈએ. પરંતુ તેઓ મારી પાસે આવવામાં પણ લજ્જા પામે છે. એવી અવસ્થામાં શું કરવું ! એ રીતે વિચાર કરતા થકા ઉપાયપૂર્વક તેને પાસે બોલાવવાની યુક્તિ કરી. અરે સુમના ! અમરા ! તમે બન્ને અહીં આવો. તમારું કાવ્ય સાંભળીને કુસુમાજીને ચિતવિભ્રમ થયો છે. તેના મનની વાત બહાર પડી તેનું તેને પરમ દુઃખ લાગ્યું છે. તેથી તેના મનને શાંત કરવાનો જે ઉપાય છે તે તમોને કાનમાં ગુપ્ત રીતે હું કહેવા ઈચ્છું છું. તેથી મારી પાસે આવો. એમ કહીને બંનેને પાસે બોલાવી લીધાં.

બન્ને રાણીઓ હસતી હસતી પાસે આવી, આવ્યા પછી બન્નેને પોતાની જમણી ને ડાબી બાજુએ ઊભી રાખીને પહેલાં તે બન્નેના કાનમાં કંઈક કહેવાની માફક તેના કાનની નજીક મુખ કરીને પછી બન્નેને જોરથી આલિંગન કર્યું. તે વખતે એવું લાગતું હતું જાણે કે કલ્પવૃક્ષની બન્ને બાજુએ કલ્પલતાઓ ઝૂકી હોય અથવા કામદેવ વિનોદ વિહારમાં બન્ને બાજુએ પાંચાલિકાઓને આલિંગન આપી રહ્યા હોય તેવું લાગતું હતું.

બન્ને રાણીઓ ગભરાણી. ગમે તેમ કરીને છટકવાનો ઉપાય કર્યો. ભરતે પણ પોતાના મનની વાત પૂર્ણ થયા પછી તેમને છોડી દીધી.

એવામાં બધી રાણી હસવા લાગી. ભરતજી પણ જરા હસ્યા. કુસુમાજી બધાથી વધારે હસી અને કહેવા લાગી કે સારું થયું, એમજ થવું જોઈએ. હું જે કાંઈ પણ મારા મહેલમાં ગુપ્તરૂપે બોલી હતી, તેને તમોએ આવીને અહીંઆ પતિદેવને કહી નાખ્યું. શું તમોને પણ જોનારા કોઈ દેવ નથી ? તેનું ફલ પ્રત્યક્ષ તમને મળ્યું. લોકમાં એ વાત પ્રસિદ્ધ છે કે જે કોઈ લોકો કોઈનો ગુપ્ત વિષય પ્રગટ કરીને બીજાની સામે હાંસી કરે છે, તે લોકના સંબંધમાં દૈવ સ્વયં જાગૃત રહે છે. તેને લોકમાં કોઈ ન કોઈ પ્રકારે તે મશ્કરીનું પાત્ર બનાવે છે. આ વાતનો અનુભવ, બહેનો ! તેઓએ પ્રત્યક્ષ કર્યો.

હવે કુસુમાજી વિશેષ શરમાતી નહોતી. પહેલાંની જેમ હવે ખભાની પાછળ નહોતી જતી. હા ! પતિની સામે કંઈક લજ્જાયુક્તિ થઇને તે બન્ને રાણીઓપ્રતિ જોરથી કહેવા લાગી કે મારી હાંસી કરવા તમોએ પ્રયત્ન કર્યો. પરંતુ દેવને તે અસ્વીકાર હોવાથી તમારા લોકોની જ હાંસી થઈ. અત્યાર સુધી મુખ નીચું રાખીને બેઠેલી કુસુમાજીને હર્ષપૂર્વક બોલતી જોઈને સમ્રાટ પ્રસન્ન થયા.

અમરાજી અને સુમનાજી જરીક આગળ આવ્યા અને જરીક નીચું મોઢું રાખીને કહેવા લાગી. 'સ્વામી ! બધા લોકોની સામે આ પ્રકારનો વ્યવહાર કરવો તે શું આપને યોગ્ય છે ? આપ જ વિચાર કરોની.'

ભરતજી બોલ્યા કે અહીંઆ બીજું કોણ છે ? આ બધી રાણીઓ મારી જ છે ને ! અને બધી તમારી બહેનો જ છે. પુરુષોમાં હું એકલો જ છું. આવી સ્થિતિમાં તમારા લોકોને લજ્જા કેમ આવે છે ? મને તમારી કાવ્ય રચનાથી હર્ષ થયો, ત્યારે તો મેં તમને આલિંગન કર્યું એમાં શો દોષ છે ? મારી સ્ત્રીઓને હું આલિંગન કરું એ શું અયોગ્ય છે ?

સ્વામી ! આ બાબતમાં અમારે કાંઈ પણ કહેવાનું નથી, પરંતુ કુસુમાજીના સંબંધમાં અમે કાંઈ ઉપાય કહેશું એમ કહીને આપે ચાલબાજીથી અથવા જૂઠા તંત્રથી કેમ અમને પાસે બોલાવ્યા ? એમ તેઓ કહેવા લાગી.

આ બાબતમાં મારું તંત્ર કેમ જૂઠું થયું ? આ ઉપાયથી શું કુસુમાજી ન હસી ? એ તો હું પણ ઈચ્છતો હતો. એને માટે જે ઉપાય કહેવાનો હતો તે કરીને બતાવ્યો. એમાં શું બગડયું ! વિચાર તો કરો, સમ્રાટે જવાબ આપ્યો.

ત્યારે બન્ને જણીઓ એક બીજાને કહેવા લાગી, બહેન ! તમે પતિદેવને નહિ જીતી શકો. આવા પ્રસંગમાં તેમની સાથે વિશેષ વાત કરવી તે પોતા ઉપર આપત્તિ લાવવા યોગ્ય છે, તેથી અહીંથી આપણી બહેનો પાસે જવું સારું, એમ કહીને ત્યાં જવા લાગી. કુસુમાજીને સામે જોઈને કહેવા લાગી. બહેન ! તમે જે કંઈ બોલ્યા હતા તે સાચું હતું. અમે બન્નેએ તમારી સ્તુતિ કરી તેનું ફળ અમને આ પ્રકારે મળ્યું. શું વિચિત્રતા છે ?

સારી વાત છે. બહેનો ! તમે મારી ખોટી પ્રશંસા કેમ કરી ? મારામાં એવો કયો ગુણ છે ? વિશેષ ગુણીજનો હીન ગુણીઓની પ્રશંસા કદી ન કરે, કરે તો તેનું પરિણામ આવું જ આવે. જો હું નાની હોઉં અને તમારી પ્રશંસા કરું તો કોઈ આપત્તિ નહિ. આવી સ્થિતિમાં તમે મારી પ્રશંસા કરો એ શું સારી વાત છે ? શું નાના મોટામાં કાંઈ ભેદ નથી જાણતા ?

ત્યારે તે બન્ને કહેવા લાગી કે બહેન ! તમે આટલો બધો રોષ કેમ કરો છો ? અમોએ વિનોદ કરવા તમારી પ્રશંસા કરી છે, બીજો કોઈ હેતુ નથી.

'ત્યારે તો હું પણ વિનોદ કરવા જ સ્પષ્ટ બની છું, બીજી કોઈ વાત નથી' કુસુમાજીએ કહ્યું.

ભરતજી આ બહેનોનો વિનોદ વ્યવહાર દેખીને મનમાં ને મનમાં હસતા હતા.

એવામાં કેટલીક રાણીઓ કહેવા લાગી કે બહેનો ! એમાં શું બગડી ગયું ? તમો આ પ્રકારે

ચર્ચા કેમ કરો છો ? વિશેષ વાચાલ બનવું એ પણ સ્ત્રીઓનો ધર્મ નથી. સોયની હારે હારે રહેવાવાળા દોરાની સમાન પોતાના પતિની આજ્ઞાનું પાલન કરતા રહેવું એ કુલીન સ્ત્રીઓનો ધર્મ છે. સ્વામીને મન જે વાત અનુકૂલ હોય એ જ વાત આપણને પણ અનુકૂલ રહેવી જોઈએ. પોતાના પતિ સાથેનો વૈભવ બીજે ક્યાં જોવા મળશે ? આપણા પતિદેવે સભામાં હસતે મોઢે ક્યારેય પોતાની પ્રસન્નતા બતાવી નથી. આજે તેમણે જે પ્રસન્નતા પ્રગટ કરી છે તે મહાન ભાગ્યની વાત છે. આ પ્રકારે બધી સ્ત્રીઓએ હર્ષ બતાવ્યો.

આ વિનોદપૂર્ણ ઘટના એવી બની કે નવીન કાવ્ય આપણે સાંભળી લીધું, અને પતિદેવને પણ હર્ષ થયો. હવે ચાલો. આપણે બધા જઈને સ્વામીની સેવામાં ભેટ ધરી આનંદથી તેને નમસ્કાર કરીએ. આ પ્રકારે કહી બધી સ્ત્રીઓ સમ્રાટ પાસે ગઈ. ત્યાર પછી દરેક સ્ત્રીએ એક એક આભરણ ભરતેશ્વરના ચરણમાં ભેટ ધરી બહુ ભક્તિથી સ્વામીને નમસ્કાર કર્યા. વાત વાતમાં જ ત્યાં આભૂષણોનો મોટો ઢગલો થઈ ગયો.

સમ્રાટ પણ રાણીઓની વિચિત્ર ભક્તિ જોઈને પ્રસન્ન થયા. તે પંડિતાને કહેવા લાગ્યા કે પંડિતા ! જુઓ તો ખરા ! અમરાજી, સુમનાજી અને કુસુમાજીનો વિવાદ ક્યાં જતો રહ્યો. હવે તો તેઓ પ્રસન્ન દેખાય છે. અત્યાર સુધી તે ત્રણે આપસ આપસમાં ઝઘડો કરતી હતી. હવે શાંત છે. તેનું કારણ શું ?

સ્વામી ! સારી વાત છે. શું સુમનાજી અને કુસુમાજીમાં ક્યારે ય મનોવૈષમ્ય હોઈ શકે છે ? 'આજી' અર્થાત્ તરવારની લડાઈમાં હાનિ હોઈ શકે છે પરંતુ (કુસુમક-આજી) ફૂલના યુદ્ધમાં તે શું સંભવે છે ? બીજી વાત અસુરોના યુદ્ધમાં કઠોરતા ભલે હો પરંતુ (અમરક-આજી) દેવોના યુદ્ધમાં તે કઠોરતા કેમ હોઈ શકે ?

પંડિતાનું આ વાક્ચાતુર્ય સાંભળી સમ્રાટ અત્યંત પ્રસન્ન થઈ કહેવા લાગ્યા કે તમે ઘણું સારું કર્યું. લ્યો ! તમોને આ સોનાનું આભરણ ભેટ દઉં છું. એમ કહીને પંડિતાને પુરસ્કાર દીધો.

સ્વામી ! આ નારીરૂપ મણિઓની વચ્ચે ગુણનિધિ સ્વરૂપે ચિરકાલ તક રહી આપ ભોગ્ય સામ્રાજ્યનું પાલન કરો એમ કહી પંડિતા દૂર જઈને ઊભી રહી.

વળી કોણ જાણે કે ભરજીના મનમાં શું થયું કે પંડિતાને બોલાવી કહેવા લાગ્યા. પંડિતા ! અમે આજે મારા મહેલમાં ભોજન કરીએ તે ઠીક લાગશે કે અમારી કોઈ પણ એક રાણીના મહેલમાં જઈ ભોજન કરીએ તે ઠીક લાગશે ? કહો.

પંડિતાજી સમજી ગઈ કે સમ્રાટ કુસુમાજી ઉપર ખુશ થયા છે. તેના મહેલમાં જઈને ભોજન કરવાની તેમની ઈચ્છા છે. તે કહેવા લાગી; સ્વામી ! કોઈ એક રાણીના મહેલમાં જઈને ભોજન કરવું આપને માટે શ્રેયસ્કર છે.

તો પછી કહો કઈ રાણીના મહેલમાં જાઉં ?

સ્વામી ! એનો ઉત્તર જરા વિચાર કરીને આપીશ. એમ કહીને મૌન ઊભી રહી. પછી આંખ વીંચીને જરીક વિચાર કરીને કહેવા લાગી કે સ્વામી ! આજ કુસુમાજી રાણીના મહેલમાં ભોજન કરવા

જવું તે ઉત્તમ છે. ત્યારે સમ્રાટે પ્રશ્ન કર્યો કે એમ કેમ ?

ત્યારે પંડિતા બોલી કે સ્વામી ! નવીન કાવ્યની રચનાના ઉપલક્ષ્યમાં આપે બે રાણીઓનું સન્માન આ સભાભવનમાં જ કર્યું પરંતુ ત્રીજી રાણીનું સન્માન નથી કર્યું. ખરેખર રીતે જોવામાં આવે તો કુસુમાજી જ આ કાવ્યની જનની છે. એમનું સન્માન અવશ્ય થવું જોઈએ તેથી આપ તેના મહેલે જઈ ભોજન કરો તે તેનું સન્માન છે.

પંડિતા તરફ જોઈને બધી રાણીઓ આનંદ પામી કહેવા લાગી કે યોગ્ય છે, એમ જ થવું જોઈએ.

પંડિતાએ કુસુમાજીને પણ કહ્યું કે બહેન ! આજ તમારા મહેલમાં પતિદેવ ભોજન કરશે. જાઓ ! ભોજન માટે બધી તૈયારી કરો.

એમ કહેવાથી કુસુમાજી વળી લજ્જા પામી. ત્યારે બીજી સ્ત્રીઓએ જણાવ્યું કે આ અમારી સામે લજ્જા પામે છે. તેથી તેની શરમ છોડી દેવી જોઈએ, એમ વિચારી ચતુર રાણીઓ કહેવા લાગી બહેન ! જાઓ, જાઓ. આજ પતિદેવને ભોજન કરાવવાનું સૌભાગ્ય તમને મળ્યું છે. આ તમને મળેલું સૌભાગ્ય અમને બધાને મળ્યું છે એમ અમે સમજીએ છીએ. જાઓ, બધી તૈયારી કરો એમ કહીને બધાએ તેને ત્યાંથી વિદાય આપી.

કુસુમાજીના મહેલમાં આજે સમ્રાટ ભરત ભોજન કરશે. સાચો સાચ તે ભાગ્યવાન છે. એટલું જ નહિ તે ગુણવાન પણ છે. વ્યંતર કન્યાએ જેની મુક્તકંઠે પ્રશંસા કરી, જેણે પોતાના મનોગત વિચારથી ભરત ચક્રવર્તીનું હૃદય પણ હલાવી દીધું એવી કુસુમાજી ખરેખર પ્રશંસનીય છે તેથી ભરતેશ્વરના ચિત્તે તેના મહેલમાં ભોજન કરવાનો સ્વીકાર કર્યો.

હવે સભા પૂરી થઈ, બધી સ્ત્રીઓ એક પછી એક નમસ્કાર કરી ત્યાંથી જવા લાગી. વેત્રધારિણી દાસીઓ પણ બધાની પ્રશંસા કરતી થકી તેમને વિદાય આપવા લાગી.

તે દાસીઓ અમરાજી અને સુમનાજીને કહેવા લાગી; માતાજી તમારા મુખપર આજ હર્ષની રેખા છે. તેનું કારણ શું ? હા ! અમે સમજી ગયા. ચક્રવર્તીની સભામાં આપ લોકોનું સન્માન કરવામાં આવ્યું છે તેનો હર્ષ હશે.

આ પ્રકારે અનેક રીતે વિનોદ કરતી થકી તે બધી રાણીઓ ત્યાંથી ચાલી ગઈ.

બધાના ગયા પછી ભરતે વિચાર કર્યો કે હજુ સુધી મારો વખત સ્ત્રીઓમાં પસાર થયો છે. અને આત્મવિચાર માટે જરા પણ વખત ન મળ્યો. વિનોદ લીલામાં જ બધો કાળ વ્યતીત થયો. તેથી કેટલાક કાળ સુધી આત્મવિચાર કરવો જોઈએ. ત્યાર પછી સર્વ પ્રકારના શલ્યોનો ત્યાગ કરી ભરતજી પલ્યંકાસને આંખ મીંચીને બેસી ગયા અને અંતરમાં નૈર્મલ્યયોગ ધારણ કર્યો.

હજુ સુધી તેઓ સ્ત્રીઓની વચ્ચે રહીને તેની સાથે વિનોદ કરતા હતા. તે વિચાર કયાં ચાલ્યો ગયો ? તેનો તો જરા પણ અંશ તેના હૃદયમાં હવે નથી. દશ હજાર વર્ષોથી તપશ્ચર્યા કરવાવાળા

મુનિ સમાન તેમના ચિત્તની હવે નિર્મળતા છે. આશ્ચર્યની વાત છે. હાં ! તેઓ ચક્રવર્તી છે. તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કોણ કરી શકે ? ઈન્દ્રિયોને તેઓ આજ્ઞા આપે કે તમે તમારું કામ કરો તો તે ઈન્દ્રિયો નોકરની માફક તેમના ઉપયોગમાં આવે છે. જો તે આજ્ઞા આપે કે જાઓ, હવે અમારે તમારી જરૂર નથી. તો તે આપ મેળે જ નાશી જાય છે. જણાય છે કે સમ્રાટે હમણાં જ તેને આજ્ઞા આપી હશે. તેથી તેનો કાંઈ પણ ઉપયોગ નથી રહ્યો.

જે વખતે બાળકો પતંગ ચગાવવા માગે છે, તે વખતે જ્યારે તેની ઈચ્છા રમવાની થાય છે ત્યારે પતંગ ચગાવે છે. જો તેની ઈચ્છા ન થાય તો પતંગદોરી વીટેલી રાખે છે. એ રીતે ભરતના ચિત્તની પરિણતિ છે. વિષયાભિલાષાની તેમની ઈચ્છા હોય તો તેઓ પોતાનું મન અને ઈન્દ્રિયોને તે તરફ જવા દે છે. નહિતર તેને પોતાની ઈચ્છાનુસાર રોકી લે છે. ક્યારેક પોતાની ઈન્દ્રિયોથી બહારનું કામ લે છે. ક્યારેક તે ઈન્દ્રિયો પાસે આત્મકાર્ય કરાવે છે. ક્યારેક પોતાનો ચક્ષુ-ઉપયોગ બહાર લગાવી સેવકો દ્વારા ઈચ્છિત કાર્ય કરાવે છે અને ક્યારેક તે જ આંખોને મીંચીને અંતરમાં તે ઈન્દ્રિયરૂપ સેવકો દ્વારા નિજ આત્માની સેવા કરાવે છે. તેઓ બહારમાં ઈન્દ્રિય ભોગો ભોગવે છે, અંતરમાં અતીન્દ્રિય સુખ અનુભવે છે. તેનું નામ જિતેન્દ્રિય છે. ઈન્દ્રિયના ભોગો ભોગવવા છતાં પણ અતીન્દ્રિય સુખનો અનુભવ થવો એ સામાન્ય વાત નથી.

લોકમાં એવા ઘણા તપસ્વી છે જે પોતાનું મસ્તક મૂંડાવે છે, શરીર સૂકવી નાખે છે, અનેક પ્રકારના કષ્ટો સહે છે, પરંતુ એ બધાં બાહ્યતપ છે. ભરતે પોતાના મન ઉપર કાબૂ મેળવ્યો છે. તેની દૃષ્ટિમાં શિર મૂંડવાને બદલે મન મૂંડવામાં અધિક મહત્વ છે. શરીરને સૂકવી નાખવા કરતાં કર્મ સૂકવી નાખવામાં તેમને વિશેષ આનંદ આવે છે. બાહ્ય દ્રવ્યોને દેખતા થકા કરવામાં આવેલાં તપ કરતાં, આત્મદર્શન પૂર્વક કરવામાં આવેલી તપશ્ચર્યા અધિક પ્રિય છે.

શાસ્ત્રોના મર્મ સમજ્યા વગર કેવલ વસ્ત્રને જ પરિગ્રહ સમજી તેનો ત્યાગ કરનાર તે મુનિ નથી. વસ્ત્રની જેવા જ ત્રણલોક ને ત્રણ શરીર પરિગ્રહ છે, એમ સમજીને કેવલ આત્મામાં તૃપ્ત રહેવાવાળા રાજયોગી છે. પરિગ્રહની વચ્ચે બેસી રહેવા છતાં પણ તેઓ પરિગ્રહથી અલગ છે. શરીરની અંદર રહેવા છતાં પણ તેઓ શરીરથી જુદા છે. સાચે સાચ તેમની અલૌકિક શક્તિ છે.

લોકની સર્વ સ્ત્રીઓ છોડી પોતાની સ્ત્રીમાં રત રહેવાવાળા શું તે જડ બ્રહ્મચારી છે ? નહિ ! નહિ ! કેવલ આત્મામાં રત રહેવાવાળા તે ભરત દૃઢ બ્રહ્મચારી છે. વિચાર કરો કે આત્માનું જ નામ બ્રહ્મા છે. પોતાના આત્મારૂપી આકાશમાં પોતાના મનનો સંચાર કરાવવો એ જ બ્રહ્મચર્ય છે. અને એજ મુક્તિનું બીજ છે, સ્ત્રીનો ત્યાગ કરવો તે વ્યવહાર બ્રહ્મચર્ય છે. પોતાનું ચિત્ત આત્મામાં લગાવવું તે નિશ્ચય બ્રહ્મચર્ય છે.

બાહ્ય સર્વ પરિગ્રહ છોડી અંતરંગ પરિગ્રહથી પરિપૂર્ણ દંભાચારી મુનિ જગતમાં ઘણા હોય છે. શું ભરતેશ્વર તેવા છે ? નહિ ! નહિ ! બાહ્યથી જોવામાં આવે તો ભરત પાસે બધુંય છે. અંતરથી કાંઈ નથી બધા આંતરિક પરિગ્રહોનો તેમણે નાશ કર્યો છે, તેથી તેઓ મહાન આચાર્ય સમાન છે.

તેમની કેટલી પ્રશંસા કરીએ ? ભોજન કરવાં છતાં પણ તેઓ ઉપવાસી છે, ભોગવવા છતાં

તેઓ બ્રહ્મચારી છે, હાથમાં ભૂમંડલ હોવા છતાં પણ નિષ્પરિગ્રહી છે, મસ્તકે વાળની વૃદ્ધિ થવા છતાં પણ તેમનું મન મુંડિત છે. એવા છે તેઓ અદ્‌ભુત તપસ્વી.

જિન ! જિન ! આશ્ચર્યની વાત છે કે, ભરતે આંખ મીંચીને પોતાના શરીરમાં પોતે પોતાને જોયા, ત્યાં જ સિદ્ધ પરમેષ્ઠીનું દર્શન કર્યું. અને આત્મસુખનો અનુભવ કર્યો. ભરતજીને આ વખતે આત્મા સર્વાંગે દેદિપ્યમાન દેખાય છે. જેમ જેમ આત્મદર્શન થાય છે તેમ તેમ કર્મ શિથિલ બનીને નિર્જરી જાય છે. જેમ જેમ કર્મો ખરી જાય છે તેમ તેમ જ ચૈતન્યપ્રકાશ વધતો જાય છે. અને ભરતજીને અપૂર્વ સુખનો અનુભવ થાય છે.

ક્યારેક તેઓ આત્મજ્યોતિને પુરુષાકાર દેખે છે તો ક્યારેક કેવલ પ્રકાશરૂપે દેખાય છે. ક્યારેક વચ્ચે ચંચળતા આવી જાય છે તેથી અચાનક અંધકાર આવી જાય છે, અને તે પ્રકાશ મલિન થઈ જાય છે. આ પ્રકારે ક્યારેક અંધકાર, ક્યારેક પ્રકાશ અને ક્યારેક મલિન પ્રકાશરૂપ આત્મસ્વરૂપ ભરતને પ્રત્યક્ષ થાય છે. જ્યારે અપૂર્વ આત્મજ્યોતિનું દર્શન થાય છે ત્યારે આનંદથી ભરતેશ્વરને રોમાંચ થાય છે. અંતરમાં સુખની પણ વૃદ્ધિ થાય છે. ભરતેશ્વર આનંદ ને આશ્ચર્યમાં મગ્ન થઈ જાય છે, અંતરમાં આત્માનો પ્રકાશ સ્પષ્ટ દેખાય છે. તે પ્રકાશમાં તેમને એ પણ દેખાય છે કે વેળુની જેવા કર્મરેણુ પણ સરકી સરકીને ખરી જાય છે. સાથે સાથે આત્માનંદ નદીનાં પ્રવાહની વૃદ્ધિની જેમ વધે છે.

આ રીતે ભરતના ચિત્તની દશા થઈ રહી છે. આ વાત બધા લોક માનવા તૈયાર નહિ થાય, કેમકે આ આત્મતત્ત્વનો અનુભવ સ્વસંવેદનજ્ઞાનગોચર છે. ભવ્યોને જ તેનો અનુભવ થઈ શકે છે. અભવ્યોને નહિ. આ જૈનશાસ્ત્રનું કથન છે. સિદ્ધાંતનું આ સિદ્ધ રહસ્ય છે. અભવ્યોના ચિત્તને આ વિષય પરમ વિરુદ્ધ લાગે છે.

આ પ્રકારે ભરતજી પોતાના આત્મયોગામૃતમાં ડૂબી જતા થકા પોતાના મનના લોભાદિક દોષો ધોઈ રહ્યાં છે. જેમ જેમ દોષ ધોવાય છે તેમ તેમ તેઓ સુખી થાય છે. તેમને સુખ સમુદ્રમાં ડૂબકી મારવા દ્યો. આપણે લોકો સંસારમાં ગોથાં ખાય છે. ભરતજી સંસારમાં રહેતા થકા પણ આત્મસુખમાં મગ્ન છે. કેવી વિચિત્રતા છે એ.

વાચકને આશ્ચર્ય થશે કે આ પ્રકારનું સામર્થ્ય ભરતેશ્વરમાં કેવી રીતે આવ્યું ? તેઓએ તે વાસ્તે ક્યા સાધનનું અવલંબન લીધું હતું ? કે જેથી તેમને ઈન્દ્રિયોની સાથે અતીન્દ્રિય સુખનો પણ અનુભવ થાય છે. વાચકને સ્મરણ રહે કે ભરતજી પરમાત્માને પ્રાર્થના કરતા હતા.

''હે આત્મા ! લોકને દેખવા માટે તને મનની જરૂર નથી. તમારા આખા શરીરમાં જ્ઞાનરૂપી નેત્ર છે. પદાર્થોનો વિચાર કરવા માટે તને મનની જરૂર નથી તમારા આખા શરીરમાં (જ્ઞાનરૂપી) મન છે. આત્માંગમાં સર્વત્ર વિચાર શક્તિ છે. અનંત સુખ અને વીર્ય છે. તેથી તમે તમારા પ્રકાશની સાથે મારા હૃદયમાં સદા નિવાસ કરતા રહો.''

આ ભાવનાનો આ સંસ્કાર છે.

# ૯. સરસ સંધિ

હું આત્મા છું. જ્ઞાન મારો સ્વભાવ છે. તે મારું શરીર છે આ પ્રકારે ચિંતવતા થકા પોતાના જ્ઞાનનેત્રદ્વારા ભરતજી પરમાત્માનું દર્શન કરી રહ્યા છે.

સૌથી પહેલાં તેઓ આત્મા ભિન્ન છે, શરીર ભિન્ન છે એ પ્રકારના મંત્રનો અનુભવ કરવા લાગ્યા, ત્યારબાદ એ વિચાર તો છૂટી ગયો અને હવે તેઓ આત્મામાં જ નિમગ્ન થવા લાગ્યા. તેમના હૃદયમાં હવે કોઈ સંકલ્પ નથી. વિકલ્પ નથી. અને બહારનો વિચાર જ નથી; હવે તો તેઓ આનંદરસમાં મગ્ન થઈ રહ્યા છે. કર્મોની નિર્જરા બરાબર થાય છે. આત્મપ્રકાશ વધતો જાય છે. જ્ઞાનને સુખની વૃદ્ધિ થાય છે. હવે ભરત પોતાનું રાજ્ય ભૂલી ગયા છે. સ્ત્રીઓનો તેમણે ત્યાગ કર્યો છે. હવે તેમને શરીરની પણ સ્મૃતિ રહી નથી. તે રાજ્યાધિપતિ તે વખતે સિદ્ધોની સમાન નિર્મલ આત્મસામ્રાજ્યમાં નિમગ્ન હતા. તે વખતે જરાપણ હલવું થતું નહોતું. પ્રેક્ષકોને એવું જણાતું હતું કે જાણે કોઈ સોનાની પૂતળી લાવીને તે સિંહાસન પર જડી દેવામાં તો આવી ન હોય ! કોઈ પૂછે કે સમ્રાટ ક્યાં છે ? તો ઉત્તર મળતો કે મહેલમાં છે. મહેલમાં કઈ જગ્યાએ છે ? અંતઃપુરના દરબારમાં છે. ત્યાં પણ કઈ જગ્યાએ છે ? શું કરે છે ? સિંહાસન ઉપર બેઠા છે. સિંહાસન પર પણ બેસવા છતાં પોતાના શરીરની અંદર છે. પરંતુ બધું અસત્ય કથન છે. એ વખતે ભરતજી ન તો મહેલમાં, ન સિંહાસન પર કે ન તો દેહમાં હતા. તે વખતે તો તેઓ પોતાના આત્મામાં બિરાજમાન હતા. એ વખતે ભરતજીને એવો અનુભવ થઈ રહ્યો હતો કે જાણે કે આકાશ સ્વયં પુરુષાકાર થઈને જ્ઞાન કે પ્રકાશના રૂપે થઈ આ શરીરમાં આવી ગયું હોય. આ પ્રકારે તેઓ પરમાત્માનો અનુભવ કરી રહ્યા હતા. આ પ્રકારે બહારની બધી વાતો ભૂલી જઈ પોતે પોતામાં અત્યધિક લીન થઈને આત્માનંદનો પૂર્ણ સ્વાદ લઈ રહ્યા હતા.

એટલામાં જોરથી શંખનો ધ્વનિ ઊઠયો. તેનો અવાજ ભરતના કાન સુધી આવ્યો. તે વખતે સમ્રાટે બહુ ભક્તિપૂર્વક પરમાત્માની અષ્ટદ્રવ્યોથી ભાવ પૂજા કરી, ને નેત્ર ખોલ્યા.

એટલામાં દાસીઓએ આવી પ્રાર્થના કરી. સ્વામી ! મુનિભુક્તિનો વખત થઈ ગયો છે. આપ પધારો. ચક્રવર્તી 'જિનશરણ' 'નિરંજન સિદ્ધ' શબ્દનું ઉચ્ચારણ કરતા થકા ત્યાંથી ઊઠયા. તે સુવર્ણમય મહેલથી નીચે ઊતરી સૌથી પહેલાં તેઓએ મુનિઓનું પ્રતિગ્રહણ કર્યું, ત્યાર પછી તે સત્પાત્રોને ભાવભક્તિથી દાન દઈને આદરપૂર્વક વિદાય આપી દીધી.

ભરતેશ્વર મહેલમાં બેઠા છે. એવામાં કુસુમાજી રાણીની નાનીબહેન મકરંદાજી આવી. મકરંદાજી પરમ સુંદરી છે. હજી નાની છે, તો પણ ચતુર છે. પોતાની સખીઓની સાથે ચક્રવર્તી પાસે આવી અને સુગંધી અક્ષત દઈને કહેવા લાગી કે ભાવાજી ! ભોજનની બધી તૈયારી થઈ ગઈ છે. અમારા મહેલમાં પધારો.

ભરતજી હસીને બોલવા લાગ્યા. કુમારી ! આજ હું તમારે ઘેર જમવા નહિ આવી શકું. દોઢ વર્ષ પછી આવીને જો મને બોલાવશો તો હું આવીશ. હાલ તમે જાઓ.

ભાવાજી ! મારી બહેનને ઘેર તમને બોલાવ્યા તો આપ મશ્કરી કરો છો, શું એ ઉચિત છે ?

કુમારી ! તમે બહેનના ભવનનું નામ ક્યારે લીધું ? તમે તો એમ કહ્યું હતું કે અમારે ઘેર ભોજન વાસ્તે ચાલો, જો હું તેથી એવું સમજ્યો તો અનુચિત શું છે ?

સારું ! રહેવા દો આપનો આ વિનોદ. હવે ઘણો વખત થઈ ગયો છે. આપ ભોજન વાસ્તે ચાલો. બહેન કુસુમાજી આપની રાહ જુએ છે.

સારી વાત ! ચાલો ! એમ કહી સમ્રાટ કુસુમાજીને ઘેર જવા નીકળ્યા. તે વખતે બરાબર એવું જ લાગતું હતું કે જેમ કુસુમને ચૂસવા ભ્રમર જતો હોય. સમ્રાટ પધારે છે એ સમાચાર પહેલેથી જ સેવિકાઓએ કુસુમાજીને આપ્યા. તે વખતે કુસુમાજી પોતાની સખીઓની સાથે ભરતેશ્વરનું સ્વાગત કરવા આવી. અને પછી કુસુમાજીએ ભરતની પાસે જઈને તેમની રત્નોથી આરતી ઊતારી અને ઘણી ભક્તિપૂર્વક તેમના ચરણમાં પોતાનું મસ્તક રાખ્યું. પોતાના હાથના ટેકે તેને ઉઠાવતાં ભરતેશ્વરે કહ્યું કે કુસુમી ? રહેવા દો. આ પ્રકારની ભક્તિની શી જરૂર છે ? વળી સાત આઠ હાથ આગળ વધીને તેણે પોતાના હાથોથી ભરતેશ્વરના ચરણો ધોયાં અને બહુ ભક્તિપૂર્વક પોતાના વસ્ત્રથી તેના ચરણો લૂછયાં. ને હવે ભરતેશ્વરે કુસુમાજીના મહેલમાં પ્રવેશ કર્યો.

અંદર પહોંચતાં સમ્રાટે પાંજરામાં ટાંગેલા એક પોપટને જોયો. ચક્રવર્તીને જોઈને પોપટ કહેવા લાગ્યો કે બહેન ! અમારા મહેલમાં ભાવાજી આવી ગયા છે. તેમને બિરાજવા માટે સિંહાસન તો મંગાવો, તેમનો સત્કાર કરો.

ત્યાં એક સિંહાસન તૈયાર રાખ્યું હતું. 'શું એનું નામ અમૃતવાચક છે' એમ પૂછીને સમ્રાટ તે સિંહાસન ઉપર બેસી ગયા.

તે પોપટ કહેવા લાગ્યો કે ભાવાજી ! આપ પધારો, આપ મહાન ગુણવાન છો. આપ અહીં આવ્યા તે ઘણું સારું થયું. ભાવાજી ! આપ કુશલ છો ને ? આપ વારંવાર કેમ નથી આવતા ? શું આપને રાજા હોવાનું અભિમાન છે ? નહિંતર અમારા બહેનના મહેલમાં કેમ નથી પધારતા ? અસ્તુ ! આજ આવી ગયા, મારા ફંદમાં આવી ગયા. હવે જોઉં કે આપ કેવી રીતે નીકળી જાઓ છો ?

પોપટની વાત સાંભળીને ભરતેશ્વરને હસવું આવ્યું.

ત્યારે પોપટ બોલવા લાગ્યો કે ભાવાજી ! તમને હસવું આવે છે. આપ અત્યાર સુધી દૂર હતા, હવે આપ નજીક આવ્યા છો. હવે જોઈએ કે મારી બહેન આપને હાંસીમાં કેવી રીતે ફસાવે છે, મારી બહેનના બન્ને હાથ બંધનની સમાન છે. હવે હું જોઉં છું કે તેનાં બંધનમાંથી કેવી રીતે બચીને જશો. પ્રેમથી કુસુમાજી બહેનની સાથે રહેવું હોય તો રહો. જો નીકળીને જવા ઈચ્છશો તો બહેનના નેત્રકટાક્ષરૂપી ચાંદીની સાંકળોથી બંધાવી નાખીશ. હું તો પિંજરામાં બંધાયો છું. જો જવાનો પ્રયત્ન કર્યો તો બહેનની દંતપંક્તિઓના પ્રકાશરૂપી સોનાના પિંજરામાં તમને પણ કેદ કરીને રખાવીશ. જાણી લીધું ?

''અમૃતવાચક ! તમને અને તમારી બહેનને મેં શું દુઃખ દીધું કે આટલો ક્રોધ કરો છો. આપ જનોને હું શિષ્ટ સમજીને આવ્યો છું, પરંતુ તમે બંને દુષ્ટ જણાઓ છો.'' ભરતે કહ્યું.

રાજા આપને મારી વાતોથી દુઃખ થયું ? સારું, કાંઈ વાંધો નહિ, હવે તમે અમારા મહેલમાં બહેનના અધરનું સંજીવન અમૃત પીતા થકા જીવનસિદ્ધિ પામો. હવે તો મારી વાત સારી લાગે છે ને ? મારે માટે જાંબુડાનું ફળ જંગલમાં છે. તમારે માટે જાંબુ બહેનનાં મુખમાં છે, હું જંગલમાં જઈને ખાઉં છું તમે અહીંઆ ખાઈને સુખી રહો. બહેનનું મધ્ય સિંહલદેશ છે, કેશબંધન કુન્તલદેશ છે, કર્ણ કર્ણાટક દેશ છે, છાતી કાશ્મીરદેશ છે. તેથી બહેનના શરીરરૂપી રાજ્યનું પાલન કરો. અહીંથી કેમ જાઓ છો ? બીજું પણ સાંભળો તેનું યૌવન વન સમાન છે. સૌંદર્ય સુંદર જળથી ભરેલાં તળાવ કે નદીઓની સમાન છે. ભાવાજી હવે ખૂબ વનક્રીડા કે જળક્રીડાથી પોતાનો સંતાપ શાન્ત પાડો, આ બધાં વચનો આપને સારાં લાગશે, પરંતુ એક બીજી વાત છે. મારી બહેનના મુખમાં એક મધનો ઘડો ભરેલો છે. તે અત્યંત મધુર છે, પરંતુ ભાવાજી ! તેનો સ્વાદ આપ કેવી રીતે લઈ શકશો, આપ તો જૈન છોને ?

ભરતજી પોપટની વાત સાંભળી જરા હસ્યા, પરંતુ તેઓએ એ જાણી લીધું કે પોપટની ચતુરાઈ નથી. આ કોઈએ શીખવ્યું છે. શિખડાવનાર કોણ છે ? કુસુમાજીની બહેન મકરંદાજી નું આ કાર્ય છે. તેણે આ તંત્ર રચ્યું છે. એમ મનમાં વિચાર કરી તેઓ તેના ઉપર પ્રસન્ન થયા.

મકરંદાજીને આલિંગન આપી પોતાનો સંતોષ વ્યક્ત કરું એવી ઈચ્છા ભરતેશ્વરને થઈ આવી, પરંતુ તે નજીક આવે કેવી રીતે ? એનો ઉપાય વિચારીને ભરતજી કહેવા લાગ્યા, દેવી ! પોપટના વાક્ચાતુર્યથી હું પ્રસન્ન થયો છું. તેને જરાક મારી પાસે તો લાવો.

એ વાત સાંભળી મકરંદાજી પોપટ લઈને ભરતજી પાસે ગઈ અને જે વખતે તે તેના હાથમાં પોપટ આપતી હતી તે વખતે ભરતજીએ એકદમ તેને પકડી લીધી ને આલિંગન કર્યું.

મકરંદાજીએ લજ્જાની મારી મુખ છૂપાવીને આમતેમ ભાગવા મહેનત કરી. પરંતુ ભરતજીએ તેને જોરથી પકડી રાખી. તેઓએ તેને એક ચુમ્બન કરી છોડી મૂકી. અને કહ્યું કે દેવી ! હું તમારા પર પ્રસન્ન થયો છું.

ત્યારે રાણી કુસુમાજી પૂછવા લાગી કે સ્વામી ! આપ બહેન ઉપર આ રીતે આટલા જલદી પ્રસન્ન કેમ થઈ ગયા ?

કુસુમાજી ! રહેવા દો. આપ લોકોનું બધુંય તંત્ર હું જાણું છું. શું તમે નથી જાણતા ! આજે આ પોપટ જે નવી વાત બોલ્યો છે તેમાં મકરંદાજીનો હાથ છે. શું તેણે તેને નથી શીખવ્યું ? બોલો તો ખરા. તેથી હું તેની બુદ્ધિમત્તા ઉપર પ્રસન્ન થયો છું. તેથી તે પ્રસન્નતાને લીધે તેને આલિંગન કરીને છોડી છે. બીજી કોઈ વાત નથી.

ત્યારે કુસુમાજી નાની બહેન મકરંદાજીને કહેવા લાગી કે બહેન ! જોઈ લીધું ને ? મેં તે વખતે તમને કહ્યું હતું કે આ કામ તમે ન કરો. અમારા પતિદેવ હવાની ચાલને પણ જાણવાવાળા છે. તેમની સામે તમે પોતાનું ચાતુર્ય શું દર્શાવો છો ? તો પણ તમારી સમજમાં ન આવ્યું. પતિદેવના આવવાના સમાચાર સાંભળી અને મારી તૈયારી જોઈને તમે બેઠા બેઠા પોપટને કાંઈક શિખવવા જ મંડયા. મેં પૂછયું બહેન ! શું કરી રહ્યા છો ? એવું કાર્ય ન કરો.

તમે ઉત્તર આપ્યો. 'બહેન ! આજ ભાવાજી પોતાને ઘેર ભોજન કરવા આવવાના છે. જ્યારે આવીને આ મહેલમાં પ્રવેશ કરે ત્યારે આ પોપટ પાસે કાંઈક સરસ વ્યવહાર કરાવીશ.'

મેં ઉત્તર આપ્યો. બહેન ! તમે પતિદેવ આગળ તમારી બુદ્ધિમતા દર્શાવવા પ્રયત્ન ન કરો. તેઓ તે કોરા આકાશમાં રૂપ ચીતરવા સુધીનું સામર્થ્ય ધરાવે છે. તેથી આ કાર્યમાં વ્યર્થ પ્રયાસ ન કરો એમ કહેવા છતાં પણ તમે માન્યું નહિ. મેં તેમ છતાં ઘણો જ વિરોધ કર્યો તોપણ તું શિખવાડવા લાગી. પોપટને મને દેવા કહ્યું પરંતુ તમે તેને પણ લઈને ઊઠયા, વળી સખીઓને તેને પકડવા કહ્યું તો તમે તે લોકોના હાથમાં ન આવતાં જલદી બગીચામાં નાસી ગયા. એની સાથે રમત ગમત કરવાનો આ વખત નથી. એમ વિચારી હું મારા ઘરકામમાં લાગી રહી અને આ બગીચામાં જઈને બધું શીખવી હસતી હસતી આવી.

દેવ ! મેં આ વચનો ક્યારેય સાંભળ્યા નથી. આજે જ આ પોપટના મુખે આ વચનો સાંભળું છું. આ વાત હું તમને સોગનપૂર્વક કહું છું. એની વૃત્તિ જોઈને એને હવે કન્યા કહેવી કે કુટિલ કામિની કહેવી, એ સમજાતું નથી. આ પ્રકારે કુસુમાજી પોતાના બહેનના સંબંધમાં ભરતજીને કહેવા લાગી.

મકરંદાજી કહે બહેન ! મેં તમારી અને તમારા રાજાની સાથે શી કુટિલતા કરી, જરીપણ બતાવી શકો છો ? 'દેવી ! જરા પોપટને અહીં લાવો એવું કહી મને નજીક બોલાવી જોરથી પકડી રાખવાવાળા તમારા રાજા જ કુટિલ છે.

કુસુમાજી કહેવા લાગી ધૂર્તા ! બહુ બોલ બોલ ન કરો, મોઢું બંધ કરો. તમારાથી પ્રસન્ન થઈ રાજાએ તમારું સન્માન કર્યું ત્યારે તમે તેમની કુટિલતા કહો છો.

બહેન ! કુસુમાજી ! એ સન્માન તમને મુબારક રહો. મારે જરૂર નથી. શું હું એમની રાણી છું, કે એઓએ આટલા જોરથી પકડીને મને આલિંગન કર્યું ? આ કુટિલતા નથી તો બીજું શું ? હું તો મારી મોટી બહેનને જોઉં એ અભિલાષાથી અહીં આ મહેલમાં આવી, પરંતુ મને એનું ફલ મળ્યું. હવે હું ચૂપચાપ મારે ગામ જઈશ. હવે હું આ ગામનું નામ લઉં તો હું કન્યા નહિ. સમજ્યા ! જુઓ તો ખરા, માનીઓનું સામે આવતાં જેવી રીતે માનભંગ કરવામાં આવે છે એવી રીતે એણે અમારું અપમાન કર્યું છે. હાથીની સમાન ખેંચીને મને લઈ ગયા શું એને પોતે રાજા છે એ વાતનું અભિમાન છે ?

આ વાતો કરતી કરતી મકરંદાજી વચ્ચે વચ્ચે પોતાના મુખનો આકાર રોવા જેવો કરે છે. ક્યારેક આંખો ચોળે છે. અંદર સંતોષ છે. કેવલ બહારથી તે આ પ્રકારે બોલે છે. ક્યારેક ભરતની તરફ ત્રાંસી આંખે જુએ છે, અને પછી ઊંડો શ્વાસ લઈને મોઢું છૂપાવી જરાક વળી હસે પણ છે.

ભરત પણ આ પ્રકારની તેની વૃત્તિ જોઈને મનમાં ને મનમાં જ હસે છે, કુસુમાજીની તરફ ઈશારા કરે છે કે એની ઠગબાજી જુઓ તો ખરા.

કુસુમાજી બહેનને કહેવા લાગી કે બહેન ! આ પ્રકારે કેમ દુઃખી થાય છે. તમને શું થયું ?

મકરન્દાજી કહેવા લાગી કે બહેન ! જવા દો તમારી વાત. તમારા કારણે જ મારું બધુંય નાશ થયું. સર્વસ્વ લૂટાઈ ગયું.

ત્યારે તેને સાંભળી કુસુમાજી વ્યંગ ભાવથી કહેવા લાગી. 'હા ! મારી બહેનને ઘણો અલાભ થયો, ઘણી ક્ષતિ થઈ.'

મકરન્દાજી કહેવા લાગી કે શું તમે વૈશ્ય કે શૂદ્ર જાતિમાં ઉત્પન્ન થયા છો ? શું જાતવાન ક્ષત્રિયોની કન્યાઓ આ પ્રકારે કયારેય બોલી શકે છે ? તમે આ પ્રકારે કેમ બોલો છો ? કુમારી કન્યાને અન્ય પુરુષ આલિંગન કરે એ મરણ સમાન છે. બીજું શું ખરાબી થવામાં કાંઈ બાકી રહ્યું છે?

કુસુમાજી કહેવા લાગી કે બહેન ! અમારા વિવેકી પતિદેવ પાસે તમારી કૃત્રિમ વાતો નહિ ચાલી શકે. તેઓ તો દરેકના ભાવને સારી રીતે જાણી લે છે. તમારી આંખોમાંથી નીકળતાં આંસુઓની ધારા જોઈને તેમને ઘણું દુઃખ થઈ રહ્યું છે, હવે તો રોવું બંધ કરો. બસ ઘણું થયું.

મકરંદાજીને જણાયું કે મારું રોવું ખોટું છે. એ વાતની તેમને ખબર પડી ગઈ છે. તેઓ કળી ગયા કે આંખમાંથી આંસું જ નથી નીકળતા અને એ આ પ્રકારે કહે છે તેથી તે આંખોને ચોળી ચોળીને તેમાંથી પાણી પાડવાનો પ્રયત્ન કરવા લાગી. એવામાં તેની આંખમાંથી પાણી પડવા લાગ્યાં. ચક્રવર્તી ભરત આ દૃશ્ય જોઈને જોરથી હસવા લાગ્યા. આ વખતે કુસુમાજી કહેવા લાગી. બહેન ! અમારા પતિદેવની સામે કોઈ પણ સ્ત્રીનાં દુઃખનાં આંસુ નીકળી જ નથી શકતાં. હાલ તમારા નેત્રોમાં આનંદાશ્રુ નીકળવા લાગ્યા તે ઘણું સારું થયું.

મકરંદાજી :- બહેન ! તમે તમારા પતિની જ પ્રશંસા કરો છો, પરંતુ હું તો તેમનું મુખ જોવાનું પણ પસંદ નથી કરતી. તમે તમારા પતિની વૃત્તિ શું દેખી નહિ ? એ કેવી રીતે તે શિષ્ટ છે ?

કુસુમાજી :- રહેવા દ્યોની તમારી માયા. પોપટ પાસે જે કાંઈપણ તમે છૂપાવીને બોલાવ્યું તેને તો તેઓએ પ્રગટ કર્યું છે. બીજું શું કર્યું ? તો તમે શા માટે આટલા ખીજાઓ છો ?

આ વાત સાંભળી મકરંદાજીએ કાંઈપણ ઉત્તર ન આપ્યો. અને શિર નમાવીને હસવા લાગી.

ભરતે પોતાનું થૂંક મકરંદાજીને આપ્યું. પરંતુ મકરંદાજીએ થૂ, થૂ કહીને તેનો તિરસ્કાર કર્યો. કુસુમાજી કહેવા લાગી કે મૂર્ખ ! આ શું કરો છો ? અમારા પતિદેવનું થૂંક અમૃત સમાન છે. તે અમૃત આપતા તિરસ્કાર કેમ કરો છો ?

મકરંદાજી :- બહેન ! તમારા માટે અમૃત હશે, મારા માટે નહિ. એમ કહીને ત્યાં રાખવામાં આવેલા સોનાના કલશથી જળ લઈને કોગળા કરવા લાગી અને કહેવા લાગી કે જિન ! જિન ! ઘણું અનર્થ થયું. વળી જપ કરવા લાગી અને આંખો મીંચીને ધ્યાન કરવા લાગી, જેવી રીતે કોઈ મહાન ભારે પાપની નિવૃત્તિ કરતી હોય. વળી આંખ ઉઘાડીને ભરત તરફ જોઈ રહે છે, અને લજ્જિત થઈ શિર નમાવી દે છે.

વળી કુસુમાજી તેને ચીડવવા માટે કહેવા લાગી કે બહેન ! આટલો ઢોંગ કેમ કરો છો ! અમારા પતિદેવના થૂંકનો સ્પર્શ થવા માત્રથી તમારા કોટીકુલ પવિત્ર થયા એમાં દુઃખની વાત શું છે ?

મકરંદાજી :- બહેન ! આ શું બોલો છો ! આ ભરત સાથે વિવાહ થવાથી તમે પોતાના માતા-પિતાના દેશને નીચી દૃષ્ટિથી જુઓ છો ! ભલે એમના જેવી સમ્પત્તિ અમારા માતા-પિતાઓની ન હોય પરંતુ વંશમાં તો તેઓ એનાથી શું ઊતરતા છે ? પતિના ગુણોથી મુગ્ધ થઈને સ્વયં હું સુખી થઈ ગઈ છું એમ તમે કહી શકો છો. પરંતુ બધાને હલકા જોવા તે શું ડહાપણ છે ? શું એ ક્ષત્રિય કન્યાઓનો ધર્મ છે ?

આ વાત કહેતી વખતે ભરતેશ્વરના કુલ, શીલ અને ગુણો પ્રતિ મકરંદાજીના હૃદયમાં પણ પ્રસન્નતા થઈ રહી હતી. પરંતુ તે છૂપાવી તે પોતાના માતૃગૃહની પ્રશંસા કરી કહેવા લાગી.

બહેન ! શું હતભાગ્ય રાજકુમારી જો કોઈ મહાન ભાગ્યવાન રાજાની રાણી થઈ જાય તો તે પોતાના ચાતુર્ય અને પ્રેમથી માતૃગૃહને તેની બરાબરીનું નહિ બનાવે ! જો પતિને પ્રસન્ન કરી તે પોતાના માતા પિતાની પ્રતિષ્ઠા ન વધારે તો તેને રાજપુત્રી કેમ કહેવી જોઈએ ? ઉત્તમ ક્ષત્રિય કુલમાં ઉત્પન્ન કન્યાઓનું એ કાર્ય હોવું જોઈએ કે તે ગમે તેટલી સંપત્તિશાલી રાજાઓના ઘરમાં જાય ત્યાં સુધી કે ચક્રવર્તીના ઘરે જ કેમ ન જાય, ત્યાંય પણ પોતાનાં માતા પિતાના ઘર, ધન, પતિના મન પિતાના મન અને પોતાના મન આદિના વિષયમાં તેને પોતાની કુશલતાથી સમાનતારૂપે પ્રતિષ્ઠા લાવવી જોઈએ. બહેન ! મોટે ઘેર પ્રવેશ કરવાથી જે ઘરમાં જન્મ થયો છે, તેને ભૂલી જવું તે કોઈ બુદ્ધિમત્તા (ડહાપણ, વિવેક, ચતુરાઈ) નથી, એ રાજકન્યાઓનું લક્ષણ નથી. એવી અવસ્થામાં, બહેન ! હવે પોતાના ઘરની પ્રશંસા કરવી છોડી દઈને આ રાજાની જ પ્રશંસા કરવી શું તમને ઉચિત છે ?

આ વાતો સાંભળી કુસુમાજી બોલવા લાગી. બહેન ! આ બધી બુદ્ધિમતા તમારી પાસે જ રહેવા દો. જે વખતે તમારો વિવાહ કોઈ રાજાની સાથે થશે તે વખતે ત્યાં રાજકન્યાઓનું ચાતુર્ય બતાવજો, હું કોરો (લુખ્ખો) ઘમંડ કરવાનું નથી જાણતી. લોકના અન્ય રાજાઓનું અન્ય રાજાઓની બરાબરીમાં વર્ણન કરી શકાય છે, પરંતુ લોકના બધા રાજાઓને એકછત્ર તળે રક્ષણ કરવાવાળા પતિદેવની અન્ય લોકોની સાથે બરાબરી કરવી અસંભવ છે.

બહેન ! તમે જ બોલો. પ્રથમ તીર્થંકરના જે પ્રથમ પુત્ર છે, પ્રથમ ચક્રવર્તી છે અને સોળમા મનુ છે તેમની બરાબરી કરવાવાળા શું લોકમાં કોઈ મળી શકે છે ? દુર્ગંધ શરીરને દુર્ગંધ શરીરની જોડી મળી શકે છે પણ મળમૂત્ર રહિત નિર્મલ શરીરની કોઈ જોડી મળી શકે છે ? બહારના વિષયોથી પ્રસન્ન થવાવાળા મૂર્ખાઓની જોડી મળી શકે છે, પણ પરમાત્મયોગનો અનુભવ કરવાવાળા આત્મસુખી પતિ દેવની બરાબરી કોણ કરી શકે છે ?

મેં જે કાંઈ પણ જોયું તે કહ્યું, એમાં કાંઈ પણ અસત્ય નથી. દુનિયામાં જેટલા રાજા છે, માંડલિક છે તેઓ જો અમારા પતિદેવને અનુકૂલ છે ત્યારે તો તે રાજા છે નહિંતર દુષ્ટ છે એ તમે જાણો છો ?

તેથી મકરંદા ! નકામી વાત ન કરો. અહીંયાં તમારું અભિમાન નહિ ચાલી શકે, અભિમાન કરવા માટે બીજું કોઈ સ્થાન શોધી લ્યો, અહીં તેને વાસ્તે સ્થાન નથી, તમે જો કોરા (લૂખા, ખાલી) અભિમાનપૂર્ણ વચન બોલો છો તેથી તમારું અને તમારા માતૃગૃહનું અહિત છે. મારા પતિદેવની આગળ આમ કેમ બોલી રહ્યા છો ? મોઢું બંધ કરો.

મકરંદાજી :- બહેન કેવી વિચિત્રતા છે ! આ રાજાએ તમારી ઉપર ખૂબ વશ્યયંત્ર ચલાવ્યું છે, તેથી તમે તેના સિવાય બીજું કાંઈ દેખતા જ નથી, તમે તમારા મનને તેને વેચી દીધું છે. પાંચ ઈન્દ્રિયોમાંનો અનુરાગ એના પ્રતિ સ્પષ્ટ દેખાય છે. શરીરને સર્વ પ્રકારે તમે તેને અર્પી દીધું છે. સુખમાં મગ્ન થઈને તમે તમારું માતૃગૃહ ભૂલી ગયા એમાં આશ્ચર્ય શું છે ? બહેન ! શું તમારા પતિના તાંબૂલમાં કોઈ ઔષધિ તો નથી ? અથવા તેમની ભુજામાં કોઈ વશ્ય મંત્ર તો નથી ? નહિંતર તમે આ પ્રકારે કેવી રીતે ફસાઈ શકો ? મેં જૂઠું નથી કહ્યું. તેણે મને જ્યારે જરા આલિંગન કર્યું ત્યારે મારા આખા શરીરમાં રોમાંચ થયાં. અને જ્યારે મને ચુંબન કર્યું ત્યારે તો હું મૂર્ચ્છિત થઈ પડી. જવા માગતી હતી પણ સાહસ કરી સચેત થઈ ગઈ. હું મારી માનહાનિને કારણે એટલી ક્ષુબ્ધ થઈ ગઈ કે તેને લીધે મારી આંખમાંથી આંસુ જ ન નીકળ્યું. તમારા પતિની માયાને શું કહું ? એવી અવસ્થામાં તમે તેને વશ થઈ ગયા એમાં આશ્ચર્યની વાત નથી.

સમ્રાટ ભરત મકરંદાજીની વાતોને ઘણા ધ્યાનથી સાંભળતા હતા. અને તેમના મનમાં વિચાર કરતા હતા કે આ કન્યા આ બધું કયાંથી શીખી આવી છે, હજી તો તે અવિવાહિત છે, હાલ જ્યારે તેની આ અવસ્થા છે તો વિવાહ થયા પછી વળી તે કેવી થશે ? ત્યારપછી સમ્રાટ પ્રગટ બોલ્યા. કુસુમાજી ! આ તમારી બહેન બહુ રુષ્ટ થઈ છે. તેને ઘણું કષ્ટ થયું છે. તેને અહીં બોલાવો ફરી તેનો જરા સત્કાર કરું, તેથી તેનું દુઃખ દૂર થઈ જશે.

કુસુમાજીઃ-બહેન ! જરા અમારા પતિદેવની પાસે અહીં આવો.

મકરંદાજીઃ-રહેવા દો. જાઓ, હું નથી આવતી, પહેલાં એકવાર તમારા પતિની પાસે આવવાનું ફળ મને મળી ગયું છે. ખૂબ મારો સત્કાર થયો છે. શું હવે પણ મને જ્ઞાન નથી ! જાઓ, હું નથી આવતી.

સમ્રાટઃ-દેવી ! પહેલા સત્કારથી તમને દુઃખ થયું. આ વખતે તેનાથી પણ વિશેષ તમને ભેટ આપીશ. તમે ગભરાઓ નહિ.

મકરંદાજીઃ-વ્યર્થ વાતોથી મારા ચિત્તમાં ક્રોધ ઉપજાવો નહિ, મને આશ્ચર્ય થાય છે કે દુનિયામાં જન્મ લઈને તમે શો માયાચાર ફેલાવ્યો છે ! સ્ત્રીઓને દેખતા જ તેમને આલિંગન કરો છો. શું એ જ તમારું ધ્યાન રહે છે ? શું તમારા પાસે સ્ત્રીઓ ઓછી છે ? હજારો સ્ત્રીઓ રહેવા છતાં પણ આ પ્રકારની તમારી વૃત્તિ ઉચિત છે ? જે તમને પ્રસન્ન છે તેમની સાથે આ વ્યવહાર યોગ્ય છે, પરંતુ જે તમારાથી બચી દૂર જવા માગે છે તેને જબરદસ્તીથી પકડી રાખવાની કે મુખને ખસેડી લેવા છતાં પણ જબરદસ્તીથી ચુંબન કરવાની તમારી આ રીત જોઈને મને હસવું આવે છે.

આ પ્રકારે મકરંદાજી કહેતી થકી અંદરમાં હસતી હતી અને વચ્ચે વચ્ચે બોલતી હતી.

કુસુમાજી રાણી જાણી ગઈ કે ભરતજીને પોતાની બહેન ઉપર પ્રીતિ ઊપજી છે. તેથી બંનેની વાત કાંઈપણ બોલ્યા વિના જોઈ રહી હતી, ત્યારે ભરતજીએ વળી મકરંદાજીને કહ્યું કે :-

અરે ધૂર્તા ! હું તમને પુરસ્કાર આપી તમારો સત્કાર કરવા ચાહું છું, પરંતુ તમે મારો તિરસ્કાર કરો છો એમ કેમ ?

મકરંદાજીએ કહ્યું:-રાજા તમે મહા ધૂર્ત છો. તે પુરસ્કાર તમારા પાસે જ રહે. મને તેની આવશ્યકતા નથી.

ભરતજી આ વાત સાંભળી હસ્યા ને કહેવા લાગ્યા કે ભલે હું ધૂર્ત છું. મારી ધૂર્તતા શું હવે બતાવું ?

આ સાંભળી મકરંદાજી એકદમ સંકોચાઈ ગઈ અને કહેવા લાગી કે આજે આપની ગંભીરતા કયાં ચાલી ગઈ ? ક્રીડા કરવાની ઈચ્છા થઈ છે. દરબારમાં બેસીને તમારા મુખમાંથી બે ચાર શબ્દોનું નીકળવું પણ દુર્લભ બને છે પરંતુ આજે આ પ્રકારે વચનોની વર્ષા કેમ થઈ રહી છે ?

ભરતજીઃ-તમે દુઃખી થયા તેથી હું તમને પુરસ્કાર આપી સંતુષ્ટ કરવા ઈચ્છતો હતો, પરંતુ તમે કાંઈ બીજું જ સમજી રહ્યા છો.

મકરંદાજીઃ-જુઓ ! વળી તે જ વાત. આપ આપનો હઠ છોડવા હજી પણ નથી ઈચ્છતા. આપે મને પહેલાં જે પુરસ્કાર આપ્યો એ પણ મને ભાર રૂપ બન્યો છે. તેથી લ્યો આ રત્નહાર આપની સામે જ ઊતારી નાખું છું. એમ કહીને પોતાના કંઠના રત્નહાર ઉપર તેને ઊતારવા માટે હાથ લગાવ્યો. આશ્ચર્યની વાત છે કે તે કંઠની બહાર ન નીકળ્યો. મકરંદાજી સમજી ગઈ કે સમ્રાટે રત્નહારને કંઠમાં રોકી રાખ્યો છે તેથી તે વિસ્મિત થઈ રાજા તરફ જોવા લાગી અને કહેવા લાગી કે, રાજા ! આ તમારો હાર મારા ગળાને કેમ નથી છોડતો. એ પણ તમારા જેવો જ હઠાગ્રહી જણાય છે. જુઓ તો ખરા તેને હું છોડો છોડો કહું છું પરંતુ તે મને નથી છોડતો.

ભરતજી બોલવા લાગ્યા કે મકરંદાજી ! મેં તમને દેતી વખતે ત્રણ આભૂષણ આપ્યા હતા. એક કંઠનો, બીજો હૃદયનો અને ત્રીજો મુખનો. પરંતુ તેમાંથી બે રાખી એક પાછો આપો છો, તેથી આ કંઠહાર તમારા ગળામાંથી નથી નીકળતો. બીજી વાત. અમે દીધેલો પદાર્થ પાછા લેવાવાળા નથી. તેથી હવે તે રત્નહારને અડકોમાં. તે તમારો જ છે. પરંતુ ધ્યાન રાખો. આજે અમારી સાથે મનમાં આવે તેમ ઉદ્‌ધૃષ્ઠતાપૂર્વક બોલ્યા છો તેથી તેનો બદલો લીધા વિના નહિ છોડું. મકરંદાજી ! છ મહિના હજી જવા દો પછી તમારી બધી ઉછળકૂદને રોકી દઈશ. ત્યાં સુધી ખમી જાઓ.

મકરંદાજીઃ- ભાવાજી ! શું આપે શો વિચાર કર્યો છે, મને કહો તો ખરા ! ભરતજી :- શું બોલું ! સાંભળો ! તમારી મોટી બહેન કુસુમાજીની સમાન બનાવી દઈશ. સમજ્યાને ?

આ વાત સાંભળી તે લજ્જાની મારી ખભાની પછવાડે દોડી ગઈ, સાથે તેને કંઈક હર્ષ પણ થયો.

તે વખતે આ વચન સાંભળી કુસુમાજીને હર્ષ થયો, તે મકરંદાજીને કહેવા લાગી કે બહેન ! અમારા પતિદેવની વાત ક્યારેય ખોટી પડતી નથી. તેથી કાલ જ પિતાજીને બોલાવીને તમારે માટે કાલ બનેલા આનંદની વ્યવસ્થા કરીશ. વિશેષ શું ? સમ્રાટના હાથમાં તમારો હસ્તમિલાપ કરી પિતાજીના હાથથી જળધારા દેવરાવીશ, જેથી તમારા બન્નેનો પરસ્પરનો વિવાદ શમી જાય. આ પ્રકારે કહી તે કુસુમાજી પોતાની બહેન પાસે જઈ કહેવા લાગી કે બહેન ! હવે તો મંગલોત્સવ થઈ ગયો એમ સમજી લ્યો. પરંતુ પુરુષને ઉત્તર આપવો તે સ્ત્રીઓનો ધર્મ નથી તેથી જે દોષ તમારાથી થયો છે તે હવે કોઈ રીતે દૂર કરો. આટલી વાર સુધી તમે મને ઉપદેશ આપતા હતા, પરંતુ સ્વયં તમે બુદ્ધિશાળી હોવા છતાં પણ નથી જાણતા. આશ્ચર્ય છે. આવો, પતિદેવને નમસ્કાર કરો. તમારા બધા દોષ દૂર થઈ જશે એમ કહેતી થકી તેનો હાથ ધરીને બોલવા લાગી.

મકરંદાજી લજ્જાને લીધે મારી સામે ન આવી. કુસુમાજીએ બહુ આગ્રહ કરવાથી તે સામે આવી. હવે તેના શરીરમાં પહેલાંના જેવી ધૃષ્ઠતા નથી. પરંતુ હવે ભરતને જોતાં જ ડરે છે, ને લજ્જા પામે છે. તેની પહેલાંની બોલચાલ, લીલા ને મદ એ બધું હવે કયાં ચાલી ગયું, સમજાતું નથી.

કુસુમાજી ફરી કહેવા લાગી કે બહેન ! હવે પતિદેવના ચરણને નમસ્કાર કરો, ને તેની પાસે જાઓ. પરંતુ મકરંદાજી લજ્જા પામી રહી છે, તો પણ મોટી બહેનના ઘણા આગ્રહથી તેમને નમસ્કાર કર્યા.

કુસુમાજીઃ-બહેન ! હવે પોતાના દોષની એમની પાસે ક્ષમાયાચના કરો.

મકરંદાજીઃ-જાઓ, મેં કોઈ દોષ જ નથી કર્યો તો ક્ષમા કઈ વાતની માગું મેં નમસ્કાર કર્યા તેજ ઘણું થયું.

મનમાં હર્ષ, અને ઉત્સાહની સાથે પોતાને નમસ્કાર કરતી મકરંદાજીને જોઈને ભરતને પણ ઘણો હર્ષ થયો. તેઓ પણ વીતેલી બધી વાતો પર મનમાં ને મનમાં જ હસતા હતા.

એવામાં કુસુમાજી કહેવા લાગી કે સ્વામી ! એની સાથે ગમ્મત ઘણી કરી. હવે જમવાનું ઘણું મોડું થયું છે તેથી કૃપા કરીને ઉપરના મહેલમાં પધારો

પિંજરામાં બેઠેલો અમૃતવાચક હજુ સુધી બધી વાતોને તટસ્થ રહીને સાંભળતો હતો. હવે સમ્રાટે તેને કહ્યું કે અમૃતવાચક ! તમે ઘણા સરસ છો. તમારી ઉપર હું પ્રસન્ન છું. એમ કહીને તેના નિવાસ માટે એક નવરત્નમય પિંજર મંગાવી આપ્યું.

ત્યારબાદ 'જિનશરણ' શબ્દોચ્ચારણપૂર્વક સમ્રાટ ત્યાંથી ઊઠયા, અને પોતાની પ્રિય રાણીની સાથે ઉપરના મહેલમાં ચાલી ગયા.

## ૧૦. સન્માન સંધિ

**સ**મ્રાટ ભરત પોતાની રાણી સાથે જ્યારે મહેલના ઉપરના ભાગમાં પહોંચ્યા ત્યારે તે મહેલની સજાવટ જોઈને તેઓ ચક્તિ થયા. કુસુમાજીને કહેવા લાગ્યા કે કુસુમાજી ! આ મહેલ તમારા નામની સમાન જ કુસુમોપહારોથી યુક્ત છે. આ કુસુમમાલાઓથી યુક્ત ચંદરવો કેટલો સુંદર છે. એની વચ્ચેનું ઝાલરવાળું સુંદર કપડું ક્યાંથી આવ્યું ? શું અમારા સસરાજીને ઘેરથી આવ્યું છે ? બોલો તો ખરા. મોતી ને માણેકની એ સુંદર લટ ક્યાંથી આવી છે ? મારી સાસુએ મને પ્રસન્ન કરવા મોકલી છે શું ? આ ઉપરનો સફેદ કિંમતી ચંદરવો ક્યાંથી આવ્યો છે ? શું તમારા મોટા ભાઈએ તમારા ચિત્તની પ્રસન્નતા માટે મોકલ્યો છે ? આ બધી ફૂલની માલાઓ વગેરે ક્યાંથી આવ્યું ? શું તમારા નાના ભાઈઓએ મોકલી છે ?

કુસુમાજી ! અહીંઆની સજાવટ હરેક પ્રકારે સુંદર બની છે. એ જોઈને હું ખુશ થયો છું. આ ઘર નવરત્નમય શોભિત બન્યું છે. મેં તો તમને આ પદાર્થો ક્યારે ય આપ્યા નથી. તો તમે તેનો સંગ્રહ ક્યાંથી કરી લાવ્યા ? બોલો તો ખરા ! આ પ્રકારે ભરત ઘણા આગ્રહપૂર્વક પૂછવા લાગ્યા. બોલતી વખતે પ્રેમથી ક્યારેક તેને કુસુમિ, કુસુમે, કુસુમ, કુસુમાજી, કુસુમકામલે, કુસુમાંગિ, કુસુમમાલાંગિ, કુસુમમાલા, કુસુમિતિ, કુસુમિનિ ઈત્યાદિ અનેક પ્રકારે સંબોધીને તેની સાથે બોલતા હતા.

ત્યારે કુસુમજી કહેવા લાગી કે સ્વામી ! હું માતાના ઘેરથી આ પદાર્થો શા માટે મંગાવું ? મારા પતિદેવના ભવનમાં શું ખામી છે ? જ્યારે અહીં નવનિધિ છે ત્યારે મને બહારથી લાવવાની શી જરૂર છે ?

આ પ્રકારે બોલતી થકી કુસુમાજી હૃદયમાં એ વાતથી પ્રસન્ન થતી હતી કે આજ મારા પર પ્રેમને કારણે સમ્રાટે મારા માતા, પિતા અને ભાઈઓનું પણ નામ ઘણા આદરપૂર્વક લીધું છે. દુનિયાના બધા રાજાઓને એકવચનથી (તુંકારાથી) બોલાવનારા મહારાજા આજ મારા જન્મદાતાઓને બહુ વચનથી યાદ કરે છે. સાચેસાચ હું ભાગ્યાશાળી છું. રાજાઓને એ પ્રભુ સેવકોની જેમ બોલાવે છે. પરંતુ એઓશ્રીએ મારા માતા પિતાને સાસુ ને શ્વશુર કહ્યાં. ખરેખર આ ભાગ્ય બીજા કોને મળી શકે છે ?

વિચાર કરવામાં આવે તો અહીં એકાંત હોવાથી આ પ્રકારે સમ્રાટ બોલી ગયા. નહિંતર રાજસભામાં ક્યારેય પણ આ પ્રકારે સન્માન પૂર્વક નથી બોલતા. ત્યાં તો તોળી તોળીને વાત કરે છે. ભરતજીએ આ વખતે વિચાર કર્યો કે કુસુમાજી મારી અત્યંત પ્રેમપાત્ર રાણી છે, તેથી તેની સાથે એકાંતમાં તો જેમ બને તેમ સમયોચિત વ્યવહાર કરવો.

તેઓ આ વિચાર લાવીને બોલ્યા. જો કોઈ મૂર્ખ સ્ત્રીને મહારાજા ભરતે આ પ્રકાર કહ્યું હોત તો તે અભિમાન પૂર્વક ભરતની માથે ચડી જાત, પરંતુ કુસુમાજી વિવેકી હતી, તેથી એવું બોલાવાથી તેનું કોઈ ખરાબ પરિણામ આવતું નહતું. તેથી કહેવાય છે કે લોકમાં વિવેકી સ્ત્રીપુરુષોની જોડી જ સર્વ પ્રકારે સુખપ્રદ છે.

કુસુમાજી કહેવા લાગ્યા કે સ્વામી ! ઘરની સજાવટની શી વાત છે, એ આપની જ કૃપા છે. હવે આપ મંગલ આસન પર બિરાજમાન થાઓ.

ભરતેશ્વર નવરત્નમય આસન ઉપર બિરાજ્યા. ત્યાં નવરત્નમય ઉપકરણો જેવાં કે જલકલશ વગેરે રાખ્યા હતા.

હવે કુસુમાજીએ બધા લોકોને બહાર જવાનું કહ્યું. કેવલ એક દાસીને ઘંટ બજાવવા માટે દરવાજા બહાર ઊભી રહેવા કહ્યું. પછી પોતે જઈને દરવાજો બંધ કરી આવી. ભરતે કહ્યું કુસુમાજી દરવાજો કેમ બંધ કરી દીધો ? કુસુમાજી કહેવા લાગી સ્વામી ? એનું કારણ પછી કહીશ. હમણાં તમારે ભોજન કરવાનું મોડું થાય છે.

પરંતુ ભરતજી પોતાના મનમાં એ સમજી ગયા કે આ દેવી પેલા પોપટની સાથે બોલેલી વાત યેનકેન પ્રકારેણ (ગમે તે રીતે) બહાર પડી ગઈ એ જાણીને ડરી ગઈ છે. તેથી હવે હું તેની સાથે કાંઈ પણ બોલું તે કોઈને પણ ખબર ન પડે, બધી વાતો ગુપ્ત રહે. એ દરવાજો બંધ કરવાનો એમનો હેતુ છે.

આ પ્રકારે બધા લોકોને બહાર મોકલી કુસુમાજી એકાંતમાં પોતાના પતિદેવને ઉત્તમોત્તમ ભક્ષ્ય, પાયસાન્ન[1] શાક, પાક આદિ લાવીને પીરસવા લાગી. સ્વર્ગના દેવોને પણ જે ભક્ષ્ય દુર્લભ છે, તેવા દિવ્ય પદાર્થોને ભરતેશ્વર આગળ તેમણે હાજર કર્યા, ત્યાર બાદ પોતાના પતિદેવની ભક્તિથી આરતી ઊતારીને પુષ્પાંજલિનું ક્ષેપણ કરતી થકી હાથ જોડીને પ્રાર્થના કરવા લાગી કે સ્વામી ! હવે ભોજન કરો.

તે વખતે ભરતજીના શરીરમાં તિલક, કુંડલ, યજ્ઞોપવિત, ઉત્તરીય અને અંતરીય વસ્ત્ર સિવાય બીજું કોઈ આભૂષણ નહોતું.

ભરતજીએ હસ્તપ્રક્ષાલન આદિ ભોજનાન્ત ક્રિયાઓ કરી. સિદ્ધોની સ્તુતિ અને પૂજા કરી. તેઓએ તેમને સિદ્ધક્ષેત્રમાં વિદાય કર્યા. પૂર્વોક્ત ક્રમથી પરમાત્માનું સ્મરણ કરતા થકા સિદ્ધાંત પ્રતિપાદિત ક્રમે ભોજન લેવાનું શરૂ કર્યું. સૌથી પહેલાં સમ્રાટે એક ઘૂંટડો જલનો પીને જલશુદ્ધિ કરી. બહારમાં મંગલ ઘંટનાદ થવા લાગ્યા. તે વખતે સમ્રાટે પણ પોતાના કરકમલને તે દિવ્ય વસ્તુઓથી યુક્ત થાળીપર મૂક્યો. ત્યાર પછી પરમાત્માની સાક્ષીપૂર્વક તે શરીરને અન્નપાન દેવા લાગ્યા.

સમ્રાટે ભેદવિજ્ઞાનના બલથી આત્માને તે શરીર વચ્ચે રાખીને તેને પૂછયું કે ચિન્મય પરમાત્મા ! હું આ શરીરને આ પૌદ્‌ગલિક અન્ન ખવરાવું ? તમારી શી આજ્ઞા છે ? તમે તો કાર્મણવર્ગણારૂપી આહારને પણ ભારરૂપ સમજો છો. આવી અવસ્થામાં હે સ્વમોક્ષપતિ ! તમને આ કવલાહારોથી શું લાભ ? તેનાથી પુદ્‌ગલોને જ લાભ છે. આહાર લેવાની ઈચ્છા કરવાવાળા મન, ઈન્દ્રિય, શરીર, વચન આદિ બધાં ય પુદ્‌ગલ છે. આ પૌદ્‌ગલિક શરીરને ઉપયોગી આ આહાર છે. તમારો તેની સાથે શો સંબંધ છે ? હે આત્મા ! તમે પૂર્વજન્મમાં જે પુણ્ય કર્યું છે તેના ફળરૂપ સુખને હવે ભોગવી

૧ પાયસાન્ન : દૂધ પાક, ખીર

છોડો. આ પુણ્યનો નાશ કરવા હું આ ભોજન કરું છું. આજે આ અન્નના સુખનો અનુભવ કરો. કાલે તમને આત્માના અનંત સુખનો અનુભવ થશે. આ પ્રકારે આત્માને સમજાવતા થકા ભરતેશ્વર ભોજન કરતા હતા.

સમ્રાટની પાસે જ કુસુમાજી એવી કુશલતાની સાથે ઊભી રહી હતી કે તેનો પડછાયો ભરતેશ્વરની કે તેની થાળી ઉપર ન પડે. થોડી થોડી વારે તે પંખાથી હવા નાખીને ગરમ ચીજોને ઠારતી હતી. ક્યારેક ક્યારેક ચક્રવર્તીની ઉપર ગુલાબજલ છાંટીને તેના શરીરને પણ શાંત કરતી હતી. વચ્ચે વચ્ચે હાથ ધોયા પછી થાળીના અન્ન ને શાક મેળવીને આપતી હતી. અને ડાબે હાથે શરીર સંવારતી પણ હતી. અને વળી ભરતના મુખમાં પણ એકાદ કોળિયો આપતી હતી. વળી હાથ ધોઈને આવશ્યક ભોજન પીરસતી હતી. ભરતજી જો ભોજન વચ્ચે પાણી પીવાની ઈચ્છા કરે તો તેમના કીધા પહેલાં જ તે જલકલશ લાવીને આપતી હતી. એવું લાગતું હતું કે જાણે ભરતના હૃદયમાં જ તે પેસી ગઈ હોય ! સારા સારા મીઠા દ્રવ્યોને વીણી વીણી તે ભરતના હાથમાં મૂકે છે. ભરતજી આનંદની સાથે તેને ખાતા જાય છે. જો મીઠાશ વધારે થઈ જાય તો ખાટી ચટણી ચાટવા આપે છે. જો ખટાશ વધારે થઈ જાય તો મીઠું આપે છે, આ રીતે પતિદેવની રુચિ લક્ષમાં રાખીને તેમને જુદી જુદી જાતના રસોનું આસ્વાદન કરાવ્યા કરાવે છે. ભરતજી પોતાના મનમાં જે પદાર્થની ઈચ્છા કરે છે તેને ઈશારાથી માગ્યા પહેલાં જ કુસુમાજી તેમની થાળીમાં આપતી હતી. રાજા પણ એથી સંતુષ્ઠ થતા હતા. પ્રેમની પરાકાષ્ટા હોવાથી શરીર બે હોવા છતાં પણ આત્મા એક જ છે એ (લૌકિક) વાકયની સત્યતા ખરેખર ત્યાં જ દેખાતી હતી. જે પદાર્થોથી સમ્રાટની તૃપ્તિ થઈ જતી તે પદાર્થોની થાળીને એક તરફ ખસેડીને બીજા વિશિષ્ટ પદાર્થોને પીરસે છે. ભરતજી આંખોથી ઈશારો કરે છે કે બસ ! હવે પીરસો નહિ. કુસુમાજી હાથ જોડીને પ્રાર્થના કરે છે કે સ્વામી જરાક વધારે લ્યો. આ રીતે કહીને જુદી જુદી જાતના પકવાન પાનને ખૂબ ભક્તિથી પીરસે છે. એવામાં ભરતજી ફરીથી પોતાનું શિર હલાવવા લાગ્યા. ત્યારે કુસુમાજી બોલી, સ્વામી ! હવે બે કોળિયા વધારે લ્યો. એમ કહીને આગ્રહ કરવા લાગી. બે કોળિયાને બદલે ઘણા કોળિયા થઈ ગયા. ફરી એવી પ્રાર્થના કરવા લાગી કે પતિદેવ આપને માટે જે જે પદાર્થો મેં બનાવ્યા છે તેનો સ્વાદ આપે જરૂર લેવો જોઈશે. ભરતજી પણ તેની વિચિત્ર ભક્તિ ઉપર હસતા થકા તેને જરીક જીભ ઉપર મૂકીને છોડતાં જાય છે.

આ પ્રકારે બહુ વિનય અને ભક્તિપૂર્વક કુસુમાજીએ પોતાના પતિદેવને ભોજન કરાવ્યું. ભરતજી પણ તૃપ્ત થઈ ગયા. તેઓએ હાથ ધોઈને જમ્યા પછીની ક્રિયા કરી. આંખો બંધ કરી અંત્યમંગલ કરતા થકા પરમાત્માનું સ્મરણ કર્યું. ત્યાર પછી આંખ ઊઘાડી. કુસુમાજીએ પણ બહુ ભક્તિથી નમસ્કાર કર્યાં. બહારનો ઘંટનાદ પણ હવે બંધ થઈ ગયો.

ત્યારપછી 'જિન શરણ' શબ્દ બોલીને સમ્રાટ ત્યાંથી ઊઠયા. અને ઉપરના મહેલ તરફ ચાલ્યા. ભોજન કર્યા પછી મહેલની સીડીઓ ચડતાં પતિદેવને દુઃખ થશે એમ વિચારી કુસુમાજી તેમને પોતાના હાથનો ટેકો દઈ ચડાવવા લાગ્યા. ઉપર પહોંચીને ત્યાં અગાઉથી જ શણગારેલા એક સુંદર દીવાનખાનામાં સુ-સજ્જિત પલંગપર તેઓ બેસી ગયા. કુસુમાજીએ તાંબૂલ, ગુલાબજલ અને સુગંધી દ્રવ્યો આદિ આપી સત્કાર કર્યો. ભરતજીએ ત્યાં જરાક આરામ લીધો. કુસુમાજી તેમના પગ દાબવા

લાગી. પરંતુ ભરતજીએ કહ્યું, પ્રિયા ! જાઓ, ઘણો વખત થયો છે. ભોજન કરીને આવો. આ પ્રકારે આજ્ઞા પામીને તે સતી અત્યંત આનંદથી ભોજન કરવા ચાલી ગઈ.

ભરતજી ત્યાં સૂતાં સૂતાં જ આંખ મીંચીને વિચાર કરવા લાગ્યા કે મારો આત્મા ભિન્ન છે. આ ભોજનાદિક બાહ્ય ઉપચાર શરીર વાસ્તે છે. આત્માને માટે નથી, મારો આત્મા ક્ષુધાથી પીડિત નથી. આ બધું મારે શરીરને માટે કરવું પડે છે. એ રીતે વિચાર કરતા કરતા તેમને અન્નના મદથી જરા નિંદ્રા આવી ગઈ. તકિયાની ઉપર પોતાનો ડાબો હાથ રાખી તેના ઉપર તેઓએ પોતાનું મસ્તક રાખ્યું હતું, અને જમણો હાથ પોતાના સાથળ ઉપર રાખી તે વખતે તેઓ નિંદ્રા લઈ રહ્યા હતા.

તે વખતે પણ તેમની શોભા અપાર હતી. નિંદ્રામાં ક્યારેક ક્યારેક હોઠ હલતા હતા. કંઠ હલતો હતો. કંઠ અને મુખ ઉપર થોડોક પરસેવો દેખાતો હતો, બીજા કોઈ પ્રકારનો વિકાર નહતો.

વીણાના તારથી જેવી રીતે સુસ્વર નીકળે છે તે પ્રકારનો સ્વર તેમના શ્વાસોચ્છવાસમાંથી નીકળતો હતો. દૂરથી જોનારને તે વખતે તેઓ સૂવાડેલી સોનાની પૂતળી સમાન લાગતા હતા.

કુસુમાજી જમવા જતી વખતે પતિની નિંદ્રામાં કોઈ પણ જાતની બાધા (ખલેલ) ન આવે એ વિચારથી તદ્દન ધીરેથી ગઈ, પરંતુ જયાં ચક્રવર્તીના શરીરની સુગંધી પર મુગ્ધ થઈને અનેક ભ્રમરાઓ આવીને ત્યાં ગુંજાર કરતા હતા તેને કોણ રોકે ? રોકે તો તેઓ સાંભળે છે ક્યાં ? ભ્રમરાઓના સુમધુર ગુંજારવને વશ થઈને ભરતજી હળવી નિંદ્રા લેતા હતા. આ બાજુ કુસુમાજી ઉત્સાહમાં મગ્ન હતી.

તે પતિદેવને સૂવાડીને સૌથી પ્રથમ રસોઈઘરમાં પહોંચી. ત્યાં જઈને હાથ પગ ધોઈ તેણે ભોજન કર્યું. આજે પોતાના ઘરમાં પતિદેવ ભોજન કરવા આવ્યા છે તે હર્ષથી જ તેનું અરધું પેટ તો ભરાઈ ગયું હતું. ને બાકીનું થોડા થોડા અન્નપાનથી પેટ ભરીને તેણે તૃપ્તિ મેળવી. ભોજન કર્યા પછી તે વિશ્રામ મંદિરમાં ગઈ. ત્યાં ઝૂલાપર જરીક સૂઈ ગઈ. આજુબાજુમાંથી દાસીઓએ આવીને તેની સેવા કરવાનો પ્રારંભ કર્યો. તેને પણ અન્નના મદથી જરીક ઊંઘ આવી ગઈ. પરંતુ તેણે જલદી આંખો ખોલી, મનની આકુળતામાં સુખનિંદ્રા પણ નથી આવતી. ઉપર મહેલમાં એકલા પતિદેવને છોડીને આવી છે તેને વળી નિંદ્રા કેવી રીતે આવી શકે ? તેને તો હૃદયમાં એવો અનુભવ થાય છે કે મેં કોઈ મોટો ભારે અપરાધ કર્યો છે. તેથી જલદી ઉપર જવાના વિચારથી તે શય્યામાંથી ઊઠી.

એવામાં નાટકના અભિનય કરવાવાળી બે સ્ત્રીઓ તેની પાસે આવી, અને કહેવા લાગી. કે દેવી ! આજે અમે કોઈ નાટકના અભિનય કરીશું તેને જોવા આપ મહારાજને પ્રાર્થના કરજો. કુસુમાજીએ કહ્યું. સારી વાત ! પતિદેવને કહીશ. તમો તૈયાર રહેજો.

એમ કહીને તે બન્નેને રવાના કરીને તેણે પોતાના અંતઃપુરના દ્વાર બંધ કરી દીધા અને પોતાના શૃંગાર મંદિરમાં જઈને તેણે પોતાનો શૃંગાર સજી લીધો. દર્પણમાં જોતા થકી પોતાના તિલકને સુધારતી થકી તે આપો આપ એકવાર હસી. સારી રીતે પોતાની સજાવટ કરીને અનેક સુગંધી દ્રવ્યોને સાથે સાથે લઈને ઉપર મહેલ તરફ ગઈ. આભરણ, કટિસૂત્રના ઝણઝણ અવાજ

કરતી થકી તે મહેલની સીડી ઉપર ચઢતી હતી. ઉપર ચઢયા પછી એ વિચારથી –કે પતિદેવને નિંદ્રામાં કાંઈ બાધા ન આવે, અત્યંત નિસ્તબ્ધતાપૂર્વક જવા લાગી. દૂરથી નજર નાખીને જોવા લાગી કે પતિદેવ હજુ જાગ્યા છે કે નહિ. એ પ્રકારે જરાપણ અવાજ કર્યા સિવાય તે પતિની પાસે જઈ શકી હતી. શું આ પ્રકારની પતિભક્તિ ઘેરઘેર હોઈ શકે છે ?

અહીં તે કુસુમાજી ભરતની પાસે આવતી હતી, ત્યાં ચક્રવર્તી જરીક નિંદ્રા લઈને વળી જાગી ઊઠયા, અને આત્મ-ધ્યાનમાં લીન બની ગયા હતા. જેવી રીતે સૂર્યને આચ્છાદિત કરનાર મેઘ બહુ લાંબો વખત ટકી શકતા નથી તેવી રીતે તે પુણ્ય પુરુષને ઘેરવાવાળી નિંદ્રા પણ લાંબો વખત ઘેરી શકતી નથી, થોડા જ વખત પછી તે જાગૃત થઈને તે શય્યા ઉપર આત્મયોગમાં મગ્ન થઈ ગયા. બહારથી જોનારને એવું લાગતું હતું કે ભરતજી નિંદ્રામાં મગ્ન છે, પરંતુ તેઓ પોતાના આત્મામાં મગ્ન હતા. તેઓએ આંખો બંધ કરીને મનને પોતાના આત્મામાં લગાવી, સુજ્ઞાન સમુદ્રમાં ડૂબકી મરાવી હતી. ધન્ય છે તે વખતે જ્ઞાનજ્યોતિમય આત્માનું તે શરીરમાં તેને દર્શન થતું હતું. જેમ જેમ આત્માનું દર્શન અધિકાધિક થતું હતું તેમ તેમ કર્મોનો અંશ નીકળી જતો હતો. જેમ જેમ કર્મનો અંશ ઘટતો જતો હતો તેમ તેમ જ્ઞાનનો અંશ વધતો જતો હતો. જ્ઞાનનો અંશ જેવી રીતે વધતો હતો તેવી રીતે સુખની માત્રા પણ વૃદ્ધિગત થતી હતી.

તે વખતે પોતે જ દર્શક હતા, પોતે જ દૃશ્ય (દર્શનપાત્ર) હતા, પોતે જ જ્ઞાયક હતા, જ્ઞેય પણ પોતે જ હતા. પોતાના જ સુખનો સ્વયં અનુભવ કરી રહ્યા હતા. એવામાં ત્યાં તે કુસુમાજી આવી.

કુસુમાજી આવી છે એ જણાતા ભરતેશ્વરે ધ્યાનનો સમારોપ કર્યો. અર્થાત્ પરમાત્મધ્યાનની અંતિમ સ્તુતિ કરી અને वीतरागाय नमः એ શબ્દનું ઉચ્ચારણ કરતા થકા પોતાના મુખચંદ્ર પર રહેલા વસ્ત્રને હાથથી ખસેડયું. ઊઠીને દેખે છે તો કુસુમાજી દરવાજાની પાસે જ સંકોચપૂર્વક એ માટે ઊભી હતી કે પતિદેવ હજી નિંદ્રાવસ્થામાં છે.

ભરતજી ઊઠીને કહેવા લાગ્યા કે પ્રિયા ! આવો, સંકોચાઓ નહિ. તે હસતી હસતી નજીક આવી. પાસે આવીને તેણે ભરતેશ્વર પર ગુલાબજલ આદિ છાંટયું. તથા તેમને તાંબૂલ દીધું. પરંતુ તેની મુખાકૃતિના દર્શનથી જણાતું હતું કે તેના મનમાં કોઈ વિચિત્ર ભાવ રમી રહ્યો હતો. કહેવામાં ઘણો સંકોચ થાય છે. ભરતજીને તે સમજતા વાર ન લાગી. તેઓએ સમજી લીધું કે ખરી વાત શું છે ? મુગ્ધા ને મધ્યમા જાતિની સ્ત્રીઓ સાથે સંકોચ દૂર કરવા માટે પહેલાં અન્ય પ્રકારનો સરસ વ્યવહાર કરવો પડે છે, નહિંતર તે જોવામાં ને બોલવામાં પણ લજ્જિત થાય છે. ભરતજી મનમાં કાંઈક વિચાર કરીને કહેવા લાગ્યા કે કુસુમી ! આજ કુસુમાજી અમારી પાસે કેમ આવી ? જરા વિચાર ચલાવીને બોલો તો ખરા.

કુસુમાજી કહેવા લાગી કે સ્વામી ! તે તમારા પાસે હસતી હસતી કેમ આવી, તે મને ખબર નથી. ભગવાન જાણે !

ભરતજી કહેવા લાગ્યા કે તેનું મુખ જોતાં તો એમ લાગે છે કે તે અમારી સાથે આજે ઝઘડો કરવા આવી છે. શું તે વાત સાચી છે ? તેને પૂછીને બોલો તો ખરા.

ગભરાઈને તે કહેવા લાગી, સ્વામી ! હું ઝઘડો કરવા નથી આવી. એમાં કોઈ ગૂઢ પ્રયોજન છે. તેનો હું પતિદેવની સાથે વિચાર કરવા આવી છું.

'ગૂઢ પ્રયોજન શું છે ? બોલો તો ખરા' એમ ભરતેશ્વરે કહ્યું.

તે કહેવા લાગી કે સ્વામી ! તે મૂર્ખાઓને કહેવું જોઈએ, આપ જેવા બુદ્ધિમાનને તે સમજાવવાની જરૂર નથી. એ પ્રકારે ઘણી ગંભીરતાથી કહેતી થકી તે સમ્રાટના ચરણકમલ ઘણી ભક્તિથી દાબવા લાગી. પગને દાબતી જોઈને ચક્રવર્તીએ પગ દાબવાની તમારી કુશલતા ઘણી સારી છે એમ કહીને બન્ને પગથી તેને દબાવી.

સ્વામી ! શું આપ મારાથી પ્રસન્ન થયા તેથી પગે લાત મારી ? કાંઈ વાંધો નહિ. પ્રસન્ન થઈને મને ઠોકર મારી એમાં પણ મને હર્ષ જ છે.

તે વખતે હસતા હસતા સમ્રાટ ઊઠયા. તેની પછી આગળ શું થયું તેનું વર્ણન કરવાની જરૂર નથી. તેની શોભાનું વર્ણન કરવા જતાં તો જરા હલકી વાત થઈ જશે.

તે બુદ્ધિમાન હતા, તે બુદ્ધિમતી હતી, બન્નેએ મળીને એ પ્રકારનો વિનોદ કર્યો જેને ખુલ્લે મોઢે કહેવા યોગ્ય નથી. એવા વિષયોને ઉઘાડો કરીને કહેવાની જરૂર નથી. રસિક દમ્પતી મળી ગયાં એટલું કહેવું જ પર્યાપ્ત છે. તેઓએ શો રસીલો વ્યવહાર કર્યો તે કહેવાની જરૂર નથી. કલાવાન ને કલાવતી બન્ને મળી ગયા એટલું કહેવું પર્યાપ્ત છે. સ્તનપીડન, જંઘામિલન આદિ વાતોનું વર્ણન કરવાની શી જરૂર છે ? બન્ને સૂરતક્રીડા કરવા લાગ્યા એટલું જ કહેવું પર્યાપ્ત છે. નખહતિ, દંતહતિ આદિ ક્રિયાઓનું વર્ણન કરી હિતાહિત પરિજ્ઞાનવિરહિત અજ્ઞાનીઓને વ્યર્થ લોભાવવાની શી જરૂર ? ધન્ય પતિપત્ની ખૂબ મજાથી રમણ કરવા લાગ્યા, એટલું જ કહેવું પર્યાપ્ત છે. તેની વચ્ચે વચ્ચે દૈન્યવૃત્તિથી, પ્રણયકોપથી હાસ્ય કષાયયુક્ત અનેક વચનો પરસ્પર બોલવા લાગ્યા. એ કહેવું સૌજન્ય નથી. પતિપત્નીનો સંયોગ થયો એટલું જ કહેવું બસ છે. તેઓએ પરસ્પર આલિંગન કર્યું તે કહેવાની શી જરૂર છે ? બહુ દિલચસ્પપણે મળ્યા એટલું જ કહેવું યોગ્ય છે. વચ્ચે વચ્ચે આંખ મીંચીને તે સુખમાં તન્મય થતા હતા, અને મુર્ચ્છિત થતા હતા. વળી જાગૃત થતા હતા. તે કહેવાની શી જરૂર છે ? સૂરત સુખનો અનુભવ કરી તૃપ્ત થઈ ગયા એટલો જ સંકેત પર્યાપ્ત છે. આંખોમાં ચક્કર, ભૂજાઓમાં ઢીલાપણું અને વાતચીત બંધ કરીને તકિયાને ટેકે સ્થિર થયા એ લખી બીજાને ખેદ શો બતાવવો.

આ પ્રકારે ભરત અને કુસુમાજી સુખ ભોગવીને તૃપ્ત થયા. રત્નાકરસિદ્ધ તે બન્નેના સુખના પ્રકારનું વર્ણન કરી પણ દીધું. પરંતુ વર્ણન કરવાની મારી ઈચ્છા પણ નથી, એ પણ બતાવ્યું છે. આવા વિષયોનું વિશદ વર્ણન કરે તો શું કવિનું મસ્તક સદોષ કે વિકૃત સમજી શકાય છે ? કદી નહિ. છન્નુ હજાર સ્ત્રીઓની વચ્ચે રહેતા થકા પણ કર્મોની નિર્જરા કરવાની શક્તિ ભરતમાં વિદ્યમાન છે. તો શું એવી વાતોની રચના કરતા થકા પણ તેના દોષોથી અલિપ્ત રહેવાની યુક્તિ રત્નાકરસિદ્ધમાં નહિ હોય ? અવશ્ય હશે. પરંતુ એ સુખ પરદામાં (પડદો) છે પરદામાં રહેવામાં જ તેની શોભા છે. તેથી તેને પરદામાં જ રાખ્યું છે.

કૂતરા, ઘોડા અને પશુઓનો સંસર્ગ જેવી રીતે જોવામાં આવે છે તેવી રીતે હાથી ને હાથણીના સંયોગ ક્યાંય જોવામાં આવે છે ? હીન સ્ત્રી પુરુષોના સંસર્ગના વર્ણનની જેમ શું મહાપુરુષોના સંસર્ગસુખનું વર્ણન કરી શકાય ? સામાન્ય પક્ષીઓની રતિ જોવામાં આવે છે ? (પણ રાજહંસની રતિ જોવામાં આવે છે ?) એવી રીતે દુર્જનના સંભોગની જેમ ગુણશીલયુક્ત સજ્જનોના સંભોગનું વર્ણન કરવું ઉચિત છે ? કદી નહિ. લોકના અન્ય ગ્રામવાસી કે નગરવાસી પુરુષોની કામક્રીડાનું જે રીતે વર્ણન કરી શકાય તેવી રીતે ભરત ચક્રેશ્વરના કામક્રીડા કૌશલ્યનું વર્ણન કરી શકાય ? લોકની અન્ય સ્ત્રીઓના રતિસુખ જેવી રીતે કહી શકાય તેવી રીતે મહા શીલવતી પતિવ્રતા કુસુમાજીનું વર્ણન કરવું ઉચિત છે ? નહિ.

સમ્રાટ ભરતે તે એકલી કુસુમાજીને તૃપ્ત કરી એમાં આશ્ચર્ય શું છે ? એક સાથે છન્નુ હજાર રાણીઓને તૃપ્ત કરવાની શક્તિ તેમાં મોજૂદ છે. શું તે કોઈ સામાન્ય રાજા છે ?

કામરૂપી ઘોડાની લગામ ભરતના હાથમાં છે. તેને ઈચ્છામાં આવે તેમ તેને ઢીલી કરી શકે છે. દબાવીને પણ રાખી શકે છે. તેની ચાલને તેજ તેમજ ધીમી કરવામાં તે અત્યંત ચતુર છે.

સમ્રાટને ખ્યાલ છે કે તે જે સુખ ભોગવે છે, તે પાપ રહિત સુખ છે. કેમકે તે ભોગવતાં છતાં પણ તે પોતાને નથી ભૂલતા. તેઓ તે સુખને બાહ્ય અને હેય સુખ સમજે છે. તેથી ભોગ ભોગવતાં પણ કર્મોની નિર્જરા થઈ રહી છે. ભરતજી પોતાના મનમાં સમજે છે કે, એક માત્ર પરમાત્માનું સુખ શાશ્વત અને ઉપાદેય છે. તેનું અસ્તિત્વ મારા આત્માની સાથે વજ્રલેપ સમાન છે. જેવી રીતે પિત્તોદ્રેક થાતા શરીરશોધન કરીને પિત્તશાંતિ કરવામાં આવે છે અને તે અવસ્થામાં તે મનુષ્ય સ્વસ્થ રહે છે તેવી રીતે ભરતજી પણ કામરૂપી પિત્તનો ઉદ્રેક થતાં સ્ત્રીઓની સાથે ક્રીડા કરીને તેને શાંત કરતા હતા, અને પછી સ્વસ્થ અર્થાત્ પોતાના આત્મામાં લીન થતા હતા. ઉત્તમ સ્ત્રીઓની સાથે ભોગ ભોગવવાથી ભરતજીને કર્મોનો સંવર તો થતો જ હતો. સાથોસાથ તેઓ પુંવેદનીય કર્મને પણ ઉદયમાં લાવીને ખેરવતા હતા. સાચે સાચ ભરતજી એક વીતરાગી ભોગી છે.

અન્ય ભોગીઓના ભોગમાં ઉદાસીનતા, ઉપેક્ષા ને મનમાં અપ્રસન્નતા આદિ વાતો પણ રહ્યા કરે છે, પરંતુ ભરતને કુસુમાજીનો સંયોગ પુષ્પ અને ભ્રમરના સંયોગ જેવો છે. આનંદ સમુદ્રમાં ડૂબકી મારી રહે છે. લીલા નદીમાં તરે છે. અથવા તે બન્નેની ક્રીડા ઝૂલા પર ચડેલા મોર અને ઢેલના જેવી છે.

પાંચ ઈન્દ્રિયોની તૃપ્તિ થઈ. ભરત અને કુસુમાજીને કિંચિત્ તંદ્રા આવી. બન્નેએ આંખ મીંચીને મૃદુ પલંગમાં જરીક નિંદ્રા લીધી. બન્ને અત્યંત પ્રસન્ન ચિત્તથી સૂતા હતા. નિંદ્રાવસ્થામાં સ્વપ્ન આવવા લાગ્યા. સ્વપ્નમાં ભરતજીને ચિદ્રુપ પરમાત્મા જોવામાં આવે છે. અને કુસુમાજીને ભરતનું રૂપ જોવામાં આવે છે.

થોડા વખત પછી તે મૂર્ચ્છા દૂર થઈ. 'નિરંજન સિદ્ધ' શબ્દનું ઉચ્ચારણ કરતા થકા ભરતજી ત્યાંથી ઊઠયા. તે વખતે કુસુમાજી પણ ત્યાંથી ઊઠયા. તે વખતે બધી બાજુઓથી ઘણી દાસ-દાસીઓ આવી. તે જનોએ ગુલાબજલ, કર્પૂર, તાંબૂલ આદિ આવશ્યક પદાર્થો લાવીને સમ્રાટની સેવામાં હાજર

કર્યા. સમ્રાટે લીધા ત્યાર બાદ મનોરંજન માટે વીણા વગાડી, જેથી ચક્રવર્તીનું મન અત્યંત પ્રસન્નતાના ફળમાં પરિણમ્યું અને ભરતજીએ તેમની સાથે અનેક સરસ વ્યવહાર કર્યો.

ત્યાર પછી કુસુમાજીએ પતિદેવને પ્રાર્થના કરી કે સ્વામી ! સાંજના ભોજનનો વખત થઈ ગયો છે. હવે ચાલો. ભરતજી ઊઠયા ને ત્યાંથી જઈને શુદ્ધિવિધાન કર્યું, અને પછી પૂર્વવત્ આનંદની સાથે ભોજન કર્યું. ત્યાર પછી તાંબૂલ આદિ દ્વારા તેનો સત્કાર કરવામાં આવ્યો.

કુસુમાજીએ સમ્રાટને પ્રાર્થના કરી કે સ્વામી ! આપ મધ્યાહ્ને જ્યારે ઉપર પધાર્યા ત્યારે બે સ્ત્રીઓ મારી પાસે આવી હતી.

સમ્રાટે કહ્યું કે 'શું બન્યું ?'

સ્વામી ! તેઓએ પ્રાર્થના કરી કે આજ રાત્રે તેઓ નૃત્યકલા દર્શાવવા ઈચ્છે છે, તે જોવા માટે આપને પ્રાર્થના કરવામાં આવી છે, તેથી કૃપા કરીને તેને સન્મતિ આપો કે જેથી તેઓ ઉત્સાહભંગ ન થાય.

ભરતજીએ તેનો સહર્ષ સ્વીકાર કર્યો. સાથે સાથે કુસુમાજીના વ્યવહારથી અત્યંત સંતુષ્ટ થઈને તેનું અનેક રત્નનિર્મિત આભૂષણોથી સન્માન કર્યું.

કુસુમાજી કહેવા લાગી કે સ્વામી ! આપ અહીં પધાર્યા એ જ મને સ્વર્ગ સંપત્તિ મળી હોય તેવું થયું છે. હું આપની દાસી છું. આ પ્રકારના બાહ્યોપચારની શી આવશ્યકતા છે ?

ત્યારે ભરતજી કહેવા લાગ્યા કે દેવી ! ત્યાં સભામાં જ હું તમને દેવા ઈચ્છતો હતો, પરંતુ ત્યાં બધાની સમક્ષ તમે લેવા તૈયાર નહોતા; તેથી અહીં એકાંતમાં આપું છું. હવે ના ન પાડો. મારી ઈચ્છાની પૂર્તિ કરવી જ પડશે.

કુસુમાજીઃ-સ્વામી ! મારી પાસે આભૂષણોની કાંઈ ખોટ નથી, ઘણા છે. માટે માફ કરો.

ભરતેશ્વરે તે વખતે કુસુમાજીના હાથમાં તે મૂક્યા ને કહેવા લાગ્યા કે તમને મારા સોગન છે. હવે કાંઈ પણ બોલશો નહિ. આ લેવા જ પડશે. પછી તેઓએ આભૂષણોની એક મહા ભારે પોટકી કુસુમાજીના હાથમાં મૂકી, કુસુમાજીએ પણ તેને જરાક હસીને સ્વીકારી.

ત્યાર પછી ભરતજી શુદ્ધ થઈને ઉપરના મહેલમાં ગયા. ત્યાં જિનેન્દ્ર તથા સિદ્ધ પરમેષ્ઠીઓની ઉચિતરૂપે પૂજા કરી. અચલિત પદ્માસનમાં બિરાજમાન થયા. આંખ મીંચીને પરમાત્માના યોગમાં મગ્ન થયા. તે વખતે થોડીવાર પહેલાં જ પોતાની રાણી સાથે સરસ વ્યવહાર કર્યો હતો તે તરત જ ભૂલી ગયા. એટલું જ નહિ તે પ્રિયરાણીનું પણ તેને હવે કાંઈ સ્મરણ આવતું ન હતું. તે વખતે ભરતજી કેવલ પોતાના આત્માને જ જાણતા હતા, તે સિવાય બીજું કાંઈ પણ ત્યાં યાદ આવતું નહિ, ભોગો ખૂબ ભોગવીને જ્યારે યોગમાં રત રહેતા હતા ત્યારે તેમનામાં ભોગની વાસના જરી પણ રહેતી નહોતી, એ એમની વિશેષતા છે. એક કપડું છોડીને બીજું કપડું પહેરવાવાળાની સમાન તેમની અવસ્થા છે.

તેઓએ બન્ને નેત્રો બંધ કર્યાં ને એકમાત્ર અન્તર્દષ્ટિ ખોલી. તે વખતે પૌદ્‌ગલિક શરીર પણ તેમનું નહોતું. તેઓ સ્પષ્ટ ગુણાત્મક શરીરથી તે ઈષ્ટ પરમાત્માના દર્શન કરવા લાગ્યા. શરીર જિનમંદિર હતું. મન સિંહાસન હતું. તેના ઉપર બિરાજમાન નિર્મલ આત્મા જિનેન્દ્ર ભગવાન હતા.

આ પ્રકારે તે વખતે સર્વ પ્રકારની બાહ્ય ચિંતાઓ છોડીને તેઓ પોતાના શરીરમાં જ જિનેન્દ્ર ભગવાનનો અનુભવ કરતા હતા.

એ વખતે કર્મ બરાબર નિર્જરતા હતા. જેમ જેમ કર્મ નિર્જરતા જાય છે, તેમ તેમ આત્મામાં ઉલ્લાસ વધતો જાય છે. ઉલ્લાસની સાથોસાથ પ્રકાશની પણ વૃદ્ધિ થાય છે. ક્યારેક પ્રકાશ અને ક્યારેક અંધકાર એ રીતે ઘણા ઘણા પ્રકારે તેમને આત્મ સુખનું દર્શન થઈ રહ્યું છે. પોતાની કલ્પનામાં તેઓએ એક સિદ્ધબિંબની રચના કરી અને તેની પૂજા કરવા લાગ્યા. ત્યારપછી તેને પણ ગૌણ કરીને તેઓ 'સિદ્ધોઽહં' એ પ્રકારનાં અનુભવમાં મગ્ન થયા. ખરેખર તે વખતે તેમનું સુખ જિન અને સિદ્ધોની સમાન હતું.

આ રીતે બધા બાહ્ય વિકલ્પોને છોડીને તેઓએ પોતાના આત્મયોગમાં ચાર ઘડી પ્રમાણ કાળ વ્યતીત કર્યો. ચાર ઘડી પછી આંખો ખોલી. સામે કુસુમાજી ઊભી હતી. કહેવા લાગી કે સ્વામી ! વખત થઈ ગયો છે, હવે નાટયશાળામાં પધારો. તે વખતે સમ્રાટ 'જિન શરણ' શબ્દનું ઉચ્ચારણ કરતા થકા ત્યાંથી ઊઠયા, અને યોગ્ય શૃંગાર કરીને નાટયશાલામાં ગયા. ત્યાં પહેલેથી જ બધી તૈયારી હતી. નાટયશાલા તો સ્વર્ગના વિમાન જેવી હતી. રાત્રિના બાર વાગ્યા સુધી તેઓએ નાટયકલા જોઈ. નેત્રમોહિની, ચિત્તમોહિની આદિ સ્ત્રીપાત્રોએ પોતાના અભિનય બહુજ ઉત્તમતાથી કરી બતાવ્યા.

બાર વાગ્યા પછી આવેલા પરિવારને ઉપચારપૂર્વક મોકલીને સમ્રાટ સ્વયં શય્યાગૃહમાં ગયા. શય્યાગૃહમાં ગયા પછી પોતાના છન્નુ હજાર રૂપ બનાવી જુદા જુદા રાણીવાસમાં મોકલી દીધા અને પછી સુખનિંદ્રામાં અનેક પ્રકારે સુખ ભોગવતા ભોગવતા વિશ્રાંતિ લીધી. સૂરત સુખ પછીની નિંદ્રા પણ સુખમય બને છે તે વખતે તે નિંદ્રામાં પણ ભરતજીને સ્વપ્નામાં પરમાત્મા દેખાઈ રહ્યા છે. ને તે બધી રાણીઓને સ્વપ્નામાં ભરતજી દેખાઈ રહ્યા છે. કોણ જાણે તેઓ કેટલા પુણ્યપુરુષ હશે ?

આમતેમ સ્ત્રીઓ સૂતી છે, પરંતુ ભરતજી તેનાથી નિરાળા છે. કેમ કે તેઓને સ્વપ્નમાં તે સ્ત્રીઓ નથી દેખાતી, પરંતુ પોતાની પ્રિય વસ્તુનું જ તેને દર્શન થાય છે. આત્માનું દર્શન થવાથી સ્વપ્નમાં તે પણ આનંદથી ક્યારેક ક્યારેક ચોંકી જાય છે, ક્યારેક હસે છે, ક્યારેક રોમાંચ થાય છે.

ભરતજીની નિંદ્રા પણ લાંબી નહોતી. થોડીવાર પછી જ જાગૃત થઈને તે શય્યા ઉપર બેસી ગયા. બધી રાણીઓ સૂતી હતી. પરંતુ પોતે એકલા બેસીને ધ્યાન કરવા લાગ્યા. સંધ્યાસમયનું તેઓએ ધ્યાન કર્યું હતું. ત્યાર પછી તેઓએ નાટક નૃત્ય જોવામાં પોતાનો કાળ ગાળ્યો. ત્યાર પછી આવીને પોતાની દેવીઓની સાથે સુખ ભોગવ્યું. પછી નિંદ્રા લીધી. આ બધાના સંબંધથી આવેલા કર્મોના ખાતાને બરાબર સરખાં કરવાનો હવે તેનો ઉદ્યોગ ચાલુ છે.

તેઓ જે વખતે ઊઠયા તે વખતે પલંગ જરા પણ હલ્યો નહિ. એક શબ્દ પણ ન બોલ્યા. તેમને પૂરેપૂરું ધ્યાન હતું કે મારા ઊઠવાથી આ દેવીઓ નિંદ્રાભંગ ન થઈ જાય.

તે વખતે ઊઠીને સૌથી પહેલાં તેઓએ જળ લઈને કોગળા કર્યા. ફરી પલ્યંકાસને બેસીને આત્માનુભવ કરવા લાગ્યા. તે બ્રાહ્મમુહૂર્ત હતું. કોઈનો પણ અવાજ થતો ન હતો. તેથી અત્યંત તન્મયતાપૂર્વક તેઓ આત્મયોગમાં લીન થયા. માથાથી તે પગ સુધી તે વખતે તેમને પોતાનો જ અનુભવ થતો હતો. તે મુહૂર્તનું નામ બ્રાહ્મ તો હતું જ. કેમકે બ્રહ્મ નામ આત્માનું છે. બ્રહ્મના દર્શન કરવા માટે તે વખત અનુકૂળ હતો, તેથી સૌથી પહેલાં તેઓએ શરીરના પવનને બ્રહ્મરંધ્રમાં રોકયો, અને શરીરની અંદર બ્રહ્મનું દર્શન કરવા લાગ્યા. તે વખતે સમ્રાટ હંસતુલ્ય શય્યા ઉપર બિરાજમાન હતા. હંસની માફક જ તેમની મહાનવૃત્તિ હતી. જેવી રીતે પાણી છોડીને હંસ દૂધ ગ્રહણ કરે છે, તેવી રીતે સમ્રાટ પણ શરીરને છોડીને આત્માને ગ્રહણ કરી રહ્યા છે.

આત્મા વચનથી અગોચર છે, આંખોથી જોઈ શકાતો નથી, કેમકે તે જડ સ્કંધ નથી. પરંતુ ભરતજી મહા ચતુર હતા. તેઓએ તેને જોઈ લીધો, એટલું જ નહિ; પણ તેમણે આત્માને સાક્ષાત્ ગ્રહી લીધો. શું તે કોઈ દીનતપસ્વી હતો ? નહિ. તેમણેતો પોતાના ભાવમાં એટલી તૈયારી કરી હતી કે તેઓ આવા શૂન્ય સદશ આત્માનો પણ સાક્ષાત્કાર કરી શકે છે. તે રાજયોગી ભરત ખરેખર દીનહીન નથી. બીજા રાજાઓ તો દાનયુક્ત હોવાં છતાં પણ ગુણદરિદ્ર છે. લોકમાં શરીરને ધોઈને તેને સાફ કરનારા તથા તેને જ સુખકર, બાહ્ય જનોને અનુરંજન કરવાવાળા તપસ્વી ઘણા હોઈ શકે છે. પરંતુ આ ભરત તેવા નથી. તેઓ તો મનને ધોઈને નિર્મલ કરે છે. અને મનને સૂકવી નાખે છે. ભરતેશ્વરને બાહ્ય વાતો કરતાં અંતરંગ ગુણ બહુજ પ્રિય છે.

ચારે બાજુ સ્ત્રીઓનું જૂથ રહ્યું તો શું થયું ? શું આત્માનુભવીના હૃદયમાં વિકાર ઉત્પન્ન થઈ શકે છે ? પાસે કુસુમાજી સૂતી હતી, તો પણ સમ્રાટ પોતાના આત્મામાં મગ્ન છે. તેઓ પ્રકાશમય, ચિન્મય સમુદ્રમાં બરાબર ડૂબકી માર્યા કરે છે. ક્ષણે ક્ષણે આનંદની વૃદ્ધિ થતી જાય છે. આત્માનો આનંદ તો વધી રહ્યો છે, પણ કર્મોનું તીવ્ર અપમાન થઈ રહ્યું છે. તેથી તે કર્મો પોતાનું માનભંગ થવાના કારણે દુ:ખી થઈને નિર્જરી જાય છે. જ્યાંસુધી વ્યાવહારિક વિકલ્પમાં અને ભોગોની વચ્ચે હું કર્મોનો કર્તા છું, હું કર્મોનો ભોક્તા છું એ પ્રકારના વિચારો પ્રવર્તે ત્યાં સુધી તે કર્મો પોતાના સત્કારથી પ્રસન્ન થાય. પરંતુ સમ્રાટના વિકલ્પમાં તે વાત નથી. તેમને વિશ્વાસ આવી ગયો છે કે હું કર્મોનો નથી કર્તા કે નથી ભોકતા, તેથી કર્મ પણ લજ્જા પામ્યા છે.

આ પ્રકારે સમ્પૂર્ણ બાહ્ય વિચાર છોડીને ભરતજી પરમહંસને જોઈ રહ્યા છે. ક્ષણે ક્ષણે કર્મરજ ખરતા જાય છે. જ્ઞાન ને સુખનો અંશ વધતો જાય છે. આ પ્રકારે આત્મારામ સમ્રાટ અત્યધિક સુખમાં મગ્ન થઈ ગયા છે.

એક બાજુ ચક્રવર્તી ધ્યાનમાં મગ્ન છે. બીજી બાજુ સૂર્યોદયનો વખત થઈ ગયો છે. સમ્રાટ અને સમ્રાજ્ઞીઓને જગાડવા માટે બહાર કેટલીક સ્ત્રીઓ મધુર ગાન કરી રહી છે. તે વખતે પુષ્કરાવતી, વેરાવળી, ભૂપાલી, ગુર્જરાદિ અનેક રાગોનો આશ્રય લઈને તે સ્ત્રીઓએ કોકિલથી પણ અધિક મધૂર અવાજથી ગાઈને તે બધી સમ્રાજ્ઞીઓને જગાડી.

ઉદયરાગ ગાઈને તેઓ અરુણોદયનું વર્ણન કરવા લાગી. તે ગાયનનો તે સમય હતો. સ્વામી! અરુણોદય થયો, કિરણોદય પણ થયો. હવે આપ કૃપા કરીને સ્ત્રીઓના બાહુપાશથી બહાર તો

આવો. સ્વામી ! લોક સૂર્યને લોકબંધુ કહે છે. પણ ખરેખર જગતમાં ઉદ્ધાર કરનાર લોકબંધુ તો આપ જ છો. સૂર્ય પોતાનું માથું ઊંચકે તે પહેલાં જ આપ બહાર આવીને જગતનો ઉદ્ધાર કરો.

સ્વામી ! આપના રાજ્યમાં કોઈ ચિંતાની વાત નથી, તેથી આપને પણ કિંચિન્માત્ર પણ ચિંતા નથી. તેમ છતાં પણ આપ દીર્ઘ રાજ્યનું પાલન કરી રહ્યા છો, અને નિશ્ચિંત વૈભવસંપન્ન છો. સર્વજનની ચિંતાને દૂર કરવા આપ રાજાના વેષમાં ચિંતામણિ છો. શીઘ્ર બહાર આવો.

આપ શત્રુ રહિત રાજ્યનું પાલન કરનાર છો. હજારોની સંખ્યામાં હોવા છતાં પણ આપની સ્ત્રીઓમાં જરાપણ ઈર્ષ્યા નથી. રાતદિવસ રાજ્યપાલન કરવામાં જે સંતપ્ત છે તેને પણ આપ હર્ષિત કરો છો. સ્વામી ! જરા તો બહાર આવો.

ભોગમાં મત્ત બનીને જે ધર્મયોગ ભૂલી જાય છે તેઓ જઈને અધોગતિમાં પડે છે. તેમની વૃત્તિપર આપ હસો છો. ભોગોમાં રહીને પણ યોગીઓની જેમ રહેવા વાળા હે ભોગીઓના રાજા ઊઠો તો ખરા.

વૃત્ત કુચવાળી સ્ત્રીઓના અંતરંગને આપ સારી રીતે જાણો છો એમાં આશ્ચર્ય નથી, પરંતુ ચૈતન્ય સ્વરૂપના અનુભવનું રહસ્ય પણ આપના જાણમાં છે. આ રાજ્યનું આપ રાતદિન પાલન કરો છો. રાજોત્તમ ! અમને દર્શન તો દ્યો.

સ્વામી ! આપ શુદ્ધોપયોગસંપન્ન છો, નિરંજન સિદ્ધની આરાધનમાં ચતુર છો, શુદ્ધ નિશ્ચય માર્ગમાં સંલગ્ન છો. એટલું જ નહિ, પણ આપ રત્નાકર સિદ્ધના પ્રિય નરેન્દ્ર છો. જાગો.

અમે જાણીએ છીએ કે આપનું શરીર સૂતું છે, પણ આપનો આત્મા સૂતો નથી. મન તો આપના આત્મામાં જ લાગેલું છે તો નિંદ્રાદેવી આપના ઉપર અધિક પ્રભાવ નહિ દેખાડી શકે. અમે તો ઉપચારવશ ઉઠાડીએ છીએ.

જે બહારના સૂર્યને દેખે છે પરંતુ પોતાના મનમાં સ્થિત આત્મસૂર્યનું દર્શન જ નથી કરતા તે અંધ મનુષ્યોને આત્મદૃષ્ટિ દેનાર હે પ્રત્યક્ષદેવ ! ભવ્યોને બહાર આવીને દર્શન દ્યો.

રાજા ! સૂર્ય ઊગી ગયો, આજ ભાદ્રપદ વદ ચતુર્દશીનો દિવસ છે. આપ બહાર આવીને જિનપૂજા કરવા મંદિરમાં પદાર્પણ તો કરો.

આ પ્રકારે સ્ત્રીઓનાં પ્રભાત સંબંધી ગીત સાંભળીને ભરતેશ્વરે પણ હજારો પલંગ પર પડેલા પોતાના પ્રતિરૂપોને અદૃશ્ય કરી લીધા. પછી ભાવદૃષ્ટિથી આત્માનું એકવાર દર્શન કરીને પુનઃ વિસર્જન કર્યું. **'શ્રી વીતરાગ'** એ શબ્દ ઉચ્ચારણ કરતા થકા તેઓ ત્યાંથી ઊઠયા.

લોક તો સવારમાં ઊઠતાં જ પોતાનું મુખ દર્પણમાં જોવાની ચિંતા કરે છે, પરંતુ ભરતેશ્વર તેને પોતાના આત્મદર્પણમાં દેખે છે. જુઓ ! શું વિચિત્રતા છે.

ભરતજી પોતાના પલંગ ઉપરથી ઊઠયા અને પોતાની સ્ત્રીને દેવી ! તમે પણ પવિત્ર થઈને જિનમંદિર આવો. કહેતા થકા બહાર આવ્યા અને જિનાભિષેકને માટે મંદિર જવાની તૈયારી કરવા લાગ્યા.

# ૧૧. પર્વાભિષેક સંધિ

**આ**જે પર્વનો દિન છે. સમ્રાટ જિનમંદિરમાં જઈને ઘણા વૈભવપૂર્વક જિનાભિષેક કરશે.

સમ્રાટના ચાતુર્યનું કોણ વર્ણન કરી શકે ? જો કે તેઓ અત્યંત પવિત્ર દેહને ધારણ કરવાવાળા છે. તેમના શરીરને આહાર છે, નિહાર નથી. તો પણ તેઓએ વિચાર્યું કે હું ઘણા વખતથી મારી પત્નીઓની સાથે રહ્યો છું, તેથી પૂજન પહેલાં એકવાર સ્નાન અવશ્ય કરવું જોઈએ. એ વિચારથી તેઓ પૂજન કરતા પહેલાં સ્નાનગૃહમાં ગયા.

ભરતજી બે પ્રકારના સ્નાન કરતા હતા, એક ભોગસ્નાન, બીજું યોગસ્નાન. શરીર નિર્મલ તથા સુંદર બનાવવા માટે (અર્થાત્ ભોગના પ્રયોજનથી) સ્નાન કરવું તે ભોગસ્નાન છે. દેવપૂજા, ધ્યાન, પાત્રદાન આદિ માટે સ્નાન કરવું તે યોગસ્નાન છે.

ભોગસ્નાન માટે માલિશ કરવાની આવશ્યકતા હોય છે. તેલ, અંગરાગને અન્ય સુગંધ દ્રવ્યોની પણ આવશ્યકતા રહે છે. પાણી પણ ઘણું જોઈએ છીએ. એથી તેમાં વખત પણ ઘણો જાય છે, પરંતુ યોગસ્નાનમાં આ બધા પ્રકારોની આવશ્યકતા રહેતી નથી. તેથી તે જલદી પતી જાય છે.

સમ્રાટ પ્રતિદિન સ્નાન કરતા હતા. એક દિવસ યોગસ્નાન, બીજે દિવસ ભોગસ્નાન એ ક્રમથી તેમનું સ્નાન બનતું હતું. તેઓ અનવરત સ્નાન કરતા હતા.

આજે પર્વનો દિવસ હોવાથી તેઓએ ભોગસ્નાન ન કર્યું. કેમકે આજે તેને ભોગથી કોઈ પ્રયોજન નહોતું. ઘણી ત્વરાથી સ્નાનગૃહમાં પ્રવેશ કરીને તેઓએ યોગસ્નાન કર્યું. ત્યાર પછી ત્યાંથી શૃંગારશાળામાં ગયા.

શૃંગારશાળામાં પ્રવેશ કરીને તેઓએ પોતાનું શરીર શણગાર્યું.

શૃંગાર પણ તેમનો બે પ્રકારે હતો. એક મોહન શૃંગાર, બીજો મોક્ષ શૃંગાર. પોતાની સ્ત્રીઓને પ્રસન્ન કરવાવાળા વસ્ત્ર ને આભૂષણોથી પોતાનું શરીર સુસજ્જિત કરવું તે મોહનશૃંગાર છે. મોહરહિત મોક્ષ લક્ષ્મીને પ્રસન્ન કરવાવાળા જિનપૂજાને યોગ્ય વસ્ત્રાભૂષણોથી શરીર સુસજ્જિત કરવું તે મોક્ષ શૃંગાર છે. કેમકે જિનપૂજા મોક્ષાંગ ક્રિયા છે. તે વખતે ચટકમટક રહિત નિર્મોહ અલંકારોની જ પ્રધાનતા રહેવી જોઈએ.

સમ્રાટે જિનપૂજા કરવા જતી વખતે મોક્ષ શૃંગાર ધારણ કર્યો છે.

તેઓએ સૌથી પહેલાં દીર્ઘ કેશોને ખંખેરીને બરાબર બાંધી લીધા. લલાટમાં શ્રીગંધનું સ્થૂલ તિલક કર્યું. તે સાક્ષાત્ ધર્મચક્ર સમાન જણાતું હતું. અથવા તે જાણે કર્મપૂંજનો તિરસ્કાર કરવાવાળું ચક્ર તો ન હોય એમ લાગતું હતું. તે પ્રકારે તેઓએ હૃદય, બાહુ, કંઠ આદિ સ્થાનોમાં પણ શ્રીગંધથી ષોડશાભરણોની રચના કરી રત્નો નિર્મિત કુંડલ, કંઠહાર, કટિસૂત્ર આદિ તે વખતે તેના શરીરમાં સારી રીતે શોભા આપતા હતા. હાથની આંગળીઓમાં સુવર્ણ અને રત્નનિર્મિત અંગૂઠી, હાથમાં સુંદર કંકણ અને શરીરમાં મોતીથી નિર્મિત યજ્ઞોપવિત આદિ બહુ સુંદર દેખાતા હતા. તેઓએ હવે

શુદ્ધ રેશમી વસ્ત્રો પહેરી લીધાં. પગમાં ચાંદીની ચાખડીઓ છે. એ પ્રકારે અત્યંત પવિત્ર થઈને શાંતચિત્તથી જિનમંદિર ગયા.૪

આ વખતે તેમની કઠોર આજ્ઞા હતી કે જિનમંદિરમાં જતી વખતે માર્ગમાં તેમની કોઈ પ્રશંસા ન કરે, એટલું જ નહિ, કોઈ હાથ પણ ન જોડે. અત્યારે તેમની આગળ કોઈ રાજકીય વૈભવ ન હતો, છત્ર ન હતું, ચામર ન હતા અને કોઈ સેવક ન હતો. રાજા હોવાનું અભિમાન પણ ન હતું. તે તે બધી બાબતો છોડીને તેઓએ હવે કેવલ સંસારભય અને પ્રભુભક્તિને પોતાના સાથી બનાવી લીધા છે. તેઓ એક શુદ્ધ શ્રાવકની જેમ જિનમંદિર જતા હતા.

પોતપોતાના મહેલથી નીકળીને તેમની રાણીઓ પણ માર્ગમાં તેમની સાથે આવતી હતી. રાણીઓને પ્રથમથી ખબર હતી કે આજે પતિદેવને સંયમનો દિવસ છે. તેથી અમને પણ ઉચિત છે કે અમે પણ સંયમપૂર્વક દિવસ વ્યતીત કરવા જિનમંદિરમાં જઈએ. તે વિચારથી બધી રાણીઓ તેમની પેઠે યોગસ્નાન અને મોક્ષશૃંગાર કરીને માર્ગમાં પતિની સાથે જવા લાગી રાણીઓએ પણ આજે મોહનશૃંગાર નહોતો કર્યો. જેથી વિકાર ઉત્પન્ન ન થાય, એવા જ વસ્ત્રાભૂષણો પહેરી તેઓ આવી હતી. વિશેષ શું ? ભરત ને તેમની દેવીઓ સામાન્ય ચતુર નહોતા. પરસ્પર જોવા છતાં જરાપણ કામવિકાર ઉત્પન્ન ન થાય તેવી વ્યવસ્થા તેઓએ કરી રાખી હતી. ખરેખર પુણ્યદિનમાં પુણ્યમય વિચારોથી રહેવું તે તેઓ પુણ્યપુરુષનું કર્તવ્ય જાણતા હતા.

આશ્ચર્ય છે ! તે પતિપત્ની એક બીજાને દેખાતા હતા પણ કોઈના મનમાં વિકાર ઉત્પન્ન થતો ન હોતો. નિર્વિકારતા અને વિનયભાવની જ ત્યાં મુખ્યતા હતી.

જો કે તેમને ખબર હતી કે પૂજન ને અભિષેક માટે વિપુલ સામગ્રી આવવાવાળી છે, છતાં પણ પ્રભુના દરબારમાં ખાલી હાથે જવું શિષ્ટાચાર નથી એ વિચારોથી તેઓએ એક એક ફળ પોતાના હાથમાં લઈ લીધું.

ચારે બાજુથી રાણીઓ જાય છે. વચ્ચે સમ્રાટ જઈ રહ્યા છે. તેમના હાથમાં માતુલિંગનું ફળ છે. બન્ને બાજુ ઘણી સ્ત્રીઓ આધ્યાત્મિક ગાન ગાતી ગાતી જાય છે. અનેક પરિવારની સ્ત્રીઓ અનેક પ્રકારની પૂજા સામગ્રી લઈને સમ્રાટની પાછળ આવે છે. બન્ને બાજુ ગાયન અને આગળ શંખધ્વનિ સહિત બહુજ વૈભવની સાથે સમ્રાટ જઈ રહ્યા છે.

રાજમહેલ પાસે જ ઉદ્યાન-વનની વચ્ચે ભગવાનશ્રી આદિ પ્રભુનું મંદિર છે ત્યાં જઈને ચક્રવર્તી જિનયજ્ઞ ક્રિયા કરે છે.

બહારના પરકોટની બહાર તેઓ ચાખડી ઉતારીને અંદર દાખલ થયા. સૌથી પહેલાં માનસ્તંભની પ્રદક્ષિણા કરીને પોતાની પવિત્ર દેવીઓની સાથે સાથે આકાશચુંબિત અને સુવર્ણ નિર્મિત ત્રણ પરકોટ ઓળંગ્યા અને જિનમંદિરના દર્શન કર્યા.

તે જિનમંદિરના સૌંદર્યનું શું વર્ણન કરીએ ? ભરતેશ્વરના રહેવાનો મહેલ સુવર્ણ અને રત્નોથી નિર્મિત છે. તેઓએ પોતાના સ્વામી આદિ પ્રભુના મંદિરને પણ રત્ન અને સુવર્ણથી પોતાના મહેલથી

પણ અધિક સુંદર બનાવ્યો છે, એ કહેવાની શી જરૂર છે ? રાજમંદિરના બનાવનાર સુરશિલ્પી શું જિનમંદિરની રચના ન કરી શકે ? તેનું વર્ણન આ લખાણથી નથી થઈ શકતું. તેને શું કલ્પવિમાન કહી શકાય, અથવા તો જાણે તે મંદરાચલ તો નહિ હોય ને ? સમવસરણ તો નથી ને ? ના, ના. તે તો સર્વાર્થસિદ્ધિ વિમાન જેવું છે. અથવા અનેક સુવર્ણરત્નોથી રચિત સુંદર પર્વત છે. ઠીક, રહેવા દ્યો. અમારા મનમાં તો એક બીજી કલ્પના આવે છે, કે તે જિનમંદિરમાં જિનેન્દ્રભગવાનના પંચકલ્યાણકને સારી રીતે બતાવી રહ્યા હતા.

તેની ઉપર ટાંગેલા મોતી ને માણિક્યના કલશોના પ્રકાશ એ રીતે ફેલાઈ રહ્યા હતા જાણે કે તેઓ સાક્ષાત સૂર્ય-ચંદ્રને ચોખે ચોખું કહેતા હોય કે તમારી અત્રે જરૂર નથી, તમે ત્યાં જ રહો, અમે અત્રે પૂરેપૂરો પ્રકાશ પાડીએ છીએ. ધ્વજા-પતાકાઓ ફરકતી વખતે એવું લાગતું હતું કે તેઓ આકાશથી દેવોને જિનદર્શન કરવા બોલાવી રહ્યા હોય. એટલું જ નહિ અનેક રત્નમય ઘંટા સુંદર શબ્દો દ્વારા તે દેવોને મોટા ધ્વનિ કરીને અત્રે આકર્ષી રહ્યા હોય. સ્થળે સ્થળે અનેક શાસન દેવતાઓની પૂતળીઓ ઊભી હતી. તેમને જોતાં એવું જણાય છે કે તેઓ હસે છે, અથવા બોલવા આતુર છે, અથવા કોઈ તરફ ઉત્સાહપૂર્વક જોઈ રહી છે.

જિનેન્દ્રદેવ અને સિદ્ધોની મૂર્તિઓ અત્યંત જગજગાટપૂર્વક શોભી રહી છે. તેનામાં શાન્તિરસ ઓતપ્રોત ભરેલો છે. સમવસરણમાં ભગવાન આદિનાથ સ્વામી ચતુર્મુખે બિરાજમાન છે. તે પ્રકારની આ મંદિરમાં ભગવાનની ચતુર્મુખ પ્રતિકૃતિ (મૂર્તિ) છે. જણાય છે કે, આ સાક્ષાત્ સમવસરણ જ છે; અને તેની જેવું જ અત્યંત સુંદર છે.

સમ્રાટે નિષ્કલંક ચારિત્ર ધારણ કરવાવાળી પોતાની રાણીઓની સાથે સમસ્ત સંપત્તિઓના આધારભૂત પવિત્ર જિનમંદિરની ત્રિકરણ શુદ્ધિપૂર્વક હાથ જોડી ત્રણ પ્રદક્ષિણા લીધી. ત્યાર પછી પોતાના ચરણો ધોઈને અંદર દાખલ થયા, અને સમક્ષ બિરાજતા શ્રી આદિનાથ ભગવાનની મૂર્તિના દર્શન કર્યા. તેઓએ સૌથી પહેલાં દૃષ્ટિથી દર્શનાંજલિ આપી, પછી સુવર્ણ પુષ્પો સમર્પીને તેઓ હાથ જોડી ઊભા રહ્યા અને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

કેવલજ્ઞાનરૂપી મહારાજ્યના સ્વામી દેવાધિદેવ શ્રી ભગવાન આદિનાથ પ્રભુની પ્રતિકૃતિનો જય થાઓ. મુક્તિના અધિપતિ, સિદ્ધાન્તના પ્રતિપાદક, ઈચ્છિત સિદ્ધિદાયક મારા સ્વામીની પ્રતિમાનો જય હો. કોટિ સૂર્ય ને કોટિ ચંદ્રના પ્રકાશને ધારણ કરવાવાળા ત્રણ લોકના રાજાઓના રાજા ચિન્મય મારા પિતાની પ્રતિકૃતિનો જય હો.

ઈત્યાદિ અનેક પ્રકારે સ્તુતિ કરીને બધાએ અત્યંત ભક્તિથી સાષ્ટાંગ નમસ્કાર કર્યા, તે વખતે ભરતનું શરીર તે મંદિરમાં હતું, પણ ચિત્ત ત્યાં ન હતું. ચિત્ત તો કૈલાસ પર્વતમાં જઈને ભગવાન આદિનાથ સ્વામીનાં સાક્ષાત્ દર્શન કરતું હતું. એ યથાર્થ ભક્તિ છે.

ત્યાર પછી સમ્રાટ દર્ભાસન પર બિરાજમાન થયા તથા સમ્પૂર્ણ આદ્ય ક્રિયાઓને કરીને તેઓએ જૈનશાસન દેવતાઓને અર્ધ્યપ્રદાન કર્યું. સ્તુતિ કર્યા પછી જપ કર્યો. ત્યાર પછી આંખ મીંચીને આત્મામાં ભગવાન આદિનાથનું સ્થાપન કર્યું. હવે તેમને શરીરની અંદર જ ભગવાન સાક્ષાત્ દેખાતા

હતા. અથવા એમ કહીએ કે ભરતના આત્મપ્રદેશોમાં ભગવાનનું રૂપ કોઈએ ચિત્રિત કરી દીધું છે. ભરતેશ્વર કોઈ સામાન્ય પુરુષ નથી. તેઓ શુદ્ધ વંશોત્પક, સત્કુલમાં જન્મેલ ક્ષત્રિય જાતિના છે. તેમાં પણ યોગી જેવા છે. તેથી તેમને આંખ મીંચતા જ ભગવાનના દિવ્યરૂપના દર્શન થવા લાગ્યા છે.

આ બાજુ તેઓ ઘણી તન્મયતા પૂર્વક પોતાના દેહમાં જ ભગવાનનો સાક્ષાત્કાર કરતા હતા, પેલી તરફ ભરતેશ્વરની દેવીઓ શું કરી રહી છે ! જરા એ પણ જોઈએ.

બધી સતીઓ શ્રી દેવાધિદેવ ભગવાનના મંદિરમાં પહોંચીને ત્રિલોકીનાથની બહુ ભક્તિપૂર્વક સ્તુતિ કરે છે. અત્યંત સુંદર સ્વરપૂર્વક જે વખતે તેઓ તે વિશાલમંદિરમાં ગાતી હતી તે વખતે તેમની સ્તુતિઓની પ્રતિધ્વનિ ત્યાં ગાજી ઊઠી. પ્રાકૃત, સંસ્કૃત, કર્નાટક, પૈશાચિક, માગધી, શૈશવ અને શૌરસેની આદિ અનેક ભાષાઓમાં તેઓએ ભગવાનની સ્તુતિ કરી.

હે દેવોત્તમ ! આપનું દિવ્ય શરીર રત્નની સમાન અત્યંત ઉજ્જ્વલ છે. આપની જય હો. અમે જન્મમરણરૂપી સંસારના ફંદામાં પડીને અત્યંત કષ્ટ પામી રહ્યા છીએ. તેને દૂર કરીને હે સ્વામી ! આપ અમારી રક્ષા કરો. સ્વામી ! તમારા પુત્રની જેમ અમને શુદ્ધાત્મયોગનો અનુભવ નથી થતો તો પણ આ આપના ચરણોમાં શ્રદ્ધા રાખીએ છીએ. સ્વામી ! અભેદભક્તિથી યુક્ત ધ્યાનમાં અમારું મન નથી લાગતું. તેમાં ચિત્ત ચંચલ રહે છે, તેથી અમને તેને માટે શક્તિ કે યોગ્યતા આપો, કૃપા કરો. આ સ્ત્રીવેષ પરમ કષ્ટરૂપ છે. જો આપે અમને આત્મયોગનો માર્ગ બતાવ્યો તો અમે નક્કી આ સ્ત્રીજન્મ નષ્ટ કરીશું. એ રીતે અનેક પ્રકારે સ્તુતિ કરવા લાગી.

એવામાં ભરતે પોતાનું ધ્યાન પૂર્ણ કર્યું. અને પોતાની સ્ત્રીઓની સાથે મુનિવાસમાં ગયા. ત્યાં મુનિઓના ચરણોમાં અત્યંત વિનયપૂર્વક નમન કર્યું. પછી તે યોગીરાજોની સાક્ષી પૂર્વક દિગ્વ્રત દેશવ્રત આદિ વ્રતો લીધા. સાથો સાથ આજ અમે બધા અનશન (ઉપવાસ) વ્રત પાળીશું એ પણ નિવેદન કર્યું. આજથી અમારે નિષ્પાપ ધર્માંગ સંબંધી બોલવું ને દેખવું રહેશે. હવે કામની જરૂર નથી, તેથી અમને બ્રહ્મચર્યવ્રત આપો. એમ કહીને પોતાની સ્ત્રીઓની સાથે બ્રહ્મચર્યવ્રતના કંકણથી બંધાયા.

ત્યાર પછી તે તપોધનોને પ્રાર્થના કરી કે સ્વામી ! મહાભિષેક કે પૂજાના દર્શનાર્થે પધારો. તેમની સમ્મતિ પામીને સમ્રાટ ત્યાંથી રવાના થયા. શ્રી ભગવાન આદિનાથના મંદિરમાં જઈને મહાભિષેક આદર્યો. અભિષેક કરવાવાળા આદ્ય મહાપુરુષ સમ્રાટ ભરત છે. અભિષેક કરવા યોગ્ય પ્રતિમા ભગવાન આદિ પ્રભુની છે. આવી અવસ્થામાં તે અભિષેકનું વર્ણન શું કરીએ ? તે જિનમંદિર ચતુર્મુખી હતું તે પહેલાં જ કહેવાઈ ગયું છે. તેથી ભરતજીએ પણ ચાર રૂપ ધારણ કરી લીધા અને તેઓ અત્યંત ભક્તિથી અભિષેક કરવા લાગ્યા.

બહારથી અનેક પ્રકારના વાદ્યઘોષ વાગવા લાગ્યા, ચારે દરવાજામાં યોગીગણ, અર્જિકાઓ, શ્રાવક, શ્રાવિકાઓ અને રાણીઓ અભિષેક જોઈ રહ્યા છે, અને જય જય શબ્દ ઉચ્ચારી રહ્યા છે.

મૂર્તિ પાંચસો ધનુષ્ય ઊંચી છે, અને અભિષેક કરવાવાળા સમ્રાટ ને તેમની સમ્રાજ્ઞીઓ પણ

તેટલા જ ઊંચા છે. હવે પાઠક સ્વયં વિચારે કે તે અભિષેકમાં કેટલો આનંદ આવ્યો હશે ? અત્યંત વિશાલ શરીર હોવા છતાં પણ સમ્રાટનું શરીર વિકૃત થતું નહોતું જણાતું. તેની લંબાઈ, મોટાઈ, ઊંચાઈ આદિ યથાવસ્થિત હોવાથી સર્વાંગ બરાબર શોભી રહ્યાં છે. તે દીર્ઘ મંદિરમાં દીર્ઘદેહી ભરતે દીર્ઘપ્રતિમાનું જે દીર્ઘવૈભવથી અભિષેક કર્યો તે મહત્તાને શ્રી આદિનાથ ભગવાન જ જાણે.

## જલાભિષેક

જેમ આકાશમાં વાદળો ગળવાથી મેરુ પર્વતની ઉપર નિર્મલ જલવર્ષા થાય છે, તેવી રીતે શ્રી ભગવાન આદિનાથને સમ્રાટે અનેક ઘડાઓ ભરીને નિર્મલ જલાભિષેક કર્યો.

## નારિયેળ રસાભિષેક

જાણે કે આકાશગંગાનું પાણી લીલા રત્નોથી નિર્મિત ઘડામાં ભરીને દેવોને સ્નાન કરાવી રહ્યા હોય એ પ્રકારે કાચા નારિયેળના પાણીથી ભગવાનને અભિષેક કરી રહ્યા છે. ત્યારપછી નારિયેળના ગરથી (માવાથી) શ્રી ભગવાનનો અભિષેક કર્યો. તે એવો લાગતો હતો કે જાણે આકાશસમુદ્રના ફીણ બધા એકઠા થઈને સમ્રાટના હાથમાં આવી પડયા હોય.

## કદલી ફલાભિષેક

એ શું છે ? તાડના ફૂલ તો નથી ને ? એવો ભ્રમ ઉત્પન્ન કરતા થકા શ્રી ભરતજી કેળના ફલથી અભિષેક કરી રહ્યા હતા.

## શર્કરાભિષેક

હાથમાં બરાબર પકડાય પણ નહિ. એવી અને પકડે તો પણ આમતેમ સરકી જાય એવી શુદ્ધ સાકરને હાથમાં લઈને ભરતેશ્વરે ઘણી ભક્તિપૂર્વક શર્કરાભિષેક કર્યો.

## ઈક્ષુરસાભિષેક

કામદેવને જિનેન્દ્ર ભગવાનની આગળ લજ્જા ઉત્પન્ન થઈ. તેઓ સમજ્યા કે હવે ઈક્ષુદંડમાં માધુર્ય નથી, તેથી તેણે ઈક્ષુ લાવીને ભગવાનની આગળ ધરી દીધી છે. અને લોકને એમ કહી રહ્યા છે કે ખરેખર આ કામસેવનમાં કાંઈ સુખ નથી. તમો બધા શ્રી ત્રિલોકીનાથ શ્રી ભગવાનની સેવા કરો. આ ભાવ બતાવતા થકા સમ્રાટ ઈક્ષુરસનો અભિષેક કરી રહ્યા છે.

## આમ્રરસાભિષેક

સમ્રાટ અગણિત ઘડામાં ભરી ભરીને જે વખતે ઉત્તમજાતિના આમ્રરસથી અભિષેક કરતા હતા તે વખતે એવું લાગતું હતું કે જાણે કે આ પ્રતિમાને નવીન બેરંગી પરિધાન તો ધારણ કરાવવામાં આવ્યાં ન હોય.

આ કલ્પના પસંદ ન પડી, જવા દ્યો; જે વખતે ભરતેશ્વરે તે કાકંબી (એક જાતના ફળ)ના રસથી અભિષેક કર્યો તે વખતે તે સુવર્ણની જ મૂર્તિ થઈ ગઈ.

## ઘૃતાભિષેક

જાણે કે ઠંડા સોનાના શુદ્ધ રસ જ તેઓ ધારા પ્રવાહરૂપે છોડી રહ્યા હોય એ પ્રકારના ભાવને પ્રગટ કરતા થકા સમ્રાટ શુદ્ધ ગોઘૃતનો અભિષેક કરી રહ્યા હતા.

જે વખતે તેઓએ ઘૃતાભિષેક કર્યો તે વખતે એવું લાગતું હતું કે જાણે કે કોઈ સોનાની નદી વહી રહી હોય.

## દુગ્ધાભિષેક

ક્યાંક આકાશનું ક્ષીર સમુદ્ર તો નથી આવ્યું, નહિંતર આટલું દૂધ ક્યાંથી આવે ? એમ લોકો વાતચીત કરી રહ્યા હતા. ભરતજી અગણિત કુંભોમાં ભરી ભરીને દૂધનો અભિષેક કરી રહ્યા હતા.

મોટા મોટા કુંભોને દીર્ઘબાહુઓથી ઊઠાવીને જે વખતે અભિષેક કરતા હતા તે વખતે ''બુડ બુડ, ભુલ્લ ભુલ્લ'' એ પ્રકારે શબ્દોઘોષ થઈ રહ્યો હતો.

## દધિ અભિષેક

નારિયેળની ગરી જેમ શુભ્રદધિથી સમ્રાટે અત્યંત ભક્તિથી અભિષેક કર્યો.

ક્ષીર સમુદ્રમાં જ દહીં નાખીને બીજું દહીં જમાવીને લાવ્યા હોય કે દધિવર સમુદ્રને જ અહીંઆ ઉઠાવીને લાવ્યા હોય. અહાહા ! કેટલું સરસ ! એ પ્રકારે સમ્રાટના વૈભવની પ્રશંસા તે વખતે થઈ રહી હતી.

આ પ્રકારે સમ્રાટે પંચામૃતના અસંખ્ય ઘડાઓથી અભિષેક કર્યો. મુનિગણ અભિષેકને જોઈને જય જયકાર શબ્દ કરી રહ્યા છે. જોનારને જણાતું હતું કે કદાચ આકાશમાં અમૃતનો સમુદ્ર તો નહિ હોય ને ?

અસંખ્ય ઘડાઓથી જે વખતે તેઓએ અભિષેક કર્યો તે વખતે મંદિરની જમીન અને તેના પાયા ધોવાઈ જાત પણ તે વજ્ર નિર્મિત હતા. તેથી કાંઈ ન થઈ શક્યું. સામગ્રી પહાડની જેમ એકત્રિત થઈ રહી છે. પરિવાર સ્ત્રીઓ તેને ઉપાડી ઉપાડીને લઈ જાય છે. કેટલીક રાણીઓ સમ્રાટને અભિષેક માટે સામગ્રી ઉઠાવીને આપે છે. કોઈ કોઈ આરતી ઊતારે છે. કોઈ જયજયકાર શબ્દ ઉચ્ચારે છે. તે બધી સ્ત્રીઓ મોટા મોટા અમૃતથી ભરેલા ઘડાને ઊઠાવીને રાજાને આપે છે. જે ઘણા મોટા મોટા ઘડા છે તેને તો કેટલાક મળીને ઉપાડે છે. સમ્રાટ વિચારે છે કે તેમને આ ઘડા ઉપાડવામાં ઘણું કષ્ટ થાય છે. તે વખતે તેઓ પોતાના અનેક રૂપ બનાવીને તે સ્ત્રીઓની વચ્ચે ઊભા રહીને તેમને ઉપાડવામાં મદદ આપે છે. કયારેક કયારેક જાતે જ અનેક રૂપો કરીને ઉપાડતા થકા તે સ્ત્રીઓને કહે છે કે તમો અભિષેક જોતાં ઊભા રહો. ભગવાનની સ્તુતિ કરો. હું બધું કરું છું. એમ કહીને જાતે અભિષેક કરે છે.

ભરતને કઈ વાતની ખામી છે ? ઈચ્છા કરે એટલી જ વાર છે. જે વખતે ઈચ્છા કરે તે વખતે તેના હાથમાં અમૃતનો ઘડો આવે છે. તો અત્યંત ભક્તિથી તેઓ અભિષેક કરતા જાય એમાં આશ્ચર્ય શું ? ચાંદી, સોના અને રત્નોથી નિર્મિત ઘડામાં ભરેલા અમૃતથી જે વખતે તેઓ અભિષેક કરી રહ્યા

હતા તે વખતે એવું લાગતું હતું કે સમ્રાટ અનેક રંગના દડાથી રમી રહ્યા છે.

ઘડાને ઉપાડવાનો ક્રમ, સાવધાન અને ભક્તિથી ભગવાનનો અભિષેક કરવાની રીતિ, ગાંભીર્યયુક્ત ગતિ આદિથી સમ્રાટ તે વખતે દેવેન્દ્રનો પણ તિરસ્કાર કરી રહ્યા હતા.

ભરતજી જે રસોઈઘરમાં ભોજન કરતા હતા ત્યાં ભોજન માટે ઉત્તમ જાતિની ત્રણ કરોડ ગાયનું દૂધ લાવવામાં આવતું હતું. એવી સ્થિતિમાં આજે ભરતેશ્વરે એક કરોડ દૂધના કલશોથી અભિષેક કર્યો. એમાં આશ્ચર્યની વાત શી ? તે મંદિરના નિર્માણમાં નીચેથી દૂધ, દહીં જવા માટે માર્ગ રાખવામાં આવ્યો હતો. નહિતર ભરતજીએ જે અભિષેક કર્યો તેનાથી તે વખતે દૂધ, દહીંથી જ તે મંદિર ડૂબી જાત !

પાંડુકનિધિનું કાર્ય જ એ છે કે તે ઈચ્છિત રસને આપે એવી સ્થિતિમાં ચક્રવર્તીએ ત્યાં ઘીની નદી વહાવી અને સાકરનો પહાડ બનાવી દીધો, એમાં આશ્ચર્ય શું છે ? સાકર ફળ આદિથી તેઓએ જે અભિષેક કર્યો તેમને પરિવાર સ્ત્રીઓ તે વખતે જ ઊપાડીને લઈ જતી હતી, નહિતર તેનાથી મોટો પહાડ પણ ઢંકાઈ જાત.

ગૃહપતિ નામનું રત્ન અનેક પ્રકારના પદાર્થો લાવીને આપતા હતા, તો પછી ભાઈ, તેમ થતાં શું વાર લાગે ?

ભગવાનના જન્માભિષેક કલ્યાણકમાં સ્વર્ગના દેવોએ ક્ષીર સમુદ્ર લાવીને અભિષેક કર્યો હતો. આજે સમ્રાટે ક્ષીર, ઈક્ષુ, દધિ, ઘૃત એ પ્રકારે ચાર સમુદ્ર લાવીને અભિષેક કર્યો. શું આ પ્રકારનું ભાગ્ય દેવોને મળી શકે !

એ પ્રકારે પંચામૃતાભિષેક અત્યંત ભક્તિ, વિનય તથા મંત્રોચ્ચારણ વિધિપૂર્વક કર્યા પછી સમ્રાટે લાજાંગ ચૂર્ણ અને કુંકુમચૂર્ણથી અભિષેક કર્યો. ત્યાર પછી અત્યંત સુગંધિત સર્વ ઔષધિઓથી અભિષેક કર્યો. સર્વૌષધિનો અભિષેક કર્યા પછી કરોડો ઘડાઓથી ચંદન ભરીને અભિષેક કર્યો. અને કરોડો ઘડાઓમાં ગુલાબજળ ભરીને અભિષેક કર્યો. ત્યારપછી પૂર્ણકુંભને ઉપાડી 'સર્વ લોકમાં શાન્તિ હો' ! એ પ્રકારે શુદ્ધ ઉચ્ચારણપૂર્વક શાન્તિમંત્ર ભણીને પૂર્ણકુંભાભિષેક કર્યો. પછી ૧૦૮ કલશોમાં ભરેલા અનેક રંગના પુષ્પોની વૃષ્ટિ કરી. આ વખતે બધા ભવ્યગણોના 'જયજયકાર' શબ્દનાદથી એ મહામંદિરને કોની ઉપમા આપી શકાય ?

આ સિવાય સોના, ચાંદી અને રત્નોથી નિર્મિત પુષ્પોની પણ વૃષ્ટિ કરી. જયજયકાર શબ્દથી મંદિર ગાજી ઊઠયું.

ત્યાર પછી અત્યંત અત્યંત ભક્તિથી અષ્ટવિધાર્ચનપૂજન વિધિપૂર્વક પૂજા કર્યા પછી ૧૦૮ પ્રફુલ્લિત કમલોથી મંત્રપુષ્પાંજલિ દઈને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. તે વખતે વાદ્યઘોષ બંધ પડયો.

તે મંદિરમાં અત્યંત વૃદ્ધ પૂજેન્દ્ર પૂજક હતો. તેને સમ્રાટે સૂચના કરી. તેઓએ અનેક મંત્ર ને વિધિપૂર્વક જિનેન્દ્ર ભગવાનની અને શાસનદેવતાઓની પૂજા કરી, જે સમ્રાટ ઊભા ઊભા જોઈ રહ્યા હતા.

પૂજા અને અભિષેક વખતે સમ્રાટે પોતાના અનેક રૂપ બનાવ્યા હતા. હવે તેઓએ બધા અદૃશ્ય કરીને એક કરી લીધાં, અને ત્યાંથી તપોધનની પાસે જઈને પોતાની સહધર્મિણીઓની સાથે તેના ચરણોમાં નમન કર્યું.

આચાર્ય પરમેષ્ઠીએ ભરતજીને ''परमात्मसिद्धिरस्तु'' અને અન્ય મુનિઓએ ''धर्मवृद्धिरस्तु'' આશીર્વાદ આપ્યો.

અત્યાર સુધી ભરતજીએ આસપાસ જોયું ન હોતું, એમનું એક માત્ર ચિત્ત શ્રી ભગવાનની સેવામાં લાગેલું હતું. હવે તેઓએ પોતાની દૃષ્ટિ ફેરવીને પૂજા અને અભિષેકના દર્શનાર્થે આવેલા ભવ્યોને જોયા.

તે રાજમહેલનું મંદિર છે ત્યાં બહારના લોકો આવી નહોતા શકતા, તે એકાંત પૂજા છે. લોકોની ભીડ બહુ નહોતી. ગણવાથી માત્ર બાર લાખની સંખ્યા થાય.

ભરતની રાણીઓની સંખ્યા ચાર હજાર ન્યૂન એક લાખ છે, એક એક રાણીઓની સાથે દશ દશ પરિવાર સ્ત્રીઓ રહે છે, એ રીતે દશ લાખમાં જરાક ઓછી સંખ્યા થઈ. હવે ભરતની દાસીઓ, ગાયિકાઓ, ગુરુગણ, આર્જિકાઓ, પરિચારિકાઓ, વૃદ્ધવ્રત્તિક આદિ મળીને લગભગ દોઢ લાખ છે.

સમ્રાટનાં અભિષેક અને પૂજન જોઈને ઉપસ્થિત બાર લાખ જનતાને આનંદ થયો. કૈલાસ પર્વત ઉપર ભરતેશ્વર જ્યારે ભગવાન આદિનાથની પૂજા કરશે, ત્યારે તેને જોવા અઢીદ્વીપના સમસ્ત ભવ્યો આવશે, ને પ્રસન્ન થશે. તો પછી આજ બાર લાખની સંખ્યામાં આવેલા ભવ્યો પ્રસન્ન થાય તેમાં આશ્ચર્ય શું છે ? કૈલાસ પર્વત ઉપર ૭૨ જિનમંદિરોની રચના કરીને તેમાં પાંચસો ધનુષ્ય ઊંચા જિનબિંબોની પ્રતિષ્ઠા દેવોને પણ આશ્ચર્ય ઉપજાવે છે, તો એ રીતે કાર્ય કરનાર ભરતેશ્વરને આ પૂજા શા હિસાબમાં છે ?

ભગવાન આદિનાથ સ્વામી જ્યારે મુક્તિ પામશે તે વખતેચૌદ દિવસ ભરતેશ્વર ભગવાનની પૂજા કરશે તે લોકમાં દુર્લભ છે. તે વખતે દેવલોક, નરલોક ને નાગલોકના સર્વ ભવ્યો ભરતના વૈભવની આગળ માથું ઝૂકાવશે. તે બે નેત્રો જોવાને પૂરતા નથી. આ કેવલ પર્વ દિનમાં કરેલું સામાન્ય સંકલ્પપૂજન છે. અંતે સમ્રાટે બધાને ગંધોદક અપાવ્યું.

હવે બાર વાગવાનો વખત થયો. ગાયક આદિ ભરતેશની આજ્ઞા મેળવીને ચાલ્યા ગયા. વૃધ્ધિવ્રતિક પણ ભરતના ચરણોને નમસ્કાર કરી ચાલ્યા ગયા.

આજે પોતાની રાણીઓની સાથે સમ્રાટ આ મંદિરમાં જાગરણ કરવાનાં છે, એ જાણીને મુનિગણ ''હે ભવ્ય ! સુખે રહો'' એ પ્રકારે આર્શીવાદ આપીને નગરના બીજા મંદિરમાં ચાલ્યા ગયા. આ રીતે અર્જિકાઓ પણ ચાલી ગઈ. પોતાની રાણીઓ સિવાય બાકીના બધાને સમ્રાટે આજ્ઞા આપી કે હવે તમો બધા જાઓ. હવે એકાશનનું ઘણું મોડું થઈ જાય છે.

હવે મંદિરમાં લોકાંત નથી રહ્યા, એકાંત બની ગયું છે. આજ સમ્રાટ વ્રતસતીઓની સાથે ધર્મચર્ચા આદિથી જ સમય વ્યતીત કરશે.

# ૧૨. તત્ત્વોપદેશ સંધિ

**સ**મ્રાટ ભરતે વિધિપૂર્વક ત્રિલોકનાથનો અભિષેક કર્યો. હવે આદિ પ્રભુને વન્દન કરીને તેઓ પોતાની દેવીઓ સાથે સ્વાધ્યાયશાળામાં ગયા.

આ સ્વાધ્યાયશાળા અત્યંત વિસ્તૃત અને પ્રકાશમય છે. ત્યાં સૂકા ઘાસથી નિર્મિત સંયમાસન બિછાવેલું છે. બધા આસનોની વચ્ચે એક સોનાની ચૌકી[1] રાખી છે.

રાજયોગી ભરત મધ્યવર્તી આસન ઉપર બિરાજમાન થયા, આજુબાજુના આસનો પર તેમની બધી દેવીઓ બિરાજમાન થઈ. એ વખતનું દૃશ્ય એવું લાગતું હતું કે જાણે કે એ બધા યોગીઓ દ્વારા સિદ્ધવિદ્યાની અધિદેવતાઓ છે.

તે સ્વાધ્યાયગૃહમાં સુગંધિત ગુલાબજલ નહોતું. કોઈ હવા નાખનારા પણ નહોતા. અને કોઈ ચામર પણ વીંઝતું નહોતું. તે લોકોના મુખથી પણ કામ સંબંધી કોઈ વચન નહોતું નીકળતું અને ભોગનું નામ પણ યાદ કરવામાં નહોતું આવતું. કેવલ મોક્ષમાર્ગમાં જ તે વખતે તેમનું ચિત્ત હતું.

જો કોઈ લોક પરસ્પર બોલતા તો ધાર્મિક વિષયો ઉપર જ બોલતા હતા. જો પરસ્પર એક બીજાને જોતાં તો મદ અને કામથી રહિત શાન્તદૃષ્ટિથી જોતા હતા. જો કેવલ ધર્મચર્ચામાં આનંદ આવતો ત્યારે જ તેઓ હસતા હતા. બીજા કારણે નહિ. તે દિવસ તેઓ એક બીજાને સ્પર્શતા પણ નહોતા. કદાચિત્ વૈયાંવૃત્ય કરવાના ઈરાદાથી સ્પર્શ કરતા હતા, તો માત્ર ભરતને એક તપસ્વી સમજીને જ સ્પર્શતા.

વિચાર કરવાની વાત છે. તે લોકોનું સુખ કઈ શ્રેણીનું છે. આજનો ઉપવાસ ક્યા પ્રકારનો છે ? એટલું જ નહિ, પણ પતિપત્ની એક સાથે રહેવા છતાં પણ જરા મનમાં વિકલ્પનો અંશ નથી, તેને જ અસલી તપ કહે છે. લોકમાં સ્ત્રી અને પુરુષ અલગ રહીને પોતાનું બ્રહ્મચર્ય વ્રત બતાવી શકે. પરંતુ એક સાથે રહીને પણ મનમાં કોઈ પણ પ્રકારનો વિકાર ઉત્પન્ન ન થવા દેવો તે તલવારની ધાર ઉપર ચાલવા જેવું છે. એવા પણ ઘણા જોવામાં આવે છે જે પહેલાં વ્રત તો લઈ લે છે પછી સ્ત્રીઓને જોતાં વિચલિત થાય છે. અને માત્ર લોકોના ભયથી કોઈ રીતે રોકાઈ રહે છે. તેમને ઘોડા બ્રહ્મચારી કહેવા જોઈએ. કોઈ કોઈ ભરી સભામાં વ્રત લે છે, પછી સુંદર સ્ત્રીઓને જોઈને મનમાં ને મનમાં કાશીફલની જેમ સડે છે. શું તે વ્રત છે કે આડંબર છે ?

વ્રત ને સંયમ લીધા પછી તેને સર્પ સમાન અત્યંત મજબૂતીથી ગ્રહી રાખવા જોઈએ. કદાચિત્ હાથને ઢીલા કરે તો જેમ તે સર્પ કરડીને પોતાનો સર્વનાશ કરે છે તેમ વ્રત પણ સર્વનો નાશ કરે છે. જે વખતે કોઈ પદાર્થને આપણે ભોગવીએ છીએ તે વખતે તેને ભોગવી લેવો જોઈએ, જે વખતે તેનો ત્યાગ કરીએ ત્યાર પછી તેનું સ્મરણ પણ ન કરવું જોઈએ. એટલું જ નહિ, તેની હવા પણ ન લાગવી જોઈએ. એ પ્રકારની ચતુરતા રાખવી જોઈએ. એકવાર સ્ત્રીત્યાગ કર્યા પછી તે સ્ત્રી આવીને આલિંગન કરે તો પણ પોતાના હૃદયમાં કોઈ વિકાર ન થવા દેવો તે અસલી બ્રહ્મચર્ય છે. સામે સ્ત્રીઓ જોતાં મન ગળી જવું તે નકલી બ્રહ્મચર્ય છે.

---

૧ ચૌકી : ચતુષ્કોણ આસન

જેના હૃદયમાં દૃઢતા છે, ભાવમાં શુદ્ધિ છે તે સ્ત્રીઓ સાથે બોલે તોપણ તે નિર્લેપ છે. તેમની તરફ જુએ તો યે શું ? હસે તો યે શું ? એટલું જ નહિં, સ્પર્શે તો પણ શું ? તેમના મનમાં જરા પણ વિકાર થતો નથી. શું પાણીના સ્પર્શથી કમળના પાંદડાં ભીંજાય છે ? એ પ્રકારે સ્ત્રીઓનાં સંબંધમાં નિર્બલ હૃદયવાલા વિકારી બને છે, પણ ધીરોનાં હૃદયમાં તેનો કોઈ પ્રભાવ નથી પડતો.

રાજા ભરત ને તેની સ્ત્રીઓ વ્રતશૂર હતા. ચિત્તને પોતાને વશ કરવામાં તેઓ પ્રવીણ હતા. તેથી તે દિવસ ઘોર બ્રહ્મચર્યવ્રત લઈને ચિત્ત જરાપણ ઢીલું કર્યા વિના પોતાના વ્રતમાં દૃઢ હતા, તેથી તેમને ધર્મવીર કહેવા જોઈએ. ખરી રીતે જોવામાં આવે તો સાચું પણ એ જ છે. લોકમાં જે ચોરીથી ભોજન કરે છે તેને જો કોઈએ વચ્ચે જ રોકયો તો મનમાં ઘણો દુઃખી થાય છે. કોઈ મનુષ્યનું પેટ પૂર્ણરૂપે ન ભરાય તો તેને ખાવાની આકુળતા રહે છે, પરંતુ આ લોકોને સુખની શી ખામી છે ? અત્યંત તૃપ્ત થઈને સુખ પ્રતિદિન ભોગવવા વાળાએ જો એક દિવસ તેનો પરિત્યાગ કર્યો તો તેને શું દુઃખ થાય છે. કાંઈ નહિ. જેવી રીતે સૂર્યના ઉષ્ણ તાપમાં તપ્ત હોવા છતાં પણ નીચે શીતલ જલ રહેવાથી કમલ સુકાતું નથી. તેવી રીતે ઉપવાસની ગરમી રહેવા છતાં પણ ધર્મકથારૂપી શીતલ અમૃત હોવાથી તેમને ઉપવાસના તાપનો અનુભવ બિલકુલ નથી થતો.

વચ્ચેના દર્ભાસન ઉપર ચક્રવર્તી બિરાજમાન છે. તેઓ વચ્ચે વચ્ચે ત્યાં બેઠલી પોતાની સ્ત્રીઓને દેખે છે, પરંતુ આજ તેઓ તેમને સ્ત્રીઓના રૂપે જોતા નથી પણ એ બધી તપસ્વીનિ છે એમ તેઓ સમજે છે. એવી રીતે તે સ્ત્રીઓ પણ જ્યારે ક્યારેક ભરતને જોતી અથવા તેમની સાથે વાતચીત કરતી ત્યારે પોતાના પતિ સમજીને નહોતી બોલતી પણ આચાર્ય છે એ રીતે સમજીને જોતી અને બોલતી.

સમ્રાટ ભરતે વિચાર્યું કે કાંઈક ધર્મચર્ચા કરવી જોઈએ. એ અભિપ્રાયથી તેઓ પોતાની સ્ત્રીઓને કહેવા લાગ્યા કે તમોને આજે ઘણું કષ્ટ પડયું હશે. અમારા સંસર્ગથી ક્યાંક ઉપવાસવ્રતથી તો ગ્લાનિ નથી થઈને ?

તે દેવીઓએ સમ્રાટને પ્રાર્થના કરી કે સ્વામી ! અમોને ઉપવાસનું કોઈ કષ્ટ થયું નથી. હવે જ્યારે આપનો ઉપદેશ સાંભળવા મળશે તે વખતે અમને ઉપરના સ્વર્ગોના દેવોથી પણ અધિક સુખનો અનુભવ થશે તો ગ્લાનિ ક્યા ઘરની ?

અમોએ ઉદરપોષણ માટે અનંત જન્મ ગાળ્યા. પરંતુ ગુણનિધિ ! આત્મપોષણ માટે તો આપના પવિત્ર સંસર્ગથી આ જ એક જન્મ મળ્યો છે. હે રાજયોગી ! અંતરંગને નહિ જાણતાં બહારના વિષયોમાં ભટકતા થકા અમોએ અનંત ભવભ્રમણ કર્યો પરંતુ આપના સંસર્ગથી અમને આ રાજમાર્ગ મળ્યો છે. સ્વામી ! સ્ત્રીઓની સ્વાભાવિક ઈચ્છાઓ પુત્રો પામવાની, સારા સારા વસ્ત્રો પહેરવાની અને સુંદર આભૂષણો ધારણ કરવાની ઈચ્છા થયા કરે છે, પરંતુ તે ઈચ્છાઓ છોડાવી દઈને આપે અમને નિત્ય સુખનો માર્ગ બતાવ્યો છે. સાચોસાચ આપ મોક્ષરસિક છો. હે પર્વદિનાચાર્ય ! ઉપવાસનું કષ્ટ તો જવા દો હવે આપ ધર્મામૃતનું પાન કરાવો એ અમારા લોકોની પ્રાર્થના છે. એમ કહીને વિનયવતી ને વિદ્યામણિ નામની બે રાણીઓને આગળ બેસાડીને બધી સ્ત્રીઓએ ધર્માપદેશ સાંભળ્યો.

ભરતેશ્વરે ઉપદેશ શરૂ કરતાં કહ્યું કે વિદ્યામણિ ! સાંભળો. હું ભગવાન જિનેન્દ્રના શાસનને ઘણા સંક્ષેપમાં કહીશ. અનંત આકાશની મધ્યે ત્રણ વાતવલય ખૂબ લંબાઈમાં વ્યાપ્ત છે. જેવી રીતે ત્રણ પડની થેલીમાં આપણે કાંઈ ભરીને રાખીએ છીએ તેવી રીતે ત્રણ વાતોની વચ્ચે આ બધા લોક છે. જે ઉપર દેખાય છે, તે સુરલોક છે. તે સુરલોકના અગ્રભાગમાં મોક્ષશીલા છે તેના પર અવિનશ્વર, અવિચલ, અનંતસિદ્ધ બિરાજમાન છે. આપણે જ્યાં રહીએ છીએ તે મધ્યમ લોક છે. હે શ્રાવકી ! આ મધ્યલોકની નીચે અધોલોક છે. આ ઊર્ધ્વ, મધ્ય અને અધો નામના ત્રણ લોકમાં જીવ બધે ય ભરેલા છે અને સુખ દુઃખનો અનુભવ કરે છે. ઊર્ધ્વ લોકવાસી દેવોના આદિ લઈને નીચેના જે જીવ છે તેઓ બધા જન્મમરણનાં દુઃખ અનુભવે છે. પરંતુ સાંભળો સિદ્ધોને જન્મમરણનું દુઃખ નથી.

ક્યારેક મનુષ્ય દેવ થાય છે. દેવ મનુષ્ય થાય છે. અને ક્યારેક તે નારક થાય થાય છે. તેમ જ હાથી, પશુ, ફણિને વૃક્ષાદિ અનેક યોનિઓમાં જઈને કર્મવશ ભ્રમણ કરે છે. એ રીતે જીવોને અનેક પ્રકારની પર્યાય કર્મના કારણે પ્રાપ્ત થાય છે. આ જીવ ક્યારેક દરિદ્ર કહેવાય છે, ક્યારેક ધનિક કહેવાય છે, ક્યારેક સ્ત્રી થઈને અવતરે છે, ક્યારેક પુરુષ થઈને. આ પ્રકારે કર્મના સંયોગથી એ અનેક પ્રકારે દુઃખોનો અનુભવ કરે છે.

એવામાં વિદ્યામણિ હાથ જોડીને ઉપસ્થિત થઈ અને પૂછવા લાગી કે સ્વામી ! આપે કહ્યું કે સંસાર દુઃખમય છે. સિદ્ધલોકમાં સુખ છે તે અવિનાશી સુખ પ્રાપ્ત કરવાનો શો ઉપાય છે ? અમોને તેનો માર્ગ બતાવો.

સમ્રાટે કહ્યું દેવી ! કર્મજાલનો જે નાશ કરે છે તેઓ બધા સિદ્ધોની પેઠે જ સુખી થાય છે.

વળી તેણે પ્રશ્ન પૂછયો કે સ્વામી ! આપે એ તો ઠીક કહ્યું પરંતુ એ બતાવો કે કર્મને નાશ કરવાનો ઉપાય શું છે ? એનો મર્મ પણ અમને જરા સમજાવી દેજો.

દેવી ! સાંભળો, જિનેન્દ્રભક્તિ, સિદ્ધભક્તિ આદિ સત્ક્રિયાઓથી તે કર્મનો નાશ કરવામાં આવે છે. વિચાર કરવાથી તે જિનેન્દ્રભક્તિ તથા સિદ્ધભક્તિ ભેદ અને અભેદરૂપે બે પ્રકારની છે. પોતાની સામે જિનેન્દ્ર ભગવાન ને સિદ્ધોની પ્રતિકૃતિ રાખીને ઉપાસના કરવી તે ભેદભક્તિ છે. પોતાના આત્મામાં જ તેમને બિરાજમાન કરીને ઉપાસના કરવી તે અભેદભક્તિ છે. વિશેષ શું ? પહેલાં તો ભેદભક્તિના જ અભ્યાસની જરૂર છે. ભેદભક્તિનો બરાબર અભ્યાસ થયા પછી અભેદભક્તિનો અભ્યાસ કરે તો કર્મનો નાશ થઈ શકે છે. કર્મનો નાશ કરવા માટે અભેદ ભક્તિપૂર્વક આરાધનાની જ પરમાવશ્યકતા છે.

ત્યાર પછી તે વિદ્યામણિ ઊભી થઈને ફરી પ્રાર્થના કરવા લાગી કે સ્વામી ! આપની દયાથી અમને ભેદભક્તિના સ્વરૂપનું જ્ઞાન ને અભ્યાસ છે, પરંતુ અભેદભક્તિમાં ચિત્ત નથી લાગતું. તે દિવ્યભક્તિ સંબંધી અમને ખાસ કરીને સમજાવી દો.

દેવી ! જેવી રીતે તમે જિનવાસમાં (નિર્જન મંદિરમાં) સામે ભગવાનને રાખીને તેમની ઉપાસના કરો છો, તેવી રીતે તનુવાતમાં જો પોતાના આત્માને રાખીને તેમની ઉપાસના કરો તો તે

અભેદભક્તિ છે. આ આત્મા હાલ શરીર પ્રમાણે છે. શરીરની અંદર રહેવા છતાં પણ તેનાથી જુદો છે. પુરુષાકાર રૂપ છે. ચિન્મય છે. એને એવો જાણીને દેખે તો તેનું દર્શન થાય છે. એક સ્ફટિકની શુદ્ધ પ્રતિમા જેવી રીતે ધૂળની રાશિમાં રાખવા છતાં દેખાય છે. તેવી રીતે આ દેહરૂપી ધૂળની રાશિમાં આ શુભ્ર આત્મા ઢંકાએલો છે એમ જાણીને તેને જોવાનો જો પ્રયત્ન કરવામાં આવે તો તે અંદર દેખાય છે. સ્ફટિકની પ્રતિમા ચર્મચક્ષુથી દેખી શકાય છે, હાથોથી સ્પર્શી શકાય છે, પરંતુ આ કોઈ વિલક્ષણ મૂર્તિ છે, તે નથી ચર્મચક્ષુથી દેખી શકાતી કે નથી હાથથી સ્પર્શી શકાતી. તેને તો આકાશના રૂપમાં બનાવેલી સ્ફટિકની મૂર્તિ સમજો. તેને જ્ઞાનચક્ષુથી જ જોવી પડશે.

સંસારનો લોભ ઘણો ખરાબ છે. પરપદાર્થોના મોહે જ આ આત્માને તે અભેદ ભક્તિથી ચ્યુત કર્યો છે. તેથી સૌથી પહેલાં આશાપાશને જ છોડો. આશાઓને ઓછી કર્યા પછી એકાંતવાસમાં જઈને આંખો મીંચીને તેનું ચિંતવન કરો, તો તે અવસ્થામાં તે અત્યંત શુભ્રરૂપે બનીને જ્ઞાનમાં અવતરિત થઈ દેખાય છે. તેને જોવાનો પ્રયત્ન કરે તો પણ તે એક જ દિવસમાં નથી જોઈ શકાતો. અભ્યાસ કરતાં કરતાં ક્રમેક્રમે તેનું દર્શન થાય છે. પરંતુ એ ચોક્કસ છે કે એકાદ દિવસમાં તે ન દેખાય તો પણ આલસ્ય કર્યા વગર પૂરતો પ્રયત્ન કરવો જોઈએ.

હે સુખકાંક્ષિણી ! આ પ્રકારની અભેદભક્તિથી કર્મોનો નાશ થાય છે. મુક્તિની પ્રાપ્તિ થાય છે. બધા ધર્મોમાં તે ઉત્કૃષ્ટ ધર્મ છે. સજ્જન તેનો સ્વીકાર કરે છે. જેનું હોનહાર ખરાબ છે એવો અભવ્ય તેનો સ્વીકાર કરતો નથી.

વિદ્યામણિ દેવી ફરી ઊઠીને ઊભી થઈ અને હાથજોડીને અત્યંત ભક્તિથી પ્રાર્થના કરવા લાગી કે સ્વામી ! આ અભેદ ભક્તિનો અભ્યાસ પુરુષોને જ થાય છે કે સ્ત્રીઓને પણ થઈ શકે છે એનું રહસ્ય જરા અમને સમજાવી દો.

દેવી ! સાંભળો, તે ભક્તિ બે પ્રકારની છે. એક ધર્મ અને બીજી શુકલ, જો કે કહેવામાં બે પ્રકાર દેખાય છે પણ વિચાર કરતાં એક જ છે કારણ બન્નેના અવલંબનરૂપે આત્મા એક જ છે.

ભક્તિનો અભ્યાસ કરતી વખતે અથવા ધ્યાન કરતી વખતે જો આત્મપ્રકાશ અલ્પ પ્રમાણમાં દેખાય તો તેને ધર્મધ્યાન સમજવું જોઈએ, જો વિશિષ્ટ પ્રકાશ થયો તો તેને શુક્લ ધ્યાન સમજવું જોઈએ. દેવી ! એક વર્ષાકાળનો તાપ છે ને બીજો ગ્રીષ્મકાળનો તાપ છે. એટલું જ બન્નેમાં અંતર છે.

જે આ ભવમાં મુક્તિ પ્રાપ્ત કરવાવાળા છે તેમને શુક્લ ધ્યાનની પ્રાપ્તિ થાય છે, જે ક્રમે પોતાનું કર્મસંતાન નાશ કરીને મુક્તિ જશે તેમને ધર્મયોગની પ્રાપ્તિ થશે. સ્ત્રીઓને આ જન્મમાં જ મુક્તિ પ્રાપ્ત નહિ થાય, કેમકે તેમને સ્ત્રી પર્યાયમાં શુક્લ ધ્યાનની પ્રાપ્તિ નથી થતી, પણ તેથી નિરાશ થવાની જરૂર નથી. ધર્મયોગને સ્ત્રીઓ પણ ધારણ કરી શકે છે. તેના પર વિશ્વાસ લાવો. દેવી ! સમવસરણમાં કેટલી અર્જિકાઓ અને સંયમી શ્રાવિકાઓએ શ્રી ભગવાન ઋષભદેવના ઉપદેશથી આ ધર્મયોગને પ્રાપ્ત કર્યો છે.

આ ધર્મયોગથી સ્ત્રી પર્યાયનો નાશ થાય છે, નિશ્ચયથી દેવગતિની પ્રાપ્તિ થાય છે. તેમ જ ક્રમે મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે. આ જિનેન્દ્રની આજ્ઞા છે એના પર નિશ્ચયથી વિશ્વાસ લાવો.

ઉપર્યુક્ત ઉપદેશથી પ્રસન્ન થઈને વિદ્યામણિ બેસી ગઈ. તે વખતે વિનયવતી નામની રાણી ઊઠીને ઊભી રહી અને હાથ જોડીને પ્રાર્થના કરવા લાગી. સ્વામી ! દેવગતિમાં જઈને જન્મ લેવા માટે ક્યા ભાવની જરૂર છે અને ક્યા ભાવોથી મનુષ્ય થઈને ઉત્પન્ન થવાય છે ? એ વાતો જરા અમને સમજાવો.

સમ્રાટે કહ્યું કે દેવી ! પુણ્યમય ભાવોથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. પાપ વિચારોથી નરક ને તિર્યંચગતિની પ્રાપ્તિ થાય છે. પુણ્ય ને પાપ બન્ને વિચારોની સમતાથી મનુષ્ય ગતિ મળે છે.

એવામાં વિનયવતી ફરી હાથ જોડીને કહેવા લાગી કે તે પુણ્યભાવ ક્યા સાધનોથી મળે અને પાપવિચારના કારણો શું ? એ વાતો સ્પષ્ટરૂપે સમજાવવાની કૃપા કરો.

દેવી ! સાંભળો. દાનદેવું, પૂજા કરવી, વ્રતોનું આચરણ કરવું, શાસ્ત્રોનું મનન કરવું વગેરે પુણ્યપ્રાપ્તિનું સાધન છે. અભિમાન, માયાચાર, ક્રોધ, લોભ, ભોગાસક્તિ આદિ બધા પાપનાં કારણ છે. એ પ્રકારે કુલજાતિની મર્યાદાનું ઉલ્લંઘન ન કરવું, જીવદયા રાખવી, તીર્થક્ષેત્રની વંદના કરવી આદિ પુણ્યનું કારણ છે. હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને અતિકાંક્ષા આદિ વાતોથી પાપનો બંધ થાય છે.

એક વાત વિચારણીય છે. જે આત્મા પાપ અને પુણ્યને આધીન થઈને ક્રિયા કરે છે, તે સંસારમાં પરિભ્રમણ કરે છે. જે પાપ પુણ્યને સમદૃષ્ટિથી દેખીને પોતાના જ આત્મામાં સ્થિર થાય છે તે અધિક સમય અહીં ન રહેતાં સિદ્ધશિલા ઉપર ચાલ્યા જાય છે.

વિનયવતી વળી હાથ જોડીને પ્રાર્થના કરવા લાગી કે સ્વામી ! સ્વર્ગ સુખનો અનુભવ કરવાવાળા પુણ્યને અને દુર્ગતિમાં લઈ જનાર પાપને સમદૃષ્ટિથી જોવાનો ઉપાય શો ? તેને પણ જરા સારી રીતે સમજાવી દો.

દેવી ! સ્વર્ગનું સુખ પણ નિત્ય નથી, અને નારકીઓની વેદના પણ નિત્ય નથી. બન્ને અવસ્થાઓ બે સ્વપ્ન સમાન છે. એનાથી અધિક બીજો ભ્રમ શો છે ? જેવી રીતે એક મનુષ્ય વૃક્ષ ઉપર ચડીને આનંદથી હસે છે ને પાછો પડે છે તેવી રીતે દેવ સ્વર્ગમાં દિવ્ય સુખને અનુભવી નીચે ભૂતલ પર પડે છે. જેવી રીતે કોઈ બચ્ચું કોઈ એક ખાડામાં પડીને રોકકળ કરતાં ઉપર ચડે છે, તેવી રીતે નારકી જીવ પણ નરકનાં દુઃખોને અનુભવીને ઉપર આવે છે.

જન્મ મરણ સ્વર્ગમાં પણ છે, ને નરકમાં પણ છે. શરીર ભાર પણ બન્ને જગાએ છે. સ્વર્ગનો દેહ ચારદિન[૧] સુંદર દેખાય છે ત્યાં ચાર દિન સુખ લાગે છે. નરકનું શરીર દુઃખમય જણાય છે. એટલું જ અન્તર છે.

દેવી ! નારકી દેહ શું અને દેવોનો દેહ શું ? એક તો લાકડીનો બોજો છે, તો બીજો ચંદનની લાકડીનો બોજો છે. બન્નેમાં વજનની દૃષ્ટિથી કોઈ તફાવત નથી. એટલો જ સ્વર્ગ અને નરકમાં ભેદ છે. જ્ઞાનરૂપી શરીરને ધારણ કરી પોદ્‌ગલિક શરીરના ભારથી રહિત થઈને પોતાના સ્વાધીન રૂપમાં ઠરવું તે જ મુક્તિ છે. એમ ન કરવાથી ઊંચ નીચ શરીરને આધીન થઈને પરિભ્રમણ કરવાથી પુણ્ય પાપનો બંધ અવશ્ય થતો રહેશે.

---

૧ ચારદિન : થોડો વખત

દેવી ! જુઓ, દર્પણપર કીચડનો લેપ કરો, ચાહે ચંદનનો લેપ કરો, બન્ને પ્રકારથી દર્પણની સ્વચ્છતાનો નાશ થાય છે. તે પ્રતિબિંબને દેખાડવાના કામમાં આવી શકતો નથી. એવી રીતે પુણ્ય અને પાપ બન્નેના સંબંધથી આત્માની સ્વચ્છતા નાશ પામે છે. જેવી રીતે દર્પણપર લિપ્ત ચંદન અને કીચડને ઘસીને સાફ કરવાથી દર્પણ સ્વચ્છ થાય છે, તેવી રીતે પુણ્ય અને પાપને આત્મયોગરૂપી પાણીથી ધોઈને દૂર કરવાથી આત્મા પોતાના સ્વરૂપમાં અર્થાત્ મુક્તિમાં લીન થાય છે.

દેવી ! પાપ પુણ્યનો ત્યાગ એકદમ નથી થઈ શકતો. પહેલાં મનુષ્યને પાપક્રિયાઓ છોડવી જોઈએ અને પુણ્યક્રિયાઓમાં પોતાની પ્રવૃત્તિ કરવી જોઈએ. જ્યારે તેની સિદ્ધિ થઈ જાય ત્યારે પુણ્યક્રિયાઓનો પણ ત્યાગ કરી દેવો જોઈએ. જેવી રીતે ધોબી કપડાં સાફ કરવા માટે પહેલાં તેને મસાલાના પાણીમાં પલાળી રાખે છે, ત્યાર પછી નિર્મળ પાણીથી ધૂએ છે ત્યારે તે વસ્ત્ર નિર્મળ થાય છે. કેવળ મસાલાના પાણીમાં ડૂબાડી રાખવાથી જ તે કપડું નિર્મળ થઈ શકતું નથી. એવી રીતે પહેલાં પુણ્યવાસના દ્વારા પાપવાસનાનો નાશ કરવો જોઈએ. કેવળ એટલાથી જ કામ નહિ થાય. જો તે પુણ્યાવાસનાને પણ આત્મયોગથી નહિ ધૂએ તો આત્મા જગત્પૂજ્ય કદી નહિ બની શકે. અહીંયાં વસ્ત્રના મેલના સ્થાને પાપ છે. મસાલાના પાણીના સ્થાને પુણ્ય છે. સ્વચ્છ પાણીના સ્થાને આત્મયોગ છે. પહેલાં કંઈક પુણ્ય સંપાદન કરવું ઉચિત છે. આત્મયોગમાં જેઓ રત છે તેને પુણ્યની કાંઈ જરૂર નથી. તેથી મેં તમને કહ્યું હતું કે પુણ્ય અને પાપ સમદૃષ્ટિથી જુઓ. દેવી ! આ જિનેન્દ્રનું વાક્ય છે. એના પર શ્રદ્ધા રાખો.

વિનયવતી પ્રસન્ન થઈ. હવે ચંદ્રિકા નામની રાણી બીજી કોઈ રાણીઓની વતી શંકા કરીને ઊભી થઈ અને પ્રાર્થના કરવા લાગી કે સ્વામી ! આપે અમને અત્યાર સુધી એ ઉપદેશ દીધો કે પુણ્ય અને પાપને સમદૃષ્ટિથી જોઈને છોડી દેવાં જોઈએ, પરંતુ એમાં કેટલું તથ્ય છે એ સમજાતું ન હતું; કારણ કે જો એમ ન હોય તો આપ પુણ્યકૃત્ય કેમ કરી રહ્યાં છો ? જિનેન્દ્ર ભગવાનની પૂજા કરવી, મુનિઓને આહારદાન દેવું, શાસ્ત્રોનો સ્વાધ્યાય અને મનન કરવું, સજ્જનોની રક્ષા અને દુર્જનોને શિક્ષા કરવી, ઉપવાસ કરવા આદિ બાબતો શું પુણ્યબંધનું કારણ નથી ? તેને આપ કેમ કરી રહ્યાં છો ? કેવળ અમને જ ઉપદેશ દેવાનો છે શું ?

ચંદ્રિકા દેવી ! બરાબર છે. તમે ઘણી સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરીને આ પ્રશ્ન કર્યો છે. તમારા હૃદયમાં જે શંકા ઉપસ્થિત થઈ તે સાહજિક છે. હવે તમે બરાબર સાંભળો, હું તમને સમજાવીશ. ભરતેશ્વરે કહ્યું.

દેવી ! હું પુણ્યક્રિયાઓને કરું છું કેમકે હું ગૃહસ્થપણે રહું છું. જ્યાં સુધી હું ગૃહસ્થપણે રહું છું ત્યાં સુધી ગૃહસ્થધર્મની મર્યાદાઓનું ઉલ્લંઘન કરવું એ ધર્મ નથી, જેથી ષટ્કર્મોનું પાલન કરવું મારા માટે અનિવાર્ય છે. દિગમ્બર દીક્ષા ધારણ કર્યા પછી પુણ્યકર્મની અપેક્ષા રહેતી નથી. પછી પુણ્યક્રિયાઓ એકદમ છોડવી જોઈએ, પરંતુ રાજ્યશાસન કરતા થકા પુણ્યક્રિયાઓ છોડી દેવી તે રાજાનું લક્ષણ નથી. દેવી ! માની લ્યો કે હું કદાચિત્ આત્માનુભવી હોવાથી પુણ્યપ્રવૃત્તિ છોડી દઉં. પરંતુ આ વિષયમાં લોક મારું અનુકરણ કરશે. અર્થાત્ તેઓ પણ પુણ્યવિચારોને છોડી દેશે, પણ

તેમને આત્મયોગ તો પ્રાપ્ત નથી; અને તેથી તેઓ પુણ્યક્રિયાઓને છોડી દેશે તેથી પરિણામે તીવ્ર પાપબંધ કરીને નાહક દુઃખી થશે. તેથી પુણ્યપ્રવૃત્તિનો માર્ગ દેખાડી રહ્યો છું.

ચંદ્રિકાદેવીએ ફરી પ્રાર્થના કરી કે સ્વામી ! આપે કહ્યું 'પુણ્યપાપ બંને બંધના કારણ છે. બંને હેય છે.' હવે કહો છો કે 'બીજાઓનું અહિત ન થાય એટલા માટે પુણ્યાચરણ કરી રહ્યો છું.' હવે આપ જ કહો કે બીજાઓને માટે પણ જો મનુષ્ય હેય કાર્ય કરે તો તેને બંધ થશે કે નિર્જરા થશે ? નિર્જરા તો ન જ થાય, કર્મબંધ જ થશે. તેથી આપ એવું કાર્ય કેમ કરો છો, એ વાત અમને બરાબર સમજાવો.

ભરતેશ્વરે કહ્યું દેવી ! સાંભળો ચિત્તને પોતાના આત્મામાં સ્થિર કરીને બહારની બધી ક્રિયાઓ જ્ઞાની ઉદાસીન ભાવે કરે છે. તેમ કરવાં છતાં પણ તેને કોઈ બંધ થતો નથી. આ ધર્મનો પ્રભાવ છે. તેને જરા બરાબર સમજો.

જેવી રીતે સપત્નીને પ્રેમ અથવા ઈચ્છાથી જો પોતાની પાસે રહેવાનું કહે તો રહે છે. પણ જો તેને ઉપેક્ષાભાવથી કહે તો પોતાની પાસે રહેતી નથી. એવી રીતે જો કર્મને સારું સમજીને આદરપૂર્વક તેનું સ્વાગત કરે તો કર્મપરાયણ રહે છે, અને સારી રીતે બંધને પ્રાપ્ત થાય છે. પણ જો તેને તિરસ્કાર દૃષ્ટિથી જોવામાં આવે તો તે કર્મપરાયણ કેમ રહે ? કર્મ ત્યાં ટકી શકતાં જ નથી.

જેમ ભીની માટીના ઘડા ઉપર અથવા તેલના ઘડા ઉપર પડેલી ધૂળની સમાન આત્મરસિકોનો બંધ છે, તેમ જ્ઞાનીને ભોગ કરવા છતાં પણ કર્મબંધ નથી, સાગારધર્મમાં રહેવા છતાં પણ તે અનગારની સમાન રહે છે.

તો પછી આપને ઉપવાસાદિ જંજાલમાં પડવાની શી જરૂર છે ? કેમકે ભોગવવા છતાં પણ આપને બંધ તો થતો જ નથી, તો પછી આરામથી મહેલમાં શા માટે નથી રહેતા ? ચંદ્રાવતી દેવીએ જરાક હસીને કહ્યું.

દેવી ! ઘડીક વારમાં ભૂલી ગઈ એમ લાગે છે. મેં કહ્યું હતું કે ભોગમાં અતિ આસક્તિ કરવી તે કર્મબંધનું કારણ છે તેથી થોડા વખતને માટે જ કેમ ન હોય ? ભોગનો ત્યાગ કરવા માટે આ ઉપવાસાદિક હું કરું છું. બીજુ કાંઈ કારણ નથી.

ચંદ્રિકાદેવી કહેવા લાગી કે સ્વામી ! આ બધો આપનો પરિચિત વિષય છે. તેથી બધા પ્રકારે આત્મસાધન આપ કરો છો, અમને તે આત્મભાવના નથી આવતી, તેનો ઉપાય શું ? તેને જરાક સમજાવી દ્યો.

દેવી ! કોઈને પણ પરમાત્મયોગની પ્રાપ્તિ નથી થતી એમ ન કહો ! કોઈ કોઈના હૃદયમાં તે આત્મભાવના પ્રગટ થાય છે. જેને તેનો અભ્યાસ છે તેઓ આત્મધ્યાન કરતી રહે. જેનામાં શક્તિ નથી તેઓ તે જાણકારોની વૃત્તિ જોઈને પ્રસન્ન થતી રહે. પરમાત્માધ્યાન જ મુક્તિનું સાક્ષાત્ કારણ છે. એ વાતની શ્રદ્ધા કરીને બધા લોક પુણ્યાચારનું પાલન કરે. તમે પણ કરો, ચોક્કસ ભવિષ્યમાં તમોને મુક્તિનો માર્ગ દેખાશે.

ચંદ્રિકાદેવી પ્રસન્ન થઈને બેસી ગઈ. એવામાં જ્યોતિર્માલા નામની રાણી ઊઠીને રાજર્ષિ ભરતને પ્રશ્ન કરવા લાગી. સ્વામી ! શાસ્ત્રોમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી રત્નત્રય મુક્તિનું સાધન છે. એમ કહ્યું છે, પરંતુ આપ કહો છો કે આત્મયોગ જ મુક્તિનું સાધન છે. એ આગમવિરોધી ઉપદેશ આપે શા માટે કર્યો ?

ભરતજી કહેવા લાગ્યા કે, જ્યોતિર્માલા ! તમે રહસ્ય જાણીને જ પ્રશ્ન કર્યો છે. સારી વાત છે. તમારા વિવેક ઉપર હું પ્રસન્ન થયો છું. હવે સાંભળો, હું સમજાવું છું. ત્રણરત્ન અને આત્મામાં કોઈ અંતર નથી. આત્માના સ્વરૂપને જ રત્નત્રયી કહે છે. દર્શન અને જ્ઞાન એ આત્માના સ્વરૂપ છે. દર્શન અને જ્ઞાન સ્વરૂપમાં સ્થિરભાવથી રહેવાને ચારિત્ર કહે છે, તેથી એ ત્રણે વસ્તુ આત્માથી ભિન્ન નથી. દેવી ! રત્નત્રય બે પ્રકારનાં છે. આપ્તાગમ-શાસ્ત્રોનું શ્રદ્ધાન અને જ્ઞાન કરીને વ્રતાદિકમાં જોડાવું તે વ્યવહારરત્નત્રય છે, ગુપ્તરૂપે આત્માનું જ શ્રદ્ધાન કરવું, જાણવું તથા લીન રહેવું તે નિશ્ચય રત્નત્રય છે. પહેલાં તો વ્યવહાર રત્નત્રયનો આશ્રય કરવો જોઈએ. પછી નિશ્ચયમાં ઠરી જવું જોઈએ. દેવી! તે વખતે આત્માનું સંસાર સંબંધી દુઃખ નાશ પામે છે અને મુક્તિની પ્રાપ્તિ થાય છે.

એવામાં જ્યોતિર્માલાને એક શંકા ઊપજી. કહેવા લાગી સ્વામી ! આપે એ કહ્યું કે ભગવાનની શ્રદ્ધા કરવી તે વ્યવહાર અને આત્માની શ્રદ્ધા કરવી તે નિશ્ચય છે તો શું ભગવાનથી પણ મોટો આત્મા છે ? એ વાત તો અમારા સમજવામાં નથી આવી. આપ બરાબર સમજાવો.

ભરતજી પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે અધ્યાત્મયોગ અનુભવમાં જ આવવા યોગ્ય વિષય છે. તે બીજાને કહી શકાતો નથી. જો નહિ કહીએ તો મુક્તિની પ્રાપ્તિ પણ થશે નહિ. આ અબળાઓનું નાહક અકલ્યાણ થવું ન જોઈએ, તેને કોઈ ઉપાયથી સમજાવવો જોઈએ.

ખરેખર ! સમ્રાટ અત્યંત વિવેકી હતા, તેઓ દરેકના અંતરંગને સારી રીતે જાણતા હતા, તેથી તેઓ પ્રગટરૂપે કહેવા લાગ્યા. દેવી ! શુદ્ધાત્મયોગ ભગવાનથી પણ વિશેષ છે, એ હમણાં કહેવું યોગ્ય નથી. એ વાતની યથાર્થતા તમે આગળ જતાં બરાબર સમજશો. હાલ તો શ્રીપંચપરમેષ્ઠીઓની ઉપાસના કરો. ભગવાન અથવા પંચપરમેષ્ઠી આત્માથી પણ અધિક છે. પરંતુ આત્માથી જુદા સ્થાપીને તેની પૂજા કરવામાં આવે તો તે ઉત્કૃષ્ટ નથી. ભગવાન પોતાના આત્મામાં છે, એમ સમજીને ઉપાસના કરવી એ ઉત્કૃષ્ટ ધર્મ છે. દેવી ! ભગવાનને બહાર સ્થાપીને ઉપાસના કરશો તો તેથી પુણ્યબંધ થશે. તેથી સ્વર્ગાદિક સુખની પ્રાપ્તિ થશે. જો ભગવાનને પોતાના આત્મામાં સ્થાપીને ઉપાસના કરશો તો સર્વકર્મોનો નાશ થઈ મોક્ષસુખની પ્રાપ્તિ થશે.

કાંસામાં, પિત્તળમાં, સોનામાં, ચાંદીમાં અને પત્થરમાં ભગવાનની કલ્પના કરી ઉપાસના કરવી તે વ્યવહાર ભક્તિ છે. ભેદભક્તિ છે. બીજા શબ્દોમાં તેને કૃત્રિમ ભક્તિ પણ કહી શકાય છે. પોતાના નિર્મળ આત્મામાં ભગવાનને સ્થાપીને જો ઉપાસના કરવામાં આવે તો તે અભેદભક્તિ છે. નિશ્ચયભક્તિ છે. અથવા તેને જ પરમાર્થ ભક્તિ કહી શકાય છે. દેવી ! તમને હવે આ જણાઈ ગયું હશે કે વ્યવહાર માર્ગને જ ભેદમાર્ગ કહે છે. નિશ્ચય માર્ગને અભેદમાર્ગ કહે છે.

અભેદમાર્ગ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તે કર્મરૂપી સર્પને માટે ગરુડ સમાન છે, તેથી અમે તમને કહ્યું પણ હતું કે સમ્પૂર્ણ દુર્ભાવોને દૂર કરી શુભભાવ કરો અને તે શુભભાવ દ્વારા તે અભેદમાર્ગની પ્રાપ્તિ કરો કે જેથી તમને મોક્ષસુખની પ્રાપ્તિ થાય.

તે જ્યોતિર્માલા દેવી પ્રાર્થના કરવા લાગી કે સ્વામી ! આ આપનું કહેવું તદ્દન સાચું છે. તે પવિત્ર માર્ગ ગ્રહણ કરવો આપને માટે સરલ છે, પરંતુ આ અમારી સ્ત્રીપર્યાય છે. અમારો વેષ અને આકાર પણ સ્ત્રીત્વથી યુક્ત છે. આપે એ કહ્યું હતું કે તે આત્મા પુરુષાકાર રહે છે, તો એવી અવસ્થામાં અમ સ્ત્રીઓને તે પુરુષાકારી આત્માનું ધ્યાન કેવી રીતે થઈ શકે ? આ જરા સમજાવવાની કૃપા કરો.

દેવી ! સાંભળો. આત્માની ભાવના કરતી વખતે તેને સ્ત્રીના રૂપમાં ધ્યાન કરવાની જરૂર નથી અને તે વખતે પોતાને સ્ત્રી સમજવાની જરૂર નથી. જે પ્રકારના ભાવથી તેની ભાવના કરો તે પ્રકારે તે દેખાય છે. 'याद्दशी भावना यस्य सिद्धिर्भवति ताद्दशी' અર્થાત્ (જેવી જેને ભાવના તેવી તેને સિદ્ધિ થાય) એ શું તમે નથી જાણતા ?

દેવી ! પહેલાં પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ, રૂપાતીત એ પ્રકારે ચાર યોગોમાં પોતાને જોડીને પછી સ્વયં પોતામાં સ્થિર થવું જોઈએ, તેનો ક્રમ કહું છું. સાંભળો.

દેવી ! પંચનમસ્કાર મંત્રના પાંત્રીશ અક્ષર છે. તેમને પોતાના હૃદયમાં પાંચ પંક્તિઓમાં કોતરીને જુઓ. તો તે પાંચ મોતીના હારોની સમાન લાગશે. તેને પદસ્થધ્યાન કહે છે. ચંદ્રકાન્ત મણિથી નિર્મિત થયેલી એક ઉજ્જવલ પ્રતિમા સ્ફટિકના ઘડામાં જેવી રીતે રહે છે તેવી રીતે આ આત્મા આ દેહમાં રહે છે. એમ એકાગ્ર ચિત્તથી વિચાર કરવો તે પિંડસ્થ યોગ છે. કોટિસૂર્ય અથવા કોટિચંદ્ર સમાન પ્રકાશના ધરનારા શ્રી આદિનાથ ભગવાન છે એમ ધ્યાન કરવું તે હે દેવી ! રૂપસ્થ ધ્યાન છે. બધા કર્મોથી રહિત નિરૂપમ, નિર્મલ, નિશ્ચલ, ચિદ્રુપસ્વરૂપ અનંત સુખી એવા સિદ્ધ ભગવંત અમારા શરીરમાં છે એમ કલ્પના કરી એકાગ્ર ચિત્તથી ચિંતવન કરવું તે રૂપાતીત ધ્યાન છે.

દેવી ! પહેલાં આ ચાર ધ્યાનનો અભ્યાસ કરો, પછી ત્રણ ધ્યાન વર્જી કેવળ પિંડસ્થ ધ્યાનમાં જ સ્થિર થવાની જરૂર છે. જ્ઞાનીગણ આ ધ્યાનની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. પિંડસ્થ ધ્યાનમાં જ બાકી બધા ધ્યાન એકત્રિત થઈને રહે છે. આ પિંડસ્થ ધ્યાનથી જ કર્મ ખંડિત બને છે, અને આત્માને અખંડિત સુખની પ્રાપ્તિ થાય છે.

દેવી ! જપ, સ્તોત્ર, દીક્ષા, વ્રત, સ્વાધ્યાય, તપાદિ બીજા બધા સહાયક છે, એટલું જ નહિ, આ પિંડસ્થ ધ્યાનના વિષે એ કહેવું ઉચિત છે કે તે મુક્તિનું સાક્ષાત્ બીજ છે. જિનેન્દ્ર ભગવાનનો પ્રિયમાર્ગ છે. તેને નિર્ભેદ ભક્તિ પણ કહે છે.

દેવી ! લોકમાં બે પ્રકારના પ્રાણી છે. એક ભવ્ય, બીજા અભવ્ય. જે લોક ક્યારેય મુક્તિ પ્રાપ્ત નથી કરી શકતા અને આ સંસારમાં દુઃખોનો અનુભવ કરતા થકા અનાદ્યનંત કાળ વ્યતીત કરે છે તે અભવ્ય છે. તેઓ આત્મયોગની અનેક પ્રકારે નિંદા કરે છે. ભવ્ય તેને રુચિપૂર્વક સ્વીકારીને

અનંત સુખ પ્રાપ્ત કરી લે છે. (અર્થાત્ અનંત સુખરૂપે પોતે પરિણમે છે.) દેવી ! તે અભવ્ય જીવ શાસ્ત્રો ભણે છે, ઉપવાસાદિ કરીને શરીર અને પેટને સૂકવી નાખે છે, પરંતુ તેનું હૃદય કઠોર રહે છે. તે પાપી આત્મયોગને પાખંડ (સ્વાર્થ સાધવાની યુક્તિ, આડંબર) સમજે છે, તેને તો આત્મયોગની પ્રાપ્તિ નથી થતી; જેને તેની પ્રાપ્તિ થાય છે તેની તે અભવ્ય નિંદા કરે છે. ક્યારેક કોઈ તેને તે વિષય સમજાવે છે છતાં પણ તે તેની સાથે વિસંવાદ કરે છે કે આ ધ્યાન સ્ત્રીઓને પ્રાપ્ત નથી થઈ શકતું, તેમજ ગૃહસ્થોને પણ પ્રાપ્ત નથી થઈ શકતું. દેવી ! શાસ્ત્રોમાં કહ્યું છે કે સ્ત્રીઓને અને ગૃહસ્થોને શુકલ ધ્યાનની પ્રાપ્તિ નથી થઈ શકતી, પરંતુ તેઓ અજ્ઞાની લોકોને ભડકાવે છે કે તેમને ધર્મધ્યાન પણ નથી થઈ શકતું. વ્યવહાર ધર્મને તો તેઓ માને છે, પરંતુ નિશ્ચયધર્મને સ્વીકારતા નથી. દેવી ! તેમને કોઈ ધ્યાનશાસ્ત્રનો ઉપદેશ દેવા જાય તો કંઈક પ્રકારનાં બહાના બતાવે છે અને કહે છે કે આત્મયોગ ધારણ કરવા માટે ઘણાં શાસ્ત્રોનું અધ્યયન કરવાની જરૂર છે. અને નિર્ગ્રંથ દીક્ષાની પણ જરૂર છે. એ બાબતો અમારામાં નથી તેથી અમે આ આત્મયોગનું ધારણ કરી શકતા નથી. પરંતુ દેવી ! આશ્ચર્ય છે કે તેઓ બહુ શાસ્ત્રો ભણીને નિર્ગ્રંથ દીક્ષાથી દીક્ષિત થવા છતાં પણ તેઓ સંસારમાં ભટકે છે.

દેવી ! આત્મધ્યાન જો પોતાથી થઈ શકે તો અવશ્ય કરવું જોઈએ, જો એટલી શક્તિ ન હોય તો ધ્યાનતત્ત્વપર શ્રદ્ધાન તો અવશ્ય કરવું જોઈએ. કેવળ પોતાથી ન બને તો ધ્યાનની નિંદા કરવી તે ભવ્યોનું કાર્ય નથી, પણ અભવ્યોનું તે કાર્ય છે; તેથી તમે આની ઉપર દૃઢ શ્રદ્ધાન કરો. તમોને ધ્યાન ન પ્રગટે તો પણ કોઈ પણ જાતની હાનિ નથી. સંતોષપૂર્વક ભેદભક્તિનો અભ્યાસ કરતા રહો, તેથી આગળ જતાં તમોને મુક્તિ પ્રાપ્ત થશે. ભગવત્ પૂજા, મુનિદાન, શાસનદેવતા સત્કાર, જીવદયા આદિ સત્ક્રિયાઓનું અનુષ્ઠાન કરો અને આત્મકલાપર શ્રદ્ધાન કરો. તમોને અવશ્ય આગળ મોક્ષની પ્રાપ્તિ થશે. દેવી ! જે વખતે સૂતક કાળ અથવા માસિક ધર્મ સદશ અશુભ સમય હોય તે વખતે ઉપર્યુક્ત શુભ ક્રિયાઓનું આચરણ કરવું ઉચિત નથી. તે વખતે અશુચિત્વાનુપ્રેક્ષાની ભાવના કરતા થકા મૌન રહેવું જોઈએ.

આ પ્રકારે તમો ઉપર્યુક્ત કથનાનુસાર આચરણ કરશો તો તમારા લોકોનો આ સ્ત્રીવેષ દૂર થઈ જશે અને સ્વર્ગ પામીને અવશ્ય મુક્તિ પણ પ્રાપ્ત કરશો. ખરેખર આ સિદ્ધાંત છે. તેની અવશ્ય શ્રદ્ધા કરો.

આ પ્રકારે સમ્રાટ ભરતનો ઉપદેશ સાંભળીને જ્યોતિર્માલા આદિ બધી રાણીઓ અત્યંત પ્રસન્ન થઈ. એટલું જ નહિ, તેમને સાક્ષાત્ મુક્તિ મળી હોય એ પ્રકારે હર્ષ થયો. તેઓ બધા આનંદપૂર્વક કહેવા લાગ્યા કે સ્વામી ! આપની કૃપાથી આજે એવા સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે કે જે કોઈ પણ જન્મમાં પ્રાપ્ત થયું નહોતું. હવે અમને મુક્તિ પ્રાપ્ત થવામાં શી મોટી વાત છે ? સ્વામી ! આપના સંગથી અમે કૃત્યકૃત્ય થઈ ગયા. એમ કહીને બધી રાણીઓએ ભરતેશ્વરના ચરણમાં સાષ્ટાંગ નમસ્કાર કર્યાં.

જ્યારે ભરતજીએ બધાને ઊઠવા માટે કહ્યું ત્યારે બધી ઊઠીને બેસી ગઈ.

સૂર્ય અસ્તાચળની તરફ ચાલ્યો ગયો. બધાએ જાણી લીધું કે હવે જિનવંદનાનો સમય થયો છે.

તે વખતે તે રાણીઓ તે વિશાળ જિનમંદિરમાં જવા લાગી અને ભરતજી અહીંયાં સ્વાધ્યાયશાળામાં જ રહ્યા.

ભરતની રાણીઓને તે જિનમંદિરના માર્ગમાં અથવા ભરતજીને સ્વાધ્યાય મંદિરમાં છોડી દઈને અમે હવે જરાક અમારા પ્રેમી પાઠકોના હૃદયમંદિરમાં જઈએ છીએ. તેઓ પોતાના મનમાં વિચાર કરતા હશે કે દિનભર ઉપવાસયુક્ત રહેતા થકા પણ બપોરથી માંડીને સંધ્યા સુધી બરાબર તત્ત્વચર્ચા ચાલતી હશે. ભરતજી અને રાણીઓને કોઈ કષ્ટ થતું નથી એમાં શું છે ! વિચાર કરવાથી જણાશે કે ભરતજી રાતદિવસ પરમાત્મા પ્રતિ આ પ્રકારની ભાવના કરતા હતા કે :–

'હે પરમાત્મા ! સંસારમાં એક માત્ર આશાપાશ જ સર્વ દુઃખોનું કારણ છે. તે આત્માને દુઃખ સમુદ્રમાં ફસાવે છે તેથી તે આશાપાશને દૂર કરવા તમારી સાન્નિધ્યની જરૂર છે. એક ક્ષણ માત્ર પણ મને નહિ છોડતાં મારી પાસે જ રહો. હું જે તે ચિંતા છોડી દઈને સદા તમારી ભાવના કરતો રહું, એમ નહિ. મને ખાવા પીવામાં પણ ઉપયોગ લગાડવાનો અવસર લેવાની જરૂર ન રહે કે જેથી સદાને માટે મારા ક્ષુધાદિક દૂર થઈ જાય.' એવી અવસ્થામાં તેમને ઉપવાસનું કષ્ટ કેમ હોઈ શકે ? ભરતજીની જેમજ સત્સંગતિમાં રહેવાવાળી રાણીઓને પણ તે કષ્ટ શા માટે થાય ? આ બધું પૂર્વજન્મનાં અર્જિત પુણ્યનું ફળ છે.

જ્યારે આ તત્ત્વચર્ચાનું અધ્યયન કરવાવાળા અમારા પાઠક પણ થોડીવાર ભૂખપ્યાસ આદિને ભૂલીને તેમાં તન્મય થઈ જાય છે તો તે ચર્ચામાં સાક્ષાત્ ભાગ લેવાવાળા તે પુણ્યપુરુષોને અલૌકિક આનંદ આવતાં તેઓ બીજા વિષયોને ભૂલી જાય એમાં આશ્ચર્યની વાત કઈ છે ?

# ૧૩. પર્વયોગ સંધિ

**આ** તરફ ભરતેશ્વરની રાણીઓ જિનમંદિરમાં ચાલી ગઈ. બીજી તરફ ભરતજી ભગવાનને અર્ધ્યપ્રદાન કરીને ધ્યાન કરવા માટે બેસી ગયા. ક્યારેક ક્યારેક ભરતેશ્વરજી ધ્યાનને માટે કાયોત્સર્ગ કરીને ઊભા રહે છે, અને ક્યારેક ક્યારેક પદ્માસન કરીને બેસી જાય છે. જ્યારે જેવી ઈચ્છા થાય છે ત્યારે તેવા પ્રકારે ધ્યાન કરે છે. આજે તેઓ પલ્યંકાસને બેસીને ધ્યાન કરશે.

વજ્રાસન, કુક્કુટાસન, વીરાસન આદિ કઠણમાં કઠણ આસન વજ્રદેહી ભરતજીને માટે જરા પણ કઠણ નથી. તો પણ આજે તેઓ પોતાની ઈચ્છાનુસાર પદ્માસન લગાવીને વજ્ર નિર્મિત મૂર્તિસમાન બિરાજમાન થયા. ભરતેશ્વરે પહેલાં ધ્યાન સાધનના પ્રતિપાદક પ્રાણાપાનપૂર્વ નામના શાસ્ત્રને જૈનમુનિઓના સ્વાધ્યાય કરતી વખતે સાંભળ્યું હતું, તેના આધારે ધ્યાનની એકાગ્રતા માટે વાયુનો સંચાર કરવા લાગ્યા. શરીરમાં દશ પ્રકારના વાયુ ક્યા ક્યા સ્થાનમાં રહે છે તે તેઓ જાણતા હતા, તેથી તે દશે વાયુને એક એકમાં એક એકને મેળવીને તેમની ચંચળવૃત્તિને દૂર કરવા લાગ્યા. મુલાધારબંધ, ઓડયાણબંધ, જાલંધ્રબંધ આદિ યોગસાધન કરીને પતંગના દોરાને અધર ચઢાવવાની જેમ પોતાના વાયુને બ્રહ્મરંધ્રપર ચઢાવવા લાગ્યા.

કુંડલ પ્રદેશમાં વાયુને ચઢાવવાથી કામદેવનો મદ મોળો પડી ગયો અને મધ્ય પ્રદેશમાં વાયુનું સ્થિર થવાથી ચંચળ ચિત્ત એક સ્થાનમાં સ્થિર થઈ ગયું. કપોલ સ્થાનમાં વાયુનું સ્થંભન કરવાથી નિંદ્રાનો વિલય થયો. લલાટ પ્રદેશમાં તે વાયુ સ્થિર થવાથી પ્રમાદ એકદમ દૂર થયો. જ્યારે ભરતજીએ તે વાયુને મસ્તકમાં સ્થિર કર્યો ત્યારે શરીરમાં એકદમ પ્રકાશ થયો. અંધકાર દૂર થયો. તે પવનના અભ્યાસનું શું વર્ણન કરીએ ? અતિ તીવ્ર ક્ષુધા, તૃષા આદિ મોળા પડી જાય છે. એટલું જ નહિ વિષભક્ષણ કરીને પણ પવનાભ્યાસના બળથી તેને પચાવી શકે છે.

આ બધા રહસ્યોને સમ્રાટ સારી રીતે જાણતા હતા તેથી તે રાજયોગીએ સૌથી પહેલાં પવન સંચાર રોકીને આંખો અર્ધી મીંચીને નાકના અગ્ર ભાગમાં ધવલબિન્દુને જોયું. તે વખતે તેમના આત્મામાં વિશેષ વિશુદ્ધિ વધી ગઈ અર્થાત્ વાત સંચારને રોકવાથી અધિક એકાગ્રતા ઉત્પન્ન થઈ. પછી બરાબર આંખ મીંચીને ભવ્યકુલરત્ન ભરતજીએ પોતાના શરીરમાં પંક્તિબદ્ધ વિકસિતદલ છ કમલોને જોયા. તે કમલ લલાટ, કંઠ, હૃદય, નાભિ, લિંગ, પાદ એ છ સ્થાનોમાં હતું. ક્રમથી તેમના દલની સંખ્યા સોળ, બાર, દસ, છ, પાંચ, ચાર હતી. છ કમળોના પચાસ દળોમાં સમ્રાટ પચાસ અક્ષરોની સ્થાપના કરી અત્યંત એકાગ્રતાથી ધ્યાન કરવા લાગ્યા. તેઓએ હ, ક્ષ એ બે અક્ષર અને સોળ સ્વર, ક થી માંડીને ઠ સુધી બાર અક્ષર અને પ અક્ષરથી માંડીને લ અક્ષર સુધી તથા સાક્ષર અને કાક્ષરને તેના દળોમાં સ્થાપિત કર્યું. તે કમળોની કર્ણિકામાં અહંકાર અને ૐકારની કલ્પના કરીને એકાગ્ર ચિત્તથી પદસ્થ ધ્યાનનું ચિંતવન કરવા લાગ્યા. તેઓ ભૂજ, પાદ, મસ્તકાદિ શરીરરૂપી ભૂજપત્રયંત્રમાં અનેક અજિત મંત્રોને લખી મનન કરવા લાગ્યા. તે દળો ઉપર સ્થિત અક્ષર એ મોતીની માળા તો નથીને ? અથવા નિર્મળ પાણીના બિંદુઓ તો નથીને ? અથવા ચાંદીની ચીજની રાશિ તો નથીને ? એ પ્રકારે વિચાર ઉત્પન્ન કરતા હતા. અક્ષરાવલી પર ધ્યાન સ્થિર કરીને જે વખતે

સમ્રાટે ભગવાન આદિનાથનું દર્શન કર્યું; તે વખતે ભગવાન સમવસરણમાં બિરાજમાન હતા. ભરતજી સમવસરણ સહિત ભગવાનનું દર્શન પોતાના શરીરમાં જ કરી રહ્યા હતા.

ભગવાન આદિ પ્રભુના સમવસરણમાં તેમનું પરમ ઔદારિક દિવ્ય શરીર, તેજયુક્ત દેવોની પંક્તિ, દિવ્ય ધ્વનિ આદિ અતિશય ભરતજીને સાક્ષાત્ દેખાતા હતા. તે સમવસરણનું દર્શન કરીને તેઓએ ભાવપૂજા કરી અને તે વખતે સિદ્ધલોકમાં પોતાના આત્માને મોકલી દીધો. ત્યાં ત્રણ વાતવલયોને ન સ્પર્શતા કેવળજ્ઞાન, દર્શનને સુખના જ આધારે રહેવાવાળા શ્રી સિદ્ધપરમાત્માની અત્યંત ભક્તિ પૂજન કર્યું અને તેનું ધ્યાન ધર્યું. તે અનંત સિદ્ધપરમાત્માની ભક્તિ કરીને હવે સમ્રાટે ધ્યાનનો અભ્યાસ રોકયો. તેઓ એકદમ હવે અભેદભક્તિ તરફ વળ્યા. હવે તેઓ ઈંદ્રિય અને મનની ગતિ રોકીને શરીરરૂપી જિનગૃહની અંદર તત્ક્ષણ પરમાત્માનું દર્શન કરવા લાગ્યા. જાણે કે હાથપર રાખેલ દર્પણને જ જોતા હોયની ! હવે ભરતેશ્વરને પોતાના શરીરની અંદર પ્રકાશ દેખાય છે. જ્યાં જુએ છે ત્યાં જ્ઞાન, દર્શન અને સુખ. ત્રણલોકમાં પરમ સુંદર તે આત્માનો તેઓએ તે વખતે સાક્ષાત્કાર કર્યો.

પરમાત્મા શરીરની અંદર જ છે, પરંતુ જે લોકો બાહ્ય પદાર્થોને જાણીને બાહ્ય પદાર્થોમાં જ ઉપયોગ લગાવે છે તેને તે પરમાત્મા ક્યારે ય દૃષ્ટિગોચર નથી થતાં. તે માપવામાં અથવા તોળાવામાં નથી આવી શકતા, ગણવામાં પણ નથી આવી શકતા. એઓ વિચિત્ર પદાર્થ છે તેને તે ભરતજીએ જોઈ લીધા. જેવી રીતે અનંત આકાશને ઉપાડીને એક ઘડામાં ભરી દીધું હોય તેવી રીતે અંગૂઠાથી માંડીને માથા સુધી આત્માને પૂર્ણતઃ જોઈ લીધો અથવા એમ કહીએ કે ભરતજીએ તત્ત્વોનો અંત જ જોઈ લીધો.

તે વખતે ભરતજીને વિચારમાં કોઈ જાતની ચંચળતા નથી. શરીર જરાપણ આમતેમ હલતું નથી. મનમાં કોઈ ચંચળતા નથી. જે તે વિકલ્પ નથી. કેવળ પોતાના આત્મામાં મગ્ન થઈ ગયા છે. શરીરનો સ્પર્શ રહેવા છતાં પણ ન સ્પર્શ્યા જેવા જ છે. જેવી રીતે સિદ્ધપરમાત્મા તનુવાતવલયથી સ્પર્શાયેલા હોવા છતાં પણ તેનાથી બિલકુલ પૃથક્ છે. ભરતજીને તે વખતે એવો અનુભવ થઈ રહ્યો છે કે ચંદ્રમંડલમાં પ્રવેશ કરી ચૂકયો છું. વળી આત્મકાંતિ આચ્છાદિત થતાં તેમને એવું લાગતું હતું કે હાલ ચંદ્રમંડલ મેધોથી આચ્છાદિત થઈ ગયું છે, તે વખતે કાંઈક અંધકાર ભાસતો હતો; ત્યારે તેઓ પોતાના વિચારમાં દૃઢતા લાવતા તે જ ક્ષણે તે અંધકાર દૂર થતો હતો. પરમાત્માના પ્રકાશની જાગૃતિ થતી હતી, એક ક્ષણમાં ત્યાં અંધકાર અને ફરી પ્રકાશ એ પ્રકારે વારા ફરતી બનતું હતું જેવી રીતે સ્વપ્ન અને કાગનિંદ્રાની અવસ્થામાં થાય તેવી રીતે તે વખતે ભરતજીને આત્મસાક્ષાત્કાર થઈ રહ્યો હતો.

જે વખતે તેમને પ્રકાશ દેખાતો હતો તે વખતે પરમાત્માનું દર્શન થતું હતું. જે વખતે ચંચળતા થતી હતી તે વખતે એકદમ અંધકાર થઈ જતો અને તે વખતે કંઈ દુઃખ પણ થતું હતું. અર્થાત્ ભરતજી એક જ વખતે મોક્ષ અને સંસારની દશાનો અનુભવ કરતા હતા.

હવે તેમને ચારે બાજુ પ્રકાશ છે, જ્ઞાન છે. સુખ છે, શક્તિ છે જેવી રીતે કોઈ આકાશ જોઈ

રહ્યો હોય તેવી રીતે જ પોતાના શરીરસ્થ આકાશ સ્વરૂપ આત્માને તેઓ દેખી રહ્યા છે. આકાશમાં ચિત્ર ચીતરવાની સમાન ત્યાં પણ આત્માના સ્વરૂપને આલેખી રહ્યા છે. તેમને પોતાના શરીરની અંદર સૂર્યથી પણ અધિક દેખાઈ રહ્યું છે પરંતુ તેમાં ઉષ્ણતા નથી. આશ્ચર્ય એ છે કે તેમાંથી કર્મ ભસ્મીભૂત થઈને ખરી જાય છે. ઉષ્ણતાથી રહિત અગ્નિ કર્મને બાળે છે એ આશ્ચર્યપ્રદ ઘટના સમ્રાટ જોઈ રહ્યા છે. જેવી રીતે આકાશમાં અનેક વર્ણના મેઘપટલ આમ તેમ દોડે છે તેવી રીતે સમ્રાટના ધ્યાનથી કર્મની જડ પોચી પડીને તદ્દન નાશ પામતી હતી તેને ભરતજી જોઈ રહ્યા છે. જેવી રીતે કોલસાના પાણીથી સ્નાન કરવાથી કોલસો ઊતરતો થકો પાણી દેખાય છે તેવી રીતે પાપવર્ગણીઓ ખરી જતી દેખાય છે. લાલ અથવા પીળા પાણીથી સ્નાન કરતી વખતે નીચે વહી જતા પાણીની સમાન પુણ્યકર્મ ખરી જાય છે. જેવી રીતે પાણી પર્વતને કોતરી નાખે છે તેવી રીતે કર્મરૂપી પહાડને સમ્રાટનું ધ્યાનરૂપી પાણી કોતરી રહ્યું છે. જિન ! જિન ! આશ્ચર્ય છે. ધ્યાનતત્ત્વની બરાબરી કરનારું લોકમાં શું છે ? જેવી રીતે સૂર્યની ધાર સમાન પાણી વરસે તો લીલી માટીનો ઘડો પલળીને નાશ પામે છે તેવી રીતે ધ્યાન વર્ષાથી તેજસ અને કાર્માણ શરીર તદ્દન પલળીને જુદા પડી જાય છે.

ગરુડને જોતાં સર્પનું ઝેર સ્વયં ઊતરી જાય છે તેવી રીતે ભરતજીના ધ્યાનમાં જેવી એકાગ્રતા આવતી હતી તેવી રીતે કર્મરૂપી વિષ ઊતરી જાય છે. સાથમાં પોતાના આત્માના જ્ઞાન અને સુખની માત્રામાં વૃદ્ધિ થાય છે. જેવી રીતે અનાજની ગાંસડીની રસીને ઢીલી કરતાં તેમાંથી અનાજ બહાર વેરાય છે તેવી રીતે કર્મની ગાંસડીની રસીને ઢીલી કરતાં કર્મરેણુ પણ બહાર ખરી પડે છે. કેવલ પોતાને જ દેખે છે. આ રહસ્યને તેના સિવાય બીજું કોઈ નથી જાણી શકતું. જેવી રીતે હાથને પાછળ રાખીને મજબૂત બાંધેલા ચોરના જેમ જેમ બંધન ઢીલા થતા જાય છે તેમ તેમ તેનું સુખ વધે છે તેવી રીતે કર્મનું બંધન જેમ જેમ શિથિલ થતું જાય છે તેવી જ રીતે સુખની વૃદ્ધિ થતી જાય છે. ક્ષણક્ષણમાં જેમ જેમ આત્માને દેખતા જાય છે તેમ તેમ કર્મ સંતાનનો હ્રાસ થતો જાય છે. જેમ જેમ કર્મનો નાશ થતો જાય છે તેમ તેમ પરમાત્માના ગુણોની વૃદ્ધિ થતી જાય છે.

કર્મોને ધીરે ધીરે ઓછા કરવાથી સમ્રાટ એક વિશાળ અને સુંદર આત્મભવન તૈયાર કરી રહ્યા છે-જેવી રીતે એક ચતુર કારીગર ટાંકણાથી પત્થરને કોતરીને સુંદર મંદિરનું નિર્માણ કરી રહ્યો હોય, તેમ ક્યારેક ક્યારેક આત્માને જ્ઞાન અને કાંતિપૂર્વક દેખી રહ્યા છે અને ક્યારેક કેવળજ્ઞાનરૂપ જ જોઈ રહ્યા છે. અર્થાત્ ક્યારેક નિર્વિકલ્પરૂપે તેનો અનુભવ થાય છે, અને તત્ક્ષણ વિકલ્પની ઉત્પત્તિ થાય છે. વિકલ્પના પછી નિર્વિકલ્પ, તેના પછી વિકલ્પ એ પ્રકારે બરાબર પલટણ થાય છે. જેમ જળમાં પવનનો સંચાર થવાથી તેમાં તરંગો ઊઠે છે અને પવન સ્થિર થવાથી જળ પણ શાન્ત રહે છે તેવી રીતે આ આત્માની પણ અવસ્થા થાય છે. ચિત્તમાં ચંચળતા થવાથી વિકલ્પોની ઉત્પત્તિ અને ચિત્તમાં સ્થિરતા થવાથી નિર્વિકલ્પ અવસ્થા થાય છે. નિર્વિકલ્પ અવસ્થા લાંબો વખત નથી રહી શકતી. કેમકે ધ્યાનનો ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત બતાવ્યો છે; તેથી તેના પછી તો વિકલ્પની ઉત્પત્તિ થવી જ જોઈએ.

ક્યારેક ભરતજી વિચાર કરે છે કે હું ભિન્ન છું, મારું શરીર ભિન્ન છે. તેનાથી કર્મ ભિન્ન છે તે વખતે 'હું' શબ્દને તેઓ ભૂલી જાય છે. એકદમ સિદ્ધોની સમાન પરમાનંદમાં મગ્ન થઈ જાય છે.

ધ્યાનની અવસ્થામાં આત્માને દેખી રહ્યા છે. અને સાથોસાથ કર્મોના પતનને પણ જોઈ રહ્યા છે. તેમને, કર્મોનો નાશ કરવાવાળી આ અદ્ભુત વિદ્યા પર પ્રસન્નતા પણ થાય છે. પ્રસન્નતાને લીધે અંદર ને અંદર કયારેક ભરતજી ગણગણે છે કે હે પરમગુરુ, પરમારાધ્ય, ગુરુહંસનાથ ! તમારી જય હો ! ક્યારેક તે પણ ભૂલીને તેઓ વળી એકાગ્ર અવસ્થામાં મગ્ન થાય છે.

પાછો તેમાં પણ આનંદ આવવાથી એકદમ બોલી ઊઠે છે કે શ્રી નિરંજન સિદ્ધ, સિદ્ધાંતસાર, નિત્યાનંદ ! તમારી જય હો. તેમનું આ કહેવું તેમને સાંભળવામાં આવે છે. બીજા કોઈપણ તેમને સાંભળી શકતા નથી. તે વખતે ભરતજી સાક્ષાત્ એવા લાગે છે કે જાણે કે ઉજ્જવલ, અદષ્ટ અને અશ્રુતપૂર્વ ચાંદનીમાં એક ઉજ્જવળ મૂર્તિની સ્થાપના કરી ન હોય ! એટલું જ કેમ જાણે કે તેઓ ચંદ્ર અને સૂર્યના સમૂહમાં જ જઈને બેઠા ન હોય અથવા જિનેન્દ્રની સમવસરણાદિક સંપત્તિ જ ત્યાં એકઠી થઈ ન હોય ! એમ રાજયોગીન્દ્રને તે વખતે અનુભવ થઈ રહ્યો છે.

તે વખતે પંચેન્દ્રિયનો સંબંધ નથી. એટલું જ કેમ ? દેવેન્દ્રના સુખને પણ સામે રાખે તો તે પણ ફિકકું પડે. એવી રીતે ભરતજી પ્રમાદ રહિત થઈને અતિન્દ્રિય સુખને અનુભવે છે.

જ્યારે નિર્વિકલ્પ વિચારમાં સ્થિરતા આવી જાય છે ત્યારે સર્વાંગે શાન્તિનો અનુભવ થાય છે. એટલું જ નહિ, સ્વ અને પરનો પણ વિકલ્પ ત્યાં રહેતો નથી.

આનંદસાગરને હવે ભરતજી એક નાના પાત્રમાં ભરીને પીવા લાગ્યા. જેમ જેમ તેઓ પીતા હતા તેમ તેમ તે સમુદ્ર ઊછળી જતો હતો. તે સમુદ્રમાં તરંગ નથી, ફીણ નથી, પાણી નથી; તે લોકના સમુદ્રની સમાન નથી. મગર, મત્સ્ય, સર્પ આદિ દુષ્ટ જાનવર આ સમુદ્રમાં નથી, ભૂમિનો સ્પર્શ તે કરતો નથી. ધ્યાની સિવાય બીજા કોઈને પણ દેખવામાં તે સમુદ્ર આવી શકતો નથી. ભરતેશ્વર તે સમુદ્રમાં બરાબર ડૂબકી લગાવી રહ્યા છે.

તે પહેલાં ભોગવેલા પંચેન્દ્રિય વિષય સંબંધી ભોગોને અત્યંત તુચ્છ દેખાડે છે.

કેવળ શ્રી આદિ પ્રભુ જ તે આનંદ સાગર જાણે છે. ત્યાં આ વીર જળક્રીડા કરી રહ્યાં છે તે કેટલું ઉચ્ચ સુખ હશે ?

તે આત્મસુખ ભોગવી શકાય છે. પરંતુ બીજાને તેની વ્યાખ્યા કરી કહેવું અશકય છે. આકાશમાં ચારણ-મુનિઓનો વિહાર થઈ શકે છે પરંતુ જે માર્ગમાં તેઓ ગયા તે માર્ગમાં ભાઈ, તેના પગની નિશાની મળી શકે ? કદી નહિ.

તે વખતે સમ્રાટ પોતામાં, પોતાને માટે, પોતાને સ્થિર કરીને અને પોતાના દ્વારા જ પોતાને જોઈને પોતામાં ઊછળતાં થકા સુખને સારી રીતે ભોગવી રહ્યાં છે.

બહારની ક્રીડા સામગ્રી વિના જ ક્રીડા કરી રહ્યાં છે. રસ્સી આદિ વિના જ હિંડોળે ઝૂલી રહ્યાં છે. સ્ત્રી વિના જ રતિસુખ અનુભવી રહ્યાં છે. મુખની અપેક્ષા કર્યા વિના ચિદ્ગુણાન્નનો આહાર કરી રહ્યાં છે. શરીર વિના જ રૂપનું દર્શન કરી રહ્યાં છે, ઐશ્વર્ય વિના જ આજ તેઓ અત્યધિક શ્રીમાન છે. કેવી વિચિત્રતા છે !

બહારથી જે તેમને દેખે છે તેઓ રાજાની સમાન દેખે છે, પરંતુ અંદર તે રાજયોગી છે, સાથમાં નિજાનંદરસને પણ સમ્પૂર્ણ રીતે ભોગવી રહ્યાં છે; તેથી ભોગી પણ છે, બહારથી જુએ છે. તો આભરણ છે, વસ્ત્ર છે પરંતુ અંદરથી ધ્યાન સિવાય બીજું કાંઈ પણ નથી, એમ જણાય છે કે જાણે કે સિદ્ધ પરમેષ્ઠીને વસ્ત્ર અને આભરણથી સજીને બેસાડી દીધા હોય ! ક્યારેક ક્યારેક આભરણોને ઉતારી નાખીને કેવળ એક ધોતી પહેરીને તેઓ ધ્યાન કરવા માટે બેસતા અને ક્યારેક આભૂષણોને જેમ છે તેમ રાખીને ધ્યાન કરતા. પરંતુ ઉપર જ બધું કાંઈ રહેતું હતું. અંદર તેમનો કાંઇ પણ પ્રભાવ નહોતો પડતો. ભરતેશ્વરનું શરીર સગ્રંથ છે. પરંતુ આત્મા તે સમયે નિર્ગ્રંથ છે. આવી વિચિત્ર દશામાં તેમને અલૌકિક સુખનો અનુભવ થઈ રહ્યો છે.

હવે ભરતજીને નેત્રોથી આનંદાશ્રુ વહી રહ્યાં છે જાણે કે તે આત્માનંદ ઊછળીને બહાર આવી રહ્યો છે. આખા શરીરમાં રોમાંચ થાય છે. પરંતુ તેઓ પોતાના ધ્યાનમાં મગ્ન છે. પરમાનંદ સુખને ભોગવીને ભરતજી કાંઈક પુષ્ટ થયા છે, તેથી ગળાના મોતીના હાર જરાક અત્યારે સાંકડાં થઈ ગયા છે.

ભેદભક્તિમાં તેઓએ પહેલાં ધ્યાનનો અભ્યાસ કર્યો હતો ત્યાર પછી તેઓ અભેદ ભક્તિમાં આરુઢ થઈ ગયા. તે વખતે તેઓ પહેલાંના સર્વ સુખને ભૂલીને પોતાના સ્વરૂપમાં એવા લીન થઈ ગયા કે જો કોઈ યુવતી આવીને ભરતજીને આલિંગન કરે તો પણ તેમને ખબર પડે નહિ. અર્થાત્ તેઓ અત્યંત એકાગ્રતાથી બાહ્ય બધા વિષયોને ભૂલીને પોતાના આત્મામાં મગ્ન થઈ ગયા. જેવી રીતે મુશળધાર પાણી વરસતી વખતે લોક સ્તબ્ધ થઈને પોતાના મકાનમાં બેસી રહે છે તેવી રીતે બહારના કોઈ પણ વિષયોને જાણ્યા વિના ભરતજી પોતાના આત્મરાજ્યમાં લીન થઈ ગયા છે.

શું તે સ્વર્ગલોકમાં છે ? જ્યોતિલોકમાં છે ? બહિર્લોકમાં છે ? નરકલોકમાં છે ? કે નારકલોકમાં છે ? ના, ના. તેઓ વ્યંતર્લોકમાં વિદ્યમાન છે. ભેદવિજ્ઞાનરૂપી છીણી દ્વારા શરીરને ભેદીને તેઓ ત્યાં પરમાત્માની સ્થાપના કરી તેની ઉપાસના કરી રહ્યા છે. આ પ્રકારે ભરતજી અત્યંત એકાગ્રતાપૂર્વક ધ્યાનમાં મગ્ન થઈ ગયા છે.

આ તરફ ચતુર્મુખ મંદિરમાં સાયંવંદનને માટે ગએલી ભરતની રાણીઓ ઉત્તમ અભિપ્રાયપૂર્વક ભગવાન આદિ પ્રભુની સ્તુતિ શરૂ કરશે એ સૂચવવા માટે જ જાણે કે સૂર્યદેવ અસ્તાચલમાં ચાલ્યો ગયો. તે વખતે સાયંકાળની લાલીમાં એવી દેખાવા લાગી જાણે કે તે ચંદ્રમુખી સ્ત્રીઓની જિનભક્તિનું જ બાહ્યચિહ્ન હોય નહિ ! તેને માટે આકાશ જ પુષ્પના રૂપમાં જાણે કે પરિણમ્યું હોય એ પ્રકારે તારાઓ આકાશમાં ચમકવા લાગ્યા. સમવસરણમાં દિવ્ય ધ્વનિ ખરવાનો આ વખત છે એમ સમજીને તે સ્ત્રીઓએ ભગવાન ઋષભદેવના ચરણની સ્તુતિ શરૂ કરી.

તે વખતે તે સ્ત્રીઓમાં આળસ ન હતું, પ્રમાદ ન હતો અને આડાઅવળી કોઈ વાત ન હતી. તેઓએ સંતોષ, શાન્તિ અને ભક્તિપૂર્વક શ્રી જિનેન્દ્ર ભગવંતની સ્તુતિ કરી.

### વંદનાષ્ટક

સ્વામી ! આપે જન્મ, જરા, મૃત્યુનો નાશ કર્યો છે. તપોધનરૂપી કમળને માટે આપ સૂર્ય સમાન

છો. કામદેવને આપે જીતી લીધો છે. આપ કામદેવ બાહુબલિના પિતા છો, જ્ઞાન સ્વરૂપ છો, પ્રથમ તીર્થંકર છો. ભગવાન ! દિવ્ય ધ્વનિરૂપી લક્ષ્મીના આપ પતિ છો, આપના પાદકમળોની દશ દિક્પાળ દેવ ઉપાસના કરે છે, આપ જ આદિ બ્રહ્મા છો. કેવળજ્ઞાન અને કેવળદર્શન જ આપનું સ્વરૂપ છે.

ત્રિલોકદીપ ! આપનો ધ્વજ સત્ય સ્વરૂપ છે. સદા આનંદમાં આપ મગ્ન રહો છો. સર્વ પ્રકારના બાહ્ય-અભ્યંતર પરિગ્રહોથી રહિત છો. અને સદ્બુદ્ધિ સહિત છો. આપ કોઈના અવલંબને નથી. ત્રણ ભુવનના પ્રાણીઓદ્વારા આપ સ્તુત્ય છો.

પવિત્ર આત્મા ! આપ પોતાની અત્યંત ધવલકીર્તિથી ત્રણ લોકને વ્યાપ્ત કરી ચૂક્યા છો. કોટિ ચંદ્ર અને સૂર્ય સમાન આપનું તેજ છે, આપ અત્યંત નિષ્પાપ છો. આપની જય હો.

સ્વામી ! આપના દરબારમાં દેવગણ ઉપસ્થિત થઈને આપની રાતદિન સ્તુતિ કરે છે, અને ભક્તિવશ સુરપટહ[1], અશોક વૃક્ષ, ભામંડલ આદિ અતિશયોને ઉત્પન્ન કરે છે. આ પ્રકારે આપ અત્યંત વૈભવયુક્ત છો. ભગવાન ! આપના વચન ઉત્તમ તરંગોથી યુક્ત ગંગાનદીના જળથી પણ અધિક શીતળ છે. તેમાં અંગબાહ્ય આદિ ભેદ હોય છે, તે જૈનશાસ્ત્ર છે. ત્રિલોકી નાથ આપ કર્મોના લેપથી રહિત છો. આપની સેવામાં દેવેન્દ્ર પણ હાથ જોડીને સદા ઉપસ્થિત રહે છે. અને આપને વંદના અને ભક્તિ કરે છે. સ્વામી ! પોતાનું કલ્યાણ કરવાવાળી સ્તુતિ કોણ ન કરે ? આપ શરીરનો નાશ કરવા માટે સંજીવનીનું દાન કરો છો. આપની જય હો !

દયાનિધિ ! આપનું લાંછન વૃષભ છે, તેથી આપ વૃષભચિહ્નથી યુક્ત છો. વૃષભધ્વજ આપ છો. વૃષભમુખ નામના યક્ષના આપ અધિપતિ છો, આપ વૃષભ તીર્થંકર છો. વૃષભ જિનેશ્વર છો. વૃષભનાયક છો, વૃષભના અધિપતિ છો.

આવા અનેક પ્રકારે અત્યંત ભક્તિ પૂર્વક ભગવાન આદિ પ્રભુની સ્તુતિ કરતી થકી તે રાણીઓ જિનમંદિરમાં શુભ ઉપયોગથી પોતાનો વખત વ્યતીત કરી રહી હતી. એટલામાં તે સ્વાધ્યાય શાળામાં એક અદ્ભુત ઘટના બની.

જે વખતે ભરતની રાણીઓ જિનમંદિરમાં સંધ્યાવંદન માટે ગઈ હતી તે વખતે ભરતજી એકાગ્રતાપૂર્વક ધ્યાનમાં મગ્ન થઈ ગયા. આ વિષયનું અમે પહેલાં વિવેચન કરી ગયા છીએ, તે વખતે ભરતજીના સાતિશય ધ્યાનનો મહિમા જોવા માટે ત્યાં વનદેવી, નગરદેવી, જળદેવી આદિ શાસન દેવીઓ ઉપસ્થિત થઈ અને મનુવંશતિલક સમ્રાટ ભરતના ધ્યાનને જોઈને તેઓ ચકિત થઈ. આત્મારામને સાધન કરવાવાળા રાજ્યયોગીના અચળ ધ્યાનને દેખીને તે વ્યંતર દેવતાઓને હર્ષનો પાર ન રહ્યો. અંગૂઠાથી માંડીને માથા સુધી તેઓ બારીકાઈથી સમ્રાટને જોતા હતા, પરંતુ તેઓ પત્થર જેવા ધ્રુવ છે. ક્યારેક તે દેવીઓ તેના હાથ જોડે છે, ક્યારેક હર્ષથી શિર નમાવે છે, ક્યારેક પૂજા કરે છે, ક્યારેક ચામર ઢોળે છે, ત્યારે કોઈ પુષ્પવૃષ્ટિ કરી રહી છે, અને કોઈ ભક્તિથી આરતી ઉતારી રહી છે. તે દેવીઓ ધીરે ધીરે ભરતની સ્તુતિ કરવા લાગી. સાથોસાથ છૂપી છૂપી રીતે દૃષ્ટિ

૧ સુરપટહ : દેવદુંદુભિ

નાખીને રાણીઓના માર્ગને પણ જોઈ રહી છે. કેટલીક દેવીઓ આશ્ચર્યજનક થઈને દૂર ઊભી ઊભી ભરતજીને જોઈ રહી છે.

બહારથી આ બધો ઉત્સવ થઈ રહ્યો છે. આ બધાને ભરતજી જાણે છે કે નહિ ? જે વખતે તેઓ ધ્યાનમાં એકાગ્રતાથી લીન છે તે વખતે તો તેમને આ બાહ્યક્રિયાનો અનુભવ નથી હોતો પરંતુ જો વચ્ચે ચંચળતા ઉત્પન્ન થઈ જાય તો ધ્યાન પણ વિચલિત થઈ જાય છે. વિચલિત અવસ્થામાં તેમને બહારના દેવતાઓનો ઉત્સવ પણ દેખાતો હતો, પરંતુ તેથી સમ્રાટને કોઈ હર્ષ થતો ન હતો. તેઓ અત્યંત ઉદાસીન ભાવમાં તેમને દેખતા હતા, કારણ કે ભરતજી આત્મતત્ત્વના પ્રભાવને જાણતા હતા. જે લોક અવિવેક છોડીને આત્મસ્વરૂપનું દર્શન કરે છે તેના ચરણમાં ત્રણ લોક શિર ઝૂકાવે છે, તો વ્યંતર આવીને સેવા કરે તેમાં આશ્ચર્ય શું ? આ પ્રકારે સમજીને અત્યંત શાંત ભાવથી પોતાના આત્માનું ચિંતવન કરી રહ્યા હતા.

કર્મની ગતિ અત્યંત વિચિત્ર છે. ભરતજીને આથી સંતોષ થયો કે બધી રાણીઓ જિનદર્શન કરવા ચાલી ગઈ. હવે હું એકલો બેસીને સારી રીતે ધ્યાન કરી શકીશ, પરંતુ એકાંકી રહેવાને પૂર્વના પુણ્ય ક્યાં છોડે છે ? સ્ત્રીઓ વઈ જવા છતાં પણ વ્યંતરદેવીઓ ભરતજીની સેવામાં ઉપસ્થિત થઈ. ખરેખર તે વખતના દૃશ્યનું કોણ વર્ણન કરે ?

તે સ્વાધ્યાયમંડપ નવરત્નમય હતું. તે નવરત્નમય મંદિરમાં ભરતજી ભગવાનની સમાન લાગતા હતા. અનેક દેવીઓ ત્યાં શ્રી ભગવાનની પૂજા અને ભક્તિ કરી રહી હતી. રાત્રિનો એક પ્રહર વીતી ગયો.

ભરતજી બહારના વિષયોથી પોતાના વિકલ્પોને દૂર કરીને પોતાના આત્મામાં મગ્ન હતા. હવે તેમની રાણીઓ મંદિરથી સ્વાધ્યાયમંડપમાં જવા નીકળી. સંધ્યા કાળમાં વૃદ્ધ પૂજેન્દ્ર દ્વારા કરેલી પૂજાને અત્યંત ભક્તિથી જોઈને શ્રદ્ધાંજલિથી ત્રિલોકનાથને નમસ્કાર કરતી, લોકોદ્ધારક પોતાના પતિની સેવામાં તે સ્ત્રીઓ હવે આવતી હતી.

તે દિવસે તેમની સાથે કોઈ દાસી ન હતી. એટલું જ નહિ તેમના શરીરમાં કોઈ પણ જાતનું આભૂષણ ન હતું. અત્યંત પવિત્ર તપસ્વિની જેવી તેઓ લાગતી હતી. હંમેશાં તેઓ જો ક્યાંય જાય તો તેમની સાથે દીવો લઈને ચાલવાવાળી દાસીઓ પણ સાથે રહે છે, પરંતુ તેમની સાથે આજ કોઈ દીપકવાળી દાસી નહોતી. શું તેઓ પોતે પોતાના હાથમાં દીપક લઈને ચાલી શકતી નહોતી ? ના, ના. તેમને દીવાની જરૂર જ નહોતી. બહુમૂલ્ય રત્નજડિત અંગૂઠીઓનાં પ્રકાશથી જ તેઓ બરાબર માર્ગને જોઈ રહ્યાં હતાં. તે પણ જવા દો. મોતીને પદ્મરાગમણિઓથી નિર્મિત મંદિરના કલશ, પરકોટા આદિ રત્નોની કાંતિથી સહજ ભ્રમ થઈ જતો હતો કે જાણે આ દિવસ તો નહિ હોય ?

આ સતીઓને દૂરથી જ આવતી જોઈને વ્યંતર દેવીઓ એકદમ અદૃશ્ય થઈ ગઈ. ભરતજી ધ્યાનમાં મગ્ન હતા. દેવતાઓએ તેમની પૂજા કરી. હવે મનુષ્ય સ્ત્રીઓ આવી તેમની પૂજા કરશે. તે રાણીઓ દૂરથી જ ઊભી ઊભી ધ્યાનસ્થ સમ્રાટને જોવા લાગી, ત્યારે એવું લાગતું હતું કે મેરુ પર્વત

જ સાક્ષાત્ પુરુષના આકારમાં આ સ્વાધ્યાય મંદિરમાં બિરાજમાન છે. સોનાની ચોકીની બન્ને બાજુ રત્નનિર્મિત જિન અને સિદ્ધોની મૂર્તિથી તે સ્વાધ્યાયશાળા શોભી રહી હતી. શૃંગાર, કલશ, દર્પણ, ચામર, રત્ન, તોરણ આદિ મંગળ દ્રવ્ય પણ જ્યાં ત્યાં રાખવામાં આવ્યા હતા. રત્નદીપકની પંક્તિ પણ અત્યંત સુંદર જણાતી હતી. ભરતચક્રની યોગશાળા તે વખતે બધી રીતે રત્નમય બની ગઈ હતી. પાઠક ભૂલી નહિ ગયા હોય કે આ બધો અતિશય વ્યંતર દેવ કરી ગયા છે.

સૂર્યલોક સદૃશ તે રત્નમંડપમાં પ્રવેશ કરવા સાથે તે રાણીઓ યોગીરાજ ભરતેશ્વરને ત્રણ પ્રદક્ષિણા કરીને ત્યાં બેસી ગઈ.

હવે તે લોકોએ વિચાર કર્યો કે કાંઈક ધર્મચર્ચા કરવી જોઈએ. જો કે ભરતજી ધ્યાનમાં બેઠા છે તો પણ તેમની વાતચીતથી તેમને કોઈ અડચણ પડતી ન હતી, કારણ કે જેણે ધ્યાનના અભ્યાસની શરૂઆત કરી હોય તેના ચિત્તમાં ચારેકોરથી કોલાહલ થતાં ક્ષોભ ઉત્પન્ન થાય, પરંતુ તેઓ તો વ્યુત્પન્ન ધ્યાની છે. તેથી તેના ચિત્તમાં બાહ્ય વિષયોથી ક્ષોભ ઉત્પન્ન થતો નથી, તેથી તે લોકોએ વિચાર કર્યો કે આપણે બધા આધ્યાત્મિક ચર્ચા કરીએ.

જે શાસ્ત્રમાં પરમાત્મરત્નનું વર્ણન હોય તેને તે સ્ત્રીઓએ રત્નોના પ્રકાશથી વાંચવું શરૂ કર્યું. તે ભોજનકથા નથી, તે જાર અથવા ચોરકથા પણ નથી, સંસારી વિષય વાસનાઓની તરફ ખેંચવાની કથા પણ નથી, તે તો આત્મસાધનની કથા છે. ભરત ચક્રવર્તીએ પહેલાં ભગવાન આદિપ્રભુના સમવસરણમાં જઈને આત્મતત્ત્વના વિવેચનને જાણીને તેને સર્વ સાધારણ સમજે તેવી ભાષામાં આત્મપ્રવાદ નામના એક ગ્રંથની રચના કરી હતી. તેનો સ્વાધ્યાય આ સ્ત્રીઓ કરે છે.

કલિયુગમાં કુંદકુંદાચાર્ય પરમયોગીએ જેવી રીતે પ્રાભૃત શાસ્ત્રની રચના કરી તેવી રીતે સત્‌યુગમાં ભરતયોગીએ તે શાસ્ત્રની રચના કરી છે.

કલિયુગમાં જેવી રીતે અમૃતચંદ્રસૂરિએ સમયસાર નાટકની રચના કરીને આત્મકલાનું પ્રદર્શન કર્યું તેવી રીતે કૃતયુગમાં ચક્રવર્તી ભરતે ઉક્ત ગ્રંથમાં પરમાત્માકલાનું ઘણી સારી રીતે દિગ્દર્શન કરાવ્યું છે.

યોગીન્દ્રસ્વામીએ પ્રભાકરભટ્ટને જેવી રીતે બહુ જ મૃદુશબ્દોમાં પરમાત્માકથા સંભળાવી છે તેવી રીતે ભરત યોગીએ અજ્ઞાનીઓને પણ પરમાત્મતત્ત્વમાં રુચિ ઉત્પન્ન થાય એ વિચારથી ઉક્ત ગ્રંથમાં સુંદર અને મૃદુ શબ્દોથી વિષય વિવેચન કર્યું છે.

પદ્મનંદિયોગીદ્વારા નિર્મિત સ્વરૂપસંબોધન પૂજ્ય પાદસ્વામી વિરચિત સમાધિશતકની સમાન જ ઉક્ત ગ્રંથમાં તત્ત્વ વિવેચન કરાયું છે.

જ્ઞાનાર્ણવ, યોગરત્નાકર, રત્નપરીક્ષા આરાધનસાર આદિ સિદ્ધાંતની સમાન જ ઉક્ત ગ્રંથમાં આત્મતત્ત્વનું પ્રરૂપણ કર્યું છે. વિશેષ શું ?

ઈષ્ટોપદેશ, અષ્ટસહસ્રી અને કુંદકુંદાચાર્યકૃત અનુપ્રેક્ષા શાસ્ત્રની સમાન જ આત્માને આહ્‌લાદિત

કરવાવાળો આ મહાન ગ્રંથ છે. સંક્ષેપથી વિચાર કરવામાં આવે તો તે નિયમસારની જેવો છે. વિસ્તારથી તે પ્રાભૃત શાસ્ત્રની જેવો હતો.

ભરતજીએ તે સ્ત્રીઓને શીખડાવ્યું હતું કે તમો બીજા ઘણા શાસ્ત્રોનો કે જેનાથી આત્મહિત થવાનો કોઈ સંભવ જ નથી તેને વાંચીને પોતાનું અકલ્યાણ ન કરો, પણ કેવળ આત્મહિતસાધક એવા આ અધ્યાત્મસારનું અધ્યયન કરો.

લોકમાં અગણિત શાસ્ત્રોને વાંચીને પણ આત્મકલ્યાણ કરવાની ભાવના ઉત્પન્ન ન થઈ તો તે શાસ્ત્રોને વાંચવાનું શું પ્રયોજન છે ? તેથી એવા શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવો જોઈએ કે જેનાથી આત્મતૃપ્તિ પ્રાપ્ત થઈ શકે.

જે લોક ધ્યાનનાં સાધક એવાં શાસ્ત્રોનું અધ્યયન નથી કરતા અને ખ્યાતિ લાભ અરે પૂજાને માટે બીજાં અનેક શાસ્ત્રોનું અધ્યયન કરે છે તેઓ ખરેખર મૂર્ખ છે. તેઓ નીચ પ્રકૃતિવાળા છે. તેઓ કૃત્રિમ નેત્રરોગથી યુક્ત રીંછ સમાન છે. લોકમાં તેમની હાંસી થાય છે.

સમ્પૂર્ણ શાસ્ત્રનો સાર અધ્યાત્મચિંતન છે અને તે નિષ્કલંક તપશ્ચર્યા છે તે મુક્તિનું બીજ છે. ઈત્યાદિ અનેક પ્રકારથી ભરતજીએ તેમને ઉપદેશ દીધો હતો. તેથી તે બધી વાતોનું સ્મરણ કરતી થકી અત્યંત એકાગ્રતાપૂર્વક સૌ સ્વાધ્યાયમાં દત્તચિત્ત બન્યાં. કોઈ પણ અંદરોઅંદર આડીઅવળી વાતો કરતી નથી. કેવળ અધ્યાત્મિક ચર્ચા કરતી થકી જ પોતાનો વખત ગાળે છે. તે રાણીઓ ભરતજી દ્વારા નિર્મિત અધ્યાત્મસાર વાંચે છે. શું તે પુસ્તકમાં આત્મા મોજૂદ છે ? ના, ના. પુસ્તક તો એ કહે છે કે આત્મા તમારા શરીરમાં છે. તમે પોતાના જ સ્થાનમાં જુઓ.

તે સ્ત્રીઓ વિચાર કરે છે કે અત્યાર સુધી અમે બાહ્યમાં જ મોહિત થઈને સ્વરૂપ બાહ્ય થઈ રહી હતી. અમને હવે ગ્રાહ્યઅધ્યાત્મ મળી ગયો છે. અમારું હવે કલ્યાણ થશે.

આ વખતે તેમાંથી કેટલીક સ્ત્રીઓ કંઈક જાતના વાદ્યોને લઈને તેમની સાથે પ્રાભૃત શાસ્ત્રના અર્થો ગાવા લાગી. કોઈ કોઈ વીણાની સાથે અત્યંત મધુર સ્વરપૂર્વક ગાતી હતી. તે વખતે રાત્રિના બાર વાગ્યા હતા, તેથી તે સમયને યોગ્ય દેશી, રામાક્ષિ, ભૈરવી, કુરુજિકા આદિ રાગોનો ક્રમ જાણીને જ તેઓ અત્યંત મૃદુ, મધુર શબ્દોમાં ગાતી હતી, કે જેથી બધા લોકોનું આળસ દૂર થઈ જાય.

લોકમાં બીજી કોઈ સ્ત્રીઓ ઉપવાસ કરે તો તેઓ ઊઠી જ ન શકે. કોઈ પણ રીતે ઊઠી જાય તો માંડમાંડ રાત-દિવસ પૂરા કરે છે, પરંતુ તે રાણીઓ એવા ચાતુર્યથી આલાપ કરતી હતી કે સાતવાર ભોજન કરેલા ગાયક પણ તેટલી સારી રીતે ગાઈ ન શકે, અર્થાત્ સ્ત્રીઓને ઉપવાસનો કોઈ શ્રમ પડયો ન હતો તેઓ અત્યંત ઉત્સાહથી આત્મકાર્યમાં મગ્ન હતી.

આ પ્રકારે તેમનામાંથી કેટલીક સ્ત્રીઓ સાહિત્ય અને સંગીત રસમાં મગ્ન હતી. કેટલીક જપ કરવામાં દત્તચિત્ત હતી અને કેટલીક જિન સિદ્ધબિંબોને પોતાના હૃદયમાં સ્થાપીને જમણા હાથમાં જપમાળાને ફેરવતી થકી પંચપરમેષ્ઠીઓનું સ્વરૂપ ચિંતવતી હતી. કેટલીક સ્ત્રીઓ પંચમંત્રનો જાપ કરતી હતી અને કેટલીક પોતાના ચંચળ ચિત્તમાં નિશ્ચલતા લાવીને ધ્યાન ધરવાનો પ્રયત્ન કરવા લાગી.

જેવી રીતે ભરતજીએ ધ્યાનને માટે આદેશ દીધો હતો તેવી રીતે તેઓએ નિશ્ચલતાથી બેસીને આંખોને બંધ કરીને અક્ષરાત્મ ધ્યાન ધર્યું હતું. તે ધ્યાનમાં તેઓ ક્યારેક કમલાસન આદિબ્રહ્મ ભગવાન આદિનાથનું દર્શન કરતી હતી. તેના ધ્યાનમાં નિશ્ચલતા નહોતી. એક ક્ષણે ભગવાનનું દર્શન થતું, બીજી ક્ષણે વિલય પામી જતું. શું આ ધ્યાનતત્ત્વ એટલું સરળ છે કે ભગવાનની જેમ બધાને જણાઈ જાય ? નહિ. ધ્યાન સાક્ષાત્‌રૂપે પુરુષ જ કરે છે. સ્ત્રીઓ ધ્યાનની ભાવના કરે છે. જે તે વિકલ્પો દૂર કરીને જો તે સ્ત્રીઓ નિશ્ચલ ચિત્તથી સ્થિર થાય તો તે ધ્યાન નથી પણ ધ્યાનનું સ્મરણ છે. ધ્યાનની ભાવના છે.

આ પ્રકારે ભરતની સતીઓ કોઈ શબ્દબ્રહ્મથી (સ્વાધ્યાયથી), કોઈ ગીતનાદબ્રહ્મ (ગાયન)થી અને કોઈ યોગબ્રહ્મથી (ધ્યાનથી) તે રાત્રિ વ્યતીત કરી રહી હતી. આ પ્રકારે જ્યારે તે સ્ત્રીઓ બ્રહ્મમય પૂજામાં મગ્ન હતી તે વખતે ભરતજી પોતાના નિશ્ચલ પરબ્રહ્મમાં મગ્ન હતા. ક્યારેક તેઓ શુદ્ધોપયોગમાં મગ્ન થતા તો ક્યારેક શુદ્ધોપયોગનાં સાધનભૂત શુભોપયોગનું અવલંબન લેતા હતા.

આ પ્રકારે ઉપવાસના પરિશ્રમથી રહિત થઈને તેઓ અત્યંત સંતોષપૂર્વક ભીષણકર્મોનો નાશ કરતા થકા પોતાનો વખત ગાળી રહ્યા છે.

રાત્રિ પસાર થઈ હવે સૂર્યોદય થવા માટે પાંચ ઘટિકા બાકી છે. ભરતજી હજુ સુધી ધ્યાનમાં જ મગ્ન છે.

## ૧૪. પારણા સંધિ

**ભ**રતજી હજુ સુધી ધ્યાનમાં મગ્ન છે. તેના ધ્યાનનું શું વર્ણન કરીએ ? શાંતિ, કાંતિ અને એકાંતનો આદર્શ ત્યાં હતો.

કોયલના શબ્દો, વીણાના સ્વર અને સમુદ્રના ઘોષની સમાન તે બ્રહ્મયોગ ભરતજીના કાનમાં મીઠો મીઠો અવાજ ઉત્પન્ન કરે છે. તેમને મોતીના ધવલબિંદુનું પણ દર્શન થાય છે. ક્યારેક આનંદથી 'હું' આમતેમ જઈ રહ્યું છે. આ વાતના સુખનો અનુભવ થઈ રહ્યો છે. તેઓ રત્નમાળાની અંદર અક્ષરપંક્તિઓને પણ તે ધ્યાનમાં દેખી રહ્યાં છે. સાથોસાથ રત્નત્રયયુક્ત આત્માને જોઈને વિરોધી કર્મોનો નાશ કરી રહ્યા છે. અંદરથી ભરતજી શુક્લ સ્વરૂપ આત્માને જોઈ રહ્યા છે. બહારથી પણ હવે પ્રકાશ થવા લાગ્યો છે.

શીતળ પવનનો સંચાર થવા લાગ્યો. તારાઓની કાંતિ ઝાંખી પડી ગઈ. જગતનો અંધકાર ઓછો થયો, જિનમંદિરોમાં વાદ્યઘોષ પણ થવા લાગ્યો. સૂર્યદેવથી રહેવાયું નહિ. હું જલદી જઈને આત્મયોગી ભરતનું દર્શન કરું અને તેને પારણું કરાવું એ વિચારથી શીઘ્રગતિથી પોતાના રથને ચલાવતા થકા ઉદયાચળ પર સૂર્ય ઉદય પામ્યો, તે વખતે તેના આગમનની સૂચના જિનમંદિરના ઉન્નત શિખરના કલશ પર પડેલા અરુણકિરણ આપતા હતા.

ભરતજીની રાણીઓએ આવીને પ્રાર્થના કરી. સ્વામી ! હવે સૂર્યોદય થયો છે. હવે તો આપ આંખ ઉઘાડવાની કૃપા કરો. સમ્રાટ અંતરંગમાં જ શાંતિભક્તિનો પાઠ ભણ્યા અને ચિદંબર પુરુષ પરમાત્માને નમસ્કાર કરી શાંતભાવથી આંખો ઉઘાડી. તે વખતે રાણીઓએ આવીને સવિનય નમસ્કાર કર્યા. તેમને આશીર્વાદ દેતા થકા તેઓ બધાની સાથે સ્નાનગૃહમાં ગયા. ત્યાં યોગસ્નાન કરી જિનમંદિરમાં ગયા.

સૌથી પહેલાં મંદિરમાં શાસન દેવતાઓને અર્ઘ્યપ્રદાન કરી શ્રીભગવંતનું સ્તોત્ર અને જાપ કર્યા. ત્યારપછી પોતાની દેવીઓની સાથે શ્રીજિનેન્દ્ર ભગવંતની પૂજા કરી. જલ, ગંધ, અક્ષત, પુષ્પ, ચરુ, દીપ, ધૂપ, ફળ અને અર્ઘ્ય સહિત જે વખતે ભરતેશ્વર ભગવાનની પૂજા કરતા હતા તે વખતે તે જિનમંદિર અનેક મંગળ વાદ્યોથી ગાજી રહ્યું હતું. તેમના અર્ઘ્યપ્રદાન પછી શાંતિધારા છોડી અને અનેક અનર્ઘ્ય રત્નોથી જયજયકાર શબ્દપૂર્વક પુષ્પાંજલિની વૃષ્ટિ કરી.

ત્યારપછી ભરતજીએ પોતાની દેવીઓની સાથે ગંધોદક અત્યંત આદરપૂર્વક ગ્રહણ કર્યું. ભગવાનની સામે ઊભા રહીને કહેવા લાગ્યા કે કાલે અમે જે વ્રત લીધું તેમની પૂર્તિ થઈ. હવે અમે તે વ્રતોને વિસર્જન કરીએ છીએ, આ પ્રકારે કહેતાં થકા બાંધેલા વ્રતકંકણ ઊતારી નાખ્યાં.

ત્યારપછી ભરતજીને પોતાની કોઈ સ્ત્રીઓના મુખ પ્રસન્ન દેખાતાં હતાં અને કોઈ સ્ત્રીઓનાં મુખ ગ્લાન દેખાતાં હતાં. ભરતેશ્વર સમજી ગયા કે જેમનાં મુખ ગ્લાન થયા છે તે સ્ત્રીઓ પ્રથમ ઉપવાસવાળી છે. તેમને ઉપવાસ કરવાનો અભ્યાસ નથી. જેમને પહેલેથી ઉપવાસ કરવાનો અભ્યાસ હતો તે સ્ત્રીઓના મુખ પ્રસન્ન દેખાતાં હતાં. ભરતજી પોતાના મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યા

કે હા ! આ બિચારી સ્ત્રીઓએ ઉપવાસવ્રત સરળ સમજીને લઈ લીધું. પણ તેને કષ્ટ થએલું જણાય છે. ત્યારપછી પ્રગટરૂપે કહેવા લાગ્યા કે દેવી ! બહુજ ઢીલ થઈ. હવે આપ જલ્દી જઈને પારણું કરો.

ત્યારે તે સ્ત્રીઓએ સાસુને પ્રણામ કરીને પારણું કરવાનો વિચાર પ્રગટ કર્યો.

સમ્રાટે કહ્યું. દેવી ! આજે તમો સાસુની વંદના કરવાવાળી, ઢીલ ન કરો. સાથે આ વાતનું ધ્યાન રાખો કે જે અનભ્યસ્ત ઉપવાસિની છે તેમની પાસે કોઈ અભ્યસ્ત ઉપવાસિની ઊભી રહીને તેમને યોગ્ય રીતે પારણું કરાવે એ સજ્જનોનું કર્તવ્ય છે.

તે સ્ત્રીઓએ કહ્યું, સ્વામી ! આપ જેવી આજ્ઞા આપો તેમ જ અમે કરીશું, પરંતુ અમે અમારા નિયમાનુસાર એક વાર અમારી સાસુને પ્રણામ કરી આવીશું. સ્વામી ! અમારા પ્રતિ આ પ્રકારનો વિચાર આપના મનમાં કેમ થયો ? અમને ઉપવાસનું કાંઈ કષ્ટ લાગ્યું નથી.

સમ્રાટ કહેવા લાગ્યા, દેવી ! હું જાણું છું કે તમો ધૈર્યવતી છો, પરંતુ અધિક તાપ પડવાથી પિત્તનો પ્રકોપ થાય છે તેથી તેનું ધ્યાન જરૂર રાખો.

તે દેવીઓએ કહ્યું, સ્વામી ! હંમેશાં અમે સાસુને વંદન કરીએ છીએ. આજ તો પર્વદિન છે, તેથી આજે અમે તેની આગળ ગયા વિના કેવી રીતે રહી શકીએ ?

દેવી ! તમો હંમેશાં સાસુના દર્શન કરો અને આજે ન કરો તો કોઈ હરકત નથી. જાઓ જલદી પારણાની તૈયારી કરો.

સ્વામી ! હંમેશની માફક અમે આજે સાસુના દર્શન કરવા નહિ જઈએ તો તેમના મનમાં દુઃખ નહિ થાય ?

દેવી ! જો મારી આજ્ઞાને નહિ માનો તો શું તમારી સાસુના પુત્રને દુઃખ નહિ થાય ? જરા વિચાર કરો. જાઓ.

આ સાંભળીને તે સ્ત્રીઓ હસીને કહેવા લાગી કે આજે અમે માતા યશસ્વતીદેવીના દર્શનથી વંચિત થઈ ગયા. અસ્તુ. અમે પારણું કરવા જઈએ છીએ.

દેવી ! જાઓ, ચિંતા ન કરો. પુત્રની વાત સાંભળવાથી માતા યશસ્વતી તમારી ઉપર પ્રસન્ન થશે. કેટલાક જણ નવીન ઉપવાસીઓને ભોજન કરાવવા જાઓ અને કેટલાક જણ માતાને વંદના કરવા જાઓ. જુઓ કોઈ ચિંતા ન કરો. આજ માતુશ્રી અમારા મહેલમાં ભોજન કરે એવી વ્યવસ્થા કરીશું. તેથી બધાને દર્શન કરવાનો અવસર મળશે. આ વાત સાંભળી બધી સ્ત્રીઓ પ્રસન્ન થઈને જવા લાગી. તેમાંથી પારણું કરવા માટે જનારી સ્ત્રીઓને બોલાવી સમ્રાટે કહ્યું. જુઓ ! પહેલ વહેલા ઉપવાસ કરવો મહાન દુઃખદાયક છે. ઉદરમાં આગ લાગે છે, પરંતુ પછી અભ્યાસ થતાં તે ઉપવાસ સરળ થઈ જાય છે. તે ઉપવાસની આગમાં કર્મ પણ ભસ્મીભૂત થઈ જાય છે.

એક દિવસનો ઉપવાસ પણ કર્મને સારી રીતે પજવે છે. (કર્મની નિર્જરા કરે છે.) આગળ તેનાથી કૈવલ્યની પ્રાપ્તિ થાય છે. જન્મમરણનું સંકટ ટળી જાય છે. હે દેવી ! મુક્તિની પ્રાપ્તિ માટે

અભેદભક્તિની જરૂર છે. અભેદભક્તિને માટે વિરક્તિની જરૂર છે. વિરક્તિને માટે યથાશક્તિ તપની જરૂર છે. તપને માટે યુક્તિની જરૂર છે. તે યુક્તિ તે ઉપવાસ છે. ઉપવાસ કરેલું શરીર અત્યંત ઉષ્ણ રહે છે તેથી બહુ જ સાવધાનીથી ભોજન કરવું જોઈએ. બે, ચાર ગ્રાસ લીધા પછી એકદમ ચક્કર આવે છે તેથી તે વખતે સાવધાન રહેવું જોઈએ. અન્ન એકદમ ઊતરતું નથી, પાણી પીવું વધારે ભાવે છે. તરસ વધારે લાગે છે, પરંતુ એકદમ પાણી પીવું ઠીક નથી. પહેલાં કોઈ રીતે અન્ન લીધા પછી ધીરે ધીરે પાણી લેવું જોઈએ. પહેલેથી પાણી નહિ પીવું જોઈએ. દેવી ! જેવી રીતે નવીન માટલા પર પાણી નાખવાથી 'ચૂસ' શબ્દ થાય છે તેવી રીતે નવો કોળિયો લેવાથી એકદમ શરીરમાં પણ 'ચૂસ' થાય છે. ચારે તરફ પીળાપણું દેખાય છે. તે વખતે ગભરાવું ન જોઈએ. પહેલવહેલો ઉપવાસ કષ્ટપ્રદ લાગવા છતાં પણ પછી તેનાથી મહાન સુખની પ્રાપ્તિ થાય છે. એવી ભગવાન આદિનાથની આજ્ઞા છે. ઈત્યાદિ અનેક પ્રકારે સમ્રાટે તે સ્ત્રીઓને પારણું કરવાને જવા કહ્યું. કેટલીક સ્ત્રીઓને માતા યશસ્વતી પાસે મોકલી ને બીજી કેટલીક સ્ત્રીઓની સાથે પોતે મહેલમાં ગયા. જે સ્ત્રીઓ માતા યશસ્વતીના મહેલમાં જઈ રહી હતી તે સ્ત્રીઓને ભરતે કહ્યું કે તમો માતાજીની પાસે રહો. હું તરત જ મુનિદાનની ક્રિયાથી નિવૃત્ત થઈને ત્યાં આવું છું. ત્યાં સુધી તમે મારી રાહ જુઓ.

તેઓએ પોતાની સાથેની સ્ત્રીઓને કહ્યું, તમો શીઘ્ર મહેલમાં જઈને મુનિદાનની તૈયારી કરો. હું બહાર દરવાજા પાસે જઈને મુનિઓનું પ્રતિગ્રહણ કરું છું. એમ કહીને ભરતજી મુનિઓની પ્રતીક્ષા માટે ગયા. કેટલીક સ્ત્રીઓ પારણું કરવા ગઈ. કેટલીક મુનિદાનની તૈયારી માટે ગઈ અને કેટલીક સાસુને વંદના કરવા ગઈ, ત્યાં યશસ્વતી મહાદેવીને પણ ઉપવાસ હતો. તેમણે પણ અર્જિકાઓની સાથે જાગરણ કરીને રાત્રિ પસાર કરી હતી. હવે મોઢું સાફ કર્યા પછી દેવપૂજા કરીને મંડપમાં આવીને બેઠા. આજ માતા યશસ્વતી દેવીને પારણું છે એ ઉપલક્ષ્યમાં તેમના પુત્રોએ જુદે જુદે સ્થળેથી બહુમુલ્ય અનેક ઉપહાર મોકલ્યા છે. તે બધાને જોતી થકી યશસ્વતી મહાદેવી બિરાજમાન હતી.

યશસ્વતી મહાદેવીને સો સુંદર પુત્રો છે. તેમાંથી છ પુત્રે તો પહેલાંથી દીક્ષા લઈ લીધી હતી. બાકી ચોરાણું પુત્ર ભિન્ન ભિન્ન રાજ્યોનું રક્ષણ કરે છે. તે બધા પુત્રો માતુશ્રીના પારણાનાં ઉપલક્ષ્યમાં વસ્ત્ર, કપૂર, ગંધ, ગુલાબજલ આદિ અનેક ઉત્તમોત્તમ પદાર્થ મોકલે છે. અયોધ્યા નગરના અધિપતિ સમ્રાટ ભરત છે અને યુવરાજ બાહુબલિ છે, જે પૌદનપુરના રાજ્યનું રક્ષણ કરે છે. તેઓ પણ અનેક અનર્ઘ્ય વસ્ત્ર રત્નાદિક પદાર્થો માતાજીને માટે ભેટ મોકલે છે.

બાહુબલિ સુનંદાદેવીના પુત્ર છે, તેઓ કૃતયુગના કામદેવ છે. પોતાની અપર માતાના ઉપવાસના પારણાના હર્ષના ઉપલક્ષ્યમાં તેઓએ રત્નનિર્મિત પલંગ, મોતીના પંખા, માણેકનિર્મિત જલપાત્ર અને અગણિત ઉત્તમોત્તમ વસ્ત્રાદિ ઉપહારો મોકલ્યા. બાહુબલિની પ્રધાનદાસી એ બધા ઉપહારોને લઈને માતા યશસ્વતીની સેવામાં ઉપસ્થિત થઈ અને બહુધા ભક્તિથી નમસ્કાર કરીને ઊભી રહી.

માતા યશસ્વતી દેવીએ તે દાસીને પ્રશ્ન કર્યો કે 'દાસી ! અમારો નાનો પુત્ર કુશલ છે ને ? તેની રાણીઓ તો કુશલ છે ને ? મોટા ભાઈની જેમ તે પણ ઉપવાસ કરે છે કે નહિ ? તે દાસીએ ઉત્તર

આપ્યો કે માતા, મોટા સ્વામીની જેમ અમારા સ્વામી અધિક વ્રત નથી કરતા. તેમને કેવળ એક ભક્તિનું વ્રત રહે છે. તેમની સમાન જ તેમની દેવીઓ પણ અલ્પ ચારિત્રમાં જ રહે છે.

ત્યારે માતા યશસ્વતી દેવીએ ફરી પૂછયું કે દાસી ! સુનંદાદેવી શું કરે છે ? તેની પ્રવૃત્તિ ક્યા પ્રકારની છે. તે દાસી કહેવા લાગી કે માતા ! સુનંદા દેવી તો વ્રત, જપ, ઉપવાસ અને શરીરદમન આદિ કાર્યમાં સદા લાગ્યા રહે છે.

આ સાંભળીને યશસ્વતી દેવીએ કહ્યું, આ સારા અને હર્ષદાયક સમાચાર સંભળાવ્યા. પોતાની દાસીઓને બોલાવી આજ્ઞા આપી કે આ પૌદનાપુરથી આવેલી દાસીને અર્જિકાઓનો આહાર થતાં જ ભોજન કરાવો. બધી તથાસ્તુ કહીને ચાલી ગઈ.

હવે યશસ્વતીએ જોયું કે વહુઓ તેના દર્શન માટે આવે છે. વહુઓએ પણ સાસુને દૂરથી જ જોઈ લીધા. સાસુને જોવાથી તેમને ભોજન કર્યા સમાન જ હર્ષ થયો. સાસુ તેમને જોઈને હસતી હતી. તેઓ પણ સાસુના મુખને જોઈને આનંદથી હસતી પાસે આવતી હતી.

સાસુની પાસે આવીને સૌથી પહેલાં સાસુની સમક્ષ જિનપૂજા અને અભિષેકના પ્રસાદરૂપ ગંધોદક અને પુષ્પને રાખ્યા. અને પ્રાર્થના કરવા લાગી. માતુશ્રી ! અમે જે અભિષેક અને પૂજન જોયા હતા તેના ઉપર આપ પણ પ્રસન્નતા બતાવો. ગંધોદક અને પુષ્પને ગ્રહણ કરતી થકી માતા યશસ્વતીએ 'ઈચ્છામિ' શબ્દનું ઉચ્ચારણ કર્યું, પછી બધી સતીઓએ પોતાની પૂજ્ય સાસુના ચરણમાં મસ્તક નમાવ્યાં ત્યારે માતાએ તેમને આશીર્વાદ દીધો. તમો બધા અખંડ સૌભાગ્યવતી રહો. તથા સુખે ઘણું જીવો.

તે સતીઓએ ફરી એકવાર નમસ્કાર કરી કહ્યું, માતા ! અમારી કેટલીક બહેનો પતિની આજ્ઞાથી બીજાં કાર્યો કરવા ગઈ છે. તેઓ અહીં નથી આવી શકતાં તેથી તેમના તરફથી આ નમસ્કાર છે. તેમનો પણ સ્વીકાર કરો. ત્યાર પછી તે સતીઓ સાસુને ઘેર બેસી ગઈ, અને ધર્મચર્ચા કરવા લાગી.

માતા યશસ્વતી દેવીએ વિચાર કર્યો કે વહુઓનાં પરિણામ કેવાં છે તે જોવાં જોઈએ, તેથી તે જરા હસીને પૂછવા લાગ્યાં કે બેટી ! તમોને કાંઈ કામ હોય તેવું લાગતું નથી, તમારા પતિને પણ વિવેક નથી. આ નવીન તારુણ્યમાં ઉપવાસ આદિ કરીને શરીરને નાહક કેમ કષ્ટ દઈ રહ્યાં છો ? જો ભરતને વિવેક હોત તો તે ક્યારેય ય પણ તમોને ઉપવાસ વ્રત કરાવત નહિ. તેના વિવેકનાં નમુના તો દેખો ? રાજ્યપાલન કરતા થકા મુનિઓની સમાન આચરણ કરે છે, એ અવિવેક નથી તો શું છે ? કદાચિત તેને ભોગની ઈચ્છા ન હોય તો ભલે ન હોય પરંતુ અમારી પ્રિય વહુઓને ભૂખી રાખીને કેમ કષ્ટ આપે છે ? સમજાતું નથી ! 'જિન જિન' પરમ દુઃખ છે.

આ સાંભળીને તે રાણીઓ કહેવા લાગી કે માતા ! અમને કઈ વાતનું દુઃખ છે ? એક માસમાં અમે એક ઉપવાસ કરીએ છીએ, તેનાથી વિશેષ અમે ક્યાં કરીએ છીએ ? જુવાનીમાં શક્તિ હોય ત્યારે વ્રત કરવું શું ઉચિત નથી ? માતા, અમારા પ્રાણનાથને અવિવેકી કહી શકો છો. કેમકે તે આપના પુત્ર છે.

સ્વર્ગના દેવ પણ આપના પુત્રની ખૂબ ગૌરવપૂર્વક પ્રશંસા કરે છે. લોકમાં બધે તેમની કીર્તિ ગવાઈ રહી છે તેથી માતા આપનો પુત્ર અવિવેકી નથી. અને અમને કોઈ દુઃખ નથી અમને તો મહાસુખ છે.

આ વાત સાંભળીને માતા યશસ્વતી બહુ પ્રસન્ન થઈ અને કહેવા લાગી કે તમારા ઉપર હું અત્યંત પ્રસન્ન થઈ છું. તમારા પતિના ગૌરવ ઉપર તમો પણ અભિમાન રાખો છો તે હર્ષનો વિષય છે. આ પ્રકારે ધર્માચરણ કરતી થકી તમે સુખી રહો. બેટી ! હવે મોડું થયું છે. પારણું કરવા જલદી જાઓ. હવે વિલંબ ના કરો.

ત્યારે તે દેવીઓએ કહ્યું : માતા ! આજે પતિદેવ આપની પંક્તિમાં જ બેસીને પોતાના મહેલમાં પારણું કરશે. મુનિઓને આહારદાન દઈને તેઓ આપને બોલાવવા માટે અહીં આવશે. ત્યાં સુધી અમોને અહીંઆ રહેવા આજ્ઞા કરી છે.

આ વાત સાંભળીને યશસ્વતી વિચાર કરવા લાગી કે હા, મારો પુત્ર ઉપવાસી અહીં આવશે, તેને ફોગટ દુઃખ થશે. પ્રગટરૂપે કહેવા લાગ્યા કે દેવી ! આપણે જ ત્યાં જઈએ, ભરતને નકામું દુઃખ શા માટે થવા દેવું ? જો તે અમારા મહેલમાં પારણું કરે તો અહીં આવવાની જરૂર હતી, નહિતર નકામું દુઃખ તેને શા માટે થવા દેવું ? આ પ્રકારે કહેતી થકી એક વિશ્વાસપાત્ર સતીને બોલાવીને આજ્ઞા આપી કે તમે અર્જિકાઓને આહારદાન દેવાનું કાર્ય સારી રીતે કરો. હું ભરતના મહેલમાં જાઉં છું. માતા યશસ્વતીદેવી પોતાની વહુઓને સાથે લઈને હવે ભરતના મંદિર તરફ ગઈ. ભરતજી પણ મુનિઓને આહાર દઈને આ તરફ આવવા નીકળ્યા હતા. માર્ગમાં માતુશ્રીને આવતા જોઈને દુઃખી થયા કે માતાજીને તકલીફ પડી. હું ગયો હોત તો તેમને યોગ્ય વાહન પર બેસાડીને લાવત. પછી પ્રગટરૂપે પોતાની સ્ત્રીઓને કહેવા લાગ્યા કે મેં તમોને આજ્ઞા આપી કે હું ત્યાં જરૂર આવીશ. આવું ત્યાં સુધી તમો ત્યાં જ રહેજો. હવે તમોને કાંતા કહીએ કે ભ્રાન્તા કહીએ ? એ ખબર નથી પડતી.

તે સ્ત્રીઓએ કહ્યું. સ્વામી ! અમોએ એ પ્રકારે વિનંતી કરી હતી, પણ પોતાના પુત્રને દુઃખ થશે એવા પુત્રના મોહથી માતા એકદમ ઊઠી, તે વખતે તેમને કોણ રોકી શકતું હતું ?

માતા યશસ્વતીએ કહ્યું. પુત્ર ! વ્યર્થ દુઃખી ન થાઓ, હું મારી ઈચ્છાથી જ આવી છું. જ્યારે તમારી સ્ત્રીઓ આવી ગઈ ત્યારે તમારા આવ્યા બરાબર જ થયું.

સમ્રાટે અત્યંત ભક્તિપૂર્વક માતાના ચરણોમાં મસ્તક નમાવ્યું. માતુશ્રીએ પુત્રના મસ્તક ઉપર હાથ રાખીને 'इन्द्रो भव ! पुनः इन्द्रपूज्योभव ! सान्द्रसुरवी भव' આશીર્વાદ આપ્યો. ચાલતા ચાલતા પૂછવા લાગી કે પુત્ર ! સાંભળ્યું ? તમારા નાના ભાઈના હાલ, તે ઉપવાસ નથી કરતા. ક્યારેક તે એકભૂક્તિ, ક્યારેક રસત્યાગ કરી નાખે છે. તમે ફોગટ ઉપવાસ શા માટે કરો છો ?

ભરતેશ્વર બોલ્યા :-માતા ! હું શું અધિક કરું છું ? ચારપર્વનાં દિવસોમાંથી કોઈ એક પર્વમાં ઉપવાસ કરું છું. તે પણ મારો નિયમવ્રત છે. યમવ્રત નથી. યમવ્રતનું આચરણ કરવું કઠણ છે.

નિયમવ્રત થઈ શકે તો પાલન કરીએ, નહિ તો છોડી દઈએ. અમને તેમાં કાંઈ દુઃખ લાગતું નથી.

માતાએ કહ્યું, બેટા ! જો તમને કોઈ દુઃખ નથી લાગતું તો તમે ભલે કરો, પરંતુ મારી વહુઓને પણ જબરદસ્તીથી આ વ્રત કરાવી દુઃખ કેમ દ્યો છો ? એ તો કહો.

માતાની આ વાત સાંભળીને ભરતજીને હસવું આવ્યું. તેઓ બોલ્યા. માતા ! શું આપની વહુઓ આપના પુત્રથી પણ અધિક પ્રેમપાત્ર છે ? મોટા બહેનના પુત્રથી પણ નાનાભાઈઓની પુત્રીઓ અધિક છે ? મોટી બહેનના પુત્ર જ્યારે ભૂખ્યા રહે છે ત્યારે નાનાભાઈઓની પુત્રીઓ ભૂખી નથી રહી શકતી ? મોટા બહેનથી પણ નાનાભાઈ અધિક છે ? માતા ! હું સ્વતઃ મારી ઈચ્છાથી ઉપવાસ કરું છું. આપની વહુઓને ઉપવાસ કરવા માટે ક્યારેય પણ દબાણ કરતો નથી, તેઓ જ પોતાની મેળે ઉત્સાહથી ઉપવાસ કરે છે. એમા હું શું કરું ? માતા ! તે સ્ત્રીઓ મહિનામાં એક ઉપવાસ કરે છે તો એમાં શું મોટી વાત છે ? જ્યારે તેઓ શરીરના ભોગમાં ઘણો વખત ગાળે છે ત્યારે શું ધર્મ માટે એક દિવસ પણ નહિ ગાળે ? શરીરનાં ભોગમાં પણ જો અત્યંત આસક્ત થઈ જાય તો પાપનો બંધ થાય છે. તેનાથી નર્કાદિ દુર્ગતિની પ્રાપ્તિ થાય છે. માતા ! જે વ્રતને માટે થોડું ઘણું કષ્ટ ઊઠાવવું પડે છે તેનાથી આગળ જતાં મુક્તિની પ્રાપ્તિ થાય છે. માતા ! મનુષ્યજન્મ મળ્યા પછી યથાશક્તિ અધિકમાં અધિક વ્રતોનું પાલન કરવું જોઈએ. ભોગમાં ઉન્મત્ત થવું એ બુદ્ધિમાનોનું કર્તવ્ય નથી.

આ વાતો સાંભળતી થકી માતા યશસ્વતી બોલી. બેટા ! ઠીક છે. એ વાત રહેવા દ્યો. તમે મુનિદાન કરીને ભોજન કરવાનું જે વ્રત લીધું છે તેનું શું ? ભરતેશ્વર કહેવા લાગ્યા. માતા ? તે નિયમવ્રત છે. યમવ્રત નથી. યુદ્ધ કરવા જતી વખતે, ચિંતા અને સૂતકની વખતે આ વ્રતનું પાલન નથી થતું. હા, સાનંદ મહેલમાં રહેતા થકા આ વ્રતનું નિરંતર પાલન કરું છું. માતા ! હું અભેદભક્તિની ઉપેક્ષા ક્યારે ય નથી કરતો. બાહ્યાચરણનું ક્યારેક પાલન કરું છું. ક્યારેક નથી પણ કરતો. માતા ! રાજ્યની જંજાળ હોતાં જે પાળી શકાય તે વ્રત આદરવું જોઈએ. મોટા વ્રતનું ગ્રહણ કરીને વચ્ચે ચિંતામાં પડી જવું તે પાગલોનું કાર્ય છે.

માતા વિશેષ શું કહું ! દેવાધિદેવની રાણી યશસ્વતીના ગર્ભથી ઉત્પન્ન થએલા આ ભરત બિલકુલ મુર્ખ નથી. આપ ચિંતા ન કરો. હું મારી શક્તિ જોઈને જ વ્રતનું પાલન કરું છું.

આ વાતને સાંભળી માતા યશસ્વતી કહેવા લાગી કે બેટા ! વિશાળ રાજ્યનું પાલન કરવાવાળા તમને વ્રતાદિકને પાળવામાં ઘણું કષ્ટ થતું હશે એ વાતની મને ચિંતા જરૂર હતી, પણ હવે તે દૂર થઈ ગઈ છે. હું ઘણીવાર વિચારતી હતી કે પુત્રને બોલાવીને એકવાર સમજાવું, પણ તે વખતે મનમાં વિચાર આવતો હતો કે મારા પુત્રની વૃત્તિની દેવેન્દ્ર પ્રશંસા કરે છે, તેને હું શું કહું ? બેટા ! આ યુવાવસ્થામાં અગણિત સુંદર સ્ત્રીઓની વચ્ચે રહીને પણ પોતાને નહિ ભૂલીને જાગૃત અવસ્થામાં રહેવાની તમારી વૃત્તિને જોઈને મારું મન પ્રસન્ન થાય છે. મારા પુત્રને હજારો જંજાળ છે. તેમાં આ વ્રત અને ઉપવાસઆદિથી એક બીજી ચિંતા પેઠી તેની મને ક્યારેક ક્યારેક ચિંતા થાય છે. પરંતુ તમને તે બધી વાતોથી નિરાળા દેખતા થકા મને પરમ હર્ષ થાય છે. બેટા ભરત ! તમારા

સોગનપૂર્વક કહું છું કે તમારા રાજ્ય, ભોગ, સ્ત્રીઓ, તથા તમારા વ્રતોને દેખીને મનમાં વિશેષ ચિંતા થતી હતી. આજે તમારી વાતો સાંભળવાથી તે ચિંતા દૂર થઈ.

ભરતજી કહેવા લાગ્યા, માતા ! આપ મારી આટલી ચિંતા કરો છો પણ મને કોઈ પ્રકારનો ભય નથી. નહિતર મને આ પ્રકારની સંપત્તિ ક્યાંથી પ્રાપ્ત થાય ? આ બધો આપનો જ પ્રસાદ છે.

આ પ્રકારે વાર્તાલાપ કરતા થકા બધા સાથે મળીને મહેલના દ્વાર આગળ પહોંચ્યા. તે વખતે ભરતજીએ માતાના પાદકમલોનું શુદ્ધ જળથી પ્રક્ષાલન કર્યું, પછી અંદર જઈ ઉચ્ચ આસનપર માતાને બેસાડીને તેઓ પૂજાને માટે તૈયારી કરવા લાગ્યા.

માતા યશસ્વતી કહેવા લાગી, બેટા ! મુનિઓની પૂજા કરવી સિદ્ધાંતવિહિત માર્ગ છે. મારી પૂજા કરવી ઉચિત નથી. જરા વિચાર કરો. ભરતજી કહેવા લાગ્યા કે માતા, આપ મુનિઓની જનની છો. ઋષભસેનાચાર્યની આપ માતા છો. શું વીરમુનિ, અનંતવિજયમુનિ, અચ્યુતમુનિ, સુવીરમુનિ અને અનંતવીર્યમુનિની આપ જન્મદાત્રી નથી ? લોકમાં યક્ષયક્ષીઓની પૂજા કરવામાં આવે છે. આપ તો સાક્ષાત્ બ્રહ્મચારિણી છો. આપની પૂજા કરવામાં શો બાધ છે ?

માતાએ કહ્યું. બેટા ! ભરત, તમારી વૃત્તિને લૌકિક લોકો પ્રસન્ન નહિ કરે, તેઓ કાંઈને કાંઈ બોલ્યા વિના રહેશે નહિ. મારી પૂજાની શી જરૂર છે ? તમે આ પ્રકારનું કાર્ય ન કરો. લોકાપવાદ જોઈને ચાલવું જોઈએ.

વળી ભરતે કહ્યું કે માતા ! જ્યારે બધા લોકો મારી પૂજા કરે છે ત્યારે હું મારી માતાની ભક્તિથી પૂજા કરું તેમાં શો દોષ છે ? અવિવેકીના વચનો પર આપણે ધ્યાન ન દેવું, આપ શાંત ચિત્તથી બેસી રહો. અમે તો પૂજા કરીશું જ.

આમ કહીને બાજુમાં જોઈને કહ્યું, સામગ્રી લાવો. તેઓએ પોતાની રાણીઓને પૂજા માટે બોલાવી. તે જ વખતે બધી રાણીઓ સામગ્રી સાથે હાજર થઈ અને બધા મળીને ભક્તિથી પૂજા કરવા લાગ્યા. ભરતજી મંત્ર બોલતા થકા સામગ્રી ચઢાવે છે. તે સ્ત્રીઓ સામગ્રી થાળમાં ભરીને આપે છે. જળ, ગંધ, અક્ષત, પુષ્પ, ચરુ, દીપ, ધૂપ, ફળ અને અર્ધ્ય આ પ્રકારે અષ્ટદ્રવ્યોથી માતાની પૂજા સમ્રાટે કરી. કોઈ સ્ત્રીઓ ચામર ઢાળે છે. કોઈ પુષ્પવૃષ્ટિ કરે છે, કોઈ કાંઈક, કોઈ કાંઈક. આ પ્રકારે તેઓ અનેક અનેક પ્રકારની ભક્તિ કરે છે. માતા શાન્ત બેસીને તેમની લીલાને જુએ છે. પૂજાને અન્તે તે રાણીઓએ રત્નોથી નિર્મિત આરતી ઉતારી, ભરતજીએ પોતાની દેવીઓની સાથે માતાને નમસ્કાર કર્યા. પછી માતાની ડાબી બાજુએ તેઓ બેસી ગયા. આ પ્રકારે બધી રાણીઓ પણ હારબંધ બેસી ગઈ.

સાસુએ વહુઓને બોલાવીને પોતાની પંક્તિમાં ભોજન કરવાનું કહ્યું, અને તેઓ બધાએ એકી સાથે પારણા કર્યાં. ભરત ચક્રવર્તીના મહેલના ભોજનનું શું વર્ણન કરીએ ? ક્ષીર સમુદ્રમાં ડૂબકી લગાડવાથી જેમ હર્ષ થાય છે તેવી રીતે અત્યંત આનંદપૂર્વક તેઓએ ભોજન કર્યું. પછી પારણાનો થાક ઉતારવા માટે ભરતજી માતાને હાથનો ટેકો દેતાં વિશ્રાન્તિભવનમાં લઈ ગયા, અને ત્યાં તેઓએ

માતાને ઝૂલાપર બેસવાની પ્રાર્થના કરી અને તે ઝૂલાની દોરીને હાથમાં લઈને ઝુલાવવા લાગ્યા. માતાએ બાલ્યાવસ્થામાં તેને ઝુલાવ્યા છે તેનો જાણે કે આ બદલો હોય ! પછી ભરતજીએ માતાજીની ઉપર ગુલાબજળ છાંટયું. માતાએ બાલ્યાવસ્થામાં જે દૂધ પીવડાવ્યું છે તે તો જાણે કે હવે તેનું ઋણ ચુકાવે છે. આ પ્રકારે પોતાની રાણીઓ સાથે માતાની અનેક પ્રકારે સેવા કરતા થકા કહેવા લાગ્યા. માતા ! આપને ઘણું દુઃખ થયું. આપનું શરીર થાકી ગયું છે. આપ આવી વૃદ્ધાવસ્થામાં ઉપવાસ કેમ કરો છો ?

માતા પુત્રની વાત સાંભળીને કાંઈ પણ ન બોલ્યા અને મનમાં વિચાર કરવા લાગ્યા કે આજે ભરત મારા કારણે આરામ નથી લેતા તેથી અહીંયાંથી હવે જવું જોઈએ. પ્રગટરૂપે કહેવા લાગ્યા કે બેટા ! મને મારા મહેલમાં ગયા વિના નિંદ્રા નહિ આવે, માટે હું ત્યાં જાઉં છું, તમે અહીં આરામ લ્યો. એમ કહીને ઊઠયા. ભરતે હાથનો ટેકો દીધો.

તે વખતે માતાની દાસીઓને અનેક વસ્ત્રાભૂષણ ભેટ દીધાં, ત્યારે માતાએ વિનોદથી કહ્યું. તમે મને કંઈ પણ ન આપ્યું. ભરતજીએ કહ્યું કે માતા ! હું આપને દેવાવાળો કોણ ? આ બધી સંપત્તિ આપની જ છે.

ત્યાર પછી માતાએ પોતાના મહેલમાં આવીને પારણુ કર્યું તેના હર્ષોપલક્ષ્યમાં સમ્રાટે સેંકડો પેટીઓ ભરીને વસ્ત્રાભૂષણ આદિ મોકલ્યાં. માતાને સાથે સાથે થોડેક દૂર પહોંચાડવા માટે ભરતજી ગયા. એટલામાં દરવાજા ઉપર પાલખી તૈયાર હતી. માતા તેના ઉપર બેસી ગયા. પુત્રે ભક્તિથી નમસ્કાર કર્યા. માતાજી પ્રેમથી આશીર્વાદ દઈને પોતાના મહેલ તરફ ગયાં. અહીંયાં ભરતજી પોતાના મહેલમાં સુખપૂર્વક ભોગયોગમાં મગ્ન છે.

કાલે દિગ્વિજય માટે પ્રસ્થાન કરવાનો સમ્રાટ નિશ્ચય કરશે, પરંતુ આજ તેના મનમાં તેની કલ્પના પણ નથી. વિચાર પણ નથી. તે નિરાકુળતાથી સુખમાં મગ્ન છે. કેમકે મહાપુરુષોની વૃત્તિ અલૌકિક છે.

## પ્રથમ ખંડ સમાપ્ત

## ભગવાન ઋષભદેવ, ભરત-બાહુબલી વગેરે દશ જીવોનાં પૂર્વ ભવનું એક દશ્ય



ભગવાન ઋષભદેવ પૂર્વે આઠમા ભવે જ્યારે વજ્રજંઘ હતા તે ભવનું આ દશ્ય છે; બંને મુનિવરો તે ભવમાં તેમના પુત્રો જ હતા. દશે જીવો કોણકોણ છે તેનો ટૂંક પરિચય નીચે મુજબ છે-

(૧) વજ્રજંઘરાજા .......... તે આગળ જતાં ભગવાન ઋષભદેવ તીર્થંકર થયા.

(૨) શ્રીમતીરાણી ....... તે આગળ જતાં શ્રેયાંસકુમાર થયા.

(૩) બેઠેલા ચાર જીવોમાં પહેલાં મંત્રી છે તે આગળ જતાં ભરતચક્રવર્તી થયા.

(૪) બીજા સેનાપતિ છે તે આગળ જતાં બાહુબલી થયા.

(૫) ત્રીજા પુરોહિત છે તે આગળ જતાં વૃષભસેન-ગણધર થયા.

(૬) ચોથા શેઠ છે તે આગળ જતાં અનંત વિજય-ગણધર થયા.

(૭) ચાર તિર્યંચોમાં જે વાનર છે તે આગળ જતાં ગુણસેન-ગણધર થયા.

(૮) જે સિંહ છે તે આગળ જતાં ઋષભદેવના પુત્ર મહાસેન થયા.

(૯) જે નોળિયું છે તે આગળ જતાં ઋષભદેવના પુત્ર જયસેન થયા.

(૧૦) જે ભૂંડ છે તે આગળ જતાં ઋષભદેવના પુત્ર શ્રીષેણ થયા.

ત્રીજા ભવમાં જ્યારે ભગવાન ઋષભદેવ વજ્રચક્રવર્તી હતા ત્યારે છેલ્લા આઠે જીવો તેમના ભાઈ હતા. છેલ્લા ભવમાં તે આઠે જીવો ઋષભદેવના પુત્રો થયા. ને આ દશે જીવો તે ભવમાં મોક્ષ પામ્યા ............. તેમને નમસ્કાર હો.

# દિગ્વિજય

## દ્વિતિય ખંડ

# ૧. નવરાત્રિ સંધિ

**ક**રોડો સૂર્ય અને ચંદ્રના કિરણો સમાન પ્રકાશમાન ઉજ્જવળ જ્ઞાનના ધારણ કરવાવાળા દેવેન્દ્ર ચક્રવર્તી આદિથી પૂજ્ય એવા ભગવાન આદિનાથ સ્વામી અમારી રક્ષા કરો.

સજ્જનોના અધિપતિ સુજ્ઞાનસૂર્ય, ત્રણે લોકને આશ્રયદાયક અને અષ્ટકર્મરૂપી આઠ દિશાઓને જીતીને (દિગ્વિજય) અખંડ સામ્રાજ્યને પ્રાપ્ત કરવાવાળા ભગવાન સિદ્ધ પરમાત્મા અમને સુબુદ્ધિ આપો.

કૃતયુગના આદિમાં આદિ તીર્થંકરના આદિપુત્ર આદિ (પ્રથમ) ચક્રવર્તી ભરત બહુ આનંદપૂર્વક રાજ્યનું રક્ષણ કરે છે. તેમના રાજ્યમાં કોઈ પણ પ્રજાને દુઃખ નથી, ચિંતા નથી, પ્રજા અત્યંત સુખી છે. રાતદિવસ ચક્રવર્તી ભરતનું ભલું ઈચ્છે છે કે અમારા દયાળુ રાજા ભરત ચિરકાળ રાજ્ય કરે, તેમને પૂર્ણ સુખ મળે. ભરતના મનમાં જરાય પ્રમાદ નથી. ખૂબ વિશાળ રાજ્યભાર પોતાના શિરપર ધારણ કર્યો છે. તે વાતની તેને જરાપણ ચિંતા નથી. કોઈ વાતની અભિલાષા નથી. પ્રજાહિતમાં આળસ નથી. સુત્રામ(દેવેન્દ્ર) જે રીતે ક્ષેમપૂર્વક સ્વર્ગનું પાલન કરે છે, તે રીતે ભરતેશ પ્રેમ અને ક્ષેમપૂર્વક આ પૃથ્વીનું પાલન કરે છે. આ પ્રકારે બહુ આનંદ અને ઉલ્લાસપૂર્વક ભરત રાજ્યનું પાલન કરતા થકા આનંદથી કાળ વ્યતીત કરે છે.

એક વખતની વાત છે કે ભરતજી આનંદપૂર્વક પોતાના મહેલમાં બિરાજે છે, એવામાં અકસ્માત્ બુદ્ધિસાગર મંત્રી તેમની પાસે આવ્યા. તેઓએ નીચે પ્રમાણે ભરતને પ્રાર્થના કરી જેથી ભરતજીનો આનંદ દ્વિગુણિત થયો. સ્વામી ! હવે વર્ષાકાળ પૂરો થઈ ગયો છે. હવે સેનાપ્રયાણને માટે યોગ્ય અવસર છે, તેથી આળસ છોડીને દિગ્વિજયનો વિચાર કરવો યોગ્ય છે. હે અરિતિમિર સૂર્ય ! શસ્ત્રાલયમાં બાળસૂર્યની સમાન ચક્રરત્ન પ્રગટયું છે. હવે આપ પ્રસ્થાનનો વિચાર કરો.

રાજા ! આપ દુષ્ટોને મર્દન કરવામાં સમર્થ છો. શિષ્ટ બ્રાહ્મણ, તપસ્વી અને સદાચારપોષક ધર્મની રક્ષા પણ આપના દ્વારા જ થાય છે. આમ છે તો હવે આ ભૂમિની પ્રદક્ષિણા કરીને સર્વ રાજાઓને વશ કરો. સ્વામી ! આપ જંબુદ્વીપના ભાગમાં સૂર્ય સમાન છો. અનેક દ્વીપોમાં મદોન્મત્ત થઈને રહેવાવાળા રાજસમૂહોને પોતાના ચરણરજ સ્પર્શથી પવિત્ર કરો. રાજા ! ગિરિદુર્ગ, જલદુર્ગ અને વનદુર્ગમાં જે અહંકારી રાજા હોય તેમનું અભિમાન ઉતારી નાખી ભરતષટ્ખંડને તાબે કરો જેથી આપનું ભરતનામ સાર્થક થાય.

જ્યાં જ્યાં ઉત્તમ પદાર્થ છે તે બધા આપને ભેટ કરવા માટે લોક રાહ જોઈ રહ્યા છે. એ બધાની ઈચ્છાની પૂરતી કરતા થકા આપ દેશદેશની શોભા દેખો. દૂર દૂર દેશના જે રાજા છે તેમના ઘરમાં ઉત્તમ કન્યારત્નોની ભેટ સ્વીકારીને લીલાપૂર્વક વિહાર કરવાનો વિચાર કરો. હવે ઢીલ કેમ કરો છો ?

રાજા ! છ ખંડની પ્રજા આપના દર્શન કરવા તલસી રહી છે. તેમને આપનું રૂપ દેખાડીને કૃતાર્થ કરો. જેવી રીતે વસંતઋતુ આવતાં વનની શોભામાં તે વધારો કરે છે તેવી રીતે આપ આપના વિહારથી આ ભૂતલની શોભાને વધારો.

બુદ્ધિસાગર મંત્રીના સમયોચિત નિવેદન પર રાજાને ઘણો હર્ષ થયો. મંત્રીના કર્તવ્યપાલન પ્રતિ પ્રસન્ન થઈને ભરતજીએ બુદ્ધિસાગરને અનેક વસ્ત્ર અને આભૂષણો ભેટ દીધા અને એવી પણ આજ્ઞા આપી કે દિગ્વિજયપ્રયાણની તૈયારી કરો. બધા લોકોને આ વાત જણાવો. બુદ્ધિસાગરે પ્રાર્થના કરી કે સ્વામી ! નવ દિવસ સુધી જિનેન્દ્ર ભગવાનની પૂજા વગેરે ઉત્સવ ઘણા આનંદપૂર્વક કરાવીને દશમને રોજ અહીંયાથી પ્રસ્થાનનો પ્રબંધ કરીશું.

આ પ્રકારે નિવેદન કરીને મંત્રી ત્યાંથી પોતાના કામ માટે ચાલ્યા ગયા.

અયોધ્યા નગરના જિનમંદિરો મંત્રીની આજ્ઞાથી શણગારવામાં આવ્યાં. બજારોમાં પણ જ્યાં ત્યાં ઉત્સવની તૈયારી થવા માંડી. બધી જગાએ હવે દિગ્વિજય પ્રયાણની ચર્ચા ચાલી રહી. મંદિરોની ધજાપતાકા આકાશને પણ સ્પર્શી રહી હતી. ત્યારે તે નગરનું નામ સાકેતપુર સાર્થક બન્યું.

અયોધ્યા નગરના મોટા મોટા રાજમાર્ગ એકદમ સાફ કરવામાં આવ્યાં અને સુગંધિત ગુલાબજળ આદિ તેનાપર છાંટવાથી સર્વત્ર સુગંધ સુગંધ ફેલાણી. તે સુગંધને લીધે ભમરા ગુંજાર કરતા હતા.

અયોધ્યા નગરીમાં અગણિત જિનમંદિર હતા તેમાં કેટલાકમાં હોમ થતો હતો. કેટલાકમાં મહાભિષેક થતો હતો અને ક્યાંક મુનિદાન દેવાતું હતું. આ પ્રકારે તે વખતે પુણ્યનગર બની ગયું હતું. કોઈક મંદિરમાં વજ્રપંજરાધના કરી રહ્યા હતા. ક્યાંક કલિકુંડ યંત્રારાધના થઈ રહી હતી. ક્યાંક ગણધરવલયયજ્ઞ અને મૃત્યંજય યજ્ઞ ચાલી રહ્યો હતો, એટલું જ કેમ ? કેટલાંક મંદિરોમાં બલસિદ્ધિ જયસિદ્ધિ અને સર્વરક્ષા નામના અનેક યજ્ઞ અત્યંત વિધિપૂર્વક થઈ રહ્યા હતા.

જિનપૂજાપૂર્વક નવ દિવસ સુધી બરાબર ચક્રરત્નની પૂજા થઈ, સાથો સાથ સેનાના અન્ય યોદ્ધાઓએ પણ પોતપોતાના શસ્ત્રાસ્ત્રોની અનુરાગથી પૂજા કરી. ગૌમુખ યક્ષ અને ચક્રેશ્વરી યક્ષિણીની પૂજા કરીને ઘોડાને રક્ષક યંત્ર બાંધ્યું. ઘોડાને યક્ષ દેવતાના નામથી કહેવાની પદ્ધતિ છે તે એટલા માટે કે તે વખતે બુદ્ધિસાગરે યક્ષ અને યક્ષિણીની પૂજા કરીને તેનું રક્ષણ કર્યું હતું. આ પ્રકારે હાથી, રથ વગેરેને શણગારીને બહુ ધામધૂમ કરી. ટૂંકમાં મહાનવમીનાં નવ દિવસના ઉત્સવને મંત્રીએ જે પ્રકારે ઊજવ્યો તેનાથી નરલોક આશ્ચર્ય પામ્યો.

નવમા દિવસની વાત છે. તે દિવસે ભરતજી નગરની વચ્ચે આવેલા જિનમંદિરમાં જઈને પૂજા-મહોત્સવ જોઈ આવ્યા હતા. રાત્રિને વખતે દરબારમાં આવીને બિરાજમાન થયા. ભરતજીએ મસ્તકપર રત્નકિરીટ ધારણ કર્યો હતો. તેના પ્રકાશથી રાત્રિ પણ દિવસ સમાન લાગતી હતી. ભરતજી વચ્ચેના સિંહાસન પર બિરાજમાન થતા હતા. પોતપોતાને યોગ્ય સ્થળે મંત્રી, સેનાપિત, સામંત વગેરે બેઠા હતા. સામે અગણિત પ્રજાજન બેઠા હતા. એની વચ્ચે અનેક વિદ્વાન, કવિ, ગાયક વગેરે પણ ઉપસ્થિત હતા. રાજા ભરતને જોવા માટે તો લોક તલસી રહ્યા હતા તેથી ટોળે ટોળાં આવીને ત્યાં જમા થતાં હતાં.

કાકિની રત્નને એક થાંભલાને ટેકે ઊંચું કરી મૂક્યું. જેને લીધે એક ગાઉ સુધી બધો અંધકાર નાશ પામીને પ્રકાશ થઈ ગયો, એટલું જ કેમ ? અયોધ્યા નગરીનો વિસ્તાર બાર ગાઉનો હતો.

અયોધ્યા નગરીમાં બધી જગ્યાએ પ્રકાશ પ્રકાશ થઈ ગયો. એ વિશાળ દરબારમાં કેટલાક ડોંબરલોક, કેટલાંક ગાવાવાળા, કેટલાક ઐંદ્રજાલી, કેટલાક મહેન્દ્રમલી વગેરે અનેક પ્રકારનાં લોકો પોતપોતાની કળા બતાવવાની ઈચ્છાથી ત્યાં એકઠા થયાં હતાં. જેવી રીતે સૂર્યના કિરણો જે તરફ પડે તે તરફ જ કમળ વિકસી જાય છે તેવી રીતે રાજા જ્યાં દેખે ત્યાં વિનોદ, ખેલ અને કળા લોકો બતાવતા હતા. કેટલાક પહેલવાન તો સામસામી કુસ્તી કરતા હતા.

એક વિસ્મયકારે રાજાના ચિત્તનું આકર્ષણ કરતા થકા એક બીજને ત્યાં વાવ્યું, તે ક્ષણેજ તે બીજ ભૂજ (વૃક્ષ) થઈ ગયું. તેમાં કાચાં ફળો આવ્યાં એટલું જ નહિ, પણ તે વખતે જ તે પાકી ગયાં. બધા દરબારીઓને તે જોઈને આશ્ચર્ય થયું. વળી એક મંત્રકાર સામે આવ્યો. આવીને એક ઘાસના ટુકડાને મંત્રીને ત્યાં મૂક્યું. ઘણા સર્પો તે ઘાસમાંથી નીકળીને આમતેમ ભાગવા લાગ્યા. એક ઈન્દ્રજાળી સામે આવીને પ્રાર્થના કરવા લાગ્યો કે, દયાનિધાન ! ઈન્દ્ર અવતારને આપ જુઓ. તે વખતે તેણે પોતાની કળાદ્વારા દેવેન્દ્રના અવતારને બતાવ્યો. એક મહેન્દ્રજાળીએ સમુદ્રનું દૃશ્ય બતાવ્યું. એ રીતે ગંધર્વ લોક પોતાની નૃત્યકળા બતાવી રહ્યા હતા.

તે દિવસે અયોધ્યા નગરીની પ્રત્યેક ગલીમાં જ્યાં દેખો ત્યાં આનંદ આનંદ થઈ રહ્યો હતો. હાથી, ઘોડા અને રથોને શણગારીને રાજમાર્ગોમાં ઘણા ભભકાથી સરઘસ નીકળ્યું. પટ્ટના હાથી પર ભગવાન જિનેન્દ્રની પ્રતિમા બિરાજમાન કરીને વિહારોત્સવ ઉજવાઈ રહ્યો હતો. તે હાથીનું નામ વિજયપર્વત હતું. તેના પર જિનેન્દ્ર ભગવાનની પ્રતિમા અત્યંત શોભાયમાન લાગતી હતી.

રાજાએ દૂરથી જ હાથી પર જિનેન્દ્રબિંબને જોયા. તે જ ક્ષણે ભક્તિથી ઊઠીને ઊભા થયા.

જ્યારે બધા હાથીઓએ ભરતના દર્શન કર્યા ત્યારે કેટલાકે ઝૂકીને અને પોતાની સૂંઢને ઊંચી કરીને ચક્રવર્તીને પ્રણામ કર્યા.

સમ્રાટની રાણીઓએ પણ દરવાજાની અંદરથી જ ત્રિલોકીનાથ ભગવંતના દર્શન કર્યાં અને બહુ ભક્તિથી આરતી ઉતારી.

રથ આગળ ચાલ્યો. ચંદ્રમાર્ગ, સૂર્યમાર્ગ આદિ પર પણ ભગવાનનો રથવિહાર થઈ રહ્યો હતો. આ પ્રકારે એકમથી માંડીને નવમી સુધી અનેક પ્રકારે ધર્મ પ્રભાવના થતી હતી.

પ્રતિદિન ભિન્ન ભિન્ન પ્રકારના શૃંગાર, શોભા, પ્રભાવના અને રથયાત્રા આદિ લોકોને જોવામાં આવતા હતા. કયાંક શાંતિક્રિયા, કયાંક દાન, ક્યાંક ત્યાગ, ક્યાંક વૈયાવૃત્ય આદિ શુભ કાર્યોથી બધા પોતાનો કાળ વ્યતીત કરતા હતા. ક્યાંક રાજાઓનું સન્માન થઈ રહ્યું હતું, ક્યાંક વિદ્વાનોનો આદર થઈ રહ્યો હતો. આ પ્રકારે નવ દિવસ સુધી સમ્રાટે બહુ આનંદપૂર્વક કાળ ગાળ્યો.

નવમે દિવસે દરબાર બરખાસ્ત કરવા માટે હવે થોડો વખત બાકી છે એવામાં એક સુંદર અને દીર્ઘકાય ભદ્ર પુરુષ દરબારમાં પધાર્યા, તેમણે સાષ્ટાંગ પ્રણામ કર્યા. ભરતજીએ પણ તેને યોગ્ય સ્થાનમાં બેસવાની અનુમતિ આપી.

આ અતિથિ કોણ છે ! ભરતજીના લઘુભ્રાતા યુવરાજ બાહુબલિના હિતૈષી મંત્રી પ્રણયચંદ્ર છે. જેવું તેનું નામ છે તેવા જ ગુણ છે. અતિ વિવેકી છે. દૂરદર્શી છે.

ભરતજી થોડીવાર સુધી કેટલીક બીજી વાતો કરીને તેમને પૂછવા લાગ્યા કે પ્રણયચંદ્ર ! મારા ભાઈ બાહુબલિ સુખશાન્તિમાં છે ને ! અને કેવા આનંદથી પોતાનો વખત વ્યતીત કરે છે ? તેની દિનચર્યા શી છે ? અને અમારા દિગ્વિજય પ્રયાણના સમાચાર સાંભળીને શું બોલ્યા ?

ભરતજીનો પ્રશ્ન સાંભળતાં જ પ્રણયચંદ્ર ઊઠીને ઊભા થયા અને બહુ વિનયપૂર્વક હાથ જોડીને કહેવા લાગ્યા કે રાજા ! આપની કૃપાથી આપના સહોદર કુશલ છે. તેમને કોઈ ચિંતા નથી ને કોઈ તકલીફ પણ નથી. સદા તેઓ સુખશાંતિથી પોતાનો વખત પસાર કરે છે, કેમકે તેઓ પણ ભગવાન આદિનાથના પુત્ર છે ને સ્વામી ! ક્યારેક ક્યારેક કાવ્ય, નાટકનું શ્રવણ અને અવલોકન કરીને આનંદ લે છે, ક્યારેક નૃત્ય દેખે છે અને ક્યારેક કામિનીઓનાં દરબારમાં કાળ ગાળીને હર્ષ પામે છે. કોઈ કોઈ વખતે તેઓ શૃંગાર વનમાં ક્રીડા કરવા જાય છે. કોઈ કોઈ વખતે મહેલમાં પોતાની પ્રિય રાણીઓની સાથે બેસીને ઠંડી હવા ખાતા થકા કોકિલપક્ષી, ભ્રમર, તોતા વગેરેના આનંદને જોઈને આનંદ પામે છે. ભોગોને સદા ભોગવે છે પરંતુ તેમાં એકદમ મગ્ન ન થતાં યોગનો પણ અભ્યાસ કરે છે. રાજા ! તેઓ પણ આપના સહોદર છે ને ! આ અમારા રાજાની દિનચર્યા છે. અસ્તુ.

આપના દિગ્વિજય પ્રયાણની વાત તેઓએ સાંભળી છે. તે સાંભળીને તેઓ ખૂબ ખુશ થયા છે. આ સંબંધમાં બોલતા થકા તેઓએ અમને કહ્યું છે કે ''મારા મોટા ભાઈએ જે દિગ્વિજયનો વિચાર કર્યો છે એ સ્તુત્ય છે. તેમની વીરતાનું આ યોગ્ય કાર્ય છે. તેમની સામે થનાર આ પૃથ્વીમાં કોણ છે?'' સાથોસાથ અભિમાનપૂર્વક તેઓએ એ પણ કહ્યું છે કે ''આ પૃથ્વીપર દેવોમાં પિતાજી, રાજાઓમાં ભાઈની બરાબરી કરનાર કોઈ નથી. અમે તો તે બન્નેનું સ્મરણ કરતા જીવીએ છીએ.'' આ પ્રકારે પ્રણયચંદ્ર મન્ત્રીએ કહ્યું અને એ પણ કહેવા લાગ્યા. 'સ્વામી ! આપના ભાઈ આ પ્રસંગ પર જાતે આશીર્વાદ લેવા આવવાના હતા, પરંતુ તેઓ અનિવાર્ય કારણથી આવી નથી શક્યા, કારણ કે તેઓ એક શાસ્ત્ર સાંભળવા દત્તચિત્ત છે. આચાર્ય મહારાજ આત્મપ્રવાદ નામના શાસ્ત્રનું પ્રવચન કરે છે, તે આપના ભાઈ સાંભળે છે. ઘણું કરીને બે ત્રણ દિવસમાં તે ગ્રન્થ પૂરો થઈ જશે.'

'સ્વામી ! વળી એક 'ગૂઢાર્થ' આપને કહેવાનો છે. તેને પણ સાંભળવાની કૃપા કરો.'

'ગૂઢાર્થ' શબ્દ સાંભળતાં જ બુદ્ધિમાન લોકો ત્યાંથી ઊઠીને ચાલ્યા ગયા. ત્યાં એકાન્ત બની ગયું. પ્રજા, પરિવાર, સામંત, માંડલિક, મિત્ર, વિદ્વાન, નૃત્યકાર વગેરે બધાય ક્ષણમાત્રમાં જ્યારે ત્યાંથી ચાલ્યા ગયા ત્યારે પ્રણયચંદ્ર બહુ ધીરે ધીરે કાંઈ કહેવા લાગ્યા. બુદ્ધિસાગર મંત્રી નજીક બેઠા છે સ્વામી ! 'મોટી કોઈ વાત નથી, આપની માતુશ્રી જગન્માતા યશસ્વતી મહાદેવીને પૌદનાપુરમાં લઈ જવાની ઈચ્છા આપના ભાઈને થઈ છે. બહુવાર નથી લાગવાની, કાલે અથવા પરમ દિવસે શાસ્ત્રની સમાપ્તિ થઈ જશે, ત્યારપછી તેઓ જાતે જ અહીં પધારીને માતુશ્રીને પૌદનાપુરમાં લઈ જશે. એ વાતની ખબર આપવા તેઓએ મને અહીં મોકલ્યો છે.'

રાજા ! જ્યાં સુધી આપ દિગ્વિજય કરીને પાછા નહિ આવો ત્યાં સુધી માતા યશસ્વતી દેવીને પોતાના નગરમાં લઈ જવા તેઓએ વિચાર કર્યો છે. માતાથી પુત્ર દૂર રહી શકે ખરા ?

પ્રણયચંદ્રના આ પ્રકારના વચનો સાંભળીને ચક્રવર્તીએ કહ્યું કે પુત્રને ઘેર માતાનું જવું, માતાને પુત્રનું બોલાવી જવું કોઈ નવી વાત છે શું ? આવા પ્રસંગમાં મને પૂછવાની શી જરૂર છે ? હું પણ માતુશ્રીનો પુત્ર છું. તે પણ પુત્ર છે, તેથી તમને માતાજીને લઈ જવાનો અધિકાર છે. હું માતાની આજ્ઞાનો અનુવર્તી છું, માતુશ્રીની આજ્ઞા સદા પાલન કરવાનો હું ધર્મ સમજું છું. પૂજ્ય માતા જ મને હંમેશાં સન્માર્ગનો ઉપદેશ આપે છે, શિક્ષા આપે છે. હું માતાજીને કાંઈપણ નથી કહી શકતો. ભાઈની ઈચ્છા હોય તો તે લઈ જાય, હું એમાં શું કહું ?

એ સાંભળીને પ્રણયચન્દ્રે ફરી કહ્યું કે સ્વામી ! આપે જેવી રીતે વિચાર પ્રગટ કર્યો તેવી રીતે આપના ભાઈએ પણ કહ્યું હતું કે એ કામ માટે પૂછવાની શી જરૂર છે ? પરંતુ તેમને મેં કહ્યું કે એ ઠીક નથી. સૂચના તો જરૂર આપવી જોઈએ. તેથી ખાસ કરીને આપને જણાવવા માટે જ હું આવ્યો છું.

ભરતજી પ્રણયચંદ્રની વાત સાંભળીને મનમાં ને મનમાં કાંઈક હસ્યા ને કહેવા લાગ્યા કે પ્રણયચંદ્ર ! તમે ઘણા બુદ્ધિશાળી છો, તમારા કર્તવ્ય ઉપર હું ખૂબ પ્રસન્ન થયો છું. તમે બાહુબલિની પાસે રહો. એમ કહીને તેને ઉત્તમ વસ્ત્ર, આભૂષણો આપ્યા. પ્રણયચંદ્ર પણ ભરતજીને પ્રણામ કરીને ત્યાંથી ચાલી નીકળ્યા.

પ્રણયચંદ્રના બહાર ગયા પછી રાજા ભરત બાહુબલિની વૃત્તિપર મનમાં ને મનમાં જ કાંઈક હસ્યા. પછી પ્રગટ રૂપે બુદ્ધિસાગરને કહેવા લાગ્યા કે બુદ્ધિસાગર ! જોયું ? મારા ભાઈની ઉદ્દંડતા તમે જોઈ લીધી ને ? મનમાં કોઈ માયાચાર રાખીને તે આવવા નથી ઈચ્છતા, તેથી બહાનું ગોતીને આને મોકલ્યા છે. તે પણ શાસ્ત્ર સાંભળવાનું બહાનું છે. શું એ સારો ઉપાય છે. તેને હું કામદેવ છું એ વાતનું અભિમાન છે. તે એમ સમજે છે કે તેની બરાબરી કરવાવાળા કોઈ નથી. આને હુંડાવસર્પિણીનો પ્રભાવ કહે છે. પ્રણયચંદ્રે મૂળ વાત ગોપવીને રંગ ચડાવીને વાતચીત કરી. હું એ વાત સારી રીતે જાણું છું, કે ભાઈ બાહુબલિ મારા તરફ ભાઈના હિસાબે ભક્તિ (પ્રેમ) નહિ કરે, તેની મરજી. હું શું કરું ?

બાહુબલિ તો યુવરાજ છે તેથી તેને આટલું અભિમાન છે, પરંતુ તેનાથી નાના ભાઈ શું ઓછા છે ! જેવી રીતે સૂર્યને જોતાં નીલકમલ પોતાનું મુખ છુપાવે છે (બીડાઈ જાય છે) તેવી રીતે મારી સાથે તેમનો વ્યવહાર છે. પૂજ્ય પિતાજી ને માતાજી પ્રત્યે મારા ભાઈઓની ઘણી ભક્તિ છે, પરંતુ મને દેખાતાં જ મોઢું બગાડે છે. શું પરબ્રહ્મ શ્રી આદિનાથના પુત્રોનો આવો વ્યવહાર રાખવો યોગ્ય છે ? હું હંમેશાં આ લોકોની સાથે સારો વ્યવહાર રાખું છું. તેમનું ચિત્ત દૂભવવા મેં કદી પણ પ્રયત્ન કર્યો નથી. છતાં એઓ માત્ર મારાથી જુદાપણું રાખે છે. નથી ખબર કે મેં એનું શું બગાડયું છે ? એઓ આ પ્રકારે મનમાં મારા તરફ વિરોધ શા કારણે રાખે છે ? મંત્રી ! શું તમને નથી ખબર ? બોલો તો ખરા.

બુદ્ધિસાગર ! જિનેન્દ્રના સોગન છે. મેં તમોને જ મારા ભાઈઓનો વ્યવહાર કહ્યો છે, બીજા કોઈને આ જ સુધી કહ્યો નથી. ત્યાં સુધી કે પૂજ્ય માતુશ્રી પણ પોતાના પુત્રોની હાલત જોઈને દુઃખી થશે, એવા ભાવથી એમની પ્રશંસા જ કરતો રહ્યો છું. છ ભાઈ દીક્ષા લઈ મુનિ થઈ ગયા. તેઓ મારા ભાઈ હોવા છતાં પણ હાલ ગુરુ બની ગયા. પરંતુ એમને તો જુઓ, તેમને અનુજ કહું કે દનુજ[1] કહું ? સમજાતું નથી.

સ્વામી ! બુદ્ધિસાગર બોલ્યા. આપ જરા ધીરજ રાખો. તેઓ આપનાથી નાના છે. આપની સાથે તેઓએ એવો વ્યવહાર રાખ્યો તો આપનું શું બગડી ગયું છે ? તેઓ મૂર્ખ છે. આપની સાથે પ્રેમપૂર્વક રહેવા માટે ઘણાં પુણ્યની જરૂર છે. ત્રણ લોકમાં જેટલા બુદ્ધિશાળી છે. વિવેકી છે તેઓ બધા આપના ચાતુર્ય જોઈને પ્રસન્ન થાય છે, જો બધાં મનુષ્યોમાં છ જણા તમારી સાથે મોઢું બગાડીને વર્તે તો શું બગડી ગયું ? રાજા ! સૂર્યની ઉન્નતિ જોઈને જગતને હર્ષ થાય છે, જો નીલકમલ કરમાઈ જાય તો તેમાં સૂર્યનો શો દોષ ? તે પણ જવા દો.

મૂળ વાત તો બીજી જ છે. તમારા ભાઈ ઉદ્ધત નથી. હું તેમને બરાબર જાણું છું. તેઓ તમારી પાસે આવતાં ડરે છે. શું તમારી ગંભીરતા કંઈ સાધારણ છે ? રાજા ! આ જુવાનીમાં અગણિત સંપત્તિ પામીને ન્યાયનીતિની મર્યાદા જાળવવા તમે જ સમર્થ બન્યા છો. તમારા ભાઈઓને એ ક્યાંથી આવી શકે ? હજુ સુધી તેઓ તે શીખ્યા નથી. તેથી તેઓ તમારી પાસે આવતાં શરમાય છે. રાજા ! તમારે જેટલા સહોદર છે તેઓ હજી નાના છે તેમની ઉંમર પણ કાંઈ મોટી નથી. એવી અવસ્થામાં તેઓ હજી બચપણને નથી ભૂલ્યા. તેથી જ તેઓ બાહુબલિથી ડરતા નથી. પરંતુ આપથી ડરે છે.

બાહુબલિની સાથે કોઈ પણ પ્રકારે અવિવેક ને ઠઠ્ઠા મશ્કરીથી ખુશ થઈને વર્તાવ રાખે તો તેનાથી બાહુબલિ તો પ્રસન્ન થાય જ. પરંતુ તમે પાગલપણું કદી પ્રસન્ન નહિ કરો, એ વાત તેઓ સારી રીતે જાણે છે. તેથી તમારી આગળ તેઓ નથી આવતા. તેઓ પોતાના જ વર્તાવથી સ્વયં લજ્જિત છે. તેથી તે લજ્જાના માર્યાં તમારા પાસે નથી આવતા. અભિમાનથી તમારી પાસે નથી આવતા એ વાત નથી. કાલે તેઓ આપની મેળે આવીને તમારી સેવા કરશે. આપ ચિંતા શા માટે કરો છો ?

મંત્રીના ચાતુર્યપૂર્ણ વચન સાંભળીને ચક્રવર્તી મનમાં ને મનમાં હસ્યા, એ ઠીક છે, એ ઠીક છે. મંત્રી ! તમે તદ્દન સાચું કહો છો. આ પ્રકારે કહેતાં થકા બાંધવોમાં પ્રેમ જાળવવા કરેલા મંત્રીના તંત્ર તરફ મનમાં જ બહુ પ્રસન્ન થયા.

એવામાં મધ્યરાત્રિનો વખત થઈ ગયો. તે વખતે 'જિન શરણ' શબ્દનું ઉચ્ચારણ કરતા થકા ભરતજી ત્યાંથી ઊઠયા ને મંત્રી અને સેવકોની સાથે શસ્ત્રાલય તરફ ચાલ્યા.

તે વખતે શસ્ત્રાલયની શોભા કોઈક જુદા પ્રકારની હતી. અનેક શસ્ત્રો ત્યાં વ્યવસ્થિત રૂપે રાખવામાં આવ્યા હતા. તેમની બલિ, પુષ્પ, ચંદન ઈત્યાદિની પૂજાઓમાં ત્યાં વીરરસ ટપકી રહ્યો હતો.

---

૧ દુનજ : દાનવ

પંચવર્ણ અનેક ભક્ષ્ય વિશેષોથી અથવા અનેક નૈવેદ્યવિશેષોથી શસ્ત્રપૂજા થતી હતી અને એવી રીતે હોમ પણ થતો હતો. જેમા અનેક આજ્ય અન્ન આદિની આહુતિ પણ દેવામાં આવતી હતી. ધૂપથી ધૂમનિર્ગમન, દીપથી પ્રજ્વલિત જવાલા તથા અનેક વર્ણના પુષ્પ, અનેક ફળ આદિ વિષયોથી અનુપમ શોભા થઈ રહી હતી. ભાલા, ખડ્ગ કટારી, ગદા વગેરે અનેક અસ્ત્ર શસ્ત્રો દેખતાં એકદમ રાક્ષસ કે મારીના (ચંડીના) મંદિરનું ભયંકર સ્મરણ આવતું હતું. ખડ્ગ, ગદા ને ચંદ્રહાસ આદિ દંડ રત્નોને જેવી રીતે ત્યાં રાખવામાં આવ્યા હતા તે રીતથી સર્પમંડળનું જ ક્યારેક ક્યારેક સ્મરણ થતું હતું. રવિહાસ આદિ કેટલાય આયુધો ત્યાં અગ્નિ જ ખેરવતા હતા.

સાનંદક નામનું એક ખડ્ગ (તરવાર) રત્ન તો એ પ્રકારે જણાતું હતું કે ક્યારે ચક્રવર્તી દિગ્વિજય માટે પ્રયાણ કરશે, ક્યારે અમને શત્રુઓનું ભક્ષણ કરવાનો અવસર મળશે. એ પ્રકારે જીભ બહાર કાઢીને રાહ જોઈ રહ્યું છે.

કાલની ટાઢની સમાન અનેક ખડ્ગોની વચ્ચે સૂર્યની સમાન તેજપુંજ ચક્રરત્ન ત્યાં પ્રકાશી રહ્યું છે. ચક્રવર્તીએ ઊભા રહીને તે જોયું.

ચક્રવર્તીને મંત્રીએ પ્રાર્થના કરી કે સ્વામી ! આજ સુધીમાં આ ચક્રરત્નની મહાવૈભવથી પૂજા થઈ ગઈ, કાલે વીરલગ્ન છે, યોગ્ય મુહૂર્ત છે. તેથી દિગ્વિજય કરવા આપણે પ્રસ્થાન કરીએ.

આ વચન સાંભળીને ચક્રવર્તીએ તે ચક્રરત્ન ઉપર એક કમલપુષ્પ મૂક્યું. તે જોઈને મંત્રીએ કહ્યું કે, રાજા ! સૂર્યને કમલ મળી ગયું , એ તમારે માટે એક શુભ શુકન છે.

ચક્રવર્તી તે શસ્ત્રાલયથી પાછા ફર્યા. મંત્રીને જવાનું કહીને તેઓ પોતાના મહેલમાં ગયા.

## ૨. પતનપ્રયાણ સંધિ

**આ**જ દશમી (વિજયાદશમી, દશેરા)નો દિવસ હતો. રાજોત્તમ ભરતજીએ શૃંગારપૂર્વક યોગ્ય મુહૂર્તમાં દિગ્વિજય કરવા પ્રયાણ કર્યું.

સૌથી પહેલાં ભરતજી માતુશ્રીના દર્શન કરવા યશસ્વતીના મહેલ તરફ ચાલ્યા. સ્તુતિપાઠકો ભરતજીની ઉચ્ચ સ્વરથી સ્તુતિ કરી રહ્યા હતા.

દૂરથી આવતા પુત્રને માતા યશસ્વતી હર્ષભરી આંખોથી દેખવા લાગી. જેવી રીતે પૂર્ણચંદ્રને જોઈને સમુદ્ર ઊછળી જાય છે, તેવી રીતે સુપુત્રને જોઈને માતા યશસ્વતી અત્યંત હર્ષ પામી.

ઘણી સ્ત્રીઓની વચ્ચે દેવતાની સમાન સુશોભિત, અકલંક ચારિત્રને ધારણ કરવાવાળી માતાની સેવામાં માણેકને ભેટ મૂકીને ભરતજીએ પ્રણામ કર્યા.

''બેટા ! સમુદ્રાન્ત પૃથ્વીને લીલા માત્રથી જીતવામાં તમે સમર્થ થાઓ ! જિનભક્તિ અને ભોગમાં તમે દેવેન્દ્ર થાઓ'' એ પ્રકારે માતાએ પુત્રને આશીર્વાદ આપ્યો. સાથે સાથે માતાએ એ પણ પૂછયું કે બેટા ! આજ શું તમારું પ્રસ્થાન છે ?'

ભરતજીએ ઉત્તર આપ્યો કે 'માતા ! આલસ્યપરિહાર અથવા વિનોદ માટે જરા રાજ્યવિહાર કરી આવવા વિચાર કરી રહ્યો છું. તુરત જ પાછો ફરીને આપના પુનિત ચરણોના દર્શન કરીશ.'

માતાજી ! બાહુબલિ બે ત્રણ દિવસમાં અહીં આવનાર છે. અને આપને મારા દિગ્વિજય કરીને પાછા ફરતા સુધી પૌદનાપુર તેડી જશે. જુઓ તો ખરા મારા ભાઈની સજ્જનતા ! તે વિવેકી છે. હું અહીંયા ન હોઉં ત્યારે આપ એકલા હો ને આપને કષ્ટ ન થાય એ વિચારથી તે આપને તેડવા આવશે. તે મારા નાના ભાઈ નથી, મોટાભાઈ છે. માતા ! મારી ગેરહાજરીમાં આપ અહીં રહો તે ઠીક ન લાગે, માટે આપ બાહુબલિના મહેલમાં જઈને આનંદથી રહો. હું જ્યારે દિગ્વિજય કરીને પાછો આવું ત્યારે આપ અહીં પધારશો. ઠીક ! હવે ત્યાં રહેજો. હું હવે દિગ્વિજય કરવા જાઉં છું. મને મારા યોગ્ય ઉપદેશ આપો, કે જેથી મને દિગ્વિજ્યમાં સફળતા મળે.

ભરતજીની વાત સાંભળીને યશસ્વતી દેવીને જરા હસવું આવ્યું અને કહેવા લાગી કે 'બેટા ! તમને મારા ઉપદેશની શી જરૂર છે ? શું તમે બીજાના ઉપદેશ અનુસાર ચાલવા યોગ્ય છો ? આખા જગતને તમે ઉપદેશ આપો છો અને તે તમારા ઉપદેશ અનુસાર ચાલે છે. એવી અવસ્થામાં તમને ઉપદેશ વગેરેની શી જરૂર છે ! દિગ્વિજય કરીને આનંદથી પાછા આવો. બેટા ! માતાના ઉપદેશની પુત્રને જરૂર છે, પરંતુ કેવા પુત્રને ? જે પુત્ર દુર્માર્ગગામી છે તેને માતાના ઉપદેશની જરૂર છે. દૂધ રાખીને પાણીને છોડી દેનાર હંસ સમાન જે પુત્રનું આચરણ છે તેને માતાનાં ઉપદેશની શી જરૂર ? તમે જ બોલો. બેટા ! હું સમજી ગઈ છું કે મેં તમોને જન્મ દીધો છે તેથી તમે મને ઉપર્યુક્ત વાત પૂછો, એ તમારી શાલીનતા[૧] છે. બેટા ! શું કહું ? તમારી વૃત્તિથી તમારા પિતા પણ અત્યંત સંતુષ્ટ

---

૧ શાલીનતા : વિનય, નમ્રતા

છે, મારું ચિત્ત પણ અત્યંત પ્રસન્ન થયું છે, તેથી પ્રિય ભરત ! મને ન પૂછો. તમે આનંદથી પૃથ્વીપતિ થાઓ. વહેલા વહેલા આવો. તમારામાં તો અખંડ સામર્થ્ય ભરેલું છે.'

માતાના મધુર વચન સાંભળીને ભરતજી ખૂબ પ્રસન્ન થયા. આનંદના વેગમાં જ પૂછવા લાગ્યા કે શું માતા ! આપને વિશ્વાસ છે કે મારામાં આ પ્રકારની બુદ્ધિ અને સામર્થ્ય ભરેલું છે ?

યશસ્વતીએ તત્ક્ષણ કહ્યું કે હા ! હા ! વિશ્વાસ છે. તમે જાઓ.

''ત્યારે તો કાંઈ વાંધો નહિ'' એમ કહીને ભરતજીએ માતાને ચરણસ્પર્શ કરી અતિશય ભક્તિપૂર્વક પ્રણામ કર્યા. તે વખતે માતાએ પુત્રને મોતીનું તિલક કર્યું. સાથો સાથ પુત્રને આલિંગન દઈને આશીર્વાદ દીધો કે 'બેટા ! મનમાં કોઈ પ્રકારની આકુલતાઓ રાખશો નહિ. તમારા હાથી ઘોડાના પગમાં પણ કોઈ કાંટો નહિ વાગે. છ ખંડ રાજ્યમાં પાલન કરવાવાળા સમસ્ત રાજાઓ તમારા ચરણમાં મસ્તક ધરશે. એમાં કોઈ શંકાની વાત નથી. જાઓ ! જલદી દિગ્વિજય કરીને આવો'. એ પ્રકારે અતિ પ્રેમપૂર્વક પુત્રને વિદાય આપી.

માતાની આજ્ઞા પામી ભરતજી ત્યાંથી નીકળ્યા, એવામાં માતુશ્રી યશસ્વતીના દર્શન કરવા ભરતની રાણીઓ આવી. અનેક પ્રકારનો શણગાર રચીને રાણીઓએ ટોળાબંધ આવીને પોતાના પતિની જનેતાના ચરણમાં નમસ્કાર કર્યાં. યશસ્વતી દેવીએ પણ આશીર્વાદ દીધો કે દેવીઓ ! તમને સ્વપ્નમાં પણ દુઃખ ન પડતાં અમારા પુત્રની સાથે સાનંદ પાછા આવો. દિગ્વિજય પ્રયાણમાં તમને કોઈ પણ પ્રકારનું દુઃખ નહિ થાય. તમો પ્રસન્ન ચિત્તથી જાઓ.

ત્યારે તે સ્ત્રીઓએ પૂજ્ય સાસુને પ્રશ્ન કર્યો કે માતા ! અમને આ સમયે યોગ્ય સદુપદેશ આપો. આ વાત સાંભળીને યશસ્વતી દેવી કહેવા લાગી કે વિવેકી ભરતજીની સ્ત્રીઓને હું શું ઉપદેશ આપી શકું ? તમારા પતિનું ચાતુર્ય લોકમાં સર્વત્ર વિશ્રુત છે. અમને પૂછવાની શી જરૂર છે ? પોતાના પતિની આજ્ઞાનુસાર વર્તવું એ કુલીન સ્ત્રીઓનો ધર્મ છે. તમે અવિવેકી નથી અને તમારામાં એક બીજાની ઈર્ષા નથી. આવી સ્થિતિમાં તમોને હવે ઉપદેશ દેવા યોગ્ય શું રહ્યું છે એ સમજવામાં નથી આવતું. તેથી તમારી બાબતમાં મને કોઈ ચિંતા છે નહિ. આનંદથી તમે જાઓ ને દિગ્વિજય કરીને પતિની સાથે પાછા આવો.

તે વખતે બધી શીલવતી સ્ત્રીઓએ સાસુને પ્રાર્થના કરી કે આજે અમે બધા પતિની સાથે દિગ્વિજય વિહારમાં જઈએ છીએ. તેથી અમને દરરોજ આપના દર્શન નહિ થાય, માટે જ્યાં સુધી ફરી અમને આપના પૂજ્યપાદોનું દર્શન ન થાય ત્યાંસુધી કોઈને કોઈ વ્રત લેવાની આજ્ઞા આપો. તે પ્રમાણે બધી સતીઓએ જુદા જુદા પ્રકારનાં વ્રત લીધાં. કોઈએ ભોજનના રસનો નિયમ લીધો. કોઈએ પુષ્પોમાં અમુક પુષ્પ મને ન ખપે એ પ્રકારનું વ્રત લીધું. કોઈએ પાનનો ત્યાગ કર્યો. કોઈએ વસ્ત્રોનો નિયમ લીધો. એક સ્ત્રીએ મલ્લિકા પુષ્પનો ત્યાગ કર્યો. એક સ્ત્રીએ જાઈ પુષ્પનો ત્યાગ કર્યો. એક સ્ત્રીએ દૂધ છોડયું તો એકે કેળાં છોડયાં. એકે ફેણીનો ત્યાગ કર્યો. બીજીએ ગોરોચન અને ત્રીજીએ કસ્તુરીનો ત્યાગ કર્યો. એક સ્ત્રીએ રેશમી વસ્ત્રનો ત્યાગ કર્યો. એકે મોતીના આભૂષણો

ત્યાગ્યાં. આ પ્રકારે અનેક સ્ત્રીઓએ જુદા જુદા પ્રકારના અનેક નિયમો લીધાં. આ બધાં નિયમ વ્રત છે. યમ નહિ, કેમકે સાસુના પુનર્દર્શન થાય ત્યાં સુધી કાલની મર્યાદા (કાલનિયમ) છે. સ્ત્રીઓની ભક્તિ જોઈને માતા યશસ્વતીને ઘણો હર્ષ થયો. અને કહેવા લાગી કે સ્ત્રીઓ ! તમે પરદેશ જાઓ છો. તેથી પ્રયાણ વખતે વ્રતોની શી જરૂર છે ? તમો એમને એમ જાઓ. 'માતા ! ભરત રાજ્ય (ષટ્ખંડી) અમારું જ રાજ્ય છે તે અમારે માટે પરદેશ નથી. તેથી અમે સ્વદેશમાં જ જઈએ છીએ, તેથી આ વ્રતોની અમને જરૂર છે.' એમ આગ્રહપૂર્વક કહીને બધી સ્ત્રીઓએ સાસુના ચરણમાં ભક્તિપૂર્વક નમન કર્યાં. સાસુએ પણ 'તથાસ્તુ' કહીને આશીર્વાદ આપ્યો.

સાસુની આજ્ઞા મેળવીને તે બધી સ્ત્રીઓ બહુ આનંદથી અને ઉલ્લાસપૂર્વક ત્યાંથી ચાલી નીકળી. તેમનો પરસ્પર પ્રેમ, લોકમાં ઈર્ષ્યા અને મત્સરથી જીવનારી એક પતિની અનેક સ્ત્રીઓનાં દુઃખમય જીવનનો, તિરસ્કાર કરતો હતો, હંમેશાં અંદરો અંદર ઝઘડા કરીને એક બીજાને ગાળ અને શ્રાપ આપીને સપત્નીના મત્સર પૂર્વક જીવનારી સ્ત્રીઓથી નારકીઓનું જીવન બલ્કે વિશેષ સુખમય છે, એ વાત સ્વકૃતિથી વ્યક્ત કરતી થકી તેઓ ખૂબ આનંદપૂર્વક જતી હતી. સોનાની પાલખીઓ તૈયાર હતી તેની અંદર બેસીને રાણીઓએ પ્રસ્થાન કર્યું. તેમની દાસીઓએ ચાંદીની પાલખીમાં બેસીને તેમની પાછળ પાછળ પ્રયાણ કર્યું. સુંદર સ્ત્રીઓની પાલખીઓની વચ્ચે એક સોનાનો રથ જઈ રહ્યો હતો જેમાં એક અર્કકીર્તિકુમારનું સુંદર પારણું શોભી રહ્યું હતું.

રાજા ભરત અનુકૂલ, નાગરાંક, દક્ષિણાંક આદિ મંત્રી અને મિત્રોની સાથે સોનાની ચાખડી પહેરીને જિનમંદિર તરફ ચાલ્યા. રસ્તામાં જ્યોતિષી, સ્તુતિપાઠક, ગાયક આદિ અને પ્રકારના લોક ભરતના દિગ્વિજયના પ્રસ્થાન સમયે શુભેચ્છા દર્શાવતા હતા. જ્યોતિષી લોક પંચાંગ શુદ્ધિને જોઈને યોગ્ય મુહૂર્ત ને લગ્નનું નિવેદન કરી રહ્યા હતાં. શાસ્ત્રપાઠક શ્રી ભરતજીને યશ અને જયની સિદ્ધિ થાઓ. એ પ્રમાણે ઉચ્ચ સ્વરથી ઘોષણા કરતા હતા. ગાયન કરવાવાળા, શ્રીરાગ, મધુમાધવી રાગ આદિ અનેક રાગોમાં આત્મવિવેચન કરનારા પદોને ગાઈ રહ્યા હતા. એનાથી અતિરિક્ત અનેક પ્રકારના વાદ્યોના મધુર શબ્દ અને શંખોના ભોં ભોંકાર થઈ રહ્યા હતા. તે બધું સાંભળતા ભરતજી જઈ રહ્યા હતા.

ભરતજી માતાના મહેલમાંથી જ્યારે બહાર નીકળ્યા ત્યારે બે કાગડા જોવામાં આવ્યા. તેવી રીતે ડાબી બાજુએ માદાઓ રુદન કરવા લાગી. આકાશપ્રદેશમાં સામે એક ગરુડપક્ષી પૂરજોરથી નાસી રહ્યું હતું. અનુકૂળ નાયકે અનુકૂળ સમય જોઈને ભરતજીને તે ઈશારાથી બતાવ્યું. આગળ જતાં એક પાળેલું પ્રાણી ભરતજીને જોઈને અતિ ભયભીત થઈને જોઈ રહ્યું હતું. તે જોઈને નાગરાંકે કહ્યું કે સ્વામી ! શત્રુવીર પણ આપનાથી આ પ્રકારે ભય પામશે, એની આ નિશાની છે. સામેથી એક સાંઢ ધૂળ ઊડાડતો આવતો હતો. મોઢેથી અવાજ પણ કરતો હતો. દક્ષિણાંકે તેને વીર સૂચન તરીકે બતાવ્યો.

આ રીતે મિત્રગણ અનેક પ્રકારના શુભ શુકન બતાવતા જતા હતા. ભરતજી પણ મનમાં ને મનમાં હસતા થકા અને ખૂબ ઉત્સાહપૂર્વક પરમાત્માનું સ્મરણ કરતા થકા નગરની મધ્યે આવેલ

જિનમંદિરમાં પહોંચ્યા. બહારના પરકોટની બહાર જ તેઓએ ચાખડી ઊતારી નાખી. ત્યારપછી બિલકુલ પ્રમાદ કર્યા સિવાય સુવર્ણના પાંચ પરકોટ ઓળંગ્યા. સૌથી પહેલાં તેઓ ભદ્રમંડપમાં ગયા. ભગવાન આદિનાથસ્વામીની પ્રતિકૃતિના (પ્રતિમાજીના) ત્યાં દર્શન થયાં. ભરતજીએ તે ભદ્રમંડપમાં યોગ્ય દ્રવ્યોની ભેટ ચડાવીને ઘણા ભદ્રભાવથી ભગવાનના ચરણોમાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ત્યાર બાદ ચિદ્રૂપ ભાવના ધારણ કરવાવાળા યોગીઓને 'નમોસ્તુ' કર્યા. નિરંજન સિદ્ધ ભગવાનને ધારણ કરવાવાળા યોગીઓએ પણ આશીર્વાદ આપ્યો કે सिद्धदिग्विजयकार्योभव, हे भूप ! समृद्धसुखीभव' '

બુદ્ધિસાગરે પ્રાર્થના કરી કે સ્વામી ! હોમકર્મ બહુ બુદ્ધિપૂર્વક પુરું કરવામાં આવ્યું, મુનિઓને આહારદાન નવધાભક્તિપૂર્વક દેવામાં આવ્યું. મહાસ્વામી શ્રી આદિનાથ ભગવંતની પૂજા બહુ વૈભવપૂર્વક કરવામાં આવી છે. એકમથી માંડીને દશમી સુધી અદ્વિતીય ઉત્સાહપૂર્વક આપે જે પૂજા કરી છે ને કરાવી છે તે હવે આ લોકમાં આપની પૂજા કરાવશે એમાં કોઈ સંદેહ નથી. સ્વામી ! ધર્મપૂર્વક રાજ્યપાલન કરવાની પદ્ધતિ, ધર્માંગ ભોગ ક્રમ ઇત્યાદિ વાતનો મર્મ તમારા સિવાય બીજો કોણ જાણી શકે ? હવે આપ અહીં મુગટ ધારણ કરો.

મંત્રીની પ્રાર્થના સ્વીકારીને ભરતજીએ પોતાના મસ્તક ઉપર રત્નમય કિરીટ (મુગટ)ને ધારણ કર્યો. ત્યાર પછી કિરીટભરતે ''भूयात् पुनर्दर्शनम्'' એ પાઠ ઉચ્ચારતા થકા જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કર્યા.

પછી મુનિઓના ચરણમાં મસ્તક મૂકીને ત્યાંથી જય ઘોષણાપૂર્વક પાછા ફર્યા.

રસ્તામાં જતી વખતે ઘણા કુલવૃદ્ધજન ભરતજીને આશીર્વાદ આપી રહ્યા હતા. વિદ્વાન જનો મંગલાષ્ટક ઉચ્ચારતા થકા ભરતજી ઉપર અક્ષતક્ષેપણ કરી રહ્યા હતા. ઘણા લોકો વચ્ચે વચ્ચે આવીને ફળ, પુષ્પ આદિની ભેટ રાખીને નમસ્કાર કરતા હતા. રાજા ! આપનું ભલું થાઓ ! આપનો જય થાઓ ! ઈત્યાદિ શુભ ભાવના દર્શાવતા હતા. જે વખતે ભરતજી અત્યંત આનંદપૂર્વક જિનમંદિરથી બહાર નીકળ્યા તે વખતે અકસ્માત્ તેમના જમણા હાથ, સાથળ અને આંખો ફરકવા માંડયા કે જે થોડા જ કાળમાં અદ્વિતીય સંપત્તિ પ્રાપ્ત થવાની સૂચના હતી.

બહુ વૈભવપૂર્વક તેઓ પાંચ પરકોટથી બહાર આવ્યા. ત્યાં રાજ્યનો મુખ્ય હાથી તૈયાર હતો. પર્વત જેવા તે સુંદર હાથી ઉપર 'જિન શરણ' શબ્દનું ઉચ્ચારણ કરતા થકા ભરતજી આરૂઢ થયા તે વખતે મોતીના છત્રો ઊંચે ઉઠાવ્યા ને ચારે તરફથી ચામર ઢાળવા લાગ્યા. એટલું જ નહિ, ચારે તરફથી ધ્વજા પતાકાઓ ઊડવા લાગી, અને કરોડો પ્રકારના વાજાં વાગવા લાગ્યાં.

સામેથી સ્તુતિપાઠકો જતા હતા. તેઓ અનેક પ્રકારે રાજાની સ્તુતિ કરતા થકા શુભ ભાવના ભાવતા હતા. સ્વામી ! આપ અનેક વેરી રાજાઓનાં પતિ છો. આપની જય થાઓ !

ઈત્યાદિ સ્તુતિઓ સાંભળતા થકા ભરતજી નગરના વિશાલ માર્ગમાં જતા હતા, તે વખતે દૂરથી ભરતજીનો મુગટ સૂર્ય જેવો ભાસતો હતો. શરીર સોનાના પૂતળા જેવું લાગતું હતું. ગજરત્ન તો પર્વત જેવો જણાતો હતો. ભરતજીની ઉપર જે પ્રકાશમાન મોતીનું છત્ર રાખવામાં આવ્યું હતું,

તેના પ્રકાશથી એવું જણાતું હતું કે જાણે અનેક નક્ષત્રોની વચ્ચે ચંદ્રદેવ આવી રહ્યા હોય ! બત્રીશ ચામર જે આમતેમ ઝૂલી રહ્યા હતા તેને જોતાં એવું જણાતું હતું કે જાણે રાજા ભરતજી ક્ષીર સમુદ્રમાં હાથી ચલાવતાં ચલાવતાં આવી રહ્યાં છે.

હાથીની આગળ બે સુંદર ઉજ્જવલ ધ્વજ રાખવામાં આવ્યા હતા. જેનાં નામ ક્રમથી ચંદ્રધ્વજ અને સૂર્યધ્વજ છે. એની શોભા જોતાં એમ જણાતું હતું કે ચંદ્ર અને સૂર્ય જ આવીને ભરતજીને લઈ જાય છે. આ પ્રકારે અનેક વૈભવપૂર્વક તેઓ દિગ્વિજય પ્રયાણ માટે જઈ રહ્યા છે.

પુરુષોત્તમ ભરત આજ અયોધ્યા છોડીને દિગ્વિજય કરવા જઈ રહ્યા છે, તે વાતની બધાને ખબર પડી ગઈ હતી, બધા લોકો તેમની વિહાર શોભા જોવા આવી રહ્યાં છે. દોડાદોડ કરી રહ્યા છે ને પોતાના મહેલ ઉપર ચડીને જોઈ રહ્યાં છે. સ્ત્રીઓને માટે તો શું કહેવું ? તેઓ તો ઊભરાઈ ઊભરાઈને ભરતજીને જોવા માટે ઉત્સુક ઉત્સુક થઈ રહી છે. કોઈપણ પુરુષના મનમાં પણ, અમારી સ્ત્રીઓ ભરતજીને ન જુએ એ પ્રકારનો વિચાર આવતો નથી, કેમકે ભરતજી પરદારા સહોદર છે. ભાઈને બહેન દેખે તેમાં શો વાંધો ? કોઈ કોઈ સ્થળે પુરુષ પોતાની સ્ત્રીઓ સાથે ઊભા ઊભા જુએ છે. કોઈ કોઈ સ્ત્રીઓ એકલી એકલી જુએ છે. તો અનેક વેશ્યાઓ ષટ્ખંડાધિપતિની શોભા જોઈ રહી છે. કેટલીએક સ્ત્રીઓ જેમ તેમ દોડતી આવે છે. ને ભરતજીને જોવાને માટે ઉત્સુક બની રહી છે. ચૂલા ઉપર ગરમ થવા રહેલા દુધને ઊતારવાની પણ સ્મૃતિ રહી નથી. સામે બચ્ચું રુદન કરી રહ્યું છે તેની પણ દરકાર કરતી નથી. બધું એમને એમ છોડીને જઈ રહી છે. જે સ્ત્રીઓ અનેક પ્રકારના વિનોદ કરી રહી હતી તેને અધવચ્ચે જ પડતી મૂકીને, તેમજ સંગીત પણ અધૂરું જ મૂકી દઈને ભરતજીને જોવા માટે ઉતાવળી ઉતાવળી જઈ રહી છે. એક સ્ત્રી પોપટને શિષ્ટાચાર શીખવી રહી હતી તે ભરતેશને જોવાની ઉત્સુકતામાં પોપટને પાંજરામાં મૂકવાનું ભૂલી જઈ જે તે સ્થિતિમાં સાથે લઈ જવા લાગી, અને પ્રયાણની શોભા જોવા લાગી. કેટલીક સ્ત્રીઓ હાથમાં દર્પણ લઈ લલાટમાં સૌભાગ્ય ચિહ્ન કરી રહી છે તેવામાં વાદ્યાદિ ધ્વનિ સાંભળીને અધૂરા સૌભાગ્ય ચિહ્ને દર્પણ હાથમાંને હાથમાં લઈને આવી અને ભરતેશ અને તેની સવારીને નીરખવામાં લીન બની ગઈ, વળી એક સ્ત્રીની વેણી અને સાડી શિથિલ-વિથિલ થઈ ગઈ હતી, તો પણ વેણીને જમણા હાથથી અને સાડીને ડાબા હાથથી પકડી રાખીને બહાર દોડી આવી હતી.

એક વેશ્યા વિટની સાથે ક્રીડા કરવાની સંમતિ આપીને અંદર જતી હતી. એટલામાં વાજાંના શબ્દો સાંભળીને તે તે વિટને અધવચ્ચે જ મૂકીને બહાર નીકળી ગઈ. ઘણા દિવસની ઈચ્છાવાળા વિટ પુરુષને ઘરપર આવતા ખૂબ હર્ષિત થવાવાળી વેશ્યાઓ પણ પ્રયાણનોધ્વનિ સાંભળતાં જ વિટપ્રતિ નિઃસ્પૃહ થઈને દોડી નીકળી. વિશેષ શું ? પાન ખાવા જે બેઠી હતી તે પાન ખાવાનું ભૂલી ગઈ. જેનો પાલવ ખસી ગયો હતો તે પણ સરખો કરવાનું ભૂલી ગઈ. એકદમ પરવશ બનીને વેશ્યાઓ ભરતજીને જોવા લાગી.

ભરતજીના સૌંદર્યનું શું વર્ણન કરીએ ? જે જે સ્ત્રીઓએ ત્યાં તેમને જોયા તે બધી સ્ત્રીઓ પોતાને ભૂલી ગઈ હતી, અને બરાબર સ્થિર ચિત્ત-સ્તબ્ધ પુતળીની જેમ ઊભી રહી હતી.

અધિક શું ? જેના વાળ તદ્દન સફેદ થઈ ગયા હતા એવી વૃદ્ધ સ્ત્રીઓ પણ ભરતજીને જોઈને વિહ્વળ બની ગઈ અને અર્ધું મુખ ખોલીને આશ્ચર્ય ચકિત બનીને જોવા સાથે ચિત્તભ્રમ જેવી સ્થિતિમાં દીવાલને ઓથે સ્થંભી ગઈ તો પછી તરુણીઓના હૃદયમાં ક્યા પ્રકારની વિહ્વળતા ઉદ્‌ભવી રહી હશે. એ વાચક વર્ગ શું નક્કી નહિ કરી શકે ?

અરે ! સ્ત્રીઓ ભરતજીને જોઈને મંત્રમુગ્ધ બની ગઈ ભરતજી ઉપર મોહાન્ધ થઈ ગઈ એ તો સહજ છે. એમાં શું આશ્ચર્ય છે ? પણ ત્યાંના નગરવાસી પુરુષો પણ ભરતજીના સૌંદર્યથી અતિ આકર્ષાયા અને મોહવશ બની ગયા. સ્વાભાવિક વાત છે કે સ્ત્રીઓનો તો એ સહજ સ્વભાવ છે.

સ્ત્રીઓ ભરતજીને બહુ જ પ્રેમથી જોઈ રહી હતી, પરંતુ ભરતજીની દૃષ્ટિ ગજરત્નના ગંડસ્થલ ઉપર જ રહેલી છે. તેઓ આસપાસ જોતાં નથી. આવી ગંભીરતા ભરતજી ક્યા શીખ્યા હશે. જે મહાપુરુષે ત્રણ લોકમાં સારભૂત શ્રી ચિદંબરપુરુષ પરમાત્માના અતુલ વૈભવના દર્શન કર્યા છે તેમનું ચિત્ત જ્યાં ત્યાંના ક્ષુદ્ર વિષયોથી ક્ષુબ્ધ થઈ શકે ખરું કે ? કદી નહિ. તેથી ભરતજી પણ મદગજની ઉપર ગંભીરતાપૂર્વક આરૂઢ બની આગળ ધપી રહ્યા છે.

કરોડો પાત્રોના શૃંગાર બનીને આગળ તેઓ નૃત્ય કરતા થકા જઈ રહ્યા છે. અને સ્તુતિપાઠકો અનેક સુંદર શબ્દોથી સ્તુતિ કરતા થકા જઈ રહ્યા છે.

હે આદિજિનપુત્ર ! કામદેવાગ્રજ ! ભરતષટ્‌ખંડાધિનાથ ! ગુરુહંસનાથ ભાવક આપનો જય હો, જય હો ! સમસ્ત ભૂપતિઓના પતિ ! અહંકારી અને વિરોધી રાજાઓ રૂપી અટવીને માટે દાવાનલ ! પ્રતિસ્પર્ધા કરવા વાળા રાજગિરિને માટે વજ્રદંડ રૂપે રહેવા વાળા હે રાજા ! આપનો જય હો, જય હો !!

રાજા ! લોકમાં ઘણા રાજા એવા છે કે જે પોતાનું કર્તવ્ય નથી જાણતા. તેમની વૃત્તિ તેમને છાજતી નથી. આત્મકલા તથા વિવેક તેમનામાં નથી હોતા. તેમ છતાં બાહ્ય રચનાઓથી પોતાની પ્રશંસા કરાવે છે. એવા રાજાઓની ઉપર પણ પોતાનું આધિપત્ય જમાવ્યું છે.

સંપત્તિ, શીલ, તેજ, આજ્ઞા, પ્રભુત્વ, વીરતા આદિ ગુણોમાં, એટલું જ નહિ, પણ ત્યાગ અને ભોગમાં આપ આ નરલોકમાં સુરપતિ સમાન છો. આપની જય હો ! ઈત્યાદિ અનેક પ્રકારે ભરતજીની સ્તુતિ થઈ રહી છે.

સામે ઘણા ખેલાડી જુદાજુદા પ્રકારના ખેલ બતાવી રહ્યા છે. કેટલાક તો પુષ્પાંજલિ ક્ષેપણ કરી રહ્યા છે. વારંવાર લોક સામે આવીને ભરતજીની આરતી ઉતારીને શુભેચ્છા દર્શાવી રહ્યા છે. અનેક પ્રકારના સુગંધિત પુષ્પોનું હાથી ઉપર ક્ષેપણ કરીને જય ઘોષણા કરી રહ્યા છે. એક તરફ વીરાવલિ છે, બીજી તરફ દારાવલિ છે, એક તરફ વીર ગુણાવલિ છે, બીજી તરફ શૃંગારાવલિ છે. આ બધાની શોભાથી બધાને અપૂર્વ આનંદ આવી રહ્યો છે.

સ્તુતિપાઠકોને, નૃત્યકરનારને અને ખેલાડીઓને અનેક પ્રકારના ઈનામ અપાવતા થકા ભરતજી એવા પ્રકારની ભાવના ભાવી રહ્યા હોઈને જઈ રહ્યા છે. જાણે કે મંદરાદ્રિની ઉપર સૂર્ય આવી રહ્યો હોય !

દિગ્વિજયમાં શુભ કામના દર્શાવવા માટે અને ભરતજીનું સ્વાગત કરવા માટે નગરમાં જ્યાં ત્યાં તોરણ બાંધવામાં આવ્યાં હતાં. કોઈ સ્થળે વસ્ત્રનું તોરણ, કોઈ સ્થળે પુષ્પનું તોરણ તો કોઈ સ્થળે પાંદડાંનું તોરણ. આ બધા તોરણને ઓળંગીને જ્યારે સમ્રાટ આગળ વધતા હતા ત્યારે એમ જણાતું હતું કે જાણે સૂર્ય રંગયુક્ત આકાશમાં આગળ વધી રહ્યો હોય !

આગળ જાય છે તેમ તેમ કોઈ સ્થળે કાંસાનાં તોરણ આવે છે તો કોઈ સ્થળે સોનાનાં તોરણ આવે છે. એટલું જ નહિ પણ કોઈ સ્થળે રત્નસંચયના તોરણો આવે છે. આ બધાં તોરણો વટી જતા થકા ભરતજી એવા લાગતા હતા કે કેમ જાણે ચંદ્રમા અનેક નક્ષત્રોને અને વીજળીને ઓળંગીને જઈ રહ્યો હોય ! તે તોરણોની રચનામાં વિશેષતા એ હતી કે કોઈ તોરણોમાં પુષ્પો સંગ્રહી રાખવામાં આવ્યા હતાં, અને જ્યારે ભરતજી તે નીચે થઈ પસાર થતા હતા ત્યારે બન્ને બાજુના બે લાંબા દોરા ખેંચવાથી ભરતજીના ઉપર પુષ્પવૃષ્ટિ થતી હતી. ત્યારે બધા લોકો જય જયકાર શબ્દથી જય ઘોષ કરતા હતા.

આ રીતે પતનપ્રયાણની શોભા અપૂર્વ હતી. જેવી રીતે શૃંગાર વનમાં મન્મથરાજ અતિવૈભવપૂર્વક પ્રવેશ કરે છે તેવી રીતે ભરત પણ અયોધ્યાનગરના રાજમાર્ગમાં બહુ વૈભવપૂર્વક જઈ રહ્યા હતા. આ રીતે યોગ્ય સમયમાં ભરતજી અયોધ્યાની પરકોટની બહાર આવી પહોંચ્યા.

નગરની બહાર ઘણા વિશાળ મેદાનમાં ઘણી મોટી સેના પ્રસ્થાન માટે તૈયાર થઈને ઊભી હતી. સેનાપતિ રત્ન સમ્રાટની આજ્ઞાની રાહ જોઈ રહ્યા હતા. ભરતજી પણ બહુ પ્રસન્નતાપૂર્વક ગજરત્ન પર આરૂઢ થઈને તે બાજુ જઈ રહ્યા હતા. સેના જોઈને તેને અતિ હર્ષ થયો.

પાઠકોને આશ્ચર્ય થતું હશે કે આદિ સમ્રાટ ભરતજીને આ પ્રકારનો વૈભવ કેવી રીતે પ્રાપ્ત થયો હશે ? તેઓએ પૂર્વે એવાં ક્યાં શુભ કાર્યો કર્યાં હશે કે જેથી તેઓશ્રીને આ ભવમાં આ પ્રકારનો વૈભવ પ્રાપ્ત થયો ? એનો એ જ એક ઉત્તર એ છે કે તેઓએ અનેક ભવોમાં આવાં પુણ્યનો સંચય કર્યો હશે. તેઓને અનેક ભવોમાં આવાં પ્રકારની ભાવના હતી કે,

''હે પરમાત્મા ! તમે સુખનિધિ છો. લોકમાં જે જે પદાર્થો શ્રેષ્ઠ કહેવાય છે તેનાથી પણ તમે શ્રેષ્ઠ છો. જે અતિશય નિર્મળ છે, જે મધુર છે તેનાથી પણ તમે અનંત ગણા અધિક મધુર છો. તેથી મધુર અમૃતનું સિંચન કરતા થકા મારા હૃદયમાં ચિરકાલ વાસ કરો.''

''પરમાત્મા ! ભવ્ય કમલ વિકસાવવા માટે તમે સૂર્ય સમાન છો. શાંત છો. જે લોકમાં સત્યપ્રિય છે તેમને અત્યંત ભોગ અને અધિક સૌભાગ્ય પ્રાપ્ત કરાવવામાં તમે પ્રધાન સહાયક છો. તેથી જ આપ સ્તુત્ય છો. તમે મારા હૃદયમાં નિરંતર વસ્યા રહો.''

આ ભાવનાનું આ મધુર ફળ છે.

## ૩. દશમી પ્રસ્થાન સંધિ

**શ્રી** ભરતજી ગજારૂઢ થઈને બહુ વૈભવપૂર્વક આગળ વધી રહ્યા હતા. અયોધ્યા નગરીની બહાર જ થોડેક દૂર એક વિજયવૃક્ષપર ચક્રરત્નનો પ્રકાશ દેખાવા લાગ્યો.

સિંહલગ્નમાં જ્યારે મહેલમાંથી સિંહાસનાધીશે પ્રસ્થાન કર્યું ત્યારે સેનાપતિએ આજ્ઞા આપી કે ચક્રરત્ન આગળ ચલાવો. તેમના સંકેતથી જ તેને સુશોભિત કરવામાં આવ્યું હતું.

અનેક પ્રકારની ઝાલર, વસ્ત્રો ને આભૂષણોથી તે વિજયવૃક્ષને શોભાવ્યું હતું. વિજયવૃક્ષને કનડી ભાષામાં 'બન્ની' કહે છે. 'બન્ની' શબ્દનો બીજો અર્થ 'આવો' એવો થાય છે. તે વખતે તે વૃક્ષના સુંદર પર્ણો હવાથી હાલતા હતા તેથી એમ લાગતું હતું કે જાણે તે બન્ની વૃક્ષ તે લોકોને પોતાની પાસે બન્ની (આવો) એમ કહી રહ્યું હોય. તે વિજયવૃક્ષની ચારે બાજુ અનેક ચામર વગેરેની શોભા કરવામાં આવી હતી. અને વાજિંત્રોના સુંદર અવાજ સંભળાતા હતા.

રાજા ભરત પણ તે ઝાડ નજીક ગયા. એકવાર તેઓએ હાથીને રોકીને અંકુશ પર હાથ રાખીને વીરદૃષ્ટિથી ચારે બાજુ જોયું. જ્યાં જ્યાં જુએ છે ત્યાં ત્યાં હાથી, ઘોડા, રથ, અગણિત સેનાઓ જોવામાં આવે છે. પોત પોતાની વિશાળ સેનાઓ લઈને છપ્પન દેશના રાજાઓ ઉપસ્થિત છે.

ભરતજીના સેનાપતિ 'જયરાજ' છે. તેને અયોધ્યાંક પણ કહે છે. તેમણે સમસ્ત સેનાની વ્યવસ્થા કરી છે. તે જયવંત છે. અતિવીર છે. વિવેકી છે. અને અસલ ક્ષત્રિય છે. તેઓ સમ્રાટની પાસે જ છે.

બપોરના ત્રીજા પ્રહરમાં રાજદરબાર ભરાણો. સેનાપતિ જયરાજના ઈશારાથી ત્યાં ઉપસ્થિત બધા રાજાએ આવીને સમ્રાટ ભરતના દર્શન કર્યા.

અનેક શૃંગારથી યુક્ત ઘોડા ઉપર ચડીને અંગદેશના રાજા આવ્યા, અને તેઓએ બહુ આદરપૂર્વક રાજાઓને નમસ્કાર કર્યા. એવી રીતે પલ્લવ, કેરલ, કાન્નોજ, કરહાટ, સૌરાષ્ટ્ર, કાશી, તિગુળ, તેલુગ, હુરમુંજિ, પારસી, ચેર, સિંધુ, કલહરિ, ઓડ્રિ, પાંડય, સિંહલ, ગુર્જર, મહાભોટુ, નેપાળ, વિદર્ભ, ચીન, મહાચીન, બોટુ, લાટ, મહાલાટ, કાશ્મીર, તુરુક, કર્ણાટ, કાંભોજ, બંગ, વૃત્ત, ચિત્રકૂટ, પાંચાળ, ગૌળ, કાલિંગ, માલવ, મક્કા, બંગાલ, સામ્રાણિ, કુંતલ, હમ્મીર, ગૌડ, કોંકણ, તુળુ, બર્બર, મલય, મગધ, હૈવ, મહારાષ્ટ્ર, દુપારી, મલેયાળ, કોડગુ, બાલ્હિક, મલે, મધુર, ચોળ, કુરુ, જાંગલ, મથુરા આદિ અનેક દેશના રાજા પોતપોતાના અદ્વિતીય વૈભવપૂર્વક આવ્યા અને ભરતજીને બહુ આદરપૂર્વક નમસ્કાર કરી એક બાજુ ઊભા રહ્યા.

વિશેષ શું ? છ ખંડના રાજાઓમાં આર્યખંડના સમસ્ત રાજાઓ ત્યાં હાજર હતા. માત્ર પાંચ મ્લેચ્છ ખંડના રાજા ત્યાં નહોતા.

આર્યખંડના અધિપતિ તો સમ્રાટને આધીન થઈ ગયા. હવે મ્લેચ્છખંડના રાજાઓને વશ કરવા આ સેના સજ્જ થઈ રહી છે.

ત્રણ સમુદ્રના અધિપતિ ત્રણ વ્યંતરેન્દ્ર છે તેને વશ કર્યા પછી પાંચ મ્લેચ્છ ખંડોની તરફ ભરતજી જશે.

તેમની આગળ અગણિત સેના તૈયાર છે. પોતાની મદ જલધારાને વહેવડાવતા મસ્તપણે ડોલતા મંગલહાથી તે સેનામાં ચોરાશી લાખ છે. તેમ જ પોતાની સુંદર ચાલ ને અવાજથી મોટા મોટા પર્વતોને પણ હચમચાવી નાખે એવા સુંદર, ચોરાશી લાખ છે.

સામાન્ય ઘોડાની સંખ્યા તો અમે ન જાણી શકીએ. તે અગણિત હતા, પરંતુ ઉત્તમ અને સુંદર લક્ષણોથી યુક્ત ઘોડાની સંખ્યા અઢાર કરોડ હતી. સામાન્ય સેવકોની વાત તો જવા દ્યો. પરંતુ ઉત્કૃષ્ટ ક્ષત્રિય જાતિમાં જન્મેલ જાતિવીરોની સંખ્યા ચોરાશી કરોડ હતી. એમજ રણભૂમિમાં શોભા દેવાવાળા ને સમ્રાટના અંગરક્ષણ માટે સદા કટિબદ્ધ રહેતા વ્યંતરકુલોત્પન્ન દેવ સોળહજાર હતા.

આ રીતે ચતુરંગ સેના સાથે ભરતજીએ તે વિજયવૃક્ષથી આગળ વધવાની તૈયારી કરી. તેમનો ઈશારો પામીને કરોડો વાજાં વાગવાં માંડયાં. તે વિજયવૃક્ષને પોતાની જમણી બાજુ રાખીને ચક્રવર્તીએ વિજય પર્વત હાથીને આગળ ચલાવ્યો. તે હાથીની આગળ ધ્વજ સહિત ચક્રરત્ન ચમકાર કરી રહ્યું હતું. જમણી બાજુ, આગળ ને પાછળ બધી જગ્યાએ સેના સેના જ જોવામાં આવતી હતી. ને તેની મધ્યે સુમેરુ સમાન સમ્રાટ બહુ શોભા પામતા હતા. ભરતજીના આશ્રય તળે રહેલા રાજાઓ પોત પોતાની સેના સાથે વૈભવ સહિત ભરતજીની પાછળ પાછળ જતા, અને બધા લોકો જય જયકાર કરતા થકા તેમની શુભ ભાવના દર્શાવી રહ્યા હતાં.

આ રીતે અચિંત્ય વૈભવપૂર્વક અયોધ્યા નગરથી થોડે દૂર ગયા. ત્યાં તેઓએ મય (વ્યંતર) દ્વારા રચિત પડાવ કરવાનું સ્થાન જોયું. એ વખતે તેઓએ પોતાના દીર્ઘહાથથી બધી સેનાને ઈશારો કરી દીધો કે બધા અહીં રોકાઈ જાય. બધા રાજાઓના દરજ્જા પ્રમાણે વિશ્વકર્મારત્ને બધા માટે જુદા જુદા મહેલનું નિર્માણ કરી રાખ્યું હતું. બધા લોકોએ કોઈપણ પ્રકારની તકલીફ વગર તે તે મહેલમાં પ્રવેશ કર્યો.

પર્વત પરથી ઊતરે તેવી રીતે સમ્રાટ સ્વયં હાથી ઉપરથી ઊતરી ગયા. વિદ્વાન ને વેશ્યાઓને તેઓએ જવાનું કહ્યું. અને પોતે પોતાના મહેલ તરફ ચાલ્યા. તેમની સાથે ઘણા માણસો હતા. મહેલની બહાર ઊભા રહીને બધા સાથીઓને કહ્યું, કે હવે સાંજનો જમવાનો વખત થઈ ગયો છે. હવે તમે જાઓ. આ રીતે બુદ્ધિસાગર, સેનાપતિ અને ગણબદ્ધ દેવોને ત્યાંથી વિદાય આપીને ભરતજી પોતાને માટે નિર્મિત સુંદર ભદ્રમુખ નામના પોતાના મહેલમાં ગયા.

તે મહેલમાં જઈને જ્યારે ભરતજીએ ત્યાં શુંગારયુક્ત એક વિવાહમંડપ જોયો ત્યારે તેમને આશ્ચર્યનો પાર ન રહ્યો. તેઓ તેવી જ નજરથી તેને જોવા લાગ્યા. ત્યાં નજીક જ રાણી કુસુમાજી ઊભી હતી. તેણે કહ્યું કે સ્વામી ! આ આપને માટે ભવિષ્યની મંગલ સૂચના છે. આજ મારી બહેનનો વિવાહ આ મંડપમાં આપની સાથે થશે. ત્યારે સમ્રાટે પૂછયું કે દેવી ! નગરમાં હતા ત્યારે આ કાર્ય તમે કેમ ન કર્યું ? બહાર આ પ્રકારની તૈયારી કેમ કરવામાં આવી ?

''સ્વામી ! મારા પિતાશ્રીને પહેલાંથી જ કહી રાખ્યું હતું, પરંતુ તેમને આવવામાં ઢીલ થઈ, તેથી વિવાહનો યોગ આ સ્થાનપર આવ્યો. આજ જ રાતે વિવાહનું યોગ્ય મુહૂર્ત છે એવો જ્યોતિષી પાસેથી નિર્ણય કરીને પિતાજી આવ્યા છે. મારી બહેન પણ પૂર્ણ યૌવન ને સૌંદર્યયુક્ત છે.'' આ રીતે કુસુમાજી બોલતી બોલતી રાજાની સાથે જ અંદર ગઈ. ત્યાં ભરતજીએ પોતાની સ્ત્રીઓને સાથે લઈને એક જ પંક્તિમાં નિરંતરાય ભોજન કર્યું. અને કહેવા લાગ્યા કે આ અમારા માટે ભવિષ્યમાં થનાર વિજયની સૂચના છે. જયલક્ષ્મી પણ આ દિગ્વિજય પ્રયાણમાં એવી રીતે મારા ગળામાં માળા પહેરાવશે કે જેવી રીતે આજ કુસુમાજીની બહેન પહેરાવશે.

એટલામાં સૂર્ય અસ્તાચલપર ચાલ્યો ગયો. સંધ્યારાગ બધી બાજુ જોવામાં આવ્યો.

ભરતજીએ સાંજનું સંધ્યાવંદન કર્યું પછી અર્કકીર્તિકુમાર પાસે જઈને તેની સાથે પ્યાર કર્યો. ત્યારપછી વિવાહયોગ્ય વસ્ત્રાદિશૃંગાર પહેરીને સ્ત્રીઓની સાથે વિનોદ વાર્તાલાપ કરવા બેસી ગયા. વિવાહના મુહૂર્તનો સમય થઈ ગયો છે. એમ સાંભળી ભરતજી વિવાહમંડપમાં પધાર્યા. ત્યાં અખંડ અક્ષતોની ભક્તિ શોભી રહી હતી. તેના પર તેઓ ઊભા રહ્યા.

નજીક જ શ્વશુરની સાથે કુસુમાજીના ભાઈ કમલાંક ઊભા હતા, તેના સાથે વિનોદ કરવાના વિચારથી ભરતજી બોલ્યા કે કમલાંક ! તમારી આ બહેન કુસુમાજી સમાન નથી. તેણે ઘણો ક્રોધ કરીને મારો તિરસ્કાર કર્યો છે. તે લોકમાં પોતાને અસમાન માને છે. અર્થાત્ તેની બરાબરી કરનાર કોઈ નથી એમ સમજે છે. એમ છે તો મારી સાથે જ તેનો વિવાહ કરવો તે શું ડહાપણનું કામ છે? ત્યારે કમલાંક બોલ્યા કે રાજા ! લોકમાં તમે પણ અસમાન છો ને મારી બેન પણ અસમાન છે. અસમાન પુરુષનો અસમાન સ્ત્રી સાથે મેળાપ કરી દેવો તે ડહાપણનું કામ નથી તો બીજું શું છે ? રાજા તે સાંભળીને જરા હસ્યા ને કહેવા લાગ્યા કે હવે વિવાહનો વખત થઈ ગયો છે. તમારા સાથે બહુ વિનોદ વાર્તાલાપ કરવાનો આ વખત નથી. એમ કહીને મંગલ પ્રસંગના મંગલાષ્ટક સુંદર પદ વગેરે સાંભળતા ઊભા રહ્યા. એવામાં વચ્ચેનો પડદો ખસેડી નાખ્યો. ગજાનક રાજાએ ગુરુમંત્ર સાક્ષીપૂર્વક જલધારા છોડી ને શ્રી સમ્રાટે હોમ સાક્ષીપૂર્વક મકરંદાજીનું પાણિગ્રહણ કર્યું.

રાજેન્દ્ર ભરત આ મકરંદાજીને લઈને પોતાના મહેલમાં ગયા. કુસુમાજીએ પોતાના પિતાને આરામ લેવાનું કહ્યું. રાજા ભરત સુખાંગમાં મગ્ન થયા.

સેનામાં આ આકસ્મિક વિવાહની ચર્ચા થવા લાગી. બધા લોકો કહેવા લાગ્યા કે ભરતજીના પુણ્ય અચિંત્ય છે. તેને નિશ્ચય આ છ ખંડ પૃથ્વી વશ થશે. એ વાત આ વિવાહ જ અગાઉથી સૂચવે છે. કાલે એકાદશી છે. આપણે આગળ જઈશું. ઈત્યાદિ અનેક પ્રકારના વિચારોથી સેનાએ પણ વિશ્રાન્તિ લીધી.

પાઠકોને પણ આશ્ચર્ય થતું હશે કે ભરતજીનું ભાગ્ય આટલું વિશાળ કેમ છે ? જ્યાં જાય છે ત્યાં તેમને આનંદ જ મળે છે. અને આનંદમાં જ મગ્ન રહે છે. મહેલમાં પણ આનંદ, બહાર નીકળે ત્યાં પણ આનંદ, સુખથી ભરપૂર, આ પ્રકારનું ભાગ્ય સંસારમાં અતિવિરલ મનુષ્યને જ હોઈ શકે છે.

ભરતજીએ પૂર્વે એવું કેવું કાર્ય કર્યું હશે કે જેના દ્વારા તેમને આ ભવમાં અનન્ય દુર્લભ વૈભવોની પ્રાપ્તિ થઈ રહી છે. એનો એ જ એક ઉત્તર છે કે પૂર્વ જન્મના સંસ્કાર, પૂર્વ જન્મના ધર્માચરણ. ભરતજીએ પૂર્વ ભવમાં અને વર્તમાન ભવમાં આ પ્રકારની આત્મભાવના કરી છે કે-

''હે આત્મા ! જ્ઞાન અને દર્શન જ તમારું સ્વરૂપ છે. તે જ્ઞાન ને દર્શનનો પ્રકાશ તમારા રૂપમાં ઉજ્જવલરૂપે પ્રતિભાસી રહ્યો છે. તે જ સંસારમાં મોહાંધકારમાં પડેલ પ્રાણીઓને પણ મોક્ષપથ પ્રદર્શક છે. તેથી હે પરમાત્મા ! તમે ભવ્યોને હિતૈષી છો. તેથી તમે મારાથી છાના રહો નહિ. મારા શરીરના પરદામાં બરાબર પ્રગટ રહો.''

આ ભાવનાના મધુર ફળને તેઓ પ્રતિસમય સુખ સ્વરૂપમાં અનુભવે છે.

# ૪. પૂર્વસાગર દર્શન સંધિ

**આ**જ એકાદશીનો દિવસ છે. ભરતજી પ્રાતઃકાલે પોતાની નિત્ય ક્રિયાઓથી નિવૃત્ત થઈને બહાર આવ્યા. માકાલ નામના વ્યંતરને બોલાવીને આજ્ઞા આપી કે અમારા આવતા સુધી અયોધ્યા નગરીની રક્ષા કરવાનું કામ તમારું છે. તેથી તે કાર્યમાં તત્પર રહેજો. પછી સેનાપતિને આજ્ઞા આપી કે હવે પ્રસ્થાનભેરી બજાવો.

આજ્ઞા થાય એટલી જ વાર હતી, ત્યાં તો પ્રસ્થાનભેરીનો અવાજ આકાશ વ્યાપ્ત બની ગયો. તે વખતે સેના કે જે પ્રસ્થાનભેરીની જ રાહ જોઈ રહી હતી તેમણે પ્રસ્થાન કર્યું. ચક્રરત્ન પણ સામે જ પ્રકાશતું થકું આગળ વધવા લાગ્યું. સમ્રાટ ભરત ઉત્તમ રત્નોથી નિર્મિત પાલખીમાં બિરાજમાન થઈને જતા હતા.

ભરતજીની ઉપર શ્વેતકમલ સરખું છત્ર ને રાજહંસ સમાન ચારે તરફથી ધીરે ધીરે વીંઝાતા ચામર અત્યંત શોભી રહ્યાં હતાં. ઘણાં ગાયકો સમયને અનુસરી યોગ્ય રાગોમાં ગાતાં ગાતાં વાદ્ય વગેરે બજાવી રહ્યાં હતાં. તેમાં પરમાત્મકલાનું વર્ણન હતું. સમ્રાટ મનમાં ને મનમાં જ હર્ષિત થઈને તેનું મનન કરતા હતા.

ભરતની પાલખીની ચારે બાજુ અનેક વીર વસ્ત્રાભૂષણોથી સુશોભિત અગણિત ગણબદ્ધદેવ આવી રહ્યા છે. કેવળ સમ્રાટના અંગરક્ષકના કાર્યમાં કટિબદ્ધ બે હજાર વીર છે. સાથે આવતી રાણીઓની પાલખીઓની પાછળ તેમની રક્ષાને માટે સાતહજાર ગણબદ્ધદેવ હાજર છે. હાથી, ઘોડા, રથ અને પદાતિઓની ચતુરંગ સેના, માઈલો તો શા હિસાબમાં પણ ગાઉઓ સુધી ફેલાયેલી હતી. એની વચ્ચે અર્કકીર્તિકુમારનું સુંદર પારણું ઝૂલી રહ્યું છે.

ભરતજીની સેના આ પ્રકારે પ્રસિદ્ધ છે કે આગળની સેના ભરતજીની છે અને પાછળની સેના (અંતઃપુરસેના) બધી અર્કકીર્તિની છે. કેમકે સ્ત્રીઓ બચ્ચાંઓની સાથે આવી રહી છે. અર્કકીર્તિની સેનાની સહેજ પાછળ એક કરોડ વીરોની સાથે ભરતપાદુક નામના બે ગોપાલ રાજા આવી રહ્યા છે. જે અત્યંત વીર છે, શત્રુઓને અતિ વીરતાથી દમનારા છે.

પૂર્વાહ્ન કાલે પૂર્વ (આદિ) તીર્થંકરના પૂર્વ (પ્રથમ) પુત્ર પૂર્વયુગના પૂર્વ (પ્રથમ) ચક્રવર્તી પૂર્વાભિમુખ થઈને પોતાની અગણિત સેનાની સાથે જઈ રહ્યા છે. તે સમયની સમસ્ત શોભા અપૂર્વ હતી, વૈભવ તથા સંભ્રમ અપૂર્વ હતો તેનું વર્ણન ક્યાં સુધી કરીએ !

એ રીતે અત્યંત વૈભવપૂર્વક સમ્રાટે પોતાની સેનાને વચ્ચે વચ્ચે અનેક સ્થળે વિશ્રાંતિ આપીને ગંગાનદીના સુંદર કિનારા ઉપર પ્રસ્થાન કરાવ્યું. અને આગળ હવે પૂર્વ સમુદ્રની તરફ જઈ રહ્યા છે. દેવગંગાની દક્ષિણમાં ઉપલવણ સમુદ્ર મોજૂદ છે. તેની જમણી તરફ ભરતજી પોતાની સેનાની સાથે જઈ રહ્યા છે. અનેક સ્થાનોમાં સેનાપતિ શ્રી જયકુમારના ઈશારાથી પડાવ નાખતાં નાખતાં પૂર્વ સમુદ્રના કાંઠે આવી પહોંચ્યા, પૂર્વ સાગરના દર્શન કરતાં જ બધી સેનાઓમાં એક નવીન ઉલ્લાસ ઉત્પન્ન થયો.

બુદ્ધિસાગરે આવીને સમયોચિત વિનંતી કરી કે રાજા ! આ સમુદ્રનો અધિપતિ માગધામર નામનો વ્યંતર છે. તે અત્યંત ક્રોધી ને વીર છે. તેને સૌથી પહેલાં વશ કરી લેવો જોઈએ, ત્યાર પછી આગળના કાર્યના સંબંધમાં વિચાર કરીશું.

બુદ્ધિસાગરનું વચન સાંભળ્યા પછી સમ્રાટે કહ્યું કે શું માગધામર ક્રોધી છે ! તેના ક્રોધને હું ભસ્મ કરી નાખીશ. તેને કદાચ સમુદ્રમાં રહેવાનું અભિમાન હશે, પણ હું ક્ષણવારમાં વશ કરી લઈશ. જોઈએ. તેને પહેલાં એક પત્ર મોકલી જોઉં. પત્ર વાંચીને પણ તે જો નહિ આવે તો પછી તેની બુદ્ધિ ઠેકાણે લાવીશ. હાલ તે કહેવાથી શો લાભ ?

તે જ વખતે આજ્ઞા આપી કે ત્યાં જ સેનાનો પડાવ રાખવામાં આવે. પૂર્વ સાગરના તટે સેનાસાગરે પોતાની વિશાલતા પ્રગટ કરી. છત્રીશ યોજન પહોળાઈ ને ચાલીસ યોજન લંબાઈના વિશાળ પ્રદેશમાં સેનાએ પોતાનો પડાવ નાખ્યો. વિશેષ શું ? ત્યાં બજાર, અશ્વાલય, ગજાલય, વેશ્યાગલી આદિ સમસ્ત રચનાઓ વિશ્વકર્માના વિચિત્રતાથી ક્ષણમાત્રમાંજ બની ગઈ. રાજાગણ, રાજપુત્ર, રાજમિત્ર, મંત્રી ને મંત્રીપરિવાર આદિ બધા જનો માટે યોગ્ય સ્થાનોનો પ્રબંધ કરવામાં આવ્યા હતો.

તે નગરની વચ્ચે રાજમહેલ અનેક પરકોટથી વેષ્ટિત રચાઈ ગયો હતો. સાથે ભરતજીની રાણીઓના છૂટા છૂટા રાણીવાસ, શયનગૃહ, જિનમંદિર આદિ બધાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

ભરતજીએ બધાને પોતપોતાના સ્થાનમાં જવાની આજ્ઞા આપી ને જયકુમારને, સેનાને બહુ હુશિયારીથી સંભાળવાનું કહીને, જવાનું કહ્યું. એવામાં અર્કકીર્તિની સેના આવી ગઈ અને સંતોષપૂર્વક મહેલમાં દાખલ થયા. અંદર જતી વખતે બુદ્ધિસાગરને કહ્યું કે મંત્રી ! હવે તમે પણ જઈને આરામ લ્યો. આગળનો વિચાર કાલે કરીશું. એવું કહીને સમ્રાટ અંદર ગયા, ને ત્યાં નવભદ્રશાલામંડપમાં જઈને એક સિંહાસન ઉપર બિરાજમાન થયા.

સૌથી પહેલાં અર્કકીર્તિકુમારને બોલાવીને તેની સાથે પ્રેમવ્યવહાર અને વિનોદ કર્યો. તેને વિશ્વાસુ દાસીના હાથમાં સોંપ્યા પછી પોતાની સામે ઊભેલી રાણીઓ તરફ જરાક હસતાં હસતાં જોયું. અગાઉના મુકામ કરતાં તે દેવીઓની મુખચર્યામાં થાક વધારે જોવામાં આવતો હતો. જ્યાં જ્યાં પડાવ નાખતા હતા ત્યાં સૌથી પહેલાં રાણીઓને સમ્રાટ પૂછતા હતા કે તમને કાંઈ પણ કષ્ટ તો પડયું નથી ને ? આજે રાણીઓનું મુખ મ્લાન હતું; પરસેવો આવ્યો હતો, તેથી મનમાં કંઇક ખિન્ન થઈ કહ્યું કે દેવી ! તમો બેસી જાઓ. તમોને જોવાથી જણાય છે કે, આજ ખૂબ થાકી ગયા છો. જરાક આરામ કરો.

ભરતજીની વાત સાંભળીને તે રાણીઓને પણ હાંસી આવી, હસતી હસતી જ બેસી ગઈ.

ભરતજી ફરીને કહેવા લાગ્યા કે શું તમારી પાલખીઓ ઘણી ઉતાવળે લાવવામાં આવી ? તેથી તમારાં શરીર ડોલવાથી તમને આટલું કષ્ટ થયું હશે. તમારું મુખ મ્લાન થયું છે. તાપથી કષ્ટ પડયું

લાગે છે. મારી સાથે સાથે આવવાથી માણસોની અતિ ભીડને લીધે તમને કષ્ટ પડશે જેથી તમોને પાછળ પાછળ જુદા આવવાની વ્યવસ્થા કરી હતી, છતાં પણ કષ્ટ પડયું. હા' તમોને કોઈએ ગુલાબ જલ વગેરે પણ નથી આપ્યાં શું ? માનીલ્યો કે તમે કોઈ ન બોલ્યા, પણ તમારી સાથે જે દાસીઓ નિયુક્ત હતી તે કેમ ન બોલી. તેણે તો વિચાર કરવો'તો. શું પ્રાણ ગયા પછી તે કામમાં આવત ? શું કરીએ, દુઃખ થયું. એ પ્રકારે સમ્રાટ ઘણા દુઃખપૂર્વક કહેવા લાગ્યા.

ત્યારે રાણીઓએ કહ્યું કે સ્વામી ! આપ એ બિચારી દાસીઓ ઉપર રોષ કેમ કરો છો ? તેનો શો દોષ છે ? આજે પૂર્વસાગર જોવાની અમને ઉત્કટ ઈચ્છા થઈ હતી. અમે જ જલદી ચાલવા કહ્યું હતું. અમારી આજ્ઞાનુસાર તેઓએ કાર્ય કર્યું, તેમાં તેનો શો દોષ ?

આ દાસીઓએ અને વિશ્વાસુ લોકોએ અમને કહ્યું કે જરા ધીરે ચાલવાથી સારું રહેશે. નહિતર સ્વામી ભરતજી અમારાપર રોષ પામશે. તો પણ અમે જ તેની વાત ન સાંભળીને જલદી ચાલવાનું કહ્યું. એમાં અમારો દોષ છે. તેથી આપ ક્ષમા કરો. તમે હવે સમજી ગયા હશો કે આજ મુકામને માટે અમે આતુરતાથી આવ્યા. અત્યાર સુધી આવા પ્રકારનો અપરાધ અમારાથી નહોતો થયો. તેથી ક્ષમા કરો. પ્રાણનાથ ! આપના દર્શન કરવાથી અમારો થાક દૂર થઈ ગયો છે. તેથી આપ ચિંતા ન કરો. હવે આગળ કામ કરો.

ભરતજીએ કહ્યું, તો તો સારું. અત્યારે તમે સ્નાન, દેવાર્ચન અને ભોજનથી પરવાર્યા બાદ બપોરે સમુદ્રની શોભા જોજો. તે સાંભળીને ત્યાંથી ઊઠીને બધા ઉપરના મહેલમાં ગયા.

મય નામના વ્યંતરે ક્ષણવારમાં ભરતજી ને તેની રાણીઓ માટે લાખો સ્નાનઘરો બનાવીને રાખ્યા હતા. ગૃહપતિ રત્નની પ્રેરણાથી ત્યાં ઉત્તમ જલની પણ વ્યવસ્થા થઈ ગઈ. એક એક ઘરમાં એક એક રાણીએ જઈને સ્નાન કર્યું. ભરતજીએ પણ તેને માટે બનાવેલ સ્વતંત્ર સ્નાનગૃહમાં જઈને સ્નાન કર્યું. દેવોદ્વારા નિર્મિત તે સ્નાનઘરોમાં કોઈપણ પ્રકારની મુશ્કેલી નહોતી. અગ્નિ પેટાવો. લાકડા લાવો. એને બોલાવો, તેને બોલાવો ઈત્યાદિ કોઈ પણ પ્રકારની જંજાળ નહોતી. બધું ગૃહપતિ રત્નની વ્યવસ્થાથી ક્ષણવારમાં બની જતું હતું. સ્નાન કર્યા પછી પહેરવાનાં ઉત્તમોત્તમ વસ્ત્રો, સ્મરણ કરવા માત્રથી જ, પદ્મનિધિ નામના રત્ન આપી જતા હતા. તેની સહાયતાથી બધા લોકોએ દિવ્ય વસ્ત્રો પહેર્યાં. આ રીતે ઈચ્છિત ઘરેણાં પિંગલનિધિ નામના રત્ન આપી જતા હતા. તેની સહાયતાથી ઈચ્છિત આભૂષણો પહેર્યાં અર્થાત્ બધા જણા સ્નાન કરીને વસ્ત્રાભૂષણોથી અલંકૃત થયા.

દેવતંત્રથી સ્નાન કરીને દેવતંત્રથી જ વસ્ત્રાભૂષણો ધારણ કરીને શ્રી ભરતજી દેવાલયમાં પરિવાર સહિત ગયા. ત્યાં તેઓએ બહુ ભક્તિપૂર્વક દેવપૂજા કરી. ત્યાંથી પરવારીને પોતાની રાણીઓને સાથે લઈને દિવ્ય ભોજન કર્યું. ત્યારપછી તાંબૂલ ને સુગંધી દ્રવ્યો લઈને થોડીક વાર પોતાનો થાક ઊતારવા સુખનિંદ્રા લીધી. નિંદ્રાદેવીએ પોતાની કોમલ ગોદમાં બધાને સ્થાન આપ્યું.

મધ્યાહ્નના ત્રીજા પ્રહરમાં ભરતજી પોતાની સ્ત્રીઓ સાથે સમુદ્રની શોભા જોવા ઉપલા મહેલમાં ચડયા. ભરતજીની સ્ત્રીઓએ આ પહેલાં ક્યારે ય સમુદ્ર જોયો ન હોતો. ઘણા ઉત્સાહપૂર્વક

જોવા લાગી. ભરતજી પણ બધી સમજ આપીને તેને બતાવી રહ્યા હતા. સ્ત્રીઓ મોઢે હાથ રાખીને આશ્ચર્યમુગ્ધ બની સમુદ્રની શોભા જોઈ રહી.

સમુદ્રનો અંત તેની દૃષ્ટિથી પણ પેલી પાર છે. તેમાં અગાધ જળ છે. અનેક તરંગો એક પછી એક આવ્યા જ કરે છે. એક તરંગ ઊપજે છે ને તે નાશ પામે છે એમ હજારો, લાખો, કરોડો, ને અગણિત તરંગો થાય છે ને નાશ પામે છે. વચ્ચે વચ્ચે મોટા પર્વત છે. ક્યાંક ક્યાંક નાવ, જહાજ લાંચ વગેરે દેખાય છે.

આ રીતે અનેક પ્રાકૃતિક શોભાઓથી યુક્ત સમુદ્ર જોઈને તે બધી દેવીઓ બહુ પ્રસન્ન થઈ. સમ્રાટે કહ્યું કે આજથી તમે દરરોજ સમુદ્ર જોઈ શકશો. આજે આટલું ઘણું છે. આપણે હવે નીચે જઈએ. એમ કહીને બધાને સાથે લઈને નીચેનાં મહેલમાં આવ્યા. તે દિવસ ઘણો આનંદપૂર્વક ગયો, રાગ ને ભોગ સહિત ચક્રવર્તીએ પૂર્વસાગરના કિનારે પડાવ નાખ્યો.

કદાચ અમારા પ્રિય પાઠકોને આ જાણીને આશ્ચર્ય થશે કે ભરતજીને પણ રાણીઓની જેમ જ તે સમુદ્ર જોઈને ખૂબ સંતોષ થયો હશે. ના, ના. તે સમુદ્ર જોઈને હર્ષ ન થયો. તેની પાસે જ સમુદ્ર છે. જ્ઞાનસમુદ્રનું દર્શન તેઓ રોજ કરે છે. તેને કઈ વાતની પરવા છે ? તેને જો સંતોષ થયો હોય તો માત્ર આ વાતનો કે પૂર્વસાગર સદૃશ સુંદર સ્થાનમાં બેસીને તે જ્ઞાનસાગર પરમાત્માનું વિશેષ રૂપે નિરાકુલતાથી દર્શન કરવાનો. બાહ્ય સુંદરતા ઉપર તેઓ મુગ્ધ નહોતા થતા. બાહ્ય વિચિત્રતા જો અંતરંગમાં સહાયક હોય તો તેનો અનુભવ કરી લેતા. તેથી જ તેને સદા ભાવના રહે છે કે :–

''હે પરમાત્મા ! સમુદ્રને લોકો તે ગંભીર છે એમ કહી તેનું વર્ણન કરે છે. તમારી ગંભીરતાની આગળ તેની ગંભીરતા કાંઈ હિસાબમાં નથી. તમારું ગાંભીર્ય તેનો તિરસ્કાર કરે છે. સમુદ્રનું જલ અગાધ છે, અપાર છે તેવી રીતે તમારો મહિમા પણ અગાધ ને અપાર છે. તેથી પરમાત્મા ! મારા હૃદયમાં તમારો અધ્યવસાય નિરવચ્છિન્નરૂપે વર્ત્યા કરે !''

સિદ્ધાત્મા ! તમો ભવ્યોના સંપૂર્ણ દુઃખ દૂર કરનાર છો. ભવ્યોનાં મનને પ્રસન્ન કરનાર છો. સંપૂર્ણ કર્મોને નાશ કરી ચૂક્યા છો. અર્થાત્ અનંત સુખ સાગરમાં મગ્ન છો. તમો બધાના કલ્યાણકારી છો. મુનિ, મહામુનિઓના હૃદયમાં પણ જ્ઞાનજ્યોતિ ઉત્પન્ન કરવામાં તમે સાધક છો. તેથી સ્વામી ! અમને પણ સુબુદ્ધિ આપો કે જેથી અમે મધુર વચન દ્વારા સંસારનું કલ્યાણ કરી શકીએ.''

# ૫. રાજવિનોદ સંધિ

**બી**જે દિવસે ભરતજી, પોતાના મહેલમાં મંત્રી, સેનાપતિ આદિ મુખ્ય વ્યક્તિઓને બોલાવીને, આગળના કાર્યનો વિચાર કરીને બોલવા લાગ્યા કે માગધામરને વશ કરવામાં શું મોટી વાત છે. સેનાનાયક ! અને મંત્રી ! તમે સાંભળો. તે વ્યંતરને વશ કરવામાં કોઈ ચિંતા કરવાની જરૂર નથી. પરંતુ મને એ સમુદ્રના કિનારા ઉપર એકવાર ધ્યાન કરવાની ઈચ્છા થઈ છે. કાલે જ્યારથી મેં એ સમુદ્ર જોયો છે ત્યારથી મારા હૃદયમાં ધ્યાન કરવાની ઉત્કૃષ્ટ ભાવના વારંવાર ઉદ્‌ભવી રહી છે. એમ હોવાથી ઈચ્છાની પૂર્તિ કરવી મારો ધર્મ છે. ધ્યાન કરવા માટે જંગલ, સમુદ્રતટ, નદીતટ, પર્વત, પ્રદેશ આદિ ઉત્તમ સ્થાન છે. આ રીતે અધ્યાત્મ શાસ્ત્રોમાં વર્ણવ્યું છે. તે વચન મને સ્મરણમાં આવ્યું છે. જ્યારથી અયોધ્યા નગરથી અમે આવ્યા છીએ ત્યારથી અમે મનની તૃપ્તિ થાય તેવું કોઈ ધ્યાન નથી કર્યું. તેથી સમુદ્રતટમાં રહીને એકવાર ધ્યાન ધરીને પરમાત્માનું દર્શન કરી લેવું જોઈએ.

ભરતજીના આ વચન સાંભળીને બુદ્ધિસાગર મંત્રીએ પ્રાર્થના કરી કે સ્વામી ! અમારી વિનંતી છે કે ધ્યાન કરવા સમુદ્રતટ અનુકૂલ છે એ વાત મને સંમત છે. પરંતુ પહેલાં આપણે જે કાર્ય માટે આવ્યા છીએ તે કાર્ય પહેલાં કરવું તે આપણો ધર્મ છે. સૌથી પહેલાં શત્રુને પોતાને વશ કરો, ત્યારપછી આપ નિરાકુલ થઈને ધ્યાન કરો એમાં અમને કોઈ પણ પ્રકારે હરકત નથી.

મંત્રી ! ભરતજી બોલ્યા, તમે આટલા ડરો છો કેમ ? શું માગધ મારો શત્રુ થઈ શકશે ? સૂર્યને ઘુવડની શી પડી છે ? હું ધ્યાન કરવા બેસું તો તે આપ મેળે જ આવીને વશ થશે. તમે તરણાને મેરુ કરીને તેની મહત્તા કરો છો. શું ગણબદ્ધ દેવસેવકોને આજ્ઞા આપીને તેને અહીં બાંધીને મંગાવું ? તે વાત પણ રહેવા દ્યો. વજ્રખંડ નામના ધનુષ્યને અગ્નિવર્ષક નામના બાણનો મેળ કરીને તેના નગરમાં ફેંકીને બાળી નખાવું ? એ વાત પણ રહેવા દ્યો. મયદેવને આજ્ઞા આપીને પર્વત ગબડાવું અને તે સમુદ્રની વચ્ચે પુલ બંધાવીને મારી સેના ત્યાં મોકલું ? અને તે ભૂતોના રાજાને મારા નોકરોના હાથથી અહીં મંગાવું ? તેને માટે ચક્રની જરૂર નથી, ધનુષ્યની જરૂર નથી, મારી સાથે જે રાજપુત્રો છે તેમને મોકલીને તેમના પરાક્રમથી અત્રે ઘસડાવી લાવીશ, મંત્રી ! તમે વિચાર કેમ નથી કરતા ? જો આજે અમે એનાથી ડરીશું તો આગળ વિજયાર્ધ ગુફામાં રહેવાવાળા બે મહાન રાજાઓને કેવી રીતે જીતીશું ? એમ થાય તો તે વિજયાર્ધની પેલી પાર તો આપણે નહીં જઈ શકીએ, તમો બધા આ રીતે નિરુત્સાહી શા માટે થાઓ છો ? મારે માટે એ કોઈ મોટી વાત નથી. એકવાર આ સમુદ્રતટે પરમાત્મસંપત્તિનું દર્શન કરી લઉં. બુદ્ધિસાગર ! મારા માટે તો તે માગધને જીતવો તે તો ગોડબજાડિયાના ખેલ જવું છે. (તે તો રમતની વાત છે), તમે આટલી બધી ચિંતા કેમ કરો છો ? હું પરમાત્માના સોગનપૂર્વક કહું છું કે તેને હું અવશ્ય કબજે કરી લઈશ, તમે ચિંતા ન કરો. જે વખતે હું પરમાત્માના દર્શન કરું છું તે વખતે કર્મ પર્વત પણ ખરી જાય છે, તો પછી આ માગધ કઈ વાડીનો મૂળો છે ? કાલે જ તેડાવીને મારી સેવામાં તેને જોડી દઉં, તમે જુઓ તો ખરા. એક બાણ છોડીને તેનું અંતરંગ જોઈ લઈશ, સોયથી મરે તો સોયાનું શું કામ ? તેને માટે આટલી ચિંતા કેમ કરી રહ્યા છો ? તે આવે તો સારું છે. ન આવે તો પણ સારું છે, કેમકે તેથી મારી વીરતા બતાવવાનો

મોકો મળશે. કર્મસમૂહ જીતવા માટે મારે વિચાર કરવો પડે છે. પરંતુ આ સમુદ્રના કૂર્મ જેમ રહેવાવાળા તે માગધામરને જીતવા માટે આટલી ચિંતા કરવાની શી જરૂર છે ? તમે મર્મજ્ઞ છો. જાઓ.

હું ત્રણ દિવસ ધ્યાન કર્યા પછી તેના ઉપર એક બાણ છોડીને અહીં આવીશ. આ રાજયોગાંગ છે. તમે બધા સેનાની રક્ષા હુશિયારી રાખીને કરજો. એમ કહીને ભરતજીએ મંત્રી ને સેનાપતિને અનેક વસ્ત્રાભરણો ભેટ આપીને વિદાય કર્યા. ત્યારપછી પોતે સમુદ્રતટે ગયા. ત્યાં પહેલેથી જ વિશ્વકર્મારત્ને ભરતજીને ધ્યાન કરવા યોગ્ય પ્રશસ્ત મકાન બનાવી રાખ્યું હતું. તેમાં પ્રવેશ કરીને રાજયોગી ભરત યોગમાં મગ્ન થયા. યોગશાસ્ત્રમાં ધ્યાન માટે આઠ અંગ કહ્યાં છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, કોમલ ધારણા અને સુસમાધિ એ પ્રકારે અષ્ટાંગ યોગમાં ભરતજી એકાગ્ર ચિત્તે મગ્ન થયા.

કોઈ વ્યક્તિને કોઈ નિધિ મળી ગઈ હોય ને તેને તે જેવી રીતે લોકોને દેખતાં ન જુએ અને એકાંતમાં લાવીને જુએ છે તેવી રીતે ભરતજી પણ તે આત્મનિધિને એકાંતમાં-સમુદ્રતટમાં લાવીને જોઈ રહ્યા છે. ભરતજી પેલા પણ અનેકવાર ધ્યાન કરતા હતા. પરંતુ એ દિવસનો યોગ તો કોઈ અપૂર્વ હતો. તે દિવસના યોગમાં આનંદ, ઉલ્લાસ, ઉત્સાહ ને એકાગ્રતા અધિક હતા, તેથી ભરતજી આપમેળે જ અત્યંત પ્રસન્ન થયા. વિશેષ શું કહીએ ? પર્વયોગ સંધિમાં જેવી રીતે ધ્યાનનું વર્ણન કર્યું છે તેવી રીતે ભરતજી ધ્યાનમગ્ન થઈ ગયા અને દુર્વાર કર્મોની તેઓએ સાતિશય નિર્જરા કરીને અપૂર્વ આત્મસુખનો અનુભવ કર્યો.

ત્રણ દિવસ ઉપરાંત ત્રણ ઘડી થઈ. પરંતુ ભરતજીને ભૂખ, તરસ વગેરેનું કાંઈ દુઃખ થયું નહિ. ત્રણ લોકમાં સારભૂત આત્મસુખામૃત સેવતા થકા તેમને લૌકિક ભૂખ, તરસ કેવી રીતે લાગે ? ત્રીજે દિવસે પારણું કર્યા પછી આરામ લીધો. ત્યારપછી બપોરના વખતે સોનાના રથ ઉપર બેસીને સમુદ્રમાં ધીરવીર ચક્રવર્તીએ પ્રયાણ કર્યું. ધ્વજ, ઘંટા, કલશ, પુષ્પમાલા વગેરે ચીજોથી તે અજિતંજય નામના રથને ખૂબ શણગાર્યો હતો. એક ગણબદ્ધ દેવ તે રથનો સારથી હતો. તે પોતાના ચાતુર્યથી ભૂમિ ઉપર જેવી રીતે રથ ચલાવતો હતો તેવી રીતે તે પાણી પર ચલાવી રહ્યો હતો. અનેક તરંગ એક પછી એક ઊઠયા કરે છે તે બધાને ઓળંગીને તે રથ આગળ વધી રહ્યો હતો.

આ રીતે બાર યોજન પ્રયાણ કર્યા પછી જહાજના પડાવની જેમ તે રથે પણ પડાવ કર્યો. રથ આગળ ન જતાં જે વખતે ઊભો રહી ગયો તે વખતે એવું જણાતું હતું કે કદાચ સમુદ્રે ભરતજીને પ્રાર્થના કરી હોય કે સ્વામી ! હવે આપ આગળ ન વધો. કેમકે જો હવે વિશેષ આગળ વધશો તો શત્રુઓ બીકના માર્યા ભાગી જશે. તેથી આપને અહીંયાં રહેવું યોગ્ય છે.

ચક્રવર્તીએ ત્યાં જ રહીને પોતાનું ધનુષ્ય તૈયાર કર્યું. જેવી રીતે ભરતજી યોગ કરતી વખતે કર્મની જગ્યા બરાબર જાણી લઈને કામ કરે છે તેવી રીતે અહીં પણ બરાબર શત્રુના સ્થાનને જાણી લઈને બાણ ફેંક્યું. તે બાણ ગર્જનાથી આકાશમાં, ભૂમિમાં, જલમાં, એક વિપ્લવ જેવું થઈ ગયું. તે બાણનો પ્રયોગ કરતી વખતે રાજા ભરતથી હુંકાર શબ્દ થયો. અને બાણનો ટંકાર થયો, આ બન્ને ભીષણ શબ્દોથી જગતમાં સર્વ સ્થળે ત્રાસ ત્રાસ થઈ ગયો. સેનાના હાથી, ઘોડા વગેરે બધા બીકના

માર્યા આમ તેમ નાસવા લાગ્યા. સમુદ્ર તો પોતાનો કાંઠો ઓળંગીને દહીંના ઘડાની જેમ બહાર ફેલાયો. આ રીતે ઉર્ધ્વલોક, મધ્યલોક ને પાતાલલોક બધાં કંપવા લાગ્યાં. વિશેષ શું કહીએ ? માગધામરના નગરમાં સમુદ્રનું પાણી ઘૂસી ગયું. લોકોને ભય ઉપજયો. નગર કંપવા લાગ્યું. આ રીતે તે બાણ પૂર જોરથી જઈને માગધામર જે દરબારમાં બિરાજમાન હતા ત્યાં જ જઈને એક થાંભલામાં અથડાયું. તેનો શબ્દ તે વખતે અત્યંત ભયંકર હતો.

એકદમ દરબારના બધા મનુષ્યો બી ગયા, જેવી રીતે વાઘને જોતાં સામાન્ય પ્રાણીઓનું ટોળું બીક પામે છે તેમ. પરંતુ માગધામર અત્યંત ગંભીર છે. તે પોતાના સિંહાસન ઉપર બેસીને વિચાર કરવા લાગ્યા કે આ કૃત્ય કોનું છે ? બધા લોકોને તેણે સમજાવ્યા કે તમે ગભરાશો નહિ. અને પોતાની પાસેના એક સેવકને કહ્યું કે તે બાણની સાથે જે ચિઠ્ઠી લાગેલી છે તે અત્રે લાવો. તે વખતે એક સેવકે ડરતાં ડરતાં તે પત્ર લાવીને દીધો. તેની પાસે રહેલા પત્રવાચકને વાંચવાની આજ્ઞા થઈ. તે વાંચવા લાગ્યો.

''શ્રીમન્મહારાજ, આદિનાથ તીર્થંકરના પ્રથમ પુત્ર, ગુરુહંસનાથભાવક, ઉન્મત્તરાજિરિવજદંડ, પ્રચંડ દુર્મુખરાજનાશક, અરિરાજમેઘઝંઝાનિલ, કર્મકોલાહલ, મૃત્યુકોલાહલ, ધર્મપાલક, પ્રજાપાલક ભરતચક્રવર્તી તરફથી સેવક માગધામર કહેણ મોકલવામાં આવે છે કે તમારે સીધી રીતે આવીને કાલ સુધીમાં અમારી સેવામાં હાજર થવું એ અમારા તરફથી રાજાજ્ઞા છે.

આ પત્ર સાંભળતા વેંત જ માગધામર ક્રોધથી અત્યંત લાલચોળ બની ગયો. એકદમ દાંત પીસતા થકા કહેવા લાગ્યો કે તે પત્રને ફાડી નાખો, બાળી નાખો, ક્યાંનો એ ભરત મુઓ, હું નથી જાણતો. અમારા સમુદ્રમાં એ આવ્યો ક્યાંથી ? કયાં છે આપણી સેના, બોલાવો ! હું હમણા જ એની ઓખાદ ભુલાવી દઈશ. જુઓ તો ખરા. પત્રમાં શું લખે છે ? હું શું એનો નોકર છું કે મને આજ્ઞા આપવા આવ્યો છે ? સમુદ્રમાં રહેનારા કેવા હોય છે તેની એને હજી ખબર નથી. તો બતાવવું પડશે કે તેઓ એટલા બધા ભોળા નથી કે એના ફાંસલામાં ફસાઈ જાય. તે શબ્દથી તો ભૂચર છે, અને અમે વ્યંતર છીએ. અમારી આગળ તે ક્યાં સુધી અભિમાન બતાવી શકશે ? અમારી આગળ એનું શું ચાલે ? ભૂતનાથોની વીરતાનો એને હજી ખ્યાલ નથી. રહેવા દ્યો. હું શું તેને વશ થાઉં. કદી નહિ. સેનાપતિ ! બોલાવો. અમારો વીર ક્યાં છે ? તે ભરતને જરાક રગદોળે.

માગધામર ક્રોધે ભરાતો હતો. તેની પાસે જ મંત્રી, સેનાપતિ આદિ પરિવાર પણ ઉપસ્થિત હતો. તેઓ બહુ નીતિપૂર્ણ વચનોથી તેમને સમજાવવા લાગ્યા કે જેથી કોઈ રીતે તેનો ક્રોધ શાંત થઈ જાય. સ્વામી ! આપ ક્રોધ ન કરો. આપને માટે એ શી મોટી વાત છે ? અમે બધી તેની વ્યવસ્થા કરશું. આપ શાંત ચિત્તથી બેઠા રહો. દરબારને બરખાસ્ત કરવાની આજ્ઞા આપો. ત્યાર પછી એકાંતમાં આ સંબંધી વિચાર કરીએ.

ત્યારે દરબારના બધા લોકો ચાલ્યા ગયા. કેટલાક મુખ્ય મુખ્ય માણસો બેસીને વિચાર કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે રાજા ! તમે ધીર છો. પ્રૌઢ છો. ગંભીર છો. તમારી બરાબરી કરવાવાળો લોકમાં કોણ છે ? એમ હોવાથી તમારા વિશાલ ભાગ્યાનુસાર જ તમારે વર્તવું જોઈએ.

ક્ષુદ્રલોકની જેમ વર્તવું યોગ્ય નથી. તમે મહેલમાં રહો. ક્રોધ છોડી દઈને અમારી સાથે વાત કરો. અમારી વાત સાંભળતા જાઓ. લોકો બધા તમારી પ્રશંસા કરે એમ અમે કરીશું. આ પ્રકારની વાત સાંભળીને માગધામરે જરાક હસીને કહ્યું કે સારું ! તમે શું કહેવા માગો છો તે કહો તો ખરા.

હવે તે મંત્રીમિત્રોએ જાણી લીધું કે તેનું મન જરાક શાંત પડયું છે. હવે બોલવામાં કાંઈ વાંધો નથી. હવે વાત કહેવા લાગ્યા કે સ્વામી ! ભરત ચક્રેશ્વર સામાન્ય નથી, તે દેવાધિદેવ ભગવાનનો પુત્ર છે. તેની મહત્તા તમારી જેવા જ જાણી શકે. મૂર્ખ વ્યંતરો કેવી રીતે જાણી શકે ! ભરતજી અદ્‌ભુત સંપત્તિના માલિક છે. તેને કોઈનો કાંઈ પણ ભય લાગતો નથી. અને તદ્‌ભવ મોક્ષગામી છે. (તે જ ભવમાં મોક્ષ જનાર છે). તેની ચિદ્‌ભૂતિ જોઈને તમને પ્રસન્નતા થયા વિના નહિ રહે. ભરત છ ખંડને પાળવાનું પુણ્ય લઈને અવતર્યા છે. તો તેનું ભાગ્ય કોણ હરી શકે તેમ છે ? તમે વિવેકી છો. આ વાતનો વિચાર તો કરો.

તે આટલો વીર છે કે વિજયાર્ધ પર્વતના વજ્ર કપાટને, માટીના ઘડાની સમાન, ક્ષણવારમાં તોડી નાખશે. તે ભરત સામાન્ય નથી. મોટા મોટા પર્વતોને ઊખેડી નાખીને સમુદ્રમાં પુલ બાંધીને સમુદ્ર ઓળંગશે. જુઓ ! તે કેટલો બુદ્ધિમાન છે. બાણનો પ્રયોગ કર્યો કે સીધું જ આ થાંભલામાં ભટકાયું, એવી રીતે કે જાણે તેને આ કોઈ જાણીતું સ્થાન હોય. એની ચતુરાઈ સમજવા માટે એનાથી અધિક પુરાવાની શી જરૂર છે ? હાથકંકણને[૧] આરસીની શી જરૂર ?

સમુદ્રમાં જ રહીને તેણે બાણને આજ્ઞા આપી કે 'થાંભલામાં વાગો' તો તે બાણ થાંભલામાં જ આવીને વાગ્યું. જો કોઈ શત્રુના હૃદયને ચીરવાની આજ્ઞા આપે તો તે શત્રુનો જીવ લીધા સિવાય જાય શું ? કદી નહિ. તે મંત્રાસ્ત્ર છે. બીજો પણ વિચાર કરો. બાણની સાથે જે વ્યક્તિ પત્ર મોકલી શકે છે, તે શું અગ્નિની જવાલાઓ ન મોકલી શકે ? તેનું શું પરિણામ આવે તેનો વિચાર કરો.

થાંભલામાં વાગેલા બાણને બતાવીને ઉપર પ્રમાણે જ્યારે સમજાવ્યું ત્યારે માગધામરને વિશ્વાસ આવ્યો કે ખરેખર ભરત વીર છે. જ્યારે તેણે એ સાંભળ્યું કે ભરત વિજયાર્ધ પર્વતના વજ્રકપાટને માટીના ઘડાની જેમ તોડી નાખશે ત્યારે તે વળી વિશેષ ગભરાયો. મોઢું ખોલીને આકુળવ્યાકુળ બનીને સાંભળવા લાગ્યો.

મંત્રીઓએ કહ્યું કે રાજા ! સામાની ને પોતાની શક્તિ જોવી અને વિચાર કરીને યુદ્ધ કરવું તેમાં ડહાપણ છે. જો અભિમાનવશ થઈને પોતે આગળ પગલું લે ને પછી પરાજિત બને તો લોકમાં હાંસી થાય. યુદ્ધ કરવું વીરનું કર્તવ્ય છે, પરંતુ ઉપરની વાત વિચાર્યા વિના પોતાથી બળવાન શત્રુની સાથે યુદ્ધ કરે તો કદી પણ લાભ થતો નથી.

પોતાના બરોબરિયા સાથે બાથ ભીડવી યોગ્ય છે. પોતાથી બળવાન સાથે યુદ્ધ કરવું તે તો પોતે જ પોતાનો દુશ્મન બનવા જેવું છે. આ વચન તો માગધામરના હૃદયમાં બરાબર બેસી ગયું. તે મનમાં ને મનમાં ભરતની વીરતા ઉપર ખુશ થવા લાગ્યો.

---

૧ હાથકંકણ : જે પ્રત્યક્ષ છે તેને માટે પ્રમાણની શી જરૂર છે.

રાજા ! તમને કદાચ એમ લાગશે કે અમોએ સ્વામીની ઈચ્છાથી વિરુદ્ધ બીજાની પ્રશંસા કરી. પરંતુ એવો વિચાર ન લાવવો જોઈએ. દર્પણની જેમ ખરી પરિસ્થિતિને જેમ છે તેમ કહી છે. એ તમારા ભલા માટે છે. પોતાના સ્વામીની નિંદા કરી બીજાની પ્રશંસા કરવી તે ખરેખર નીચવૃત્તિ છે. અમોએ અંતે જીતવાનો ઉપાય કહ્યો છે આપનું કાર્ય બગાડવાનો ઉપાય અમે ન કહીએ. આજે જરાક આપને અમારું વચન કડક લાગશે. પરંતુ તેનું ફળ સારું આવશે. અમોએ આપના હિત માટે જ યોગ્ય વાત કરી છે. જો આપના મનમાં આવે તો સંમત થજો, નહિતર છોડી દેજો.

કુલવૃદ્ધોનાં હિતપૂર્ણ વચનો સાંભળીને માગધામરને બરાબર નક્કી થઈ ગયું કે ભરત ખરેખર અસાધારણ વીર છે. તેને હું જીતી નહિ શકું. તે કિંકર્તવ્યવિમૂઢ બન્યો. (તેને શું કરવું તે સૂઝયું નહિ.) માથું ખંજવાળતાં કહેવા લાગ્યા કે તો પછી હવે શું કરવું ? એ તો કહો. ત્યારે તેઓ કહેવા લાગ્યા કે હવે શું કરવું ? હવે એ કરવું કે બહુ સંતોષપૂર્વક જઈને ભરતચક્રવર્તીના ચરણોમાં વંદના કરવી. તે આદિતીર્થંકરના પુત્ર તો છે જ ને ! તો પછી એમ કરવામાં શું હરકત છે ? તેના ચરણમાં પ્રણામ કરવાથી આપની આબરૂ ઓછી નહિ થઈ જાય. છ ખંડ ભૂમિમાં તેની સાથે વિરોધ કરનાર કોણ છે ? તેના ગુણો પર મુગ્ધ થઈને તેને વંદના કોણ નથી કરતું ? વિશેષ શું ? એ તદ્ભવ મોક્ષગામી છે. તેથી તેને વંદના કરવામાં શો દોષ છે ? માટે આપ જાઓ.

ભક્તિથી જે તેને નમસ્કાર નથી કરતા તેને તે તત્કાલ શક્તિથી નમાવે છે. આમ હોવાથી પહેલેથી જ જઈને નમસ્કાર કરવા તે મહા યુક્તિ છે, આ વચનો સાંભળીને માગધામરે તે વાત કબૂલ કરી. હિતૈષીઓના વચનો સ્વીકાર્યા તે માટે તેઓએ માગધામરની હૃદયથી પ્રશંસા કરી. નીતિમાન રાજાની પ્રશંસા કોણ ન કરે ! રાજા ! કાલે આવવા ચક્રવર્તીએ ફરમાન કર્યું છે તેથી કાલે જ જજો. આજે સાંજ પડી ગઈ છે. એ સાંભળી માગધામર બહુ આનંદમગ્ન થઈ ગયા.

આ તરફ ભરતજીએ બાણ છોડયા પછી પોતાની સેના પાસે જવાની તૈયારી કરી. સારથીને આજ્ઞા આપતાં જ તેઓએ રથ પાછો ફેરવ્યો. અનેક પ્રકારની ઘંટડીઓ વાગવા લાગી. તેની પતાકાઓ આકાશમાં ફરકે છે. તે રથને જોતાં જ એમ લાગે છે કે કદાચ મેરુ પર્વત જ આવી રહ્યો હોય. ઘોડા પણ પાછા ફરતા હોવાથી જરાક ઝડપથી જાય છે. તે રથમાં વજદંડ એક બાજુ શોભે છે. ભરતજી પોતાનો ડાબો હાથ ટેકવીને બહુ વીરતાપૂર્વક બેઠા છે. ડાબા હાથમાં પંચરત્ન નિર્મિત બાણ છે. એને જોતાં એમ લાગે છે કે કદાચ ઈન્દ્રધનુષ જ હોય. તે વખતે ભરતજી પણ ઈન્દ્રધનુષ સહિત હિમાલય પર્વતની જેવા જણાતા હતા. બન્ને તરફથી ભરતજી ઉપર ચામર ઢાળવામાં આવે છે. જે વખતે ભરતજી પાછા ફરે છે એવા સમાચાર સેનાને મળ્યા તે વખતે આનંદનો પાર ન રહ્યો. બધા વીર હર્ષધ્વનિ કરવા લાગ્યા. બધા જયજયકાર કરવા લાગ્યા.

સેનાસ્થાન હવે નજીક આવ્યું. બાણને રથમાં જ મૂકી દીધું. સારથીનું સન્માન કરવા માટે એક રથીને આજ્ઞા આપીને ભરતજી ચાલ્યા ગયા. સામેથી મંત્રી, સેનાપતિ, રાજપુત્ર વગેરેએ આવીને બહુ ભક્તિથી નમસ્કાર કર્યા.

એવી રીતે બીજા વીર, વ્યાપારી, વેશ્યાગણ, હાથીના સવાર, ઘોડેસ્વાર વગેરે લોકો ભરતજીને

નમસ્કાર કરતા હતા. કવિઓ કવિતા કરતા હતા. સ્તુતિ-પાઠકો સ્તોત્ર બનાવતા હતા. ભટ્ટલોકો હાથ ઊંચા કરીને આશીર્વાદ દેતા હતા. વેત્રધારીઓ 'સાવધાન' આદિ સુંદર શબ્દો ઉચ્ચારતા હતા. આ બધું સાંભળતા સાંભળતા ને જોતા જોતા ભરતજી પોતાના મહેલમાં ગયા. ભરતજીની રાણીઓએ બહુ ભક્તિપૂર્વક પ્રાણેશની આરતી ઉતારી. ત્યાર પછી પૂજ્ય ચરણોમાં નમન કર્યું. રાણીઓને ભરતજીનો વિયોગ ચાર દિવસથી થયો હતો, પરંતુ તેમને ચાર યુગ જેવો લાગતો હતો. એમ હોવાથી પતિને ઘેર આવેલાં જોઈને તેમને કેટલો હર્ષ થયો હશે એનો પાઠક પોતે જ વિચાર કરી લે.

ભરતજીએ પોતાની સ્ત્રીઓ સાથે સાંજે ભોજન કર્યું અને જિનવંદના કર્યા પછી મહેલમાં બહુ આનંદથી રહ્યા છે. તે રાત ઘણી ખરી સમુદ્રપ્રયાણ ને ધ્યાનની ચર્ચા કરીને જ વ્યતીત કરી. પતિના વિજય ઉપર તે રાણીઓને ઘણો હર્ષ થયો. વાચક ભૂલી નહિ ગયા હોય કે ભરતજીએ મંત્રીને, તેમજ સેનાપતિને કહ્યું હતું કે 'માગધામરને જીતવા સંબંધમાં તમે ચિંતા ન કરો. હું જરાક ધ્યાન કરી લઉં. પછી તમે દેખશો કે તેને હું અહીં જ બોલાવી દઈશ એ પ્રમાણે ભરતજીને તે વ્યંતરને બોલાવવામાં સફળતા મળી. એક જ બાણના પ્રયોગથી તેનો ગર્વ ઊતરી ગયો. શું આટલું સામર્થ્ય તેના ધ્યાનમાં છે ? હા ! છે. પરંતુ આત્મવિશ્વાસ હોવો જોઈએ.

ભરતજીને ભરોસો હતો કે આત્મબલથી સર્વ શક્ય છે. તેઓ રાતદિન આ પ્રકારે ચિંતવતા હતા કે :–

''અગણિત દુઃખો દઈને પીડવાવાળી કર્મરૂપી મોટી જબરી સેનાને માત્ર એક નજર કરીને જ જીતવાનું સામર્થ્ય આ પરમાત્મામાં છે. તેથી હે પરમાત્મા ! તમે મારા હૃદયમાં નિરંતર વર્ત્યા રહો.

હે સિદ્ધાત્મા ! કામદેવરૂપી મદોન્મત્ત હાથીને જીતવા માટે આપ સિંહ સમાન છો. જ્ઞાન સમુદ્રને ઉછાળવા માટે આપ ચંદ્ર સમાન છો. કર્મ પર્વતનો આપે નાશ કરી નાખ્યો છે. તેથી અમને પણ તેવું બળ આપો કે જેથી અમે પણ કર્મથી કાયર ન બનીએ.''

આમ હોવાથી ભરતજી જેવા વીરોને લોકિક શત્રુઓની પરવા હોય ?

# ૬. આદિરાજોદય સંધિ

**સ**વારમાં ઊઠીને ભરતજી નિત્ય ક્રિયાથી પરવાર્યા. સ્નાન ને દેવાર્ચન કરીને તેઓએ પોતાનો પોશાક ધારણ કર્યો. ને આભૂષણો પહેર્યાં. જાણે કેમ દેવેન્દ્ર હોય તેવા લાગતા હતા. એવી રીતે સુંદર વેષમાં આવીને તેઓએ દરબારને શોભાવ્યો.

ઘણા રાજાઓ અને રાજપુત્રો આજે દરબારમાં આવ્યા હતા. તેઓએ સમ્રાટને પોતાની ઉત્તમ ભેટ સમર્પીને નમસ્કાર કર્યા. ને પોતપોતાના સ્થાનમાં બિરાજ્યા.

વિચારશીલ મંત્રી, પ્રભાવશાલી સેનાપતિ ભરતજીની પાસે બેઠા છે, પાછળ ગણબદ્ધદેવ છે. પાસે જ મિત્રો બેઠા છે. જરાક દૂર વેશ્યાઓ છે. સામે વીર યોદ્ધાઓનું લશ્કર છે.

એ પ્રમાણે કવિગણ અને વિદ્વાન લોક સામે જ ઊભા રહીને અનેક કવિતા ગાઈ રહ્યા છે. બન્ને બાજુ ચામર ઢોળાય છે. કોઈ ગાયકો પ્રાતઃ કાલને અનુરૂપ રાગ ગાઈ રહ્યા છે તેને ભરતજી મન દઈને સાંભળે છે. કોઈ તાંબૂલ આપે છે. તે પણ લઈ રહ્યા છે. એકવાર સમ્રાટની દૃષ્ટિ ક્ષત્રિયપુત્રો પર પડે છે ને એક વાર રાજાઓ તરફ પડે છે. લાંબી સેનાને જોતાં જોતાં સાથો સાથ ગાયન પણ સાંભળે છે.

લલિત રાગનું ગાયન ઘણું સારું ગવાયું. તેમાં પણ આત્મકલાનું વર્ણન કર્યું. રાજા ! આપ તે કલાને જાણો છો તેથી પ્રસન્ન થયા હશો, એમ અનુકૂલ નાયકે કહ્યું. સ્વામી ! એક એક અક્ષરને બરાબર નોખો નોખો પાડીને અત્યંત સુસ્વરપૂર્વક ગાન થઈ રહ્યું છે, એમ દક્ષિણ નાયકે કહ્યું. ના, ના, સાકર ને દૂધ મેળવીને પીતાં જે આનંદ આવે છે એવો આનંદ આ ગાયનમાં આવ્યો છે એમ કુટિલ નાયકે કહ્યું.

શેઠઃ-તાન, આલાપ ને ગાયકનું ગાંભીર્ય એ ભરતના હૃદયને પ્રસન્ન કરવા માટે ઘણાં સારાં છે.

જવા દો ભાઈ ! તમો બધા એક રાગની જ પ્રશંસા કરો છો. અમે તો એમ કહેવા માગીએ છીએ કે શ્રી ગુરુ હંસનાથને તેણે કોયલની જેમ ગાઈ બતાવ્યો, એમ નાગરે કહ્યું. બહુ કુશલતાપૂર્વક તેણે મલહરિ રાગદ્વારા નિષ્કુટિલ આત્મતત્ત્વનું વર્ણન કર્યું. સરસ્વતીએ જ જાણે કે ચક્રવર્તીના દર્શન કર્યાં એવું થયું, એવી રીતે વિટે કહ્યું. જેવી રીતે મત્સ્ય જલમાં ચમકે છે તેવી રીતે ચમકતું ગાયન તેણે ગાયું, એમ પીઠમર્દકે કહ્યું.

નહિ ભાઈ ! શોષણ મુખવીણામાં અધ્યાત્મઔષધરસને ભરીને વૈષયિક રોગીઓના કાન સુધાર્યા એમ વિદૂષકે કહ્યું.

આ પ્રમાણે જુદા જુદા પ્રકારના વચનો સાંભળતાં સાંભળતાં મનમાં ને મનમાં સંતોષ પામતા હતા. અને ગાયન સાંભળતાં જેના ગાયનથી પ્રસન્ન થતા હતા તેમને અનેક પ્રકારના ઈનામ આપતા હતા.

એક એક કલાથી પ્રસન્ન થઈને અને આત્માનો વિચાર કરતા થકા સિંહાસન પર બિરાજમાન હતા. એવામાં મંદાકિની નામની દાસીએ અર્કકીર્તિકુમાર ને લાવીને સમ્રાટના હાથમાં આપ્યો.

'સ્વામી ! રાજદરબારમાં આવવા કુમારે હઠ લીધી છે. તેથી હું અહીં લાવી છું.' ત્યારે સભામાં થતી વાતચીત તદ્દન બંધ થઈ ગઈ બધા લોકો તે બાળકના સૌંદર્ય પર મુગ્ધ થઈને જોવા લાગ્યા.

સમ્રાટે બાળકને પોતાના ખોળામાં બેસાડીને તેની સાથે પ્રેમસંલાપ કરવો શરૂ કર્યો. તે કુમાર તે વખતે ઘણાં સુંદર દેખાતા હતા. ઉત્તમ જાતિનાં રત્ન જેવી રીતે રત્નોમાં કોઈ વિશિષ્ટ સ્થાન મેળવે છે તેવી રીતે આ કુમારરત્ન પણ કોઈ ખાસ વિશિષ્ટતા લઈને આવ્યું હતું.

પિતાનું જ સૌંદર્ય છે. પિતાનું જ રૂપ છે. પિતાનું જ સ્વરૂપ છે. પિતાની જ દૃષ્ટિ છે. બધુંય એક જ પ્રકારના નમૂનાનું પ્રતિક છે. આવો સુંદર પુત્ર ખોળામાં આનંદથી બેઠો છે. તે કુમારે અનેક રત્નનિર્મિત આભૂષણો પહેર્યાં છે. તેથી તેનું સૌંદર્ય કંઈ અનોખું જ શોભી રહ્યું છે.

કોઈવાર ભરતજી બાળક તરફ જોઈને હસે છે. કોઈવાર ચુંબન કરે છે, કોઈવાર તેને ઉછાળે છે, આ રીતે અનેક પ્રકાર તેની સાથે પ્રેમવ્યવહાર કરે છે. ભરતજી બચ્ચાને કહે છે કે બેટા ! આદિ તીર્થંકર શબ્દનું નામ તો લ્યો. ત્યારે તે ''આદિકર'' બોલવા લાગ્યા. ભરતજી હસવા લાગ્યા. આત્માનું વર્ણન કરતા થકા બાળકને કહ્યું કે ઠીક ! 'ચિદંબરપુરુષ' એમ બોલો. કહેવા લાગ્યા કે ચિંબરપૂસ.' ભરતજી જોરથી હસવા લાગ્યા. ઠીક ! 'ગુરુનિરંજનસિદ્ધ' બોલો. કુમાર કહેવા લાગ્યા કે 'નિંજસિદ્ધં'. ફરીને ભરતજીને હસવું આવ્યું.

ફરી ભરતજી બધા રાજાઓને દેખાડતા થકા પૂછવા લાગ્યા કે બેટા ! સામે બેઠેલા લોક કોણ છે ? ત્યારે તે બાળકે હાથ ન લંબાવતા પોતાનો ડાબો પગ જ ઉંચો કરીને લંબાવ્યો. ત્યારે બધા રાજાઓ અંદરોઅંદર વાતચીત કરવા લાગ્યા કે જુઓ તો ખરા બાળકની ચતુરાઈ. અમને પોતાના પાદસેવકની માફક જ સમજે છે. તેથી પગ જ ઊંચો કરીને લંબાવ્યો. આદિચક્રના પુત્રને માટે તે સાહજિક છે.

એટલામાં અર્કકીર્તિકુમારે પોતાનું મુખ ભરતજીના કાનની નજીક કર્યું. તે વખતે એમ લાગતું હતું કે જાણે કે પુત્ર, પિતા પાસે કાંઈ ગુપ્ત મંત્રણા કરી રહ્યો હોય ! ત્યારે બુદ્ધિસાગર કહેવા લાગ્યા કે સ્વામી! હવે મારે મંત્રી તરીકે રહેવાની જરૂર નથી. પિતા રાજા છે, પુત્ર મંત્રી છે. તો પછી આપની બરાબરી કરનારો જગતમાં કોણ છે ?

એટલામાં બધા રાજાઓ આવીને તે બાળકને અનેક પ્રકારની ભેટ અર્પણ કરવા લાગ્યા. કેમકે તે બુદ્ધિમાન હતા. તેથી તેઓ સમજતા હતા કે આ અમારા ભાવી રક્ષક છે. ભરતજીએ કહ્યું કે બાળક માટે ઉપહારની શી જરૂર છે ? તમે આવી તકલીફ ઉઠાવો નહિ. એમ કહેવાથી રાજાઓએ બહુ વિનયપૂર્વક કહ્યું કે સ્વામી ! ''અમારી આટલી સેવા અવશ્ય સ્વીકારો. અમારી પ્રાર્થના છે.'' ત્યારપછી રાજપુત્ર અને રાજાઓએ આવીને તે પુત્રને અનેક રત્ન, સુવર્ણ વગેરે સમર્પ્યા. ત્યાં સોનાનો ને રત્નનો પર્વત થયો. ભરતનું ભાગ્ય શું નાનું છે ?

બધા ભેટ સમર્પીને બાળકને નીરખતાં નીરખતાં ઊભા હતા. ભરતજીએ કહ્યું કે બેટા ! બધા લોકો રજા મેળવવા ઊભા છે. જરાક તેમને તેમના સ્થાનમાં જવાનું કહો તો ખરા. ત્યારે બાળકે

પોતાનું મસ્તક ને હાથ હલાવ્યાં. ત્યારે બધા લોકોએ સમજી લીધું કે હવે જવાની અનુમતિ આપી છે. ત્યારે ભરતજીએ કહ્યું કે બેટા ! એમ નહિ, બધાને તાંબૂલ દઈને રજા આપો. ખાલી હાથે જવાનું કહેવું યોગ્ય નથી. ત્યારે તે બચ્ચાએ તાંબૂલની થાળી આગળ ધરી. બધા લોકોએ ખૂબ હર્ષપૂર્વક તાંબૂલ લીધાં. ભરતજીએ ફરી પૂછયું કે બેટા ! આ સોનાની રાશિ કોને દેવી ? ત્યારે તેની સામે ઊભેલા સેવકોને હાથથી બતાવ્યા. ત્યારે રાજાઓને તેની ચતુરાઈ ઉપર આશ્ચર્ય થયું.

સ્વામી ! શું કલ્પવૃક્ષના બીજથી જંગલી ઝાડની ઉત્પત્તિ થઈ શકે ? તમારા પુત્રમાં નબળા ગુણો આવે ખરા ! કદી નહિ. એ પ્રમાણે વિદ્વાનોએ તે વખતે પ્રશંસા કરી.

આ રીતે અનેક પ્રકારના વિનોદપૂર્વક વિદ્વાનોને અને સેવકોને સુવર્ણદાન દઈને જ્યારે ભરત બહુ આનંદથી બિરાજમાન હતા તે વખતેજ વાજાનાં શબ્દો સાંભળવામાં આવ્યાં. આકાશ પ્રદેશમાં ધ્વજાપતાકા, વિમાન વગેરે જોવામાં આવ્યાં. તે વ્યંતરોની સેના હતી. સમુદ્ર તરફથી આવી રહી હતી. મંદાકિની દાસીને બોલાવીને તેણે કુમારને સોંપી દીધો અને મહેલમાં લઈ જવાનું કહ્યું. અને પોતે મેરુ સમાન અચલ ને સમુદ્ર સમાન ગંભીર થઈને બિરાજમાન થયા.

માગધામર આકાશમાર્ગે જ ભરતજીની સેનાને જોતા જોતાં આવતાં હતા. તેને તે વિશાલ સેના જોઈને આશ્ચર્ય થયું. તેનું વીર્ય ઢીલું પડી ગયું. મનમાં જ વિચાર કરવા લાગ્યો કે આને હું કેમ જીતી શકત ! આની સાથે વક્રતા કામ આવે ? કદી નહીં. સમુદ્રના તટપર વિમાનથી ઊતરીને માગધામર, સ્વામીના દર્શન કરવા ભરતના દરબાર તરફ ચાલ્યા.

એવામાં વચ્ચે એક ઘટના બની. એક ચુગલીખોરે આવીને ભરતજીની સેનાના એક યોદ્ધાને કાંઈક કહ્યું. તે મગધના નગરમાં રહેતો હતો પણ ભરતનો ભક્ત હતો. તેથી પહેલે દિવસે માગધામરના દરબારમાં જે વાતચીત થઈ તે બધી વાત તેણે તેને કહી દીધી. ચક્રવર્તી માટે માગધામરે પહેલે દિવસે જ તિરસ્કારયુક્ત વચનો ઉચ્ચાર્યા હતા તે બધાં વચનોની તેને ખબર પડી ગઈ. તે યોદ્ધો તેથી ખૂબ ક્રોધે ભરાયો. તે ચુપચાપ જઈને ભરતજીના કાનમાં બધી વાતો કહીને ચાલ્યો ગયો.

માગધામર છત્ર, ચામર, વગેરે વૈભવના ચિહ્નો રાખ્યા સિવાય ચક્રવર્તીના દર્શન કરવા આગળ આવતા હતા. તે દીર્ઘમુખી હતા. તેને મોટી મોટી આંખો હતી. દીર્ઘશરીરી હતા, સાહસિક હતા. અને અનેક રત્નમય આભૂષણોને પહેર્યાં હતા. પોતાની સાથેના લોકોને બહાર ઊભા રહેવાનું કહીને પોતે તથા મંત્રી હાથમાં અનેક પ્રકારના રત્ન આદિ ઉત્તમોત્તમ ઉપહારો લઈને દરબારમાં પ્રવેશ કર્યો.

દરવાજામાં અનેક રત્નદંડો હાથમા રાખીને દ્વારપાલો હતા, તેમની અનુમતિ પામીને માગધામર અંદર જવા લાગ્યા.

અંદર જઈને એકવાર તો તે બેબાકળા બની ગયા. બહાર ગાઉના ગાઉ સુધી વિસ્તારમાં ઊભેલા હાથી, ઘોડા, રથ, વગેરે જોઈને તો તેના હૃદયમાં આશ્ચર્ય ઉત્પન્ન થયું. અત્યારે અંદરમાં અગણિત પ્રતિભાશાલી રાજા અને રાજપુત્રો ભરતની સેવામાં ઉપસ્થિત હતા. તે બધાની વચ્ચે

રત્નમય સિંહાસન ઉપર આરૂઢ થઈને બિરાજમાન ભરતજી કુલગિરિઓની મધ્યે સ્થિત મેરુ સમાન સુંદર લાગતા હતા. તેના શરીરના રત્નમય આભરણ વગેરેના તેજથી તેઓ સાક્ષાત પૂર્વ દિશામાં ઉદય પામનારા સતેજ સૂર્ય સમાન લાગતા હતા. ભરતજીનું સૌંદર્ય તો લોકમોહક હતું. પુરુષ જુએ તો પણ મોહિત થાય. આ પ્રકારની સુંદરતા જોઈને માગધામર મુગ્ધ બન્યા. એમ છે તો પછી જે સ્ત્રીઓ એકવાર ભરતજીને જોઈ લે તેની શી અવસ્થા થતી હશે ?

વચ્ચે વચ્ચે ઊભા રહેતા ને બહુ વિનય કરતા. સ્વામી આગળ જેવી રીતે સેવક આવે છે તેવી રીતે માગધામર ચક્રવર્તી આગળ આવતા હતા. ચક્રવર્તીએ તેની તરફ ક્રોધની નજરે જોયું, ને પાસે ઊભેલા સંધિવિગ્રહીઓને પૂછયું કે શું આ માગધ છે ? ત્યારે તેઓએ જવાબ આપ્યો કે સ્વામી ! 'આ માગધ છે, મોટો આદમી છે, આપની સામે આવ્યો છે, જુઓ, ત્યારે ચક્રવર્તીએ ''અરે માગધ ! કાલે તમે બહુ જોરમાં આવી ગયા હતા ને ? ગુલામ ! શું તમને સમુદ્રમાં રહેવાનું અભિમાન છે ? ઠીક, જોઈશું.'' એમ કહ્યું.

ત્યારે માગધામર બીકના માર્યા ધ્રુજવા લાગ્યા અને 'સ્વામી ! મારો અપરાધ માફ કરો' એમ કહેતા કહેતા તે ભરતના ચરણમાં પડી ગયા. ચક્રવર્તીને હસવું આવ્યું. કહેવા લાગ્યા કે ઊઠો, ગભરાઓ નહિ. ત્યારે એકદમ ઊઠીને બેઠા થયા.

'સ્વામી ! ત્રણ છત્રધારી ત્રિલોકાધિપતિના પુત્ર આગળ કોનું અભિમાન ચાલી શકે. અમે તો કૂવામાં જેવી રીતે દેડકાં રહે છે તેવી રીતે, પાણીની વચ્ચે આવેલા એક દ્વીપમાં રહીએ છીએ. એમ હોવાથી દેવ ! આપના તેજને અમે કેવી રીતે જાણી શકીએ ? રાજા ! તમારું રૂપ કામદેવથી પણ અધિક છે. તમને પ્રસન્ન કરવા પૂર્વ જન્મના સુકૃતની જરૂર છે. અમે શા હિસાબમાં ! વ્યંતર તો ભૂત બન્યા કરે છે. ભૂત શું, ભ્રાંત છે' એમ હોવાથી અમે કેમ તમારી મહત્તા જાણીએ ? આ લોકમાં એક નાની નદી સમુદ્રની નિંદા કરે, ઘુવડ હંસની નિંદા કરે અને માગધ ભરત ચક્રવર્તીની નિંદા કરે તો શું બગડી જાય ?

અદ્ભુત સૌંદર્ય, ભરપુર યૌવન, આશ્ચર્યકારક ચતુરાઈને ધારણ કરનારાં ચક્રવર્તી સામે અમે જે વ્યવહાર કર્યો છે તેને માટે અમને ધિક્કાર હો ! મારે માટે શરમની વાત છે. રાજા ! આપના જેવું સૌંદર્ય પ્રાપ્ત કરવા મનુષ્યે પ્રયત્ન કરવો જોઈએ. જો તે ન મળે તો આપની પ્રસન્નતા પ્રાપ્ત કરવી એ પણ એક મહા ભાગ્યની વાત છે. ભોગ અને યોગમાં રહીને મુક્ત થવાવાળા મોક્ષભોગીની બરાબરી આ લોકમાં કોણ કરી શકે ?' એવા અનેક પ્રકારે સ્તુતિપાઠક ભટ્ટોની સમાન માગધામરે ભરતની પ્રશંસા કરી.

માગધના વચનથી રાજાગણ અને રાજપુત્ર વગેરે પ્રસન્ન થઈને કહેવા લાગ્યા કે 'શાબાશ ! માગધ ! સ્વામીના ગુણોનું તમે યર્થાથ રીતે વર્ણન કર્યું છે. તમે સાચેસાચ સ્વામીનું હિત ઈચ્છનારા છો. તેથી જ એવા જ પ્રકારે તમે તેની પ્રશંસા કરી છે.'

ત્યાર પછી ચક્રવર્તીએ તેને બેસવા માટે એક આસન અપાવ્યું ને કહ્યું કે માગધામર ! તમે દુષ્ટ નથી, સજ્જન છો. આ આસન પર બેસો.

'સ્વામી ! હું બચી ગયો.' એમ કહેતા થકા માગધામરે સાથે લાવેલા અનેક ઉપહારો ભરતજીના ચરણમાં સમર્પીને મંત્રી સહિત તેણે ફરી નમસ્કાર કર્યા. દરબારમાં બેઠેલા બધા સજ્જનોએ માગધામરની સજ્જનતાની પ્રશંસા કરી. બુદ્ધિસાગર પાસે જ બેઠા હતા. તેની તરફ ભરતજીએ જોયું. તે સમ્રાટના અભિપ્રાયને સમજીને કહેવા લાગ્યા કે 'સ્વામી ! માગધામર સજ્જન છે. વ્યંતર લોકમાં આ વીર શ્રેષ્ઠ છે. જલદી જ આપની સેવા માટે આવે એવા છે. દેશાધિપતિઓના સંસર્ગમાં જિતેન્દ્રપુત્રોને પ્રસન્ન કરવાનું ભાગ્ય જેણે મેળવ્યું છે તે ખરેખર કૃતાર્થ છે. તેથી આ માગધને પણ ધન્ય છે.'

ત્યારે માગધામર કહેવા લાગ્યા કે 'મંત્રી ! તમે ઘણું સારું કહ્યું. તમારી ચતુરાઈ મને ઘણી વાર સાંભળવામાં આવી છે. પરંતુ આજે તો પ્રત્યક્ષ તમને જોયા, ખરેખર તમે મારો ઉદ્ધાર કર્યો.'

બુદ્ધિસાગરે જરાક હસીને કહ્યું કે 'સ્વામી ! આ માગધને હવે ઘેર જવાની આજ્ઞા આપો. કે તે આગળના મુકામે આપની પાસે ફરી આવે.'

ભરતજીએ તે વખતે માગધામરને પાસે બોલાવીને અનેક પ્રકારના ઊંચા વસ્ત્રો ને આભૂષણો તેને ભેટ આપ્યા. માગધ દેવે ભેટમાં જે અમૂલ્ય રત્નો સમર્પ્યાં હતાં તેનાં કરતાં પણ વિશેષ ઉત્તમોત્તમ રત્નો ચક્રવર્તીએ તેને આપ્યાં. ચક્રવર્તીને કઈ ચીજની ખામી છે ? તેને કેવલ પોતાના પગમાં નમસ્કાર કરાવવાની એક માત્ર ઈચ્છા રહે છે. બાકી ધન ઘરેણાં વગેરેની ઈચ્છા નથી હોતી. તેવા માગધામરનું તેણે યોગ્ય સન્માન કર્યું. સાથોસાથ ભરતજીએ એમ પણ કહ્યું કે 'માગધ ! તમારો મંત્રી પણ બહુ વિવેકી છે એમ અમારા સાંભળવામાં આવ્યું છે. તેને પણ અનેક પ્રકારના ઉત્તમ વસ્ત્રો ને આભૂષણો આપો.' પછી બન્નેને જવાની આજ્ઞા આપી.

''સ્વામી ! હું કાલે જ પાછો આવીશ. ત્યાંસુધી આપની સેવામાં મારા પ્રતિનિધિ ધ્રુવગતિ દેવને મૂકી જાઉં છું.'' એમ કહેતા થકા માગધે એક દેવ સોંપીને ચક્રવર્તીને નમસ્કાર કર્યા, ને મંત્રીની સાથે ચાલી નીકળ્યા. રાજસભાને આનંદ થયો. બધા લોક તે જ વાત કરવા લાગ્યા.

ભગવાન ! એવામાં વળી એક બીજી ઘટના બની. રાજમહેલમાંથી એક દાસી દોડીને આવી અને હાથ જોડીને કહેવા લાગી કે સ્વામી ! આપને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ છે. આ હર્ષના સમાચાર સાંભળીને તેને એક મોતીનો હાર ઈનામમાં આપી દીધો. ફરી તે દાસીને પાસે બોલાવીને ધીરેથી પૂછયું કે કઈ રાણીને પ્રસવ થયો છે ? ત્યારે ઉત્તર મળ્યો કે કુસુમાજી રાણીને પુત્ર અવતર્યો છે. ત્યારે સમ્રાટે તેને સંતોષ પૂર્વક એક બીજો હાર આપ્યો. પાસે રહેલાં લોકોને ખૂબ આનંદ થયો. ચક્રવર્તી પણ મનમાં ને મનમાં સંતોષ પામ્યા. તે વખતે બધા પ્રજાજનોમાં હર્ષસમુદ્ર ઊછળી નીકળ્યો. અનેક પ્રકારના વાજાં વાગવાં લાગ્યાં. ચારે તરફથી આનંદભેરી સંભળાવા લાગી. મંદિર વગેરે તોરણથી સુશોભિત કરવામાં આવ્યાં. લોકમાં બધા લોકોને ખબર પડી કે આજે સમ્રાટને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ છે.

સમ્રાટ પણ સિંહાસનથી ''જિનશરણ'' શબ્દ ઉચ્ચારતા થકા ઊઠયા અને દરબાર બરખાસ્ત કરીને મહેલમાં ગયા. તે જ વખતે પ્રસૂતિગૃહમાં જઈને નવજાત (નવા જન્મેલા) બાળકને જોય પાસે જ

સૌ. કુસુમાજી લજ્જાની મારી મુખ નીચું કરીને બેઠી હતી. બાલક અત્યંત તેજસ્વી છે. તેને ભરતજીએ જોઈને ''સિદ્ધો રક્ષતુ'' એ રીતે આશીર્વાદ આપ્યો. પછી ત્યાંથી નીકળ્યા. મહેલમાં જ્યાં જુઓ ત્યાં હર્ષ ને હર્ષ જ દેખવામાં આવ્યો. કુસુમાજી રાણીને પુત્રરત્નની પ્રાપ્તી થઈ એને લીધે બધી રાણીઓને હર્ષ થયો. બધાએ આવીને ભરતજીના ચરણમાં મસ્તક નમાવીને પોત પોતાના આનંદને વ્યક્ત કર્યો.

બુદ્ધિસાગર મંત્રીએ બધા દેશમાં દાન, પૂજા, અભિષેક આદિ પુણ્યકાર્ય કરાવ્યું. ભરતની સેનામાં સેનાપતિએ અનેક હર્ષસૂચક મંગલકાર્યો કરાવ્યાં. ભરતની સંપત્તિ શું ઓછી છે ! મયવ્યંતરના દ્વારા રચિત દિવ્ય દેવાલયમાં રાજગણ, રાજપુત્ર, પ્રજાજન, સેનાના યોદ્ધા વગેરેએ બહુ ભક્તિપૂર્વક જિનેન્દ્રની પૂજા કરી, જેને જોઈને બધા જયજયકાર કરતા હતા.

તે દિવસે જાતકર્મસંસ્કાર, પછી બારમે દિવસે નામકરણસંસ્કાર કર્યા. ભરતજીની ઈચ્છાથી તે બાળકનું, ભગવાન આદિનાથનું દિવ્ય નામ ''આદિરાજ'' રાખવામાં આવ્યું.

નામકર્મસંસ્કારના દિવસે માગધામરે અનેક સંભ્રમ, સંપત્તિ ને સેનાની સાથે હાજર થઈને ચક્રવર્તીના દર્શન કર્યા.

ચક્રવર્તીએ તેના આગમનની બાબતમાં હર્ષ પ્રગટ કરતા થકા કહ્યું કે માગધને આગળના મુકામે આવવા કહ્યું હતું અને તે તુરત જ પાછા આવ્યા. એથી જણાય છે કે તે અમારા માટે હંમેશાં હિતૈષી બની રહેશે.

એ સાંભળીને માગધામરને હર્ષ થયો. કહેવા લાગ્યા કે 'સ્વામી ! આપની આજ્ઞા લઈને ગયો ત્યાં જ સમુદ્રના કિનારે જ મને સમાચાર મળ્યા કે આપને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ છે. મારો વિચાર ત્યાંથી જ પાછા આવવાનો હતો. પણ રાજ્યમાં જઈને ત્યાંથી આ પ્રસંગને યોગ્ય ભેટ વગેરે લાવવાની ઈચ્છાથી ત્યાં ગયો ને બધી તૈયારી કરીને પાછો આવ્યો.'

ચક્રવર્તી કહેવા લાગ્યા કે માગધ ! તમારે માટે મેં ભરી સભામાં તિરસ્કારયુક્ત વચન કહ્યા હતા, તમારા મનને દુઃખ થયું હશે. તેને ભૂલી જાઓ.

'સ્વામી ! એમાં શું ખોટું લગાડવાનું છે ? આપે મને દબાવીને સદ્‌બુદ્ધિ આપી. આપ તો મારા પરમ હિતૈષી સ્વામી છો.' એમ બોલતા માગધે ચક્રવર્તીના ચરણોમાં મસ્તક નમાવ્યું.

ભરતજી માગધામર પર સંતુષ્ટ થયા ને કહેવા લાગ્યા કે માગધામર ! જાઓ. તમારા આધીનસ્થ રાજાઓ સાથે તમે આનંદથી રહો. તે દિવસે મારાથી એમ બની ગયું. હવે તમે સ્વતંત્ર થઈને રહી શકો છો.

સ્વામી ! ધિક્કાર છે તે રાજ્યને, તે આધીનસ્થ રાજાઓને. તે રાજ્યમાં શી મહત્તા છે ? તમારી સેનામાં રહીને પાદસેવા કરવામાં જ મારું પરમ ભાગ્ય છે. હવે આપના ચરણો હું નહીં છોડી શકું. ખરેખર જે લોકો ભરતજીને એકવાર દેખવા પામતા હતા તે તેને મૂકી જવા ઈચ્છતા નહોતા.

નવજાત બાળક જરાક મોટો થાય એટલા માટે તે સ્થાનમાં સમ્રાટ છ માસ રોકાયા. તેમના

દિવસો ત્યાં બહુ આનંદપૂર્વક જતા. સાહિત્યકલા, સંગીતકલાથી હરહંમેશ પોતાને સંતોષતા હતા. કોઈ પણ પ્રકારની ચિંતા તેમને નહોતી.

અમારા પ્રેમી પાઠકોને પણ આશ્ચર્ય થશે કે ભરતજીનું ભાગ્ય બહુ વિચિત્ર છે. તે જ્યાં જાય છે ત્યાં આનંદ ને આનંદ વર્તે છે. કોઈ વખતે તેમની પાસે દુઃખ આવતું નથી. આથી તેમણે એવાં, ક્યાં કાર્યો કર્યાં હશે ? શું પ્રયત્ન કર્યો હશે ? એનો એક માત્ર ઉત્તર આ છે કે-ભરતજી રાતદિન આ પ્રકારની ભાવના કરતા હતા કે :-

''સિદ્ધાત્મા ! આપ લોકૈકશરણ (લોકના એક જ શરણ)છો. જે ભવ્ય આપના શરણમાં આવે છે તેને પુણ્યસંપત્તિ આપીને તેની રક્ષા કરો છો. એટલું જ નહીં, પાપરૂપી ભયંકર જંગલના ભયથી તેને મુક્ત કરો છો. તેથી આપ લોકમાં શ્રેષ્ઠ છો. સ્વામી ! તેથી મને પણ સદ્‌બુદ્ધિ આપો.

પરમાત્મા ! તમે જ્યાં બેસો છો, ઊઠો છો, ચાલો છો, સૂઓ છો, ત્યાં બધી જગ્યાએ તમે પોતાની કુશળ લીલા દર્શાવો છો, તેથી પરમાત્મા ! તમે મારા હૃદયમાં દૃઢ હંમેશાં વર્ત્યા રહો જેથી મને સર્વત્ર આનંદને આનંદ જ મળ્યા કરે.''

આ નિરંતર ભાવનાનું ફળ એ છે ''ચક્રવર્તી સર્વત્ર વિજય પામે છે ને સુખી રહે છે.''

## ૭. વરતનુસાધ્ય સંધિ

છ માસ વીત્યા પછી સેનાને પ્રસ્થાન માટે આજ્ઞા આપવામાં આવી. તે વખતે વિશાલ સેનાએ પ્રસ્થાન કર્યું. પૂર્વસમુદ્રના અધિપતિ માગધામરને સાથે લઈને ભરતજી ચતુરંગ સેનાની સાથે દક્ષિણ સમુદ્ર તરફ જઈ રહ્યા છે. એક રથમાં નાના ભાઈનું ને બીજામાં મોટા ભાઈ અર્કકીર્તિકુમારનું પારણું જઈ રહ્યું છે.

વચ્ચે વચ્ચે મુકામ કરતા થકા સેનાને વિશ્રાંતિ પણ આપી રહ્યા છે. ક્યારેક ભરતજી પાલખી ઉપર ચડીને જાય છે અને ક્યારેક હાથી પર ને ક્યારેક ઘોડા ઉપર. આ રીતે જેવી તેની ઈચ્છા થાય છે તેવી રીતે વિહાર કરે છે. આ રીતે ગરમી, વરસાદ આદિ ઋતુઓને પણ જોઈને પ્રજાજનોને દુઃખ ન થાય તે દૃષ્ટિથી જ્યાં ત્યાં પડાવ નાખતા થકા આગળ વધી રહ્યા છે. કેટલાક પડાવ કર્યા પછી તેઓ દક્ષિણ સમુદ્રના કિનારે પહોંચ્યા. તે જગ્યાએ સેનાએ પડાવ નાખ્યો. પૂર્વોક્ત રીતે ત્યાં નગર, ઘર, મહેલ, જિનમંદિર આદિની વ્યવસ્થા થઈ ગઈ હતી.

સમુદ્ર કિનારે ઊભા રહીને 'માગધામરને બોલાવો' એમ કહ્યાં પહેલાં જ માગધામર હાથ જોડીને સામે આવી ઊભા રહ્યા. ભરતજીએ કહ્યું કે 'માગધ ! આ સમુદ્રમાં વરતનુ નામક વરુ સમાન વ્યંતર રહે છે તેને તમે જાણો છો ? ચુપાચૂપ આવીને તે અમારી સેવામાં ઉપસ્થિત થશે કે અભિમાન રાખીને બેઠો રહેશે ? બોલો તો ખરા, તે કેવા સ્વભાવનો છે ?'

માગધામર કહેવા લાગ્યા કે 'સ્વામી ! લોકમાં આપની સામે કોણ અભિમાન બતાવી શકે એમ છે ? અથવા કોનું અભિમાન ચાલી શકે તેમ છે ? પણ તેનાથી રહિત વરતનુ સજ્જન છે. આપની સેવામાં તેને સાથે લઈને કાલે જ હું ઉપસ્થિત થઈશ. સ્વામી ! એમાં કઈ મોટી વાત છે ?'

ભરતજી માગધના વચન સાંભળીને પ્રસન્ન થયા. કહેવા લાગ્યા કે ત્યારે તો ઠીક, હવે તમે જાઓ, કાલે તમે તેને લઈને આવો. એમ કહીને તેને ને બાકીના લોકોને મોકલીને પોતે મહેલમાં ગયા. સ્નાન, દેવાર્ચન, ભોજન, શયન આદિ લીલાથી તે દિવસ વ્યતીત થયો. ફરી પ્રાતઃકાલ થતાં જ નિત્યક્રિયાઓથી નિવૃત્ત થઈને દરબારમાં આવીને બિરાજમાન થયા.

દરબારમાં યથાપ્રકાર બધો પરિવાર એકત્રિત થયો હતો. કવિગણ, વિદ્વદ્‌ગણ, વેશ્યાઓ, ગાયક વગેરે બધા યથાસ્થાને બિરાજમાન હતા. બધા લોક ભરતજીના દર્શન કરીને પોતાને ધન્ય સમજી રહ્યા હતા.

અનેક ગાયક અનેક રાગોનો આશ્રય કરીને ગાયન ગાઈ રહ્યા છે. કોઈ તે વખતે મંગલ કૌશિક રાગનો આશ્રય કરીને મંગલશરણ લોકોત્તમ પરમાત્માના ગુણો ગાઈ રહ્યા છે. તેને ચક્રવર્તી બહુ પ્રેમપૂર્વક સાંભળી રહ્યા છે. કોઈ નારાયણિ, ગુર્જરિ, સૌરાષ્ટ્ર આદિ રાગોમાં આત્મા અને કર્મના કાર્યકારણ સંબંધનું વર્ણન કરતા થકા ગાઈ રહ્યા છે. તેને ચક્રવર્તી સાંભળીને પ્રસન્ન થઈ રહ્યા છે. પુણ્યગાનને બહારથી સાંભળતાં થકા, અંદરથી પરમલાવણ્ય પરમાત્માનું સ્મરણ કરતા થકા, પુણ્યમય વાતાવરણમાં રાજાગ્રણ્ય સમ્રાટ બિરાજમાન છે.

ભગવાન આદિનાથનું સ્મરણકરતા થકા પરમાત્માનું પણ ભેદ વિચારથી સ્મરણ કરી રહ્યા છે. એવામાં ગંધમાધવી નામની દાસીએ આદિરાજને લઈને ચક્રવર્તીના હાથમાં આપ્યા. ભરતજીએ બહુ આનંદપૂર્વક તે બચ્ચાને લઈને પ્રેમાલાપ કરવાનો આરંભ કર્યો.

ક્યારેક બાલકને જોઈને હસે છે. ક્યારેક 'મહારાજ ! ક્યાંથી આપની સવારી પધારી છે ?' એ પ્રકારે ખૂબ વિનોદથી પૂછી રહ્યા છે. કૈલાસ પર્વતથી આવેલા આપ આદિનાથ તો નથી ને ? મેરુની ટોચ ઉપર ઊભા રહીને મને કરુણાથી દેખવાને માટે આવેલા આ આદિરાજ છે.

ભરતજીના હાથે સુર્વણરક્ષા બાંધેલી છે. તેને જોઈને બાળક હઠ કરવા લાગ્યો કે તે મને મળવી જોઈએ. ત્યારે ભરતજી કહેવા લાગ્યા કે બેટા ! આ રક્ષામાં શું છે ? જરાક મોટા થાઓ. તમારે માટે ઘરેણાંના ઢગલે ઢગલા બનાવી આપવામાં આવશે.

ભરતના ખોળામાં આદિરાજ ખૂબ આનંદપૂર્વક બેઠા છે. એવામાં અર્કકીર્તિ વસ્ત્રાભૂષણોથી અલંકૃત થઈને તે દરબારમાં આવ્યા.

તેની પાછળ મંદાકિની દાસી પણ આવતી હતી. અર્કકીર્તિ દરબારમાં પ્રવેશ કરતાં જ દરબારી લોક ઊઠીને ઊભા થયાને તેને નમસ્કાર કરવા લાગ્યા. બધાને બેસવા માટે હાથથી ઈશારા કરતા થકા ભરતજી પાસે તે જઈ રહ્યા હતા. ભરતજીને પણ પુત્રને આવતાં જોઈને હર્ષ થયો. આદિરાજને કહેવા લાગ્યા કે 'બેટા ! તમારા મોટાભાઈ આવે છે, ઊભા થઈને તેનું સ્વાગત તો કરો.' એવામાં તે બાળક ઊભો થઈ ગયો. જ્યારે ભરતજીએ તેને હાથ જોડવા કહ્યું ત્યાં હાથ જોડવા લાગ્યા. અર્કકીર્તિ તેને જોઈને ખુશ થયા. સ્વયં ભરતના ચરણમાં એક રત્નને ભેટ સમર્પીને સિંહાસનની પાસે જ ઊભા રહ્યા.

ભરતજીને તેની વૃત્તિ જોઈને આશ્ચર્ય થયું. તેઓ પૂછવા લાગ્યા કે મંદાકિની ! અર્કકીર્તિ કુમારને આવું કોણે શીખવી રાખ્યું છે ? બોલો તો ખરા.

'સ્વામી ! કોઈએ પણ શીખવ્યું નથી ને જરૂર પણ નથી. સ્વયં પિતાની સેવા કરવા ઉપસ્થિત થયા છે. દૂધ સાકરના સેવન કરતા થકા માતાપિતાના ઋણથી બદ્ધ શા માટે રહેવું જોઈએ ? તેથી મુક્ત થવા માટે જ તે અહીંયાં આવ્યા છે. બીજી કોઈ વાત નથી.' એ રીતે મંદાકિનીએ કહ્યું.

અર્કકીર્તિકુમાર તે સિંહાસનની પાસે અત્યંત ગંભીર બનીને ઊભા છે. તેને દેખીને આદિરાજને પણ ઈચ્છા ઉત્પન્ન થઈ કે હું પણ મોટાભાઈની જેમ પિતાની સેવા કરું ! તેથી સૌથી પહેલાં પોતાનાં પહેરેલાં વસ્ત્રાભૂષણોને કાઢીને ફેંકી દીધા અને હઠ કરવા લાગ્યા કે અર્કકીર્તિએ જેવા પ્રકારના વસ્ત્રાભૂષણ ધારણ કર્યાં છે તેવાં જ મારે પણ જોઈએ. ભરતજીએ તેને બહુ સમજાવ્યા પણ તે માનતા નથી, એવામાં તે બાળકની હઠ જોઈને એક ગણબદ્ધદેવે વિક્રિયાશક્તિથી તેનો અર્કકીર્તિ જેવો શૃંગાર રચી દીધો.

ત્યારે જરાક આદિરાજ સંતુષ્ટ થયા. અને જમણી બાજુ જઈને અર્કકીર્તિ જેમ જ ઊભા રહ્યા. તે વખતની શોભા કોઈ જુદી જ હતી. બન્ને બાજુ બાલસૂર્ય છે અને વચ્ચે હિમવાન પર્વત છે અથવા બે હાથીના બચ્ચાની વચ્ચે એ સુંદર હાથી છે.

બાળકોની સુંદરતા જોઈને બધા લોકો મુગ્ધ થયા. બધા લોકો ઊઠીને ઊભા થઈને તેમની શોભા જોવા લાગ્યા. ભરતજી તેમની આતુરતા જોઈને કહેવા લાગ્યા કે આ બે બાળક છે. તેના ઊભા થવાથી તમે કેમ ઊભા થયા ? બેસી જાઓ.

'રાજા ! અમે આવા ભાગ્યને બીજે ક્યાં જોઈ શકીએ ? આપના આ બે શું કુમાર છે ? તે બન્ને સુરકુમાર છે. તેમની ઉભા રહેવાની રીત, બચપણની રમતથી રહિત ગંભીરતા, આદિ વાતો જોતાં તેને બાળક કોણ કહી શકે ? આપમાં જેવી ગંભીરતા છે તેવી આપના પુત્રોમાં પણ ગંભીરતા છે. આપના ગુણો આપના પુત્રમાં પણ આવ્યા છે. એ સાહજિક છે. લોકમાં જેવું બીજ તેવી અંકુરોત્પત્તિ થાય છે, એ કથન જે અનાદિથી ચાલ્યું આવે છે તેની સત્યતા પ્રત્યક્ષ આજે જોવા મળી. વિશેષ શું કહીએ ? અમે વિશેષ વર્ણન કરવાને માટે અસમર્થ છીએ. અમે તેને જોતાં જોતાં થાકી ગયા. તેઓ પણ ઘણા વખતથી ઊભા છે, તેને બેસવા માટે આજ્ઞા આપો.

ત્યારે ભરતજીએ પૂછયું કે એક ઘડી ઊભા રહીને બન્નેએ અમારી સેવા કરી તેના બદલામાં તેને શું આપવું જોઈએ ? મંત્રી ! તમે બોલો, સેનાપતિ તમે પણ કહો.

સ્વામી ! બુદ્ધિસાગરે કહ્યું 'મોટા રાજકુંવરને એક ઘડીના એક એક કરોડ સુવર્ણમુદ્રાએ પ્રમાણથી આપવી જોઈએ. ત્યારે સેનાપતિએ કહ્યું કે નાના કુંવર આદિરાજને અર્ધકરોડ સુવર્ણમુદ્રા એ પ્રમાણથી આપવી જોઈએ. ત્યારે ભરતજીએ 'તથાસ્તુ' કહીને આજ્ઞા આપી કે અત્યારે જ તેમને દોઢ કરોડ સુવર્ણમુદ્રા આપવાની વ્યવસ્થા કરીને આગળ જ્યારે જ્યારે તેઓ મારી સેવા કરે ત્યારે આ હિસાબે તેમને રકમ આપવાની વ્યવસ્થા કરવી. પછી બન્ને રાજકુમારને બેસવાની આજ્ઞા કરી. બન્ને રાજપુત્રો બેસી ગયા. ત્યાં ઉપસ્થિત બધા દરબારીઓએ તેમને નમસ્કાર કર્યા ને પોતપોતાના આસને બિરાજમાન થયા. એવામાં વાજાંના અવાજ સંભળાવા લાગ્યા.

વરતનુ વ્યંતર પોતાના પરિવાર સાથે આવી રહ્યા છે. એમ ખબર પડતાં જ ભરતજીએ આદિરાજને ગંધમાધવીને સોંપ્યા ને અર્કકીર્તિને મંદાકિની દાસીને સોંપ્યા ને પોતે બહુ ગંભીરતાપૂર્વક બેસી ગયા.

વરતનુ સમુદ્ર કિનારા સુધી તો વિમાનમાં બેસીને આવ્યા. પછી પોતાના વૈભવના ચિહ્ન ઉતારી નાખીને પગે જ ચાલીને ભરતજી તરફ આવવા લાગ્યા. તે હસમુખ છે, દીર્ઘદેહી છે, સુવર્ણવર્ણી છે. ખરેખર તેનું વરતનુ નામ તેને શોભે જ છે. તેના ખભા ઉપર એક ખેસ શોભી રહ્યો છે. હાથમાં અનેક પ્રકારના ઉત્તમોત્તમ ભેટ આપવા યોગ્ય વસ્તુઓને લઈને પોતાના મંત્રીની સાથે આવી રહ્યા છે. આગળ માગધામર છે, પાછળ વરતનુ છે. બન્ને વ્યંતર બહુ વિનયપૂર્વક દરબારમાં દાખલ થયા.

દરબારમાં વેત્રધારીગણ અનેક પ્રકારના શબ્દો ઉચ્ચારી રહ્યા છે, યુદ્ધ ભૂમિમાં વીર, મદોન્મત્ત શત્રુઓનું માનભંગ કરવામાં તત્પર ! શરણાગતોના રક્ષક ! રાજા આ વરતનુ વ્યંતર આવી રહ્યા છે, 'જરા નજર કરોની.' એવા શબ્દો વરતનુને સાંભળવામાં આવે છે.

દૂરથી જ તેણે ભરતજીને જોઈ લીધા. તેના દિવ્ય શરીરને જોઈને વરતનુ વિચાર કરવા લાગ્યા

કે જો રાજા થઈને જન્મું તો આવો થાઉં. એવી ભાવના કરતા થકા બન્ને ભરતની પાસે આવ્યા. દરબારમાં બન્ને બાજુએ રાજાઓ બિરાજમાન છે. વચ્ચે ઊંચા સિંહાસન પર ભરતજી બિરાજમાન છે. માગધામરે આવીને હાથ જોડીને કહ્યું કે સ્વામી ! વરતનુ આવ્યા છે. જુઓ. વળી આગળ કહેવા લાગ્યા કે મેં તેની પાસે જઈને કહ્યું કે તમારા સમુદ્રના કિનારે શ્રી સમ્રાટ ભરતજી આવ્યા છે. એટલું જ સાંભળતાં જ તેને ઘણો હર્ષ થયો. અને પોતાના ભાગ્યની પ્રશંસા કરતા થકા તે જ વખતે મારી સાથે ચાલીને અહીં આવ્યા. સ્વામી ! વરતનુ કહેવા લાગ્યા કે 'ભગવાન આદિનાથ સ્વામીના પુત્રના દર્શન કોણ નહિ કરે ? આત્મવિજ્ઞાનીના દર્શનથી કોણ વંચિત રહેશે ?' આ પ્રકારે કહેતા થકા તે બુદ્ધિમાન વરતનુ આપની સેવામાં હાજર થયા છે.

વરતનુએ બહુ ભક્તિપૂર્વક અનેક રત્ન, વસ્ત્ર વગેરે ઉપહારો આપતાં થકા ભરતજીને પોતાના મંત્રીની સાથે સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

સ્વામી ! આપના દર્શનથી અમારા નેત્રો સફળ થયા. હૃદય પ્રસન્ન થયું. આનાથી અધિક મને બીજી કઈ વાતની જરૂર હોય ! એ રીતે કહેતા થકા સાષ્ટાંગ પ્રણામ કરી રહ્યા છે. ભરતજી મનમાં સમજી ગયા કે આ વરતનું સજ્જન છે, વક્ર નથી. મનમાં પ્રસન્ન થઈને કહેવા લાગ્યા કે વરતનુ ! તમે આવ્યા તે ઠીક થયું. હવે ઊઠો. ત્યારે વરતનુ બેઠા થયા અને રાજાની તરફ જોતાં થકા કહેવા લાગ્યા કે સ્વામી ! લોકમાં બધાનાં નેત્રો તૃપ્ત કરવા તમારો જન્મ થયો છે. આપનું રૂપ, આપનો વૈભવ, આપનો શૃંગાર, આ બધું લોકમાં બીજે દુર્લભ છે. આ બધું આપને માટે જ રહેવા દ્યો.

અમને તો કેવલ આપની સેવા કરવાનું ભાગ્ય જોઈએ. અમે કૂવાના દેડકા સમાન આ સમુદ્રમાં રહીએ છીએ. અમારા પાપ નાશ કરવા માટે દયાર્દ્ર થઈને આપ પધાર્યા. અમે પવિત્ર થઈ ગયા. અમારી ઉપર આપે ખૂબ કૃપા કરી.

મંદ હાસ્ય કરતા થકા તેને બેસવા માટે ભરતજીએ ઈશારો કરીને આસન અપાવ્યું વરતનુ પણ આજ્ઞાનુસાર પોતાના મંત્રીની સાથે નિર્દિષ્ટ આસન ઉપર બેસી ગયા.

માગધામરને આસન દઈને બેસવા માટે રાજાએ ઈશારો કર્યો. પછી બુદ્ધિસાગરની તરફ જોયું. બુદ્ધિસાગર સમ્રાટનો અભિપ્રાય સમજી જઈને બોલ્યા કે સ્વામી ! આ વરતનુ વ્યંતર તમારા કામ માટે યોગ્ય સેવક છે. તે વિનીત છે. સજ્જન છે, અને આપના ચરણકમલનું હિત ઈચ્છાવાવાળા છે. સાથે સાથે માગધામરે જે આ સેવા બજાવી છે તે પણ જબરી છે. રાજા ! આ બન્ને તમારી સેવા અભેદ (એક) હૃદયથી કરશે. આ બન્નેનું સંરક્ષણ બરાબર થવું જોઈએ.

આ પ્રકારના બુદ્ધિસાગરના ચાતુર્યપૂર્ણ વચન સાંભળીને તે બન્ને કહેવા લાગ્યા કે મંત્રી ! સમ્રાટને અમારી સેવાની શી જરૂર છે ? શું તેની પાસે સેવકોની ખામી છે ? તોપણ તમે આ પ્રકારના વચનથી અમારો સત્કાર કર્યો તેને માટે ધન્યવાદ છે.

ફરી બુદ્ધિસાગર કહેવા લાગ્યા કે રાજા ! વરતનુને પોતાના રાજ્યમાં સુખે રહેવા આજ્ઞા આપો. તેને આજે જવા દ્યો કે જેથી આગળના મુકામે જરૂર પડે ત્યારે હાજર થાય.

ભરતજીએ વરતનુને પોતાની પાસે બોલાવ્યા અને તેને અનેક પ્રકારના વસ્ત્ર, આભરણ, આદિ વિદાય કરતી વખતે આપ્યાં. સાથોસાથ તેના મંત્રીનું પણ સન્માન કર્યું. વરતનુએ પણ ભરતજીના ચરણમાં નમસ્કાર કરીને સુરકીર્તિ નામના એક વ્યંતરને તેના ચરણની સેવામાં સોંપીને કહ્યું કે 'સ્વામી! આજ્ઞાનુસાર હું આપના રાજ્યમાં જલદી પાછો આવું છું. ત્યાં સુધી આપની સેવા માટે મારા પ્રતિનિધિ આ સુરકીર્તિને રાખીને જાઉં છું.' પછી ત્યાં પોતાના મંત્રીની સાથે તે ચાલ્યા ગયા.

વરતનુના ગયા પછી ભરતજી માગધામર તરફ જોઈને બોલવા લાગ્યા કે આ માગધામર અત્યધિક વિશ્વાસ પાત્ર છે. કાલે અહીં સેનાએ પડાવ નાખ્યો હતો ત્યાં જ તે અહીંથી વરતનુને લેવા માટે ચાલી નીકળ્યો. અહીં આવ્યા પછી આરામ પણ ન લીધો. ખૂબ થાકી ગયો હશે.

ભરતજીના આ વચન સાંભળીને બુદ્ધિસાગર મંત્રી કહેવા લાગ્યા કે રાજા ! તે વિવેકી છે, આપના સેવાક્રમને તે બરાબર જાણે છે, તે આપની સેવાથી પવિત્ર થયા.

આ વખતે માગધામર પણ કહેવા લાગ્યા કે સ્વામી ! ''આપની સેવા કરવાનું જે સૌભાગ્ય મને મળ્યું છે એ સાચોસાચ મારું પૂર્વપૂણ્ય છે. આપના પાદની સાક્ષીપૂર્વક હું કહી શકું છું કે મને થાક લાગ્યો નથી. હું ઈચ્છું છું કે, સદા આપની સેવા કરતો રહું.''

ભરતજીએ 'અસ્તુ ! અહીં આવો' એમ બોલાવીને તેની પીઠ થાબડીને કહ્યું કે 'માગધ ! તમારાથી હું પ્રસન્ન થયો છું. આજથી અમારી વ્યંતર સેનાનો અધિપતિ તમને બનાવું છું. આજથી જેટલા વ્યંતરાધિપતિ અમારે વશ થશે તેને તમારા દરબારમાં દાખલ કરવામાં આવશે. સૌથી પહેલાં માન સન્માન તમને દેવામાં આવશે, પછી તેમને દેવામાં આવશે. સમુદ્રમાં રહેવાવાળા વ્યંતરોને જે કાંઈ પણ તમે આપવા કહેશો તે આપવામાં આવશે. જ્યાં તમે તે બાબતમાં ના પાડશો ત્યાં અમે પણ ના પાડીશું. અર્થાત્ તમારી સલાહ અનુસાર બધા કાર્યો કરીશું. માગધ ! ખરેખર તમે અભિન્ન હૃદયથી મારી સેવા કરી રહ્યા છો, આવી સ્થિતિમાં પણ તે દિવસે રાજાઓની સામે તમારે માટે જે કઠોર શબ્દ કહ્યા હતા, જેથી પરમાર્થના સોગન છે કે મારા હૃદયમાં તેનો પશ્ચાતાપ થઈ રહ્યો છે.'''

આ રીતે ભરતજીના વચન સાંભળીને માગધામર કહેવા લાગ્યા કે 'સ્વામી ! આપ એવા કયાં કઠોર વચન બોલ્યા છો. મેં જ અપરાધ કર્યો હતો. પહેલે દિવસે મૂર્ખતાથી આપની તરફ તિરસ્કારયુક્ત અનેક વચન બોલ્યો હતો, તેને માટે આપે પ્રાયશ્ચિત આપ્યું હતું. એમાં શો દોષ થયો ? સ્વામી ! તેનું મને હવે જરાય દુઃખ નથી. આપ પણ તેને ભૂલી જાઓ. આ રીતે કહેતા થકા માગધામરે ભરતના ચરણોમાં મસ્તક નમાવ્યું.

તે વખતે માગધામરને પોતાના કંઠમાંથી એક રત્નહાર કાઢીને સમ્રાટે આપી દીધો, અને સર્વજન સાક્ષીપૂર્વક તેને ''વ્યંતરાગ્રણિ'' એ નામની પદવી આપી.

દરબારના બધા લોક કહેવા લાગ્યા કે સ્વામી ! આ ભારે મોટી પદવી છે, તેને માટે આ માગધામર બરાબર લાયક છે. તેણે આપની હૃદયથી જે સેવા કરી છે તે આજે સાર્થક થઈ છે.

ત્યારપછી સમ્રાટે માગધામરને આજ્ઞા આપી કે માગધ ! જાઓ. તમારા મહેલમાં જઈને

આરામ કરો. માગધ પણ સમ્રાટને નમસ્કાર કરી પોતાના મહેલમાં ગયા. બાકીના દરબારીઓને પણ ઉચિતરીતે વિદાય આપીને સમ્રાટ મોતીના બનાવેલા સિંહાસન ઉપરથી ઊઠીને પોતાના મહેલમાં ગયા.

આ રીતે સમ્રાટે અતઃપુરની સ્ત્રીઓની સાથે ને પોતાના સંતાનની સાથે ભોગ ને યોગલીલાથી યુક્ત થઈને કેટલાક દિવસ બહુ આનંદપૂર્વક ત્યાં જ ગાળ્યા.

અર્કકીર્તિ હવે મોટા થયા છે તેથી રાજકુલ માટે અનુકૂલ મુહૂર્ત જોઈને યજ્ઞોપવીત સંસ્કાર કરાવ્યા. ઉત્સવની શોભા જોઈને બધા લોકો જયજયકાર કરવા લાગ્યા. ત્યારપછી અર્કકીર્તિને માટે અધ્યયનશાળાની વ્યવસ્થા કરવામાં આવી. અને તેને આજ્ઞા આપવામાં આવી કે હવે તમે તમારો નિવાસ બોધગૃહમાં કરો ને પરિશ્રમપૂર્વક વિદ્યાધ્યયન કરો. સાથોસાથ અર્કકીર્તિ ને તેની દાસીને માટે અલગ નિવાસસ્થાનની પણ રચના કરી દેવામાં આવી. આ પહેલાં અંતઃપુરની બધી સ્ત્રીઓ અર્કકીર્તિની સેના કહેવાતી હતી. હવે અર્કકીર્તિ સ્નાતક બન્યા છે. વિદ્યાધ્યયન કરે છે. તેથી તે સેના હવે આદિરાજની સેના કહેવાશે આ રીતે બહુ આનંદને વિનોદની સાથે ભરતજીનો સમય વ્યતીત થાય છે.

પૂર્વ અને દક્ષિણ સમુદ્રના અધિપતિઓને વશ કર્યા પછી હવે સમ્રાટ પશ્ચિમદિશા તરફ જવાનો વિચાર કરવા લાગ્યા.

અમારા વાચકોને ઉત્કંઠા થતી હશે કે ભરતજીને સ્થળે સ્થળે વિજય જ કેમ મળતો હશે ! પૂર્વસમુદ્રમાં ગયા ત્યાંથી માગધામરને સેવક બનાવી દીધો. દક્ષિણસમુદ્રમાં ગયા ત્યાં વરતનુ વશ થયો. જ્યાં જાય ત્યાં વિજય થાય છે. આનું કારણ શું છે ! એનો એ જ એક ઉત્તર છે કે એ પૂર્વસંચિત પુણ્યોદયનો પ્રભાવ છે. પૂર્વજન્મમાં ભરતજીએ અનેક પ્રકારની શુભ ક્રિયાઓ દ્વારા પોતાના આત્માને નિર્મળ કર્યો હતો. આ ભવમાં પણ તેઓ રાતદિવસ પરમાત્માની ભાવના કરે છે.

'સિદ્ધાત્મા ! આપ ચાલતી વખતે, બોલતી વખતે, સુતી વખતે, ઊઠતી વખતે સ્મરણપથમાં બિરાજમાન રહો તો પ્રાણીઓનું બધું કલ્યાણ થાય છે, તેમના બધાં કાર્યો સિદ્ધ થાય છે. તેથી સ્વામી! આપ રત્નદર્પણ સમાન છો. મને સદ્‌બુદ્ધિ આપો.

પરમાત્મા ! તમારામાં અચિંત્ય સામર્થ્ય મૌજૂદ છે. દશે દિશાઓ ને ત્રણ લોકમાં એક સાથ વ્યાપ્ત થવાનું સામર્થ્ય તમે ધરાવો છો. લોકમાં તમારો મહિમા કોઈ વિરલ જ જાણે છે. તેથી હે ચિદંબર પુરુષ ! ધીર ! મારા હૃદયમાં વસી રહો.'

આ શુભ ભાવનાનું જ એ ફળ છે કે ભરતજીનો નિત્ય ભાગ્યોદય થાય છે.

## ૮. પ્રભાસામરચિહ્ન સંધિ

**પ્ર**સ્થાન ભેરીનો અવાજ ત્રણ લોકમાં ને દશે દિશાઓમાં ફેલાયો. તે જ ટાણે સેનાએ પશ્ચિમદિશા તરફ પ્રયાણ કર્યું. રાજસૂર્ય ભરતજી પાલખી પર આરૂઢ થઈને જઈ રહ્યા છે.

આદિરાજની સેના પાછળ આવી રહી છે. નજીકમાં માગધામર, ધ્રુવગતિ ને સુરકીર્તિની સાથે આવી રહ્યા છે. આ રીતે મગધ, કાંભોજ, માલવ, ચેર, ચોલ, હમીર, કેરલ, અંગ, વંગ, કલિંગ, બંગાલ આદિ ઘણા દેશના રાજાઓ આવી રહ્યા છે. તેમને જોતા થકા ભરતજી ખૂબ આનંદપૂર્વક જઈ રહ્યા છે. વચ્ચે કેટલીએ જગ્યાએ સૈન્યોના પડાવ કરાવતા જાય છે. ને આગળ સેનાપતિના ઈશારાથી સેનાનું પ્રસ્થાન થાય છે. ટાઢે પહોરે સેનાનું પ્રયાણ થાય છે. તડકાને વખતે સેનાને આરામ આપવામાં આવે છે. અનેક પુત્રોના પિતાને જેવી રીતે પુત્રો પર સરખો પ્રેમ રહે છે તેવી રીતે સેનાપતિ જયકુમાર પણ બધી સેના પર સરખો પ્રેમ રાખે છે. તેથી કોઈને પણ કોઈ પ્રકારનું દુઃખ થતું નથી. એટલું જ નહીં, સેનાના હાથી, ઘોડા વગેરે પ્રાણીઓને પણ કોઈ પ્રકારનું દુઃખ થતું નથી. તે વિવેકી છે. તેથી બધાની ચિંતા રાખે છે. તેથી તેને સેનાપતિરત્ન કહે છે.

આ રીતે પડાવ નાખતા થકા સુખપ્રયાણ કરતા થકા સેના આગળ વધી રહી હતી. ત્યાં એક મુકામમાં ભરતજીની રાણી ચંદ્રિકાદેવીએ એક પુત્રરત્નનો જન્મ આપ્યો. તે વખતે આ હર્ષોપલક્ષમાં જિનમંદિર વગેર તોરણ વગેરેથી શણગારવામાં આવ્યાં. હર્ષ બતાવનારા અનેક પ્રકારના વાદ્યો વાગવા લાગ્યા. બધેય ભરતજીને ત્યાં પુત્રજન્મ થયાના સમાચાર પહોંચી ગયા. વરતનુ પણ બહુ હર્ષ પૂર્વક ભરતજીની સેવામાં હાજર થયા. ભરતજીના દર્શન કરતા થકા બહુ દુઃખ પૂર્વક કહેવા લાગ્યા કે સ્વામી! હું ઘણો અભાગી છું, મારી નગરની પાસે આપને પુત્રરત્નની પ્રાપ્તિ ન થતાં આગળ જતાં થઈ. સમ્રાટને પુત્રરત્નની પ્રાપ્તિ થતાં અનેક દેશના રાજાગણ આવીને આનંદ મનાવે છે. તે બધા વૈભવને જોવાનું ભાગ્ય માગધામરને થયું છે, પૂર્વ જન્મમાં તેણે તે માટે અનેક પ્રકારનું પુણ્યસંચય કર્યું છે. એ રીતે કહેતા થકા પ્રાર્થના કરવા લાગ્યા કે સ્વામી ! હું એકદમ મારા નગરમાં જઈને જાતકર્મ માટે યોગ્ય ઉપહારો લાવીને સેવામાં હાજર થઈશ. ભરતજી કહેવા લાગ્યા કે વરતનુ ! કાંઈ જરૂર નથી. તમે અહીંયા રહો. ઉપહારોની શી જરૂર છે ? હાલ આગળ કરવાના કામો ઘણાં છે, તેને માટે તમારી જરૂર છે, તમે અહીં રહો.

ત્યાર પછી બહુ વૈભવપૂર્વક તે બાળકનું 'વૃષભરાજ' એવું નામ પાડવામાં આવ્યું. આ મુકામ પર આદિરાજને પણ ઉપનયન સંસ્કાર કરીને ગુરુકુલમાં મોકલી આપ્યા.

વૃષભરાજ સહેજ મોટા થયા એ માટે છ માસ સુધી ત્યાં જ મુકામ રાખ્યો, ત્યારપછી ત્યાંથી સેનાપ્રસ્થાન માટે પ્રસ્થાનભેરી બજાવવામાં આવી, તે જ ક્ષણે સેનાએ પ્રસ્થાન કર્યું.

અર્કકીર્તિ ને આદિરાજ વિદ્યાર્થી વેષમાં પોતાના ગુરુઓની સાથે આવી રહ્યા છે. આજુબાજુથી અનેક સુંદર ઘોડાઓ પર આરૂઢ થઈને રાજપુત્ર આવી રહ્યા છે. તે બધાની શોભા જોતા થકા ભરતજી બહુ આનંદપૂર્વક જઈ રહ્યા છે.

ભરતજી ઈક્ષ્વાકુવંશોત્પન્ન છે. તેની સાથે જનારા રાજપુત્રો બધા ઈક્ષ્વાકુવંશના નથી. કોઈ નાથવંશના છે, કોઈ હરિવંશના છે. કોઈ ઉગ્રવંશના છે, કોઈ કુરુવંશના છે. તેમને જોતા થકા ભરતજી તેમના સંબંધમાં અનેક પ્રકારના વિચાર કરી રહ્યા છે. આ હરિવંશકુલતિલક છે. આ કુરુવંશના ભૂષણપ્રાય છે, અમુક નાથવંશવિભૂષણ છે, અમુક ગંભીર છે, અમુક પરાક્રમી છે, અમુક ગુણી ને સજ્જન છે. અમુક નિરાભિમાની છે. ઇત્યાદિ અનેક પ્રકારના વિચાર ભરતજીના મનમાં આવી રહ્યા છે.

સૂર્યના દર્શનથી સૂર્યકમલ, ચંદ્રના દર્શનથી કુમુદિની જેવી રીતે ખીલે છે તેવી રીતે ભરતજીના દર્શનથી તે રાજપુત્રો અત્યંત પ્રસન્નચિત થતાં જઈ રહ્યાં છે. તેઓ બહુ બોલ બોલ નહોતા કરતા અને કોઈ પ્રકારની અતિચેષ્ટા પણ નહોતા કરતા. તેઓ ઉત્તમ કુલજાતિમાં જન્મ્યા છે. તેઓ ભરત ચક્રવર્તીની સાથે રોટી બેટીના વ્યવહાર યોગ્ય પ્રશસ્ત જાતિના ક્ષત્રિય વંશજ છે. કેવળ આંતરો હોય તો એટલો જ છે કે ચક્રવર્તીના જેવી તેમને સંપત્તિ નથી. બાકી કોઈ બાબતમાં તેઓ ઊતરે એવા નથી.

વચ્ચે વચ્ચે અનેક મુકામ કરતા થકા કેટલાક મુકામ કર્યા પછી ભરતજી સમુદ્રના કિનારે પહોંચ્યા, ત્યાં પહોંચતાં જ ભરતજીએ માગધામરને અને વરતનુને બોલાવ્યા. તુરત જ તે બન્ને હાજર થયા. સમુદ્રતટ ઉપર ઊભા રહીને સમ્રાટે કહ્યું કે માગધ ! આ સમુદ્રમાં પ્રભાસદેવ રાજ્ય કરે છે તે કેવો છે ? અમારી પાસે સીધી રીતે આવશે ? કે કાંઈ ઢોંગ કર્યા પછી વશ થશે ? બોલો તો ખરા ! આ વચન સાંભળીને માગધ કહેવા લાગ્યા કે સ્વામી ! પ્રભાસદેવ સજ્જન છે. તે આપની સાથે વિરોધ નહીં કરે, અમે જઈને તેને આપની સેવામાં ઉપસ્થિત કરીશું. આમ કહેતા થકા જવાની આજ્ઞા માગવા લાગ્યા. સમ્રાટ કહેવા લાગ્યા કે આ કાર્ય માટે તમારે નથી જવું. અમારી સાથે તમારા જે પ્રતિનિધિ મૌજૂદ છે તેમને આ વખતે મોકલીને જોઈશું કે તેઓ કેવું કાર્ય કરીને આવે છે ? તે વખતે ધ્રુવગતિ અને સુરકીર્તિને બોલાવીને આ કામ તેમને સોંપીને તેમને આજ્ઞા આપવામાં આવી કે તમે જઈને પ્રભાસદેવને લઈને આવો. બન્ને દેવોએ તે આજ્ઞા માથે ચડાવી અને ત્યાંથી ચાલી નીકળ્યા.

મંત્રી, સેનાપતિ આદિ બધાને પોતપોતાના સ્થાનમાં મોકલીને ચક્રવર્તી પોતાના મહેલમાં ગયા. પોતાની રાણીઓની સાથે સ્નાન, ભોજનાદિ ક્રિયાઓથી નિવૃત્ત થઈને તે દિવસ ભોગ અને યોગલીલામાં ચક્રવર્તીએ ગાળ્યો. બીજે દિવસે સવારે નિત્યક્રિયાઓથી નિવૃત્ત થઈને દરબારમાં આવીને બિરાજમાન થઈને દરબારમાં ચો તરફના અનેક રાજા, રાજપુત્ર વગેરે બિરાજમાન હતા. ગાયન કરનારા ભિન્ન ભિન્ન સુંદર રાગોમાં ગાઈ રહ્યા હતા. તેમાં પરમાત્મકલાનું વર્ણન ચાલતું હતું. કોઈ ધન્યશ્રી રાગમાં અને કોઈ ભૈરવી રાગમાં ગાઈ રહ્યા હતા, ચક્રવર્તી તેમને સાંભળતા હતા.

બહારથી જેવી રીતે સવારનો તડકો દેખાય તેવી રીતે અંદરમાં ચક્રવર્તીને આત્મપ્રકાશ દેખાય છે, કાન ગાનની તરફ છે, હૃદય આત્મા તરફ છે, ચર્મદૃષ્ટિથી દરબારને જોઈ રહ્યા છે. અંતર્દૃષ્ટિથી (જ્ઞાનદૃષ્ટિથી) નિર્મલ આત્માને જોઈ રહ્યા છે. આત્મવિજ્ઞાનીનો મનોધર્મ બહુ જ વિચિત્ર રહે છે. તેને કોણ જાણી શકે ? કાદવમાં રહેનારા કમલને સૂર્યની ઉપર પ્રેમ રહે છે, કાદવ ઉપર નહીં. તેવી

રીતે આ અપવિત્ર શરીરમાં રહેનારા વિવેકી આત્માને પોતાના આત્મા ઉપર જ પ્રેમ રહે છે, આ શરીર ઉપર નહીં. ભવ્યોનું ખાસ લક્ષણ એ છે કે તેઓ અખંડ ભોગોની વચ્ચે રહેવા છતાં પણ આત્માની તરફ જ તેનું ચિત્ત રહે છે, ભોગો તરફ નહીં. અનેક પ્રકારના રાગો રચીને ગાવામાં આવતાં તે ગાયનો ઉપર સંતુષ્ટ થઈને તેમને અનેક પ્રકારના ઈનામ પણ આપતાં જાય છે, ને અંદરથી પરમાત્મકલાની ભાવના પણ કરી રહ્યા છે.

આ રીતે ભરતજી યોગ ને ભોગમાં મગ્ન થઈને દરબારમાં બિરાજમાન છે. એવામાં ચિત્તાનુમતિ નામની દાસીએ વૃષભરાજને લાવીને સમ્રાટના હાથમાં આપ્યા. ભરતજી વૃષભરાજની સાથે અનેક પ્રકારે વિનોદ કરવા લાગ્યા. બેટા ! શું ભરતના પિતા વૃષભનાથ જ સાક્ષાત્ આવ્યા છે ? ના, ના, આ વૃષભરાજ છે. ભરતજીએ જે વખતે તે બચ્ચાને હાથથી ઉપાડયો ત્યારે એવું લાગતું હતું કે જાણે કોઈ મોટું રત્નનિર્મિત પૂતળું નાના રત્નનિર્મિત પૂતળાને ઊંચકતું હોય ! પિતાના મુખને પુત્ર, પુત્રના મુખને પિતા જોઈને બન્ને હસી રહ્યા છે. ભરતજી પુત્રના હાથની રેખાના લક્ષણો જોઈને તેના શુભ ફલનો વિચાર કરી રહ્યા છે. મંગલમય રેખાઓ દેખીને પ્રસન્ન થઈ રહ્યા છે. પિતા જેવી રીતે તે બચ્ચાનો હાથ જોઈ રહ્યા છે તેવી રીતે બચ્ચાએ પણ ભરતજીનો હાથ જોવાનું શરૂ કર્યું ને હસવા લાગ્યા. ત્યારે ભરતજી કહેવા લાગ્યા કે બેટા ! મેં તમારા લક્ષણ જોયાં તેથી શું તમે પણ મારા લક્ષણ જોયાં ? મારી જેવા તમે, તમારી જેવો હું, એમાં અંતર ક્યાં છે ?

આવી રીતે એક બચ્ચાની સાથે જ્યારે પ્રેમ કરી રહ્યા છે ત્યારે દરબારમાં બે પુત્રો પ્રવેશ કરીને ભરતજી આગળ આવ્યા. આગળ અર્કકીર્તિ છે, પાછળ આદિરાજ છે, બંને વિનયી છે. સદ્‌ગુણી છે. તેથી દરબારની બહાર છત્ર ચામર, ચાખડી, વગેરે રાખીને પોતાની સાથેના સેવકોને પણ બહાર જ ઉભા રહેવાની આજ્ઞા દઈને અંદર આવી રહ્યા છે. અનેક પ્રકારના રત્નનિર્મિત આભરણ, તિલક, ગંધલેપન આદિથી અત્યંત શોભી રહ્યા છે. ભયને ભક્તિના બન્ને મૂર્તસ્વરૂપ છે. તેથી પિતા તરફ ભયને ભક્તિપૂર્વક દરબારમાં આવી રહ્યા છે. વેત્રધારીગણ રાજાને ઉચ્ચ સ્વરથી સૂચના આપી રહ્યા છે. કે સ્વામી ! સૂર્યથી પણ દ્વિગુણ પ્રકાશને ધારણ કરવાવાળા અર્કકીર્તિકુમાર આવી રહ્યા છે. તેની સાથે આદિરાજ પણ આવે છે. એક ઘડી જેટલા વખતમાં એક કરોડ સુવર્ણ મુદ્રા જેને મળે છે એવા સુકુમાર આવે છે. સૌજન્ય, વિનય, વિવેકમાં જેની બરોબરી કરવાવાળું કોઈ નથી એવા બે રાજકુમાર આવે છે. રાજા ! જુઓ તો ખરા ! રાજા ! હુંડાવસર્પિણીના આદિ યુગમાં ષટ્‌ખંડમંડલેશ રૂપી પર્વતથી ઉત્પન્ન સૂર્યચંદ્રરૂપી બન્ને પુત્રને જુઓ તો ખરા ! આ વચન સાંભળીને ભરતજીને પણ હસવું આવ્યું. હસતા હસતા જ તેઓએ તે વેત્રધારીઓને પાસે બોલાવીને ઈનામ આપ્યું.

બન્ને પુત્રને જોઈને બધા દરબારીઓ આકર્ષાયા. બધા લોકો ઊભા થઈ ગયા. અર્કકીર્તિ અને આદિરાજે બધાને બેસી જવા ઈશારો કર્યો. ભરતજીએ વૃષભરાજને કહ્યું કે બેટા ! તમારા મોટાભાઈ આવે છે. ઊભા થઈને તેમનું સ્વાગત કરો. તે વખતે વૃષભરાજ ઊઠીને ઊભા થઈ ગયા. હાથ જોડવા કહ્યું તો હાથ જોડીને નમસ્કાર કર્યા. અર્કકીર્તિ ને આદિરાજે બહુ વિનયપૂર્વક કહ્યું કે સ્વામી ! તેણે અમને નમસ્કાર કરવાની શી જરૂર છે ? 'એ રાજપુત્રનું લક્ષણ છે એમ કહીને ભરતજીએ સમાધાન કર્યું. ત્યારપછી બન્ને પુત્રોએ અનેક ભેટ વગેરે સમર્પીને પિતાના ચરણોમાં નમસ્કાર કર્યા, અને

સિંહાસનની બે બાજુએ ઊભા રહી ગયા. તે વખતે ભરતજીની શોભા કોઈ ઔર હતી. એક પુત્ર ખોળા ઉપર, ને બે પુત્રો બાજુમાં ઊભા હતા તેમની શોભા જોવા દરબારના બધા માણસો ઊભા રહ્યા હતા. ભરતજીએ બધાને બેસવા કહ્યું તેમ છતાં બધા લોકો ઊભા જ રહ્યા અને કુમારો તરફ જ જોઈ રહ્યા. ભરતજીએ અર્કકીર્તિને કહ્યું કે બેટા ! બધાને બેસી જવા તમે કહો, ત્યારે તે બેસશે. ત્યારે બધાને અર્કકીર્તિએ બેસી જવા કહ્યું. તો પણ બધા લોકો ઊભા ઊભા જ જોતાં જ રહ્યા. વળી ''તમને પિતાજીના સોગન છે, બેસી જાઓ'' એમ કહેવા છતાં પણ લોકો બેઠા નહીં. તેઓ એકદમ બંને કુમારોનું સૌંદર્ય જોવામાં જ મગ્ન થઈ ગયા હતા. એવામાં ભરતજીએ આદિરાજને કહ્યું કે 'બેટા ! બધાને તમે બેસી જવા કહો' ત્યારે આદિરાજે કહ્યું કે 'પ્યારા ભાઈઓ ! તમો બધા બેસી જાઓ' તોપણ બધા ઊભા જ રહ્યા. વળી ''મારા ભાઈ અર્કકીર્તિના સોગન છે, તમો બેસી જાઓ'' એમ કહેતાં બધા એકદમ બેસી ગયા. અર્કકીર્તિએ ગંભીરતાપૂર્વક કહ્યું કે 'આદિરાજને કાંઈ કામ નથી, પિતાજી સામે મારા સોગન ખાવાની શી જરૂર છે ? શું તે યોગ્ય છે ?' એના પર આદિરાજ કહેવા લાગ્યા કે 'ભાઈ ! પિતાજી તમારા સ્વામી છે. મારા તો તમે સ્વામી છો. એમાં ખોટું શું કર્યું ?'

ભરતજી પણ પોતાના પુત્રોના વિનય વ્યવહાર ઉપર ખુશ થયા. દરબારના લોકો પણ તેમનો જાતિવિનય જોઈને ખુશ થઈને પ્રશંસા કરવા લાગ્યા.

ભરતજીએ મંત્રી અને સેનાપતિને બોલાવીને પૂછયું કે શું તે દિવસની મારી આજ્ઞા અનુસાર તેમને બરાબર ધન આપવામાં આવે છે ? સ્વામી ! આજ્ઞાનુસાર ધન તે જ ક્ષણે આપવામાં આવ્યું હતું, પરંતુ તેઓએ જ ખજાનામાં રહેવા દેવાની આજ્ઞા આપી. કહો આ પ્રચંડ વીરોને કોણ રોકી શકે !

ત્યાર પછી બન્ને કુમારોને બેસવા માટે આજ્ઞા કરી અને આસન આપવામાં માટે આજ્ઞા કરી અને આસન આપવામાં આવ્યું. પરંતુ તેઓ બેઠા નહિ, તેઓએ ભરતજીની આગળ એક સેવા કરવાની તૈયારી કરી. પાસે જ ઊભા રહીને એક સેવક ભરતજીને તાંબૂલ આપી રહ્યા હતા. તેના હાથમાંથી પાનનો થાળ અર્કકીર્તિએ લઈ લીધો ને જાતે જ તાંબૂલ દેવાની સેવા કરવા લાગ્યા. ત્યારે આદિરાજે પણ ચામર ઢાળવાવાળાના હાથમાંથી ચામર લઈ લીધાં ને પોતે ચામર વીંઝવા લાગ્યા. તે વખતે તે બન્ને પુત્રોની સેવા જોતા થકા દરબારના સમસ્ત સજ્જનો એ ભાવના કરી હતી કે ''લોકમાં પુત્રો જન્મો તો આવા જ જન્મો. અરે એવા પણ પુત્રો જન્મે છે કે જેનાથી પિતાની સેવા થવી તો દૂર રહી પણ પિતાને જ તેની સેવા કરવી પડે છે. ક્યારેક ક્યારેક તો પિતૃદ્રોહ કરવા પણ તેઓ તૈયાર થાય છે.''

તાંબૂલ આપ્યા પછી બીજી એક સેવા કરવા અર્કકીર્તિ તૈયાર થયા. પિતાના ખોળામાંથી વૃષભરાજને લઈને જાતે રમાડવા લાગ્યા. ભરતજીએ કહ્યું કે બેટા ! વૃષભરાજને તમે કેમ તેડયા ! અર્કકીર્તિએ બહુ વિનયપૂર્વક કહ્યું કે સ્વામી ! ઘણા વખતથી તે આપના ખોળામાં બેઠા છે, આપને કેટલું કષ્ટ પડયું હશે ! તેથી થોડોક વખત મારા ભાઈને હું પણ તેડું એવા વિચારથી મેં લીધા, બીજી કોઈ વાત નથી.

ભરતજીએ વિચાર્યું કે મેં જ બાળકને પહેલાં ઊઠાવ્યો હતો તેને જ આ હાલ ઉઠાવી રહ્યા છે. તેવી રીતે ષટ્‌ખંડભૂમિનો જે ભાર હું ઊઠાવી રહ્યો છું તેને તે ભવિષ્યમાં ઊઠાવશે. તે તેને માટે પૂર્ણ સમર્થ છે. એવી રીતે ત્યાં ઉપસ્થિત મોટા મોટા રાજા, પ્રજા, દેવ, વગેરેએ પોતાના મનમાં વિચાર કર્યો. ત્યાર પછી ભરતજીએ ''બેટા ! મારા સોગન છે, મને બિલકુલ કષ્ટ થતું નથી, લાવો, બાળકને અહીંયાં લાવો, તમે બન્ને અહીં પાસે બેસી રહો.'' એમ કહીને બન્નેને પાસે બેસાડયા. પાસે બેઠેલા બન્ને પુત્રોની સાથે ભરતજી બહુ આનંદપૂર્વક વિનોદ કરી રહ્યા હતા.

બેટા ! તમે હાલ ગુરુકુલમાં વિદ્યાભ્યાસ કરો છો. શું તે દુઃખમય છે કે સુખમય ? આમ ભરતજીએ અર્કકીર્તિને પૂછયું.

અર્કકીર્તિ કહેવા લાગ્યા કે સ્વામી ! વિદ્યોપાર્જનની જેવું બીજું કોઈ સુખ નથી. તે સુખનું અમે ક્યાં સુધી વર્ણન કરી શકીએ ? અભ્યાસ, અધ્યવસાય આદિ આળસને દૂર કરવાનું મુખ્ય સાધન છે. શાસ્ત્રાભ્યાસ જ્ઞાનનું સાધન છે. રાજકુલમાં જન્મેલા વીરોને માટે આ વિદ્યાસાધન ભૂષણ છે, સુખસાધન છે.

ભરતજીએ પુત્રને કહ્યું કે 'બેટા ! શરૂઆતમાં વિદ્યાપાર્જન કાંઈ કઠિન લાગે છે, પરંતુ આગળ જતાં તે સરળ લાગે છે, ધીર ને સાહસિકો માટે તે સાધ્ય છે. ડરપોકની આગળ તે વિદ્યાદેવી પણ નથી જતી. તેથી તેની મુશ્કેલીઓથી ડરવું ન જોઈએ.'

''પિતાજી ! અમને જરાએ તકલીફ નથી પડતી, ઊલટો અમને તેમાં વધારે વધારે આનંદ આવે છે. અમને કોઈ પણ જાતની મુશ્કેલી નથી પડતી સવારે અભ્યાસ, બપોરે પાઠ, ને રાત્રે ભણેલાનો વિચાર કરવો એ અમારો હંમેશનો સાધનક્રમ છે. અમે મૃદુ માર્ગે વ્યવસ્થિતરૂપે જઈ રહ્યા છીએ. તેથી અમને તે માર્ગમાં મુશ્કેલી કેમ પડે ? પિતાજી ! આદિરાજની બુદ્ધિનું હું કયાં સુધી વર્ણન કરું ? ગ્રંથપઠન ને અભ્યાસમાં તે આદર્શરૂપ છે. જેવી રીતે કોઈ પહેલાં અભ્યાસ કરીને ભૂલેલા વિષયને એકદમ યાદ કરી લે છે તેવી જ સ્થિતિ નવીન ગ્રંથોના અભ્યાસમાં આદિરાજની છે. અર્થાત્ ઘણી ત્વરાથી બધા ગ્રંથ આવડી જાય છે. સ્વામી ! આપે તેનું નામ પાડતી વખતે ભગવાન આદિનાથનું નામ જે રાખ્યું છે તે બહુ વિચારપૂર્વક રાખ્યું છે. તેમાં અન્યથા કેમ થાય ? વિચાર કરતાં તે ખરેખર આદિરાજ છે, અંત્યરાજ કે મધ્યરાજ નથી.'' એ રીતે આદિરાજની અર્કકીર્તિએ પ્રશંસા કરી.

ભરતજી પ્રસન્ન થઈને ''બેટા ! ખરેખર તમારા ભાઈ સાહસી છે ? વીર છે ? બુદ્ધિમાન છે ? તમને તેનાથી સંતોષ છે ? બોલો તો ખરા ! એમ પ્રશ્ન પૂછયા. ''પિતાજી વિશેષ શું કહું ? આપના વંશ માટે તે આદિરાજ ભૂષણપ્રાય છે.''

અર્કકીર્તિના મુખે પોતાનું વર્ણન સાંભળીને આદિરાજ કહેવા લાગ્યા કે ''ભાઈ ! મોટા નાનાની આ રીતે પ્રશંસા કરે છે ? શું રાજપુત્રોને માટે આ યોગ્ય છે ? મારામાં એવા ગુણો ક્યા છે ? આપ ફોગટ મારી પ્રશંસા કેમ કરી રહ્યા છો ?''

ત્યારે ભરતજીએ કહ્યું કે ''બેટા ! એમાં શું થયું ? મોટા ભાઈએ સંતોષપૂર્વક તમારી બાબત કહી, તમે બન્નેય ભૂષણસ્વરૂપ છો. તેથી શાંત રહો.''

હવે દરબાર બરખાસ્ત કરું છું. તમો તમારા નિવાસસ્થાને જાઓ. એમ કહીને આભૂષણોથી ભરેલાં બે કરંડિયા તે પુત્રોને ભરતજી દેવા લાગ્યા. ત્યારે તે બન્નેએ લેવા ના પાડી. તેઓ કહેવા લાગ્યા કે 'અમારી પાસે આભૂષણો ઘણાં છે. હાલ જરૂર નથી.' ભરતજીએ ઘણો આગ્રહ કર્યો છતાં લેવા ખુશી ન હોતા. ત્યારે તેઓ કહેવા લાગ્યા કે 'બેટા ! તમે આજે ખૂબ ઉત્તમ કાર્ય કર્યું છે. તેથી હું આપ્યા વિના રહેવાનો નથી. જો તમે આજે આને નહીં લ્યો તો આગળ ક્યારે ય તમારા હાથથી હું પણ ભેટ નહીં લઉં.' ભરતજીએ વિચાર કર્યો કે કદાચિત્ જો મોટા ભાઈ લઈ લ્યે. તો પછી નાના ભાઈ લેવા તૈયાર થશે. તેથી અર્કકીર્તિ તરફ હાથ લંબાવ્યો. પરંતુ તેણે પણ લીધી નહિ. ત્યારે આદિરાજને ભરતજી કહેવા લાગ્યા કે 'બેટા ! તમે તમારા ભાઈને લેવાનું કહો. ત્યારે આદિરાજે અર્કકીર્તિને લેવાની પ્રાર્થના કરી. હવે અર્કકીર્તિ પોતાના ભાઈના વચનને ના પાડી શક્યા નહિ. તેણે પિતાજીને પ્રાર્થના કરી કે 'અમે આ ભેટ લઈશું. પરંતુ વૃષભરાજના હાથથી અપાવજો, તેના હાથે લેવાની ઈચ્છા છે. તે પ્રમાણે બન્ને કરંડિયા ભરતજીએ વૃષભરાજની આગળ મૂક્યા. પ્રથમ પહેલાં તો વૃષભરાજે બન્ને ભાઈઓને નમસ્કાર કર્યા. પછી તેણે તે આભૂષણોનાં કરંડિયાને હાથ લગાડીને ખસેડયા.

નાના ભાઈ મોટા ભાઈને ઈનામ આપી રહ્યા છે તેમાં પણ વિનય છે. આ નવી પદ્ધતિ જોઈને બધા નવાઈ પામ્યા. તેઓ તદ્ભવ મોક્ષગામીના પુત્ર છે અને તદ્ભવમોક્ષગામી છે. તેથી તેઓ વ્યવહારમાં કેવી રીતે ભૂલ ખાય ? તે આભૂષણો લઈને તેમાંથી એક એકહાર કાઢીને બન્ને કુમારોએ વૃષભરાજને પહેરાવ્યો. બાકીના લઈને જવા લાગ્યા.

ત્યાં એક બીજી વિનોદની ઘટના બની. મોટા ભાઈ ઘરેણાંની પેટી કાખમાં નાખીને જવા લાગ્યા તો નાના ભાઈ આદિરાજે કહ્યું કે ''ભાઈ ! આ પેટી તો આપના મહેલ સુધી હું પહોંચાડીશ, તમે કેમ તકલીફ ઊઠાવી રહ્યા છો.''

''આદિરાજ ! તમે પિતાજી સમક્ષ નકામી ગડબડ ન કરો. જે કાંઈ વ્યવહાર વિનય વગેરે બતાવવા હોય તે અમારા મહેલમાં બતાવો. અહીં બધુંય કરવું ઠીક નથી.'' અર્કકીર્તિએ કહ્યું.

'ભાઈ ! પિતાજીની સામે આવો વ્યવહાર કરવો તે યોગ્ય કેમ નથી ? શું આ લુચ્ચા લફંગાનો આચાર છે કે સજ્જનોનું ગૌરવ છે ? અમે શું કોઈ ખરાબ કામ કરી રહ્યા છીએ કે જેથી પિતાજીની આગળ સંકોચ રાખીએ ? આપને પોતાની પ્રતિષ્ઠા પ્રમાણે જ વર્તવું જોઈએ અને મને સેવાનાં કાર્યો કરવા આજ્ઞા દેવી જોઈએ. હું કહું છું તે યોગ્ય છે કે નથી એ વાતનો નિર્ણય પિતાજીને પૂછીને કરીશું, હવે તો કાંઈ હરકત નથીને ? એમ કહેતા થકા આદિરાજે તે ઘરેણાંની પેટી લેવા માટે હાથ લંબાવ્યો, પરંતુ અર્કકીર્તિએ હાથ ખેસવી લીધો તોપણ ''હું નહિ છોડું.'' એમ કહેતા થકા આદિરાજ પેટી ખેંચવા લાગ્યા, બન્નેનું વિનય વિનોદયુક્ત યુદ્ધ થવા લાગ્યું. પુત્રોનાં વર્તનપર ભરતજી અત્યંત સંતુષ્ટ થયા. અને કહેવા લાગ્યા કે 'બેટા ! પેટી આપો. તેની પણ ઈચ્છા પૂર્ણ થવા દ્યો.' ત્યારે આદિરાજને વધારે જોર આવ્યું. તેણે પેટી અર્કકીર્તિ પાસેથી ઝૂંટવી લીધી અને પોતાની કાખમાં રાખી. પછી બન્ને પુત્રોએ ભક્તિથી નમસ્કાર કર્યા અને પોતાના મહેલ તરફ જવા લાગ્યા. અહીં ભરતજી આનંદપૂર્વક બિરાજતા હતા.

આકાશપ્રદેશમાં વાજિંત્રોના અવાજ સંભળાવા લાગ્યા. ખબર મળી કે પ્રભાસાંક દેવ આવે છે. ચિત્તાનુમતી દાસીને બોલાવીને વૃષભરાજને તેના હાથમાં સોંપી દીધાં અને મહેલની તરફ મોકલી આપ્યા.

સમ્રાટ પ્રભાસાંકની રાહ જોતા થકા સિંહાસન પર બિરાજતા હતા.

વાચકોને આ વાતનું આશ્ચર્ય થતું હશે કે ચક્રવર્તી ભરતને વારંવાર ઉત્સવ પછી ઉત્સવના પ્રસંગ કેમ આવે છે ? તેનું પુણ્ય કેટલું પ્રબળ છે ? તેઓએ એને માટે પૂર્વે કેવું અનુષ્ઠાન કર્યું હશે ? એનું સમાધાન એ છે કે પુણ્ય જાગૃત રહેવાથી મનુષ્યનું જીવન સુખમય બને છે. સમ્રાટે આવી ભાવના અનેક ભવોમાં કરી હતી કે મારો આત્મા સુખમય બને, આ ભવમાં પણ તેઓ હંમેશાં ભાવના ભાવે છે કે :–

''સિદ્ધાત્મા ! ષટ્કમલોનાં પચાશ પત્રો પર અંકિત પચાશ શુભ અક્ષરોનું ક્રમપૂર્વક ધ્યાન કરીને જે પોતાનો આત્મસાક્ષાત્કાર કરે છે તેમને પોતાનું દર્શન થાય છે. અમને પણ આપના દર્શનની ઈચ્છા છે તેથી સુબુદ્ધિ આપો.

હે પરમાત્મા ! જે તમારી ભાવના કરે છે તેમને રાતદિન આનંદ ઉપર આનંદ દઈને તેનું આપ રક્ષણ કરો છો કેમકે આપ નિત્યાનંદમય છો. તેથી મારા હૃદયમાં નિરંતર વસી રહેવાની કૃપા કરો.''

આ ભાવનાથી ભરતજીને નિત્યાનંદ મળી રહે છે.

# ૯. વિજયાર્ધદર્શન સંધિ

પ્રભાસામર પોતાની સેના અને વિમાન વૈભવનાં ચિહ્નોને સમુદ્ર કિનારે જ છોડી દઈને ચક્રવર્તી આગળ બહુ આનંદપૂર્વક આવી રહ્યા છે.

પ્રતિભાસ નામના પ્રતિનિધિ અને મંત્રી તેમની સાથે છે. સાથોસાથ સુરકીર્તિ અને ધ્રુવકીર્તિ પણ છે. તે પ્રભાસામર ઘણા સુંદર છે. અનેક રત્નનિર્મિત આભૂષણો અને દિવ્ય વસ્ત્રો ધારણ કર્યા હોવાથી વધારે સુંદર લાગે છે. ગૌરવર્ણ છે. એટલું જ નહિ તેનું મન પણ શુભ્ર છે. બહુ ભય અને ભક્તિથી યુક્ત થઈને તે સમ્રાટની પાસે જઈ રહ્યા છે. આજુબાજુથી ચક્રવર્તીની સેનાનાં ઘોડા, હાથી, રથ અને અગણિત પાયદળ વગેરે વિભૂતિઓ દેખતા થકા તેના મનમાં આશ્ચર્ય થઈ રહ્યું છે.

સભામાં પ્રવેશ કર્યા પછી ભરતજીનો વૈભવ જોઈને માગધામર આશ્ચર્ય પામ્યા હતા. તે વિશાળ સભામાં વેત્રધારીગણ 'રસ્તો આપો, બેસો, વાતચીત ન કરો' વગેરે શબ્દો બાલતા થકા વ્યવસ્થા કરી રહ્યા છે.

પ્રભાસામરે સિંહાસન પર બિરાજમાન ચક્રવર્તીને જોયા. જોતા જ તેના મનમાં વિચિત્ર વિચાર ઉદ્ભવ્યો. શું આ ચક્રવર્તી છે, દેવેન્દ્ર છે કે કામદેવ છે ? ચંદ્ર છે કે સૂર્ય છે ? વગેરે અનેક પ્રકારના વિચાર તેના મનમાં ઉદ્ભવ્યા. પાસે ગયા પછી ધ્રુવકીર્તિ અને સુરકીર્તિએ નમસ્કાર કરીને પ્રાર્થના કરી કે 'સ્વામી ! આ પ્રભાસેન્દ્ર છે. અમોએ જઈને જ્યારે એવા સમાચાર આપ્યા કે સમ્રાટ સમુદ્રને કિનારે બિરાજે છે ત્યારે તે ખૂબ ખુશી થયા, કહેવા લાગ્યા કે હું આજ કૃતાર્થ થયો, મારો જન્મ સફલ થયો. મારી પહેલાં માગધામર અને વરતનુને પવિત્ર કરેલા એ જ સ્વામી મારો ઉદ્ધાર કરવા પધાર્યા, મારું પરમ ભાગ્ય છે. ઈત્યાદિ અનેક પ્રકારે તેઓએ હર્ષ બતાવ્યો. એટલું જ નહિ, સ્વામી ! વિશેષ શું ? અમે આપના સમાચાર લઈને ત્યાં ગયા હતા, તેથી અમને કહેવા લાગ્યા કે બંધુવર ! પહેલાંની ભાઈબંધાઈ તો આપની સાથે છે જ વળી આજે તમો સ્વામીના અભ્યૂદય સમાચાર લઈને આવ્યા છો તેથી તમારાથી અધિક હિતૈષી અમારો બીજો કોણ હોય ? એમ કહેતા થકા અમને પ્રેમથી આલિંગન કર્યું, ને અમારો યથેષ્ટ સત્કાર કર્યો. સ્વામી ! અધિક કહેવાથી શું લાભ ? આપના દર્શન કરવાની ઉત્સુકતાથી તે અહીં આવ્યા છે. આપની આગળ ઊભા છે. એમ કહીને તે બન્ને દેવ ઊભા રહી ગયા.

ત્યાર પછી પ્રભાસેન્દ્રે ચક્રવર્તીની ઉપર ચાંદીનાં પુષ્પોની વૃષ્ટિ બહુ ભક્તિપૂર્વક કરી અને વસ્ત્ર, આભૂષણ, રત્ન, મોતી વગેરેની ભેટ ચક્રવર્તીનાં ચરણમાં સમર્પીને પોતાના મંત્રીની સાથે સાષ્ટાંગ નમસ્કાર કરી ચક્રવર્તીની સ્તુતિ કરવા લાગ્યા.

''आदि तीर्थेशाग्र सुकुमार जय, जय, आदि चक्रेश मा पाहि, भो देव ! धन्योऽस्मि'' એમ કહેતાં થકાં સમ્રાટનાં ચરણોમાં નમસ્કાર કર્યા. ચક્રવર્તીએ પ્રસન્નતાપૂર્વક તેને બેઠા થવા કહ્યું. પ્રભાસેન્દ્ર ઊઠીને ઊભા થયા, વળી ભક્તિથી ચક્રવર્તીની સ્તુતિ કરવા લાગ્યા.

નિમિષલોચનેન્દ્ર ! કલંક રહિત ને અન્યૂનચંદ્ર ! ઉષ્ણતારહિત સૂર્ય ! સશરીર કામદેવ ! તમે રાજાના રૂપમાં બધાને સુખી કરવા આવ્યા છો. સ્વામી અયોધ્યા નગરીમાં રહેવાથી સમુદ્રના અનેક

વ્યંતર ઉન્મત્ત બનીને દૂર્માર્ગગામી બનશે તેથી અમારો ઉદ્ધાર કરવા માટે આપ અહીં પધાર્યા છો.

સ્વામી ! આપ પરમાત્માને પ્રસન્ન કરી ચૂકયાં છો તેથી આ ભવમાં મુક્તિમાં જવાવાળા છો. હે સુમુખ ! શું આપની સેવા કરવાનું ભાગ્ય લોકમાં બધાને મળી શકે છે ? અમે ખરેખર ભાગ્યશાળી છીએ.

ત્યારે ભરતજીએ પ્રભાસને ''સુમુખ ! તમે બહુ થાકી ગયા હશો, હવે બેસી જાઓ,'' એમ કહેતા થકા એક આસન તરફ ઈશારો કર્યો. પોતાના મંત્રીની સાથે તે પણ યોગ્ય આસન પર બેસી ગયા.

સુરકીર્તિ અને ધ્રુવકિર્તિને પણ બેસવા માટે આજ્ઞા આપીને સમ્રાટે બુદ્ધિસાગર તરફ જોયું. બુદ્ધિસાગર મંત્રી સમ્રાટનાં ભાવો સમજી લઈને કહેવા લાગ્યા કે સ્વામી ! પ્રભાસદેવ અત્યંત વિવેકી છે, માયા રહિત છે, આપનો પરમભક્ત છે. આપના પાદકમલોની સેવા કરવાની ઈચ્છા રાખે છે. ખરેખર તેને ધન્ય છે કે તેને આપની સેવાનું ભાગ્ય મળ્યું છે, તેનાથી અધિક બીજી કઈ સંપત્તિ હોઈ શકે ? આની પહેલાં માગધામર અને વરતનુ પુણ્યભાગી થયા. હવે આ ત્રણેય પુણ્યશાળી થયા.

મંત્રીનું વચન સાંભળીને તે ત્રણ દેવ બહુ પ્રસન્ન થયા. બુદ્ધિસાગરે ધ્રુવકીર્તિની તેમજ સુરકીર્તિની ઘણી પ્રશંસા કરી. સાથોસાથ એ પણ કહ્યું કે સ્વામી ! હવે પ્રભાસેન્દ્ર પોતાના રાજ્યમાં જવા માગે તો તેને જવાની અનુમતિ આપો અને આગળ જે સ્થાન પર આપ મુકામ રાખો તે સ્થાને તે હાજર થાય.

ભરતજીએ પણ પ્રભાસામરને તથા મંત્રીને બોલાવીને અનેક પ્રકારનાં વસ્ત્ર, આભૂષણ ને રત્નો ભેટમાં આપ્યાં. સાથો સાથ સુરકીર્તિ ને ધ્રુવકીર્તિનું પણ સન્માન કર્યું. એવામાં એક બીજી સંતોષકારક ઘટના બની.

રાજ દરબારમાં જે વખતે પ્રભાસદેવનો મેળાપ થવામાં હર્ષ સંલાપ થઈ રહ્યો હતો ત્યારે આ બાજુ મહેલમાં પાંચ રાણીઓએ પાંચ પુત્રરત્નોને જન્મ આપ્યો. શ્રીમાલા, વનમાલા, ગુણદેવી, મણિદેવી અને હેમાજી એ નામની પાંચ રાણીઓએ અત્યંત સુંદર પાંચ પુત્રોનો જન્મ આપ્યો. તેઓ કામદેવના પાંચ બાણોને પણ તિરસ્કારી રહ્યા હતા.

અંતઃપુરમાંથી પાંચ પુત્રોના જન્મના સમાચાર લાવીને જે દાસીઓ આવે છે તે બહુ ચાતુર્યપૂર્વક આવી રહી છે, કેમકે તેમને મોકલનારી રાણીઓ પણ ઓછી બુદ્ધિવાળી ન હતી. જો એક પછી એક દાસીઓ જઈને કહે તો અમુક રાણીઓના પુત્ર નાના છે, અમુકના મોટા છે. અમુક પહેલા જન્મ લીધો ઈત્યાદિ સિદ્ધ થઈ જાય. તેથી દાસીઓ એક સાથે જઈને એકી સાથે કહેવા તે રાણીઓએ આજ્ઞા આપી હતી. તેથી તે દાસીઓ એક હારમાંજ ઊભી રહીને ભરતજીના દરબારમાં આનંદથી આવી રહી છે. ભરતજી દૂરથી જ જોઈને સમજી ગયા કે આ પાંચે દાસીઓ પુત્રજન્મના હર્ષ સમાચાર લાવીને આવી રહી છે. બીજી કોઈ વાત નથી.

પાસે આવી તેને પાંચે જણીએ પાંચ રાણીઓને પુત્રોત્પત્તિ થયાના સમાચાર સંભળાવ્યા. ભરતજીને હર્ષ થયો. પાંચે દાસીઓને પોતાના ગળામાં પહેરેલાં રત્નનિર્મિત પાંચ હારો ઈનામમાં

આપ્યા. તે દરબારમાં ઉપસ્થિત રાજાઓને પ્રજાજનોને આ સમાચાર સાંભળીને એટલો આનંદ થયો કે જાણે તેનાં હાથમાં જ ચક્રવર્તીની સંપત્તિ આવી ગઈ હોય.

તે વખતે પ્રભાસાંક કહેવા લાગ્યા કે 'સ્વામી ! હું મારા રાજ્યમાં જઈને ત્યાં શું કરી શકું ? અહીં રહેવાથી આ બધો મહોત્સવ તો જોવા મળશે. હું મહાભાગ્યશાળી છું.' તે વખતે પ્રભાસાંકે પોતાના મંત્રીને બોલાવીને આજ્ઞા આપી કે 'તમે જલદી મારા રાજ્યમાં જઈને અગણિત રત્ન, વસ્ત્ર, આભૂષણ વગેરે ભેટ માટે લઈ આવો.' આજ્ઞા પામીને તેઓ ચાલી નીકળ્યા.

ભરતજી પણ બધાને દરબારમાંથી વિદાય આપીને 'નિરંજન સિદ્ધ' શબ્દ ઉચ્ચારતા મહેલ તરફ ગયા. ત્યાં સૌથી પહેલાં પાંચ પુત્રોને જોઈને પછી તેમના યથોચિત જાતકર્મસંસ્કાર કર્યા. ત્યારપછી નામકર્મોચિત દિવસે નામકરણ સંસ્કાર કર્યા. તે દિવસે આધિનસ્થ બધા રાજાઓએ નામકરણ સંસ્કારના હર્ષોપલક્ષ્યમાં અનેક રત્ન, વસ્ત્ર, ઉપહારોની ભેટ ચક્રવર્તીની સેવામાં સમર્પી. આ રીતે પ્રભાસદેવે પણ ઉત્તમોત્તમ ઉપહારોની ભેટ આપીને પોતાનો હર્ષ ને પોતાની ભક્તિ બતાવી.

ભરતજીને પરમાત્મા પ્રિય છે તેથી તેનાં પુત્રોના નામકરણમાં પણ તેઓએ પરમાત્માનું લક્ષ રાખ્યું. તે પુત્રોનાં અનુક્રમે હંસરાજ, નિરંજન સિદ્ધરાજ, મહાંશુરાજ, રત્નરાજ, સંસુખરાજ એવાં નામ રાખ્યાં.

છ માસ સુધી ભરતજીએ તે જગ્યાએ મુકામ રાખ્યો પછી ત્યાંથી સેનાનું પ્રસ્થાન થયું.

હિમવાન પર્વતમાંથી ગંગા સમાન જ નીકળતી દક્ષિણ તરફ વહેતી પશ્ચિમ સમુદ્રમાં જઈને મળનાર સિંધુ નામની મહાનદી મૌજુદ છે. તે દક્ષિણ કિનારાને અનુસરીને ભરતજીની સેના જઈ રહી છે. જ્યાં ઈચ્છા થાય છે ત્યાં મુકામે કરે છે. પછી આગળ ચાલે છે. વચ્ચે વચ્ચે સ્થળે સ્થળે પુત્રરત્નોની પ્રાપ્તિ થઈ છે ને થઈ રહી છે, તેઓ ઉંમર લાયક થતાં ઉપનયનાદિ ક્ષત્રિયોચિત સંસ્કારને કરાવતા થકા જઈ રહ્યા છે. ક્યારેક પર્વતો ઉપર ચડીને જવું પડે છે કયારેક જમીન ઉપર થઈને જાય છે, ક્યારેક ચડે છે, ક્યારેક ઊતરે છે. આ રીતે બહુ આનંદપૂર્વક જઈ રહ્યા છે. ક્યારેક ક્યારેક રસ્તો ન હોવાને કારણે કોઈ કોઈ પર્વતો તોડીને રસ્તો બનાવતા જાય છે. પર્વતોને તોડતી વખતે તેમાંથી અનેક રત્ન, સુવર્ણ વગેરે મળે છે.

''આ બધાને માટે જ સેનાપતિ જ અધિકારી છે.'' એમ ભરતજી તરફથી આજ્ઞા થઈ છે. સેનામાં કોઈ ને કોઈ પ્રકારનું દુઃખ નથી. એટલું જ નહિ. પ્રયાણ વખતે કોઈ પણ મનુષ્યનાં પેટમાં પાણી પણ હલતું નથી. કોઈ પણ પ્રાણીના પગમાં કાંટો પણ લાગતો નથી. એવા સુખથી પ્રયાણ થઈ રહ્યું છે.

આ પ્રકારે અત્યંત સુખપૂર્વક અનેક મુકામો સમાપ્ત કરતા થકા સમ્રાટ એક એવા પર્વતની પાસે આવ્યા કે જે ચાંદી જેવો ઉજ્જવળ હતો. તે કોઈ સામાન્ય પર્વત નથી, વિજયાર્ધ પર્વત છે. આકાશને સ્પર્શ કરવા જતો હોય એટલો ઊંચો છે. પૂર્વ અને પશ્ચિમ સમુદ્રને વ્યાપીને ચાંદીની દીવાલની સમાન અત્યંત સુંદર દેખાઈ રહ્યો છે. તે પર્વતનાં દક્ષિણમાં એકસોદશ નગર છે, જેમાં વિદ્યાધરોના આવાસ છે. તે નગરોમાં ગગનવલ્લભપુર અને રથનૂપુર ચક્રવાલપુર નામના બે નગર

અત્યંત પ્રસિદ્ધ અને શ્રેષ્ઠ છે. ત્યાં ક્રમે નમિરાજ, વિનમિરાજ નામના બે ભાઈ રાજ્યનું પાલન કરી રહ્યા છે. નમિરાજ વિનમિરાજ સમ્રાટના નિકટ બંધુ છે. ભરતજીની માતા યશસ્વતી દેવીનાં ભાઈ શ્રીકચ્છ અને મહાકચ્છ રાજાનાં તેઓ પુત્ર છે. અર્થાત્ ભરતજીના મામાના પુત્ર છે. તેઓ બન્ને અત્યંત પ્રભાવશાળી છે. બધા વિદ્યાધરોને પોતાને આધીન કરીને વિદ્યાધર લોકોનું રાજ્ય પાલન કરી રહ્યા છે.

વિજયાર્ધ પર્વતનાં દક્ષિણોત્તર ભાગમાં વિદ્યાધરોનો નિવાસ છે. વિજયાર્ધપર્વતના શિખર પર વિજયાર્ધદેવ નામના રાજા રાજ્યનું પાલન કરી રહ્યા છે. એ ઉપરાંત કિન્નર, યક્ષ વગેરે દેવ પણ ત્યાં રહે છે. આ રીતે ગંગા નદી અને વિજયાર્ધ પર્વતની વચ્ચે એક ખંડ અને સિંધુ નદી અને વિજયાર્ધની વચ્ચે એક ખંડ એમ બન્ને ખંડ મ્લેચ્છ ખંડ કહેવાય છે. વિજયાર્ધનાં દક્ષિણમાં ગંગા ને સિંધુની વચ્ચેનો જે ભાગ છે તે આર્યખંડના નામથી કહેવાય છે. આ રીતે વિજયાર્ધનાં ઉત્તર ભાગમાં પણ ત્રણ ખંડ છે. જેની ઉત્તરે હિમવાન નામનો પર્વત પૂર્વ અને પશ્ચિમ સમુદ્ર સુધી વ્યાપીને સીમાનું કામ બજાવે છે. બન્ને પર્વત, બે સમુદ્ર અને બે મહાનદીની વચ્ચે છ ખંડનો પ્રદેશ આવેલો છે તેને ભરતક્ષેત્રનાં ષટ્ખંડ કહેવાય છે તેને ભરતજી પોતાની શૂરવીરતાથી પાલન કરે છે. વિજયાર્ધ પર્વત સુધી તો ભરતજી આવ્યા. તેમને ત્યાં વિદ્યાધર લોકોને વશ કરવાના છે. પછી વિજયાર્ધ પર્વત ઊતરીને ઉત્તર ભાગના મ્લેચ્છ ખંડને પણ વશ કરવાના છે. વિજયાર્ધ પર્વતમાં એક મહાન જબરજસ્ત અત્યંત મજબૂત વજ્રદ્વાર આવેલું છે, જે હજારો તો શું પણ લાખો વર્ષોથી બંધ છે. તેને પોતાના દંડથી તોડીને ભરતજી આગળ જશે.

ભરતજીએ આગળનાં કાર્યોનો વિચાર કરીને સેનાપતિને બોલાવ્યો, અને વિજયાર્ધ પર્વતની આ બાજુ ચાર યોજન પ્રમાણમાં એક ખાઈ ખોદાવો એ પ્રકારની આજ્ઞા તેને આપી, અને સાથો સાથ એ પણ કહ્યું કે આજે તો તમે આરામ કરો, અને કાલ આપણા મહેલ અને સેનાનાં રક્ષણને માટે તમારા ભાઈઓને નિયુક્ત કરીને તમે, વ્યંતરવીર અને જરૂર પૂરતી સેનાને લઈને જાઓ. પછી ખાઈ ખોદવાનું કાર્ય કરો.

વિજયાર્ધ પર્વતના કપાટ (દ્વાર) હજારો વર્ષોથી બંધ છે. તેને એકદમ તોડવાથી તેમાંથી અગ્નિ ઝરીને બાર ગાઉ સુધી દૂર ઉછળીને આવશે. તેથી આગળ ઊછળીને આપણને હરક્ત ન કરે એવી રીતે હોશિયારીથી ખાઈની રચના કરો. લોકો એક સામાન્ય લોઢાથી બીજા લોઢાને ઘસે છે તો અગ્નિ નીકળે છે તો દંડરત્નથી વજ્રકપાટને તોડતાં શું અગ્નિ ન નીકળે ? એક લાકડાને બીજા લાકડાની સાથે ઘર્ષણ થતાં તેમાંથી અગ્નિ ઝરીને જંગલનાં જંગલ ભસ્મીભૂત થઈ જાય છે. તોપછી પર્વતને દંડરત્નથી તોડતાં અગ્નિ પ્રજ્વલિત થાય તો એમાં આશ્ચર્ય શું ? આ બધા લૌકિક દૃષ્ટાંત છે. ગુફામાં અગ્નિનું ભરાઈ રહેવું તે સાહજિક છે. તેથી તે અગ્નિને રોકવા માટે પાણીની ખાઈ જ સમર્થ છે. જો આ પ્રકારની ખાઈની વ્યવસ્થા ન થઈ તો તે અગ્નિ ભયંકર રૂપે પ્રજ્વલિત થઈને આપણી સેનાને દબાવતી આવશે. સેના ભયભીત થઈને ભાગવા લાગશે. બધી સેના મળીને તે અગ્નિને ઠારવા માટે પ્રયત્ન કરવામાં આવે તો પણ તે નિષ્ફળ જશે. જેમ જેમ સેના તે અગ્નિને ઠારવા પ્રયત્ન કરશે તેમ

તેમ તે અગ્નિ પણ વધારે વધારે પ્રજ્વલિત થઈને સેનાને દબાવતી થકી આગળ વધશે. આમ થતાં એ બધી મુશ્કેલીઓનો સામનો કરવાનું શું પ્રયોજન છે ? એક પાણીની ખાઈ બનાવી દેવામાં આવે તો બધી તકલીફ દૂર થઈ જશે. અગ્નિ તે ખાઈમાંથી આ તરફ નહીં આવી શકે. આપણે નિરાકુલતાથી અહીં રહી શકીશું. આ આપણા તરફ આવનારી અગ્નિને રોકવાનો ઉપાય છે. આ રીતે સિંધુ નદીનાં પશ્ચિમ ભાગમાં કદાચિત્ તે અગ્નિ ફેલાઈ ગઈ તો પ્રલયકાળની અગ્નિ સમાન તે વ્યાપ્ત થઈને ત્યાંની ભૂમિને બાળી નાંખશે, પ્રજાઓને મહા દુઃખ ઉપજાવશે. તેથી તે તરફ પણ એક ખાઈની રચના કરો. ઉત્તરમાં પર્વત છે તે અગ્નિને રોકી શકશે. દક્ષિણમાં સિંધુ નદીના બન્ને કિનારા સુધી ખાઈ થવાથી તેમાં પાણી ભરાઈ રહેશે. તે પાણી ઉતરનાં પર્વત સુધી પહોંચે તો બધાનું રક્ષણ થાય. આ પ્રકારની વ્યવસ્થા બહુ વિચારપૂર્વક કરો. આ પ્રકારે સેનાપતિને આજ્ઞા દઈને તે વખતે વરતનુ, પ્રભાસાંક વગેરે વ્યંતર રાજાઓને પણ બોલાવીને તેને આજ્ઞા કરી કે આ કાર્યમાં તમે પણ સાથ આપીને સેનાનાયક જેમ કહે તેમ તેની ઈચ્છાનુસાર મદદ કરો. તેઓએ સમ્રાટની આજ્ઞા માથે ચડાવી.

ત્યાર પછી સેનાનો પડાવ તે વિજયાર્ધ પર્વતની આગળ નાંખવા માટે આજ્ઞા ભેરી બજાવવામાં આવી. ક્ષણવારમાં બધી વ્યવસ્થા થઈ ગઈ. બધા લોકોને માટે મકાન, મહેલ, મંદિર વગેરેની વ્યવસ્થા જોતજોતામાં થઈ ગઈ. વિશેષ શું ! એક વિશાળ રાજ્યની જ ત્યાં સ્થાપના થઈ ગઈ. ભરતજીએ બધા રાજા પ્રજાઓને યોગ્ય ઉપચારપૂર્ણ વચનોથી સંતોષીને પોતપોતાના સ્થાને મોકલી આપ્યા. અને પોતે પોતાને માટે બનાવેલા સુંદર મહેલમાં ગયા.

ભરતજીનું કેટલું અદ્‌ભુત સામર્થ્ય છે ? જ્યાં જાય છે ત્યાં અલૌકિક વૈભવની પ્રાપ્તિ થાય છે. ગમે તેવા ભયંકરમાં ભયંકર સંકટ કેમ ન હોય, તેનો બહુ દૂરદર્શિતાપૂર્વક વિચાર કરીને નાશ કરે છે. પોતાની પ્રજાઓને કોઈ પણ પ્રકારનું દુઃખ ન થાય તેની તેને સતત ચિંતા રહે છે. તેને માટે તેઓ ઘણી ત્વરાથી વ્યવસ્થા કરે છે. તેને બધા પ્રકારની અનુકૂલતા પણ મળે છે. આ બધાનું કારણ શું છે ? એનો એક એ જ ઉત્તર છે કે આ પૂર્વનાં પૂણ્યનું ફળ છે. તેમની સતત રહેનારી પુણ્યમય ભાવનાનું ફળ છે. તેઓ રાતદિવસ આ પ્રકારની ભાવના કર્યા કરે છે કે :–

''હે સિદ્ધાત્મા ! આપ લોકમાં બધાને સહસા પ્રત્યક્ષ નથી થતા. જેઓ ધ્યાનરૂપી કરવતથી દેહ અને આત્માના અન્યોન્ય સંબંધને ભિન્ન કરવાનું જાણે છે તેમને આપનું રૂપ પ્રત્યક્ષ જોવામાં આવે છે. આપ પ્રકાશમાન થઈને દેખો છો તેથી હે સિદ્ધાત્મા ! અમને આપ હંમેશાં દર્શન દેતા રહો.''

''હે પરમાત્મા ! આપ અક્ષયસામર્થ્યનાં ધારણ કરનારા છો, અનુપમ લાવણ્યની આપ મૂર્તિ છો, મોક્ષમાં આપ અગ્રણ્ય છો, શ્રેષ્ઠ છો. એટલું જ નહિ, આપની દ્વારા જ લોકનું રક્ષણ થાય છે. તેથી પરમાત્મા ! આપ સાક્ષાત્ મારા હ્દયદમાં વર્ત્યા રહો.''

આ પ્રકારની ભાવના ભરતજી રાત દિવસ પોતાના હૃદયમાં કરે છે. તેનું એ ફળ છે કે તેનાં પ્રત્યેક કામમાં જય અને સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

## ૧૦. કપાટવિસ્ફોટન સંધિ

**આ**ઠ દિવસ પછી ભરતની સેવામાં જયકુમાર હાજર થઈને નિવેદન કરવા લાગ્યા કે સ્વામી ! આપની આજ્ઞાનુસાર જલથી ભરેલી ખાઈની રચના થઈ ગઈ છે. આપને તે વાતની સૂચના દેવા માટે હું સેવામાં હાજર થયો છું.

ભરતજી તેનાં વચનો સાંભળીને ખુશી થયા અને તે કાર્ય કરવા માટે જેઓએ સાથ આપ્યો તે બધા વ્યંતરેન્દ્રોનું અને જયકુમારનું, પુષ્કળ વસ્ત્રો અને આભૂષણોથી, સન્માન કર્યું. બીજે દિવસે સમ્રાટે મંત્રી અને સેનાપતિને પોતાના મહેલમાં બોલાવ્યા, અને વજ્રકપાટને તોડવાની બાબતમાં વાર્તાલાપ કરતા થકા કહ્યું કે 'મંત્રી ! સેનાપતિ ! સાંભળો, વિજયાર્ધ પર્વતમાં જે વજ્રકપાટ છે તેને હું કાલે જ તોડી નાખું છું. તે વજ્રકપાટને તોડવો કોઈ મોટી વાત નથી. પણ એ પ્રમાણે મારે શા માટે કરવું જોઈએ ! પણ પૂર્વોપાર્જિત કર્મનું કોણ ઉલ્લંઘન કરી શકે ? તેનું ફળ તો ભોગવવું જ પડશે. મારો જન્મ અયોધ્યામાં થાય અને બધા રાજ્યપર આધિપત્ય જમાવીને હું આ પર્વતને ઓળંગીને સામા રાજ્યોને પણ વશ કરું એ મારી વિધિનો આદેશ છે. તેનું પાલન કરવું એ તો મારું કર્તવ્ય છે. કોઈ કાર્યનો ભંગ કરવાની જરૂર નથી. પરમાત્માની ભાવના કરતા થકા અમે પ્રત્યેક કાર્ય કરીએ છીએ. આમ હોઈ નિરાશ થવાની જરૂર નથી.' એ રીતે ભરતજીએ કહ્યું.

'સ્વામી ! પરમાત્માના સ્મરણથી આપ કર્મ પર્વતને તોડી શકો છો. પછી આ સાધારણ પર્વતને તો તોડવામાં આપને શી મુશ્કેલી પડે ? બધું ય સિદ્ધ થઈ જશે એમાં અમને કોઈ પણ પ્રકારે સંદેહ નથી. સ્વામી જે વજ્રકપાટ હાથી, તેમજ સિંહનાં ટોળાં સમાન ભયંકર છે, આકાશની સમાન ઉન્નત છે તેને તોડી નાંખવાની સરળતા આપમાં જ હોઈ શકે. બીજા લોક તેની પાસે પણ ન જઈ શકે.' આ રીતે કહેતા થકા સેનાપતિ અને મંત્રીઓ ભરતજીની પ્રશંસા કરી.

બન્નેનો સત્કાર કરીને ભરતજીએ તેમને ત્યાંથી પોતપોતાનાં સ્થાને જવાનું કહ્યું. પછી દશમને દિવસે સવારે ભરતજીએ જિનેન્દ્ર ભગવાનની પૂજા કરી. પછી વિજયાર્ધની તરફ જવા નીકળ્યા.

વીરોચિત વસ્ત્ર અને આભૂષણોથી અલંકૃત થઈને બહાર આવ્યા. ત્યાં પવનજય નામના ઘોડાને પહેલેથી શણગારી રાખ્યો હતો. તે અશ્વરત્ન છે. તેના ઉપર ભરતજી આરૂઢ થયા. તે વખતે ભરતજી તે સુંદર ઘોડા ઉપર ચઢેલા ઉચ્ચૈશ્રવ ઘોડા ઉપર ચઢેલા ઈન્દ્ર જેવા લાગતા હતા. કવિગણ વર્ણન કરે છે કે સૂર્ય સાત ઘોડા ઉપર આરૂઢ થાય છે. પરંતુ તેજમાં ભરતજી પણ સૂર્યથી ઊતરતા નહોતા. આ સૂર્ય તે સાત ઘોડામાંથી એક ઘોડાને લઈને તેની ઉપર આરૂઢ થયા છે. આ રીતે જોનારનાં મનમાં કલ્પના થાય છે.

ભરતજીએ પોતાની યજ્ઞોપવીતને સંભાળતાં થકા શ્રી સર્વજ્ઞ ભગવાનનું સ્મરણ કર્યું. ત્યાર પછી જમણા હાથથી થાબડીને ઘોડાને ચાલવા માટે ઈશારો કર્યો, ઘોડો આગળ વધ્યો. ભરતજીએ સેનાને અને ઘોડાને ચલાવતા થકા લય, ધારા, ગતિ, જવ, ભ્રામક નામની પાંચ પ્રકારની ચાલોથી અશ્વવિદ્યા બતાવી. એમ અનેક પ્રકારે ઘોડો પોતાની ચાલ બતાવી રહ્યો હતો. દરેક વખતે તે કેટલાયે યોજનો

સુધી છલંગ મારીને બતાવી રહ્યો હતો. ગમે તેટ્લા જોરથી તે છલંગ મારે પણ ભરતજી બરાબર સ્થિર રહીને બેઠા હતા.

ઘોડો હવે સેનાસ્થાનને છોડીને પર્વતની તરફ ગયો, હવે સેનાપતિ અને બધી સેના તે સ્થાનમાં રોકાઈ ગયા, ભરતજીની સાથે નિયત ગણબદ્ધદેવ રહેલા છે. માગધામર આદિ વ્યતંરને પણ રોકી ન શકાયા. તેઓ સાથે જ આવ્યા.

કેટલાક લોક એવું વર્ણન કરે છે કે ભરતજીએ જયકુમાર કે જે સેનાપતિ રત્ન છે તેને મોકલીને તેના હાથથી વજ્રકપાટને તોડાવ્યો. પરંતુ એ બરાબર નથી. ચક્રવર્તીને અશ્વરત્ન, ગજરત્ન વગેરે સ્ત્રીરત્નની સમાન છે, તેના રત્નોનો ઉપભોગ તેઓ જાતે જ કરી શકે છે. તે રત્ન ચક્રવર્તી સિવાય બીજા સામાન્ય લોકોને પોતાનો સાથ આપી શકતું નથી. કેમકે રાજાની ચાખડી સિંહાસન વગેરે તેના સેવકના ભોગને માટે યોગ્ય નથી.

ભરતજીએ થોડે દૂર ગયા પછી દૂરથી જ તે વજ્રકપાટને જોઈ લીધો તે પર્વત લંબાઈમાં પચ્ચીસ ગાઉં ફેલાયેલો છે. તે આઠ ગાઉં ઊંચાઈ અને બાર ગાઉ પહોળાઇમાં આવેલો છે. અંદરથી ક્રોધાગ્નિ ધારીને બહારથી શાંત દેખાતા શૂદ્રોની જેવો તે પર્વત લાગે છે.

ભરતજીએ માગધ, વરતનુ, પ્રભાસાંકને બોલાવીને કહ્યું કે 'જુઓ ! આ તમિસ્ર નામની ગુફા છે. આ વજ્રદ્વાર છે. તે કેવી લાગે છે તે જુઓ તો ખરા ! જેવી રીતે કોઈ ક્રોધી દાંત પીસીને બેઠો હોય તેવી રીતે આ પણ દેખાય છે. હવે તેનાં દાંતોને તોડીને મોઢું ખોલાવી નાખું છું. જુઓ તો ખરા ! એ રીતે ભરતજીએ હસતા કહ્યું. લોકમાં ઝાકળ બચ્ચાઓને પર્વત જેવી લાગે છે, અને તેનાથી તે ડરે છે. પરંતુ મારે માટે આ વજ્રદ્વાર પણ કોઈ મોટી વાત નથી. હમણાં જ જોત જોતામાં જ તોડી નાખીશ.

સ્વામી ! તે વ્યંતરોએ કહ્યું કે 'લોકમાં અમાસના અંધકારને દૂર કરવા સૂર્ય સમર્થ છે, નજીવા દીવામાં એ સામર્થ્ય કેવું ! આ રીતે આ કાર્ય લોકમાં બીજા બધા વીરો માટે ઘણું સાહસ ભરેલું છે. પરંતુ આપને માટે તો સાધારણ છે.'

ભરતજીએ તે વ્યંતરેન્દ્રોને ઈશારો કર્યો કે હવે તમે તે પાણીની ખાઈ તરફ ચાલ્યા જાઓ અને પોતે દંડરત્નને વીરતાપૂર્વક સંભાળવા લાગ્યા.

ત્યારપછી સમ્રાટે ષટ્પદ્મ અક્ષરોને જોઈને ભગવાન આદિનાથનાં ચરણકમલોનું સ્મરણ કર્યું. ત્યારપછી પોતાના નિર્મળ ચિત્તમાં પરમાત્માનું ધ્યાન કર્યું. પોતાના ડાબા હાથમાં ઘોડાની લગામ તેઓએ રાખી છે. જમણા હાથમાં દંડ રાખ્યો છે, હવે તે વજ્રકપાટને તોડવા સજ્જ થયા.

દંડાયુધને હાથમાં લઈને તે વજ્ર કપાટ પર જોરથી પ્રહાર કર્યો. પાતળી ઈંટની જેમ તેના બે કડકા થઈ ગયા. તે વખતે કાંસાનો પર્વત તૂટવા જેવો અવાજ થયો, તે ઘોડો વીજળીની જેમ ત્યાંથી દોડયો, મેઘ અને વજ્રમાં ઝાઝું અંતર નથી. અહીં તો વજ્રદંડથી વજ્રકપાટનું ઘર્ષણ થયું છે. વાદળાઓ અથડાવાથી જેવી રીતે ભયંકર અવાજ થાય છે તેવી રીતે બન્ને વજ્રના અથડામણમાં

અવાજ થવા લાગ્યો. વિશેષ શું ? ભરતજીના વજ્રપ્રહાર અને તે વજ્રકપાટના કટકા થતી વખતે વિજયાર્ધ પર્વત જ હલવા લાગ્યો. ભૂકંપ થવા લાગ્યો. સમુદ્ર એકદમ ઊછળવા લાગ્યો. ભરતજીએ એક નિમિષ માત્રમાં વજ્રદ્વારનાં ટુકડા કરી નાંખ્યા. તે દ્વાર કોઈ સામાન્ય નહોતું, તો પણ ભરતજીએ તેને રમતવાતમાં તોડી નાંખ્યો. ભરતજીની સેનાને પર્વત ઓળંગવા માટે તે દ્વાર પ્રતિબંધ રૂપ હતો તેથી ભરતજીએ તેને તોડી નાંખ્યો. જ્યારે ભારેમાં ભારે વજ્રકપાટને આ રીતે એક જ પ્રહારથી તોડે છે તો પછી તેના સામે શત્રુઓ કેવી રીતે ટકી શકે ? તેમના પર બે ચાર પ્રહાર પડતા સુધી તેઓ તેને જીલી શકે ? કદી નહિ. ભરતજીની વીરતા અસાધારણ છે, અજેય છે, તેની બરાબરી કોઈ પણ નથી કરી શકતું.

તે ગુફામાંથી પ્રલય કાળની જ અગ્નિ નીકળી આવી. કોઈ પાણીના દ્વારને ખોલવાથી જેવી રીતે પાણી એકદમ ધસી આવે છે તેવી રીતે તે ગુફામાંથી અગ્નિ નીકળીને બહાર ધસી આવ્યો. વજ્રકપાટ ઢરડ ઢરડ અવાજની સાથે ખુલ્યો. તે વખતે અગ્નિ ભખ ભખ અવાજ કરતી થકી પ્રજ્વલિત થઈ. ઘોડો સરર અવાજ કરતો થકો નાશી ગયો.

અગ્નિ બધે ફેલાઈ ગઈ, વર્ષોથી તે વિજયાર્ધ ગુફામાં ઢંકાયેલી અગ્નિએ બહાર નીકળીને પ્રચંડરૂપ લીધું. બધે હાહાકાર મચી ઊઠયો; પર્વત અગ્નિમય બની ગયો. મોટામોટા વૃક્ષો ભસ્મીભૂત થઈ ગયા. વિદ્યાધર આ પ્રલયકાલની અગ્નિ જોઈને ગભરાયા. વિજયાર્ધ દેવ ભરતજીની વીરતા પર મુગ્ધ થયો. દંડાયુદ્ધનો પ્રહાર તે કપાટ પર જે વખતે થયો તે વખતે એકદમ ભૂકંપ જ થવા લાગ્યો. બધા લોકો મેઘાઘાતથી જેવી રીતે ગભરાય છે તેવી રીતે ગભરાવા લાગ્યા. માગધેન્દ્રાદિ વીરવ્યંતર પણ ગભરાયો. સેના સમૂહમાં સર્વત્ર કોલાહલ મચી રહ્યો. પરંતુ ભરતજીનું સામર્થ્ય અને ધૈર્ય અતૂલ છે. તેઓ ખાઈની પાસે ઊભી રહીને બહુ આનંદપૂર્વક તે દેખાવ જોઈ રહ્યા હતા. તેની આસપાસ વ્યંતર વીર ઊભા હતા.

એટલામાં ત્યાં એક બીજો ઉત્સવ થયો. વિજયાર્ધદેવ ભરતજીની વીરતાથી અત્યંત પ્રસન્ન થયા. તે પોતાના પરિવાર દેવતાઓની સાથે આકાશમાં ઊભા રહીને ભરતજી પ્રત્યે જયજયકાર શબ્દ કરવા લાગ્યા અને ભરતજીની ઉપર તેણે પુષ્પવૃષ્ટિ કરી. એટલું જ નહિ, ભરતજીને તે અગ્નિની ગરમી લાગી હશે એમ વિચારીને ગુલાબજલ, કપૂર, ચંદન વગેરે શીતળ પદાર્થોની પણ વૃષ્ટિ કરી. કિન્નર કિંપુરુષ જાતિના દેવ ભરતની વીરતા ગાવા લાગ્યા. પાસે જ ગંધર્વ ગણિકાઓ આનંદથી નાચવા લાગી. ત્યાર પછી તે વિજયાર્ધદેવ અનેક ઉત્તમોત્તમ વસ્ત્ર, આભરણ, રત્ન વગેરે ઉપહાર દ્રવ્યોને સાથે લઈને પરિવાર સહિત ભરતજીનાં દર્શન કરવા આવ્યા. અનેક ઉત્તમ ઉપહારો ભરતજીના ચરણમાં સમર્પીને ભરતજીને બહુ ભક્તિથી સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને નિવેદન કર્યું કે સ્વામી ! અમારી દૃષ્ટિ આજે સફળ થઈ. સાથોસાથ વિજયાર્ધ દેવે પોતાના બધા પરિવારોને ભરતજીનાં ચરણમાં નમસ્કાર કરાવ્યા.

ભરતજીએ માગધામરની તરફ જોયું. માગધે સમ્રાટનો અભિપ્રાય સમજી લઈને કહ્યું કે વિજયાર્ધ પર્વતનાં અધિપતિ છે. તે બહુ સજ્જન છે. આપની સેવાને માટે સર્વથા યોગ્ય છે, તેના

તરફ આપની કૃપા થવી જોઈએ, તે વખતે વિજયાર્ધ દેવ કહેવા લાગ્યા કે માગધામર ! લોકમાં મોક્ષમાર્ગી અને તદ્‌ભવ મોક્ષગામી સ્વામીને પ્રસન્ન કરવાનું ભાગ્ય બધાને નથી મળી શકતું. ખરેખર તમે ને અમે કૃતાર્થ થયા કે આવા સ્વામીને પ્રસન્ન કર્યાં.

માગધામરે ભરતજીને કહ્યું, કે સ્વામી ! હવે આ વિજયાર્ધ દેવને પોતાના રાજ્યમાં જવાની આજ્ઞા આપવામાં આવે અને આપણે જ્યારે ઉત્તર ખંડની તરફ પ્રયાણ કરીશું ત્યારે તે આવશે.

ભરતજીએ પણ તેને પાસે બોલાવીને તેને અનેક પ્રકારની ભેટ આપી. વિજ્યાર્ધ દેવ પણ સ્વામીની આજ્ઞા પામીને તેને બહુ ભક્તિથી નમસ્કાર કરી પોતાના પરિવાર સહિત રવાના થયા.

વિજયાર્ધદેવ ગયા પછી તે તમિસ્ર ગુફાના અધિપતિ કૃતમાલ નામના વ્યંતરદેવ આવ્યા. તેણે પણ અનેક રત્નનિર્મિત ઉપહારો સમર્પીને ભરતજીનાં ચરણમાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા. માગધામરે કૃતમાલ દેવનો પરિચય કરાવ્યો કે સ્વામી ! આ મારો બંધુ કૃતમાલ દેવ છે જે તમિસ્ર ગુફાનાં વજ્રકપાટ આપે હમણાં તોડયા છે તે ગુફાનાં આ અધિપતિ છે. તે વિનીત ભાવથી આપની સેવા માટે ઉપસ્થિત થયા છે. હાલ તેને તેના સ્થાને જવાની આજ્ઞા દેવામાં આવે. અને આગળ સેના પ્રસ્થાનને વખતે આવે તો કામ ચાલી શકશે. ભરતજીએ પણ યોગ્ય સત્કાર પૂર્વક તે કૃતમાલને રજા આપી.

ભરતજીએ હવે સેનાસ્થાનમાં જવા માટે પોતાના ઘોડાને ફેરવ્યો. સેના તરફ આવતી વખતે ભરતજી એવા દેખાતા હતા કે જાણે કોઈ દેવેન્દ્ર જ સ્વર્ગમાંથી ઊતરીને આવી રહ્યા હોય ! એક નિમિષ માત્રમાં તે અશ્વરત્ન ભરતજીને લઈ ઈષ્ટ સ્થાન પર આવ્યો. સેના સ્થાનમાં પ્રવેશ કરતાંજ સેનાના આનંદનો પાર ન રહ્યો. 'રાજા સુખી હોવા સાથે રાજ્ય પણ સુખી છે' એ કહેવત તે વખતે ચરિતાર્થ થઈ રહી હતી. ભરતજી પણ પ્રજાઓના આનંદને દેખતા થકા હર્ષવાન બની રહ્યા હતા. સામેથી અર્કકીર્તિ, આદિરાજ અને વૃષભરાજ અનેક ભેટ પોતાના હાથમાં લઈને પિતાના દર્શનને માટે આવી રહ્યા હતા. બહુ ભક્તિથી ભરતજીને તેઓએ નમસ્કાર કર્યા. ભરતજીએ ત્રણ કુમારોને એક એક ઘોડા ઉપર સવારી કરીને પોતાની સાથે આવવા કહ્યું. ત્રણે કુમારો ઘોડા ઉપર સવારી કરીને ભરતજી સાથે જવા લાગ્યા.

મંત્રી, સેનાપતિ, રાજગણ, રાજકુમાર વગેરે અગણિત સંખ્યામાં ભરતજીને માર્ગમાં નમસ્કાર કરી રહ્યા હતા. સ્તુતિપાઠકો અનેક પ્રકારે ભરતજીની સ્તુતિ કરી રહ્યા હતા. કવિગણ અનેક રચનાઓથી તેમની સ્તુતિ કરતા હતા. આ બધો આનંદ જોતાં જોતાં ભરતજી પોતાના મહેલ તરફ આવી રહ્યા હતા. મહેલના બહારનાં દરવાજા પાસે અશ્વરત્નને ઊભો રાખી દીધો. ત્યાં પોતે ઊતરી ગયા, પોતાની સાથે આવેલા વ્યંતરાદિકોને પોતપોતાના સ્થાનમાં જવાનું કહ્યું, અને અશ્વરત્નનો થાક દૂર કરવા માટે તેનો યોગ્ય સત્કાર, ઉપચાર કરવાની આજ્ઞા દેતા થકા પોતે મહેલમાં દાખલ થયા.

મહેલમાં રાણીઓના આનંદનું શું વર્ણન કરીએ. ત્યાં સંતોષ સાગર જ ઊછળી રહ્યો હતો. આજ પતિરાજ એક મોટા ભારે લોકવિખ્યાત કાર્યમાં સફળતા પામીને આવી રહ્યા હતા. આવા

પ્રસંગમાં તેમને આનંદ થાય તે સાહજિક છે. તે બધી મળીને ભરતજીના સ્વાગતને માટે આવી રહી હતી. તેમનાં હાથમાં મંગલ આરતી હતી. ભરતજીનાં ચરણોમાં ભક્તિથી નમસ્કાર કરીને ભરતજીની તે રાણીઓએ આરતી ઊતારી. એવામાં હંસના બચ્ચાં સમાન સુંદર હંસરાજ આદિ પાંચ પુત્રોએ આવીને ભરતજીનાં ચરણમાં નમસ્કાર કર્યા. તે વખતે ભરતજીને કેટલો આનંદ થયો હશે. આ રીતે સર્વત્ર આનંદને આનંદ જ થઈ રહ્યો હતો. રાજમહેલ તે વખતે આનંદ ધ્વનિથી ગુંજી રહ્યો હતો. ભરતજીએ સ્નાન, દેવાર્ચન, ભોજન વગેરે નિત્યક્રિયાઓથી નિવૃત્ત થઈને તે દિવસે મહેલમાં કપાટવિસ્ફોટન સંબંધે પોતાના લીલા-વૃત્તાંતને પોતાની પ્રિય સ્ત્રીઓને કહી બતાવીને પોતાનો સમય બહુ આનંદપૂર્વક વ્યતીત કર્યો.

ભરતજીનું પુણ્ય અતુલ છે. જ્યાં જાય છે ત્યાં તેમને સફલતા મળે છે. વિજયાર્ધ પર્વતમાં રહેલો વજ્રકપાટ કે જે સર્વસાધારણ પ્રયત્નથી ખૂલી શકવો યોગ્ય નથી તેને પણ ભરતજીએ ક્ષણવારમાં તોડી નાંખ્યો, એ કઈ જાતનું સામર્થ્ય છે ! તે તેમની આત્મભાવનાનું ફલ છે. તેઓ હંમેશાં ભાવના કરે છે કે :–

''હે સિદ્ધાત્મા ! આપ ધ્યાનરૂપી દંડરત્નથી કઠોર કર્મરૂપી વજ્રકપાટને તોડનારા ધીરોદાત્ત છો. તેથી હે સ્વામી ! આપ સંપૂર્ણ પ્રાણીઓનાં દુ:ખને દૂર કરનારા છો. તેથી અમને સન્મતિ આપો.

હે પરમાત્મા ! મિથ્યાત્વરૂપી કપાટને તોડીને ઉત્તુંગ ધૈર્યપૂર્વક મોક્ષ તરફ જવાવાળા આપ ચિત્તસંધાની છો. આપ મારી સંપત્તિ છો. તેથી મારા હૃદયમાં વર્ત્યા રહો.''

આવા પ્રકારની શુભ ભાવનાથી જ ભરતજીને સર્વ અતિબલ-મહાબલ-પેક્ષ કાર્યોમાં પણ સફળતા મળે છે.

# ૧૧. કુમારવિનોદ સંધિ

**બી**જે દિવસે સમ્રાટે જયકુમાર અને તેના ભાઈને મહેલમાં બોલાવીને તેમને કાંઈ કામ સોપ્યું. જયકુમાર ! અગ્નિનો વેગ ઓછો થવા માટે લગભગ છ મહિના લાગશે. તેથી ત્યાંસુધી સેનાને અહીં રાખવી પડશે. આગળ આપણા લોક જઈ નહિ શકે તેથી ત્યાં સુધીમાં તમે અહીંના બે મ્લેછ ખંડોનાં અધિપતિઓને કબજે કરી આવો. પૂર્વખંડને માટે તમે જાઓ અને પશ્ચિમ ખંડને માટે તમારા ભાઈ વિજયાંકને મોકલો. અહીં સેનાની દેખરેખ તમારા ભાઈ જયંતાંક રાખ્યા કરશે. તમોને જેટલી સેનાની જરૂર હોય તેટલી લઈ જાઓ. ગંગા નદીને પુલ ઉપરથી ઓળંગી જાઓ. અને સિંધુ નદીનાં સોપાનમાં હજી અગ્નિ ફેલાઈ રહી છે તેથી સિંધુ નદીને ચર્મરત્નની સહાયતાથી ઓળંગીને આગળ જવું જોઈએ. આ રીતે તેમને બધા ઉપાયો બતાવીને વિદાય કર્યા અને સમ્રાટ બહુ આનંદપૂર્વક સમય વીતાવવા લાગ્યા.

અહીં વિજયાર્ધ પર્વતમાં ગગન વલ્લભપૂરના અધિપતિ નમિરાજ ચક્રવર્તીની વીરતા સાંભળી અત્યંત ચિંતાગ્રસ્ત થયા. રથનૂપુરચક્રવાલપુરના અધિપતિ વિનમિરાજ ચક્રવર્તીની વીરતા અને અગ્નિનાં વેગને જોઈને ખૂબ આનંદ પામ્યા. તે અત્યંત પ્રસન્નતાપૂર્વક ગગનવલ્લભપુરમાં પોતાના ભાઈ નમિ પાસે ગયા. નમિરાજ ચિંતાતુર થઈને શાંત બેઠા હતા.

કોઈ ગૂઢ વિચાર કરવા માટે તેણે પોતાના મંત્રીને બોલાવ્યો છે તેની રાહ જોતાં બેઠા છે. ત્યાં વિનમિરાજે જઈને બહુ પ્રસન્નતાપૂર્વક ભાઈને નમસ્કાર કર્યા અને કહેવા લાગ્યા કે ભાઈ ! જે વજ્રકપાટની બાબતમાં આપણે મોટી ખ્યાતિ સાંભળી છે તેને એક ક્ષણવારમાં ભાવાજી ભરતજીએ ટુકડા કરી નાખ્યા. આકાશમાં પ્રલયકાળની અગ્નિ વ્યાપી ગઈ. એવા વેગથી ભાવાજીએ દંડરત્નનો કપાટપર પ્રહાર કર્યો કે જેથી એકદમ પર્વતકંપી ઊઠયો. જેથી અમારી સાથેના રાજા પારણાનાં બચ્ચાંઓની જેમ સિંહાસનમાંથી નીચે પડી ગયા. આકાશમાં વ્યાપ્ત અગ્નિ મેઘપંક્તિને બાળી રહ્યો છે. દેવ પણ આકાશમાં ફરવા અસમર્થ થઈ ગયા છે. વિજયાર્ધદેવે ભરતજીની પૂજા કરી છે. ભરતજીની બરોબરી કોણ કરી શકે તેમ છે ?'

વિનમિના વચન સાંભળીને નમિરાજને હસવું આવ્યું. તિરસ્કારયુક્ત હાસ્ય કરીને વિનમિને બેસવા કહ્યું. પરંતુ તેના ચહેરામાં સંતોષ નહતો. એવામાં નમિરાજના મંત્રી પણ ત્યાં આવી પહોંચ્યા.

વિનમિરાજને શંકા થઈ. કહેવા લાગ્યા કે ભાઈ ! સંતોષને બદલે આવા પ્રકારનો સંકલેશ કેમ ? ભાવાજી ભરતજીનો જે વિજય થયો તે તો આપણો જ વિજય છે. તેમની જે સંપત્તિ છે તે આપણી જ સમજવી જોઈએ. આવા વખતે ચિંતા કરવાની શી જરૂર છે ?

વિનમિના આ પ્રકારનાં વચન સાંભળીને કહેવા લાગ્યા કે-'વિનમિ ! હજી તમને રાજ્યાંગનું જ્ઞાન નથી. તેથી આ બાબતમાં હવે વધુ ન બોલો. ત્યાં ભાવાજીની વીરતા પર તમે પ્રસન્ન થયા છો, પરંતુ આપણા માટે તે હવે ભાવાજી નથી. આ ષટ્ખંડાધિપતિ થવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. ષટ્ખંડના રાજાઓને પોતાને વશ કરવા માટે તેને તીવ્ર ઈચ્છા વર્તે છે. હવે આપણે પણ તેના સેવક ગણાઈશું.

ભાઈ ! આપણે આજ સુધી તેની સાથે બેસીને સરસ વિનોદ કરી શકતા હતા, 'તું' 'હું'માં વાત થઈ શકતી હતી. પરંતુ હવે તેની સાથે બોલવા માટે, તેનું દર્શન કરવા માટે ભેટ લઈને જવું પડશે. ''આપ'' શબ્દનો પ્રયોગ કરીને બહુ વિનયપૂર્વક બોલવું પડશે. સંપત્તિ અને વૈભવમાં સમાનતા હોય તો બંધુત્વનો ખ્યાલ રહે છે. જ્યારે તેની સંપત્તિ વધી જશે ત્યારે તે આપણી સાથે બંધુત્વનો ખ્યાલ નહિ રાખી શકે. સેવકોને બોલાવે તેમ આપણને પણ, અરે 'તું' શબ્દ વાપરીને, તે સંબોધશે.'

બાલ્યાવસ્થાથી માંડીને આપણે તેની સાથે રમ્યા છીએ. તેના સ્વભાવ, ગુણ ચાલ વગેરે બધાની આપણને ખબર છે. તેના જેવી વૃત્તિ લોકમાં કોઈપણ પુરુષમાં મળી નથી આવતી. યાદ કરો ! આપણે દડે રમતા હતા તેમાં પણ તેની જીત થતી. ભણવામાં પણ તેઓ આગળ રહેતા હતા. જે કામ કરવા મંડતા હતા તે પૂરું કર્યા વગર છોડતા નહિ. જુઓ તો ખરા ? આજે પણ તે ષટ્ખંડવિજયને માટે નીકળ્યા છે. તે હસ્તગત કર્યા વગર તે નહિ જ છોડે. મને તેની ટેવનું બરાબર સ્મરણ છે કે જ્યારે રમતમાં તે જીતતા હતા ત્યારે જીત્યા પછી ચુપાચૂપ ત્યાંથી ચાલ્યા જતા હતા. પરંતુ આપણે જીતતા હતા ત્યારે આપણને ત્યાંથી જવા નહોતા દેતા, પાછા રમત રમાડીને સખત હાર આપીને મોકલતા હતા. ભરતજીની જીત થતી તો ત્યાં રહેલાં બધા છોકરાઓ આનંદની કિકિયારી કરતા. અમારી જીતમાં તે છોકરાઓ છાનાંમાનાં ઊભા રહેતા હતા.

ભાઈ ! વિચાર તો કરો, ભુજબલિ વૃષભસેનાદિની સાથે રમીને આપણે ગજની (હાથીની) સમાન પાછા ફરતા હતા, પરંતુ તેની સાથે રમ્યા પછી આપણે અજની (બકરીની) જેમ આવવું પડતું હતું. આમ હોવા છતાં પણ અત્યાર સુધી તો બીજી જ વાત હતી, પરંતુ હવે સંપત્તિ, વૈભવ, પરાક્રમ, અધિકાર વગેરે બધી બાબતોમાં વધારો થયો છે તેથી હવે તે કોઈની પણ પરવા નહિ કરે એનો બરાબર ખ્યાલ કરો.

વિનમિરાજ બધી વાતો બહુ ધ્યાનપૂર્વક સાંભળતા હતા. કહેવા લાગ્યા કે 'ભાઈ ! ઠીક છે. હવે શું કરવું ? લોકમા બધુંય પુણ્યના ઉદયથી બને છે. આજે ભરતજીને પણ આ બધું પુણ્યનાં પ્રતાપથી પ્રાપ્ત થયું છે. એની કોણ ના પાડી શકશે ? કાંઈ હરકત નહીં. ભરત કોણ છે ? તે અમારા ભાવાજી તો છે. તેનો જે વૈભવ છે તે અમારો છે એમ સમજીને આપણે જઈએ. તે આપણા પિતાની સહોદરીનાં પુત્ર છે. આમ હોવાથી તેની સાથે ઈર્ષા કરવાનું શું પ્રયોજન ?

નમિરાજે કહ્યું કે 'ભાઈ ! એવી વાત નથી. આપણી રીત છોડીને તેની સેવાવૃત્તિ ગ્રહણ કરવી તે શું યોગ્ય છે ? શું આપણે ક્ષત્રિયપુત્ર નથી ? હવે આપણે તેની પાસે જઈશું તો પહેલાંની જેમ ઊઠીને ઊભા નહીં થાય, હાથ નહિ જોડે. શું તે આપણો તિરસ્કાર નથી ? આપણે બન્ને રાજા છીએ. પરંતુ તે આપણને રાજાના નામથી નહિ બોલાવે. બહુ અભિમાનપૂર્વક 'તું' કારાથી બોલાવશે. વ્યંતરગણ, દેવગણ વગેરે આપણને ભરતના સેવકોની દૃષ્ટિથી જોશે. જેઓએ પોતાની કન્યાઓ તેમને આપી છે તેઓ જો હાથ જોડે તો પણ તેમને તે હાથ નહિ જોડે. બીજા લોકોની તો વાત જ શી ? કેવલ દેખાડવા ખાતર આપ કહીને બોલાવશે, પરંતુ તે કન્યાઓના સહોદરોની સાથે તો એવો પણ વ્યવહાર નહિ રાખે. તેમ છતાં મૂર્ખ લોકો આ ભરતને કન્યા દેવા કબૂલ થાય છે ને તેમાં આનંદ માને છે. આ

વચનો કહેતાં કહેતાં સાથો સાથ નમિરાજ કાંઈક ચિંતાતુર દેખાતા હતા. તેઓએ મંત્રીને કહ્યું કે મંત્રી ! તમે એકવાર એમ કહ્યું હતું કે મંત્રી ! બેન સુભદ્રાદેવીનું પાણિગ્રહણ ભરતની સાથે કરાવવામાં આવે તો ઠીક થાય, તે વાતને હવે ભૂલી જાઓ. મારી ઈચ્છા હવે બિલકુલ નથી. આને માટે શો ઉપાય કરવો જોઈએ. બોલો ! જો તેને ખબર પડશે કે સુભદ્રાદેવી સુંદરી છે, તો જરૂર તે તેનું માગું નાખશે, પણ હવે તેમ કરવું એ ઉચિત નથી.

ભાઈ ! હું તમારી સાથે આવીને તેના દર્શન કરવા નથી ઈચ્છતો, તમે જાઓ અને તેને કહો કે નમિરાજ કોઈ એક વિદ્યાની સિદ્ધિ કરી રહ્યા છે. તેથી તેઓ નથી આવી શકયા. સાથોસાથ દક્ષિણ ભાગના વિદ્યાધર રાજાઓની સુંદર કન્યાઓને લઈ જઈને તેની સાથે વિવાહ કરાવી નાખજો. બહેન સુભદ્રાદેવીને હવે તેની સાથે પરણાવવાનો મારો વિચાર નથી. તો પણ અમારા ખજાનામાંથી જે કાંઈપણ ઉત્તમ વસ્તુ આપને લાગે તે લઈ જઈને સમર્પણ કરો. જ્યારે ઉત્તર તરફ તે આવશે ત્યારે અમે આ બાબતનો વિચાર કરીશું.' એ રીતે સમજાવીને મંત્રી અને વિનમિરાજને નમિરાજે મોકલ્યા.

અહીં ચક્રવર્તીની સેનામાં એક વિનોદ પૂર્ણ ઘટના બની. ચક્રવર્તી કુમાર વૃષભરાજ પોતાના કેટલાક સોબતીઓને લઈને અશ્વારૂઢ થઈને બહાર નીકળ્યા. જતી વખતે તેઓએ કોઈને પણ કહ્યું નહિ. આજે ઘોડા ઉપર સવાર થઈને તેને કાંઈ વિનોદ કરવાનો કોણ જાણે કેમ વિચાર ઉત્પન થયો. જતી વખતે માર્ગમાં અનેક રાજા મહારાજા તેમને મળ્યા. સમ્રાટ પુત્રને જોઈને તેઓએ હાથ જોડયા. સૌથી પહેલાં ચીન અને મહાચીનના રાજા મળ્યા. તેઓએ બહુ વિનયપૂર્વક વૃષભરાજને નમસ્કાર કર્યા અને સાથો સાથ આવવા લાગ્યા. વૃષભરાજે તેમને નગરમાં જવા ઈશારો કર્યો. આગળ વધતા દક્ષિણ અને નાગર મળ્યા. તેઓએ નમસ્કાર કરી પ્રાર્થના કરી કે કુમાર ! આજે તમે પોતાના ભાઈઓને છોડીને આ રીતે એકલા કેમ જાઓ છો ? અમારી સાથે પાછા ચાલો, નહિતર અમે જઈને સ્વામીને કહીશું. ત્યારે વૃષભરાજ ઘણા સંકોચાયા તો પણ બહુ દીનતાથી કહેવા લાગ્યા કે રાજા ! ક્ષમા કરો. મને આજે બહાર ફરવા જવાની ઈચ્છા થઈ છે તેથી હું જઈશ જ. તમે પિતાજી પાસે જઈને આ સમાચાર નહિ આપતા. જો તમારે કાંઈ જોઈતું હોય તો મારી પાસેથી માગી લ્યો: આ રીતે કહીને હાથના સુવર્ણ કંકણને હાથ લગાવ્યો. ત્યારે દક્ષિણ અને નાગર સમજી ગયા કે આને આજે બહાર જવાની ખૂબ ઈચ્છા થઈ છે. તેઓએ ખુલ્લી રીતે કહ્યું કે સારું તમે જાઓ, અમે નહિ કહીએ. તમારા કંકણની અમને જરૂર નથી. તેને હાથ લગાવો નહીં. એમ કહીને તેઓ બન્ને આગળ વધ્યા, કુમાર પણ આગળ ગયા. દક્ષિણ અને નાગરે વિચાર કર્યો કે આપણે જઈને ચક્રવર્તીને સમાચાર આપીએ અને કુમારની રક્ષા માટે કેટલીક સેના મોકલી આપે.

અહીં આદિરાજને મહેલમાં ખબર પડી કે વૃષભરાજ બહાર એકલા જ ફરવા ગયા છે. તે વખતે જ સેવકને ઘોડા લાવવાની આજ્ઞા આપી અને પોતે જ અર્કકીર્તિને નીચે પ્રમાણે પત્ર લખ્યો.

''શ્રીમન્મહારાજાધિરાજ આદિ ચક્રવર્તીના આદિપુત્ર આદરણીયમૂર્તિ અર્કકીર્તિના ચરણોમાં પાદસેવક આદિરાજના વિનયપૂર્વક સાષ્ટાંગ નમસ્કાર પૂર્વક વિનંતી વિશેષ :–

સ્વામી ! આજે ભાઈ વૃષભરાજ પોતાના કેટલાક સેવકોની સાથે એકલા જ બહાર ફરવા ગયા છે, તેથી હું જઈને તેને લઈ આવું છું. આપ કાંઈ ચિંતા કરશો નહિં, આપ મહેલમાં સ્વસ્થ રહો.''

- આપનો સેવક આદિરાજ

ઉપર્યુક્ત પત્ર અર્કકીર્તિને મોકલીને આદિરાજ અશ્વારૂઢ થઈને ચાલી નીકળ્યા. અર્કકીર્તિથી પણ પત્ર વાંચીને ત્યાં ન રહેવાયું. તેઓ પણ તે જ વખતે અશ્વારોહ થઈને ત્યાંથી ચાલી નીકળ્યા. આ તરફ દક્ષિણ અને નાગરે આવીને બધા સમાચાર સમ્રાટને કહ્યા ત્યારે સમ્રાટે પણ પુત્રની રક્ષા માટે ઘણી સેના અને વિશ્વસ્ત (વિશ્વાસુ) રાજાઓને મોકલ્યા. વૃષભરાજ બહુ ઉત્સાહ પૂર્વક સેનાસ્થાનને છોડીને આગળ વધતા હતા. ત્યાં જઈને એક વિશાલ પ્રદેશમાં અશ્વારોહણ કલાનો અનુભવ કરવાની શરૂઆત કરવાના હતા. એવામાં આદિરાજને આવતા જોયા. આદિરાજને જોઈને વૃષભરાજ ઘોડા ઉપરથી નીચે ઊતરીને ભાઈની પાસે આવ્યા અને હાથ જોડીને કહેવા લાગ્યા કે સ્વામી ! આપનું અહીં આવવું કેમ થયું ? મને તો ઘોડા ઉપર સવારી કરવાની ઈચ્છા થઈ તેથી હું આવ્યો. એટલામાં અર્કકીર્તિકુમાર પણ આવી પહોંચ્યા. અર્કકીર્તિને જોઈને બન્નેએ નમસ્કાર કર્યા. અર્કકીર્તિએ બન્ને ભાઈઓને ઘોડા ઉપર ચડવાની આજ્ઞા કરી અને સાથોસાથ અશ્વારોહણ કલાને જોવાની ઈચ્છા પ્રગટ કરી. ત્યાં તો સમ્રાટે મોકલેલી સેના, રાજા વગેરે આવી પહોંચ્યાં, જોત જોતામાં ત્યાં હજારો માણસો ભેગા થયા.

અર્કકીર્તિએ ભાઈ વૃષભરાજને કહ્યું કે ભાઈ ! આજે અમે અશ્વારોહલીલા જોવા ઈચ્છીએ છીએ. કાંઈક નવું કરી બતાવો. ત્યારે વૃષભરાજે પોતાની લઘુતા પ્રગટ કરતા કહ્યું કે સ્વામી ! ''હું આપની સામે શી કલા બતાવી શકું ? હું ડરું છું.'' અર્કકીર્તિએ ''ડરવાની કાંઇ જરૂર નથી, અમને જોવાની ઈચ્છા થઈ છે.'' વગેરે શબ્દોથી તેની શરમ દૂર કરી.

પછી વૃષભરાજે ઘોડા ઉપર સવારી કરી ને તે કલામાં તેણે જે નિપુણતા મેળવી હતી તે બતાવી. તે વખતે તેનો ઘોડો પ્રતિદિશામાં વાયુવેગે જવા લાગ્યો. ઘોડાની અનેક પ્રકારની ચાલ, લગામનું પરિવર્તન, અનેક પ્રકારનું ગમન વગેરે અનેક પ્રકારથી પોતાની વિદ્યાનું દિગ્દર્શન કરાવ્યું. આકાશમાં ઊંચે લીંબુ રાખીને તીવ્ર વેગે દોડતા ઘોડા ઉપરથી જ લીંબુને બાણથી બરાબર ટાંકવું વગેરે અનેક પ્રકારથી બીજાને આશ્ચર્યચકિત કર્યા. આદિરાજને તથા અર્કકીર્તિને પણ ખૂબ સંતોષ થયો. અર્કકીર્તિએ રમત બંધ કરવાનો ઈશારો કર્યો.

ત્યારે વૃષભરાજ ઘોડા ઉપરથી ઊતરીને ભાઈની પાસે આવ્યા અને હાથ જોડી ઊભા રહ્યા. અર્કકીર્તિએ પ્રસન્ન થઈ કહ્યું કે 'વૃષભરાજ ! તમારી વિદ્યા જોઈને હું ખુશ થયો છું. મને આજે ખબર પડી કે તમે અશ્વારોહણ કલામાં આટલા પ્રવીણ થયા છો. એટલું કહીને બન્ને ભાઈઓએ પોતાનાં કંઠના બે હારો કાઢીને વૃષભરાજને પહેરાવ્યા. વૃષભરાજે પણ બન્નેને બહુ ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. અર્કકીર્તિએ આશીર્વાદ આપતા થકા કહ્યું કે હવે રમત બંધ કરો, હવે મહેલ તરફ ચાલો. ત્રણે ભાઈ અશ્વારોહિ થઈને પરિવાર સહિત મહેલ તરફ ચાલ્યા.

આ તરફ મહેલમાં ભરતજી જમવાનો વખત થવા છતાં પણ ભોજન ન કરતાં પુત્રોની રાહ જોઈ બેઠા છે. આ તરફથી ત્રણે કુમાર અનેક વાજિંત્રોના અવાજ સાથે સેનાની તરફ આવી રહ્યા છે.

ભરતજીની આજ્ઞાથી તેમનું સ્વાગત કરવા માટે આ તરફથી ઘણા રાજા મહારાજા આવ્યા છે. અનેક સ્ત્રીઓ આરતી વગેરે મંગલ દ્રવ્ય લઈને સ્વાગત માટે આવી. કેટલી વેશ્યાઓ કુમારોને દરબારની જેમ જ નમસ્કાર કરવા લાગી. ત્રણે કુમારોએ તેમના તરફ ઉપેક્ષિત દૃષ્ટિથી નજર નાંખી. કેમકે તેમને બાલ્યકાલમાં જ પરદાર સહોદર, ગણિકાપગતચેષ્ટિ, વિરત ઈત્યાદિ નામોથી લોકો બોલાવતા હતા. ભરતજીને ખબર પડી કે ત્રણે પુત્ર એક પછી એક અર્થાત્ સૌથી આગળ અર્કકીર્તિ તેની પાછળ આદિરાજ અને ત્યાર પછી વૃષભરાજ એ રીતે આવી રહ્યા છે તેઓએ તે વખતે એક સેવકને બોલાવીને તેના કાનમાં કાઈક કહ્યું. તે તે જ વખતે સવારીમાં ગયો અને ભરતજીની ઈચ્છાને ત્યાં પ્રગટ ન કરતાં જાતે જ વૃષભરાજ ને આદિરાજનાં ઘોડાને જમણી ને ડાબી તરફ કરીને અર્કકીર્તિના ઘોડાને વચમાં લાવ્યા. અનેક જગ્યાએ તેમના પર લોકો ચામર ઢાળી રહ્યા છે. કેટલીયે જગ્યાએ આરતી ઊતારી રહ્યા છે. આ રીતે બહુ આદર પામતા થકા તેઓ ત્રણે કુમાર બહુ ધામધૂમપૂર્વક રાજમહેલ તરફ આવી રહ્યાં છે. સેનાના હર્ષમય શબ્દો સાંભળીને મહેલનાં કઠોડા ઉપર ચડીને રાણીઓ પોતાના પુત્રોનું આગમન જોવા લાગી અને મનમાં ને મનમાં જ બહુ હર્ષ પામવા લાગી.

આ રીતે અતુલ ધામધૂમપૂર્વક આવીને ત્રણે પુત્ર મહેલની સામે ઘોડા ઉપરથી ઊતર્યા અને અંદર જઈને પિતાજીના ચરણોમાં મસ્તક નમાવ્યું. ભરતજીએ પણ ત્રણે કુમારોને આલિંગન કરીને આશીર્વાદ આપ્યો, અર્કકીર્તિને કહ્યું કે બેટા ! શું તમે પણ તેની સાથે લીલા વિનોદ માટે ગયા હતા ? અર્કકીર્તિએ બહુ વિનયપૂર્વક કહ્યું કે 'સ્વામી ! હું આપને શું કહું. વૃષભરાજે અશ્વારોહણ કલામાં કમાલ કરી નાંખી. તેણે તે કલાના અનેક પ્રકારો જે દેખાડયા તેને જોઈને અમે બધા આશ્ચર્યચક્તિ થયા. સ્વામી ! તેની લીલા જોવામાં શ્રીચરણજ સમર્થ છે. તેથી આજે તેને હું અટકાવીને લાવ્યો છું. એ રીતે અર્કકીર્તિએ ભાઈની પ્રશંસા કરી. સાથોસાથ આવેલા રાજાઓએ પણ અર્કકીર્તિના વચનનું સમર્થન કર્યું.

ભરતજી મનમાં પ્રસન્ન થઈને મૌનપણે પોતાના પુત્રની પ્રશંસા સાંભળી રહ્યા હતા. ફરી વૃષભરાજને કહેવા લાગ્યા કે પુત્ર ! અશ્વારોહણ કલામાં આ પ્રકારની નિપુણતા પ્રાપ્ત કરવા છતાં પણ વજકપાટ તોડતી વખતે તે દિવસે તમે છાનાંમાનાં કેમ રહ્યા ? મારા પહેલાં જ જઈને તમારે જ તેને તોડવો જોઈતો હતો. એ સાંભળીને વૃષભરાજ હસ્યા. બધાને યોગ્ય સન્માનપૂર્વક વિદાય આપીને સમ્રાટ પોતાના પુત્રને લઈને મહેલમાં ગયાં. ત્યાં ત્રણે કુમારોને બેસાડીને સ્ત્રીઓથી ફરી આરતી ઉતારાઈ અને તેને જાતે પ્રસન્ન થઈને જોવા લાગ્યા. સ્ત્રીઓ અનેક મંગલપદ ગાવા લાગી. સાથોસાથ રાજાએ કુંતલાવતી, ચંદ્રિકાદેવી, કુસુમાજી વગેરે પોતાની રાણીઓને બોલાવીને સુપુત્રોની હકીકત કહી. તે પુત્રોએ પણ માતાઓનાં ચરણોમાં મસ્તક નમાવ્યું. ભરતજીએ તે રાણીઓને વિનોદપૂર્વક કહ્યું કે દેવી ! શું તમારા પુત્રોને તમે યોગ્ય શિક્ષા નથી દેતા ? તેઓ સ્વેચ્છાચાર વર્તન

કરે છે. તે રાણીઓએ પણ વિનોદથી જ ઉત્તર આપ્યો કે સ્વામી ! આપને જ્યારે અમારાં પૂજ્ય સાસુ શિક્ષા આપશે ત્યારે અમે પણ અમારા પુત્રોને શિક્ષા આપશું. આપના પુત્ર તો આપના જેવા જ છે.

ત્યાર પછી ભરતજીએ તે પુત્રોની સાથે એકહારમાં બેસીને બહુ આનંદપૂર્વક ભોજન કર્યું. પછી તે ત્રણ પુત્રોને તેમના મહેલમાં જવાનું કહીને હંમેશની સમાન વિનોદપૂર્વક પોતાની રાણીઓની સાથે ભરતજી પુત્રોનાં ગાંભીર્ય, ચાતુર્ય વગેરેની ચર્ચા કરતા થકા પોતાના મહેલમાં રહ્યા.

ભરતજી સદા આનંદમગ્ન રહે છે. તેમને હરવખતે હરેક કામમાં સુખનો જ અનુભવ થાય છે. એનું કારણ બીજું નહિ પણ એ છે કે તેઓએ પૂર્વે સતત્ પરિશ્રમ પૂર્વક ઉપાર્જિત કરેલું આત્મ ભાવનાનું ફલ છે. તેમને સદા ભાવના રહે છે કે :–

''હે સિદ્ધાત્મા ! આપ અનંત સુખી છો કેમકે આપે નિત્ય સમાધિ ભાવનાના બલથી સચ્ચિદાનંદની અવસ્થા પ્રાપ્ત કરી છે, જ્યાં સુખ દુઃખની હીનાધિક કલ્પના જ નથી ત્યાં અનંત સુખ ને સુખ જ વિદ્યમાન છે. તેથી હે સ્વામી ! મને પણ પરમસુખની પ્રાપ્તિ માટે એવા પ્રકારની સુબુદ્ધિ આપો.''

''હે પરમાત્મા ! આપ ઉપમાતીત છો. આપનો જ મહિમા અપાર છે, મુનિજનો દ્વારા આપ વંદ્ય છો. નિરંજન છો. અનંત સુખના પિંડ છો. તેથી આપ બીજે ક્યાંય ન જતાં મારા હૃદયમાં જ બિરાજી રહો.''

આ પ્રકારની આત્મભાવનાનું ફલ છે કે–ભરતજીના હૃદયમાં બિલકુલ આકુળતાનું સ્થાન નથી તેથી દુઃખનો લવલેશ નથી. હંમેશાં પ્રત્યેક કાર્યમાં તેઓ સુખનો જ અનુભવ કર્યા કરે છે. કેમકે આત્મભાવના મનુષ્યોનાં હૃદયમાં અલૌકિક નિરાકુળતાનો અનુભવ કરાવે છે. તે વ્યક્તિ ક્યારે અને કોઈપણ હાલતમાં માર્ગચ્યૂત થઈને વ્યવહાર નહિ કરે. તેને સંસારની સમસ્ત વસ્તુસ્થિતિનું યથાર્થ પરિજ્ઞાન છે. સ્ત્રીઓમાં, પુત્રોમાં, પરિવારમાં તેઓ ભળીને રહેવા છતાં પણ પોતાને નથી ભૂલતા, કારણ એ છે કે તેને આ સંસારમાં એક વિચિત્ર આનંદ આવે છે. શ્રી ભરતજીએ પણ આનો અભ્યાસ કર્યો છે.

# ૧૨. ખેચરીવિવાહ સંધિ

**સુ**મતિસાગર મંત્રીની સાથે વિમાનમાં બેસીને વિનમિરાજ વાજતે ગાજતે ભરતજીની સેનાની તરફ આવી રહ્યા છે. સેનાની પાસે આવીને સ્વર્ગનાં દેવતાઓની જેમ વિમાનમાંથી નીચે ઊતર્યા અને સેનાની શોભા જોતા થકા મહેલ તરફ ચાલવા લાગ્યા. ભરતજીને પહેલેથી ખબર પડી હતી કે વિનમિરાજ આવી રહ્યા છે. તેઓ આ સમાચાર જાણતા જ બુદ્ધિસાગરાદિ મંત્રીઓની સાથે અનેક રાજ્યકારભારનાં વિષયમાં પરામર્શ કરતા થકા દરબારમાં બિરાજમાન થયા.

વિનમિરાજને સૂચના આપી કે તે પોતે પહેલા આવે, સાથે આવેલા વિદ્યાધર રાજા પછી આવે, એ રીતે વિનમિએ સર્વ વિદ્યાધર રાજાઓને મહેલની બહાર જ ઊભા રાખી દીધા અને પોતે દરબારમાં ગયા. ભરત ચક્રવર્તીનાં દેવનિર્મિત દરબારની શોભા અને સૌંદર્યને જોઈને વિનમિરાજ દિંગ થઈ ગયા. તે આશ્ચર્યના માર્યા પોતાની જાતને પણ ભૂલી ગયા. ભરત ચક્રવર્તીને વિનય કરવાનું પણ તેને સ્મરણ ન રહ્યું. કેવલ પાસે જ જઈને એક રત્નની ભેટ મૂકીને નમસ્કાર કર્યા.

સમ્રાટે નજીકમાં જ એક આસન આપવાનું કહ્યું અને તેમને બેસવા માટે ઈશારો કર્યો. બન્ને પોતપોતાના આસન ઉપર બિરાજમાન થયા.

''વિનમિ ! તમે કુશલ તો છો ને ? નમિરાજ કુશલપૂર્વક છે ને ? અને ઘરમાં બધો પરિવાર આનંદમાં છે ને ?'' ભરતજીએ વિનમિને પ્રશ્ન કર્યો.

''આપની કૃપાથી હું કુશલ છું, નમિરાજ પણ ક્ષેમકુશલ છે. ઘરમાં બધા આનંદ મંગલ છે. ભગવાન આદિનાથનાં પુત્ર આપ ભરતખંડના રાજ્યનું પાલન કરતા થકા અમો બધા બંધુજન વનને વસંતની સમાન છો. પછી અમને આનંદ કેમ ન હોય ?'' વિનમિએ હસતા હસતા કહ્યું.

''ભાઈ ! નમિરાજ પણ અહીં આવવાના હતા પરંતુ આપના પધાર્યા પહેલાં તેઓએ ભ્રમરી નામની એક વિદ્યા સિદ્ધ કરવાનું શરૂ કર્યું. તેથી તેઓનું આવવાનું બંધ રહ્યું. તેઓ મંત્રયોગમાં લાગેલા છે. તેને સમાચાર દઈને હું મંત્રીની સાથે ચાલી નીકળ્યો'' આ રીતે વિનમિએ તંત્રપૂર્વક કહ્યું, ભરતજી મનમાં ને મનમાં આ તંત્રને સમજીને પણ મૌન રહ્યા. ફરી વિનમિરાજ બોલ્યા.

''આપના ગંભીર રાજ્યવૈભવ ઐશ્વર્ય જોઈને લોકમાં કોને સંતોષ ન થાય ? તેથી આ વિજયાર્ધના અનેક વિદ્યાધર રાજા પોતપોતાની સુંદર ઉત્તમ કન્યાઓને આપને પરણાવવા માટે લાવ્યા છે. અનેક રાજા ઉત્તમોત્તમ બીજી ભેટો લઈને આવ્યા છે. તેમને અંદર આવવાની આજ્ઞા થવી જોઈએ.''

આ સંબંધમાં પહેલેથી જ સમ્રાટે દક્ષિણ નાયકને સૂચના આપી રાખી હતી, તેથી વખત ઓળખીને દક્ષિણાંકે સુમતિસાગર મંત્રીને કહ્યું કે ''મંત્રી ! તમારા રાજાઓમાં જે સમ્રાટને પરણાવવા પોતાની કન્યાઓને સાથે લાવ્યા છે તેમને પહેલાં અંદર આવવા દો, પછી બાકીના રાજાઓને આવીને ભરતજીને નમસ્કાર કરવા દો. સુમતિસાગર મંત્રીએ આ પ્રકારની વ્યવસ્થા કરી. તે વખતે ઘણા વિદ્યાધર રાજાઓ સંતોષપૂર્વક દરબારમાં દાખલ થયા. અને તેઓએ ચક્રવર્તીને નમસ્કાર કર્યા. તેમને

યોગ્ય આસન આપવામાં આવ્યા. તેઓ તેના ઉપર બેસી ગયા. આ રીતે પછી બીજા વિદ્યાધર રાજાઓને પણ બોલાવવામાં આવ્યા. તેઓએ આવીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને તેમને બેસવા માટે નીચે આસન આપ્યા. તેઓ તેના પર બહુ આનંદપૂર્વક બેસી ગયા. સમ્રાટના મિત્રોએ મનમાં ને મનમાં જ વિચાર કર્યો કે ઉત્તમ રૂપવતી કન્યાઓની પ્રાપ્તિ થાય એ પણ એક ભાગ્યની જ વાત છે. ખરેખર સંસારમાં સ્ત્રી જ ભોગાંગ છે. તેથી આ રાજાઓનું આ પ્રકારે સન્માન થઈ રહ્યું છે.

ચક્રવર્તીનાં શરીરનું સૌંદર્ય જોઈને તે વિદ્યાધર રાજાઓ આશ્ચર્યચકિત થયા. તેઓને એવું લાગ્યું કે અમે દેવેન્દ્રની સભામાં આવ્યા છીએ. તેઓ મનમાં પોતાના જીવનને ધિક્કારવા લાગ્યા. આ ઉંમરમાં આવું શરીરસૌંદર્ય, સંપત્તિ, ગૌરવ, ગાંભીર્યને પ્રાપ્ત કરવાં એ મનુષ્યનું ભૂષણ છે. અમારું જીવન વ્યર્થ છે.

સુમિતસાગર મંત્રી ઊભા થઈને કહેવા લાગ્યા કે સ્વામી ! વિદ્યાધર રાજા આપના દર્શન કરવા ઘણા વખતથી આતુર હતા. પુણ્યના સંયોગે આજે તેમની ઈચ્છા પૂર્ણ થઈ. દેવ ! લોકમાં સામાન્ય પદને પ્રાપ્ત કરનારા ઘણા છે પરંતુ ષટ્ખંડ પૃથ્વીના રાજ્યભારનું વહન કરનાર કોણ છે ? કદાચિત્ ષટ્ખંડ ભૂમિનું રાજ્ય મળ્યું હોય છતાં સ્વામી ! આપની સુંદરતા દેવેન્દ્રો ને નરેન્દ્રોમાં કોણે મેળવી છે ? હું મુખસ્તુતિ નથી કરી રહ્યો. ભગવાન આદિનાથના પદોની સાક્ષીપૂર્વક કહી રહ્યો છું કે આપનું શરીરસૌંદર્ય જોઈને મુગ્ધ ન થવાવાળા સ્ત્રીપુરુષો શું આ ભૂમંડલમાં મળી શકે છે ? સ્વામી ! અમારી સાથે આવેલા રાજાઓ ત્રણસો કન્યાઓને આપને પરણાવવા માટે લાવ્યા છે. તેથી વિવાહ માટે આજ્ઞા થવી જોઈએ. એ વાત બહુ વિનયપૂર્વક સુમતિસાગરે કહી. ભરતજીએ પણ જરાક હસીને સુમતિસાગરને બેસવા કહ્યું.

બુદ્ધિસાગર મંત્રીએ વખત ઓળખીને સુમતિસાગરની પ્રશંસા કરી. સાથોસાથ બીજા મિત્રોએ પણ પ્રશંસા કરી. બુદ્ધિસાગરે સમ્રાટને એમ પણ કહ્યું કે વિવાહ કાલે રાત્રે કરવા. આજ તે લોકોને આરામ લેવા આજ્ઞા કરવી જોઈએ. સમ્રાટે પણ બુદ્ધિસાગરની વાત માન્ય રાખી. સુખ આવવાની રાહ કોણ નથી જોતું ?

આવેલા સજ્જનોને યોગ્ય રીતે આદર સત્કાર કરવા સમ્રાટે બુદ્ધિસાગરને આજ્ઞા આપી. સાથોસાથ તે વિદ્યાધર રાજાઓને તે વખતે અનેક રત્નવસ્ત્રાભારણો ભરતજીએ ભેટ આપ્યા અને વિનમિરાજ તથા સુમતિસાગરને પણ ઉત્તમોત્તમ રત્નોની ભેટ આપી. ત્યાર પછી બધાને તેમને માટે રચેલા મહેલોમાં રવાના કર્યા.

બીજે દિવસે તે સેના રાજ્યમાં વિવાહની તૈયારી થવા લાગી. સર્વત્ર લોકો આનંદ માનવવા લાગ્યા. મંદિરોમાં તોરણ, પતાકા વગેરે ફરકવા લાગ્યા. કરોડો પ્રકારનાં વાદ્ય વિશેષ વાગવા લાગ્યા. પરકોટા, રાજદ્વાર, ગોપુરાદિ સ્થાનો ખૂબ શણગારવામાં આવ્યા. રાજાઓ ને વ્યંતરો પણ પોતપોતાનો શણગાર સજવા લાગ્યા. સાથોસાથ ત્રણસો સુવર્ણ ને રત્નમય વિવાહમંડપ પણ રચવામાં આવ્યા. વિશેષ શું ? મહેલને શણગાર્યો, રાણીઓએ ઉત્સાહપૂર્વક પોતાનો શણગાર સજ્યો, ભરતજીએ પોતાનો શણગાર સજ્યો. ત્યાં જોતજોતામાં એક મહોત્સવ થઈ રહ્યો.

વિદ્યાધર રાજાઓએ પોતાની પુત્રીઓને નવરત્નનિર્મિત સુંદર આભૂષણોથી શણગારી. તેમની દાસીઓએ બધા પ્રકારે સુંદર આભૂષણો પહેરાવીને તેમને વિવાહકાલોચિત સર્વ અલંકારોથી અલંકૃત કરી.

લોકમાં ભરતેશ બુદ્ધિમાન છે એ બધા જાણતા હતા. વળી તે કામદેવ સમાન જ સુંદર છે એ જગજાહેર હતું. આવા પ્રસંગમાં ભરતેશ પણ પ્રસન્ન થાય એ દૃષ્ટિકોણ રાખીને તે ચતુર દાસીઓએ તે વિદ્યાધર કન્યાઓને વિવિધ પ્રકારે અલંકૃત કરી.

ભરતેશની રાણીઓ પણ મહા બુદ્ધિવાન હતી. તેઓ પણ આજે આ નવ વધૂઓને જોશે, તેઓએ પણ પ્રસન્ન થઈ જાય એ રીતે તેમનો શણગાર સજ્યો. શણગાર પૂરો થયા પછી પોતે જ પોતાથી સજાવેલો શણગાર જોઈને તે દાસીઓ ખુશ થઈ અને વિનોદથી કહેવા લાગી કે દેવી ! આજસુધી ભૂચર સ્ત્રીઓએ કે જેણે ભરતજીનું ચિત્ત અને નેત્ર પ્રસન્ન કરીને તેમના હૃદયને વશ કર્યું તેને આપ ખેચર સ્ત્રીઓ તમારા સૌંદર્ય અને પ્રેમમય વ્યવહારથી ભુલાવી દ્યો.

તે કન્યાઓએ પણ સાંભળી લીધું. તેઓ પહેલેથી જ ભરતજીનાં જગદ્વિશ્રુત ગુણોને જાણતી હતી તેથી મનમાં વિચાર કરવા લાગી કે ભરતજીને જીતવા વાળી સ્ત્રીઓ લોકમાં કોઈ નથી. જેથી ઉપરોક્ત આ બધો વિચાર વ્યર્થ છે. તેમ છતાં અમે પતિને અનુકુળ વૃત્તિ કરીને રહીશું.

આ રીતે બધો શૃંગાર પૂરો થયા પછી દાસીઓએ તે કન્યાઓની આરતી ઊતારી અને ''ભરતજીના મનને આપ પ્રસન્ન કરો'' એ પ્રકારે આશીર્વાદ આપ્યો.

રાત્રિના પહેલા પ્રહરમાં જ્યારે ચક્રવર્તીનાં સેવકોએ આવીને બધા વિદ્યાધર રાજાઓને એવા સમાચાર આપ્યા કે હવે વિવાહનું મુહૂર્ત ઘણું નજીક છે ત્યારે બધા રાજાઓ પોતપોતાની વિવાહ માટેની સુસજ્જિત કન્યાઓને પાલખીમાં બેસાડીને ગાજતા વાજતા વિવાહ મંડપ તરફ ગયા. તે વખતે સેનાનાયકે પણ પોતાની સેના અને પરિવારને લઈને તે રાજાઓનું સ્વાગત સામે આવીને કર્યું. આ રીતે બહુ આનંદપૂર્વક બધા વિવાહમંડપમાં પધાર્યા. ત્રણસો કન્યાઓએ ખાસ નિર્મિત ત્રણસો મંડપોને શણગાર્યા. સાથેની સ્ત્રીઓ અનેક પ્રકારે સુંદર મંગલ ગાન કરી રહી છે, તે કન્યાઓ મંડપમાં ઊભી રહીને ભરતજીનું ધ્યાન કરી રહી છે, પરંતુ ભરતજી જલદી આવતા નથી.

અહીં ભરતજીએ પણ વિવાહોચિત શૃંગાર સજી લીધો અને મુહૂર્ત નજીક આવતા જિનેન્દ્ર મંદિરમાં ગયાં, ત્યાં ભક્તિપૂર્વક જિનેન્દ્ર વંદના કરી અને પરમહંસ ગુરુ પરમાત્માનું પણ સ્મરણ કર્યું. ત્યારપછી આનંદપૂર્વક આવીને મહેલમાં રહ્યા. આસપાસ તેની રાણીઓ બેસી ગઈ. પોતાના પતિદેવનું અલૌકિક સૌંદર્ય જોઈને તેમની આંખો તૃપ્ત નહોતી થતી. એક રાણી વિનોદ કરવા કહેવા લાગી કે :–

સ્વામી ! કાંઈક કહેવા ઈચ્છું છું 'એક હંસને હજારો હંસી પહેલેથી જ હયાત છે તો પણ તે હંસ અનેક હંસીઓ પ્રાપ્ત કરી રહ્યો છે. એમ થવાથી પહેલાંની હંસીઓને દુઃખ થશે કે નહિ ?'

ભરતજીએ હસીને ઉત્તર આપ્યો કે 'દેવી ! એક જ હંસ જ્યારે હજારોરૂપ કરીને, આવેલી અને આવતી એવી હજારો હંસલીઓને સુખ આપે છે તો પછી દુઃખનું કારણ કયાં રહ્યું !

એવામાં બીજી રાણી કહેવા લાગી કે રાજા ! ફૂલની દુકાનમાં એક ભ્રમર હતો. તે હરેક ફૂલ પર બેસીને રસ ચૂસતો હતો. ફૂલવાળી વળી નવાં ફૂલો દુકાનમાં લાવી. એમ થવાથી તે ભ્રમરને ક્યા ફૂલો ઉપર ઈચ્છા થશે, નવાં ફૂલો ઉપર કે વાસી ફૂલો ઉપર ?

ભરતજીએ તેના મનને સમજી જઈને કહ્યું કે 'દેવી ! તે ભ્રમર ખરાબ વિચારનો નથી. તે પરમાપરમજ્યોતિ પરમાત્માનું દર્શન રાતદિવસ કરનારો ભ્રમર છે. એમ હોવાથી તે ભ્રમરાને જૂનાં અને નવાં બધાં ફૂલ સમાનપ્રીતિ પાત્ર છે. આત્મવિજ્ઞાનની દૃષ્ટિથી સોનું અને પત્થર, મહેલ અને જંગલ બધું એક સરખું છે તો નવા અને જૂના પદાર્થોમાં તે તફાવત કેમ પાડશે ?'

તે વખતે બાકીની રાણીઓએ કહ્યું કે 'દેવી ! તમો આવા મંગલ પ્રસંગમાં આવી વાતો કેમ કરી રહ્યા છો ? પતિરાજને હૃદયમાં કેવો ઘા વાગશે. સરસમાં વિરસ કેમ ? (મઝા કેમ તોડી નાખો છો ?) તેથી આવા પ્રસંગમાં તમે ચૂપ રહો. લોકની બધી સ્ત્રીઓ આવે તો પણ એક પુરુષ જેવી રીતે એક સ્ત્રીનું પાલન કરે છે તેવી રીતે કાંઈ પણ રોકાણ વગર પાલન કરવાનું સામર્થ્ય જ્યારે પુરુષોત્તમ પતિરાજમાં રહેલું છે ત્યારે આપણને ચિંતા કરવાની શી જરૂર છે ?

ભરતજીએ પણ તે રાણીઓને સંતોષ આપતા થકા કહ્યું કે 'દેવીઓ ! આવા પ્રસંગને કોણ ઈચ્છે છે ? હજારો રાણીઓ હોવા છતાં મને બીજી વધારે સ્ત્રીઓની લાલસાના નથી તોપણ પૂર્વે જે મેં આત્મભાવના કરી છે તેનું એ ફલ છે. કે આજે તે પુણ્યનો ઉદય આ રીતે આવી રહ્યો છે. તમે જ વિચાર કરો કે હું તમારી સાથે જ્યારે લગ્નગ્રંથિથી જોડાયો ત્યારે હું પ્રેમમાં પડીને તો નહોતો આવ્યો. આજની કન્યાઓને પણ હું નિમંત્રણ દેવા નહોતો ગયો તેમ છતાં પણ તે પૂર્વના પુણ્યે તમને અને એમને બોલાવીને મારી સાથે સંબંધ કરાવ્યો. જ્યાં સુધી કર્મનો સંબંધ છે ત્યાં સુધી ભોગનો અનુભવ કરવો પડશે, આ સંસારની રીત છે. આ પરતંત્રતા છે.

ભરતજીના મનમાં તલમાત્ર પણ દુઃખ ન થાય એવી ભાવના રાખનારી તે રમણીઓએ તે વખતે તે વાતને પલટાવી નાંખીને કહ્યું કે 'સ્વામી ! જવા દ્યો. હવે વિવાહનો વખત અત્યંત નજીક આવ્યો છે. આપ વિવાહમંડપમાં પધારો. ત્યારે ભરતજી ત્યાંથી ઊઠીને વિવાહમંડપ તરફ ગયા.

તે વખતે ભરતજીની શોભા જોવા જેવી હતી. તે વખતે તેઓએ વિવાહને યોગ્ય વસ્ત્રાભૂષણ પહેર્યાં હતાં. રસ્તામાં અનેક સેવક તેમને જોતા થકા હાથ જોડતા હતા અને આનંદપૂર્વક કહેતા હતા કે ''ભોગ સામ્રાજ્યના અધિપતિ, લોકાગમ્ય સુખી કામદેવવિજયી ભરતજીની જય હો !'' આ રીતે ગાયન કરનારા ગાઈ રહ્યા છે. સ્તુતિપાઠક સ્તોત્ર કરી રહ્યા છે. આ બધાને જોતા થકા ભરતજી વિવાહમંડપમાં પધાર્યા. તે વિવાહ મંડપમાં બધી વિદ્યાધર કન્યાઓ પશ્ચિમ મુખ રાખીને ઊભી હતી. ભરતજી પૂર્વમાં મુખ રાખીને ઉભા હતાં. આવતી વખતે ભરતજી એકલા જ આવ્યા હતા. હવે તેઓએ પોતાનાં ત્રણસો રૂપ બનાવી લીધા. અર્થાત પોતાના ત્રણસો રૂપ બનાવીને ત્રણસો મંડપમાં ઊભા રહી ગયા.

સામે અનેક દ્વિજગણ મંગલાષ્ટકના પાઠો બહુ જોરથી કરી રહ્યા છે. અનેક વિદ્વાનો વિવાહસમયોચિત સિદ્ધાંત મંત્રોચાર કરી રહ્યા છે, અને ઉત્તમોત્તમ મંગલ વચનોથી આશીર્વાદ દઈ રહ્યા છે. અનેક સુવાસિની સ્ત્રીઓ મંગલપદ ગાઈ રહી છે. આ રીતે બહુ વૈભવપૂર્વક આગમોક્ત વિવાહવિધિ થઈ રહી છે. મંગલાષ્ટક પૂર્ણ થઈ રહ્યા પછી વધૂવરની વચ્ચે આવેલા પડદા દૂર કરવામાં આવ્યા. તે વખતે ભરતજીએ તે બધી કન્યાઓનું પાણિગ્રહણ કર્યું. જે વખતે ભરતજીએ તેને હાથ લગાવ્યો તે વખતે તે દેવીઓને એકદમ રોમાંચ થયો. ત્યારપછી તે સ્ત્રીઓ સાથે ભરતજી હોમકુંડ પાસે આવ્યા અને ત્યાં વિધિપૂર્વક પૂજન કરીને નવવધૂ સમૂહની સાથે હોમકુંડની ત્રણ પ્રદિક્ષણા કરી.

ભરતજી જે વખતે તે પરિણિત કન્યાઓને સાથે તે હોમકુંડની પ્રદિક્ષણા આપી રહ્યા હતા. તે વખતની શોભા અપૂર્વ હતી. ચંદ્રદેવ સ્વયં પોતાના અનેક રૂપો બનાવીને અને સાથે રોહિણીને પણ અનેક રૂપ ધારણ કરાવીને મેરુ પર્વતની પ્રદિક્ષણા આપી રહ્યા છે એમ લાગતું હતું.

કન્યાઓની માતાઓને પણ બહુ જ હર્ષ થયો. તેઓ ભરતજીને કન્યા આપીને પોતાને ધન્ય માનવા લાગ્યા.

વિવાહનું વિધાન વિધિપૂર્વક થયું. ભરતજીએ મંત્રી, સેનાધિપતિ આદિને ઈશારો કર્યો કે સર્વ સજ્જનોને પોતપોતાના મુકામે પહોંચાડીને તેમની ઉચિત વ્યવસ્થા કરવી. તદનુસાર ક્ષણવારમાં તે મંડપ ખાલી થઈ ગયો. ભરતજી પણ તે વિવાહિત નારીઓને લઈને મહેલમાં પધાર્યા.

મહેલમાં તેઓએ શયનાગારમાં પહોંચીને તે નવવધૂઓની સાથે અનેક પ્રકારનો વિનોદ અને સંકથાલાપ કર્યો. અને અનેક પ્રકારે સુખોનો અનુભવ કર્યો. ત્યારપછી સુખનિંદ્રામાં મગ્ન થયા. તેની સાથે જેટલા જેટલા સુખોના અનુભવ કર્યા તે પુણ્યનિર્જરા છે, એ રીતે ભરતજી વિચાર કરી રહ્યા હતા.

સવારના પ્રહરમાં ભરતજી તે નારી મણિઓની નિંદ્રાનો ભંગ ન થાય એ રીતે ઊઠીને પોતાની શય્યા ઉપર ધ્યાન કરવા બેઠા. પાપરહિત નિરંજન સિદ્ધનો તેઓએ પોતાના હૃદયમાં અનુભવ કર્યો, પછી સૂર્યોદય થયો. સુપ્રભાત મંગલ ગાનારા ત્યાં ઉપસ્થિત થઈને સુંદર ગાયન ગાવા લાગ્યા. ભરતજી હજુપણ આત્મદર્શન જ કરી રહ્યા છે. ગાયન સાંભળીને તે બધી સ્ત્રીઓ પોતાની પથારીમાંથી ઊઠી અને ભરતજીની ધ્યાનમગ્નાવસ્થાની શોભા નિહાળવા લાગી. ભરતજીએ ધ્યાન પૂરું કર્યું અને પોતાનાં અનેક રૂપોને અદૃશ્ય કર્યાં. નવવિવાહિત સ્ત્રીઓને આશ્ચર્ય થયું. ભરતજી પોતાના શયનાગારથી બહાર આવ્યા અને નિત્યકર્મ કરવા લાગ્યા.

આ રીતે ભરતજીનો ત્રણસો વિદ્યાધર કન્યાઓની સાથે વિવાહ થયો. એ તેનાં પુણ્યનું ફલ છે. તેઓએ પૂર્વજન્મમાં સાતિશયપુણ્ય ઉપાર્જન કર્યું હતું અને હાલમાં પણ અખંડસામ્રાજ્યને ભોગવતા થકા પણ તેનું યથાર્થ સ્વરૂપ જાણી રહ્યા છે. પોતાના આત્માને બિલકુલ ભૂલી નથી જતા.

સુખનો ભોગ ભોગવતા તે ઉદાસીનતાથી વિચાર કરે છે કે આટલા વખત સુધી મારા પુણ્યકર્મની નિર્જરા થઈ. એમને પુણ્યકર્મના ફલનો અનુભવ કરવો પડયો છે. આ રીતે વિચાર કરતા હતા.

સતત તેમને એવી ભાવના રહેતી હતી કે :–

''હે પરમાત્મા ! તમે લોકના બધા સુખદુઃખના સાક્ષીરૂપે રહો છો પરંતુ તેમનો સાક્ષાત્ અનુભવ નથી કરતા કેમકે આપ મોક્ષ સ્વરૂપમાં છો. આવો મારો આત્મા છે. ઈંદ્રિય સુખોનો તે કેવલ સાક્ષી જ છે, સાક્ષાત્ અનુભવી નથી. આ કેવલ પુણ્યવર્ગણાઓની લીલા છે.

હે સિદ્ધાત્મા ! કર્મોની નિર્જરા જેટલા પ્રમાણમાં થતી જાય છે તેટલું જ સુખ આત્માને અધિક મળતું જાય છે. આનો સાક્ષાત્કાર આપ કરી ચૂક્યા છો, તેથી આપ પૂજિત બન્યા છો. તેથી મને પણ તે પ્રકારની સુબુદ્ધિ આપો.''

આ પ્રકારની ભાવનાનું ફળ એ છે કે ભરતજી વિશિષ્ટ સુખનો અનુભવ કરી રહ્યા છે.

## ૧૩. ભૂચરીવિવાહ સંધિ

**બી**જા દિવસની બિના છે. વિનમિરાજ વગેરે અનેક વિદ્યાધર રાજાઓને મહેલમાં બોલાવીને ભરતજીએ તેમનો સત્કાર કર્યો, તેમને બહુ આદરપૂર્વક દેવોચિત ભોજન કરાવ્યું, અને સાથોસાથ અનેક વસ્ત્રાભૂષણ રત્નોપહાર વગેરે આપીને એમ પણ કહ્યું કે આજથી તમે અહીં મહેલમાં આવીને ભોજન કરતા થકા કેટલાંક દિવસ સુધી અમારા આતિથ્યનો સ્વીકાર કરો. આ રીતે બધો પરિવાર દાસદાસી વગેરે જનોનો પણ યથોચિત સત્કાર કરવામાં આવ્યો.

પહેલા રાણીઓની વચ્ચે બેસીને ભરતજીએ નવવધૂઓને બોલાવી અને તેમને એમ કહેવા ઈચ્છતા હતા કે તમારી મોટી બહેનોને નમસ્કાર કરો, પરંતુ ભરતજી કહે તે પહેલાં જ તે ચતુર સ્ત્રીઓએ તે રાણીઓને નમસ્કાર કર્યા. તે રાણીઓએ પણ બહુ જ પ્રેમ અને આદરપૂર્વક તેમનું સ્વાગત કર્યું. અને આલિંગન કરીને તેમનો સત્કાર કર્યો.

આ રીતે અનેક વિનોદ સંકથાલાપ કરતા થકા કેટલાક દિવસ ત્યાં સુખથી વ્યતીત કરી રહ્યા હતા. એવામાં એક બીજી સંતોષની બિના બની. પુણ્યશાળીઓને સુખ ઉપર સુખ જ મળ્યા કરે છે, પાપીજનોને દુઃખ ઉપર દુઃખ જ આવ્યા કરે છે.

એક દિવસની વાત છે. ભરતજી પોતાના મંત્રીઆદિની સાથે અનેક રાજા પ્રજાઓથી યુક્ત થઈને દરબારમાં બિરાજમાન હતા, તે વખતે એક દૂતે એક પત્ર લાવીને આપ્યો. તે પત્ર વિજયરાજનો હતો. તે પત્ર ખોલીને ભરતજી વાંચવા લાગ્યા. તેમાં નીચે પ્રમાણે મંગલ વાક્યો તેમને વાંચવા મળ્યા.

‘‘સ્વસ્તિ શ્રીમન્મહાનિસ્સીમ સામર્થ્ય વિસ્તારિતોર્વરાતલ દુસ્તર રિપુરાજ વૈર્યાપ્તિરાજસ્તોમસંતોષકર કામિનીજન પંચબાણ, ષટખંડ ભુમંડલાગ્રગણ્ય, નામમાત્રશ્રવણસુક્ષેમકરસુજનેંદુ ભરતભૂપતિ ભરતેશની ચરણ સેવામાં :–

વિજયના ભયભક્તિપૂર્વક સાષ્ટાંગ નમસ્કાર સ્વામી !

પશ્ચિમ મ્લેચ્છ ખંડ કબજે થયો. વિજયલક્ષ્મીએ આપના ગળામાં માળા નાખી. આ દેશના રાજાઓ, હે અધ્યાત્મ સૂર્ય ! બહુ સંતોષપૂર્વક આપના ચરણોના દર્શન કરવા ઉત્સુક હતા. કેટલાયે રાજાઓ આપના આવવાની વાત સાંભળીને આપની સેવામાં ભેટ આપવા માટે કેટલાયે ઉત્તમ હાથી, ઘોડાની તૈયારી કરી રહ્યા હતા. કેટલાય રાજાઓ હાથીઓની સમાન ગમન કરનારી મંદગજગામિની કન્યાઓને શણગારી રાખી હતી. તેઓ જાતિ ક્ષત્રિય છે. આ વિચારથી તેઓને એમ લાગ્યું હતું કે અમારી કન્યાઓનો સમ્રાટ ઝટ સ્વીકાર કરી લેશે, પરંતુ મેં તેમને કહ્યું કે અમારા સ્વામી વ્રતગાત્ર કન્યાઓને જ ગ્રહણ કરે છે. વ્રતરહિતને તેઓ નથી સ્વીકારતા. વ્રતોને ગ્રહણ કરવા માટે દીક્ષાચાર્ય મુનિઓની આવશ્યકતા છે. પરંતુ આ ખંડમાં ધર્મપદ્ધતિ નથી. મુનિઓનું અસ્તિત્વ નથી. આમ હોવાથી તેઓએ સ્વીકાર કર્યો કે અમે આર્યભૂમિમાં આવીને યોગીઓથી વ્રત લેવરાવીશું.

પરંતુ આપના પુણ્યોદયથી સંતોષ અને આશ્ચર્યની એક ઘટના બની. પોતાના ઈષ્ટસ્થાનમાં જતા બે ચારણ મુનિશ્વર આ ભૂમિમાં આવીને ઊતર્યા. તેમના હાથે અમારા મહેલમાં બધાને ચારિત્ર

અંગીકાર કરાવ્યું, અમારું કાર્ય પાર પડયું, તે મુનિરાજો પોતાના માર્ગમાં ચાલ્યા ગયા. હવે એટલું જ કહેવાનું છે કે સુવર્ણની પૂતળીઓ સમાન સુંદર એવી ત્રણસો વીસ કન્યાઓને લઈને તે રાજાઓ બહુ હર્ષપૂર્વક આવે છે. કાલ સુધીમાં આપની સેવામાં હાજર થશે.''

ભવદીય ચરણસેવક-વિજય.

આ પત્ર સાંભળીને બધાને હર્ષ થયો. બધાએ ભરતની જયઘોષણા કરી. આ સમાચાર લાવનાર દૂતને બુદ્ધિસાગરે અનેક વસ્ત્રાભૂષણો ઈનામમાં આપ્યાં.

તે દિવસ વ્યતીત થયો. બીજા દિવસની વાત છે. વિજયરાજ બહુ ધામધૂમપૂર્વક સિંધુ નદી ઊતરીને પોતાની સેનાની સાથે ભરતજીની સેના પાસે આવ્યા, વાદ્યધ્વનિ સાંભળવામાં આવી. ભરતજીએ વિજયાંકને બોલાવવા પોતાના સેવકને મોકલ્યો. વિજયાંકે પણ તે વખતે આવીને ભરતજીનાં દર્શન કર્યા અને સાથોસાથ અનેક ઉત્તમોત્તમ ઉપહારો આપ્યાં. સાથોસાથ અનેક રાજાઓ પણ ભરતજીને અનેક ઉત્તમ વસ્તુઓને ભેટમાં સમર્પતા થકા ભરતજીને નમસ્કાર કર્યા. ભરતજીના ઈશારાથી ઉચિત આસનો ઉપર બેસી ગયા.

વિજયરાજે આગળ આવીને કહ્યું કે સ્વામી ! આ જેટલા રાજાઓ છે તે બધા સજ્જન છે. પરંતુ આમાં મુખ્ય ઉદ્દંડ નામનો ભૂપતિ છે. એ પોતાની બે કન્યાઓને લઈને આવ્યા છે. મેં એને કહ્યું છે કે કાલે રાત્રે વિવાહ માટે યોગ્ય મુહૂર્ત છે. આશા છે કે તમો પણ તેનો સ્વીકાર કરશો.

હાજર રહેલા બધા લોકોએ તેનું સમર્થન કર્યું. તે વખતે ભરતજીએ બધાને આદર-સત્કારપૂર્વક વિદાય આપી. તે દિવસ ગયો. બીજે દિવસે યોગ્ય મુહૂર્તમાં તે રાજાઓની ત્રણસો વીસ કન્યાઓની સાથે સમ્રાટના વિવાહ થયા. સર્વત્ર ઉત્સવ ને ઉત્સવ જ વર્તી રહ્યો.

ત્યાર પછી સમ્રાટ તે નવવિવાહિત વધૂઓની સાથે શયનગૃહમાં ગયા. ત્યાં તેમની સાથે અનેક પ્રકારે આનંદક્રીડા કરી. તે સ્ત્રીઓમાં બધી સ્ત્રીઓ એકએકથી સૌંદર્યમાં ચડી જાય તેવી હતી, પરંતુ તેમાં રંગાણિ ને ગંગાણિ નામની બે સ્ત્રીઓ વિશેષ સુંદર હતી, જેમને જોઈને ભરતજી વિશેષ મોહિત થયા.

સવારે નિત્યક્રિયાથી પરવારીને વિજયરાજથી માંડીને બધા પરિજનોને આનંદ ભોજન કરાવીને તેમનો સત્કાર કર્યો. ને બહુ આનંદથી કેટલોક કાળ વીતાવ્યો. વળી એક દિવસે દરબારમાં તેઓ બિરાજમાન હતા તે વખતે એક બીજા આનંદના સમાચાર આવ્યા.

જયરાજ પૂર્વ ખંડમાં ગયો હતો તે ખંડ જીતીને બહુ આનંદપૂર્વક ગાજતે વાજતે આવી રહ્યો હતો. બીજા મંગલ શબ્દો પણ સાંભળવામાં આવતા હતા. તેની સાથે અસંખ્યાત સેના છે. હાથી છે, ઘોડા છે, રથ છે. એક રાજકીય ઠાઠમાઠથી તે આવી રહ્યો છે.

ખરેખર જયરાજ એક રાજાધિરાજ છે. દુનિયામાં ભરતજીના જ સેવક છે, બાકી બીજો કોઈ રાજા એવો નથી કે જે તેને જીતી શકે, તે જાતિ ક્ષત્રિય છે. જતી વખતે જેટલી સેના તે લઈ ગયા હતા

તેનાથી બમણી સેનાને હવે સાથે લાવીને તે તે સ્થાનમાં દાખલ થયા. જે રાજાઓએ ચક્રવર્તીને સમર્પવા ઉત્તમોત્તમ હાથી, ઘોડા વગેરે લાવ્યા હતા તેને અને તેની સેનાને એક તરફ જગ્યા આપી અને જે કન્યારત્નોને લાવ્યા હતા તેમને બીજી જગ્યા આપી.

વેતંડ રાજ નામના ભૂપતિ પોતાની સાથે જ બે સુંદર કન્યાઓ લાવ્યા હતા તેની સાથે જ બીજી ચારસો કન્યાઓ આવી છે. પોતાના ખંડમાં જે વખતે તેઓ કર્મભૂમિમાં દાખલ થયા તે વખતે ગુરુસાનિધ્યમાં નિયત વ્રતોને ગ્રહણ કરાવ્યા કેમકે જયરાજ બુદ્ધિમાન છે. તેને ખબર હતી કે સમ્રાટ વ્રતસંસ્કારહીન કન્યાઓને ગ્રહણ નહિ કરે.

વિશેષ શું કહીએ ? પૂર્વોક્ત રીતે જયકુમાર સમ્રાટની પાસે ગયા. સમ્રાટનાં તે કન્યાઓની સાથે વિવાહ થયા. પૂર્વોક્ત રીતે ભરતજીએ પોતાના મહેલમાં તે દેવીઓની સાથે અનેક રીતે ક્રીડા કરી. તે સ્ત્રીઓમાં સિન્ધુરાવતી, બંધુરાવતી નામની બે સ્ત્રીઓ ઘણી સુંદર હતી, તે બન્ને વેતંડરાજની પુત્રીઓ છે. તે બન્ને પ્રત્યે સમ્રાટને વિશેષ અનુરાગ થયો. તેનું સૌંદર્ય જોઈને આશ્ચર્ય થયું. તેઓએ પોતાના મનમાં વિચાર કર્યો કે તે બન્ને પરમ સુંદરી છે. મ્લેચ્છ ખંડમાં ઉત્પન્ન થવા છતાં પણ તેમાં કાંઈ વિશેષતા છે. સ્વચ્છ રૂપ ધારણ કરીને ઘણી કુશળ યુવતીઓ ઉત્પન્ન થવાથી જ કદાચ તે ખંડનું નામ મ્લેચ્છ ખંડ પડયું હશે. ત્યાં ધર્માચરણ નથી એટલા માટે જ તેને મ્લેચ્છ ખંડ કહે છે, બાકી સૌંદર્ય, કામકલા કૌશલ્ય વગેરે બાબતોમાં એ કર્મભૂમિ સ્ત્રીઓથી શું ઊતરતો છે ? ધર્માચરણ તેમાં મળી આવે તો કોઈપણ વાતની ન્યૂનતા નથી. કોઈ હરકત નથી. એમને હવે ધર્મપાલન ક્રમ શીખવવો જોઈએ. મારા ભાગ્યથી જ મને એવી સુંદરીઓની પ્રાપ્તિ થઈ છે.

આ વિષયમાં બીજાની સાથે બોલવું ઉચિત નથી, પોતાના મનમાં જ રાખવું જોઈએ. અમારા પર પરમાત્માની કૃપા છે. ધન્ય છે, પરમાત્મા ! ભક્તિપૂર્વક જે તમારી ભાવના કરે છે તેને કૈવલ્ય સુખની પ્રાપ્તિ થાય છે તો લૌકિક સુખ મળે એમાં આશ્ચર્યની શી વાત છે ?

આવેલા સુખનો ત્યાગ ન કરવો જોઈએ, નહિ આવેલાની અભિલાષા ન કરવી જોઈએ. પોતાના શરીરમાં રહેલા આત્માને કદી પણ ભૂલવો ન જોઈએ તેવી વ્યક્તિની પાસે કદીપણ દુઃખ નથી આવી શકતું. સંસારિક સુખનો અનુભવ કરવો તે કોઈ પાપ નથી પરંતુ તેની સાથે પોતાને ભૂલી જવું તે પાપ છે. આત્મજ્ઞાની સ્ત્રીઓના ભોગને ભોગવતા થકા પણ ''પુંવેદ વેદંતો'' (પુરુષ વેદને વેદતાં) આ સિદ્ધાંતસૂત્ર અનુસાર વેદનીય કર્મની નિર્જરા કરે છે.

આ રહસ્ય વિવેકી જનો જ જાણી શકે છે. પ્રત્યેકને તે સમજવાની પાત્રતા નથી. આ પરમ રહસ્ય છે. આને લોકો આગળ કહીએ તો તે હસશે. ઈત્યાદિ રીતે મનમાં જ વિચાર કરે છે અને તે રમણીઓ સાથે યથેષ્ટ સુખ ભોગવે છે. એટલું જ નહિ, ભરતજીના વ્યવહારથી સંતુષ્ટ તે સ્ત્રીઓ પોતાના માતાપિતાને પણ ભૂલી ગઈ. આ રીતે બહુ આનંદપૂર્વક તેઓએ કાલ નિર્ગમન કર્યો. વિવાહના ઉપલક્ષ્યમાં પેલાની સમાનજ મંત્રી, સેનાપતિ અને કન્યાઓના પિતા આદિનું યથોચિત સન્માન કરવામાં આવ્યું.

રાતદિવસ સેનાકટકસ્થાનમાં ઉત્સવ ને ઉત્સવ જ થતો હતો. તે જગ્યાએ છ માસથી પણ વધારે દિવસો વ્યતીત થયા પરંતુ ઉત્સાહપૂર્વક જવાથી તે વખત બહુ થોડો લાગ્યો.

એક દિવસ ભરતજી દરબારમાં બિરાજમાન છે તે વખતે બુદ્ધિસાગર મંત્રીએ નમ્ર શબ્દોમાં નીચે પ્રમાણે નિવેદન કર્યું.

''સ્વામી ! ત્રણ ખંડનું રાજ્ય વશ થઈ ગયું. હવે વિજયાર્ધની આગળના ત્રણ ખંડ વશ કરવા જોઈએ. આ જગ્યાએ આપે છ માસ વીતાવ્યાથી વિજયાર્ધ ગુફાની અગ્નિ પણ શાન્ત થઈ ગઈ છે. હવે આગળ પ્રયાણ કરવામાં કાંઈ હરકત નથી, તેથી હવે આજ્ઞા થવી જોઈએ. જે રાજાઓએ આપના ચરણોમાં સ્ત્રીરત્નોને સમર્પણ કર્યા છે તે રાજાઓને પણ હવે યથોચિત સત્કાર કરીને સંતોષપૂર્વક તેમના નગરમાં જવાની આજ્ઞા આપો, કેમકે તેમને આપણી સાથે કષ્ટ ઊપજશે.'' વગેરે.

મંત્રીની વાત સાંભળીને તે વખતે કાંઈક વિચાર કરીને ભરતજી મહેલમાં ચાલ્યા ગયા, અને પોતાના અનેક રૂપો બનાવીને તે નવવિવાહિત ખેચર, ભૂચર કન્યાઓનાં અંતઃપુરમાં દાખલ થયા. ત્યાં જઈને તેઓએ તે સ્ત્રીઓને એમ કહ્યું કે ''પ્રિય દેવી ! તમારા પિતા હવે તેમને ગામ જાય છે. હવે આગળ શું કરવું જોઈએ તે કહો. દેવી ! જતી વખતે તમારા પિતાનું યથોચિત સત્કાર કરવામાં આવશે. પરંતુ તમારી માતાઓ અહીં આવી નથી તેથી તેમને કાંઈ ભેટ મોકલવા ઈચ્છું છું, કહો જોઈએ, તેમને શું પ્રિય છે, ક્યા પદાર્થની તેમને ઈચ્છા રહે છે, આભૂષણમાં તેમને કયું પ્રિય છે ? વસ્ત્રોમાં કઈ સાડી તેમને પ્રસન્ન પડે છે અને અન્ય ભોગ્ય પદાર્થોમાં તેમને શુ વહાલું છે ? તેમને જે પસંદ હોય તે જ હું મોકલવા ઈચ્છું છું. તમે કહો.''

ભરતજીની વાત સાંભળીને તેઓ કાંઈ જવાબ ન આપતાં હસવા લાગી. ફરી ભરતજી પૂછવા લાગ્યા કે ''તમારા પિતાની શું ઈચ્છા છે બોલો તો ખરા.'' છતાં તે હસવા લાગી. ફરી, ભરતજી ''સારું, અમારા સાસુની શું ઈચ્છા છે, બોલો તો ખરા,'' કહેવા લાગ્યા, પરંતુ તે સ્ત્રીઓ ફરી હસવા લાગી. જ્યારે ભરતજીએ આગ્રહપૂર્વક પૂછયું ત્યારે તેઓને છેવટે બોલવું પડયું. ભરતજીએ પોતાની રૂબરૂ જ બધા વસ્ત્રાભૂષણની ભેટ વગેરે બંધાવી. અને તેમની દાસીઓને બોલાવીને કહ્યું કે 'આ લઈ જઈને મારી સાસુઓ પાસે જાઓ અને ઝાઝો વખત ત્યાં લગાડશો નહિ, જલદી અહીં પાછા આવી જાઓ, નહિંતર સાસુબાઈની પુત્રીઓને અહીંયાં દુઃખ થશે.''

આ રીતે મહેલના કાર્યને પતાવીને ભરતજી પાછા દરબારમાં આવ્યા. ત્યાં જે રાજા હતા તેમાંથી જે જે રાજાઓની કન્યાઓ હતી તે તે રાજાઓની પોતાપોતાની પુત્રીઓને મળી આવવા મહેલમાં મોકલ્યા. અને બાકી રહેલા રાજાઓનો યથેષ્ટ સત્કાર કર્યો. વિદ્યાધર લોકના અને મ્લેચ્છખંડના રાજાઓને બોલાવીને સમ્રાટે કહ્યું કે તમારો જ હું પહેલાં સત્કાર કરું છું, નહિ તો તમે કહેશો કે કન્યા દેનારનો સત્કાર પહેલાં કરીને પછી તેમનો કરવામાં આવશે.

બધાનો યથોચિત્ સત્કાર કર્યા પછી. જયકુમારે વખત ઓળખીને કહ્યું કે ''તમારામાંના કેટલાક અહીંયાં પણ સમ્રાટની સેવામાં રહી શકે છે'' જયકુમારની વાત સાંભળીને તે બધાએ ઉત્તર

આપ્યો કે ''સેનાનાયક ! અમારામાંથી કેટલાક રાજ્યમાં જઈને શું કરીએ. અમારી એ ઈચ્છા છે કે અમને નિરંતર સમ્રાટની ચરણસેવા મળે, તેથી અમે અહીં રહીને અમારો વખત ગાળવા ઈચ્છીએ છીએ.'' સમ્રાટે અને જયકુમારે તેવી અનુમતિ આપી. તેમને પરમ હર્ષ થયો. તે બધાએ સમ્રાટનાં ચરણોમાં ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા.

પોત પોતાની પુત્રીઓનાં મહેલમાં ગયેલા બધા રાજાઓ પાછા ફર્યા. ઉદ્દંડરાજ, વેતંડરાજથી માંડીને બધા રાજાઓનું ભરતજીએ યથેષ્ટ સન્માન કર્યું. અને મિત્ર તરફ જોતા થકા કહ્યું કે હવે તમે પોતપોતાના રાજ્યમાં જઈ શકો છો, ત્યાં સુખથી રાજ્ય પાલન કરો. જ્યારે તમને મળવાની ઈચ્છા થાય ત્યારે અમારી પાસે આવી શકો છો.

મિત્રોએ પણ વખત ઓળખીને બહુ સંતોષપૂર્વક કહ્યું કે સ્વામી ! એમનું ભાગ્ય બહુ મોટું છે. આપના રાજ્યમહેલમાં છૂટથી સુખે રહેવાનું મોટું ભાગ્ય તેઓએ પ્રાપ્ત કર્યું છે.

ત્યાર પછી બધા રાજાઓએ ભરતજીને નમસ્કાર કર્યા અને ભરતજીએ તેમને સંતોષપૂર્વક વિદાય કર્યા.

તેમની સાથે સાસુઓને પણ અનેક ઉપહારોની પેટીઓ મોકલી, મોટામોટા રાજાઓને પણ અરે 'તું' શબ્દથી સંબોધન કરનારા સમ્રાટ તેમની સ્ત્રીઓને સાસુ શબ્દથી સન્માને છે એ જાણીને તે રાજાઓને ષટ્ખંડ જ હાથમાં આવ્યા હોય તેવો સંતોષ થયો. હર્ષપૂર્વક જતા થકા ઉદંડ અને વેતંડરાજ પોતાના સેનાનાયક અને સેનાને ભરતજીની સેવામાં મૂકીને ચાલી નીકળ્યા.

આ રીતે આવેલા બધા રાજામહારાજાઓને સમ્રાટે યથોચિત આદર સત્કારપૂર્વક વિદાય આપી. હવે કેવલ વિનમિરાજ અને વિદ્યાધર મંત્રી રહ્યા છે. તેમને પણ વિદાય આપવા ભરતજી વિચાર કરી રહ્યા છે. આજકાલમાં વિદાય આપવાના છે. આ પ્રકારે ભરતજીના દિવસ અત્યંત આનંદોત્સવમાં જ જઈ રહ્યા છે. હમેશાં નવાનવા ઉત્સવ, નવાનવા મંગલ, જ્યાં દેખો ત્યાં આનંદની ઊર્મિ ઊછળી રહી છે. તેનું કારણ શું છે ? એનું કારણ એ જ એક છે કે ભરતજીના હૃદયમાં રહેલાં ધૈર્ય, સ્થૈર્ય અને વિવેક. સંપત્તિ મળવા છતાં પણ અવિવેકી ન થવું. અત્યધિક સુખની પ્રાપ્તિ થવા છતાં પણ પોતાના આત્માને ન ભૂલવો એ મહાપુરુષોની વિશેષતા છે. ભરતજી પરમાત્માની ભાવના એવા હૃદયથી કરે છે કે :–

''હે પરમાત્મા ! આપ પ્રૌઢોના પરમઆરાધ્ય દેવ છો, પરાક્રમીઓના પરમ આરાધ્ય હૃદય છો, અધ્યાત્મગાઢોના અતિહૃદ્ય હૃદય છો. ગૂઢસ્થાનોમાં વાસ કરનાર છો અને લોકારૂઢ છો, મારા હૃદયમાં વસ્યા રહો.

હે સિદ્ધાત્મા ! આપ પરમ ગુરુ, પરમારાધ્ય પરાત્પર વસ્તુ છો. તેથી આપને નમસ્કાર. આપ સૌખ્યતત્પર છો તેથી અમને પણ સુબુદ્ધિ આપો.''

આવી સદ્ભાવનાથી તેમને ઉત્તરોત્તર આનંદરાશિની પ્રાપ્તિ થાય છે.

# ૧૪. વિનમિ વાર્તાલાપ સંધિ

એક દિવસની વાત છે. ભરતજી પોતાના મિત્ર અને મંત્રીની સાથે દરબારમાં બિરાજ્યા હતા. વિનમિ પોતાના રાજ્યમાં જવા ઈચ્છતા હતા. તેને સમ્રાટની પાસે આવ્યા ઘણા દિવસો થઈ ગયા હતા. ભરતજીએ પણ હવે જવાની સમ્મતિ દેવાનો વિચાર કર્યો હતો. પ્રસંગ આવતા ભરતજીએ વિનમિને કહ્યું કે વિનમિ ? જુઓ નમિએ પોતાની મોટાઈ દેખાડી દીધી, કોણ જાણે તેણે મને શું સમજી લીધો. ભગવાન ! કદાચ તેને આ વાતનું અભિમાન હશે કે હું ચાંદીના પર્વતપર (વિજયાર્ધપર) છું. રહેવા દ્યો, જોયું જશે.

વિનમિ વિનયપૂર્વક બોલ્યા કે 'સ્વામી ! નમિરાજે એવું કયું અભિમાન દર્શાવ્યું છે ? આપ એમ કેમ કહી રહ્યા છો ? એ અમારા પૂર્વજન્મના કર્મનું ફળ છે.'

ભરતજી કહે; ''વિનમિ ! રહેવા દ્યો, આવો ઢોંગ કેમ રચો છો. એ બધું જૂઠાણું છે. તે મારી પાસે કેમ ન આવ્યા તેની એ વક્રતાને શું હું નથી જાણતો ?''

વિનમિ– ''સ્વામી ! મારા અહીં આવવાના ત્રણ દિવસ પહેલાં જ તે એક વિદ્યા સાધી રહ્યા છે. એ કારણથી તે આવી શકયા નથી, નહિંતર જરૂર આવત.''

ભરતજીઃ- ''શું હું એની યુક્તિને નથી જાણી શકતો ? વિનમિ ! તમારા ભાઈને કહો કે મારી સાથે આ ચાલબાજી કરવી યોગ્ય નથી. મારી સાથે એનું અભિમાન નહિ ચાલે-જવા દ્યો. હું વિનોદ માટે કહું છું. હું ભૂલી ગયો, તે મારા મામાના પુત્ર છે તેથી તે પોતાનું અભિમાન દર્શાવતા હશે. તમે ધ્યાન રાખજો. હું આગળ ઉપર તેની સાથે લીલાવિનોદ કરીશ, તમે પણ જોજો. આગળ શું ? આજે જ વ્યંતરોને મોકલીને તે જે વિદ્યાને સિદ્ધ કરી રહ્યા છે તેના અધિદેવતાઓને પાછા કાઢું !''

'વ્યંતરોને પણ શું કરવા મોકલું !' હું જ શું મારા આત્મધ્યાનના બલથી તેમની વિદ્યાને ન હરી લઉં ? હરી પણ શા માટે લઉં ? તે વિદ્યાઓને આકર્ષીને મારી વિદ્યાના બલથી તેમને દબાવી ન નાખું ? પરંતુ આ બધું કરવું યોગ્ય નથી. નહિંતર જો મંત્રબલને જોવો હોય તો હું પણ તે ભ્રામરી વિદ્યાને સિદ્ધ કરતા વિનમિને ભ્રમિત કરી દઉં.

વિદ્યાની માતા ભૂત છે તેને સામાન્ય લોકો સાધે છે. તે વિદ્યાના અધિપતિ શ્રી પરમાત્મા જ્યારે મને સિદ્ધ છે ત્યારે કઈ વાતની ખામી છે ? લોક વિવેક રહિત છે તે પરમાત્માની શક્તિ નથી જાણતા. તે પરમ મોક્ષસ્થાનને પ્રાપ્ત કરનારા છે. તો તેના ધ્યાન કરનારા ભવ્યોને કઈ સિદ્ધિ નથી મળતી ? મારે માટે એ કોઈ મોટી વાત નથી, તેમ છતાં હું તેમાં વિઘ્ન નહિ નાખું તમને માત્ર સૂચના આપી છે. સમજી લેજો.'

વિનમિ કહે-'આપનું સામર્થ્ય ઘણું જબરું છે એ વાત અમે જાણીએ છીએ. તે સામર્થ્ય પોતાના મામાના પુત્રો ઉપર દેખાડવું યોગ્ય નથી તેની સાથે તો રાજીપો બતાવવો જોઈએ.'

ભરતજી કહે 'રહેવા દ્યો. ખોટી ખોટી વાતો કરીને મને ઠગવાને આવ્યા છો, તમે મારા મામાના પુત્ર છો પરંતુ તમારો વ્યવહાર બહુ જ વિચિત્ર જણાય છે. તમારા નામ મામાજીએ નમિ

અને વિનમિ રાખ્યા છે છતાં તમે મને કેમ નથી નમતા ? મારું પિતાજીએ ભરતેશ નામ રાખ્યું છે, હું ભરતભૂમિનો ઈશ જરૂર બનીશ. પરંતુ મને ખેદ થાય છે કે તમે તમારા પિતાની ઈચ્છાને પૂર્ણ નહિ કરી શકો.

'કચ્છ, મહાકચ્છ મામાના સ્વચ્છ ગર્ભમાં ઉત્પન્ન થઈને તમે સ્વેચ્છાચારી થઈ ગયા એ આશ્ચર્યની વાત છે.' આ રીતે ભરતજીએ કાંઇક તિરસ્કારપૂર્વક વાણી વાપરીને કહ્યું 'લૂખી વાતોથી વિનય દેખાડીને પોતાના મનની વાત છૂપાવીને મને ફસાવા લાગ્યા. શું એ બાજીને હું નથી જાણતો ? વિનમિ ! શું બુદ્ધિમાનો સાથે એવી ચાલ ચાલી શકે ?'

વિનમિ કહેઃ- ભાવાજી ! આપ એમ કેમ કહો છો એ વાત સમજવામાં નથી આવતી. અમે આપનાથી કઈ વાત છૂપાવી, મારા હૃદયમાં જરાપણ કપટ નથી. જ્યારે આપ આ રીતે બોલો છો, ત્યારે અમે તો પરકીય છીએ; એવો અર્થ નીકળે છે.

ભરતજી કહેઃ- 'વિનમિ ! તમે પરકીય (પારકા) નથી તમે આત્મીય (પોતાના) છો. પણ તમારો ભાઈ નમિ પરકીય (પારકો) છે તેના હૃદયને હું સારી રીતે જાણું છું. તેને કહેવાની જરૂર નથી. તમારા મનમાં જ રાખો. પ્રસંગ આવતા બધું જ જણાઈ જશે. તેનું અભિમાન ઉતારું અને તેના ગૂઢને રુઢ કરવો એ કાંઈ મારે માટે અવગાઢ (કઠિન) નથી. પરંતુ હાલ નહિ, આગળ જોયું જશે.' એ રીતે ભરતજીએ નાગર, દક્ષિણ, વિટ, વિદૂષકાદિ પોતાના મિત્રોને પૂછયું કે 'તમે પણ કહો કે હું જે કાંઈ બોલ્યો છું તે વ્યાજબી છે કે નહિ ? તમોને ગમ્યું છે કે નહિ ?' નાગર કહે ''સ્વામી ! આપના વચન કોને સારા ન લાગે ? લોકમાં આપના વચન બધાને વશ કરી લે છે. અહીં નહિ આવેલા નમિરાજ પણ અવશ્ય કાલે આવશે એ આપના વચનનું સામર્થ્ય છે.''

અનુકૂલ નાયકઃ-'સ્વામી ! જ્યારે આપે વિનમિરાજને નમિરાજનાં સંબંધમાં જે આપનો વિચાર હતો તે કહી દીધો, ત્યારે બુદ્ધિમાન વિનમિરાજ જઈને આ બાબત સુધાર્યા વિના નહિ રહે.'

વિટનાયકઃ-''તે નમિરાજે સમ્રાટને માટે શી ભેટ મોકલી છે ? શું વસ્ત્રાભૂષણ સમ્રાટની પાસે નથી ? વિશિષ્ટ સુખીઓને કઈ ચીજની આવશ્યકતા ને ઈચ્છા રહે છે, એ સમજીને ભેટ મોકલવી એ બુદ્ધિમાનોનું કર્તવ્ય છે. જીવરત્નોમાં ઉત્કૃષ્ટ પદાર્થો ન મોકલતા અજીવ રત્નોને સમર્પવામાં શો મતલબ ? વિનમિ મનમાં શોચવા લાગ્યા.''

શઠનાયકઃ- ''સ્વામી ! હવે વિનમિરાજને જ વિજયાર્ધનો પટ્ટાભિષેક કરવો જોઈએ. નમિરાજને બહુ જ મદ ચડી ગયો છે.

તેને તેનો સેવક બનાવી દેવો જોઈએ. એ કોઈ સમ્રાટને માટે મોટી વાત નથી. એવી આજ્ઞા થવી જ જોઈએ. જે હિત કરવાવાળો છે તે બંધુ છે. બંધુ થઈને પણ જે અહિત કરવાવાળો છે તે શત્રુ છે. આવી સ્થિતિમાં શત્રુને યોગ્ય દંડ દેવો જોઈએ.''

કુટિલ નાયકઃ- ફસાવનાર મિત્રને ફસાવીને જ તેને રાજ્યભ્રષ્ટ કરીને કોઈ એક જગ્યાએ મૂકી દેવો જોઈએ. ભોળાભાઈઓને ફસાવવાની જેમ અમારા વિવેકી ગૂઢ આત્મા પરિજ્ઞાની સમ્રાટને

ફસાવવા વિચાર કરી રહ્યા છે. એવાને માટે ઉચિત વ્યવસ્થા કરવી જોઈએ. (વિનમિરાજનો ગર્વ ગળી જતો હતો.)

પીઠમર્દકઃ–તે સામાન્ય પર્વત નથી. વિજયાર્ધ પર્વત બહુ મોટો પર્વત છે તેથી ઊંચે પર્વત પર રહેવાથી તેને મદ ચડી ગયો છે, તેથી તેને ત્યાંથી ખસેડીને સમતલ ભૂમિ પર રાખી દેવો જોઈએ.

વિદૂષકઃ–તેને ત્યાંથી ખસેડવો પણ નહિ, નીચે રાખવો પણ નહિ. જ્યાં બેઠો છે ત્યાં જ ખોડી દેવો. (બધા લોક હસવા લાગ્યા.)

દક્ષિણઃ–તમે બધાં કડવી ભાષા બોલી રહ્યા છો. શું તર્કશાસ્ત્રોનો અભ્યાસ કર્યો નથી ને ? શું આ નમિરાજ સમ્રાટને કાંઈ પારકા છે ? તેના તરફ આવા પ્રકારનાં વિરસ વચનો બોલવા શું ઉચિત છે ? તે અવશ્ય સમ્રાટની પાસે સંતોષપૂર્વક આવશે. તમો ચિંતા ન કરો. હાલ તો પોતાના ભાઈને તેણે મોકલ્યા છે અને તે પણ વખત આવ્યે આવશે. પહેલા બીજા બધા રાજાઓએ આવીને ઉત્તમોત્તમ પદાર્થો લાવીને સમ્રાટને સમર્પ્યા. હવે તે પણ ઉત્તમ વસ્તુ લાવીને સમ્રાટને સમર્પશે.

શઠઃ-ભેટની આશા તમે કેમ દેખાડી ? અમારા સમ્રાટને કઈ ચીજની ન્યૂનતા છે ? તેમને કઈ વાતનો લોભ છે ?

ભરતજીઃ- તમે બધા શાંત રહો. તેને દેવાની અને અમારે લેવાની કોઈ વાત નથી. તે તો થશે જ. તે મારી પાસે ખુલ્લા હૃદયથી ન આવ્યો તેનું મને દુઃખ છે.

સમ્રાટના અંતઃકરણને જાણીને વિદ્યાધર મંત્રી હર્ષપૂર્વક ઊઠીને કહેવા લાગ્યા કે ‘સ્વામી ! આપ ઠીક ફરમાવી રહ્યા છો. અમારા રાજા અવશ્ય આપની પાસે આવશે. આપ જે વખતે વિજયાર્ધની તરફ પધારશો તે વખતે તે અવશ્ય જ વિનયપૂર્વક આપની પાસે આવીને મળશે. સ્વામી ! આપ વ્યવહારવિનયને માટે અમારા રાજાને મળવાનું કહો છો. પદાર્થની ઈચ્છા આપને કયાં છે ? તેમાં શું મોટી વાત છે, તેમને હું જ આગળ લાવીને આપને સમર્પીશ.’

વિનમિ પણ સમ્રાટને કહેવા લાગ્યા કે ‘આપના ચિત્તને દુભવવું એ અમારું ડહાપણ નથી. આપને માટે જે રીતે સંતોષ થશે તે રીતે અમે અવશ્ય કરીશું.’

ભરતજીઃ-‘વિનમિ ! તેની કોઈ વાત નથી. પરંતુ તારો ભાઈ જે મારી સાથે અભિમાન બતાવી રહ્યો છે તે શું ઉચિત છે ? કેવલ તમારી ખાતર સમતા રાખી. બીજી કોઈ વાત નથી. એટલું જ નહિ એમાં એક ગૂઢ રહસ્ય છે. સાંભળો, તમારી માતા મારી બાલ્યાવસ્થામાં મને બહુ પ્રેમ કરતી હતી, મને ખવડાવતી હતી, પીવડાવતી હતી. એ જાણી હું શાન્ત રહ્યો. જો હું તે વખતે કાંઈ કરતો’તો તો મારી મામી તો એમ કહેતી હતી કે ‘મારા પુત્રોએ અવિવેકથી કાંઈ કર્યું તો પણ ભરતે તેમને સ્વકીય દૃષ્ટિથી જોયું.’’ તમારામાં ક્યો ગુણ છે, મામા અને મામીના તરફ જોવું જોઈએ. તેમના હૃદયમાં કોઈ ભેદ નથી, તમે માયાચાર કરો છો.’

પાસેના મિત્રો વિનમિરાજને કહેવા લાગ્યા કે ‘વિનમિ ! તમારું ભાગ્ય ઘણું મોટું છે. તમારા માતા પિતાને જ્યારે સમ્રાટે મામી અને મામાના નામથી સંબોધ્યા ત્યારે એનાથી અધિક બીજું કયું

સન્માન હોઈ શકે ? ઉત્તમોત્તમ કન્યારત્નોને પરણાવનાર હજારો રાજા છે, પરંતુ સમ્રાટે આજ સુધી કોઈને મામી મામાના નામથી સંબોધન નથી કર્યું. એ ભાગ્ય તો તમને જ મળ્યું છે. તો પણ સમ્રાટની સાથે ભેદભાવ રાખો છો એ આશ્ચર્યની વાત છે.'

બુદ્ધિસાગર મંત્રીએ પણ વિનમિને કહ્યું કે 'વિનમિ ! નમિરાજ પાસે જઈને મારા તરફથી પણ વિનંતી કરજો કે તરત જ તે સમ્રાટને આવીને મળે.

તે વખતે બીજા મિત્રોએ કહ્યું કે 'વિનમિ ! હવે તો હદ થઈ ગઈ. સમ્રાટનાં મંત્રી બુદ્ધિસાગર પોતાના સ્વામી સિવાય બીજા કોઈને 'વિનંતી' શબ્દ કહીને વિનય નથી કરતા. તો પણ નમિરાજ માટે વિનંતી શબ્દનો પ્રયોગ કર્યો છે. એનાથી અધિક બીજા કયા સન્માનની જરૂર છે ? આજે સમ્રાટની પાસે બુદ્ધિસાગર સિવાય બીજું કોનું મહત્ત્વ અધિક છે ? તે સમ્રાટનાં પ્રતિનિધિ છે. તે બીજા મોટામોટા રાજાઓની સાથે પણ આ રીતે નથી બોલતા. આમ હોવાથી તમારે વિચાર કરવો જોઈએ કે સમ્રાટનાં હૃદયમાં તમારું કેવું સ્થાન છે. ?'

બીજા લોક કન્યા વગેરે આપીને બહુ અધિક ચાહતા થકા સમ્રાટની સાથે સંબંધ વધારે છે, પરંતુ તમે તો જન્મજાત સંબંધી છો. આમ હોવાથી ચક્રવર્તીના મનને દુભવવાનું સાહસ તમને કેમ હોય એ આશ્ચર્યની વાત છે. એ રૂપે વિનમિરાજને કહેવા લાગ્યા.

વિનમિરાજ વિવશ થયા. (આકુલ બન્યા) તેણે સ્પષ્ટ કહ્યું કે 'ભાવાજી ! આપ ઉત્તરખંડમાં જે વખતે આવશો તે વખતે નમિરાજ ચોક્કસ આપના દર્શન કરશે. હવે વિશેષ કહેવાથી શું લાભ ? આપનાથી અલગ રહેવું તે શું ડહાપણ છે ? આપના વૈભવને સાંભળીને માતાજી પહેલેથી જ પ્રસન્ન થઈ રહ્યા હતા. આવી પરિસ્થિતિ હોવાથી શું હું નથી સમજતો ? આપથી વધારે અમારો બીજો કોણ મિત્ર છે ? આપના હૃદયને અમે નહિ દૂભવીએ. હવે અવશ્ય જ આપને સંતુષ્ટ કરીશું.

ભરતજીઃ– ''વિનમિ ! ઠીક છે. મેં મારા મામાના પુત્ર સમજીને તમારી સાથે પ્રેમ કર્યો. પરંતુ તમે મને પારકા ગણ્યાં. કાંઈ નહિ, જે થયું તે થયું.'' તે વખતે ભરતજીએ વિનમિને પાસે બોલાવી ને અનેક વસ્ત્રો અને આભૂષણોની ભેટ આપી અને સાથોસાથ નમિરાજ અને પોતાની મામીને પણ ઉચિત ભેટ મોકલી અને ભરતજીએ પ્રેમપૂર્વક વિનમિને આલિંગન કર્યું.

વિનમિને એમ લાગ્યું કે હું મોટો ભારે ભાગ્યશાળી છું. આ લોકમાં એવા વિરલા જ હશે કે જેને અનેક રાજાઓની સમક્ષ સમ્રાટ આલિંગન કરે.

મિત્રોએ પણ વિનમિની પ્રશંસા કરી. વિનમિએ હર્ષપૂર્વક ભરતજીને નમસ્કાર કર્યા, વિદ્યાધર મંત્રીએ પણ સાષ્ટાંગ નમસ્કાર કર્યા ને વિમાનમાં બેસીને આકાશ માર્ગે ચાલી નીકળ્યા, જતી વખતે આપસમાં વાતચીત કરતા હતા કે હવે સુભદ્રાદેવીને નહિ આપીએ તો સમ્રાટ છોડશે નહિ, તેથી નમિરાજ પાસે જઈને તેને મનાવવા જોઈએ.

આ તરફ ભરતજીએ સભામાં ઉપસ્થિત મિત્રોને પણ બોલાવીને તેમનું યથેષ્ઠ સન્માન કર્યું. મિત્રગણ પણ જતા જતા ચક્રવર્તીની દૂરદર્શિતાની પ્રશંસા કરતા થકા જઈ રહ્યા હતા. સમ્રાટ બહુ

બુદ્ધિમાન છે, ગંભીર છે. જે દિવસે વિનમિ આવ્યા તે દિવસે તેને ન ડરાવતા આટલા દિવસ આ વિષયને પોતાના મનમાં છાનો રાખ્યો, તે એટલા માટે જ કે વિનમિને મનમાં દુઃખ થવાથી તે ત્યાંથી જલદી ન ચાલ્યા જાય, પરંતુ હવે બધું કામ પત્યા પછી-મંગલવિવાહ થયા પછી આ બધી હકીકત વિનમિને કહી. જુઓ કેવું ડહાપણ છે ? સુભદ્રાદેવી સાથે વિવાહ કરવાની ઈચ્છા છે, તેના તરફ મોહ છે પરંતુ પોતાના મોઢે તેને ન કહીને તે વાત અનાયાસે નીકળે એવો રસ્તો તેણે લીધો. અજબ કામ કરે છે.

એવામાં કૃતમાલ આવ્યા, જયકુમારે આવીને પ્રાર્થના કરી કે 'સ્વામી ! હવે શું કરવું તેની આજ્ઞા થવી જોઈએ. સમ્રાટે ભદ્રમુખને બોલાવીને કહ્યું કે 'આ કૃતમાલ તમિસ્ર ગુફાના અધિપતિ છે. એની સાથે જઈને ઉત્તર તરફ જવાનો માર્ગ તૈયાર કરો. ત્યાર પછી આપણે અહીંથી આગળ પ્રયાણ કરીશું.'

પાણીની ખાઈ બનાવીને વજ્રકપાટને તોડયો. હવે ગુફાનો અંધકાર દૂર કરવા કાકિણી રત્નની પ્રભાથી કામ લેજો. ગુફાની વચમાં સિંધુ નદી દક્ષિણમુખે થઈને વહી રહી છે, સાથે પૂર્વ અને પશ્ચિમે બે ભયંકર નદી આવીને મળી રહી છે. પશ્ચિમે નિમગ્ન અને પૂર્વે ઉન્મગ્ન નામની નદી ભયંકર તરંગોથી યુક્ત થઈને આવે છે. નિમગ્ન તો તેમાં જે કોઈ પડે છે તેને પાતાલમાં લઈ જાય છે અને ઉન્મગ્ન દડાની જેમ આકાશમાં ઊછાળે છે તેથી હુશિયારીથી જજો. બધી નદીઓને ચર્મરત્નથી પાર કરી શકાય છે પરંતુ આને પાર નહીં કરી શકાય. તેથી જરૂર પડે તો તે બન્ને નદીઓ પર પૂલ બાંધી લેવો. પાણીને સ્પર્શ ન કરતા ઉપરથી જ પુલ બાંધવો. આ કાર્ય માટે ભૂચરીઓ કામમાં નહિ આવે, અંબરચર વ્યંતરોથી જ આ કામ થઈ શકશે. વળી તે તરફ જઈને ઉત્તર દિશા તરફનાં કપાટ તોડી નાંખજો અને અમારા આવ્યા સુધી કૃતમાલ સેના લઈને ત્યાં રહેજો. પુલ બાંધવાનું કામ ભદ્રમુખનું છે, ગુફાના રક્ષણનું કામ કૃતમાલ કરે, અને ખાઈ બનાવીને છેવટના કપાટ તોડવાનું કામ જયકુમાર કરે. આ રીતે ત્રણેને કામ સોંપ્યું અને વ્યંતર શ્રેષ્ઠોને બોલાવીને તેમને મદદને માટે તેમની સાથે જવા કહ્યું.

બુદ્ધિસાગર સમ્રાટના જ્ઞાનને જોઈને આશ્ચર્યચકિત થયા. તેઓએ કહ્યું કે સ્વામી ! આપે પહેલાં જોયું જ હોય એવી રીતે વર્ણન કર્યું. આપનું જ્ઞાન સાતિશય છે.

ભરતજીએ કહ્યું કે બુદ્ધિસાગર ! ત્યાં જઈને જોવાની શી જરૂર છે ? એમાં શી આશ્ચર્યની વાત છે ? જૈનશાસ્ત્રોનો સ્વાધ્યાય કરનારા આ વાતને બરાબર જાણી શકે છે. તમે પણ તે જાણો છો.

બુદ્ધિસાગરે કહ્યું કે 'સ્વામી ! અમે જાણીએ તો છીએ પરંતુ ભૂલી ગયા છીએ પણ આપની ધારણાશક્તિ વિશિષ્ટ છે.' ઈત્યાદિ પ્રકારે પ્રસંશા કરી.

ભરતજીએ પણ સમયોચિત સન્માન કરીને બુદ્ધિસાગરને પોતાના સ્થાને મોકલ્યો અને પોતે મહેલ તરફ ગયા. આજે અનેક રાણીઓ તેમની દાસીઓથી છૂટી પડેલી છે તેથી તે કદાચ કાંઈક ચિંતાતુર હશે તેથી તે બધાને સંતોષ આપવા માટે ત્યાં ગયા.

ભરતજીના વ્યવહારને જોઈને તેના ચાતુર્યની ખબર પડે છે. કોઈને પણ તેઓ નાખુશ નથી કરતા. નાખુશ થવાનો પ્રસંગ આવે તે વખતે તેઓ સરસ વિનોદ સંકથાલાપ કરીને સામેની વ્યક્તિને પ્રસન્ન કરી લે છે. વિનમિરાજના વાર્તાલાપથી પાઠકે આ વાતનો અનુભવ કર્યો હશે. આ એના સાતિશય પુણ્યનું ફલ છે. એને માટે તેઓએ શું કર્યું છે ? તેઓ રાત્રિ દિવસ પરમાત્માની ભાવના કરે છે કે :–

''હે પરમાત્મા ! સરસ, સુમધુર વાતોથી જ દુષ્ટકર્મોની નિર્જરા કરવાનું સામર્થ્ય તમારામાં છે કેમકે તમે સુખાકર છો, તેથી મારા હૃદયમાં તમે સદાકાલ વસી રહો.

હે સિદ્ધાત્મા ! આપ ગુણવાનનાં સ્વામી છો, સુજ્ઞાનીઓના રાજા છો, મુમુક્ષુઓના આદર્શ છો, તેથી પ્રાર્થના છે કે મને બેગણી ચારગણી (ખૂબ વધારે) સુબુદ્ધિ આપો.''

આ ભાવનાનું ફળ છે કે સમ્રાટને બધા કાર્યોમાં અનાયાસે જય લાભ થાય છે.

# ૧૫. વૃષ્ટિનિવારણ સંધિ

**એ**ક મહિના પછી જયકુમારે આવીને ચક્રવર્તીને કહ્યું કે–''સ્વામી ! આપની આજ્ઞાનુસાર બધી વ્યવસ્થા કરી છે. લોકોને ઉત્તરખંડમાં જવાને માટે યોગ્ય માર્ગ તૈયાર કર્યો છે. નિમગ્ન નદીના ઉપર પુલ પણ બાંધી દીધો છે. ભૂતારણ્ય, દેવારણ્ય નામના મોટા પ્રસિદ્ધ જંગલોનાં વૃક્ષોને લાવીને આ કામમાં ઉપયોગ કર્યો છે, તેથી આ કાર્યોમાં આટલીવાર લાગી. તે પર્વત દક્ષિણોત્તર પચાસ યોજન પ્રમાણ છે. તેની વચ્ચે વચ્ચે પુલની વ્યવસ્થા કરી છે. તમિસ્ર ગુફાએ મરકીની જેમ મોઢું ખોલ્યું છતાં વીરતાથી પ્રવેશ કરીને કપાટને તોડયો, તો પણ સ્વામી ! હું સમજું છું કે મેં એમાં કોઈ વીરતાનું કાર્ય કર્યું નથી. મરી ગયેલા વાઘનાં નખ તોડવા એમાં કોઈ મોટી વાત નથી. એવી રીતે અગ્નિની જવાળા જેમાં બૂજાઈ ગઈ છે એવી ગુફાના મેં કપાટ તોડી નાંખ્યા એમાં કઈ મોટી વાત છે ? ખરેખર મહાવીરોને છાજે એવા અસાધારણ કાર્યો આપે કર્યાં છે. ભયંકર અગ્નિજવાલાથી પ્રાણ પણ મૂંજાઈને નીકળી જાય એની સામે પણ થઈને વીરતાથી આપે વિશાળ વજ્રકપાટને તોડયો છે, પરંતુ મેં તો એક પડી ગએલા મકાનની પાછળનાં નાના દરવાજાને ખોલ્યો છે, એમાં શી બહાદુરી કરી ?

'સ્વામી ! વિશેષ શું કહું ? આપના પુણ્યયોગથી તે દરવાજો અનાયાસે ખુલ્લી ગયો. કૃતમાલ પણ સમ્રાટની સેવા પામવાથી પોતાને ધન્ય માને છે. તે કૃતકૃત્ય થઈ ગયો. સ્વામીની આજ્ઞા અનુસાર તે વ્યંતર સેનાઓને સાથે લઈને ગુફાના દ્વારમાં પહેરો કરે છે. ભૂચરોથી ખાઈ ખોદવામાં આવી અને ખેચરોથી પુલ બાંધવામાં આવ્યો.' આ રીતે સેનાપતિ અને વિશ્વકર્માએ કહ્યું. એક મહિના પછી પ્રસ્થાનભેરી બજાવતા ત્યાંથી સેનાનું પ્રસ્થાન થયું. સૌથી આગળ જયકુમાર અનેક રાજાઓની સાથે જઈ રહ્યા હતા. તેની પાછળ વ્યંતરોની સેના જઈ રહી હતી. વચ્ચે ગણબદ્ધદેવોની સાથે ભરતજી જઈ રહ્યા હતા. પોતાની સેના સાથે પુલ ઉપર ચઢીને તે ગુફામાં પ્રવેશ કર્યો, અને આગળ જઈને સિંધુ નદીના તટપર જઈ રહ્યા હતા. ત્યાં ભયંકર અંધકાર હતો. તેથી એક ગાઉમાં એક કાકિણીરત્ન રાખવામાં આવ્યો. તેના પ્રકાશથી આગળ જવામાં સમ્રાટની સેનાને કોઈ તકલીફ પડી નહિ. રાતદિવસના વિભાગની ત્યાં ખબર નહોતી પડતી. દિવસમાં પણ અંધકાર જ રહેતો હતો. તો પણ ઘડીની સહાયતાથી રાતદિવસનાં વિભાગને જાણીને સમ્રાટ સાંજે ભોજન વગેરેનું સંધ્યાકૃત્ય કરતા હતા. વિવેકી ભરત કોઈ પણ જગ્યાએ કોઈ પણ કારણમાં ફસાતા નહોતા. ગુરુહંસનાથ પરમાત્માનું ધ્યાન કરતા થકા ઠેકઠેકાણે મુકામ કરતા હતા.

હંમેશાં સ્ત્રીઓની સેના પાછળ રહેતી હતી, પરંતુ તે ગુફામાં કદાચ તે ડરી જશે એમ જાણીને પોતાની સાથે જ લઈ જતા હતા. અર્કકીર્તિ આદિ પુત્રોને બુદ્ધિસાગરની સાથે મોકલીને પોતે સ્ત્રીઓના યોગક્ષેમ વિચારતા થકા જઈ રહ્યા હતા. એટલું જ નહિ, તે ભયંકર ગુફામાં સ્ત્રીઓ ડરી જશે એમ વિચારીને પોતાના અનેક રૂપ બનાવીને તેમની સાથે ભરતજી વિનોદ સંક્થાલાપ કરતા જતા હતા. સંગીત કરનારી સ્ત્રીઓ અધ્યાત્મ ગાયન ગાતી જતી હતી. તેમાં આત્મકલાનું વર્ણન હતું. તેમના અર્થ સમજાવવામાં ભરતજીને ખૂબ આનંદ થતો હતો. દુનિયામાં બધા લોકોને ક્યાંક સુખ અને ક્યાંક દુઃખ થાય છે. પરંતુ વિવેકીઓને બધી જગ્યાએ સુખ ને સુખ જ થાય છે, એ વાતનો સાક્ષાત્ અનુભવ આ ગુફામાં ભરતજી કરી રહ્યા હતા. આ રીતે સમ્રાટ સેના સહિત તે ભયંકર પુલ

અને ગુફા આનંદપૂર્વક ઓળંગી ગયા.

કૃતમાલે સમ્રાટના સ્વાગતને માટે પહેલેથી જ ગુફાના અનેક દ્વારોમાં તોરણ બાંધવાનું કહ્યું હતું, તે બધાની શોભા જોતા થકા સમ્રાટ આગળ વધી રહ્યા હતા. તે અંધકારમય ગુફા ઓળગ્યા પછી બધાને ખૂબ હર્ષ થયો. જેવી રીતે તબેલામાં બાંધેલા ઘોડાને મેદાન પર લાવતા તે આનંદથી આમ તેમ દોડે છે તેવી રીતે અંધારામાંથી પ્રકાશમાં આવતાં તે સ્ત્રીઓના હ્રદયમાં પણ હર્ષ ઉત્પન્ન થયો. ગુફાની બહાર બધી રાણીઓ સુરક્ષિત રૂપે આવતાં ચક્રવર્તીએ પોતાના અનેક રૂપો અદ્રશ્ય કરીને એક જ રૂપ બનાવી લીધું. આ રીતે તે ગુફામાંથી બધી સેના બહાર નીકળી ગઈ, સૌથી પહેલાં સમ્રાટ પોતાના પુત્ર, મંત્રી, સેનાપતિ, પુરોહિત વગેરેને મળ્યા પછી મિત્રગણ વિદ્વજ્જન, કવિગાયક વગેરે બધાને કુશળતા પૂછી. સમ્રાટે સેનાપતિને પ્રશ્ન કર્યો કે સેનાના બધા લોક સહીસલામત આવી ગયા ? સેનાપતિએ ''આવી ગયા'' એ પ્રકારે ઉત્તર આપ્યો. સમ્રાટ નિશ્ચિંત અને સંતુષ્ટ થયા. આ રીતે તે ગુફાની બહાર આવ્યા પછી તે મધ્યમ્લેચ્છ ખંડમાં પડાવ નાખવાનો નિશ્ચય કર્યો. સમ્રાટની આજ્ઞાથી સેનાપતિએ બધી વ્યવસ્થા કરી. કૃતમાલને ગુફાને સુવ્યવસ્થિત રાખવાના ઉપલક્ષ્યમાં અનેક ઉત્તમોત્તમ ઉપહારોની ભેટ આપી. ત્યાં એક વિચિત્ર અને અપૂર્વ ઘટના બની.

તે મધ્યમ્લેચ્છ ખંડમાં ચિલાતરાજ અને આવર્તકરાજ નામના બે પ્રમુખ રાજયપાલન કરતા હતા. તે ભારે અભિમાની હતા. તેમને સમ્રાટ આવવાના સમાચાર મળ્યા. તેઓ કહેવા લાગ્યા કે ''ક્યારેય પણ આ ખંડમાં ચક્રવર્તી નથી આવ્યા. આજ એ કેમ આવ્યા ? અમે તેને વશ નહિ થઈશું, પરંતુ લડાઈ કરીને તેને કાઢવા મુશ્કેલ છે. માત્ર અન્ય ઉપાયોથી જ તેને અહીંથી પાછા મોકલી દેવા જોઈએ.'' આવા વિચારથી તેઓએ આવી આપત્તિને વખતે કાલમુખ, મેઘમુખ નામના પોતાના કુલદેવોની આરાધના કરી, તે બન્ને દેવ પ્રગટ થઈને કહેવા લાગ્યા કે તમોએ અમને કેમ યાદ કર્યા ? કહો ? અમારી પાસેથી ક્યા કાર્યની અપેક્ષા રાખો છો ?

તે બન્નેએ ઉત્તર આપ્યો કે 'દેવ ! અમે તો આપના ભક્ત છીએ. ત્યારે બીજાને નમસ્કાર કરવા શું યોગ્ય છે ? 'કાલમુખ અને મેઘમુખના ભક્તોએ જઈને કાલવશ નરપતિના ચરણોને નમસ્કાર કર્યાં એ ઘટના જ તમારા અપમાનને માટે પર્યાપ્ત છે. એનો ઉપાય થવો જોઈએ.' આ રીતે તે બન્ને દેવોના ચરણોમાં ચિલાતક અને આવર્તક રાજાએ પ્રાર્થના કરી. ત્યારે દેવોએ આશ્વાસન આપ્યું 'કે તમો ઊઠો. સાત આઠ દિવસ સુધી રાહ જુઓ. ત્યારે બધું તમે જોજો. તેની સાથે યુદ્ધ કરીને જીતવાનું સામર્થ્ય અમારામાં નથી, તો પણ સાત આઠ દિવસ સુધી બરાબર મુશલધાર વરસાદ વરસાવીને તેમને તેઓ જે રસ્તેથી આવ્યા છે તે રસ્તે પાછા કાઢું છું. તમો ચિંતા ન કરો.' આ રીતે તે દેવોના કહેવાથી બન્ને રાજા નિશ્ચિંત થઈને ત્યાંથી ચાલ્યા ગયા.

તે વખતે આકાશ વાદળાંઓથી છવાઈ ગયું. હાથીઓના સમૂહની જેમ મેઘપંક્તિ એકઠી થઈ. કાલરાક્ષસોએ જાણે કે યુદ્ધ કરવા આકાશમાં પોતાની સેના રાખી હોય એવી રીતે કાલમેઘથી બધું આકાશ ભરી દીધું. ખરેખર તે વખતે પ્રલય કાલની જ બીક લાગતી હતી. શું નિલપર્વત જ આવીને આકાશપ્રદેશમાં ઉપસ્થિત નથી થયોને ! અથવા તમામલતાઓએ આકાશપ્રદેશ પર આક્રમણતો નથી કર્યું ને ! આવા પ્રકારની શંકા તે વખતે થઈ રહી હતી.

ચંદ્રસૂર્ય ઢંકાઈ ગયા. દિવસમાં રાત્રિ થઈ ગઈ. બધે અંધકાર છવાઈ ગયો. તે બન્ને દેવો પહેલેથી જ ભવિષ્યનું અનિષ્ટ સૂચવી રહ્યા હોય એમ વીજળી ચમકી રહી છે. વીજળી અને ઈન્દ્રધનુષ્યના મેલાપથી એવું લાગતું હતું કે જાણે તે બન્ને દેવો પોતાની આંખો લાલ કરીને ક્રોધાયમાન દૃષ્ટિથી નીચે જોઈ રહ્યા હોય. વજ્રકપાટનું વિસ્ફોટન કરીને જે ચક્રવર્તીએ દુનિયાને હલાવી નાંખી તેને ભયભીત કરી અને તેની સેનાને ભય ઉપજાવવાના કારણે ખૂબ જોરથી મેઘગર્જના કરવા લાગ્યા. એક તરફથી વીજળી ચમકતી હતી અને બીજી તરફ આંધી (ઝંઝાવાત) ચડી હતી. જાણે કે તે આંધી એ વાતની સૂચના આપી રહી હોય કે તમો અહીંથી જલદી જાવ. પ્રલયકાલની જ વૃષ્ટિ થઈ રહી છે.

મોટામોટા ઘડાઓથી પાણી નીચે છંટાઈ રહ્યું હોય એવા પ્રકારનો દેખાવ તે વખતે થઈ રહ્યો હતો. જાણે કે મેઘરૂપી મદગજોથી મદજલ તો નથી ઝરી રહ્યો ! અથવા મેઘરૂપી રાહુ વિષને તો નથી વમી રહ્યો ! એવો તે વૃષ્ટિનો દેખાવ થઈ રહ્યો હતો. એ વૃષ્ટિને જોતાં એવું લાગતું હતું કે કદાચ પ્રલયકાલનો જ વરસાદ હોય. તેની ધારા નારીયેલના વૃક્ષોથી પણ અધિક પ્રમાણમાં મોટી હતી. તે વખતે આખી પૃથ્વી જલમય બની ગઈ. ચારે તરફથી પાણી આવીને સેનામાં પાણી ભરાવા લાગ્યું. બધા લોકો ગભરાયા. ચક્રવર્તીએ ચક્રરત્ન ને ચર્મરત્નનો ઉપયોગ કરવાની આજ્ઞા આપી. છત્રરત્નને ઉપર ગોઠવવાથી ઉપરનું પાણી રોકાયું અને ચર્મરત્નને નીચે ગોઠવવાથી નીચે વહેનારું પાણી રોકાયું. ચક્રવર્તીની સેના અડતાલીસ યોજન લાંબી અને છત્રીસ ગાઉ પહોળી જગ્યામાં પડેલી છે, એટલા ભાગમાં છત્ર ને ચર્મરત્ન પણ વ્યાપ્ત છે. ચર્મરત્નને કદાચ લોકો ચામડું સમજશે પરંતુ તે ચામડું નથી, તે અત્યંત પવિત્ર છે, વજ્રમય છે. તેને વજ્રમય રત્નના નામથી કહે છે. છત્રરત્નને સૂર્યપ્રભાના નામથી પણ કહે છે. તે બન્ને રત્નો પુણ્યનિર્મિત છે, અસાધારણ છે.

ઉપરના ઉપસર્ગને છત્રરત્ન રોકીને દૂર કરી રહ્યો છે. નીચેના ઉપસર્ગને ચર્મરત્ન નિવારણ કરી રહ્યું છે. ચક્રવર્તીનું પુણ્ય જબરજસ્ત છે. તે મુશલધાર વૃષ્ટિથી સેનાની રક્ષા બન્ને રત્નોથી થઈ રહી છે, પરંતુ સેનામાં અંધકાર છવાઈ રહ્યો છે. તેને કાકિણી રત્ને દૂર કર્યો. લોકમાં તે વખતે અંધકારથી જે ચિંતા છવાઈ રહી હતી તેને તે કાકિણી રત્ને દૂર કરી તેથી તેને તે વખતે ચિંતાહતિના નામથી લોકો કહેવા લાગ્યા. બધાને અજવાળુ દેખાડવાના કારણથી ચક્રરત્નનું ''સુદર્શન'' નામ પડી ગયું.

પાણી મુશલધાર એક સરખું વરસે છે. સમ્રાટે વિચાર્યું કે કદાચ આ પ્રદેશમાં પાણી ખૂબ પડતું હશે. એવા વિચારથી તે પાણીની શોભા જોઈ રહ્યા છે. જેવી રીતે એક વેપારી જહાજમાં બેસીને સમુદ્રની શોભા દેખી રહ્યો હોય. દેશ કે કાલાનુસાર વરસાદ વરસી રહ્યો છે, બે ત્રણ દિવસમાં બંધ થઈ જશે એ રીતે ભરતજી રાહ જોઈ રહ્યા છે, પરંતુ વરસાદ સાત દિવસ સુધી એક ધારો વરસી રહ્યો. ભરતજી વિચાર કરવા લાગ્યા કે રાત દિવસ સતત વરસાદ વરસી રહ્યો છે. સાત દિવસથી વરસવા છતાં પણ ઊલટો વધતો જ જાય છે. ઓછો થતો નથી, તેથી સેનાને ભયભીત થવાનો સંભવ છે. આકાશ અને ભૂમિ પાણીથી એકમેક થઈ રહ્યા છે. જમીનને જોતાં સમુદ્ર જેવું જ જણાય છે. તાડના ઝાડથી પણ અધિક પ્રમાણમાં મોટી ધારથી તે પાણી પડી રહ્યું છે. એ મનુષ્યનું કાર્ય નથી, તે ચોક્કસ દેવનું કાર્ય છે. નહિતર સાત દિવસ સુધી એક ધારો ન વરસે. માગધામર અને જયકુમારને

બોલાવીને કહ્યું કે તમો જરા બહાર જઈને જુઓ કે શું આ દેવકૃત ચેષ્ટા તો નથી ને ? જયકુમાર અને માગધામરે જોયું કે ઉપર આકાશમાં દેવો ઊભા પગે આ બધું કામ કરી રહ્યા છે. એમ જાણી તે બન્ને સમ્રાટને નમસ્કાર કરીને આકાશમાં ચાલ્યા ગયા, અને તેમની પાછળ અનેક વ્યંતરો પણ આકાશ માર્ગે ઊડી ગયા.

આ સ્વામીદ્રોહીઓને પકડો. મારો જવા દેશો નહિ. વગેરે શબ્દો ઉચ્ચારીને તે દેવોની પાછળ પડયા. દેવોએ વરસાદ વરસાવવો બંધ કરીને યુદ્ધ માટે તૈયારી કરી. તેમાં પણ વિદ્યાધરોએ તેમને હંફાવ્યા. તો તેઓ અગ્નિનો વરસાદ વરસાવવા લાગ્યા. વિદ્યાધરોએ અગ્નિસ્તંભ વિદ્યાથી તેમને રોક્યો. આ રીતે વ્યંતરોએ અનેક પ્રકારે તેમને હરાવ્યા. તો તે દેવો એક તરફ જઈને પોતાના પરિવારની સાથે ઊભા રહ્યા. એક બાજુ માગધામર વગેરે વ્યંતરો તેમને ભીંસ દે છે, ત્યારે બીજી બાજુ જયકુમાર પાછળથી તેમને દબાવે છે.

ભરતેશની સાથે દ્રોહ કરવો એ સામાન્ય વાત નથી. નકામી ઉદ્દંડતા ન કરો એ રીતે પહેલેથી કહેવા છતાં તેઓએ માન્યું નહિ, ઘમંડ સેવીને અનેક માયાવી કૃત્યો કરવા લાગ્યા. આ સ્વામીદ્રોહીઓને છોડો નહિ, મારો, કૂટો, પીટો ઈત્યાદિ શબ્દ ઉચ્ચારતા થકા બીજી બાજુથી જયકુમાર દબાવી રહ્યો હતો. જયકુમારને જોતાં જ માગધામર વગેરે ચક્રવર્તીનાં પુણ્યની પ્રશંસા કરવા લાગ્યા.

હવે દેવોએ જોયું કે આપણે આમનાથી બચી નહિ શકીએ તેથી કોઈ પણ રીતે જીવ બચાવીને નાશી છૂટવું જોઈએ. એમ વિચારીને કાગડો જેમ આકાશમાં ઊડી જાય તેમ ઊડીને જવા લાગ્યા. તે વખતે જયકુમારે તે કાલમુખ અને મેઘમુખને પકડવા હુકમ આપ્યો, પરંતુ બન્ને બીકના માર્યા ભાગી ગયા. ક્યાંક એમના હાથમાં આવી જઈશું એવા ભયથી હિમવાન પર્વતને ઓળંગીને ભાગ્યા અને છૂપાઈ ગયા.

અત્યાર સુધી ચિલાતક રાજા પોતાના કુલદેવોથી કરવામાં આવતા ઉપદ્રવોને જોતાં બહુ જ પ્રસન્ન થઈ રહ્યા હતા. પરંતુ જ્યારે એમ ખબર પડી કે તે કુલદેવો હવે ભયભીત થઈને ભાગી જાય છે તો તેને પણ ભય લાગ્યો. તે હવે પોતાનો જીવ બચાવવા કોઈ ગુપ્ત સ્થાનમાં જઈને સંતાઈ ગયો, પરંતુ આવર્તક તો એમ વિચારી રહ્યો હતો કે વરસાદ વરસતો બંધ પડયો તો શું થઈ ગયું ? અમારા કુલદેવ હજી યુદ્ધ કરીને શત્રુઓને પાછા કાઢશે એવા વિચારથી તે એકીટશે એ જોઈ રહ્યો હતો. એવામાં જયકુમાર વગેરેએ આવીને તેને ઘેરી લીધો. ચિલાતક રાજા જંગલમાં જઈને છૂપાઈ ગયો હતો. તેને વ્યંતરગણ જાણી શકતા હતા તોપણ બીકને માર્યે છુપાયેલાઓને પકડવો યોગ્ય નથી, તેને જવા દ્યો, તેની કાલે ખબર લેશું. એમ કહીને માત્ર આવર્તક રાજાને પકડીને લઈ ગયા. જોકે સામે ત્યાં આ યુદ્ધમાં લડનારા ભૂત અનેક હતા, પરંતુ જયકુમાર કેવલ આવર્તક રાજાના બન્ને હાથ બાંધીને તેમને રાજા પાસે લઈ ગયા.

તે વખતે સૂર્ય ઊગી ગયો હતો. ભરતજી દરબાર ભરીને બિરાજ્યા હતા. જયકુમારે કેદીને લાવીને સમ્રાટની સામે ઊભો રાખીને કહ્યું કે સ્વામી ! આ સ્વામીદ્રોહી છે એણે દેવોની સહાયતાથી આપણને દુઃખ પહોંચાડયું છે.

ભરતજી સીધે સીધા મારી પાસે ન આવતા ઉદંડતાથી યુદ્ધ કરવાની ભાવના શું આ દુષ્ટે કરી છે ? એ પાપીના મુગટ પર લાત મારો, શું ઊભા ઊભા જુઓ છો.'' એ રીતે ભરતજીએ ક્રોધથી કહ્યું.

સેનાનાયક તેને લાત મારવા આગળ વધ્યા, ત્યાં સમ્રાટે તેને રોક્યા અને ચપરાશીને આજ્ઞા આપી કે તું તેને લાત માર. સમ્રાટની આજ્ઞા પામીને ચક્રવર્તીના પાદત્રાણને સંભાળવાવાળા ચપરાશીએ તેને પોતાના ડાબા પગથી લાત મારી. આવર્તક રાજાનો મુગટ ઠનઠન અવાજ કરતો થકો જમીન પર પડી ગયો, જાણે કે એ અવાજ એમ ઘોષણા કરી રહ્યો હોય કે ભરતજીની સાથે ઉદ્દંડતા કરવાવાળાની આવી હાલત થાય છે. ભરતજીએ સેનાને આજ્ઞા આપી કે આ દુષ્ટને અમારા આગળથી લઈ જઈને તેને નજરકેદમાં રાખો. આજ્ઞા મળતાં જ જયકુમારે તેના બાંધેલા હાથ છોડી નખાવ્યા અને એક મકાનમાં લઈ જઈને કેદ રાખવાનો બંદોબસ્ત કર્યો.

ભરતજીએ જયકુમાર અને માગધામરને કહ્યું કે તમે ઘણું સારું કામ બજાવ્યું છે. આજે તમે જાઓ. કાલે હું તમારા બધાનો સત્કાર કરીશ, સેનાને પણ આજે વિશ્રાંતિ લેવા દ્યો. એ રીતે કહેતા થકા તેઓ મહેલમાં ચાલ્યા ગયા.

આ રીતે ભરતજીએ દુષ્ટોનો નિગ્રહ કર્યો. અને શિષ્ટપુરુષોનું રક્ષણ પણ કરતા રહેશે. એ તેમનો ક્ષત્રિયધર્મ છે. ભરતજીનું પુણ્ય જબરજસ્ત છે. વિજયાર્ધ પર્વતની તમિસ્રા ગુફા, સિંધુઆદિ નદીઓને ઓળંગીને આગળ વધવું તે કોઈ સામાન્ય વાત નથી. ત્યાં ઉન્મગ્ન નિમગ્ન નામના ભયંકર ભોંયરાં છે. વજ્રમય કપાટોને તોડીને તે ભયંકર નદીઓ ઉપર પુલ બંધાવીને ઉત્તરખંડમાં તેઓ આવી પહોંચ્યા.

અહીંયાં આવતાં જ આવી આપત્તિ આવી પડી. તેને પણ વગર મહેનતે તેઓએ દૂર કરી. આ બધું તેમના પૂર્વસંચિત પુણ્યનું જ ફલ છે. ભરતજી સદા આવા પ્રકારની ભાવના ભાવતા હતા કે :-

''હે પરમાત્મા શરીરરૂપી તમિસ્ર ગુફામાં રાગદ્વેષરૂપી નદી મૌજૂદ છે. તેને પાર કરવા માટે આપ ચિદ્‌ઘન (જ્ઞાનઘન) રૂપી પુલ બાંધો છો. તેનાથી તે નદીને ઓળંગી જઈએ છીએ તેથી હે દિવ્યલોચન ! મને પણ આ પ્રકારની સુબુદ્ધિ આપો ભગવાન ! કૃત્રિમ વૃષ્ટિની તો મામુલી વાત છે. કર્મની આસ્રવરૂપી વૃષ્ટિ અનંતાનંત કાર્મણવર્ગણાઓનાં સમૂહથી હરસમયે અમારી ઉપર પડે છે, તેને આત્મધ્યાનરૂપી ઉત્કૃષ્ટ છત્રથી આપ નિવારણ કરો છો તેથી હે નિર્મમાકાર ! આપ મારા હૃદયમાં સદાએ વર્ત્યા રહો, જેથી હું આ અકૃત્રિમ અલૌકિક વૃષ્ટિથી પણ ભયભીત ન થાઉં.''

આ પ્રકારની ભાવનાનું જ ફળ છે કે સમ્રાટના સંકટ દરેક વખતે લીલા માત્રથી ટળી જાય છે.

# ૧૬. સિંધુદેવિયાશીર્વાદ સંધિ

**સા**ત દિવસ સુધી ભયંકર વૃષ્ટિ થવાથી ભરતની રાણીઓને ચિત્તમાં એકદમ ઉદાસીનતા છવાઈ ગઈ હતી. ભરતજીએ બે દિવસ સુધી મહેલમાં રહીને તેમનાં હૃદયમાં હર્ષ ઉપજાવ્યો. જેવી રીતે ઝાકળ પડવાથી કરમાઈ ગએલા કમલોને સૂર્ય વિકસાવે છે તેવી રીતે તે મ્લાનમુખી રાણીઓને ગુણશાળી ભરતજીએ આનંદ ઉપજાવ્યો. અંદરથી સ્ત્રીઓને પ્રસન્ન કરીને બહાર દરબારમાં આવ્યા અને જયકુમાર આદિ વીરોને સંબોધીને કહેવા લાગ્યા કે તમોએ આ યુદ્ધમાં બહુ કષ્ટ ઉઠાવ્યું છે, બહુ મહેનત કરી છે.

સમ્રાટના વચન સાંભળીને જયકુમાર વગેરે વીરો બોલ્યા કે સ્વામી ! અમને શું કષ્ટ થયું ? આપના દિવ્યનામનું સ્મરણ કરતા થકા અમે યુદ્ધ કરીએ છીએ. તેમાં સફળતા મળે છે. એમાં અમારી વીરતા ક્યાં છે ? આ બધું આપની કૃપાનું જ ફલ છે. સ્વામી ! અમે જૂઠું નથી બોલતા. આપનું પુણ્ય અનુપમ છે. અમે જ્યારે તે માયાચારી દેવોને આ તરફથી દબાવતા થકા જઈ રહ્યા હતા ત્યારે સામી બાજુથી અકસ્માત્ બે દેવ પોતાની સેનાની સાથે તેમને દબાવતા આવી રહ્યા હતા, સાથોસાથ આપનું નામ પણ ઉચ્ચારી રહ્યા હતા. તેઓ એ બાજુથી આવતા હતા અમે આ બાજુથી જતા હતા. વચ્ચે ફસાઈ ગયેલા દેવતાઓએ જોયું કે હવે જરાય બચી નહીં શકીએ, તેથી તેઓ એકદમ જીવ બચાવીને નાસી છૂટયા.

જયકુમારની વાત સાંભળીને સમ્રાટે માગધામરને પ્રશ્ન કર્યો કે ‘માગધ ! તે બન્ને દેવ કોણ હતા ?’ માગધામર કહેવા લાગ્યા. કે ‘સ્વામી ! તે બન્ને અમારા વ્યંતરોના માનનીય પ્રતિષ્ઠિત દેવ છે. એક ગંગાદેવ છે ને બીજા સિંધુદેવ છે. તે બન્નેના આવવાથી તે દુષ્ટ પિશાચો એકદમ નાસી ગયા. તે બન્ને દેવો બે ત્રણ દિવસમાં આવીને સમ્રાટના ચરણોનાં દર્શન કરી જશે.’

ચક્રવર્તીને આ સમાચાર સાંભળતાં હર્ષ થયો, અને તે બન્ને દેવો પ્રતિ હૃદયમાં પ્રેમ ઊપજ્યો. તે વખતે યુદ્ધમાં ગયેલા બધા વીરોને અનેક વસ્ત્રાભરણ વગેર આપીને સન્માન કર્યું અને કુરુ વંશના તિલક સોમપ્રભ રાજાના પુત્ર જયકુમારને તેની વીરતાથી પ્રસન્ન થઈને અલૌકિક ઉપહારો ભેટ આપ્યા. અને તેને કહ્યું કે ‘જયકુમાર ! આજે તમે મેઘમુખ દેવતાને હરાવ્યો તેથી આજથી તમને મેઘેશ્વર નામથી સંબોધવામાં આવશે. વિશેષ શું ? તમારે માટે હું ‘વીરાગ્રણિ’ એ પદવી આપું છું. તમારી વીરતાથી હું પ્રસન્ન થયો છું.’ તે વખતે બધા વિદ્વાનોએ તેની અનુમોદના કરી. સમ્રાટે પોતાના કોમળ હાથથી જયકુમારની પીઠ થાબડતાં પ્રેમથી કહ્યું કે, ‘જયકુમાર ! તમે મને અર્કકીર્તિ સમાન છો. તમારી વીરકૃતિ પર મને અભિમાન છે.’

જયકુમાર પણ પ્રસન્ન થયા. હર્ષથી ચરણોમાં પડીને કહેવા લાગ્યા કે ‘સ્વામી ! હું આજ ધન્ય બન્યો. સ્વામી ! આવર્તના ભાઈ માધવ અને ચિલાત રાજા આપના ચરણોના દર્શન કરવાની ઈચ્છાથી બહાર આવીને ઊભા છે. પરંતુ પહેલાં દ્રોહ કરવાના કારણથી ભય પામી રહ્યા છે તેથી આજ્ઞા થવી જોઈએ.

સમ્રાટે કહ્યું કે 'તે બન્ને દ્રોહી તો છે, તે બન્નેને જોવાની જરૂર નથી તો પણ તમારા વચનોની ઉપેક્ષા કરવી યોગ્ય નથી, તેથી તેમને મારી સામે બોલાવો.' એવી રીતે ઉદાર હૃદયી અને મંદકષાયી ભરતજીએ કહ્યું. જયકુમારે બન્નેને લાવીને સામે હાજર કર્યા. બન્ને દેવોએ હાથ જોડીને ભરતજીના ચરણોને ભક્તિથી નમસ્કાર કર્યા અને પ્રાર્થના કરવા લાગ્યા કે 'સ્વામી ! આપ શરણાગતોનાં વજ્રપંજર છો. તેથી અમારી પણ રક્ષા કરો.' ભરતજીએ તેમને પૂર્ણ અભયદાન આપ્યું.

તે બન્નેએ ઊઠીને અનેક વસ્ત્રાભૂષણો ભરતજીના સેવામાં અર્પણ કર્યા અને સાથો સાથ જયકુમારે સમ્રાટના કાનમાં સૂચવ્યું કે તેઓ સ્વામીની સેવામાં કેટલીક કન્યાઓને પણ સમર્પવા માગે છે. સમ્રાટે ધીરેથી ઉત્તર આપ્યો કે અત્યારે વખત નથી. ત્યારે જયકુમારે તેને ઈશારો કર્યો.

સમ્રાટે માધવ અને ચિલાતને બોલાવીને તેમને અનેક ઉત્તમોત્તમ વસ્ત્રાભૂષણોને દેતા થકા કહ્યું કે 'તમે બન્ને જાઓ અને તમારા રાજ્યમાં સુખી રહો આવર્તકે ઉદ્દંડતા કરી તેને માટે અમે તેને ઉચિત દંડ દીધો છે. હવે એનું મોઢું જોવું નથી. માધવ ! તું તેને લઈ જા તેના રાજ્યમાં તેને કાંઈ જુદી સંપત્તિ આપીને તેને રહેવા દ્યો. મારા હૃદયમાં હવે કાંઈ ક્રોધ નથી. આગળ વખત આવે તમે મારી પાસે આવી શકો છો.'

આ રીતે બન્નેને મોકલીને સેનાપતિ જયકુમારને સમ્રાટે કહ્યું કે ''મેઘેશ્વર ! તમે હવે પશ્ચિમખંડને કબજે કરવા જાઓ, અને વિજયકુમારને સેના સહિત પૂર્વખંડમાં જવા દ્યો.'' ભરતજીની આજ્ઞાનુસાર તે બન્ને ચાલ્યા ગયા.

આ તરફ વિજયાર્ધદેવે આવીને ભરતજીને ભક્તિથી નમસ્કાર કર્યા અને કહેવા લાગ્યા કે 'સ્વામી ! આપ અદ્‌ભુત પુણ્યશાળી છો, જ્યાં જાઓ છો ત્યાં બધા આવીને શરણાગત થાય છે.' સમ્રાટે વચ્ચે જ વાત ઊડાડી દઈને કહ્યું કે તે વાત જવા દ્યો.

વિજયાર્ધદેવ ! હિમવંતદેવ મારી પાસે સંતોષથી આવીને શરણાગત થશે કે તેને કાંઈ બીક બતાવવાની જરૂર પડશે ? વિજ્યાર્ધે કહ્યું કે 'સ્વામી ! હિમવંતદેવ ઉગ્રસ્વભાવના નથી. હું તુરત જ ત્યાં જઈને તેને આપના ચરણોમાં લઈ આવીશ.' એમ કહીને તે ત્યાંથી ચાલ્યા ગયા. એવામાં નાટયમાલ નામના દેવ આવ્યા. તેણે સમ્રાટને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. માગધામરે ઓળખાણ કરાવી કે 'સ્વામી ! આ ખંડપ્રતાપ ગુફાના અધિપતિ નાટયમાલદેવ છે. ભરતજીએ પણ તેનું સન્માન કરીને કહ્યું કે તેને સંતોષપૂર્વક અમારી સેનામાં રહેવા દ્યો. આ રીતે બધાને સંતોષથી મોકલીને વળી બીજે દિવસે દરબારમાં બિરાજમાન થયા.

ગંગાદેવ અને સિંધુદેવ ચક્રવર્તીના દર્શનાર્થે આવ્યા છે. તેઓએ પહેલા આવીને માગધામરને કાંઈ કહ્યું. માગધામર પોતાની સાથે વરતનુ વગેરે વ્યંતર વીરોને લઈને ચક્રવર્તીની પાસે ગયા. અને ત્યાં ચક્રવર્તીના ચરણોમાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા. સમ્રાટને આશ્ચર્ય થયું કે આજે શી બિના છે ? 'માગધ ! પ્રભાસ ! વરતનુ ! તમે આ રીતે કેમ વર્તી રહ્યા છો ? શું વાત છે ? કહો તો ખરા.' ત્યારે માગધે કહ્યું કે 'સ્વામી ! અમે આપની સેવામાં કાંઈ નિવેદન કરવા ઈચ્છીએ છીએ. તે સાંભળવાની કાંઈ કૃપા થવી જોઈએ. આજે જે સ્વામીના દર્શન માટે ગંગાદેવ અને સિંધુદેવ આવ્યા છે તેઓ

અમારા વ્યંતરોમાં પૂજ્ય છે, જિનેન્દ્રના પરમ ભક્ત છે, આપના તરફ પણ તેમના હૃદયમાં પૂર્ણભક્તિ છે. આ વાતને આપ જાણો જ છો તેથી તેમને કાંઈ આદરપૂર્વક આવવાની આજ્ઞા થવી જોઈએ. અર્થાત્ તેઓ કેવલ ભેટ આપના ચરણોમાં રાખીને ઊભા ઊભા જ નમસ્કાર કરશે. તેને માટે અનુમતિ આપવી જોઈએ.'

ભરતજી હસતા હસતા કહેવા લાગ્યા કે 'માગધ ! એટલી જ વાત છે ? તમો આવી નજીવી વાત માટે આટલી ચિંતા કેમ કરો છો ? તથાસ્તુ. તમારી વાતની હું ક્યારે પણ ઉપેક્ષા કરું છું ? તેમને આવવાનું કહો.'

ત્યારે ગંગાદેવ અને સિંધુદેવ આવ્યા. ચક્રવર્તીની આગળ ભેટ રાખીને પોતાને યોગ્ય આસન પર બેસી ગયા. વખત ઓળખીને સમ્રાટે કહ્યું કે 'ગંગાદેવ ! અમારું હિત કરનારાને શું હું ઓળખતો નથી ? શું તમને હું ઉપેક્ષિત દૃષ્ટિથી જોઈ શકું ? આટલો સંકોચ રાખીને આવવાની શી જરૂર છે ?'

ગંગાદેવ અને સિંધુદેવે કહ્યું કે 'સ્વામી ! અમે આપનું શું હિત કર્યું છે ? ત્રણ લોકમાં આપનો સામનો કોણ કરી શકે છે ? આપને કાંઈ સંકોચ થતો નહોતો, પરંતુ આપના સેવક વ્યંતરોના હૃદયમાં જે પૂજ્યભાવ અમારા તરફ છે તેણે જરાક સંકોચ ઉત્પન્ન કરાવ્યો. આપ કોઈ સામાન્ય રાજા નથી. ષટ્ખંડ ભૂમિના એક છત્રાધિપત્ય થઈને સંરક્ષણ કરનાર મહાપુરુષના દર્શન એકદમ કરવામાં અમારા મનમાં પણ સંકોચ થવા લાગ્યો. અપરિચિતાવસ્થામાં એ સહજ છે. સ્વામી ! જે આપનો વિરોધી છે તે પોતાનો વિરોધી છે. જે આપનો હિતૈષી છે તે પોતાનો પણ હિતૈષી છે. ઉદ્દંડોનો ગર્વ તોડવાનું, અને શરણાગતોનું સંરક્ષણ કરવાનું સામર્થ્ય જેમાં છે એવા ભાગ્યશાળી આપના દર્શન બહુ પુણ્યથી જ પ્રાપ્ત થાય છે.' આ રીતે તેમનો વિનય જોઈને બીજા વ્યંતરોએ કહ્યું કે 'ખરેખર તમોએ સમ્રાટના સહજ ગુણોનું વર્ણન કર્યું. ખરેખર એ અલૌકિક મહાપુરુષ છે.'

ભરતજીએ વખત ઓળખીને કહ્યું કે 'વિશેષ વર્ણન કરવાની શી જરૂર છે ? તમારા વિનયને હું બરાબર જાણું છું. અધિક શું કહું ? આજથી તમો અમારા કુટુંબ વર્ગમાં ગણાશો. તમારી સાથે અમારો રોટી બેટી વ્યવહાર તો નહિ થાય પરંતુ વચનથી જ બંધુત્વનો વ્યવહાર કાયમ થઈ શકશે. આજથી તમો અમારી રાણીઓને તમારી બેન સમજો અને તમારી દેવીઓને અમે અમારી બેન સમજીશું.' ભરતજીની આ વિશિષ્ટ ઉદારતા જોઈને પાસેના વ્યંતરગણ કહેવા લાગ્યા કે 'આ ગંગાદેવ અને સિંધુદેવ મહા પુણ્યશાળી છે કે જેમને આજે ચક્રવર્તીની સાથે બંધુત્વનું ભાગ્ય પ્રાપ્ત થયું.'

ત્યાર પછી ગંગાદેવ ને સિંધુદેવને અનેક ઉપહારો દેતા થકા સમ્રાટે કહ્યું કે 'તમે આજે તમારા સ્થાને જાઓ. અમે કાલે જ ત્યાં આવીશું. તમારે ત્યાં જે જિનેન્દ્રબિંબ છે તેના દર્શન કરવાની અમને અભિલાષા છે.' ભરતજીની આજ્ઞા પામીને બન્ને દેવ ત્યાંથી સંતોષપૂર્વક પોતાના સ્થાને ચાલ્યા ગયા.

બીજે દિવસે ભરતજીએ ત્યાંથી પ્રસ્થાન કર્યું, કેટલાક મુકામો કરતા થકા સિંધુ નદીના તટપર પહોંચ્યા. સિંધુદેવે ત્યાં ભરતજીનું અપૂર્વ સ્વાગત કર્યું. ઉત્તમોત્તમ વસ્ત્ર વગેરે સમર્પીને ભરતજીનું સન્માન કર્યું. ભરતજીએ વિચાર કર્યો કે આજનો દિવસ એના ઉપચારમાં વીતાવીને કાલે અહીં સિંધુ

નદીનાં તીર્થમાં સ્નાન કરીને પછી આગળ પ્રસ્થાન કરીશું. તે સમ્રાટે આકાશને સ્પર્શ કરવાવાળા હિમવાન પર્વતમાં ઉત્પન્ન થઈને દક્ષિણાભિમુખ થઈને જમીનમાં પડનારી સિંધુ નદીને જોઈ. જમીન ઉપર એક વજ્રમય નાનો પર્વત આવેલો છે જેના ઉપર સ્ફટિક મણિથી નિર્મિત એક જિનબિંબ છે. તેના મસ્તક પર આ નદી પડી રહી છે. તે બિંબ સિદ્ધાસનમાં બિરાજમાન છે. તેના પર તે પાણી પડવાથી લોકમાં ભક્તગણ, ઈશ્વર પોતાના મસ્તક પર ગંગાને ધારણ કરે છે એમ કહે છે. દ્વિજોની સાથે મળીને ભરતના મંત્રી બુદ્ધિસાગરે તે તીર્થમાં સ્નાન કર્યું અને જિનેન્દ્ર બિંબની સ્તુતિ કરવા લાગ્યા. આવી રીતે તે સર્વ ભૂસુર (બ્રાહ્મણ) પુણ્યતીર્થમાં સ્નાન કરીને સહસ્ર નામ મંત્રનાં પાઠને કરતા થકા શ્રી સર્વજ્ઞ પ્રતિમાના જપ કરતા હતા.

આ પુણ્ય શોભા સમ્રાટ બહુ આનંદપૂર્વક જોઈ રહ્યા છે, પોતાના નાકને હાથથી દબાવીને કોઈ પ્રાણાયામ કરી રહ્યા છે, કોઈ આચમન કરે છે અને કોઈ સુંદર મંત્ર ઉચ્ચારતા થકા અરહન્નામની સ્તુતિ કરી રહ્યા છે. આ બધાની ભક્તિ જોઈને સમ્રાટ મનમાં ને મનમાં પ્રસન્ન થઈ રહ્યા છે. મનમાં વિચાર કરે છે કે આ પુરુનાથ (આદિ પ્રભુ) આદિ સૃષ્ટિના છે તેથી શિષ્ટ છે. આ પ્રકારની પરિણામ શુદ્ધિ બધામાં ક્યાંથી આવી શકે ?

એવામાં ત્યાં સ્નાન કરનાર દ્વિજ હવે ચક્રવર્તી તીર્થસ્નાનને માટે આવશે એમ વિચારી, જલદી ત્યાંથી નીકળ્યા. સમ્રાટ પોતાની રાણીઓની સાથે તે તીર્થમાં દાખલ થયા. પોતાની રાણીઓને તીર્થની શોભા બતાવીને બહુ ભક્તિથી ભરતજીએ જિનેન્દ્ર બિંબની સ્તુતિ કરી. સ્નાન કર્યા પછી બધા દ્વિજોને દાન દીધું, ત્યાર પછી મંત્રીને આજ્ઞા આપી કે તેમને સારી રીતે ભોજન કરાવો. વિપ્રોએ સમ્રાટને 'પુત્ર પૌત્રાદિકની સાથે સુખજીવી હોં' એ રીતે આશીર્વાદ આપ્યો.

એવામાં સિંધુદેવે આવીને સમ્રાટના કાનમાં કહ્યું કે 'સ્વામી ! આપની બહેન આપના દર્શન કરવા ઈચ્છે છે. આજ્ઞા થવી જોઈએ.' ત્યારે ચક્રવર્તીએ બધા દ્વિજોને ત્યાંથી મોકલીને તેઓ પોતે મહેલમાં દાખલ થયા. જ્યાં પોતાની રાણીઓની સાથે બિરાજમાન થયા. એવામાં ત્યાં અનેક દેવાંગનાઓના પરિવારની સાથે રત્નાભરણોથી શણગાર સજીને સિંધુદેવી સમ્રાટની પાસે આવી. તેમને જોતાં તે ખરેખર ચક્રવર્તીની બહેન સમાન જ લાગતી હતી. પોતાના નવા ભાઈની પાસે તે બહેન પહેલવહેલાં જ આવી હતી તેથી તેને કાંઈક સંકોચ થતો હતો, પરંતુ ભરતજીએ, 'બહેન ! ભય શેનો ? સંકોચ રાખ્યા વગર આવો.' એ રીતે કહીને તેની શરમ દૂર કરી.

સિંધુદેવીએ પાસે આવીને મોતીની અક્ષતાઓ સમર્પણ કરતી થકી કહેવા લાગી. ભાઈ ! ચિરકાલ સુખથી જીવતા રહો, આ પ્રકારની શુભકામના કરી. સાથોસાથ આપ અવિચલ લીલાથી ષટ્ખંડ રાજની સંપત્તિ પામીને સુખી થાઓ.' એમ કહેતી થકી સિંધુદેવીએ તિલક કર્યું. આકાશ અને ભૂમિ ઉપર તમારી ધવલકીર્તિ સર્વત્ર ફેલાઓ એમ આશીર્વાદ દેતી થકી પોતાના ભાઈને દિવ્યવસ્ત્રનું પ્રદાન કર્યું. એ રીતે ''કોઈ પણ તમારી સામે આવે તેને તમારે વશ કરવાની વીરતા તમારામાં અક્ષય બનીને રહે.'' એમ કહીને ભાઈના હાથે વીરકંકણ બાંધ્યું. એ ભરતની રાણીઓને પણ ''તમો એક નિમિષ પણ પોતાના પતિવિરહનું દુઃખ ન અનુભવતા ચિરકાલ સંતતિની સાથે સુખી રહો.' એ પ્રકારે

આશીર્વાદ દેતી થકી તેમને પણ દેવાંગવસ્ત્રો સમર્પ્યા. તમે ક્યારે પણ ઘડપણનો અનુભવ ન કરો, ચિંતા સ્વપ્નમાં પણ આપની પાસે ન આવે. સદા જુવાની વર્ત્યા કરે એવો આશીર્વાદ આપ્યો.

તે રાણીઓએ વિનયથી કહ્યું કે અમે આપનો આશીર્વાદ ગ્રહણ કરીએ છીએ, વસ્ત્રની આવશ્યકતા નથી, પરંતુ તે વખતે ભરતજીએ કહ્યું કે મારી બહેન દ્વારા આપેલા ઉપહારો લઈ લેવા જોઈએ. તિરસ્કાર કરવો ઠીક નથી. ત્યારે બધી સ્ત્રીઓએ સિંધુદેવીના ઉપહારને સ્વીકારી લીધા. સિંધુદેવી કહેવા લાગી કે દેવી ! મારા ભાઈએ જ્યારે મારા દીધેલા પદાર્થોને સ્વીકાર્યા ત્યારે તમારી તો વાત જ શી ? આ રીતે કહેતી થકી તે રાણીઓને એક એક રત્નહાર સમર્પ્યો. આ રીતે તે બધી રાણીઓને, તિલક, કરીને, સત્કાર કર્યો પછી ભરતજીને કહ્યું કે ભાઈ ! આપ આવો, અમને બહુ હર્ષ થયો છે. હવે અહીં એક દિવસ મુકામ કરીને આગળ જજો, બહેનની આટલી પ્રાર્થના અવશ્ય માન્ય રાખો. ભરતજીએ સંતોષપૂર્વક તેનો સ્વીકાર કર્યો.

સિંધુદેવી કહેવા લાગી કે ભાઈ ! અમે વ્રતધારી નથી તેથી અમારા હાથથી આપ આહાર નહિ ગ્રહણ કરો તેથી હું બધા ભોજનની સામગ્રી તૈયારી કરી દઉં છું. આપ પોતાના પરિચારકોથી ભોજન તૈયાર કરાવો. એ રીતે થયું. બન્ને વખતે ભરતજીએ પોતાની રાણીઓની સાથે આનંદથી ભોજન કર્યું. બીજે દિવસે સિંધુદેવીને બોલાવીને તેનું સન્માન કર્યું.

'સિંધુદેવી ! બહેન ! આવો પહેલાં મારે એક બહેન હતી. તેનું નામ બ્રાહ્મિલા દેવી હતું. તેનું શરીર અને તમારું શરીર બરાબર મળતું આવે છે. તે કૈલાસમાં દીક્ષા લઈને તપશ્ચર્યા કરી રહી છે. તમને પ્રાપ્ત કરીને તેના વિયોગનું દુઃખ હું ભૂલી ગયો છું. હવે મને તમે જ બ્રાહ્મિલા દેવી છો.

આ પ્રકારના સ્નેહભર્યા વચનો સાંભળીને સિંધુદેવી કહેવા લાગી કે ભાઈ 'હું આજે કૃતકૃત્ય બની છું. દેવાધિદેવ આદિ પ્રભુની પુત્રી, ષટ્ખંડાધિપતિની બહેન કહેવડાવવાનું ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. એનાથી વધારે બીજું શું જોઈએ.' ત્યાર પછી સમ્રાટે નવનિધિઓ તરફ ઈશારો કરીને બહેનનો નવરત્ન, વસ્ત્રાભરણ આદિથી યથેષ્ટ સત્કાર કર્યો. આ રીતે પરિવાર દેવીઓનું, સિંધુદેવ આદિનું કલ્પવૃક્ષ સમાન જ વિપુલ ઉપહારોથી સન્માન કર્યું. ત્યાર પછી ભરતની રાણીઓએ મોતીના હાર, મુદ્રિકા વગેરેથી સિંધુદેવીનો સત્કાર કર્યો. સિંધુદેવીએ હું જ્યારે દેતી હતી ત્યારે તમોએ લેવાની ના પાડી હતી. હવે મને કેમ આપો છો એમ કહેતી થકી, લેવા માટે સંકોચ કર્યો. ત્યારે રાણીઓએ શું અમે ન લીધું એમ કહીને, જબરદસ્તીથી આપ્યું. અન્યોન્ય વિનયથી સદાકાલ રહેવું તે આપણો ધર્મ છે એ રીતે પ્રેમથી બંધાય રહે એમ કહેતી થકી બધાઓએ વિદાય લીધી.

ભરતજી જ્યાં જાય છે ત્યાં તેમને આનંદને આનંદ જ વર્તે છે. મનુષ્ય, દેવ, વ્યંતર વગેરે બધા તેમના બંધુ બની જાય છે. મનુષ્યમાં જુઓ તો બધા તેમના ગુણો ઉપર મુગ્ધ છે. દેવગણ જરાવારમાં તેમના કિંકર બની જાય છે. તેઓએ પોતાની દિગ્વિજય યાત્રામાં ક્યાંય પણ અસફલતાનો અનુભવ નથી કર્યો. કોઈએ અદૂરદર્શિતાથી તેમની સાથે પ્રતિદ્વંદિતા કરવાનો પ્રયત્ન કર્યો તો પાછળથી તેઓ પસ્તાયા છે રોજ રોજ તેને અપૂર્વ ઉત્સવનો અનુભવ થાય છે. સિંધુનદીનું તીર્થસ્નાન કરવાના

ભાગ્યને અને સિંધુદેવ અને સિંધુદેવીથી પ્રાપ્ત થયેલા સન્માનને પાઠક ભૂલ્યા નહિ હોય. એ એમનું સાતિશય પુણ્યનું ફલ છે.

ભરતજી રાતદિવસ આ પ્રકારની ભાવના ભાવતા હતા કે :–

''હે પરમાત્મા ! તમે સ્વપર હિતાર્થ છો, તમે તીર્થના રૂપ છો, સંપૂર્ણ શાસ્ત્રોનાં સારાર્થસ્વરૂપ છો, મુક્તિને માટે મૂળભૂત છો, તેથી મારા હૃદયમાં સદાય બન્યા રહો.

હે સિદ્ધાત્મા ! થાકેલી ઈન્દ્રિયોને શાંત કરીને આગળ તપશ્ચર્યા કરવા માટે સમર્થ બનાવવાની શક્તિ આપમાં વર્તે છે એથી આપ વિશિષ્ટ કલાવાન છો, જગતમાં અતિબળવાન છો. મારા હૃદયને પણ સન્મતિ આપો.''

આ ભાવનાનું ફળ છે કે ભરતજીનો વખત સદા સુખમય જ બન્યા કરે છે. અત્યુત્કટ સંકટ પણ ટળીને ભરતજી સિંધુના તીર્થમાં સ્નાન કરીને શ્રી જિનેન્દ્રના દર્શન પણ કરી શકે છે.

## ૧૭. અંકમાલા સંધિ

**સિં**ધુ દેવથી આદરપૂર્વક વિદાય પામીને તેમજ ગુણસિંધુ ભગવાનને સ્મરણ કરતા થકા ભરતજીએ આગળ પ્રસ્થાન કર્યું. એક બે મુકામ પૂરા કર્યા પછી જ સિંધુના તટે જ ફરીને પડાવ નાંખ્યો. ત્યાં હિમવંત દેવ પોતાના પરિવારની સાથે આવ્યા. વિજયાર્ધદેવ તેને લઈ આવવાને માટે ગયા હતા તે વાંચકને સ્મરણ હશે. વિજયાર્ધદેવ તેને લઈને આવ્યા છે. ભરતજીને કહેવા લાગ્યા.

''સ્વામી ! આ હિમવાન પર્વતના અગ્ર ભાગ ઉપર રહે છે. સજ્જન છે, આપના દર્શન માટે આવ્યા છે.'' એ રીતે વિજયાર્ધદેવે, તેમની ઓળખાણ કરાવી. હિમવંત દેવે આવીને અનેક ઉત્તમોત્તમ વસ્ત્રાભરણોની ચક્રવર્તીની આગળ ભેટ ધરીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. સાથોસાથ ચંદન, ગંધ, ગોશિર્ષ, મહૌષધ વગેરે અનેક ઉત્તમ પદાર્થો સમર્પ્યા. ભરતજીએ પણ તેને ઉપહાર સત્કારથી આદરપૂર્વક યોગ્ય આસન પર બેસાડયા. વિજયાર્ધદેવ પણ બેસી ગયા.

ભરતજી હવે પશ્ચિમ દિશાથી ગંગાકૂટની તરફ પ્રયાણ કરી રહ્યા છે. તે વખતે તેમની જમણી બાજુએ સુંદર હિમવાન પર્વત દેખાતો હતો. તેનું સૌંદર્ય જોઈને માગધામરને સમ્રાટ કહેવા લાગ્યા કે માગધ ! આ પર્વતમાં પણ વિજયાર્ધની સમાન જ એક દરવાજો હોત તો આપણે આગળની શોભા જોવા માટે જઈ શક્ત. આગળ ક્યા ક્યા સ્થાનો છે ? બોલો તો ખરા.

માગધામર વિનયપૂર્વક કહેવા લાગ્યા કે સ્વામી ! આપનું કહેવું વ્યાજબી છે. પરંતુ હિમવાન પર્વતના એ ભાગમાં જે રહે છે તેમને અમારી જેમ આપની સેવા કરવાનું ભાગ્ય નથી. આ પર્વતની પેલી બાજુ ભોગભૂમિ છે. ત્યાંના મનુષ્ય ભોગમાં આસક્ત છે. ત્યાં સમ્યક્ત્વ નથી, વ્રતાચરણ નથી, એટલું જ નહિ, વ્રતીઓની સંગતિ પણ તેમને નથી. સ્વામી ! તેના કરતા તો અમે વ્યંતર ગણ અધિક ભાગ્યશાળી છીએ, કેમકે વ્યંતરોને પણ વ્રત નથી તો પણ વ્રતીઓની સંગતિ અમને થાય છે. તેથી અમે આપની સેવામાં રહીને અનેક તત્ત્વોપદેશ વગેરે સાંભળવાના અધિકારી થયા.

જેવી રીતે તેઓ અને અમે વ્રતરહિત છીએ તેવી રીતે આ ખંડમાં રહેનારા મ્લેચ્છ પણ વ્રતહીન છે છતાં પણ તેઓ આર્યભૂમિપર આવીને વ્રતાદિક ગ્રહણ કરે છે. તેથી તેઓ મહાપુણ્યશાળી છે. સ્વામી ! અમે તો સમવસરણમાં જઈને જિનેન્દ્રના દર્શન કરીએ છીએ, પૂજા કરીએ છીએ, કોઈ ઉત્તમ દાન દીધું તો તેમાં હર્ષ પ્રગટ કરીને અનુમોદના આપીએ છીએ, પરંતુ એ ભાગ્ય હિમવાન પર્વતની પેલી બાજુ રહેવાવાળા જીવોને માટે નથી.

કેવલ તેઓ ચિદ્ભજક એવા સાધુઓને આહાર આપીને તેના ફલમાં તે ભોગભૂમિમાં જઈને ઉપજે છે. ત્યાં પુણ્ય કર્મનો સંચય નથી કરતા. સાક્ષાત્ જિનેન્દ્રના પ્રથમ પુત્ર એવા આપના દર્શન કરવાનું ભાગ્ય આ ક્ષેત્રવાસીઓને જે પ્રકારે પ્રાપ્ત થઈ શકે છે તેવી રીતે તે ક્ષેત્રવાસીઓને પ્રાપ્ત નથી થઈ શકતું. સ્વામી ! ભોગભૂમિ જ જેઓને આપના દર્શન કરવાનું ભાગ્ય નથી તેથી પ્રકૃતિએ હિમવાન પર્વતમાં વિજયાર્ધ સમાન દરવાજાની રચના નથી કરી. ઈત્યાદિ પ્રકારે માગધામરે બહુ બુદ્ધિપૂર્વક કહ્યું.

વરતનુ વગેરે વ્યંતર પણ માગધામરનાં ચાતુર્ય પર પ્રસન્ન થયા. સ્વામીના હૃદયને ઓળખીને વસ્તુસ્થિતિનું વર્ણન કરવામાં માગધામર ચતુર છે. ભરતજીએ પણ માગધામરને કહ્યું કે મેં પણ કેવલ વિનોદને માટે પૂછયું હતું. નહિતર હું તો જાણતો જ હતો તેથી નવું મને જાણવાની જરૂર નહોતી. આ રીતે કહીને આગળ પ્રસ્થાન કર્યું અને ગંગાકૂટની તરફ આવવા લાગ્યા.

ભરતજી ગંગાકૂટની તરફ જે વખતે આવી રહ્યા હતા તે વખતે માર્ગમાં તેમના સ્વાગત માટે દરેક ઠેકાણે તોરણ લગાવ્યા હતા. ક્યાંક રત્ન તોરણ હતાં. ક્યાંક પુષ્પ તોરણ હતાં, ક્યાંક પત્ર તોરણ હતાં, ગંગાદેવે સમ્રાટના સ્વાગતને માટે આ બધી વ્યવસ્થા કરી હતી. હવે ગંગાનદી એક ગાઉ બાકી છે. ગંગાદેવ પોતાના પરિવારની સાથે ત્યાં સમ્રાટને લેવા આવ્યા છે. ચક્રવર્તીએ ગંગાનદીના તટપર સેનાને મુકામ કરવા માટે આજ્ઞા આપી. તે દિવસ ભરતજીએ ગંગાદેવીનું આતિથ્ય સ્વીકારીને બહુ આનંદપૂર્વક વ્યતીત કર્યો.

બીજે દિવસે ભરતજીની બહેન ગંગાદેવી ભાઈના દર્શન માટે પોતાના પરિવાર દેવીઓની સાથે આવી. એકદમ ભાઈની પાસે આવીને મળવામાં તેના હૃદયમાં ક્ષોભ થતો હતો, પરંતુ ભરતજીએ ''બહેન ! આવો, ક્ષોભ શા માટે ?'' એમ કહીને તેની શરમ દૂર કરી. ગંગાદેવીએ પાસે આવીને ભાઈને નિવેદન કર્યું કે ભાઈ ! તમારે અહીં રહેવું યોગ્ય નથી. મેં તમારે માટે જ એક ખાસ મહેલની રચના કરાવી છે. તમારે માટે તો તે સાધારણ છે તોપણ બહેનની ઈચ્છા પૂર્ણ કરવી તે તમારું કામ છે. તેથી તે નવીન ભવનમાં આવવું જોઈએ આજનો દિવસ આપનો મુકામ રાખીને કાલે આપ તીર્થવંદના કરો પછી આપ આગળ જઈ શકો છો. બહેનની આટલી પ્રાર્થના અવશ્ય સ્વીકારવી જોઈએ, ભાઈ ! અમે સંપત્તિથી તો ગરીબ છીએ તો પણ ભરતની બહેન કહેવડાવવાનું ગૌરવ મને મળ્યું છે. તેથી હું લોકમાં સૌથી શ્રેષ્ઠ છું. માટે ડરવાની કોઈ જરૂર નથી. એમ કહીને તેણે ભરતનો દુપટ્ટો ખેંચીને ચાલવા કહ્યું. ભરતજીએ પણ બહેનની ભક્તિ જોઈને પ્રસન્નતા દર્શાવી અને કહેવા લાગ્યા કે બહેન હું અવશ્ય આવીશ. તમારી ઈચ્છાથી વિરુદ્ધ હું નહીં ચાલું, તમને નાખુશ કરવાં મને યોગ્ય નથી લાગતું. ત્યારે તેણે દુપટ્ટો મૂકયો, અને સાથોસાથ ભરતજીનાં રાણીઓને પણ તેણે બહુ સન્માનપૂર્વક બોલાવીને કહ્યું કે તમો પણ મારા ભાઈની સાથે નવા મહેલમાં ચાલો. બધા પ્રસન્ન ચિત્તથી ત્યાં જવા નીકળ્યા. ભરતજી પ્રસન્નતાપૂર્વક પોતાના બહેનની સાથે જઈ રહ્યા છે. તે જોઈને ગંગાદેવે પોતાના મનમાં વિચાર કર્યો કે જુઓ ! હું સમ્રાટની પાસે જવામાં ક્ષોભ પામતો હતો પરંતુ સમ્રાટ પોતાના બહેનની સાથે કેવી રીતે ક્ષોભ પામ્યા વગર જઈ રહ્યા છે.

ગંગાદેવીએ ભરતજીને તે નવીન મહેલના પરકોટા, ગોપુર વગેરે દેખાડીને અંદર લઈ ગયા. ત્યાં ભોજનશાળા, ચંદ્રશાળા વગેરે ભિન્નભિન્ન સ્થાનોની રચના જોઈને ભરતજી બહુ જ પ્રસન્ન થયા. કેટલાક શય્યાગૃહ સુંદર રત્નપલંગોથી સુશોભિત હતા. દિવ્ય અન્નને યોગ્ય એવા અનેક પદાર્થ અને સોનાના વાસણ તથા કપુર તાંબૂલ વગેરે રસોઈ ઘરમાં રાખ્યા છે. આ રીતે બધી સુખ સામગ્રીઓથી ભરેલા તે મહેલને જોઈને પોતાની રાણીઓને કહેવા લાગ્યા કે મારી બહેનની ભક્તિ તમોએ જોઈ ? તેના મનમાં કેટલો ઉત્સાહ છે ? ત્યારે રાણીઓએ હસીને ઉત્તર આપ્યો કે એમાં આપની બહેને શું કર્યું ? એ બધું અમારા ભાઈનું કાર્ય છે. આમ નાહક અભિમાન કેમ કરો છો ? ભરતજીએ

રાણીઓની વાત સાંભળીને પોતાની બહેનને કહ્યું કે જોયું બહેન ! આ સ્ત્રીઓની વાત કેવી છે ? ગંગાદેવીએ ઉત્તર આપ્યો કે ભાઈ ! સ્ત્રીઓ હમેશાં પિયરની જ પ્રશંસા કરે છે. એનો સ્વભાવ જ એવો છે. એ રીતે વિનોદ વાર્તાલાપ કર્યા પછી સ્નાન, ભોજન અને આરામ કરીને તે દિવસ વ્યતીત કર્યો. બીજે દિવસે તીર્થવંદનાની ઈચ્છા થઈ ત્યારે બધા ગંગાકૂટની તરફ ગયા.

જેવી રીતે સિંધુ નદી ઉપરથી નીચે જિન પ્રતિમાની ઉપર પડી રહી હતી તેવી રીતે ગંગા નદી પણ અર્હંત પ્રતિમા પર પડી રહી હતી, તે સમ્રાટે જોયું. તે પુણ્યગંગાને જોતાં એવું લાગતું હતું કે જાણે અર્હંતની પ્રતિમારૂપી ચંદ્રને જોઈને હિમવાન પર્વતરૂપી ચંદ્રકાન્ત શિલા ઓગળીને નીચે પડી રહી હોય ! જેઓ આ તીર્થમાં ભગવાનનો અભિષેક કરાવતા થકા આવતા હોઈને, ભક્તિથી સ્નાન કરશે તેમના પાપને હું દૂર કરી નાખીશ. એ વાતને ઘોષણાપૂર્વક કહેતી થકી જાણે કે પડતી હોય તેમ, તે નદી 'ભોર ભોર' ધુમધુમ 'ઝુલઝુલ' શબ્દ કરતી થકી પડતી હતી. માનસ સરોવરમાં હંસ જેવી રીતે સ્નાન કરે છે તેવી રીતે બુદ્ધિસાગર મંત્રીએ અનેક દ્વિજોની સાથે તે તીર્થમાં સ્નાન કર્યું. ત્યારપછી પોતાની રાણીઓની સાથે ભરતજીએ તેમાં પ્રવેશ કર્યો. રાણીઓને અર્હંત્ પ્રતિમાના દર્શન કરાવીને બહુ આનંદપૂર્વક તે તીર્થમાં સ્નાન કર્યું. ત્યાર પછી ભૂસુર વર્ગને દાન આપીને ભોજન આદિથી પરવાર્યા પછી સિંધુદેવીની સમાન ગંગાદેવીથી પણ ભરતજીએ આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

તે દિવસ ભરતજીએ પોતાના માટે બનાવેલા મહેલમાં સુખથી કાળ ગાળ્યો, શ્રીપરમાત્માની સેવા કરીને વિપૂલ કર્મોની નિર્જરા કરી, બીજે દિવસે જ્યારે તેઓએ આગળ પ્રસ્થાન કરવાનો વિચાર કર્યો ત્યારે ગંગાદેવીને બોલાવીને તેનો યથોચિત સત્કાર કર્યો. કહેવા લાગ્યા કે બહેન ! મારી બે બહેન હતી, પરંતુ તેઓએ દીક્ષા લીધી. તેથી મારા હૃદયમાં જે દુઃખ થઈ રહ્યું હતું તેને તમે અને સિંધુદેવીએ દૂર કર્યું છે, મારી બહેન બ્રાહ્મિલાની સમાન જ સિંધુદેવી છે અને સુંદરીની સમાન જ તમે છો. આ રીતે બન્ને સહોદરીથી મારી તે બહેનોની ખોટ પૂરાઈ ગઈ છે. જ્યારે જ્યારે હવે મંગલ પ્રસંગ ઉપસ્થિત થશે ત્યારે તમને બન્ને ને ભૂલ્યાવગર બોલાવીશ. ગંગાદેવીને પણ ભરતજીના વચનથી પરમ સંતોષ થયો. સાક્ષાત્ તીર્થંકરની પુત્રી, ષટ્ખંડાધિપતિની સહોદરી કહેવડાવવાનું ભાગ્ય પ્રાપ્ત થવાથી ગંગાદેવીના શરીરમાં એકદમ રોમાંચ થયો. ભરતજીએ ચિંતામણિરત્નને આજ્ઞા કરી. તે વખતે નવા મહેલને તેણે-દિવ્યવસ્ત્રાભૂષણોથી રચના કરીને ભરી દીધો. બહેનનો આ રીતે સત્કાર કરીને ગંગાદેવ (બનેવી)નો પણ સત્કાર કર્યો. બધી રાણીઓએ પણ ગંગાદેવીને એકએક હાર આપ્યો. ગંગાદેવીએ તે રાણીઓનું સન્માન કર્યું. આ રીતે બહુ આનંદપૂર્વક ત્યાંથી વિદાય લઈને સમ્રાટ આગળ વધ્યા.

એવામાં પૂર્વ અને પશ્ચિમ ખંડથી બે દૂતોએ આવીને સમાચાર આપ્યા કે તે બન્ને ખંડ કબજે થઈ ગયા છે. ત્યારે ભરતજીએ વિચાર્યું કે હવે ઉત્તર અને પશ્ચિમાભિમુખ થઈને જવાની જરૂર નથી. તેથી દક્ષિણાભિમુખ થઈને તેઓએ પ્રસ્થાન કર્યું. વચ્ચેનાં ખંડમાં વચ્ચોવચ્ચ વૃષભાદ્રિ નામનો પર્વત છે. તેની તરફ હવે છ ખંડ તાબે થવાથી ભરતજી જવા લાગ્યા. ભરતજી બહુ વૈભવપૂર્વક પ્રયાણ કરતા થકા કેટલાક મુકામો પૂરા કર્યા પછી તે પર્વતની નજીક પહોંચ્યા. તે પર્વત બહુ વિશાળ છે. સો ગાઉનો તો તેના પ્રથમ ભાગનો વિસ્તાર છે. ત્યારપછી સો ગાઉ વળી ઊંચો બનીને પાછો ક્રમેક્રમે તે

નીચો થતો જાય છે. આ રીતે દેખતાં ખૂબ સુંદર દેખાય છે. દરેક જે વખતે ષટ્‌ખંડવિજયીચક્રવર્તી થાય છે તે આવીને આ પર્વત પર પોતાનો શિલાલેખ કોતરાવી જાય છે. ભરતજીએ જઈને જોયું તો તે પર્વત શિલાલેખોથી ભરાઈ ગયો હતો, તલ જેટલી પણ જગ્યા તેમાં ખાલી નહોતી. એ જોઈને ભરતજીનો ગર્વ ગળી ગયો. મારી પહેલાં કેટલાંયે ચક્રવર્તી થયા છે ! તે બધાના શિલાલેખોથી આ પર્વત ભરાઈ ગયો છે. ભગવાન ! ''આ પૃથ્વી મારી છે.'' એવો વિચાર રાખીને અભિમાન કરવું તે ખરેખર મૂર્ખાઈ છે.

ભરતજીનું મન જાણી લઈને વિદૂષકે તે વખતે એમ કહીને બધા લોકોને હસાવ્યા. કે આ પર્વત કેટલાક જાર પુરુષોની સાથે ક્રીડા કરીને તેની નખહતિ ને દંતહતિથી યુક્ત વેશ્યા જેવો દેખાય છે. ત્યારે વિટે તે વાત તોડી નાંખીને કહ્યું કે આ વાત બંધબેસતી નથી. આ પૃથ્વી વેશ્યા છે. પણ આ પર્વત તો વેશ્યાની કલાવંત કુટ્ટિની સમાન વેશ્યા દલાલ જેવો છે.

પોતાની અંકમાલા લખવાની જગ્યા ન હોવાથી બીજા કોઈના શાસનને દંડરત્નથી ભૂસાડી નાખીને તે જગ્યાએ લખવા ભરતજીએ આજ્ઞા કરી. આત્મતત્ત્વવિશિષ્ટ શાસનોને પ્રસન્નતાથી ભૂસી નાંખવાની સંમતિ ન દેતાં આત્મતત્ત્વબાહ્યશાસનોને જ રદ કરવાનો ઈશારો કર્યો. એવામાં તે શાસનોના રક્ષક શાસન દેવોએ પ્રગટ થઈને ક્રોધયુક્ત કહેવા માંડયા કે અમે પૂર્વ ચક્રવર્તીઓના શાસનોને રદ નહિ કરવા દઈએ. અમે તેમના રક્ષક છીએ વગેરે ત્યારે ભરતજીને ક્રોધ ચડયો. માગધામર વગેરે વ્યંતરોને તેઓએ આજ્ઞા કરી કે આ દુષ્ટોને મારો. બહુ બડબડ કરવા લાગ્યા છે. તેના મોઢા ઉપર જ મારશો ત્યારે ચુપ રહેશે. આજ્ઞા મળતાં જ વ્યંતરોએ જઈને તે દેવોને ખૂબ માર્યા. તેમના બધા દાંત પડી ગયા.

માગધેન્દ્રે વ્યંતરોને આજ્ઞા કરી કે આ બધા દુષ્ટોના હાથ બાંધીને હિમવાન પર્વતની પેલી બાજુ ફેંકી દ્યો. ત્યારે તેમની સ્ત્રીઓએ આવીને ચક્રવર્તીના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરીને પ્રાર્થના કરી કે સ્વામી ! અમારા પતિઓએ અવિવેકથી જે કાર્ય કર્યું છે તેને માટે આપ ક્ષમા કરો. અને અમારા વાસ્તે અમારા પતિઓની રક્ષા કરો. સ્ત્રીઓની પ્રાર્થનાથી સમ્રાટે માગધામરને તેને છોડી દેવા કહ્યું. માગધામરે તેમને છોડી દીધા. તેઓ કોઈ પણ રીતે પોતાની સ્ત્રીઓની કૃપાથી જાન બચાવીને આનંદથી ચાલ્યા ગયા, પરંતુ તૂટેલા દાંત ફરી થોડા આવી શકવાના ?

વિટનાયક કહેવા લાગ્યા કે સામાન્ય લિપિનાં ગર્વથી માર ખાઈને તેઓ સેના સ્થાનમાં અપમાન પામ્યા એટલું જ નહિ પરંતુ પોતાના દાંતો પણ ગુમાવ્યા. દક્ષિણાંકે કહ્યું કે શું સૂર્યની સામે ચંદ્રનો પ્રકાશ ટકી શકે છે ? અમારા આ સમ્રાટની આગળ આ પાગલો શા હિસાબમાં ! નકામું તેઓએ દુઃખ ઊઠાવ્યું.

ત્યાં તે શાસનદેવના અધિપતિ કૃતમાલ અને નાટયમાલ પણ હતા. તેઓએ ચક્રવર્તીને કહ્યું કે સ્વામી ! આપ જો આ રીતે ક્રોધ કરશો તો આગળ આ લિપિઓની રક્ષા કેમ થશે ? કેમકે એ દેવો તો રક્ષણ નહિ કરે.

ત્યારે ચક્રવર્તીએ કહ્યું કે 'આત્મતત્ત્વવિશિષ્ટ લિપિને જેમણે આત્મસાધન કરી લીધું છે એવા ચક્રવર્તીઓની લિપિને રદ કરવા કોઈ પણ સમર્થ નથી. આત્મતત્ત્વથી બહિર્ભૂત ચક્રવર્તીની લિપિ પર અભિમાન કરવાની આવશ્યકતા શી છે ? તમે જુઓ હું હવે આત્મતત્ત્વપ્રધાન લિપિને અહીંયાં લખાવી નાંખું છું. તેને કોણ ભૂસાડી શકે છે ! આ જૈનશાસન છે, બીજું બધું મિથ્યાશાસન છે. જૈન શાસન પોતાની મેળે જ રક્ષિત રહે છે, મિથ્યાશાસનો ક્યાં સુધી ટકી શકે ?

તે વખતે આકાશમાં હજારો ભૂતગણ હાજર થઈને ઘોષણા કરવા લાગ્યા કે અમે આ લિપિનું રક્ષણ કરીશું. ચક્રવર્તીએ પણ પરમાત્માનું નામ સ્મરીને સેવકોને આજ્ઞા આપી કે દંડરત્નથી તે દુષ્ટ લિપિઓ ભૂંસાડી નાંખો. ત્યારે કહ્યા પ્રમાણે પેલાનું એક શાસન ભૂસાડી નાંખ્યા પછી વજ્રશાસન નામના કુશલ કરણિકે નીચે લખ્યા પ્રમાણે વજ્ર સૂચિઓથી તે પર્વત પર શાસન રચના કરી.

## अंकमाला पंचकं

स्वस्ति श्रीमन्महा त्रैलोक्यराजेन्द्र मस्तक मणिगणकिरणप्रस्तारितां ध्रिप्रयोज, पूतिकर्म स्तोममथनविक्रम त्रिजगदंतबहिरवगमेक्षण त्रिजगदभुतशक्तियुत, अजरानंतसौख्ययुत श्रीवृषभेश्वरः, तस्याग्रपुत्रो निरामय हंसोपमानसारग्राहि, हंसनाथेज्ञणोत्साहि, संसेव्य, सन्मोहि, तद्भवकर्मविध्वंसि, सुज्ञानावगाहि, शृंगारयोगि, शुद्धात्मानुरागि, राज्योंगोपि संगत्यागि, अंगना जनवन मधुमास, दिव्यमुकत्यंनाचित्तविलास, भरतचक्रेशचंडः हुगडावसर्पिणीकालस्यादौ षट्खण्डमण्डलेडस्मिन् खण्डेअखंडभोगी बभूवेति मंगलं महा श्री श्री श्री मंडनमस्तु हि स्वाहा ।

આ રીતે રત્નમાલાની સમાન સુંદર અક્ષરોમાં કાકિણી રત્નથી આ અંકમાલા લખાવી. પછી ત્યાંથી પ્રસ્થાન કરીને પર્વતની પાસે જ મુકામ કરવાની આજ્ઞા આપી. પોતે પણ બધાને પોતપોતાના સ્થાને મોકલ્યા પછી પોતાના મહેલમાં દાખલ થયા.

વાચક ભૂલ્યા નહિ હોય કે અંકમાલાને અંક્તિ કરવામાં ભરતજીને કેવા પ્રકારનું વિઘ્ન સામે આવીને ઊભું રહ્યું, પરંતુ આત્મવિશ્વાસના બલથી તેઓ વિચલિત થયા નહિ. તેમને ખબર હતી કે જ્યારે ષટ્ખંડ મારે તાબે થઈ ગયા છે તો આ કામ મારે હાથે થવું જ જોઈએ, કેમકે તે તેમનો જાણીતો વિષય હતો. તેઓ રાતદિવસ અંકમાલા લખવાની ધૂનમાં રહેતા હતા. તેઓ સદા આત્મભાવના કરતા હતા કેઃ-

''હે નિષ્કલંક પરમાત્મા ! પંકજષટકોમાં જ નહિ, મારા સર્વાંગમાં જ અંકમાલાની સમાન લિપિ અંકિત કરીને મારાહૃદયમાં હંમેશાં વર્ત્યા રહો, જેથી હું અંકમાલામાં સફલ થઈ શકું.

સિદ્ધાત્મા ! આપ મંગલમહિમાઓથી સંયુક્ત છો. મનોહર સ્વરૂપ છો, સુખસારના આપ ભંડાર છો, સરસ કુલાંગ છો તેથી મને સન્મતિ આપો.''

આવી ભાવનાનું ફલ છે કે તેમના કાર્યમાં કોઈ પણ વિઘ્ન ઉપસ્થિત હોય તે બધું દૂર થઈને તેમને સફલતા મળે છે. એ અલૌકિક પુણ્યપ્રભાવ છે.

## ૧૮. મંગલયાન સંધિ

**વિ**જયપ્રશસ્તિ લખાવ્યા પછી વિજયી ચકવર્તીએ તે જગ્યામાં આઠ દિવસ મુકામ રાખ્યો. ત્યારે વિજયાર્ધની પાસે સેના મૂકીને વિજયરાજ સમ્રાટની પાસે આવ્યા. સમ્રાટે વિજયરાજને એકલા આવતા જોઈને પૂછયું કે તમે એકલા કેમ આવ્યા ? તમારી સેના વગેરેને કયાં રાખી આવ્યા ? ત્યારે વિજયરાજે વિનયથી કહ્યું કે સ્વામી ! પૂર્વ અને પશ્ચિમ તરફ ગયેલા બધા આવીને વિજયાર્ધ પર્વતની પાસે ભેગા થયા છે. ખંડપ્રપાત ગુફાની પાસે મધ્યખંડની ગંગાના તટે બન્ને સેનાઓને એકત્રિત કરીને મેઘેશ્વર આપની રાહ જોઈ રહ્યા છે. સમ્રાટ સાંભળીને પ્રસન્ન થયા. વિજયરાજ ! અમારે હવે તે રસ્તેથી જવાનું છે તેથી મેઘેશ્વર ત્યાં સેનાની સાથે રહ્યા એ સારી વાત છે, પરંતુ તમે અહીંયાં ક્યા કામને માટે આવ્યા છો ? બોલો તો ખરા.

સ્વામી ! પૂર્વપશ્ચિમ ખંડના રાજાઓમાં કેટલાક આપની સેવામાં કેટલીક ઉત્તમોત્તમ ભેટ લઈને આવ્યા છે. કેટલાક સુંદર કન્યાઓને લઈને આવ્યા છે. પશ્ચિમ ખંડના અધિપતિ કલિરાજ છે, પૂર્વખંડના અધિપતિ કામરાજ છે. તે બન્ને એક એક સુંદર કન્યાઓને લઈને આપની સાથે વિવાહ કરવા માટે આવ્યા છે તેની જેમ મધ્યખંડના અનેક રાજાઓ કન્યા, હાથી, ઘોડા વગેરે ઉત્તમોત્તમ ઉપહારો લઈને હાજર રહ્યા છે. સ્વામી ! બીજી એક વાત સાંભળો. પરમ દિવસે સુમતિસાગર ઉત્તર શ્રેણિના અનેક વિદ્યાધર રાજાઓને લઈને મારા ભાઈ મેઘેશ્વરની પાસે મૂકીને ચાલ્યા ગયા. એક એક ખંડથી ચાર ચારસો કન્યાઓ લઈને તેઓ આવ્યા છે. બધી મળીને બે હજાર કન્યાઓ લઈને વિદ્યાધર રાજા અહીં ઉપસ્થિત છે. સ્વામી ! આ આશ્ચર્યની વાત નથી, બીજી એક વાત સાંભળો. આપની સાથે વિવાહ કરવા માટે જે કન્યાઓ લાવવામાં આવી છે તેમને વ્રતથી સંસ્કૃત કરવા માટે ચારણ મુનીશ્વર સેના સ્થાનમાં ઊતર્યા હતા, તેઓએ બધી કન્યાઓને વ્રત સંસ્કાર કરાવ્યો હતો તેથી આપનું પુણ્ય અનુપમ છે. અમે બન્ને ભાઈઓને પરમ હર્ષ થયો. બધી કન્યાઓ વ્રતી છે એ કહેવા માટે હું અહીં આવ્યો છું.

વિજયરાજના વચન સાંભળીને ભરતજીના મનમાં હર્ષ થયો, તો પણ તેને દબાવીને કહેવા લાગ્યા કે વિજયાંક ! કન્યાઓની કઈ મોટી વાત છે ? આપ બન્ને ભાઈઓએ જે પરિશ્રમ લીધો તેને હું બરાબર જાણું છું. આગળ ચાલો. હું પણ પરિવારની સાથે વિજયાર્ધની તરફ જ આવું છું.

નાટયમાલ અને વિજયરાજને આગળ મોકલીને સ્વતઃ ચક્રવર્તીએ પણ વિજયાર્ધની તરફ પ્રયાણ કર્યું. ક્યાંય પણ ખોટી થયા વગર બહુ વૈભવપૂર્વક કેટલાક મુકામો કર્યા. પછી વિજયાર્ધની પાસે આવી પહોંચ્યા. સામેથી સમ્રાટનું સ્વાગત કરવા મેઘેશ્વર આવ્યા છે. તેઓએ બહુ આદર પૂર્વક સમ્રાટનું સ્વાગત કર્યું. મેઘેશ્વરની સાથે બહુ આનંદપૂર્વક વાતચીત કરતા થકા સમ્રાટ પોતાના માટે બનાવેલા મહેલ તરફ જઈ રહ્યા છે.

જે વખતે ભરતજી તે સેનાસ્થાનમાં પ્રવેશ કરીને જઈ રહ્યા હતા તે વખતે જે કન્યાઓની સાથે વિવાહ થવાનો હતો, તે કન્યાઓ પોતાના મહેલની છત પરથી છૂપાઈને સમ્રાટને જોવા લાગી. તેના હૃદયમાં પોતાના ભાવિપતિને જોવાની ખૂબ આતુરતા હતી. બહાર બીજા પોતાના શરીરને ન જુએ

એ રીતે છૂપાઈને સમ્રાટની શોભા જોવા લાગી. તેના મનમાં અનેક પ્રકારનાં વિચારો ઉત્પન્ન થવા લાગ્યા.

શું આ ભરતેશ છે ? આ તો કામદેવથી પણ વધી જાય તેવા છે, પરંતુ આ પ્રકારે સ્પષ્ટ બોલવામાં તેમને લજ્જા આવતી હતી. ભરતજીને જે વખતે બહુ આતુરતાથી તેઓ જોઈ રહી હતી તે વખતે ક્યારેક ક્યારેક સમ્રાટની ઉપર ઢાળવામાં આવતા ચામરો આડા આવતા હતા, ત્યારે તેમને ક્રોધ થતો હતો. પરંતુ લજ્જાથી બીજાને તે કહી નહોતી શકતી. પરંતુ બીજા શબ્દોમાં કહેતી હતી કે આ સમ્રાટ એકલા જ પોતાને સ્થાને હાથી ઉપર આવી રહ્યા છે ત્યારે આ ધવલ છત્ર જ બસ છે. તો આ સફેદ થયેલા વાળની સમાન આ ચામરની શી જરૂર છે ? (કે જે વ્યર્થ જ અમને પોતાનું પ્રિયમુખ જોવાને આડખીલ નાંખે છે.)

ચાલતા ચાલતા હાથી કોઈક સ્થાને ઊભો રહેતો હતો તો તેમને બહુ આનંદ થતો હતો. હાથી જ્યારે ધીરે ધીરે ચાલે ત્યારે ભરતેશનું મુખ જોવામાં તેમને અનુકૂલતા થતી હતી, પરંતુ તે હાથી જ્યારે જરા ઉતાવળથી ચાલતો હતો ત્યારે તેમને ક્રોધ ચડતો હતો. તેઓ કહેતી હતી કે હાથીના ગમનને મંદગમન કહે છે. પરંતુ આ હાથી તો શીઘ્રગામી છે એ સારું નથી.

હાથીથી ઊતરીને બધા લોકોને પોતપોતાની જગ્યાએ મોકલીને સમ્રાટ પોતાના મહેલમાં દાખલ થઈ ગયા તે કન્યાઓના હૃદયમાં ''અમારો વિવાહ ક્યારે થશે'' આ પ્રકારની ઉત્કંઠા થવા લાગી.

તે દિવસે મેઘેશ્વરે બહારથી આવેલા રાજાઓનો સમ્રાટની સાથે મેળાપ કરાવ્યો. તે રાજાઓએ પણ ચક્રવર્તીને ઉત્તમોત્તમ હાથી, ઘોડા, રત્ન વગેરેની ભેટ સમર્પીને સમ્રાટનો આદર કર્યો. સમ્રાટે પણ તેમનો યથોચિત સત્કાર કર્યો.

ભરતજીએ તે તમિસ્ર ગુફાની સમાન જ ખંડપ્રપાતગુફા પોતાના દંડાયુદ્ધથી તોડી અને બીજે દિવસે બહુ આનંદપૂર્વક મહેલમાં આવીને રહ્યા.

આજે સેનાસ્થાનમાં શૃંગાર ને શૃંગાર જ થઈ રહ્યો હતો. બધી જગ્યાએ સજાવટ થઈ રહ્યા પછી વિવાહમંડપની પણ રચના થઈ ગઈ. ત્યાર પછી સમ્રાટે બે હજાર કન્યાઓની સાથે બહુ વૈભવપૂર્વક વિવાહ કર્યો.

કલિરાજની કન્યા રાજમતી, કામરાજની કન્યા મોહિનીદેવી, આ પ્રકારે માધવરાજ ને ચિલાતરાજની મૃદુમાધુર્યયુક્ત આઠ કન્યાઓ ભરતજીના મનને પ્રસન્ન કરી રહી હતી, ભરતજીએ તત્ક્ષણ બધી કન્યાઓને તેમની માતાને ભૂલાવી દીધી. તે દેવીઓ પણ હવે સ્વર્ગ સુખનો અનુભવ કરતી થકી પોતાનો વખત વીતાવવા લાગી.

તે કન્યાઓના પિતાઓનો ભરતજીએ યોગ્ય રીતે સત્કાર કર્યો. ભરતજી આનંદમગ્ન હતા. હવે આપણે જરા નમિરાજના મહેલ તરફ જઈ આવીએ.

નમિરાજ પોતાના મહેલમાં કેટલાક આપ્ત મિત્ર અને બંધુઓની સાથે બિરાજે છે. બંધુજન નમિરાજને નિવેદન કરે છે કે સ્વામી ! આપની બહેનને સમ્રાટને દેવી ઉત્તમ છે. એના પર આપ અવશ્ય વિચાર કરો. આ વાતનું સમર્થન સુમતિસાગર મંત્રીએ નમિરાજને પણ કર્યું. નમિરાજે તેને ઉત્તર આપ્યો કે તમે શું કહો છો ? શું હું સુભદ્રાબહેનને દેવાની ના પાડું છું ? ના, ના. જ્યારે તે અમારા નગરમાં આવશે ત્યારે દેવી યોગ્ય છે. દારૂ પીનારાની જેમ નાહક પોતાની કન્યાને ત્યાં લઈ જઈને દેવી તે મને પસંદ નથી. હું માનું છું કે તેની સંપત્તિ વધી ગઈ છે. પરંતુ રાજવંશની દૃષ્ટિથી હું તેનાથી ઊતરતો નથી, તેને અહીં આવવા દ્યો. તમારી ઈચ્છાનુસાર હું આ કાર્ય કરીશ.

નમિરાજના વચન સાંભળીને તેઓ કહેવા લાગ્યા કે 'રાજા ! અમે કહેતા ડરીએ છીએ પણ નહિ કહેવાથી કામ બગડે છે, તેથી કહેવું પડે છે. જ્યારે લોકમાં બધા રાજાઓ તેમને પોતાની કન્યાઓને પરણાવે છે ત્યારે આપ તેમને પોતાના નગરમાં બોલાવો છો. શું એ યોગ્ય છે ? તેમની જેમ આપે પણ દેવી જોઈએ. શું તેઓ ક્ષત્રિય નથી ? પરંતુ સમ્રાટની આગળ ગર્વ દર્શાવતા તેઓ ગભરાયા તેથી તેઓએ પોતાની કન્યાઓને ત્યાં લઈ જઈને વિવાહ કર્યા. તેમના રાજ્યમાં રહેતા થકા આપણે આ રીતે બોલવું શું ઉચિત છે ? આપના ભાઈ અને મંત્રીની સાથે તે દિવસે તેઓ શું બોલી રહ્યા હતા તે વાત શું ભૂલી ગયા ? તેથી એ યોગ્ય છે કે આપ આપની કન્યાને સમ્રાટની પાસે લઈ જઈને પરણાવો તો સારું.'

નમિરાજને ક્રોધ ચડયો. કહેવા લાગ્યા કે ''સારું. તે રાજાઓને પોતાનું ગૌરવ, માનહાનિની કિંમત નહિ હોય તેથી તેઓએ પોતાની કન્યાઓને લઈ જઈને સમ્રાટને સમર્પી, પરંતુ હું તેમ નહિ કરું. મારા ભાઈ અને મંત્રી સાથે બોલ્યા તો શું થયું ? તે શું કરશે તે જોયું જશે. હું જાણું છું કે આવર્ત રાજાને તેના રાજ્યમાંથી ઊઠાડીને તેણે તેના ભાઈ માધવને રાજ પર બેસાડી દીધો. તે બધું મને ડરાવવા કર્યું છે. પરંતુ હું એવી વાતોથી ડરું તેમ નથી. બન્ને શ્રેણિઓના રાજાઓને મેં મોકલ્યા, તેઓ આવ્યા કે તરત જ ભેટ લઈને મારા ભાઈ અને મંત્રીને મોકલ્યા. હવે મારો શો દોષ છે ? તે શું કરશે તે જોયું જશે.''

બધા બંધુઓએ વિચાર્યું કે નમિરાજને આપણે સમજાવી નહિ શકીએ. ત્યારે તેઓએ એ સમાચાર નમિરાજની માતા યશોભદ્રાને કહ્યા. યશોભદ્રાએ નમિરાજને બોલાવ્યા. નમિરાજ પણ પોતાની માતાના મહેલમાં ગયા. ''બેટા ! મેં સાંભળ્યું છે કે ભરતજી પ્રતિ તમે બહુ અભિમાન દેખાડી રહ્યા છો એ વ્યાજબી નથી. તેને દેવા માટે જ જે કન્યા પાળી પોષીને ઉછેરી છે તે તેને જ દેવી જોઈએ. એમાં ઉપેક્ષા બતાવવાની શી જરૂર ?'' માતા યશોભદ્રાએ કહ્યું.

ઉત્તરમાં નમિરાજ કહેવા લાગ્યા કે ''માતાજી ! મેં કન્યા દેવાની ના નથી પાડી, ભરતેશ ષટ્ખંડાધિપતિ થયા એ ગર્વથી કન્યા લેવા ઈચ્છતા હોય તો હું તેમાં સંમત કેમ થાઉં ? પહેલાં સગાઈ વગેરેની વિધિ થયા પછી કન્યાને ઘેર આવીને પાણિગ્રહણ કરાવવું જોઈએ. એ રીત છે, પરંતુ ભરત એમ કરવા નથી ઈચ્છતા. ત્યાં લઈ જઈને આપવી તે મને પસંદ નથી. મંત્રી, વિનમિ વગેરે પણ ભરતેશની પાસે લઈ જઈને કન્યા દેવાનું કહે છે, પરંતુ મેં એ વાતનો સ્વીકાર નથી કર્યો.''

યશોભદ્રાએ કહ્યું કે ''બેટા ! શું ચક્રવર્તી તમારે ઘેર આવે ! તેમનું કહેવું તો વ્યાજબી જ હતું તેથી નાહક કેમ હઠ કરો છો ? એમાં તમારું કાંઈ હીણું નહિ દેખાય.''

નમિરાજ–જો કન્યાની જરૂર હોય તો સમ્રાટને પણ અહીં આવવું પડશે. નહિતર શું અમે અમારી કિંમત ખોઈને આપશું ? કન્યાની આપલેમાં આ રીતે વર્તવું યોગ્ય નથી.

યશોભદ્રા-''બેટા ! ષટ્‌ખંડના બધા રાજા સમ્રાટના સેવક છે તો સમ્રાટ તાત્કાલિક આપણે ઘેરે કેવી રીતે આવી શકે ? જો આપણે જ લઈ જઈને કન્યા આપી દઈએ તો એમાં આપણું શું જવાનું છે ? તે ભરત કોણ છે ? તેઓ અંગત તમારી મામીનાં પુત્ર છે અને તેમના મામાના પુત્ર તમે છો તેથી આ પ્રકારનો હઠ છોડી દઈને તે મનુવંશતિલકને કન્યા આપો.''

નમિરાજ- ''માતા ! મને આ વાતનું દબાણ ન કરો. પ્રથા છોડીને કન્યા આપ વાની મને ઈચ્છા નથી.''

યશોભદ્રા- ''શું આવી વાત છે ? સારું ! તો તમારી બહેન તમારે ઘરે રહેવા દ્યો. હું હવે જાઉં છું. કૈલાસમાં બ્રાહ્મી, સુંદરીની સંગતિ કરવી પડશે. તેમ કરવામાં આનંદ થશે. એક દીકરી મળવાથી મને ઉત્કંઠા થતી હતી કે તે ભરતને આપીને તેનાથી ક્યારે સંતોષ પામું ? પરંતુ હવે તમારી ઈચ્છા નથી. તો હવે હું મારું આત્મકાર્યનું સાધન કરી લઈશ. તો તેને માટે રજા આપો, ઈન્દ્રનો પણ તિરસ્કાર કરનારા ભરત ચક્રવર્તીને શચી મહાદેવી જેવી સુંદર પુત્રી આપીને હું ખુશી થવા માગતી હતી, પરંતુ તમે તે વાત કબૂલ નથી રાખતા. હવે તમે રાજી થાઓ, હું કૈલાસ જાઉં છું.''

નમિરાજ-'માતા ! આપને જવાની જરૂર નથી. આપના ભાણેજને આપ અને વિનમિ મળીને કન્યા આપીને આનંદથી રહો. હું જ તપોવનમાં જાઉં છું. રાજગૌરવને ભૂલીને આ રાજ્યવૈભવમાં રહેવા કરતાં જિનદીક્ષા લેવી હજાર ગુણી શ્રેયસ્કર છે. માતાજી ! મે કુલરીત છોડીને વાત કરી છે ? સારું ! હું જ જાઉં છું તમે આનંદથી રહો.

યશોભદ્રા ગભરાઈ ગઈ તેથી પરિસ્થિતિ સુધારવા માટે કહેવા લાગી કે બેટા ! એમ શા માટે કરવું જોઈએ ? તમારે ઘરે ચક્રવર્તી ન આવે પરંતુ સગાઈ અહીં થઈ જાય તો પછી દેવામાં કાંઈ વાંધો છે ? તેને અહીંયા એ રીતે બોલાવવાથી નહિ આવે. હું જાણું છું તેના મનને, તમારા પિતા હોત તો.............

નમિરાજ- 'માતા ! તે અહીં પોતાની મુખ્ય વ્યક્તિને મોકલીને સગાઈ કરવા પણ તૈયાર નથી. ત્યાં જ મને આવવાને માટે કહી જ રહ્યા છે. આવી સ્થિતિમાં હું ત્યાં કેમ જઈ શકું ? હા ! અહીં આવીને તે પૂર્વ મંગલ કાર્ય કરે તો પછી હું તેને આનંદથી કન્યા આપું.'

યશોભદ્રા– 'તો કાંઈ વાંધો નથી, હું મારી પ્રધાન દાસી ને તમારા મંત્રીને તેની પાસે મોકલું છું. તે જઈને મારા વતી મારા ભાણેજને બધી વાત કહેશે, તે કબૂલ રાખશે. હવે તો આપશો ને ?'

નમિરાજ– 'સારું કબૂલ છે.'

આ કાલિંદી બાલ્યાવસ્થાથી જ તે ભરતેશને જાણે છે. વળી આ મધુવાણી પોતાની મધુર વાણીથી ભરતેશને પ્રસન્ન કરવામાં સમર્થ છે. આ બન્નેથી આ કાર્ય પાર પડશે. આ રીતે વિચાર કરીને બધી બાબતો સમજાવીને મધુવાણી અને કાલિંદીને સુમતિસાગર મંત્રીની સાથે મોકલી દીધી, અને ભેગા સમ્રાટને માટે ઉચિત અનેક ઉપહારો પણ આપ્યા.

તેઓ ત્રણ વિમાનમાં બેસીને સેનાની જગ્યાએ આવ્યા. ભરતજી દરબાર ભરીને બિરાજમાન હતા. સુમતિસાગર એકલા જ દરબારમાં ગયા. તેઓએ ઉપચાર વચન કર્યા પછી સુમતિસાગરને આવવાનું કારણ પૂછયું. સુમતિસાગરે કાનમાં કાંઈક કહ્યું ''સ્વામી ! શું કામ છે તે મને ખબર નથી. આપની મામીજીએ તેની બે દાસીઓને આપની પાસે મોકલી છે. તેની સાથે હું આવ્યો છું. વિશેષ વાત તે કહેશે. તે બન્ને કાલિંદી અને મધુવાણી બહાર ઊભી છે.''

ભરતજી સમજી ગયા કે તેઓ કન્યાવૃત્તાંત લઈને આવ્યા છે પરંતુ બહાર કોઈને ખબર પડવા ન દીધી. ત્યારે બધા દરબારીઓને મોકલી દઈને અંદરના દરબારમાં જઈને બિરાજમાન થયા. અંદરથી પંડિતાને બોલાવીને બહારથી બન્નેને બોલાવી. પંડીતા તે વખતે આવી. બન્ને વિદ્યાધરી પણ અંદર દાખલ થઈ ગઈ.

ઘણા વખતે સ્વામીના દર્શન થયા એમ કહેતી થકી કાલિંદીએ સમ્રાટના ચરણોમાં નમસ્કાર કર્યા. 'મેં સ્વામીના નાના નાના ચરણો જોયાં હતાં, પરંતુ હવે મોટા ચરણો થયાં છે.' એ રીતે કહીને ચરણસ્પર્શ કર્યા. 'સ્વામી ! શું આપ ઓળખી ગયા કે હું કોણ છું ?' ત્યારે સમ્રાટે કહ્યું કે શું કાલિંદી તો નહિ ને ! કાલિંદી ભરતજીની સ્મરણશક્તિ પર આશ્ચર્ય પ્રગટ કરતી થકી કહેવા લાગી કે આપ તો મહાન બુદ્ધિમાન છો. લાંબા કાળની વાત પણ યાદ રાખી શકો છો. આપની મામીજીએ આપને ભેટ મોકલી છે તેનો સ્વીકાર કરો.

એવામાં એક સુવર્ણ કમલ સમર્પતી મધુવાણીએ પણ ચક્રવર્તીને નમસ્કાર કર્યા. કાલિંદીએ તેમની ઓળખાણ કરાવી. આ તમારી મામીની વિલાસિની શ્રી કલાનિવાસિની, મધુવાણી છે. એના વચન અત્યંત મૃદુમધુર છે.

સમ્રાટે બન્નેને બેસવા માટે ઈશારો કરતા થકા પ્રશ્ન કર્યો કે ''શું મામીજી ક્ષેમકુશલ છે ? નમિ, વિનમિ કુશલ તો છે ને ? મહેલમાં બધે આનંદમંગલ તો છે ને ? કાલિંદી ! જરા કહો તો ખરા.''

''સ્વામી ! આપની મામી કુશલ છે. જ્યારે આપના અહીં આવવાના સમાચાર મળ્યા ત્યારે તેમને બહુ આનંદ થયો. એ રીતે નમિ વિનમિને પણ ખૂબ આનંદ થયો. તેઓ પણ આપનો વૈભવ સાંભળીને ખુશી થયા છે.'' કાલિંદીએ કહ્યું.

''મારા આવ્યા પછી મામીજીને સંતોષ થયો એ તો સત્ય છે. પરંતુ બાકીની વાત સાચી નથી.'' ભરતજીએ કહ્યું.

''એ ઠીક નથી સ્વામી ! બધાને આનંદ થયો છે. સૌભાગ્યશાળી આપના આવ્યા પછી ગરીબોને નિધિની પ્રાપ્તિ થાય તેમ, સમુદ્રને ચંદ્રદર્શન થાય તેમ અમારા સ્વામીઓને પણ પરમ આનંદ થઈ રહ્યો છે.'' મધુવાણીએ કહ્યું.

મધુવાણીએ ફરી વખત ઓળખીને કહ્યું કે લોકો કહે છે કે આ સમ્રાટ બધા રાજાઓમાં શ્રેષ્ઠ છે, પરંતુ મને લાગે છે કે આ મહાન માયાચારી છે.

ભરતજીએ હસતા હસતા કહ્યું કે ''મેં માયાચાર શું કર્યો ? તે કહો.''

ત્યારે મધુવાણીએ કહ્યું કે ''તમે જ વિચારો. કુશલ સમાચાર પૂછવાની જે આપની રીત છે તે માયાચાર સૂચવે છે. મામીના કુશલ સમાચાર પૂછયા મામીના પુત્રોનાં ક્ષેમવૃત્તાંત પૂછયાં અને એક વ્યક્તિના સમાચાર કેમ ન પૂછયા ? શું તે આપની ચિત્વિશુદ્ધિ છે કે માયાચાર છે ? આપ જ કહો ને ?

''બીજું કોણ છે ?'' ચક્રવર્તીએ અજાણ્યા થઈને પૂછયું.

''કોઈ નથીને ?'' મધુવાણીએ ફરી કહ્યું.

સમ્રાટ બોલ્યા કે 'નથી.'

''સારું !'' વૃત્તભારોન્નત કુચને ધારણ કરવાવાળી આપની મામીની પુત્રી છે. આપ નથી જાણતા ?'' મધુવાણીએ પૂછયું.

''શું અમારી મામીને એક પુત્રી પણ છે ? મને ખબર જ નથી.'' ભરતજીએ કહ્યું.

''સારું ? આપને ખબર નથી. આપ ઘણા કુટિલ જણાઓ છો. આપને જીહ્વાગ્રે નથી, હૃદયને તો પૂછો. આપના હૃદયમાં તે હોવા છતાં પણ મને ફસાવી રહ્યા છો. ખરેખર તમે કપટીઓના રાજા છો. કહોની રાજા ! તમારા હૃદયમાં તે વસે છે કે નહિ ?''

''મધુવાણી ! જવા દ્યો. મેં પહેલેથી જ પૂછયું હતું કે મહેલમાં બધા આનંદ મંગલમાં તો છે કે નહિ ? તેમાં બધા આવી ગયા કે નહિ ? તો પછી જુદું નામ લઈને પૂછવાની શી જરૂર ?'' ભરતજીએ કહ્યું.

''હં ? અમારા સ્વામીએ પહેલેથી જ પૂછયું હતું કે શું મહેલમાં બધા આનંદમાં છે ? મધુવાણી ! વ્યર્થ પ્રકરણને લાંબું ન વધારો.'' કાલિંદીએ કહ્યું.

''સ્વામી ? આ વાતને જવા દ્યો. અમારી દેવીના અને આપના સૌંદર્યની સમાનતાને જોઈને વિનોદ માટે કહ્યું. ક્ષમા કરો. એક રત્નના બે વિભાગ કરીને સ્ત્રી અને પુરુષના રૂપમાં તેને બનાવ્યા. તે બન્નેમાં આત્મા આવીને આપ બન્ને બન્યા છો એમ લાગે છે.

અહીંયાં બીજું કોઈ નથી. એકાંત છે. સાંભળો. આપનું સુંદર હૃદય અને અમારા દેવીના પીનસ્તન ખરેખર પીનપુણ્યનિર્મિત છે. આપ લોકોના મળવાથી કોણ જાણે કેવું ભાગ્યઉદય થશે ? સુવર્ણલતાની સમાન સુંદર આપ લોકોની બાહુલતા મેં જોઈ. તે લતાઓ જ્યારે રત્ન બિંબની સમાન સુંદર શરીર પર વિંટાળાય ત્યારે કોણ જાણે કેટલું સુંદર લાગશે ? સુંદર દાંત, લાલ ઓઠ, હસતું મુખ અને દીર્ઘનેત્ર નિહાળ્યાં. કમલ ને કમલ મળવાથી બીજાની ચિંતા કેમ રહે. પાદ, જાંઘ, કટિ, ઉદર, છાતી, બાહુ, મુખ, કેશપાશ, કંઠ વગેરે બધા અવયવો જોવાથી બન્નેની જોડી બહુ સુંદર લાગે છે.''

સ્વામી ! આપ તો અનેક પૂજારીઓથી પૂજિત નવા દેવની જેવા લાગો છો, પરંતુ તે દેવી દેવતા જેવી લાગે છે. પરંતુ તે હજી સુધી કોઈને પૂજા માટે મળી નથી. કોઈની પૂજાથી પણ તે પ્રસન્ન નહિ થાય. તમે તેને પોતાના હૃદયમાં રાખીને ધ્યાન કરો તો તે ચોક્કસ આવ્યા વિના નહિ રહે, અને તમને મહાસુખ આપશે. તમે સાચો સાચ મહાભાગ્યશાળી છો.'' મધુવાણીએ કહ્યું.

ભરતજી સાંભળીને જરાક હસ્યા. ત્યારે મધુવાણીએ ફરી કહ્યું કે ''આપને હસવું આવવું સાહજિક છે કેમકે દેવાંગનાઓને પણ શરમાવતી જ્યારે રાણી મળી રહી છે તો શું આનંદ ન થાય ? તમારી મામીએ આ કન્યાને પોતાના ભાણેજને દેવા તેનું બહુ કાળજીપૂર્વક પાલન પોષણ કર્યું છે. હવે તે ખરેખર તમારું ચિત્ત હરી લે એવા રૂપને ધારણ કરી રહી છે. કરોડો મન્મથના બાણને કેવલ પોતાની દૃષ્ટિમાં જે ધારણ કરે છે તે શુ સામાન્ય રમણી છે ? આ વખતે તે સુંદરી ભરજુવાનીએ પહોંચી છે.''

ભરતજીને મધુવાણીના વચન સાંભળવામાં આનંદ તો આવતો હતો પરંતુ તેને છૂપાવીને તે કહેવા લાગ્યા કે સારું ! જવા દ્યો. હવે તમે શું કામ આવ્યાં છો તે તો કહો.

રાજા ! અમારે શું કામ છે, આપની મામીએ અમને આપની પાસે આ બાબતના સમાચાર આપીને મોકલ્યા છે. અમે આવ્યા પરંતુ તેનું ચાતુર્ય તો જરા સાંભળો.

'રાજા ! વિનમિરાજ, મંત્રી, વિદ્વાન વગેરે બધાએ આપને જ કન્યા દેવા સંમતિ આપી છે, પરંતુ મોટા રાજા નમિરાજ, મહાન ભાગ્યશાળીને અમે કન્યા કેમ આપીએ એવા વિચારમાં પડયા છે, તે કહે છે કે સંપત્તિમાં અમે ભરતની બરાબરી નથી કરી શકતા તો શું કુલમાં પણ અમે બરાબરી નહિ કરી શકીએ ? જ્યારે તે ભરત અમને નીચી દૃષ્ટિથી જુએ છે. તો અમે તેને કન્યા આપીને સેવક કેમ કહેવડાવીએ ? અમે તેનાથી કુલમાં ઊતરતા નથી. વગેરે કહ્યું.

ત્યારે માતાએ પુત્રને બોલાવીને અનેક પ્રકારે સમજાવ્યા અને ભરતને જ કન્યા આપવાનો આગ્રહ કર્યો, પરંતુ નમિરાજે એમ છતાં પણ ન માન્યું. તેઓએ કહ્યું કે ''રિવાજ પ્રમાણે ભરત સગાઈ વગેરે કર્યા પછી આવીને વિવાહ કરે તો કન્યા દેવામાં કોઈ વાંધો નથી. પણ એમ ન કરતાં માત્ર 'કન્યા આપો' 'કન્યા આપો' એમ કહેવાથી કોણ કન્યા આપશે ? એવું તો અમે પણ માનીએ છીએ કે અમને ભરતથી અધિક બીજો કોઈ બંધુ નથી. તો પણ અમને જ્યારે તે સમોવડીઆની દૃષ્ટિથી નથી જોતા તો માતા તમે જ કહોને કે તેમને કન્યા કેમ આપવી જોઈએ ?' ત્યારે નમિરાજના વચન સાંભળીને માતાએ એમ કહ્યું કે બેટા ! તેના મામા હોત તો તે અહીંયાં ચોક્કસ આવત પરંતુ તમારી પાસે તે કેમ આવે ? શું તે ચક્રવર્તી નથી ? હું બીજો એક ઉપાય કરું છું, સાંભળો. સગાઈની વિધિ તો તે અહીયાં કરાવે અને પછી આપણી કન્યા ત્યાં લઈ જઈને વિવાહ ત્યાં કરાવીએ. આ વાત નમિરાજને પણ ગમી. ત્યારે અમે એ કહેવા માટે આપની પાસે આવ્યા છીએ.

નમિરાજની રાજ્યનીતિ અને મામીના ગુણો પ્રતિ ભરતજી મનમાં પ્રસન્ન થયા તો પણ તેને બહાર ન બતાવીને તેને કહેવા લાગ્યા કે 'પહેલાં બધાએ જેમ કન્યા આપી છે તેવી રીતે લાવીને દેવાનું કહો. આ બધી રીત નહિ બની શકે ?

ત્યારે મધુવાણીએ કહ્યું કે ‘રાજા ! જો મામીએ આપની આ વાત સાંભળી તો તેમને બહુ દુઃખ થશે. વિચારો.’

ત્યારે ભરતજીએ કહ્યું કે ‘બરાબર. હું મારા તરફથી પ્રમુખ રાજાઓને મોકલીને સગાઈનું કાર્ય કરાવીશ.’ ત્યારે તે બન્નેના મુખ ખીલી નીકળ્યાં. ત્યારપછી તે બન્નેને સ્નાનાદિક કરાવવાનો હુકમ આપીને સ્વતઃપંડિતાની સાથે કંઈક મંત્રણા કરીને મહેલની તરફ ગયા. મહેલમાં જઈને ઉદાસચિત્તથી ઢીલું મુખ કરીને એક આસનપર ચક્રવર્તી બેઠા છે. એવામાં ત્યાં બધી રાણીઓ આવીને ભેગી થઈ ગઈ. ભરતજીને જોઈને બધાને આશ્ચર્ય થયું. સાંભળવામાં આવ્યું છે કે આજે હર્ષસમાચાર આવ્યા છે. પરંતુ તેઓ તો ચિંતામાં બેઠા છે. શું કારણ છે ? બધાને જાણવાની ઉત્કંઠા થઈ, બધાએ પંડિતાને ભરતજીની ચિંતાનું કારણ પૂછયું.

પંડિતાએ કહ્યું કે ‘‘સંતોષના સમાચાર તો ખરેખર આવ્યા છે, પરંતુ તેમાં ત્રણ વાતો તો એવી છે કે જે કારણે સમ્રાટના ચિત્તમાં ચિંતા ઉત્પન્ન થઈ છે. સમ્રાટ કેમ કરવું તેના વિચારમાં પડી ગયા છે. તેને ગ્રહણ પણ નથી કરી શકતા ને છોડી પણ નથી શકતા. મોટી ચિંતા આવી પડી છે.’’

‘‘જ્યારે તે કન્યાનો જન્મ થયો ત્યારે માતા પિતાએ સંકલ્પ બાંધ્યો હતો કે તેનો વિવાહ ભરતજીની સાથે જ કરીશું. એવા સંકલ્પથી જ સુભદ્રા કુમારીનું પાલન પોષણ થયું. આજે પણ તેની ઈચ્છા ભરતને જ દેવાની છે, પરંતુ સગાઈ પહેલાં થવી જોઈએ એમ તેઓનું કહેવું છે. એક બીજી શરત છે. પટ્ટના મુગુટને ધારણ કરીને વિવાહ થવો જોઈએ, સાથોસાથ પટરાણી પણ તેને બનાવવી જોઈએ. એમ તેમનું કહેવાનું હોઈને ચક્રવર્તીને ચિંતા થઈ રહી છે.’’ સમ્રાટે કહ્યું કે ‘તેને પટરાણી કેમ બનાવીએ ? મારી બધી રાણીઓ જેવી રીતે રહે છે તેવી રીતે તે પણ મારા અંતઃપુરમાં સુખેથી રહે, પરંતુ તે લોકોએ આ વાતનો સ્વીકાર ન કર્યો. સમ્રાટના હૃદયમાં તેમની બધી રાણીઓ પ્રતિ કોઈ પક્ષપાત નથી. તેઓ ક્યારેય પણ ભેદભાવથી પોતાની રાણીઓને જોઈ નહિં શકે, તેથી આટલી ચિંતા ઉત્પન્ન થઈ છે.

રાણીઓને ભરતજીની મનોવૃત્તિ જોઈને હર્ષ થયો. ‘‘કહ્યા સિવાય તે સુભદ્રાદેવીને બધાની ઈચ્છાનુસાર મોટપ આપીને લાવે તો અમે શું કરી શકીએ ? તો પણ સમ્રાટના મનમાં અમારા તરફ કેટલો પ્રેમ છે ?’’ આ રીતે બધી રાણીઓ વિચાર કરવા લાગી. ‘‘પોતાની માતાના ભાઈની તે પુત્રી છે અને તેમાં પણ સમ્રાટને આપવાનો જ તેનો સંકલ્પ થઈ ચૂકયો છે. તો પછી આટલી ચિંતા કેમ ? તે જે કાંઈ માગે તે બધું આપીને સુખેથી વિવાહ કરી લેવા જોઈએ. એમાં અમારા બધા લોકોની સંમતિ છે.

‘‘લોકોમાં બધાનો એ જ રિવાજ છે કે રાજાને એક પટરાણી હોય છે, તો એને માટે અમે કેમ ના પાડીએ. શું અમે કોઈ ગામડિયાની મૂર્ખ સ્ત્રીઓ છીએ અથવા શુદ્રોની કન્યા છીએ ? નહિ. અમે બધી ક્ષત્રિયોની કન્યાઓ છીએ. તો પછી તેને પટરાણી પદ આપવામાં ના કેમ પાડીએ ?

તે સુભદ્રાદેવીને જે મોટાઈ મળશે તે બધું અમારે માટે જ છે એમ અમે સમજીએ છીએ, કેમકે તે ક્ષત્રિય પુત્રી છે, અમે પણ બધા તે જ જાતિના છીએ. તો અમને શા માટે દુઃખ થાય, એમાં વિચાર

કરવાની કાંઇ જરૂર નથી. તેની બધી શરતો મંજૂર રાખી વિચાર કરી નિર્ણય કરી નાખવા જોઈએ. આ વાત આપણે બહુ સંતોષથી કહી રહ્યા છીએ. એ પણ જવા દ્યો. આપણું કર્તવ્ય છે કે પતિની ઈચ્છાનુસાર ચાલવું. પતિની ઈચ્છાથી વિરુદ્ધ જે જાય છે તે શું રાજપુત્રી હોય શકે છે ? આપણે હૃદયમાં એક વાત રાખીને મુખથી બીજું નહિ કહી શકીએ. સંતોષપૂર્વક સુભદ્રાબહેનને પટરાણી બનાવીને લાવીએ.'' આ રીતે રાણીએ હર્ષપૂર્વક સંમતિ આપી.

તે દિવસ આનંદથી વ્યતીત થયો. બીજે દિવસે સમ્રાટે કાલિંદી અને મધુવાણીનો સત્કાર કર્યો અને વિદ્યાધર મંત્રીનો પણ સત્કાર કરીને તેમને વિદાય આપી, ભંડારવતી નામની બુદ્ધિમતી સ્ત્રીને લગ્નનિશ્ચય મુદ્રિકા અને ઘરેણાનો કરંડિયો આપીને વિજયાર્ધ પર મોકલવા તૈયારી કરી. વિશેષ શું ? સેનાના રક્ષણ માટે જયંતને રાખીને બાકીના બધા વ્યંતર, મ્લેચ્છ અને વિદ્યાધર રાજાઓને ત્યાં જવાની આજ્ઞા કરી, સમ્રાટે બહુ સંતોષપૂર્વક છપ્પન દેશના રાજા, રાજપુત્ર અને પોતાના મિત્રોને ત્યાં મોકલ્યા, જેથી મામીજીને હર્ષ થાય, મંગલોપહારની સાથે સમસ્ત રાજગણોને મોકલીને આ બાજુ પોતાની બેનને પણ સમાચાર મોકલ્યા.

ભરતજી ખરેખર અસદૃશપુણ્યશાળી છે. તે જ્યાં જાય છે ત્યાં તેમનો આદર ને આદર જ થાય છે. હર વખતે તેમને સુખ સાધનોની જ પ્રાપ્તિ થયા કરે છે. ષટ્ખંડવિજયી થઈને સર્વાધિપત્ય પ્રાપ્ત કર્યાની વાત આપણે પાછલા પ્રકરણમાં વાંચી ગયા છીએ, પરંતુ આ પ્રકરણમાં પટરાણીની પ્રાપ્તિનો સંદેશ છે. આ રીતે રાતદિન તેમને આનંદ ઉપર આનંદ થાય છે. તેનું કારણ શું છે. તેનું કારણ એ છે કે ભરતજી રાતદિવસ તે આનંદનિધિ પરમાત્માનું જે ભાવનાથી સ્મરણ કરે છે તે ભાવનાનું એ ફલ છે. તેની ભાવના સદા એ રહે છે કે :–

''હે પરમાત્મા ! સાગરમાં જેવી રીતે તરંગ ઉપર તરંગ આવ્યા કરે છે તેવી રીતે સંપત્તિ અને સંતોષના તરંગ ઉપર તરંગ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય તમારામાં છે, તમે મનોહર અને ચરિતાર્થ છો, સુખના ભંડાર છો તેથી મારા અંતરમાં વાસ કરી રહો.

હે સિદ્ધાત્મા ! જે આપનું ધ્યાન કરે છે તેમને આપ દિવ્યભોગોનું સંધાન કરી આપો છો, આપનો મહિમા ઉપમાતીત છે. સ્વામી ! આપ જ્ઞાનીઓના અધિપતિ છો. તો વિલંબ શાનો ? મને સંમતિ આપો.''

આ ઉત્કટભક્તિપૂર્ણ ભાવનાનું ફળ છે કે ભરતજી આ સંસારમાં પણ સુખનો અનુભવ કરી રહ્યા છે.

# ૧૯. મુદ્રિકોપહાર સંધિ

**ભ**રત તરફથી ગયેલા રાજાઓ બહુ વૈભવપૂર્વક વિજ્યાર્ધ પર્વત ઉપર ચડ્યા. માર્ગમાં ચક્રવર્તીના મંત્રીએ લાગ જોઈને નમિરાજના મંત્રીને કહ્યું કે ''મંત્રી ! એક વાત સાંભળો, ચક્રવર્તી તરફથી જે રાજા આવ્યા છે તેઓ નમિરાજને નમસ્કાર કરશે, પરંતુ ભેટ વગેરે નહીં સમર્પે. નમિરાજ પણ તેમને નમસ્કાર કરે. ચક્રવર્તીના કેટલાક મિત્ર અને હું ભેટ આપીને નમસ્કાર કરીશું, કેમકે હું બ્રાહ્મણ છું અને મિત્રો ચક્રવર્તી ઈચ્છાનુવર્તિ છે. તેથી અમે તો તેને મહત્ત્વ આપી શકીશું. બાકીના વ્યંતર, વિદ્યાધર રાજા વગેરે માની છે. તેઓ ચક્રવર્તી સિવાય બીજા કોઈને પણ નમશે નહિ. વિવાહને માટે જે આવ્યા હોય તેમને નોકરની જેમ જોવા તે શું ઉચિત છે ? અમે તેની ઈચ્છાનુસાર ઘેર આવીએ છીએ એ કોઈ ઓછી મહત્ત્વની વાત નથી. તેનો સ્વીકાર કરવો જોઈએ.'' સુમતિસાગર મંત્રીએ પણ તે વાત સ્વીકારી લીધી.

સુમતિસાગરે મોઢા આગળ જઈને નમિરાજને બધું વૃત્તાંત કહ્યું, નમિરાજ પણ પ્રસન્ન થયા. કાલિંદી અને મધુવાણીએ જઈને યશોભદ્રા દેવીને સમાચાર આપ્યા. યશોભદ્રા દેવીને પણ પરમ હર્ષ થયો. નમિરાજે પોતાના મંત્રીની સાથે અનેક રાજાઓને સ્વાગત માટે મોકલ્યા.

શઠનાયક- ''સમ્રાટના મંત્રી આવ્યા છે તેને માટે પોતાના મંત્રીને, રાજાઓને માટે રાજાઓને સ્વાગત માટે મોકલ્યા છે, શું પોતાના ભાઈને મોકલવો ન જોઈએ ? એ કેટલો અભિમાની છે ?''

દક્ષિણ– 'એમાં શું થઈ ગયું, અમારા સ્વામીને માટે કન્યાસંધાન કરવાનું કામ અમારું છે. આવી વાતોનો વિચાર કરવાનો આ વખત નથી.

નાગર- ''નમિરાજ કેવો છે ? તમને ખબર નથી ? કન્યા દેવાની ઈચ્છા ન હોવાથી પહેલેથી જ અતિવક્ર વ્યવહાર કરતો હતો. હવે તેને પોતાને જ સહન કરવું પડશે.''

કુટિલ નાયક– ''એને પહેલેથી જ બહુ અભિમાન આવી ગયું છે. જ્યાં તેના બહેન તરફ ચક્રવર્તીએ નજર નાંખી ત્યાં તો વિશેષ ફુલાઈ ગયા. જવા દ્યો, એના રાહ વ્યાજબી નથી.''

પરંતુ આ બધાનું ચિત્ત શાંત કરવા બુદ્ધિસાગરમંત્રી કહી રહ્યા હતા કે 'તમે નકામું કેમ બોલો છો ? એ સમ્રાટના મામાના પુત્ર છે. ચક્રવર્તીની મહત્તા તો આપણને નથી. તેથી તેઓ ચક્રવર્તીનું સ્વાગત કરવા માટે આવશે. આપણને આ વખતે આ વાતો ઉપર વિચાર કરવાની જરૂર નથી. આપણે જે કાર્ય માટે આવ્યા છીએ તે કાર્ય કરવા આપણે જવું જોઈએ.'

બધા લોકો ગગનવલ્લભપુરમાં દાખલ થયા. રાજમહેલમાં પ્રવેશ કરીને બધાએ દરબારમાં બિરાજમાન નમિરાજને જોયા. વેત્રધારી ચપરાસીઓ નીચે પ્રમાણે પરિચય કરાવ્યો.

''સ્વામી ! આ ભરતના સર્વભાગ્યના' આધાર ભૂત સર્વલોકના અનિમિષાચાર્ય બુદ્ધિસાગર મંત્રી છે. આ અમોધ વીરતાના ધારણ કરનાર મેઘેશ્વર અથવા વિજયરાજ છે કે જે સમ્રાટના પ્રધાન સેનાધ્યક્ષ છે. આ ભરત ચક્રવ્રર્તીના પરમ વિશ્વાસપાત્ર, ચક્રવર્તીના પરમ મિત્ર વ્યંતરેન્દ્ર માગધામર છે. સ્વામી ! એમનું સ્વાગત કરો.

''આ વરતનુ દેવ દક્ષિણ સમુદ્રના અધિપતિ છે, આ પશ્ચિમ સમુદ્રના અધિપતિ પ્રભાસેન્દ્ર છે. ધ્રુવકીર્તિ, સુરકીર્તિ, પ્રતિભાસ નામના એ ત્રણે દેવો માગધાદિદેવોના પ્રતિનિધિ છે. સ્વામી ! આ તમિસ્ર ગુફાના અધિપતિ કૃતમાલ દેવ છે. આ ખંડપ્રપાત ગુફાના અધિપતિ નાટયમાલ છે.

''આ વિજયાર્ધ પર્વતના મધ્ય ભાગમાં આપણે રહીએ છીએ પરંતુ આ પર્વતના ઉપર આ વિજયાર્ધદેવ રાજ્ય કરે છે. એ નાગેન્દ્રની સમાન છે.

''હિમવાન પર્વતની પેલી તરફ નાગ, યક્ષ, વગેરે જાતિના દેવોના અધિપતિ થઈને આ હિમવંત દેવ રાજ્ય કરે છે, હે રાજા ! તેની તરફ જરા નજર કરો.

''આ રીતે પશ્ચિમ અને ઉત્તરખંડના રાજા પણ અહીં હાજર છે. પશ્ચિમખંડના રાજા કલિરાજ વગેરે રાજાઓને જુઓ. તેઓ મધ્યમ ખંડના રાજાઓ છે. એ માધવેન્દ્ર છે. એ ચિલાતેન્દ્ર છે. નમિરાજે આતંકમય દૃષ્ટિથી તેની તરફ જોયું.

''દક્ષિણ અને પૂર્વખંડના રાજા ઉદંડ અને વેતંડ રાજા છે. એવી રીતે આર્યખંડના સૂર્ય વંશાદિ ઉત્તમ વંશોમાં ઉત્પન્ન આ છપ્પન દેશોના રાજાઓને અને તેમના રાજપુત્રોને આપ જુઓ. રાજા આ તરફ જુઓ, આ દક્ષિણોત્તર શ્રેણીના વિદ્યાધર છે. આ રીતે દક્ષિણનાયક, શઠનાયક વગેરે ચક્રવર્તીના મિત્રોને પણ જુઓ. એ સંખ્યામાં આઠ હોવા છતાં પણ ચક્રવર્તીના અષ્ટાંગની સમાન રહે છે. એ ચક્રવર્તીના પરમ ભક્ત છે, બુદ્ધિસાગર મંત્રીને અનુકૂલ છે, લોકમાં અદ્વિતીય બુદ્ધિમાન છે.'' એ સાંભળીને નમિરાજે તેમને પોતાની પાસે બોલાવી લીધા.

બધાને યથાયોગ્ય આસન આપીને બેસવાનું કહ્યું. બુદ્ધિસાગર મંત્રીને પોતાના સિંહાસન પાસે જ આસન આપ્યું. બુદ્ધિસાગરની સાથે વાતચીત કરતાં નમિરાજે કહ્યું કે ''મંત્રી ! આ રાજા વ્યંતરેન્દ્ર વગેરે સામાન્ય નથી. અહો ! જિનસિદ્ધ ભરતની સંપત્તિ બહુ વધી ગઈ. આ એક એક વ્યંતર અને રાજાઓને જોતાં એક એક પર્વત જેવા જણાય છે. તો આની વચ્ચે કોણ જાણે તે ભરત કેવા લાગતા હશે. ક્યાં અયોધ્યા ને ક્યાં હિમવાન પર્વત ! આ બન્નેની વચ્ચે ષટ્ખંડને વશ કરવાનું ભાગ્ય ભરતની જેમ કોણ પ્રાપ્ત કરી શકે છે ? બધા લોકો ઈચ્છે તો શું એવી સંપત્તિ મળી શકે છે ? તેને માટે પૂર્વપુણ્યની જરૂર પડે છે. ખરેખર તેનું ભાગ્ય મહાન છે. તેની બરોબરી કરાવાવાળો લોકમાં કોણ છે ? શ્રી જિનેન્દ્ર જ જાણે.''

બુદ્ધિસાગર મંત્રીએ કહ્યું કે ''રાજા ! તમે ઠીક કહો છો. તમારા બનેવીનું ભાગ્ય અસદશ છે. આપને હર્ષ થવો સ્વાભાવિક છે. ભરતની કેવલ સંપત્તિ જ વધી છે એટલી જ વાત નથી, તેનું ડહાપણ, સુંદરતા, શૃંગાર અને વીરતા વગેરે બાબતો જોઈને દેવો પણ મસ્તક ઝૂકાવે છે. શું તમારા બનેવી આ નરલોકના રાજા છે ? નહિ, સુરલોકના રાજા છે.

''રાજા પુરુષોમાં તેની હોડ કરવાવાળો દુનિયામાં બીજો કોઈ નથી. સ્ત્રીઓમાં તમારી બહેન સુભદ્રાની બરોબરીમાં આવે એવી કોઈ નથી. આમ હોવાથી તે બન્નેનો સંબંધ કરવાનો તમે જે વિચાર કર્યો છે તે ઓછું ડહાપણ નથી. પોતાના પિતૃપરંપરાથી આવેલા સ્નેહ સંબંધને ભૂલી ન જઈને તે પ્રમાણે ચાલવાનો વિચાર તમે જે કર્યો છે તે સ્તુત્ય છે. નમિરાજ ! આવી હાલતમાં તમારી બરોબરી કોણ કરી શકે છે. ?''

નમિરાજે કહ્યું કે ''મંત્રી ! મેં શું કર્યું ? ભરતના પુણ્યે જ આ કાર્ય કરવાની પ્રેરણા કરી. આ વાત બધા રાજાઓની આગળ મુકવાની મને ઈચ્છા થઈ. આ બધા રાજાઓ મારા બંધુ છે, પરંતુ એઓ કેવળ બોલાવ્યાથી જ અમારા મહેલમાં ન આવત, તેથી વિવાહના બહાને અમે એમને બોલાવ્યા છે. આ નિમિત્તે જ આવા આનંદનો પ્રસંગ મળશે તેથી તમોને તકલીફ આપી છે.''

નમિરાજનું ચાતુર્ય જોઈને બધાને હર્ષ થયો. નમિરાજે બધાને સ્નાન ભોજનાદિ કાર્ય માટે તેમને માટે નિર્મિત સુંદર મહેલોમાં મોકલી દીધા. મનુષ્યને માટે યોગ્ય અન્ન, પાન, ભક્ષ્ય વિશેષમાં વસ્ત્રાભૂષણોથી, તથા દેવોનું સુગંધી દ્રવ્ય, વસ્ત્રાભૂષણોથી સન્માન કર્યું. ભંડારવતી વગેરે દેવીઓ જે આવી હતી તેમનું પણ યશોભદ્રાદેવી દ્વારા યથેષ્ટ સન્માન થયું.

બીજે દિવસે બધા લોકોએ નમિરાજને કહ્યું કે ''હે રાજા ! અમે જે કાર્ય માટે આવ્યા છીએ તે અમને કરવા દ્યો. ત્યારે નમિરાજે કહ્યું. ઉતાવળ કરાવો નહિ, ચાર દિવસ જવા દ્યો, તમે બધા અમારે ત્યાં ક્યારે આવો, આ વિચારના બહાનાથી આવી ગયા તેથી ચાર દિવસ તો મને મોજ માણવા દ્યો. મારી ઈચ્છા પૂર્ણ થયા પછી આપ જજો.'' આ રીતે નમિરાજે તે લોકોનો અનેક પ્રકારે સત્કાર કર્યો. ક્યારેક ગાયનગોષ્ઠિથી, ક્યારેક સાહિત્ય સંમેલનથી, ક્યારેક નવીન નાટયનૃત્યોથી, ક્યારેક વાદ્યવાદનથી અને ક્યારેક મહેન્દ્રજાલ વિદ્યાથી તે મહેમાનોને આનંદ ઉપજાવ્યો. ત્યાર પછી બધા રાજાઓએ કહ્યું કે સગાઈનું કાર્ય થઈ જવા દ્યો. ત્યાર પછી આ બધું કાર્ય કરો.'' નમિરાજ વળી કહે છે કે ''આટલી ઉતાવળ શું છે. તે થયા પછી તમે ક્યાં રોકાવાના હતા.'' ત્યારે તે રાજાઓએ ઉત્તરમાં કહ્યું કે સ્વામીનું સોંપેલું કાર્ય ભૂલીને રમત ગમતમાં મોજ માણવી તે શું સજ્જનોનો ધર્મ છે ? ઉત્તરમાં નમિરાજ કહે છે કે ''મુહૂર્તલગ્ન સારું આવ્યા વિના હું શું કરી શકું ? આપ ઉતાવળ ન કરો,''

''નકામા બહાના શું બતાવો છો ? અમને મોડું થાય છે. આ કાર્ય જલદી થઈ જવું જોઈએ.'' તેઓ કહેવા લાગ્યા. ''મેં ઉદંડરાજ તરફ વેતંડરાજને મોકલીને કહેવરાવ્યું છે, તેમના આવવાની રાહ છે તેઓ આવ્યા પછી આ કાર્ય હું કરી દઈશ.'' નમિરાજે કહ્યું.

દરરોજ જુદીજુદી જાતનાં વસ્ત્રો, આભૂષણો વગેરેથી તેમનું સન્માન કરી રહ્યા હતા. પોતાના મહેલમાં બોલાવીને રોજ મિષ્ટાન્ન ભોજનથી તૃપ્ત કરી રહ્યા હતા. મંત્રી તેની ભક્તિ જોઈને પ્રસન્ન થયા. રાજાઓ આશ્ચર્યચકિત થયા. દેવ અને વ્યંતરો આનંદ પામ્યા. ખરેખર નમિરાજ તે વખતે જે અતિથિ સત્કાર કરી રહ્યા હતા તે અદ્વિતીય હતો.

ઉદ્દંડરાજા અને વેતંડરાજા આવી ગયા. હવે રોકી રાખવાનું કોઈ બહાનું નહોતું, તેથી નમિરાજ યોગ્ય મુહૂર્તમાં આ મંગલ કાર્ય કરવા તૈયાર થયા. દિવસે જિનેન્દ્રભગવાનની પૂજા, મુનિદાન, બ્રાહ્મણભોજન વગેરે કરાવીને રાત્રે સગાઈનું મંગલ કાર્ય કર્યું. નગરમાં સર્વત્ર શૃંગાર સજાવ્યો. રથ, વિમાન, હાથી, ઘોડા વગેરે બધા રાજ્યાંગોને શણગાર્યાં, મંગલમુખી નામની હાથણી કે જે સુભદ્રાદેવીને અતિપ્રિય હતી તેને શણગારી. તેની ઉપર કન્યાને આપવા યોગ્ય મંગલાભરણ શોભી રહ્યાં હતાં. સ્ત્રીઓ હાથી ઉપર ચડે તો વિદ્યાધરો પોતાનું અપમાન સમજે છે તેથી સ્ત્રીઓને ધારણ કરવા યોગ્ય આભરણો જ હાથી ઉપર રાખ્યાં છે. કેમકે પોતે ક્ષત્રિયોની પ્રતિષ્ઠા બરાબર જાણતા

હતા. જો પુરુષ હાથી ઉપર બેઠો હોય તો તેની સાથે સ્ત્રીઓ પણ હાથી ઉપર બેસી શકે છે, પરંતુ એકલી સ્ત્રીઓ હાથી ઉપર બેસી શકતી નથી. તેથી મંગલમુખીને માત્ર શણગારી હતી. આ રીતે મંગલમુખી હાથણી ઉપર અનેક આભરણો રાખીને બહૂ વૈભવપૂર્વક તે ગગનવલ્લભ પુરનાં પ્રત્યેક રાજમાર્ગોમાં ફરતા ફરતા રાજાલયમાં પ્રવેશ કર્યો. રાજાલયમાં પ્રવેશ કરતાં જ બધા લોકોને ત્યાં વિનમિરાજ અને મંત્રીની સાથે બેસાડીને પોતે નમિરાજ અંદર ચાલ્યા ગયા અને ત્યાં અનેક અલંકારોથી વિભૂષિત પોતાની બહેનને હજારો પરિવાર સ્ત્રીઓની સાથે પડદામાં ઊભા રાખીને મંગલગૃહમાં સ્થિત મહેમાનોને બોલાવવા કહ્યું. તે પ્રમાણે બહુ વૈભવપૂર્વક બધા અંદર આવ્યા. જ્યાં કન્યાને આપવા માટે તેઓ જે આભૂષણો લાવ્યા હતા તેમની કાન્તિ બધી દિશાઓમાં ફેલાઈ રહી હતી. એક વિશાલ મંગલગૃહમાં પહોંચીને જ્યાં નમિરાજે આ ઉત્સવની બધી તૈયારી કરી હતી ત્યાં તે આભરણની થાળીને એક રત્નનિર્મિત આસન પર રાખી દીધી. સાથે આવેલા રાજાઓ બહુ વિવેકી હતા. તેઓએ તે અલંકાર પોતાના સ્વામીનાં પટરાણીનાં છે એમ સમજીને તેની તરફ અનેક ભેટ સમર્પી. કન્યાની માતાનો હરખ તે વખતે ઊભરાઈ રહ્યો હતો.

બધાને યથાયોગ્ય આસન આપીને નમિરાજ પણ એક આસન ઉપર બેસી ગયા. બ્રાહ્મણ વિદ્વાનો મંગલાષ્ટકનો પાઠ ભણી રહ્યા છે. મંગલાષ્ટકનો પાઠ તેઓ મંગલ કૌશિક આદિ સુંદર રાગોમાં ગાઈ રહ્યા છે. મુહૂર્ત આવતા નમિરાજે બધાની તરફ જોયું. તે વખતે ભરત તરફથી મોકલેલા આભરણો કન્યાને દેવા બુદ્ધિસાગર મંત્રીએ પ્રાર્થના કરી. સ્વામી ! આપને ત્યાં આભરણોની ખામી નથી, તો પણ સમ્રાટ તરફથી મોકલેલા આ આભરણોને અવશ્ય સ્વીકારો લોકના બધા રાજાઓથી જેણે ભેટ સ્વીકારી તે સમ્રાટે તમારી બહેનને ભેટ મોકલી છે. તમે મહાભાગ્યશાળી છો. આ રીતે બધા રાજાઓએ વિનોદથી કહ્યું.

હર્ષથી આભરણની છાબ ઊઠાવીને નમિરાજે મધુવાણીને આપી. મધુવાણી તે પડદાની પેલી તરફ લઈ જઈને સુભદ્રાકુમારીને પહેરાવ્યાં. તે વખતે સૌભાગ્યવતી સ્ત્રીઓ અનેક પ્રકારના મંગલગીતો ગાતી હતી. મોતીના શિરોભૂષણ તે લોકોએ જે વખતે ધારણ કરાવ્યા તે વખતે તેનો પ્રકાશ ચારે તરફ ફેલાઈ ગયો, જાણે કે લોકને તે ચક્રવર્તીના પુણ્ય સામર્થ્યને જ બતાવી રહ્યો હોય ! કંઠમાં પહેરેલાં આભરણો, ચક્રવર્તી પણ કાલે આ રીતે પોતાના હાથથી નવવધુના ગળાને શોભાવશે એ વાતને સૂચવી રહ્યા હતા. હાથમાં જે ભરતના રૂપથી યુક્ત રત્નમુદ્રિકાને તેણે ધારણ કરી હતી તે એ વાતને સુચવી રહી હતી કે આ રીતે ભરત પણ તમારે વશ થઈને ચિરકાલ રાજ્ય કરશે.

ચક્રવર્તીએ કેવાં અમૂલ્ય અને અનર્ઘ્ય વસ્ત્રાભરણો મોકલ્યાં હશે ? એનું વર્ણન કરવું શું શક્ય છે ? તે સુભદ્રાકુમારી સ્વાભાવિક અલૌકિક સુંદરી છે. તેમાં પણ ચક્રવર્તી તરફથી મોકલેલા આભરણો પહેર્યાં પછી તો પૂછવું જ શું ? તેમાં એક નવી કાન્તિ આવી ગઈ. માતાએ મોતીનું તિલક કરતા થકા ''શ્રી સુભદ્રાદેવી ભરતના અંતઃપુરમાં પ્રધાન પદ પામીને સુખે જીવે'' એ રીતે આશીર્વાદ આપ્યો. આ રીતે નમિરાજ અને વિનમિરાજની રાણીએ પણ તિલક કરીને આશીર્વાદ આપ્યો. નમિરાજે બધાને તાંબૂલ, વસ્ત્રાભૂષણ આપીને તેમનો સત્કાર કર્યો. મંત્રીએ દરવાજા સુધી તેમની

સાથે જઈને તેમને વિદાય આપી. ફરી આવીને ચક્રવર્તીએ જે વસ્ત્રાભૂષણ નમિરાજની માતા અને સ્ત્રીઓ માટે મોકલ્યાં હતાં તે બધાં દીધા અને મહેલ જ તેનાથી ભરી દીધો.

તે રાત્રિ બહુ હર્ષ પૂર્વક વ્યતીત થઈ. સવાર પડયાં પછી બધાને મહેલમાં બોલાવીને નમિરાજે બહુ આદરપૂર્વક ભોજન કરાવ્યું, અને તેઓને કહેવા લાગ્યા કે તમે અમારા પરમ બધું છો. તેથી અમારી એક બીજી વાત પણ સાંભળો, તે આ છે કે ચક્રવર્તીના મંત્રી બુદ્ધિસાગરને પહેલા જવા દ્યો. તમે અને અમે સૌ મળીને બધા ચક્રવર્તીની પાસે જઈએ એ વાત આપ સ્વીકારો. આ વાત બધાએ સ્વીકારી. ત્યાર પછી હિમવંત, માગધામર વગેરે વ્યંતરદેવોએ તેનો સત્કાર કર્યો. ત્યારપછી મહેલની અંદર ચંદ્રશાળામાં બેસીને ચક્રવર્તીના મંત્રી અને મિત્રોને બોલાવ્યા. તેઓ આવીને કહેવા લાગ્યા કે મંત્રી ! કહો હવે તમારા સ્વામીની જીત થઈ કે નહિ ? તમારા લોકોનું કાર્ય તો થઈ ગયું. મંત્રીએ ઉત્તર આપ્યો કે રાજા ! ષટ્‌ખંડાધિપતિ સમ્રાટના આધીનસ્થ રાજાઓને પોતાને આંગણે બોલાવ્યા તો કહોને કે જીત તમારી છે કે અમારા સ્વામીની ?

ઉત્તરમાં નમિરાજે કહ્યું કે કાલે વિનમિ આવીને વિવાહ કાર્ય કરી જશે. તમો આનંદથી જાઓ. એ રીતે વિનોદ કરવા માટે પણ ગંભીરતાથી કહ્યું એ સાંભળીને બુદ્ધિસાગરને આશ્ચર્ય થયું. કહેવા લાગ્યા કે રાજા ? આ શું કરો છો, સોળ દિવસ સુધી તમારા કહ્યા પ્રમાણે અમે અહીં રોકાયા. હવે તમને છોડીને અમે કેવી રીતે જઈ શકીએ. તમારા વિના વિવાહ શોભશે નહિ.

નમિરાજ કહેવા લાગ્યા કે ''હું કેવી રીતે આવી શકું ?'' તમારા રાજા મને નમિ ''આવો'' એવા વચનથી સંબોધશે. મને બોલાવતી વખતે ''નમિરાજ ! આવો'' એ રીતે બહુમાનાત્મક શબ્દ ઉચ્ચારવા જોઈશે. રાજવંશમાં જે ઉત્પન્ન છે તેમને રાજા કહીને ન બોલાવવામાં આવે તો તે રાજત્વને માટે અપમાન છે. હું ષટ્‌ખંડાધિપતિને ભેટ સમર્પીને અને નમસ્કાર કરીને બેસી શકું છું, પરંતુ મારી સાથે બોલતી વખતે ''આપ'' એવા શબ્દથી જ પ્રયોગ કરવો પડશે, અને મને રાજા કહીને જ બોલાવવો પડશે.

મંત્રીએ ઉત્તર આપ્યો કે ''રાજા ! આજ સુધીમાં કોઈને પણ અમારા સ્વામીએ ''રાજા'' શબ્દથી નથી બોલાવ્યા, પણ તમને બોલાવશે. આવો તમારી સાથે સન્માનપૂર્વક બોલવાનું કરીશું; પરંતુ 'આપ કહીને તો તેઓ નહિ બોલાવે. જેવી રીતે અનેક કન્યા આપવાવાળા પિતાઓને બોલાવે છે તેવી રીતે બોલા વીને ''આવો બેસો'' એમ કહેશે, પરંતુ ''આપ'' શબ્દ તો કેવી રીતે તમને કહી શકે ?' નમિરાજ કહેવા લાગ્યા કે ''તમે સમજાવો તો તેઓ આ ટેવ નહિ છોડી શકે ?'' ત્યારે મંત્રીએ કહ્યું કે ''રાજા ! સમ્રાટની ગંભીરતાના સંબંધમાં આપને શું કહું. અમારે કાંઈ કહેવાની જરૂર નથી. તેની વૃત્તિને જોઈને દેવેન્દ્રની પણ તેની આગળ કાંઈ કિંમત નથી.''

''રહેવા દ્યો, એક નરપતિને સુરપતિથી પણ ઊંચા દેખાડીને આપ પ્રશંસા કરી રહ્યા છો એ કેવલ આપ લોકોની ખુશામત છે.'' નમિરાજે કહ્યું.

ઉત્તરમાં મંત્રી કહે છે, 'રાજા ! કહો જોઈએ કે શું દેવેન્દ્ર તદ્‌ભવ મોક્ષગામી છે ? અમારા રાજા તદ્‌ભવ મોક્ષગામી છે. તેના ગાંભીર્યનું શું વર્ણન કરીએ ? સમુદ્રની સમાન ગંભીરતા ધારણ

કરવાવાળા અમારા સમ્રાટ ઈંદ્રની વૃત્તિ જોઈને હસે છે. જિનેંદ્ર ભગવાનની સામે દેવેન્દ્ર જ્યારે જાય છે ત્યારે નાચ કરવા લાગે છે, પરંતુ સમ્રાટ કહે છે કે તે શા માટે નાચે છે. શું ભક્તિથી સ્તુતિ કરનારને ઉત્કટ ભક્તિનું ફળ નથી મળતું ? સર્વાંગ ભ્રાંતિની ભક્તિમાં જરૂર નથી. દેવેન્દ્ર પોતાની દેવીના સાથે હાથીપર ચઢીને સમવસરણમાં જાય છે. એ રીતે ઉઘાડે મોઢે પોતાની સ્ત્રીનું બધાની સામે પ્રદર્શન કરતા થકા તે ભક્તિ કરવા જાય છે કે પોતાની સ્ત્રીની લજ્જા વેચવા જાય છે ? શું એકલી જ સ્ત્રીઓને વિમાન લઈને તે દેવસભામાં પહોંચીને દર્શન કે ભક્તિ નથી કરી શકતા. લુચ્ચા અને લફંગાની જેમ યુદ્ધમાં જાતી વખતે જેમ પોતાની સ્ત્રીઓને સાથે જ લઈ જાય છે તેવી આ બહિરંગ પદ્ધતિ પણ શું નથી ? રાજા ! તેની ગંભીરતાનું લોકમાં તે જ ઉદાહરણ છે. બીજું નથી મળી શકતું, તેથી તેં તમને રાજા કહીને બોલાવે તો પણ તમારું ઓછું સન્માન ન કહેવાય તેથી નકામો તમે આગ્રહ ન રાખો.'

ત્યારે નમિરાજે તે વાતનો સ્વીકાર કરી લીધો. ''તમો આજ જાઓ કાલે આવું છું.'' એમ કહીને તેમને વિદાય આપી, એ રીતે ભંડારવતી આદિ સ્ત્રીજનોનો પણ સત્કાર કરવા માટે માતા યશોભદ્રા દેવીને કહેવડાવ્યું. યશોભદ્રા દેવીએ પણ પુત્રોની ઈચ્છાનુસાર તે સ્ત્રીઓનું યથેષ્ઠ વસ્ત્રાભરણોથી સન્માન કર્યું. તે સ્ત્રીઓએ પણ તેમની સાથે સમયોચિત વિનોદાલાપ કરતી થકી હવે ભરતની પાસે જવાનો આગ્રહ કર્યો. ત્યારપછી બધા લોકો મળીને બુદ્ધિસાગરની સાથે રવાના થયા.

અહીં નમિરાજ પોતાની માતાના મહેલમાં ચાલ્યા ગયા માતુશ્રીને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે ''માતુશ્રી ! આપ કહેતા હતા કે કન્યા લઈ જઈને ભરતને આપો, પરંતુ મેં કહ્યું હતું કે પોતાની પ્રતિષ્ઠા ખોઈને કન્યા દેવી તે યોગ્ય નથી. છેવટે કયું સારું થયું ? બધા રાજાઓને પોતાના મહેલમાં બોલાવીને પ્રતિષ્ઠાપૂર્વક કન્યા ન આપતા જાતે લઈ જઈને દઈએ એવા શું અમે ડરપોક વ્યાપારી છીએ ? આપણી કન્યા માટે જ્યારે મોટા મોટા રાજાઓ સન્માનપૂર્વક અહીં આવવા તૈયાર છે તો પછી ત્યાં લઈ જઈને દઈએ એવા શું તે લાડુ જલેબી છે ? કન્યા દેતાં પહેલાં લોભ છોડીને જાનમાં આવેલાઓનું ખૂબ સન્માન કરવું જોઈએ. તે સમ્રાટ જાતે ન આવ્યા જો તે પણ આવ્યા હોત તો હું તેમની સેવા અને યથેષ્ટ સન્માન કરત.'' ઉત્તરમાં યશોભદ્રાએ કહ્યું કે બેટા ! તમે ભરતનાં પ્રમુખ રાજાઓનું જે સન્માન કર્યું છે તે શ્લાઘનીય છે. મારી ઈચ્છા તૃપ્ત થઈ.

''માતાજી ! આ રીતે મેં જો પ્રતિષ્ઠાપૂર્વક તે બધાને અહીં ન બોલાવતા એકાંતમાં લઈ જઈને બધાની સમાન-કન્યાને પરણાવી હોત તો બહેનને પણ તેના અંતપુરમાં હજારો રાણીઓની માફક સામાન્યરૂપે રહેવું પડત, તેને હંમેશાં સપત્નીમત્સરથી ઊપજતા દુઃખનો અનુભવ કરવો પડત, પરંતુ આજે એવા ઢંગથી મેં કાર્ય કર્યું કે જેથી તે પટરાણી થઈ. આ બધી વાતોનો વિચાર ન કરતા આપ તો કહેતા હતા કે 'કન્યાને લઈ જઈને ભરતને આપો, નહિંતર હું ઘર છોડીને ચાલી જઈશ.' કહો હવે કેવું થયું ?'' નમિરાજે કહ્યું.

યશોભદ્રા દેવી નમિરાજના વચન સાંભળીને હસી પડી, કહેવા લાગી કે ''બેટા ! લોકમાં કહેવત છે કે 'સ્ત્રીઓની નજર પાની ઉપર એ શું જૂઠી વાત છે ? તમે મારો આ અવિવેક સુધારીને

ખરેખર આપણા વંશનો ઉદ્ધાર કર્યો. બહેનને પરમસુખ થયું. તે પટરાણી બની ગઈ. મને પરમ સંતોષ થયો. રાજ્યાંગ ગૌરવ વધ્યો. આ બધાનું તમે જ કારણ છો તેથી બેટા ! સુખે જીવતા રહો.''

નમિરાજ માતુશ્રીના ચરણોમાં નમસ્કાર કરી પોતાના મહેલ તરફ ગયા. માતુશ્રી આનંદથી ત્યાં બેસી રહી. બુદ્ધિસાગર પોતાનું કાર્ય બજાવીને ભરતજી પાસે ચાલી નીકળ્યા.

ભરતજીની ઈચ્છાઓ નિર્વિઘ્નરૂપે અને નિમિષ માત્રમાં પૂર્ણ થાય છે, તેને માટે પૂર્વજન્મમાં તેણે તપસ્યા કરી છે અને વર્તમાનમાં પુણ્યમય ભાવના કરી રહ્યા છે એ કારણ છે.

તેને સતત્ ભાવના રહે છે કે :–

''હે પરમાત્મા ! તમે નિમિષ માત્ર પણ દુઃખનો અનુભવ નહિ કરતા થકા સુખસાગરમાં મગ્ન છો તેથી મહાદેવ કહેવાઓ છો. હે સુખોત્તમ ! એવા અમૃતનું સિંચન કરતા થકા મારા હૃદયમાં સદાય વસી રહો.

હે સિદ્ધાત્મા ! તમે ઉત્સાહવર્ધક છો, ઉન્માર્ગમર્દક છો, ચિત્ સુખી છો, ચિત્રાર્થચરિત છો, સન્મુનિહૃદયશ્રીવત્સલ છો તેથી સ્વામી ! મને સુબુદ્ધિ આપો.''

આ ભાવનાનું ફળ છે કે કોઈપણ કાર્યમાં દુઃખનું ફળ નથી મળતું.

## ૨૦. નમિરાજવિનય સંધિ

ભરતજીને બદ્ધિસાગર મંત્રી રોજ ત્યાંથી મંગલસમાચાર મોકલતા હતા. એ જાણીને ભરતજી પ્રસન્ન થતા હતા.

એક દિવસની વાત છે કે ભરતજી પોતાના મહેલમાં સુખે બેઠા હતા. સવારનો સમય હતો. આકાશમાં અનેક વાદ્યવિશેષોના અવાજ સાંભળવામાં આવ્યા. ભરતજીએ જાણી લીધું કે ગંગાદેવ અને સિંધુદેવ આવી રહ્યા છે. જયતાંકને તેઓએ સ્વાગત માટે મોકલ્યા. બધા લોકોએ બહુ વૈભવપૂર્વક નગરમાં પ્રવેશ કર્યો. ગંગાદેવી અને સિંધુદેવીએ આવીને પોતાના ભાઈને નમસ્કાર કર્યા અને તેઓ યોગ્ય આસન પર બેસી ગયા.

ભરતજીએ હર્ષપૂર્વક પંડિતાને કહ્યું કે ''અમારી બહેનો મંગલ વખતે હાજર થઈ. જોયું ?'' પંડિતાએ ઉત્તર આપ્યો કે ''મોટાભાઈના કાર્યમાં તેઓ હાજર ન થાય તો ક્યારે હાજર થાય ? સ્વામી ! સ્ત્રીઓનો સ્વભાવ જ એવો છે કે તેઓ માને ઘરે કોઈ વિવાહાદિ મંગલ કાર્ય થાય તો તેમાં હાજર રહેવા આતુર રહે છે. તેમાં પણ જ્યારે આપનું જ ગૌરવપૂર્વક મંગલકાર્ય છે તે સાંભળીને તેઓ આવ્યા વગર કેમ રહી શકે ? જે વિવાહમાં સહોદરીઓ નથી તે વિવાહ જ નથી.'' ભરતજીએ હસીને પંડિતાને કંઈ ઈનામ આપ્યું ને બહેનોની તરફ જોઈને તેઓ કહેવા કહેવા લાગ્યા કે 'તમો થાકી ગયા હશો.'

ગંગાદેવી ને સિંધુદેવીએ કહ્યું કે ભાઈ અમે કાંઈ થાકી ગયા નથી, તમારા મહેલ તરફ આવતી વખતે પવન અનુકૂલ હતો. કાંઈ ઝંઝાવાત વગેરે નડયો નથી. જ્યારે અમે આવતા હતા ત્યારે ઘણી વ્યંતર દેવીઓ અમને હાથ જોડીને પ્રાર્થના કરતી હતી કે 'તમે મહાભાગ્યશાળી છો. ભરતરાજની બહેનો છો. તમો અમારા ઉપર કૃપા રાખજો આ રીતે આગળ જ્યારે અમે જઈ રહ્યા હતા ત્યારે કેટલીક દેવીઓ દૂરથી જ નમસ્કાર કરીને ચાલી ગઈ. એ આ રીતે છાનીમાની કેમ જઈ રહી છે ? એવી અમને શંકા થઈ. તપાસ કરતાં ખબર પડી કે આપના સેવકોએ અંકમાલા લખતી વખતે ઉદ્દંડતાના કારણે તેમના પતિઓના દાંતો તોડી નાંખ્યા હતા તેથી તેઓ છાનીમાની જઈ રહી હતી. અમને અમારા ભાઈની વીરતા ઉપર હર્ષ થયો અને તેમની મૂર્ખતા ઉપર દયા આવી.

અહીં ચક્રવર્તીની રાણીઓએ તે બન્ને દેવીઓનું સ્વાગત કર્યું અને તે બન્નેને અંદર લઈ ગઈ.આ તરફ જયતાંકે ગંગાદેવ ને સિંધુદેવનું સ્વાગત કર્યું. ગંગાદેવ અને સિંધુદેવ પણ સેનાસ્થાનની શોભાને આશ્ચર્યપૂર્વક જોતા થકા અંદર દાખલ થયા. જયતાંકે વિવાહને નિમિત્ત તે વખતે સેનાસ્થાનને સ્વર્ગપુરી સમાન શણગાર્યું હતું. ભરતજીએ તેની સાથે સરસ વાર્તાલાપ કર્યા પછી તેમને દેવોચિત મહેલમાં વિશ્રાંતિ માટે મોકલ્યા.

ગંગાદેવ અને સિંધુદેવ એમ કહી રહ્યા છે કે આપને કોઈ વાતની ખામી નથી તો પણ અમારી ભક્તિ છે કે વિવાહને વખતે આ ઉત્તમોત્તમ વસ્ત્રાભરણોને ધારણ કરો, ભરતજીને અનેક વસ્ત્રાભરણો ભેટ આપ્યા. ભરતજીએ પણ સંતોષપૂર્વક સ્વીકાર્યા. ત્યારપછી તેમને માટે નિર્મિત મહેલમાં મોકલીને

તેમના મહેલમાં ઉત્તમવસ્તુઓ મોકલવા જયતાંકને સૂચના કરી. ત્યારપછી ગંગાદેવી અને સિંધુદેવી પણ તેના યોગ્ય મહેલમાં ગયા કેમકે તે દેવીઓ હતી, માનવીય સ્ત્રીઓ હોત તો ભાઈના મહેલમાં જ રહેત. તેમને પણ યથેષ્ટ વસ્ત્રાભરણઆદિ ભેટ મોકલાવ્યા.

તે દિવસ આનંદપૂર્વક વ્યતીત થયો. રાત્રે બુદ્ધિસાગર મંત્રી ગાજતે વાજતે આવ્યા અને ચક્રવર્તીને ભક્તિથી નમસ્કાર કર્યા. બુદ્ધિસાગરની સાથે ગયેલ ઘણા વ્યંતરરાજાઓને વિદ્યાધર રાજાઓ હતા. તેઓ બધાને સમ્રાટે કુશલપ્રશ્ન પૂછયા, માગધામર, પ્રભાસાંક, હિમવંત વગેરેનાં નામો લઈને તેઓએ તેમના કુશલસમાચાર પૂછયા. અને તે લોકોએ ભરતજીને હાથ જોડીને પ્રાર્થના કરી કે ''સ્વામી ! અમે કાંઈ કહેવા માગીએ છીએ. તે સ્વીકારવું જોઈએ.'' ભરતજી વિચારમાં પડી ગયા કે તે શું કહેવાના હશે. ગમે તે હોય, તેઓ મારું અહિત નહિ કહે, પછી શું વાંધો છે. તેથી તેને કહેવા લાગ્યા કે ''સારું ! શું કહેવા માગો છો ? કહો, હું અવશ્ય સાંભળીશ.''

''સ્વામી ! બીજું કાંઈ નહિ, તે નમિરાજ બહુ અભિમાની છે. તેઓ અહીં આવવા માટે જ તૈયાર નહોતા, પરંતુ અમે કોઈપણ રીતે મનાવીને તેને હા પડાવી છે, પરંતુ આપ તેને 'નમિરાજના નામથી બોલાવજો. તે ઈચ્છતા હતા કે આપ તેની સાથે ''આપ'' શબ્દ વાપરીને બોલો, પરંતુ અમે તે વાત ન સ્વીકારી. કેવલ 'નમિરાજ' શબ્દથી સંબોધન કરવાનું સ્વીકાર્યું. તેનો આપ સ્વીકાર કરો. આપના મામાના પુત્રને માટે આટલું સન્માન તો રાખશો જ.''

ભરતજી નમિરાજનું સ્વાભિમાન જોઈને મનમાં પ્રસન્ન થયા. ખરેખર નમિરાજના હૃદયમાં ક્ષત્રિયકુલનું અભિમાન છે. તો પણ તે પ્રસન્નતા બહાર ન બતાવતા કહેવા લાગ્યા કે ''મંત્રી ! આ ષટ્ખંડમાં હું જ એકલો રાજા છું. તો શું બીજાને આ પદ મળી શકે છે ? તો હું તેને 'રાજા'ના નામથી કેમ બોલાવી શકું ? જ્યારે તે મારી આગળ આવીને નમસ્કાર કરશે ત્યારે તેનું સ્વામિત્વ કયાંથી રહેશે. આમ હોવાથી હું તેને 'રાજા' કેમ કહી શકું ?'' બધાએ પ્રાર્થના કરી કે ''આપની પટરાણીના મોટાભાઈને માટે આટલું સન્માન આપવું જ જોઈએ.'' ત્યારે ભરતજીએ કહ્યું કે ''જો કે આટલું માન દેવું તે યોગ્ય નથી, તો પણ તમારી વાત માનવી તે પણ મારું કર્તવ્ય છે. મેં તે વાત માન્ય રાખી છે.''

એવામાં ભંડારવતી આવી ને સમ્રાટને નમસ્કાર કર્યા. અને કહેવા લાગ્યા કે, ''સ્વામી ! હું દેવીને જોઈને આવી છું, ખરેખર તેનું સૌંદર્ય અપ્રતિમ છે. હવે તો તેને જોઈને આપ ષટ્ખંડરાજ્યને પણ ભૂલી જશો. તેના પ્રત્યેક અવયવમાં એવું રૂપ ભરેલું છે કે જે બીજે જોવા નહિ મળે. તે પોતાના સૌંદર્યથી સ્વર્ગીય તરુણીઓને પણ નીચું જોવડાવે છે. પુરુષોમાં આપ અને સ્ત્રીઓમાં તે એક સૌંદર્યના ભંડાર છે.'' ઈત્યાદિ પ્રકારે તેના રૂપની પ્રશંસા કરીને જવા લાગી. ભરતજીએ તેને ખાલી હાથે ન જવા દેતાં અનેક ભેટો મોકલી. એ રીતે તે રાત્રિ પણ આનંદપૂર્વક ગઈ.

બીજા દિવસના સવારની વાત છે. ભરતજી દરબાર ભરીને બેઠા હતા. એવામાં આકાશમાં અનેક વિમાન આવતા દેખાયા. તે બીજા કોઈ નહોતા. નમિરાજ અનેક રાજા ને પરિવારની સાથે વિવાહની તૈયારી કરીને આવી રહ્યા છે. અહીંથી ગયેલા ઘણાખરા ષટ્ખંડના રાજાઓ તેની સાથે હતા. પોતાની માતા અને બહેનને વિમાનમાં રાખીને અને પોતાની સ્ત્રીઓને પોતાના નગરમાં

મૂકીને આવ્યા છે. એમાં રાજ્યાંગ રહસ્ય હતું. તેને ખબર હતી કે ભરતજી મને હવે સન્માનની દૃષ્ટિથી નહિ જુએ, તેથી તેની સ્ત્રીઓ પણ મારી સ્ત્રીઓને હીન દૃષ્ટિથી જોશે. આવા વિચારથી પોતાની સ્ત્રીઓને પોતાના નગરમાં જ રાખી આવ્યા. જો બંધુઓને સમોવડિયાની દૃષ્ટિએ જુએ તો તેને મળવું ઠીક છે. જે સેવકોની સમાન બંધુઓને જુએ છે તેમને મળવું કદાપિ ઉચિત નથી.

આકાશમાં આવતા નમિરાજે ચક્રવર્તીના સેનાસ્થાનનું સૌંદર્ય જોયું, અનેક તોરણોથી શણગારેલા મંદિર, જુદીજુદી જાતની શોભાઓથી શોભિત અડતાલીસ ગાઉ પ્રમાણ સેનાસ્થાન, રત્નનિર્મિત મહેલ, અન્ય દુર્લભ સુગંધ સામગ્રી વગેરે જોઈને નમિરાજ આશ્ચર્ય ચકિત થયા. મનમાં વિચારવા લાગ્યા કે વચ્ચે જ્યાં મુકામ કર્યો છે ત્યાં આટલો વૈભવ છે તો પછી એની સાક્ષાત્ નગરીમાં કેવો વૈભવ હશે. ખરેખર તે ભાગ્યશાળી છે, સાક્ષાત્ દેવેન્દ્ર પણ એની બરાબરી કરી નથી શકતા. પ્રત્યક્ષ જોયા વિના કોઈ વાત જણાતી નથી. મેં નાહક ગર્વ કર્યો. એની સંપત્તિ જોતાં મને ધિક્કાર છે. ''કુલમાં હું એનાથી ઊતરતો નથી'' એવા ગર્વમાં હું હજુ સુધી રહ્યો. શું હું એની બરોબરી કરી શકું છું ? એની સાથે મેં નકામો છલ કર્યો. હવે હું મારી બહેનને જલદી તેને આપીને વિવાહ કરી નાખીશ. મારી બહેનનું ભાગ્ય પણ અપ્રતિમ છે. એવા વિચારથી નમિરાજનું મસ્તક ભરાઈ ગયું. યશોભદ્રા દેવીનો હર્ષ પણ પોતાના જમાઈનાં ભાગ્યને વિમાનમાંથી જોઈને સમાતો નહોતો.

નમિરાજ વિમાનમાંથી ઊતરીને ચક્રવર્તીના મહેલ તરફ જઈ રહ્યા છે. ચક્રવર્તીએ પણ તેનું સ્વાગત કરવા માટે મંત્રી વગેરે પ્રમુખ પુરુષોને મોકલ્યા. તેઓએ જઈને બહુ સંતોષપૂર્વક નમિરાજનું સ્વાગત કર્યું. નમિરાજ બધાની સાથે બહુ હર્ષપૂર્વક મહેલ તરફ આવી રહ્યા છે. તે પણ પરમ સુંદર છે. બહુ વૈભવપૂર્વક આવી રહ્યા. તેણે દૂરથી ચક્રવર્તીને જોયા, દરબારમાં દાખલ થયા.

વેત્રધારી લોક ભરતજીને કહે છે કે હે રાજાધિરાજ માર્તંડ ! જુઓ, નમિરાજ આપની પાસે આવી રહ્યા છે. આપના મામાના પુત્ર નમિરાજ આવી રહ્યા છે. સમ્રાટ ગાયન વગેરે બંધ કરાવીને તેની તરફ જોયું. નમિરાજે અનેક ભેટો સમર્પીને ચક્રવર્તીને નમસ્કાર કર્યા. સમ્રાટે હર્ષપૂર્વક તેને આલિંગન કર્યું અને પોતાના સિંહાસનની પાસે જ બીજું એક આસન નંખાવ્યું. તેનાપર નમિરાજ બેસી ગયા. બીજા સહચરોને પણ યોગ્ય આસન આપવામાં આવ્યાં. ત્યાર પછી સમ્રાટ કહેવા લાગ્યા કે નમિરાજ ! 'ઘણા દિવસ પછી તમારા દર્શન થયાં, આજે અમને હર્ષ થયો છે.' ઉત્તરમાં નમિરાજ કહેવા લાગ્યા કે 'ભાવાજી ! આપ એમ કેમ કહી રહ્યા છો કે 'લાંબા કાલે મારા દર્શન થયા.' પણ ખરી રીતે મને ઘણા કાલે સદ્‌ભાગ્યે આપના દર્શન થયા. ખરેખર તે વખતે નમિરાજનો હર્ષ સાગર ઊછળી રહ્યો હતો, કારણ કે સમ્રાટે તેને રાજાના નામથી બોલાવ્યા હતા. એને હર્ષ કેમ ન થાય ? તેને હર્ષ થવો સાહજિક છે. તેનું આસન નાનું હોવા છતાં પણ તેનું માન નાનું નહોતું.

ભરતજીઃ– 'નમિરાજ ! મને જોવાની ઈચ્છા તેં ન કરી પરંતુ તને જોવા માટે મેં અનેક તંત્રો રચ્યા, કેમકે સ્નેહપદાર્થ જ એવો છે. તે બધુંય કરાવે છે.'

નમિરાજઃ- ''શું આપની તરફ મારો પ્રેમ નથી ? આપને મળવાની મારી ઈચ્છા નહોતી થતી ? જરૂર થતી હતી, પરંતુ આપના ભાગ્યનો મહિમા સાંભળીને હું ડરતો હતો કે હું આપને કેમ

મળું ? તેથી હું દૂર જ રહ્યો હતો. શું એ આપ નથી જાણતા ? ભાવાજી ! આપ એ સારી રીતે જાણો છો કે લોકમાં ગરીબ વ્યક્તિ શ્રીમંતોને પોતાના બંધુ કહે તો લોક બધા હસે છે. જો શ્રીમંત ગરીબને પોતાનો બંધુ કહે તો તેની શોભા વધે છે. મોટા માણસ જેમ બોલે તેમ ચાલે. તેને માટે કોઈ વાંધો નથી તેથી હું પર્વત ઉપર જ રહ્યો. જ્યારે આપની આજ્ઞા થઈ ત્યારે જલદી અહીં આવ્યો.''

ભરતજીઃ– ''નમિરાજ ! તું બોલવામાં મહા ચતુર છો, શાબાશ !'' ચક્રવર્તી હર્ષપૂર્વક તેની તરફ જોઈ રહ્યા.

નમિરાજ– ''સ્વામી ! બોલવાની ચતુરાઈ આપમાં છે કે મારામાં એ પાસે રહેલા રાજાઓને જ પૂછી લ્યો. મોરના ઈંડાને ચીતરવું પડે નહિ (જે પ્રત્યક્ષ છે તેના પ્રમાણની શી જરૂર)

એવામાં માગધામરઆદિ પ્રમુખપુરુષો કહેવા લાગ્યા કે ખરેખર અમારા સ્વામી બોલવા ચાલવામાં ચતુર છે, પરંતુ તે પોતે જ જ્યારે આપને ચતુર કહે છે ત્યારે આપ પણ ચતુર હો એમાં કોઈ શંકા નથી.''

ભરતજી- ''નમિરાજ ! તમે મારા મામાના પુત્ર થવાને સર્વથા યોગ્ય છો, ગુણાન્વિત છો, ભાવ જાણવાવાળા છો, અનેક વાતો કહેવાથી શું ? તું રાજા કહેવા માટે સર્વથા સમર્થ છો. હું ચક્રરત્ન પ્રાપ્ત કરીને પરાક્રમથી જીવન વ્યતીત કરી શકું છું અથવા કરી રહ્યો છું, પરંતુ તું ક્ષાત્રાભિમાનને કાયમ રાખીને તેના તેજથી અહીં આવ્યો છે. તું જ ખરેખર વિક્રમાન્વય શુદ્ધ છો. કોઈ પણ વાતને મૂકવામાં કે ગ્રહણ કરવામાં, લેવાદેવામાં, શરીર સૌંદર્ય, બોલવું, ચાલવું વગેરે વાતોની ક્ષત્રિયોમાં કાંઈ વિષેશતા રહેવી જોઈએ. પોલેપોલી વાત ઉપર હું પ્રસન્ન થતો નથી, તમારી વૃત્તિએ મારા મસ્તકને ડોલાવી દીધું.''

એવામાં નમિરાજે અનેક ઉત્તમોત્તમ વસ્ત્રાભરણો સમ્રાટની સામે ભેટમાં મૂક્યા.

ભરતજી ફરીને કહેવા લાગ્યા કે ''જ્યારે હું તારી ઊપર પ્રસન્ન થયો છું ત્યારે તું મને ભેટ કેમ આપી રહ્યો છો. મારે તને આપવી જોઈએ.''

નમિરાજ કહેવા લાગ્યા કે ''તમારા વચનોથી મારું હૃદય પીગળી ગયું તેથી વિનયની નિશાનીમાં તેનો સ્વીકાર કરવો જોઈએ.'' ત્યારપછી ભરતજીએ આવેલા બંધુઓનું બેવડું સન્માન કર્યું. નમિરાજને પણ વિશેષ ઉપહાર દેવામાં આવ્યા.

બુદ્ધિસાગરે પ્રાર્થના કરી કે સ્વામી ! કાલે અમે વિવાહમંગલનો આનંદ માણશું આજ આ બધાને આરામ કરવાની આજ્ઞા કરવી જોઈએ. તે પ્રમાણે ભરતજીએ બધાને દરબારમાંથી વિદાય આપી. બધાને જવાનો ઈશારો કરીને પોતે પણ મહેલ તરફ ગયા. ચક્રવર્તી થોડાક દૂર ગયા પછી એક દાસીએ આવીને કાનમાં કહ્યું કે સ્વામી ! નમિરાજ એકલા જ આવ્યા છે. એની દેવીઓને ત્યાં જ મૂકીને આવ્યા છે. સમ્રાટ ત્યાંજ ઊભા રહ્યા અને નમિરાજને બોલાવા મોકલ્યા. નમિરાજને એકલા જ આવવાનો ઈશારો કરવાથી તે એકલા જ પાસે આવ્યા. બાકીના નોકર, ચાકર બધા દૂર ચાલ્યા ગયા. સમ્રાટે નમિરાજનાં કાનમાં કહ્યું કે નમિરાજ તમે અહીં આવ્યા તે બહુ સારું કર્યું, પણ તું તારી

સ્ત્રીઓને તારા ગામમાં જ મૂકી આવ્યો તે સારું ન કહેવાય. ઉત્તરમાં નમિરાજે કહ્યું કે ''માતાજી આવ્યા છે, બહેનોને લઈને આવ્યો છું તો તેમની શી જરૂર છે ? તેથી તેને ત્યાં રાખીને આવ્યો છું. આપને ક્યા વૈભવની ખામી છે ?''

ભરતજી કહેવા લાવ્યા કે ''તું મારી સાથે નકામા બહાના ન બતાવ. મારી બહેનોને મને જોવાની ઈચ્છા થઈ છે. તેના આવ્યા વિના વિવાહ શોભશે નહિ. નમિરાજ જરા અચકાયા. ફરી સમ્રાટ કહેવા લાગ્યા કે નમિરાજ ! આ રીતે ભેદભાવ રાખીને કેમ વિચારો છો ? મારી બહેનોને મારે મળવું છે. આજ રાત્રે જ તેમને બોલાવી લઈશ. તું અહીં આવ્યો, મામીજી આવ્યાં. હવે કેવલ મારી બહેનોને જ ત્યાં રાખી આવ્યો ? તેમના મનમાં કોણ જાણે શું વિચાર આવતા હશે, મનમાં કેટલું દુઃખ થતું હશે ? અમારી સ્ત્રીઓને તેઓ બે દહાડા મળીને પ્રસન્ન થઈ જાત. સ્ત્રીઓને આવા કામમાં ખૂબ હર્ષ થાય છે તેથી જરૂર બોલાવો.'' એટલું કહીને સમ્રાટ મહેલ તરફ ચાલ્યા ગયા. નમિરાજ પણ પોતાને માટે ખાસ બનાવેલા મહેલ તરફ ચાલ્યા ગયા.

નમિરાજના મહેલને પહેલેથી જ સમ્રાટે ભોગોપભોગ સામગ્રીઓથી ભરી દીધો હતો. ચક્રવર્તીએ મહેલમાં જઈને ભોજન કર્યું. નમિરાજ પણ ભોજન આદિ ક્રિયાઓથી પરવાર્યા આ રીતે તે દિવસ સુખથી વ્યતીત થયો.

પાઠક જુએ કે નમિરાજ ચક્રવર્તીની પાસે આવવામાં સંકોચાતો હતો. અભિમાનથી પોતાની બહેનને સમ્રાટને દેવા માટે પણ તૈયાર ન હોતો. પરંતુ સમ્રાટ પુણ્યશાળી છે. તેના સાતિશય પુણ્યના પ્રભાવથી ગમે તેટલું કઠોર હૃદય કેમ ન હોય પણ તે પીગળી જાય છે, તેમને સુખના ને સુખના જ પ્રસંગો આવે છે. હવે પછીના પ્રકરણમાં પાઠક સુભદ્રા કુમારીની સાથે ભરતજીના વિવાહ થવાના મંગલપ્રસંગના દર્શન કરશે. ભરતજી સદા સંસારમાં પણ સાતિશય સુખ મળે એવા પ્રકારની આત્મભાવના કરે છે. તેના હૃદયમાં સદાયે આત્મવિચાર વર્તે છે.

''હે પરમાત્મા ! જે વ્યક્તિ હૃદયથી તમને દેખે છે તેને તમે અવિચ્છિન સુખ આપો છો. તે સુખ અનુપમ છે. કેમકે તમે સુખ સાગર છો. તેથી તમે સદા અચળ રૂપે મારા હૃદયમાં વર્ત્યા કરો.''

''હે સિદ્ધાત્મા ! આપની ઉપાસના કરનારી વ્યક્તિ અનેક સિદ્ધિઓ સાધીને અંતે સંસિદ્ધિ (મુક્તિ) રૂપી યુવતીની સાથે વિવાહ કરી લીએ છે, જેવી રીતે આપે કર્યા છે. તેથી હે ભવ્યબાંધવ ! અગણિત સુખો પ્રાપ્ત કરવા યોગ્ય સુબુદ્ધિ આપો.''

આ ભવ્યભાવનાનું ફળ એ છે કે તેમને વારંવાર સુખ સાધનોની પ્રાપ્તિ થતી રહે છે.

## ૨૧. વિવાહસંભ્રમ સંધિ

નમિરાજ, પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે જ્યારે સમ્રાટે પોતે તેમને પોતાની સહોદરીઓના નામથી સંબોધ્યા તો એવી સ્થિતિમાં પોતાની સ્ત્રીઓને ન લાવવી તે યોગ્ય નથી. તે વખતે તેમને બોલાવવાની વ્યવસ્થા કરવામાં આવી. વિનમિરાજની માતા શુભ દેવી, તેમની પાંચસો દેવીઓ સાથે આવી અને નમિરાજની આઠ હજાર રાણીઓ પણ આવી ગઈ, બધાનું સ્વાગત કરવામાં આવ્યું.

યશસ્વતી દેવી જે ભરતજીની માતા છે તેમના ભાઈ કચ્છરાજા છે. સુનંદા દેવીના ભાઈ મહાકચ્છ છે. બન્ને સુખી છે. કચ્છરાજને નમિરાજ અને સુભદ્રાદેવી. તેમજ મહાકચ્છને ઈચ્છા મહાદેવી અને વિનમિરાજ, એ રીતે બન્ને રાજાને બબ્બે સંતાન છે. કામદેવ બાહુબલિના સાથે ઈચ્છા મહાદેવીનો વિવાહ થયો છે. તે પૌદનાપુરમાં સુખેથી પોતાનો સમય વ્યતીત કરી રહી છે, સુભદ્રાની સાથે આજે ભરતજીના વિવાહની તૈયારી થઈ રહી છે તેથી આ મંગલ પ્રસંગે બધા લોકો અહીં એકત્ર થયા. બધા લોક અહીં આવી ગયા છે એમ જાણીને ભરતજીને પરમ હર્ષ થયો. તેઓએ વિવાહની તૈયારી કરવા માટે આજ્ઞા આપી.

વિવાહ સમારંભના પ્રસંગે સેનાસ્થાન શણગારવામાં આવ્યું હતું. એક નવીન જિનમંદિરની રચના થઈ. ત્યાં બહુ સંભ્રમપૂર્વક પૂજાવિધાન થવા લાગ્યા. કરોડો પ્રકારના વાજિંત્રો સાથે શુદ્ધમંત્રોચ્ચારણપૂર્વક પૂજાવિધાન ચાલી રહ્યું હતું. ભરતજી ભક્તિથી તે બધું જોઈ રહ્યા હતા. પૂજાવિધાન થયા પછી વિપ્રોને અભ્યંગપૂર્વક અનેક પ્રકારનું ભોજન કરાવીને તૃપ્ત કર્યા. અને ઉત્તમોત્તમ વસ્ત્રાભરણો દાનમાં દીધા. સમ્રાટને કઈ વાતની ખામી છે ?

''સતી સુભદ્રાદેવી અને પતિ ભરતેશ બહુ સુખપૂર્વક ચિરકાલ જીવતા રહો.'' એ રીતે દાન લેતી વખતે વિપ્રોએ આશીર્વાદ આપ્યા. આ રીતે અન્ય શ્રેષ્ઠીવર્ગ, વેશ્યાઓ, પરિવાર વગેરે બધાને પરમાન્નથી સમ્રાટે તૃપ્ત કર્યા. સેનાસ્થાનની પ્રત્યેક ચાલીમાં ભોજનની તૈયારી થઈ. સેનાના દરેક બચ્ચાંને ભોજન કરાવીને સંતુષ્ટ કર્યા. સ્થળે સ્થળે વસ્ત્રોનાં પહાડ જ ખડકી દીધા હતા. જેને જોઈએ તે લઈ જાય. તાંબૂલ, કપૂર, એલચી વગેરે પર્વતોની સમાન ઢગલે ઢગલા કરી રાખ્યા હતા. જે મહેલમાં જમી શકતા હતા તેને મહેલમાં જમાડયા. બીજા લોકોને સ્થળે સ્થળે રસોડાં બનાવીને ભોજન કરાવ્યાં, અને જે અસ્પૃશ્ય હતા તેમને પકવાન મીઠાઈ વગેરે આપવામાં આવ્યા. અને તેઓ પોતાને ઘરે લઈ ગયા. એટલું જ નહિ હાથી, ઘોડા વગેરે જે સેનામાં સજીવ યુદ્ધસાધન હતુ તેમને પણ તૃપ્ત કર્યાં. પરિવારને સંતુષ્ટ કર્યા.

વ્યંતરોને દિવ્યવસ્ત્રાભૂષણોથી સંતુષ્ટ કર્યા. નરપતિ, ખગપતિ, વ્યંતરપતિ વગેરે પોતાના મિત્રોનો યથેષ્ટ સત્કાર કર્યો. હજાર રાજકુમારોને પોતાના મહેલમાં બોલાવીને ભોજન કરાવ્યું, અને તેમનો સત્કાર કર્યો. પોતાની બહેન ગંગાદેવી અને સિંધુદેવીનો યથેષ્ટ સત્કાર કર્યો, સાથોસાથ દેવપરિવાર જનોનો પણ સત્કાર કર્યો. પોતાની બન્નેમામી અને નમિરાજનું તેઓએ જે વૈભવથી સન્માન કર્યું તેનું શું વર્ણન થઈ શકે છે ? નમિરાજની દેવીઓનું પણ સન્માન કર્યું. વિશેષ શું ? અડતાલીસ ગાઉ પરિમિત તે સ્થાનમાં રહેલા પ્રત્યેક પ્રાણીને સમ્રાટે તૃપ્ત કર્યા. પરંતુ મુનિભુક્તિ

માત્ર ન થઈ શકી. તેનું ભરતજીના મનમાં જરૂર દુઃખ થયું, તો પણ તેઓએ પોતાની ઉત્કટ ભાવનાથી એ કાર્ય પણ પુરું કર્યું.

આ રીતે ચક્રવર્તીનું કાર્ય જોઈને સાસુના હૃદયમાં ઘણો હરખ થયો. મનમાં વિચારવા લાગી કે આવા મહાપુરુષના મહેલમાં જનારી મારી પુત્રીને ધન્ય છે.

આ રીતે સવારમાં ખૂબ આનંદપૂર્વક ભોજનાદિ કાર્ય થયું. ત્યારપછી બપોરે ચક્રવર્તીએ બધાને આનંદથી વસંતોત્સવ અને કુંકુમોત્સવને મનાવવાનો આદેશ આપ્યો.

ત્યારપછી ગંગાદેવ અને સિંધુદેવ બન્ને નમિરાજના મહેલપર ગયા અને સહોદરીને માટે ઉચિત દિવ્યવસ્ત્રાભરણો આપીને ચાલ્યા ગયા. તે જોઈને ગંગાદેવી અને સિંધુદેવીને પણ તીવ્ર ઈચ્છા થઈ કે અમે પણ ભાભીને કાંઈક ભેટ આપીએ. તેઓએ પોતાના પતિરાજને પૂછ્યું. ઉત્તરમાં ગંગાદેવી અને સિંધુદેવે કહ્યું કે જો તમારા ભાઈ આજ્ઞા આપે તો તમે જઈ શકો છો. તે વખતે ગંગાદેવી અને સિંધુદેવી બન્ને મળીને ભાઈ પાસે આવી અને કહેવા લાગી કે ભાઈ ! વિવાહ માટે શણગારેલી કન્યાને અમારે જોવી છે. રજા મળવી જોઈએ. ત્યારે ભરતજીએ કહ્યું કે તમોએ આવી શું ધમાલ મચાવી છે ? રાત્રે વિવાહમંડપમાં તમે જોઈ શકો છો. બીજાના ઘરમાં વગર બોલાવે જવું શું ઉચિત છે ?

ભાઈ પારકું ઘર કેવું ? આ ગગનવલ્લભપુર તો નથી. આપણા નગરમાં આવીને તેઓએ પોતાના મહેલમાં મુકામ કર્યો છે. તો તે પારકું ઘર શાનું ?

એમ નહિ બહેન ! બીજા જ્યારે પોતાને બોલાવે નહિ ત્યારે પોતાની મેળે જ ત્યાં જઈએ તો તેમાં આદર પામીએ નહીં. તે કહી શકે કે અમે ક્યાં બોલાવ્યા હતા ? તમો શા માટે આવ્યા ? તેથી પોતાની પ્રતિષ્ઠા ઓછી થાય છે.

ભાઈ ! તમે અમને આદરની દૃષ્ટિથી જોઈ તો અમને દુનિયાનું સન્માન મળી ગયું. જો તમે આદર ન કર્યો તો અમારી કિંમત એની મેળે જ મોળી પડી જાય છે. તેથી તેઓ શું કરી શકશે. અમને તેના સન્માનનું શું પ્રયોજન છે ? વિશેષ શું ? ષટ્ખંડાધિપતિ અમારા ભાઈની ભાગ્યશાળી ભાવિ પટરાણી, એવી અમારી ભાભીને જોવાની ભવ્યભાવના અમારામાં થઈ છે. તેથી અમને રજા મળવી જોઈએ.

ભરતજીએ બહેનોની ઘણી આતુરતા જોઈ. તેઓએ કહ્યું કે સારું ! જો તમારી તીવ્ર ઈચ્છા હોય તો એકવાર જઈ આવો. ત્યારે તેમને બહુ આનંદ થયો. તે બન્ને બહેનો તે વખતે નમિરાજના મહેલમાં ગઈ. યશોભદ્રા દેવીને ખબર પડી કે ભરતજીની બહેનો મળવા માટે આવી રહી છે. ત્યારે દેવીએ સેવિકાઓ દ્વારા તે બન્ને બહેનોનાં પગ ધોવરાવ્યા અને યોગ્ય આસન આપીને બેસવાનું કહ્યું. પરંતુ તે બહેનોએ કહ્યું કે અમે અહીં નહિ બેસીએ. અમારી ભાભી ક્યાં છે ? તેની પાસે જઈને અમે બેસીશું. ત્યારે યશોભદ્રાદેવી તેમને ઉપલા મહેલમાં લઈ ગઈ. ત્યાં અનેક સ્ત્રીઓની વચ્ચે આનંદથી બેઠેલી તે સુભદ્રાદેવીને જોઈ, યશોભદ્રાએ પુત્રીને કહ્યું કે બેટી ? તમારા રાજા ભરતજીની બહેનો આવી છે. તેમને મળો. ત્યારે સુભદ્રાદેવીએ ઊઠીને બન્નેને આલિંગન કર્યું. ત્યાર પછી ત્રણે મળીને ત્યાં બેસી ગયા. પાસે યશોભદ્રાદેવી પણ બેસી ગઈ.

સુભદ્રાદેવીની બોલચાલ, હાવભાવ જોઈને ગંગાદેવી અને સિંધુદેવીએ મનમાં વિચાર કર્યો કે ખરેખર આ સામાન્ય કન્યા નથી, સમ્રાટની પત્ની થવા યોગ્ય છે. આ ચક્રવર્તીને મોહિત કર્યા વિના નહિ રહે. એનો શણગાર, અલંકાર, સૌંદર્ય વગેરે દેવાંગનાઓને પણ નીચું જોવડાવે છે. મનુષ્ય સ્ત્રીઓની તો વાત જ શી ? સુભદ્રાદેવીના પ્રત્યેક અવયવના આભરણ અત્યંત શોભે છે. અનેક સખીઓ તેની સેવામાં હાજર છે. તાંબૂલદાન આદિ કાર્યમાં સદા લાગેલી દેખાય છે. તે સુભદ્રાદેવી બહુ ગંભીરતાથી તે દેવાંગનાઓ તરફ જોઈને બેઠી છે.

દેવીઓએ પ્રશ્ન કર્યો કે અમારા ભાઈના ચિત્તને હરી લેવાવાળાં શું તમે સુભદ્રા છો ? સુભદ્રાદેવી કાંઈ પણ ઉત્તર આપ્યા વિના જરાક હસી. જાણે કે તે મૌનથી એમ કહી રહી હોય કે એ કઈ મોટી વાત છે ? ફરી તે પ્રશ્ન કરવા લાગી કે શું આ તિલક ભરતજીના મનને પસંદ કરશે ? શું આ વેણી જ સમ્રાટને મોહ ઉપજાવશે ? બોલો દેવી ! તમે મૌન કેમ બેઠા છો ? ત્યારે સુભદ્રાદેવીએ લજ્જાથી મસ્તક હલાવ્યું. તે બન્ને વારંવાર તેને બોલાવવાની કોશિષ કરતી હતી, પરંતુ તે લજ્જાથી બોલતી નહોતી. વળી તેને ચીડવવા માટે કહેતી હતી કે આ સુંદરી તો જરૂર છે, પરંતુ સરસ નથી કેમકે જ્યારે તે અમારી જેવી સ્ત્રીઓ સાથે નથી બોલતી ત્યારે પોતાના પતિ સાથે કેમ બોલશે ? કેવલ સુંદરી બનવાથી શું થયું ? જોવામાં સુંદર દેખાતાં ફળો જો સરસ ન હોય તે શું કામના ?

ત્યારે મધુવાણી કહેવા લાગી કે, ''તે આજ નહિ બોલે. કાલે અથવા પરમદિવસે તમે આવીને જોજો. તમોને એક બે વાતમાં જ નિરુત્તર કરી દેશે. તો તમે શા હિસાબમાં ! આપના ભાઈની ચતુરાઈ પણ અમારી દેવી આગળ કાંઈપણ નહિ ચાલે. તેમને પણ કોઈ કોઈ વખતે નિરુતર કરી દેશે. અમારી દેવીની બહુ ચતુરાઈ આગળ બીજાું ચાતુર્ય નહિ ચાલે. આજ રહેવા દ્યો.

ત્યારે ગંગાદેવી અને સિંધુદેવીએ કહ્યું કે ''મધુવાણી ? ઠીક છે. કદાચ આ સુભદ્રાદેવીનો નિયમ હશે કે પોતાના પતિ સિવાય બીજા કોઈની સાથે પણ ન બોલવું તેથી મૌન બેઠી. છે. સારું ! અમે જઈને ભાઈને કહી દેશું.''

ત્યારે યશોભદ્રાએ કહ્યું કે જવા દ્યો. તમારા ભાઈ અને તમને આ કન્યા કેવી રીતે જીતી શકે ? તેથી નકામો તેને બોલાવવાનો પ્રયત્ન આમ કેમ કરી રહ્યા છો. તમારા ભાઈ આ લોકમાં સર્વ શ્રેષ્ઠ છે. અને આપ દેવ સ્ત્રીઓ છો ! તમોને વાતોથી કોણ જીતી શકે ? તેથી તમો મારી કન્યા સાથે પ્રેમથી મળતા રહો એમ અમે ઈચ્છીએ છીએ.

આ રીતે વિનયવિનોદ કરીને તે બન્ને બહેનો જવા લાગી. જતી વખતે બન્ને બહેનોએ સુભદ્રાકુમારીની અંગૂઠી જોવા ઈચ્છતાં તેણે સહજ કાઢી આપી. ત્યારે તે બન્ને કહેવા લાગી કે આ તમારી પ્રેમ નિશાની તરીકે લઈ જઈને અમે અમારા ભાઈને આપીશું. ત્યારે તેણે બન્નેને પોતાના બન્ને હાથોથી પકડીને બેસાડી દીધી. ખરેખર તેની શક્તિ અપાર હતી. લોકની સમસ્ત સ્ત્રીઓ મળવાથી પણ ચક્રવર્તીને સ્ત્રીરત્ન સિવાય સંતોષ નથી થતો. આ સુભદ્રા સ્ત્રીરત્ન છે. શક્તિમાં તેની બરાબરી કોણ કરી શકે. તેણે તે દેવાંગનાઓનાં હાથમાંથી અંગૂઠી ઝુંટી લીધી.

તેનું સામર્થ્ય જોઈને તે દેવીઓને પણ આશ્ચર્ય થયું. ઉત્તરમાં તેઓ કહેવા લાગી કે કુમારી તમારા ઘરમાં તમે આટલી શક્તિ દેખાડી રહ્યા છો. હાલ જવા દ્યો. અમારા ભાઈના મહેલમાં આવો ત્યાં જોઈશું કે તમારું સામર્થ્ય કેટલું છે ? આ પ્રકારે વિનોદ વાર્તાલાપ કરતી થકી જવા લાગી, ત્યારે યશોભદ્રા દેવીએ અનેક મંગલપદાર્થો આપીને તેમનો સત્કાર કર્યો.

ત્યાંથી નીકળીને બન્ને દેવીઓ ભાઈની પાસે ગઈ. ત્યાં જઈને તેઓએ સુભદ્રાકુમારીની ખૂબ પ્રશંસા કરી. ભાઈ તેનું રૂપ શૃંગાર અને ગાંભીર્ય વગેરે જાણીને આશ્ચર્ય પામ્યા. ઉત્તરમાં ભરતજી કહેવા લાગ્યા કે કોણ જાણે તમે નકામી પ્રશંસા કરી રહ્યા છો. ત્યારે દેવીઓએ કહ્યું કે 'ભાઈ ! એમાં જરાય શંકા નથી. તે સ્ત્રીઓમાં રત્ન સમાન છે, તેનું સામર્થ્ય અપાર છે. ભાઈ ! અમારું ચિત્ત પ્રસન્ન થયું. આ ઘણો મોટો ઉત્સવ છે. આવા ટાણે માતુશ્રી હોત તો ઘણો આનંદ થાત.'

ઉત્તરમાં ભરતજી કહેવા લાગ્યા કે ''બહેન ! હું પણ એમ જ વિચારતો હતો. માતાજીને આ વખતે વિમાન મોકલીને બોલાવી લેત પરંતુ એમાં એક વિઘ્ન ઊભું છે. માતાજીને બોલાવતી વખતે મારી નાનીમાં સુનંદાદેવીને પણ બોલાવવી જોઈએ. એમના આવવાની પણ જરૂર છે. પરંતુ બાહુબલી તેમને મોકલવા રજા નહિ આપે, કેમકે મારા ભાઈનું હૃદય કેવું છે તે હું જાણું છું. તેથી તમે સંતોષ રાખો. આજ જવા દ્યો.'

રાત્રિ થઈ ગઈ. પૂર્ણિમા હોવાથી શુભ્રચાંદની ફેલાઈ રહી છે. તે વખતે નરલોક જ્યોતિર્લોક જેવો લાગતો હતો. સેનાસ્થાનમાં વિવાહ સમારંભની તૈયારી થઈ રહી હતી. સેનાના પ્રત્યેક અંગનો શૃંગાર રચવામાં આવ્યો હતો. હાથી, ઘોડા વગેરે શણગારવામાં આવ્યાં હતાં. સર્વત્ર આનંદને આનંદ થઈ રહ્યો હતો. એક તરફ આ ખુશાલીમાં વિદ્યાધર દેવીઓ આકાશમાં નાચતી હતી, તો બીજી તરફ ભૂચરીદેવીઓ ભૂમિ ઉપર નાચતી હતી. કરોડો પ્રકારનાં વાજિંત્રો વાગી રહ્યા હતાં. સુભદ્રાકુમારીને અનેક દેવીઓએ મળીને વિવાહોચિત શૃંગારથી શણગાર્યાં. ભરતજી પણ દેવેન્દ્ર સમાન અનેક ઉત્તમોત્તમ વસ્ત્રાભરણોથી અલંકૃત થયા. સર્વત્ર તેમનો જયજયકાર થઈ રહ્યો છે.

ભરતજીનું પુણ્ય બીજાઓથી અસદશ છે. તેમને હરવખતે આનંદ અને મંગલનો પ્રસંગ આવ્યા કરે છે. તેઓ સંસારમાં પણ સુખનો અનુભવ કરે છે. તેમની સેવામાં રહેનારા સેવકોને પણ જ્યારે દુઃખ નથી તો પછી તેમને પોતાને તો કઈ વાતનું દુઃખ હોય ! જેવી રીતે દીવો બીજાને પણ પ્રકાશે છે અને પોતે પણ પ્રકાશે છે તેવી રીતે ભરતજી પોતે સુખ ભોગવે છે બીજાને પણ સુખ આપે છે. તેઓ પરમાત્મા પાસે પ્રાર્થના કરે છે કે :–

''હે પરમાત્મા ! તમે સ્વયં સુખી છો અને બધા લોકોને સુખી કરો છો કેમકે તમે સુખ સ્વરૂપ છો તેથી મારા હૃદયમાં સદા વર્ત્યા રહો.''

'' હે સિદ્ધાત્મા ! મુક્તિ લક્ષ્મીની સાથે વિવાહ કરવા પહેલાં તમે લોકોને મૃદુ મધુર અને ગંભીર ધર્મામૃત પાનથી સંતુષ્ટ કરો છો. હિતોકિત દ્વારા સંસારના સમસ્ત પ્રાણીઓને તૃપ્ત કરો છો તેથી હે પરમવિરક્ત ! મને વ્યક્તમાર્ગનું પ્રદાન કરો.''

આ ભાવનાનું ફળ છે કે તેઓ સદા સુખ ભોગવે છે અને બીજાઓને પણ સુખ આપે છે.

## ૨૨. સ્ત્રીરત્નસંભોગ સંધિ

વિવાહની બધી તૈયારીઓ થઈ ચૂકી છે. કરોડો પ્રકારના વાજિંત્રો વાજતે ગાજતે, કન્યા વિવાહમંડપમાં આવીને દાખલ થઈ ત્યાં સુંદર અલંકૃત અક્ષતવેદી પર આવીને કન્યા ઊભી રહી. અનેક વિપ્રજન મંગલમંત્ર બોલી રહ્યા છે. સમ્રાટ પણ વિવાહોચિત પહેરવેષ પહેરીને પોતાના પરિવારની સાથે આવી રહ્યા છે. ત્યાં તેઓ વિવાહ મંડપમાં પ્રવેશ કરીને પોતાને માટે નિર્મિત અક્ષતવેદીપર ઊભા રહ્યા. વર અને વધૂ વચ્ચે એક સુંદર પડદો છે. દ્વિજોએ મંગલાષ્ટક ભણવાનું શરૂ કર્યું. દ્વિજોએ ઉત્તમ મંત્રોનું ઉચ્ચારણ કરતા થકા તે દંપતીને મોતીઓનું તિલક કર્યું. મંગલાષ્ટક પુરું થયા પછી મંગલકૌશિક રાગમાં ગાયન કરવા લાગ્યાં. ત્યારપછી જ્યારે પલમંજરિ રાગમાં ગાઈ રહ્યા હતા ત્યારે તેમની વચ્ચેનો પડદો એકદમ લઈ લેવામાં આવ્યો, નમિ, વિનમિ અને સિંધુદેવ, ગંગાદેવ, વગેરે રાજાઓએ સુભદ્રાદેવીને પુષ્પમાલા નાંખવા કહી, તે પ્રમાણે સુભદ્રાદેવીએ સમ્રાટના ગળામાં માલા પહેરાવી. તે વખતે સમ્રાટને એટલો બધો હર્ષ થયો કે જાણે ત્રણલોકનું ભાગ્ય જ તેના ગળામાં આવી ગયું હોય ! સમ્રાટ સ્વભાવથી સુંદર છે. તેમાં વળી તેઓએ દેવલોકનાં વસ્ત્રાભરણો ધારણ કર્યાં છે. જે વખતે તેના ગળામાં પુષ્પમાલા પહેરાવવામાં આવી તે વખતનું વર્ણન તો શું કરીએ. ચારે ભાઈઓએ મળીને સમ્રાટના હાથની સાથે સુભદ્રાદેવીનો હસ્તમેળાપ કર્યો. ત્યારે મધુવાણી વિનોદથી કહેવા લાગી કે નમિરાજ ! તમે તો બહુ મોટા માણસ છો, તમે તો સમજતા હતા કે તમારી બહેનનો હાથ ગ્રહણ કરવાવાળા કોઈ નથી, હવે અમારા ભરતજીની સાથે હાથ કેમ મેળાવી રહ્યા છો ? તે વખતે સમ્રાટ હસ્યા, નમિરાજ પણ જરા શરમાયા. તેઓએ મધુવાણીના હાથમાં ધીરેથી એક રત્નહાર કાઢીને આપ્યો અને કહેવા લાગ્યા કે એ હવે શાન્ત રહો, બોલો નહિ. બધા પ્રકારે યોગ્ય વિધાનપૂર્વક વિવાહ થયો. છપ્પન દેશના રાજા ત્યાં સમ્રાટના વિવાહ વખતે હાજર રહ્યા હતા. તે વિવાહનું વર્ણન ક્યાં સુધી કર્યું જાય.

વિવાહ વિધિ પૂરી થયા પછી ભરતજી રાજમહેલમાં ગયા. દરવાજામાં સિંધુદેવી અને ગંગાદેવી ઊભા છે. કહેવા લાગ્યા કે ભાઈ ! તમે અમારે ઘેર વગર પૂછયે કઈ કન્યાને લઈ આવ્યા છો ? હવે અમે અંદર નહિ જવા દઈએ.

પહેલાં એ કન્યા અમને જીતી લે પછી અમે તેમને અંદર જવા દઈશું. ફરી વિનોદથી સુભદ્રાદેવીને પૂછવા લાગી કે છોકરી ! તમારું નામ શું છે ! ક્યાંથી આવી છો ? સમસ્ત કુટુંબ પરિવાર છોડીને એમની પાછળ કેમ જઈ રહ્યા છો. આ અમારા ભાઈ તમને શું થાય ? બોલો તો ખરા. અમારા ભાઈને હજારો સ્ત્રીઓ છે. તે બધાથી છૂપું રાખીને અમારા ભાઈને એકાંતમાં ક્યાં લઈ જાઓ છો ? તમે મહામાયાચારિણી લાગો છો. તમારે ઘેર આવ્યા ત્યારે તમોએ તમારું સામર્થ્ય બતાવ્યું હતું. હવે અમે જોઈએ છીએ કે તમે શું કરો છો ? ભાઈ ? તેની અંગૂઠી લઈને અમે તમારી પાસે લાવતા હતા. તેઓએ અમને બન્નેને એકએક હાથથી દબાવી રાખી અને અંગૂઠી અમારી આગળથી ઝૂંટવી લીધી. ચક્રવર્તીને હસવું આવ્યું. કહો છોકરી હવે કેમ બોલતા નથી. હવે અમોને ધક્કો મારીને અંદર જાઓ, જોઈએ ? તમારામાં કેટલી શક્તિ છે. તે ગંગાદેવી અને સિંધુદેવી વિનોદથી કહેવા લાગી.

સમ્રાટને બહેનોનો વિનોદ જોઈને મનમાં હર્ષ થયો હતો. કહેવા લાગ્યા કે બહેન ! મારા માણસે જે અપરાધ કર્યો છે તે મારો જ અપરાધ સમજવો જોઈએ. તેથી હવે હું એના બદલામાં તમારો સત્કાર કરીશ. તેને અંદર જવા દ્યો. ત્યારે બન્ને બહેનો કહેવા લાગી કે સારું ! અમારો આદર કેવી રીતે કરવામાં આવશે એ કહોની ? ઉત્તરમાં સમ્રાટે કહ્યું કે તમને બન્નેને રત્નનો મહેલ બનાવી દેવામાં આવશે અને તેની સાથે સકલ સંપત્સમૃદ્ધ બાર હજાર કરોડ ગામો પણ આપવામાં આવશે. આલ્યો, વચન મુદ્રિકા. ત્યારે બન્ને સંતુષ્ટ થઈને નવદંપતીને આશીર્વાદ દેતી થકી સંતોષપૂર્વક બીજે ચાલી ગઈ.

ભરતજી પટરાણીની સાથે અંતઃપુરમાં દાખલ થયા. સર્વ સુખસામગ્રીઓથી સુસજ્જિત તે શય્યાગૃહમાં નવ વધૂની સાથે સુખનો અનુભવ કરીને સુખ નિદ્રામાં મગ્ન થયા.

સુભદ્રાદેવી પોતાના પતિને આલિંગન દઈને સૂઈ ગયા. પરંતુ સમ્રાટ સચ્ચિદાનંદ પરમાત્માને આલિંગન દઈને સૂતા છે. તે સુખશય્યાપર તેમનું શરીર રહેવા છતાં પણ તેમનું મન માત્ર આત્મકલામાં જ મગ્ન થઈ ગયું છે. બે ઘટિકા મંગલ નિદ્રામાં વખત વીતાવીને રાણી જાગી ન જાય એવી રીતે ધીરેથી ઊઠયા અને ભગવાન હંસનાથ પરમાત્માને યાદ કરવા લાગ્યા. પરમાત્મ યોગમાં જે વખતે તેઓ મગ્ન હતા તે વખતે કર્મ પરમાણુની નિર્જરા થઈ રહી હતી. ત્યાં થોડીવારમાં સુભદ્રાદેવી પણ ઊઠયા. બન્નેએ ઘણો કાલ અનેક પ્રકારે વિનોદવાર્તાલાપ કર્યો. એવામાં સવાર પડયું. ગાયિકાઓએ સૂચવવા માટે ઉદય રાગમાં અનેક ગાયન ગાયાં. સમ્રાટ પણ પોતાની નવવધૂના નવરાગમાં મગ્ન હતા.

ભરતજી મહાન ભાગ્યશાળી છે. તેમને ઈચ્છિત પદાર્થો મળવામાં વાર નથી લાગતી. સંસારમાં ઈષ્ટ પદાર્થોનો સંયોગ બધાને થયા નથી કરતો. જે મહાન પુણ્યશાળી છે તેમને તેમની મનોકામના પૂરી પડે છે. ભરતજી પણ તે મહાપુરુષોમાં એક છે. તેઓ સદા પરમાત્માની ભાવના કરે છે.

''હે પરમાત્મા ! તમારું જે સ્મરણ કરે છે તેમને તમે તેમનું ઈચ્છિતસુખ પ્રાપ્ત કરાવો છો કેમકે તમે પરમાનંદસ્વરૂપ છો. તેથી હે અમૃતવર્ધન ! તમે મારા હૃદયમાં હમેશાં વર્ત્યા રહો.

હે સિદ્ધાત્મા ! આપની મુક્તિશ્રીની સાથે જે વખતે વિવાહ થાય છે તે વખતે લોકના સમસ્ત જનો આનંદથી નાચી ઊઠે છે, પરંતુ આપને તે વાતનો વિચાર જરાય રહેતો નથી. આપ તે નવવધૂ મુક્તિકાન્તાની સાથે સુખ ભોગવવામાં સંપૂર્ણ મગ્ન થઈ જાઓ છો. તેથી આપ નિરંજનસિદ્ધ કહેવાઓ છો. હે સ્વામી ! મને સુબુદ્ધિ આપો.''

આ પુનિત ભાવનાનું ફળ છે કે સમ્રાટને આ સંસારમાં આ પ્રકારનું સુખ મળે છે.

## ૨૩. પુત્રવૈવાહ સંધિ

વિવાહાદિ કાર્યને બીજે દિવસે વિપ્રોએ આવીને ભરતજીને આશીર્વાદ આપ્યો. કવિઓએ અનેક સાહિત્યના વિષયની રચનાઓથી તેમને સંતુષ્ટ કર્યા. રાજાઓએ ભેટ આદિ સમર્પીને પોતાનો આદર વ્યક્ત કર્યો. સમ્રાટે પણ બધાનું યથાયોગ્ય વસ્ત્રાભરણઆદિથી સન્માન કર્યું. બન્ને પક્ષના કુટુંબોમાં કેટલાક દિવસ સુધી આનંદને આનંદ વર્ત્યા કર્યો. ભરતજીની પુત્રીઓ અને નમિરાજની દેવીઓમાં અરસપરસ કેટલીકવાર આવવું જાવું થયું. એકબીજા ભોજનને માટે એક બીજાને ઘેર જવા લાગ્યા. આપસ-આપસમાં વિશેષ પ્રેમ વધવા લાગ્યો.

એક દિવસની વાત છે. સમ્રાટ તેમના ચાર સાળા અને તેમની રાણીઓની વચ્ચે બેસીને વિનોદ વાર્તાલાપ કરી રહ્યા હતા. તે વિનોદમાં ચક્રવર્તી તેમને ચીડવવા પ્રયત્ન કરી રહ્યા હતા. નમિરાજની સાથે બોલતી વખતે પહેલા વીતેલી વાતને યાદ કરાવીને વિનોદ કરવા લાગ્યા. ત્યારે મધુવાણી બોલવા લાગી કે રહેવા દ્યો સમ્રાટ ! અમારા રાજાને આપ કેવા ગણો છો ? તેઓએ આપને માટે શું ઓછું કર્યું છે ? લોકમાં સર્વથી શ્રેષ્ઠ પદાર્થ તમને આપ્યો છે એ વાતનો પણ વિચાર આપને નથી ? ઉત્તમ વસ્તુ જેણે આપી છે તેની સાથે બહુ નમ્રતાથી બોલવું જોઈએ. પરંતુ તમે તો તેમની મશ્કરી કરી રહ્યા છો. આવી વૃત્તિ શું તમને શોભે છે ?

ભરતજી– મધુવાણી ! તમારા રાજાએ ઉત્તમ વસ્તુ લાવીને મને શું આપી છે ? મારી ચીજ લાવીને મને આપી છે એમાં શું મોટું કામ કર્યું. નાહક ડીંગ કેમ મારો છો ?

મધુવાણી– રાજા ખોટી વાતો કેમ કરી રહ્યા છો ? અમારા રાજાએ લાવીને જ્યારે તમને સોંપી ત્યારે તે તમારી ચીજ બની. તેની પહેલાં તો તે આપની ચીજ નહોતી.

ભરતજી– મધુવાણી ! તમે હજી જાણતા નથી. મામાની પુત્રી ભાણેજને માટે જ જન્મે છે. એ વાતને દુનિયા જાણે છે. તો તમારા રાજાએ તો શું આપ્યું. ને ચક્રવર્તીએ શું લીધું ? તે તો અમારા હકની ચીજ હતી.

અમારા માતાના મોટાભાઈ કચ્છરાજ પોતાની પુત્રીને પોતાના ભાણેજને શું ન આપત ? જો તે ન આપત તો શું યશસ્વતીના જ્યેષ્ઠ પુત્ર શું તેને છોડી દેત ?

મધુવાણી–રાજા, તમારા મામા તો દીક્ષા લઈને ચાલ્યા ગયા છે. હવે તો દેવાના અધિકારી અમારા રાજા નમિરાજ જ હતા. જો તેઓ ગુસ્સામાં આવીને દેવાની ના પાડત તો તમે શું કરત.

ભરતજી- ''એક નમિરાજે ના પાડી તો શું થયું, બાકીના બધા તો અનુકૂલ હતા ને ! પછી મને શો ભય હતો.''

મધુવાણી– બાકીના કોણ કોણ તમારા પક્ષમાં હતા, બોલો તો ખરા ?

ભરતજી- ''બન્ને મામીજી, વિનમિરાજ અને અમારી આઠ હજાર પાંચસો બહેનો. એ બધા અનુકૂલ હતા. મારી બહેનો તો મારા પક્ષમાં જ રહેનારી છે. જો નમિરાજે કન્યા દેવાની ના પાડી હોત તો એ ભોજન પણ ન પીરસત. સમજી મધુવાણી ?'' ભરતજીનો વિનોદ જોઈને નમિરાજની દેવીઓ બહુ પ્રસન્ન થઈ.

વખત જોઈને નમિરાજ કહેવા લાગ્યા કે ''આજ આ એક કન્યાની શી વાત છે. તેની પહેલાં હજારો સહોદરીઓ તમને આપી છે. મેં હજારો સહોદરીઓની સાથે તમારા વિવાહ કરી દીધાં છતાં પણ તમે જ્યારે અમારો ઉપકાર નથી માનતા તો એ ખરેખર સાચી વાત ઠરે કે શ્રીમંત ગરીબોને ભૂલી જાય છે, મોટા નાનાની પરવા નથી કરતા. આ ભરતની સંપત્તિ-શોભા અમારી બહેનોથી વધી, નહિતર ક્યાં હતી ?'' ત્યારે ત્રણે ભાઈ એકદમ હસ્યા. નમિરાજ પણ એકદમ ખડખડાટ હસ્યા.

સમ્રાટ કહેવા લાગ્યા કે ''અહીં મારા પક્ષની કેવલ આઠ હજાર પાંચસો બહેન છે, પરંતુ તમારા પક્ષની લાખો છે; તેથી તમે મને વિશેષ દબાવો છો. બહારના દરબારમાં તો મારા પક્ષના વિશેષ મળી આવે છે. અંદરના દરબારમાં તમારા પક્ષનાં વિશેષ મળી આવે છે. તેથી તમે આ પ્રસંગ સાધ્યો. ઠીક કાંઈ હરકત નહિ, આગળ જોઈશું.''

આટલા હર્ષ વિનોદમાં વખત વીતાવ્યા પછી બધા બંધુઓએ સમ્રાટનું સન્માન કર્યું. તે ચારે ભાઈઓએ સન્માન કર્યું, સાસુઓ તરફથી મધુવાણીએ ઉપહારો સમર્પ્યાં. ગંગાદેવી અને સિંધુદેવીએ સન્માન કર્યું. નમિ અને વિનમિની દેવીઓએ ભાઈનો આદર કર્યો. ત્યારપછી સુવર્ણની પૂતલીઓ સમાન સુંદર એવી નમિરાજની બસો કન્યાઓ અને વિનમિરાજની પચાસ કન્યાઓ સમ્રાટને નમસ્કાર કરવા આવી.

છ બાર માસની અંદર વિવાહને ધારણ કરવાવાળી તે કન્યાઓને જોઈને સમ્રાટે મધુવાણીને પૂછયું કે આ કોણ છે ? મધુવાણીએ ઉત્તર આપ્યો કે રાજા તે આપની બહેનોની કન્યા છે. ચક્રવર્તીને પરમ સંતોષ થયો. તેઓએ કહ્યું કે ખરેખર અર્કકીર્તિ વગેરે મારા પુત્ર ભાગ્યશાળી છે. આ કન્યાઓ તેમને માટે સર્વથા યોગ્ય છે. ત્યારે તે કન્યાઓએ ભરતજીના ચરણોમાં પ્રણામ કર્યા. ભરતજીએ તેમને આશીર્વાદ દેતા થકા તેમની હસ્તરેખાઓને જોઈ લીધી. ઉત્તમ લક્ષણોને જોઈને તેમને સંતોષ થયો. કહેવા લાગ્યા કે તમારું અહીં આવવું થયું તે ઘણું જ સારું થયું. અર્કકીર્તિ, આદિરાજ વગેરે પુત્રોનાં જોવામાં તમે આવ્યા તો તેઓ કદી તમને નહિ છોડે અને તમોએ પણ તે સુંદર કુમારો જોયા તો તમે પણ તેમને છોડવા નહિ માગો. એમ કહેતા થકા અનેક વસ્ત્રાભરણો તેમને આપ્યા. કન્યાઓ લજ્જિત થઈને પડદાની પાછળ ચાલી ગઈ.

નમિરાજ કહેવા લાગ્યા કે અમારી સાથે પહેલો જેટલો સંબંધ બંધાયો છે તેટલો જ બસ છે. હવે અધિક વધારવાની જરૂર નથી. ત્યારે ભરતજીએ કહ્યું, કે નમિરાજ ! તમારી બહેનો અમારે ઘરે આવવાથી શું કોઈ કંકાસ કલેષ થયો છે. બોલો ખેર, તેને માટે આપણે ચિંતા કરવાની જરૂર નથી. તમારી અમારી દેવીઓ સ્વયં બધી વ્યવસ્થા કરી લેશે. આજે એનો વિચાર શો ? આગળ ઉપર જોયું જશે.

ત્યારે ભરતજીની પુત્રીઓ દેવકન્યાઓની સમાન શૃંગાર સજીને આવી રહી છે. પાંચસો કન્યાઓએ આવીને પિતાના ચરણોમાં પ્રણામ કર્યા. બધાને સમ્રાટે આશીર્વાદ આપ્યો. ભરતજીએ તેમને નમિરાજ આદિને નમસ્કાર કરવા કહ્યું. કેટલીક કન્યાઓએ નમસ્કાર કર્યા, કેટલીક શરમને લીધે ભરતજીની પાસે ઊભી રહી. ભરતજી તે પુત્રીઓને આશીર્વાદ દેતા થકા પ્રેમથી કહેવા લાગ્યા કે બેટી ! તમે હવે ઉમ્મર લાયક થઈ છો. જ્યારે તમે ઉમ્મર લાયક થશો ત્યારે તમને ત્યાં આપવાની

છે. ત્યારે અમારે પુત્રીવિયોગનું દુઃખ સહન કરવું પડશે. ખેર ! કોઈ મોટી વાત નથી. મારી પુત્રીઓ માટે યોગ્ય ઘર મોજૂદ છે. તેઓ તમને આનંદ કરાવશે. હું સંપત્તિઓથી તેમને તૃપ્ત કરાવી દઈશ. ભરતજીની પાસે જેટલી પુત્રીઓ હતી તે લજ્જાની મારી આમ તેમ ભાગી ગઈ.

બધી ચાલી ગયા પછી મધુરાજી નામની નાની કન્યા પડદાની પાછળ ઊભી રહીને કહેવા લાગી કે પિતાજી ! હવે તમારી તરફ અમે નહિ આવીએ કેમકે આપે અમારું બધાની સમક્ષ અપમાન કર્યું છે. ત્યારે ભરતજીએ પૂછયું કે બેટી ! કેમ શું વાત બની. આટલો ગુસ્સો કેમ ? ત્યારે મધુરાજી કહેવા લાગી કે છીં ! ---જવા દ્યો. તમે બધાની સામે અમારું અપમાન કર્યું છે. આ પ્રકારે તુચ્છ વાત કરવી સમ્રાટ કહેવડાવનારને માટે ક્યારે ય ઉચિત નથી.

''બેટી ! મેં શું કહ્યું ? તમારા બધાને માટે એક એક પતિની આવશ્યકતા છે એટલું જ કહ્યું, બીજું શું કહ્યું ? આમાં હલકી વાત શી કહી'' ભરતજીએ કહ્યું.

મુધરાજી– જુઓ વળી એ ને એ વાત. લજ્જાની મારી નીચું મુખ કરતી થકી કહેવા લાગી કે છીં ! પિતાજી ! આપ કેમ આવી વાત કરી રહ્યા છો. બધા લોકો હસે છે. અહીં અંદરમાં બધી બહેનો આપની વૃત્તિ જોઈને હસી રહી છે. જુઓ તો ખરા.

ત્યારે ભરતજીએ કહ્યું કે ''બેટી ! જે મારી પાસે હસે છે તેમની પાસે તું ન રહે, મારી પાસે આવી જા. પરંતુ તે ન આવી. રતિચંદ્રા નામની દાસીને તેને લાવવા માટે કહ્યું, દાસીએ જબરજસ્તીથી તેને ખેંચીને ચક્રવર્તી પાસે આણી. તો પણ બધાની આગળ લજ્જાની મારી મોઢું ઢાંકીને તે સમ્રાટના ખોળામાં બેસી ગઈ.

ભરતજી અનેક રીતે તેને બોલાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે, પરંતુ તે તો બોલતી જ નથી. બેટી ! આમ જુઓ તો ખરા. બધા પ્રસન્ન થઈને તારી તરફ જોઈ રહ્યા છે. તું આંખ મીંચીને બેઠી છો. ગાંડી ? તમે આંખ મીચી નાંખી તો શું થયું ? શું લોકો પણ તમને નહિ જોઈ શકે ? ભરતજીના અનેક પ્રકારનાં વાર્તાલાપ સાંભળીને પણ તે મધુરાજી ચુપ બેઠી છે.

વળી સમ્રાટ કહેવા લાગ્યા કે આટલું બધું થવા છતાં પણ મધુરાજી કેમ બોલતા નથી. હા. ખબર પડી. આજે મારી પુત્રી ધ્યાન કરતી હશે. મધુરાજી અંદરથી હસતી હતી. બેટી ! મોક્ષસિદ્ધિ તમે તમારા આત્મામાં જ કરવા માટે પ્રયત્ન કરી રહ્યા છો, મને પણ થોડું તો સમજાવ. કહો જોઈએ કે આત્મસિદ્ધિ માટે મારે શું શું કરવું પડશે ? મધુરાજી બોલતી નથી. ભરતજી બીજા અનેક પ્રકારે તેને બોલાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પરંતુ તે બોલતી નથી. ભરતજીએ ફરી કહ્યું કે બેટી ! મારી શું ભૂલ થઈ છે. માફ કર. તેના પગને સ્પર્શી રહ્યા છે. પહેલાંના આભૂષણો કાઢી નાંખીને નવા આભૂષણો પહેરાવે છે. મધુરાજી વધારે શરમાઈ ગઈ. એકદમ ત્યાંથી છટકીને ભાગી ગઈ. ભરતજીની વૃત્તિ જોઈને રાણીઓએ વિદ્યાધર દેવીઓને કહ્યું કે જુઓ ! તમારા ભાઈની ગંભીરતા જોઈ લીધી ? ત્યારે વિદ્યાધરીએ કહ્યું કે એમાં શું થયું. પોતાની પુત્રી સાથે પ્રેમ કરવો એમાં શું પાપ છે ! અમારા ભાઈએ એથી ખોટું શું કર્યું ? આ લૌકિક રીત છે. આ દિવસની વિનોદગોષ્ઠિ પૂરી થઈ.

એક દિવસની વાત છે. પહેલાંની જેમ જ મહેલમાં સમ્રાટ સરસ વ્યવહાર કરતા થકા બેઠા છે. એવામાં કનકરાજ, કાન્તરાજ વગેરે નમિરાજનાં ત્રણસો પુત્રોએ અને શાંતરાજ આદિ વિનમિના સો પુત્રોએ આવીને સમ્રાટને નમસ્કાર કર્યા. ત્યારે સમ્રાટે મધુવાણીને પૂછયું કે મધુવાણી ! આ કુમાર બહુ રૂપાળા છે. તેઓએ શેનો શેનો અભ્યાસ કર્યો છે ? ત્યારે મધુવાણીએ કહ્યું કે સ્વામી ! આ શસ્ત્ર શાસ્ત્રાદિ અનેક વિદ્યાઓમાં નિપુણ છે. વિદ્યાધરને યોગ્ય અનેક વિદ્યાઓ તેઓએ સિદ્ધ કરી લીધી છે. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રથી પણ યુક્ત છે. ત્યારે સમ્રાટે તેમને ત્યાં બેસાડીને પોતાના પુત્રોને પણ બોલાવ્યા. ત્યારે ભરતજીનાં સેંકડો પુત્રો પંક્તિબદ્ધ આવવા લાગ્યા. મધુરાજ, વિધુરાજ નામના બે પુત્રોએ પહેલાં પિતાના ચરણોમાં નમસ્કાર કર્યાં. બાકીના પુત્રોએ પણ નમસ્કાર કર્યાં. બધાને આશીર્વાદ આપીને બેસવાને માટે કહ્યું, ભરતજીએ ફરી પોતાના પુત્રોને કહ્યું કે બેટા ! તમો જરા તમારો શાસ્ત્રાનુભવ બતાવો તો ખરા' ત્યારે તે કુશલપુત્રોએ પોતાનું શાસ્ત્રકૌશલ્ય બતાવ્યું. ક્યારેક વ્યાકરણથી શબ્દસિદ્ધિ કરી રહ્યા છે. તો વળી ક્યારેક તર્કશાસ્ત્રથી તત્ત્વસિદ્ધિ કરી રહ્યા છે. હલકથી સંસ્કૃત બોલતા થકા આગમના તત્ત્વોનું પ્રતિપાદન કરી રહ્યા છે. ભરતશાસ્ત્ર, નાટક, કવિતા, હસ્તપરીક્ષા, અશ્વપરીક્ષા, રત્નપરીક્ષા વગેરે અનેક શાસ્ત્રોમાં તે પુત્રોએ પોતાની નિપુણતા બતાવી. તેઓ ભરતના પુત્રો હતા. ત્યારે ભરતજી ખૂબ ખુશી થયા. પૂછયું કે બેટા ! લોકરંજનની જરૂર નથી, મોક્ષસિદ્ધિને માટે ક્યું સાધન છે તે કહો. ભરતજી તેમના બોલવાનું ચાતુર્ય જોઈને ખૂબ ખુશી થયા હતા. પરંતુ એ વાત દબાવીને કહેવા લાગ્યા કે ગડમથલ કરીને તમે અમને ફસાવી રહ્યા છો. પરંતુ અમને બતાવો કે કર્મનો નાશ કેવી રીતે કરી શકાય છે ? તેના વિના આ બધું વ્યર્થ છે. ત્યારે તે પુત્રો કહેવા લાગ્યા કે પિતાજી ! પહેલાં સ્વલક્ષે ભેદરત્નત્રય ધારણ કરવા જોઈએ. પછી અભેદ રત્નત્રયને ધારણ કરીને અભેદરત્નત્રયના બળથી કર્મોનો નાશ કરવો જોઈએ. આ રીતે અભેદરત્નત્રયને ગ્રહણ કરવું તે કર્મોનો નાશ કરવાનો ઉપાય છે. અભેદરત્નત્રય ધારણ કરવાથી વિકારનો નાશ થાય છે. વિકારનો નાશ થતાં કર્મનો સ્વયમેવ નાશ થાય છે અને મોક્ષની સિદ્ધિ સ્વયમેવ થાય છે.

વળી પિતાજીએ પૂછયું કે આ ભેદરત્નત્રયનું સ્વરૂપ શું છે. તેને વિષે કાંઈ કહો તો ખરા ? ત્યારે વળી પુત્રોએ કહ્યું કે દેવભક્તિ ગુરુભક્તિ અને અનેક આગમોનું ચિંતનપૂર્વક અધ્યયન કરવું તે વ્યવહાર રત્નત્રય છે અને એ જ ભેદરત્નત્રય છે. કેવલ આત્મામાં જ લાગેલો જ રહે એ નિશ્ચય અથવા અભેદરત્નત્રય છે. ત્યારે નમિરાજે પણ કહ્યું કે તદ્દન સાચી વાત છે. ત્યારે ચક્રવર્તીએ નમિરાજને પૂછયું કે શું સાચું છે. બોલો તો ખરા. નમિરાજે ઉત્તર આપ્યો કે પહેલા ભેદરત્નત્રયમાં પ્રવીણ થયા પછી પોતાના આત્મામાં લીન થવું એ જ શ્રેષ્ઠમાર્ગ છે. ત્યારે ભરતજીએ પ્રશ્ન કર્યો કે શું એકલો વ્યવહાર જ પર્યાપ્ત (પૂરતો) નથી ? નિશ્ચયની શી જરૂર છે. ત્યારે નમિરાજે કહ્યું કે વ્યવહારથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, મોક્ષસિદ્ધિ માટે નિશ્ચયની આવશ્યકતા છે. નમિરાજના વચન સાંભળીને ચક્રવર્તી ખુશી તો થયા પરંતુ તે વાત છૂપાવીને કહેવા લાગ્યા કે તમારી વાત મને પસંદ ન પડી. તમે બરાબર ન કહ્યું. ત્યારે ભરતપુત્રોએ કહ્યું કે પિતાજી ! મામાજી બરાબર સાચું કહે છે. આવી સીધી વાતને આપ કેમ નથી માનતા ? ત્યારે સમ્રાટે કહ્યું કે 'કદાચ તમે તમારા મામાની વાતને પુષ્ટિ આપી રહ્યા છો. જવા દ્યો. આ મારા પુત્રો આવી રહ્યા છે. તેમને પણ પૂછી જુઓ. તેઓ શું કહે છે જુઓ.'

ત્યાં પુરુષરાજ અને ગુરુરાજ નામના બે પુત્રો આવ્યા. તેમને ભરતજીએ પૂછયું. ત્યારે તે લોકોએ કહ્યું કે મામાજી જે બોલે છે તે જ ખરું છે, પરંતુ ભરતજી કહે છે કે હું એમ નથી માનતો. શ્રીરાજ, મારાજ નામના બે પુત્રો આવ્યા તેમને પૂછવાથી તેઓએ પણ તેવો જ ઉત્તર આપ્યો. વસ્તુરાજ, રતિરાજ, મતિરાજ, હસ્તિરાજ, સિંહરાજ, વસ્તુકરાજ, વર્ણરાજ, દેવરાજ, દિવ્યરાજ, મોહનરાજ, બાવનરાજ વગેરે એક હજાર બસો પુત્રોને પૂછયું, બધાનો ઉત્તર એ જ. હંસરાજ, રત્નરાજ, મહાંશુરાજ, સંસુખરાજ અને નિરંજન સિદ્ધરાજ નામનાં પાંચ પુત્રોને પૂછયું, તેઓએ પણ તેમ જ કહ્યું. ત્યાં અર્કકીર્તિ આદિરાજ, વૃષભરાજ આવી પહોંચ્યા. તેઓ પણ પિતાજી અને મામાજીને નમસ્કાર કરીને યોગ્ય આસન ઉપર બેઠા. ભરતજીએ પ્રશ્ન કર્યો કે બેટા ! મારા અને તમારા મામાની વચ્ચે એક વિવાદ ઉપસ્થિત થયો છે તેનો નિર્ણય તમારે કરવો પડશે. અર્કકીર્તિ વગેરે કુશલ પુત્રોએ કહ્યું કે તમારા ને મામાજીનાં વિવાદમાં હાથ નાંખવાનો અમારો અધિકાર નથી. તમો આદિભગવંતના દરબારમાં જઈ શકો છો, ત્યાં બધો ફેસલો થઈ જશે.

ત્યારે સમ્રાટે કહ્યું કે નજીવી વાત છે તમે સાંભળો તો ખરા. બેટા ! મુક્તિ માટે આત્મધર્મની શી જરૂર છે. શું વ્યવહાર કે બાહ્યધર્મ જ પર્યાપ્ત નથી ? આ નમિરાજ કહે છે કે સ્થુલ ધર્મથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. તમારા લોકોનો શો મત છે ? કહો. ત્યારે તે પુત્રો આશ્ચર્યચકિત થયા. મનમાં વિચારવા લાગ્યા, કે હંમેશાં પિતાજી અમને કહ્યાં કરતા હતા કે મુક્તિને માટે આત્માનુભવ જ મુખ્ય સાધન છે. આજે કેવલ ઊંધું બોલી રહ્યા છે એનું કારણ શું ? ત્યારે પુત્રોને સંકોચાતા જોઈને ભરતજી કહેવા લાગ્યા કે 'તમે સંકોચ ન રાખો. જે સાચું છે તે કહો,' છતાં તેઓ સંકોચાતા હતા. અર્કકીર્તિને ફરી કહ્યું કે ગભરાઓ નહિ, મારા સોગન છે. તમે સંકોચાઓ નહિ, જે તમે જાણતા હો તે નિઃસંદેહ કહો. ત્યારે અર્કકીર્તિએ કહ્યું કે પિતાજી ! એમાં સોગન દેવાની શી જરૂર છે. મામાજી તદ્દન સાચું કહે છે. આપે પણ એ કબૂલ કરવું જોઈએ.

અર્કકીર્તિની વાત સાંભળીને ચક્રવર્તી કહેવા લાગ્યા કે 'બેટા ! મેં વિચાર્યું હતું કે તમારા ભાઈઓએ મામાનો પક્ષ લીધો તો પણ તમે તો મારા જ પક્ષમાં રહેશો, પરંતુ તમે પણ મામાનો જ પક્ષ સ્વીકાર્યો, અસ્તુ તમારી મરજી. ઉત્તરમાં અર્કકીર્તિ કહેવા લાગ્યા કે પિતાજી ! આપે સોગન દીધા તો હું જૂઠું કેમ બોલી શકું. આપે પણ સત્ય વાત સ્વીકારવી જ જોઈએ.

રતિચંદ્રા પાસે ઊભી હતી. ભરતજીએ પ્રશ્ન કર્યો કે રતિચંદ્રા ! આજે અમારા પુત્રોએ પોતાનાં મામાનો પક્ષ કેમ ગ્રહણ કર્યો. રતિચંદ્રાએ કહ્યું કે તેઓ મામાની પુત્રીઓ જોઈને મોહ પામ્યા છે, તેથી તેના તરફ જોઈને એમ બોલ્યા હશે. ભરતજીએ પણ કહ્યું કે તદ્દન સાચી વાત છે, પરંતુ તેમણે વિચારવું જોઈતું હતું કે નમિરાજ કાંઈ સીધેસીધા તે કન્યાઓને દેશે નહિ. મારા મામાની પુત્રી મને દેવાને માટે તેઓએ કેટલા બહાના બતાવ્યા હતા. તમો શું નથી જાણતા ? આ રીતે મારા પુત્રોને એ કન્યા સીધી રીતે નહિ આપે. તો મારા પુત્રોએ વગર કારણે તેના પક્ષનું સમર્થન કેમ કર્યું ?

ત્યારે નમિરાજે કહ્યું કે રાજા ! આપ ખોટો વિચાર કરો નહિ. આપના પુત્ર જે મારા ભાણેજ છે. તેમને હું મારી કન્યાઓ આપું છું. આપ શંકા ન લાવો. ભરતજીએ વિચાર્યું કે મારા કાર્યની સિદ્ધિ

થઈ ગઈ. નમિરાજ પણ કન્યાઓને કેમ ન આપે ? આ પુત્રોનાં રૂપ જોઈને ખુશી થયા. વિદ્યાનૈપુણ્યે તેને મુગ્ધ કર્યો. નમિ વિનમિની દેવીઓ પણ આ સાંભળીને ખૂબ રાજી થઈ કેમકે તે બધી એવું તો ઈચ્છતી હતી.

સમ્રાટે નમિરાજને કહ્યું કે જુઓ સાક્ષાત્ પિતા હોવા છતાં પણ મારા પુત્રોએ મારો પક્ષ લઈને વાત ન કરી. કેવલ મોક્ષમાર્ગ છે તે જ તેઓએ કહ્યો. તેથી તેમની સત્યપ્રિયતા જે છે તે જણાયા વગર નથી રહેતી. કચ્છરાજની બહેનના સ્વચ્છગર્ભમાં ઉત્પન્ન થયેલા આ ભરતના પુત્ર સ્વેચ્છાપૂર્વક નહિ બોલે એમ ભરતજીએ ભાર દઈને કહ્યું. જુઓ તે કેટલા સુંદર છે. શ્રીભગવાન આદિનાથસ્વામીનાં પૌત્રોનું વર્ણન જ શું કરું ? નમિરાજ ! પરમ દિવસે તમે જ કહ્યું હતું કે હવે અમે બીજી કન્યા આપવા નથી ઈચ્છતા. આજે તમે પોતે દેવા માટે કબૂલ કરો છો. મારી ઈચ્છા પૂરી થઈ, હું એમ જ ઈચ્છતો હતો, નમિરાજ પણ કહેવા લાગ્યા કે મારી પણ ઈચ્છા પૂર્ણ થઈ. ગંગાદેવ સિંધુદેવે પણ તે બધા પુત્રોને આશીર્વાદ આપ્યા. કહેવા લાગ્યા કે 'એમના કારણથી આજે અમારો આત્મવિશ્વાસ દૃઢ થયો.' ઉપસ્થિત સર્વ પુત્રો અને જમાઈઓનું સમ્રાટે ઉચિત સન્માન કરીને ત્યાંથી રજા આપી.

અને આ સંબંધમાં પોતાની બહેનોનો શો અભિપ્રાય છે તે પૂછયું. બહેનોએ કહ્યું કે આ અમને ગમે તો છે પરંતુ પુત્રીઓ તરફ અમારો અત્યંત પ્રેમ છે. તેમનો વિયોગ અમે કેવી રીતે સહન કરી શકીશું. ત્યારે ભરતજીએ કહ્યું કે ''તમારી પુત્રીઓ સાથે અમારા પુત્રોનો વિવાહ થશે તો મારી પુત્રીઓનો તમારા પુત્રો સાથે વિવાહ કરી દઈશ, પછી તો સંતોષ થશે ને.'' ચક્રવર્તી પાસે કન્યાઓનું માંગુ નાંખવા સંકોચતા હતા. આવા બહાનાથી ભરતના મુખેથી કબૂલ કરાવી લીધું. બધાને હર્ષ થયો. વળી તે દેવીઓએ કહ્યું કે જેવી ભાઈની ઈચ્છા તેમ કરો. અમે તો કબૂલ છીએ. બધી જગ્યાએ વિવાહ મંગલનો જયજયકાર થવા લાગ્યો. બધાનો યથાયોગ્ય સત્કાર કરીને સમ્રાટે તેમને તે દિવસે પોતપોતાના સ્થાને મોકલ્યા.

બીજા દિવસની વાત છે. સેનાસ્થાનમાં વિવાહ મંગલની તૈયારી થવા લાગી. જ્યાં દેખો ત્યાં આનંદ ને આનંદ જ થઈ રહ્યો છે. ચક્રવર્તીના પુત્રોના વિવાહ તે કેવા વૈભવથી થયા એનું વર્ણન કરવાની જરૂર નથી. ભરતજીએ કોઈ વાતની ખામી ન રાખી. નમિરાજે પોતાના નગરમાં જ્યારે ભરતજી તરફથી મંત્રી આદિ આવ્યા હતા ત્યારે સોળ દિવસ સુધી જે સત્કાર વૈભવ કર્યો હતો તેનાથી બમણો ચારગણો વૈભવ સમ્રાટે આ વિવાહ મંગળ વખતે કર્યો.

જિનેન્દ્ર પૂજા, સમસ્ત સેનાને મિષ્ટાનનું ભોજન, દ્વિજદાન, વસંતોત્સવ વગેરેથી બધા નરનારીઓ તૃપ્ત થયા. બધા પુત્રોનો વિવાહ, સંસ્કારવિધિ અનુસાર બહુ વૈભવ પૂર્વક થયો.

કંજાજી નામની કન્યાનો વિવાહ અર્કકીર્તિ કુમાર સાથે, ગુણમંજરીનો આદિરાજ સાથે, કુંજરતિનો વિવાહ વૃષભરાજ સાથે થયો. આ રીતે ગમનાજીનો સંબંધ હંસરાજની સાથે, મનોરમાનો રત્નરાજની સાથે, યોગ્ય ગુણ અને રૂપ અનુસાર વિવાહ થયો. ભરતજીને બારસો પુત્ર હતા તેમાં બસો પુત્ર તો હજી વયમાં વિવાહ યોગ્ય નહોતા તેથી તે બસો પુત્ર સિવાય બાકીના હજાર પુત્રોના વિવાહ થયા. પુત્રીઓમાં નમિની અને કેટલીક વિનમિની હતી. બધા થઈને હજાર પુત્રોનાં હજાર કન્યાઓ સાથે વિવાહ થયા.

આ રીતે ભરતજીએ પોતાની પાંચસો પુત્રીઓના પણ વિવાહ તે વખતે કર્યા. કનકરાજની સાથે કનકાવતીના, કાન્તરાજની સાથે મનોદેવીના, શાંતરાજની સાથે કનકપદ્મીના વિવાહ થયા. આ રીતે નલિનાવતી, કુમુદાવતી, રત્નાવલી, મુક્તાવલી આદિ લઈને પાંચસો કન્યાઓના વિવાહ થયા. માત્ર એક મધુરાજી નામની નાની કન્યા રહી ગઈ કે જેના તરફ ભરતજીનો અસીમ પ્રેમ હતો. ચારસો કન્યાઓના વિવાહ નમિ, વિનમિના પુત્રો સાથે અને સો કન્યાઓના વિવાહ પ્રતિષ્ઠિત વિદ્યાધર રાજપુત્રોની સાથે થયા.

આ રીતે સમ્રાટ ભરતે પોતાના હજાર પુત્ર અને પાંચસો પુત્રીઓના વિવાહ બહુ વૈભવ પૂર્વક કર્યા.

લોકમાં દેખવામાં આવે છે કે કોઈ સજ્જનને એક પુત્ર કે પુત્રી હોય તો તે મનુષ્ય વિવાહનો સમય આવતા ચિંતાગ્રસ્ત થઈ જાય છે, પરંતુ વાચકને આ જોઈને આશ્ચર્ય થયું હશે કે ભરતજીના પુત્ર અને હજારો પુત્રીઓના વિવાહ ઈચ્છા માત્રથી જ યોગ્ય રીતે બહુ જલદી થઈ ગયા. પુણ્યાત્માઓની વાત જ નિરાળી છે. તેઓ જે કાંઈ વિચારે છે તેમને અનુકૂલતા મળી જાય જ છે. તેમને માટે અનેક જન્મોના ઉપાર્જિત પુણ્યની આવશ્યકતા છે. ભરતજી સદા આવા પ્રકારની ભાવના પોતાના અંતઃકરણમાં કરે છે. તેમને ભાવના રહે છે કેઃ–

‘‘હે પરમાત્મા ! જે સદાકાળ શુદ્ધ ભાવથી તમારી ભાવના કર્યા કરે છે તેમને તમે સૌખ્ય પરંપરાઓનું જ પ્રદાન કરો છો તેથી હે દેવ ! તમે મારા અંતરમાં વર્ત્યા રહો.’’

‘‘હે સિદ્ધાત્મા ! તમે નિત્ય મંગલ સ્વરૂપ છો, નિત્ય શૃંગાર ગૌરવ યુક્ત છો, તમારા અંતરમાં હંમેશાં અનંત આનંદના તરંગ ઊછળે છે. સદા વૈભવશાળી છો, તમે સૌખ્યસાહિત્ય છો તેથી સ્વામી ! મને સન્મતિ આપો.’’

આ ભાવનાનું ફળ છે કે તેમને હંમેશાં નવા નવા મંગલ પ્રસંગોનો આનંદ મળે છે.

# ૨૪. જિનદર્શન સંધિ

**પો**તાના પુત્ર અને પુત્રીઓના વિવાહ બહુ ઠાઠમાઠથી કરીને ભરતજી પોતાનો કાળ બહુ આનંદથી ગાળવા લાગ્યા.

એક દિવસની વાત છે, બુદ્ધિસાગર મંત્રીએ દરબારમાં ઉપસ્થિત થઈને સમ્રાટ પાસે ભેટ ધરીને કાંઈક નિવેદન કરવાનું ઈચ્છયું. ભરતજીને આશ્ચર્ય થયું. તેઓ પૂછવા લાગ્યા કે ''મંત્રી ! આજે શું કોઈ વિશેષ વાત છે ?'' ઉત્તરમાં બુદ્ધિસાગરે નિવેદન કર્યું કે ''સ્વામી ! મારી પ્રાર્થના સાંભળો. ત્રણ સમુદ્રની વચ્ચે હિમવાન પર્વત સુધીના છ ખંડોને આપે વીરતાથી વશ કર્યા. વૃષભાદ્રિ પર અંકમાલાને અંકિત કરી. ચૌદ રત્ન સિદ્ધ થયા. પુત્રોનો વિવાહ થયો. હવે કોઈ વિશેષ કાર્ય કરવાનું રહ્યું નથી. બહુ કાલ વ્યતીત થયો. જો કે અમને આપની સાથે રહેવામાં કાંઈ કોઈ જાતની ચિંતા નથી, તો પણ અયોધ્યા નગરની પ્રજા આપના દર્શનની અભિલાષાથી આપની રાહ જુએ છે. શ્રીપૂજ્ય માતાજી રોજ દિવસો ગણ્યા કરે છે. આપના ભાઈ આપને જોવાની ઈચ્છા કરે છે. તેથી નમિ અને વિનમિને અહીંથી વિદાય આપીને આપણે આપણા નગર તરફ પ્રસ્થાન કરવું જોઈએ.''

ઉત્તરમાં ભરતજીએ કહ્યું કે ''મંત્રી ! તમે ઠીક યાદ કરાવ્યું. પ્રજા અને મારા ભાઈઓને જોવાની મને ઈચ્છા છે. હું એ જાણું છું કે માતુશ્રીની ઈચ્છા અતિ પ્રબલ છે. હું એ ભૂલી ગયો હતો. હવે જવાની તૈયારી કરીશું.''

મંત્રીનું ઉચિત સન્માન કરીને સમ્રાટે નમિ, વિનમિને બોલાવીને કહ્યું કે બંધુવર ! આજ સુધી તમારી સાથે અમારો બંધુત્વનો વ્યવહાર વર્તતો હતો. હવે આપણા પુત્રોનાં પણ સંબંધો થયા એ બહુ હર્ષની વાત છે.

ત્યારપછી નમિરાજ ને વિનમિરાજનું ઉત્તમોત્તમ વસ્ત્રાભરણોથી સન્માન કર્યું. એ રીતે પોતાના જમાઈઓનો હાથી, ઘોડા, રત્ન, વજ્રઆદિથી સત્કાર કર્યો. સુમતિસાગર મંત્રી વગેરેનો પણ સત્કાર કરવામાં આવ્યો. પોતાની પુત્રીઓને પણ વિદાય આપતી વખતે તેમની સાથે અનેક દાસીઓને પણ મોકલવામાં આવી. તે પ્રિયપુત્રીઓને વિદાય આપતી વખતે ભરતજીને પણ મનમાં થોડુંક દુઃખ થયું. ભરતજીની રાણીઓ તો આંસુ પાડતી પુત્રીઓની પાસે જ ઊભી હતી. ભરતજીએ તે દૃશ્ય જોઈને કહ્યું કે 'દેવીઓ ! તમે પુત્રીઓને કેમ જન્મ આપ્યો, પુત્રોનો કેમ નહિ, નહિતર આવી પરિસ્થિતિ ન થાત.' પુત્રીઓની આંખોમાંથી પણ આંસુ પડતાં હતાં. તેમને સાંત્વન દેતા થકા કહ્યું કે 'પુત્રીઓ ! તમો અત્યારે જાઓ હું જલદી જ તમોને બોલાવી લઈશ. શોક ન કરો.''

આ રીતે તેમને વિદાય આપતી વખતે ભરતજીને દુઃખ થયું. જ્યાં મમકાર છે ત્યાં દુઃખ છે. આ તાત્ત્વિક વિષય તે વખતે પ્રત્યક્ષ જોવામાં આવ્યો. નમિ, વિનમિ પોતાના પરિવારની સાથે જરાક દુઃખ પામીને ત્યાંથી નીકળ્યા.

ત્યાર પછી સમ્રાટે ગંગાદેવ અને સિંધુદેવનું પણ યથેષ્ટ સન્માન કર્યું. આ રીતે પોતાની બહેન ગંગાદેવી અને સિંધુદેવીનું પણ સત્કાર કરતા થકા કહેવા લાગ્યા કે બહેન ! આપલોક હવે જાઓ. અમારે આગળ જવાનું છે.

સુરશિલ્પીને આજ્ઞા આપીને બહેનો માટે સુંદર અને ઉત્તમ રત્નોદ્વારા મહેલની રચના કરાવી. સાથોસાથ મધ્યખંડના ચોવીશ કરોડ ઉત્તમ ગામો ગણી આપ્યા, અને અધિપતિઓને આજ્ઞા કરી કે હંમેશાં તેની સેવામાં રહે, કઈ મોટી વાત છે. ભરતજીના અધીનસ્થ એક એક રાજાની પાસે એકએક કરોડ ગામો છે. આ રીતે એક કરોડ ગામના અધિપતિ એવા બત્રીસ હજાર રાજા તેમને આધીન છે. પુત્રોનાં વિવાહને વખતે જ્યારે તે બહેનો બારણું રોકીને ઊભા હતા તે વખતે આ ગામો દેવા સમ્રાટે વચન આપ્યું હતું. પોતાના વિવાહ વખતે, પુત્રોના વિવાહ વખતે જેટલા ગામો ઈનામમાં દેવા માટે સમ્રાટે વચન આપ્યું હતું તે બધાનો હિસાબ કરતાં તે મધ્યખંડનો એકદશાંશ ભાગ થયો. બાકીના નવ હિસ્સા તો બચ્યા.

ગંગાદેવી અને સિંધુદેવીએ પણ ભાઈને મંગલ તિલક કર્યું અને પોતાના પતિઓની સાથે ત્યાંથી વિદાય થઈ. તે વખતે મેઘેશ્વર અને વિશ્વકર્મા આવ્યા. તેમને આગળના માર્ગને સાફ કરવા આજ્ઞા કરી. ખાઈઓ ભરી દીધી. પુલ બાંધવામાં આવ્યા. માકાલ ઉપર પત્ર લખવા કહ્યું બન્ને માતાઓને ઉત્તમોત્તમ ઉપહારો મોકલવા હુકમ કર્યો. પૌદનાપુર અને અયોધ્યા બે વિશ્વસ્ત દૂતો મોકલવા આજ્ઞા કરી.

તે દિવસ આ પ્રકારની વ્યવસ્થામાં નિર્ગમન થયો. બીજે દિવસે પ્રસ્થાનની ભેરી બજાવવામાં આવી. ભરતજીની સેનાએ બહુ વૈભવપૂર્વક ત્યાંથી પ્રસ્થાન કર્યું. ધ્વજપતાકા, વિમાન અને વાજિંત્રોદ્વારા તેમાં વિશેષ શોભાનો વધારો થયો. ષટ્‌ખંડને જીતીને પોતાનો ધવલયશ ત્રણ લોકમાં રેલાવતા થકા ભરતજી જઈ રહ્યા છે.

જે વખતે દિગ્વિજય કરવા ભરતજી નીકળ્યા હતા તે વખતે તેમની એક સેના અને બીજી અર્કકીર્તિની સેના એ રીતે બે જ સેના હતી, પણ હવે પાછા ફરતી વખતે ત્રણ સેના થઈ ગઈ. જે પુત્રોના વિવાહ થયા છે એવા હજાર પુત્રોને એક સાથે વ્યંતરોની સાથે રાખીને ભરતજીએ તેમને પ્રસ્થાન કરાવ્યું. તેનું નામ અર્કકીર્તિસેના છે. તે સૌથી આગળ જઈ રહી છે. તેની પાછળ નાના પુત્રોની સેના જઈ રહી છે. સ્વતઃ ભરતજી તે ગુફાઓને પાર ઊતરતી વખતે વિમાન પર ચઢીને જઈ શક્ત પરંતુ હાથી, ઘોડા, રથ વગેરે છોડીને તેઓ એકલા જ જવા નહોતા ઈચ્છતા, તેથી બધાની હિતદૃષ્ટિથી તેમની સાથે જ જઈ રહ્યા હતા. જેવી રીતે ચંડ તમિસ્ર ગુફા તે દિવસે ઓળંગ્યા હતા તેવી રીતે આજ ચંડપ્રપાત ગુફા ઓળંગીને સમ્રાટે દક્ષિણ ભૂમિ અવલોકી. નાટયમાલે પહેલેથી ચક્રવર્તીના સ્વાગત માટે સ્થળે સ્થળે તોરણ વગેરે બાંધીને શોભા કરી હતી. તેને બોલાવીને ભરતજીએ તેનું સન્માન કર્યું. સારું સ્થળ જાણીને તે પર્વતની પાસે જ ગંગાના તટપર સેનાનો મુકામ કરાવ્યો.

વિજયાર્ધ પર્વત ઓળંગતા જ સેનાના સમસ્ત સૈનિકોને આ જોઈને આનંદ થયો. આર્યખંડને જોઈને તે આર્યવીરોને હર્ષ થયો. અત્યાર સુધી યુદ્ધો માટે પ્રયાણ હતું પરંતુ હવે તો ઘરે જવાનું પ્રયાણ છે. તેથી બધાનું હૃદય ઉત્સાહથી ભરેલું છે. જતી વખતે સેનાપતિ જ્યાં કહેતા કે તરત જ બધાય મુકામ કરતા. પહેલાં આવતી વખતે મુકામ કરવાનું કહેતા તો પણ ''જરાક હજી દૂર જઈએ'' એમ કહેતા હતા. બધાનાં મનમાં ઘરે જવાની ઉત્કંઠા થતી હતી.

આ રીતે કેટલાક મુકામો પૂરા કરતા થકા તેઓ દક્ષિણ તરફ આવ્યા ત્યારે પોતાની ડાબી બાજુએ તેઓએ કૈલાસ પર્વત જોયો. સેનાપતિને ત્યાં જ સેનાનો મુકામ કરવા આજ્ઞા આપી. ભરતજી પોતે બધા પરિવારને ત્યાં મૂકીને કૈલાસ જવા નીકળ્યા. માગધામર, મંત્રી વગેરેને સૂચના આપી કે તેઓ સેના પરિવારનું ધ્યાન રાખે. પોતાની સાથે પોતાના બારસો પુત્રોને લઈને તેઓ નીકળ્યા. વિમાનદ્વારા પવનવેગે કૈલાસ પર પહોંચ્યા. સમવસરણના બહારના દરવાજા પર દ્વારપાલ ઊભા હતા તેને ભરતજીએ પ્રશ્ન કર્યો કે અમે અંદર જઈ શકીએ ? આજ્ઞા છે કે નહિ ? દ્વારપાલ દેવે પોતાનું મસ્તક ઝૂકાવીને કહ્યું કે આપ જઈ શકો છો, આવી શકો છો. ઊર્ધ્વ, મધ્ય અને અધોલોકનાં સ્વામી આદિપ્રભુના જેષ્ઠપુત્રને કોણ રોકી શકે ? આપ કાલે મોક્ષ સામ્રાજ્યના અધિપતિ થશો. આપ આવો.

ભરતજીએ પહેલાં પરકોટની અંદર પ્રવેશ કરીને માનસ્તંભની પાસે રાખેલા સુવર્ણકુંડના જલથી પગ ધોઈ લીધા ત્યારપછી વિનયપૂર્વક અંદર ચાલ્યા. ભરતજીના પુત્ર મનમાં વિચારી રહ્યા છે કે આજે પિતાજી પોતાના પિતાની પાસે જે વિનય અને ભક્તિથી જઈ રહ્યા છે તેનાથી તેઓ આગળનું શિખવાડે છે કે અમારે અમારા પિતાની પાસે કેવી રીતે જવું જોઈએ.

ત્યાર પછી બે સુવર્ણ પ્રાકાર પછી એક રતન પ્રાકાર, ત્યારપછી ત્રણ સુવર્ણના અને તેના પછી બે સ્ફટિકના. એ રીતે આઠ પરકોટની શોભા જોતા થકા આગળ વધ્યા. આઠ દ્વારો ઉપર દ્વારપાલક છે પરંતુ નવમા દ્વારમાં કોઈ દ્વારપાલક નથી. આઠ દ્વારપાલકોની અનુમતિ લઈને ભરતજી અંદર પ્રવેશ કરી રહ્યા છે. અંદર દાખલ થયા પછી ત્યાં વ્યવસ્થાપક દેવોનાં શબ્દ સાંભળવામાં આવ્યા. કોઈ કહે છે કે 'ધરણેન્દ્ર ! ઊભા રહો,' 'દેવેન્દ્ર ! આપ પહેલાં વંદના કરો,' 'દિક્પાલક લોક બેસી જાઓ.' 'યોગીજન બેસવાની કૃપા કરો,' 'ગરુડજાતિના દેવ અહીં બેસે.' 'યક્ષોનું આ સ્થાન છે,' 'સિદ્ધ અને ગંધર્વ અહીં બેસી શકે છે,' 'આ રંભાનું નૃત્ય થઈ રહ્યું છે,' 'ઉર્વશીનો ખેલ છે,' 'મેનકાનો નાચ પણ સુંદર છે.' વગેરે શબ્દો ભરતજી ત્યાં સાંભળી રહ્યા છે. ભગવાનની ઉપર દેવોદ્વારા પુષ્પવૃષ્ટિ થઈ રહી છે. મોતીનું છત્ર દેવોએ ચડાવ્યું છે. ચોસઠ ચામર ઢાળી રહ્યા છે. અસંખ્ય દેવો જયજયકાર કરી રહ્યા છે. હજાર દળના કમલની ઉપર જે સિંહાસન છે તેનાથી ચાર આંગળ ઊંચે પ્રભુ બિરાજમાન છે. તેમનું શરીર કરોડો સૂર્ય અને ચંદ્રને પણ નીચું જોવડાવી રહ્યું છે.

સમવસરણસ્થિત દેવોએ દૂરથી જ જોઈ લીધું. તેમને આશ્ચર્ય ઉપજ્યું કે આ મહાપુરુષ કોણ છે ? આ પ્રકારના સૌંદર્ય ધારણ કરવાવાળા સજ્જનને અમે પહેલાં કૈલાસમાં ક્યારેય જોયા નહોતા. ત્રણ લોકનું બધું રૂપ પોતામાં અને પોતાના પુત્રોમાં ભેગું કરીને અહીંયાં દેખાડવા આવ્યા હોય એવું લાગે છે. ઈત્યાદિ અનેક પ્રકારની વાતચીત કરતા થકા પોતાનું આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા હતા. પાસે આવતા 'આ ભરતેશ છે, દેવોત્તમના પુત્ર છે. સારું, આ વૈભવ બીજા કોઈને મળી શકે છે ? તેમને ધન્ય છે.' આ રીતે મનમાં વિચાર કરવા લાગ્યા.

ભરતજી હર્ષની સાથે અંદર દાખલ થયા. વેત્રધારીઓએ કહ્યું કે દેવદેવ ! પુરુનાથ ! જરા આપ જુઓ. ભરતેશ આવી રહ્યા છે. શરીર ઉપર રત્નાભૂષણો ધારણ કરીને- આત્મામાં ગુણાભૂષણ

ધારણ કરીને અત્યંત સુંદર શૃંગારયોગી આવી ગયા છે. જરા જુઓ તો ખરા. દેવકુમારોથી પણ સુંદર અનિમિષ નેત્રધારી પોતાના હજાર પુત્રોને લઈને ભરતજી આવ્યા છે, હે કોટિ સૂર્યચંદ્ર પ્રકાશ ! સર્વેશ ! જરાક વાત ધ્યાનમાં લીઓ. એ રીતે દેવો ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા.

ત્રણ લોકની અંદરના અને બહારનાં પદાર્થોનાં પ્રત્યેક દ્રવ્ય, ગુણ, પર્યાયને પ્રતિસમય યુગપત જાણવાવાળા શ્રી પ્રભુને ભરતનું આગમન બતાવવાની કોઈને જરૂર છે ? ના, ના. આતો માત્ર દેવોની ભક્તિનો એક નમૂનો છે.

ભરતજીએ આદિપ્રભુના ચરણ પર રત્નાંજલિ અર્પીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પિતા જ્યારે સાષ્ટાંગ નમસ્કાર કરે છે ત્યારે પુત્ર પણ સાષ્ટાંગ નમસ્કાર કરે છે. પિતા જ્યારે ઊભા થાય છે ત્યારે તેઓ પણ ઊભા થાય છે. પિતા જ્યારે હાથ જોડે છે ત્યારે તેઓ પણ હાથ જોડે છે. એ રીતે તે વખતની શોભા એવી લાગતી હતી કે જેવી રીતે એક દોરીમાં પરોવેલી અનેક ઢીંગલીઓ એકી સાથે પોતાના સુંદર ખેલ બતાવી રહી હોય.

ત્રણ વાર સાષ્ટાંગ નમસ્કાર કરીને ભરતજી બહુ ભક્તિથી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

કરતલ કંપતા હતા આનંદાશ્રુધારા વહેતી હતી. મંદસ્મિત થઈને અતિ મીઠા સ્વરપૂર્વક તેઓ સ્તુતિ કરતા હતા. નીચે લખેલા સ્તોત્ર પાઠ છે.

कांचनभूभृदृदंचित
गौरवाकुंचितभद्रस्वरुप !
पंचबाणानेकजित !
पुरुषाकार ! प्रांचित ! जयजय !
सुत्रामशत मुकटानर्ध्य
रत्नांशु चित्रित्रचरणाब्जयुगल !
छत्रमुक्तांशु गंगावृत
बहुजटासूत्रित जयजय !
संग निस्संग सुरांग चिदंग
मतगजरिपु विष्टराढय !
सांगिक सुरकुसुमासार
धूलिभस्मांगित जयजय !
पिंजरितोग्रकर्मारण्य
दावधनंजय सुज्ञानभानु !

भंजित जातिजरामय
        दु:ख मृत्युञ्जय                    जयजय !
कंजकिंजल्क भुञ्जित मंजूलालिस्वर
        जितमंजुघोषाढय !
रंजितगीतपुष्पांजलिपूज्य
        परंज्योति                    जयजय !
श्राव्यदिव्यालापकाव्य संसेव्य
        सद्भव्य निर्व्यक्त चिद्‌द्रव्य !
अव्ययसिद्धिसुसंव्यक्त
        हितकव्याढय                    जयजय !
सुज्ञानदर्शनसुखशक्तिकांतिमनोज्ञ
        श्रीअमलादिवस्तु !
प्राज्ञजनार्चित ! जय जय स्वामी !
        सवैज्ञसदाशिवोदेव !
भरतनप्पाजि शकनस्वामी
        कलिकालपरिचित रत्नाकरना !
पिरियय्य जयजय यंदेरगिद
        नर सुररेल्ल जयजय येनलु !

આ રીતે બહુ ભક્તિથી સમ્રાટે ભગવાનની ભક્તિ કરી.

રત્નાકરે પોતાના પિતાને સ્થાને શ્રીમંધર સ્વામીનો અને દાદાના સ્થાને શ્રીઆદિપ્રભુનો ઉલ્લેખ કર્યો છે. આ પ્રકારનું ભાગ્ય દરેકને શું મળી શકે છે ? ત્યારે પછી ભરતજીએ સુરકૃત જળથી સ્નાન કર્યું. પોતાનું શરીર શણગાર્યું. અનેક ઉત્તમોત્તમ દ્રવ્યોથી જિનેન્દ્રની પૂજા કરી. ભરતજીને કઈ વાતની ખામી છે ? ચિંતામણિરત્ને ચિંતિત પદાર્થો લાવીને આપ્યા. તીર્થાંબુ, મલયજચંદન, અક્ષત, પુષ્પ, ચરુ, ધૂપ, ફલ અર્ધ્ય એવા આઠ દ્રવ્યોથી તીર્થેશ્વરની પૂજા કરી. તે વખતે ભરતની ભક્તિ જોઈને ભગવાનના સમવસરણમાં બિરાજમાન સમસ્ત ભવ્યજીવો જયજયકાર કરી રહ્યા હતા.

પૂજાથી નિવૃત્ત થઈને ભરતજીએ ભગવાનની ત્રણ પ્રદક્ષિણા કરી. ત્યાર પછી બહુ ભક્તિથી સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી મુનિઓને વંદન કર્યું. દેવેન્દ્ર વગેરેની સાથે વાતચીત કરી. ગણધરની

આજ્ઞા પામીને અગિયારમાં કોષ્ઠમાં તેઓ બિરાજમાન થયા. આજે સમવસરણમાં એક નવી વાત બની છે. સમવસરણમાં બિરાજમાન બધા ભવ્ય ભરતજીના આગમનથી હર્ષ પામીને રહ્યા છે. ભરતજી દિવ્યવાણી નીકળવાની રાહ જોઈ રહ્યા છે.

ભરતજીનું જીવન ધન્ય છે. જ્યાં જાય છે ત્યાં પરમ મંગલ પ્રસંગોનો અનુભવ તેમને થાય છે. દિગ્વિજય કરીને પાછા ફરતી વખતે ભગવાન ત્રિલોકનાથના દર્શન થવા એ કોઈ ઓછા ભાગ્યની વાત નથી. એવા પુણ્યશાળી વિરલા જ હોય છે.

જેઓએ પૂર્વજન્મમાં જ આત્મભાવનાની સાથે જ અનેક પુણ્યકાર્યો કર્યાં હોય તેમને આવા પ્રકારના ટાણા મળ્યા કરે છે. ભરતજી તે મહાત્માઓમાંનાં એક છે. જે રાત દિવસ આવા પ્રકારની ભાવના કરે છે કે :-

''હે પરમાત્મા ! તમારી અંદર એવું સામર્થ્ય છે કે તમે તમારા ભક્ત ને સદા પરમ મંગલ સ્થાનમાં લઈ જાઓ છો. તેથી હે આનંદમલ્લ ! ચિદંબર પુરુષ ! તમે મારા હૃદયમાં જ વસો, ક્યાંય બીજે જાઓ નહિ એ મારી પ્રાર્થના છે.

હે સિદ્ધાત્મા ! ગર્વગજાસુરનું આપ મર્દન કરવાવાળા છો. દુષ્કર્મરૂપી પર્વતને માટે વજ્ર સમાન છો, નરસુર, નાગ વગેરેથી વંદ્ય છો, તેથી અમને નિર્વિઘ્ન મતિ આપો.''

આવી ભાવનાનું આ ફળ છે.

# ૨૫. તીર્થાગમન સંધિ

**ભ**રતજી હાથ જોડીને બેઠા છે. તેમને દિવ્યધ્વનિ ક્યારે નીકળશે એ વાતની ઉત્કંઠા થઈ રહી છે. ભરતના પુત્ર પણ ભગવાન તરફ ભક્તિથી જોઈ રહ્યા છે, હસે છે, હાથ જોડે છે. અર્કકીર્તિ પોતાના નાના ભાઈ પુરુરાજ, માણિક્યરાજ, વૃષભરાજ, ગુરુરાજ, અને આદિરાજને કહેવા લાગ્યા કે તમે મહાભાગ્યશાળી છો. કેમકે તમે ભગવાન આદિપ્રભુનું નામ પામ્યા છો. ઉત્તરમાં તે ભાઈઓ કહેવા લાગ્યા કે ભાઈ ! એમ કેમ કહો છો, દુનિયામાં જેટલા પવિત્ર નામો છે તે બધા આદિપ્રભુના છે. તેમાં તેમાનું તો આપનું અર્કકીર્તિ નામ પણ છે. એ રીતે વાર્તાલાપ કરી રહ્યા છે. એવામાં ભરતજીએ તેમને આ વિનોદ ગોષ્ઠી બંધ કરવાનો ઈશારો કર્યો. તેઓએ હાથ જોડીને મનમાં કાંઈક વિચાર્યું. એવામાં દિવ્યધ્વનિ છૂટી.

ગંભીર, મૃદુ, મધુર ધ્વનિથી યુક્ત બધાના ચિત્ત અને કર્ણને આનંદ ઉપજાવતી થકી તે દિવ્ય વાણી નીકળી. સમુદ્રઘોષની સમાન તેની ઘોષણા છે. તે દિવ્યધ્વનિમાં અઢાર પ્રકારની મહાભાષાઓ અને સાતસો લઘુ ભાષાઓ અંતર્ભૂત છે.

સૌથી પહેલાં આ લોકાકાશમાં વ્યાપ્ત પણ વાતવલયોનું વર્ણન તે દિવ્યધ્વનિમાં થયું. ત્યાર પછી તે આકાશ પ્રદેશમાં સ્થિત ઉર્ધ્વ, મધ્ય અને અધો લોકનો ચિતાર આવ્યો. ત્યાર પછી તે લોકમાં સ્થિત ષટ્દ્રવ્ય સપ્તતત્ત્વ, પંચ્ચાસ્તિકાય અને નવ પદાર્થોનું વર્ણન થયું. ભરતજીને ખૂબ આનંદ થઈ રહ્યો હતો. એ રીતે જ્યારે ભગવાને વ્યવહારરત્નત્રય, નિશ્ચિય રત્નત્રય, ભેદભક્તિ અને અભેદભક્તિનું વર્ણન કર્યું ત્યારે ભરતજીને રોમાંચ થયા. હંસતત્ત્વ (પરમાત્મા તત્ત્વ) હંસતત્ત્વનું સામર્થ્ય અને હંસમાં જ જિનસિદ્ધની સ્થિતિ જે વખતે ભરતજીએ સાંભળી તે વખતે તેનો આનંદ માતો નહોતો. તેમના આખા શરીરમાં રોમાંચ થયો.

ભરતજીએ પોતાને ક્યારે કેવલજ્ઞાન થશે એ પહેલેથી જ આદિભગવાનને પૂછી લીધું હતું પરંતુ તેમની ઈચ્છા હવે પોતાના પુત્રોના સંબંધમાં પૂછવાની હતી. તેથી તેઓએ પ્રશ્ન કરી નાખ્યો. ''હે ભગવાન ! આ અમારા એક હજાર બસો પુત્ર છે. તેઓ આ જન્મમાં મુક્તિ પામશે કે ભાવિ જન્મમાં મુક્તિ પામશે ? કૃપા કરીને કહો. ત્યારે ઉત્તર મળ્યો કે એ બધા આ ભવમાં મુક્તિધામ મેળવશે. ભરતજીને સંતોષ થયો. સાથો સાથ એ પણ કહ્યું કે એમાંથી બે પુત્રોને તો બાલ્યાવસ્થામાં જ વૈરાગ્ય ઊપજશે, પરંતુ સમજાવ્યા પછી તેઓ રહી જશે અને પછી ભોગોને ભોગવીને વૃદ્ધાવસ્થામાં તેઓ દીક્ષિત થશે.

ભરતજીએ નિશ્ચય કર્યો કે આ જિનવાણીમાં કાંઈ ફેર પડશે નહિ. હું આ પુત્રોની સાથે વૃદ્ધાવસ્થા આવતા સુધી રાજ્યના ભોગ ભોગવીને દીક્ષિત થઈશ. ભગવાનને નમસ્કાર કરીને ઊઠયા. તેમના પુત્ર પણ સાથે જ ઊઠયા. તેઓ આપસઆપસમાં વાતચીત કરતા હતા કે ''આ ભગવાન અમારા દાદા છે, કોઈ કહેતા હતા કે પ્રપિતા છે.'' આ રીતે મોહથી અનેક પ્રકારે વાત કરી રહ્યા હતા. જ્યાં મોહ છે ત્યાં આવી વાતો થયા કરે છે. જે ભગવાનને સમસ્ત મોહનીનો અભાવ થઈ ગયો છે તેમના હૃદયમાં આવી કોઈ પણ વાત નથી ઊઠતી. તેથી એમનાં હૃદયમાં મોહ રહેવા છતાં પણ તેમનાં હૃદયમાં કોઈ મમત્વ નથી. તેથી તેઓ વીતરાગી કહેવાય છે.

વૃષભસેન ગણધરે સમ્રાટને કહ્યું કે ભરત બધાને રસ્તામાં છોડીને આવ્યા છો તેથી હવે મોડું ન કરો. જાઓ.

ભરતે ઉત્તરમાં કહ્યું કે સ્વામી ! અહીંયાં રહેવાનું ન કહેતા આપ જવાનું કેમ કહી રહ્યા છો ? આપને તો અહીં રહેવાનો જ આદેશ કરવો જોઈએ.

વૃષભસેન સ્વામીએ કહ્યું કે ભરત ! અમે જાણીએ છીએ કે તમે ગમે ત્યાં રહો. તમારો આત્મા અહીંયાં જ વસે છે તેથી જાઓ. ત્યારે ભરતે ''જો એમ છે તો હું આપની આજ્ઞાનું ઉલ્લંઘન કેમ કરું ? હું જાઉં છું.'' એમ કહેતા થકા પોતાના પુત્રોની સાથે ત્યાંથી નીકળ્યા.

ત્યાંથી નીકળતી વખતે એકવાર ફરી આદિપ્રભુના દર્શન ''भूयात्पुनर्दर्शनं'' (ફરીવાર મને દર્શન થાઓ.) એ મંત્રની સાથે કર્યા. ત્યારપછી વૃષભસેના આચાર્ય અનંતવીર્ય, વિજયવીર, સુવીર, અચ્યુતાર્ય એ રીતે છ ગણધરોને વંદના કરી ત્યાર પછી કચ્છયોગી, મહાકચ્છયોગીને નમસ્કાર કર્યા, ત્યાર પછી બાકીના મુનિસમુદાયને નમસ્કાર કર્યા. દેવેન્દ્રની સાથે પ્રેમ વાર્તાલાપ કર્યો.

દેવેન્દ્ર કહેવા લાગ્યા કે ''ભરત ! કેવા પુણ્યના ફળમાં તમે આ સુંદર પુત્રોને મેળવ્યા છે ? દેવલોકમાં પણ આવા પ્રકારનું સૌંદર્ય ધારણ કરનારા કોઈ નથી. તમારી સંપત્તિ અદ્‌ભુત છે. એક બે પુત્ર નહિ, બધા તમારી જેવા જ પરમ સુંદર છે. તમારા ભાગ્યની બરાબરી લોકમાં કોણ કરી શકે ?'' ઉત્તરમાં ભરતજી લઘુતા બતાવતા થકા કહેવા લાગ્યા કે ''આ શું સુંદર છે. સ્વર્ગના દેવ આનાથી હજાર ગુણા સુંદર છે. ત્યારે દેવેન્દ્ર કહેવા લાગ્યા કે તમો આદિ પ્રભુના વંશ જ છો તેથી વિનયગુણ પણ આપમાં વિશેષ રૂપે રહે છે. આપની નિરહંકાર વૃત્તિ પ્રશંસનીય છે.

આ રીતે દેવેન્દ્રની સાથે વાર્તાલાપ કરીને નાગેન્દ્ર આદિઓની સાથે પણ બોલતા થકા ચક્રવર્તી બહાર નીકળ્યા જતી વખતે દ્વારપાલકોને તેઓએ રત્નહાર આદિ ઈનામમાં આપ્યા. સમવસરણમાંથી બહાર નીકળીને વિમાનો ઉપર ચઢી સેનાસ્થાન તરફ જવા લાગ્યા. એક વિમાનમાં સ્વયં સમ્રાટ અને બીજા વિમાનમાં એક હજાર પ્રૌઢ પુત્ર અને ત્રીજા વિમાનમાં બસો નાના પુત્રો બેસીને જતા હતા. સોળહજાર ગણબદ્ધદેવ પણ સાથે હતા. બધા પુત્રોના મુખે આ વખતના સમવસરણની ચર્ચા જ હતી આદિ પ્રભુના અપૂર્વ દર્શનનાં સંબંધમાં અનેક પ્રકારે હર્ષ બતાવતા થકા બધા પુત્રો જઈ રહ્યા હતા. ક્યારેક પિતાની સાથે સમવસરણના વિષયમાં પૂછતા હતા. ભરતનું કહેવું આનંદથી સાંભળતા હતા, હસતા હતા. વિસ્મય ઉપજાવનારો તીર્થંકર પ્રભુનો મહિમા જોઈને મનમાં હરખ માતો નહોતો. આ રીતે બધા લોકો જે વખતે બહુ આનંદપૂર્વક જઈ રહ્યા હતા ત્યારે તેના નાના પુત્રોમાનાં બે પુત્ર છાનામાના જતા હતા. તેમના નામ જિનરાજ અને મુનિરાજ હતા. તેઓએ જ્યારથી તીર્થંકર પરમેષ્ઠિના દર્શન કર્યા ત્યારથી જ તેના ચિત્તમાં દીક્ષા લેવાની ભાવના જ થઈ ગઈ હતી પણ પિતાની પાસે કહેવામાં ડર લાગતો હતો, તેથી ઉત્તમ વિચાર કરીને મૌન જતા હતા. મનમાં વિચાર કરી રહ્યા હતા કે હવે કાલે જ અમારા ભાઈઓની જેમ જ અમારા વિવાહ પિતાજી કરશે, તેથી આ જંજાળમાં પડતા પહેલાં બાલ્યવસ્થામાં જ દીક્ષા લેવી યોગ્ય છે. અમને દીક્ષા આપો એ રીતે અમે અમારા દાદા શ્રી આદિપ્રભુના ચરણોમાં અમે પ્રાર્થના કરત, પરંતુ અમારા પિતાજી અને અમારા ભાઈઓ અમને

ન છોડત. હવે શું ક્યો ઉપાય લેવો જોઈએ. ધન્ય છે ? પુણ્યજીવીઓનો વિચાર બાલ્યાવસ્થામાં જ પરિપુષ્ટ રહે છે.

હવે પ્રયત્ન કરવા છતાં કોઈપણ રીતે તેઓ અમને રજા નહિ આપે, તેથી તેમની સાથે હાલ ચુપચાપ જઈએ ત્યાર પછી જ્યારે ઘેર પહોંચશું ત્યારે કોઈ પણ રીતે તેમને કહ્યા વગર ચાલ્યા આવીશું. પછી દીક્ષિત થઈશું. આવા વિચારથી બન્ને પુત્રો તેમની સાથે મૌન જતા હતા.

બધા લોકો સેનાસ્થાનની તરફ જોતા થકા જઈ રહ્યા હતા, પરંતુ આ બન્ને પુત્રો કૈલાસની તરફ જોતા જોતા જતા હતા.

ભરતજીએ જોયું ! તેમને બન્ને પુત્રોનું અંતરંગ જણાયું કે દીક્ષા લેવાની ભાવનાથી આ લોકો આ રીતે વિકલ (આકુલ) થઈ રહ્યા છે. છતાં તે વાત છુપાવીને કહેવા લાગ્યા કે 'બેટા જિનરાજ ! મુનિરાજ ! આપને શું થયું છે ? બધા બહુ આનંદની સાથે જઈ રહ્યા છે ત્યારે તમે કેમ મૌન ધારણ કરી બેઠા છો. એનું કારણ શું છે ? શું માતા યાદ આવી છે કે કૈલાસ પર ચઢવાથી શરીરમાં કાંઈક દરદ થયું છે ? શું બિના છે ? તમો મૌન રહીને શું વિચાર કરી રહ્યા છો. બોલો તો ખરા ?'

ત્યારે તે પુત્રોએ કહ્યું કે 'પિતાજી ! આપની સાથે હોઈએ ત્યારે માતાજી યાદ કેમ આવે ? શું માતુશ્રી આપનાથી પણ અધિક છે ? શું જિનેન્દ્રના સમવસરણમાં જવાથી શરીરમાં આળસ આવે ? કદી નહિ. તમે તથા ભાઈઓ વગેરે બોલો છો તે અમે સાંભળી રહ્યા છીએ. એટલી જ વાત છે બીજું કાંઈ નહિ.'

વળી ભરતજી કહેવા લાગ્યા કે 'આગળ ન જોતાં પાછળ જોતાં જોતાં કેમ આવો છો ?' ત્યારે તેઓ કહેવા લાગ્યા કે 'અમે આ કૈલાસની શોભા જોઈએ છીએ અને મનમાં વિચારી રહ્યા છીએ કે આ પુણ્યશૈલનું દર્શન ફરી ક્યારે થશે ? જરા આ પર્વતની શોભા તો જુઓ. તેના ઉપરનું સમવસરણનું સૌંદર્ય તો જુઓ-સ્વામી ! આ ત્રણ લોકનું અદ્‌ભુત છે (આપણા લોકની અજાયબી છે.) આપ જુઓ. !'

ભરતજી પણ પુત્રોની ભક્તિપર પ્રસન્ન થયા. હવે તેઓ પ્રગટ રૂપે કહેવા લાગ્યા કે 'બેટા ! મારાથી કેમ છાનું રાખો છો. આપના મનનો વિષય હું સમજી ગયો છું.'

અત્યારથી દીક્ષા લેવાનો વિચાર કેમ કરી રહ્યા છો ! અમે ને તમે બધા મળીને દીક્ષા લેશું. એમાં મૂંજાવાનું શું છે ? કેટલાક દિવસ ભોગમાં રહીને પછી તમે દીક્ષા લ્યો. અત્યારે ધમાલ ન કરો. એવું કહેવાથી પુત્રોને ખબર પડી કે પિતાજી જાણે છે. અમે પિતા પાસે બોલતા ડરી રહ્યા હતા. હવે પિતાએ જ અમારો સંકોચ (ભય, શરમ) દૂર કર્યો. અમે વિચાર્યું હતું કે તેમની સાથે ચાલાકી કરીને ભાગી આવીશું, પરંતુ હવે એ રીતે આવવું સહજ નથી તેથી હવે ખુલ્લી વાત કરીને જ જવું જોઈએ.

બન્ને પુત્રોએ ભરતના ચરણમાં મસ્તક રાખીને પ્રાર્થના કરી કે 'સ્વામી ! અમારી તીવ્ર ઈચ્છા છે કે આ બાલ્યાવસ્થામાં જ દીક્ષિત થઈને મુક્તિ સામ્રાજ્યના અધિપતિ બનીએ. તેથી જ આપ કૃપા કરીને અનુમતિ આપો.' આ વાત સાંભળીને ભરતજીનું હૃદય કંપી ઊઠયું. આંખમાં પાણી આવી ગયાં.

'બેટા ! મારાથી રહેવાશે નહિ. તમે આવા પ્રકારનો જરાય વિચાર ન કરો, મારી રક્ષા કરો.' ઈત્યાદિ રૂપે કહેતા થકા ભરતજીએ તે બન્ને પુત્રોને આલિંગન આપ્યું. ફરી કહેવા લાગ્યા કે 'બેટા ! તમો જો અહીંયાં ન રહો તો મારી સંપત્તિ શું કામની ? મને કષ્ટ આપવું તે શું આપનો ધર્મ છે ? આવી ધમાલ કેમ કરો છો ? અમે તમે બધા મળીને દીક્ષા લઈશું. હાલ રહેવા દ્યો.'

ઉત્તરમાં બન્ને પુત્રોએ કહ્યું કે 'સ્વામી ! આપને શું પુત્રો ઓછા છે ? હજારો પુત્રોમાંથી અમે બન્ને જો દીક્ષા લઈને યમને હરાવીએ તો શું તેમાં તમારી પણ કીર્તિ નહિ થાય ?'

ભરત– 'બેટા મારે આવી કીર્તિ જોઈતી નથી. આ કીર્તિ જ બસ છે. તમે અમે સુખથી ચાર દિવસ રહીએ એમ અમે ઈચ્છીએ છીએ.'

પુત્ર– 'પિતાજી ! આ દુષ્ટ યમના વચ્ચે રહેવાથી શું પ્રયોજન ? તમે અમને આજ્ઞા આપો.'

ભરત-'બેટા ! આ યમ આપણને શું કરી શકે છે ? તમે આજ ભવમાં મુક્તિધામ મેળવવાના છો-ભગવાન આદિપ્રભુના ઉપદેશને આટલી વારમાં ભૂલી ગયા ? જો તમે તદ્ભવમુક્તિગામી ન હોત તો તમારા કાર્યને હું ન રોક્ત. પરંતુ આ ભવમાં મોક્ષ જવાનાં છો તો ચાર દિન આનંદથી સંસારના ભોગો ભોગવીને પછી જાઓ. બેટા ! જરા વિચાર તો કરો તમોએ હજી અમારું નગર પણ નથી જોયું. અમારી માતુશ્રીએ તમારો વિનોદપૂર્ણ વ્યવહાર પણ નથી જોયો. આવી અવસ્થામાં તમારે જવું શું ઉચિત છે ? તમારા કાકાએ હજી તમને જોયા જ નથી. બધાની ઈચ્છા પૂરી કરીને પછી જાઓ. હું તમોને બહુ સન્માનપૂર્વક મોકલીશ. ચિંતા કેમ કરો છો, થોડાક દિવસ રહી જાઓ.'

પુત્ર– 'સ્વામી ! દીક્ષા લેવાની ઈચ્છા શું વારંવાર થાય છે ? સંસારની સંપત્તિમાં ફસાયા પછી મનુષ્યના ચિત્તની પરિણતિ કેવી બને છે તે કોણ કહી શકે ? તેથી અમારી પ્રાર્થના છે કે અમને કોઈપણ પ્રકારે રોકવા ન જોઈએ. આપ અનુમતિ આપો પિતાજી ! અમારી દાદી, નગરી, કાકા વગેરેને આ ચર્મદૃષ્ટિથી જોવા કેમ કહો છો ? અમે તપશ્ચર્યાના બલથી અનંતજ્ઞાન પ્રાપ્ત કરીને તેમને જ્ઞાનદૃષ્ટિથી એકીસાથે જોઈશું તેથી અમને અવશ્ય જવાની રજા આપો.'

ભરત- 'બેટા ! વારંવાર એ વાત કહીને મને દુઃખી કરવાનો તમારો ધર્મ નથી એ વાત છોડી દ્યો. તપશ્ચર્યાની વાત પણ ન કરો.'

પુત્ર- 'પિતાજી ! આપને આ રીતે દુઃખી થવાની શું જરૂર છે ? શું અમે કોઈ દુષ્ટ કાર્ય કરવાનો સંકલ્પ કર્યો છે ? તો તમે શા માટે દુઃખી થાઓ છો અને અમને શા માટે રોકો છો ? આપને તો અમને એમ કહેવું જોઈએ કે 'બેટા ! તમોએ સારો વિચાર કર્યો, પ્રશસ્ત છે. જાઓ તમારો જય થાઓ.' પરંતુ આપ તો અમને રોકી રહ્યા છો. અમારી પ્રાર્થના છે કે 'આપ આ રીતે અમને ન રોકો અમને જવાની રજા આપો.'

ભરતજીએ જોયું કે હવે એ માનશે નહીં. હવે કોઈને કોઈ ઉપાયથી મનાવવા જોઈએ, એવા વિચારથી તે કહેવા લાગ્યા, 'બેટા ! શું તમે દીક્ષા માટે જવા જ ઈચ્છો છો ? કાંઈ વાંધો નહિ. જઈ શકો છો, પરંતુ તમે એક એક ચીજ દઈને જાઓ.'

ઉત્તરમાં તે પુત્રોએ કહ્યું કે 'પિતાજી ! અમારી પાસે એવી કઈ ચીજ છે કે જે આપને આપી શકીએ ?'

ભરતજીએ કહ્યું કે 'માત્ર આપીશું એટલું કહો, હું પછી કહીશ.'

ત્યારે તે પુત્રોએ કહ્યું કે 'જ્યારે અમે સમસ્ત પરિગ્રહ છોડીને દીક્ષા માટે ઉદ્યત થયા છીએ ત્યારે અમને કઈ વાતનો મોહ છે ? આપ કહો. અમો દેવાને તૈયાર છીએ.' ભરતજીએ તેમની સામે હાથ રાખીને કહ્યું કે 'લાવો, એક તો આ હાથ ઉપર કર્પૂર મૂકે અને બીજો તેની ઉપર તેલ રેડે. પછી ખુશીથી બન્ને જઈ શકે છે. જિનેન્દ્ર ભગવાનના સોગન ખાઈને કહું છું કે હું નહિ રોકું.' બોલતી વખતે ભરતજીની આંખોમાંથી આંસુ નીકળી રહ્યાં હતાં.

બન્ને પુત્રોના હૃદય કંપવા લાગ્યા. બધા પુત્રો ધ્રૂજવા લાગ્યા. અર્કકીર્તિએ કહ્યું કે 'તમારા જીવનને ધિક્કાર છે. પિતાજીએ હાથ લંબાવીને વિષની યાચના કરી. એનાથી અધિક બીજું દુઃખ હોઈ શકે ?' અમોએ આવા અશુભવચન સાંભળ્યા. હા જિન ! જિન ! ગુરુહંસનાથ ! (કાનમાં આંગળી નાંખીને અર્કકીર્તિએ કહ્યું.)

બન્ને પુત્રોના મનમાં ભય ઉત્પન્ન થયો. એક વખત પિતાના મુખ તરફ જુએ અને બીજી વખત ભાઈના મુખ તરફ જુએ છે. આંખોમાંથી પાણી પડતા પડતા તેમના ચરણોમાં મસ્તક રાખીને કહ્યું કે 'હવે અમે દીક્ષાનું નામ નહિ લઈએ. ભરતજીને કહેવા લાગ્યા કે 'પિતાજી ! અમોએ અજ્ઞાનથી બાળકના જેવો વિચાર કર્યો હતો. તમે તે ભૂલી જાઓ. આપને જે દુઃખ થયું છે તેને માટે ક્ષમા કરો.'

ભરતજીએ બન્ને પુત્રોને સંતોષપૂર્વક આલિંગન કર્યું કેમકે સંતાનનો મોહ પ્રબળ રહ્યા કરે છે.

ભરતજીને બહુ સંતોષ થયો. બન્ને પુત્રોએ ક્ષમા માગી. પિતાજી ! આપને કષ્ટ થયું. ક્ષમા કરો.

'બેટા ! એમ કેમ કહો છો. મને કંઈ દુઃખ થયું નથી. ઊલટો આ વખતે મને આનંદ થયો' કહેતા કહેતા ભરતજીએ તે બાળકોનું સમાધાન કર્યું.

એવામાં અર્કકીર્તિકુમાર પોતાના વિમાનમાંથી ઊતરીને પિતાની પાસે આવ્યા અને તેઓએ ભરતજીના ધારણ કરેલા વસ્ત્રાભરણો કઢાવી નાંખીને નવા ધારણ કરાવ્યા, અને ગુલાબજલથી મુખ ધોવરાવ્યું. ચંદનનો લેપ શરીર ઉપર કરાવ્યો આ રીતે અનેક પ્રકારે શીતોપચાર કરીને પિતાની સેવા કરી.

ભરતજીએ તે બન્ને પુત્રોને પ્રશ્ન કર્યો કે 'જિનરાજ ! મુનિરાજ ! હવે જે થયું તે થયું. ઘરે ગયા પછી મને કીધા વગર તમે જાઓ તો ? કહો જોઈએ ?'

ઉત્તરમાં પુત્રોએ કહ્યું કે 'પિતાજી ! અમે આપને પૂછયા વગર હવે ચોક્કસ નહિ જઈએ.'

'મને વિશ્વાસ નથી આવતો' ભરતજીએ કહ્યું, ત્યારે પુત્રોએ કહ્યું કે આપના ચરણકમલનાં શપથ છે કે અમે નહિ જઈએ, વળી ભરતજીએ કહ્યું કે એથી મને સંતોષ નથી થાતો. કોઈને કોઈ જામીન આપવો જોઈએ. નહિતર મને વિશ્વાસ નથી આવતો.

પુત્રોએ વિનયથી કહ્યું કે ''પિતાજી ! આપનાં ચરણકમલનાં સોગનપૂર્વક અમે પ્રતિજ્ઞા લીધી છે ત્યારે તેનાંથી બીજો ક્યો જામીન આપીએ ? લોકમાં આપથી વિશેષ બીજું કોણ છે ? તેથી આપ અમારા ઉપર વિશ્વાસ રાખો.''

ભરતજીએ કહ્યું કે ''હુ એ રીતે વિશ્વાસ નથી કરતો. તમારા મોટાભાઈ અર્કકીર્તિ અને આદિરાજને જામીન આપીને અમને ખાતરી કરાવો કે તમો હવે નહિ જાઓ.''

અર્કકીર્તિએ કહ્યું કે જામીનની શી જરૂર છે ? આપના પાદકમલોથી અધિક બીજા જામીનની વિશેષ કિંમત હોય શકે ?

''બરાબર નહિ, તેની ખાસ જરૂર છે. આ રીતે વચનબદ્ધ અને જામીનપત્રબદ્ધ થવાથી પછી તે જરા ય નહિ જઈ શકે, તેથી અવશ્ય જામીનપત્ર થવા જોઈએ.'' ભરતજીએ કહ્યું.

'ત્યારે આદિરાજે કહ્યું કે વ્યર્થ વિવાદ શો ? પિતાજીની જેમ ઈચ્છા હોય તેમ કરો. સારું, અમે બન્ને ભાઈઓ બન્ને ભાઈઓનાં જામીન થઈએ છીએ. અમે એને જવા નહિ દઈએ. અને તેઓ નહિ જાય એ રીતે લખીને બન્ને ભાઈઓના ચરણોમાં નમસ્કાર કરીને કહ્યું કે ભાઈ ! તમે વિશ્વાસ રાખશો કે અમે ક્યારે કીધા વગર નહિ જઈએ. તમે વિશ્વાસ રાખો.''

''પિતાજીનાં ચરણસ્પર્શ જ પર્યાપ્ત છે'' એમ કહેતા થકા બન્ને ભાઈઓએ તેમનો હાથ ખસેડયો. જિનરાજ, મુનિરાજે વિનયથી કહ્યું કે 'પિતાજી આપના સ્વામી છે, અમારા તો આપ જ સ્વામી છો.' એ રીતે અન્ય હજારો પુત્રોએ કહ્યું કે ભાઈ ! આપ બન્ને તો એમના જામીન છો પરંતુ અમે બધા પહેરેદાર છીએ. તો તેઓ કેવી રીતે જાય છે તે જોઈએ.' મોક્ષપથમાં સંલગ્ન તે પુત્રોનો વિનોદ વ્યવહાર કાંઈક વિચિત્ર જ છે. તે આનંદ બધાને કેમ મળી શકે !

સમ્રાટને સંતોષ થયો, બધા પુત્ર પોતપોતાના વિમાન પર ચડીને સેનાસ્થાન તરફ આવવા લાગ્યા. અર્કકીર્તિએ ભરતજીને કહ્યું કે 'પિતાજી ! આદિપ્રભુએ જ પોતાની દિવ્યવાણીમાં કહ્યું હતું કે બે પુત્રોને બાલ્યાવસ્થામાં વૈરાગ્ય ઉત્પન્ન થશે, તેથી જરાક બધાને દુઃખ થશે. પ્રભુનું વચન અન્યથા થઈ શકતું નથી.'

ભરતજીએ કહ્યું કે 'બેટા ! આ વાત હું હમણાં જ તમને કહેવાનો હતો ત્યાં તમે જ કહી નાંખી.'

'પિતાજી ! એનું નામ પાડતી વખતે આપે બહુ વિચારીને રાખ્યું લાગે છે. જિનરાજ, મુનિરાજના નામથી આ જિનમુનિ થશે એવું કદાચ તે તે વખતે તમારા ખ્યાલમાં આવ્યું હશે. આશ્ચર્યની વાત છે.' એમ અર્કકીર્તિએ કહ્યું.

ભરતજીએ કહ્યું કે 'બેટા ! જવા દ્યો મને ફુલાવો નહિ. તમારા ભાઈઓએ જેવી રીતે મને ફસાવવાનો વિચાર કર્યો હતો તેનો વિચાર કરતા મને હાંસી આવે છે. જુઓ તો ખરા ! કેવા ઉપાયથી અમને તેઓ ધોખો દઈ રહ્યા હતા ? અમે પૂછયું હતું કે તમે મૌન કેમ આવો છૌ ? ઉત્તર આપ્યો કે તમારી વાત અમે સાંભળી રહ્યા છીએ. પાછળ જોવાનું કારણ પૂછતા પર્વતના પુણ્યાતિશયનું વર્ણન કરવા લાગ્યા. અર્કકીર્તિ ! જુઓ તમારા ભાઈઓનું ચાતુર્ય. આ વાત સાંભળીને બધા લોકો હસ્યા.

તે પુત્રોમાં સૌથી નાના માણિક્યરાજ અને મન્મથરાજ નામના હતા. તેમનું નામ જેવું હતું તેવા જ તેઓ સુંદર હતા. તેઓએ આગળ આવીને નિવેદન કર્યું કે 'પિતાજી ! હમણાં આપના સહોદર વૃષભસેનાચાર્ય વગેરે છ ભાઈઓએ દીક્ષા લીધી તે વખતે તેમને આપે કેમ ન રોક્યા ? તે વખતે આપે કાંઈ પણ ન બોલતા મૌન ધારણ કર્યું. તો આપનું આવું વર્ણન આ લોકોને કેમ ગમશે ? આ રીતે બેધડક કહેવા લાગ્યા.

ભરતજીએ કહ્યું કે તે વખતે હું શું કરી શકત ? ઉત્તરમાં તે પુત્રોએ કહ્યું કે આપ થોડાક દિવસ તેમને રોકી શકત, જેવી રીતે અમારા ભાઈઓને રોક્યા.

ભરતજી– શું મારા રોકવાથી તેઓ રોકાત ?

પુત્ર– પિતાજી ! આપ એમ કેમ કહો છો ? મોટાભાઈનું વેણ તેઓ કદી પણ ઉથાપત નહિ. આપે તેમને રોક્યા નહિ.

ભરતજી– 'રહેવા દ્યો, તમારા ભાઈઓએ હમણાં અમને ફસાવીને જવાનો વિચાર કર્યો હતો એ તમે નથી જાણતા. જ્યારે મારા પુત્રોએ મને ધોખો દેવાનો વિચાર કર્યો તો મારા ભાઈઓની વાત જ શી ? તેઓ મારી વાત કેમ સાંભળત ? બેટા ! તમે હજી નાના છો તેથી પિતાજી પિતાજી કહીને મને બોલાવો છો પરંતુ ક્યારે મને ફસાવીને ચાલ્યા જશો એ હું નથી કહી શકતો. તમારા ઉપર પણ વિશ્વાસ કરવો કઠિન છે. ગર્ભમાં આવતા જ અમને પુત્ર થશે એવા વિચારથી અમને આનંદ થાય છે અને તેવું ભાગ્ય આવવાના દિવસની રાહ જોઈએ છીએ, પરંતુ તમો અમને નિર્ભાગ્ય કરીને ચાલ્યા જાઓ છો. આ જ આશ્ચર્યની વાત છે. 'પુત્રનો જન્મ થવો જોઈએ.' એ રીતે તમારી માતાઓને અભિલાષા હોય છે. તેમની ઈચ્છા તમારા જન્મથી પૂરી થાય છે પરંતુ તમે મોટા થઈને દીક્ષા લઈને ચાલ્યા જાઓ છો.'

અમારી રક્ષા વૃદ્ધાવસ્થામાં તમે કરશો એવા વિચારથી સારા સારા પદાર્થો ખવડાવીને અમે તમારું પાલન પોષણ કરીએ છીએ, પરંતુ તમે એ વાત લક્ષમાં રાખતા નથી. લુચ્ચા છો. કદાચિત્ અમને કહેવાથી અમે જવા નહિ દઈએ એવા વિચારથી કીધા વગર જ તપશ્ચર્યા કરવા નીકળી જાઓ છો. પરંતુ એવું કીધા વગર જવાથી બાલ્યાવસ્થાથી કરાયેલું ઋણ તમારાથી કેમ છૂટી શકે ? જુઓ ! અમારા પિતાજીએ મને ગાદીએ બેસાડીને જે કામ મને સોપ્યું છે તે હું કરું છું. મેં મારી માતાના સ્તનનું દૂધ પીધું છે તેથી તેની આજ્ઞાનુસાર બધું કાર્ય કરું છું. કોઈનું કરજ કરીને તે બાકી રાખવું એ મહા પાપ છે. માતા પિતાનું ઋણ બાકી રાખીને જવું એ સત્પુત્રોનું કર્તવ્ય નથી. તેમને તો મુક્તિ પણ નથી મળતી. તમારા ભાઈ અને તમે આ વાત પર વિચાર નથી કરતા. તમારા માતુશ્રીને અને અમને દુઃખી કરીને જવા ઈચ્છો છો, પરંતુ શું તમારે માટે તે ઉચિત છે ?' આ રીતે પુત્રોને ભરતજીએ ખૂબ ડરાવ્યા.

ભરતજી જોકે જાણતા હતા કે સર્વજ્ઞે એવો આદેશ કર્યો છે કે બે પુત્રો સિવાય બાકીના પુત્ર તો ભોગ ભોગવીને વૃદ્ધાવસ્થામાં જ દીક્ષિત થશે તો પણ વિનોદ કરવા જ માટે ઉપરોક્ત કહ્યું.

વળી તે બન્ને પુત્રો કહેવા લાગ્યા કે 'પિતાજી ! અમારા ભાઈ દીક્ષાને માટે જવા ઈચ્છતા

હતા. આપની પાસે તેઓએ જવા માટે આજ્ઞા માગી પરંતુ આપે આજ્ઞા ન આપી, તેઓ રોકાઈ ગયા. વળી આપ તેવી રીતે તે છ ભાઈઓને ન જવા દેત તો તેઓ રોકાઈ જાત.'

ભરતજી ઉત્તરમાં કહેવા લાગ્યા કે 'બેટા ! જ્યારે મારા ખાસ પુત્રોને રોક્વા માટે મારે આટલું સાહસ અને આટલો શ્રમ કરવો પડયો છે ત્યારે તે ભાઈઓને રોકવા માટે શું કરવું પડત. મારી વાત તેઓ કેમ માનત ?'

વળી તે પુત્રો કહેવા લાગ્યા કે 'પિતાજી ! આપ એમ કેમ કહો છો ? શું આજ અમે નાનાભાઈ આદિરાજ અને મોટાભાઈ અર્કકીર્તિના વચનનું ઉલ્લંઘન કરીએ છીએ ? ના, અમે તો તેમનું વચન માથે ચડાવીએ છીએ. આ રીતે તેઓ પણ આપની આજ્ઞાનું અવશ્ય પાલન કરત, પરંતુ એમ લાગે છે કે તમોએ જ એ રીતનો પ્રયાસ ન કર્યો.

ભરતજીએ અર્કકીર્તિની તરફ લક્ષ કરીને કહ્યું કે જુઓ મોટાભાઈ ! તમારા ભાઈઓની વાત તો સાંભળો કે એ કેવી રીતે બોલી રહ્યા છે. ત્યારે અર્કકીર્તિ કહેવા લાગ્યા કે પિતાજી તે સાચું કહી રહ્યા છે. કદાચ આપ તે દિવસે તમારા ભાઈઓને રોકવાનો પ્રયત્ન કોઈ કારણે નહિ કર્યો હોય.

ભરતજીએ ઉત્તરમાં અર્કકીર્તિને કહ્યું કે 'બેટા ! તમે પણ તમારા ભાઈઓએ જે કહ્યું તેનું જ, સમર્થન કર્યું. શું તે દિવસે મેં મારા ભાઈઓને રોક્યા નહિ હોય ! પરંતુ એવી વાત નથી. બેટા ! આજ તમારા જેટલા સહોદર છે તેટલા તમને જોતાં જ મારી જેમ જ વિનય કરે છે પરંતુ મારા ભાઈઓની આ દશા નથી કેમકે તમારા જેવાં પુણ્ય મારા નથી.'

અર્કકીર્તિ– પરમાત્મા ! આ આપે શું કહ્યું. આપ જ લોકમાં પુણ્યશાળી છો. હું અધિક પુણ્યશાળી કેમ હોઉં ?

ભરતજી- 'લોકમાં ભલે મને મોટો કહે, પુણ્યશાળી કહે, પરંતુ સહોદરોની ભક્તિ મેળવવામાં તમે સૌથી મોટા છો. જુઓ તો ખરા, તમારા ભાઈઓને એવો પણ ખ્યાલ નથી કે અમે બધા ઓરમાન માના પુત્રો છીએ. બધા પ્રેમથી તમારી સાથે રહે છે, પરંતુ એક જ પેટે અવતર્યા છતાં મારા ભાઈ તો મારી સાથે નથી રહેતાં. એક હજાર બસો ભાઈ તમારી આજ્ઞા માથે ચડાવીને તમારી સાથે રહે છે;) પરંતુ મારા તો સો ભાઈ હોવા છતાં પણ મારી સાથે પ્રેમનો વર્તાવ નથી રાખતા. હું તો તેમનું હિત જ ઈચ્છું છું. પરંતુ મારી સાથે તેઓ ભલાઈ રાખતા નથી. તો પણ હું તે વાત લક્ષમાં લેતો નથી.

જે છ ભાઈઓએ દીક્ષા લીધી તેઓ તો અત્યંત વિનયી હતા અને મારા પર તેમની અતિશય ભક્તિ હતી. મેં તેમને અનેક રીતે રોકવાનો પ્રયત્ન કર્યો. પરંતુ મને સ્વપરોપકારની અનેક વાતો કહીને તેઓ આદિ પ્રભુની સાથે દીક્ષિત થઈ ગયા. શું કરીએ. તેમને નમોસ્તુ અર્પણ કરું છું. પરંતુ હવે જે ભાઈ બાકી રહ્યા છે તેમના અંતરનું શું વર્ણન કરું ? તેઓ મહા ગર્વી છે. અનુકૂલ રહેવા નથી ઈચ્છતા. આ વાતો ક્યાંય બહાર ન કરતા. તમો મનમાં જ રાખીને સમજી લેજો.' એરીતે અનેક પ્રકારે બાળકોને સમજાવ્યા.

ઉત્તરમાં અર્કકીર્તિ કહેવા લાગ્યા કે અરહંત ! શું આપની તરફ કાકાઓના મનમાં અનુકૂલ વૃત્તિ નથી એ મહા દુઃખની વાત છે. ઈત્યાદિ પ્રકારે વાર્તાલાપ કરતા થકા સેનાની તરફ આવી રહ્યા હતા. સેનાસ્થાન હવે તદ્દન નજીક છે. સેનામાં બધા સમ્રાટની રાહ જોઈ રહ્યા હતા. તીર્થાગમનથી પાછા આવેલા ચક્રવર્તીના મંત્રી, સેનાપતિ, માગધ હિમવંતદેવ, વિજયાર્ધદેવ વગેરે પ્રમુખ પુરુષોએ અસંખ્યાત સેના સાથે સ્વાગત કર્યું. બધે જયજયકાર થઈ રહ્યો. સર્વત્ર શોભા કરવામાં આવી. સમસ્ત સેનાઓ ઉપર જિનપાદગંધોદકનું ક્ષેપણ કરી ભરતજીએ એ ભાવ વ્યક્ત કર્યો કે મારા આશ્રિત સમસ્ત પ્રાણીઓ મારા સમાન જ સુખી થાય. બધી પ્રજાઓએ સમ્રાટની પ્રશંસા કરી. સેનાનો ઉત્સાહ, વિનય, ભક્તિ વગેરે જોતા જોતા સમ્રાટ મહેલમાં દાખલ થયા.

ત્યાં રાણીઓનો ઉત્સાહ કોઈ ઓર જ હતો. તેઓ સ્વાગત માટે આરતી, દર્પણ વગેરે લઈને ઊભી હતી. તેઓએ બહુ ભક્તિથી ભરતજીની આરતી ઉતારી. સમવસરણની પવિત્ર ભૂમિથી સ્પર્શાયેલા ચરણ કમલોને રાણીઓએ સ્પર્શ કર્યા. પુત્રોએ પણ માતાઓના ચરણોમાં ઝૂકીને સમવસરણગમન જિનપૂજન આદિ સર્વે વૃત્તાંત કહેવા લાગ્યા. બધા 'ઈચ્છામિ, ઈચ્છામિ' કહેતા થકા સંમતિ દઈ રહ્યા હતા.

જે વખતે માતાઓના ચરણમાં તે પુત્રો નમસ્કાર કરી રહ્યા હતા તે વખતે માતાઓ કહેતી હતી કે તમો આજે અમને નમસ્કાર ન કરો કેમકે આજે તમે અમારા પુત્રો નથી. તીર્થપથિક છો, તેથી અમારે તમને નમસ્કાર કરવા જોઈએ. એમ કહેતા થકા રોકતા હતા. તોપણ તે પુત્રો નમસ્કાર કરતા હતા. ભરતજીને આ દૃશ્ય જોઈને આનંદ આવતો હતો.

પુત્રવધૂએ પણ આવીને ભરતજીના ચરણોમાં નમસ્કાર કર્યા. બધા ઉપર ગંધોદક છાંટીને ભરતજીએ આશીર્વાદ આપ્યો. આ રીતે બહુ આનંદપૂર્વક મળીને નિત્ય ક્રિયાઓથી નિવૃત્ત થઈ બધાની સાથે ભોજન કર્યું અને સંતોષપૂર્વક એ દિવસ વ્યતીત કરવામાં આવ્યો.

ભરતજીનું ભાગ્ય તો ભાગ્ય જ છે. ષટ્ખંડ વિજયી થઈને આવતા જ તેમને ત્રિલોકના તીર્થંકર પ્રભુનાં દર્શન થયાં. સમવસરણમાં પહોંચીને વંદના કરી, પૂજા કરી, સ્તોત્ર કર્યું. આ પ્રકારનું ભાગ્ય સહેજે તો કેમ મળે ? ભરતજીને રાત દિવસ આવા પ્રકારની ભાવના રહેતી હતી. તેઓ સતત્ પરમાત્માની પાસે પ્રાર્થના કરતા હતા કે :-

'હે પરમાત્મા ! તમે સદા પાપના ધોવાવાળા પરમ પવિત્ર તીર્થ છો. તેથી તમે મારાથી અભિન્ન રહીને સદા મારા હૃદયમાં જ વસો.'

'હે સિદ્ધાત્મા ! તમે જ્યોતિસ્વરૂપ છો, તેજ સ્વરૂપ છો, લોકવિખ્યાત છો, તમારી જય હો ! મને નવી બુદ્ધિ આપો.''

આ ભાવનાનું ફળ એ આવ્યું કે તેમને તીર્થંકર પરમેષ્ઠિનાં દર્શન થયાં.

# ૨૬. અંબિકાદર્શન સંધિ

**ભ**રતજીની આજ્ઞા પામીને સેનાએ બીજે દિવસે આગળ પ્રયાણ કર્યું. અનેક સ્થળે મુકામ કરતા થકા બહુ વિનોદવિલાસપૂર્વક અયોધ્યાની તરફ સેનાનું પ્રયાણ થઈ રહ્યું છે.

પૌદનાપુરમાં ખબર પડયા કે સમ્રાટ હવે દિગ્વિજય કરીને પાછા આવી રહ્યા છે. પુત્રદ્વારા મોકલેલા વસ્ત્રાભૂષણો માતા યશસ્વતીએ અને તેમની બહેન સુનંદાદેવીએ બહુ સંતોષપૂર્વક લીધાં અને પુત્રને જોવાની ઈચ્છા યશસ્વતી માતાના હૃદયમાં થઈ. હવે આઠ દશ દિવસમાં ભરતજી અયોધ્યા નગરીમાં આવી જાય તેમ હતા. તોપણ ત્યાં સુધી રાહ જોવાની ધીરજ ન રહી. આજ જ જઈને પુત્રને પૂરેપૂરા નિરખીને જોઉં એવી ઈચ્છા યશસ્વતીના મનમાં થઈ. બહેન સુનંદા દેવીએ કહ્યું કે મોટી બહેન ! હાલ ઉતાવળ શું છે ? જ્યારે અયોધ્યા નગરીમાં બધા લોકો આવી જાય ત્યારે આપણે બધા મળીને જઈશું. આજે જવાની શી જરૂર છે. ઉત્તરમાં યશસ્વતીએ કહ્યું કે 'બહેન ! મારા ભરત જ્યાં રહે છે ત્યાં મારે તો અયોધ્યાપુર જ છે. તેથી હું તો આજ જાઉં છું. તમો અયોધ્યાપુરમાં પહોંચ્યા પછી આવજો.

બાહુબલિએ આવીને માતાને કહ્યું કે હું આજ દૂતોને આગળ મોકલી તે સમાચાર કહેવડાવી દઉં છું. આપ કાલે જાઓ. યશસ્વતીએ ઉત્તરમાં કહ્યું કે નહિ, સમાચાર કહેવડાવવાની જરૂર નથી, હું ગુપ્ત રૂપે જવા ઈચ્છું છું. એકાએક અકસ્માત્ જવાથી ભરતને અને તેની રાણીઓને આશ્ચર્ય થવા દ્યો. પહેલાં ખબર મોકલવાથી તે સેનાની સાથે સ્વાગત કરવા આવશે એ હું નથી ઈચ્છતી. વળી વિમાન ઉપર ચઢીને જઈશ, પાલખીમાં બેસીને જવામાં વાર લાગે. એ રીતે બાહુબલિને સમજાવીને કેટલાક સેવક વિશ્વાસપાત્ર વગેરેને લઈને આકાશ માર્ગે ગયા. હવે સેનાસ્થાન તદ્દન નજીક છે. આકાશમાંથી જ ભરતની વિશાલ સેનાને જોઈને, યશસ્વતીના મનમાં ખૂબ હર્ષ થયો.

આકાશમાં વિમાનને આવતું જોઈને બધી સેનાને આશ્ચર્ય થયું. અમે દક્ષિણ તરફ જઈએ છીએ. દક્ષિણ તરફથી આ કોણ આવી રહ્યું છે કાંઈ વાજતું ગાજતું નથી. કોઈ ખાસ નિશાન નથી. એકલું વિમાન જ આવતું જોવામાં આવે છે. એ રીતે બધા આશ્ચર્યચકિત થઈને વિચાર કરી રહ્યા હતા. ત્યાં નજીક આવ્યા પછી વીરોએ કહ્યું કે સમ્રાટના માતા આવી રહ્યા છે. એકદમ સેનાના સમસ્ત વાજિંત્રો વાગવા લાગ્યા. બધા લોકો હર્ષથી જયજયકાર કરવા લાગ્યા કોઈ હાથી પર ચડીને, કોઈ ઘોડા ઉપર સવારી કરીને, કોઈ રથપર અને કોઈ વિમાન પર ચઢીને માતાનું સ્વાગત કરવા ગયા. કોઈ આકાશમાં નમસ્કાર કરતા હતા તો કોઈ જમીન પર. આ રીતે આખી સેનામાં એકદમ ખળભળાટ મચી ઊઠયો. સાડાત્રણ કરોડ પ્રકારનાં વાજાં એકદમ વાગવા લાગ્યાં. ભરતજીને અકસ્માત્ બનેલી આ ઘટનાથી આશ્ચર્ય થયું. પાસે ઊભેલા સિપાઈને તપાસ કરવા ઈશારો કર્યો. તે મુખ્ય દરવાજા પર જઈને પૂછે છે તો સેનામાં એકદમ ખળભળાટ મચેલો જોયો. ત્યાં કોઈ એ વખતે એકબીજાનું સાંભળવા પણ તૈયાર નહોતા. દૂતે આવીને ઉત્તર આપ્યો કે સ્વામી ! સેના પોતાની મેળે બહાર નીકળી ગઈ છે. કોઈ પણ ઉત્તર નથી દેતું. બધા લોકો ધમાલમાં પડી ગયા છે. ત્યારે ભરતજીએ વિચાર કર્યો કે અમે દિગ્વિજયથી હર્ષિત બનીને બેફિકર જઈ રહ્યા હતા. કદાચિત્ કોઈ શત્રુ આ મોકાનો લાભ લઈને

હુમલો કરવા તો નહિ આવ્યો હોય ને. પોતાની રાણીઓને નિર્ભય રહેવાનું કહીને સમ્રાટે સૌનંદક નામની તલવાર હાથમાં લીધી, તે તલવાર લઈને ભરતજી બહાર આવ્યા. એકવાર તે ખડ્ગ જોરથી ફેરવી જોઈ તો એકદમ પ્રલય કાળની અગ્નિએ જીભ બહાર કાઢી હોય એવો દેખાવ થયો. જરા કંપ થયો. સમુદ્ર ઊછળી ગયો. કરોડો ભૂત ચીડાવા લાગ્યા. લોકમાં ભય છવાઈ ગયો. ભરતજી જેવા ઢંગથી આવતા હતા તે ઉપરથી એવું અનુમાન થતું હતું કે કદાચ તે વખતે તેઓ મનમાં વિચારી રહ્યા હશે કે જો કોઈ રાક્ષસ પણ આ વખતે મારી સામે આવે તો હું તેને પક્ષીના સમાન નસાડી મૂકીશ. અર્થાત્ એટલી વીરતાથી જઈ રહ્યા હતા.

આ રીતે જગતના એક વીર સમ્રાટ મહેલનાં મુખ્ય દરવાજા પર જ્યારે પહોંચ્યા ત્યારે અર્કકીર્તિ આદિપુત્રોએ આવીને નમસ્કાર કર્યા. ત્યાર પછી ગણબદ્ધદેવોએ આવીને નમસ્કાર કર્યા. ત્યાર પછી અનેક શુરવીરો આવ્યા. ખબર પડી કે માતુશ્રી આવી ગયા છે.

ભરતજીને આશ્ચર્યનો પાર ન રહ્યો. ‘હા, મારી માતાજી આ રીતે આવ્યા ?’ આ રીતે કહીને હસતા હસતા તલવારને સેવકના હાથમાં દઈને તે શૂરવીરોનો યથાયોગ્ય સત્કાર કર્યો. એટલામાં વિમાન આવીને મહેલના આંગણામાં ઊતર્યું. તેમાંથી દેવાંગનાની સમાન યશસ્વતી દેવી ઉતરી. ભરતજીએ જઈને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. માતાએ રોક્યા. પરંતુ ભરતજીએ કહ્યું કે એમ નહિ બની શકે, હું નમસ્કાર કરીશ. યશસ્વતીએ કહ્યું કે પણ અહીં રસ્તામાં શું છે ? મહેલમાં ચાલો. એવામાં વચ્ચે જ અર્કકીર્તિએ એક કપડું ત્યાં બિછાવી દીધું અને કહ્યું કે પિતાજી હવે નમસ્કાર કરો. ભરતજીએ પૂરી ભક્તિથી નમસ્કાર કર્યા. ભરતજીને હાથથી ઊભા કરીને માતાએ આશીર્વાદ આપ્યો કે ‘ખીલતી જુવાની પાછી ન પડે, એક પણ વાળ ધોળો ન થાય. સુખે બહુ દિવસ ષટ્ખંડનું અખંડ રૂપે ચિરકાલ પાલન કરતા રહો પછી ક્ષણમાત્રમાં મુક્તિલક્ષ્મી પ્રાપ્ત કરો. તે સમયે બન્નેને રોમાંચ થયા. આનંદાશ્રુ વહેવા લાગ્યા. માતા અને પુત્રનો મોહ અદ્ભુત છે.

યશસ્વતી દેવીએ કહ્યું કે ‘બેટા ! તારો વિયોગ થયાને સાઠ હજાર વરસ વીત્યા, આજે મને સંતોષ થયો. આજે મળ્યા.

અરહંત ! મા ! શું સાઠ હજાર વરસ થયા ? ભરતજીએ આશ્ચર્યની સાથે પૂછયું. ઉત્તરમાં યશસ્વતીએ કહ્યું કે ‘બેટા ! હં ખરું છે. હું દરરોજ દિવસો ગણતી હતી,’ ત્યારપછી અર્કકીર્તિએ આવીને દાદીના ચરણોમાં નમસ્કાર કર્યા-એ રીતે બાકીના પુત્રોએ પણ નમસ્કાર કર્યા. ભરતજીએ કહ્યું કે માતાજી ! જ્યારે દિગ્વિજય કરવા નગરથી નીકળ્યા ત્યારે આ અર્કકીર્તિનું પારણું અમારી સાથે હતું. તે તે વખતે બાળક હતા. આ ત્યાર પછી જન્મેલા તેમના સહોદર છે. ત્યારે માતાએ અર્કકીર્તિ અને બીજા પુત્રોને આશીર્વાદ દેતા થકા કહ્યું કે ‘બેટા ! તમારી જેવા ભાગ્યશાળી લોકમાં કોણ છે ? આ બધા નરલોકનાં નથી પણ આ બધા સુંદર પુત્રો સુરલોકનાં લાગે છે. સુરલોકમાંથી તો નથી લાવ્યાને ? બોલો તો ખરા.’

ભરતજીએ ઉત્તરમાં કહ્યું કે ‘માતાજી ! પુત્રોની વાત જવા દ્યો, આજ આપ સમાચાર મોકલ્યા વિના એકાએક કેમ આવ્યા ? આ પ્રકારે આવવું શું યોગ્ય છે ? સેનાસ્થાન શણગારવામાં આવ્યું નહિ,

નૃત્ય વાજિંત્રની કોઈ વ્યવસ્થા થઈ શકી નહિ અને હું આપના સ્વાગત માટે આવી શકયો નહિ. મોટા મોટા રાજાઓ સજ્જ થઈને ન આવી શક્યા. હું ઈચ્છતો હતો કે આપના સ્વાગતને માટે અસંખ્યાત રથ અને પાલખીઓને લઈને આવું. સ્થળે સ્થળે અનેક દશ્યપાત્રોની વ્યવસ્થા ન થઈ શકી. શું કરું. મને આપની સેવા કરવાનું ભાગ્ય નથી. શું અમારી સેના આવી સેવા કરવાને યોગ્ય નથી ? આ ગીત પાત્ર પણ ભોગ્ય નથી ? ઘણું દુઃખ થાય છે. હું અનેક રીતે સેવા કરવાની ભાવના રાખતો હતો, પરંતુ તે જોવાની આકાંક્ષા આપના હૃદયમાં નથી તો આપે મને જન્મ કેમ દીધો ? ષટ્ખંડનું પાલન કરવા દૂધ કેમ પીવડાવ્યું ? કહો માતાજી.'

માતા યશસ્વતીએ ઉત્તરમાં કહ્યું કે 'બેટા ! આ રીતે દુઃખી ન થાઓ, મને આ બધો લોકાંત વહેવાર પસંદ નથી, તેથી એકાંતમાં આવીને મળવા ઈચ્છતી હતી. એ રીતે જ મને સંતોષ થાત. જ્યારે હું આ રીતે આવી હતી ત્યારે તમારી સેનાના વીર મોટા ધૂર્ત લાગ્યા. તેઓએ એકદમ કોલાહલ મચાવી દીધો. વળી મારી સાથે આવેલા તમારા વિશ્વાસ પાત્રોએ તેમની સાથે કોલાહલ મચાવ્યો એ પણ ધૂર્ત છે.

ત્યારે તે વીરોએ કહ્યું કે 'સ્વામી ! નાના સ્વામી (બાહુબલિ)એ ત્યાં જ કહ્યું હતું કે પહેલાં અમે ખબર મોકલીએ અને પછી જાઓ, પરંતુ માતાજીએ માન્યુ નહિ તેથી અમે એટલું જ કહ્યું કે સમ્રાટની માતા આવ્યા છે. ત્યાં તો સેના એકદમ ઉભરાઈ ગઈ, અમે શું કરીએ ?'

સમ્રાટે તેમના ઉપર પ્રસન્ન થઈને કહ્યું કે 'તમોએ સારું કર્યું, નહિ તો માતાજી છાનામુનાં જ આવત. પછી સમ્રાટે તેમને અનેક ઉત્તમોત્તમ પદાર્થો ઈનામમાં આપ્યા. માતાજી ! આપ તો એકાંતમાં આવવા ઈચ્છતા હતા પરંતુ આપનો વિચાર લોકો જાણતા નહોતા તેથી તેઓએ પોતાની ઈચ્છાનુસાર આપનો વિચાર પ્રગટ કરી દીધો.' હસતા હસતા ભરતજીએ કહ્યું.

'લોકમાં સર્વ શ્રેષ્ઠ આપ જે વખતે એક ગરીબ સ્ત્રીની સમાન આવી રહ્યા હતા તે વખતે આવા વિપરીત વર્તનથી ભૂકંપ થયો, સેનામાં એકદમ ખળભળાટ મચ્યો. વિશેષ શું કહું ! સ્વયં ખડ્ગ લઈને અહીંયાં સુધી આવ્યો.' ભરતજીએ ફરી કહ્યું.

ઉત્તરમાં યશસ્વતી માતાએ ભરતની પીઠપર હાથ ફેરવતાં કહ્યું 'બેટા ! બસ, તમારું જ તેજ છુપાવીને મારી જ પ્રશંસા કરી રહ્યા છો ?

ત્યાર પછી ભરતે હાથનો ટેકો દઈને બહારનાં આંગણામાંથી અંદરના આંગણામાં માતુશ્રીને લાવ્યા. સાથે સાથે જતી વખતે નાનીમા (સુનંદા) અને નાનાભાઈ (બાહુબલિ) ના કુશળ સમાચાર પૂછી આગળ જઈને વચ્ચે જ્યાં દીવાનખાનું આવ્યું, ત્યાં એક ઉત્તમ આસન પર માતુશ્રીને બેસાડયાં અને બંને તરફ પોતાના પુત્રોને ઊભા રાખીને ભરતજી માતાની ભક્તિ કરવા લાગ્યા. એવામાં ભરતજીની રાણીઓ માતાના દર્શન કરવા બહુ ઉત્સાહપૂર્વક આવી.

વહુને ખબર મળી કે સાસુ આવ્યા છે. બધા લોકો બહુ હર્ષપૂર્વક મંગલ દ્રવ્યોને પોતાના હાથમાં લાવીને સાસુના દર્શન કરવા આવી. યશસ્વતી મહાદેવીને પણ પોતાની હજારો વહુઓને

જોઈને ખુબ જ હર્ષ થયો. મુખમાં આનંદનું હાસ્ય, શરીરમાં રોમાંચ અને આંખોમાં આનંદાશ્રુ ધારણ કરતી તે રાણીઓએ બહુ ભક્તિથી સાસુના ચરણોમાં નમસ્કાર કર્યા. યશસ્વતીએ બધાને આશીર્વાદ આપ્યો. વંદના કર્યા પછી અને કુશળપૃચ્છના પૂછયા પછી તે રાણીઓએ પ્રાર્થના કરી કે અમોએ દિગ્વિજય પ્રસ્થાનને વખતે તે દિવસથી તે આપના ચરણોમાં દર્શન થતાં સુધી જે નિયમ લીધા હતા તે બધા આજે પૂરા થયા. આજે અમે તે નિયમ છોડી દઈએ છીએ. યશસ્વતીએ તથાસ્તુ કહીને અનુમતિ આપી. તે સ્ત્રીઓએ ફરી કહ્યું જુઓ માતાજી ! તમારી પાસેથી અમે વ્રત લીધા હતા, તેના ફલમાં અમે કોઈ પ્રકારનું કષ્ટ પામ્યા વિના સુરક્ષિત આવ્યા છીએ ક્યારેય માથાના દુઃખાવાની ફરિયાદ પણ થઈ નહોતી. બહુ આનંદપૂર્વક અમે પાછા આવ્યા છીએ.

ભરતજીએ પૂછયું કે ‘માતાજી ! આમણે શું વ્રત લીધા હતા ?’ ત્યારે યશસ્વતીએ કહ્યું કે કોઈએ ફૂલનો, કોઈએ વસ્ત્રનો અને કોઈએ ખાવા પીવાનાં પદાર્થોનો નિયમ લીધો હતો. મેં એ વખતે તે લોકોને ના પાડી હતી, પરંતુ તેઓએ માન્યું નહિ. વ્રત લઈ જ લીધું. ભરતજીએ કહ્યું કે, ‘માતાજી ! એમની ભક્તિ અદ્‌ભુત છે. મારા હૃદયમાં એના જેવી ભક્તિ નથી. મેં કોઈપણ નિયમ જ ન લીધું. હું કેટલો પાપી છું.’ ત્યારે ઉત્તરમાં યશસ્વતીએ કહ્યું કે ‘બેટા ! દુઃખી ન થાઓ. એમની ભક્તિ ને તમારી ભક્તિ કોઈ જુદી જુદી નથી. એમની ભક્તિ તે જ તમારી ભક્તિ છે.’

રાણીઓએ નમસ્કાર કરી લીધા પછી ચક્રવર્તીના પુત્રવધૂઓએ નમસ્કાર કર્યા. વિનોદપૂર્વક તેમનો પરિચય કરાવતા થકા સમ્રાટે કહ્યું કે ‘માતાજી ! આપની સ્ત્રીઓને આપે તે દિવસ આશીર્વાદ આપ્યા હતા તો તેઓ તેનાં ફલમાં બહુ આનંદપૂર્વક સમય વીતાવી રહ્યા છે, હવે આપ આ મારી સ્ત્રીઓને પણ આશીર્વાદ આપો તો તેઓ પણ સુખી થાય.’ ત્યારે યશસ્વતી હસતી હસતી કહેવા લાગી કે ‘બેટા ! સારી વાત, મારી વહુની સમાન જ તમારી વહુઓ પણ સુખે સમય વ્યતીત કરે. બધા લોકો ખડખડાટ હસ્યા.

બધી રાણીઓ આવી પરંતુ પટરાણી સુભદ્રાદેવી હજુ સુધી કેમ નથી આવી એ વાતની બધા લોકો રાહ જોઈ રહ્યા હતા. ત્યાં અનેક પરિવાર સ્ત્રીઓની સાથે સુભદ્રાદેવી આવી, ભરજવાનીયુક્ત પ્રકૃતિક સૌંદર્ય, તેમાં પણ દિવ્ય આભરણોનું લાવણ્ય વગેરેથી તે બહુ સુંદર લાગતી હતી. સાસુએ નિહાળી નિહાળીને વહુને જોઈ. વારંવાર સ્ત્રીઓ બિરદાવલિ બોલતી હતી. કચ્છેન્દ્ર પુત્રી સુભદ્રાદેવી ગુણરત્ન ગુચ્છથી શોભિત સ્ત્રીરત્ન આવી રહી છે. સાવધાન રહો.

બધી રાણીઓએ પૂછયું કે મોટી બહેન ! તમને વાર કેમ લાગી. જલદી કેમ ન આવ્યા ? ઉત્તરમાં સુભદ્રા દેવીએ કહ્યું કે હું છેલ્લી આવી છું. આવા પ્રસંગમાં તમારા પછી જ મારે આવવું યોગ્ય છે. સુભદ્રા દેવીએ પોતાના પિતાની સહોદરી યશસ્વતીના ચરણોમાં બહુ ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. યશસ્વતીને જોઈને પિતાને જોવા સમાન તેને હર્ષ થયો. યશસ્વતીને સુભદ્રા દેવીને જોઈને પોતાના ભાઈને જોયા સમાન હર્ષ થયો. બહુ હર્ષથી સુભદ્રા દેવીને આલિંગન દઈને આશીર્વાદ આપ્યો. દેવી ! મેં તમને નાનપણમાં જોયાં હતાં પછી તમે દૂર પડયા. હવે જુવાનીમાં ફરી તમને જોવાનો યોગ મળ્યો. મારા ભાઈને જોયા સમાન હર્ષ થયો. બન્નેની આંખોમાંથી આનંદાશ્રુ પડવા લાગ્યા. એટલામાં ઘંટાનાદ થયો.

સૂચના થઈ કે હવે ભોજનનો વખત થયો છે. બધા લોકોને તે વખતે યશસ્વતી માતાના આવવાથી મહેલમાં મહાપર્વ સમાન આનંદ થવા લાગ્યો. બધી સ્ત્રીઓ ત્યાંથી નીકળીને સ્નાન દેવપૂજા વગેરેથી પરવારી અને મહા વૈભવપૂર્વક ભોજનમાં ગૃહમાં દાખલ થયા.

ભોજનશાળામાં ઝૂલા ઉપર બિછાવેલા એક સુંદર આસન પર બધી સ્ત્રીઓની રાહ જોતા યશસ્વતી મહાદેવી બેઠા હતા. ભરતજીને ઈચ્છા થઈ કે માતાજીની પૂજા કરું તેથી પાસે જ એક સિંહાસન રખાવીને માતાને કહ્યું કે આપ સિંહાસન ઉપર બિરાજમાન થાઓ. યશસ્વતીએ કહ્યું કે પર્વોપવાસના બહાનાથી તે દિવસે પૂજા માટે હા પાડી હતી આજે હું નહિ સ્વીકારું. મારી પૂજાની શી જરૂર છે. ભરતજીએ કહ્યું કે માતાજી ! એકવાર મારી ઈચ્છા ફરી પૂરી કરવા દ્યો. મને પૂજા કરવા દ્યો.

માતાએ ના પાડી અને ત્યાં જ બેઠા રહ્યાં, ત્યારે સમ્રાટે અર્કકીર્તિને પૂછયું કે મોટા ભાઈ તમે કહો. હવે શો ઉપાય કરવો જોઈએ ? ઉત્તરમાં અર્કકીર્તિએ કહ્યું કે પિતાજી ! આજ્ઞા આપો, હું તેના આસન સહિત દાદીને ઉઠાવી લાવું છું. ભરતજીએ આદિરાજને પૂછયું તો તેણે કહ્યું કે પિતાજી આપણે પૂજા કરવી છે, દાદીને ત્યાં જ બેસી રહેવા દ્યો. આપણે ત્યાં જ સામે બેસીને પૂજા કરીશું. આ રીતે ભરતજીના કાનમાં કહ્યું. બીજા પુત્રોને પણ એ રીતે પૂછયું તો તેઓએ કહ્યું કે અમારા મોટા ભાઈએ જે ઉપાય કહ્યો છે તેનાથી વિશેષ અમે શું કહીએ ? ભરતજીએ અર્કકીર્તિ અને આદિરાજને કહ્યું કે બેટા ! તમોએ જે તંત્ર કહ્યો છે તે તો સારો છે, પરંતુ તે તંત્રીથી પણ ચડી જાય તેવો મંત્ર છે, તેનો જરા પ્રભાવ જુઓ. તંત્રના પ્રયોગ માટે આખા શરીરનો ઉપયોગ કરવો પડે છે. પરંતુ મંત્રના પ્રયોગ માટે કેવલ હોઠ હલાવવાનીજ જરૂર પડે છે. મંત્ર હાથ આવતા તંત્રના ઝઘડામાં પડવું ઠીક નથી તેથી તમે મંત્રનું સામર્થ્ય જુઓ.

માતાજી ! આપ પૂજાને માટે ઊઠો અને તે સિંહાસનપર બિરાજમાન થાઓ. માતાએ કહ્યું કે એમ નહિ બની શકે.

''ॐ महा हंसनाथाय नमः स्वाहा, માતાજી ઊઠો, જો નહિ ઊઠો તો ભવદીય ભરતના સોગન છે. સ્વાહા.'' ભરતજી મંત્ર ભણ્યા માતા એકદમ ઊઠીને ઊભા થઈ ગયા.

''ॐ परमहंसनाथाय नमः स्वाहा, માતાજી ! ધીરેધીરે ચાલો. જો નહિ ચાલો તો ભવદીય ચક્રાધિપતિના સોગન છે સ્વાહા' (બીજો મંત્ર) માતા ધીરે ધીરે ચાલવા લાગ્યા અને બધી સ્ત્રીઓ હસવા લાગી.

''આપને ભરતના સોગન છે, આ આસન પર આવો સ્વાહા'' સ્ત્રીઓ હસતી હસતી હાથ જોડતી હતી, યશસ્વતી તે આસન પર ચડીને બેસી ગયાં.

''માતાજી ! ભવદીય મોટા પુત્રના સોગન છે, ભરતના મોટા પુત્રના સોગન છે, મારા નાના પુત્રના સોગન છે, આપના નાના પુત્રોના સોગન છે, આપ સ્વસ્થ બેસી રહો. ઠઃ ઠઃ સ્વાહા.''

ઉપરના શબ્દોનો પુત્રને, ભાઈઓને બોલાવતી વખતે. પ્રેમથી ભરતજી, પ્રયોગ કરતા હતા.

ભરતજીનો મંત્ર જોઈને એકદમ બધા લોકો હસી પડયા, યશસ્વતી પણ હસતી હસતી કહેવા લાગી કે બેટા ! બહુ સારો મંત્ર શીખ્યા છો. હવે કોઈના સોગન દેવા નથી રહ્યા ને ?

ભરતજીએ કહ્યું કે ના, ના. હવે આપ બિરાજમાન રહો. અર્કકીર્તિને કહ્યું કે જુઓ, મંત્રનું સામર્થ્ય ? બધા પુત્રોએ હસતા હસતા કહ્યું કે પિતાજી ! આપનો મંત્ર અમે જોયો, ખરેખર આશ્ચર્યની વાત છે. અર્કકીર્તિએ પોતાના દુપટ્ટાને ભરતજીના ચરણોમાં રાખીને આ પ્રસંગે નમસ્કાર કર્યા. આદિરાજથી માંડીને બાકીના બધા પુત્રોએ પોતાના ઉત્તરીય વસ્ત્રોને ચરણોમાં રાખીને નમસ્કાર કર્યા. પોતાના મોટા ભાઈઓને આમ કરતા જોઈને ગુણરાજ નામના નાના બાળકે પોતાના પહેરેલા ખમીસને કાઢી ત્યાં મૂકીને નમસ્કાર કર્યા. ગુણરાજ નામના બાળકના શરીરપર ખમીસ પણ ન હોતું. તેઓએ પોતાની દાસીના હાથમાંથી એક હાથ રૂમાલ ઝૂંટવી લઈને ત્યાં મૂકીને નમસ્કાર કર્યા. બધાને આશ્ચર્ય થયું. એવામાં સખરાજ નામનો નાનો બાળક આવ્યો. તેમના હાથમાં રહેલા ગેડીદડા ત્યાં રાખીને નમસ્કાર કર્યા. બધા લોકો હસવા લાગ્યા. સુખરાજ નામના બાળકે તેના અડધા ખાધેલા કેળાંને રાખીને નમસ્કાર કર્યા.

આ રીતે બધા પુત્રોએ નમસ્કાર કરવાથી રાણીઓને ભરતજીએ પૂછયું કે આ રીતે પુત્રોને નમસ્કાર કરવાનું શું કારણ છે ? ત્યારે દેવીઓએ કહ્યું કે અમને ખબર નથી.'' શું ખરેખર તમને ખબર નથી ? તમારા સાસુના ચરણોના સોગન છે. ભરતજીએ કહ્યું.

એમાં સોગન દેવાની શી જરૂર છે ? પિતાના ચરણોમાં નમસ્કાર કરવા શું પુત્રોનું કર્તવ્ય નથી ? એમાં આશ્ચર્યની શી વાત છે ? રાણીઓએ કહ્યું. ત્યારે આ નાના બચ્ચાંઓએ શું સમજીને નમસ્કાર કર્યા હશે ? ભરતજીએ ફરી પૂછયું મોટા ભાઈએ નમસ્કાર કર્યા તેથી બધા ભાઈએ નમસ્કાર કર્યા. આ બધો મોટાભાઈ અર્કકીર્તિનો મહિમા છે. રાણીઓએ કહ્યું. આ ખોટી વાત છે. તમે પોતાના મોટા પુત્રોની પ્રશંસા કરો છો. એ જ બીજી કોઈ વાત નથી. એમ ભરતજીએ કહ્યું.

યશસ્વતીએ વચ્ચે જ કહ્યું કે ''બેટા ! તમે વિવેકી છો તમારા પુત્ર પણ તમારી જેવા જ છે. બીજી કોઈ વાત નથી.''

''માતાજી ! તેઓએ પોતાના મોટા પુત્રની પ્રશંસા કરી તે મને ગમ્યું નહિ. આ બધો ભરતેશની માતાનો મહિમા છે. બીજું કોઈ કારણ નથી. ભરતજીએ કહ્યું.

આ વાત ત્યાં રહેલી બધી રાણીઓએ તથા પુત્રોએ કબૂલ કરી. બધા પુત્રોને એક એક દુપટ્ટો મંગાવી આપ્યો.

યશસ્વતીએ કહ્યું કે ''બેટા ! તમે આ શું બધું કરી રહ્યા છો ? બાળકપણું હજુ તમારામાંથી ગયું નથી. અહીંયાં આપણે એકલા રહ્યા નથી. લોકો પણ આવવા લાગ્યા છે. તેથી હવે આવું કાર્ય ન કરો.''

''માતાજી ! આપની આગળ હું બાળક છું, રાજા નથી. જો અહીંયાં બાળક જેવો વ્યવહાર ન કરું તો બીજે ક્યા કરું ? બીજી જગ્યાએ ગૌરવથી રહેવું જોઈએ એ હું જાણું છું.'' ભરતજીએ કહ્યું.

શું મારી પાસે મંત્રનું સામર્થ્ય નથી ? જુઓ. સારું ! બધી સ્ત્રીઓ હારમાં ઊભી રહી જાઓ. એમ કહેતાં જ બધી દાસીઓને એક હારમાં ઊભી રાખી દીધી. ભરતજીએ જરાક પોતાની જીભ હલાવી ત્યાં તો તે બધી ઉપરના મહેલમાં જઈને બેસી ગઈ. વળી મંત્ર ભણ્યા ત્યાં ફરી નીચે આવીને બેસી ગઈ. બધી સ્ત્રીઓને આશ્ચર્ય થયું.

'માતાજી ! આ ભૂમંડલને ઉથલપાથલ કરવાનો મંત્ર મારી પાસે છે. કેમકે હું ગુરુહંસનાથાર્થી છું, પરંતુ આ બધા મંત્ર આપની આગળ ન કામ આવે તેથી મેં સમર્થ મંત્રનો ઉપયોગ કર્યો. ભરતજીએ કહ્યું કે જુઓ ! આ દાસીઓ મારા વિનોદને હસી રહી છે. સારું એમનું મુખ વાંકું કરી દઉં છું. એ રીતે કહેતા થકા મંત્ર ભણ્યા તો વાંકા થઈ ગયા. ફરી મંત્ર ભણતા સીધા થઈ ગયા. એમાં આશ્ચર્યની શી વાત છે ? લોકમાં બધા વ્યંતર તેમના સેવક છે. તો તેઓ ધ્યાનવિજ્ઞાની શું ન કરી શકે ?

વળી કાંઈક વિચારીને તેઓ મંત્ર ભણ્યા તો પાસે ઊભેલી મધુવાણીનું મુખ એકદમ વાંકું થઈ ગયું. બધાના દેખતાં લજ્જાપૂર્વક આવીને મધુવાણીએ ભરતના ચરણોમાં નમસ્કાર કર્યા. ભરતજીએ તેના મુખને મંત્રથી સીધું કરી દીધું. કહેવા લાગ્યા કે 'મધુવાણી ! ભૂલી ગઈ ? જે વખતે મારા વિવાહ થતા હતા તે વખતે તમે કેટલું આડું બોલ્યા હતા. તેના ફલમાં આજે તમારું મુખ વાંકું થઈ ગયું.' મધુવાણીએ લજ્જાથી કહ્યું કે રાજા ! પહેલાં આડું બોલી તો શું થયું ? જ્યારે તમે સાસુ પાસે મળવા ગયા ત્યારે આપની ખૂબ પ્રશંસા કરી હતી. છતાં તમોએ બધાની સમક્ષ મારું આવા પ્રકારનું અપમાન કરી નાખ્યું.

ભરતજીએ ઉત્તરમાં કહ્યું કે ''પહેલાં આડી વાત બોલી તેના ફલમાં મુખ વાંકું થયું પછી પ્રશંસા કરી તેના ફલમાં સીધું થયું. હવે ચિંતા શા માટે કરો છો ?''

''રાજા આપે મારી જેવી ગરીબ દાસી ઉપર મંત્ર અજમાવ્યો, આપની ઉપર પણ મંત્ર અજમાવનાર દેવતા મારી પાસે છે. વખત આવ્યે જોયું જશે. હાલ રહેવા દ્યો.'' આ રીતે મધુવાણીએ કહ્યું.

ભરતજી તેને અનેક રત્ન અને વસ્ત્રો દેતા થકા કહેવા લાગ્યા કે ''સારું રડો નહિ, ખુશી રહો.''

આ રીતે વિનોદ કર્યા પછી બધી ચિંતાઓને દૂર કરીને બહુ ભક્તિપૂર્વક માતાની પૂજા કરી. રાણીઓએ બહુ ભક્તિથી આરતી ઉતારી. પોતાના પુત્રની સાથે જલગંધાક્ષત પુષ્પાન્ન દીપ ગુગ્ગુલ ફલનાં સમૂહથી માતાની પૂજા કરીને વંદના કરી. કુલીન પુત્રોની રીત કાંઈક જુદી જ હોય છે. પૂજા કર્યા પછી બધા લોકોએ મંગલાસન પર બેસીને ભોજન કર્યું એથી વિશેષ બીજું શું વર્ણન કરીએ ? ભરત ચક્રવર્તીના ઘરનું ભોજન સુરલોકનાં અમૃતભોજન સમાન છે. તેનું વર્ણન કરતાં વાર લાગે તેથી બધા લોક તે અમૃતાન્નનું સેવન કરીને તૃપ્ત થાય. એટલું કહેવાથી બધા વિષયોનો અંતર્ભાવ થઈ જાય છે.

વિનોદથી બધાને તૃપ્તિ થઈ, પૂજનમાં તૃપ્તિ થઈ, ભોજનથી પણ તૃપ્તિ થઈ. બધાએ હાથ ધોઈ લીધા. આ બધું માતાના આવવાની ખુશાલી છે. કેવી વિચિત્રતા છે ! દરેક પળે પળે આનંદને આનંદ

ભરતજીના ભવનમાં છવાઈ રહ્યો છે. દિવસે દિવસે પળે પળે નવા આનંદમય ભાવો તેઓ વહેવડાવે છે. એનું કારણ શું ? માતાનાં દર્શન તેમને ઓચિંતા થયા. કેટલી ભક્તિ ? કેટલો આનંદ ? તેઓ સદા આવા પ્રકારની ભાવના ભાવતા હતા.

''હે પરમાત્મા ! તમે વાતવાતમાં, ક્ષણક્ષણમાં નવનવા આનંદનાં ભાવો ઉપજાવો છો, ખરેખર તમે સાતિશય સ્વરૂપ છો, અમૃત નિકેતન છો. તેથી મારા હૃદયમાં હંમેશાં વર્ત્યા રહો.''

''હે સિદ્ધાત્મા ! તમે મંગલાચાર્ય છો, મંદરધૈર્ય છો, ભવ્યાંતરંગૈકગમ્ય છો. સુસૌમ્ય છો, સંગીત રસિક છો, ચિદ્‌ઘનલિંગ છો, હે નિરંજનસિદ્ધ ! મને સન્મતિ આપો.''

આવી ભાવનાનું ફળ છે કે ભરતજીના હૃદયમાં સમયે સમયે નવ્ય ને દિવ્ય સુખના તરંગો ઊઠયા કરે છે.

# ૨૭. કામદેવાસ્થાન[1] સંધિ

**મા**તાના દર્શન કરીને ભરતજી પરમ સંતુષ્ટ થયા. બીજે દિવસે પ્રસ્થાન ભેરી બજાવવામાં આવી સેનાએ બહુ વૈભવપૂર્વક આગળ પ્રયાણ કર્યું. સેનાની મોઢા આગળ ચંદ્રધ્વજ, સૂર્યધ્વજ, વગેરે વગેરેની સાથે ચક્રરત્ન જઈ રહ્યું હતું. જોતાં જ એવું લાગતું હતું કે સાક્ષાત્ સૂર્ય જ ચાલી રહ્યો હોય. આઠ દસ મુકામ પૂરા કર્યા પછી પૌદનાપુરની પાસે ચક્રવર્તીની સેના જે વખતે જઈ રહી હતી ત્યારે એકદમ તે ચક્રરત્ન થંભી ગયું. તે ચક્રરત્નનો નિયમ છે કે જે રાજ્યમાં ચક્રવર્તીનો ભક્ત જે રાજા હોય છે ત્યાં તે આગળ વધે છે અને જે રાજા ચક્રવર્તીને અનુકૂલ નથી હોતા ત્યાં તે આગળ નથી વધતું. ચક્ર એકદમ થંભી જવાથી બધાને આશ્ચર્ય થયું, ભરતજીએ મંત્રીને બોલાવીને પૂછયું કે મંત્રી ! ચક્રરત્ન એકદમ કેમ થંભી ગયું ? ઉત્તરમાં મંત્રીએ કહ્યું કે આપના નાનાભાઈ બાહુબલિ વગેરેને આવીને નમસ્કાર કરવાની જરૂર છે તેથી તે થંભી ગયું છે.

સેનાને ત્યાં જ પડાવ નાંખવા આદેશ કર્યો, ત્યારપછી બાહુબલિ સિવાય બાકીના ભાઈઓને ભરતજીએ વિજયમંત્ર મોકલ્યો અને સૂચવ્યું કે ''તમો આવીને મને મળો અને મારી આધીનતાનો સ્વીકાર કરો.'' તે ભાઈઓને પત્ર વાંચીને દુઃખ થયું, રાજ્યના લોભનો તેમને ત્યાગ કર્યો. તેમના મનમાં વિચાર આવ્યો કે જ્યારે અમારા પિતાએ આપેલું રાજ્ય અમારી પાસે છે તો પછી અમારે બીજાને આધીન થઈને રહેવાની શી જરૂર છે. કાંઈ પણ ઉત્તર આપ્યા સિવાય સીધા કૈલાસ પર્વત તરફ ગયા. ત્યાં પૂજ્ય પિતાશ્રી આદિ પ્રભુના ચરણોમાં દીક્ષિત થયા.

૯૩, સહોદરે એકદમ દીક્ષા લીધી એ સાંભળીને ભરતજીનાં મનમાં દુઃખ થયું, સાથોસાથ તેમના સ્વાભિમાન અને વીરતા પર ગર્વ પણ આવ્યો. હવે બાહુબલિને બોલાવવાનો વિચાર કરી રહ્યા છે. બધાનાં પત્રમાં એવું લખ્યું હતું કે 'તમો આવીને મારી આધીનતા સ્વીકારો' તેથી તેઓ દીક્ષિત થઈને ચાલ્યા ગયા. હવે બાહુબલિને એવી રીતે લખવું યોગ્ય નથી. બહુ ઉહાપોહ કર્યા પછી એવો નિર્ણય કર્યો કે બધા કાર્યમાં કુશલ દક્ષિણાંકને ત્યાં મોકલવા. સમ્રાટે દક્ષિણાંકને બોલાવીને આજ્ઞા આપી કે તમે પૌદનાપુરમાં જઈને કોઈ ઉપાયથી બાહુબલિને અહીંયાં તેડી આવો. દક્ષિણાંકે પણ તથાસ્તુ કહીને પૌદનાપુરની અંદર ગયા. વાજતે ગાજતે અંદર દાખલ થયા. બહુ વૈભવપૂર્વક આવી રહ્યા હતા. તેમની જેઓ સ્તુતિ કરતા હતા તેને અનેક પ્રકારે ઈનામ આપતા થકા બધાને સંતુષ્ટ કરતા થકા આગળ વધી રહ્યા હતા. તેમને કઈ વાતની ખામી હતી. ચક્રવર્તીના ખાસ મિત્રોમાંના તે દક્ષિણ હતા.

વાજાં વગાડવા બંધ કરીને કામદેવના નગરની શોભા જોતા જોતા દક્ષિણાંક મહેલ તરફ જતા હતા. નગરમાં જ્યાં જુઓ ત્યાં ભોગાંગ જ જોવામાં આવતા હતા. ત્યાંનાં નગરવાસી ભોગમાં મગ્ન હતા. તેમની વૃત્તિ જોતાં લાગતું હતું કે ભોગ સિવાય બીજું ભણતર જ તેમને મળ્યું નથી.

ક્યાંક ગુલાબજળનાં લોટા ભરી રાખ્યા હતા, તો ક્યાંક કપૂરનાં ઢગલા જોવામાં આવતા હતા. ક્યાંય કસ્તુરીનાં પહાડ જ જોવામાં આવતા હતા. ક્યાંક ફળો હતાં તો ક્યાંક ભક્ષ્ય ભોજ્ય જોવામાં

---

૧ આસ્થાન : દરબાર

આવતાં હતાં. કેટલાક અંદરોઅંદર વાતચીત કરતા હતા તોપણ તેમાં ભોગોની જ વાત. તે જ ચર્ચા સ્ત્રીઓનો જ વિચાર. સારાંશ એ છે નગરમાં સર્વત્ર ભોગાંગ જ નજરે જોવામાં આવતું હતું, યોગાંગ નહિ. બધે અનુરાગ જ દૃષ્ટિગોચર થતો હતો. વૈરાગ્ય નહિ કેમકે તે કામદેવની તો રાજધાની હતી.

આ રીતે અનેક મોહલીલા જોતા જોતા દક્ષિણાંક વગેરે કામદેવ બાહુબલિના રાજમહેલમાં આવ્યા. પોતાની સાથેના સેવક અને પરિવારને રોકીને તે એકલા જ રાજમહેલ પર પહોંચ્યા. મોતીથી બનાવેલો દરવાજો હતો. દ્વારપાલકને સૂચના આપી કે અંદર જઈને બાહુબલિ રાજાને ખબર આપો. તેઓ ગયા. બાહુબલિના દરબારમા તે વખતે અનેક સુંદર સ્ત્રીઓ જતી હતી. તેમના હાવભાવ જોતાં દક્ષિણાંક ત્યાં ઊભા રહી ગયા.

કોઈ સ્ત્રી કામદેવને માટે પુષ્પમાલા લઈને જતી તો કોઈ જુઈમાલા, તો કોઈ મલ્લિકાન્ત માલા, કોઈ કંકુચૂર્ણ તો કોઈ ગુલાબજલ લાવતી હતી. કોઈ ચંદન લાવી રહી હતી, તો કોઈ કેતકીપુષ્પલાવી રહી હતી. કોઈ હાથમાં વીણાને લઈને જતી હતી અને સાથોસાથ તેના સ્વરને ઠીક કરી રહી હતી. તેનું ધ્યાન આમતેમ જરાય નહોતું. કોઈ સ્ત્રીના હાથમાં કિન્નરિ હતી તો કોઈ યંત્રવાદ્ય લાવતી હતી. એ રીતે અનેક પ્રકારની ભોગસામગ્રીઓ લઈને તે સ્ત્રીઓ જતી હતી. અનેક પ્રકારનાં વસ્ત્રાભૂષણોથી બની ઠનીને અલંકારોથી લોકને મોહિત કરતી થકી અનેક સ્ત્રીઓ રૂઆબથી જઈ રહી હતી. કોઈ સ્ત્રી તેની ચેષ્ટાથી એમ બતાવી રહી હતી કે જો હું મારા હાથથી એક વખત પ્રિયંગુ વૃક્ષને અડકું તો તે એકદમ ફળ અને ફૂલ આપે છે તો અન્યવીર પુરુષોની વાત જ શી ? બીજી કહેતી હતી કે મારા આલિંગન માત્રથી કુરવક વૃક્ષ એકદમ પલ્લવિત થાય છે તો પુરુષોને રોમાંચ થાય એમાં આશ્ચર્યની વાત શી છે ? ત્રીજી કહેતી હતી કે ચિત્‌તત્ત્વનાં અનુભવથી રહિત તપસ્વી તો મારા પગના આભૂષણ છે. બીજા લોકોની તો વાત જ શી કરવી ? અંદર આત્મસુખ અને બહાર સ્ત્રીસુખ એ સિવાય સંસારમાં બીજું કાંઈપણ નથી. એવી રીતનું બાહુબલિનું તત્ત્વ હતું. તેનું વર્ણન તેમાંની કોઈ સ્ત્રી કરી રહી હતી. આ બધી વાતો જોતાં દક્ષિણાંક ઘણીવાર સુધી તે દરવાજા ઉપર ઊભા રહ્યા.

એવામાં તે દ્વારપાલક આવ્યો. દક્ષિણાંક ! દરબારના વખત પહેલાં જ તમે આવ્યા તેથી થોડીવાર લાગી. તમારી ઉપેક્ષા કરી છે એમ સમજશો નહિ. સ્વામી દરબારમાં બિરાજે છે. તમારા આવવાના સમાચાર સાંભળી તેઓ ઘણા ખુશ ખુશ થયા. તેઓએ તમને અંદર લઈ આવવાની આજ્ઞા આપી છે. એમ કહેતાં થકા તે સિપાઈ દક્ષિણાંકને અંદર લઈ ગયા. સોનાના બનાવેલા દરવાજા, સોનાની ભીંત, માણેક રત્નથી બનાવેલા થાંભલા, કસ્તુરીનું લેપન વગેરે જોતાં જોતાં દક્ષિણાંક અંદર જઈ રહ્યા છે. ક્યાંક ક્યાંક પાંજરામાંના પોપટ દક્ષિણાંકને જોતા બોલતા હતા કે ''કોણ છે ? દક્ષિણાંક ? પંચશરના દર્શનને માટે આવ્યા છો ? ભરતેશ ક્યાં છે ? અહીંયાં કેમ આવ્યા. આ રીતે તે પોપટ બોલતા હતા.

બીજા પ્રકારનાં પક્ષી બોલ્યા કે ‘કદાચ ભરતના મિત્રો હોવાથી ગર્વી હશે, પરંતુ આ કામદેવનો દરબાર છે, જરાક નમીને વિનયથી આવો.’ બાળપક્ષી બોલ્યા કે ‘કોઈ કવિ વગેરેને ન મોકલતા ભરતે ચતુર દક્ષિણાંકને મોકલ્યા, ભરતેશ ખરેખર બુદ્ધિમાન છે.’

એક કબૂતર બરાબર દક્ષિણાંકના મોઢા આગળ આવીને બેસતું હતું. દક્ષિણાંકે જરાક ચમકીને હાથથી તેને ભગાડયું ત્યારે તે સ્ત્રીઓ એકદમ ખડખડાટ હસી પડી.

આ રીતે કામદેવના આસ્થાનની બધી શોભાઓ જોતાં જોતાં આગળ જતા હતા, ત્યાં સિંહાસન પર બિરાજમાન બાહુબલિને જોયા. તેની પાછળના પડદાની અંદર આઠ હજાર તેની સ્ત્રીઓ બેઠી હતી. સામે મંત્રી, સેનાપતિ વગેરે બેઠા હતા અને બાકીના પરિવાર હતા. બાહુબલિ પોતાના સૌંદર્યથી બધાને મોહિત કરી રહ્યા હતા. સ્વાભાવિક સૌંદર્ય, ભરજુવાની , અનેક અલંકાર વગેરેથી ત્રણલોકમાં પોતાની વિશિષ્ઠતા સૂચવી રહ્યા હતા. તેના રૂપને જોતા જ સ્ત્રી હોય કે પુરુષ હોય પણ તેને રોમાંચ થવા જ જોઈએ. આઠ સ્ત્રીઓ આજુબાજુ ઊભી રહીને ચામર ઢાળી રહી હતી બાકીની સ્ત્રીઓ પંખાથી હવા નાંખી રહી હતી. કોઈ તાંબૂલ લઈને ઊભી હતી તો કોઈ જલ લઈને ઊભી હતી. તે દરબારમાં કોઈ સ્ત્રીના હાથમાં કોયલ હતી, તો કોઈ સ્ત્રીના હાથમાં પોપટ હતો. આવી વેશ્યાઓથી દરબાર એકદમ ભરાઈ ગયો હતો.

ગાયન સાંભળતા સાંભળતા પોતાના મિત્રોની સાથે વિનોદ કરતાં થકા બાહુબલિ આનંદપૂર્વક સિંહાસન પર બિરાજમાન હતા.

દક્ષિણાંકને જોઈને વેત્રધરે જોરથી પોકારીને બાહુબલિને સૂચના આપી કે હે કામદેવ ! નરસુર નાગલોકને ઉન્માદ કરનારા રાજા ચિન્માર્ગ ચક્રવર્તીના મિત્ર આવી રહ્યા છે, વિવેકમાં શ્રેષ્ઠ છે, ક્ષત્રિય છે, અનેક કલાઓમાં દક્ષ છે, સ્વામીકાર્યમાં હિતના ઈચ્છનારા છે એવા આ દક્ષિણાંક આવી રહ્યા છે. સ્વામી! જરા આ બાજુ જુઓ.

બાહુબલિ હવે દક્ષિણાંકનું આગમન જોતાં ગંભીરતાથી બેસી ગયા. દક્ષિણાંકે પાસે આવીને બાહુબલિના ચરણોમાં એક કમલપુષ્પ રાખીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

''ચક્રેશાનુજ ! નરસુરનામ ભૂચક્રમોહનમૂલકર્તા ! ચક્રવાકધ્વજ ! તને નમસ્કાર'' એમ કહેતા થકા ઊઠીને ઊભા થયા. સાથો સાથ નાગરાદિ પોતાના મિત્રોની અને બુદ્ધિસાગર મંત્રીની ભેટ પણ સમર્પી ને નમસ્કાર કર્યા. બાહુબલિ એ હસતા હસતા પોતાની નજીકમાં જ એક આસન અપાવ્યું. તેઓ તેના પર હર્ષથી બેસી ગયા. દરબારમાં એકદમ શાન્તિ છવાઈ ગઈ. બધા લોકની એવી આતુરતા હતી કે દક્ષિણાંક શું સમાચાર લઈને આવ્યા હશે.

આવી શાંતિનો ભંગ કરીને બાહુબલિએ પ્રશ્ન કર્યો કે દક્ષિણાંક ! ક્યાંથી આવો છો ? અને તમારા સ્વામીને ક્યાં ક્યાં પ્રસ્થાન કરાવીને લાવ્યા ?

'રાજા ! હું ક્યાંથી આવ્યો છું ? આપના દર્શન કરવાનું પુણ્ય જ્યાંથી લઈ આવ્યું ત્યાંથી આવ્યો છું. સ્વામીને પ્રયાણ કરાવવાનું સામર્થ્ય કોના હાથમાં ? જે જગતને પોતાની ચારે તરફ ફેરવે છે એવા કામદેવના અગ્રજને જ્યાં ત્યાં ગમન કરાવવાનું સામર્થ્ય કોની પાસે છે ?'

દક્ષિણાંક ! તમે, નાગર, સેનાપતિ અને મંત્રી વગેરે મળીને તમારા રાજાને શું ફેરવી રહ્યા છો ? એક જગ્યાએ તેને રહેવા નથી દેતા. તમારા રાજાએ જે કાંઈ પણ કર્યું હોય ગમે તો સારું

અથવા નરસું તેની પ્રશંસા જ કરો છો. બધી દુનિયામાં તેને ફેરવીને લાવ્યા. શાબાશ ! આ રીતે બાહુબલિએ કહ્યું.

'રાજા ! આપ આ શું કહો છો ? અમોએ પ્રશંસા કરી તો શું આપના ભાઈ ફુલાઈ જાય તેવા છે ? દક્ષિણાંક કહેવા માગતા હતા ત્યાં વચ્ચે જ તેની વાત તોડી નાંખીને બાહુબલિએ કહ્યું કે જવા દ્યો આ વાત. મેં વિનોદથી એમ કહ્યું છે. ખોટું ન લગાડો. વળી આગળ હસતા હસતા કહેવા લાગ્યા. દક્ષિણ ! બધી જગ્યાએ જઈને ગરીબોના હાથી, ઘોડા, રત્ન વગેરે લઈ આવ્યા નથી ને ? બિચારાઓને ખૂબ દુઃખી નથી કર્યા ને ?'

ઉત્તરમાં દક્ષિણે કહ્યું કે 'રાજા ! ગરીબ કોણ છે ? તે વ્યંતર ને વિદ્યાધર ગરીબ છે ? મ્લેચ્છોની પાસે કઈ વાતની ખામી છે ? સમુદ્રમાં પર્વતોમાં ગંગા અને સિંધુ નદીને પામીને તેઓ બહુ સમર્થ થઈ ગયા છે. એની પાસે કોણ માગવા ગયા હતા ? ભેરીના શબ્દ સાંભળીને તેઓ સ્વતઃ ગભરાઈને આવ્યા અને ભક્તિથી ભેટ સમર્પી હતી. તેઓએ જે કાંઈ પણ ભેટ આપી તેનાથી બે ગણી ચારગણી તમારા ભાઈએ તેમને આપી છે. જેના હાથમાં ચિંતામણિ રત્ન મૌજૂદ છે તે શું કોઈ વસ્તુની અપેક્ષા રાખીને દિગ્વિજય માટે જાય છે ? દુષ્ટ રાજાઓને શિક્ષા કરીને નિગ્રહ કરવા માટે અને શિષ્ટોની રક્ષા કરીને અનુગ્રહ કરવા માટે ગયા હતા. વસ્તુઓની વાત જ ક્યાં છે. પોતાની જાતે જ અનેક ઉત્તમ કન્યાઓ લાવીને તે લોકોએ અમારા રાજાની સાથે તેમના વિવાહ કર્યા. બધાએ ઉત્તમ વસ્તુઓ જ આપી, બાકીની ચીજોનું શું કહેવું. તેમનું પણ ભાગ્ય મોટું છે. કન્યાઓ આપવાથી અમારા સમ્રાટના મહેલમાં જવા યોગ્ય તો બની ગયા ? આવું બધાનું ક્યાંથી નસીબ હોઈ શકે ? અમારા રાજાને જોઈને કેટલા તો ચતુર બન્યા, કેટલાક વ્રતી થયા. ગતિમતિ શૂન્ય વ્યક્તિ ગતિમતીને પામીને સુખી થયા, તેના શૃંગાર, તેનું સાહિત્ય, સંગીતાદિનું ક્યાં સુધી વર્ણન કરીએ ? સમ્રાટને જોતાં જ જંગલના પ્રાણીઓની સમાન તેઓ ગભરાઈને ચાલતા હતા. બહુ બુદ્ધિમાન પુરુષો તેની સાથે જ રહેતા હતા. કેટલાક લોકો ચાલ્યા ગયા. આ રીતે કામદેવના અગ્રજનું કયાં સુધી વર્ણન કરું.''

બાહુબલિ વચ્ચે જ કહેવા લાગ્યા કે ''બીજા તેને જોઈને ચતુર બની ગયા એ કોઈ ભારે સામર્થ્યનું કાર્ય છે એમ કહો છો ? બીજાને ચાતુર્ય શીખવાડવું એ કઈ શક્તિનું કાર્ય છે ?''

દક્ષિણાંક કહેવા લાગ્યા કે ''સ્વામી ! મેં તેના મૃદુગુણોનું વર્ણન કર્યું. હવે તેના સામર્થ્યની વાત સાંભળો. દુશ્મનોની સેના ઉપર અધિક શસ્ત્રાસ્ત્ર ચલાવવાની તેમને જરૂર ન પડી. એક જ બાણથી પૂર્વ સમુદ્રના અધિપતિ મહાન પ્રભાવશાળી માગધામરને બોલાવ્યા. વિજયાર્ધપર્વતના વજ્રકપાટને તોડવા માટે એક જ પ્રહાર બસ થયો, બીજીવાર હાથ પણ ન લગાડવો પડયો. એકદમ તૂટી ગયો. અગ્નિ એકદમ ભભૂકી ઊઠી. ઘોડાએ બારગાઉ સુધી છલંગ મારી. સમ્રાટ જરાપણ ચળ્યા નહિ. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. એક જ પ્રહારથી વિજયાર્ધ ધ્રુજી ઊઠયો. બધા લોકો ગભરાઈને કિકિયારી કરવા લાગ્યા. મ્લેચ્છો અને વિદ્યાધરોએ પોતાની મેળે આવીને ભેટ સમર્પી. ઘોરવૃષ્ટિ વરસાવીને બે ભૂતોએ દુઃખ દેવા ઈચ્છયું, પરંતુ સમ્રાટના સેવકોએ તેમને મારીને ભગાડી મૂકયા. અંકમાલા લખાવવા માટે પહેલાના એક લેખને ભૂસાડતી વખતે કેટલાક ભૂતો ઉપદ્રવ મચાવવા મંડયા, પરંતુ પોતાના સેવકોથી તેના દાંત પડાવી નાખ્યા, તેઓ ભાગી ગયા.

''રાજા વિશેષ શું ? અમારા રાજા હિમવાન પર્વતની પેલી તરફ પણ રાજ્ય સાધવા જવાના હતા, અમોએ સમજાવીને રોક્યા. તેના સાહસ આગળ લોકમાં કોણ સામનો કરી શકે છે ? યમ, દૈત્ય અસુર કોઈ પણ સમર્થ નથી. લીલામાત્રથી આ ભૂમિને વશ કરી લીધી. આશ્ચર્ય છે ! પુષ્પબાણથી ત્રણ લોકને વશ કરવાવાળા નાનાભાઈ, પોતાની વીરતાથી અને સેવકોથી રાજાઓનો મદ ઊતારનારા મોટાભાઈ, આપ બન્નેની બરાબરી કરવાવાળા લોકમાં કોણ છે ? આપ લોક બધાથી શ્રેષ્ઠ છો એ કહેવાની શી જરૂર છે, આપ લોકોની સેવા કરવાવાળા અમે પણ એ કારણે લોકમાં મોટા કહેવાઈએ છીએ. હું શું ભૂલ કરું છું ? ચક્રવર્તી અને તેના ભાઈ કામદેવની બરાબરી કરવાવાળા લોકમાં કોણ છે ? આપ લોકોની ચરણ સેવાથી અમે ધન્ય બન્યા.'' ત્યાં બેઠેલા બધા લોકોએ કહ્યું કે તદ્દન સાચી વાત છે. બાહુબલિએ પ્રણયચંદ્ર મંત્રીને કહ્યું કે મંત્રી ! દક્ષિણાંકનું ચાતુર્ય જોયું ? કેવું વર્ણન કરી રહ્યા છે ?

મંત્રીએ ઉત્તર આપ્યો કે સ્વામી ! તેઓએ સાચું કહ્યું છે. આપ લોકોમાં જે ગુણ છે તેનું તેણે વર્ણન કર્યું છે. તમે બહુ દક્ષ છો તેવી રીતે તમારા મોટા ભાઈ પણ શ્રેષ્ઠ ગુણોથી યુક્ત છે તેમાં ખુશામતના વ્યવહારની વાત ક્યાં છે ? તમારા બન્નેનું વર્ણન સૂર્ય ચંદ્રના વર્ણનની સમાન છે. ચક્રવર્તીના મંત્રી અને મિત્રોએ પણ તમને આદરપૂર્વક ભેટ મોકલી છે. તેથી તેમના સદ્‌ગુણો જણાઈ આવે છે.

આજનો દરબાર વિર્સજન કરો અને દક્ષિણાંકને આજે આરામ લેવા દ્યો કાલે તેઓ જે માટે આવ્યા છે તેનો વિચાર કરીશું. એ રીતે મંત્રીએ કહ્યું. બાહુબલિએ પણ દક્ષિણાંકને રહેવા માટે સ્વતંત્ર વ્યવસ્થા અને ભોજન વગેરે લેવા માટે આરામ કરવા કહ્યું. ત્યારે તે મંત્રી, મિત્ર વગેરે કહેવા લાગ્યા કે જ્યારે અમારું ઘર છે ત્યારે સ્વતંત્ર અલગ વ્યવસ્થા કરવાની શી જરૂર છે ? ભરતેશ આવ્યા હોત તો આપણા મહેલમાં ઉતરત તેમના મિત્ર આવે તો તેમને ત્યાં જ ઊતરવું જોઈએ. તેઓ ફરી ક્યારે આવવાના છે અમને એનો સત્કાર કરવા દ્યો. વગેરે તે મંત્રી-મિત્રોએ કહ્યું. દક્ષિણનો સત્કાર કરીને તેના પરિવારનો પણ સત્કાર કરવા મંત્રીને આજ્ઞા આપી ને બાહુબલિ દરબારમાંથી મહેલ તરફ ગયા. દરબારમાંથી બધા ચાલ્યા ગયા. દક્ષિણે પૌદનાપુરના મંત્રીના આતિથ્યનો સ્વીકાર કર્યો. તે વિવેકી વિચાર કરી રહ્યા હતા કે આ મંત્રી-મિત્ર વગેરે મારા પક્ષમાં છે પરંતુ ભૂજબલિ માત્ર જુદા વિચારના છે. જોઈએ શું થાય છે ?

ભરતજીનાં વીરયોગમાં જરાક બાધા આવવા છતાં પણ તેનાં આત્મામાં અધીરજ ન આવી. તે પોતાના આત્મામાં અવિચલ થઈને વસ્તુસ્થિતિ જુએ છે. તેઓ વિચાર કરે છે કે :–

''હે પરમાત્મા તમે અખિલ વિરાનુયોગ દેખો છો પરંતુ તેનાથી તમે ભિન્ન છો, નિર્મલ સ્વરૂપ છો, મોક્ષ જાઓ ત્યાં સુધી પૂરેપુરી દૃષ્ટિ અને મન દઈને હું તમને જોઈ લઉં તો તમે મને છોડી બીજે નહિ જશો. એવી મારી હાર્દિક ઈચ્છા છે.''

''હે સિદ્ધાત્મા ! તમને નથી કોઈ માતા કે નથી કોઈ પિતા કે નથી કોઈ ભાઈ કે નથી કોઈ બંધુ. આપને આદિ પણ નથી અને અંત પણ નથી કોઈ પણ દુઃખ આપને નથી. આપને જન્મ પણ નથી અને મરણ પણ નથી હે નિરઘ ! નિર્માય ! નિરંજન સિદ્ધ ! મને સન્મતિ આપો.''

## ૨૮. સંધાનભંગ સંધિ

**બા**હુબલિના મંત્રી અને મિત્રોને પોતાના આવવાનું કારણ કહીને અને તેમને પોતાને અનુકૂલ બનાવીને દક્ષિણાંક બાહુબલિને કહેવા દરબારમાં પહોંચ્યા.

બાહુબલિએ દક્ષિણાંકને જોઈને પ્રશ્ન કર્યો કે દક્ષિણ ! તમે ક્યા કાર્ય માટે આવ્યા છો ! કહો. ઉત્તરમાં હાથ જોડીને દક્ષિણાંકે ખૂબ નમ્રતાપૂર્વક નીચે પ્રમાણે નિવેદન કર્યું.

''સ્વામી ! મારા મોટા સ્વામીના અનુજ ! મારા નાના સ્વામી ! સૌંદર્યવાન ! મારું નિવેદન કૃપા કરીને સાંભળો. ''સમ્રાટને જ્યારે બધી પૃથ્વી સાધ્ય થઈ ત્યારે માર્ગમાં તેઓએ શ્રીપિતાજીના દર્શન કર્યા. ત્યાર પછી નસીબજોગે માતાના પણ દર્શન થયા પછી તેમને પોતાના નાના ભાઈને જોવાની ઈચ્છા થઈ. તેઓએ અમને છાની રીતે પૂછયું હતું કે મારા ભાઈને જોવાનો કયો ઉપાય છે. ત્યારે અમોએ કહ્યું કે રાજા ! નાના ભાઈના મનમાં પણ તમને જોવાની ઈચ્છા થઈ હશે. ત્યારે સમ્રાટે કહ્યું કે તેને સુખે રહેવા દ્યો. તે બહુ લાડથી ઉછર્યા છે. પિતાજીએ પણ તેમને બહુ પ્રેમથી પાળ્યા પોષ્યા છે. મારી કાકીને તે એકનો એક જ પુત્ર છે, તેથી તેને દુઃખ થાય તેમ ન કરવું; સુખેથી રહેવા દ્યો. આપણે જ્યારે અયોધ્યાપુરીમાં પહોંચીશું ત્યારે માતાજી કાકીને બોલાવશે ત્યારે બાહુબલિ પણ આવશે ત્યારે કાકીને અને તેને જોઈશું.

ત્યારે અમોએ તેમને પ્રાર્થના કરી કે સ્વામી ! અયોધ્યાપુરમાં આવશે તો તમે મહેલમાં વાતચીત કરશો તેથી અમારા સાંભળવામાં નહિ આવે. જો આ રીતે બહારમાં આવે તો અમે પણ આપ બન્નેને જોઈને સંતુષ્ટ થઈએ. તેથી પૌદનાપુર પાસેથી જતી વખતે તેમને બોલાવો. અમે નાનાં અને મોટા સ્વામીના દર્શન એક સાથે કરીને સંતોષ પામીએ. ત્યારે ભરતજીએ તે વાત સ્વીકારી. હાલ તે જગ્યા દૂર નથી. પૌદનાપુરની બહાર જ આપના મોટાભાઈ છે ત્યાં સુધી આપ પધારીને અમારી આંખોની તૃપ્તિ કરો.'' આ રીતે કહેતા થકા દક્ષિણાંકે સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

બાહુબલિ– ''દક્ષિણ ! ઊઠો ! ઊઠો ! બેસીને વાત કરો. તમો નિશ્ચિંત થઈને તમારા નગર તરફ જાઓ. હું કાલ આવીને અયોધ્યામાં મારા ભાઈને મળીશ.''

દક્ષિણ– સ્વામી ! તેથી આપ બન્નેને સંતોષ થશે એ નિશ્ચય છે તોપણ બધાની ઈચ્છા પૂર્ણ કરવા માટે સમ્રાટે સેનાનો મુકામ કરાવ્યો તેથી હવે અમારી પ્રાર્થનાનો સ્વીકાર કરવો જોઈએ. સમ્રાટ મેરુ પર્વતની સમાન ઊભા છે. આપ જો ત્યાં પહોંચો તો બન્ને મેરુ ભેગા થાય અને બન્નેનું ગૌરવ વધે. નહિતર રાજગંભીરતામાં કાંઈક ન્યૂનતા આવશે. વ્યંતર, વિદ્યાધર અને રાજાઓ બહુ આશાથી આપ બન્નેના એકત્ર દર્શન કરવાની આતુરતાથી ઊભા છે. જ્યારે તેને ખબર પડશે કે આપ આવવાના નથી ત્યારે શું તેઓ ખેદ નહિ પામે ? તેથી હે કામદેવ ! આપ, લોકને આનંદ કરાવવા વાળા છો તેથી આ કાર્યમાં પણ આપ લોકોને આકુલતા ઉત્પન્ન થાય તેવું ન કરો. અવશ્ય પધારો.

બાહુબલિ– દક્ષિણ ! હું આવવા તૈયાર છું પરંતુ મારે અહીં જરૂરી કામ છે તેથી હાલ નહિ આવી શકું. તેથી કોઈ ઉપાય કરીને ભાઈને તમે અયોધ્યા તરફ લઈ જાઓ. હું વીરતાથી ત્યાં આવું છું.

દક્ષિણ– ના, સ્વામી ! ના, એમ ન કરો. આપનો અને મોટાભાઈનો બન્નેનો વિનોદ વિલાસ જે સેનાએ હજુ સુધી નથી જોયો જેથી તેમ કરી તે સેનાનું મન સંતોષો. વિરસ ઉત્પન્ન થાય તે શું યોગ્ય છે ! ભરતજી જેવા મોટાભાઈને જોવા કરતાં બીજું કયું વધારે મહત્ત્વનું કાર્ય હોઈ શકે ? તેથી હાથ જોડીને મારી વિનંતી છે કે આપ એમાં કોઈ બહાના ન બતાવો.

બાહુબલિ– દક્ષિણ ! તમે તો કોઈ પણ ઉપાયે જે કાર્ય માટે આવ્યા છો તેનું સાધ્ય કરવા ઈચ્છો છો પરંતુ હું તો મારા કાર્યનું મહત્ત્વ જોઉં છું.

દક્ષિણ– સ્વામી ! આપના કાર્યમાં હાનિ પહોંચાડવાની વાત હું કેમ કરી શકું ! શું હું પરકીય છું ! આપની સેવા કરવી તે મારું કાર્ય છે તેથી તમે અવશ્ય પધારો.

બાહુબલિ– હું જાણું છું કે તમે મહાચતુર છો તેથી વાણીથી મને ફસાવો નહિ, હું હાલ નહિ આવી શકું, જાઓ.

દક્ષિણ– રાજા ! શું મોટાભાઈ પાસે આવવામાં આ રીતે કોઈ ના પાડે ? આમ ન કરો.

બાહુબલિ– તે હવે અમારા મોટાભાઈ નથી. તેઓ અમારા સ્વામી છે, તમે માત્ર આ રીતે રંગ ચડાવવાની કોશિષ ન કરો, હું બધું જાણું છું. સેનાની સાથે ઊભા રહીને એક નોકરને બોલાવે તેમ બાહુબલિને બોલાવનારા તે ભાઈ છે કે માલિક છે ? તમે જ સાચું કહો.

દક્ષિણ–'પરમાત્મા ! આપ આવું બોલો છો ! બધા રાજાઓએ પ્રાર્થના કરીને સમ્રાટને રોક્યા. ચક્રવર્તી પોતે રોકાવા તૈયાર નહોતા. ખરેખર અમે ભાગ્યહીન છીએ. સર્વ શ્રેષ્ઠ ચક્રવર્તીને અમે રોક્યા. સર્વ શ્રેષ્ઠ કામદેવનાં દર્શન બધા પરિવારને કરાવવાની ભાવના અમે કરી, પરંતુ અમારા પર આપને દયા નથી આવતી. શું કરીએ અમારું દુર્ભાગ્ય છે.'

બાહુબલિ–''દક્ષિણ ! મનમાં જેવું હોય તેવું જ કહેવું તે મારી અને મારી સેનાને માટે શક્ય છે. તમે ને તમારા સ્વામી એવું કદી નથી કરી શકતા. ખોટો વિનય કેમ બતાવો છો ? રહેવા દ્યો.''

દક્ષિણ-સ્વામી ! મેં જૂઠી વાત ક્યાં કરી ?

બાહુબલિ–કહું ?

દક્ષિણ–કહો.

બાહુબલિ-હાય ! તમે આત્મચિંતામાં મગ્ન અધ્યાત્મપ્રેમી જુઠું કેમ બોલો, હુંજ ભૂલી ગયો. જવા દ્યો. તેનો વિચાર ન કરો.

દક્ષિણ-આપને પણ ખોટું ઠસાય નહીં, અમને પણ ખોટું ઠસાય નહીં, જૂઠો વ્યવહાર કયો છે તે કહો.

બાહુબલિ–જવા દ્યો. વ્યર્થ કોઈને દુઃખ દેવું તે સારું નથી.

દક્ષિણ–આપનાથી કોઈને દુઃખ થાય ? કહો.

બાહુબલિ– ''પોદનાપુરની બહાર ચક્ર એકદમ થંભી ગયું તેથી મને આધીન કરવાના ઈરાદાથી

ભરતે સેનાનો મુકામ કરાવ્યો, તો તમે આવીને મારા પર બીજી રીતે રંગ ચડાવી રહ્યા છો, આશ્ચર્ય છે. તમે મને ન કહ્યું. વળી તમારી વાતોમાં તણાઈને મારા મંત્રી મિત્રોએ પણ ન કહ્યું. પરંતુ એક હિતૈષીએ આવીને મને બધી વાત કહી છે ? તેથી હવે તે છુપાવવાનું શું પ્રયોજન છે ? તેથી વધારે કહેવાની જરૂર નથી.''

દક્ષિણ- સ્વામી ! આપ બન્નેનો એકત્ર મેળાપ જોવાની ઈચ્છાથી ચક્રરત્ન પણ થંભી ગયું. જ્યારે આપ બન્નેને એકત્ર જોવાની ઈચ્છા બધી દુનિયાને થઈ તો શું ચક્રરત્નને ન થાય ? તેથી તે પણ થંભી ગયું.''

બાહુબલિ– ''દક્ષિણ ! અંદરની વાત નહિ જાણવાવાળાની પાસે ચાતુર્ય દેખાડવું જોઈએ. અમારી પાસે આ તમારી હોશિયારી કામ નહિ આવે, છાના રહો, બોલતા શીખ્યા છો તેથી બોલી રહ્યા છો શું ? તમારા રાજાને આટલો અહંકાર કેમ ? બધા પૃથ્વીના રાજાઓએ તેમને નમસ્કાર કર્યા તેથી સંતોષ ન પામતા બધી સેનાઓની સામે મને નમસ્કાર કરાવવાની લાલસા તેમના મનમાં થઈ છે, શું હું એ કાર્ય કરવા માટે આવું ? ખેચર તો પ્રેત છે, ભૂચર ને વ્યંતર તો ભૂત છે, ભૂતપ્રેતોએ કદાચ ડરીને તેને નમસ્કાર કર્યા તો શું આ કામદેવ તેને નમસ્કાર કરે ?''

''તેની પાસે જઈને હું નમસ્કાર કેમ કરું ! મને કઈ વાતની ખામી છે ? પિતાજીએ મને જે રાજ્ય આપ્યું છે તેને ભોગવું છું, હું સ્વસ્થ છું. શું તે જોઈને તેને ઈર્ષા થાય છે ? મોટામોટા રાજ્ય તો પિતાજીએ તેને આપ્યા છે નાનું રાજ્ય મને આપ્યું છે તોપણ મારા ભાઈને સંતોષ નથી થતો. આશ્ચર્યની વાત છે.''

દક્ષિણ- રાજ્યની વાત શા માટે કરો છો ? રાજા સમ્રાટ પોતાના સમૃદ્ધ રાજ્યોમાંથી અર્ધરાજ્ય પોતાના નાના ભાઈને દેવા ક્યારેક ક્યારેક કહે છે, ત્યારે આપ આમ કહો છો.

બાહુબલિ- રહેવા દ્યો. તુચ્છ હૃદયવાળાની પાસે બોલો તેમ મારી પાસે ન બોલો.

દક્ષિણ- સ્વામી ! ક્રોધિત ન થાઓ. આપના મોટાભાઈનાં ગુણોનું શ્રેય આપને જ છે.

બાહુબલિ- 'રહેવા દ્યો. મને રાજ્યનો લોભ દેખાડીને કોઈ ઉપાયથી તમારા સ્વામીને નમસ્કાર કરાવવાનો વિચાર કરો છો. શું હું એટલો ટૂંકા હૃદયનો છું ? ગુણોને હું નમસ્કાર કરી શકું છું પરંતુ મોટાભાઈના નાતાના અહંકારથી બોલાવો તો હું શું નમસ્કાર કરું ? જુઓ તો ખરા. તમને મોકલીને ખોટીખોટી વાતો કરીને મને લઈ જવા ઈચ્છો છો. મારા ભોળા નાના ભાઈઓ હતા તેઓ પણ પત્ર મળતાં જ તપશ્ચર્યા કરવા ભાગી ગયા. મારી સાથે જો તેઓ મળ્યા હોત તો હું પણ મોટું કાર્ય કરીને બતાવી દેત. પિતાજી દ્વારા દીધેલા રાજ્યોમાં રહેવાનું મારા સહોદરના મોટાભાઈ બોલે છે અને સાથો સાથ તેમને પોતાને આધીનતા સ્વીકારવાનું પણ કહે છે. શાબાશ ભાઈ શાબાશ !!

''ઉત્તમરાણીના પુત્રને એક સામાન્ય વ્યક્તિની દૃષ્ટિથી જોઈ રહ્યા છે તેથી મને જબરજસ્તીથી બોલાવી રહ્યા છે, ખરેખર ભાગ્યશાળી ભાઈ છે. મારા પિતાજીને મારી મા અને મોટી મા બે જ રાણીઓ હતી, એ કાંઈ દાસી નહોતી, છતાં મને નોકર ચાકરોના પુત્રોની સમાન બોલાવી રહ્યા છો.'

દક્ષિણ-સ્વામી ! જ્યારે હું અહીં આવતો હતો ત્યારે જ સમ્રાટનાં મંત્રી મિત્રોએ આપની સેવામાં અનેક પ્રકારની ભેટ મોકલી, લો આપ આવી વાતો કેમ કરો છો ? રાજા ! હું કહેતા ડરું છું, અમારા સ્વામી પોતાના મંત્રી મિત્રોને સામાન્ય વ્યક્તિઓની પાસે નથી મોકલતા. અમારા નાના સ્વામીની પાસે મોકલ્યા છે તેથી આવ્યો છું.''

બાહુબલિ-સારું, તેથી તમે મને ફસાવીને લઈ જવા માગો છો ? પરંતુ આ કામદેવ તમારી વાતોમાં ફસાઈને તમારા સ્વામીને નમસ્કાર નહિ કરે. અનેક પ્રકારના પત્રો મોકલીને નાનાભાઈઓને જંગલમાં તપશ્ચર્યા માટે મોકલ્યા પરંતુ મને દેખીને પોતાના મિત્રોને મારી પાસે મને ફસાવા મોકલ્યા, હું સારી રીતે જાણું છું. ભાઈ ! ખોટો વિનય દેખાડીને મને ડરાવતા થકા ફસાવવાનો વ્યવહાર જોઈને શું હૃદય ગરમ ન થાય ? શીતલ ચંદન વૃક્ષને પણ ઘર્ષણ કરતાં તેમાંથી અગ્નિ ન નીકળે ? અવશ્ય નીકળે. દક્ષિણ ! ક્ષણે ક્ષણે તમે તમારા સ્વામીની તારીફ કરી રહ્યા છો તે જોઈને મારા હૃદયમાં ક્રોધ વધતો જાય છે. કોપાગ્નિ પ્રજવલિત થાય છે. વ્યર્થ મારા ક્રોધનો ઉદ્રેક ન કરો. બસ ! અહીંયાંથી ચાલ્યા જાઓ.

દક્ષિણાંકની આંખોમાં આસું ભરાઈ ગયાં. તેને ફરી નમસ્કાર કરીને કહ્યું કે સ્વામી ! ક્ષમા કરો ફોગટ મેં તમારા મનને દુભવ્યું. હું અતિ ક્રૂર છું. અમે બંને સ્વામીઓને એકત્ર જોવા ઈચ્છતા હતા અમે અતિ પાપી છીએ પાપીઓની ઈચ્છાઓ કદી સફળ થાય છે ? આ રીતે કહેતા થકા રોવા લાગ્યા. સ્વામી ! હું કેટલો દુષ્ટ છું. ત્રણ લોકને જ્યાંથી અમૃત મળે છે તેના મનમાં મેં અગ્નિજ્વાલા પેદા કરી દીધી, દૂધ જ્યાંથી નીકળે છે ત્યાં રક્ત ઉત્પન્ન કર્યું. લોકમાં મારાથી અધિક અધમ અને પાપી કોણ હશે ?

બાહુબલિ તેને સાંત્વન આપતા થકા કહેવા લાગ્યા કે દક્ષિણ ઊઠો, તમે પાપી નથી, જાઓ ત્યારે દક્ષિણાંકે ઊઠીને હાથ જોડયા અને હું જાઉં છું એમ કહીને જવા લાગ્યા. ત્યારે પાસે ઊભેલા મંત્રીએ એમ કહીને રોક્યા કે 'દક્ષિણ ન જાઓ.' રોકાઓ.

મંત્રીએ બહુ વિનયપૂર્વક બાહુબલિને નિવેદન કર્યું કે સ્વામી ! આપની સાથે હું બોલતા ડરું છું. આપના ક્રોધની આગળ કોણ બોલી શકે ? હે કામદેવ ! આપ જે આજ્ઞા ફરમાવશો તેનાથી અમે બહાર નથી જવાનાં તેથી મારી વિનંતિ સાંભળો.

'આપ બન્ને ભગવાન આદિપ્રભુના પુત્ર છો, જો આપ જ વિરસ વર્તાવ કરો તો લોકમાં બીજા લોકો સરલ વ્યવહાર કેવી રીતે કરશે ? આપના મોટા ભાઈની પાસે આપ ન આવતાં આપની આંખ લાલ કરો તો લોકમાં બીજા ભાઈઓ ભાઈઓ તો લાકડી લઈને ઊઠશે. જે લોકો સંસારમાં માર્ગ છોડીને ચાલે છે તેને માર્ગ બતાવવાનું કાર્ય આપ લોકો કરો છો. જો આપ લોકો જ માર્ગ છોડીને વ્યવહાર કરો તો આપને બતાવનારું કોણ ? સ્વામી ! વિચાર કરો, ગુરુને શિષ્ય, પિતાને પુત્ર, પોતાના પતિને સ્ત્રી અને મોટા ભાઈને નાના ભાઈએ જો નમસ્કાર ન કર્યા તો લોકમાં વરસાદ ધનધાન્યની વૃદ્ધિ કેવી રીતે થશે ? તે સિવાય સ્વામી ! તમે વિચારો કે તમે અને તમારા મોટા ભાઈ લોકના બીજા સામાન્ય રાજાઓની સમાન નથી. દેવલોકને પણ આપના ગુણોથી આપ લોક મુગ્ધ

કરો છો તેથી આપ લોકોને આવા પ્રકારનો વિચાર કરવો વાજબી નથી. મારા મનમાં જે આવ્યું તે નિષ્કપટ મેં કહ્યું છે. હવે આપ જ વિચાર કરો. અહીંયાં જે મિત્રો છે તે શું નથી જાણતા ?'

ત્યારે ત્યાં બેઠેલા બાહુબલિના મિત્રોએ એકી સાથે કહ્યું કે 'રાજા ! પ્રણયચંદ્ર મંત્રીએ ઘણું વાજબી કહ્યું છે. અમારા સ્વામી પણ પ્રસન્ન થશે. વિવેકી સ્વામી ! લોકમાં એવી એકે પણ કળા નથી કે જે આપ નથી જાણતા, આવી સ્થિતિમાં મોટા ભાઈને નમસ્કાર કરવા ના પાડવી તે શું યોગ્ય છે, આપ જ વિચાર કરી જુઓ. આપને લોકો મૃદુચિત્તના નામથી કહે છે. આપની સાથે બોલવા ચાલવા વાળા અમોને ચતુર કહે છે. જ્યારે આપ આવો વિચાર કરો છો તો શું આપની સત્કીર્તિ થશે ? શું આપના મોટા ભાઈ લોકના સામાન્ય ભાઈઓની સમાન છે ? અને નાના ભાઈ આપ પણ સામાન્ય નથી. આપ બન્ને લોકમાં અગ્રગણ્ય છો, આપ બન્ને મળીને સંપથી રહો તો જગતનું ભાગ્ય અને અમને આનંદ છે તેથી અમારી પ્રાર્થના સ્વીકારો.'

આમ કહેતા થકા બધા મંત્રી મિત્રોએ બાહુબલિનાં ચરણોમાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ત્યારે બાહુબલિએ તેમને ઊઠવા કહ્યું. ત્યારે તે લોકોએ કહ્યું કે અમને વચન આપો તો અમે ઊઠીએ. ઉત્તરમાં બાહુબલિએ એમ કહ્યું કે એક બે વાતો તો સાંભળો. ત્યારે તેઓ ઊઠયા.

બાહુબલિ-'મંત્રી અને મિત્રો ! તમોને હું મારા હિતૈષી સમજતો હતો પરંતુ તમોએ પણ મારા મનની ઈચ્છાથી વિરુદ્ધ જ વાત કરી. તમારું કર્તવ્ય તો એ હતું કે તમારે મારી વાતનું જ સમર્થન કરવાનું હતું. જુઓ તો ખરા, ચક્રવર્તીના મિત્ર અહીં આવીને ચક્રવર્તીની ઈચ્છાનુસાર જ બોલ્યા. તેને જોઈને તો કાંઈને કાંઈ તમારા લોકોએ મારા પક્ષમાં બોલવું જોઈતું હતું. પરંતુ તમે તો મારી વિરુદ્ધ જ બોલ્યા, એમ કરવું શું આપને યોગ્ય છે ? '

એટલામાં ત્યાં ઉપસ્થિત કેટલીક સ્ત્રીઓએ આવીને પ્રાર્થના કરી કે સ્વામી ! બધાની ઈચ્છાનું પાલન કરવું જોઈએ. બાહુબલિને પહેલેથી જ ક્રોધ ચડયો હતો પરંતુ તે ક્રોધનો ઉપયોગ મંત્રી તેમજ મિત્રો તરફ તેઓ ન કરી શક્યા. હવે તે સ્ત્રીઓ તેના ક્રોધની બલિ બની. આવેશપૂર્ણ વચનોથી તેઓએ કહ્યું કે 'છાનામાનાં તમારું કામ કરવું છોડીને મને જ ઉપદેશ દેવા આવી છો ? કલકંઠ ! આ લોકોને જરાક સીધા કરો.'

આ પ્રકારે આજ્ઞા મળવાની જ વાર હતી. કલકંઠ અને બીજાઓએ તે સ્ત્રીઓને પકડી પકડીને મારી, પીટી. મલયમારુત અને મંદમારુત નામના બે પહેલવાનોએ તે સ્ત્રીઓની ખૂબ ખબર લીધી. ધૂસ્તા માર્યા, ચોટલે ઝાલીને પાડી. સારાંશ એ છે કે તેમની ખૂબ દુર્દશા કરી. તે લોકોએ દીનતાપૂર્વક પ્રાર્થના કરી કે અમારા ઉપર દયા દેખાડો. આગળ અમે આવું કાર્ય કદી નહિ કરીએ. પહેલવાનોએ તેને મારી તેથી તેમને શ્વાસ ચઢી ગયો, આંખો ઊડી ગઈ, પરસેવો નીકળી ગયો. બધા લોકોએ બાહુબલિના ચરણોમાં મસ્તક રાખીને પ્રાર્થના કરી કે ભૂલથી અમારાથી બોલાઈ ગયું. ક્ષમા કરો. બાહુબલિએ તેમને છોડવાને માટે કહ્યું.

વળી ક્રોધતો હૃદયમાં વર્તતો જ હતો તેથી તેઓ કહેવા લાગ્યા કે 'આ સ્ત્રીઓને આમ કહેવાની શી જરૂર હતી ? શું અમારા નગરમાં ભોગીઓની ખામી છે ? ભરતેશના નોકરો તરફ એની નજર ગઈ લાગે છે. મદોન્મત્ત વિટ પુરુષોની સાથે ક્રીડા કરવાનો તેમને પણ મદ ચડયો છે. હવે કોઈ વૃદ્ધ

પુરુષોની સાથે તેમનો વ્યવહાર ચાલુ કરવો જોઈએ. રસિકોની સાથે ક્રીડા કરીને તેઓ ફૂલી ગઈ છે. હવે તેમનો જડ વિટ પુરુષોની સાથે વ્યવહાર ચાલુ કરવો જોઈએ. બધી સ્ત્રીઓ જેવી રીતે શાંત હતી તેવી રીતે શાંત ન રહેતા, મને ઉપદેશ દેવા આવી છે. હાય ! આ કામદેવ આટલો મૂર્ખ છે ? ઘેર ઘેર બધા ડાહ્યા થયા અને મને વિવેક બતાવવા આવ્યા હું તો તદ્દન મૂર્ખ જ ઠર્યો, હાય ! કામદેવનું કાર્ય વિચિત્ર છે. જિનસિદ્ધ હંસનાથ ! આપ જ જુઓ. હું અવિવેકથી વર્તી રહ્યો છું. એ બધા વિવેકની શિખામણ આપી રહ્યા છે. એ રીતે ક્રોધ ભરેલા શબ્દોથી કહી રહ્યા છે.'

તે સ્ત્રીઓ પ્રતિ ક્રોધી બન્યા હોવાથી મંત્રી-મિત્ર વગેરે પણ તે વખતે તેની સાથે કાંઈ બોલતા ડરવા લાગ્યા. ખરેખર મંત્રી મિત્ર વગેરે ઉપર બાહુબલિને ક્રોધ ચડયો હતો તેનું ફલ આ સ્ત્રીઓને ભોગવવું પડયું. આ રીતે તે વખતે આ સભામાં બધી જગ્યાએ નિસ્તબ્ધતા છવાઈ ગઈ હતી. સેનાપતિ ગુણવસંત પણ બધી વાતો સાંભળતા દૂર બેઠા હતા. બાહુબલિએ તેની તરફ જોઈને કહ્યું કે ગુણવસંત ! અહીં મારી પાસે આવો દૂર કેમ બેઠા છો. મારી વાત નીતિપૂર્ણ છે કે નકામી છે ? બોલો, તમારું હૃદય શું કહે છે ? ઉત્તરમાં ગુણવસંતે કહ્યું કે સ્વામી ! આપ કહો એમાં કોણ બોલી શકે ? તે તદ્દન નિર્દોષ છે. રાજાંગને વ્યક્ત કરતા થકા જ આપ બોલ્યા એમાં વ્યાજાંગ જરાય પણ નહોતું. સ્વાભિમાની વ્યક્તિ બીજાના શરણમાં કેમ જઈ શકે ? મારને સર્વ શ્રેષ્ઠ (મહારાય) કહે છે. જો તેણે બીજાની તાબેદારી સ્વીકારી લીધી તો તેને (મહારાય) કોણ કહે ! આપે બરાબર વાજબી કહ્યું કે ગુણોને આધીન હું થઈ શકું છું. કોઈએ પરાક્રમ બતાવ્યું તો તેને હું નમસ્કાર નથી કરી શકતો. ગુણીજન તેનો અવશ્ય સ્વીકાર કરશે.

ગુણવસંતનાં વચનો સાંભળીને બાહુબલિ પ્રસન્ન થયા. તેઓએ તેને પાસે બોલાવીને એક રત્નનું પદક ઈનામમાં આપ્યું. અને કહ્યું કે તમારો મને ભરોસો છે, જાઓ.

વખત ઓળખીને કલકંઠ, મંદમારુત, મલયમારુત, મત્તકોકિલ, વગેરેએ પણ કહ્યું કે સ્વામી ! આપના કાર્યની બરાબરી કોણ કરી શકે. આપ લોકમાં સર્વશ્રેષ્ઠ છો. તેમને પણ ઈનામ મળ્યું.

બાહુબલિએ દરબાર બરખાસ્ત કરવાનો ઈશારો કર્યો. બધા લોકો ઊઠીને ચાલ્યા ગયા. કાંઈપણ ન બોલતાં દક્ષિણાંક, મંત્રી, મિત્ર વગેરે ત્યાંથી ચાલતા થયા. બાકીના બધા લોકો સ્ત્રીઓ, નોકર, ચાકર વગેરે બધા નમસ્કાર કરીને ત્યાંથી ચાલી નીકળ્યા.

હવે બાહુબલિની પાસે ગુણવસંત વગેરે પાંચ સજ્જન હતા. બાકીના ચાલ્યા ગયા હતા. કલકંઠને આજ્ઞા આપી કે દક્ષિણાંકને બોલાવો. કલકંઠે દોડીને બહારના દરવાજાથી તેમને બોલાવ્યા. દક્ષિણાંક પાછા વળતા થકા વિચારી રહ્યા હતા કે કદાચ ફરી બાહુબલિએ વિચાર્યું હશે. મનમાં જરાક પછી શાન્તિ થઈ હશે. તેણે આવીને નમસ્કાર કર્યા.

બાહુબલિ– ''દક્ષિણ ! સાંભળો. હું સમજી ગયો છું કે તમારા સ્વામી હવે મારા ઉપર આક્રમણ કર્યા વિના જશે નહિ પરંતુ યુદ્ધ અહીં નહિ થાય, હું જ જ્યાં તમે પડાવ નાંખ્યો છે ત્યાં જ આવીશ. તમારા સ્વામીને ષટ્ખંડ જિતવાનો ગર્વ છે, તેને આ કામદેવની સાથે દર્શાવવા ઈચ્છે છે. ગરીબોને જેવી રીતે ફસાવ્યા એવી વાત અહીં નથી. અહીં તો ભુજબલિ રાજાની સામે સામનો કરવાનો છે.

તેથી સેનાની સાથે હોશિયારીથી રહેવા કહેજો. જાઓ ! આ સમાચાર તમારા સ્વામીને સંભળાવો.''

દક્ષિણાંક હાથ જોડીને ચાલ્યા ગયા. મનમાં વિચારી રહ્યા હતા કે કર્મની ગતિ વિચિત્ર છે, મોક્ષગામી પુરુષોને પણ તે કષ્ટ આપી રહ્યું છે.

બાહુબલિએ ગુણવસંત આદિને આજ્ઞા આપી કે ચક્રવર્તીના માણસને મારા નગરમાં દાખલ થવા ન દેતા. અને પોતે મહેલમાં ગયા.

દક્ષિણાંકને પાછા બોલાવ્યા પછી બાહુબલિનો ક્રોધ શાંત થયો હશે અને તેના તરફથી કોઈ આશ્વાસન મળશે એવી આશાથી બાહુબલિના મંત્રી, મિત્ર વગેરે દક્ષિણાંકની રાહ જોતા થકા બહારના દરવાજા ઉપર ઊભા હતા. દક્ષિણે આવીને સમાચાર સંભળાવ્યા તો તે લોકોએ એક દીર્ઘ નિશ્વાસ નાખ્યો. એવામાં ગુણવસંત પણ ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા 'કે મિત્રો ! સ્વામીનો પ્રજવલિત કોપાગ્નિ જોઈને તેમની ઈચ્છાનુસાર હું બોલ્યો, તમો ધ્યાનમાં ન લેશો. જ્યારે બધાએ કહ્યું કે તમે ઘણું સારું કર્યું. ત્યારે મત્તકોકિલ વગેરેએ કહ્યું કે મૌન રહેવાથી રાજાને ક્રોધ ચડશે એમ સમજીને અમે બોલ્યા, બીજી કોઈ વાત નથી. પરંતુ અમારા લોકોની ઈચ્છા તમને મળતી જ છે. લોકમાં અન્નખાવાવાળી એવી કોણ વ્યક્તિ હશે જે મોટાભાઈને નમસ્કાર કરવાનું ન કહે. બધા લોકો એમ જ કહેશે કે નાનાભાઈએ મોટાભાઈને નમસ્કાર કરવા જોઈએ.'

વળી બહુ ખેદપૂર્વક બધા લોકો કહેવા લાગ્યા કે દક્ષિણ ! અમે ઈચ્છતા હતા કે આ બન્ને ભાઈ એકી સાથે મળવાથી અમને સંતોષ થશે. તેમને એકત્ર જોવાનું ભાગ્ય અમારા લોકોને નથી. તમને ઘણું દુઃખ થયું, હવે જાઓ. તમે જે ઉપાય લીધો, મધુર વચનોનો પ્રયોગ કર્યો તેનાથી પથ્થર પણ ઓગળી જાય પરંતુ કામદેવનું મન પીગળ્યું નહિ. તમારો એમાં દોષ નથી, દુઃખી ન થાઓ. હવે માતુશ્રી સુનંદા દેવી બાહુબલિને સમજાવશે અને ક્રોધ શાંત થયા પછી અમે પણ સમજાવવાનો પ્રયત્ન કરીશું. જો કોઈ અનુકૂળ વાતાવરણ થશે તો તમને પત્ર લખીને ખબર આપીશ, નહિતર મૌન રહીશ. હવે તમે જાઓ. અમને ઘણી ઈચ્છા છે કે તમારા જેવા મિત્રોનો આદર કરીએ પરંતુ હાલ અમે કાંઈ નથી કરી શકતા. કેમકે અમે તમારો કાંઈપણ આદર કરીએ તો બાહુબલિ અમારા ઉપર ક્રોધે ભરાય તેથી હવે તમે અહીંથી ચાલ્યા જાઓ. દક્ષિણાંક દુઃખ પૂર્વક ત્યાંથી ચાલ્યા ગયા.

વાચકોને આશ્ચર્ય થશે કે કર્મ મોક્ષગામી પુરુષોને પણ નથી છોડતું. જે વખતે તે ઉદયમાં આવે છે તે વખતે વસ્તુસ્થિતિનો વિચાર કરવા નથી દેતું. કષાયવાસના ઘણી ખરાબ ચીજ છે. તે મનુષ્યનું અધઃપતન કરે છે. આવા વખતે મનુષ્યોએ વિચાર કરવો જોઈએ.

''હે પરમાત્મા ! પુદ્‌ગલ બોલે છે, સાંભળે છે પુદ્‌ગલ, રાગ ને દ્વેષ પણ પુદ્‌ગલ છે. પુદ્‌ગલને લીધે મનુષ્ય બીજા ઉપર પ્રેમ અથવા દ્વેષ કરે છે તેથી મારા હૃદયમાં તમે હંમેશાં વર્ત્યા રહો કે જેથી હું વસ્તુસ્થિતિનો વિચાર કરી શકું.''

હે સિદ્ધાત્મા ! તમે હંમેશાં બીજાને નિર્મલ ઉપાય બતાવનારા છો. આપે અનંતજ્ઞાન સામ્રાજ્ય મેળવ્યું છે તેથી નિરાકુલતા વસી છે. આપ જ્યોતિર્મય તીવ્રપ્રકાશરૂપે છો તેથી મને હંમેશાં સુબુદ્ધિ આપો કે જેથી મને સંસારમાં પ્રત્યેક કાર્યમાં વિવેકની પ્રાપ્તિ થાય.''

## ૨૯. કટકવિનોદ સંધિ

**બા**હુબલિના મંત્રી–મિત્રોથી વિદાય લઈને દક્ષિણાંક પૌદનાપુર નગર પાસે રહેલી સેનાની તરફ જવા લાગ્યા. પોતે તે જે કાર્ય માટે આવ્યા હતા તે કાર્ય બગડવાને કારણે તેને બહુ દુઃખ થયું, તેથી મનમાં ખેદ પામતા થકા મૌન જઈ રહ્યા હતા. મોઢું એનું ફિકકું પડી ગયું હતું. તે જોઈને લોકો અનેક પ્રકારની વાતો કરી રહ્યા હતા.

‘‘આવ્યા ત્યારે બહુ હર્ષપૂર્વક આવ્યા હતા. હવે પાછા ફરતી વખતે ઘણી ચિંતાયુક્ત બનીને જઈ રહ્યા છે. ખરેખર રાજાઓની સેવા કરવી તે મોટું કઠિન કામ છે.’’

તેણે વાજબી વાત કરી હતી, પરંતુ અમારા રાજા ક્રોધે ભરાયા છતાં પણ આ શિષ્ટ બહુ શાંતિપૂર્વક પોતાના સ્વામીની પાસે જઈ રહ્યા છે પર સેવા કરવી તે કષ્ટદાયક છે.

‘‘જો કાંઈ કાર્યમાં સફળતા મળે તો પોતાના રાજાના પુણ્યથી સફળતા મળી એમ કહે છે. જો કાર્ય બગડયું તો જે તે કામ માટે ગયા હોય તેને દોષ દીએ છે. પર સેવાને ધિક્કાર હો.’’

‘‘ભરત મોટા ભાઈ છે, ષટ્ખંડમાં તે એક જ શ્રેષ્ઠ રાજા છે તેની સાથે આવા પ્રકારનો વ્યવહાર રાખવો તે શું બાહુબલિને શોભે છે ?’’

એ રીતે અનેક પ્રકારે પુરજન વાત કરતા હતા તે બધું સાંભળતા સાંભળતા દક્ષિણાંક આજુબાજુ ન જોતા જઈ રહ્યા હતા. સેવકોએ આજુબાજુથી આવી દક્ષિણાંકની સેવા કરવાની ઈચ્છા કરી, પરંતુ આંખોના ઈશારાથી તેમને દૂર જવાનું કહ્યું. કોઈ સ્તુતિપાઠક દક્ષિણાંકની સ્તુતિ કરી રહ્યા હતા તેમને મોઢું બંધ કરવાનું કહ્યું. કોઈ સેવક ચામર ઢાળતા હતા, કોઈ તાંબૂલ આપતા હતા, તેમને તેઓએ રોક્યા. કેટલાક સેવકોએ આવીને પાલખી ઉપર આરૂઢ થવાની પ્રાર્થના કરી તેનો પણ ઈનકાર કર્યો. હાથીને આગળ લાવ્યા તો પણ તેને દૂર કરવાનું કહ્યું, ઘોડા બતાવવા લાગ્યા પરંતુ તેઓ તેના તરફ ન જોતા મૌન જઈ રહ્યા હતા. ગુરુસેવા કરવામાં ચ્યુત શિષ્યની સમાન, રાજાની સેવામાં ભૂલ ખાધેલા સેવકની સમાન બહુ ચિંતાપૂર્વક તેઓ જઈ રહ્યા હતા. કોઈપણ રીતે તેઓ પૌદનાપુરની બહારના દરવાજા પર પહોંચ્યા.

ત્યાં ફરીને સેવકોએ પ્રાર્થના કરી કે આ રીતે પગે જવાથી સ્વામીના કાર્યમાં ઢીલ થશે તેથી કોઈ વાહન ઉપર ચઢીને જવું જોઈએ. દક્ષિણાંકને પણ તેમનું કહેવું વાજબી લાગ્યું. તે વખતે એક વેગપૂર્ણ ઘોડો મંગાવીને આજ્ઞા કરી. ઘોડા ઉપર ચડયા. પછી નોકરોએ તેના ઉપર છત્ર ચડાવવાની કોશિષ કરી. તેની તેણે ના પાડી. વાદ્ય ઘોષ બજાવવા લાગ્યા તો તેણે ઘણા ક્રોધથી તેને રોક્યા.

બે શરમ ! સ્વામીનું કાર્ય સિદ્ધ થયું હોત તો આપણે મહાઆનંદપૂર્વક જઈ શકીએ. કન્યા તો નથી. પાણિગ્રહણનાં કેવલ મંત્રોચ્ચારણથી શું પ્રયોજન ? સાથોસાથ દક્ષિણાંકે એમ પણ કહ્યું કે હું તુરત જ જઈને સ્વામીને જોઉં છું. તમો બધા પરિવારને લઈને પાછળ આવો. પોતાની સાથે કેટલીક વિશ્વસ્ત વ્યક્તિઓને લઈને દક્ષિણાંક આગળ વધ્યા અને બહુ વેગપૂર્વક સેનાસ્થાન પર પહોંચ્યા. અત્યારે તે દક્ષિણાંક બહુ ઠાઠમાઠની સાથે આવતા નહોતા. એકલા જ ખેદખિન્ન થઈને આવી રહ્યા

હતા. સેનાસ્થાનમાં પહોંચ્યા પછી પોતાના સાથીઓને પોતાના મુકામમાં જવાની આજ્ઞા આપી.

તે દિવસે રાત્રિનો દરબાર હતો. ભરતજીએ આદેશ કર્યો કે દરબારમાં બધાને બોલાવો. એવામાં એક દૂતે આવીને દક્ષિણાંકના આવવાનાં સમાચાર સંભળાવતા થકા કહ્યું કે 'સ્વામી ! તેઓ પોતાના પરિવારથી રહિત હંસની સમાન અથવા પાંદડાંથી રહિત આમ્રવૃક્ષની સમાન આવી રહ્યા છે. પરિવાર નથી, વાદ્ય નથી અને કોઈ શોભા નથી. આઠ દશ પોતાના વિશ્વસ્ત સાથીઓની સાથે આવે છે. અને તેમને પોતાના પડાવમાં મોકલીને તેઓ એકલા જ આપના દર્શનને માટે આવી રહ્યા છે.' ભરતજી સમજી ગયા, તેઓએ તે વખતે દૂતને આદેશ કર્યો કે હવે આ વખતે દરબારમાં કોઈ પણ ન આવે એમ ખબર આપો. એવામાં ત્યાં પહેલેથી બેઠેલા માગધ, મેઘેશ્વર વગેરે ઊઠીને જવા લાગ્યા. ત્યારે સમ્રાટે કહ્યું કે તમે કેમ જાઓ છો ? અહીંયાં જ રહો. આપની આગળ મારે કાંઈ પણ છાનું નથી. મારા આઠ મિત્ર, મંત્રી અને સેનાપતિ એ તો મારા ખાસ રાજ્યના અંગ છે. કાર્ય બગડી ગયું. બાહુબલિના અંતરંગને હું પહેલેથી જ જાણતો હતો. તેને એક પત્ર લખીને મોકલ્યો હોત તો ઠીક થાત. નકામો મિત્રને મોકલીને તેને દુઃખ ઉપજાવ્યું.

એવામાં દક્ષિણાંક આવ્યા. આવતા વખતે તેઓ અન્યમનસ્ક અને ખિન્નમનસ્ક થઈને આવતા હતા. કોઈ બાળકની કોઈ ખાસ ચીજ ખોવાયાથી તે જેવી રીતે દુઃખી થઈને પોતાના પિતાની પાસે આવે છે તેવી રીતે તે વખતે તેમની હાલત હતી. મોઢું પડી ગયું. હતું, શરીરમાં પણ કોઈ ઉત્સાહ નહોતો. આમ તેમ જોવામાં શરમ આવતી હતી. એવી સ્થિતિમાં તેને ધીરજ આપતા થકા સમ્રાટે કહ્યું કે 'દક્ષિણ ! ગભરાઓ નહિ. ચિંતા ન કરો. આનંદની સાથે આવો. હું મારા ભાઈની હાલત પહેલેથી જ જાણતો હતો. તેમની પાસે બીજાને ન મોકલતા તમને જ મેં મોકલ્યા, એ મારી ભૂલ થઈ. તમારો કોઈ દોષ નથી. ચિંતા ન કરો, આવો.'

દક્ષિણાંકે આવીને ભરતજીના ચરણમાં સાષ્ટાંગ નમસ્કાર કરી પ્રાર્થના કરી કે 'સ્વામી ! હું કાંઈ બોલી નથી શકતો, મારાથી જ કાર્ય બગડી ગયું અન્ય કોઈને મોકલ્યા હોત તો કાર્ય થઈ જાત, મારાથી કાર્ય બગડી ગયું આપના ભાઈમાં કોઈ ખામી નથી.' ભરતજીએ કહ્યું કે ઠીક છે. ઊઠો, બેસીને શાન્તિથી બોલો. ત્યારે દક્ષિણાંક ઊઠીને ઊભા થયા.

ભરતજીએ કહ્યું કે શાન્તિથી બધી હકીકત કહો. ત્યારે દક્ષિણાંકે કહ્યું કે સ્વામી ! આપના ભાઈ કામદેવ છે, પુષ્પબાણ છે, તે કઠોર વચન કેમ બોલે ? તેઓએ કહ્યું કે 'મોટાભાઈને પોતાની સેનાની સાથે અયોધ્યા તરફ જવા દ્યો. હું પછી આવીશ.' ભરતજી મનમાં વિચાર કરી રહ્યા હતા કે જુઓ મારા નગરમાં જવાની શું તેને આજ્ઞા આપવાની જરૂર છે ? તેના અભિમાનની માત્રા તો જુઓ. વળી પ્રગટરૂપે કહેવા લાગ્યા કે દક્ષિણાંક ! સંકોચ રાખ્યા સિવાય કહો કે છેવટે તેણે શું કહ્યું ? એક જ વાત કરો. યુદ્ધને માટે તૈયારી બતાવી ?

ના, ના. યુદ્ધને માટે નહિ, પોતાના ભાઈની સાથે કસરત કરવા આવીશ. એવું તેઓએ કહ્યું. બચપણમાં અનેક વાર મેં મારા ભાઈની સાથે કુસ્તી કરી છે. હવે સેનાની સામે એક વખત કુસ્તી કરીશ એમ ભાઈએ કહ્યું. સ્વામી ! હું શું કરું. બહુ વિનય તંત્રથી મેં તેમને બોલાવવાની ચેષ્ટા કરી.

અનેક મંત્રી મિત્રોએ પણ તેમને પ્રેરણા કરી. અનેક સ્વામીઓએ પણ કહ્યું પરંતુ તેના મનમાં એ વાત ગમી નહિ. વિશેષ શું ? આપને જોઈને જે રીતે ભક્તિ કરવી જોઈએ તેવી રીતે તેમની મેં ભક્તિ કરી. ભેદબુધ્ધિ રહિત વચનો જ કહ્યા. મંત્રી મિત્રો મારા વચનોથી પ્રસન્ન થયા. તેમને પસંદ ન પડયા. હું જ્યારે પાછો આવતો હતો ત્યારે નગરવાસી અંદરોઅંદર વાતચીત કરતા હતા કે 'ભરતજીની સાથે તેઓએ વિરસ વિચાર કર્યો છે તેથી દુનિયામાં કોઈને તે ગમશે નહીં.'

ભરતજીને ઉપર્યુક્ત સર્વ સમાચાર સાંભળીને દુઃખને સંતાપ થયો. તેઓ વિચાર કરવા લાગ્યા કે જુઓ તેનું અભિમાન ! મારી સાથે યુદ્ધ કરવાની તૈયારી કરી. પોતાના નાશની તેને પરવા નથી. બહિરાત્માઓને પોતાના પુષ્પબાણથી કષ્ટ પહોંચે છે પરંતુ મારા જેવા સહજાત્મરસિકોને તે શું કરી શકશે ? તેના બાણ બીજાને ભલે બાધા પહોંચાડે પરંતુ આત્મતત્પરોને તે કાંઈ પણ નહિ કરી શકે. આત્મતત્ત્વ પુરુષો જો તે બાણોને રહેવા માટે કહે તો રહે છે, નહિ તો જાય છે. એ વાત બાહુબલિ નથી જાણતા.

જો તેણે પુષ્પબાણનો પ્રયોગ કર્યો તો હંસનાથ (પરમાત્મા)નું સ્મરણ કરીને તે પુષ્પબાણનો નાશ કરીશ. જો હિંસાની પણ પરવા ન કરતા ખડ્ગ લઈને આવશે તો તેને છીનવીને તેને ધક્કો દઈને રવાના કરીશ. જરાક ધમકાવીને કહીશ કે બાહુબલિ જાઓ. નહિ જાઓ તો હાથથી ધકકો મારીને મોકલીશ. છતાં નહિ માને તો તેના હાથ પગ બાંધીને પાલખીમાં બેસાડીને છોટી મા પાસે રવાના કરીશ. જો મને ક્રોધ આવ્યો તો તેને દડાની માફક પકડીને સમુદ્રમાં ફેંકી શકું છું. આટલી શક્તિ મારામાં છે, પરંતુ નાના ભાઈની સામે શક્તિ અજમાવવી એ શું ધર્મ છે ? દુનિયા તેને સારી નજરેથી જોશે ? કદી નહિ. તેથી એમ કરવું ઉચિત નથી.

બીજો કોઈ આવીને અમારી સાથે આ રીતે ઊભો રહે તો કેવલ ઈશારાથી તેમના દાંત પડાવી નાખત પરંતુ મારા સહોદરના હૃદયને શું હું દુભવી શકું ? જો એવું કરું તો લોકો મારા માટે શું કહેશે. લોક તો એમ જ કહેશે કે 'ગમે તેટલી વાત હોવા છતાં પણ ભરત મોટા ભાઈ છે. બાહુબલિ નાના ભાઈ છે,' તેથી વિચાર કરવો જોઈએ કે તેને હવે કેવા ઉપાયથી જીતવો જોઈએ.

ફરી દક્ષિણાંકની તરફ જોઈને ભરતજીએ કહ્યું કે જવા દ્યો. તેને કોઈ રીતે જીતીશું. તમે રાત્રે ભોજન વગેરેથી પરવારીને આવશોને ? તમને બહુ કષ્ટ થયું, બેસો, દક્ષિણાંક બેસી ગયા. ત્યારપછી દક્ષિણાંકને ગુલાબજલ અને તાંબૂલ અપાવીને કહ્યું કે દક્ષિણ ! નકામો ખેદ ન કરો. હું જાણું છું કે તમારાથી કાર્ય બગડે નહિ. મારા સોગન છે. તમે મનમાં ખેદ ન કરો.

ઉત્તરમાં દક્ષિણાંકે કહ્યું કે 'મને કાંઈ દુઃખ નથી. આપના ચરણનાંદર્શન કરતાં જ તે દુઃખ દૂર થયું છે. પહેલાં મનમાં જરૂર કાંઈ ખેદ થયો હતો, પરંતુ હવે જરાય ખેદ નથી.' એવામાં સુવીર આદિ મિત્રોએ, મંત્રી આદિ પ્રધાનોએ અને માગધામર આદિ મંત્રીઓએ કહ્યું કે 'સ્વામી ! સૂર્યની પાસે બરફ, તમારી પાસે દુઃખ ક્યારે ય લાંબો વખત ટકી શકે છે ? ક્યારે ય નહિ.' ભરતજી કહેવા લાગ્યા કે અંદર મારી સ્ત્રીઓ, બહાર મારા પુત્રો અને આપ મિત્રોને જો કાંઈ દુઃખ થાય તો એમાં મારું સારું ભાગ્ય કહેવાય ? તેથી તમે તદ્દન નિશ્ચિંત રહો. હું દરેક જાતના ઉપાયથી આ કાર્યમાં વિજય

મેળવીશ. તે મારા ભાઈ છે, શત્રુ નથી. અજ્ઞાનથી અભિમાન કરી રહ્યો છે. આપ લોકોની સમક્ષ કોઈપણ ઉપાયથી તેને જીતી લઈશ. આપ લોક જોતા રહો.

બુદ્ધિસાગર મંત્રીએ નિવેદન કર્યું કે, 'સ્વામી ! હું એકવાર જઈ જોઉં ? ત્યારે ભરતજીએ કહ્યું કે તેને લોકોની કિંમત નથી તેથી નકામું જવાથી શું લાભ ? શું દક્ષિણાંક અવિવેકી છે ? તે તો જરા જુઓ, તમે હવે તેની પાસે જવાનો વિચાર છોડી દ્યો. તમારામાં અને મારામાં શો અંતર છે ! તે અહંકારીને સમજાવવો મુશ્કેલ છે તેથી હવે જે થશે, તે હું જોઈ લઈશ.'

મંત્રી મિત્રોએ વિચાર કર્યો કે બાહુબલિના મંત્રી મિત્ર વગેરે બધા ભરતજીની તરફેણમાં છે. તેથી એક આદમીને મોકલીને જોઈએ કે શું બાહુબલિના વિચારમાં કાંઈ પરિવર્તન થાય છે કે નહિ.

ત્યાર પછી ભરતજીએ દક્ષિણાંકને બોલાવીને તેને અનેક ઉત્તમોત્તન રત્ન અને વસ્ત્રાભૂષણોની ભેટ આપવા લાગ્યા. પરંતુ દક્ષિણે કહ્યું કે સ્વામી ! મેં મોટી સેવા કરી. વાહ ! મને જરૂર ભેટ મળવી જોઈએ, જવા દ્યો ! હું નહિ લઉં.

ભરતજીએ કહ્યું કે તે ન આવ્યા તો એમાં તમારો શો દોષ છે ? ભલે, મહેનત કરવામાં કાંઈ ખામી રાખી છે ? તેથી તમારા વિવેકનો આદર કરવો તે મારું કર્તવ્ય છે, આવો ! આજનો દિવસ આપણે આનંદથી વ્યતીત કરીએ. દક્ષિણાંકે સ્વીકાર ન કર્યો. ત્યાર પછી ભરતજીએ ત્યાં ઉપસ્થિત બીજા મંત્રી મિત્રોને બોલાવીને ભેટ આપી. ત્યાર પછી દક્ષિણાંકને બોલાવીને કહ્યું કે હવે તો લ્યો. ત્યારે નિરુપાય બનીને દક્ષિણાંકે ભેટ લઈ લીધી. ભરતજીએ તેની પીઠ ઠોકીને કહ્યું કે તમારાથી મને કોઈ અપ્રસન્નતા નથી થઈ, તમે દુઃખી ન થાઓ. ત્યારે દક્ષિણાંકે કહ્યું કે સ્વામી ! મને સ્વપ્નમાં પણ દુઃખ નથી. આપના ચરણોનું શરણ પામીને કોઈને દુઃખ હોઈ શકે !

ચક્રવર્તી બધાને વિદાય આપીને પોતે મહેલ તરફ ચાલ્યા ગયા. આ તરફ મંત્રી ને મિત્રોએ વિચાર કર્યો કે બધા રાજા અને મંત્રી, સેનાપતિ વગેરે બાહુબલિ પાસે જઈને ભેટ વગેરે સમર્પણ કરીને તેને અહીં લઈ આવીએ. તે વિચારથી તેઓએ બાહુબલિની પાસે એક દૂત મોકલ્યો, તે દૂત જ્યારે પૌદનાપુરના દરવાજા આગળ પહોંચ્યો ત્યારે દરવાણીએ તેને રોક્યો. ભરતના કોઈ પણ મનુષ્યને અંદર જવાની આજ્ઞા નથી. તે દૂત ત્યાંથી પાછો આવ્યો. જ્યારે તે સમાચાર મળ્યા ત્યારે મંત્રી વગેરેને ઘણી નિરાશા ઊપજી. સમ્રાટને જ્યારે આની ખબર પડી ત્યારે તે હસ્યા. ખરેખર બાહુબલિને મદ ચડી ગયો છે, આવા સમાચારથી અપ્રસન્નતા વ્યક્ત કરતા થકા સૂર્ય પણ અસ્તાચલ પર ચાલ્યો ગયો. સર્વત્ર અંધકાર છવાઈ ગયો, શય્યાગૃહમાં સુખનિદ્રા લીધા પછી રાત્રિના ત્રીજા પ્રહારમાં ભરતજી ઊઠીને પરમાત્મયોગમાં લીન થયા. એવામાં એક સરસ ઘટના બની.

સર્વત્ર નિસ્તબ્ધતા છવાઈ ગઈ હતી, વૃક્ષનું એક પાંદડું પણ હલતું નહોતું. તરંગ રહિત સમુદ્રની સમાન સેનાની હાલત થઈ રહી હતી. બધાય નિંદ્રાદેવીની ગોદમાં વિશ્રાંતિ લઈ રહ્યા હતા, ત્યારે સેનાના કોઈ ખૂણામાં બે વ્યક્તિ અંદરોઅંદર વાતચીત કરી રહી હતી. તે બંને સાળા બનેવી હતા. તેમને કોઈ કારણથી નિંદ્રા આવી નહોતી તેથી તેઓએ ઊઠીને અંદરોઅંદર રાત્રિ ગાળવા માટે વાતચીત કરવાનો પ્રારંભ કર્યો, તેમાં નીચે પ્રમાણે વાતચીત થઈ.

પહેલો વિદ્યાધર- એકએક બિંદુ મળીને મોટું સરોવર બને છે, એકએક દોરો મળીને મોટી રસ્સી બને છે. એ રીતે ચક્રવર્તીનો પણ મહિમા વધ્યો. જો સેના ન હોત તો એ પણ એક સામાન્ય મનુષ્ય છે.

બીજો વિદ્યાધર- તદ્દન સાચી વાત છે, હાથી ઘોડા આદિ સેનાઓના સંગ્રહથી દુનિયાને ડરાવ્યા. વસ્તુતઃ શક્તિ જોતાં એમાં શું છે ? અમારી જેવા જ એક મનુષ્ય છે.

આ રીતે સેનાના છેવટના ઉત્તર ખૂણા ઉપર ઉપર્યુક્ત પ્રકારે બે વિદ્યાધરો વાતચીત કરતા હતા. તે વાતચીત ભરતજીએ સાંભળી લીધી, ભરતજીના કાન બહુ તેજ હતા. સૂર્ય વિમાનમાં સ્થિત જિનબિંબના દર્શન જે પોતાના મહેલના રવેશમાં ઊભા રહીને કરે છે અર્થાત જેમની ચક્ષુ ઇન્દ્રિયની આટલી દૂરગતિ છે તો તેમના કર્ણઈન્દ્રિયના સંબંધમાં શું કહેવું. ભરતજીએ તેની વાતચીત સાંભળીને મનમાં વિચાર કર્યો કે પ્રાતઃકાલ થયા પછી તેનો ઉત્તર બીજા રૂપે આપવો.

નિત્યવિધિથી પરવારીને ભરતજી દરબારમાં આવીને બિરાજમાન થયા. દરબારમાં તે વખતે મંત્રી, મિત્ર, રાજા ને પ્રજાવર્ગ વગેરે બધા યથાસ્થાને બેઠા હતા. ભરતજીનું મુખ આજે ઉદાસ દેખાતું હતું. બુદ્ધિસાગર મંત્રીએ વિચાર કર્યો કે કદાચ ભરતજી બાહુબલિના વર્તાવથી ચિંતાતુર હશે. નિવેદન કર્યું કે સ્વામી ! આપે અમને કહ્યું હતું કે આ સંબંધમાં ચિંતા ન કરો પરંતુ આપ ચિંતા કેમ કરી રહ્યા છો ?

ત્યારે ઉત્તરમાં ભરતજીએ કહ્યું કે હું બાહુબલિના સંબંધમાં વિચાર નથી કરી રહ્યો. આજે અચાનક આંગળીની નસ અકકડ બનીને આ હાથની આંગળી સીધી થતી નથી. એમ કહેતા-કહેતા પોતાના હાથની ટચલી આંગળીને વાંકી કરીને મંત્રીને બતાવી, લોકમાં બધાના શરીરમાં, વ્યવહારમાં વાંકાપણું હોય છે, પરંતુ ભરતના કોઈપણ વ્યવહારમાં તેમજ શરીરમાં વાંકાપણું નથી. તો આજ આ આંગળી વાંકી કેમ થઈ. બધાને આશ્ચર્ય થયું. મંત્રી, મિત્ર વગેરે ચિંતામાં પડયા. તેઓએ આવીને હાથ લગાડયો ત્યારે ભરતજીએ ખૂબ વેદના થઈ હોય એ રીતે ચેષ્ટા કરી. પુત્રોએ હાથ લગાવ્યો ત્યારે ખૂબ દર્દભર્યો અવાજ કરવા લાગ્યા.

મંત્રીએ રાજવૈદ્યોને તે વખતે બોલાવ્યા, સેંકડો રાજવૈદ ભેગા થયા. તેઓએ અનેક જડીબુટ્ટીનાં ઔષધથી તેને સીધી કરવા કહ્યું. અનેક મંત્રવાદી આવ્યા, મોટા મોટા યંત્રવાદી આવ્યા, ખેલાડીઓ આવ્યા નિમિત્ત શાસ્ત્રી આવ્યા અને ખાસ સમ્રાટના અંગવૈદ આવ્યા. બધાએ પોતાના વિદ્યાના બળથી આંગળીને સીધી કરવાની વાત કહી. લોકમાં જોવામાં આવે છે કે ગરીબને જબરા ભારે રોગ આવવાથી અરેરાટી કરવા છતાં પણ તેની પાસે કોઈ નથી આવતું, પરંતુ શ્રીમંતોને જરાક નાનું સૂનું દરદ આવવા છતાં વગર બોલવે ત્યાં લોકો એકઠા થાય છે. એ સ્વાભાવિક છે.

મંત્રીએ પૂછયું કે સ્વામી ! આમાંથી આપ કેવા પ્રયોગને પસંદ કરો છો ? ઉત્તરમાં ભરતજીએ કહ્યું કે ઔષધ વગેરેની આવશ્યકતા નથી ઉપાયથી જ તેને સીધી કરો.

બોલાવો, ખેલાડીઓને બોલાવો, ભરતજીએ કહ્યું તે જ ક્ષણે ખેલાડીઓ આવીને સામે હાજર

થયા. તેમને કહ્યું કે તમે આ આંગળીને પકડીને ખેંચીને સીધી કરો. કેટલાક ખેલાડીઓએ મળીને ખેંચી તો પણ સીધી ન થઈ. ભરતજીએ કહ્યું કે ડરો નહિ, જોરથી ખેંચો. તે ખેલાડીઓ જોરથી આંગળીને ખેંચવા લાગ્યા તોપણ તેઓ તેને સીધી ન કરી શક્યા. ભરતજીએ જરાક આંગળીને ઊંચે લીધી તો તેઓ બધા ય ચામાચીડિયાની સમાન આંગળીમાં લટકી રહ્યા.

સમ્રાટે કહ્યું કે બીજો એક ઉપાય છે. એક સાંકળ નાંખીને ખેંચો, તેમ તેઓએ કર્યું તેથી પણ કાંઈ કામ સર્યું નહિ. ભરતજીએ વિશ્વકર્માની તરફ જોઈને કહ્યું કે એક સાંકળ એવી ઘડો કે જે આખી સેનામાં પહોંચે. તેમાં વાર શું લાગે ? તે વખતે વિશ્વકર્માએ તેને ઘડી. આજ્ઞા થઈ કે સેનાના સમસ્ત યોદ્ધા સૌ સાંકળને પકડીને બધી શક્તિ અજમાવીને ખેંચે. કાંઈ વળ્યું નહિ. ફરી કહેવામાં આવ્યું કે હાથી ઘોડા વગેરે બધા જોડીને આ સાંકળને ખેંચો. સમ્રાટના પુત્રો અને મિત્રોએ પણ તેને હાથ લગાડવા મંડયા પરંતુ ભરતજીએ ઈશારાથી તેમને રોક્યા. ભરતજીના હાથનાં સ્પર્શ થતા જ તે લોઢાની સાંકળ સોનાની બની ગઈ. આખી સેનાના માણસો પોતાની તમામ શક્તિ લગાવીને તે સાંકળને ખેંચવા લાગ્યા. પરંતુ ભરતજી પોતાના સ્થાનથી જરા પણ ન ખસ્યા. ટચલી આંગળી પણ સીધી ન થઈ. જ્યારે બળ કરીને તેઓ ખેંચતા હતા ત્યારે પોતાના હાથને જરા ઢીલો કરી દીધો તો તેઓ બધા ચત્તાપાટ પડી ગયા. ભરતજી ગંભીરતાથી બેઠા હતા. મંત્રીને કહ્યું કે તેઓ કેમ પડી ગયા ? બધાને ઊભા થવાનું કહો ત્યારે તેઓ ઊભા થયા.

ભરતજીએ કહ્યું કે બીજો એક ઉપાય કરો, બધી સેનાની શક્તિ અજમાવતા પણ આંગળી સીધી ન થઈ. તમો બધા જોરથી ખેંચી રાખો. હું આ તરફ ખેચું છું ત્યારે શું થાય છે તે જુઓ. ભરતજીએ પોતાના તરફ આંચકો નાંખીને ખેંચ્યું તો બધા મોંભરીયા પડયા એવું લાગતું હતું કે કદાચ તેઓ સમ્રાટને સાષ્ટાંગ નમસ્કાર કરતા હોય. અડતાલીશ ગાઉમાં તમામ સેનાની શક્તિ લગાડી તોપણ ટચલી આંગળી સીધી ન થઈ. જ્યારે નાની આંગળીમાં આટલી શક્તિ છે તો પછી અંગૂઠામાં કેટલી શક્તિ હશે, મુઠ્ઠીમાં કેટલી હશે અને આખા શરીરમાં કેટલી હશે. સમ્રાટની શક્તિ અવર્ણનીય છે.

ભરતજી જરાક હસ્યા, મંત્રી, મિત્રો સમજી ગયા કે ખરેખર સમ્રાટની આંગળીમાં કોઈ રોગ થયો નથી, આ તો બનાવટી રોગ છે. તે વખતે તેઓએ કહ્યું કે સ્વામી ! બીજાઓથી આ રોગ દૂર નહિ થાય. આપ જ હવે કરો. ત્યારે આંગળી સાંકળમાંથી કાઢી નાંખીને 'गुरु हंसनाथाय स्वाहा' કહેતા થકા આંગળીને સીધી કરી નાંખી. બધા લોકોએ ભરતજીને નમસ્કાર કર્યા. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. સાડાત્રણ કરોડ વાજાં એકદમ વાગવા લાગ્યાં. સર્વત્ર હર્ષ ને હર્ષ મચી ઊઠયો.

મંત્રીએ નિવેદન કર્યું કે સ્વામી ! આપે આમ કેમ કર્યું. ત્યારે ઉત્તરમાં ભરતજીએ કહ્યું કે રાત્રિના ત્રીજા પ્રહરમાં ઉત્તર દિશાની તરફ બે વિદ્યાધરોએ આપસમાં વાતચીત કરી હતી. એના ફળમાં મારે બતાવવું પડયું કે મારી ટચલી આંગળીમાં કેટલી શક્તિ છે. ત્યારે બે વિદ્યાધરોએ આવીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. કહેવા લાગ્યા કે સ્વામી ! અમે અજ્ઞાનવશ બોલી ગયા, અમને ક્ષમા કરો. બધા લોકોને આશ્ચર્ય થયું. તે બન્ને વિદ્યાધરો પ્રત્યે તિરસ્કાર ઊપજ્યો. મંત્રીએ કહ્યું કે જ્યારે પુત્રોને સાંકળ ખેંચતા રોક્યા ત્યારે હું સમજી ગયો કે આ બનાવટી રોગ છે. વ્યંતરોએ કહ્યું કે અમે

ભૂલી ગયા, નહિતર અવધિજ્ઞાન મૂકીને જોત તો પહેલેથી જ ખબર પડી જાત. એ રીતે ત્યાં અનેક પ્રકારની વાતચીત થવા લાગી.

ભરતજીએ કહ્યું કે મંત્રી ! માત્ર બે વ્યક્તિઓનાં અંદરો અંદર બોલવાથી આ આખી પ્રજાને દુઃખ થયું. હવે જરાક ગડબડ બંધ કરો, બધાને આ સુવર્ણની સાંકળના ટુકડા કરીને વહેંચી દ્યો. મંત્રીએ એ રીતે કર્યું. રોતા બચ્ચાંને જેવી રીતે શેરડીના ટુકડા કરીને વહેંચી દેવામાં આવે છે તેવી રીતે થાકેલી સેનાને સોનાની સાંકળના ટુકડા કરીને વહેંચી દેવામાં આવ્યા. બધા લોકો પ્રસન્ન થયા બધા લોકો ગાંસડી બાંધી બાંધીને સોનાને લઈ ગયા. બધાને યથોચિત સત્કારપૂર્વક રવાના કરીને પોતે સમ્રાટ મહેલની તરફ ચાલ્યા ગયા.

મહેલમાં રાણીઓ આનંદ સાગરમાં મગ્ન હતી. તેમના હર્ષનું અમે વર્ણન નહિ કરી શકીએ. આનંદ બતાવવા માટે હાથમાં આરતી લઈને ભરતજીનું સ્વાગત કરવા લાગી અને અનેક ભેટને ચરણોમાં રાખીને નમસ્કાર કર્યા. પટરાણીએ નમસ્કાર કરતાં કહ્યું કે સ્વામી ! ખોટી બીમારીથી અમારી તમામ સેનાને આપે હેરાન કરી, ધન્ય છે !

પોતાની સ્ત્રીઓને સાથે લઈને ભરતજી પોતાના માતુશ્રીની પાસે આવ્યા અને તેના ચરણોમાં મસ્તક નમાવ્યું. માતાએ આશીર્વાદ દેતા થકા કહ્યું કે 'મારા પુત્રને માયાનો રોગ ઉત્પન્ન થયો. પુત્ર તમને ક્યારે પણ રોગ ન થાય એટલું જ નહિ, તમને જે યાદ કરે તેમને પણ કદી રોગ ન આવે. આ રીતે આશીર્વાદ દઈને માતાએ મોતીનું તિલક કર્યું.' ભરતજીએ પણ ભક્તિથી નમસ્કાર કરીને 'તથાસ્તુ' કહ્યું. ત્યાર પછી બધા આનંદથી ભોજન કરવા ગયા.

વાંચકોને આશ્ચર્ય થશે કે ભરતજીની ટચલી આંગળીમાં આટલી શક્તિ ક્યાંથી આવી. અસંખ્ય સેના પણ તેમની એક આંગળીની બરાબર નથી, ત્યારે તેના શરીરમાં કેટલું સામર્થ્ય હશે ? એનું શું કારણ છે ? આ બધું તેમના પૂર્વ ઉપાર્જિત પુણ્યનુંજ ફળ છે. તેઓ પરમાત્માનું સદા સ્મરણ કરે છે કે જે અનંત શક્તિથી સંયુક્ત છે. તો તેમને આ પ્રકારની શક્તિ પ્રાપ્ત થાય એમાં આશ્ચર્યની વાત શી છે. તેઓ સદા ચિંતવે છે કેઃ-

''હે પરમાત્મા ! ત્રણલોકને આમતેમ હલાવવાનું સામર્થ્ય તમારામાં મૌજૂદ છે. તે વાસ્તવિક અને અનંત સામર્થ્ય છે. તમે અજરામર રૂપ છો. આનંદધ્વજ છો તેથી મારા હૃદયમાં સદાય વર્ત્યા રહો.''

''હે સિદ્ધાત્મા ! તમો બુદ્ધિશાળીના નાથ છો. વિવેકીઓના સ્વામી છો, પ્રૌઢોના પ્રાણવલ્લભ છો, વાક્પુષ્પબાણ છો તેથી મોતીના સમાન સુંદર અને શુભ્રવચનોનું પ્રદાન કરો અને મને સન્મતિ આપો.''

આ ભાવનાનું ફળ છે કે ભરતજીને લોકાતિશાયી સામર્થ્યની પ્રાપ્તિ થઈ છે.

## ૩૦. મદનસન્નાહ સંધિ

**સે**નાના સમાચાર સાંભળી બાહુબલિના મનમાં કાંઈક વિચાર તો આવ્યો છતાં પણ ગર્વના કારણે યુદ્ધની જ તૈયારી કરવા લાગ્યા, ભરતજીની ટચલી આંગળીની શક્તિ સાંભળીને જ બાહુબલિએ સમજી જવું જોઈતું હતું અને મોટા ભાઈ પાસે આવી નમસ્કાર કરવા જોઈતા હતા, પરંતુ વિધિ વિચિત્ર છે. કર્મ કેમ છોડે ? આગળ આ નિમિત્તથી દીક્ષા ગ્રહણ કરવાનું ભાવી છે તે કેમ ફરે ! ભરતના ષટ્‌ખંડ વિજયી થઈને પાછા આવતાં અંદરો અંદર બાહુબલિ અને ભરતનું યુદ્ધ થવાનું છે. બાહુબલિને વૈરાગ્ય ઉત્પન્ન થવાનો છે. વૈભવયુક્ત ભોગ છોડીને જંગલમાં જવાના છે. આવા વિધિ વિલાસને કોણ ઓળંગી શકે ? આ કર્મતંત્ર છે. બાહુબલિએ ગુણવસંત નામના સેનાપતિને બોલાવ્યો અને કહ્યું કે 'જાઓ, બધી તૈયારી કરો. સેના, પરિવાર વગેરેને સિદ્ધતા કરીને યુદ્ધસનદ્ધ કરો. ચક્રવર્તીએ પોતાના નગરની પાસે પડાવ રાખી મૂકયો છે એ આપણા માટે અપમાનની વાત છે. એ આપણે કેવી રીતે સહન કરી શકીએ ? હું હમણાં જ મહેલમાં જઈને આવું છું, તમે તૈયાર રહો.'

સુનંદા દેવીને ખબર પડતાં જ તેણે પુત્રને બોલાવ્યો, બાહુબલિએ પણ સંતોષ અને વિનયપૂર્વક માતુશ્રીના ચરણોમાં નમસ્કાર કર્યા. સુનંદાદેવી આશીર્વાદ દેતા થકા કહેવા લાગ્યા કે 'ભુજબલિ ! મોટાભાઈ ભરતજી સાથે યુદ્ધની તૈયારી કરી રહ્યા છો એમ ખબર પડી છે. એ વાતને કોણ સજ્જન પુરુષ પસંદ કરશે ? તમારા આ દુર્માર્ગને માટે ધિક્કાર હો. ભરત જેવા મોટાભાઈને મળવાનું ભાગ્ય લોકમા કોને મળી શકે ? સંતોષ અને પ્રેમપૂર્વક તમે તેની સાથે રહેવાનું નથી જાણતા, જાઓ, અભાગી છો. નાનાભાઈનું કર્તવ્ય છે કે જેઓ મોટાભાઈની સાથે વિરોધ કરે છે તેમને પકડીને લાવે અને મોટાભાઈને આધીન કરી દે. પરંતુ તમે તો તેની સાથે જ વિરોધ કરો છો. શું આ શાણપણ છે ? નાનાભાઈ મોટાભાઈને નમસ્કાર કરે એ લોકની રીત છે. તે ચક્રવર્તી છે, તમે કામદેવ છો, જો તમે તેનું ઉલ્લંઘન કર્યા સિવાય ચાલશો તો શુક્ર બૃહસ્પતિ પણ તમારી પ્રશંસા કરશે. તમે વિરોધ કરશો તો તમારી નિંદા કરશે, વિશેષ શું ? તમારા આવા વ્યવહારથી અમે અને અમારા બધા બાંધવોને અત્યંત દુઃખ થશે, 'કુમારે જુવાન થઈને કુટુંબના હૃદયને દુભાવ્યું' એવો અવિવેક તમારે માટે યોગ્ય છે ? ભાઈની સાથે યુદ્ધ કરવા શું મેં તમારું ઘી, દૂધથી પાલન પોષણ કર્યું હતું ? તેથી અમારા હૃદયને સંતોષવું તે તમારું કર્તવ્ય છે. તમે એકલા નહિ, તમારા સહોદર બધાય ભરતને નમસ્કાર કર્યા વગર ભાગી ગયા. અમારા પુત્રે આ બધાનું શું ખરાબ કર્યું હતું ? શું મોટાભાઈને નમસ્કાર કરવાનું કાર્ય હીણું છે ? મોટાભાઈ પિતૃતુલ્ય છે એમ સમજીને તેમની ભક્તિ સત્પુરુષ કરે છે. પરંતુ ધૂર્તલોક તેની સાથે વિવાદ કરે છે. પરંતુ બધાય દીક્ષા લઈને ચાલ્યા ગયા, તમે કાંઈ નહિ તો આટલી મારી ઈચ્છા પૂર્ણ કરો. આ રીતે ભાઈની સાથે વિરોધ ન કરો. એ પ્રમાણે બહુ પ્રેમથી સુનંદાદેવીએ કહ્યું.

બાહુબલિએ વિચાર્યું કે યુદ્ધનું નામ લેવાથી માતાને દુઃખ થશે. તેથી માતાને કોઈ રીતે સંતોષ થાય એવું કરવું જોઈએ. એવા વિચારથી કહેવા લાગ્યા કે 'માતા ! નહિ, યુદ્ધ નહિ કરું. પહેલાં એવો વિચાર કર્યો હતો પરંતુ જ્યારે બધા લોકો ના પાડી રહ્યા છે ત્યારે વિચાર છોડી દેવો પડયો. બીજાઓએ જે કામ માટે નિષેધ કર્યો છે તેને હું કેમ કરું ? આપ ચિંતા ન કરો, હું મોટાભાઈને નમસ્કાર કરી

આવીશ.' આ રીતે મુખથી માતાને પ્રસન્ન કરવા માટે કહેવા છતાં પણ મનમાં ક્રોધ પ્રજવલિત થઈ રહ્યો હતો. કામદેવને માટે માયાચાર કહેવો સ્વાભાવિક છે. સુનંદાદેવીને સંતોષ થયો. તેને આશીર્વાદ દઈને કહ્યું કે બેટા ! જાઓ, એમ જ કરો તે ભોળી તેના અંતરંગને ક્યાંથી જાણે ?

ત્યાંથી નીકળીને તે બાહુબલિ પોતાના શૃંગારગૃહમાં ચાલ્યા ગયા. ત્યાં સૌથી પહેલાં પોતાના શરીરને સારી રીતે શણગાર્યું. તે કામદેવ સ્વભાવથી જ સુંદર હતા. વિશેષમાં ઉપરનો શૃંગાર સજીને બધાના મન અને નેત્ર હરી રહ્યા હતા એવામાં તેમની સ્ત્રીઓ ત્યાં આવી. અનેક સ્ત્રીઓની સાથે પટ્ટરાણી ઈચ્છા મહાદેવીએ નમસ્કાર કર્યા. અને પ્રાર્થના કરી કે 'સ્વામી ! આજે આપે વીરાંગ શૃંગાર ધર્યો છે કેના પર આટલો ક્રોધ ? શું સ્ત્રીઓ ઉપર કે નોકરો ઉપર. સ્વામી ! લોકમાં જેટલી સ્ત્રીઓ છે તે બધી મારા પક્ષની છે અને પુરુષો બધા તમારા પક્ષના છે. તો આપ ક્રોધ કેના ઉપર કરશો ?' ઉત્તરમાં બાહુબલિએ કહ્યું કે 'દેવી ! તમારા પક્ષના ઉપર હું ચડાઈ નહિ કરું. જે ચક્રવર્તી મારો સામનો કરવા તૈયાર છે તેમની ઉપર હું ચઢાઈ કરીશ. તે ભરતને પરમાત્મયોગનું સામર્થ્ય છે તેથી તે પુષ્પબાણથી ડરતા નથી. તેની સેનાની સાથે લોહાયુદ્ધથી કામ લઈને તેને નસાડી મૂકીશ.' ઉત્તરમાં ઈચ્છા મહાદેવીએ કહ્યું કે 'દેવ ! આપે આ સારો વિચાર નથી કર્યો કેમકે આ લોકમાં કોઈ પસંદ નહિ કરે. મોટાભાઈની સાથે યુદ્ધ કરવું શું વ્યાજબી છે ? સ્વામી ! આ વિચાર છોડી દ્યો. મોટાભાઈની સામે પોતાનું સામર્થ્ય બતાવવું શું યોગ્ય છે ? આપનું બાણ વક્ર હોય તેથી શું થયું ? આપે વક્ર ન થવું જોઈએ. લોકોની સાથે યુદ્ધ કરવું કદાચિત્ યોગ્ય છે. પરંતુ મોટાભાઈની સાથે યુદ્ધ કરવું કદી સારું નથી, એ તો ચંદનમાં હાથ બાળવા સમાન છે.

'દેવ ! આપ વિચાર કરો, મારી મોટી બહેન ત્યાં ભરતજીની પાસે છે. હું અહીંયાં છું. આવી સ્થિતિમાં આપ આ રીતે વિચાર કરો છો તે શું યોગ્ય છે ? એક ઘરની કન્યાઓને લાવીને સાઢેસાઢુ પ્રેમથી રહે છે પરંતુ આજ આપના વ્યવહારથી મારી બહેનથી મને અળગી કરી રહ્યા છો. સ્વામી ! નમિરાજ વિનમિરાજની તરફ જરા જુઓ, તેઓ આપસમાં કેટલા પ્રેમથી રહે છે. તમો આ પ્રકારની રીત છોડીને અંદરોઅંદર જગડા કરશો તો તેઓ હસશે, તેઓ તો નાનામોટા ભાઈનાં પુત્રો છે. આપ બન્ને તો એક જ પિતાના પુત્રો છો. આવી સ્થિતિમાં શત્રુઓની સમાન તમે યુદ્ધ કરો તે શું સારુ લાગશે ? આવી સ્થિતિમાં નમિ, વિનમિ શું કહેશે ? સંપત્તિમાં તમો મોટા છો, તેઓ ગરીબ છે પરંતુ આપનો અને તેના માતા પિતાઓનો સંબંધ થયો છે તેથી સમાન છે. તેઓ અવશ્ય બોલશે જ. જીજાજીના (ભરતજીના) ઉત્તમ ગુણોને અમે સાંભળીએ છીએ તો આપને તેની સાથે વિરોધ કરવાનું કોઈ કારણ નથી. તેથી અમારી પ્રાર્થનાનો સ્વીકાર કરો.' આ રીતે ઈચ્છા મહાદેવીએ કહ્યું.

બાહુબલિએ ઉત્તરમાં કહ્યું કે 'દેવી ! તમારા ભાવાજી (ભરતજી)માં એવા ક્યા ગુણ છે ? તમારા ભાઈને તેણે નમિરાજ કહીને બોલાવ્યા એ વાતની બધા લોકો ચર્ચા કરે છે. તેથી તમે તેમને પણ ધી કહેવા લાગ્યા. ઉત્તરમાં પટ્ટરાણીએ કહ્યું કે 'સ્વામી! એવી વાત નથી, ભરતજી રાજાગ્રગણ્ય છે. તેઓ બીજાને 'રાજા' કહીને ન બોલાવે. મારા ભાઈને જ તેઓએ રાજાના નામથી બોલાવ્યા. આ પ્રકારનું ભાગ્ય કોણે પ્રાપ્ત કર્યું છે ? એટલું જ કેમ ? તેમના દરબારમાં પહોંચતા જ સિંહાસનથી

ઊઠીને મારા ભાઈનું સ્વાગત કર્યું, આલિંગન દીધું. અને ઉચ્ચ આસન આપ્યું. શું એ નાનુસૂનું ભાગ્ય છે ? વિશેષ શું ? અમારા ભાઈ તેમના મામાના પુત્ર કહેવાય છે. એજ અમારે માટે મોટા ભાગ્યની વાત છે. તેથી આપ બહુ પ્રેમથી તેમને મળો અને અમને સંતોષ આપો.'

એટલામાં ચિત્રાવતી રાણી કહેવા લાગી કે જી જી (મોટીબેન) તમે જાળવી જાઓ, હું પણ જરાક નિવેદન કરું છું. બાહુબલિ તરફ જોઈને કહેવા લાગી કે 'સ્વામી! આપ સુખી છો તેથી લોકમાં આપ બધાને સુખ ઉપજાવો છો. તેથી આપ સખીઓમાં શ્રેષ્ઠ છો આપ પોતાના ભાઈને પણ સુખ જ આપો જ્યારે આપ તેની સાથે યુદ્ધ માટે તૈયાર થશો ત્યારે છન્નુહજાર રાણીઓનું ચિત્ત નહિ દુભાય ? અમારું આઠહજાર સ્ત્રીઓનું હૃદય બળી નહિ ઊઠે ? એ વાતનો જરા આપ વિચાર કરો, આપની અને તેની વચ્ચે પ્રેમ રહેશે તો તે અમારી બહેનો ક્યારેક અહીં આવી શકશે, અમે ક્યારેક ત્યાં જઈ શકીશું. અમારામાં કોઈ ભેદ નથી. પરંતુ અમારા આવા પ્રેમમાં આપ આંતરો પાડો છો, જરાક આપ વિચારો. બીજાને ઘરે જવું યોગ્ય નથી પરંતુ આપના મોટા ભાઈના ઘરે જઈને અમારી બહેનોની સાથે પ્રેમથી ન રહીએ એ રીતે આપ અમને કેદમાં કેમ નાંખી રહ્યા છો ? મોટા ભાઈની સાથે આ રીતે વિરોધ કરવો યોગ્ય નથી. અમારી ઈચ્છા પુર્ણ કરો. આ રીતે ચિત્રાવતી હાથ જોડીને કહેવા લાગી.

એવામાં રતિદેવી નામની રાણી કહેવા લાગી કે ચિત્રાવતી ! જાળવો, મને આ વખતે ક્રોધ ઊપજ્યો છે. હું જરાક કહી જોઈશ.

તે રતિદેવી બુદ્ધિશાળી છે. ચંચલનેત્રવાળી છે, નિશ્ચયમતિવાળી છે, પતિભક્તા છે, ધીર છે, શૃંગાર છે, રતિકલામાં કુશલ છે, ઈચ્છા મહાદેવીની તે બહેન છે, અને બાહુબલિની તે અધિક પ્રીતિપાત્રા છે તેથી તે જરા ય પરવા રાખ્યા સિવાય બોલવા લાગી.

કહેવા લાગી, ''ઠીક છે તદ્દન ઠીક છે, પોતાના સામર્થ્યનો પ્રયોગ પોતાના જ લોકો ઉપર દેખાડો, બીજે ક્યાં તેને દેખાડાય, કામબાણને ધારણ કરવાનું અભિમાન પોતાના ભાઈના જ સાથે દેખાડો. શાબાશ નાથ, શાબાશ ! ભાવાજી (ભરતજી)ની સ્ત્રીઓને અને અમને બધાને દુઃખ ઉપજાવનારા તમને લોક ભ્રાંતિથી કામ કહે છે. ખરેખર તમને 'યમ' કહેવા જોઈએ. આપનો આ વર્તાવ કોઈને પણ ગમતો નથી. પરંતુ આપ ઈક્ષુચાપ (કામદેવ) કહેવાઓ છો. શું તે ઈક્ષુચાપ છે કે બાંબુનું બાણ છે ? આપ મૃદુહૃદયથી પોતાના ભાઈની પાસે નથી જવા ઈચ્છતા પણ પથ્થરનું હૃદય બનાવીને જઈ રહ્યા છો. આવી સ્થિતિમાં તમને પુષ્પબાણ કેમ કહેવાય ? તે પુષ્પબાણ નથી પણ લોહબાણ છે. જરા વિચાર તો કરો, શું આપના વ્યવહારથી ત્યાં સુભદ્રાદેવીને દુઃખ નહિ થાય ? અહીં અમોને સંતાપ નહિ થાય ? જાણવા છતાં પણ બધાને દુઃખ ઉપજાવનારા આપ પાગલ છો, જાઓ જાઓ, ન કરવા યોગ્ય કાર્ય કરવા આપ તૈયાર થયા છો. ન બોલવા યોગ્ય વાત હું બોલી રહી છું આ અંતિમ વખત છે, તમે નાશ પામો છો, જાઓ. હું તરણું લઈને પ્રતિજ્ઞા કરીને બોલું છું. જાઓ નાથ ! જાઓ. છેવટનો વખત આવી પહોંચ્યો છે.''

આ રીતે ઘણી બેપરવાઈથી રતિદેવી બોલતી હતી, પરંતુ પટ્ટરાણીને એ વાત પસંદ ન આવી.

કહેવા લાગી કે 'હે ધૂર્તા ! ચૂપ રહે ? પતિદેવના હૃદયને આ રીતે દુભાવવું યોગ્ય નથી.' ઉત્તરમાં રતિદેવી કહેવા લાગી કે 'જ્યારે તેઓએ માર્ગ મૂક્યો ત્યારે અમે ફાવે તેમ બોલીશું.'

આ રીતે બીજી સ્ત્રીઓએ પણ અનેક રીતે પતિને સમજાવવાનો પ્રયત્ન કર્યો. બાહુબલિ વગર બોલે સાંભળી રહ્યા હતા. મનમાં વિચાર કરી રહ્યા હતા કે ચક્રવર્તીનું પુણ્ય તેજ છે તેથી મારી સ્ત્રીઓ પણ તેની સ્તુતિ કરી રહી છે, કાંઈ વાંધો નહિ. તેમને પણ વાતોમાં ફસાવીને જવું જોઈએ, પ્રગટ રૂપે બોલ્યા કે 'દેવીઓ ! તમે બોલ્યા તે સારું થયું. તમારી ઈચ્છાને પૂર્ણ કરીશ. તમોને કદીપણ દુઃખ નહિ ઉપજાવું. પહેલાં મારા હૃદયમાં ક્રોધ જરૂર હતો પરંતુ તમારી વાત સાંભળીને હવે ક્રોધ ન રહ્યો. હવે તે શાંત પડયો છે. હું બહુ નમ્રતાથી ભાઈને નમસ્કાર કરી આવીશ, રતિ ! તમે બહુ સારું બોલ્યા, મારા હિતને માટે કઠોર વચન કહ્યા, ઘણું સારું થયું.' ઉત્તરમાં રતિદેવી કહેવા લાગી કે 'ખરેખર આપ બુદ્ધિશાળી છો, નહિતર આવી વાતોને પોતાના હિત રૂપે સમજનારા કોણ છે ?' આ રીતે બધી સ્ત્રીઓને બાહુબલિની વાત સાંભળીને હર્ષ થયો. બધાએ હર્ષાતિરેકથી અક્ષત ચડાવ્યા.

બાહુબલિ ત્યાંથી નીકળીને પોતાના મહેલ તરફ આવ્યા. દરવાજા ઉપર સેવક, પરિવાર વગેરે તૈયાર ઊભા હતા. બધાએ જય જયકાર કર્યો. માકંદ નામના સુંદર હાથીનો શૃંગાર પહેલાથી જ કરી રાખ્યો હતો, બાહુબલિ તેના ઉપર ચઢી ગયા. તેના ઉપર શ્વેતછત્ર શોભતું હતું. અનેક પ્રકારના બેંડવાજા સાથે બાહુબલિ આગળ વધ્યા. પૌદનાપુરવાસી તે વખતે પોત પોતાના ઘરના રવેશમાં ચઢીને એ શોભાને જોઈ રહ્યા હતાં. બાહુબલિનું પ્રાકૃતિક સૌંદર્ય, શૃંગાર વગેરે બધાનું મન હરી લેતાં હતાં. બધા લોકો ભરી આંખે કામદેવને તે વખતે જોઈ રહ્યા હતા. આજ જ તેમને છેલ્લે જોવાનું હતું, આગળ તેઓ જોઈ શકશે નહિ.

આ રીતે બહુ વૈભવપૂર્વક બાહુબલિ પૌદનાપુર રાજમાર્ગે થઈને જઈ રહ્યા હતા.

જ્યારે બાહુબલિ પૌદનાપુરના રાજમાર્ગે જઈ રહ્યા હતા ત્યારે અનેક પ્રકારના અપશુકન થતા હતા. જમણી બાજુ ગરોળી બોલી રહી હતી. અને કાગડો જમણી બાજુથી ડાબી બાજુ ઊડી ગયો. બાહુબલિએ તેમને જોવા છતાં પણ ન જોયું હોય તેવું દર્શાવ્યું. પરંતુ મિત્રોએ તે ખાસ જોયું. બાહુબલિનું ધ્યાન તે તરફ ખેંચાવ્યું. બાહુબલિએ ઉત્તર આપ્યો કે કાગડો ન ઊડે તો કોણ ઊડે. ગરોળી વગેરેનાં મુખને આપણે બંધ કેમ રાખી શકીએ ? આગળ વધતા એક માણસ પોતાના ઘરેણાં અને કપડાં ઉતારતો ઉતારતો મળ્યો, કદાચ આ શુકન બાહુબલિના ભવિષ્યના તપોવનનાં પ્રયાણને સૂચવી રહ્યું હોય. મંત્રીએ આવીને પ્રાર્થના કરી કે સ્વામી ! આજે પ્રયાણ થંભાવીને કાલે અથવા પરમ દિવસે પ્રયાણ કરો. આજે પાછા ફરો. પરંતુ બાહુબલિએ તે તરફ ધ્યાન ન દીધું. કહ્યું કે ચાલો. આજે મહા ઉત્તમ લગ્ન છે. આવો. આ રીતે અનેક શુકન જોતાજોતાં વાદક, પાઠક અને ગાયકોના શબ્દો સાંભળતા સાંભળતા તેઓ પૌદનાપુરનાં રાજદ્વારથી બહાર આવ્યા.

ગુણવસંતની સેના તૈયાર હતી. સુંદર મદોન્મત્ત હાથી, ઘોડા, અને શણગારેલા રથ વગેરેથી તે વખતે ચતુરંગ સેના અત્યંત શોભતી હતી. તેને બાહુબલિએ જોઈ. બહારથી ચતુરંગ સેના અને

અંદરથી કામદેવની નારી સેના-એ રીતે બન્ને સેનાથી યુક્ત થઈને બાહુબલિએ ત્યાંથી પ્રયાણ કર્યું. ચાલતી વખતે ગુણવસંતકને પ્રસન્ન થઈને ઈનામ આપ્યું. બાહુબલિ સેનાની શોભા જોતા જોતા જતા હતા. કલકંઠ વગેરે અનેક પ્રકારથી તેમના જય જયકાર કરતા હતા.

બાહુબલિનો એક પુત્ર મહાબલ કુમાર દશ વરસનો હતો. તે તેમની પાછળ જ સહકાર નામના હાથી પર ચઢીને આવતા હતા. તેમની પાછળ જ તેમના નાના ભાઈ રત્નબલ કુમાર ચૂતાંક નામના હાથી પર ચઢીને આવતા હતા. તે વખતે કામદેવની શોભા જોવા લાયક હતી. એક તરફ સ્ત્રીઓનો સમૂહ, એક તરફ સુંદર બાળક, એક તરફ ચતુરંગ સેના. આ બધી વાતો જોતા જોતા ખરેખર એવું જણાતું હતું કે ત્રણ લોકમાં કોઈ પણ શક્તિ તેમનો સામનો કરી શકે તેવી તે વખતે નહોતી. આ રીતે બહુ વૈભવપૂર્વક બાહુબલિ ભરતસેના સ્થાનની પાસે પહોંચ્યા. સેના બાહુબલિના સૌન્દર્યને બહુ પ્રેમથી જોઈ રહી હતી, કેમકે તે કામદેવ તો હતા જ.

ભરતજી અનેક મિત્રોની સાથે બહારના દરબારમાં બેઠા હતા. ગાયન ચાલતું હતું. બત્રીસ ચામર ઢાળવામાં આવતા હતા. ત્યારે કોઈ દૂતે આવીને સમાચાર આપ્યા કે બાહુબલિ યુદ્ધ માટે તૈયાર થઈને આવ્યા છે.

અર્કકીર્તિ વગેરે બાળકોને આ સમાચાર સાંભળીને ઘણું દુઃખ થયું. પિતાને ન કહેતા તે બધાએ વિચાર કર્યો કે આપણે જ કાકા પાસે જઈએ. અમારા પહોંચવાથી કાંઈ નહિ તો આ વિચાર છોડી દેશે. આ રીતે વિચાર કરીને અર્કકીર્તિ પોતાના સહોદરોને સાથે લઈને ત્યાં ગયા. પ્રણયચંદ્ર મંત્રીને સૂચના કરી અને બાહુબલિને અનેક ભેટો સમર્પીને તેમને નમસ્કાર કર્યા. મંત્રી ને બાહુબલિએ પૂછયું આ સુંદર બાળક કોણ છે ? ઉત્તરમાં મંત્રીએ કહ્યું કે આપના પુત્રો છે. કાકાને જોવા માટે બહુ આદરથી ભેટ વગેરે લઈને આવ્યા છે. બાહુબલિએ ક્રોધ ભર્યા અવાજથી કહ્યું કે 'એમને પાછા જવાનું કહો, મારી પાસે આવવાની જરૂર નથી. એમના પિતા મારા રાજા છે. એ મારા પુત્ર કેવી રીતે હોઈ શકે. મને ફસાવવાને માટે આવ્યા છે, પાછા જવા દ્યો એમને. ખરેખર ! કર્મની ગતિ વિચિત્ર છે.

કલકંઠે અર્કકીર્તિ આદિ કુમારોને પ્રાર્થના કરી કે તમો હાલ ચાલ્યા જાઓ. કેમકે આ વખત બરાબર નથી, ત્યારે અર્કકીર્તિ વગેરે ઘણા દુઃખથી ત્યાંથી પાછા ફર્યા. આ બધી વાતોને હાથી ઉપર બેઠેલા મહાબલ કુમાર જોઈ રહ્યા હતા. તેને ઘણું દુઃખ થયું. હા ! મારા મોટા ભાઈ તરફ પણ પિતાએ આટલો તિરસ્કાર ભાવ દર્શાવ્યો ! હવે અમારી પણ રક્ષા તેઓ નહિ કરે. અમે પણ બાપા (ભરતજી)ની પાસે જઈએ. આ વિચારથી તે હાથીથી ઊતરીને સીધા ભરત તરફ ગયા. મહાબલ કુમાર બહુ સુંદર હતા કેમકે તે કામદેવના પુત્ર હતા. દક્ષિણાંકે ચક્રવર્તીને કહ્યું કે શ્રીમહાબલ કુમાર જે બાહુબલિના પુત્ર છે તેઓ આવી રહ્યા છે. મહાબલકુમારે ચરણોમાં ભેટ મૂકીને નમસ્કાર કર્યા, ભરતે તેને હાથથી ઉઠાવીને ખોળામાં બેસાડયા. બેટા ! ઉદાસ કેમ છો ? આટલી ગંભીરતાથી અને ગુપ્તરૂપે આવવાનું શું કારણ છે ? કોની સાથે તમારો જઘડો થયો, મહાબલકુમાર કાંઈપણ ન બોલ્યા. ત્યારે પાસેના સેવકોએ કહ્યું કે સ્વામી ! આપના પુત્ર કાકાને જોવા માટે ગયા હતા. તેમને પાછા કાઢયા. તે જોઈને દુઃખથી આ આપની પાસે આવ્યા છે.

ભરતજીને બહુ દુઃખ થયું. દીર્ઘશ્વાસ નાંખીને તેઓએ કહ્યું કે બાહુબલિના હૃદયને પરમાત્મા જ જાણે, તેમના હૃદયમાં શું આવો વિધ્વંસ ભાવ ! મારી સાથે તેને ક્રોધ હોય તો શું મારા પુત્ર પણ તેના વૈરી છે. કર્મ બહુ વિચિત્ર છે. બોલાવો, અર્કકીર્તિ ક્યાં છે ? અર્કકીર્તિ આવીને હાથ જોડી ઊભા રહ્યા, ભરતજીએ જરા ક્રોધથી કહ્યું કે બેટા ! બધા દેશ ફરીને આવ્યા છો તેથી તમને પિતોદ્રેક થયો લાગે છે, તેથી કદાચ તમે તેની પાસે ગયા જણાઓ છો. એક વાર યમ વિફર્યો તો પણ તેને હરાવવાનું સામર્થ્ય મારામાં છે, તમને એની ચિંતા શી છે. તે ઈક્ષુબાણ મીઠું છે એમ સમજીને ગયા હશો. મીઠું જ નીકળ્યું ને ! જાઓ ! જાઓ !

અર્કકીર્તિ મૌન ઊભા હતા. ભરતજીએ ફરી મહાબલ કુમારની તરફ જોઈને કહ્યું કે બેટા ! હવે અનેક દુઃખોને તમને જોઈને ભૂલીશ. તમે બહુ આનંદથી અહીંયા રહો. મારા હૃદયમાં જરાય કલુષતા નથી. ત્યારે મંત્રી મિત્રોએ કહ્યું કે સ્વામી ! વિધિવશ આ કુમાર આપની પાસે આનંદથી આવ્યા છે. બાહુબલિ પણ હવે આવશે. તે વાતની આ સાક્ષી છે.

પોતાના પિતાના વ્યવહારથી અસંતુષ્ટ થઈને આ બાળક આજે આવ્યા છે. જ્યારે જુવાન થશે ત્યારે એ કેટલા બુદ્ધિશાળી નીવડશે ? આ પ્રકારે તેઓ વાતચીત કરતા હતા. ભરતજીએ ફરી મહાબલ કુમારને કહ્યું કે બેટા ! જે પ્રસંગ આવ્યો છે તેને હું જીતી લઈશ, ત્યાં સુધી તમે તમારા મોટાભાઈ સાથે રહો. એવામાં અર્કકીર્તિ આવીને, તેને લઈ ગયા.

આ રીતે ભરતજી પોતાના દરબારમાં પોતાના મંત્રીમિત્રોની સાથે હતા. બાહુબલિ હજીસુધી યુદ્ધની પ્રતિજ્ઞાથી હાથીપર જ અભિમાનથી બેઠા હતા. આગળ યુદ્ધ થશે.

વાચકોને બાહુબલિના પરિણામની વિચિત્રતા જોઈને આશ્ચર્ય થતું હશે. કેટલું કઠોર હૃદય છે. જુઓની ! માતાના ઉપદેશનો પ્રભાવ ન પડયો, માતાની હાર્દિક ઈચ્છાની પરવા ન કરી, પોતાની આઠ હજાર રાણીઓની પ્રાર્થના પર પાણી ફેરવી દીધું. મંત્રીમિત્રોની પ્રાર્થનાને લાત મારી. અર્કકીર્તિ કુમાર આદિ આવ્યા તો તેમના પ્રત્યે પણ ભયંકર તિરસ્કાર ભાવ ! ખરેખર તેનું કાર્ય પ્રબળ છે. આટલું થવા છતાં પણ ભરતજી બહુ ગંભીર છે, તેમના હૃદયમાં દ્વેષાગ્નિ ભભૂકી ન ઊઠી એ એનાથી પણ અધિક આશ્ચર્યની વાત છે. ખરેખર એવા વખતમાં પરિણામને જાળવી રાખવા માટે વિશિષ્ટ શક્તિની આવશ્યકતા છે. કષાય ઉત્પન્ન થવાને પ્રબળ કારણ ઉપસ્થિત થવા છતાં પણ પોતાના પરિણામમાં ક્ષોભ ઉત્પન્ન થવા ન દેવો એ મહાપુરુષોનું ખાસ લક્ષણ છે. ભરતજી હંમેશાં પરમાત્મ ધ્યાનમાં આ રીતે વિચાર કરે છે :–

'હે પરમાત્મા ! કઠોરમાં કઠોર કાર્યને પણ મૃદુભાવથી જિતવાનું સામર્થ્ય તમારામાં છે. તમે આ કાર્યમાં અધિક ચતુર છો, અનંત શક્તિના ધારક છો. તેમજ સજ્જનો દ્વારા પૂજ્ય છો. હે અમૃતવારિધિ ! મારા હૃદયમાં સદા વર્ત્યા રહો.'

નિરંજનસિદ્ધ ! નામમોહન સિદ્ધ ! રૂપમોહન સિદ્ધ ! સ્વામિત્વ મોહન સિદ્ધ ! કોમલવાક્યમોહન સિદ્ધ ! જયકલાગ્નામ ! હે સિદ્ધાત્મા ! મારા હૃદયમાં હંમેશાં વર્ત્યા રહો.'

આ ભાવનાનું ફળ છે કે તેમને કોઈપણ અજયશક્તિને જીતવાનું ધૈર્ય રહે છે. તેથી તેઓ હંમેશાં ગંભીર રહે છે.

## ૩૧. રાજેન્દ્રગુણવાકય સંધિ

**ભ**રત અને બાહુબલિ યુદ્ધની સન્મુખ છે પરંતુ તેમના બંને મંત્રી મિત્ર અને પ્રમુખ રાજાઓએ આ પ્રસંગનો તોડ કાઢવા માટે પરામર્શ કર્યો.

તેઓ વિચાર કરવા લાગ્યા કે બાહુબલિને ઘણા લોકોએ સમજાવ્યા પણ તેનું કાંઈ ફળ આવ્યું નહિ, તેથી હવે યુદ્ધ તો થશે જ. ત્યાં કોનું ચાલી શકે તેમ છે. જ્યારે ચક્રવર્તીને કામદેવ યુદ્ધને માટે તૈયાર થયા છે તો તે સામાન્ય યુદ્ધ નહિ થાય. એકબીજા નમતું નહિ આપે આ કામદેવ બીજાને ભલે જીતી શકે પરંતુ આત્મનિરીક્ષણ કરવાવાળા ભરતને ક્યારેય જીતી નહિ શકે અમે એ વાત બરાબર જાણીએ છીએ.

ઠીક ! કુસુમાસ્ત્રથી યુદ્ધ થશે કે ખડ્ગથી ? બાહુબલિએ શો વિચાર કર્યો છે ? બાહુબલિનાં મંત્રી મિત્રોએ કહ્યું કે કુસુમાસ્ત્રને પરમાત્મયોગથી હરાવશે એ વિચારથી લોહાસ્ત્રથી જ યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો છે. ત્યારે તો, બન્ને વજ્રકાય છે, તેમને તો કાંઈપણ દુઃખ નહિ થાય, પરંતુ બન્ને પર્વતના ઘર્ષણથી જેવી રીતે વચ્ચેના પદાર્થના ચૂરેચૂરા થઈ જાય છે તેવી રીતે બધી સેનાની હાલત થશે. તેથી બધી સેનાને મારવાની જરૂર નથી, હાથમાં ખડ્ગ લઈને યુદ્ધ કરવાની જરૂર નથી. નાહક નિરપરાધ સેનાની હત્યા થશે. તેથી બન્નેને ધર્મયુદ્ધ કરવા માટે પ્રાર્થના કરીએ. બધા લોકોને એ વાત પસંદ પડી.

સમ્રાટની પાસે બધા ગયાં અને પ્રાર્થના કરી કે 'સ્વામી ! યુવરાજે લોહાસ્ત્રથી યુદ્ધ કરવા નક્કી કર્યું છે, પુષ્પબાણથી તે કામ નહિ લ્યે. હવે તો નક્કી સમજો કે આ સેના પુરપ્રવેશ નહિ કરી શકે પણ યમપુરમાં પ્રવેશ કરશે. આપ બન્ને પરાક્રમી છો. જો આપ લોહાસ્ત્રથી યુદ્ધ કરશો તો પ્રલય કાલ જ આવશે. તો અમારું સંરક્ષણ નહિ થાય એ નિશ્ચય છે. આપ બન્ને વજ્રદેહી જે વખતે યુદ્ધરંગમાં પ્રવેશ કરશો ત્યારે કાચની બંગડીઓની દુકાનમાં બે મદોન્મત્ત હાથીઓના પ્રવેશની જેમ થશે.'

''ત્યારે તમે શું કહો છો ?'' ભરતજીએ પૂછયું.

ઉત્તરમાં તે લોકોએ કહ્યું કે 'અમોએ એક ઉપાય વિચાર્યો છે પરંતુ કહેતાં ભય લાગે છે.'

''બીવાની કાંઈ જરૂર નથી. તમો કહો'' ભરતજીએ કહ્યું. 'સ્વામી ! ધર્મયુદ્ધ કરવાનું સ્વીકારો. દૃષ્ટિયુદ્ધ, જલયુદ્ધ અને મલ્લયુદ્ધ આપ બન્ને કરો એ સિવાય કોઈ યુદ્ધ ન કરવું. આ અમારા બધાની અભિલાષા છે.

ઉત્તરમાં ભરતજીએ કહ્યું કે 'તમારે મને કાંઈ પણ ન પૂછવું. બાહુબલિ જેમ કહે તેમ જ સાંભળવા હું તૈયાર છું. તેમને જઈને પૂછો. તેમની ઈચ્છાનુસાર વ્યવસ્થા કરો.

બધા લોકો ત્યાંથી સંતોષપૂર્વક બાહુબલિની પાસે ગયા. હાથ જોડીને ઊભા રહ્યા. બાહુબલિએ કહ્યું કે શું છે ? ઉત્તરમાં કહ્યું કે ''સ્વામી ! આપને કાંઈક પ્રાર્થના કરવા ઈચ્છીએ છીએ, પરંતુ ભય લાગે છે. ત્યારે બાહુબલિએ કહ્યું કે હું સમજી ગયો. તમો યુદ્ધ અટકાવવા ઈચ્છો છો. બીજું શું ? ઉત્તરમાં તે લોકોએ કહ્યું કે સ્વામી ! લડાઈ તો થવાની છે. બાહુબલિએ કહ્યું કે સારું, તો હવે, ડરો નહીં. ત્યારે તે મંત્રી મિત્રો પ્રાર્થના કરીને કહેવા લાગ્યા. સ્વામી ! યુદ્ધ થવા દ્યો, પણ પ્રથમ ખડ્ગ-

યુદ્ધની આવશ્યકતા નથી. તેનાથી પણ ભારે મૃદુલ યુદ્ધ છે તેને આપ બન્ને પોતાના ભુજબલથી કરો, સેનાના નાશની જરૂર નથી.

વચ્ચે જ વાત તોડી નાખીને બાહુબલિએ કહ્યું કે હું એ વિચારી જ રહ્યો હતો કે સામેની સેના અધિક છે, મારી સેના બહુ થોડી છે. આવી સ્થિતિમાં તમોએ જે માર્ગ કાઢયો તે તો મારું મહા પુણ્ય છે, ચાલો સારું થયું, આગળ કહો.

સ્વામી ! પહેલાં દૃષ્ટિ યુદ્ધ થશે. તેમાં એકબીજાના મુખને અનિમિષ નેત્રથી જોવું પડશે. જેમના નેત્ર બંધ થઈ જશે તે વખતે તેમની હાર ગણાશે.

બીજું યુદ્ધ જલયુદ્ધ થશે. એક બીજા હાથથી એકબીજાના મુખપર પાણી ઉડાડે. જે મોઢાંને ખેંચી લેશે તેઓ હારી ગયા એમ સમજી લેવું. એટલાથી યુદ્ધની સમાપ્તિ નહિ થાય.

ત્રીજું યુદ્ધ મલ્લયુદ્ધ થશે. આ યુદ્ધમાં અંદરોઅંદર કુસ્તી થશે. કોઈને એક હાથથી ઉઠાવી લેશે તો પછી યુદ્ધ બંધ કરવું પડશે. પછી કોઈએ યુદ્ધ કરવું નહિ.

સ્વામી ! આપ પુષ્પબાણથી સમસ્ત લોકને વશ કરો છો એવી સ્થિતિમાં આપે કઠણ તરવાર લઈને યુદ્ધ કર્યું તો લોક એ વાતને ભલી નજરથી નહિ જુએ, તેથી અમોએ આ મૃદુયુદ્ધનો વિચાર કર્યો છે. આપનું બાણ, ધનુષ્ય કોમલ છે, આપ કોમલ છો આપની સેના કોમલ છે, પછી પથ્થર સમાન કઠિનતાની શી જરૂર છે ? તેથી અમોએ આવો કોમલ વિચાર કર્યો છે, બાહુબલિએ ઉત્તરમાં કહ્યું કે સમજી ગયો કે તમો મારા હિતૈષી છો, જાઓ મારે કબૂલ છે. શીઘ્ર યુદ્ધરંગમાં ઊતરવાનું ભરતજીને કહેજો. બહુ સંતોષપૂર્વક બધા ત્યાંથી સમ્રાટની પાસે ગયા અને બધું વૃત્તાંત કહી બતાવ્યું. સાથોસાથ એ પણ પ્રાર્થના કરી કે ત્રણ ધર્મયુદ્ધ સિવાય આગળ બીજું કોઈપણ યુદ્ધ નહિ થાય. આ વાતનું વચન આપવું પડશે. પહેલાં ભરત પાસેથી અને પછી બાહુબલિ પાસેથી આ વાતનું વચન લેવામાં આવ્યું. અને એવો પણ નિર્ણય કર્યો કે જો કામદેવ હારી જાય તો તે ભરતનાં ચરણોમાં નમસ્કાર કરે, અને જો ભરતની હાર થાય તો બાહુબલિ ભરતને નમસ્કાર ન કરતાં એમને એમજ પૌદનાપુરમાં જઈને રાજ્ય કરે.

સેનાસ્થાનમાં ઢંઢેરો પીટાવ્યો કે 'યુદ્ધ બન્ને રાજાઓમાં વ્યક્તિગત થશે, સેના યુદ્ધમાં ભાગ ન લ્યે.'

બધા લોક યુદ્ધ જોવા માટે ઊભા છે, આકાશ પ્રદેશમાં વ્યંતર, દેવગણ, વિદ્યાધર વગેરે ઊભા છે. કામદેવના પક્ષના રાજા મહારાજા, કવિ, વિદ્વાન, વેશ્યા, બ્રાહ્મણ વગેરે બધા એક બાજુ ઊભા છે. મંત્રી મિત્રોએ જઈને પ્રાર્થના કરી કે સ્વામી ! યુદ્ધની તૈયારી થઈ ચૂકી છે, હવે ચાલો. બાહુબલિ તે વખતે હાથીથી ઊતરીને નીચે આવ્યા, તે દૃશ્ય સૂચવી રહ્યું હતું કે જાણે કે બાહુબલિ એમ કહી રહ્યા હોય કે હાથી, ઘોડા વગેરે સંપત્તિની હવે મને જરૂર નથી, હું દીક્ષા લેવા જાઉં છું. ગર્વગિરિથી ઊતરે તેમ તે ગજરૂપી પર્વતથી ઊતરીને તે કામદેવ યુદ્ધ ભૂમિની વચ્ચે ઊભા રહ્યા. એવું જણાતું હતું કે એક પર્વત જ ઊભા હોય. છત્ર, ચામર વગેરે બાહ્ય વૈભવ અને પોતાના શરીરના પણ કેટલાક વસ્ત્રાભૂષણો ઊતારીને યુદ્ધસન્નદ્ધ થઈને ઊભા રહ્યા. તે વખતે તેઓ બહુ જ સુંદર લાગતા હતા.

ભરત પાસે આવીને મંત્રી મિત્રોએ પ્રાર્થના કરી કે સ્વામી ! બાહુબલિ આવીને રણાંગણમાં ઊભા છે. હવે શું કરવાનું છે, આજ્ઞા આપો. ઉત્તરમાં ભરતજીએ કહ્યું કે હુંજ આવીને બધું કહીશ. તમો નિશ્ચિંત રહો. સ્વતઃ મૌન ધારણ કરીને ભરત વિચાર કરવા લાગ્યા કે એની સાથે ધર્મયુદ્ધ પણ કેમ કરું એના હાથ, પગ બાંધીને નાની માની પાસે મોકલી દઉં છું. (ફરી વિચાર કરીને)ના, ના. એવું કરવું યોગ્ય નથી.

આટલી સેનાની સામે પોતાનો અપમાનનો અનુભવ કર્યા પછી તે ઘરમાં નહિ રહે, દીક્ષા લઈને ચાલ્યા જશે. તેનો મને ભય છે, કોમલ યુદ્ધમાં પણ તે હારી જશે તો તે દીક્ષા લઈને ચાલ્યા જશે. મારે પહેલાના સહોદરની જેમ આને પણ ખોવા પડશે, તેથી કોઈને કોઈ ઉપાયથી કામ લેવું જોઈએ. પોતાનું સામર્થ્ય દેખાડવા માટે આજ સુધી મારી સામે કોઈ પણ ઊભું નથી રહ્યું, પરંતુ મારા ભાઈ જ ઊભા રહ્યા એવા પ્રસંગમાં તેમને મારવા પણ ઉચિત નથી. અહિતોને જીતવા પણ યોગ્ય નથી. સાહસિકોને કષ્ટ પહોચાડવું જોઈએ. પરંતુ પોતાના કુટુંબીઓની સાથે દ્રોહ કરવો સારો નથી. આ બાહુબલિની મૂર્ખતાને માટે હું શું કરું ? આવી રીતે અનેક પ્રકારના ભરતજી વિચાર કરી રહ્યા હતા. પરમાત્મા ! આનો યોગ્ય ઉપાય તમે જ કરી શકો છો. (એકદમ હસીને) ગુરુની કૃપા છે, સમજી ગયો. ઠીક છે ચાલો.

તે વખતે પાલખી લાવવાની આજ્ઞા થઈ, પ્રસ્થાન ભેરી બજાવવામાં આવી. પાલખી પર ચઢીને ભરતજી રવાના થયા. ભરતજીએ તે વખતે યુદ્ધને યોગ્ય વસ્ત્રાભૂષણ પહેર્યા ન હતાં. એવું લાગતું હતું કે તે વખતે તેઓ વિવાહને માટે જતા હોય. મંત્રી મિત્રોએ પ્રાર્થના કરી કે સ્વામી ! આ રીતે જવું યોગ્ય નથી. બાહુબલિ તો યુદ્ધને માટે લંગોટ વાળીને ઊભા છે, ત્યારે આપ તો આવી રીતે જાઓ છો. અમે જાણીએ છીએ કે આપમાં શક્તિ છે પરંતુ શક્તિ હોવા છતાં પણ યુદ્ધને વખતે યુક્તિને પણ ન ભૂલવી જોઈએ. મોરને પકડવો હોય તો વાઘને પકડવા જેટલી તૈયારી કરવી જોઈએ, ત્યારે ઉત્તરમાં ભરતજીએ કહ્યું કે તમે તદ્‌ન સાચું કહો છો પરંતુ મને આજે જુદી જ બુદ્ધિ સૂઝી છે તેથી હું આ રીતે જાઉં છું. તમો કોઈ પ્રકારની ચિંતા ન કરો. હું કોઈ ઉપાયથી આજે તેને જીતું છું. જુઓ.

મંત્રી મિત્રોએ કહ્યું કે અમે સારી રીતે જાણીએ છીએ કે આપ જીતશો જ તોપણ અમારી પ્રાર્થના એટલી છે કે યુદ્ધ સન્નદ્ધ થઈને જવું સારું છે, છતાં આપે જે વિચારો કર્યા છે તે ઠીક છે. આ રીતે વાતચીત કરતા થકા આગળ વધતા હતા. જગદેકમલ્લ, જાડયોધ્ધૂત મનુવંશગગનમાર્તંડ, ઉદ્દંડ, કામદેવાગ્રજ, વિક્રાંતનાથ, વિશ્વંભરાભૂષણચ્ક્રેશ, ચક્રવાકધ્વજાગ્રજ, આપની જય હો, એવા પ્રકારે પાઠકગણ સ્તુતિ કરી રહ્યા હતા.

સમ્રાટને બાહુબલિએ સો બસો ગજ દૂરથી જોયા, બાહુબલિએ વિચાર કરીને પોતાના મંત્રી મિત્રોને કહ્યું કે ભરત આવી રહ્યા છે. જ્યારે યુદ્ધની ભેરી બજાવવામાં આવશે ત્યારે હું તેનું મુખ જોઈશ. ત્યાં સુધી મારે તેનું મોઢું પણ નથી જોવું. તેથી તેઓ પીઠ ફેરવીને ઊભા રહ્યા. ભરતજીએ તે જોઈ લીધું હસીને કહેવા લાગ્યા કે ભાઈનું મુખ મને દેખતાં જ વાંકું થઈ ગયું. ભુજબલ મોળું પડયું. કોણે તે છીનવી લીધું ? મનમાં જ તેઓ વળી કહી રહ્યા હતા કે ત્રિલોકાધિપતિના ગર્ભમાં જન્મ લઈને લોકની સામે આ પ્રકારના અલ્પ કાર્ય માટે પ્રવૃત્ત થયા ! ખેદ છે આ રીતે વિચાર કરતા થકા ભરતજી બાહુબલિથી આઠ દસ ગજ દૂર જઈને ઊભા રહ્યા.

બન્ને દીર્ઘદેહી છે, એવું લાગતું હતું કે બન્ને પર્વત જ આવીને ઊભા હોય. ભરતનો દેહ પાંચસો ગજ પ્રમાણ છે. પરંતુ બાહુબલિનું પાંચસોપચીસ ગજ પ્રમાણ છે દેહ પ્રમાણ જ સૂચવી રહ્યું હતું કે એ મોટાભાઈનું ઉલ્લંઘન કરનાર છે. કલિયુગના લોકોના હાથથી પાંચસો ગજ પ્રમાણ તેનું શરીર હતું, પરંતુ કૃતયુગનાં પુરુષોના હાથથી એક જ ગજ પ્રમાણ તે શરીર હતું. તેવા ક્રમે તો બધાના શરીર પાંચસો ધનુષ્ય પ્રમાણ છે, પરંતુ બાહુબલિનું શરીર પ્રમાણ પચીસ ધનુષ્ય પ્રમાણ અધિક હતું, એ આશ્ચર્યની વાત છે. તે વખતે ચક્રવર્તીનું સૌંદર્ય અને કામદેવનું સૌંદર્ય લોકો બારીકાઈથી જોઈ રહ્યા હતા. બધાના મુખથી એ જ ઉદ્‌ગાર નીકળતા હતા કે ભરતથી બાહુબલિ સુંદર છે, બાહુબલિથી ભરત સુંદર છે. સૌંદર્યમાં કામદેવ પ્રસિધ્ધ છે, બધા ચક્રવર્તી કામદેવની સમાન સુંદર નથી હોતા પરંતુ આત્મભાવક ભરત જ કામદેવથી પણ વિશેષ સુંદર હતા. કેમકે ધ્યાનનું સામર્થ્ય સામાન્ય નથી હોતું. આ રીતે બન્ને અતુલ શક્તિના ધારક ત્યાં ઊભા છે, સેનાગણ તેમનાં સૌંદર્યને જોઈ રહ્યા હતા અને હવે જોઈએ શક્તિમાં કોણ જીતશે, કોણ હારશે. આવી રાહે બધા લોકો ઊભા હતા.

વાજાનો અવાજ બંધ થયો. ભરતજીએ કહ્યું કે યુદ્ધની ભેરી હવે બજાવવાની જરૂર નથી. હું મારા ભાઈને બે ચાર વાતો પહેલાં જ કહી દઉં. તેને આવા જ વક્રરૂપે ઊભા રહીને સાંભળવા દ્યો, હું ગંભીર અર્થ જ કહીશ. ત્યારે મંત્રી મિત્રોએ કહ્યું કે બહુ સારું. જરૂર કહો. ત્યારે સમ્રાટે નીચે પ્રમાણે બાહુબલિને કહ્યું.

'ભાઈ, બાહુબલિ ! આજે તારી અને મારી વચ્ચે દુર્ભાવોથી યુદ્ધ થઈ રહ્યું છે, એનું કારણ શું છે ? કેમકે નિષ્કારણ કોઈ રાજા અંદરોઅંદર યુદ્ધ નથી કરતા. તમારી કોઈ સંપત્તિ મેં છીનવી નથી લીધી, મારી સંપત્તિ તમે છીનવી નથી લીધી. પહેલેથી પિતાજીએ જેવી રીતે રાજાને યુવરાજ બનાવ્યા છે તેવી રીતે આપણે રહીએ છીએ. સારું ! કોઈ વાત નથી. ભાઈ ભાઈઓમાં પણ દ્વેષ થાય છે. પરંતુ તેનું પણ કાંઈ કારણ હોય છે. શું તમારી આગળથી કર વસુલ કરવા મેં મારા દૂતોને તમારી પાસે મોકલ્યા છે ? તમારા નગરમાં મારા મનુષ્ય ન આવી શકે ? તમારા પ્રજાજન મારા નગરમાં આવતા મેં અન્ય જનોની જેમ ક્યારે ય ભાવના કરી હતી ? પ્રજા પરિવારોમાં આ રીતે ભિન્ન વિકાર કેમ ? મેં બોલતાં બોલતાં ક્યારે ય તમારે માટે અલ્પ શબ્દોનો પ્રયોગ કર્યો ? મારી પ્રજાઓમાં કોઈએ એવા પ્રકારનો વ્યવહાર કર્યો ? ક્યારે ય નહિ. કેવલ મારા ભાઈને જોવાની ઈચ્છાથી તેને બોલાવ્યો તો આટલો ક્રોધ શા માટે ? તમે શું મારા શત્રુ છો ? હું શું તમારો શત્રુ છું ? આપણે બન્ને આદિ પ્રભુના પુત્ર થઈને આ રીતે વિચાર કરીએ તો પછી આગળ બધા સામાન્ય લોકો માટે દ્રોહશાસન લખી દેવા જેવું થયું.

'કદાચિત્ તમે મનમાં કહેશો કે આ યુદ્ધથી ડરીને હવે અહીયાં વાતો કરવા લાગ્યા છે, પરંતુ તેવી વાત નથી. યુદ્ધ તો કરીશ જ. પહેલાં મારા મનની વાત કહીને દોષ ટાળી રહ્યો છું. બીજા કોઈ મારી સામે યુદ્ધને માટે ઊભા હોત તો તેને લાત મારીને ભગાડત. પરંતુ ભાઈ વિચારો, સહોદરના યુદ્ધને લોક પસંદ નહિ કરે. હું તમારાથી જરાક મોટો છું. તેથી મેં તમને મારી સેના તરફ બોલાવ્યા, તમે મારાથી મોટા હોત તો હું તમારી પાસે આવત. મોટા ભાઈની પાસે નાનાભાઈ જાય એવી લોકમાં રીત છે. એમાં ભાઈ ! તમારું અપમાન ક્યાં થાય છે ? તે દિવસે તમારા પિતાજીએ ઉપદેશ

શો આપ્યો છે ? ભાઈ ! વિશેષ શું ? તમે ને હું બન્ને ખેલાડી છીએ આ બધા સેનાગણ, રાજા, મંત્રી, મિત્ર વગેરે બધા તમાસા જોવાવાળા દર્શક છે.

લોકમાં રાજાઓને લડાવીને આપણે તમાસો દેખવો જોઈએ, પરંતુ આપણે તમાસો બીજાને દેખાડીએ છીએ. તમે મને જીતશો, તો શું તમને કીર્તિ મળી જશે ? હું તમને જીતું તો મને યશ મળશે ? પન્નગનરસુર લોકના ઉત્તમ પુરુષ આપણા વ્યવહારને જોઈને થુથુ કર્યા વિના નહિ રહે વિશેષ શું ? તમે યુદ્ધને માટે આવ્યા છો ને ? યુદ્ધમાં જય થવાની અભિલાષા બધાને રહે છે. સામાન્ય લોકોની પેઠે લડવાની શી જરૂર છે ? તમે જીતી ગયા, હું હારી ગયો. જાઓ.

ભરતજીના વચન સાંભળીને મંત્રી, મિત્ર, રાજા, મહારાજા વગેરેએ કાનમાં આંગળી ઘાલીને કહ્યું કે આ શું કહે છે ? તેમની કદી હાર હોય ? ભરતજીએ ઉત્તરમાં કહ્યું કે તમે શું બોલો છો ? કામદેવથી કોણ ન હારે ? શું અમે સ્ત્રીઓને છોડી છે ? મારા ભાઈની જે જીત છે તે મારીજ જીત છે. બીજા કોઈ સામા આવત તો ડાબા પગથી તેને લાત મારત બધા મારા અંતરંગને જાણો જ છો. બાહુબલિની તરફ ફરીને. ફરી કહ્યું કે ભાઈ ! ઉપચારથી તમારી જીત છે એમ હું નથી કહી રહ્યો. બરાબર સાંભળો, તમારું સામર્થ્ય હું બરાબર જાણું છું. બધી સેના સાંભળે તેવી રીતે હું કહું છું. સાંભળો.

દૃષ્ટિ યુદ્ધમાં તમારી જીત છે કેમકે તમે મારાથી પચીસ ધનુષપ્રમાણ અધિક છો તેથી તમે મને સરળતાથી દેખી શકશો પરંતુ મારે તમને ઊંચી દૃષ્ટિ કરીને જોવા પડશે તેથી મને કષ્ટ પડશે, મારી આંખ દુઃખશે.

ભરતજીનું આ કથન સાંભળીને મંત્રી મિત્રોએ કહ્યું કે સૂર્યબિંબની અંદર સ્થિત જિનપ્રતિમાઓના દર્શન પોતાનાં મહેલમાં બેઠા બેઠા જ્યારે સમ્રાટ કરે છે ત્યારે તે વખતે તો તેની આંખ દુઃખતી નથી તો પચીસ ધનુષ્ય પ્રમાણની શી વાત ? સૂર્યકિરણ તો આંખોને સ્પર્શે છે છતાં પણ આંખોને બંધ નથી કરી શકતા. આમ છે તો અત્યંત સુંદર શરીરને જોતાં આંખોને દુઃખ કેવી રીતે થાય ? આ ભાઈને ખુશ કરવાની વાત છે. અસ્તુ.

ભરતજીએ ફરી કહ્યું કે ભાઈ ! જલ યુદ્ધમાં પણ તમારી જીત છે કેમકે તમે ઊંચા છો હું તમારી છાતી સુધી પાણી ઉડાડી શકું છું, મને તમે ડુબાડી શકો છો. આમ છે તો મારી હાર તેમાં પણ થશે જ સમજયા ?

મંત્રી મિત્રોએ વિચાર કર્યો કે ભરતજી આ શું બોલી રહ્યા છે ? અનેક ઈચ્છિતરૂપોને ધારણ કરીને આકાશ સુધી પણ પાણી ઉડાડવાની શક્તિ ભરતજીમાં છે. પચીસ ધનુષની વાત જ શી છે ? આ માત્ર ઉપચાર માટે કહી રહ્યા છે, ભરતજીએ બાહુબલિને ફરી કહ્યું કે ભાઈ ? મલ્લ યુદ્ધની તો જરૂર જ ક્યાં છે ? પિતાજીએ તમારું નામ જ ભૂજબલિ રાખ્યું છે. તે અસત્ય કઈ રીતે થાય ? ભૂજબલમાં તમે પ્રબલ છો, મને સહેજે ઊંચકી શકો તેમ છો. પિતાજીએ મારું નામ ભરત રાખ્યું છે, હું ભરતભૂમિનો અધિપતિ થયો. તમારું નામ ભૂજબલિ રાખ્યું છે, તો ભૂજબલથી તમે મને ઊંચકી લેશો જ.

મંત્રી મિત્રોએ વિચાર કર્યો કે ભરતજી ભાઈને સમજાવવાને માટે આમ કહી રહ્યા છે. ભૂજબલિનો અર્થ ચક્રવર્તીને જીતવાનો છે ? કદાપિ નહિ. કેવલ સુજનચિંતામણિ સમ્રાટ પોતાના સહોદરને સમજાવવાને માટે કહે છે. આવા વીર, સુવીર, અનંતવીર્ય, મેરુ, સુમેરુ, મહાબાહુ વગેરે અનેક નામોથી અલંકૃત આદિપ્રભુના પુત્ર છે. શું એ બધાનો અર્થ ભરતજીને જીતનાર થાય છે ? ટચલી આંગળીથી પરમ દિવસે આખી સેનાને જેણે ખેંચી, જે મોટા મોટા પર્વતોને સૂકાં પાંદડાંની જેમ ઊંચકી શકે છે તેમને આ કામદેવને ઊંચકવાની શું મોટી વાત છે ? આખી સેનાએ મળીને તેમની ટચલી આંગળીને સીધી કરવા પોતાની તમામ શક્તિ લગાવી ખેંચી પરંતુ એ તો પોતાના સિંહાસનથી જરા હલ્યા પણ નહિ, ખસેડવાની વાત તો દૂર રહો. આમ છે તો શું તે કામદેવને ન ઊંચકી શકે ? એ કેવી વાત !

લાખો સ્ત્રીઓને તૃપ્ત કરવાનું સામર્થ્ય ચક્રવર્તીને છે. કામદેવને કેવળ આઠ હજાર સ્ત્રીઓને તૃપ્ત કરવાનું સામર્થ્ય છે. તેથી સ્પષ્ટ છે તો પણ નાનાભાઈને પ્રસન્ન કરવા સમ્રાટ આ રીતે કહી રહ્યા છે. વિશેષ શું ? ભરતજી જે બત્રીસ ગ્રાસ આહાર લે છે તેનાથી એક ગ્રાસ પ્રમાણ પટ્ટરાણી લીએ છે, પટ્ટરાણી જે એક ગ્રાસ લીએ છે તે આખી સેના મળીને લીએ તો પણ પચાવી ન શકે. તો આ કામદેવ શું તેને લઈ શકે ? તે આહાર પર્વતપ્રાય (પર્વત જેટલો) નથી, દિવ્યાન્ન છે, તેમાં દિવ્ય શક્તિ છે. આમ હોવા છતાં પણ સમ્રાટે એને સમજાવવાને ઉપર્યુક્ત વાતો કહી.

આ રીતે બધી સેનામાં બધા લોકો અંદર અંદર વિચાર કરી રહ્યા હતા. ભરતજીએ કહ્યું કે ભાઈ ! જ્યારે મારે મુખે મેં કહ્યું કે હું હારી ગયો, તમે જીતી ગયા તો પછી હવે ક્રોધ રાખવાની શી જરૂર છે ? ભાઈ હૃદયને શાંત કરો.

આ રીતે ભરતજીએ જ્યારે પોતાની હાર બતાવી ત્યારે દશે દિશામાં એકદમ અંધકાર છવાઈ ગયો. અગ્નિ વિના ધુમાડો નીકળ્યો. કેમ ન નીકળે ! મનુ રત્ન સમ્રાટને જ્યારે દુઃખ થયું તો એમ કેમ ન બને ? સેના ગભરાઈ ગઈ. બાહુબલિએ મનમાં વિચાર કર્યો કે ખરેખર આ સારો વિચાર નથી લાવ્યો. ભાઈની તરફ આ રીતે દ્રોહ વિચાર કરવો નહોતો જોઈતો. બાહુબલિએ હજુ સુધી સન્મુખ મોઢું કરીને ભરત તરફ નહોતું જોયું, ભરતજીએ ફરી બાહુબલિને પ્રસન્ન કરવા કહ્યું :-

ભાઈ ! સાંભળો, મેં આ ચક્રરત્નની અભિલાષા નથી કરી, આ યુદ્ધશાળામાં તે આપ મેળે ઉત્પન્ન થઈને તેણે મને આખા દેશમાં ભ્રમણ કરાવ્યું અને તમારું હૃદય દુભાવ્યું. હું આ બધી સંપત્તિઓને પૂણ્ય કર્મનું ફલ જાણીને ઉદાસીન ભાવથી જોઈ રહ્યો છું, મને જરાય લોભ નથી. તમે એને સ્વીકારો. તમે જ રાજા છો. તમે રાજા થઈને તમારા જ રાજ્યમાં રહો, હું તમારો અધીનસ્ત રાજા થઈને તમારા માટે દિગ્વિજય કરવા ગયો અને સમસ્ત ષટખંડ વશ કરીને આવ્યો છું, લ્યો, આ બધું રાજ્ય, સેના વગેરે તમારી જ છે, આ બધા રાજા તમારા જ છે.

તમને હું ભાઈ છું એવો વિચાર નથી પરંતુ તમે મારા ભાઈ છો તેનો વિચાર મને છે. તેથી ભાઈના ભાગ્યને ભરી આંખે જોઈને હું સંતુષ્ટ થઈશ. આ રાજ્યપદ સ્વીકારો. અયોધ્યામાં તમે સુખે રાજ્ય કરો, મને એક નાનું રાજ્ય આપીને સુખેથી જુદા કરો. આ હું દુઃખથી નથી બોલતો, પુરુ

પરમેશના ચરણની સોગન છે. મને અગણિત સેવકોની જરૂર નથી. મારા કામને લાયક પરિવાર અને સેવકોની વ્યવસ્થા કરીને મને જુદા કરો. તમારું મન પ્રસન્ન કરવાને માટે આ હું નથી બોલતો, આને માટે નિરંજન સિદ્ધ જ સાક્ષી છે. કંજાસ્ત્ર ભાઈ, આનાથી અધિક બોલવાની મારી ઈચ્છા નથી. સ્વીકારો આ રાજ્ય ને.

''બાહુબલિ ! ક્રોધ તજો.'' ભરતજી ભાઈને શાંત કરવા કહેતા હતા. બાહુબલિ પણ મનમાં જ શરમાવા લાગ્યા. હવે સીધા ઊભા રહીને ભરતજી તરફ જોવામાં પણ તેને સંકોચ થઈ રહ્યો હતો. ફરી ભરતજીએ તે ચક્રરત્નને બોલાવીને કહ્યું કે ચક્રરત્ન ! જાઓ, હવે તમારી મને જરૂર નથી, તમારા અધિપતિ આ બાહુબલિ છે, તેની પાસે જાઓ. ભરતજીના એમ કહેવા છતાં પણ તે આગળ ન વધ્યું કેમકે તેને ધારણ કરવાનું પુણ્ય બાહુબલિને ન હોતું. ભરતજીને છોડીને જવા સુધી ભરતજી પણ હીણ પુણ્ય ન હોતા તેથી તે બોલાવતા જ ભરતજીની સામે આવીને ઊભું રહ્યું, આગળ ન વધ્યું. ભરતજી સમતા ન રાખી શક્યા. ફરી પણ ક્રોધથી કહેવા લાગ્યા કે અરે ચક્રપિશાચ ! હું પોતાના ભાઈના પાસે જવાનું કહું છું તો પણ નથી જતા એ મહા આશ્ચર્યની વાત છે. જાઓ, મારી પાસે ન રહો, એમ કહેતા થકા તેને ધકકો દઈને આગળ ખસેડયું. તેમ છતાં ભરતજીનું પુણ્ય તો ક્ષીણ ન હોતું થયું અને ચક્રરત્ન પામવા યોગ્ય સાતિશય પુણ્ય બાહુબલિની પાસે પણ ન હોતું. તેથી તે આગળ ન વધ્યું, પરંતુ સમ્રાટે જબરજસ્તીથી તેને ધક્કો દીધો તેથી સરકીને થોડે દૂર બાહુબલિની પાસે જઈને ઊભું. ચક્રરત્ન જેવા પુણ્ય પદાર્થનું અપમાન થયું. ભૂકંપ થયો, અકાલે ધૂમકેતુ દ્રષ્ટિગોચર થયો. સૂર્યબિંબ પણ મંદકાન્તિ યુક્ત થયો. આઠે દિશાઓમાં દુઃખપૂર્ણ અવાજ થયો. સાતિશય પુણ્યશાળીને અલ્પ પુણ્યશાળીની સેવા માટે ચક્રને મોકલ્યું તેથી આ બધું થયું. મહાપુણ્યશાળી સમ્રાટને પુણ્યોદયથી ષટ્ખંડ વશ થયા. જો તે પૂર્વ પુણ્યોપાર્જીત સામ્રાજ્યને જ્યારે હીણ પુણ્યવાળાને તે મળે તો સત્પથનો વિનાશ થઈને કુપથની ઉત્પત્તિ થાય. તો આ પ્રકારનો મહોત્પાત થાય, તેમાં આશ્ચર્યની શી વાત છે ? ન થવા યોગ્ય કાર્યને થવા યોગ્ય સમજીને મહાપુરુષ પ્રવૃત્તિ કરે તો લોકમાં અદ્ભુત વાતો કેમ ન થાય. બાહુબલિ પણ મનમાં વિચાર કરી રહ્યા હતા કે અરે ! મેં બહુ ખરાબ કર્યું.

ગરુડ મંત્રથી વિષ જેવી રીતે ઊતરે છે તેવી રીતે ભરતજીનાં મૃદુ વચનો સાંભળીને બાહુબલિનો ક્રોધ વિષ ઊતરી ગયો, હૃદય શાંત થયું.

ચઢાવેલી ફેણને જેવી રીતે સર્પ નીચે ઉતારે છે તેવી રીતે પેલાનો ગર્વ ઊતરી ગયો. ચિત્ત શાંત થયું. હા ! ભાઈની સાથે વિરોધ કરીને બહુ ભારે અપયશ વહોર્યો. આ રીતે વિચાર કરતા થકા બાહુબલિ સીધું મોઢું રાખીને ઊભા રહ્યા. તો પણ ભાઈની તરફ જોવાનો સંકોચ થતો હતો. નીચું મોઢું રાખીને ઊભા હતા. લમણે હાથ મૂકીને વિચાર કરવા લાગ્યા કે હું ઘણો જ અપહાસ્યને પાત્ર બન્યો. મારા મોટાભાઈની સાથે બહુ દ્રોહ કર્યો. ખરાબ કર્યું.

જ્યારે બાહુબલિ સીધા થઈને ઊભા રહ્યા ત્યારે બધા લોકોને એટલો સંતોષ થયો કે જાણે પોતા ઉપરનો એક ભાર જ ઓછો થયો હોય. તેમને નક્કી થઈ ગયું કે હવે યુદ્ધ નહિ થાય, બન્ને પિતાઓના યુદ્ધ જોવાનું પાપ અમને પ્રાપ્ત થયું છે. એવા પરિતાપથી ઊભેલા અર્કકીર્તિ, મહાબલકુમાર

આદિના મુખ પણ કાન્તિમાન થયા. મલ્લયુદ્ધ સિવાય આમ તો ગર્વ ગલિત નહિ થાય એ વાતની પ્રતીક્ષા કરવાવાળા મંત્રી મિત્રોને પણ કેવલ વાતોમાં જ જીતવાવાળા ચક્રવર્તીનું ચાતુર્ય જોઈને આશ્ચર્ય થયું. બધા લોકોએ પણ સમ્રાટના ચાતુર્યની પ્રશંસા કરી.

બાહુબલિની ઉગ્રતા ક્યાં અને શાંતિથી આવીને મૃદુવચનોથી તેના ક્રોધને શાંત કરવાનું ચાતુર્ય ક્યાં ? કોઈ પણ રીતે ભરતની બરાબરી કોઈ પણ નથી કરી શકતું. બોલવાની ગંભીરતા, ઊપદેશ દેવાની કલા, સહોદર પ્રેમ અને વાત્સલ્યપૂર્ણ વાતોથી જીતવાનો વિવેક ખરેખર અસદશ છે. આખી સેનાએ મુક્ત કંઠે ભરતજીની પ્રશંસા કરી.

યુદ્ધભેરી બજાવવા સન્નધ થઈને ભેરીકાર ઊભા હતા. તેઓ દૂર ખસી ગયા. એક આસન ત્યાં રાખવામાં આવ્યું. બાહુબલિ તડકે ઊભા હતા એ ભરતજીથી સહન ન થયું. ભરતજીએ આજ્ઞા કરી કે તેના ઉપર એક છત્ર રાખો. તેવી રીતે સેવકોએ કર્યું. ભરતજીનો ભ્રાતૃપ્રેમ ખરેખર અદ્‌ભુત છે. તે વખતે મહાબલકુમારે રત્નબલરાજને ઈશારાથી બોલાવ્યો. રત્નબલરાજ પણ દોડીને મોટાભાઈની પાસે આવી ગયા. રત્નબલકુમારને ભરતજીના ચરણોમાં નમસ્કાર કરાવીને મહાબલરાજે નિવેદન કર્યું કે સ્વામી ! આ મારા નાનાભાઈ છે. ભરતજીએ તેને બહુ પ્રેમથી ઊંચકીને ખોળામાં લીધા. તેને અનેક પ્રકારના ઉત્તમ પદાર્થો દઈને એમ કહ્યું કે બેટા ! જ્યાં સુધી આ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી તું તારા ભાઈની પાસે રહે.

લમણે હાથ મૂકીને બાહુબલિ પોતાની દુર્વાસના અને દુસ્ચારિત્ર પર મનમાં ને મનમાં જ ખિન્ન થવા લાગ્યા કેમકે તેઓ આસન્નમોક્ષક છે. બાહુબલિ મનમાં પશ્ચાતાપ કરતા થકા વિચાર કરવા લાગ્યા કે હાય ! હું પાપી છું. મોટાભાઈની સાથે વિરોધ કરીને કુલમાં લોકોપવાદ ઊભો કર્યો. ખરેખર કષાય ઘણી ખરાબ ચીજ છે, તે બધાને બગાડે છે. શું મારો ભાઈ મારો શત્રુ છે ? હાય ! દુષ્ટ કર્મે મને દગો દીધો. ઉગ્રભાવમાં મારી સાથે ઊભો રહીને આ રીતે લોકાપવાદનો પાત્ર બનાવ્યો, મારા દુરાગ્રહને ધિક્કાર છે. દિવ્યઆત્માનુભવી મારા ભાઈના ભ્રાતૃવાત્સલ્યને જરા જુઓ, નાહક મેં અન્યથા વિચાર કર્યો. હા ! મેં લોકને અસમ્મત કાર્યનો વિચાર કર્યો. કોણ જાણે કેમ પિતાજીએ મારું નામ ઉન્મત ન રાખતા મન્મથ રાખ્યું ? પિતાજી એ વિચાર કરીને મારું નામ મન્મથ રાખ્યું છે. પૃથુ (સ્થૂલ) કષાયને મેં ધારણ કર્યો છે તેનાથી મારા મનમાં વિશિષ્ટ વ્યથા થઈ. તે દુઃખપૂર્ણ મનનું મેં આ વખતે મંથન કર્યું છે. તેથી મને મન્મથના નામથી કહેવામાં કોઈ હરક્ત નથી.

જુઓ ! કર્મની ગતિ વિચિત્ર છે. ક્યાં હું બહુ ઊગ્રતાથી યુદ્ધની તૈયારી કરીને આવ્યો અને ક્યાં યુદ્ધ રંગમાં આવીને ઊભો રહ્યો. અને ભાઈના મૃદુવચનો સાંભળીને ક્ષણમાં શાંત થયો. ખરેખર કર્મની દશા ક્ષણક્ષણમાં બદલાય છે. મંત્રી અને મિત્રોએ કેટલા વિનય અને અનુનયથી મને સમજાવ્યો. માતુશ્રીએ કેટલા પ્રેમથી ઉપદેશ આપ્યો. મારી સમસ્ત રાણીઓએ કેટલા પ્રેમથી કહ્યું પરંતુ કોઈનું ન સાંભળતાં બધાને ફસાવીને ચાલ્યો આવ્યો. જિન જિન ! હું બહુ મોટો દુષ્ટ છું, એ પણ જવા દ્યો. મારા ભાઈનાં પુત્ર મને જોવા માટે આવ્યા. ત્યારે પણ મારું હૃદય ન પીગળ્યું, મેં તેમનો તિરસ્કાર કર્યો. ખરેખર હું મદન નથી. મારું હૃદય પથ્થરનું છે. અર્હન્ ! મને ધિક્કાર હો. બધા લોકોએ,

નીતિના ઉપદેશ દેતા થકા તમારા ભાઈ છે, અગ્ર જ છે, ઈત્યાદિ શબ્દથી ભરતને સંબોધ્યા પરંતુ મેં તો, તે છે, એ છે, રાજા છે, ચક્રવર્તી છે આદિ વ્યંગ શબ્દોથી જ તેમનો સંકેત કર્યો, ભાઈના નામથી, ન બોલાવ્યા, કેટલું કઠોર હૃદય છે મારું ? લોકની સામે મોટા ભાઈએ પોતાની હાર બતાવી. ચક્રરત્નને ધક્કો દીધો, ત્રિલોકમાં વિશિષ્ટ ચક્રરત્નનું અપમાન થયું. આ બધું મારા કારણે થયું છે. ખરેખર આ મારે શરમની વાત છે. અપયશ રૂપી કલંક મને લાગ્યું. હવે આ કલંકને ઘરપર રહીને ધોઈ નહિ શકું. તપશ્ચર્યાથી જ તેને ધોવું પડશે. આ રીતે બાહુબલિએ વિચાર કર્યો, મોહની કર્મનો ઉપશમ કરવાથી આવા પ્રકારના પરિણામ થાય એમાં આશ્ચર્યની વાત શી છે ?

ફરી વિચાર કરવા લાગ્યા કે હું પથ્થરની સમાન ભાઈની સામે ઊભો રહીને પછી રાજ્ય કરું તો બીજા રાજાઓ ઉપર શું પ્રભાવ પડે અને તેઓ શું વિચાર કરશે. આ સભામાં જે રાજાઓએ મને જોયો છે તેઓ મને બહુ જ તિરસ્કારની દ્રષ્ટિથી જોશે.

તેથી હવે દીક્ષા માટે જવું જ સારું છે. આ રીતે વિચાર કરીને ભાઈની તરફ ન દેખતાં એકવાર શાંત નેત્રોથી બધી સેના તરફ જોયું. આકાશ અને ભૂતલપર વ્યાપ્ત તે વિશાલ સેનાને જ્યારે બાહુબલિએ જોઈ ત્યારે સેનાએ તેમને નમસ્કાર કર્યા, બાહુબલિ લજ્જિત થયા. તેઓએ વિચાર કર્યો કે મને આ નમસ્કાર કેમ કરી રહ્યા છે. તેઓએ બીજી તરફ જોયું, તો વિજયાર્ધ દેવ, હિમવંત દેવે બહુ ભક્તિપૂર્વક બાહુબલિને નમસ્કાર કર્યા. વળી બાહુબલિને બહુ માઠું લાગ્યું. તેઓએ બીજી તરફ મોઢું ફેરવ્યું. ત્યાંથી માગધામર, નાટયમાલ, પ્રભાસેન્દ્ર વગેરે વ્યંતર મુખીઓએ નમસ્કાર કર્યા. બાહુબલિ લજ્જાથી આમ તેમ જોવા લાગ્યા. બન્ને બાજુથી રાજા, મંત્રી, મિત્રોએ અને પુત્રોએ બાહુબલિને નમસ્કાર કર્યા તો બાહુબલિએ વિચાર કર્યો કે હાય ! અપયશના પર્વત જ આવીને ઊભા થઈ ગયા. શું કરું !

હવે સેનાની તરફ જોવું બંધ કરીને નીચે મોઢું રાખીને ઊભા રહ્યા. મનમાં વિચાર કર્યો કે હવે મોટાભાઈને પોતાના મનની વાત ચોખ્ખે ચોખ્ખી કહી દઉં.

વાચકોને આ પ્રકરણ જોઈને કર્મની વિચિત્ર ગતિપર આશ્ચર્ય થયા વિના નહિ રહે. હોનહાર પ્રબળ છે, તેને કોણ ટાળી શકે. ભરતજીએ કેટલાય પ્રકારથી પ્રયત્ન કર્યા કે ભાઈના ચિત્તમાં કોઈ ક્ષોભ ન થતાં પોતાનું કાર્ય થઈ જાય. તેઓ પહેલેથી ઈચ્છતા હતા કે બીજા સહોદર જેવી રીતે ગયા તેવી રીતે આ પણ ના ચાલ્યા જાય. તેથી બધા કાર્યમાં કુશલ ચતુર દક્ષિણાંકને જ તે કાર્ય માટે મોકલ્યા. તેઓએ ખૂબ પ્રયત્ન કર્યો પણ વ્યર્થ ગયો. મંત્રી મિત્રોએ હરેક રીતે વિનય અને અનુનયથી પ્રાર્થના કરી તેને પણ લાત મારી. માતાએ બહુ જ હૃદયગમ ઉપદેશ દીધો તેમને પણ ધકકો માર્યો, આઠ હજાર સ્ત્રીઓની પ્રાર્થના નકામી ગઈ. અર્કકીર્તિ આદિ પુત્રોને દર્શન પણ ન થઈ શક્યા. અનેક અપશુકન થવા છતાં પણ અવહેલના કરવામાં આવી, માનકષાય અતિ પ્રબલ છે. તે મહા મહા મોક્ષગામીઓને પણ તત્ત્વ વિચારથી વિમુખ કરી દે છે. તે ગર્વપર્વત પર ચઢયા પછી પોતાનો સગોભાઈ પણ શત્રુના રૂપે દેખાય છે હિતૈષી માતા પણ અહિત કરનારાની સમાન લાગે છે. કષાય

બહુ બૂરી ચીજ છે. તેણે ભાઈની સાથે યુદ્ધ સન્નધ કરીને ઊભા કરી દીધા.

(યુદ્ધ કરવાનું નક્કી થયું. તેમાં પણ ત્રણ ધર્મયુદ્ધ કરવાનો નિશ્ચય થયો. યુદ્ધ પ્રત્યક્ષ ન થવા છતાં પણ ભરતજીએ પોતાના સહોદરના મનને શાંત કરવા પોતાની હાર બતાવી. અને ચક્રરત્નને બાહુબલિની સેવામાં જવા માટે ધક્કો દીધો. આ પ્રસંગ ગ્રંથાંતરોનાં કથનથી વ્યત્યસ્ત હોવા છતાં પણ ગ્રંથકારે આ ઘણી ખૂબીપૂર્વક વર્ણન કર્યું છે. ભરતેશવૈભવ એ ગ્રંથના નામની સમન્વય દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો એ ભેદ ગૌણ થઈ જાય છે. કદાચિત સ્થૂલ દૃષ્ટિથી વિરોધ દેખાય તો પણ ગ્રંથકારના હૃદયમાં સ્થિત ભરત રાજર્ષિની ભક્તિ જ આ કથન માટે કારણ છે, બીજું કાંઈ નહિ. એક તરફ બાહુબલિનો આટલો કઠોર વ્યવહાર, બીજી તરફ ભરતજીની મર્યાદાતીત કોમલ નીતિ ! આ બન્ને વાતો સમજવા અને વિચારવા લાયક છે.)

ભરતજીએ પોતાના વ્યવહારથી સિદ્ધ કર્યું કે કઠણમાં કઠણ હૃદયને પણ મૃદુવચનો દ્વારા પાણી પાણી કરી નખાય છે. અભિમાન પર્વત પર ચઢેલા મનુષ્યને પણ શાંત અને વિનયપૂર્ણ હૃદયથી નીચે ઉતારી શકાય છે. અભિમાનીને જોઈને માનીનું માન ચઢે છે. નિરભિમાની મંદકષાયને જોઈને તે કેવી રીતે ચઢી શકે ? આત્મભાવક પુરુષોનાં હૃદય, કાર્ય, વ્યવહાર, વચન, વૃત્તિ, અને પ્રવૃત્તિ આદિ સર્વ વાતો નિરાળાં જ રહે છે. તેમનો પ્રભાવ ક્યે વખતે ક્યા આત્મા પર કેમ અથવા કેવો પડશે તે પહેલેથી કહી ન શકાય. તે અચિંત્ય છે.

ભરતજીને આ વાતનો વિશિષ્ટ અભ્યાસ છે. તેથી અજેય શક્તિને પણ જીતવાનું ધૈર્ય તેમનામાં છે. તેઓ સદા આ પ્રકારની ભાવના કરે છે કે :–

''હે પરમાત્મા ! તમે તમારી બોલી તમારી દૃષ્ટિ અને ખેલથી પાપરૂપી પર્વતના ચૂરેચૂરા કરીને લોકાધિપત્યને પ્રાપ્ત કર્યું છે તેથી હે ચિદંબરપુરુષ ! મારા અંતરંગમાં અવિરતરૂપે નિવાસ કરો એ મારી પ્રાર્થના છે.''

હે સિદ્ધાત્મા ! આ શરીર ભિન્ન છે, આત્મા ભિન્ન છે, આ પ્રકારના તત્ત્વાર્થને વારંવાર કહીને સંપૂર્ણ પ્રાણીઓનાં હૃદયના અવિવેકને આપ દૂર કરો છો. હે જગન્નાથ ! મને સદા વિવેકપૂર્ણ વચનો બોલવાનું સામર્થ્ય આપો.''

આ ભાવનાનું ફળ છે કે ભરતજી સદા સર્વવિજયી થાય છે.

# ૩૨. ચિત્તજનિર્વેગ સંધિ

**ભ**રતજીએ વિચાર કર્યો હતો કે જો યુદ્ધમાં ભાઈને હરાવીશ તો તે દીક્ષા લઈને ચાલ્યા જશે તેથી પ્રત્યક્ષ યુદ્ધ ન કરતાં આવા પ્રકારના વચનોથી તેના હૃદયને શાંત કરવું. પરંતુ કેટલાક લોક સાક્ષાત યુદ્ધ કર્યું એમ વર્ણવે છે. દૃષ્ટિયુદ્ધ, જલયુદ્ધ અને મલ્લયુદ્ધમાં પોતાના નાના ભાઈની જીત બતાવીને ભરતજીએ પોતાની હાર બતાવી. પરંતુ અન્યસ્થળે એવું વર્ણન જોવામાં આવે છે કે સાક્ષાત યુદ્ધ કરીને જ બાહુબલિએ ભરતને હરાવ્યા. પરંતુ વિચાર કરવાની વાત છે કે શું કામદેવ ચક્રવર્તીને જીતી શકે ?

કામદેવમાં જગતને મોહ પમાડવાનું સામર્થ્ય છે, તો શું ષટખંડાધિપતિને જીતવાનું સામર્થ્ય છે ? ચાંદનીમાં ઉજ્જવલ પ્રકાશ હોઈ શકે છે તો શું તે સૂર્યકિરણોને પણ ફિકકું પાડી શકે ? કદી નહિ. તેથી કામદેવની શક્તિ અને સાર્વભોમ સમ્રાટની શક્તિ કદી સરખી હોઈ શકે નહિ. કામસેવન, ભોજન, પૃથ્વી અને પર્વત સ્થિત સર્વ સેનાઓના પાળવામાં કામદેવ ચક્રવર્તીની બરાબરીમાં ન આવી શકે.

ચક્રવર્તીએ સર્વ સેનાઓની સામે પોતાની હાર સ્વીકારી, ચક્રરત્નને બાહુબલિની પાસે જવા માટે ધક્કો માર્યો. નાનાભાઈ પોતે જ મોટાભાઈ ઉપર વક્રી બન્યા. આ કાળચક્રનો દોષ છે. ચક્રને જે વખતે ભરતજીએ ધક્કો માર્યો ત્યારે તે જઈને થોડે દૂર થંભી ગયું. કેમકે તેને ધારણ કરવાનું પુણ્ય બાહુબલિને નહોતું અને તેને ગુમાવવાની પુણ્યહીણ અવસ્થા ભરતજીને નહોતી આવી. પરંતુ કલ્પના કરવામાં આવે છે કે આ ચક્રરત્ન કામદેવની સેવામાં જઈને ઊભું રહ્યું. લોકમાં નિયમ છે કે અર્ધચક્રવર્તી જે વખતે પોતાના શત્રુ ઉપર ચક્ર મૂકે છે ત્યારે તે શત્રુની જ તહેનાતમાં જઈને અર્ધચક્રવર્તીને જ મારી નાખે છે. પરંતુ સકલ ચક્રવર્તીનું ચક્ર સામેના રાજાથી હાર કદી પામે ? કદી નહિ.

જ્યારે સમ્રાટ મૃદુ યુદ્ધ કરવા કબૂલ થયા ત્યારે તે ચક્રરત્ન દ્વારા ભાઈ પર આક્રમણ કેવી રીતે કરી શકે ? શું ભરત સદશ ભવ્યઆત્મા પોતાના ભાઈના પ્રાણઘાતની ભાવના કરે ? યુદ્ધમાં ભાઈની હાર ન થાય અને તેના ચિત્તમાં દુઃખ થવાથી તે દીક્ષા માટે ન ચાલ્યા જાય તેથી ભરતજીએ સદ્‌ગુણ પૂર્ણ વચનોથી જ તેને જીતી લીધા. દીક્ષા લીધા પછી અલ્પવારમાં જ મુક્તિ પામનારા મંદ કષાયના હૃદયમાં ક્રૂર ગુણ કેમ હોય ?

બાહુબલિનું ચિત્ત અત્યંત પીડા પામી રહ્યું છે. તેણે ઘણો પ્રશ્ચાતાપ કર્યો. તેણે ભરતની તરફ શાંત હૃદયથી જોયું અને કહેવા લાગ્યા કે 'ભાઈ ! મને ક્ષમા કરો. મારા સર્વ અપરાધો ભૂલી જાઓ. ઉત્તરમાં ભરતજીએ કહ્યું કે 'ભાઈ ! તમારો કાંઈ પણ અપરાધ નથી. તમારી કોઈપણ વૃત્તિથી મને અસંતોષ નથી. મારા હૃદયમાં જરાય તમારે માટે અન્યથા ભાવ નથી.'

બાહુબલિ- 'ભાઈ ! મેં તમારા પ્રત્યે દુષણ-વ્યવહાર કર્યો તોપણ આપે તો મારા પ્રત્યે ભૂષણ-વ્યવહાર કર્યો. દોષ મારા હૃદયમાં હતો તેથી તે મને દુઃખી કરી રહ્યો હતો આપના હૃદયમાં દોષ ન હોવાથી પરમ સંતોષ હતો.'

ભરતજી- કામદેવ ભાઈ ! એવું ન બોલો. તમે અને હું કોઈ જુદા નથી; આ રીતે દુઃખી ન થાઓ; મને જરાય પણ તમારાથી દુઃખ થયું નથી.

બાહુબલિ- મને કોઈપણ વાતની ચિંતા નથી પરંતુ મારી એક જ ઈચ્છા છે તેનો સ્વીકાર કરો.

ભરતજી- ભાઈ ! બોલો, તમે શું ઈચ્છો છો ? હું તમારી બધી ઈચ્છાઓ પૂર્ણ કરીશ.

બાહુબલિ- મોટાભાઈ ! મને દીક્ષા લેવાની અનુમતિ આપો. હું તપોવનમાં જઈશ.

સમ્રાટ ભરત આ સાંભળીને પોતાના આસનમાંથી એકદમ ઊઠયા. બાહુબલિને આલિંગન આપીને કહેવા લાગ્યા કે ભાઈ ! આ એક વાત છોડીને બીજી કોઈપણ વાત હોય તો કહો. આમ દીક્ષાને માટે જવાનું શું કારણ છે ? યુદ્ધમાં હાર થઈ અથવા શું તમારા ઉપર આક્ષેપ કરીને હું બોલ્યો ? મોક્ષકાર્યનો આપણે પછી વિચાર કરીશું, આજે આવા ક્ષોભની કાંઈ જરૂર નથી.

બાહુબલિ- 'હાર તો કાંઈ નથી થઈ પરંતુ યુદ્ધરંગમાં તમારા પ્રત્યે વિરોધ દેખાડવા સુધીની ક્ષુદ્રતા મેં બતાવી. ક્ષણભંગુર કર્મને વશીભૂત થઈને મારે એવું કરવું પડયું જેથી મને દુઃખ થયું તેથી મારા અંતરમાં પૂર્ણગ્લાનિ થઈ છે. તેથી હું જઈશ.'

ભરતજી- મારા સહોદર ! જો મારા સાથે યુદ્ધ ક્ષેત્રમાં ઊભા રહે તો તેથી શું બગડી ગયું ? તે તો મારે માટે એક વિનોદની વાત છે. પરંતુ વિચાર કરવાની જરૂર શું છે ? યુદ્ધના ઈશારાની ભેરી તો નથી બજાવવામાં આવી ને ?

બાહુબલિ- મોટાભાઈ ! શુષ્ક ચામડાની ભેરીનો અવાજ ન થયો તો શું થયું ? પરંતુ નિષ્કરુણ વૃત્તિથી મેં જે દુષ્કરાચરણ કર્યું તેને તો લોકની મુખ ભેરી કિલ્બિષની સમાન બોલી રહી છે. તે શું ઓછી વાત છે ? મોટાભાઈ ! તમારે મુખે જે બોલવા યોગ્ય નથી એવા લઘુ વાક્યો મેં બોલાવ્યા. મારી નિષ્ઠુરતાથી ચક્રરત્ન પણ કાન્તિહીન થઈને એક તરફ જઈને ઊભું રહ્યું. આમાં વિશેષ હારની શી જરૂર હતી ? હદ થઈ ગઈ ! બસ બસ.'

ભરતજી- 'ભાઈ ! આમાં તમારો શો અપરાધ છે ? હુણ્ડાવસર્પિણીનાં દોષે મારી આ રીતે હાર થશે એ વાત પિતાજીએ પહેલેથી મને કહી છે, તેથી તમે અન્યથા વિચાર ન કરો.'

બાહુબલિ- 'મોટાભાઈ ! કાલ દોષથી થનારી દુર્ઘટના મારા દ્વારા પ્રગટ થઈ એ વાત હવે લોકો નહિ ભૂલી શકે. હવે આ કલંક કૈલાસમાં જ જઈને ધોઈ શકીશ. હવે વાર ન લગાડતા મારી પ્રાર્થનાનો સ્વીકાર કરો.'

ભરતજી- 'ભાઈ ! આ વાત ન કહો, મારું મન પ્રસન્ન કરવાનું તમારું કર્તવ્ય છે. મને પ્રસન્ન કર્યા પછી તમે જઈ શકો છો.' આ રીતે ભરતજીએ બાહુબલિને બહુ પ્રેમથી કહ્યું.

બાહુબલિ-'મોટાભાઈ ! હું દીક્ષા લઈને મોક્ષમંદિરમાં તમારી પ્રતિક્ષા કહીશ. આજ પિતાજીની પાસે જાઉં છું. સ્વીકાર કરો. હવે સંસાર સુખની લાલસા મારા ચિત્તમાં નથી રહી. આપની સાથે જે મમત્વપરિણાતિ હતી તે ચિત્તમાંથી ખસી ગઈ. જો મન મૂંડાઈ ગયું તો તેને હવે તેજ કેમ કરી શકું ? તેથી તમે મને પ્રેમથી જવા માટે કહી દ્યો. એ હું તમારી પાસે માગું છું. જે દેહે મોટાભાઈના વિરોધમાં ઊભા રહેવામાં સાથ દીધો તે દેહને તપશ્ચર્યા દ્વારા માટીમાં મેળવીશ જે કર્મે મને ભૂલથાપ

દીધી અને જેણે મને બાળ્યો તે કર્મમાં ન જોડાતાં હું તેને બાળી નાંખીશ, અને મોક્ષસામ્રાજ્યનો અધિપતિ બનીશ. તમે જુઓ તો ખરા. મોટાભાઈ હર હંમેશ શક્તિ વધતી નથી, વિરક્તિ જ્યારે ઈચ્છીએ ત્યારે શું આવી શકે ? તેથી આજે મુક્તિને માટે ઉપર્યુક્ત સાધનની પ્રાપ્તિ થઈ છે. તેથી આ વખતે આત્મસાધન કરી લેવું તે મહાયુક્તિ છે. તેથી મને રોકો નહિ જવા દ્યો.'

ભરતજી-'ભાઈ ! એમ નહિ બની શકે. તમે અને હું કેટલાક દિવસ રાજ્ય સુખ ભોગવીને પછી દીક્ષા લઈને જઈશું. હું તમારા ભરોંસે રહું છું. પરંતુ તમે મને છોડીને જાઓ છો તે ઠીક નથી. ભાઈ ! વિચાર કરો મારા છ ભાઈ તો પિતાજીની સાથે જ ચાલ્યા ગયા. ત્રાણું ભાઈ કાલે જ દીક્ષા લઈને ચાલ્યા ગયા. જો તમે પણ ચાલ્યા જશો તો મારું નસીબ ફૂટી નહિ જાય ? તેથી મારી વાતનો સ્વીકાર કરો, જવાનો વિચાર છોડી દ્યો.'

બાહુબલિ-'મોટાભાઈ ! કોણ રહીને આપને સાથ આપી શકે તેમ છે ? આપના કુમાર છે એ તો બધી રીતે યોગ્ય છે. બધી વાતોની સમૃદ્ધિ છે તેથી મને જવા દ્યો. મોટા ભાઈ ! હવે વિશેષ આગ્રહ ન કરો, ભગવાન આદિનાથ સ્વામીના સોગન છે, આપના ચરણોના સોગન છે, મારા ગુરુશ્રી હંસનાથ (પરમાત્મા) જ તેના સાક્ષી છે. હવે હું નહિ રહું, હું અવશ્ય દીક્ષા માટે જઈશ સંતોષ પૂર્વક રજા આપો, હવે મને રોકો નહિ.'

આ પ્રકારે કહેતા થકા ભરતના ચરણોમાં બાહુબલિએ પોતાનું મસ્તક રાખ્યું ભરતજીનાં નેત્રોમાંથી ધારાપ્રવાહરૂપે અશ્રુધારા છૂટી. કહેવા લાગ્યા કે ભાઈ ! ઊઠો ! તમે જે ઈચ્છો છો તે કરો.

આ સાંભળતાં જ હર્ષપૂર્વક બાહુબલિ ઊઠયા અને પોતાના મોટા પુત્ર મહાબલ કુમારને ઊંચકીને ભરતના ચરણોમાં મૂક્યા.

ભરતજી રડી રહ્યા છે, પરંતુ બાહુબલિ હસી રહ્યા છે. બંધનબદ્ધ હાથીને છોડવાથી જેવી રીતે તે પ્રસન્નતાથી જંગલમાં જાય છે તેવી રીતે બાહુબલિએ પ્રસન્નતાથી બધાને હાથ જોડયા અને ત્યાંથી સમસ્ત સંઘ છોડીને જઈ રહ્યા છે. સેના આશ્ચર્યપૂર્વક તે જોઈ રહી છે.

એવામાં એક મોટી દુર્ઘટના બની. ભરતના મહાભક્ત કુટિલ નાયક શઠનાયક બે મિત્રોને બાહુબલિ ભરતની વિરુદ્ધ થઈને ઊભા રહ્યા એ વાતનું બહુ દુઃખ થયું. સેનાના સમસ્ત સજ્જનોની દૃષ્ટિમાં ભરત અને બાહુબલિ બન્ને સ્વામી છે. પરંતુ કુટિલનાયક શઠનાયકને સમ્રાટની પ્રતિ અતિ વિશેષ ભક્તિ છે, તેથી બીજાની તેને પરવા નથી. તેઓ એમ માનતા હતા કે અમારા સ્વામી ભરતને માટે તેઓ અનુકૂળ થયા હોય તો તે બાહુબલિ અમારા સ્વામી છે. જ્યારે અમારા સ્વામીની સાથે તેણે વિરોધ વ્યવહાર કર્યો તો તે અમારા સ્વામી કેવી રીતે હોઈ શકે ? તેથી કેટલેક દૂર તેઓ બન્ને બાહુબલિની પાછળ ગયા અને બોલ્યા.

'હે ભાગ્યફૂટા બાહુબલિ ! સાંભળો. ભરતજીને નમસ્કાર કરીને સુખેથી તમે ન રહી શકયા. જૂઓ, હવે ભિક્ષાને માટે તો ભરતના રાજયમાં જ આવવું પડશે ને ? સૂવાને માટે, ખાવાને માટે,

તપશ્ચર્યા કરવાને માટે ભરતના રાજ્ય સિવાય બીજું સ્થાન તમારે માટે ક્યાં છે ? જાઓ ! બાહ્યવિવેકીઓનાં રાજા ! જાઓ ! રાજ્યમાં રહીને આરામથી સુખ ભોગવવાનું ભાગ્ય તમને નથી, હવે ભટકી ભટકીને ખાવાનો વખત આવ્યો છે, ભાઈનાં દ્રોહના કર્મફલનો આ ભવમાં અનુભવ કરો, પધારો, પધારો ! રાજા ! ભીખ માગીને ભોજન કરો. ઘાસ અને કાંટાથી ભરેલા જંગલમાં સૂઓ. આવી તમારી દશા થઈ ગઈ છે.' આ રીતે બાહુબલિને ખીજવતા થકા દાંત ખીખાડા કાઢી કાઢીને તાળી પાડી પાડીને બોલી રહ્યા હતા.

હૃદયમાં શાંતિ ધારણ કરતા થકા બાહુબલિ જઈ રહ્યા હતા. પરંતુ તેમના ક્રોધોત્પાદક વચનો સાંભળીને જરા પાછળ ફરીને કોપ દૃષ્ટિથી જોયું. વળી મનમાં વિચાર આવ્યો કે તપશ્ચર્યાને માટે હું નીકળ્યો છું. તેથી ગમ ખાવી તે મારું કર્તવ્ય છે.

બાહુબલિના મિત્ર, મંત્રી અને સેનાપતિએ પણ ભરતજીને પ્રાર્થના કરી કે અમને પણ દીક્ષા લેવાની અનુમતિ આપો, ભરતજીએ ખૂબ રોકવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તે રાજી ન થયા. તેઓ બાહુબલિને છોડીને કેવી રીતે રહી શકે ? કેમકે બાહુબલિના તેઓ હિતૈષી છે. વળી ભરતજીએ મંત્રી અને સેનાપતિને કહ્યું કે નાની માને બાહુબલિના જવાથી ખૂબ દુઃખ થશે તેથી તેમનું દુઃખ શાંત કરવું એ આપણો ધર્મ છે, માટે ત્યાં સુધી તમે રોકાઈ જાઓ. પછી દીક્ષા લ્યો. આ રીતે મંત્રી અને સેનાપતિને રોકીને બાકીના મિત્રોને અનુમતિ આપી દીધી. તે મિત્રોએ પોતાના પુત્રોને ભરતજીના ચરણોમાં છોડીને બે વિમાન લઈને બાહુબલિની પાસે પહોંચ્યા. બાહુબલિને કહ્યું કે આપ એક વિમાન ઉપર ચઢી જાઓ. બાહુબલિએ કહ્યું કે મારે માટે સ્વતંત્ર વિમાનની શી જરૂર છે ? હાલ આપણે બધા એક જ વિમાન ઉપર બેસીને જઈએ. ત્યારે તે લોકોએ પ્રાર્થના કરી કે કૈલાસ પર્વત સુધી રાજ તેજમાં જ જવું જોઈએ અમે એક વિમાન પર બેસીશું.

આ રીતે બે વિમાનો ઉપર ચઢીને બાહુબલિ અને તેમના મિત્ર કૈલાસ પર્વત પર પહોચ્યાં અને ભગવાન આદિ પ્રભુના દર્શન કરીને તેમના યોગીરૂપને ધારણ કરી લીધું, આથી વિશેષ શું કહીએ. આ તરફ સમ્રાટ અશ્રુપાત કરતા થકા બાહુબલિના બન્ને પુત્રોના હાથ ઝાલીને રાજમંદિરની તરફ બહુ દુઃખ પામતા થકા જઈ રહ્યા છે.

બાહુબલિ દીક્ષા લઈને ચાલ્યા ગયા એ સમાચાર સાંભળતા જ યશસ્વતી મહાદેવીને ઘણું દુઃખ થયું. તે મૂર્છા પામી શૈત્યોપચારથી તેને જાગ્રત કરવામાં આવ્યા તો પણ ફરી અનેક પ્રકારના વિલાપ કરવા લાગ્યા. હા ! નાના ભાઈ ! દીક્ષા લઈને ચાલ્યા ગયા ! હા ! મારા નાના હાથી મદોન્મત થઈને ચાલ્યા ગયા ! શું તેને કોઈ રોકનાર મળ્યું નહિ ? આખા અંતઃપુરમાં રોકકળાટ મચી ઊઠયો. ભરતજી બન્ને પુત્રોને માતાજીનાં ચરણોમાં રાખીને દુઃખ પામતા બેઠા છે.

એવામાં રાત્રિ પડી. તે રાત્રિ દુઃખ જાગરણમાં જ પૂરી થઈ. પ્રાતઃકાલમાં ઝંઝાનિલ નામના દૂતે પૌદનાપુરમાં જઈને સમાચાર દીધા એ સમાચાર સાંભળતાં જ સુનંદાદેવી મૂર્છિત થઈ ને ઢળી પડી. અનેક પ્રકારના ઉપચાર કરવામાં આવ્યા. જાગ્રત થઈને પૂછવા લાગ્યા કે 'ઝંઝાનિલ ! કામદેવ-મારા પુત્ર ક્યાં ચાલ્યા ગયા ? તેને દીક્ષા જ પસંદ આવી ? શું ખરેખર ગયા ?'

ઝંઝાનિલ કહેવા લાગ્યા કે 'માતા ! એમાં શંકા નથી. હું જાતે જ છાવણીમાં જોઈને આવ્યો છું. તેઓ પોતાના મિત્રોની સાથે પિતાજીની પાસે ચાલ્યા ગયા છે. ત્યાં જઈને દીક્ષા લેશે. સુનંદા દેવી ફરી વિલાપ કરીને કહેવા લાગી કે કેવું નિષ્ઠુર હૃદય છે. અરે ! હું મોટાભાઈને જોઈને આવું છું. એમ કહીને ચાલ્યા ગયા. શું ત્યાં જવાથી વૈરાગ્ય ઊપજ્યો ? ન બને ઝંઝાનિલ ! કહે શું બન્યું છે.'

ઝંઝાનિલ- 'માતા ! આપનું કહેવું ઠીક છે. અહીં એમ કહીને ગયા હતા કે 'હું મોટાભાઈને મળીને આવીશ.' પરંતુ ત્યાં ગયા પછી યુદ્ધ કરવાનો જ હઠ લીધો. છેવટે મિત્રોએ મલ્લ, જળ અને નેત્ર યુદ્ધનો નિર્ણય કર્યો. એ યુદ્ધમાં પણ ભાઈનું હૃદય દુભાશે એવા વિચારથી ભરતજીએ પ્રત્યક્ષ યુદ્ધ ન કર્યું. બધી સેના સાંભળે એ રીતે કહ્યું કે 'ભાઈ ! તમારી જીત થઈ ગઈ, હું હારી ગયો.' એટલું જ નહિ, ભરતજીએ સ્પષ્ટ કહ્યું કે 'બાહુબલિ ! ષટખંડ રાજયનું પાલન કરો, મને એક નાનું રાજ્ય આપી દ્યો, હું આનંદથી રહીશ, આથી પણ અધિક તેઓએ ચક્રરત્નને બાહુબલિની સેવામાં જવા માટે કહ્યું, જ્યારે તે ન ગયું ત્યારે ધક્કો મારીને બાહુબલિની પાસે મોકલ્યું. આ બાબતોથી પોતે લજ્જિત થઈને બાહુબલિ દીક્ષાને માટે ચાલ્યા ગયા.'

આ વાત સાંભળીને ફરી સુનંદા દેવીને દુઃખ થઈ રહ્યું છે. ફરી ફરી મૂર્છા પામે છે અને જાગ્રત થઈને વિલાપ કરે છે, 'બેટા ! તમે મને મારી નાંખી, તમને તમારી સ્ત્રીઓનું ધ્યાન ન રહ્યું, પોતાના નાના પુત્રોનો પણ વિચાર ન કર્યો. આટલી ઉંમરમાં દીક્ષા લેવી શું યોગ્ય છે ? બેટા ! મોટાભાઈના વિરોધમાં ઊભા રહીને રણભૂમિમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય અને જુવાનીમાં દીક્ષા લ્યો એવી રીતે ભૂલેચૂકે પણ મેં કદી આશીર્વાદ નહોતો આપ્યો, તો આમ કેમ બન્યું ? લોકને મોહ ઉપજાવનારું તમારું રૂપ ક્યાં, તમારો વૈભવ ક્યાં અને આ મુનિ વેશ ક્યાં ? આ બધું સ્વપ્નની સમાન લાગે છે.' આ રીતે બાહુબલિની માતા હરેક રીતે દુઃખી થઈ રહી છે.

આ તરફ કામદેવના અંતઃપુરમાં જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે રાણીઓ પરવશ થઈને રોવા લાગી. તેમને મર્યાદાતીત દુઃખ થયું હતું. મોક્ષ જવાના સમાચાર હોત તો તેઓ બધી નિરાશ થઈ જાત, પરંતુ દીક્ષા લેવાના સમાચાર હોવાથી ફરીને પતિને દેખવાની ઈચ્છા રહી છે. અંતઃપુર દુઃખમય થઈ રહ્યું છે. વિશેષ શું ? વીજળી ચમકીને મેઘની ગર્જના થઈને ધોધમાર વરસાદ જેવી રીતે પડે છે તેવી રીતે અશ્રુજલની વર્ષા તે સમે થઈ રહી હતી. 'દેવ ! શું અમને છોડીને ચાલ્યા ગયા ? જીવતા જીવતા જઈને અમને મારી નાખ્યા ? તમને અંગનાઓના સંયોગથી ઉપેક્ષા થઈ ગઈ ? શું મુકત્યંગનાના સંગની તરફ ચિત્ત વળ્યું ? યુદ્ધસ્થાનના બહાનાથી દૈવ તમને આગળ લઈ ગયા, આશ્ચર્ય છે ! પ્રાણકાંત ! આપને જે ગર્વ ઊપજ્યો તે હુણ્ડાવસર્પિણીનું જ ફળ છે. કામદેવ થઈને પણ જ્યારે તમે સ્ત્રીઓને મારી તો તમને પુષ્પબાણ કહેવા કે સર્પબાણ કહેવા ? દેવ ! તમે અનેક વાર કહેતા હતા કે આપણા લોકોના શરીર બે છે, આત્મા એક જ છે. આ રીતે કહીને અમારું ચિત્ત હરી લીધું તો શું અમે અહીં રહી શકીશું ? તમારી પાછળ જ આવીશું. હે પ્રિય પોપટ ! અમે હવે પતિદેવના માર્ગે જઈએ છીએ. અમારું સ્મરણ તમે હવે ન કરો.

'બાણપક્ષી ! મયુર ! હે ઝૂલા અથવા શય્યાગૃહ ! સાંભળો ! તમારા ભોગની હવે અમને જરૂર નથી. હવે અમે યોગને માટે જઈએ છીએ. હે લતા ! નંદનવન ! શીતલ સરોવર ! કમલ !

મારુત ! મત્તાલિ ! તમે પણ સાંભળો, અમારા પતિ જે દિશા તરફ ગયા છે તે દિશામાં અમે જઈએ છીએ. તમે સુખેથી રહો.'

આ રીતે અનેક પ્રકારથી વિલાપ કરતી થકી તે રાણીઓ સાસુની પાસે આવી અને સાસુના ચરણોમાં નમસ્કાર કરીને કહેવા લાગી કે 'માતાજી ! આપના પુત્ર આગળ ગયા છે. અમે જઈને તેને સમજાવીને પાછા લાવીશું. જતી વખતે તેઓ અમને કહ્યું હતું કે 'હું યુદ્ધને માટે નથી જતો, હું મોટાભાઈને નમસ્કાર કરીને પાછો આવીશ.' આ રીતે અમને ફસાવીને ચાલ્યા ગયા. આવા દગલબાજીને દીક્ષા દઈ શકાય કે ? અમે જઈને મામાજી (આદિપ્રભુ)ને જ આ વાત પૂછીશું, અમને આજ્ઞા દ્યો.

'માતાજી ! ખાધું, પીધું મોજ કરી. અસંખ્ય વૈભવનો અનુભવ કર્યો, હવે અહીં રહેવાનું શું પ્રયોજન ? પતિદેવ જે દીક્ષાને માટે ગયા છે તે દીક્ષાને માટે અમે પણ જઈશું, આજ્ઞા આપો નેત્ર અને ચિત્તને આનંદ ઉપજાવનારા અત્યંત સુંદર શરીર તરફ તમારા પુત્રે અપેક્ષા ન કરી તો પછી અમે આ શરીરને તપશ્ચર્યામાં લગાડીને દંડિત ન કરીએ તો ક્ષત્રિયપુત્રીઓ કેમ કહેવાઈએ ? માતા ! ઢીલ શી ? અમને રજા આપો. પતિ ગયા પછી સતીઓ ઘરે રહે એ યોગ્ય નહિ. અમે કૈલાસમાં બ્રાહ્મી સુંદરીની પાસે રહીશું, અનુમતિ આપો.'

સુનંદા દેવીએ કહ્યું કે 'હું પણ દીક્ષા માટે આવું છું. મારે માટે હવે અહીં શું રહ્યું ? તો પણ ભરત અને મોટી બહેનોને કહીને જવું જોઈએ તેથી મને થોડી વાર લાગશે. તેથી તમો આગળ જાઓ.' આ રીતે તેમની સાથે તેમના ભાઈ અને વિશ્વાસપાત્રોને સાથે મોકલીને તે રાણીઓને રવાના કરી.

જે વખતે સુનંદાદેવીએ વહુઓને રવાના કરી તે વખતે સુબલરાજ નામના ત્રણ વરસના બાહુબલિના પુત્ર આવીને રડીને આગ્રહ કરવા લાગ્યા કે પિતાજીને બતાવો. બાહુબલિ અનેક વાર પોતાની ગોદપર રાખીને તેને ખવડાવતા હતા, પરંતુ પિતાને નહિ દેખવાથી દાદીને પિતાને દેખાડવાનો હઠ કરવા લાગ્યો. તે વખતે સુનંદાદેવીએ નોકરને બોલાવીને કહ્યું કે આને લઈ જાઓ, મોટી બહેન યશસ્વતી પાસે લઈ જાઓ અને ભરતને પિતા તરીકે ઓળખાવો. પછી બાળકને કહ્યું કે બેટા ! જાઓ, સેનાની જગ્યાએ તને પિતાજીને દેખાડશે. બાળક તેની સાથે ચાલ્યા ગયા, સેના સ્થાનમાં લઈજઈને મહેલમાં સ્થિત ભરતજીની પાસે બાળકને લઈ ગયા. બાળકને જોતા જ ભરતજીનું હૃદય ભરાઈ આવ્યું. ત્યાં જતાં જ ફરી તે બાળકે પૂછયું કે 'મારા પિતા ક્યાં છે ?' લોકોએ ભરતને દેખાડયા. તો બાલક માથું ધૂણાવીને કહેવા લાગ્યા કે એ મારા પિતા નથી. મહાબલકુમાર કહેવા લાગ્યા કે ભાઈ ! આ અમારા પિતા છે. તો પણ બાલકને સંતોષ ન થયો. બાલક કહેવા લાગ્યા કે આ મારા પિતા નથી. મારા પિતા 'આવા' એ રીતે પોતાના લીલા રંગનું કપડું બતાવીને, કહેવા લાગ્યા. ભરતજીથી રહેવાયું નહિ. સુબલિ ! આવો હું તમારા પિતાને બતાવીશ એમ કહેતા થકા ભરતજીએ તેને પોતાની ગોદમાં લીધા. બાલકનું રોવું એકદમ બંધ થઈ ગયું. બધા લોકો આશ્ચર્યચકિત થઈને કહેવા લાગ્યા કે કોણ જાણે ભરતજીના હાથમાં વશ્યમોહન વિદ્યા તો નથી ને ?

ભરતજી બાલકને કહેવા લાગ્યા કે 'સુબલિ ! તમારા પિતા અમારા બધાના આનંદનો ભંગ કરીને ચાલ્યા ગયા. બેટા ! તમે રડો નહિ. આ રીતે નાના બચ્ચાંને રઝળાવીને તપશ્ચર્યાને માટે

જવાનું કોણ જાણે તેનું ચિત્ત કેમ થયું ? બેટા ! પાપીના પેટમાં તમે આવ્યા. આ રીતે ભરતજીએ ક્રોધના આવેશમાં કહ્યું. ભરતજીની રાણીઓને જ્યારે એમ ખબર પડી કે પૌદનાપુરથી નાના બાલક આવ્યા છે ત્યારે બહાર કહેવડાવ્યું કે અંદર મોકલો. ભરતજીએ કહ્યું કે સુબલિ ! જાઓ અંદર તમારી દાદી છે. તેની પાસે જાઓ.

એવામાં બાહુબલિની સ્ત્રીઓ વિમાનપર ચઢીને દીક્ષાને માટે આકાશ માર્ગે જઈ રહી હતી. તેને જોઈને ચક્રવર્તીની સેનાને ખૂબ દુઃખ થયું. ભરતજીની રાણીઓ રાજ્યાંગણમાં એકઠી થઈને તેમનાં જવાને બહુ દુઃખપૂર્વક જોઈ રહી હતી. ભરતજી આંસુ ભરી આંખોથી જોઈ રહ્યા હતા, અને લમણે હાથ મૂક્યો. એવામાં એક વિશ્વસ્ત દૂતે એક પત્ર લાવીને આપ્યો. પત્ર જોતાં જ ભરતજી મહેલની તરફ ચાલ્યા ગયા. પત્રના સમાચાર જાણવાને માટે બધી રાણીઓ ત્યાં આવી. તેમાંથી એક સ્ત્રી ભરતજીની અનુમતિ પામીને તે પત્રને વાંચવા લાગી. તે પત્રમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

પૌદનાપુર રાજમહેલ.... મિતિ........

શ્રી સુભદ્રા દેવી આદિ અંતઃપુરની સમસ્ત રાણીઓને વિનયથી નમસ્કાર કરીને ઈચ્છાદેવી આદિ સતીઓ બહુ ઉલ્લાસપૂર્વક નીચે પ્રમાણે પત્ર લખે છે.

બહેનો ! અમને હવે આ ગાર્હસ્થિક જીવનની ઉપેક્ષા થઈ ગઈ છે, હવે અમે તાપસીય જીવનનો અનુભવ કરવા ઈચ્છીએ છીએ. અમારા પતિદેવ જે દિશાએ ગયા છે તે દિશાએ અમે જવા ઈચ્છીએ છીએ. એ માટે આપ લોકો મનમાં જરાય ચિંતા ન કરતા ભાવાજી (ભરતજી)થી બિલકુલ વિરસ નથી થયા. અમારા પતિનું દૈવ જ એવું હતું. તેઓ તેમને લઈ ગયા. કોઈ શું કરે ? અમે હવે બ્રાહ્મી સુંદરીની પાસે રહીને તપોવનની ક્રીડા કરશું. અમારી સમાન તમો અર્ધભોગી ન થઈને પોતાના પતિદેવની સાથે ચિરકાલ સુખ ભોગવીને ઘડપણમાં આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી લ્યો. એ અમારા લોકોની શુભેચ્છા છે. લોકો બધા સુખી રહો, ભોગરાજ્ય આપને માટે હશે, યોગરાજ્ય અમારા માટે રહો, અમે તે પામીને તેનો અનુભવ કરીશું. परमेश ! ते नमः स्वाहा ! ईति ।'

ઈચ્છામહાદેવી.

પત્ર વાંચીને બધાને ઘણું દુઃખ થયું. ભરતજીને પણ ભરતજીના ત્રાણું ભાઈ દીક્ષા લઈને જે ચાલ્યા ગયા હતા તે વાત ભરતજીએ માતુશ્રીને હજુ સુધી નહોતી કહી, તેનો વિચાર હતો કે અયોધ્યા ગયા પછી જ આ સમાચાર માતુશ્રીને કહીશું. પરંતુ એ સમાચાર એની મેળે જ યશસ્વતીને મળી ગયા. તેથી રાજમંદિરમાં એકદમ દુઃખનો દરિયો જ ઊછળી નીકળ્યો.

ભરતજી શોકનાદને સાંભળીને મનમાં વ્યાકુલતાથી કહેવા લાગ્યા કે 'હા ! મને આ ચક્રરત્ન શા માટે મળ્યું ? આ રાજ્યપદ મહાન કષ્ટદાયક છે. આ સંપત્તિ પ્રાપ્ત થવાનું શું પ્રયોજન ? સંપત્તિ મળવાથી બંધુ બાંધવોને સુખ પમાડવું તે મનુષ્યનો ધર્મ છે. પોતાના કુલના લોકોને રડાવનારી સંપત્તિને ધિક્કાર હો. અનેક વ્યક્તિને દુઃખ દેનારા રાજ્ય કરતાં ગરીબ થઈને રહેવું તે સારું છે. ચિત્તમાં કલુષતાને ધારણ કરવા કરતાં આત્મામાં મગ્ન રહેવું તે બધાથી અધિક સારું છે. હવે શું કરવું ? મંત્રીને કહીને અર્કકીર્તિને પટ્ટાભિષેક કરાવીને તપશ્ચર્યાને માટે જાઉં ? છી ! એ યોગ્ય નથી.

એને લોક મર્કટ વૈરાગ્ય કહેશે. સમસ્ત ભૂમંડલનો વિજય કરીને પોતાના નગરની બહાર આ સામ્રાજ્યપદને ફગવી દઈને જાઉંતો લોકો કહેશે કે ભરતને દેશમાં ભ્રમણ કરવાથી પિત્તોદ્રેક થઈ ગયું. મારા કારણે મારા સહોદર દીક્ષાને માટે ગયા અને હું પણ દીક્ષાને માટે જાઉં તો લોકો કહેશે કે આ બાલકોનો ખેલ છે, જેટલી સંપત્તિ વધે છે તેટલું વધારે અમારે રડવું પડે છે એ નક્કી થયું. મારે લીધે મોટું દુઃખ થયું. એને શાંત કરવાનો ઉપાય શું છે ? આ રીતે ભરતજી વિચાર કરવા લાગ્યા ફરી પોતાના મનમાં કહે છે કે સંસારમાં કોઈ પણ દુઃખ કેમ ન આવે પરંતુ પરમાત્માની ભાવના આ બધા દુઃખને દૂર કરે છે. તેથી આત્મભાવના કરવી યોગ્ય છે. આ વિચારથી આંખ મીંચીને આત્મનિરીક્ષણ કરવા લાગ્યા.

માટીમાં દાટેલી છાયા પ્રતિમાની સમાન આત્મસાક્ષાત્કાર થઈ રહ્યો હતો. શાંત વાતાવરણ હતું, આઠ કર્મોની માટી બરાબર નીચે ખરીને પડી જતી હતી. જે વખતે અંતરંગમાં પ્રકાશ થતો હતો તે વખતે વિશિષ્ટ સુખનો અનુભવ થતો હતો. અને તે વખતે સુજ્ઞાનની વૃદ્ધિ થતી હતી. અભિઘાતજ્વારની સમાન દુષ્કર્મ કંપિત થઈને ચારે તરફથી ખરી જતું હતું.

ગુરુ હંસનાથ પરમાત્મા જ તે વખતે સમ્રાટની ચિત્તપરિણતિ જાણી શકે. કોણ જાણે તેના ચિત્તમાં વ્યાપેલું દુઃખ ક્યાં ચાલ્યું ગયું ! તે વખતે ભરતજી દશ હજાર વર્ષના યોગી જેવા જણાતા હતા. પુત્ર, મિત્ર, કલત્ર, માતા, સેના અને રાજ્યને તેઓ એકદમ ભૂલી ગયા. વિશેષ શું ! તેઓ પોતાના શરીરને પણ ભૂલી ગયા. તે વખતે તેના ચિત્તમાં અણુમાત્ર પણ પરચિંતા ન હોતી. ગુણરત્ન ભરતજી આત્મામાં મગ્ન હતા.

કોણ જાણે ભરતજીએ કેટલું આત્મસાધન કર્યું હશે ! જ્યારે વિચારે છે ત્યારે પરમાત્મા પ્રત્યક્ષ થાય છે. તે રાજા ઘરમાં રહેવા છતાં પણ કાલકર્મ તેને ગભરાવે છે.

કેવી વિચિત્રતા છે, મહેલમાં બધે રો કકળાટ મચી ઊઠયો. બધા લોક શોકસાગરમાં મગ્ન છે. પરંતુ રાજ્યયોગી સમ્રાટ અકંપ થઈને પરમાત્મ સુખમાં મગ્ન છે. વારંવાર તેને પરમાત્મદર્શન થઈ રહ્યું છે. અને દુઃખ ધીરે ધીરે ઓછું થતું જાય છે. આ રીતે ત્રણ દિવસ સુધી ધ્યાનમાં બેસી રહ્યા.

લોક આવીને જોઈને જાય છે કે હમણાં ઊઠશે, જરાક વારે ઊઠશે, બહારથી લોકો આવીને પૂછી પૂછીને જાય છે. પરંતુ ભરતજી સુમેરુની સમાન નિશ્ચલ છે. આ વખતે કેટલાક લોકોએ ઉપવાસ આદર્યા. કોઈ એકભુક્ત અને કોઈએ ફલાહાર એ રીતે રાજ્યમહેલમાં અને સેનામાં નિયમ લઈને બધાએ ત્રણ દિવસ તપશ્ચર્યામાં વખત ગાળ્યો. પોતાના સેનાની સાથે તપમાં ભરતજી મગ્ન હતા. એના સામર્થ્યથી સ્વર્ગલોક પણ કંપિત થયું. આ સમાચાર સાંભળીને સુનંદા દેવી (નાની મા) પણ પોતાના પુત્રને જોવા આવી. પૌદનાપુરમાં સ્વતઃ ત્રણ ઉપવાસ કરીને વિમાનમાં બેસીને સુનંદા દેવી આવી અને મહેલમાં પહોંચીને ભરતને જોયા. પોતાની નાની મા આવવાથી ભરતજીએ પરમાત્માને ભક્તિથી નમસ્કાર કરીને આંખ ઉઘાડી, પરંતુ આંખો આંસુથી ભરાઈ ગઈ. એકદમ ઊઠીને સમ્રાટે માના ચરણોમાં મસ્તક મૂક્યું. માતા ! અપરાધીની પાસે આપ કેમ આવ્યા ? આ રીતે દુઃખના આવેગથી ભરતજીએ કહ્યું ઉત્તરમાં સુનંદાદેવી કહેવા લાગી કે 'બેટા ! એવું ન બોલો. તમે

અપરાધી નથી. તમે શું કર્યું ! તેણે તમારી સામે જરાક અભિમાન કર્યું અને ચાલ્યા ગયા. એમાં તમે શું કરો ! દોષ તો મૂર્ખ માણસથી થાય છે. બેટા ! તમારાથી કેમ થાય ?'

ભરતજી-'જનની ! મારા બન્ને માતાઓને મેં દુ:ખ દીધું. વહુઓને તપશ્ચર્યા માટે જતી. સ્વપ્નમાં નહિ, પણ નજરે જોઈ. માતા ! આ બધું મારા કારણે થયું ને ! તો પછી દોષ કેમ નથી ?'

સુનંદા દેવી-'બેટા ! તેમનું દૈવ તેમને લઈ ગયું. અમને પણ જરાક દુ:ખ જરૂર થયું, પરંતુ ત્રણ દિવસ પછી તે શાંત થયું. એમાં તમારો શો દોષ છે ? ભૂલી જાઓ આ દુ:ખને મેં પહેલેથી તેને બહુ સમજાવ્યો હતો, કે તમે યુદ્ધ ન કરો, ભાઈની સાથે યુદ્ધ કરવા ન જાઓ, બેટા ! મને ફસાવીને ચાલ્યા આવ્યા, 'હું ભાઈને નમસ્કાર કરી આવું છું' એમ કહીને ચાલ્યા ગયા તમે તેની સાથે જે ભલો વ્યવહાર કર્યો તે પણ મેં સાંભળ્યો. શું કરીએ, તમારી વાતને સાંભળ્યા વગર પણ ચાલ્યા ગયા. જવા દ્યો, નીતિમાર્ગ અને મર્યાદાનું ઉલ્લંઘન કરીને જે આવે છે તે પોતાની મેળે જ લજ્જિત થઈને જાય છે. એમાં તમારો શો દોષ છે ? નાહક દુ:ખી થઈને શરીર શોષણ ન કરો, બેટા ! ચિંતા જ ઘડપણ છે અને સંતોષ જ જુવાની છે, તેથી તમને મારા સોગન છે, શોક ન કરો. બધા લોકો ગયા તો શું થયું. જો તું એકલો રહ્યો તો પણ અમને સંતોષ થશે તેથી ક્ષમા કરો.'

ભરતજીના ચિત્તમાં થોડી શાંતિ થઈ. તે વખતે ભરતજીના પુત્ર અને રાણીઓએ આવીને સાસુના ચરણોમાં નમસ્કાર કર્યા. બધાને સુનંદા દેવીએ આશીર્વાદ આપ્યો. ત્યાર પછી ભરતજી અને સુનંદાદેવી યશસ્વતીની પાસે ગયાં. ત્યાં થોડોક દુ:ખ વ્યવહાર કરીને ફરી શાંત થયા. ત્યાર પછી સ્નાન, દેવપૂજન વગેરે કર્યા પછી બધા લોકોએ મળીને પારણું કર્યું. આમ સેનામાં શાન્તિ સ્થપાઈ. આ બાજુ બાહુબલિની રાણીઓએ ભગવાન આદિનાથનાં દર્શન કરીને અર્જિકાની દીક્ષા લઈને દીક્ષિત થઈ.

દૈવગતિ વિચિત્ર છે. ભરતજીએ ભરચક પ્રયત્ન કર્યો કે પોતાના ભાઈના મનમાં કોઈ ક્ષોભ ઉત્પન્ન ન થાય અને તે દીક્ષા લઈને ન જાય, પરંતુ અનેક પ્રયત્ન કરવા છતાં પણ તેઓને ન રોકી શકાણા. ભાઈ બાહુબલિ ચાલ્યા ગયા. તેની હજારો રાણીઓ પણ દીક્ષા લઈને ચાલી ગઈ. એથી બધે હાહાકાર મચી રહ્યો. ભરતજીના મનમાં પણ ખૂબ દુ:ખ થયું કે આ બધાનું કારણ હું છું. રાજ્યના કારણથી મેં આ બધાને રડાવ્યા વગેરે કારણોથી તેઓએ મનમાં બહુ જ વિશેષ દુ:ખનો અનુભવ કર્યો. સાથે જ વિવેકી થઈને તે દુ:ખની શાંતિનો પણ ઉપાય વિચાર્યો. ત્રણ દિવસ સુધી ઉપવાસી રહીને આત્મનિરીક્ષણ કર્યું. સર્વત્ર તેના તપોબલથી શાંતિ થઈ. પરમાત્માનું દર્શન દુ:ખશમનનો અમોઘ ઉપાય છે, ભરતજી સદા એનું અવલંબન કરે છે. તેઓ ભાવના કરે છે કે :–

'હે પરમાત્મા ! મેરુ પર્વત ચઢીને મેદની જોવાની સમાન ધ્યાનરુઢ થઈને લોકને જોવાનું સામર્થ્ય તમારામાં છે હે સુખધીર ! મારા હૃદયમાં વર્ત્યા રહો.'

'હે સિદ્ધાત્મા ! લોકમાં સમસ્ત જીવ કર્મને આધીન થઈને તેઓ જેવી રીતે નચાવે છે તેવી રીતે નાચે છે, પરંતુ નિષ્કર્મસ્વામી ! આપ તેમને રાગદ્વેષ રહિત દૃષ્ટિથી જુઓ છો તેથી આપ નિર્મલ આનંદનો અનુભવ કરો છો, તેથી મને પણ સન્મતિ આપો.'

આ ભાવનાના ફળથી ભરતજી અનેક દુ:ખ-સંકટના પ્રસંગને પાર પામે છે.

## ૩૩. નગરીપ્રવેશ સંધિ

**ભ**રતજીની નાની મા સુનંદાદેવી દીક્ષા લેવા તૈયાર થઈ. ત્યારે ભરતજીએ નિવેદન કર્યું કે બાહુબલિના પુત્રો મોટા થાય ત્યાં સુધી થોભો. પછી વિચાર કરીશું. વળી ભરતજીએ કહ્યું કે માતાજી ! શું બાહુબલિ જ આપને માટે મોટા ભાઈ છે ? હું પુત્ર નથી ? તેથી થોડો વખત મને સેવા કરવાનો પ્રસંગ આપવો જોઈએ. આ રીતે કહેતાં ભરતજીએ પોતાની સ્ત્રી તરફ જોયું તો તે સમજી ગઈ. બધી સ્ત્રીઓએ સાસુના ચરણોમાં મસ્તક નમાવીને પ્રાર્થના કરી કે હમણાં દીક્ષા માટે ન જાઓ. સુનંદા દેવીએ કહ્યું કે બેટા ! શું તમારી વાત હું માનું નહિ ? ઈશારાથી સ્ત્રીઓને નમસ્કાર કરાવવાની શી જરૂર છે ? આ રીતે કહીને બધી સ્ત્રીઓને ઊઠવા કહ્યું.

ભરતજીએ કહ્યું કે ‘માતાજી ! આપ નાની મોટી બહેન એક સાથે રહીને મને અને લાખો સ્ત્રીઓને સેવા કરવાનો અવસર આપો. બાહુબલિની સર્વ સંપત્તિ તેના પુત્રો પાસે ભલે રહે અને તેમની દેખરેખ માટે યોગ્ય મનુષ્યોને નિયત કરીને આપણે બધા અયોધ્યાપુરમાં જઈએ.’ સુનંદા દેવીએ તે વાત સ્વીકારી લીધી. પ્રણયચંદ્ર મંત્રી અને ગુણવસંતક સેનાપતિને બોલાવીને સર્વ વિષય સમજાવી દીધો. પરંતુ તે લોકોએ નિવેદન કર્યું કે એ મહા સંતોષની વાત છે પણ અમે દીક્ષાને માટે જઈશું. તેને માટે અનુમતિ આપો.

ભરતજીએ કહ્યું કે ‘બાહુબલિની સેવા આપ લોકોએ આટલા દિવસ કરી, મેં આપનું શું બગાડયું છે ? તેથી આ બાળકો મોટા થાય ત્યાં સુધી રોકાવું યોગ્ય છે. આવા દુઃખના પ્રસંગે જવું ન જોઈએ. તમે પૌદનાપુરમાં પ્રજાપરિવારના સુખની ઈચ્છા કરતા રહો.’ મંત્રી અને સેનાપતિ સમજી ગયા. તેઓએ કહ્યું કે રાજા ! ‘રાજાવિના અમે ત્યાં રહી ન શકીએ તેથી બાહુબલિના મોટા પુત્રનો રાજ્યાભિષેક કરીને અમારી સાથે મોકલી આપો. અમે બધી વ્યવસ્થા કરીશું.’ બુદ્ધિસાગર મંત્રીએ પણ સંમતિ આપી દીધી. તે વખતે મહાબલ કુમારને બોલાવીને પૌદનાપુરનો પટ્ટાભિષેક કર્યો. અને મંત્રી સેનાપતિનો યોગ્ય સત્કાર કરીને ભરતજી મહેલમાં ચાલ્યા ગયા. સુનંદા દેવીને બધું વૃત્તાંત કહ્યું, તેમને પણ સંતોષ થયો. ત્રણ પુત્રોને કહ્યું કે બેટા ! તમારા રક્ષણ માટે માતાજી તમારી સાથે છે. તો પણ હું પણ ક્યારેક ક્યારેક હિતચિંતકોને મોકલીને તમારા વિષે જાણતો રહીશ. આ રીતે બહુ પ્રેમથી કહીને વિશ્વાસપાત્ર સેવકોને અને માતાની દાસીઓને ઉચિત વસ્ત્ર, રત્નાદિક વસ્તુઓનું પ્રદાન કરીને અને બાહુબલિના પુત્ર મિત્રોનું યોગ્ય સન્માન કરીને સ્વયં અયોધ્યાની તરફ રવાના થયા.

અયોધ્યા નજીક આવતું જોઈને સેનાને ખૂબ હર્ષ થયો. આઠ દશ ગાઉ દૂર જિનમંદિર અને મહેલ દેખાવા લાગ્યા. નગરની સમીપ આવતા ભરતજી પટ્ટગજ પર આરુઢ થયા અને તેના સર્વ સુપુત્ર પણ નાના હાથીઓ પર આરુઢ થયા. કરોડો પ્રકારનાં વાજાં, છત્ર, ચામર વગેરે વૈભવોથી યુક્ત ભરતજી આવી રહ્યા હતા.

અયોધ્યા નગરની સમસ્ત પ્રજાઓને સાથે લઈને માકાલ નામના વ્યંતર ભરતજીના સ્વાગત માટે આવ્યા અને વિનયથી નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે સ્વામી ! આ નગર છોડયા આપને સાઠ હજાર વર્ષ થયા. ત્યારથી અમે અને પુરવાસી આપના દર્શન માટે જે તપશ્ચર્યા કરી રહ્યા હતા તેનું

ફલ અમને આજે મળ્યું. ભરતજી હસ્યા. ફરી માકાલ કહેવા લાગ્યા કે સ્વામી ! આપની સાથે અનેક દેશોમાં ફરનારી આ સેનાઓને કોઈ પ્રકારનું દુઃખ ન થયું, પરંતુ આપના વિયોગમાં રહેવા વાળા અમને ઘણું દુઃખ થયું ભરતજી તેની તરફ હસતા હસતા જોઈ રહ્યા હતા માકાલ અને પ્રજાઓને યોગ્ય ઉપચાર વચનો કહીને સમ્રાટ અયોધ્યા નગરના પરકોટાની અંદર દાખલ થયા, અંતઃપુર તો મહેલની તરફ ચાલ્યું ગયું. ભરતજી પોતાના પુત્રોને સાથે લઈને રાજમાર્ગમાં થઈને જિનમંદિરની તરફ આવી રહ્યા હતા.

પુરજન, પુરસ્ત્રીઓ આ સરઘસને ઘણા ઉત્સાહપૂર્વક જોઈ રહ્યાં હતાં. જેવી રીતે એક ગરીબને નિધિ મળવાથી હર્ષ થાય છે તેવી રીતે બધાને હર્ષ થઈ રહ્યો હતો. તેઓ આપસમાં વાતચીત કરતા હતા કે જ્યારથી રાજા અહીંથી ગયા ત્યારથી અમને એવું લાગતું હતું કે અમારી એક મોટી ભારે ચીજ ખોવાઈ ગઈ છે. હવે તેઓ આવી ગયા. અમને સંબોધીને બોલાવવાની જરૂર નથી, સંપત્તિ દેવાની જરૂર નથી, અમારા નગરમાં રહે તો બધું છે. તેથી અધિક અમે કાંઈપણ નથી ઈચ્છતા.

કોઈ કહે છે કે આનું પુણ્ય કેટલું તેજ છે. એને જોવા માત્રથી વસ્ત્રાભૂષણો પહેર્યા સમાન, વિશેષ શું, ભોજન કર્યા સમાન સુખ લાગે છે. પાપનું પણ ખંડન થાય છે. પુરજનોનાં હોવા છતાં પણ જ્યારે આ રાજા નહોતા ત્યારે આ નગર સૂનું સૂનું લાગતું હતું. આ પરનારી સહોદરનાં આવતાં આજ નગરમાં નવી શોભા થઈ છે. કાંતિ રહિત કમલ, પતિ રહિત સતી, ગુરુ રહિત તીર્થ અને રાજા રહિત રાજ્ય ક્યારેય શોભા પામતું નથી. તે દિવસે જતી વખતે અમારા રાજા એક હાથી ઉપર બેસીને ગયા હતા, હવે આવતી વખતે હજારો પુત્રો ને હજારો હાથીઓ ઉપર બેસાડીને લાવે છે. અહો ભાગ્ય છે. ભરતજીના આવવાથી અયોધ્યા નગરનું ભાગ્ય બેવડું વધ્યું.

કોઈતે વખતે કહેવા લાગ્યા કે જ્યારથી સ્વામી અહીંયાથી સેના પરિવારની સાથે ગયા હતા ત્યારથી અયોધ્યાની પ્રજા દુઃખી થઈ રહી હતી. પોતાના નગરને દુઃખી બનાવીને દુનિયાનું રક્ષણ કરવું તે શું રાજધર્મ છે ? બીજી વ્યક્તિ કહેવા લાગી કે રાજા ! લોક વિજયને માટે તમારે જવાની શી જરૂર હતી ! તમે અયોધ્યામાં સુખેથી રહીને નોકરોને મોકલત તો તે જ વિજય કરીને આવત, તમારે ફરવાની શી જરૂર હતી. એક મનુષ્ય કહેવા લાગ્યો કે અમે જઈને રાજાઓને કહેત કે ભરતેશના સોગન છે, તમારે આવવું પડશે. એમ બનતાં કોણ રાજા એવો હોય કે જે તમારી સેવામાં ન આવે ! આમ હોવાથી પરિવાર શું ! એક એક નોકર જ જઈને આ કામ કરી શક્ત. બીજો કહે છે કે અસ્ત્રશસ્ત્રોની આવશ્યકતા નથી, સેનાની જરૂર નથી, રાજા ! રાજાઓને કેવલ તમારું નામ કહીને પકડીને હું લઈ આવત. એક ઘાસ વેચવાળો કહેતો હતો કે સ્વામી ! નાહક દુનિયામાં કેમ ફરી આવ્યા ! મને જો મોકલ્યા હોત તો હું બધાને ઘાસની માફક બાંધીને લઈ આવત.

આ રીતે ત્યાં હર્ષાતિરેકમાં લોકો અનેક પ્રકારે વાતચીત કરતા હતા. ભરતજી તે સાંભળતા લોકોને અનેક પ્રકારે ઈનામ આપતા થકા રાજમાર્ગે જઈ રહ્યા હતા. પોતાની સ્તુતિ કરવા વાળાઓને અને કનકતોરણ, રત્નતોરણ આદિને જોતા જોતા ભરતજી આગળ વધતા હતા. સૌથી પહેલા તેઓ હાથી ઉપરથી ઊતરીને પોતાના પુત્રોની સાથે જિનમંદિરમાં પહોંચ્યા. ત્યાં ભગવાન આદિનાથની

ભક્તિ અને વંદના કરી અને યોગીઓને પણ ત્રિકરણયોગ શુદ્ધિથી વંદના કરી ફરી હાથી પર આરુઢ થઈને રાજમહેલની તરફ રવાના થયા. રાજમાર્ગની શોભા અપૂર્વ હતી. રાજમંદિરની પાસે પહોંચીને બધાને યથાયોગ્ય વિનયથી તેમના નિયત સ્થાનમાં મોકલ્યા. અને પોતે જયજયકાર શબ્દની ગુંજારમાં રાજ્યમહેલમાં દાખલ થયા. રાણીઓએ અંદર જતાં આરતી ઉતારી. ભરતજી પરમાત્માને સ્મરણ કરતા થકા અંદર ગયા. પુત્રકલત્રના સમૂહથી તે રાજમંદિર અસંખ્યાત કમલોથી ભરેલા સરોવરની સમાન લાગતું હતું. વિશેષ શું ! વિવાહના ઘરની સમાન જ્યાં દેખો ત્યાં આનંદને આનંદ વર્તી રહ્યો હતો. ષટ્ખંડની સંપત્તિ એક જ નગરમાં ભરાઈ હતી.

આઠ દશ રોજ આનંદથી વીત્યા પછી એક દિવસ દરબારમાં આવીને ભરતજીએ કહ્યું કે યુવરાજ તો દીક્ષિત થયા. હવે યુવરાજ પદને અહીંઆ કોણ યોગ્ય છે. ત્યારે ઉપસ્થિત સમસ્ત રાજાઓએ અને મંત્રીમિત્રોએ પ્રાર્થના કરી કે સ્વામી ! બાહુબલિ જો દીક્ષા લઈને ગયા તો શું થયું ? યુવરાજ પદ માટે અર્કકીર્તિ કુમાર સર્વથા યોગ્ય છે. તે નીતિ નિષ્ઠાત્મ છે, આપની સમાન વિવેકી છે, તે આ પદને માટે યોગ્ય છે.

ભરતજીને પણ સંતોષ થયો. તેઓએ યોગ્ય મુહૂર્તમાં યુવરાજ પટ્ટનું વિધાન કર્યું, નગર શણગારવામાં આવ્યું. જિનપૂજા બહુ વૈભવપૂર્વક કરવામાં આવી. પછી અર્કકીર્તિ કુમારનો યુવરાજ પટ્ટોત્સવ થયો. મારા પછી આ રાજ્યના અધિકારી છે એમ સૂચવતા થકા ભરતજીએ પોતાના કંઠહારને કાઢીને તેના કંઠમાં નાંખ્યો. સિંહાસન પર બેસાડીને ભરતજીએ જાતે કુમારને વીરતિલક કર્યું. ભરતજી ભાગ્યશાળી છે. અધિરાજ પિતા છે, પુત્ર યુવરાજ છે, એનાથી અધિક ભાગ્ય બીજું કયું હોય શકે ! અમૃતપાન કરેલા અમરોની સમાન બધા આનંદ પામી રહ્યા છે. અર્કકીર્તિના સહોદરોએ અધિરાજ ને યુવરાજના ચરણોમાં ભેટ મૂકીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. અર્કકીર્તિએ કહ્યું કે પિતાની સમાન મને સાષ્ટાંગ નમસ્કાર કરવાની જરૂર નથી. ત્યારે ભરતજીએ કહ્યું કે બેટા ! રહેવા દ્યો. બરાબર કરે છે. શું તમે પણ મારા સહોદરોનો જ વ્યવહાર ઈચ્છો છો ? ત્યાર પછી હિમવાન પર્વત સુધીના બધા રાજાઓએ ભેટ મૂકીને નમસ્કાર કર્યા. આ રીતે બહુ વૈભવ પૂર્વક યુવરાજ પટ્ટોત્સવ થયો. અર્કકીર્તિએ પિતાના ચરણોમાં મસ્તક મૂકીને, રાજાગણ, મંત્રીમિત્રોનું ઉચિત સન્માન કરી રાજમહેલ તરફ રવાના થયા. પછી ચાર આઠ દિવસ વીત્યા બાદ મંત્રીએ આવીને પ્રાર્થના કરી કે રાજા ? સેનાની સાથે આવેલા રાજાગણ પોતપોતાને સ્થાને જવા ઈચ્છે છે. તેથી અનુમતિ મળવી જોઈએ. ભરતજીએ તથાસ્તુ કહીને સર્વ વ્યવસ્થા કરવા આજ્ઞા કરી. કામવૃષ્ટિને ભરતજીએ પહેલાં બધાને બહુ આનંદથી સ્નાન કરાવ્યું. ત્યાર પછી મહેલમાં બધાને દિવ્ય ભોજન કરાવ્યું. સ્વર્ગીય સુધારસથી પણ વિશેષ ચડીયાતું તે ઉત્તમ ભોજન હતું. તેનાથી વિશેષ શું વર્ણન કરું. વ્યંતરોનું પણ યથાયોગ્ય સન્માન કરવામાં આવ્યું ભોજનથી તૃપ્ત થયા પછી બધાને હાથી, ઘોડા, વસ્ત્રાભૂષણ રથરત્નાદિકને આપતા થકા તેમનું સન્માન કર્યું અને કૃતજ્ઞતા વ્યક્ત કરતા થકા ભરતજી એ કહ્યું કે તમે રાજ લોક બધા સાંભળો.

આપ બધાય મારા હિતૈષી છો. તેથી આટલું કષ્ટ વેઠીને અનેક સ્થાનોમાં ફરતા ફરતા મારા રાજમંદિર સુધી આવ્યા. તમો બધા રાજા હોવા છતાં પણ મારા પર તમારો પ્રેમ છે. નહિંતર તમો

મારી સાથે કેમ આવો. કેટલાક લોકોએ કન્યાપ્રદાન કર્યું, કેટલાકે હાથી, ઘોડા રથ વગેરે ભેટ આપ્યા, આ બધું શા માટે ? ક્ષત્રિય કુલના સ્વાભિમાનથી તમોએ મારું સન્માન કર્યું છે. માત્ર પુણ્ય મારામાં થોડું અધિક છે. નહિંતર ઉત્તમ ક્ષત્રિય કુલમાં જન્મેલા તમારા અને અમારામાં શું અંતર છે ? વ્યંતરોએ પણ અમને પ્રેમથી જે સહયોગ આપ્યો તેનું હું શું વર્ણન કરું ? તેઓએ મને સંતોષ આપ્યો છે. તેઓ મારા હિતૈષી બંધુ છે. તમોને ખૂબ કષ્ટ પડયું તેથી હવે તમે તમારા પોતપોતાના નગરમાં જાઓ. હું જયારે બોલાવું ત્યારે આવો અથવા તમારી જ્યારે ઈચ્છા થાય ત્યારે આવી જાઓ.

આ રીતે અનન્ય બંધુભાવથી સમ્રાટ જ્યારે બોલતા હતા ત્યારે સમસ્ત રાજાઓને બહુજ આનંદ થઈ રહ્યો હતો. ભક્તિ પ્રબંધથી તેઓએ નીચે પ્રમાણે નિવેદન કર્યું.

''સ્વામી ! આપની સાથે રહેવાનું તો અમને ખૂબ આનંદદાયક હતું, અમને કાંઈ તકલીફ નથી પડી. હવે અમે જઈશું તો અમને ખૂબ દુઃખ થશે. દેવ ! હવે અમે આપને શું આપી શકીએ. જો પૂજારીએ લાવીને ભગવાનના ચરણોમાં એક ફૂલ અર્પણ કર્યું તો શું તે પૂજારીની મહેરબાની છે કે ભગવાનનો મહિમા છે ! રાજા ! ભંડારી જેવી રીતે આપની આવશ્યકતા સમજીને વખતસર આપને કોઈ પદાર્થ આપે છે તેવી રીતે અમે આપની ચીજ આપને આપી એમાં મોટી વાત શી થઈ ? સાર્વભૌમ ! કલચર મોતી ક્યારે અસલી મોતીની બરાબરી કરી શકે છે ! કદી નહિ. ક્ષત્રિય કુલમાં ઊપજવા માત્રથી અમે આપની બરાબરી કેવી રીતે કરી શકીએ. આ બધી આપની દયા છે. પરમાત્મ વેદી ! આપની પાદસેવા કરવાનું ભાગ્ય ધન્યજનોને જ મળી શકે છે, બધાને કેમ મળે ! નરલોકમાં રહેવા છતાં પણ સુરલોકના સુખનો અમે અનુભવ કર્યો. રોજ વિવાહ, રોજ સત્કાર, રોજ વિનોદ, સર્વત્ર આનંદને આનંદ. જવાને માટે અમારા પગ ઊપડતા નથી. તો પણ જવા માટે જે આજ્ઞા થઈ છે તેનું ઉલ્લંઘન કેમ કરીએ. તેથી હવે અમે જઈએ છીએ.'' એ રીતે કહેતા થકા બધા રાજાઓએ સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને બધા ત્યાંથી જવા લાગ્યા. તે વખતે સુકંઠ અને વજ્રકંઠ નામના વેત્રધારીઓએ ઊભા રહીને બધાનો પરિચય કરાવ્યો.

ઈક્ષુચાપાગ્રજ ! બોધેક્ષણ ! ચિત્તાવધાન, આ દક્ષિણ સમુદ્રના અધિપતિ વરતનુ, સુરકીર્તિ જઈ રહ્યા છે. જુઓ ! સમુદ્રને પણ શરમાવનારા ગાંભીર્યને ધારણ કરનારા આ પશ્ચિમ સમુદ્રના અધિપતિ પ્રભાસેન્દ્ર પ્રતિભાસ પૂર્વક જઈ રહ્યા છે. હે વિજયલક્ષ્મીપતિ ! આ વિજયાર્ધદેવ છે. હે સમવસરણનાથાત્મજ ! હિમગિરિના અગ્રભાગમાં રહેવાવાળા આ હિમવંતદેવ છે. હે કાલકમારણ્ય દાવાનલ ! હંસતત્વા લંબ ! ત્રિભુવન રત્ન ! આ તમિસ્રગુફાના અધિપતિ કૃતમાલ છે. સ્વામી ! ખંડપ્રપાત ગુફાના અધિપતિ નાટયમાલને જુઓ, ઉત્તર ભાગના અનેક રાજાઓની સાથે મળીને જવાવાળા કલિરાજને જુઓ, પૂર્વ ખંડના રાજાઓની સાથે જવાવાળા આ કામરાજ છે. મધ્યખંડના રાજ સમુહની સાથે જવાવાળા આ માની ચિલાતરાજ છે, માનવેન્દ્ર છે. જુઓ દક્ષિણ ખંડના અનેક રાજાઓની સાથે જવાવાળા આ ઉદ્દંડ રાજા છે, પૂર્વ ખંડના રાજાઓની સાથે જવાવાળા આ વેત્તંડરાજ છે. આ બધા ઉત્તર શ્રેણિના રાજાગણ છે. આ દક્ષિણ શ્રેણિ વિદ્યાધર રાજા છે. આર્યખંડનાં સમસ્ત રાજા જઈ રહ્યા છે. જુઓ ?

તિગુલાણ્યપતિ, માગધેન્દ્ર, માલવેન્દ્ર, કાશ્મીરાધિપતિ, લાટમહાલાટાધિપતિ, ચિત્રકૂટપતિ, ભોટાધિપતિ, મહાભોટાધિપતિ, કર્ણાટકરાજ, ચીનાધિપતિ, મહાચીનાધિપતિ, કાશીપતિ, સિંહલપતિ, બંગાલભૂનાથ, તુર્કાધિપતિ, તેલગાધિપતિ, કરહાટરાજ, હુરુમુંજિનાથ, અંગદેશાધીશ, પલ્લવરાજ, કલીંગેન્દ્ર, કામભોજપતિ, વંગપતિ હમ્મીરનૃપ, સિંધુનૃપતિ, ગૌલદેશાધિપતિ, કોકણપતિ, મલેયાલાધીશ, તુલુરાજ, ચોલરાજ, મલ્હાધિપતિ, કુતલપાલક, ગુર્જરભૂપતિ, નેપાલેન્દ્ર, પાંચાલરાજા, સૌરાષ્ટ્રપતિ. બર્બરપતિ વગેરે સમસ્ત દેશના રાજા સમ્રાટને નમસ્કાર કરી જઈ રહ્યા છે.

બધા ગયા પછી રાજકુમારોને બોલાવીને તેમને યોગ્ય રાજ્યોને વધારી આપ્યા અને સેનાના સમસ્ત સેવકોને પણ ઉચિત ઈનામ વગેરે આપીને સંતુષ્ટ કર્યા. ત્યાં કઈ વાતની ખામી છે !

ત્યાર પછી માગધામર ધ્રુવગતિનો સત્કાર કર્યો. ત્યાર પછી મેઘેશ્વર (સેનાપતિ) વિજયજયંતને અનેક રાજ્યો વધારીને આપ્યા અને રત્નાદિક આપ્યા બુદ્ધિસાગર મંત્રીની સલાહથી મિત્રોને અનેક રાજ્ય વધારી આપ્યા. બધા લોકો સમ્રાટને નમસ્કાર કરી ચાલ્યા ગયા.

મંત્રી બુદ્ધિસાગરને પૂછ્યું કે તમને કઈ ચીજની ઈચ્છા છે કહો, ઉત્તરમાં મંત્રીએ કહ્યું કે મને આપની સેવાની ઈચ્છા છે, બીજું કાંઈ નહિ. ખરેખર જ્યારે ષટ્‌ખંડ જ ભરતે તેના હાથમાં સોંપ્યા હતા તો પછી તેને બીજું શું દેવાનું હોય છતાં પણ મંગલ પ્રસંગમાં અનેક ઉત્તમોત્તમ વસ્ત્રાભૂષણો આપીને તેનો આદર કર્યો અને પછી સમ્રાટ મહેલ તરફ ગયા.

માતાના ચરણોમાં નમસ્કાર કરીને બધું વૃત્તાંત કહ્યું, માતુશ્રીને પણ સંતોષ થયો. ત્યાર પછી પરમાત્માના સ્મરણને કરતા થકા અંતઃપુરની તરફ ગયા. રાણીઓને ખૂબ હર્ષ થયો. પટ્ટરાણી પાસે બેસીને સમ્રાટ આનંદવાર્તા કરવા લાગ્યા. દેવી ! તમારો જન્મ અહીં જ થયો હતો પરંતુ તમારું પાલનપોષણ વિજયાર્ધપર્વત પર થયું તો પણ પુણ્યે ફરી લાવીને આ નગરમાં મુકયા. ઉત્તરમાં સુભદ્રા દેવીએ કહ્યું કે સ્વામી ! ઠીક છે, મારા દૈવનો નિયોગ જ એવો હતો કે મારો જન્મ અહીંયાં થાય અને વિવાહ ઉત્તર ખંડમાં થાય તેને કોણ ઉલ્લંઘન કરી શકે ? મારી સહોદરીઓની સાથે પહેલા પાણિગ્રહણ થઈને છેવટે આપની સાથે મારો વિવાહ થયો એ પણ દૈવ છે. ત્યારે બીજી રાણીઓએ કહ્યું કે મોટી બહેન ! એવી વાત નથી. તમે અને તમારા સ્વામીના યોગથી બધી દિશાઓને જીતવાના કાર્યમાં અમને આનંદ પામવાનો યોગ હતો. સ્વામી ને તમે અહીંયા ઉત્પન્ન થઈને આપની જન્મભૂમિમાં અમને બોલાવ્યા. ખૂબ આનંદ થયો. ત્યારે ભરતજી એ કહ્યું કે તે પુર શું અને આ પુર શું ? ભોગોપભોગમાં રહેવા વાળા માટે બધું સ્થાન સમાન છે. નાહક તમે વિવાદ કેમ કરી રહ્યા છો ! આ રીત ભરતજીએ સમાધાન કર્યું.

હવે એક વરસ પછી ભરતજી પિતાની પાસે જશે. ત્યાંથી યોગવિજયનો પ્રારંભ થશે. ભરતજી પોતાના સમસ્ત સુખાંગ પૂર્વક વિઘ્નરહિત, દીર્ઘરાજને જીતીને અયોધ્યા નગરમાં પ્રવેશ કરીને અગણિત રાજાઓને પોતપોતાના રાજ્યોમાં મોકલીને અયોધ્યામાં આનંદ મગ્ન છે. ઉત્તરમાં હિમવાન પર્વત અને ત્રણ દિશામાં સમુદ્રાંતસ્થિત પૃથ્વીને પોતાને આધીન કરીને સમ્રાટ ભરત પોતાના સ્થાને બિરાજમાન છે.

ભરતજીનું પુણ્ય પ્રબળ છે. તેઓએ લીલામાત્રથી દિગ્વિજય કર્યો. તેમને કોઈ પણ પ્રકારનું વિઘ્ન નથી આવ્યું એનું વિશિષ્ટ કારણ છે. તેઓ સદાભાવના કરે છે કે :–

''હે પરમાત્મા આપ ધ્યાનચક્ર દ્વારા કર્મશત્રુઓને નસાડી દઈને જ્ઞાન સામ્રાજ્યનાં અધિપતિ બન્યા છો તેથી આપ સુખના દરબારમાં બિરાજી રહ્યા છો. તેથી મારા અંતરંગમાં વર્ત્યા રહો.''

વિખ્યાત મહિમ ! વિશ્વારાધ્ય ! વિમલપુણ્યાખ્યાન ! બોધ નિધાન ! શિવગુણમુખ્ય, સૌખ્યાંગ ! હે નિરંજન સિદ્ધ ! મને સન્મતિ આપો.''

# દ્વિતિય ખંડ સમાપ્ત

# યોગવિજય

## તૃતિય ખંડ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી

ભરતચક્રવર્તીને બાહુબલીજી કે જેઓ તદ્ભવ મોક્ષગામી હોવા છતાં યુદ્ધે ચઢ્યા અને જ્યારે ત્રણે યુદ્ધમાં ભરતજી હાર પામ્યા-ત્યારે ક્રોધાવેશમાં ભાઈને મારવા ચક્ર ફેકયું ! જુઓ તો ખરા ! ભાઈને મારી નાખવાનો ક્રોધ ધર્માત્માને આવ્યો! અને તે છતાં જેમ દરિયો ઉપરની સપાટીએ કદાચિત્ ઉછળતો હોય તોપણ નીચેની અંદરની સપાટીએ તો શાંત ગંભીરપણે રહ્યો છે તેમ જ્ઞાનીને અસ્થિરતાના કારણે કદાચિત આવો ક્રોધ આવી જાય તોપણ અંતરમાં જ્ઞાતાદૃષ્ટાનો ગંભીર પ્રવાહ વહે છે. તેથી ક્રોધના સમયે પણ ભરતજી ચક્ર ફેંકવાની ક્રિયાના તથા ક્રોધના પરિણામના માત્ર જ્ઞાતા જ છે, કર્તા નથી. અરે ! બાહુબલીજી પણ એમ જાણે છે કે ચક્ર ફેંકવાની ક્રિયાના કે મારા પ્રત્યેના ક્રોધના કર્તા ભરતજી છે જ નહીં, ભરતજી તો જ્ઞાતાદૃષ્ટા જ છે. જુઓ તો ખરા ધર્મીની લીલા ! બહારમાં ચક્ર ફેંકાતાં લોકોમાં હાહાકાર મચી જાય છે અને અંતરમાં બંને ધર્માત્મા માત્ર જ્ઞાતાદૃષ્ટાપણે વર્તી રહ્યા છે. અહીં તો કહે છે કે લડાઈની તે ક્રિયા અને તે વખતના ક્રોધનો, દ્વેષનો વિકલ્પ તેનો કર્તા તો જ્ઞાની નથી, તેમાં નિમિત્ત પણ જ્ઞાની નથી, પણ તેઓ જ્ઞાનીના નિમિત્ત થાય છે....૯૦

**આત્મધર્મ : એપ્રિલ ૧૯૯૦**

કૈલાસની યાત્રા કરીને અયોધ્યાની નજીક આવતાં ભરતનું ચક્ર અટકી ગયું. ભરત રાજાના દૂત દ્વારા સંદેશો સાંભળીને ૯૮ ભાઈઓ તો સંસારથી વિરક્ત થઈને, આદિનાથ પ્રભુના શરણે જઈને મુનિ થયા, ને પછી કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા. બાકી રહ્યાં એક બાહુબલી ! એમણે ન તો દીક્ષા લીધી કે ન ભરતને નમન કર્યું અંતે ભરત-બાહુબલી વચ્ચે ત્રિવિધ યુધ્ધ થયું.



દૃષ્ટિ યુધ્ધ, જલયુધ્ધ અને બાહુયુધ્ધ થયું. તેમાં ભરતજી હાર્યા; બાહુબલી ઉપર ચક્ર છોડયું પણ ચરમ શરીરી-ભાઈ ઉપર તેની કાંઈ અસર ન થઈ. એ જ વખતે વિજેતા બાહુબલી સંસારથી વૈરાગ્ય પામીને દિક્ષીત થયા ને એક વર્ષ સુધી પ્રતિમાયોગ ધારણ કરીને ધ્યાનમાં લયલીનપણે અદ્‌ભૂત-આશ્ચર્યકારી તપ કર્યું. આ ભવના ભાઈ, ને પૂર્વભવના પણ ભાઈ એવા ભરતચક્રી તેમનું પૂજન કરવા આવ્યા. તેજ વખતે નિઃશલ્ય થઈને તેઓ કેવળજ્ઞાન પામ્યા, ને ભરતે રત્નોના અર્ઘ વડે અતિભક્તિથી ફરીને બાહુબલી-કેવળીની મોટી પૂજા કરી.

# ૧. શ્રેણ્યારોહણસંધિ

**परमपरंज्योति, कोटिचंद्रादित्य किरणसुज्ञानप्रकाश ।**
**सुरमुकुटमणिंरजितवरणाब्ज शरणश्री प्रथमजिनेशः ।।**

**ત્ર**ણ યોગ હોવા છતાં પણ રાગાદિ પરિણામો ન હોવાથી બંધરહિત યોગ વિજય હે વીતરાગ નિરંજન સિદ્ધ ! મને સન્મતિ આપો.

સમ્રાટ ભરતે હવે ષટ્ખંડને પોતાને વશ કરી લીધા છે. ભૂમંડલ પર તેમનો કોઈ શત્રુ રહ્યો નથી. એક છત્રે હવે આ ધાત્રીનું તેઓ મિત્રભાવથી રક્ષણ કરી રહ્યા છે.

યોગવયમાં આવેલા પોતાના પુત્ર, પુત્રીઓના વિવાહ કરતા થકા અને પોતાના પુત્રપૌત્રોની સાથે પ્રેમ કરતા થકા અને પોતાની પ્રિય પત્નીઓની સાથે લીલાવિલાસ કરતા થકા તે પુણ્યશાલી પોતાનો સમય બહુ આનંદપૂર્વક વ્યતીત કરી રહ્યા છે.

હરહંમેશ નવા નવા શુભ સમાચાર મળે છે. પ્રતિદિન મહેલમાં કોઈ મંગલ કાર્ય થાય છે. વારંવાર નવો નવો આનંદવિલાસ થાય છે. આ રીતે તેઓ પોતાના સાતિશય પુણ્યના ફલને આત્મસાક્ષીમાં અનુભવ કરીને તેને આત્મક્ષેત્રથી ખેરવી રહ્યા છે.

એક દિવસની વાત છે. ભરતજી આનંદથી મહેલમાં બિરાજે છે. એક દૂતે આવીને સમાચાર આપ્યા કે કચ્છ અને મહાકચ્છ યોગીને કેવળજ્ઞાન થયું છે. કચ્છ અને મહાકચ્છ યોગી અંગત ભરતજીના મામા છે. તેથી તેમને એ સમાચાર સાંભળતાં જ ઘણો હર્ષ થયો. પટરાણી સુભદ્રાદેવી હર્ષની મારી નાચવા લાગી. માતા યશસ્વતીને આનંદનો પાર ન રહ્યો, આ રીતે મહેલમાં આનંદને આનંદ થઈ રહ્યો છે.

એવામાં અનંતવીર્ય મુનિને કેવલજ્ઞાન થયાના સમાચાર મળ્યા. અનંતવીર્ય ભરતના નાના ભાઈ હતા. ભરતજી ફરીને હર્ષભર્યા બન્યા. જે સમાચાર લાવ્યો હતો તેને રત્નવસ્ત્રાદિક ખૂબ ઈનામમાં આપ્યા. એનું નામ તે ધર્માનુરાગ. ભરતજીના હૃદયમાં તે હાડોહાડ ભર્યો હતો તે કહેવાની જરૂર જ કયાં છે ?

ત્યારે તે આવેલા સજ્જનોને એમ પૂછ્યું કે 'અમારા ભુજબલિ યોગીન્દ્ર શું કરે છે ?' ત્યારે તેઓ કહેવા લાગ્યા કે 'સ્વામી ! તેઓ કૈલાસપર્વત છોડીને ગજવિપિન નામના ઘોર અરણ્યમાં તપશ્ચર્યા કરે છે.' તેમના તપનું વર્ણન પણ સાંભળો.

'જ્યારથી તેઓએ દીક્ષા લીધી છે ત્યારથી તેઓ ભિક્ષા માટે નથી નીકળ્યા. વૃક્ષ શોષણ કરે એવા તાપમાં ઊભા રહીને આત્મ-નિરીક્ષણ કરે છે. એકવાર મીંચેલી આંખ ફરી ઉઘાડી નથી, એકવાર બીડેલા ઓઠ ફરી ખોલ્યા નથી, દીર્ઘકાય કાયોત્સર્ગમાં દૃઢ થઈને ઊભા છે. બધા લોકો આશ્ચર્યપૂર્વક જોઈ રહ્યા છે. તેમને ચારે તરફ ફરફોલા ઊઠયા છે, લતાઓ આખા શરીરમાં વીંટાઈ ગઈ છે, અનેક સર્પ તેમના શરીરમાં આમતેમ ફરે છે પરંતુ તે યોગીન્દ્ર ચિત્ત ચળાવ્યા વગર પત્થરની મૂર્તિ સમાન ઊભા છે.'

આ સાંભળીને ભરતજીને પણ આશ્ચર્ય થયું. દીક્ષા લીધાને એક વર્ષ થયા છતાં પણ ત્યારથી મેરુ સમાન ઊભા છે. ભગવાન જાણે ! તેના તપોબલને આટલી ઉગ્રતા કેમ ! આ બધા વિચારો ભગવાન આદિનાથને જ પૂછીશ, આવા વિચારે ભરતજી એકદમ ઊઠયા, અને વિમાનારૂઢ થઈ આકાશ માર્ગે કૈલાસપર્વત પર પહોંચ્યા, સમવસરણમાં પહોંચીને પિતાના ચરણમાં ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. ત્યાર પછી કચ્છ કેવલી, મહાકચ્છ કેવલી અને અનંતવીર્ય કેવલીને વંદના કરી. અને પછી ભગવાન વૃષભની ભક્તિથી પૂજા કરીને તે ત્રણ કેવલીઓની પણ પૂજા કરી, સ્તુતિ કરી. ભક્તિપૂર્વક વિનય કર્યો અને પોતાના યોગ્ય સ્થાનમાં બેસીને પ્રાર્થના કરવા લાગ્યા કે, 'ભગવાન ! બાહુબલિ યોગીને કર્મની આટલી ઉગ્રતા કેમ ? અત્યંત ઘોર તપશ્ચર્યા કરવા છતાં પણ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કેમ થતી નથી ?-'

ત્યારે ભગવાને ભરતજીને કહ્યું કે 'હે ભવ્ય ! ઘોર તપશ્ચર્યા કરવાથી જ શું લાભ ? અંતરંગમાં કષાયોના ઉપશમની જરૂર છે. આ ચંચલ ચિત્તને આત્મકલામાં લગાડવાની જરૂર છે. ક્રોધ, માન, માયા અને લોભના બોધથી જે અંદરથી બંધાય છે તેમને બોધની પ્રાપ્તિ કેમ થાય ? તે માટે તો પોતાના ચિત્તને નિર્મળ કરીને આત્મસમાધિમાં ઊભા રહેવાની જરૂર છે. બહારના સર્વ પદાર્થ છોડે છે પરંતુ અંતરંગમાં શલ્ય છોડવું મુશ્કેલ છે. કપડાં છોડવા માત્રથી તપસ્વી નથી થવાતું. સર્પ કાંચળીને છોડાવાથી શું વિષ રહિત થાય છે ? મનની નિર્મલતા થવાથી જ આત્મસુખની પ્રાપ્તિ થાય છે. તેની પ્રાપ્તિ મુનિઓને પણ બહુ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. પણ આટલા મોટા રાજ્યનો ભાર હોવા છતાં પણ તમને આ આત્મસુખ સહજ મળ્યું.

ભરત ! સાંભળો, કમોદના ફોતરાં કાઢી નાખીને જેવી રીતે ચાવલ પકાવવામાં આવે છે, તેવી રીતે પંચેન્દ્રિય સંબંધી વિષયોનો ત્યાગ કરીને બધા આત્મનિરીક્ષણ કરે છે, પરંતુ તમે આ પંચેન્દ્રિય વિષયની વચ્ચે રહેવા છતાં પણ આત્માને નિર્મલ બનાવી રહ્યા છો તેથી તમે ૠષિઓથી પણ શ્રેષ્ઠ છો. કમોદના ફોતરાં કાઢી નાખીને કેવલ સફેદ ચોખા જેવી રીતે પકવવામાં આવે છે તેવી રીતે શરીરના વસ્ત્ર છોડીને આત્મધ્યાન કેટલાક કરે છે, પરંતુ તમે તો શરીરને વસ્ત્રાદિથી શણગારીને ધ્યાન કરો છો. અંતરંગની શુદ્ધિ માટે બાહ્ય વસ્તુ સંતતિને કોઈ છોડે છે પણ કોઈ બાહ્ય વસ્તુઓ હોવા છતાં પણ તેમાં ભ્રાંત ન થઈને અંતરંગથી શુદ્ધ રહે છે. આભૂષણો પહેરીને આત્મધ્યાન કરતા થકા આત્મસુખને પ્રાપ્ત કરનારા ભૂષણસિદ્ધ છે. કોઈ કોઈ આભૂષણો છોડીને આત્મસંતોષ ધારણ કરે છે. અમે બધાએ બાહ્ય પદાર્થો છોડીને આત્મધ્યાનમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું અને તમે તો બાહ્ય પદાર્થોની વચ્ચે રહેતા થકા પણ આત્મસુખનો અનુભવ કરો છો, તેથી તમને ધન્ય છે.

''જિન નહિ કહેવાતા, તપસ્વી નહિ કહેવાતા પ્રતિદિન આત્માનુભવમાં મગ્ન રહીને તે આત્મસિદ્ધિને પામી રહ્યા છો. તમે ભાગ્યશાલી છો.''

ત્યારે ભરતજીએ વિનયથી કહ્યું કે સ્વામી ! આપના જ પ્રસાદથી ઉત્પન્ન મને કૈવલ્યની સિદ્ધિ થાય એમાં આશ્ચર્યની શું વાત છે ? આ બધો આપનો જ મહિમા છે. ઠીક છે. કૃપાનિધાન ! કૃપા કરીને એ બતાવો કે બાહુબલિ યોગીના અંતરંગમાં શું છે ? હે ચિદમ્લેક્ષણ અથવા ચિત્પ્રકાશક ! મને તે જાણવાની ઉત્કંઠા છે.

ઉત્તરમાં ભગવાને પોતાની દિવ્યવાણીથી ફરમાવ્યું કે ‘હે ભરત ! જ્યારે તે બાહુબલિ તમારાથી જુદા પડીને આવ્યા ત્યારે તેઓએ કાંઈક કડવા વચન સાંભળ્યા, તે કારણે તેના હૃદયમાં ક્ષોભ ઊપજ્યો. તેથી તપોભાર ઉઠાવ્યો છે. તમારા બે મિત્રોએ તેને કહ્યું કે અમારા રાજાના રાજ્યના અન્નપાનને છોડીને બીજે કયાં તપશ્ચર્યા કરશો ? જાઓ, એમ કહ્યા પછી તે મનમાં ખેદ પામીને ચાલ્યા ગયા. અહીંયા આવીને તેણે દીક્ષા લીધી. મોક્ષમાર્ગનો ઉપદેશ સાંભળ્યો, પછી આત્મનિરીક્ષણ કરવા જંગલ ચાલ્યા ગયા. પરંતુ ત્યાં પણ મનમાં શલ્ય રહ્યું છે કે આ ક્ષેત્ર ચક્રવર્તીનું છે તેથી તેણે મનમાં નિશ્ચય કર્યો કે આ ભરતના ક્ષેત્રમાં અન્નપાન નહિ લઉં. સમસ્ત કર્મ બાળીને એકદમ મુક્તિમાં જાઉં એવા વિચારથી તેઓ ઊભા છે. તેથી ગર્વના કારણે ધ્યાનની સિદ્ધિ નથી થતી.’

‘પર્વતની જેમ ઊભા રહેવાથી શું થાય ! તે ગર્વગલિત થતા નથી, તમારા રાજ્ય ઉપર ઊભો છું એ વાતનું શલ્ય મનમાં હોવાથી આત્મનિરીક્ષણ થતું નથી. ભરત ! વ્યવહારધર્મ તેમને સિદ્ધ છે પરંતુ નિશ્ચયધર્મનું અવલંબન તેને પ્રાપ્ત થયું નથી. જરાક કષાયાંશ જેમના હૃદયમાં મોજૂદ છે તેમને તે નિશ્ચયધર્મ સાધ્ય થતો નથી. એક વર્ષથી ઉપવાસાગ્નિ અને કષાયાગ્નિથી બળી રહ્યા છે, પરન્તુ કાંઇ કામમાં આવ્યું નહિ. આજે તમે જઈને વંદના કરશો તો તેનું શલ્ય દૂર થશે અને ધ્યાનની સિદ્ધિ થશે. આજે તેમના ધાતિકર્મ નાશ પામશે. એ મુનિને કેવલજ્ઞાન સૂર્યનો ઉદય થશે. તેથી તમે હવે જાઓ.’’ આ રીતે કહેવાથી ભરતજી ત્યાંથી ગજવિપિન તપોવન તરફ રવાના થયા.

ઘણું ભારે ભયંકર જંગલ છે. બધેય નિસ્તબ્ધતા છવાયેલી છે. આગની જેવો તપેલો તડકો પડે છે. પોતાની દીર્ઘ ભૂજાઓ છૂટી રાખીને આંખો મીંચીને અત્યંત દ્રઢતાપૂર્વક બાહુબલિ યોગી ઊભા છે. ભરતજીને આશ્ચર્ય થયું.

તીવ્ર તાપમાં ઊભા છે. આખા શરીરમાં ફરફોલા ઊઠયા છે. તાપથી લતાઓ સુકાઈને શરીરમાં ખૂંચે છે. વિદ્યાધરી સ્ત્રીઓ બ્રાહ્મી અને સુંદરીનું રૂપ ધારણ કરીને તે લતાઓને દૂર કરે છે.

સજ્જનોત્તમ ભરતજીએ તેને દૂરથી જોયા અને ‘‘ભુજબલિ યોગેશ્વરાય નમો નમો વિજયરાત્મને નમોસ્તુ’’ આ રીતે કહેતા થકા તેમના ચરણોમાં મસ્તક મૂક્યું. ત્યારપછી મુનિરાજ બાહુબલિની સામે ઊભા રહીને આ પ્રકારના વચનો ઉચ્ચાર્યા જેથી તે દુષ્ટકર્મ ગભરાઈને ભાગી જાય.

ભરતજીએ કહ્યું-‘‘ગુરુદેવ ! આપના મનમાં શું છે ? એ બધું હું પુરુનાથ પાસેથી જાણીને આવ્યો છું. આ પૃથ્વીને આપ મારી માનો છો એ આશ્ચર્યની વાત છે. જે પૃથ્વીને અનેક રાજાઓએ પહેલા ભોગવી લીધી છે અને જેનું શાસન વર્તમાનમાં હું કરું છું, ભવિષ્યમાં બીજા કોઈ કરશે, આવી વેશ્યાસદશ આ ભૂનારીને આપ મારી સમજી રહ્યા છો ? શું એમ માની લેવું તે બુદ્ધિશાળીને માટે યોગ્ય છે ?’’

યોગીરાજ ! વિચાર કરો, છાનું રાખવાની શી જરૂર છે ? જે વખતે ષટ્ખંડનો વિજય કરીને હું વૃષભાદ્રિ પર વિજયશાસનને લખવા ગયો હતો ત્યારે મારું શાસન લખવાની જગ્યા ન હતી. આખો પર્વત પૂર્વરાજાઓના શાસનથી ભરેલો હતો, તો મારે એક શાસન ભુંસાડીને મારું શાસન લખવું પડયું, આમ હોવાથી આપ આ પૃથ્વીને મારી કેમ સમજો છો ? આ જમીનની તો વાત જ

શી ? આ માટી છે, સ્વર્ગના રત્નમય વિમાન, કલ્પવૃક્ષ આદિ સ્વર્ગીય વિભૂતિ પણ દેવોની નથી, તેને મૂકીને જવું પડે છે, તો આ પૃથ્વીને મનુષ્યોની તો વાત જ શી ? તો પછી આપ આ પૃથ્વીને મારી કેમ કહો છો ? ''

''ગુરુદેવ ! વિચાર તો કરો. આ શરીર જ્યારે આપણું નથી ત્યારે બીજા પદાર્થો પોતાના કેવી રીતે હોય ? '' ભરતજીનાં વચન સાંભળતાં બાહુબલિનો ગર્વ ગળતો હતો. ''વળી વિચારો, તમે આ પૃથ્વીને તરણા સમાન ગણીને લાત મારીને આવ્યા, પરંતુ હું તેને છોડી શકયો નથી તેથી તમે ગુરુ બન્યા, હું લઘુ જ રહ્યો.'' આ સાંભળતાં જ મુનિરાજનું માન વિશેષ ગળવા લાગ્યું.

ભવભ્રમણના કારણભૂત શલ્યભૂતને વાક્યમંત્રથી ચક્રવર્તીએ દૂર કર્યું. હવે તે યોગીનું ચિત્ત શાંત થયું, ધ્યાનસંપત્તિની પ્રાપ્તિ થઈ.

ભરતજી પણ બહુ ચતુર છે; તે દિવસે પોતાને નમસ્કાર કરેલા ભાઈને આજે મુનિ હોવાથી નમસ્કાર કર્યા છે. તેમાં મુનિ થઈને પણ બાહુબલિના મનમાં સંકલેશ થયો. પરંતુ ગૃહસ્થ હોવા છતાં પણ ભરતજીના મનમાં કાંઈ નથી. શું એ રાજા છે કે રાજયોગી છે ? શરીરને નગ્ન કરીને અને મનને અંધકારમાં રાખીને તે બાહુબલિ યોગી ઊભા હતા. તેમના મનમાં જે શલ્ય હતું તે ભરતજીએ દૂર કર્યું તો બન્નેમાં સંયમ કોનો અધિક થયો ?

આ સમ્રાટને બહારથી બધું ય છે તો શું તેનું બગડી ગયું ? અને આ બાહુબલિએ બહારથી બધુંય છોડી દીધું તો તેને શું મળ્યું ? જે આત્માથી બાહ્ય છે તે બાહ્યમાં ઘોર તપશ્ચર્યા કરે તોપણ કોઈ ફળીભૂત થતું નથી.

ભાવિતાત્મ ભરતજીના વચન સાંભળતાં સાંભળતાં ચિત્તનો અંધકાર દૂર થતો હતો, દીપકની સમાન આત્મરૂપનું દર્શન થતું હતું. ચિત્તના સમસ્ત વ્યગ્રભાવને દૂર કરી પોતાના ચિત્તને યોગ્ય દિશામાં લગાડીને વિષય ગ્રામથી પોતાનો ઉપયોગ ખેસવી લીધો. હવે તેનું શરીર પણ અત્યંત નિષ્કંપ થતું. સૌથી પહેલાં આજ્ઞાવિચય, વિપાકવિચય, સંસ્થાન વિચય, અપાયવિચય નામના વ્યવહાર ધર્મને સિદ્ધ કરીને ત્યારપછી શુદ્ધાત્મસ્વરૂપ હું છું એ ધર્મનું તેઓએ અવલંબન કર્યું.

સૌથી પહેલાં સિદ્ધોનું ધ્યાન કર્યું. ત્યારપછી અષ્ટગુણયુક્ત સિદ્ધોની સમાન હું છું એ રીતે અનુભવ કરતા થકા નિરંજન સિદ્ધના દર્શન કર્યા. અંતરંગમાં જેવી જેવી વિશુદ્ધિ વધતી જાતી હતી તેવી તેવી જ આત્મજ્યોતિ ઉજ્જવલ થઈને પ્રકાશતી હતી. તે નિશ્ચયોજ્જવલ ધર્મ છે. દર્શત, વ્રતિક, તાપસી અને અપ્રમત આ રીતે ચાર ગુણસ્થાનોમાં તે ઉજ્જવલ ધર્મની પ્રાપ્તિ થાય છે તેથી તેના અવલંબનથી બાહુબલિ કર્મની નિર્જરા કરવા લાગ્યા.

ધ્યાન કરતી વખતે તે જ્યોતિ પ્રકાશમાન થઈને દેખાય છે, ફરી તે વખતે તે ઝાંખી થઈ જાય છે. આ રીતે હજારો વાર થાય છે અર્થાત્ હજારોવાર પ્રમત્ત ને અપ્રમત્તની પરાવૃતિ થાય છે. ઉજ્જવલ પ્રકાશ જે વખતે દેખાય છે ત્યારે અપ્રમત્ત અવસ્થા હોય છે. જ્યારે અંધકાર થાય છે ત્યારે પ્રમત્ત દશા હોય છે. પ્રમત્ત ને અપ્રમત્તમાં આ ભેદ છે.

આ રીતે આ આત્માને મોક્ષના પ્રધાનમાર્ગમાં પ્રવર્તાવીને અપ્રમત્ત, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ આ રીતે કરણત્રયનું અવલંબન તે યોગી કરવા લાગ્યા. ત્યારે ધર્મયોગનો પ્રભાવ વળી વિશેષ વધી ગયો.

વળી જ્યારે તેઓએ એકાગ્રતાથી નિશ્ચય ધર્મયોગનું અવલંબન કર્યું ત્યારે સહજ નારક, સુર ને તિર્યંચાયુષ્ય નાશ પામ્યા. ત્યાર પછી તત્ક્ષણ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, સમ્યક્ત્વ, મિથ્યાત્વ અને સમ્યક્ મિથ્યાત્વ એ રીતે સાત પ્રકૃતિઓનો સર્વથા અભાવ થવાથી ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ. સાતપ્રકૃતિ જ આત્માના સંસાર પરિભ્રમણનાં કારણ છે, જ્યારે તેમનો અભાવ થાય છે, ત્યારે આત્મામાં નૈર્મલ્ય વધે છે. સમ્યક્ત્વમાં દૃઢતા આવે છે. એને ક્ષાયિક સમ્યક્ત્વ પણ કહે છે. ઈક્ષ્વાકુ સમ્યક્ત્વ પણ કહે છે.

અપ્રમત્તગુણસ્થાનથી આગળ વધ્યા, અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાને આરુઢ થયા. ત્યાં પ્રથમ શુક્લધ્યાનની પ્રાપ્તિ થઈ, ત્યાં બે પ્રકારની શુકલધ્યાનની પ્રાપ્તિ થાય છે એક વ્યવહારશુક્લ અને બીજું નિશ્ચયશુક્લ. વ્યવહાર શુકલથી દેવગતિ મળે છે, નિશ્ચયશુકલથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. ઉપશમ શ્રેણીમાં જે ચડે છે તે વ્યવહાર શુકલનું અવલંબન કરીને તેના ફળમાં સ્વર્ગગતિ પામે છે. ક્ષપકક્ષેણીમાં ચઢીને જે નિશ્ચયશુકલનું અવલંબન કરે છે તે અપવર્ગને (મોક્ષને) જ પામે છે. શ્રુતવિકલ્પથી ચડીને આત્મામાં દેખાતો પ્રકાશ જ વ્યવહાર શુકલ છે. સંપૂર્ણ વિકલ્પોના અભાવમાં આત્મકલાની વૃદ્ધિથી આત્મજ્યોતિનું જે દર્શન થાય છે તેને નિશ્ચયશુકલ કહે છે. મસ્તકથી માંડીને અંગૂઠા સુધી ચાંદનીના શુભ્ર પ્રકાશની પૂતળી સમાન આત્મા દેખાય અને વચ્ચે વચ્ચે તેમાં ચંચલતા પેદા થઈ જાય તેને વ્યવહારશુક્લ કહે છે. જો નિશ્ચલતા રહે તો તેને નિશ્ચયશુકલ કહે છે.

આ રીતે બાહુબલિ યોગીએ વ્યવહારશુક્લના અવલંબનથી કરણત્રયની રચના કરી, તે જ ક્ષણે નિર્મળતાની વૃદ્ધિ થવાથી નિશ્ચયશુકલનો પણ ઉદય થયો. ત્યાં આયુત્રિકનો નાશ થયો. સાતે કર્મની સ્થિતિ પણ શિથિલ બનતી હતી.

ત્યાર પછી આગળ વધતાં અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાન ઉપર આરૂઢ થયા, ત્યાં પહોંચતાં જ છત્રીશ કર્મ પ્રકૃતિઓનો નાશ થયો.

આ રીતે પહેલેથી તે યોગીએ ગુણસ્થાનક્રમે નિમ્નલિખિત પ્રકારે કર્મોની બંધવ્યુચ્છિતિ કરી.

૧. મિથ્યાત્વ, હુંડકસંસ્થાન, નપુંસક વેદ, અસંપ્રાપ્તાસૃપાટિકા, એકેંદ્રિય, સ્થાવર, આતપ, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, દ્વીન્દ્રિય, ત્રીંદ્રિય, ચતુરિન્દ્રિય, નરક ગતિ, નરકગત્યાનુપૂર્વી, નરકાયુ-૧૬. ૨. અનંતાનુંબંધી ક્રોધ, માન, માયા, લોભ, સ્થાનગૃદ્ધિ, નિદ્રાનિદ્રા, પ્રચલા પ્રચલા, દુર્ભગ, દુસ્વર, અનાહેય, ન્યગ્રોધ પરિમંડલ, સંસ્થાન, સ્વાતિસંસ્થાન, કુબ્જસંસ્થાન, વામન સંસ્થાન, વજનારાચ સંહનન, નારાચસંહનન, અર્ધનારાચ, કીલિતસંહનન, અપ્રશકતવિહાયોગતિ, સ્ત્રીવેદ, નીચગોત્ર, તિર્યંચગતિ, તિર્યંચગત્યાનુપૂર્વી, ઉદ્યોત, તિર્યંચાર્યું-૨૫. ૪. અપ્રત્યાખ્યાન કષાય ૪ વજવૃષભનારાચસંહનન, ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, મનુષ્યગતિ, મનુષ્યગત્યાનૂપૂર્વી, મનુષ્યાયુ-૧૦. ૫. પ્રત્યાખ્યાન કષાય ૪. ૬. અસ્થિર, અશુભ, અસાતાવેદનીય, અયશઃકીર્તિ અરતિ, શોકઃ ૬. ૭. દેવાયુ ૧ ૮. પ્રથમભાગમાં નિદ્રા, પ્રચલાઃ ૨.

છઠ્ઠા ભાગમાં તીર્થંકર નિર્માણ, પ્રશસ્તવિહાયોગતિ, પંચેન્દ્રિય, તૈજસ, કાર્મણ, આહારકશરીર, આહારક અંગોપાંગ, સમચતુરસ્ર, સંસ્થાન, દેવગતિ, દેવગત્યાનુપૂર્વી, વૈક્રિયક શરીર, વૈક્રિયક અંગોપાંગ, વર્ણાદિ ૪ અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત, ઉછ્વાસ, ત્રસ, બાદર, પર્યાપ્ત પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદે,: ૩૦.

સાતમા ભાગમાં હાસ્ય, રતિ, ભય, જુગુપ્સાઃ ૪. ૯. પુરુષવેદ, સંજવલન ક્રોધ, માન, માયા, લોભઃ ૪.

આ રીતે ઉપર્યુક્ત કર્મોને દૂર કરીને નવમા ગુણસ્થાનના અંતમાં બાદરલોભની સાથે માયાને પણ દૂર કરી. ત્યારે તે યોગીએ સૂક્ષ્મ સાંપરાય નામના દશમા ગુણસ્થાનમાં આરોહણ કર્યું. ત્યાં સૂક્ષ્મલોભનો પણ નાશ કર્યો. તે વખતે મોહનીય કર્મની બાકી રહેલી પ્રકૃતિઓનો નાશ કરીને આગળ વધ્યા. ઉપશાંત કષાય નામના અગિયારમા ગુણસ્થાન પર આરોહણ ન કરતાં એકદમ બારમાં ગુણસ્થાનમાં જ આરુઢ થયા કેમકે તેઓ ક્ષપકશ્રેણીએ ચઢતા હતા. તે ક્ષીણ કષાય નામના બારમા ગુણસ્થાન પર આરૂઢ થતાં જ દ્વિતીય શુકલધ્યાનની પ્રાપ્તિ થઈ. ત્યાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ ને અંતરાય કર્મ બધાય નાશ થયા અર્થાત્ ઘાતિયા કર્મ દૂર થઈને તે યોગી જિન બની ગયા.

ક્ષુધા, તૃષા આદિ અઢાર દોષ દૂર થયા. તે વખતે સયોગ કેવલી નામના તેરમા ગુણસ્થાન પર તે યોગી આરુઢ થયા. હવાની જેમ ચલિત થવાવાળું ચિત્ત હવે દૃઢ થઈ ગયું. હવે તેનો સંબંધ શરીરની સાથે ન થતાં આત્માની સાથે થયો છે. ચારિત્રકર્મનો સર્વથા નાશ થવાથી યથાખ્યાતચારિત્ર થયું છે. મોહ નામ અંધકારનો છે. તે દૂર થવાથી ત્યાં એકદમ પ્રકાશ ને પ્રકાશ થઈ રહ્યો છે. આત્મામાં આત્માની સ્થિરતા થઈ છે. આત્મામાં આત્માનું સ્થિર થવું એને કોઈ સુખના નામથી વર્ણન કરે છે.

જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો સર્વથા અભાવ થવાને કારણે અનંતજ્ઞાન અને અનંતદર્શન પ્રગટયું અને આત્મિયશક્તિ પ્રગટ થવામાં વિઘ્નકારક અંતરાય દૂર થવાથી અનંતવીર્ય અને અનંતસુખની પ્રાપ્તિ થઈ. આ રીતે ત્રેસઠ પ્રકૃતિનો નાશ થવાથી તે આત્મામાં વિશિષ્ટ તેજ પ્રજવલિત થયું. મેઘમંડલથી બહાર નીકળેલ સૂર્યમંડલ સમાન તે આત્મામાં કેવલજ્ઞાન જ્યોતિ પ્રગટી. ત્રણ લોકની અંદર અને બહાર સ્થિત સર્વ પદાર્થોને તેઓ હવે એક સમયમાં જાણવા લાગ્યા. ત્રણ લોકને એકી સાથે ઉઠાવી શકે એટલું સામર્થ્ય હવે પ્રાપ્ત થયું. વિશિષ્ટ આત્મોત્થ સુખની પ્રાપ્તિ થઈ. વિશેષ શું ? તેમાં નવવિધ લબ્ધિઓનો અંતર્ભાવ થયો.

આ રીતે આત્મસિદ્ધિ દ્વારા બાહુબલિ યોગીએ કર્મોને દૂર કર્યા તો એકદમ આ ધરાતલથી પાંચ હજાર ધનુષ ઉપર જઈને ઊભા રહી ગયા. તે વખતે એક પર્વત જ ઊડતો હોય એવું લાગતું હતું. તે વખતે ચારે તરફથી નર, સુર અને નાગલોકો ભવ્ય જયજયકાર કરતા થકા ત્યાં આવ્યા. કુબેરે ભક્તિથી ગંધકુટિની રચના કરી. આકાશની વચ્ચે ગંધકુટિની રચના થઈ હતી. તે ગંધકુટીમાં સ્થિત કમલથી ચાર આંગળ ઊંચા જિન ઊભા છે. પરમૌદારિક દિવ્ય શરીરથી અત્યંત સુંદર દેખાવા લાગ્યા.

ભરતજી હર્ષપૂર્ણ બન્યા. આનંદથી કૂદવા લાગ્યા. અત્યંત ભક્તિથી સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને ઊઠીને ભક્તિથી બાહુબલિ જિનની સ્તુતિ કરવા લાગ્યા. ભગવાન ! આપને મારા દ્વારા કષ્ટ પહોંચ્યું. હું ઘણો જ હતભાગી છું.

ઉત્તરમાં ભુજબલિ ભગવાને કહ્યું કે ભવ્ય ! આમ ન કહો, દુષ્કર્મે મારો એવો વર્તાવ કરાવ્યો, મારા પાપે મને તમારી સાથે વિરોધ કરાવ્યો અને અભિમાને તપશ્ચર્યા લેવરાવી. તે અભિમાનપૂર્વક તપશ્ચર્યા પણ કરી પરંતુ ઉપયોગ ન લાગ્યો. મારા પુણ્યે તમને બોલાવ્યા તેથી મારાથી જ મને સુખ થયું. કહેવાનું તાત્પર્ય એ છે કે પાપથી દુઃખ ને પુણ્યથી સુખની પ્રાપ્તિ થાય છે. પરંતુ એને વિવેકપૂર્વક ન જાણતાં સંસારમાં અમને સુખદુઃખ બીજાથી થયું એ રીતે અજ્ઞાની જીવ કહ્યા કરે છે. દુઃખસુખનો સમભાવથી અનુભવ કરતા રહેવાથી આત્મસિદ્ધિ થાય છે. શરીરના સંબંધે થવાવાળા સુખદુઃખ ખરેખર સ્વપ્ન સમાન છે તે જોતજોતામાં નાશ પામે છે. એક માત્ર પવિત્ર આત્મસુખ જ અવિનશ્વર છે, તે સુખ સમુદ્રની આગળ દેવોનું સુખ પણ બિંદુ માત્ર છે.

ભદ્ર ! મારું કર્મ કઠોર છે, તેથી તેમને દૂર કરવા માટે આકરી તપશ્ચર્યા કરવી પડી. પરંતુ તમારું કર્મ કોમલ છે તેથી ભોગમઠમાં જ તેઓ જતા રહે છે. અમારે આ રીતે મુક્તિમાં જવાનું હતું તેથી આ બધું થયું તમારે આ રીતે સુખ ભોગવતાં ભોગવતાં મુક્તિમાં જવાનું છે; કર્મલેપ દૂર થતાં તો બધા એક સરખા થવાના, પછી કોઈ આતરું રહેતું નથી. આ રીતે પરમાત્મા બાહુબલિજીએ કહેતા થકા ભરતજીને એમ કહ્યું કે હવે અમારી ગતિ કૈલાસ પર્વત તરફ થશે, તમે હવે તમારા નગરમાં જાઓ. ભરતજીએ તે વખતે બાહુબલિ કેવલીના ચરણોમાં સાષ્ટાંગ નમસ્કાર કરીને અનેક દેવોની સાથે અયોધ્યા તરફ પ્રસ્થાન કર્યું. ત્યારપછી બાહુબલિ કેવલીની ગંધકુટિનો કૈલાસપર્વત તરફ વિહાર થયો. તે વખતે અનેક દેવાદિક જયજયકાર શબ્દ કરી રહ્યા હતા. આ તરફ પોતાના પરિવારની સાથે ભરતજી પોતાના નગરની તરફ જવા લાગ્યા.

માર્ગમાં ભરતજીના હૃદયમાં અનેક વિચારતરંગ ઊઠતા હતા. આનંદથી હૃદયકમલ વિકસી રહ્યું હતું. ધ્યાન સામર્થ્યથી જ્યારે ભુજબલિનું કર્મ દૂર થયું અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ એ વાત વારંવાર યાદ કરીને આનંદ લેવા લાગ્યા. તેમને એટલો આનંદ થતો હતો કે બાહુબલિને કૈવલ્ય પ્રાપ્ત નથી થયું પણ પોતાને જિનપદ પ્રાપ્ત થયું હોય એ રીતે આનંદ પામતા થકા તેઓ અયોધ્યાપુરમાં પ્રવેશ કરીને મહેલમાં પહોંચીને કૈલાસ ગયા પછી બાહુબલિને કૈવલ્ય પ્રાપ્ત થયા સુધીનું સર્વ વૃત્તાંત માતા અને પોતાની પત્નીઓને કહીને આનંદથી રહેવા લાગ્યા.

ભરતજી ખરેખર પુણ્યશાળી મહાત્મા છે. કેમકે જેમના કારણે મોટા મોટા યોગીઓનાં હૃદયનું પણ શલ્ય દૂર થાય અને તેમને ધ્યાનની સિદ્ધિ થઈને કૈવલ્યની પ્રાપ્તિ થાય એવા તેમના પુણ્યાતિશયનું વર્ણન શું કરીએ ? તેનું માત્ર એક કારણ આ છે કે તેમને બરાબર સૂઝ પડે છે કે આત્મસાધનની વિધિ શું છે ? પરપદાર્થના નિમિત્તે ચંચલ થવાવાળા આત્માને તે વિકલ્પોથી દૂર કરવાનો ઉપાય શું છે ? તે અનુભવનો પ્રયોગ, બાહુબલિનું શલ્ય દૂર કરવામાં, તેઓએ કર્યો. તેનાથી અલગ તેઓ નિરંતર પરમાત્માનું આ રીતે સ્મરણ કરતા હતા કે :-

''હે પરમાત્મા ! આપ પહેલાં અલ્પ પ્રકાશરૂપ ધર્મધ્યાનથી પ્રગટ થાઓ છો. ચિત્તની નિર્મળતા વધવાથી અત્યંત ઉજ્જવલ પ્રકાશરૂપે શુકલધ્યાનથી પ્રગટ થાઓ છો. તેથી હે ચિદંબરપુરુષ ! મારા હૃદયમાં વર્ત્યા રહો.''

## ૨. સ્વયંવર સંધિ

**ભ**ગવાન બાહુબલિસ્વામી, અનંતવીર્ય અને કચ્છ, મહાકચ્છ યોગીઓને કેવલજ્ઞાન થયું તેથી ભરતજી બહુ પ્રસન્ન થઈ રહ્યા છે. તે યાદ કરતાં કરતાં આનંદથી પોતાનો સમય વ્યતીત કરી રહ્યા છે.

મહાબલ રાજકુમાર અને રત્નબલ રાજકુમારને યોગ્ય વયે બહુ વૈભવપૂર્વક વિવાહ કરીને પિતૃ વિયોગનું દુઃખ ભુલાવ્યું. પોતાના જમાઈ રાજકુમારોને અને પોતાની પુત્રીઓને ક્યારેક ક્યારેક બોલાવીને તેમને અનેક પ્રકારની વિપુલસંપત્તિ આપીને વિદાય આપતા હતા. આ રીતે બહુ આનંદથી ભરતજી પોતાનો વખત ગાળી રહ્યા છે.

આ તરફ સમ્રાટ અયોધ્યામાં સુખે રહે છે તો તે બાજુ યુવરાજ અર્કકીર્તિકુમાર પોતાના ભાઈ આદિરાજની સાથે પિતાજીની અનુમતિથી રાજ્યની શોભા જોવા માટે ગયા છે. આર્યખંડના અનેક રાજ્યોમાં ફરતા ફરતા અને ત્યાંના રાજાઓનું સન્માન પામીને આનંદથી ફરી રહ્યા છે.

કેટલાક દેશો જોયા પછી કર્ણાટકદેશના રાજાએ તેમને બહુ આદરપૂર્વક પોતાને ત્યાં બોલાવ્યા. અને બહુ સન્માન કર્યું. તેઓ અર્કકીર્તિના સગા મામા છે. કુંતલાવતી દેવીના મોટા ભાઈ ભાનુરાજ છે. તેઓએ પોતાના નગરમાં અર્કકીર્તિને આદિરાજનું ખાસ વિશિષ્ટતાથી સ્વાગત કરાવ્યું. તે નગરને તે વખતે કિષ્કંધપુર કહેતા હતા પરંતુ કલિયુગમાં આને યગોદિ કહે છે ત્યાં ભાનુરાજે પોતાની બે પુત્રીઓના વિવાહ તે બન્ને રાજકુમારો સાથે કર્યા. ભાનુમતિનો અર્કકીર્તિની સાથે, વસંતકુમારીનો આદિરાજની સાથે વિવાહ થયો, ત્યાર પછી તે બન્ને કુમારો પશ્ચિમદેશ તરફ ગયા.

આ સમાચાર સાંભળીને કુસુમાજી રાણીના ભાઈ વીર વિમલરાજે સૌરાષ્ટ્ર દેશના ગિરિનગરમાં લાવીને તેમનો યથેષ્ટ સત્કાર કર્યો. વિમલાજી નામની પોતાની પુત્રીને અર્કકીર્તિને આપીને પોતાના નાના ભાઈ કમલરાજની પુત્રી કમલાજી આદિરાજને આપી.

આ રીતે અનેક દેશોના રાજાઓનું સન્માન મેળવીને કાશી દેશમાં આવ્યા. કાશીનગરમાં પ્રવેશ કરતાં જ ત્યાં એક નવી વાર્તા સાંભળવામાં આવી. વારાણસી (કાશી) રાજ્યના અધિપતિ અકંપન રાજા છે. તેની પુત્રી સુલોચના દેવીના સ્વયંવરનો નિર્ણય થયો છે. ઉપસ્થિત અનેક રાજપુત્રોમાં ગમે તેને પસંદ કરીને આ સુલોચના માળા પહેરાવશે તે તેના પતિ થશે. આ પ્રકારની સૂચના સર્વત્ર મળવાથી અનેક દેશના રાજકુમાર અહીંયાં આવીને ભેગા થયા છે. નારીનું નામ સાંભળતાં જ કામુક જન આકુળવ્યાકુળ થઈને, ફલયુક્ત વૃક્ષ પર જેવી રીતે પક્ષી દોડે છે તેવી રીતે આવે છે. તેથી અહીંયાં પણ હજારો રાજકુમાર આવ્યા છે. કમલના સરોવરે જેવી રીતે ભમરાઓ હજારોની સંખ્યામાં આવે છે, તેવી રીતે કમલમુખી સુલોચનાના સ્વયંવર માટે અનેક રાજકુમાર આવેલા છે, આ બધાનો આદરસત્કાર, સ્નાન, ભોજન, નાટયક્રીડા વગેરેથી અકંપનરાજા તેમને સંતોષ આપી રહ્યા છે.

સ્વયંવર મંડપ શણગારવામાં આવ્યો છે. નગર શણગારવામાં આવ્યું છે. હવે આ સુલોચનાદેવી બે ત્રણ દિવસમાં કોના ગળામાં માળા નાખશે એ સંબંધી વાત જ્યાં ત્યાં લોકો કરી રહ્યા છે.

આ સમાચાર સાંભળીને અર્કકીર્તિ ને આદિરાજ એકાંતમાં કાંઇક વિચાર કરવા લાગ્યા, કેમકે તેઓ ભરતેશના તો સુપુત્ર છે. અર્કકીર્તિ આદિરાજ કુમારને કહેવા લાગ્યા કે આદિરાજ ! શું આપણે કાશીની અંદર જવું કે નહિ ! ઉત્તરમાં આદિરાજ કહેવા લાગ્યા જવામાં શું બાધ છે ! આપણા આધીનસ્થ રાજાઓના રાજ્યમાં જવાનો સંકોચ શો ! અને એમાં વાંધો શું છે ! તેની પુત્રીની ઈચ્છાથી જેવી રીતે બીજા લોકો આવ્યા છે, તેવી રીતે આપણે નથી આવ્યા. આપણે તો પિતાજીને કહીને દેશની શોભા જોવા નીકળ્યા છીએ. આ વાત લોકો જાણે છે. આ કાશી આપણને રસ્તામાં આવ્યું છે. તે મૂકીને જઈએ તોપણ તેમાં ગંભીરતા રહેતી નથી, ભલે આપણે અહીંયાં અધિક ન રહેતાં આગળ જઈ શકીએ છીએ. આ સાંભળીને અર્કકીર્તિ કહેવા લાગ્યા કે આપણને જોયા પછી તેઓ આપણને જલ્દી નહિ નીકળવા દે. તો આપણને સ્વયંવર મંડપમાં તેઓ જરૂર લઈ જશે.

આદિરાજ વળી કહેવા લાગ્યા કે ભાઈ ! સ્વયંવરશાળામાં હલકા વિચારવાળા જ જાય છે. જ્ઞાની ત્યાં જતાં નથી. કદાચિત્ જાય તો તે કુમારી કોઈ એકના જ ગળામાં માળા નાખશે, બાકીના બધાને ત્યાંથી ખાલી હાથે જ પાછું જવું પડે છે. સ્વયંવર પહેલાં પ્રત્યેક વ્યક્તિ તેને વરવાની આશા રાખે છે. પરંતુ જ્યારે તે માળા કોઈ એકના ગળામાં પડે છે ત્યારે બધા લોકો પોતાની શરમ વેચી નાખે છે. ભાઈ ! વિચાર કરો, એક કન્યાની બધા અપેક્ષા કરે તે શું સારી વાત છે ! જ્યારે તે એકને પસંદ કરશે ત્યારે બાકીના લોકો તો ભાંડ જ ઠરે છે ને ! તેથી આપણે તે સ્વયંવર મંડપમાં ન જવું જોઈએ. આપણે આપણા મુકામમાં જ રહીશું.

ત્યારે અર્કકીર્તિ કહેવા લાગ્યા કે જો તેઓએ પગે પડીને આગ્રહ કર્યો તો શું કરવું ! જો એમ થતાં પણ આપણે નહિ જઈએ તો રાજા અકંપનને ઘણું દુઃખ થશે, અને બાકીના રાજકુમારોને પણ ખરાબ લાગશે. તેથી શું કરવું યોગ્ય છે ? ત્યારે આદિરાજે કહ્યું કે તેને માટે એક ઉપાય કહું છું. જ્યારે તેઓ આપને આગ્રહ કરવા માટે આવે ત્યારે આપે તેમને કહેવું કે રાજા અકંપન ! તમે જેવી રીતે પત્ર લખીને સ્વયંવરમાં બીજા લોકોને બોલાવ્યા છે તેવી રીતે અમને નથી બોલાવ્યા. તેથી અમે સ્વયંવર મંડપમાં ન આવી શકીએ.

આ સાંભળીને અર્કકીર્તિએ કહ્યું કે શાબાશ ! ભાઈ, શાબાશ. મારા હૃદયમાં જે હતું તે તમે કહ્યું, ઠીક છે, એમ જ કરીશું.

આ રીતે બન્ને વિચાર કરીને આનંદપૂર્વક કાશી તરફ આવી રહ્યા છે.

યુવરાજ અર્કકીર્તિ કાશી તરફ આવી રહ્યા છે એમ સાંભળીને અકંપનને ખૂબ હર્ષ થયો. તેઓએ નિર્ણય કર્યો કે સમ્રાટના પુત્ર પોતાની પુત્રીના વિવાહ માટે આવી રહ્યા છે. એ મારા ભાગ્યની વાત છે. હજારો ભૂચર ને ખેચર રાજ્યપુત્રોના આવવાથી શું ? મહાચક્રધારી ચક્રવર્તીના પુત્ર આવી રહ્યા છે ત્યારે તો હું ખરેખર ભાગ્યશાલી છું. મારા સ્વામીના સુપુત્ર કોઈ કારણે આવી રહ્યા છે. તેમનો આદર સત્કાર યોગ્ય થવો જોઈએ. જો તેમાં કોઈ પણ પ્રકારની ખામી પડશે તો તેથી મને નુકસાન થશે. તેથી અત્યંત ભય ને ભક્તિથી તેમના સ્વાગતની વ્યવસ્થા કરવી જોઈએ એવા વિચારથી અકંપન રાજા તેની વ્યવસ્થા કરવા લાગ્યા.

રાજમહેલ ખાલી કરાવીને સ્વયં રાજા અકંપન બીજા એક ઘરમાં રહેવા ગયા. પુરમાં અનેક પ્રકારની શોભા કરવામાં આવી. બધી જગ્યાએ સમાચાર આપવામાં આવ્યા કે બે ત્રણ દિવસમાં સમ્રાટના સુપુત્ર આવે છે.

સ્વયં રાજા અકંપન પોતાના પુરજન અને પરિજનોની સાથે અને અનેક દેશના રાજા મહારાજાઓની સાથે ભેગા મળીને તેમનું સ્વાગત કરવા નીકળ્યા. હાથમાં અનેક પ્રકારની ભેટ, વસ્ત્ર, રત્ન વગેરે લઈને જવા લાગ્યા. એક બે મુકામ કર્યા પછી આવીને બધાએ યુવરાજના દર્શન કર્યા. પરમ આનંદથી ભેટ મૂકીને યુવરાજને નમસ્કાર કર્યા. અર્કકીર્તિકુમારે તે બધાને ઊઠવા કહ્યું અને અકંપનરાજાને પ્રશ્ન કર્યો કે રાજા ! તમારી પાસે જ રાજાઓ આવ્યા છે તેમને આવવાનું શું કારણ છે ? અમે જે તે દેશની શોભા જોઈને આવીએ છીએ. અત્યારસુધી એમ દેખવામાં આવ્યું છે કે તે દેશના રાજા જ અમારા સ્વાગત માટે આવતા હતા. પરંતુ અહીં કોઈ જુદી જ વાત છે. તમારી સાથે અન્ય દેશના રાજા પણ મળીને આવ્યા છે, એ આશ્ચર્યની વાત છે એનું કારણ શું છે ? શું તમારે ત્યાં કોઈ પૂજા, પ્રતિષ્ઠા, ઉત્સવ ચાલે છે કે વિવાહ થાય છે ? ના, એમ નહિ એ તો સ્વયંવરને માટે ભેગા થયેલા લાગે છે, કેમકે એમનો પહેરવેશ જ એ વાત બતાવી રહ્યો છે. તોપણ વાસ્તવિક વાત શું છે તે કહો ?

ઉત્તરમાં રાજા અકંપને કહ્યું કે સ્વામી ! આપે જે અંતિમ વચન કહ્યું તે અસત્ય નથી. મારી એક પુત્રી છે. તેના સ્વયંવર માટે આ બધા ભેગા થયા છે. આપના પધારવાથી પરમ સંતોષ થયો દૂધમાં સાકર ભળી. સોનામાં સુગંધ મળી (સોનું ને સુગંધ) આપના પધારવાથી સાક્ષાત ભરતેશના આવ્યા જેવો સંતોષ થયો. આપ બન્નેના પાદરજથી મારું રાજ્ય પવિત્ર થયું. આ રીતે બહુ સંતોષપૂર્વક રાજા અકંપને કહ્યું એવી રીતે મેઘેશ (જયકુમાર) વગેરે અનેક રાજાઓએ તે બન્ને કુમારોનું સ્વાગત કર્યા પછી અનેક ભૂચર, ખેચર રાજાઓની સાથે રાજા અકંપન તેમને કાશી નગરમાં બોલાવી ગયા.

નગરમાં પ્રવેશ કર્યા પછી અર્કકીર્તિકુમારને ખબર પડી કે અકંપન રાજા અમારા માટે રાજમહેલને ખાલી કરીને બીજી જગ્યાએ રહેવા ગયા છે. આમ છે તો શું કરવા યોગ્ય છે એવા વિચારથી અર્કકીર્તિ આદિરાજની તરફ જોવા લાગ્યા. આદિરાજે કહ્યું કે આપણે બીજી જગ્યાએ રહેવાનું કહીએ. ત્યારે અર્કકીર્તિએ અકંપનને કહ્યું કે આદિરાજ શું કહે છે તે સાંભળો. પરંતુ અકંપનને આગ્રહ હતો કે મારા મહેલમાં જ પગલા કરવા જોઈએ. ત્યારે આદિરાજે કહ્યું કે તમોએ અમારે માટે તમારો મહેલ ખાલી કર્યો તો શું તે અમારો થયો ? કદી નહિ. અમે આ નગરના કોલાહલમાં રહેવા નથી માગતા. તેથી નગરની બહાર કોઈ બગીચામાં કોઈ મહેલ હોય તો ઠીક થશે. અમે ત્યાં રહીશું, ત્યારે અકંપને કહ્યું કે બહુ સારું, તૈયાર છે, ચાલો. ચિત્રાંગદ નામના દેવ પૂર્વજન્મના મારા મિત્ર છે. તેણે સ્વયંવરનો પ્રસંગ ધ્યાનમાં રાખીને બે મહેલની રચના કરી છે. તે સ્થાન તમે જુઓ. બહુ ધામધૂમપૂર્વક બન્ને રાજપુત્રો તે ઉદ્યાનની તરફ જઈને મહેલમાં દાખલ થયા. ત્યાં તેઓએ મુકામ નાખ્યો. તેમના પરિવાર, સેના વગેરેએ પણ તે બગીચામાં બહાર મુકામ રાખ્યો.

રાજા અકંપને પાંચ દિવસ સુધી અનેક વસ્તુઓ ભેટ મોકલીને તે રાજકુમારોનો હરેક રીતે આદરસત્કાર કર્યો. ત્યારપછી અનેક રાજાઓની સાથે આવીને રાજા અકંપન નિવેદન કરવા લાગ્યા

કે યુવરાજ ! મારી એક વિનંતી છે. આપ બન્નેના પધાર્યા પહેલાં નક્કી કરેલું મુહૂર્ત પડતું મૂકીને બેચાર દિવસ જવા દીધા. હવે સ્વયંવર માટે કાલનું મુહૂર્ત બહુ સારું છે. તો આપ બન્ને ભાઈ સ્વયંવર મંડપમાં પધારીને તે વિવાહમાં શોભા વધારો અને અમને બધાને આનંદ પમાડો.

ઉત્તરમાં અર્કકીર્તિએ કહ્યું કે અકંપન ! અમે સ્વયંવરમંડપમાં નહિ આવીએ. અમને આગ્રહ ન કરો. તમે નક્કી કરેલા કાર્યને કરો, તેમાં સંમતિ છે. જાઓ. અકંપને ફરી ફરી પ્રાર્થના કરી કે યુવરાજ ! આપ ન આવો તો વિવાહમંડપની શોભા ક્યાં રહી ? અત્યંત વૈભવપૂર્વક આપને અમે લઈ જઈશું તેથી આપને ત્યાં પધારવું જ પડશે. અનેક રાજાઓની સાથે જ્યારે આ પ્રકારે અકંપને આગ્રહ કર્યો ત્યારે અર્કકીર્તિએ સ્પષ્ટ કહ્યું કે હે ! અકંપન ! સાંભળો, જેવી રીતે તમે સ્વયંવર માટે બધાને નિમંત્રણ મોકલ્યા છે તેવી રીતે તો અમને નથી મોકલ્યા. અમે તો દેશમાં વિહાર કરતાં કરતાં મુસાફર તરીકે અત્રે આવ્યા છીએ. સ્વયંવર માટે નથી આવ્યા. તેથી કન્યાલયમાં અર્થાત સ્વયંવર મંડપમાં પદાર્પણ કરવું તે શું ધર્મ છે ? તેથી અમે નહિ આવીએ. આ બધા રાજા ખાસ સ્વયંવર માટે જ આવ્યા છે તેમની સાથે આ કામ કરો. અમે એકચિત્તથી તેમાં અનુમતિ આપીએ છીએ. જાઓ, તમારું કાર્ય કરો. આ રીતે સમજાવીને અર્કકીર્તિએ કહ્યું.

અકંપન કંપતા કંપતા કહેવા લાગ્યા કે યુવરાજ ! આપને પત્ર ન મોકલવાનો મારો કોઈ ખાસ હેતુ નહોતો. સમ્રાટના પુત્રોને હું એક કિંકર રાજા કેવી રીતે પત્ર મોકલું એવા ભયથી મેં આપને પત્ર નથી મોકલ્યો, બીજી કોઈ અહંકારાદિ ભાવનાથી નહિ. તેથી આપે અન્યથા વિચાર લાવવો યોગ્ય નથી. આ રીતે અકંપને બહુ વિનયપૂર્વક કહ્યુ.

અર્કકીર્તિ કહેવા લાગ્યા કે સમાન વંશવાળાઓને બોલાવવામાં ભય રાખવાની શી જરૂર છે ! સંપત્તિમાં અધિક્તા હોય તો શું થયું ? પરંતુ આમંત્રણ વગરના આવેલાને ત્યાં આવવું યોગ્ય નથી, એ રાજપુત્રોનો ધર્મ છે. અમે જો ત્યાં આવીશું તો પિતાજી નારાજ થશે તેથી અમે બન્ને નહીં આવીએ. અમારા મિત્ર આવશે. છપ્પન્ન દેશના રાજલોક છે, ખેચર છે, ભૂચર છે, જાઓ તમારું કાર્ય પાર પાડો.

સુરચંદ્ર, શુભચંદ્ર, ગુણચંદ્ર, શ્રીચંદ્ર વરચંદ્ર, વિક્રાંતચંદ્ર, હરિચંદ્ર અને રણચંદ્ર નામના પોતાની સાથેના આઠ ચંદ્રોને અર્કકીર્તિએ સ્વયંવરમાં જવા કહ્યું. ઉદંડમતિ ને સન્મતિ નામના પોતાના બે મંત્રીઓને પણ ત્યાં જવાની અનુમતિ આપી, સાથે તેમને એમ પણ કહ્યું કે અમે અહીંયાં છીએ એવા વિચારથી કોઈ સંકોચ વગેરે રાખવાની જરૂર નથી. તમે આનંદથી વર્તીને પોતાનું કાર્ય કરો. આ રીતે સુરચંદ્ર આદિ આઠ ચંદ્ર, પરિવારના મુખ્ય સજ્જન અને ઉભય મંત્રીઓને અનુમતિ મળ્યા પછી તેઓ બધા મળીને ત્યાં ગયા.

બીજા દિવસની વાત છે. નગરની બહાર સ્વયંવરને માટે ખાસ રચેલા સ્વયંવર મંડપમાં આવેલા સર્વ રાજાઓ બપોરે પધારે એવા પ્રકારની રાજ્યઘોષણા કરવામાં આવી. આ રાજઘોષણાની (રાજ ઢંઢેરાની) જ રાહ જોતાં થકા બધા રાજપુત્રો પહેલેથી બની ઠણીને બેઠા હતાં આ ઘોષણા સાંભળતાં જ પોતપોતાની સેના, પરિવારની સાથે ગાજતાં વાજતાં સ્વયંવરમંડપમાં દાખલ થયાં. આ વિશાલ સ્વયંવરમંડપમાં બધાને માટે ભિન્ન ભિન્ન આસનની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેના પર

તેઓ બેસી ગયા. રાજા અકંપને તે આવેલા રાજાઓને તાંબૂલ, વસ્ત્રાભૂષણાદિકથી પહેલાં ત્યાં સત્કાર કર્યો, કેમકે પછી કોઈ એકના ગળામાં માળા નાખ્યા પછી તેઓ બધા ઊઠીને ચાલ્યા જશે.

સુલોચનાદેવી પોતાની પરિવાર સખીઓની સાથે સુંદર પાલખી ઉપર ચડીને સ્વયંવરમંડપની તરફ આવે છે. તે પરમ સુંદરી છે, સ્વયંવરને યોગ્ય કન્યા છે. પરંતુ તે જેના ગળામાં માળા પહેરાવશે તે પુરુષનું બહુ અધિક વર્ણન કરવું યોગ્ય નથી. તેથી સુલોચનાદેવીનું પણ અહીંયાં સંક્ષેપથી જ વર્ણન કરવું પુરતું છે. આ ભરતેશવૈભવ છે. ભરતચક્રવર્તી અને તેમની રાણીઓનું વર્ણન જેવી રીતે કરવામાં આવે છે તેવી રીતે અન્ય લોકોનું કરું તો તે યોગ્ય ન ગણાય. તો પણ આ સ્વયંવરની મુખ્ય દેવીનું વર્ણન કરવું જરૂરી છે.

મદનની મદહસ્તિની આવી રહી છે અથવા મોહરથ જ આવી રહ્યો છે. 'બધા લોકો માર્ગ આપો' આવા પ્રકારની ઘોષણા પરિવાર સ્ત્રીઓ કરે છે. છત્ર, ચામર, પતાકા ઈત્યાદિ વૈભવ તેની સાથે છે, સાથે ગાયન ચાલે છે. એમ લાગતું હતું કે કામદેવની વીરશ્રી જ આવી રહી છે.

પાલખીના પડદામાંથી નીકળીને તે બહાર આવી તો તે કામદેવના મ્યાનમાંથી નીકળેલી તલવારની જેવી લાગતી હતી. ના, એમ નહિ. એ બરાબર ન કહેવાયું, મેઘમંડલમાંથી બહાર આવેલા ચંદ્રમા જેવી જણાતી હતી. અથવા વિદ્યુન્માલા જેવી જણાતી હતી. સ્વયંવરમંડપમાં પહોંચીને એક વાર સમસ્ત ખેચર, ભૂચર રાજાઓને તેણે જોયા. તે વખતે તેના લોચન (નેત્ર) બહુ સુંદર લાગતા હતા. ખરેખર તેનું સુલોચના એવું નામ તે વખતે સાર્થક થયું.

તેની દૃષ્ટિ પડતાં જ સમસ્ત રાજાઓના રોમાંચ થયાં, જેવી રીતે દક્ષિણ દિશાના વાયુથી ઉદ્યાનના વૃક્ષ પલ્લવિત થાય છે, ચંદ્રમાની કાંતિને જેવી રીતે આંખથી ચકોર દેખે છે તેવી રીતે આ સુંદરીના રૂપ તરફ મોહિત થઈને તે રાજાઓ જોવા લાગ્યા. સુલોચનાના મુખમાં, કંઠમાં સ્તનોમાં, બાહુમાં કટિપ્રદેશમાં તે રાજાઓના લોચન પ્રવેશ્યા. પ્રવેશ્યા પછી ત્યાંથી તે પાછા આવતા નથી (ખસતા નથી) એ આશ્ચર્યની વાત છે. બહુ લીન દૃષ્ટિથી તેઓ જોઈ રહ્યા છે. મેળાપનું સુખ તેમને આગળ મળશે, પરંતુ દેખવાનું સુખ આજે બધાને મળ્યું એના હર્ષથી બધા લોકો પ્રસન્ન થઈ રહ્યા છે. એક સ્ત્રીને માટે બધા લોકો આસક્ત થાય છે, એવો સ્વયંવર ભાંડોનો એક ખેલ છે.

ચિત્તમાં રાગભાવથી બધાએ તે સુલોચનાને જોઈ અને બધાએ તેના તરફ આસક્ત દૃષ્ટિથી જોયું, આ તો ભાવરતિ છે. સ્વયંવર એક પરિહાસ્યાસ્પદ વિષય છે. અર્ધું મોઢું ઉઘાડું રાખીને, આંખો ફાડી ફાડીને ભ્રાન્ત થઈને તેની તરફ બધા લોકો જોતા હતા. ભરત ચક્રવર્તીના પુત્ર તે સ્વયંવર મંડપમાં કેમ ન આવ્યા તેનું તો આ કારણ છે, તેઓ વિવેકી સમ્રાટના સુપુત્ર છે.

સુલોચનાદેવી પોતાના હાથમાં માળા લઈને જમણી ને ડાબી તરફ બેઠેલા રાજાઓને જોતી જોતી જાય છે. સાથે મહેંદ્રિકા નામની ચતુર સખી છે, એ બધા રાજાઓની ઓળખાણ દેતી જાય છે.

આ નેપાલ રાજા છે, જુઓ. સુલોચના આગળ ચાલી, તે રાજાનું મુખ એકદમ ફિકકું પડી ગયું, ચાલમાં ચૂકેલા નવા વાંદરાની જેમ તેની દશા થઈ.

આ હમીર રાજા છે, દેવી ! જુઓ. સુલોચના તેને જોઈને આગળ વધી. તે રાજાની આંખો ભરાઈ ગઈ. જેવી રીતે તેનો બાપ જ ચાલ્યો ગયો હોય.

ચીનદેશના આ રાજા છે, એમ કહેવાથી તેને પણ જોઈને સુલોચના આગળ વધી. તે રાજા માથું ખંજવાળતાં પોતાના જીવનને ધિક્કારવા લાગ્યા.

આ લાટદેશના રાજા છે. સુલોચના તેની પરવાહ ન કરતાં આગળ વધી. તેને બહુ ખરાબ લાગ્યું. મળવા માટે બોલાવીને કોઈને ધકો દેવામાં આવે તો જેવી રીતે થાય છે તેવી રીતે તેને બહુ દુઃખ થયું.

ગૌડદેશના રાજાને જોઈને આ ગામડાના ગૌંડા હશે એમ સમજીને સુલોચના આગળ વધી.

બંગાલના રાજાને જોઈને પણ આગળ વધી. તે બહુ ગભરાઈ ગયો. આ રીતે તે મહેંદ્રિકા અનેક દેશના રાજાઓનો પરિચય કરાવતી જાય છે.

અંગદેશ, કાશ્મીર, કલિંગ, કાંભોજ, સિંહલ વગેરે અનેક રાજાઓનો પરિચય કરાવ્યો. પરંતુ સુલોચના આગળ જ જવા લાગી. વળી મહેંદ્રિકા કહેવા લાગી કે દેવી ! આ મ્લેચ્છભૂમિનો રાજા છે, આ વિદ્યાધર રાજા છે, આ સૂર્યવંશી છે, આ ચંદ્રવંશી છે. વગેરે કહેવા છતાં પણ સૂલોચના સાંભળતી જઈ રહી છે.

ગુણચંદ્ર, શુભચંદ્ર, રણચંદ્ર સુરચંદ્ર વગેરે આઠ ચંદ્રોનો પણ પરિચય કરાવ્યો, તેને તરણા જેવા ગણીને આગળ વધી.

અનેક પ્રકારના પુષ્પોને છોડીને જેવી રીતે ભ્રમર આવીને કમલપુષ્પની પાસે જ થંભે છે. તેવી રીતે આ સુલોચના દેવી બધાને છોડીને એક રાજાની પાસે આવીને ઊભી રહી ગઈ. તે પણ પરમ સુંદર હતા. તેના તરફ જોતી જોતી તે ઊભી છે. સુલોચનાના મનની ભાવના સમજીને મહેંદ્રિકા કહેવા લાગી કે દેવી ! સારું થયું, સાંભળો ! આનો પણ પરિચય કરાવી દઉં છું.

આ હસ્તિનાપુરના અધિપતિ અપ્રતિહત સોમપ્રભ રાજાના સુપુત્ર છે, સુપ્રસિદ્ધ છે, કુરુવંશ ભૂષણ છે, કલાપ્રવીણ છે, ગુણોત્તમ છે, ભરતચક્રવર્તીના પ્રધાન સેનાપતિ છે, પરબલકલાભૈરવ છે, શત્રુઓને મારી પીટીને ભગાડીને વીરાગ્રણિ ઉપાધિથી વિભૂષિત થયા છે. મેઘમુખ ને કાલમુખ દેવોની સાથે ઘોર યુદ્ધ કરેલા આ વીર છે. આનું નામ મેઘેશ્વર છે. તેથી એવા વીરને માળા પહેરાવો. આ રીતે જયકુમારની પ્રશંસા સાંભળતાં જ સુલોચનાએ તેના ગળામાં માળા નાખી. બધી દાસીઓએ તે વખતે જયજયકાર કર્યો.

માળા ગળામાં પડતાં જ બધા રાજાના પેટમાં શૂળ ઉત્પન્ન થયું. યુદ્ધના સ્થાનથી જેવી રીતે ભાગવા લાગે છે. તેવી રીતે ચારે તરફ ભાગવા લાગ્યા.

જયકુમાર અને સુલોચના હાથીપર ચઢીને મહેલની તરફ રવાના થયા. અકંપન રાજાએ તેમનો યથેષ્ટ સત્કાર કરીને મહેલમાં લાવ્યા. તેઓ ત્યાં આનંદમાં હતા.

અહીં સ્વયંવર માટે આવેલા રાજાઓ કોઈ સટ્ટામાં હાર્યાની જેમ, ધન લુંટાઈ ગયાની સમાન, વિશેષ શું માબાપ મરી ગયા હોય તેવી રીતે દુઃખી થવા લાગ્યા. એક બીજાનું મુખ જોઈને શરમાવા લાગ્યા. શરમાઈને જ્યાં ત્યાં જવા લાગ્યા. એક સ્ત્રીને માટે બધાને દુઃખ લાગ્યું, આ વાતનું બધાને થતું હતું.

શુભચંદ્ર વગેરે અષ્ટચંદ્ર પણ બહુ દુઃખી થઈને એક જગ્યાએ બેઠા હતા. ત્યાં ઉદંડમતિ પહોંચીને કહેવા લાગ્યા કે કેમ ભાઈ ! તમો ક્ષત્રિય છોને ? તમને હીન દૃષ્ટિથી જોઈને સુલોચનાએ તેને માળા પહેરાવી. તમો છાનામુના સરકી ગયા ? શું એ સ્વાભિમાનીઓનો ધર્મ છે ? તમને તેની જરૂર નથી, તે જયકુમારને પણ ન મળે, બધા મળીને યુવરાજ અર્કકીર્તિને તે કન્યાને અપાવીએ. ત્યારે બધાએ તે તરફ કાન દીધા. (લક્ષ આપ્યું.)

હાથી, ઘોડા, સ્ત્રી વગેરેમાં ઉત્તમ પદાર્થ અમારા સ્વામીને મળવા જોઈએ. આવી સૌંદર્યવાળી સ્ત્રી શું આ સેવકને યોગ્ય છે ? શું આ માર્ગ છે ? તમો વિચાર તો કરો.

ત્યારે બધાએ તે વાતનું સમર્થન કરતા થકા કહ્યું કે ઉદ્દંડમતિ ! શાબાશ તમે ઠીક કહો છો. આ દુરાગ્રહ નથી, સત્ય છે. બધાએ આ વાતનો સ્વીકાર કર્યો. અષ્ટચંદ્ર પણ સંમત થયા. સારી વાત છે. લોકમાં ક્રૂર હૃદયવાલાઓથી શું શું અનર્થ નથી થયા કરતું. ઉદ્દંડમતિએ જે વખતે ગંભીરહીન વાક્યોથી લોકોને ચડાવ્યા ત્યારે બધા લોકો તે અનીતિમાર્ગ લેવા માટે તૈયાર થયા.

સન્મતિ મંત્રીએ કહ્યું કે ઉદ્દંડમતિ ! એમ કરવું યોગ્ય નથી. બહુ અનર્થ થશે. ઉદ્દંડમતિએ કહ્યું કે તમે શું જાણો. ચુપ રહો. યુવરાજ અર્કકીર્તિ માટે અમે એક ઉત્તમ કન્યારત્નની યોજના કરીએ છીએ, તો તમે તેમાં વિઘ્ન ન નાખો. આ રીતે બધા લોકો જોરથી કહેવા લાગ્યા, ત્યારે સન્મતિ મૂંગા ઊભા રહ્યા. ઉદ્દંડમતિએ એમ પણ કહ્યું કે ઉપાયથી હું યુવરાજને સમજાવીને આ કાર્યમાં પ્રવર્તાવીશ.

આ રીતે અષ્ટચંદ્ર દુષ્ટમંત્રીના વચન સાંભળીને, વિશિષ્ટ મંત્રીનો તિરસ્કાર કરવા લાગ્યા ત્યારે તે સન્મતિ ત્યાંથી ચાલ્યા ગયા. સૂર્યદેવ પણ આ અન્યાય ન જોઈ શકવાથી અસ્ત પામ્યા.

બીજે દિવસે સવારે યુવરાજના કાનમાં બધી વાત નાખશું એવા વિચારથી બધા પોતપોતાને મુકામે ગયા.

લોકમાં બહુ જ વિચિત્રતા છે. લોક પોત પોતાની મતલબે વસ્તુસ્થિતિ ભૂલીને અનેક પ્રકારના સંકલેશ, ક્ષોભ આદિને વશીભૂત થાય છે અને વિશ્વમાં અશાંતિ ઉત્પન્ન કરે છે. જો તેઓએ આત્મતત્ત્વનો વિચાર કર્યો હોય તો પરમ તત્ત્વને માટે થયેલા અનેક અંતઃકલહનો સદાને માટે અંત થાય. તેથી મહાપુરુષ આ વાતની ભાવના કરે છે. અમને સદા આત્મતત્ત્વની પ્રાપ્તિ થાઓ.

''હે પરમાત્મા ! તમે પરચિંતાથી મુક્ત છો, આકાશ જ તમારું શરીર છે, જ્ઞાન દ્વારા તે ભરેલું છે અથવા શીત પ્રકાશમય તમારું શરીર છે, હે સત્પુરુષ ! તમને નમસ્કાર છે.

'હે સિદ્ધાત્મા ! સુજ્ઞાનશેખર ! પુણ્યાત્માઓના પતિ ! ગુણજ્ઞોના ગણનીય અધિપતિ ! લોકગરુ મને સન્મતિ આપો.'

આ પુણ્યમય ભાવનાનું ફળ છે કે મહાપુરુષોના જીવનથી વિશ્વમાં શાંતિનો સંચાર થાય છે.

## ૩. લક્ષ્મીમતિ-વિવાહ સંધિ

ધૂર્તોની રમત જરાક જોઉં અને યુવરાજ અર્કકીર્તિના મંગલની વાર્તા સાંભળતો જાઉં. એવા વિચારથી સૂર્યદેવ ઉદયાચલ તરફ આવ્યા.

સવારમાં ઊઠીને મુખપ્રક્ષાલનાદિ નિત્યકર્મથી નિવૃત્ત થઈને બધા રાજા ઉદ્દંમતિને સાથે લઈને અર્કકીર્તિની પાસે પહોંચ્યા. ત્યાં પહોંચતા જ અર્કકીર્તિએ પ્રશ્ન કર્યો કે તમારા કામનું શું બન્યું ? ત્યારે બધાએ ઉદ્દંડમતિને કહ્યું કે તમે એકલા બોલો, બધા મૌન રહો.

ઉદ્દંડમતિએ વિચાર કર્યો કે જો હું એમ કહું કે સુલોચનાએ કોઈ એકના ગળામાં માળા પહેરાવી તો યુવરાજનું મન તે કન્યા તરફ નહિ આકર્ષાય. તેથી કોઈપણ ઉપાયથી તેમને બધું વૃત્તાંત કહેવું જોઈએ. તે વખતે યુવરાજને ચડાવતા થકા કહેવા લાગ્યા કે :–

'સ્વામી ! આ કન્યા સ્વયંવરશાળામાં દાખલ થઈ પરંતુ કોઈને પણ પોતાના મનથી માળા ન પહેરાવી, તેના મનમાં કોણ જાણે શું હશે ! અહીં આવ્યા પછી કોઈના ગળામાં માળા જરૂર નાખવી જ જોઈએ. એ રીતે તેના આપ્તોએ કહ્યું. તોપણ તે છાની મુની ઊભી રહી. એમ લાગે છે કે ત્યાં ભેગા થયેલા રાજાઓમાં કોઈ પસંદ ન આવ્યા. રાજા ! તેના કંચુકીઓને મેઘેશ્વરે લાંચ આપી હશે તેથી તેઓએ મેઘેશ્વરની ખૂબ પ્રશંસા કરી. તેમ છતાં સુલોચનાએ તેના તરફ જોઈને પોતાનું મોઢું ફેરવી નાખ્યું. રાજા અકંપનને ચિંતા થઈ.

રાજા અકંપને વિચાર કર્યો કે અહીં ઉપસ્થિત રાજાઓમાં કોઈ ને કોઈ સાથે વિવાહ થવો જ જોઈએ, નહિ તો ઘણી ખરાબ વાત થશે. તેથી તેના ગળામાં માળા પહેરાવી દ્યો. એવી રીતે રાજા અકંપને કંચુકીઓથી સુલોચનાના કાનમાં કહેવડાવ્યું. તોપણ સુલોચના તૈયાર ન થઈ. એવામાં એક સખીએ તેના હાથમાંથી માળા છીનવી લઈને મેઘેશ્વરના ગળામાં પહેરાવી દીધી. ને જયજયકાર કરવા લાગી. રાજા અકંપને કોઈ પણ રીતે પોતાની પુત્રીનો પતિ બનાવ્યો. તે સુલોચના પણ પોતાની ઈચ્છા ન હોવા છતા પણ પરવશ બનીને તેની પાછળ પાછળ ગઈ.

અહીં આ અન્યાયને જોઈને રાજાઓને બહુ ખરાબ લાગ્યું. પ્રસન્નતાપૂર્વક તેની મરજીથી કોઈ એકના ગળામાં માળા પહેરાવવી તે ઉચિત છે. પરંતુ તેની ઈચ્છા ન હોવા છતાં પણ જબરજસ્તીથી કોઈના ગળામાં માળા પહેરાવવી તે શું અન્યાય નથી ? શું તે ક્ષત્રિય નથી ? હા ! માર્ગે ચાલે તો કોઈ વાત નથી. વક્રમાર્ગે જાય તો કોણ સહન કરે ! તેથી બધાએ વિચાર્યું કે કોઈને પણ તે કન્યાની જરૂર નથી. યુવરાજને આ કન્યારત્ન મળવું જોઈએ. હાથી, ઘોડા, રથ, રત્ન, કન્યા વગેરે ઉત્તમ પદાર્થ મહા નરેન્દ્રો સિવાય બીજાને કેમ મળે ? તેથી આ કન્યારત્ન તમારા સિવાય બીજાને યોગ્ય નથી. આ રીતે બધા રાજાઓએ સ્વીકાર્યું. અષ્ટચંદ્રોને પણ આ વાત પસંદ આવી. અમે બન્ને મંત્રીઓ એક થયા. અમારા હૃદયમાં જે વાત હતી તેને આપની સેવામાં નિવેદન કર્યું. હવે આપ આ સંબંધમાં વિચારો.

અર્કકીર્તિએ ઉત્તરમાં વિચાર કરીને કહ્યું કે તમો જેવી રીતે કહો છો તેવી રીતે જો કન્યાના પિતા પણ કહે, તો હું તેનો સ્વીકાર કરી શકું છું. હું સ્વયં કન્યાનું માગુ નાખવા નથી ઈચ્છતો. હું સ્વયં માગું તો તે મળવામાં મોટી શી વાત છે ?

ત્યારે મંત્રીએ કહ્યું કે રાજા ! તમારે આ માટે પ્રયત્ન કરવાની જરૂર નથી. અમે લાવીને ઉપાયથી મેળ પાડી દઈશું.

અર્કકીર્તિ વિચારમાં પડયા. તેવામાં આદિરાજે કહ્યું કે ભાઈ ! સ્વયંવરના નિયમાનુસાર કન્યાએ કોઈના ગળામાં સ્વેચ્છાથી માળા પહેરાવી હોય તો તેમાં વિરોધ કરવો યોગ્ય નથી. પરન્તુ જબરજસ્તીથી માળા પહેરાવવાથી ઈચ્છા ન હોવા છતાં પણ તેને લાચારીથી કરવું પડયું, તો તે કદાચ દીક્ષા લઈ લેશે. જે દાસીએ માળા તેના હાથથી લઈને તેના ગળામાં નાખી તેને મેઘેશ્વરની સેવાને માટે પ્રસન્નતાપૂર્વક આપી શકે છે. જ્યારે કન્યાને તેની સાથે વિવાહ કરવાની ઈચ્છા નથી, યુવરાજ જેવા પતિ તેને માટે મળે છે તો બધા તે વાત સ્વીકારશે. જાઓ ! ભાઈને માટે તે કન્યાની યોજના કરો. આ રીતે આદિરાજના વચન સાંભળીને બધા લોકો ખુશી થયા.

ફરી મંત્રીએ કહ્યું કે હું અકંપન રાજા પાસે જાઉ છું. એકલો જઈશ તો પ્રભાવ નહિ પડે. સેના, પરિવાર, વૈભવ વગેરેથી યુક્ત બનીને જવું જોઈએ. ત્યારે રાજા અકંપનને ઉત્સાહ ઊપજશે. તેથી સેનાને સાથે લઈને જાઉ છું અને આ કાર્ય કરી લાવું છું.

આ રીતે અર્કકીર્તિને વાતમાં ફસાવીને ઉદ્દંડમતિ મંત્રી બે હજાર ગણબદ્ધદેવોને પોતાની સાથે લઈને અષ્ટચંદ્ર રાજાઓની સાથે રવાના થયા.

જે મંત્રી અર્કકીર્તિની આગળ એમ કહીને આવ્યા છે કે હું કોઈ ઉપાયથી રાજા અકંપનને મનાવીને તમારા માટે કન્યાનો મેળ કરાવીશ. તેણે નગરની બહાર ઊભા રહીને અકંપનને અને મેઘેશ્વરને ભયસૂચક પત્ર લખીને મોકલ્યો. તેમાં અર્કકીર્તિના નામે લખાવામાં આવ્યું હતું કે 'પરમ સુંદર તે કન્યારત્ન મારા સેવકને માટે યોગ્ય નથી. તેની પ્રાપ્તિ મને થવી જોઈએ.' તે પત્ર વાંચીને બધા લોકો આશ્ચર્યચકિત થયા. મેઘેશ્વર વિચાર કરવા લાગ્યા કે અર્કકીર્તિ મારા સ્વામી છે. હું તેનો સેવક છું. આમ હોવાથી મારું અપમાન કરવું તે શું તેનો ધર્મ છે ? આ પ્રકારના વિચારથી પત્રોતર મોકલવાની તૈયારીમાં હતા. ત્યાં તો ઉદ્દંડમતિ મંત્રી આવ્યા અને કહેવા લાગ્યા કે યુવરાજે એમ પણ કહ્યું છે કે હાથી, ઘોડા, કન્યા વગેરેમાં જે ઉત્તમ રત્ન છે તે મને મળવું જોઈએ. તે તમને કેમ મળી શકે ? તમારા ઘરની સ્ત્રીઓની માગણી નથી કરી, કદાચિત્ અભિમાનથી આમ કહું છું એમ ન માનતા.

મેઘેશ્વર દિંગ થઈ ગયા. ફરી તેઓએ પૂછયું કે યુવરાજે બીજું શું કીધું છે ? ઉદ્દંડમતિએ કહ્યું કે પાણિગ્રહણની વિધિ થવા પહેલા હું તમને સૂચના આપું છું, તે તમારી સ્ત્રી નથી બની આમ હોવાથી તેને લાવીને મને સોંપી દેવી તે તમારું કર્તવ્ય છે. નહીંતર યુદ્ધની તૈયારી કરો.

છેલ્લા શબ્દો સાંભળીને મેઘેશ્વરને દુઃખ થયું. વિચારમાં પડયા કે પોતાની પત્ની આપીને હું કેમ જીવી શકું ? પોતાના સ્વામીની સાથે યુદ્ધ પણ કેમ કરી શકું ? તેને (સ્ત્રીને) ગ્રહી પણ શકું નહિ ને છોડી પણ ન શકું. હવે શું કરવું ? બહુ જ વિકટ પ્રસંગ છે.

પોતાના હાથમાં સ્થિત પત્નીને હું બીજાને આપું તો મારે માટે ધિક્કાર છે. હું શું 'મલેયાલી' કે 'તુળુવ' છું ? હું કાલે મૂછે હાથ દઈને કેવી રીતે વાત કરી શકીશ. રાજા જબરજસ્તીથી મારી પત્નીને લઈ જાય છે તેથી રોતાં રોતાં હું ભાગી જાઉં તો હું શું વાણિયો છું, બ્રાહ્મણ છું કે કિસાન

છું ? શી વાત છે ? મારું સર્વસ્વ હરાયું તો વાંધો નહિ સુલોચનાને નહિ આપી શકું. મૂર્તિનો (શરીરનો) નાશ થવો તે બૂરી વાત નથી. પરંતુ કીર્તિનો નાશ થવો તે અત્યંત બૂરી વાત છે. આ કન્યાને માટે ભલે મારો પ્રાણ જાય તોપણ કીર્તિને માટે મરીશ. એવા વિચારથી ધૈર્ય રાખીને સમ્રાટના પુત્રની સાથે લડવા તૈયાર થયા.

કાશીના રાજા અકંપન જયકુમારની સાથે મળીને અર્કકીર્તિ તરફથી આવેલા રાજાઓની સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. યુદ્ધસન્નાહભેરી બજાવવામાં આવી. અષ્ટચંદ્ર અને અન્ય રાજાઓને ખબર પડી કે જયકુમાર યુદ્ધસન્નદ્ધ થયા. તેઓ અતિ ક્રોધી થયા અને યુદ્ધને માટે પોતાની સેના લઈને ચાલ્યા. રણભૂમિમાં ભયંકર યુદ્ધની શરૂઆત થઈ. બન્ને તરફથી પ્રચંડ વીરતા દાખવીને યુદ્ધ થવા લાગ્યુ. તે કાંઈ નાનુંશુનું યુદ્ધ નહોતું. પરંતુ રકતની નદી જ વહેવડાવે એવું યુદ્ધ હતું. પરંતુ પુણ્યોદયના કારણે ત્યાં એક નવી ઘટના બની.

પહેલાં જયકુમારે એક સર્પને મરતી વખતે પંચનમસ્કારમંત્ર આપ્યો હતો તે ધરણેન્દ્રદેવ થઈને ઊપજ્યા હતા. તેથી આ પ્રચંડ યુદ્ધને ટાણે તે દેવને અવધિજ્ઞાનને લીધે ખબર પડવાથી તે આવ્યા.

''તે દિવસે મારા પર ઉપકાર કર્યો છે. આ વખતે હું તમારા શત્રુઓનો નાશ કરીશ.'' એ રીતે તે દેવે કહ્યું. જયકુમારે કહ્યું કે એમ કરવું યોગ્ય નથી. તમે અહીં આવ્યા તે બહુ સંતોષની વાત છે. પરંતુ આગળ બધાને આનંદ થાય એવો વ્યવહાર કરવો યોગ્ય છે. જો બધાને મારવાના હોય તો તમારી શી જરૂર છે ? એ કામ હું પણ કરી શકું છું. મેં એવો વિચાર કર્યો હતો કે એમને મારીને હું જાતે પણ મરી જાઉ. પરંતુ અવધિજ્ઞાનથી જાણીને તમે જ્યારે આવ્યા ત્યારે બધાનું હિત થવું જોઈએ. મારા સ્વામીની સેનાનો નાશ હું કરું તો તે વ્યાજબી ગણાય ? તેથી તમે અષ્ટચંદ્ર અને મંત્રીને બાંધીને મને સોંપી દો. બસ બીજું કાંઈ કરવું નથી.

'બસ ! એમાં શું મોટી વાત છે ! હું હમણાં જ તેમને બાંધીને લાવું છું.' એમ કહીને તે નાગરાજ ત્યાંથી ગયા અને થોડીવારમાં અષ્ટચંદ્ર ને ઉદ્દંડમતિ મંત્રીને નાગપાશમાં બાંધીને આકાશમાર્ગે લાવતા હતા. ત્યાં બે હજાર ગણબદ્ધ દેવોના જોવામાં આવ્યું. અને તેઓ તે નાગરાજની પાછળ પડીને અને ગર્જના કરતા થકા એવા જોસબદ્ધ આવતા હતા કે તે જોઈને તે નાગરાજ ગભરાયા. જ્યારે તે લોકોએ આવીને નાગરાજને ઘેરી લીધા ત્યારે નાગરાજે તે અષ્ટચંદ્ર ને દુષ્ટમંત્રીને નીચે પડતા મૂક્યા. ગણબદ્ધ દેવોએ તેમને નીચે પડતા બચાવ્યા. તેમને બંધનમાંથી છોડાવ્યા.

આ રીતે આ પ્રસંગે જે કોલાહલ મચ્ચો તે સાંભળીને અર્કકીર્તિને શંકા પડી કે ક્યાંક યુદ્ધ તો નથી થયું ને ? આદિરાજ તે વખતે દુંદુભિઘોષ નામના હાથી પર ચડયા અને ભાઈને કહેવા લાગ્યા કે હું હમણાં જોઈને આવું છું. એક હજાર ગણબદ્ધ દેવોને પોતાના ભાઈ અર્કકીર્તિ પાસે રાખીને, એક હજાર ગણબદ્ધને પોતાની સાથે લઈને આદિરાજ તે રણભૂમિમાં દાખલ થયા. બધી સેનાની દૃષ્ટિ આદિરાજ ઉપર પડી. આદિરાજ આગળની સેનાએ તેને નમસ્કાર કર્યો, આદિરાજે પ્રશ્ન કર્યો કે આ નગરને ઘેરી લેવાનું શું કારણ છે ? આ રીતે યુદ્ધ કરીને અનેક જીવોની હત્યા કરીને કન્યા લાવવાનું તમોને કોણે કહ્યું હતું ?

એવામાં સન્મતિ મંત્રી આગળ આવ્યા અને કહેવા લાગ્યા કે સ્વામી ? આ બધું જૂઠું છે. સુલોચનાએ ખરેખર મેઘરાજના ગળામાં માળા નાખી છે, પરંતુ તમારી આગળ ખોટું બોલીને તેઓએ ફસાવ્યા. મેં તેમને તે વખતે એ કાર્ય કરતાં અટકાવ્યા હતા. પરંતુ તે વખતે તેઓએ કહ્યું કે જ્યારે યુવરાજને માટે અમે કન્યાનો પ્રબંધ કરીએ છીએ ત્યારે તમે કેમ અટકાવો છો ? તેથી હું બધાની વચ્ચે ખરાબ ક્યાં દેખાઉં એવા વિચારથી ચુપ રહ્યો કાલથી એમના કાર્યોને મૌન જોઈ રહ્યો છું. કુમાર ! આપ જ વિચાર કરો, પોતાની સ્ત્રીને કોણ મૂકી દે ? જયકુમારે યુદ્ધની તૈયારી કરી, અષ્ટચંદ્ર તથા મંત્રીને નાગરાજે આવીને નાગપાશથી બાંધી લીધા. તે જે વખતે તેમને લઈ જતા હતા ત્યારે ગણબદ્ધ દેવોએ આવીને છોડાવ્યા. પહેલાં બધી હકીકત તમે જાણો છો.

આ રીતે કહીને સન્મતિ ચુપ રહ્યા. આદિરાજ મનમાં વિચારવા લાગ્યા કે અર્હન ! આ લોકોએ બહુ ખરાબ કામ કર્યું. સન્મતિ મંત્રીને બોલાવીને આદિરાજે કહ્યું કે જાઓ, જયકુમારને બોલાવી લાવો. તે જ ક્ષણે આવીને જયકુમારે આદિરાજના દર્શન કર્યા. બહુ નમ્રતાપૂર્વક સાષ્ટાંગ નમસ્કાર કરતા જયકુમારે પ્રાર્થના કરી કે રાજકુમાર ! હું સ્વામીદ્રોહી છું. મારા જેવા પાપીને યાદ કેમ કર્યા ? વિજય, જયંત, અકંપાંક વગેરે બધા ત્યાં આદિરાજને નમસ્કાર કરતા થકા જમીન પર પડયા છે. જયકુમારની આંખમાંથી અસુધારા વહી રહી છે. ત્યારે આદિરાજે બધાને ઊઠવા કહ્યું. ત્યારે બધા ઊઠીને ઊભા થયા. ફરી જયકુમાર કહેવા લાગ્યા કે સ્વામી ! જ્યારે આપની સેનાએ અમને ચારે તરફથી ઘેરી લીધા તો તેનો પ્રતિકાર (સામો બચાવ) કરવો તે મારું કર્તવ્ય છે. ખરેખર આની ગણના સ્વામીદ્રોહમાં ન ગણાવી જોઈએ.

રાજા ! આપ અભિમાનના રક્ષણ માટે લોકશાસન કરો છો. જો આપના સેવકના અભિમાનને આપ જ પોતાના હાથથી છીનવી લેવાનો પ્રયત્ન કરો તો પછી તેનું રક્ષણ કરનાર કોણ ? જયકુમાર અત્યંત દુઃખી બનીને ફરી કહેવા લાગ્યા, ''બીજા કોઈ પણ સેવકનું અપમાન ન કરે તેની પૂર્ણ કાળજી સ્વામી રાખે છે. જો તે સ્વામી સેવકની સ્ત્રીની અભિલાષા કરે તો તેવી સ્થિતિમાં તે સેવકની શી દશા થાય ? ગુરુ સમજીને નમસ્કાર કરવા માટે એક સ્ત્રી જાય અને ગુરુ જ તેના ઉપર મોહિત થાય તો તે સ્ત્રીની શી દશા થાય ? શું તેવી સ્થિતિમાં ધર્મ રહી શકે ? રાજકુમાર ! વિચાર કરો, સેવકની ઈજ્જત પર જો સ્વામીએ હાથ નાખ્યો તો તે શું રહી શકે ? એ તો બરાબર તેના જેવી વાત છે કે એક મનુષ્ય દેવાલયમાં શરણસ્થાન સમજીને જાય છે અને દેવાલય જ તેના ઉપર પડે છે. આ ખરેખરા મારા પાપનો ઉદય છે. જ્યારે સ્વામી જ સેવકનું તેજ મોળું પાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તેવી સ્થિતિમાં જીવવું તે ક્ષત્રિય પુત્રનો ધર્મ નથી. તેથી યુદ્ધ કરીને પ્રાણત્યાગ કરવા હું તૈયાર થયો. રાજકુમાર ! હું આજે જ્યારે સાક્ષાત મારી સ્ત્રીનું અપહરણ થતા પોતાના અભિમાનના રક્ષણ માટે મરવા તૈયાર ન થાઉં તો કાલે રાજ્યાભૂષણ વગેરે ઈનામમાં મળવા છતાં તમારા અભિમાનને માટે કેવી રીતે મરી શકું ? તેથી મેં સામનો કરવાનો નિર્ણય કર્યો, હવે તમારે જે કાંઈ કરવું હોય તે કરો, તમે સમર્થ છો.

''વિશેષ શું ? આપ મારા સ્વામી ભરત સમ્રાટના પુત્ર છો તેથી હું સંકોચાઉં છું. જો બીજો કોઈ આ રીતે સામનો કરવા આવત તો તેને જીવતો ચીરીને દિગ્બલિ દેત.'' આ વાક્ય કહેતાં કહેતાં જયકુમાર ક્રોધથી લાલચોળ બની ગયા હતા.

ફરી કહેવા લાગ્યા કે ''તમારી સેનાની સાથે મેં યુદ્ધની તૈયારી જરૂર કરી, પરંતુ વિચાર કરો, રાજકુમાર ! બીજા કોઈ મારી સાથે યુદ્ધ કરવા આવત તો બધાને રણભૂતનો આહાર બનાવી દેત. સામે શત્રુ યુદ્ધને માટે ઊભા હોય તે વખતે તેની સાથે યુદ્ધ ન કરીને પોતાના સ્વામી પાસે જઈ રોવું તે વીરોનો ધર્મ નથી. તમારા પિતાજી દ્વારા પાલિત ને પોષિત હું સેવક છું. રાજકુમાર ! આપ કેમ તકલીફ ઊઠાવીને આવ્યા ! આપના સાથીઓને મોકલ્યા હોત તો ઠીક થાત.

પરંતુ મારા ઉપર ચઢાઈ કરવાને માટે આપ પોતે જ આવ્યા છો.'' ત્યારે આદિરાજે મેઘેશને ઉત્તર આપ્યો.

''જયકુમાર ! સાંભળો, અમારી પાસે આવીને તેઓએ એમ કહીને અમને ફસાવ્યા કે સુલોચનાએ કોઈના ગળામાં માળા પહેરાવી નથી. તેથી અમે સ્વીકાર કર્યો. યુદ્ધ કરીને બીજાની સ્ત્રીને લાવવા માટે શું અમે કહીએ ? કોઈની સ્ત્રીને કોણ માગે ? શું એ સજ્જનોનો ધર્મ છે ? જો એમ કરીએ તો અમને પરનારી સહોદર કોણ કહે ? આ પ્રકારની ઉત્તમ ઉપાધિને છોડીને અમે જીવતા કેમ રહી શકીએ ? અમારા ચારિત્રના અંતરંગને તમે શું નથી જાણતા ? પોતાની સ્ત્રીને કોણ આપી શકે ? જો આપે તોપણ તે ઉચ્છિષ્ટ છે. તેને કોણ લે ? મંડલેશ્વર એ રીતે લેવાને માટે તૈયાર થાય તો તે શું વ્યાજબી ગણાય ?

''એ પણ જવા દ્યો, તમે ને તમારા ભાઈઓએ જે સેવા કરી છે તે શું થોડી છે ? એમ છે તો તમારા હૃદયને અમે દુભાવીએ તો શું અમે બુદ્ધિમાન કહેવડાવવાના અધિકારી છીએ ? અમે બધા તો અમારા પિતાજીની પાસે આરામથી રમતગમત કરતા હતા, તમે જઈને પૃથ્વીને વશ કરી આવ્યા. એ કામ શું ઓછા મહત્વનો વિષય છે ? એમ છે તો જો તમારું પાલન અમે ન કર્યું તો અમારા હૃદયમાં તમારી સેવાઓની સ્મૃતિ રહી ન કહેવાય. જયકુમાર ! તે પણ જવા દ્યો. આજે આ નગરમાં રાજા અકંપને અમારો કેટલો આદરસત્કાર કર્યો ? અમારા તરફ કેટલી ઉત્કટ ભક્તિ તેના હૃદયમાં છે ? આમ છે તો તેની પુત્રીના વિવાહમાં વિઘ્ન ઉપસ્થિત કરીએ તો અમને કોઈ ભલા કહે ? તો તો અમે વિઘ્નસંતોષી થયા. વિશેષ શું ? જો એવા અન્યાયને માટે અમે સંમત થયા હોઈએ તો અમને પિતાજીના ચરણોના સોગંદ છે. એવું અમારાથી કદી પણ ન બને. પરંતુ તેઓએ અમને ફસાવ્યા, તેમને શું શિક્ષા કરવી જોઈએ એનો વિચાર હું ન કરી શકું, કેમકે હું રાજા નથી. ચાલો, યુવરાજની પાસે ચાલો, ત્યાં બધો વિચાર કરીશું. હવે તમારી ચિંતા છોડો, તમને મારા સોગંદ છે.''

જયકુમારે કહ્યું કે મારી ચિંતા દૂર થઈ ગઈ. વળી પોતાના ભાઈ અને મામાની સાથે ફરી નમસ્કાર કર્યા.

આદિરાજે સાક્ષાત્ ભરતેશની સમાન જ તે વખતે જયકુમારને વસ્ત્ર, આભૂષણ, રથ, રત્નાદિ ભેટ આપ્યા.

વળી જરાક વિચાર કરીને આદિરાજે બધાને ત્યાંથી જવાનું કહીને માત્ર સન્મતિ મંત્રી, અકંપન, જયકુમાર અને તેના ભાઈઓને પોતાની પાસે બોલાવ્યા, અને એકાંતમાં કહેવા લાગ્યા કે જયકુમાર ! સાંભળો, કોઈના જીવનનો નાશ કરવો ઉચિત છે કે કોઈને બચાવવું સારું છે ! ત્યારે ઉત્તરમાં તેઓએ કહ્યું કે કોઈનું જીવતર બગડી જતું હોય તો તેનું રક્ષણ કરવું તે સજ્જનોનો ધર્મ છે. ત્યારે આદિરાજે કહ્યું કે છેવટ સુધી આ વચન પાળવું પડશે. ત્યારે તેઓએ તે સ્વીકાર્યું.

આદિરાજે ફરી કહ્યું કે અષ્ટચંદ્ર ને મંત્રીના આ કર્તવ્યની જો પિતાજીને ખબર પડી તો તેઓ તેમને દેશભ્રષ્ટ કર્યા વિના નહિ રહે. દેશભ્રષ્ટ કરવાથી તેઓ નિયમથી દીક્ષા લઈ લેશે. તેથી આવું કાર્ય તમારાથી કેમ થાય ! હું જાણું છું કે તેઓએ ઘણું ખરાબ કામ કર્યું છે. તેને માટે યોગ્ય શિક્ષા કરવી જોઈએ. પણ શિક્ષા કરવાથી તેમનું ખરાબ થઈ જશે. કુલપક્ષને લક્ષમાં રાખીને આપણે આ પ્રકરણ ભુલાવી દેવું જોઈએ. એક વાત બીજી છે, ભાઈ અર્કકીર્તિને માટે કન્યા લઈ આવશું એમ વચન આપીને તેઓ આવ્યા છે, હવે તેની વાત રહે તેનો શો ઉપાય છે ?

કાશીના રાજા અકંપને સંતોષ પૂર્વક કહ્યું કે મારે બીજી એક કુમારી કન્યા છે, તે યુવરાજને પરણાવીશ. એના કરતાં પણ તે સુંદર છે. હું સ્વયંવર રચીને જ તેનો પણ વિવાહ કરવા માગતો હતો પરંતુ કોણ જાણે કેમ તેણે ના પાડી.

ત્યારે આદિરાજે કહ્યું કે ઠીક છે તે ભાઈને માટે યોગ્ય કન્યા છે. આદિરાજે એ પણ કહ્યું કે અષ્ટચંદ્ર ને જયકુમારને આ પ્રકરણથી વૈમનસ્ય ઉત્પન્ન થયું, તેને દૂર કરીને પ્રેમ કેવી રીતે ઉપજાવવો જોઈએ ! ત્યારે કાશીના રાજા અકંપને કહ્યું કે તે અષ્ટચંદ્રોને અમે આઠ કન્યાઓ બીજી આપીશું. અમારા વંશમાં આઠ કન્યા બીજી છે. ત્યારે આદિરાજે કહ્યું કે ઠીક થયું. હવે કોઈ વાતની ચિંતા ન રહી. તે વખતે અષ્ટચંદ્રોને બોલાવીને જયકુમાર સાથે પ્રેમસંમેલન કરાવ્યું ઉદ્દંડમતિ ને સન્મતિને પણ યોગ્ય રીતિથી સંતોષ પમાડીને અર્કકીર્તિ તરફ જવાને માટે ત્યાંથી નીકળ્યા.

હાથીથી નીચે ઊતરીને બધાએ અર્કકીર્તિને નમસ્કાર કર્યા. જયકુમારને પણ સાથે આવેલા જોઈને અર્કકીર્તિ સમજી ગયા કે કન્યાને આ લોકો નથી લાવી શક્યા. કન્યાને જો તેઓ લાવ્યા હોત તો જયકુમાર લજ્જાથી અહીં કદી ન આવત. એમ વિચાર કરતા થકા અર્કકીર્તિએ પ્રશ્ન કર્યો કે બોલો ! તમારા કામનું શું થયું ? બધા લોક મૌન ઊભા હતા, આદિરાજે દુષ્ટોની દુષ્ટતા છુપાવીને ઉત્તર દીધો કે ભાઈ ! આ લોકોના ગયા પહેલાં જ તે કન્યાએ સમસ્ત બાંધવોની અનુમતિથી જયકુમારના ગળામાં માળા પહેરાવી દીધી છે અને તે હર્ષ સૂચવવા માટે અનેક વાજાં વગાડયા. કેમ કે કાલે તેણે માળા નહોતી નાખી. બીજી વાત, આ બધા એક વિષય પર પ્રાર્થના કરવા આવ્યા છે. ઉદ્દંડમતિ અને સન્મતિની તરફ ઈશારો કરી ને કહ્યું કે કહો, શું વાત છે.

મંત્રીઓએ કહ્યું કે સ્વામી ! રાજા અકંપનને એક કન્યા અત્યંત સુંદર છે, તેનો વિવાહ આપની સાથે કરવાનો પ્રેમ અકંપને બતાવ્યો છે. તેને માટે આપની સંમતિ ઈચ્છીએ છીએ.

આ સાંભળીને અર્કકીર્તિને જરાક હસવું આવ્યું. અને કહ્યું કે ઠીક છે. જાઓ, તમે તમારો આનંદ ઊજવો. ત્યારે તે લોકોએ કહ્યું કે સ્વામી ! આપનો વિવાહ જ અમારો આનંદ છે. બધાને જવાની આજ્ઞા આપવામાં આવી. પોત પોતાના સ્થાને પહોંચીને બધાએ આરામ લીધો.

બીજો દિવસ સ્નાન ભોજનાદિમાં વ્યતીત થયો. રાત્રે વિવાહને માટે તૈયારી કરવામાં આવી. પાણિગ્રહણને માટે યોગ્ય મુહૂર્તમાં લક્ષ્મીમતિને શણગારીને વિવાહમંડપમાં ઉપસ્થિત કરી.

લક્ષ્મીમતિ પરમસુંદરી છે, યુવતી છે, અત્યંત કોમલાંગી છે. અથવા શ્રૃંગાર રસે જ સ્ત્રીનું રૂપ લીધું હોય એમ લાગતું હતું. ભરજુવાની, સિંહકટી મૃગનેત્ર, હસમુખી, પીનસ્તન, દીર્ઘબાહુ, વગેરેથી તે પરમ સુંદર દેખાતી હતી. કદાચ યુવરાજ તેને તપશ્ચર્યાથી જ પામ્યા હોય. વિશેષ શું વર્ણન કરીએ ! દેવાંગનાઓને તે જો એક વાર જોવામાં આવી હોય તો એકીટશે જોયા વિના રહે નહિ. તેને લક્ષ્મીમતિ કહે છે. પરંતુ લક્ષ્મી તો એની બરાબરી નથી કરી શકતી કેમકે લક્ષ્મી તો ગમે તેને પસંદ કરે છે પરંતુ લક્ષ્મીમતિ તો યુવરાજ અર્કકીર્તિને માટે જ નક્કી થયેલી કન્યા છે.

સ્વયંવરનો ઢંઢેરો પીટીને બધાને બોલાવવામાં આવે તો અનેક રાજપુત્ર પોતાને ચાહે અને માળા કોઈ એકના ગળામાં જ પહેરાવવી પડે તે યોગ્ય થતું નથી. કેમકે સ્વયંવર હંમેશાં અનેકના હૃદયમાં સંઘર્ષણ ઉપજાવનાર છે તેથી લક્ષ્મીમતિએ સ્વયંવરવિવાહનો નિષેધ કર્યો તેથી તેના હૃદયની ગંભીરતા જણાય છે.

સ્વયંવરમાં સુંદર પતિને ખોળવા માટે બધાને પોતાનું સુંદર શરીર બતાવવું પડે છે. આ હેતુથી જો તે અત્યંત ગૂઢરૂપે રહી તો તેના તપશ્ચર્યાનાં ફળમાં અત્યંત સુંદર અને સમ્રાટના પુત્ર અર્કકીર્તિ જ તેને પતિ મળ્યા આ શીલપાલનનું ફળ છે. સુલોચનાએ સ્વયંવર મંડપમાં પહોંચીને અનેક રાજાઓને જોઈને જ એક સામાન્ય ક્ષત્રિય સાથે પાણિગ્રહણ કર્યું. પરંતુ લક્ષ્મીમતિને માટે તો ષટ્‌ખંડાધિપતિના પુત્ર જ પતિ મળ્યા. ખરેખર તેનું ભાગ્ય અધિક છે.

વિશેષ શું વર્ણન કરીએ ? વસંતરાજ વનમાં જેવી રીતે કામદેવને રતિદેવી લાવીને સમર્પણ કરે છે તેવી રીતે કાશીપતિ અકંપને યુવરાજને સંતોષની સાથે લક્ષ્મીપતિ સમર્પણ કરી. મંગલાષ્ટક, હોમવિધાન, જલધારા ઈત્યાદિ વિધિથી વિવાહ કર્યા. રાજા અકંપન સર્વ મહોત્સવ પૂર્ણ કરીને રાજમહેલમાં ગયા. બીજે દિવસે મેઘરાજ (જયકુમાર) અને સુલોચનાના બહુ વૈભવથી વિવાહ થયા અને અષ્ટચંદ્રોના પણ વિવાહ થયા. આદિરાજના પણ તે વખતે કોઈ કન્યાની સાથે વિવાહ કરવાના હતા પણ તેને માટે યોગ્ય કન્યા નહોતી તેથી ન થઈ શક્યા.

ભરત જેવી રીતે પુણ્યના ફલથી અનેક સંપતિ ને સુખના સાધનો પામ્યા છે તેવી રીતે તેમના સમસ્ત પરિવારોને પણ રાત દિન સુખ ને સુખ જ મળે છે. આ માટે અર્કકીર્તિનું જ પ્રકૃત ઉદાહરણ

પર્યાપ્ત છે. અર્કકીર્તિ જ્યાં જાય છે ત્યાં તેમનો યથેષ્ટ આદરસત્કાર થાય છે. ભવ્ય સ્વાગત થાય છે, એમાં ભરતજીનું પણ પુણ્ય ખાસ કારણ છે. કેમકે યશસ્વી ને લોકાદરણીય પુત્રની પ્રાપ્તિ થવા માટે પણ પિતાને ભાગ્યની જરૂર પડે છે. તેથી જે લોકોએ પૂર્વ ભવમાં ઈંદ્રિય સુખોની ઉપેક્ષા કરી છે. સંસાર શરીર ભોગોમાં અતિ આસકત નથી થયા તેમને પરભવમાં વિશિષ્ટ ભોગ વૈભવની પ્રાપ્તિ થાય છે.

ભરતજીએ પ્રતિ જન્મમાં આ પ્રકારની ભાવના કરી હતી કે જેથી તેમને અને તેમના પરિવારને સાતિશય સંપતિ, વૈભવ ને પરમાદરની પ્રાપ્તિ થાય છે. તેમને પ્રતિ સમય ભાવના રહે છે કે :–

''હે પરમાત્મા ! આપ ઈન્દ્રિય સુખોની અભિલાષાથી પર છો, ઈન્દ્રિયોને આપ પોતાના સેવક સમજો છો. તે સેવકોને સાથે લઈ આપ અતીન્દ્રિય સુખનું સાધન કરવામાં મગ્ન છો, ઈંદ્રવંદિત છો, તેથી હે અમૃતરસયોગીન્દ્ર ! આપ મારા હૃદયમાં હમેશાં વસ્યા કરો.

હે સિદ્ધાત્મા ! આપ લક્ષ્મીનિધાન છો, સુખનિધાન છો, મોક્ષકલાનિધાન છો, પ્રકાશનિધાન ને શુભનિધાન છો. તથા જ્ઞાનનિધાન છો. તેથી પ્રાર્થના છે કે મને સન્મતિ આપો.''

## ૪. નાગરાલાપ સંધિ

વિવાહને સાત, આઠ દિવસ થયા પછી આદિરાજે અર્કકીર્તિના મહેલમાં પહોંચીને, અષ્ટચંદ્રને દુષ્ટમંત્રીઓએ જે કાંઈ પણ કુતંત્રની રચના કરી હતી તે સર્વ હકીકત પોતાના ભાઈને કહી. અર્કકીર્તિ એકદમ ક્રોધે ભરાયા. આદિરાજની તરફ જોઈને કહેવા લાગ્યા કે દુષ્ટોને આ રીતે ક્ષમા આપી દેવી તે યોગ્ય નથી. પરંતુ તમે ક્ષમા આપી દીધી, હવે શું થાય ! જવા દ્યો. આદિરાજે કહ્યું કે ભાઈ ! શું તેઓએ પોતાનું સુખ સાધવાનો વિચાર કર્યો હતો ? આપના માટે તેઓએ કન્યાની તૈયારી કરી હતી, આપના જ તેઓ વંશજ છે, તેમનો અપરાધ જરૂર છે, તેને એક વાર ક્ષમા આપી દેવી તે આપનું કર્તવ્ય છે.

ઉત્તરમાં અર્કકીર્તિએ કહ્યું કે કુમાર ! તમારો વિચાર, કાર્ય આદિ બધું અસદશ છે. તમે બહુ બુદ્ધિમાન ને દૂરદર્શી છો. આ રીતે કહીને જરાક હસીને આદિરાજને ત્યાંથી રવાના કર્યા.

સુલોચનાના સ્વયંવર સંબંધમાં જે ઝઘડો થયો તે છાનો ન રહ્યો. જેવી રીતે ઉષ્ણ લોહી વહે છે તેવી રીતે આ યુદ્ધની વાર્તા પણ દેશની સર્વ દિશામાં એકદમ ફેલાઈ ગઈ.

આ સમાચાર સાંભળતાં જ અર્કકીર્તિ ને આદિરાજના મામા ભાનુરાજ અને વિમલરાજ ત્યાં આવ્યા. કેમ કે લોકમાં કહેવત છે કે માતાથી પણ વિશેષ મામાની પ્રીતિ રહ્યા કરે છે. આવેલા મામાઓનો બન્ને ભાઈઓએ બહુ વિનયપૂર્વક આદર કર્યો.

એક દિવસની વાત છે કે અર્કકીર્તિકુમાર અનેક રાજાઓની સાથે દરબારમાં બિરાજે છે. તે વખતે ગાયકગણ ઉદયરાગમાં આત્મસ્વરૂપનું વર્ણન ગાયનમાં કરતા હતા તેને બહુ આનંદપૂર્વક સાંભળતાં થકા અર્કકીર્તિ પોતાના સિંહાસન પર બિરાજે છે. તે વખતે દૂરથી વાઘના અવાજ સંભળાવા લાગ્યા. બધાને વિચાર થયો કે આ શું હશે ? એક દૂત દોડીને બહાર જંગલમાં ગયો અને આવીને કહેવા લાગ્યા કે સ્વામી ! આકાશમાર્ગમાં અનેક વિમાન આવે છે. એ હજી બોલતા બંધ નહોતા થયા ત્યાં તો એક બીજા સેવક આવ્યા. તેણે અર્કકીર્તિને વિનયપૂર્વક નમસ્કાર કરીને કહ્યું કે સ્વામી ! સમ્રાટના મિત્ર નાગર આવે છે. ત્યારે યુદ્ધનું વૃત્તાંત સાંભળીને સમ્રાટે તેમને અહીં મોકલ્યા હશે એમ બધા વિચારવા લાગ્યા. ત્યાં તો નાગરાંક એકલા તે દરબારમાં દાખલ થયા. કેમકે તેને કોઈ રોકે નહીં, ચક્રવર્તીના ખાસ મિત્ર છે. જે વખતે તેઓ અર્કકીર્તિકુમારની આગળ જતા હતા તે વખતે વેત્રધારી લોક જોર જોરથી કહેતા હતા કે સ્વામી ! નાગરદેવ આવે છે, આપ જુઓ.

નાગરે યુવરાજની પાસે પહોંચીને તેને અનેક પ્રકારની ઉત્તમ વસ્તુઓ ભેટ દઈને સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને યુવરાજના જયજયકાર કરતા થકા ઊઠયા. ફરી મંત્રીની ભેટ દક્ષિણ આદિ મિત્રોની ભેટ અર્પીને નમસ્કાર કર્યા. યુવરાજે પણ તેને પોતાની પાસે બોલાવીને પાસે જ એક આસન આપ્યું. પાસે બેઠેલા આદિરાજ કુમારને પણ વિનયપૂર્વક નમસ્કાર કરીને તે આસન ઉપર નાગર બેસી ગયા.

અર્કકીર્તિ ઉપસ્થિત રાજાઓને કહેવા લાગ્યા કે તમો જુઓ કે નાગરનો પ્રેમ કેટલો જબરજસ્ત છે. અમે પરદેશમાં આવ્યા તોપણ તેઓ અનેક કષ્ટ વેઠીને આવ્યા છે. રાજાઓએ કહ્યું કે

યુવરાજ ! આપથી દૂર કોણ રહી શકે ? આપનો દરબાર કોના મનનું હરણ ન કરે ? તો નાગરોત્તમ કેમ ન આવે ? આ બધો આપનો પ્રભાવ જ છે.

અર્કકીર્તિએ નાગરને પ્રશ્ન કર્યો કે નાગર ! શું પિતાજી કુશલ છે ? ઘરમાં બધા કુશલ તો છે ને ? વિમાનમાં આવવાની શી જરૂર પડી ! જરાક જલદી કહો તો ખરા.

ઊઠીને ઊભા થઈને નાગરે વિનંતી કરી કે સ્વામી ! આપના પિતાજી અત્યંત સુખપૂર્વક છે. સુવર્ણમહેલમાં રહેનાર બધા કુશલ છે. આપના બધા ભાઈ સુખી છે. રથમાં આવવાથી વાર લાગશે તેથી હું વિમાનમાં બેસીને આવ્યો. આમ જલદી કેમ ! તેના ઉત્તરને માટે એકાંતની જરૂર છે. અર્કકીર્તિએ કહ્યું કે સારું, હવે તમે બેસીને બોલો.

નાગર બેસી ગયા. બધા લોકો સમજી ગયા. ત્યાંથી બધા ને જવાનું કહીને અર્કકીર્તિએ જયકુમાર આદિ કેટલીક પ્રધાન વ્યક્તિઓને ત્યાં રોક્યા. અને નાગરને કહ્યું કે બોલો, હવે એકાંત જ છે. કેમકે આ બધા આપના જ છે. અને સંભળાવવા યોગ્ય છે. ત્યારે નાગર પોતાનો વૃત્તાંત કહેવા લાગ્યા. તેના બોલવાના ચાતુર્યનું કોણ વર્ણન કરી શકે ?

સ્વામી ! જ્યારથી તમે બધા અહીં આવ્યા છો ત્યારથી ચક્રવર્તી દરરોજ આપના સમાચાર બહુ ઉત્કંઠાપૂર્વક સાંભળે છે. આપ લોક ક્યાં છો, કોના નગરમાં છો વગેરે સમાચાર અમને પૂછતાં રહે છે. સમ્રાટની પાસે ઘણા પુત્રો છે, તેમની સાથે પ્રેમાલાપ કરે છે તોપણ આપ લોકોનું સ્મરણ હદ ઉપરાંત કરે છે. તે પુત્રાનુરાગનું હું વર્ણન કરી શકતો નથી. દુનિયામાં જોવામાં આવે છે કે કોઈને સાત આઠ પુત્ર હોય તો પણ તેમના ઉપર પ્રેમ રહેતો નથી. પરંતુ ચક્રવર્તીને પંક્તિબદ્ધ હજારો પુત્ર હોવા છતાં પણ તેમના તરફ સરખો પ્રેમ છે, તેનું હું ક્યાં સુધી વર્ણન કરું ! તમારા બન્નેનું વારંવાર સ્મરણ કરે છે. અમે વારંવાર તેમને સમજાવીએ છીએ કે શું અર્કકીર્તિને આદિરાજ બાળક છે ? તે બન્ને વિવેકી ને બુદ્ધિમાન છે. આટલી ચિંતા આપ કેમ કરો છો ! ઉત્તરમાં તેઓ કહે છે કે હું ભૂલવાનો ઘણો પ્રયત્ન કરું છું, પરંતુ મારું મન ભૂલી શકતું નથી, કોઈ ભૂલનું ઔષધ હોય તો આપો.

અમે ફરી કહેતા કે રાજા ! આપના પુત્ર સ્વદેશમાં જ છે, આર્યખંડમાં છે, મ્લેચ્છખંડમાં નથી ગયા. બહુ દૂર નથી ગયા, તો આટલી ચિંતા કેમ કરો છો. ત્યારે ઉત્તરમાં ભરતજી કહે છે કે મારા પુત્ર અયોધ્યાનગરીની બહાર ગયા હોય તો પણ મારું હૃદય કબૂલતું નથી તો તેઓ બીજે જવાથી, તેમને છોડીને હું કેમ રહી શકું ? ફરી કહે છે કે પુત્રોથી રહિત સંપત્તિ, સંપત્તિ નથી, તે આપત્તિ છે. સત્કવિતા રહિત પઠન રાખની સમાન છે, તેમના સિવાય મારું જીવન અલંકારહીન કાન સમાન છે. મારે ઘણા પુત્ર છે કે જે હાર ને પદકની સમાન છે. પરંતુ હાર ને પદક રહેવા છતાં પણ કાનમાં કોઈ અલંકાર ન હોય તો તે હાર કે પદકોથી શોભા કેમ થાય ? આદિરાજ અને અર્કકિર્તી બન્ને મારા કર્ણભૂષણ સ્વરૂપ છે.

ત્યારે અમે કહ્યું કે આપે તેમને પરદેશમાં કેમ મોકલ્યા ? અહીં જ રાખવા હતા. આપે ના પાડી હોત તો તેઓ તમારી પાસે જ રહેત. ઉત્તરમાં સમ્રાટ કહે છે કે તેમને મોકલતી વખતે દુઃખ નહોતું થયું, પછી દુઃખ થયું. તેથી શું કરું ?

આપ લોકોના સમાચાર રોજ સાંભળતાં રહે છે, આપ લોકોનો સ્થળે સ્થળે હાથી, ઘોડા, કન્યા વગેરે પ્રદાન કરીને જે સત્કાર થાય છે તેનાથી તો તેઓ પરમ સંતોષ પામે છે. રાતદિન સમ્રાટની આગળ એક એક સંતોષના સમાચાર આવે છે, તે સાંભળીને તેઓ ખૂબ પ્રસન્ન રહે છે.

પરંતુ ફૂલની માળાની વચ્ચે એક કાંટો આવવાની સમાન યુદ્ધના સમાચાર સાંભળવામાં આવ્યા. તે સમાચાર આવા આવ્યા કે કાશીમાં જે અકંપને સ્વયંવર મહોત્સવ કરાવ્યો હતો તેમાં દેશદેશના અનેક રાજા ઉપસ્થિત હતા. તે સ્વયંવરમાં સમ્રાટના પણ પુત્ર ગયા. કન્યાએ મેઘરાજના ગળામાં માળા નાખીને હાથી પર સવારી કરીને જ્યારે નગરમાં પ્રવેશ કરી ચૂકી ત્યારે દુઃખી થઈને અનેક રાજા અને ઉદ્દંડમતિએ એના પર ઈતરાજી કરી યુવરાજ હોવા છતાં પણ સુંદર કન્યા બીજાને ન મળી શકે એ વાતનો તમે પણ સ્વીકાર કર્યો. છેવટે યુદ્ધ થયું. બન્ને તરફથી ઘોર યુદ્ધ થયું. અષ્ટચંદ્ર પણ સ્વર્ગાંગનાઓના કુચશરણ થયા. એક વાત બીજી સાંભળી. પરંતુ હું આપની આગળ તે કહેતાં ડરું છું.

ત્યારે અર્કકીર્તિએ કહ્યું કે ડરો નહીં, તમને મારા શપથ છે. ત્યારે નાગરે ફરી કહ્યું કે શું બન્યું ? નાગરાજે તમને નાગપાશથી બાંધીને મેઘેશને સોંપી દીધા. અમને ઘણી ચિંતા થઈ. સમ્રાટ પણ આ સમાચાર સાંભળીને દુઃખી થયા. ત્યાં સમાચાર મળ્યા કે યુદ્ધ થયા પછી રાજા અકંપને એક કન્યા જયકુમારને દઈને બીજી કન્યા સાથે યુવરાજનો વિવાહ કર્યો.

સમ્રાટે આ બધા સમાચાર સાંભળીને કહ્યું કે એક વાર કોઈના ગળામાં કન્યાએ માળા પહેરાવી દીધી તો તે કન્યા પરસ્ત્રી થઈ ગઈ, જેમાં જયકુમાર મારા પુત્રની સમાન છે. આવી સ્થિતિમાં અર્કકીર્તિએ આવું તોફાન કેમ મચાવ્યું ? આ વ્યાજબી નથી કર્યું. તેથી હાલ તે વિચારવું જોઈએ, ત્યારે ભરતજીએ મને આજ્ઞા આપી કે નાગર ! હાલ તમે જઈને બધી હકીકત જાણીને આવો તેથી હું અહીં આવ્યો. આમ કહીને નાગર ચુપ રહી ગયા.

આ બધું સાંભળીને અર્કકીર્તિને આશ્ચર્ય થયું. લમણે હાથ મૂકીને અર્કકીર્તિ કહેવા લાગ્યા કે હાય ! પરમાત્મા ! પાપના કારણે આ લોકમાં મારી અપકીર્તિ થઈ નાગરાંક ! અષ્ટચંદ્રને ઉદ્દંડ મતિ મંત્રીને નાગપાશનું બંધન થયું હતું એ સત્ય છે. તે વખતે તેમાંથી મુક્ત પણ થયા. બાકીનો બધો અપવાદ ખોટો છે. મિત્ર નાગરાંક ! અમે બન્ને ભાઈ સ્વયંવર મંડપમાં ગયા જ નહોતા. પરસ્ત્રીની અમે અભિલાષા પણ નહોતી કરી. વચ્ચેના રાજાઓના કારણે આ બધું યુદ્ધ થયું. આદિરાજે તે જ વખતે બંધ કરાવી દીધું. મને અને જયકુમારને જુદી જુદી કન્યાઓ આપીને સત્કાર કર્યો, આ વાત તદ્દન સત્ય છે. આ રીતે અષ્ટચંદ્ર રાજાઓને પણ જુદી જુદી કન્યાઓ આપીને સત્કાર કર્યો એ પણ સત્ય છે. મિત્ર ! હું શું રાજમાર્ગનું ઉલ્લંઘન કરીને ચાલું ? જો હું અનીતિ માર્ગે જાઉં તો શું ભાઈ આદિરાજ તે સહી શકે ? કદી નહીં. અમને પરદાર સહોદર કહે છે, તો એમ કેમ બને ?

જે વખતે પિતાજીએ દિગ્વિજય કર્યો હતો તે વખતે જયકુમારે પણ પોતાના ભાઈની સાથે જે સેવા બજાવી છે તે કાંઈ ઓછી છે ? જો હું તે ભૂલી જાઉં તો શું હું ચક્રવર્તીનો પુત્ર કહી શકાઉં ? અમે પિતાજીની સંપત્તિ ભોગવનાર છીએ. પરંતુ ખજાનો ભરવાવાળા જયકુમાર છે. વિચાર કરવાથી અમારા બધા લોકોથી ચડિયાતા તે જ પિતાના પુત્ર છે. તે સેવક નથી.

દિગ્વિજયના પ્રસંગમાં જ્યારે ધૂર્તદેવતાઓને જયકુમારે મારીપીટીને ભગાડયા ત્યારે પિતાજીએ આલિંગન કરીને તેને કહ્યું હતું કે તમે અર્કકીર્તિની સમાન છો, તે હું ભૂલી ગયો નથી. આમ હોવાથી તેના તરફ હું આવું કાર્ય કેમ કરી શકું ? પિતાજીએ જયકુમારને પુત્રની સમાન માન્યા છે, તે કદી અન્યથા બને નહિ. આજે અમે સાઢું બન્યા છીએ તે તેનો અર્થ છે. પિતાજીએ જે તે દિવસે કહ્યું હતું તે વચન અન્યથા થાય નહિ એવા વિચારથી કાશીના રાજા અંકપને આજે અમારો સંબંધ કરી દીધો, આ રીતે પોતાના શ્વસુરને સંતોષ પમાડતા થકા અર્કકીર્તિએ કહ્યું.

અર્કકીર્તિના વચન સાંભળીને જયકુમાર, વિજય, જયંત, ઊઠીને ઊભા થયા અને આનંદપૂર્વક કહેવાં લાગ્યા કે સ્વામી ! અમે આપનું હૃદય જાણીને અત્યંત પ્રસન્ન થયા છીએ. અમે શું સેવા કરી છે ? આપના પિતાજીના પ્રભાવથી જ દિગ્વિજયમાં સફલતા આવી. અમે આપના સેવક છીએ પરંતુ આપે અમને સાઢુ બનાવીને જે આપના વિશાળ હૃદયનો પરિચય કરાવ્યો છે તેથી અમારો આત્મા આપના તરફ ખેંચાણો છે. તે દિવસે આપના પિતાજીએ જે અમારો આદર કર્યો હતો અને આજે આપે જે અમારા તરફ પ્રેમ બતાવ્યો છે તેને માટે અમે શું કરી શકીએ ? શંકા ન રાખવી, અમે અમારા શરીરને આપની સેવામાં આપીએ છીએ. આ રીતે કહેતા થકા ત્રણે ભાઈ યુવરાજના ચરણોમાં નમસ્કાર કરીને ઊઠયા.

અકંપન રાજાએ પણ પોતાના મંત્રીના દ્વારા યુવરાજને નમસ્કાર કરાવ્યા. તે પોતે બેઠા જ રહ્યા પહેલાં તો તેઓ યુવરાજને નમસ્કાર કરતા હતા. પરંતુ હવે તેઓ કન્યા આપીને શ્વસુર બન્યા છે. તેથી હવે મંત્રીથી નમસ્કાર કરાવ્યો. કન્યાદાનનું મહત્ત્વ બહુ વિચિત્ર છે.

ત્યારે આદિરાજે કહ્યું કે ભાઈ ! પિતાજીને બહુ ચિંતા થઈ. હવે આ સમાચાર સાંભળીને આપણે અહીંયાં આરામથી બેઠા રહીએ એ વાજબી નથી. હવે આગળ પ્રસ્થાન કરવું જોઈએ, સેના, હાથી, ઘોડા વગેરે અષ્ટચંદ્ર રાજાઓની સાથે પાછળ આવવા દ્યો. આપણે આજે આવેલા મિત્રની સાથે જ વિમાન પર ચઢીને જઈએ. હવે વિલંબ ન કરવો જોઈએ.

ત્યારે નાગરાંકે કહ્યું કે આટલી ઉતાવળ શું છે ? તમો આગળ જઈને બધા દેશો જોઈને આવો. હું આજે જઈને સ્વામીના ચિત્તનું સમાધાન કરી દઈશ. તમો જયકુમારની સાથે સાવકાશ આવો. હાલ કાંઈ ઉતાવળ નથી. ભરતજીએ પણ એવી જ આજ્ઞા કરી છે. ત્યારે બન્ને ભાઈઓએ કહ્યું કે ઠીક છે અમે પછી આવીશું. પરંતુ પિતાજીના ચરણોના દર્શન જ્યાં સુધી નહિ થાય ત્યાં સુધી અમે દૂધ ને ઘી ખાશું નહિ. ત્યારે નાગરાંકે કહ્યું કે તમે એમ ન કરો. જો સમ્રાટને ખબર પડી તો તે મીઠું છોડી દેશે, એમ ન કરવું જોઈએ. આપ લોક સુખપૂર્વક બધા દેશો જોતા જોતા આવો, અમે ને ભરતજી સુખેથી રહીશું. અને લોકો પણ સુખેથી પોતાનો સમય વ્યતીત કરશે. અમારા સ્વામીની કૃપાથી બધી જગ્યાયે સુખ ને સુખ જ થશે.

રાજા અકંપને નાગરાંકને કહ્યું કે નાગરોત્તમ ! આ બધું ઠીક થયું. હવે તમે આજે કેમ જાઓ છો ? અમારા મહેલમાં આઠ દિવસ વિશ્રાંતિ લઈને પછી જજો. તમે અમારા સ્વામી ચક્રવર્તીના મિત્ર છો, વારંવાર તમારું આવવું ન બને. તેથી અમારા આતિથ્યનો સ્વીકાર કરીને જવું યોગ્ય છે, આ

વાતનું સમર્થન જયકુમારે પણ કર્યું.

ઉત્તરમાં નાગરાંકે કહ્યું કે રહેવામાં કોઈ આપત્તિ નથી કેમકે અમારા યુવરાજનું આ શ્વસુરગૃહ છે. પરંતુ રાજા ! જ્યારે સમ્રાટ ચિંતામાં પડયા છે તો એવી સ્થિતિમાં હું અહીં આરામથી રહું એ શું વાજબી ગણાય ?

રાજા અકંપને કહ્યું કે ઠીક છે. ત્યારે તો વાર ન લગાડો, સ્નાન ભોજન કરીને કાલે અહીંયાંથી જજો. ત્યારે અર્કકીર્તિએ પણ કહ્યું કે ઠીક છે, કાલે નહિ તો પરમદિ જજો, એમાં શું !

નાગરાંકે કહ્યું કે સ્વામીને દુ:ખિત અવસ્થામાં છોડીને સ્નાન ભોજનાદિ કામમાં વખત ગાળવો તે યોગ્ય નથી, તે સ્નાન, ભોજનને ધિક્કાર છે. તેથી હવે આપ લોકો મને રોકવાની કૃપા ન કરો.

ત્યારે આદિરાજે કહ્યું કે ઠીક છે, અમે પણ રોકાઈએ, નાગરાંક પણ રોકાય તો પિતાજીને અધિક ચિંતા થશે. તેથી તેને હવે રોકવા નહિ. જવા દ્યો.

ત્યારે બધા લોકોએ કહ્યું કે શાબાશ ! આદિરાજ અમારા સ્વામીના પિતાના નામને તમે શોભાવી રહ્યા છો. તેથી તમે ખરેખર સારી વાત કહી. બધા આ વાત કબૂલ રાખશે.

અર્કકીર્તિએ કહ્યું કે ઠીક છે, તમે આજે જ જાઓ, અત્યારે સવારનું ભોજન અમારા મહેલમાં કરો અને સાંજનું વાળુ રાજા અકંપનના મહેલમાં કરીને પછી જાઓ.

બધાએ તેવાત કબૂલ રાખી, બધા ત્યાંથી પોતપોતાના સ્થાન પર ચાલ્યા ગયા. નાગરાંકની સાથે આવેલી સેનાનો સત્કાર કરવા માટે અષ્ટચંદ્રને નિયત કરીને પોતાના આવેલા મિત્રની સાથે યુવરાજ મહેલમાં ગયા.

જતી વખતે આદિરાજે નાગરાંકને કહ્યું કે મિત્ર ! તમે જાઓ ત્યારે મારી પાસે આવીને જ જજો.

યુવરાજે પોતાના મહેલમાં પહોંચીને પોતાના મામા ભાનુરાજને પણ બોલાવ્યા અને નાગરાંક ને ભાનુરાજની સાથે મળીને ભોજન કર્યું. ભોજન કર્યા પછી પોતાના પિતાના મિત્ર હોવાથી હાથી, ઘોડા, રથ, રત્ન આદિ સિતેર લાખ ઉત્તમોત્તમ પદાર્થોની ભેટ નાગરાંકને આપી. નાગરાંક યુવરાજના સત્કારથી અત્યંત તૃપ્ત થયા અને હાથ જોડીને કહેવા લાગ્યા કે યુવરાજ ! મારી એક બીજી ઈચ્છા છે, તે પૂરી કરવી જોઈએ. અર્કકીર્તિએ કહ્યું કે સારું ! કહો શું વાત છે ?

નાગરાંકે કહ્યું કે જો તમારા મામા ભાનુરાજ મારી ઈચ્છાને પૂરી કરવાનું વચન આપે તો કહું. ત્યારે હસતા હસતા ભાનુરાજે કહ્યું કે કહો, હું ક્યાં ના પાડું છું ત્યારે હર્ષથી નાગરાંકે કહ્યું કે બીજી કોઈ વાત નથી. તમારી સાથે ભાનુરાજ પણ અયોધ્યા નગરીમાં આવે અને સમ્રાટને મળી જાય. આટલી જ વાત છે. આ વાતનું રહસ્ય ભાનુરાજ ન સમજતાં યુવરાજ સમજી ગયા. તેઓએ કહ્યું કે ઠીક છે, એ કઈ મોટી વાત છે, હું તેમને સાથે લઈને આવીશ.

નાગરાંક અર્કકીર્તિને નમસ્કાર કરીને આદિરાજના મહેલ તરફ ગયા. ત્યાં આદિરાજના મામા વિમલરાજને પણ મળ્યા. ત્યાં આદિરાજે ત્રીશ લાખ ઉત્તમોત્તમ પદાર્થોથી નાગરાંકનો સત્કાર કર્યો.

યુવરાજની સાથે જેવી રીતે નાગરાંકે વિનયવ્યવહાર કર્યો તેવી રીતે આદિરાજની સાથે પણ કરીને કાશીના રાજા અકંપનના મહેલમાં પહોચ્યાં. ત્યાં અનેક સંતોષના વ્યવહારપૂર્વક સાંજનું ભોજન લીધું. ભોજન કર્યા પછી રાજા અકંપને દશ લાખ ઉત્તમોત્તમ વસ્તુઓથી તેમનો સત્કાર કર્યો. ત્યાંથી જયકુમાર તેને પોતાના મહેલમાં લઈ ગયા અને ત્યાં પચ્ચીશ લાખ રથ, રત્ન આદિ ઉત્તમ પદાર્થોથી તેનો સત્કાર કર્યો. તેનાથી અલગ છપ્પન દેશના રાજા અને અષ્ટચંદ્ર રાજાઓએ મળીને એક કરોડ પાંસઠ લાખ ઉત્તમપદાર્થો દઈને સત્કાર કર્યો. વિશેષ શું ? ત્રણ કરોડ ઉત્તમ દ્રવ્યોથી તેનો ત્યાં સત્કાર થયો. છ ખંડના અધિપતિના મિત્રને ત્રણ કરોડ ઉપહાર દ્રવ્યોથી સત્કાર થયો એમાં આશ્ચર્યની શી વાત છે ?

અજવાળી રાત છે, નાગરાંક પોતાના પરિવારની સાથે વિમાનમાં બેસીને આકાશ માર્ગે રવાના થયા. જે વખતે તે શુભ (-ઉજ્જવલ) ચાંદનીમાં અનેક વિમાન જતા હતા તે વખતે સમુદ્રમાં જહાજ જઈ રહ્યું હોય એમ ભાસતું હતું. આકાશ માર્ગે આવતાં વાર કેટલી લાગે ? અનેક વાજાં વાજિંત્રો સાથે અયોધ્યા નગરમાં તે નાગરાંકે પ્રવેશ કર્યો.

ભરતજી ચિંતામગ્ન હોવાથી તે વખતે દરબાર વગેરેમાં બેસતા નહોતા, તેઓ પોતાના મંત્રી મિત્રોની સાથે બેસીને વાર્તાલાપ કરતા હતા. એવામાં વાજાંના શબ્દો સંભળાવા લાગ્યા. બધાએ જાણી લીધું કે નાગરાંક પાછા આવ્યા છે. અને તેનું આગમન હર્ષ સૂચવી રહ્યું છે. નાગરાંકે પણ વિમાનથી ઊતરીને બધાને પોતપોતાના સ્થાને મોકલ્યા. અને સ્વયં ચક્રવર્તી જ્યાં બિરાજતા હતા ત્યાં પહોંચ્યા.

ત્યાં પહોંચતા જ ચક્રવર્તીના ચરણોમાં નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે બધાને હંમેશા આનંદ ઉપજાવનાર હે પ્રથમચક્રેશ ! સ્વામી ! પહેલાં જે કાંઈ સમાચાર સાંભળવામાં આવ્યાંતા તે બધા ખોટા છે. ક્ષૂદ્ર સ્વયંવરમાં મહાપુરુષો જાય શું ? આપના પુત્ર પણ એવા સ્વયંવરમાં કેમ જાય ! પરંતુ રાજા અકંપને જ એક કન્યાને લાવીને વિવાહ કર્યો છે.

એ પણ જવા દ્યો. કાલે જે આ પૃથ્વીનો અધિપતિ થનાર છે તે શું સન્માર્ગ છોડીને વર્તે ? બીજાના ગળામાં માળા પહેરાવેલી સ્ત્રીની ઈચ્છા કરે ? કદી નહિ ? આપણે સાંભળેલી વાત બધી હવાઈ (ખોટી) છે તેથી આપ ભૂલી જાઓ. પાશથી જો યુવરાજને બાંધ્યા તો શું જયકુમાર બચી શકે ? અષ્ટચંદ્ર રાજાઓને થોડુંક કષ્ટ જરૂર પડયું પરંતુ તે જ વખતે ટળી પણ ગયું. એ રીતે ત્યાંનું બધું વૃત્તાંત યથાવત (–જેવું બન્યું હતું તેવું) કહ્યું.

સમ્રાટે પણ કહ્યું કે આગળ શું થયું તે કહો. ત્યારે નાગરાંકે ત્રણ કરોડ પદાર્થોથી પોતાનો સત્કાર થયો એ વિષેનું વર્ણન કર્યું. ત્યારે સમ્રાટે કહ્યું કે તે તમારું ખિસ્સા ખર્ચ છે.

નાગરાંકે ફરી કહ્યું કે સ્વામી ! આ બધી વાત જવા દ્યો, મોહની વિચિત્રતા જુઓ. ત્યાં મારા પહોંચ્યા પહેલાં જ યુદ્ધના સમાચાર સાંભળીને ભાનુરાજ, વિમલરાજ ત્યાં પહોંચી ગયા ને પોતાના ભાણેજની સાથે મળી ગયા. પિતાના વિચારની પહેલાં જ તેમના મામા તેમની પાસે પહોંચ્યા. એવી સ્થિતિમાં પુત્રોને માતાપિતા કરતાં મામા જ અધિક પ્રિય હોય છે.

ભરતજીનું હૃદય પણ આ સાંભળીને ભરાઈ ગયું, પોતાના સાળાઓના આપ્તત્વનો વિચાર કરતા થકા હર્ષ પામ્યા. તેથી તેમનો યોગ્ય સત્કાર કરવો જોઈએ એમ પણ તેઓએ મનમાં નિશ્ચય કર્યો. ત્યારપછી પ્રગટરૂપે બોલ્યા કે અનુકૂલ ! કુટિલ ! દક્ષિણ ! શઠ ! પીઠમદન ! અને મંત્રી ! તમે સાંભળો. અમારા પુત્રોની સહાયતાને માટે તેમના મામા પહોંચ્યા એ ઘણો વિનય નથી શું ?

ત્યારે ઉત્તરમાં બધાએ કહ્યું કે સ્વામી ભાનુરાજ, વિમલરાજના નગરમાં કાશીના રાજા જાતે જઈને આમંત્રણ આપે તોપણ તેઓ ત્યાં આવે તેવા નથી. પોતાની મહત્તાને ભૂલીને તેઓ હાલ પોતાના ભાણેજના પ્રેમથી જ ત્યાં આવ્યા. ખરેખર તેમનો પ્રેમ ઘણો જ છે.

સમ્રાટે એમ પણ વિચાર કર્યો કે અમને જેવી રીતે અમારા મામા તરફ પ્રેમ છે તેવી રીતે અર્કકીર્તિ ને આદિરાજને પણ તેમના મામા પ્રત્યે પ્રેમ છે. તેથી તેમનો સત્કાર થવો જ જોઈએ. તે બન્નેને હું રાજાના પદથી વિભૂષિત કરી દઉં તેથી અર્કકીર્તિ ને આદિરાજ પ્રસન્ન થશે.

બધા લોકોએ કહ્યું કે ઘણું સારું છે. એમ જ થવું જોઈએ. પહેલાં નાગરાંકે પણ એવા અભિપ્રાયથી તેમને નિમંત્રણ આપ્યું હતું.

સમ્રાટે નાગરાંકને વિશ્રાન્તિ લેવાનું કહીને મહેલમાં પ્રવેશ કર્યો.

પાઠક વિચાર કરે કે ભરતજીનું પુણ્યાતિશય કેટલું વિશિષ્ટ છે. જરાક વાર પહેલાં તેઓ ચિંતામગ્ન હતા. પોતાના પુત્રો વિષે જે સમાચાર મળ્યા હતા તેનાથી એકદમ અસ્વસ્થ બની ગયા હતા. પરંતુ થોડા જ વખતમાં તેઓ ચિંતામુક્ત થઈને ફરી હર્ષસાગરમાં મગ્ન થયા. આ બધો તેમના પુણ્યનો જ પ્રભાવ છે. તેઓ નિત્ય ચિદાનંદ પરમાત્માને આ રીતે આમંત્રણ આપતા હતા કે–

''હે પરમાત્મા ! તમારામાં આ એક વિશિષ્ટ સામર્થ્ય છે કે તમે મોટામાં મોટી ચિંતાને નિમિષમાત્રમાં દૂર કરો છો તેથી તમે વિશિષ્ટશક્તિશાલી છો. તેથી હે ચિદંબર પુરુષ ! સદા મારા હૃદયમાં અટલ બિરાજમાન રહો.

હે સિદ્ધાત્મા ! આપ આકાશમાં ચિત્રિત પુરુષરૂપ અથવા તેની જેવા લાગો છો કેમકે આપ નિરાકાર છો. તેથી લોકો આપણા સંબંધમાં આશ્ચર્યચકિત થાય છે. હે નિરંજન સિદ્ધ ! મારા હૃદયમાં આપ વર્ત્યા રહો.

આ પુણ્યમય ભાવનાનું ફળ છે કે ભરતજી ભારેમાં ભારે ચિંતાથી ક્ષણ વારમાં મુક્ત થાય છે.

# ૫. જનકસંદર્શન સંધિ

**ના**ગરાંકને અયોધ્યા તરફ મોકલીને યુવરાજે પણ અયોધ્યા તરફ જવાની શીઘ્ર તૈયારી કરી. તેની પહેલાં તેઓએ જે રાજ્યોગનું દિગ્દર્શન કર્યું તે અવર્ણનીય છે.

જયકુમાર, વિજય અને જયંતને બોલાવીને વિવાહ વખતે જે મનમાં કલુષતા થઈ તેને દૂર કરી. યુવરાજે બહુ વિનયપૂર્વક કહ્યું કે જયકુમાર ! મારા પૂર્વજન્મના પાપોદયથી થોડીવાર વૈષમ્ય ઉત્પન્ન થયું, પરંતુ તે પુણ્ય-તંત્રથી તુરત જ દૂર પણ થયું. આવી સ્થિતિમાં હવે તે તમારે મનમાં ન લાવવી. અષ્ટચંદ્ર ને દુષ્ટ મંત્રીએ જે વિચાર કર્યો હતો તે ખરેખર તેમનો મોટો અપરાધ છે. પરંતુ તે વાત આદિરાજે સુધારી લીધી. તેથી તે વાત ભૂલી જવી જોઈએ. કદાચિત્ પિતાજીને ખબર પડશે તો તેઓ નારાજ થશે. જયકુમાર ! વિશેષ શું કહું ! અમે તો પિતાજીને કષ્ટ આપીને ઉત્પન્ન થયેલા પુત્ર છીએ, પરંતુ તમે તો વિના તકલીફે જ આવેલા પુત્ર છો. તેથી સહોદરમાં માંહોમાંહે સંકલેશ થાય તો પણ તેને દૂર કરવો જોઈએ. તમો, અમે અને અષ્ટચંદ્ર વગેરે બધા રાજપુત્ર છીએ, ક્ષત્રિય છીએ, તો ગમારોની જેવો આપણો વ્યવહાર શું ઉચિત છે ! સમાન વર્ણમાં ઉત્પન્ન આપણા લોકોમાં આ પ્રકારનો ક્ષોભ થવો યોગ્ય નથી.

યુવરાજના મિષ્ટ વચનો સાંભળીને બધાના હૃદયમાં શાંતિ થઈ. બધાએ અષ્ટચંદ્રોની સાથે યુવરાજના ચરણોમાં નમસ્કાર કર્યા ને વિનયથી કહ્યું કે સ્વામી ! આદિરાજે જ પહેલાં અમારું ચિત્ત શાંત કર્યું હતું. હવે આપના સુંદર વચનોથી જરાક રહેલી વેદના એકદમ ટળી ગઈ.

યુવરાજે લુખી વાતોથી જ તેમને સંતોષ્યા નહિ, પરંતુ મેઘરાજને પોતાની પાસે બોલાવીને ૫૦ લાખ મહોરો આપીને સન્માન કર્યું. એવી રીતે વિજયરાજને ત્રીશ લાખ અને જયંતરાજને વીશ લાખ આપીને અનેક ઉપહારો પણ આપ્યા. ત્યાર પછી આદિરાજે પણ મેઘેશને પચ્ચીશ લાખ, વિજયરાજને પંદર લાખ તે જયંતને દશ લાખ, પોતા તરફથી આપ્યા. અને બહુ આનંદથી તેમને વિદાય આપી.

બધાના હૃદયનું વૈષમ્ય દૂર થયું. હવે આનંદ ને આનંદ જ વર્તી રહ્યો. તેઓએ યુવરાજને ભક્તિથી નમસ્કાર કર્યા ને ત્યાંથી ચાલ્યા ગયા. તેઓ શું સામાન્ય છે ? ચક્રવર્તીના તો પુત્ર છે, ત્યાં વળી કઈ વાતની ખામી હોય ?

આ રીતે યુવરાજે અનેક દેશના રાજાઓનો તેમની યોગ્યતાનુસાર સત્કાર કર્યો અને મહેલમાં જતાં રાજા અકંપને યુવરાજનો સત્કાર કર્યો અને યુવરાજે પોતાની યુવરાજ્ઞીની સાથે બેસીને ભોજન કર્યું. યુવરાજની પત્ની લક્ષ્મીમતિને એકસો ભાઈ હતા. તે બધાની સાથે રાજા અકંપને યુવરાજનો સત્કાર કર્યો. પોતાના શ્વસુરથી યથેષ્ટ સત્કાર પામીને યુવરાજે આગળ પ્રસ્થાન કર્યું.

યુવરાજના પ્રસ્થાનસમારંભનું શું વર્ણન કરીએ ? સંક્ષેપમાં કહીએ તો અઢારલાખ અક્ષોહિણી સેનાની સંપત્તિ સહિત યુવરાજ જઈ રહ્યા છે. મોઢા આગળ સેનાની સાથે અષ્ટચંદ્ર જઈ રહ્યા છે. સાથે જ મંત્રીગણ પણ છે. યુવરાજની સાથે આદિરાજ છે. સાથે શ્વસુર પણ છે. આ રીતે બહુ વૈભવયુક્ત થઈને પિતાના ચરણોના દર્શન કરવા ઉત્સુક થઈને યુવરાજ જઈ રહ્યા છે. દક્ષિણથી ઉત્તર

તરફ વળીને અનેક દેશોમાં વિહાર કરતા કરતા યુવરાજ જઈ રહ્યા છે. હવે અયોધ્યાને માત્ર બસો ગાઉ બાકી છે. ત્યાં સેનાસહિત યુવરાજે મુકામ કર્યો છે.

તે મુકામે અયોધ્યાથી એક દૂતે આવીને ત્યાંનું સર્વ વૃત્તાંત કહ્યું અને એકાંતમાં નાગરાંકે ચક્રવર્તીને જે સમાચાર કહ્યા હતા તે પણ કહ્યા. તેથી બન્ને રાજકુમારોને ખૂબ હર્ષ થયો. સાથોસાથ એમ પણ ખબર પડી કે નાગરાંકની વાતચીતની પરંપરામાં યુવરાજના શ્વસુરોને સમ્રાટે ''રાજા'' એવી ઉપાધિથી સન્માનિત કર્યા છે. તેઓ પણ તે સાંભળીને બહુ જ પ્રસન્ન થયા. પરંતુ તેઓએ તે બહાર વ્યક્ત ન કર્યું. માત્ર એટલું જ કહ્યું કે ચક્રવર્તી અમને ગમે તે રીતે બોલાવે, અમે તો પ્રસન્ન છીએ.

હવે અર્કકીર્તિ અયોધ્યાપુરની નજીક આવી ગયા છે. તે સાંભળીને ભરતજીને ખૂબ આનંદ થયો. તે વખતે વૃષભરાજને બોલાવીને મંત્રી, મિત્રો સાથે સ્વાગત માટે જવાની આજ્ઞા કરી. વૃષભરાજને આ સૂચના મળતાં જ બાકીના બધા ભાઈઓ તૈયાર થઈને જવા લાગ્યા. જેવી રીતે બ્રાહ્મણ દાન લેવા ઉતાવળથી જતા હોય તેવી રીતે તેઓ પણ જઈ રહ્યા છે. પોતાના મોટાભાઈ તરફ તેમનો જે અસીમ પ્રેમ છે તે અવર્ણનીય છે. તેઓ ત્રીશ હજાર સહોદર છે. બધા મળીને ભાઈને જોવાને માટે ખૂબ આનંદથી આવી રહ્યા છે. કોઈ હાથી ઉપર, કોઈ ઘોડા ઉપર અને કોઈ પાલખી ઉપર ચઢીને જઈ રહ્યા છે. આ રીતે છત્ર, ચામર, ધ્વજ, પતાકા વગેરે મંગલ દ્રવ્યોને સાથે લઈને તે રાજકુમાર મોટાભાઈની પાસે જાય છે. વૃષભરાજને આગળ કરીને બધા તેની પાછળ વિનયથી જે વખતે તેઓ જતા હતા ત્યારે એક ઉત્સવ જ જોવા જેવો બન્યો હતો. વૃષભરાજે જઈને અનેક ઉત્તમોત્તમ ભેટ યુવરાજના ચરણોમાં રાખીને નમસ્કાર કર્યા. એ રીતે બધા ભાઈઓએ કર્યા.

અર્કકીર્તિએ બધાને જોઈને હર્ષ વ્યક્ત કરતા થકા વૃષભરાજ ! આવો, તમે કુશલ છો ને ? હંસરાજ ! તમે સૌખ્યાનુભવ કરો છો ને ? નિરંજનરાજ ! સિદ્ધરાજ ! આવો, તમે સુખી છો ને ? બલભદ્રરાજ ! ભાસ્કરરાજ ! શિવરાજ ! અંકરાજ ! શ્રીરાજ ! લલિતાંગરાજ ! લાવણ્યરાજ ! તમે બધા ક્ષેમ કુશલ છો ને ? આ સિવાય બીજા જે ભાઈઓ છે તેઓ બધા કુશળ તો છે ને ? બધા ભાઈઓના કુશલ સમાચાર પૂછયા અને બધાને પોતાની પાસે બોલાવીને તેમને એક એક રત્નહાર આપ્યો. તે ભાઈઓએ અર્કકીર્તિને નિવેદન કર્યું કે અમે તો સદાય કુશલ છીએ પરંતુ આપ બન્નેના દર્શન થવાથી વિશેષ કુશલતામાં વધારો થયો. આ રીતે કહેતાં કહેતાં ફરી પ્રણામ કર્યા. સાથે આવેલા મામાઓના ચરણોમાં પણ નમસ્કાર કર્યા. તેમના વિનયનું શું વર્ણન કરીએ ?

અષ્ટચંદ્રરાજ ને મંત્રીઓએ આ બધા કુમારોને નમસ્કાર કર્યા. આ રીતે ઉપસ્થિત અન્ય રાજકુમાર, મંત્રી, મિત્ર ને પરિવાર પ્રજાઓએ બન્ને કુમારોના ચરણોમાં ભેટ રાખીને નમસ્કાર કર્યા. આવેલા બધા લોકોની સાથે યથાયોગ્ય મૃદુ વચન બોલીને અર્કકીર્તિ હાથી પર ફરી ચડયા. જયઘોષ નામના હાથી પર અર્કકીર્તિ, દુદુંભિઘોષ નામના હાથી પર આદિરાજ અને બાકીના બધા ભાઈ એક એક હાથી ઉપર ચડીને હવે નગર તરફ જઈ રહ્યા છે. કરોડો પ્રકારના મંગલવાદ્યો વાગી રહ્યા છે.

અયોધ્યા નગરમાં પ્રવેશ કરીને જે વખતે રાજમાર્ગે થઈને જતા હતા તે વખતે શોભા અપાર હતી. વિશ્વસ્તોની સાથે પોતાની રાણીઓને પહેલાં મહેલ તરફ મોકલાવી આપીને પોતે યુવરાજ ને આદિરાજ જિનમંદિરના દર્શન કરવા ગયા. ત્યાંથી ફરી હાથી ઉપર ચડીને પોતાના પિતાના દર્શન માટે મહેલ તરફ ગયા. જતી વખતે તે વિશાલ સરઘસને નગરવાસી જન બહુ ઉત્સુકતાપૂર્વક જોઈ રહ્યા છે. સ્ત્રીઓ પોતપોતાના મહેલના મજલા પર ચડીને આ શોભા જોઈ રહી છે. કોઈ મજલા પર, કોઈ ગોપુર પર ચડીને, કોઈ દરવાજાથી કોઈ મંદિર ઉપર ચડીને આકાશમાંથી જોતી ખેચરીઓની જેમ જોઈ રહી છે. એક કુમારને જોતાં આંખ ત્યાંથી ખસવા નથી માગતી, કદાચિત્ ફરી જાય તો બીજા તરફથી ખસેડી શકતી નથી. પરંતુ આગળ જતા ખેંચી લેવી પડે છે તેથી તે સ્ત્રીઓને દીર્ઘ શ્વાસ નાખવો પડે છે.

કામદેવ પોતે અનેક રૂપ કરીને આવ્યા નહિ હોય ને ? જ્યારે એમનું સૌંદર્ય એટલું વિશેષ છે તો એમના માતાપિતાનાં સૌંદર્યનું શું વર્ણન કરવું ? અમારા સ્વામી સમ્રાટ કેટલાં ભાગ્યશાળી છે. તેઓએ આવા વિશિષ્ટ લોકાતિશાયી સંતાન પ્રાપ્ત કર્યાં છે. માનવ લોકમાં આવા કોણ છે ? લોકમાં જેટલા ઉત્તમ પદાર્થ છે તે બધા ય ખેચીને અમારા રાજા લાવ્યા છે. પરંતુ આ બધા પુત્રોને જોતાં એવું લાગે છે કે દેવલોકથી સુરકુમારોને લૂંટીને લાવ્યા હોય. એક પણ ખરાબ મોતી ન ઊપજે બધા ઉત્તમોત્તમ મોતી જ પેદા થાય એવું ભાગ્ય ક્યા સમુદ્રને છે ? પરંતુ સમ્રાટ ભરતને પુત્ર તો એકથી એક ચડિયાતા છે. સૌંદર્યનો એ સમુદ્ર જ છે. ચક્રવર્તીની રાણીઓને પુત્રી થાય કે પુત્ર થાય, એક એક ગર્ભમાં એક એક જ સંતાન રત્ન ઊપજે છે, ઝાઝા નહિ. તેથી સૌંદર્યનું પિંડ એકત્રિત થઈને જ અહીં આવે છે.

આ રીતે તે સ્ત્રીઓ તે કુમારોને જોઈને અનેક પ્રકારની વાતચીત કરતી હતી. તેમને તે સ્ત્રીઓ જોઈ રહી છે. પરંતુ તે કુમારો આંખ ઊંચી કરીને પણ નથી જોતા. સીધા રાજમહેલની તરફ આવીને ત્યાં હાથીને ઊભા રાખ્યા. પોતાના પરિવાર સેના વગેરેને મોકલીને પોતે યુવરાજ પોતાના ભાઈઓની સાથે હાથીથી નીચે ઊતર્યા.

બહુ વિનયપૂર્વક પોતાના ભાઈઓ સહિત અર્કકીર્તિ પિતાના દર્શન માટે મોતીથી રચેલા મહેલની તરફ આવે છે. ભરતજી દૂરથી આવતા પોતાના પુત્રોને જોઈને મનમાં જ પ્રસન્ન થઈ રહ્યા છે. તેવી રીતે પિતાને દૂરથી જોઈને પુત્રોને પણ એકદમ આનંદથી રોમાંચ થયા. વેત્રધારીગણ સમ્રાટના કુમારોનું સ્વાગત કરતા કરતા કહેવા લાગ્યા કે સ્વામી ! દિવરાજ સદશ યુવરાજ આવે છે, જરા તેમના તરફ જુઓ. એવી રીતે સુવિવેકનિધિ આદિરાજ પણ સાથે છે.

કુટિનીના વચન, પરધન અને પરસ્ત્રી પ્રતિ ચિત્ત ન દેવાવાળા સત્ય રૂપી વજહારને કંઠમાં ધારણ કરીને કુમાર આવે છે. આ રીતે વજકંઠે ને સુકંઠે કહ્યું.

યુવરાજ ! આપના પિતાના દર્શન કરો. એને જોવાનું ભાગ્ય અમને મળવા દ્યો. આ રીતે વેત્રધર કહેતા હતા, એવામાં પિતાના ચરણોમાં ભેટ રાખીને યુવરાજે પ્રણામ કર્યા.

તે વખતે આદિરાજે પણ એવી રીતે પિતાના ચરણોમાં પ્રણામ કર્યા. ત્યાર પછી બધા ભાઈઓએ પણ પ્રણામ કર્યા. બન્ને કુમારોને યોગ્ય આસન આપીને બેસવા ઈશારો કર્યો. પરંતુ બાકીના પુત્રોએ જ્યારે નમસ્કાર કર્યા ત્યારે ભરતજીને હસવું આવ્યું. કેમકે તેઓ તો પરદેશથી નહોતા આવ્યા. તો તેઓએ પ્રણામ કેમ કર્યા ? સમ્રાટે પ્રગટપણે કહ્યું કે વૃષભરાજ ! હંસરાજ ! તમે ઊઠો, બહુ થાકી ગયા હશો, તમોએ આજે મને નમસ્કાર કેમ કર્યા ? તેનું શું કારણ છે ? કહો.

ત્યારે વૃષભરાજે બહુ વિનય પૂર્વક કહ્યું કે પિતાજી ! અમારા સ્વામી જ્યારે આપના ચરણોમાં નમસ્કાર કરે છે ત્યારે અમે ઘમંડ રાખીને ઊભા રહીએ એ ઠીક નહિ. તેથી અમે નમન કર્યું છે. તે પુત્રોનો વિનય ખરેખર શ્લાઘનીય છે. ભરતજી તેમનો ઉત્તર સાંભળીને ખૂબ પ્રસન્ન થયા. તે બધાને ત્યાં શેતરંજી ઉપર બેસવા રહ્યું, એવામાં વિમલરાજ ને ભાનુરાજે સમ્રાટના દર્શન કર્યા.

ચક્રવર્તીએ તેમને આલિંગન દઈને કહ્યું કે વિમલરાજ ! ભાનુરાજ ! તમે આવ્યા તે બહુ સારું થયું. ભાનુરાજ, વિમલરાજને પણ ઘણો હર્ષ થયો. કેમ ન થાય ? જ્યારે ષટ્ ખંડાધિપતિ પોતાને રાજાના નામથી સંબોધન કરે છે, ત્યારે હર્ષ કેમ ન થાય ? પહેલા ક્યારેક મળવાનો પ્રસંગ આવ્યો ત્યારે ભરતજી આવો ભાનુ આવો વિમલ ! એમ કહીને બોલાવતા હતા. હવે રાજાના નામથી તેમને બોલાવ્યા છે. એ ઓછા વૈભવની વાત નથી. તેથી બન્નેને બહુ જ હર્ષ થયો. હર્ષભેરમાં જ તેઓએ સમ્રાટને કહ્યું કે સ્વામી ! અમારા આવવામાં શું ? પરંતુ આપના દર્શનથી અમને બહુ આનંદ થયો. સુગંધિત પુષ્પને સ્પર્શીને વાતા પવનમાં જેવી રીતે સુગંધત્વ રહે છે તેવી રીતે આપના દર્શનથી અમે પવિત્ર થયા.

ત્યારે ભરતજીએ કહ્યું કે આપની વાત જેટલી મીઠી છે તેટલી વૃત્તિ મીઠી નથી. ત્યારે તેઓએ ઉત્તર આપ્યો કે ખરું છે. સ્વામી ! ગરીબોની વૃત્તિ મોટાં લોકોને ક્યારે ય પણ પસંદ ન આવે.

'તમો ગરીબ કેવી રીતે છો !' ભરતજીએ હસતા હસતા કહ્યું.

'ના, ના, આપથી પણ મોટા છીએ.' એ રીતે વિનોદથી તેઓએ ઉત્તર આપ્યો.

જવા દ્યો વિનોદ. તમો ગરીબ કેવી રીતે છો ? ઘણા બુદ્ધિશાળી છો. કંઈ નહિ તો અમારાથી તો વધારેમાં વધારે બુદ્ધિશાળી છો, ભરતજીએ કહ્યું.

આપ સત્ય કહો છો. આપથી અધિક બુદ્ધિમાન અમે ન હોઈએ તો બીજું કોણ હોય ? તે બન્નેએ કહ્યું.

તમો ઉપાયથી બચવા માગો છો પરંતુ મારું પણ ઉલ્લંઘન કરનારા તમે ઉદ્દંડ છો. ભરતજીએ કહ્યું.

''કહો મહારાજ ! અમે કઈ ઉદ્દંડતા કરી'' બન્ને રાજાઓએ કહ્યું.

'કહું ?' ભરતજીએ કહ્યું. કહો, કહો અમે એવી કઈ ઉદ્દંડતા કરી ? ફરી તેઓએ કહ્યું.

સાંભળો ! અમારા પુત્રોને અમને પૂછયા વિના જ તમારે ત્યાં લઈ જઈને પોતાની પુત્રીઓને આપીને સંબંધ કરનારા શું તમે ગરીબ છો ? અમારાથી પણ ચડિયાતા છો. માતાપિતાઓને પૂછયા

વગર લોકમાં પોતાની કન્યાઓને કોણ આપે છે ? તમોએ જે તેવો વ્યવહાર કર્યો. તેથી તમારી વૃત્તિ કષ્ટતર છે, ઉદંડ છે, તેથી આપ ગરીબ નથી. આ પ્રકારનું અભિમાન ષટ્ખંડમાં કોઈ કરી નથી શકતું. પરંતુ મારી પરવા રાખ્યા વગર તમોએ આ કાર્ય કર્યું. શાબાશ ! આ રીતે ભરતજીએ હસતાં હસતાં કહ્યું.

''રાજા ! જવા દ્યો, આપને પૂછયા વગર આપના પુત્રોના વિવાહ તેમની કન્યાઓની સાથે તેઓએ કર્યા તે તેઓએ વાજબી કર્યું છે. કેમકે એ મામા છે. અર્કકીર્તિ આદિની માતાઓના સહોદરોએ પોતાના ભાણેજોને લઈ જઈને વિવાહ કર્યા તેથી આપે સમતા રાખી. તેઓએ જો વિવાહ કર્યા તો આપના પુત્ર શું એમ ન કહી શકે કે અમે પિતાજીને પૂછયા સિવાય કાંઈ પણ ન કરી શકીએ.'' નાગરે કહ્યું.

ત્યારે ભરતજીએ કહ્યું કે તમો હવે પક્ષપાત કરો છો. કેમકે તમે એક જ કુલના છો. તેથી દક્ષિણાંક, કુટિલ, વિદૂષક, તમે બોલો તો ખરા, કોની ભૂલ છે ? મને પૂછયા વગર તેઓએ વિવાહ કર્યા તે એમની ભૂલ છે કે મારી ભૂલ છે ?

વિદુષકે ઝટ કહ્યું કે સોનું જો કાળું થાય તો આપની પણ ભૂલ થઈ શકે. હવે તમે સાંભળો. તેમની તો ભૂલ છે, પરન્તુ હું તે સુધારી લઉં છું. આપને પૂછયા વગર તેઓએ પોતાની કન્યાઓના વિવાહ આપના પુત્રોની સાથે કર્યા છે, એ ભૂલને માટે તે રાજાઓને આગળ જે કન્યારત્ન ઉત્પન્ન થશે તે બધી આપના પુત્રોને માટે જ દેવામાં આવે તે આપ અને તેઓ કબૂલ રાખે બીજી એક વાત છે. તે ભાનુરાજ ને વિમલરાજની જે કુમારી બહેનો આજે મોજૂદ છે તે બધાના વિવાહ આપની સાથે થવા જોઈએ. મારી આ વાતનો પણ સ્વીકાર કરો. આપનું કાર્ય સુધારીને હું ખાલી હાથે કેમ જાઉં ! તેથી બ્રાહ્મણ સંતુષ્ટ નહિ થાય. તેથી આ નગરમાં જેટલા બ્રાહ્મણ છે તેમની હવે ઉત્પન્ન થવાવાળી સુંદર કન્યાઓ મને મળવી જોઈએ. આ રીતે વિદૂષકે કહ્યું ત્યારે અનુકૂલ નાયકે વિદૂષકને શાબાશી આપીને કહ્યું કે તદ્દન વાજબી છે. ભરતજીને પણ હસવું આવ્યું. ઉપસ્થિત સર્વ જનતાએ વિદૂષકના વિનોદ પર આનંદ વ્યક્ત કર્યો.

ભરતજીએ પણ વિદૂષકને કહ્યું કે તમે વાત બરાબર સુધારી લીધી. ત્યાર પછી પુત્રોની તરફ જોઈને કહ્યું કે તમો અનેક રાજ્યોમાં ફરી ફરીને થાકી ગયા હશો. ત્યારે બધા પુત્ર એકદમ ઊઠીને ઊભા થયા. યુવરાજે હાથ જોડી કહ્યું કે પિતાજી ! પરદેશમાં અમે બહુ આનંદપૂર્વક વિહાર કરતા હતા. ત્યારે બધા સમાચાર આપને પહોંચતા હતા, તેમાં એક અપ્રિય કટુ સમાચાર પણ મળ્યા લાગે છે. લોકમાં અન્યાયની તરફ ચિત્ત લગાડીને જો આપને ચિંતા ઉત્પન્ન કરું તો શું હું આપનો પુત્ર હોઈ શકું ? પુત્ર જે લીલાને માટે ઉત્પન્ન થાય છે તે શૂળનું કારણ થયું. પિતાજી ! મારે સુખોની અપેક્ષા રાખવાની શી જરૂર છે. આપનું નામ સાંભળતાં જ સુખ આપોઆપ આવી મળે છે. આપના ઉદરમાં આવીને શું હું માર્ગ છોડીને ચાલી શકું ?

ભરતજીએ કહ્યું કે બેટા ! અનેક પ્રકારના સમાચાર મળ્યા, પરંતુ તે ક્ષણે તેનું નિરાકરણ પણ થઈ ગયું. સૂર્યને જો મેઘાચ્છાદન થયું તો તે કેટલી વાર રહે ? આ રીતે મારા હૃદયમાં ચિંતા વધારે

વખત નથી રહી શકતી. તમે તો માર્ગ છોડીને જાઓ નહિ. મેઘેશ તો મારા પુત્ર જ છે, અન્ય નથી. આમ હોવાથી કોઈ ચિંતાની વાત નથી. તમે પણ ભૂલી જાઓ.

પુત્ર પણ ભરતજીની વાત સાંભળીને પ્રસન્ન થયા. અને પિતાના ચરણોમાં તેઓએ ફરી ભક્તિથી પ્રણામ કર્યા. તે વખતે સમ્રાટ અનેક વસ્ત્ર વગેરે આપીને પુત્રોનું સન્માન કર્યું. બુદ્ધિસાગર મંત્રી પણ પ્રસન્ન થયા. એવામાં જોરથી શંખનાદ થયો. તે શબ્દ સાંભળતાં જ બધા ત્યાંથી ઊઠયા. સમ્રાટ પણ ભાનુરાજ ને વિમલરાજને પોતાની સાથે લઈને પુત્રોની સાથે મહેલ તરફ ચાલ્યા. રસ્તામાં ભાનુરાજ અને વિમલરાજને રાજ શબ્દથી સંબોધન કરતા થકા તેમને પ્રસન્ન કરી રહ્યા હતા.

કુસુમાજી ને કુંતલાવતી આ બન્ને રાણીઓના આનંદનું વર્ણન જ શું કરીએ. કેમકે તેમના સહોદરને સમ્રાટે રાજાના નામથી બોલાવ્યા છે, પોતાના ભાઈને આનંદ થાય છે. તો તેથી સ્ત્રીઓને પરમ હર્ષ થાય છે. પોતાની બહેનોને આનંદ થાય છે, તેથી પુરુષ પ્રસન્ન થયાં છે. આ વાતનો ત્યાં અપૂર્વ મેળ હતો. બહેનોએ બન્ને ભાઈઓનો યોગ્ય વિનય કર્યો, ત્યારે પુત્રોએ પણ આવીને પોતાની માતાઓના ચરણોમાં નમન કર્યું. તે વખતે ગંગાપ્રવાહની માફક પ્રેમ ને ભક્તિ વહી રહી હતી. ત્યાર પછી ત્રીશહજાર પોતાના પુત્રોની સાથે અને બન્ને સાળાઓની સાથે ભરતજીએ એક જ હારમાં બેસીને અમૃતાન્ન ભોજન કર્યું. ત્યાર પછી તેમનું યોગ્ય રીતે સન્માન કરીને તેમને માટે સજેલા મહેલમાં મોકલ્યા અને ભરતજી સુખેથી પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા.

ભરતજીના પુત્ર પોતાની નવવધૂઓની સાથે સમ્રાટની માતાના દર્શન કરવા ગયા અને તેમનો યોગ્ય આશીર્વાદ પામીને આનંદથી રહેવા લાગ્યા.

ભરતજીનો વખત સદા આનંદમાં જ જાય છે. કેમકે તેમને કોઈનો ભય નથી. સાત્ત્વિક વિચારોથી વસ્તુસ્થિતિનું તેઓ પરિજ્ઞાન કરે છે. તેથી સદા આનંદમાં જ મગ્ન રહે છે. તેમની ભાવના છે કે–

‘‘હે પરમાત્મા ! આપ અસહાય વિક્રમ છો. વિક્રાંત અર્થાત્ પરાક્રમીઓના સ્વામી છો, તામસવૃત્તિને દૂર કરવાવાળા છો, સતત્ આનંદ સ્વરૂપ છો, અને પ્રભારૂપ છો તેથી હે સ્વામી ! મારા હૃદયમાં સદાય વર્ત્યા રહો.

હે સિદ્ધાત્મા ! આપ સુંદરોના રાજા છો સુરુપીઓના દેવ છો, સુભગોના રત્ન છો, લાવણ્યાંગોના સ્વામી છો, સૌખ્યસંપન્ન છો; આપ મને સન્મતિ આપો.’’

આ પુણ્યમય ભાવનાનું ફળ છે કે ભરતજી સર્વદા આનંદમાં ને આનંદમાં જ રહે છે.

# ૬. જનની-વિયોગ સંધિ

**યુ**વરાજ આવ્યા પછી જયકુમાર પણ પોતાના પરિવારની સાથે સ્વદેશ જવા નીકળ્યા. જતી વખતે રસ્તામાં પોતાની સેનાને છોડીને જાતે ચક્રવર્તીને મળીને ગયા.

ભરતજીના મહેલમાં આનંદ ને આનંદ જ વર્તી રહ્યો છે. ભાનુરાજ અને વિમલરાજનું, રોજ નવા નવા મિષ્ટાન ભોજન, વસ્ત્રરત્નાદિકથી સન્માન થઈ રહ્યું છે. સમ્રાટ જ જેના પર પ્રસન્ન થાય છે તેમની વાત જ શી ? ભાનુ અને વિમલ, ભાનુરાજ અને વિમલરાજ થયા. તેમને હાથી, ઘોડા, રત્નાદિક ઉપહારમાં આપીને તેમને વિદાય આપવામાં આવી.

એવું પહેલાં કહેવાઈ ગયું છે કે અયોધ્યાના તે મહેલમાં પ્રતિનિત્ય આનંદની પૂણી જ સંધાયા કરે છે. એક પછી એક એમ હર્ષ ઉપર હર્ષ આવ્યા કરે છે. ભાનુરાજ ને વિમલરાજના ગયા પછી એક બે દિવસમાં જ એક બીજા હર્ષ સમાચાર આવ્યા નગરના ઉદ્યાનમાં રહેનારા ઋષિનિવેદકે આવીને નિવેદન કર્યું કે સ્વામી ! તેલુગ, કર્ણાટક, હુરમુંજી, સૌરાષ્ટ્ર, ગુર્જરાદિ દેશોમાં વિહાર કરતી કરતી કેવલી અનંતવીર્ય સ્વામીની ગંધકુટી અહીં આવી ગઈ છે. આકાશમાં સુરભેરી વાગે છે. બધા જયજયકાર શબ્દ કરી રહ્યા છે. બધેય પ્રકાશ ફેલાઈ ગયો છે. સૂર્યનું બિંબ જ આકાશમાં ઊભું હોય એ રીતે તે ગંધકુટી આકાશમાં નગરની બહાર થંભી છે, આશ્ચર્ય છે.

ભરતજીને આ સમાચાર સાંભળીને પરમ હર્ષ થયો. આ સમાચાર લાવનારને પરમોપકારી સમજીને અનેક વસ્ત્ર, રત્નાદિક આપવામાં આવ્યાં અને જિનદર્શને જવાની તૈયારી કરી. મહેલમાં બધાને આ સમાચાર પહોંચી ગયા, હર્ષથી બધા નાચવા લાગ્યા. અંતઃપુરમાં હું પેલા, હું પેલા એવી અહમહમિકાની વૃત્તિ થઈ રહી હતી. માતા યશસ્વતી દેવીનો હરખ ન માયો. બધી રાણીઓએ ત્યાં જવાની ઈચ્છા પ્રગટ કરી.

પરંતુ દેવમનુષ્યોની અગણિત ભીડમાં સમ્રાટ તેને કેમ લઈ જાય ? તેથી બધાને કોમલવચનોથી સમજાવીને શાંત કર્યા, પરન્તુ માતા યશસ્વતીએ કહ્યું કે બેટા ! મારે માથે એક પણ કાળો વાળ નથી, હવે સાવ વૃદ્ધ બની ગઈ છું. આવી સ્થિતિમાં હું અર્હંતના દર્શન કરું એમાં શું વાંધો છે ? નગરની પાસે જ્યારે ગંધકુટી આવી છે તો હું દર્શનથી કેમ વંચિત રહું ? માતાના હર્ષાતિરેકને જોઈને સમ્રાટ સંતુષ્ટ થયા, અને તેઓએ ગંધકુટીમાં જવાને માટે સંમતિ આપી.

આનંદ ભેરી વગાડવામાં આવી. ભરતજી પોતાની પૂજ્ય માતા ને પુત્રોની સાથે બહુ આનંદપૂર્વક ગંધકુટીમાં દાખલ થયા. પુરજન, પરિજન, પૂજાસામગ્રી વિપુલ પ્રમાણમાં લઈને તેમની સાથે જઈ રહ્યા છે. ગંધકુટીમાં વેત્રધર દેવ ભરતજીનું સ્વાગત કરી રહ્યા છે.

ભરતરાજેંદ્ર ! આવો, યુવરાજ ! તમે પણ આવો, અને બાકીના બધા કુમારોનું પણ સ્વાગત છે આપ લોક આવો, અરહંત ભગવાન અનંતવીર્યના દર્શન કરો. એવામાં જ્યારે તે વેત્રધારીઓએ માતા યશસ્વતીને જોયા તો કહેવા લાગ્યા કે જિન ! જિન ! લોકજનની, જિનજનની જ આવ્યા છે.

અમે ઘણાં જ ભાગ્યશાળી છીએ. અમારી આંખોનું પુણ્ય છે કે તેમના દર્શન થયા. આ પુણ્યમાતા એ જ અનંતવીર્ય સ્વામીને જન્મ આપ્યો છે ત્યાં ઉપસ્થિત સર્વ તપસ્વીઓએ તે પાવનાંગી યશસ્વતી માતાને આદરથી જોઈ.

ભગવાન અનંત વીર્યસ્વામીનો, હવે ત્રણ લોક કે લોકના કોઈ પણ પ્રાણી સાથે સંબંધ નથી. પરંતુ આ લોક બહુ ભક્તિથી અને સંબંધનો વિચાર કરતા થકા તેમની સેવામાં જાય છે. બાકીના લોક આ માતા છે, ભાઈ છે, પુત્ર છે વગેરે પ્રકારે સંબંધ રાખીને વિચાર કરે છે. પરંતુ અનંતવીર્ય સ્વામીને હવે કાંઈ સંબંધ નથી. કર્મની ગતિ વિચિત્ર છે, તેને કોણ ઓળંગી શકે ?

માતાને આગળ, પુત્રોને સાથે રાખીને ચક્રવર્તીએ વીતરાગના ચરણોમાં ભેટ રાખીને 'ઘાતિકર્મોદ્ધત જય જય' એમ કહેતા થકા સાષ્ટાંગ નમસ્કાર કર્યા. કમલની ઉપર સિદ્ધાસન પર બિરાજમાન સૂર્યનો પણ તિરસ્કાર કરનાર સ્વામીને વંદન કરતા થકા માતાને આનંદથી રોમાંચ થયો. કેમ ન થાય ?

મહેલથી નીકળતાં એવો જ વિચાર હતો કે જિનપૂજા કરું. તેથી સ્નાન વગેરેથી નિર્મળ થઈને સામગ્રી સહિત આવ્યા હતા. કરોડો વાજાંઓના શબ્દ દશે દિશાઓમાં ગાજી ઊઠયા હતા. પૂજા સમારંભ બહુ વૈભવથી થઈ રહ્યો હતો. સમ્રાટ પોતે ને તેમના પુત્ર સામગ્રીઓને ભરી ભરીને આપતા હતા. માતા પૂજા કરે છે. તેમના વિશાલ ગુણોનું વર્ણન શું કરીએ. સમ્રાટની જનની પૂજા કરતી હતી ને સમ્રાટ જાતે પરિચારકનું કાર્ય કરતા હતા. એ પૂજાના વૈભવનું વર્ણન શું થઈ શકે ? અષ્ટવિધ દ્રવ્યોથી જ્યારે તેઓએ પૂજા કરી તો ત્યાં મેરુ સમાન સામગ્રી ભેગી થઈ. જલ, ગંધ, અક્ષત, પુષ્પ, ચરુ, દીપ, ધૂપ, ફલ આ આઠ દ્રવ્યોથી રાજમાતાએ જે વખતે પૂજન કર્યું ત્યારે દેવગણ જયજયકાર કરી રહ્યા હતા. ત્યારપછી અર્ઘ્યશાંતિધારા દઈને રત્નપુષ્પોની વૃષ્ટિ કરીને પુષ્પાંજલિ દેવામાં આવી. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી, જયજય ઘોષ થયો.

પૂજાની સમાપ્તિ થયા પછી વાજિંત્રોના અવાજ બંધ થયા. ભરતજીએ માતાને આગળ રાખીને પોતાના પુત્રોના સાથે ભગવાનની ત્રણ પ્રદક્ષિણા કરી. ત્યાર પછી મુનિઓને નમોસ્તુ કરીને સમ્રાટ યોગ્ય સ્થાનમાં બેઠા. માતા યશસ્વતી દેવગુરુઓને વંદના કરીને અર્જિકાઓના સમૂહ આગળ ચાલ્યા ગયા. ત્યાં અર્જિકાઓના ચરણોમાં તેઓએ જ્યારે નમોસ્તુ કર્યા ત્યારે તે પૂજ્ય સંયમીઓએ કહ્યું કે દેવી ! આવો, તમે પણ અર્જિકા જ છો ને ? તમારામાં કઈ વાતની ખામી છે ? આ રીતે કહીને યશસ્વતીના કોમલ અંગો પર ગણિની નાયિકાએ હાથ ફેરવ્યો, ત્યાં તેના હૃદયમાં એક નવો વિચાર આવ્યો. માતા યશસ્વતી એ વિચાર કર્યો કે જુઓ આ કેટલી ભાગ્યશાલિની છે ? એમની જેમ મોક્ષસાધન ન કરતાં હું મહેલમાં રહું એ શું ઉચિત છે ? મોક્ષસાધન કરવું તે પ્રત્યેક આત્માનું કર્તવ્ય હોવું જોઈએ. આજ મારું ભાગ્ય છે કે યોગ્ય વખતે હું અહીં આવી છું. આ ગંધકુટીના દર્શનનું કાંઈ ને કાંઈ ફળ અવશ્ય આવવું જોઈએ. હવે મારે પોતાનું આત્મકાર્ય સાધી લેવું જોઈએ. આ રીતે પોતાના જ મનમાં વિચાર કરવા લાગી.

મુનિઓની પાસે બેઠેલા પોતાના પુત્રની પાસે પહોંચીને માતા યશસ્વતીએ પોતાના મનની વાત કહી. ત્યારે ભરતજીએ કહ્યું કે જિનસિદ્ધ ! માતાજી ! આપ એવી વાત ન કહો. હું આપને પગે પડું

છું. આ રીતે કહેતા થકા ભરતજીએ માતુશ્રીને નમસ્કાર કર્યા. વળી ''આપને ગમે તો રાજમહેલના જિનમંદિરમાં રહીને આત્મકલ્યાણ કરો. પરંતુ ભરતને છોડીને દૂર ન જાઓ.'' એમ કહેતા થકા માતાના ચરણોને પકડી લીધા.

''બેટા ! મારી વાત સાંભળો આમ કહેતી કહેતી માતાએ ભરતને ઊઠાડયા અને કહેવા લાગી કે તમે આમ કેમ કહો છો ? આ શરીર ગમે તેવું હોય તોપણ નાશવાન છે. તેને તપના કાર્યમાં લગાડું એમાં તમે આટલા અધીરા કેમ થઈ જાઓ છો ! બેટા ! મેં ભરી આંખે તારો વૈભવ જોઈ લીધો. હું રાતદિવસ અખંડિત ઉત્સાહ ને આનંદમાં રહી, હવે જયાં વાળ બધા ધોળા થયા, ત્યારે હવે તપશ્ચર્યા માટે જવું જોઈએ. તમે વીરપુત્ર છો. આ વાત સ્વીકારો.''

બેટા ! સ્ત્રીજન્મ બહુ જ કષ્ટતર છે. તમારા જેવા પુણ્યપુત્રોને પામીને ફરી વળી એવા જન્મમાં કેમ આવું ? બેટા ! આ ભવનો નાશ મારે કરવો છે. ખુશીથી રજા આપો. આ રીતે તે જગન્માતા પોતાના પુત્રને કહેવા લાગી.

ભરતે ફરીથી કહ્યું કે માતા ! મહેલના જિનમંદિરમાં પણ ઘણી અર્જિકાઓ છે. તેમની સાથે રહીને આપ તપશ્ચર્યા કરો. અનેક દેશોમાં ભટકવાની શી જરૂર છે ?

બેટા ! આજસુધી તમારા કહ્યાનુસાર મહેલમાં જ રહીને તપ કર્યું. હવે અંતિમ સમયમાં જિનસભામાં આ દેહનો ત્યાગ કરવો જોઈએ, તેથી તમે સ્વીકાર કરો. વિશેષ શું ? બેટા ! આ શરીર નશ્વર છે, આત્મા અમર છે, તેથી સ્ત્રીજન્મના રૂપને ફેરવીને આગળ તમે જે મુક્તિમાં જાઓ છો ત્યાં હું પણ આવું છું, તેથી મને હવે જલદી રજા આપો. આ રીતે માતાએ સાહસપૂર્વક કહ્યું.

તે વખતે ત્યાં ઉપસ્થિત મુનિરાજોએ પણ કહ્યું કે ભવ્ય ! હવે વૃદ્ધાવસ્થામાં માતા તમારા મહેલમાં કેટલા દિવસ રહેશે, દીક્ષા લેવા દ્યો. તમે રજા આપો. ભરતજી મુનિઓની વાત સાંભળીને મૌન રહ્યા. વળી તપોનિધિ મહર્ષિઓએ કહ્યું કે ન્યાયથી આત્મકાર્ય કરવા તે જ્યારે કહે છે તો અંતરાય પાડવી તે તમારે માટે યોગ્ય છે ? માતા કોણ છે ? તમે કોણ છો ? આત્મકલ્યાણને માટે માર્ગ દેખવો તે પ્રત્યેકનું કર્તવ્ય છે. તેથી હવે અટકાવો નહિ, ચુપ રહો. ભરત ! વિચાર કરો, શું વૈરાગ્ય તે કોઈ સસ્તી ચીજ છે કે જ્યારે વિચારે ત્યારે આવે ! ઈચ્છીએ ત્યારે મળે તેવી ચીજ નથી. તેથી આવા પ્રસંગને પાડી ભાંગો નહિ.

ભરતજી આગળ કાંઈ પણ બોલી ન શકયા. મૌન રહીને માતા તરફ જોવા લાગ્યા.

મુનિઓએ પણ ભરતના મનની વાત સમજી જઈને માતા યશસ્વતીને ભગવાનની પાસે લઈ ગયા. રાજા ! તમારી સંમતિ છે ને ? આ રીતે પ્રશ્ન થતા મૌનપણે જ સમ્મતિ આપ્યાનો ઈશારો કર્યો. એવામાં મુનિરાજોએ ભગવાનને કહીને યશસ્વતીને દીક્ષા અપાવી. ગુરુઓથી શું નથી થતું ? તેઓ મોક્ષ પણ અપાવી શકે છે.

જે વખતે માતા યશસ્વતીની દીક્ષાવિધિ થઈ રહી હતી તે વખતે દેવદુંદુભી વાગી રહી હતી, દેવગાયિકાઓ દેવગાન કરી રહ્યાં હતાં. દેવાંગવસ્ત્રથી રચેલા પરદાની અંદર દીક્ષાવિધિ થઈ રહી

હતી. તે વખતે ભગવાને ઉપદેશ આપ્યો કે પોતાના શરીર આદિથી માંડીને બધા પદાર્થ પર છે, કેવલ આત્મા આપણો છે. મનની અન્ય ચિંતાઓને દૂર કરો. અને પોતાના આત્માને જુઓ. શ્વેત પદસ્થ, પિંડસ્થ, રુપસ્થ અને રુપાતીત આ ચાર ધ્યાનોનો અભ્યાસ ક્રમે કરીને પિંડસ્થમાં ચિત્તને લગાવીને લીન થવું તે મુક્તિ છે. વિશેષ શું ? ભવ્ય ! પરિશુદ્ધ આત્મા જ કેવલ આપણો છે. કર્મ, શરીર આદિ બધાં પરપદાર્થ છે, તો ચૌદ ને દશ પરિગ્રહ આત્માના કેમ હોઈ શકે ? તમે સદા એક ભુક્તિ રહો અને યથાશક્તિ ક્યારેક ક્યારે ઉપવાસ પણ કરવા. નિરાકુલતાથી સંયમનું પાલન કરવું. આ રીતે અનંતવીર્ય સ્વામીનો ઉપદેશ સાંભળીને યશસ્વતીએ 'ઇચ્છામિ' કહીને સ્વીકાર કર્યો. વિશેષ શું ? ભગવાને અનેક ગૂઢ તત્ત્વોનો સૂત્રરૂપે ઉપદેશ દઈને એમ પણ ફરમાવ્યું કે તમારા સ્ત્રીલિંગનો વિચ્છેદ (નાશ) થશે અને આગળ દેવગતિમાં જન્મ થશે, ત્યાંથી જન્મ પામીને મુક્તિ થશે.

માતા યશસ્વતી દેવીના દેહમાં મલમૂત્ર નથી. તેથી કમંડલની જરૂર જ ક્યાં છે ? તેથી જીવરક્ષણને માટે પીંછી અને આત્મસાર પુસ્તક મુનિરાજોએ ભગવાનની આજ્ઞાથી અપાવ્યા.

ત્યારે દેવાંગવસ્ત્રનો તે પરદો ખસી ગયો. હવે સફેદ વસ્ત્રને ધારણ કરેલી અને પદરથી મસ્તકને ઢાંકેલી તે શાંતરસની અધિદેવતા બહાર આવી. આશ્ચર્યની વાત છે, હવે એ યશસ્વતી નવીન દીક્ષિત સંયમીઓની જેવી જણાતી નહોતી. તેના શરીરમાં એક નવીન કાંતિ જ આવી ગઈ છે.

સમવસરણમાં કોઈને પણ શોકાંદ્રેક (શોકોત્પત્તિ) નથી થતો. તેથી ભરતજી પણ શાંત રહ્યા. નહિતર માતા જ્યારે દીક્ષા લ્યે ત્યારે તે દુઃખથી મૂર્ચ્છિત થયા વિના રહે નહિ.

તે વખતે દેવ, મનુષ્ય, નાગેંદ્ર વગેરે એ આ આર્યિકા યશસ્વતીના ચરણોમાં ભક્તિથી નમસ્કાર કર્યા. ભરતજીએ પણ પોતાના પુત્રોની સાથે નમોસ્તુ કરતા થકા કહ્યું કે માતા ! તમારી ઈચ્છા હવે તો પાર પડી. પરંતુ યશસ્વતી હવે ભરતજીને અન્ય સમજી રહી છે. તેને પુત્રના રૂપે હવે તે જોતી નથી. તે સ્વસ્તિકથી ઊઠીને ભગવાનના ચરણોમાં દેવીએ મસ્તક મૂક્યું. ભગવાને પણ 'સિદ્ધત્વમિહિ' આમ કહીને આશીર્વાદ આપ્યો. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. વિશુદ્ધ તપોધનોએ જયજયકાર કર્યા. માતા યશસ્વતી અર્જિકાઓના સમૂહ તરફ ચાલી ગઈ.

અર્જિકાઓએ પણ 'કંતી યશસ્વતી ! અહીં આવો, ઘણું સારું થયું.' કહીને પાસે બોલાવી લીધી.

પુત્રમોહ હવે ક્યાં ગયો ? પુત્રવધૂઓ પ્રતિ જે સ્નેહ હતો તે ક્યાં ગયો ! અતુલ સંપત્તિનો આનંદ હવે ક્યાં ગયો ? મહાત્માઓની વૃત્તિ લોકમાં અજબ છે. માતા યશસ્વતીને ધન્ય છે. મોક્ષગામી પુત્રોને પામ્યા, તેમાંથી એક પુત્ર તેના દીક્ષાગુરુ થયા. લોકમાં આ રીતનું ભાગ્ય કોણ પામે છે ?

ષટ્ખંડાધિપતિ પુત્રને પામ્યા. તેના સમસ્ત વૈભવને તૃણ સમાન ગણીને દીક્ષા લીધી. હવે કૈવલ્યની પ્રાપ્તિ કેમ ન થાય ? એવી રીતે ત્યાં લોકો આપસમાં વાતચીત કરતા હતા.

યશસ્વતીના કેશ ને ત્યક્ત વસ્ત્રને દેવાંગનાઓએ સમુદ્રમાં પહોંચાડયા. ભરતજી ફરી ભગવાનને વંદના કરીને પોતાના પુત્રોની સાથે પોતાના નગરમાં ચાલ્યા ગયા. ગંધકુટીનો પણ બીજી બાજુ વિહાર થયો.

ભરતજી જ્યારે મહેલમાં પહોંચ્યા ત્યારે રાણીઓને સાસુએ દીક્ષા લીધાના સમાચાર મળ્યા. તેથી તેમને બહુ દુઃખ થયું. તેઓ અનેક પ્રકારે વિલાપ કરવા લાગી. ''આ ગંધકુટી કોણ જાણે ક્યાંથી આવી ? અમારી સાસુબાયને જ લઈ ગઈ ! તે માટે તે ગઈ હતી !'' ''હા ! વિધિ છે ? કેવો વખત છે ! અમારી મામીને લઈ ગઈ. હવે અમારો મહેલ સૂનો થઈ ગયો. અમારી સાથે તેનો કેટલો પ્રેમ હતો. બોલાવતી વખતે કેટલા પ્રેમથી બોલાવતી હતી. તેમાં ભેદભાવ તો દેખાતો જ ન હતો આવી સ્થિતિમાં તેમનો પણ વિચાર અમને છોડીને જવાનો થયો ! આશ્ચર્ય છે, અમે જો પર્વોપવાસ કર્યો હોય તો અમારા માટે સાર્વભૌમ તરફ નારાજ થતી હતી. દેવી ! હવે અમને સુખસાતા કોણ પૂછશે ? આપે તો આ મહેલને જંગલ બનાવી દીધું.''

''દેવી ! અમે અહીંયાં આવીને આપના પ્રેમથી અમારા માતાપિતાઓને ભૂલી ગયા. દરેક રીતે અમને આપે સૌખ્યસંપત્તિ આપીને પ્રસૂત (સગી) માની જેમ વર્ત્યા. તો આપના સંતાનોને છોડવાની ઈચ્છા કેમ થઈ ? જગન્માતા ! સમ્રાટની સાથે આપ અનુરાગથી બોલતા હતા અને સમ્રાટ જ્યારે આપની સાથે બોલતા હતા તે સાંભળીને અમારો આનંદ માતો નહોતો. આમ હોતાં અમને દુઃખી કરવા તે શું આપને યોગ્ય છે !''

આ રીતે વિલાપ કરતી થકી પતિદેવના ચરણોમાં આવીને પડી અને પ્રાર્થના કરવા લાગી કે દેવ ! આપે પણ એને રોક્યા નહિ ! બહુ અનર્થ કર્યો.

સમ્રાટ :- રોકવાથી શું થાય ?

તેઓ બધા :- આપ રજા ન આપત તો શું તેઓ જબરજસ્તીથી દીક્ષા આપત ?

સમ્રાટ :- તે રજા ન મેળવી શકે ?

તેઓ બધા :- આપનું ચિત્ત ઘણું કઠણ બની ગયું છે, હા ! આપે કેમ રજા આપી તે ખબર પડતી નથી.

ભરતજી રાણીઓની ધમાલ જોઈને ઊભા જ રહ્યા. એવામાં બધાનું ધાંધલ બંધ કરાવીને પટરાણી સ્વતઃ વચ્ચે આવી અને પૂછવા લાગી કે સ્વામી ! આપ ત્યાં હતા, આપે ના કહી તો ય મામી ગયા ? ઉત્તરમાં ભરતજીએ કહ્યું કે દેવી ! મેં પગ પકડીને પ્રાર્થના કરી. તેનો સ્વીકાર ન કર્યો. ત્યાં ઉપસ્થિત મુનિરાજોએ મને શરમાવ્યો. હું તે વખતે શું કરી શકું ? તમે જ બોલો. તે તપસ્વીઓએ કહ્યું કે ભરત ! શું તપશ્ચર્યાના કાર્યમાં પણ વિઘ્ન કરો છો ! આ વાતથી ડરીને હું મૌન રહ્યો. ફરી કહેવા લાગ્યા કે પાછલી વયમાં તપ કરવું જ જોઈએ. માતાએ પણ મારા તરફ કૃપા ન કરી, તે ચાલી ગઈ.

જવા દ્યો, વૃદ્ધાવસ્થા છે. તેમનું તેઓ આત્મકલ્યાણ કરી લ્યે. આપણે પણ યોગ્ય વખતે આત્મહિત જોવું જોઈએ. હવે દુઃખી થવાથી શો ફાયદો ! એ રીતે તે બધાને ભરતજીએ સમજાવ્યા. રાણીઓને તેમ છતાં સમાધાન ન થયું. તેમનું કોઈ બહુમૂલ્ય આભરણ જ ખોવાઈ ગયું હોય તેવી રીતે તેમને દુઃખ થતું હતું. અતિ શોકના વેગે નીચું મોઢું રાખીને બધી બેઠી હતી. એવામાં અનંતસેનાદેવી રાણીએ આગળ આવીને ભરતજીના ચરણોમાં મસ્તક રાખીને પ્રાર્થના કરી કે નાથ ! સાસુની જેમ હું પણ આત્મકલ્યાણ

માટે જાઉં છું. મને મોકલો. બપોરના ધૂપની જેમ યૌવન ચાલ્યું ગયું, કોઈ કોઈ વાળ પણ ધોળા થયા છે. હવે ભોગ ભોગવવા યોગ્ય નથી, હવે યોગ માટે મને રજા આપો.

ભરતજીએ સાંભળીને કહ્યું કે 'ઠીક છે, હવે ભોગનો સમય નથી, સંયમનો સમય છે. દૂર જવાની જરૂર નથી. અહીં મહેલના જિનમંદિરમાં રહીને આત્મકલ્યાણ કરી લેવું.'

ત્યારે અનંતસેનાદેવીએ કહ્યું કે મારે મામીની સાથે રહીને તપ કરવાની ઈચ્છા છે. ભરતજીએ ચોખ્ખી ના પાડી કે હું એ સ્વીકારીશ નહિ. ત્યારે તે વળી ફરી આગ્રહ કરવા લાગી. ભરતજીએ બીજી રાણીઓને આંખોથી ઈશારો કર્યો. ત્યારે બધી રાણીઓને મળીને કહ્યું કે અમે પણ તપશ્ચર્યા માટે જઈએ છીએ. ત્યારે અનંતસેનાદેવી મંદિરમાં તપ કરવા રાજી થઈ. તે અનંતસેનાદેવીના વચની અન્ય કેટલી રાણીઓએ પણ કહ્યું કે અમને પણ ભોગથી તૃપ્તિ થઈ છે, તેથી અમે પણ મંદિરમાં રહીને આત્મકલ્યાણ કરી લેશું. ત્યારે ભરતજીએ તેમની વાત સ્વીકારી. મુનિરાજોના હાથથી તે બધાને એકભુક્ત, બ્રહ્મચર્યવ્રત અપાવીને અર્જિકાઓની પાસે તેમને રહેવાની અનુમતિ આપી. ત્યાર પછી તેઓ પોતાના નિયમસંયમમાં દૃઢ રહી.

તે સંયમીનીઓ હવે નિત્ય એકભુક્તિ કરે છે. જેમને પુત્ર છે તેઓ તો પોતાના પુત્રોના મહેલમાં જઈને એકવાર ભોજન કરે છે અને મંદિર જાય છે. પરંતુ અનંતસેનાદેવી માત્ર પોતાની શોકને ઘેર જઈને જમે છે. પણ હા ! તે વાંજણી નથી, મરીચિકુમાર નામના સૌથી મોટા પુત્રને તેણે જન્મ આપ્યો છે. પરંતુ ભગવાન આદિનાથની સાથે દીક્ષા લઈને તે મુનિ થયા હતા. પછી પાગલ પણ બની ગયા.

ભરતજીએ પોતાની ચિંતાને કોઈ રીતે હૃદયને સમજાવીને ત્રણ દિવસે શાંત કરી. એક દિવસ મહેલનાં રવેશમાં તેઓ બેઠા હતા. એવામાં દૂરથી આકાશમાં પુષ્પનું બાણ, તારા ને પક્ષીની સમાન ભરતજીની તરફ આવતું જોવામાં આવ્યું. ભરતજી વિચાર કરી રહ્યા હતા, ત્યાં તે પાસે આવ્યું તો જણાયું કે તે એક કબૂતર છે. ભરતજીની પાસે જ જ્યારે તે આવ્યું ત્યારે તેઓએ જોયું કે તેના ગળામાં એક પત્ર બાંધેલો છે. ભરતજીએ તે ખોલીને વાંચ્યો તો તેમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

પૌદનપુર મહેલ.....મિતિ......

''શ્રી પ્રિય પુત્ર ભરતને પૌદનપુરથી માતા સુનંદાદેવીનાં સતિલક આશીર્વાદ. વિશેષમાં પત્ર લખવાનું કારણ એ છે કે અમારા નગરની પાસે બાહુબલિ કેવલીની ગંધકુટી આવી ગઈ છે. તેથી આ પત્રને જોતાં જ (તાર સમજીને) અહીં તમે આવો, બહુ જરૂરી કામ છે. તો જલદી ચાલ્યા આવજો. કાલે અથવા પરમ દીવસે આવવાનું રાખશો તો મારો મેળાપ નહિ થાય. વિશેષ શું લખું, ઈતિ સ્વાહા.'' સુનંદાદેવી

ભરતજીએ પત્ર વાંચતા જ તે પત્રને નમસ્કાર કર્યો અને સમજી ગયા કે આ દીક્ષા લેવાની તૈયારી છે. તે કબૂતરનું સમાધાન કરીને સ્વતઃ વિમાન માર્ગે તે જ ક્ષણે પૌદનપુરમાં રવાના થયા.

પૌદનપુરમાં પહોંચીને પુત્રોનું સ્વાગત સ્વીકારીને માતા સુનંદાદેવીના મહેલમાં પહોંચ્યા. ત્યાં માતાના ચરણોમાં નમસ્કાર કરીને આશીર્વાદ મેળવ્યો. પાસે બેઠેલા પુત્રને જોઈને માતા સુનંદાદેવીને

પણ હર્ષ થયો. માતાને બહુ વિનયપૂર્વક પ્રશ્ન કર્યો કે 'માતા ! તમારો અભિપ્રાય શું છે ? આપની મોટી બહેનની જેમ અમને બધાને છોડીને જવાના છો શું ! એમ ન કરજો મેં આપને શું દુઃખ ઉપજાવ્યું ? જરાક કહો તો ખરા.'

માતા સુનંદાદેવીએ કહ્યું કે ''બેટા ! એમ કેમ વિચારો છો ? વૃદ્ધાવસ્થા છે ને ? હવે તપશ્ચર્યા કરવી જ જોઈએ. આ વાતનો સ્વીકાર કરો.''

ભરતજી સમજી ગયા કે હવે આ નહિ રહે. દીક્ષા માટે જશે જ, તોપણ તેઓએ પ્રગટપણે કહ્યું કે 'માતા ! જો બાહુબલિના પુત્રોએ રજા આપી હોય તો તમે જઈ શકો છો !'

માતા સુનંદાદેવી ભરતજીની દાઢીને હલાવીને કહેવા લાગ્યા કે 'બેટા ! તેમને માટે તો હું આજસુધી રહી, હવે શું છે ? બહાના કાઢો નહિ. તેમને માટે તમે છો ને ? પછી મારી શી જરૂર છે ? મને રજા આપો બેટા ! નગરની પાસે ગંધકુટી આવી છે, હું ઘણી જ વૃદ્ધ છું, તેથી તમને પૂછયા વિના જાતાં ડરતી હતી. હવે તમે મને દીક્ષા લેવા દ્યો. બેટા ! મોટીબહેનને તમે દીક્ષા અપાવી. મારામાં વિઘ્ન કેમ નાખો છો ? મારે પણ મોટી બહેનની સાથે જ મોક્ષમંદિરમાં આવીને તમને મળવું છે. તેથી મને રોકો નહિ. જવા દ્યો.'

ભરતજીએ વિવશ થઈને રજા આપી. માતા સુનંદાએ હર્ષથી પુત્રને આલિંગન કર્યું અને તે વખતે ગંધકુટી તરફ જવા ભરતજી માતા સુનંદા સાથે નીકળ્યા.

ભરતજી ને સુનંદાદેવી બાહુબલિ સ્વામીની ગંધકુટીમાં પહોંચ્યા. ત્યાં શ્રીબાહુબલિ સ્વામીના ચરણોમાં નમસ્કાર કરીને તે માતાની પૂજામાં જેવી રીતે પરિચારકનું કામ કર્યું હતું. તેવી રીતે આજ આ માતાની પૂજામાં પણ પરિચારકનું કામ કર્યું. તે દિવસે અનંતવીર્ય સ્વામીની ગંધકુટીમાં માતા યશસ્વતીની સાથે મુનિઓને વંદન જેવી રીતે કર્યું હતું તેવી રીતે આજ બાહુબલિસ્વામીની ગંધકુટીમાં પણ મુનિઓને વંદના કરી અને તે પ્રમાણે માતા સુનંદાનો દીક્ષા સમારંભ બહુ વૈભવથી થયો. વિશેષ શું વર્ણન કરીએ. જિનપૂજા, ગુરુવંદના આદિ ક્રિયાઓ પૂર્વક અનેક મંગલ વાદ્યોના મંગલ નાદમાં દીક્ષાસમારંભ આનંદપૂર્વક થયો. મોટા બહેનની સમાન નાનીબહેન પણ સંયમ કાંતિથી ઉજ્જવલ થઈને અર્જિકાઓના સમૂહમાં બિરાજમાન થઈ. પુત્ર જ જ્યારે ગુરુ થઈને માતાને મોક્ષમાર્ગમાં લગાવે છે તેનાથી વિશેષ મહત્ત્વની વાત બીજી કઈ હોઈ શકે ? માતા યશસ્વતીની દીક્ષા પુત્ર અનંતવીર્ય કેવલીથી અને માતા સુનંદાની દીક્ષા પુત્ર બાહુબલિથી થઈ એ આશ્ચર્ય છે.

દેવગણ અને સમ્રાટે અર્જિકા સુનંદાના ચરણોમાં નમોસ્તુ કર્યા. સુનંદા અર્જિકાએ આશીર્વાદ આપ્યો. ત્યાર પછી સમ્રાટ ભગવાન અને મુનિઓની વંદના કરીને જરાક વ્યાકુલ ચિત્તે ત્યાંથી પાછા ફર્યા.

ગંધકુટીનો વિહાર તે વખતે બીજી દિશામા થયો. આ તરફ ભરતજી પૌદનપુર મહેલમાં પહોંચ્યા. એવામાં અર્કકીર્તિકુમાર અને આદિરાજ પણ ત્યાં પહોંચ્યા. પૌદનપુર મહેલમાં બાહુબલિના ત્રણ પુત્ર માતા સુનંદાના જવાથી બહુ ચિંતામગ્ન હતા. તેમને ભરતજીએ અનેક પ્રકારે સાંત્વન

દેવાનો પ્રયત્ન કર્યો. અને એ રીતે તેમનું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કર્યો.

ભરતજીએ કહ્યું :- 'બેટા ! આજ સુધી નાની મા અમારા ને તમારા પ્રેમથી અહીં રહી. હજી પણ તમને તૃપ્તિ ન થઈ. હવે તેમને પોતાનું આત્મકલ્યાણ કરી લેવા દ્યો. મહાબલરાજ ! નકામું દુઃખ ન ઉપજાવો. વૃદ્ધાવસ્થા છે. તેમનું શરીર શિથિલ થઈ ગયું છે. આવી અવસ્થામાં સંયમ લેવાથી દેવગણ પણ તેમનું સ્વાગત કરે છે. આવો વૈભવ જોઈને આપણે સંતોષ માનવો જોઈએ. દુઃખી થવું કદી યોગ્ય નથી. બેટા ! વિચાર કરો.'

મહાબલકુમારે ઉત્તરમાં કહ્યું કે 'પિતાજી ! અમને દુઃખ કઈ વાતનું છે ? આપનો એક અનુગ્રહ જ જોઈએ. અમને તો તે દિવસે રસ્તામાં મૂકીને અમારા માતાપિતા ચાલી ગયા હતા. અમે નાના બાળક છીએ એમ સમજીને અમારા પિતા તે દિવસે રોકાણા ક્યાં ? અમારી માતાઓ તે દિવસે જતી વખતે અમને કહીને ગઈ'તી શું ! અમને ધૂળમાં રગદોળીને તેઓ ચાલ્યા ગયા. કેવલ ચક્રવર્તીએ જ અમારું રક્ષણ કર્યું, એ હું સારી રીતે જાણું છું. દાદી (સુનંદાદેવી) તે દિવસે જવા તૈયાર થઈ હતી પરંતુ આપના આગ્રહથી, ભગવાનના અનુગ્રહથી કે અમારા દૈવથી આજસુધી રહ્યા. લોકમા બધાને માતા અને પિતા એ બે રક્ષક હોય છે. પરંતુ અમારે કોઈ નથી. અમને તો મા-બાપ બન્ને આપ જ છો. જ્યારે નાનપણમાં જ અમે આપનો આશ્રય પામ્યા છીએ તો આજે શું ! આપ એકલા જ રહો તો પર્યાપ્ત છે. અમે બહુ ભાગ્યશાલી છીએ.

એવામાં અર્કકીર્તિ કુમારે કહ્યું કે 'ભાઈ દુઃખી ન થાઓ. તે દિવસે પિતાજી તમારું રક્ષણ કરશે એમ સમજીને જ કાકા ને કાકી વગેરે ચાલ્યા ગયા, તેમાં તેમનો શો દોષ છે ? પુરુનાથના વંશમાં કોઈ એક રહે તો પર્યાપ્ત છે તે પોતાના સમસ્ત વંશ જ પરિવારનું રક્ષણ કરે છે. આ આ કુળનો સંપ્રદાય છે તેથી તેઓ નિશ્ચિંત થઈ ચાલ્યા ગયા. એમાં દુઃખી થવાની શી વાત છે ! ભાઈ તેમના રક્ષણ કરવાની વાત શું ! તેમનું નામ લેવાથી સમસ્ત વિશ્વ જ પોતાને વશ થઈ જાય છે, એટલો ચમત્કાર તેમના મંગલનામમાં છે, યુવરાજ ! તમે એ નથી જાણતા. દુઃખી ન થાઓ.'

ભેદરહિત થઈને જ્યારે અર્કકીર્તિકુમાર બોલતા હતા ત્યારે ચક્રવર્તી બહુ આનંદ પામીને સાંભળતા હતા. એવામાં રત્નબલ રાજકુમાર (મહાબલના નાના ભાઈ) સમ્રાટની સામે હાથ જોડીને ઊભા રહ્યા અને કહેવા લાગ્યા.

'પિતાજી ! ભાઈએ જે કહ્યું તે ઠીક જ કહ્યું તે સામાન્ય વાત નથી. તેનો અર્થ હું કહું છું ! સાંભળવાની કૃપા કરો. અમારા માતા પિતાઓએ મોહને જીતી લીધો. પરંતુ અમે તો મોહમાં જ રહ્યા. આમ હોવાથી અમારું ને તેમનું મળીને રહેવું કેમ બને ! તેથી તેમનો અમારી સાથે કોઈ સંબંધ નથી એમ કહી ગયા છે તે તદ્દન સત્ય છે. તે અમારા માતા પિતા યોગી થઈ ગયા. હવે તેમને આપણે માબાપ કેમ કહી શકીએ ? તેથી ભોગમાં સ્થિત આપને જ માબાપ કહ્યા છે તે પણ તદ્દન સત્ય છે.

ભરતજી રત્નબલરાજની વાત સાંભળીને બહુ જ પ્રસન્ન થયા. અને બન્ને હાથોથી બન્ને પુત્રોને પ્રેમથી બોલાવીને આલિંગન કર્યું. ત્યાં રહેલા આપ્ત મિત્ર પણ પ્રસન્ન થયા.

સુબલરાજને પણ બોલાવીને સમ્રાટે કહ્યું કે બેટા ! તમારા ભાઈઓ એ જે કહ્યું તે ઠીક છે ! ત્યારે તેણે ઉત્તરમાં કહ્યું કે પિતાજી ! આપના પુત્રોની વાત હંમેશાં યોગ્ય જ હોય છે. યોગ્ય માતા પિતાઓના ગર્ભથી ઉપજનારા સુપુત્રોની વાત પણ યોગ્ય જ હોય છે. એટલું હું જાણું છું એથી વિશેષ તમે જાણો.

ભરતજીએ પ્રસન્ન થઈને તેને પણ આલિંગન કર્યું અને કહેવા લાગ્યા કે બેટા! આદિરાજ ને યુવરાજને જોયા ? તેમાં કોઈ ભેદ જ નથી. સહોદરમાં ભેદભાવ તો સત્કુલ પ્રસૂતોમાં હોય નહિ. નીચ લોકોમાં હોય છે. એમ કહીને તેમને પ્રસન્ન કર્યા.

ભરતજી મનમાં વિચાર કરવા લાગ્યા કે આ પુત્રોના વિવેકને જોઈને મારું મન પ્રસન્ન થયું. માતાઓના વિયોગનો સંતાપ પણ દૂર થઈ ગયો. અમને સંતોષ પમાડવા ને તેમનું દુઃખ દૂર કરવા હું આવ્યો હતો. પરંતુ તેઓએ જ મને સંતોષ પમાડયા, આશ્ચર્યની વાત છે.

ત્યારપછી ત્રણ દિવસમાં ત્યાં રહીને એક એકના મહેલમાં એક એક દિવસ સમ્રાટે ભોજન કર્યું. અને ત્રણ દિવસ બહુ આનંદપૂર્વક વ્યતીત કર્યા, અને કહ્યું કે 'બેટા ! તાપ ને હવાથી પણ તમને તકલીફ નહિ આવવા દઉં, ચિંતા ન કરો.' એમ કહીને ત્યાંથી ચાલ્યા ગયા. પ્રણયચંદ્ર મંત્રી ને સેનાપતિનો પણ યોગ્ય સત્કાર કરીને અને પુત્રની સેનાને સંતોષીને પોતાના અયોધ્યાપુર તરફ ગયા. ભરતજીના વ્યવહારથી બધા સંતોષ પામ્યા, બહુ દૂર સુધી તેમનો સાથ ન છોડીને લોકો તેમની સાથે જતા હતા. તે બધાને જવાનું કહીને પોતાના પુત્ર અને ગણબદ્ધોની સાથે અનેક વાદ્યવાજિંત્રના શબ્દોથી આકાશ પ્રદેશને ગજવતા થકા વિમાનારુઢ થયા. વાયુમાર્ગથી વાયુવેગે ચાલીને પોતાના મહેલની તરફ આવ્યા અને ત્યાં આનંદથી પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા.

પાઠક આશ્ચર્ય કરશે કે ભરતજી ક્યારેક સંતોષમાં ને ક્યારેક ચિંતામાં મગ્ન થાય છે. પરંતુ તેમનું પુણ્ય એટલું પ્રબલ છે કે દુઃખ ને હર્ષજન્ય વિકાર લાંબો વખત નથી રહેતો. સંસારમાં એ સુખ છે. આ મનુષ્ય હર્ષ આવતાં આનંદથી ફૂલી જાય છે, અને દુઃખ આવતાં કાયર થઈ જાય છે. આ બન્ને વિકાર છે. આ હર્ષ વિષાદોથી તેને કષ્ટ થાય છે. પરંતુ જો મનુષ્ય આ બન્ને અવસ્થાઓની વસ્તુસ્થિતિનો અનુભવ કરીને પરવશ નથી થતા તેને ધન્ય છે, સુખી છે. ભરતજી આ પ્રકારની ભાવના કરે છે–

''હે પરમાત્મા ! તમે ચિંતાતિકાંત છો. સંતોષ હોય કે ચિંતા હોય, આ બન્નેય વિકારજન્ય છે અને અનિત્ય છે. આવી ભાવના જાગ્રત કરીને મારા હૃદયમાં સદાય વર્ત્યા રહો.''

''હે સિદ્ધાત્મા ! માયાને દૂર કરીને નાટય કરતા થકા લોકોને આત્મરસાયન પિવડાવનારા આપ નિરાયાસ થઈને મને સન્મતિ આપો. એવી આપની પાસે પ્રાર્થના છે.''

આ સુવિશુદ્ધ ભાવનાનું ફળ છે કે ભરતજી હર્ષવિષાદ જન્ય વિકારને ક્ષણમાત્રમાં જીતી લે છે.

## ૭. બ્રાહ્મણનામ સંધિ

**મા**તા યશસ્વતી અને સુનંદાદેવીના દીક્ષા લીધા પછી કેટલાક દિવસ પછીની વાત છે. ભરતજી એક દિવસ દરબારમાં અધ્યાત્મરસમાં મગ્ન થઈને બિરાજતા હતા. ત્યાં દ્વિજ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ રીતે ચારે વર્ણની પ્રજાઓ ભરતની ચારે બાજુ હતી જેવી રીતે ભમરાઓ કમલની ચારે બાજુ રહે છે. તે વખતે સમ્રાટે આત્મહિતનો માર્ગ દર્શાવ્યો.

આમતેમ કેટલીક વાતો કર્યા પછી ત્યાં ઉપસ્થિત સજ્જનોના પુણ્યે જ માનો કે બોલાવ્યા એ રીતે ભરતજીએ આત્મતત્ત્વનું પ્રતિપાદન કર્યું. બહુ જ સુંદર પદ્ધત્તિથી આત્મતત્ત્વનું પ્રતિપાદન કરતા થકા ભરતજીને મંત્રીએ પ્રાર્થના કરી કે સ્વામી ! બધા જાણી શકે એ રીતે આત્મકલાનું વર્ણન કરો. દિવ્યશક્તિના આપ સુપુત્ર છો. તેથી અમને આત્મદ્રવ્યના સ્વરૂપનું પ્રતિપાદન કરો. આ રીતે ભક્તિથી પ્રાર્થના કરવાથી આસન્નભવ્યોના દેવે આ રીતે કથન કર્યું.

હે બુદ્ધિસાગર ! સાંભળો, સર્વ કલાઓ શું કામની ? આત્મકલાને સારી રીતે સાધનાર લોકમાં સર્વસિદ્ધિને પ્રાપ્ત કરે છે. જે સજ્જન પરમાત્માનું ધ્યાન કરે છે તે આ લોકમાં સ્વર્ગાદિક સુખો ભોગવીને ક્રમશઃ કર્મોનો ધ્વંસ કરે છે અને મુક્તિશ્રીને પામે છે. દૂર નથી તે પરમાત્મા બધાના શરીરરૂપી મકાનમાં વિદ્યમાન છે. તેને પામીને મુક્તિ પ્રાપ્ત કરવાના માર્ગને જાણ્યા સિવાય લોકો સંસારમાં ભ્રમણ કરે છે.

મંત્રી ! જે દેહને તેણે ધારણ કર્યો છે તે દેહમાં તે (આત્મા) સર્વાંગે રહેલો છે. તે સુજ્ઞાન, સદ્દર્શન, સુખ ને શક્તિસ્વરૂપે યુક્ત છે. પોતે નિરાકાર હોવા છતાં પણ સાકાર શરીરમાં પ્રવિષ્ટ છે. તેનું વર્ણન શું કરીએ ?

તે આત્મા બ્રાહ્મણ નથી, ક્ષત્રિય નથી. વૈશ્ય નથી. શૂદ્ર પણ નથી. બ્રાહ્મણાદિક સંજ્ઞાથી આત્માને આ શરીરની અપેક્ષાએ સંકેત કરે છે. તે આત્મા યોગી નથી, ગૃહસ્થ પણ નથી. યોગી, જોગી, શ્રવણ, સન્યાસી ઈત્યાદિ બધી સંજ્ઞાઓ કર્મોની અપેક્ષાથી છે. તે આત્મા સ્ત્રી નથી. સ્ત્રીની અપેક્ષા કરવાવાળો પણ નથી. પુરુષ ને નપુંસક પણ નથી. મીમાંસક, સાંખ્ય, નૈયાયિક, આર્હત ઈત્યાદિ સ્વરૂપે પણ તે નથી. આ બધા માયાચારના ખેલ છે.

તે શુદ્ધ છે, બુદ્ધ છે, નિત્ય છે, સત્ય છે, શુદ્ધ ભાવથી સહજ ગોચર છે, સિદ્ધ છે, જિન છે, શંકર છે, નિરંજન-સિદ્ધ છે, અન્ય કોઈ નથી. તે જ્યોતિસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, વીતરાગ છે, નિરામય છે, જન્મજરા મૃત્યુથી રહિત છે, કર્મસંઘાતમાં રહેવા છતાં પણ નિર્મલ છે.

તે આત્મા વચનને મનને ગોચર નથી. શરીર સાથે મિશ્રિત થતાં તે આ શરીરમાં રહે છે. સ્વસંવેદનાનુભવથી તે ગમ્ય છે. તેનો મહિમા વિચિત્ર છે. વિવેકીજન પોતાના જ્ઞાનથી પોતાને જાણે છે તેને સ્વસંવેદન કહે છે. મંત્રી ! જ્યારે આ મોક્ષ સમીપ પહોંચે છે ત્યારે આપોઆપ તે સંવેદન-જ્ઞાન પ્રાપ્ત થાય છે.

આ પરમાત્માનો જાતે અનુભવ કરી શકાય છે. પરંતુ બીજાને બોલીને બતાવી શકાતો નથી.

સાંભળનારને તો બધી વાતો આશ્ચર્યકારક છે, પરંતુ ધ્યાન ને અનુભવ કરનારને તદ્દન સત્ય લાગે છે, આત્મામાં વિકાર ઉત્પન્ન કરનારી ઈન્દ્રિયોને રોકીને, શ્વાસના વેગને મંદ પાડીને, મનને દબાવીને ચારે તરફ જોનારી આંખોને મીંચીને સુજ્ઞાન નેત્રથી જોતાં તે આત્મા પ્રત્યક્ષ થાય છે. મંત્રી ! તે જે વખતે દેખાય છે તે વખતે એમ લાગે છે કે શરીરરૂપી ઘડામાં દૂધ ભર્યું છે અથવા શરીરરૂપી ઘડામાં ભરેલા શીતલ પ્રકાશની સમાન લાગે છે. દૂધ ને પ્રકાશ તો ઈન્દ્રિયગમ્ય છે પરંતુ આ આત્મા ઈન્દ્રિયગમ્ય નથી. તેથી તે ઉપમા ઠીક નથી. આકાશરૂપી દૂધ ને પ્રકાશની સમાન છે. આ વિચિત્ર છે. જે વચન અગોચર છે, તે આવો છે, તેવો છે, ઈત્યાદિ રૂપે કેમ કહી શકાય. તેથી હું તેનું વર્ણન કરી શકતો નથી. લોકમાં જે અપ્રતિમ છે એવા ચિદ્રૂપને કોઈ પદાર્થની સાથે મેળવીને કેવીરીતે બરાબરી કરીને બતાવી શકાય ! શક્ય નથી. સ્વાનુભવગમ્ય પદાર્થને આપમેળે જ જાણવો ને દેખવો યોગ્ય છે. સામે રાખેલ પદાર્થની સાથે ઉપમા આપીને આવો છે, તેવો છે એમ કહેવું તે બધો ઉપચાર છે.

તે આત્મા એક જ દિવસમાં જોઈ શકતો નથી, ક્રમથી જોવાય છે. એક વાર અનેક ચંદ્ર ને સૂર્યના પ્રકાશની સમાન ઉજ્જવલ થઈને દેખાય છે, ફરી એકવાર (ચંચલતા આવતા) તે પ્રકાશ મંદ થાય છે. સ્થિરતા આવતા ફરી ઉજ્જવલ થાય છે. એકવાર સર્વાંગે તે દેખાય છે. પછી હૃદય, મુખને ગર્ભમાં પ્રકાશિત થાય છે. આ રીતે એકવાર પ્રકાશ, બીજી વાર મંદ પ્રકાશ ઈત્યાદિરૂપે દેખાય છે. ક્રમે ક્રમે જ તે સાધ્ય થાય છે. મંત્રી ! આ શરીરમાં એક વાર તે પરમાત્મા પુરુષાકારરૂપે દેખાય છે. ફરી આકાર રહિત થઈને શરીરમાં સર્વત્ર પ્રકાશને પ્રકાશ ભરેલો દેખાય છે તે વખતે આ આત્મા નિરાકુલ રહે છે. ધ્યાન વખતે જે પ્રકાશ દેખાય છે તે સુજ્ઞાન છે, દર્શન છે, રત્નત્રય છે. તે વખતે કર્મ ખરવા લાગે છે. ત્યારે આત્મસુખની વૃદ્ધિ થાય છે. આંખોની નાની કીકીઓથી જોવાનું ક્યાં ? તે વખતે આ આત્મા સર્વાંગે જ દેખાય છે. હૃદયને અલ્પ મનથી જાણવાનું ક્યાં ? સર્વાંગે જણાવા લાગે છે. નાસિકા જિહ્વા વગેરે અલ્પેંદ્રિયોનું શું સુખ છે ? તે વખતે તેના સર્વાંગે આનંદ ઊછળી જાય છે. આખા શરીરમાં તે સુખનો અનુભવ કરે છે. મંત્રી ! તે વૈભવ બીજા કોને પ્રાપ્ત થાય ? તે વખતે બોલચાલ નથી, શ્વાસોચ્છ્વાસ નથી. શરીર નથી, કોઈ કલ્મષ નથી, આમતેમ કંપ નથી. આત્મા પુરુષરૂપ ઉજ્જવલ પ્રકાશમય દેખાય છે.

શરીર જરાક હલવાથી આત્મા પણ જરાક હલે છે. જેવી રીતે જહાજના હલવાથી તેમાં બેઠેલા મનુષ્ય પણ જરાક હલે છે. મંત્રી ! અભ્યાસ કરતી વખતે જરાક ચંચલતા જરૂર આવે છે પરંતુ સારી રીતે અભ્યાસ થવાથી સભ્યોની સમાન ગંભીર ને નિશ્ચલ થઈ જાય છે. તે વખતે આ આત્મા પુરુષાકાર સમુજ્જવલ કાંતિયુક્ત બનીને દેખાય છે. અને તે વખતે કોઈ ક્ષોભ રહેતો નથી.

તે વખતનું તેનું શું વર્ણન કરીએ ? પ્રકાશની તે પૂતળી છે, પ્રભાની તે મૂર્તિ છે, ચિત્કાલની તે પ્રતિમા છે, ક્રાન્તિનો તે પુરુષ છે, ચમકનો તે બિંબ છે, પ્રકાશનું તે ચિત્ર છે એ રીતે તે આત્મા અંદર દેખાય છે.

વિશેષ શું ? આગિયાએ જ પુરુષરૂપ ધાર્યું તો નથી ? અથવા શું હાથને ન સ્પર્શનાર દર્પણે જ પુરુષનું રૂપ ધારણ કર્યું છે ? પેલા કદી બીજે આવું નહોતું જોયું, આશ્ચર્ય છે. ચમકનારી વીજળીની

મૂર્તિ તે ક્યાંથી આવી ! અથવા અત્યંત નિર્મલ એ સ્ફટિકની મૂર્તિ ક્યાંથી આવી ? આ રીતે આશ્ચર્યપૂર્વક તે ધ્યાની તે આત્માને જુએ છે.

જેવી રીતે સ્વચ્છ દર્પણમાં બાહ્ય પદાર્થ પ્રતિબિંબિત થાય છે તેવી રીતે અનેક પ્રકારના સંસાર સબંધી મોહક્ષોભથી રહિત તે નિર્મલ આત્મામાં આત્મા જ્યારે ઠરે છે ત્યારે તેને સમસ્ત પ્રપંચ જોવામાં આવે છે. તે વખતે તેને સ્વયં આશ્ચર્ય થાય છે કે આ આત્મા અલ્પ દેહમાં આવ્યો ક્યાંથી ? એમાં તો આખા જગતમાં ફેલાવા યોગ્ય પ્રકાશ છે. તો એને શરીરરૂપી જરાક સ્થાનમાં કોણે રાખ્યું ? સર્વ આકાશપ્રદેશમાં વ્યાપ્ત થવા યોગ્ય નિર્મલતા ને જ્ઞાન એમાં છે. પછી આ જરાક (નાના, અલ્પ) સ્થાનમાં એ કેમ રોકાણો ? આશ્ચર્ય છે.

મંત્રી ! તે વખતે ઝરી ઝરીને કર્મ ખરવા માંડે છે અને ચિત્કલા ભડભડ થઈને પ્રજ્જવલિત થાય છે, તેમ જ અગણિત સુખ ઝમઝમ કરતું વધે છે. આ ધ્યાનીને અનુભવગમ્ય છે, બીજાને દેખાતું નથી. ગરમીનો સખત તાપ વધતો જવાથી જેવી રીતે ચારે તરફ વ્યાપ્ત બરફ ઓગળી જાય છે તેવી રીતે નિર્મલ આત્માના પ્રકાશમાં કાર્મણ તૈજસ શરીર ઓગળી જાય છે.

તે વખતે આત્માને જોનાર પણ તે જ છે, દેખનાર પણ તે જ છે, જોનારી દૃષ્ટિ પણ તે જ છે. આ સાંભળીને આશ્ચર્ય થશે કે ધ્યાનના ફલમાં આગળ પ્રાપ્ત થવાવાળી મુક્તિ પણ તે જ છે. આ રીતે તે સ્વસ્વરૂપી છે. ત્રણ શરીરની અંદર રહેવાથી તે આત્માને સંસારી કહે છે. ધ્યાન દ્વારા તે ત્રણ શરીરનો જ્યારે નાશ કરવામાં આવે છે, ત્યારે તે આપોઆપ લોકાગ્રસ્થાનમાં જઈને બિરાજમાન થાય છે. તેને જ મુક્તિ કહે છે.

આ આત્મા સ્વયં પોત પોતાને જોવા લાગે તો શરીરનો નાશ થાય છે. બીજા કોઈ હજાર ઉપાયથી તેનો નાશ કરવા પ્રયત્ન કરે તોપણ તે અશક્ય છે. સ્વરૂપ સ્થિતિ દ્વારા પોતાથી ભિન્ન કર્મોનો નાશ કરીને સ્વયં આ આત્મા મુક્તિ સામ્રાજ્યને પામે છે. તેને ત્યાં ઉઠાવીને લઈ જનાર, અહીંયાં રોકવા વાળું બીજું કોણ છે ? કોઈ નથી.

મંત્રી ! લોકમાં મુક્તિ આપવા વાળા ગુરુ ને દેવ કહેવાય છે. ગુરુ ને દેવ તો કેવલ મુક્તિના માર્ગને બતાવી શકે છે. સ્વરૂપ સ્થિતિ દ્વારા કર્મનાશ તો જાતે જ આ આત્માને કરવો પડે છે. ગારુડી વિદ્યાના ગુરુ શું રણ-રંગમાં આવી શકે ? કદી નહિ. શત્રુઓને જીતવાનો તો જાતે જ પ્રયત્ન કરવો પડે છે. જો યુદ્ધ સ્થાનમાં જાતે વીરતાથી કામ લીધું અને તે વીર વિજયી થયા તો શું પેલા જેણે અભ્યાસ કરાવ્યો હતો તે ખિન્ન થશે ? શું તે એમ વિચારશે કે મારી અપેક્ષા કર્યા વગર જ આ વીર સફલ થાય છે. કદી નહિ. તેનો તો હર્ષ થવો જોઈએ. આ રીતે ભેદ ભક્તિની પૂર્ણતા થઈને પોતે પોતાને દેખીને મુક્તિ પ્રાપ્ત કરવી તે જ વાસ્તવિક ઉત્કૃષ્ટ જિનભક્તિ છે. સ્વયં આત્માનુભવ કરવામાં સમર્થ હોવા છતાં દેવ ગુરુ તેની સફલતામાં ખિન્ન ન થાય.

ભગવાનને પોતાના ચિત્તથી અલગ રાખીને ભક્તિ કરવી તે ભેદ-ભક્તિ છે. તે સ્વર્ગનું કારણ છે. પરંતુ પોતાના જ શરીરમાં તે ભગવાનના દર્શન કરવા તે મુક્તિ આપનારી સુયુક્તિ છે, અને તે વાસ્તવિક ભક્તિ છે. ચેતન રહિત શિલા, કાંસા વગેરેમાં જિન સમજીને પ્રેમ ને ભક્તિ કરવી તે

પુણ્યભક્તિ છે. આત્મા ચૈતન્યરૂપ છે, દેવ છે, એમ સમજીને ઉપાસના કરવી એવી નૂતન-ભક્તિ મુક્તિનું કારણ છે.

જ્ઞાનની અપૂર્ણતા જ્યાં સુધી રહે છે ત્યાં સુધી આ અરહંત બહાર રહે છે. જ્યારે આ આત્મા સારી રીતે જાણવા લાગે છે ત્યારથી અરિહંતનું દર્શન પોતાના શરીરની અંદર જ થવા લાગે છે. એમાં છુપાવવાની વાત શી છે ? પોતાના આત્માને જ દેવ સમજીને જે નમસ્કાર કરીને શ્રદ્ધાન કરે છે તે સમ્યગ્દૃષ્ટિ છે.

સચિવ ! આજ સુધી અનંત જિનસિદ્ધ પોતાની આત્મ ભાવનાથી કર્મોનો નાશ કરીને મોક્ષસિધાવી ગયા છે. તેઓએ પોતાની કૃતિથી જગતને આ શિક્ષા આપી છે કે લોક બધા તેમની સમાન જ જાતે કર્મનો નાશ કરીને તેમની પાછળ મુક્તિમાં આવે. આ વાતને ભવ્યગણ સ્વીકારે છે, અભવ્ય આને ગપાષ્ટક માની વિવાદ કરે છે. આત્માનુભવ વિવેકીઓને જ થાય છે, અવિવેકીઓને તે કેમ કરીને થાય ?

અભવ્ય કહે છે કે અમારે એકલા આત્માથી શું કરવું છું, અમારે અનેક પદાર્થોના અનુભવની જરૂર છે. અનેક પદાર્થોમાં જે સુખ છે તેનો અનુભવ કરવો જરૂરી છે. આમ હોવાથી અધ્યાત્મતત્ત્વનો અમે સ્વીકાર નહિ કરી શકીએ. આમ કહેતા થકા મધમાખના કરડવાની જેમ એકમેકથી (એક રસથી, પૂરેપૂરા જોરથી) વિવાદ કરે છે. મંત્રી ! તે અભવ્ય ધ્યાનનો સ્વીકાર નથી કરતા. ધ્યાન કરવું જ ઈચ્છતા નથી. જો કદાચિત્ સ્વીકારે તો એમાં અનેક પ્રકારની પરાધીનતા બતાવીને છોડી દે છે. શ્રી નિરંજન સિદ્ધમાં સ્થિર થવાનું કહીએ તો કાંઈને કાંઈ બહાના કાઢીને વાતને જ ટાળી નાખે છે. ધ્યાન કરવા માટે ઘોર તપશ્ચર્યાની જરૂર છે. અનેક શાસ્ત્રોના જ્ઞાનની જરૂર છે, એમ કહીને ધ્યાનનો અપલાપ ખોટો (બકવાટ) કરે છે. સ્વયં તપ પણ કરે. અનેક શાસ્ત્રોનું પઠન પણ કરે તોપણ ધ્યાનથી તેઓ અળગા રહે છે. પોતે તો આત્મા જોવાનું જાણતા નથી અને બીજા જે આત્માનુભવી છે તેમને જોઈને સંતોષ પણ પામતા નથી. કેવલ બીજાઓને કષ્ટ દેવાનું તેઓ જાણે છે. તેમનો સંગ ધ્યાનીજન કયારેય ન કરે.

મંત્રી ! વિશેષ શું કહું ? આ આત્મધ્યાન ગૃહસ્થોને થઈ શકે છે, મુનિને થઈ શકે છે, મોટા શાસ્ત્રીને થઈ શકે છે, નાના શાસ્ત્રીને પણ થઈ શકે છે, ગૃહિણીને પણ થઈ શકે છે. –કેવલ આસન્ન ભવ્યની જરૂર છે, આનો વિશ્વાસ કરો. પરમ શુકલ ધ્યાનયોગી સિવાય ગૃહસ્થોને નથી થઈ શકતું. હા ! ઉત્કૃષ્ટ ધર્મધ્યાન, તો બધાને હોઈ શકે છે. એમાં કોઈ શંકા જ નથી.

ધર્મધ્યાન પણ બે પ્રકારનું છે. એક વ્યવહાર ધર્મધ્યાન, બીજું નિશ્ચય ધર્મધ્યાન. આજ્ઞાવિચય, વિપાતવિચય, અપાયવિચય ને સંસ્થાનવિચય આ રીતે ચાર ભેદોથી વિભક્ત ધર્મધ્યાનના સ્વરૂપને સમજીને ચિંતવન કરવું તે વ્યવહાર ધર્મધ્યાન છે. સ્વતઃ આત્માને સુજ્ઞાની સમજીને ચિંતવન કરવું તે નિશ્ચય ધર્મધ્યાન છે. સંસારમાં જે બુદ્ધિમાન છે તેમને યોગ્ય છે કે તેઓ આત્માને આત્માથી જોઈને પોતાના અંતરંગને જાણે અને કર્મ સંઘનો નાશ કરે. તેઓ પરમધ્યાની આ ભવ ભ્રમણથી મુક્ત થઈને મુક્તિ સ્થાનમાં સ્વયં સિદ્ધ પરમાત્મા થઈને બિરાજે છે. ભોગમાં રહીને ધર્મયોગનું અવલંબન કરવું

જોઈએ. પછી ભોગાંતમાં યોગી થઈને શુકલ ધ્યાનથી અષ્ટ કર્મોનો નાશ કરીને મુક્તિ પ્રાપ્ત કરવી જોઈએ.

જ્ઞાનીઓને કર્મનાશ કરવામાં વાર નથી લાગતી. શ્રેણ્યારોહણ કરવા માટે અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે પણ તેઓ દીક્ષા લે છે. સમુદ્રમાં સ્નાન કરવા માટે જવાની ઈચ્છા રાખવાવાળા બે મનુષ્યોમાં એક તો પોતાને ઘેર જ કપડાં વગેરે ઉતારીને સ્નાન માટે ઘેરથી પૂરી તૈયારી કરીને જાય છે. બીજા સમુદ્રના કિનારે જઈને તે કપડાં કાઢીને સ્નાન કરે છે. સ્નાન કરવાની બન્નેની ક્રિયામાં કાંઈ ફેર નથી. બન્ને સ્નાન કરે છે. પણ તૈયારીમાં અંતર છે. આ રીતે મોક્ષાર્થી પુરુષોમાં કોઈ તો આજ દીક્ષા લઈને જાય છે અને અનેક કાલસુધી તપશ્ચર્યા ધ્યાનનો અભ્યાસ કરીને મુક્તિ પામે છે. પરંતુ કોઈ કોઈ ઘરમાં જ રહીને મોહના અંશને ક્રમે ક્રમે ઓછા કરતા થકા ધ્યાનનો અભ્યાસ કરે છે પછી એકદમ દીક્ષા લે છે અને થોડીક તપશ્ચર્યા અને થોડાક વખતના ધ્યાનથી મુક્તિ પામે છે. મુક્તિ પામવાની ક્રિયા તો બન્નેની એક છે. પરંતુ તૈયારીમાં જ અંતર છે.

સંસારમાં કોઈ કઠિન કર્મી (ભારે કર્મી) હોય છે, કોઈ મૃદુકર્મી (હલુકર્મી) હોય છે. તેમાં કઠિનકર્મી અર્થાત્ જેમનું કર્મ તીવ્ર છે, બાહ્યસંગ અર્થાત્ પરિગ્રહને છોડીને આત્મદર્શન કરે છે. પરંતુ મૃદુકર્મી અર્થાત્ જેમનું મંદકર્મ છે. તેઓ તો બાહ્ય પરિગ્રહ રહેવા છતાં પણ ભેદવિજ્ઞાનથી આત્માને જુએ છે. વળી પરિગ્રહને છોડીને પરમશુકલના બલે મુક્તિ પામે છે. કોઈ બહુ કષ્ટપૂર્વક નિધિ પામે છે તો કોઈ સાતિશય પુણ્યના બળે વગર પ્રયત્ને જ નિધિ પામે છે. આ રીતે કોઈ વિશેષ પ્રયત્ન કરીને આત્મનિધિ પામે છે, અને કોઈ સુલભથી જ (સહેજે સહેજે) આત્મનિધિને પામે છે. આ રીતે તે મોક્ષાર્થી પાત્રોમાં પણ દ્વિવિધતા છે.

મંત્રી ! વિશેષ શું કહું ? આ પર બ્રહ્મ છે. પરમાગમનો સાર છે. દિવ્યતીર્થ છે, તેથી અકંપ થઈને ચિદ્રુપ પરમાત્મામાં મગ્ન થઈ જાઓ. અનંત સુખનો અનુભવ કરો. દેહમાં સ્થિત શુદ્ધાત્માને જે દેખે છે તેના હાથમાં કૈવલ્ય છે તે સંયમી સાહસી છે, વીર છે, કર્મોને મૂળથી ઉખેડયા વિના તે નથી રહી શકતા. એનો વિશ્વાસ કરો. પરમાત્માનું તમે દર્શન કરો, ધ્યાનરૂપી અગ્નિથી કાલ ને કર્મને ભસ્મ કરો અને ત્રણ દેહના ભારને દૂર કરો અને મુક્તિને પ્રાપ્ત કરો.

મંત્રી ! આનું શ્રદ્ધાન કરવું એ શુદ્ધ સમ્યક્ત્વ છે. તેને જાણવું તે સમ્યગ્જ્ઞાન છે અને તેમાં નિશ્ચલ રહીને ઠરવું તે સમ્યક્ચારિત્ર છે. આ રત્નત્રય છે કે જે મોક્ષમાર્ગ છે. અર્થાત્ આત્મતત્ત્વને દેખવો (શ્રદ્ધવો) જાણવો ને તેમાં લીન થવું તે મોક્ષનો નિશ્ચિત માર્ગ છે.

ભરતજીના મુખથી નીકળેલા આ આત્મતત્ત્વના વિવેચનને સાંભળીને ત્યાં ઉપસ્થિત સર્વ સજ્જન પ્રસન્ન થયા. મંત્રીમિત્રોએ હર્ષોદ્ગાર કાઢતાં કહ્યું કે સ્વામી ! ધન્ય છે, આજ અમે કૃતકૃત્ય થયા. સિદ્ધાંત શ્રવણના હર્ષથી તે વખતે ઊઠીને તે લોકોએ બહુ ભક્તિથી પ્રણામ કર્યા. શૂદ્ર, ક્ષત્રિયને વૈશ્યોએ જયારે નમસ્કાર કર્યા ત્યારે વિપ્રસમૂહ આનંદના ઉદ્રેકથી અનેક મંગલ સામગ્રીઓને હાથમાં લઈને ભરતજીની પાસે ગયા.

એમની આંખોમાં આનંદાશ્રુ ઊછળી રહ્યા છે. શરીરમાં રોમાંચ થયા છે, શરીર હર્ષથી કંપી રહ્યું છે. મુખમાં નવીન કાંતિ દેખાઈ રહી છે. હસતા હસતા આનંદથી ફુલાઈને તેઓ સમ્રાટ પાસે પહોંચ્યા અને પ્રાર્થના કરવા લાગ્યા કે સ્વામી ! આપની કૃપાથી અમારો અંધકાર દૂર થયો, સુજ્ઞાન સૂર્યનો ઉદય થયો. તેથી આપ ચિરકાલ સુખે જીવતા રહો. જયવંત રહો, આપનો જય જયકાર હો ! આમ કહેતા થકા ભરતજીને તે વિપ્રોએ તિલક કર્યું.

આત્મતત્ત્વ સાંભળીને બાકીના લોકોનાં હર્ષ કરતાં વિપ્રોને અધિક હર્ષ થયો. ભરતજી પણ હર્ષથી વિચારવા લાગ્યા કે આ વિશિષ્ટ જાતિના છે, ત્યારે તો તેમને હર્ષ વિશેષ થયો.

ભરતજી ફરી વિચારવા લાગ્યા કે આ વિપ્ર વિશિષ્ટ જાતિના છે તેથી આત્મકલાની વાર્તા સાંભળીને પ્રસન્ન થયા છે. ચંદ્રમાની કલા જોઈને ચકોર પક્ષીને જેવી રીતે આનંદ થાય છે તેવી રીતે કાગડાને કેમ થાય ? તે દિવસે આદિબ્રહ્મા પરમપિતાએ આ વર્ણને બાકીના વર્ણોના ગુરુ તરીકે કહ્યા છે. આજે આ વાત પ્રત્યક્ષ થઈ. ખરેખર આમના પરિણામ દેહપિંડપરિશુદ્ધ છે. ત્યારપછી વિનોદ માટે તેમને સમ્રાટે પૂછયું કે વિપ્રો ! ચિદ્રૂપનો અનુભવ કેવા પ્રકારનો છે, કહો તો ખરા. ત્યારે ઉત્તરમાં તે લોકોએ કહ્યું કે આદિનાથ પુત્ર, સ્વામીના અગ્રપુત્રની બોલચાલ ને વિશાલ વિચારની સમાન આ આત્માનુભવ છે. સ્વામી ! આદિ ચક્રેશ્વર ભરત જ આ આત્મકલાને જાણે છે, અમે તો તેને વાંચી. સાંભળીને જાણીએ છીએ. તે ધ્યાન શું ચીજ છે તે અમે જાણતા નથી. આગળ અમને પ્રાપ્ત થાય એવી અમારી ભાવના છે.

ભરતજીએ વિચાર્યું કે પરમાત્મ યોગનો અનુભવ એમનામાં રહેલો છે. તો પણ પોતાના મુખે તેને કહેવા નથી માગતા, અધૂરો ઘડો છલકાય છે, પૂરો ઘડો ન છલકાય એ લોકની રીત છે.

ભરતજીએ તેમને સંબોધીને કહ્યું કે તમો આસન્નભવ્ય છો. તમારા આત્મવિલાસને જોઈને હું બહુ જ પ્રસન્ન થયો છું તેથી હે ભૂસુરગણ ! તમોને હું આજ એક નવીન નામનું અભિધાન (ઉપનામ) આપું છું. બ્રહ્મ શબ્દનો અર્થ આત્મા છે, આત્માનો અનુભવ કરનાર બ્રાહ્મણ છે. આ રીતે શબ્દની સિદ્ધિ છે. ब्रह्माणं आत्मानं वेति अनुभवति ईति ब्राह्माणंः (–બ્રહ્મ કહેતાં આત્માને જે જાણે–અનુભવે તે બ્રાહ્મણ) આ રીતે તમોને આજથી બ્રાહ્મણના નામથી બોલાવવામાં આવશે. લોકમાં બધા નામો રાખી શકે છે. પરંતુ આત્માનુભવનું નામ રાખવું તે કોઈ સામાન્ય વાત નથી. તેથી તમને આ નામાભિધાન કરવામાં આવે છે.

બ્રાહ્મણગણ ! તમોને એક બીજું શુભ નામ આપું છું. લોકમાં બધા સજ્જન કહેવાય છે, તેમાં તમોને મહાજન કહીશું. તમારું બીજું નામ મહાજન રહેશે. પિતાજીએ તમોને દ્વિજ, વિપ્ર, ભૂસુર, બુધ આદિ અનેક નામો આપ્યા છે. હું આજે તમારા ગુણોથી પ્રસન્ન થઈને બ્રાહ્મણને મહાજનના નામથી કહીશ, એવો તમારો આદર છે. તમો દાનને પાત્ર છો, દીક્ષાને યોગ્ય છો આ રીતે પિતાજીએ કહ્યું હતું. પરંતુ જ્ઞાન ને ધ્યાનને માટે પણ યોગ્ય છો. આ રીતે હું કરાર કરું છું.

ભરતજીના આ પ્રકારના ગુણપક્ષપાત જોઈને ત્યાં ઉપસ્થિત બધા મંત્રી મિત્રોને હર્ષ થયો, અને કહેવા લાગ્યા કે સ્વામી ! આ ઉત્તમ પુરુષ છે. તેમને આપે જે નામો આપ્યા છે તે ઘણું ઉત્તમ થયું.

નામ માત્ર પ્રધાન કરીને ખાલી હાથે મોકલે એવા તે શું ગ્રામ્ય રાજા છે ? ના, ના, તે વખતે તે બ્રાહ્મણોને સુવર્ણ, વસ્ત્ર, આભરણ, ગ્રામ, હાથી, ઘોડા, ગાય વગેરે યથેષ્ટ દાનમાં દઈને તેમનો સત્કાર કર્યો. (આહારદાન, અભયદાન, શાસ્ત્રદાન અને ઔષધદાન આ તપસ્વીઓને દેવા યોગ્ય ચાર દાન છે. પરંતુ સુવર્ણ આદિથી માંડીને દશ કે ચૌદ પ્રકારના પદાર્થોના દાન આ બ્રાહ્મણોને દેવા જોઈએ.) આ રીતે સત્કાર કર્યા પછી ભરતજીનો હર્ષ ન સમાતાં તેઓએ આત્માનુભવીઓ તરફ આદર વ્યક્ત કરવા તેમને આલિંગન કર્યું.

આ રીતે સાક્ષાત્ સમ્રાટના આલિંગન દેવાથી તેમને એટલો હર્ષ થયો કે તેઓ વિચારવા લાગ્યા કે અમારો જન્મ ખરેખર સાર્થક છે. તેઓ એટલા ફુલાઈ ગયા કે તેમના હાથની દર્ભમુદ્રા હવે સાંકડી પડવા લાગી. તે બ્રાહ્મણોએ હર્ષથી કહ્યું કે સ્વામી ! આજે આપથી અમે કૃતકૃત્ય થયા. આપે આજે અમારી સૃષ્ટિ રચી તે દિવસે આદિ ભગવાને જે સૃષ્ટિ રચી છે તે ત્રણ વર્ણના નામથી રહે. અમે આપની જ સૃષ્ટિ કહેવડાવા ઈચ્છીએ છીએ. અમે તો આપની જ સૃષ્ટિ છીએ.

ત્યારે સમ્રાટે કહ્યું કે નહિ, એમ ન કરવું જોઈએ. સૃષ્ટિ તો આદિપ્રભુની જ રહો. કેવલ નામાભિધાન મારું રહે. ત્યારે તે બ્રાહ્મણોએ હર્ષથી કહ્યું કે અમે આ વિષયને આદિપ્રભુના ચરણોમાં નિવેદન કરશું.

પ્રેમપૂર્ણ વાક્યથી સમ્રાટે બધાને પોતાપોતાના સ્થાને વિદાય આપીને પોતે રાજમહેલની તરફ ચાલ્યા ગયા ને ત્યાં ક્ષેમથી પોતાનો વખત ગાળવા લાગ્યા.

પાઠક ! ભરતજીનું આત્મકલાનૈપુણ્ય, તદ્વિષયક હર્ષ ને ગુણૈકપક્ષપાતિત્વને જોઈને આશ્ચર્ય કરતા હશો. લોકમાં બધી કલાઓના પરિજ્ઞાનથી આત્મકલાનું પરિજ્ઞાન થવું તે અત્યંત કઠણ છે. જેણે અત્યંત પુરુષાર્થ સ્ફુરવીને આત્માનુભવનો અભ્યાસ કર્યો છે, તે તેમાં પ્રવીણ થાય છે. તેનાથી અન્ય જે ગુણવાન છે તેમને ગુણવાનોને જોઈને હર્ષ થાય છે. વિવેકશીલ વ્યક્તિ જ વાસ્તવિક ગુણોનો અનુભવ કરે છે. ભરતજી આને માટે રાતદિવસ આવી ભાવના કરે છે કે :–

''હે પરમાત્મા ! સામે ઉપસ્થિત ગુણની ને તમારા ગુણની પરીક્ષા કરતા થકા સામેના ગુણને એકદમ ભૂલીને અર્થાત્ સંકલ્પવિકલ્પોથી રહિત થઈને નિર્વિકલ્પ અવસ્થા મારા હૃદયમાં સદાય વર્ત્યા રહો, આવી પ્રાર્થના છે.''

''હે સિદ્ધાત્મા ! આપ નિત્ય જ પોતે પોતાના ધ્યાનમાં મગ્ન થઈને લોકમાં સત્યાસત્ય સમસ્ત પદાર્થોનો સાક્ષાત્કાર કરો છો. તેથી અત્યંત સુખી છો. મને પણ સન્મતિ આપો.''

આ કારણ છે કે ભરતજી સદા ગુણોના અખંડપિંડરૂપે અનુભવમાં આવે છે.

## ૮. ષોડશસ્વપ્ન સંધિ

જે દિવસે દ્વિજોને બ્રાહ્મણના નામથી ઓળખવામાં આવ્યા તે દિવસે રાત્રિના અંતિમ પ્રહરમાં સમ્રાટે સોળ સ્વપ્ન જોયાં. ત્યાર પછી સૂર્યોદય થયો.

નિત્યક્રિયાથી પરવારીને વિનયથી વિપ્રજનોને બોલાવ્યા અને તેમના આવવાથી રાત્રે જોયેલા સ્વપ્નો કહ્યા ને ભગવાન આદિ પ્રભુને તેમનું ફળ પૂછયું. એવા વિચારથી સમ્રાટ કૈલાસ પર્વત તરફ ગયા. તે વખતે તે વિપ્રોએ પણ કહ્યું કે ભગવાનના દર્શન કર્યાને અમને ઘણા દિવસ થઈ ગયા છે. અમે પણ આપની સાથે કૈલાસપર્વત આવીશું ભરતજીએ તેને આવવાની હા પાડી. ત્યારે તેઓ ભરતજીની સાથે ભગવાનના દર્શન કરવા નીકળ્યા. જેવી રીતે દેવેંદ્ર સુરોની સાથે મળીને સમવસરણમાં જાય છે તેવી રીતે આ નરેંદ્ર ભૂસુરોની સાથે મળીને સમવસરણમાં જઈ રહ્યા છે.

આકાશમાર્ગે શીઘ્ર જઈને જિનસભારૂપી કમલસરોવરમાં ભ્રમરોની સમાન તે વિપ્રોની સાથે તેઓ સમવસરણમાં દાખલ થયા અને તેમની સાથે આદિપ્રભુના દર્શન કર્યા. ભક્તિથી આનંદાશ્રુ પડવા લાગ્યા. શરીર કંપે છે, સર્વાંગે રોમાંચ થયો છે. તેઓએ તે વખતે તે દ્વિજાની સાથે આદિપ્રભુના ચરણોમાં પુષ્પમાલાને અર્પી, સાથે નિર્મલવાક્ પુષ્પમાલાને સમર્પણ કરતા થકા ભગવાનની સ્તુતિ કરી. જય, જય ! સર્વજ્ઞ ! શાંત ! સર્વેશ ! ચિન્મય ! ચિદાનંદ ! તીર્થેશ ! ભયહર ! સ્વામી ! અમે આપના શરણાંગત છીએ અમારી આપ રક્ષા કરો.

આ રીતે સ્તુતિ કરવા લાગ્યા. તે મહાજનોના મંડળની સાથે તેઓએ ભગવાનના ચરણોમાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

વિશેષ શું વર્ણન કરીએ ? બહુ વૈભવપૂર્વક જિનેંદ્ર ભગવાનની પૂજા કરી, તે વખતે સમ્રાટની ઉત્કૃષ્ટ ભક્તિ જોઈને ત્યાં ઉપસ્થિત સર્વનરસુર જય જયકાર કરવા લાગ્યા. સમ્રાટને પણ પરમસંતોષ થયો. ત્યારપછી મુનિઓને વંદના કરીને યોગ્યસ્થાનમાં બેસી ગયા અને ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા કે સ્વામી ! આપની સૃષ્ટિના જે દ્વિજ છે તેમનું મેં બ્રાહ્મણ નામ રાખ્યું છે. તે માન્ય રાખો.

ભગવાને દિવ્યવાણીથી ફરમાવ્યું કે ભવ્ય ! આજે અમે શું માન્ય રાખીએ અમને તો તે દિવસ ખબર હતી. આમને આગળ જતાં બ્રાહ્મણનામાભિધાન તમારાથી થશે. તેથી તેમનું તે નામ ભલે રહો તેમાં શું વાંધો છે. આત્માનુભવ હોવાથી આત્માનુભવીઓનું બ્રાહ્મણ એવું નામ પડે છે. તે આત્માનું જ શુભ નામ છે. આ રીતે પરમાત્માએ નિરૂપણ કર્યું. ત્યારે બ્રાહ્મણોએ ભગવાનને પ્રાર્થના કરી કે, જો કે અમારી સૃષ્ટિ તે આપથી તે દિવસે થઈ છે, પરંતુ આપના અગ્રપુત્રે અમારું આજે સુંદર નામ આપ્યું છે, તેથી અમે તેની ગુણગ્રાહકતા જોઈને પ્રસન્ન થઈ ગયા છીએ. અમે ચક્રવર્તીની સૃષ્ટિ કહેવડાવવા ઈચ્છીએ છીએ. સમ્રાટે વચ્ચે જ કહ્યું કે નહિ, નહિ ! એમ નહિ બને.

સમ્રાટે જ્યારે નહિ કહ્યું તો પ્રભુએ ફરમાવ્યું કે નહિ કેમ ? એ વાત કબૂલ રાખો. કેમ કે તે દ્વિજોને તમારા પર અસીમ પ્રેમ છે. તેથી તે વાત માનવી જ જોઈએ.

જો કે આ વાત આજે વિનોદરૂપે છે, કાલાંતરમાં તે પ્રસિદ્ધ થઈ જશે. અંતિમ કાલ સુધી પણ

કોઈ એને ભૂલી નહિ શકે. આખર ઓછામાં ઓછી જૈનીઓમાં આ વાતની પ્રસિદ્ધિ રહેશે કે આ બ્રાહ્મણ ચક્રવર્તી દ્વારા સૃષ્ટ છે. તેથી દુનિયામાં એક ઝઘડો જ પેદા થશે. આજના જે આ બ્રાહ્મણ છે તેમને તો આ વિનોદરૂપે છે પરંતુ આગળ જે તેમના વંશજ થશે તેમને જ્યારે આ સાચું લાગશે ત્યારે તેઓ આપસમાં મારપીટ કર્યા વિના નહિ રહે. સૌથી પહેલા વર્ણને જો સૌથી પછી ઉત્પન્ન થયું કહીએ તો તેમને અસંતોષ કેમ ન થાય ? શૂદ્ર, ક્ષત્રિય અને વૈશ્યોની ઉત્પત્તિ થયા પછી બ્રાહ્મણોની મુદ્રાનો ઉદય થયો એમ જો કહીએ તો રૌદ્ર કેમ ઉત્પન્ન ન થાય ? તે વખતે પાછા તે વિપ્ર જનો જિનધર્મને શૂદ્રીય ધર્મના નામે કહેશે.

પરિણામ એ આવશે કે આ બ્રાહ્મણ જિનધર્મનો ત્યાગ કરવાનો અને યજ્ઞયાગાદિક કરવાનો પ્રચાર કરશે. એટલું જ નહિ, તે યજ્ઞયાગાદિકના પ્રચારના નિમિત્તથી હિંસાનો પણ પ્રચાર થવા લાગશે. ત્યારે જૈનધર્મી લોકો તેમની નિંદા કરવા લાગશે. લોકમાં હિંસાનો પ્રચાર રોકવા માટે તે બ્રાહ્મણોને માટે નિયત કરેલા ચૌદ પ્રકારના દાનોમાં દશ દાન ન દેવા, કેવલ ચાર દાન જ પર્યાપ્ત છે એમ જૈનીઓના કહેવાથી બ્રાહ્મણ એકદમ ચિડાઈ જશે. ચિડાઈને 'हस्तिना ताड मानोऽपि न गच्छेत् जैन मंदिरम्' (હાથી મારવા આવે તોપણ તેનાથી બચવા જિનમંદિરમાં જઈશ નહિ) એવી ભાષા બોલવા લાગશે ને પ્રચાર કરવા લાગશે.

આ રીતે બ્રાહ્મણોની જૈન અને જૈનોની બ્રાહ્મણ નિંદા કરતા થકા એક બીજા તરફ કષ્ટ પહોંચાડવા માટે તત્પર રહેશે. આ રીતે લોકમાં અનેક રીતે અશાંતિ થશે. છેવટે જિનધર્મનો હ્રાસ થશે, પરંતુ આ બ્રાહ્મણોના ધર્મનો હાસ નહિ થાય.

ભરતજીને આગળ થનાર આ દુરુપયોગ સાંભળીને જરાક દુઃખ થયું. તેઓ કહેવા લાગ્યા કે સ્વામી ! એમની સૃષ્ટિ તો આપથી જ થઈ છે. તો આટલું પણ તે નહિ વિચારે ? ઉત્તરમાં ભગવાને કહ્યું કે ભરત ! આગળ બધાને આવો વિવેક ક્યાંથી આવે ? હવે તો દિન પર દિન બૂદ્ધિ, બલ, વિવેક, વિચારની શક્તિ હ્રાસ થતી જશે, વૃદ્ધિ નહિ થાય.

ભરતજીએ ફરી કહ્યું કે સ્વામી ! નાટકશાલા, દશેરા, ઉત્સવમંડપ આદિઓનું ઉદ્ઘાટન કરવાથી મને લોકો મનુ કહે તે વાજબી છે. કેવલ એક વર્ણનું નામાભિધાન દેવાથી મને બ્રહ્મ કેમ કહે તે સમજવામાં આવતું નથી. સ્વામી ! આપ રહેતા થકા જો હું કોઈ નવીન વર્ણની સૃષ્ટિ કરું તો મારા સરખો ઉદ્દંડ બીજો કોણ હોઈ શકે ? ફરી આ લોકો એમ કેમ વિચારે તે સમજવામાં નથી આવતું. ત્યારે ભગવાને કહ્યું કે તેઓ ન્યાયની સીમા નહિ જાણી શકે.

ફરી સમ્રાટે કહ્યું કે સ્વામી ! જો દ્વિજોની ઉત્પત્તિ છેવટે થઈ તો તમોને અમે જે વંશમાં જન્મ્યા છીએ તે ક્ષત્રિયવંશમાં જન્મેલા લોકોનું ષોડશ સંસ્કારનું વિધાન કોણે કરાવ્યું ? એટલો પણ તેઓ વિચાર નહિ કરે ! હાય ! મોટા મૂર્ખ હશે. જાતકર્મ, નામકર્મ, યજ્ઞોપવીતસંસ્કાર આદિ જો આ બ્રાહ્મણોએ ન કરાવ્યા હોય તો આ જાતિ-ક્ષત્રિય ને વૈશ્ય કેવી રીતે બન્યા ? એનો પણ વિચાર તે નહિ કરે ? તે વખતે સ્વયં એકએકના ઘરમાં પહોંચીને આ સંસ્કારોને હોમ વિધાનપૂર્વક કરાવતા હતા. જ્યારે આ ગુણો પહેલેથી તેમાં વિદ્યમાન છે તો પછી હું તેમનું શું નિર્માણ કરું ? તે તો

પહેલેથી જ વિદ્યમાન હતા. માત્ર મારાથી નામાભિધાન થવાથી લોકમાં આટલો અનર્થ થશે ? આશ્ચર્ય છે.

પોતાની આંગળીને દર્ભથી ઢાંકીને હોમ કર્યા પછી દક્ષિણા લેનારા આ બ્રાહ્મણ શું તલવાર લેવાથી ક્ષત્રિય થશે ? વ્યાપાર કરવાથી વૈશ્ય થશે ? તેમના ગુણનો અભાવ નહિ થઈ શકે ? ક્ષત્રિય વૈશ્ય તો દાતા છે, પાત્ર નથી. પરંતુ આ બ્રાહ્મણ દાતા પણ છે. પાત્ર પણ છે. આટલો પણ વિચાર તેઓમાં નહિ રહે ? આશ્ચર્ય છે.

ભગવાન ! વિશેષ શું ? મારા ને મારા નાના ભાઈના પવિત્ર યજ્ઞોપવીત સંસ્કાર કોણે કરાવ્યા ? બ્રાહ્મણોએ ને ? તો તેઓ પોતાને અંતિમ (છેવટે ઉત્પન્ન થયેલા) કેમ સમજી લે ? બહુ દુઃખની વાત છે.

ભગવાન ! જવા દ્યો, તેમનું જે ભવિતવ્ય છે તે થશે હવે કૃપા કરીને રાત્રિના અંતિમ પ્રહરમાં જોવામાં આવેલા મારા સોળ સ્વપ્નોનાં ફળ બતાવો. આ રીતે હાથ જોડીને સમ્રાટે પ્રાર્થના કરી. ત્યારે આદિપ્રભુએ તે સ્વપ્નોનું ફળ બતાવ્યું.

**પહેલું સ્વપ્ન :-**

એક એક વાઘ સાથે અનેક વાઘ મળીને જાય છે અને પંક્તિબદ્ધ થઈને તેની પાછળ આ રીતે ત્રેવીશ શેર જાય છે. આવું જે તમે સૌથી પહેલું સ્વપ્ન જોયું છે તેનું ફળ એ છે કે અમારાથી માંડીને ત્રેવીશ તીર્થંકર થશે, ત્યાંસુધી ધર્મનો ઉદ્યોત યથેષ્ઠરૂપે રહેશે. મિથ્યામતોનો ઉદય પ્રાણીઓના હૃદયમાં હોવા છતાં પણ તેની વૃદ્ધિ નહિ થાય. જિનધર્મનું જ ધાવલ્ય (ઉજ્જવલતા) રહેશે. લોકોમાં મતભેદ ઉત્પન્ન થશે નહિ.

**બીજું સ્વપ્ન :-**

બીજા સ્વપ્નમાં ભગવાન ! મેં જોયું કે અંતે એક શેર જતો હતો, તેની સાથે બાકીના મૃગ મળીને નહોતા જતા. તેનાથી ગુસ્સે થઈને દૂર દૂર ભાગતા હતા. ભગવાને ફરમાવ્યું કે આના ફળમાં અંતિમ તિર્થંકર મહાવીરના સમયમાં મિથ્યામતોનો તીવ્ર પ્રચાર થવા લાગશે મતભેદની વૃદ્ધિ થશે.

**ત્રીજુ સ્વપ્ન :-**

સ્વામી ! એક બહુ મોટા તળાવને જોયું, જેની વચ્ચે બિલકુલ પાણી નહોતું, સુકાઈ ગયું હતું. પરંતુ ખૂણાખૂણામાં પાણી હતું. ભવ્ય ! કલિકાલમાં જૈનધર્મનું ઉજ્જવલ રૂપ મધ્ય પ્રદેશમાં નહિ રહે કિનારે જઈને રહેશે. એની આ સૂચના છે. આ પ્રકારે ભગવાને કહ્યું.

**ચોથું સ્વપ્ન :-**

સ્વામી ! હાથીપર વાંદરો ચઢીને જતો હતો. આ રીતે કષ્ટતર વૃત્તિયુક્ત વ્યવહાર જોયો. એનું શું ફળ છે ?

ભવ્ય ! આદરણીય ક્ષત્રિય લોક ફળભ્રષ્ટ થઈને અંતે રાજ્યશાસનનું કાર્ય નીચના હાથમાં જશે. ક્ષત્રિય લોક પોતાના અધિકારના મદમાં એટલા મસ્ત થશે કે તેમને કોઈ વિવેક નહિ રહે. છેવટે તેઓ કર્તવ્યચ્યુત થશે. દુષ્ટનિગ્રહ ને શિષ્ટ પરિપાલનનું પાવનકાર્ય તેમનાથી નહિ બને.

**પાંચમું સ્વપ્ન :-**

સ્વામી ! ગાય કોમલ ઘાસ છોડીને પાંદડા ખાઈ રહી હતી. આ શું વાત છે ? ભવ્ય ! સ્ત્રીપુરુષ કલિકાલમાં જાતીય શિષ્ટ વૃત્તિને છોડીને વિપરીત વૃત્તિ ચાહવા લાગશે. લોકમાં સ્વચ્છંદવૃત્તિ વધે છે. જાતીય મર્યાદામાં રહેવું તેઓ પસંદ નથી કરતા. તેમને ઊલટીને ઊલટી જ વાતો સૂઝવા લાગે છે.

**છઠ્ઠું સ્વપ્ન : -**

સ્વામી ! પાંદડા રહિત વૃક્ષો મેં જોયા. તેનું ફલ શું ? કલિકાલમાં લોકો લોકલજ્જાનો પણ ત્યાગ કરશે. તેમને તેમના શરીરની શોભાની પણ ચિંતા નહિ રહે. પોતે પોતાને પણ તેઓ ભૂલી જશે. ચારે તરફ આ હાલત જોવામાં આવશે.

**સાતમું સ્વપ્ન :-**

સ્વામી ! આ પૃથ્વી ઉપર જ્યાં જોઉં છું. ત્યાં સુકાયેલા પાંદડાં જ પડેલાં છે. એનું ફલ શું ? ભવ્ય ! આગળના લોકોને ઉપભોગ, પરિભોગ માટે રસહીન પદાર્થ જ મળશે. ભોગોપભોગને માટે પણ સરસ પદાર્થો પામવાની તેમને નસિયત નહિ રહે. પ્રકૃતિમાં પણ તે પ્રકારનું પરિવર્તન થશે.

**આઠમું સ્વપ્ન :-**

એક પાગલ અનેક વસ્ત્રાભરણોથી સજ્જ થઈને આવતો હતો. ભગવાન ! એનું શું ફલ છે ? ભવ્ય ! આના ફળમાં લોક કલિકાલમાં સુંદર સુંદર નામો ન રાખતાં ગમે તે ફાલતુ નામો રાખશે. અર્થાત્ કલિકાલમાં લોક આદિનાથ, ચંદ્રપ્રભ, ભરત, નેમિનાથ, જીવધર, શાંતિનાથ વગેરે ત્રિષષ્ટિ શલાકા પુરુષોના નામ ન પસંદ કરતાં પોતાના બાળકનાં પ્યારથી કોઈ મંકીચંદ્ર, ડાંકીચંદ્ર, ઘોડીબા, દગડોબા, ટામી ઈત્યાદિ ગંભીર હીન નામો રાખશે. લોકોની પ્રવૃત્તિ જ એવા પ્રકારની થશે.

**નવમું સ્વપ્ન :-**

સોનાની થાળીમાં એક કુતરો ખાતો હતો. આશ્ચર્ય છે. તેનું શું ફલ આવશે ? ભરતજીએ વિનયથી પૂછયું. કલિકાલમાં દંભી, ઢોંગી લોકોની જ અધિકતર પ્રતિષ્ઠા થશે. સજ્જન લોકોનો જેવો જોઈએ તેવો આદર નહિ થાય. લોક પણ ઢોંગને અધિક પસંદ કરશે. સત્યવકતા, સ્પષ્ટવક્તાની નિંદા કરવાનો પ્રયત્ન કરશે.

**દશમું સ્વપ્ન :-**

સ્વામી ! ઘુવડ, કાગડો વગેરે મળીને એક શુભ્ર હંસપક્ષીને પજવતા હતા. તેને અનેક પ્રકારે દુઃખ દઈ રહ્યા હતા. તેનું શું ફળ હશે ? ભવ્ય ! આગળ કલિયુગમાં રાગરોષાદિક કષાયોથી યુક્ત

જન હંસયોગી વીતરાગ તપસ્વીની નિંદા કરશે. તેમના માર્ગમાં અનેક પ્રકારના કષ્ટ ઉપસ્થિત કરશે. અનેક પ્રકારે તપની અવહેલનાં કરશે.

**અગિયારમું સ્વપ્ન :-**

સ્વામી ! હાથીની અંબાડીને ઘોડા ધારણ કરીને જતા હતા, એનું ફલ શું ? ભવ્ય ! કલિકાલના અંતમાં શ્રેષ્ઠજનો દ્વારા ધારણ કરવા યોગ્ય જૈનધર્મને અધમ લોકો જ ધારણ કરશે.

**બારમું સ્વપ્ન :-**

એક નાનો બળદ પોતાના ટોળાને છોડીને સુસવાટા નાખતો ભાગતો હતો. તેનું ફળ શું આવશે ? ભવ્ય ! કલિકાલમાં નાની ઉંમરમાં જ દીક્ષિત થાશે. અધિક વયમાં દીક્ષિત બહુ ઓછા મળશે અને સંઘમાં રહેવાની ભાવના ઓછી રહેશે.

**તેરમું સ્વપ્ન :-**

બે બળદ એકી સાથે કોઈ જંગલમાં ચરતા જોયા, એનું શું ફળ છે ? કલિકાલમાં તપસ્વીજન એક બે સંખ્યામાં ગિરિગુફાઓમાં જોવામાં આવશે. અર્થાત્ એમની સંખ્યા અધિક નહિ રહે.

**ચૌદમું સ્વપ્ન :-**

સ્વામી ! અત્યંત ઉજ્જવલ પ્રકાશથી યુક્ત રત્નરાશિ પર ધૂળ જામીને તે મેલું થઈ થયું છે. એનું ફળ શું છે ? ભવ્ય ! કલિકાલમાં તપસ્વીઓને રસ, બલ, બુદ્ધિ વગેરે ઋદ્ધિઓ પ્રગટશે નહિ.

**પંદરમું સ્વપ્ન :-**

ધવલ પ્રકાશના ચંદ્રમાને મેઘમંડલે ઘેરી લીધો હતો, એમ મેં જોયું, એનું ફલ શું આવશે ? ભવ્ય ! તે વખતે મુનિઓને અવધિજ્ઞાનને મનઃપર્યય જ્ઞાનની ઉત્પત્તિ નહિ થાય.

**સોળમું સ્વપ્ન :-**

પ્રભુ ! અંતિમ સ્વપ્ન મેં જોયું કે સૂર્યને એકદમ વાદળે ઘેર્યું હતું. તે એકદમ તે વાદળમાં ઢંકાઈ ગયો હતો. એનું શું ફળ છે ? કૃપા કરીને કહો.

ભવ્ય ! કલિકાલમાં અહીંયા કોઈને પણ કેવલ જ્ઞાનની પ્રાપ્તિ નહિ થાય. કૈવલ્ય પણ નહિ થાય. સાથે ભગવાને એમ પણ ફરમાવ્યું ? કે આ કલિનામનો પંચમ કાળ એકવીશ હજાર વર્ષનો છે. તે સમાપ્ત થયા પછી ફરી એકવીશ હજાર વર્ષનો બીજો કાળ આવશે. તેમાં તો ધર્મ કર્મનું નામ જ સાંભળવા મળશે નહિ. ત્યાર બાદ પ્રલય થશે. પ્રલય પછી ફરી ધર્મની ઉત્પત્તિ. વૃદ્ધિ થશે. ફરી વૃદ્ધિ, હાની, આ પ્રકારની પરંપરાએ આ સંસારચક્ર ચાલ્યા જ કરશે.

સ્વપ્નનાં ફળ સાંભળીને ભરતજી કહેવા લાગ્યા કે પ્રભુ ! આ દુઃસ્વપ્ન તો જરૂર છે. પરંતુ મારે માટે નહિ, આગળના લોકોને માટે. આ સ્વપ્ના જોવાથી મને આપના ચરણોનાં દર્શન થયા તેથી મારે તો તે સુસ્વપ્ન જ છે. તેથી હે અસ્વપ્નપતિ વંદ્ય ભગવાન ! આપનો જય જયકાર હો.

પ્રભુ ! આપના ચરણોમાં એક બીજું નિવેદન છે. હું આ કૈલાસપર્વત પર જિનમંદિરોની રચના કરાવા ઈચ્છું છું. તેને માટે આજ્ઞા મળવી જોઈએ.

ત્યારપછી ભરતજી ભગવાનની સ્તુતિ કરીને બ્રાહ્મણોની સાથે ભગવાનના ચરણોમાં નમસ્કાર કરીને ત્યાંથી નીકળ્યા, સાથે ત્યાં ઉપસ્થિત તપસ્વીઓને પણ વંદન કર્યું. સમવસરણથી હર્ષપૂર્વક કૈલાસ પર્વત ઉપર આવ્યા, અને જિનમંદિર બનાવવાનાં યોગ્ય સ્થાનને જોઈને ત્યાં જિનમંદિર બનાવવા માટે ભદ્રમુખને કહ્યું. આડાઅવળા નહિ, સુંદર હારબદ્ધ બોતેર જિનમંદિરોની રચના કરો. પછી હું પ્રતિષ્ઠાકાર્ય જાતે કરીશ. એમ કહીને તે કામ કરવા ભદ્રમુખને ફરી નીમ્યા.

તે વખતે તેજોરાશિ નામના અધ્યાત્મયોગી તે માર્ગથી આવતા હતા. તેઓ આહાર માટે ભૂપ્રદેશમાં ગયા હતા. આવતી વખતે કૈલાસપર્વત પર સમ્રાટનો ને તેમનો મેળાપ થયો. તેજોરાશિ મુનિ સામાન્ય નહોતા નામની સમાન જ પ્રતિભાસંપન્ન હતા. ભગવાનના ગણધર હતા. મનઃપર્યય જ્ઞાનધારી હતા. અણિમાદિ સિદ્ધિઓદ્વારા યુક્ત હતા વિપ્રસમૂહની સાથે સમ્રાટે તે મહાત્મા યોગીના ચરણોમાં નમસ્કાર કર્યા, તેથી યોગીએ પણ આશીર્વાદ આપ્યો.

યોગીએ કહ્યું કે રાજા ! તમે અહીં નવા જિનમંદિરોની રચના કરો છો એ સુંદર વાત છે તમારે માટે એક બીજુ પરહિતનું કાર્ય કહીશ. તે પણ તમે કરો.

ગુરુવર ! આજ્ઞા આપો, જરૂર કરીશ. એ રીતે વિનયથી ભરતજીએ કહ્યું.

ભરત ! તમારી રાણીઓને ભગવાનના દર્શનની બહુ ઉત્કષ્ટ ઈચ્છા છે. પરંતુ લોકોની ભીડ અગણિતરૂપે હોવાથી તેમને અનુકૂલતા મળતી નથી. તેથી તે લોકોએ ભગવાનના દર્શન થતાં સુધી એક એક વ્રત મનમાં લઈ રાખ્યું છે, ગમે ત્યારે થાય પણ અરહંતના દર્શન થયા પછી અમે અમુક રસ લઈશું, ન થાય ત્યાંસુધી નહિ લઈએ. જો દર્શન ન થયા તો જીવનપર્યંત આ રસોનો ત્યાગ રહેશે, આ રીતે તે રાણીઓએ એક રસનો ત્યાગ કરી લીધો છે.

ભરત ! આ તમને પણ ખબર નથી, બીજાને પણ ખબર નથી, કેવલ તેઓ સ્વાનુવેદ્યથી ગૂઢ વ્રત પાળી રહ્યા છે. આજ સુધી તે વ્રતોનું પાલન કરતી આવી છે. હવે તે વ્રતો છોડાવવા જોઈએ. સાંભળો ! આ મંદિરોની પ્રતિષ્ઠા તમે કરાવજો. નિર્વાણ કલ્યાણને દિવસે સમવસરણમાં સ્થિત સર્વ સજ્જન બીજી જગ્યાએ જશે. કેટલાક માત્ર વૃદ્ધ સંયમી ભગવાનની પાસે રહેશે, તે વખતે લાવીને તમારી રાણીઓને ભગવાનના દર્શન કરાવો. આ સારો મોકો છે. સમજયા ? એટલું કહીને તે યોગીરાજ આગળ ચાલ્યા ગયા.

ભરતજીએ પોતાની રાણીઓના મનની વાત જાણીને અને તેમના ઉચ્ચ વિચારોને જાણીને મનમાં બહુ પ્રસન્ન થયા અને નિર્ણય કર્યો કે આ પ્રતિષ્ઠાને વખતે મારી બહેનોની સાથે બધી રાણીઓને ભગવાનના દર્શન કરાવું. તે વખતે ભરતજીએ પોતાની પુત્રીઓને તથા બહેનોને પત્ર લખીને બધા સમાચાર બહુ આનંદપૂર્વક બ્રાહ્મણોની સાથે મોકલાવ્યા.

ભરતજીની વૃત્તિ જોઈને તે વિપ્રજન પણ બહુ પ્રસન્ન થયા અને તે આનંદ ભર્યા પ્રશંસા કરવા

લાગ્યા કે સ્વામી ! આપ. આપની બહેનો, આપની પુત્રીઓ, પુત્રો ને રાણીઓના જીવનને પવિત્ર કરવા જ ઉત્પન્ન થયા છો. એટલું જ કેમ, લોકના સમસ્ત જીવોના ઉદ્ધારને માટે જ આપનો જન્મ થયો છે આપને ભોગમાં આસક્તિ નથી, ધર્મયોગમાં આસક્તિ છે. તેથી આપને સંસારી કેમ કહેવાય ? આપ ગૃહતપોભોગી કહેવા યોગ છો ! અર્થાત્ આપ ઘર આગળ રહેવા છતાં પણ તપસ્વી છો. પરમાત્મા ! હે જિનસિદ્ધ ! ભરતરાજેંદ્ર લોકમાં શું ગૃહસ્થ છે ? ના, ના, તે મોક્ષમાર્ગસ્થ છે. આ રીતે સુંદર દાઢી, કુંડલ ને મસ્તકને હલાવતા થકા તે વિપ્રોએ ભરતજીની પ્રશંસા કરી.

બહુ આનંદપૂર્વક વાતચીત કરતા થકા તે બધા મળીને અયોધ્યા નગરમાં આવ્યા. નગરપ્રવેશ કર્યા પછી તે વિપ્રોને પોતપોતાના સ્થાનમાં મોકલીને ભરતજી મહેલની તરફ ગયા, ને ત્યાં સુખે રહેવા લાગ્યા. એવામાં તો ચક્રવર્તીએ જે દુસ્વપનો જોયા હતા તેના બધે ય સમાચાર ફેલાઈ ગયા. બધા દેશના રાજા સમ્રાટને મળવા આવવા લાગ્યા.

આશ્ચર્ય છે, એક ગરીબ અગર પ્રાણાંતિક બીમાર પડે તોપણ લોક તેની કાંઈ પણ પરવાહ ન કરીને ઉપેક્ષા કરે છે. પરંતુ શ્રીમંતે જો એક સ્વપ્ન પણ જોયું તો લોકો આવીને ઉપચાર કરે છે. આ લોકની રીત છે ? તેથી કહેવાની પરિપાટી પડી છે કે ‘ગરીબની બીમારી ઘરપર, અને શ્રીમંતની બીમારી ગામ પર. તેથી ભરતજીને સ્વપ્ન આવતાં જ મોટા મોટા રાજા મહારાજા તેમને મળવા આવ્યા છે.

માગધ, વરતનુ, હિમવંત દેવથી માંડીને મુખ્ય મુખ્ય વ્યંતરો આવ્યા અને ખેચર રાજા પણ આવ્યા. રોજ કોઈને કોઈ દેશના રાજા આવે છે. અને ભરતજીના ચરણોમાં અનેક વસ્ત્ર, રત્નાદિક ભેટ રાખીને તેમના કુશળ સમાચાર પૂછવામાં આવે છે. આ રીતે ત્યાં પ્રતિદિન એક ઉત્સવ જ થાય છે. પ્રત્યેક દેશના રાજા આવે છે અને ભેટ સમર્પણ કરે છે અને ભરતજી પ્રત્યે શુભકામના પ્રગટ કરે છે. કોઈ કહે છે કે અમે જે બ્રાહ્મણને દાન દઈએ છીએ, બહુ વૈભવથી જિનપૂજા કરીએ છીએ યોગીઓની ભક્તિથી ઉપાસના કરીએ છીએ. આ બધાનુ ફળ સમ્રાટને રહો. અનેક રાજાગણ સ્વપ્ન દોષના પરિહાર અર્થે શાંતિક, આરાધના, હોમ હવનાદિક કરાવે છે. આ રીતે અનેક રીતે રાજા સમ્રાટ પ્રત્યે ઉપચાર કરી રહ્યા છે. પરંતુ સમ્રાટ હા, ના, કાંઈ પણ ન કહેતાં બધાના વ્યવહારને ઉદાસીન ભાવથી જોયા કરે છે. કારણ તેઓ તેને પણ એક સ્વપ્નું જ સમજી રહ્યા હતા.

ભરતજી વિચારે છે કે હું તદ્દન કુશલ છું. આત્માને કોઈ અસ્વસ્થતા જ નથી. આત્મયોગ જ તેને માટે હરેક રીતે રક્ષણ કરનાર મંત્ર છે. કેવલ આ રાજા વિનય કરે છે, તેમને કયાં ના પાડવી. આ ભાવથી હું સાક્ષીરૂપે તેનો સ્વીકાર કરું છું. બધા દ્વારા કરવામાં આવેલા આદરનો સ્વીકાર કરીને તેમનો તેનાથી પણ બમણો સત્કાર કરીને ભરતજીએ આદર પૂર્વક મોકલ્યા. બધા પોત પોતાના સ્થાને ગયા.

એક દિવસની વાત છે. બુદ્ધિસાગર મંત્રી પોતાના સહોદર ભાઈને લઈને ભરતજીની પાસે આવ્યા. અને તેઓએ એક માહુલુંગના ફળની ભેટ મૂકીને નમસ્કાર કર્યા અને સમ્રાટને કહ્યું કે પ્રભુ ! આપને એક પ્રાર્થના છે. સ્વામી ! દેવલોક, નાગલોક ને નરલોકમાં આપ જેવા કોઈ રાજા

નથી, એ બધી દુનિયા જાણે છે. અને કેવલ બે ઘડીનાં તપમાં કર્મોને આપ બાળી નાખશો એ પણ ભગવાને કહ્યું છે, એ પણ લોકો જાણે છે. આપ રાજાઓમાં રાજા છો, યોગીઓમાં યોગી છો, સ્ત્રીઓને માટે બેવડા કામદેવ છો, સોઈના નાકા જેટલો પણ આપમાં દોષ નથી. તેથી આપ પ્રૌઢ રાજા છો.

હું પ્રશંસા કરું છું, મને સ્તુતિપાઠક ન સમજો. પરંતુ આપને જોઈને પ્રસન્ન ન થનાર લોકમાં કોણ છે ? વિશેષ શું કહું ? સ્વામી ! આપે જ ત્રણ લોકના મસ્તકને પોતાના ગુણોથી ખેંચીને ડોલાવ્યું. સુવિવેકી રાજાના દરબાર, પહેલા જન્મમાં જેઓએ બહુ પુણ્ય સંપાદન કર્યું છે તેમને જ પ્રાપ્ત થાય છે. આ વાત તદ્દન સત્ય છે. વિશેષ શું ? આપની સેવાથી મેં પ્રત્યક્ષ સ્વર્ગસુખનો અનુભવ કર્યો. આપને સ્મરણ કરવા માત્રથી, દેખવા માત્રથી બધાને જ્ઞાનનો ઉદય થાય છે. તો આપને મંત્રીની શી જરૂર છે. કેવલ ઉપચારથી મને મુખ્ય મંત્રી બનાવીને આજ સુધી ચાલુ રાખ્યો. સ્વામી ! આજસુધી જરાપણ મારી ઈજ્જત આબરૂ ઓછી ન થાય, લોકમાં વાહ વાહ થાય એ રીતે મને ચાલુ રાખ્યો. હું તૃપ્ત થઈ ગયો છું નાથ ! આજ એક વિચાર કરીને આવ્યો છું. તે સાંભળવાની કૃપા કરો.

નાથ ! હું ચિરકાલથી આ સંસારચક્રમાં ! પરિભ્રમણ કરી રહ્યો છું. હવે મારી ઉંમર ઘણી થઈ ગઈ છે, મર્યાદાતીત વૃદ્ધવસ્થા આવી ગઈ છે. હવે મારો દેહ લાંબો વખત નહિ રહે. ગમે તેવો પણ આ દેહ નાશવાન છે. તેથી અંતિમ સમયમાં તેનો ઉપયોગ તપમાં કરીને પછી મુક્તિ સાધન કરીશું તેથી મને આજ્ઞા આપો.

આમ કહીને બુદ્ધિસાગર સાષ્ટાંગ ભરતજીના ચરણોમાં પડયા, ભરતજીનુ હૃદય ધમધમ થવા લાગ્યું. તેમને મંત્રીનો વિયોગ અસહ્ય થયો. તેઓએ મંત્રીને કહ્યું કે બુદ્ધિસાગર ! ઊઠો, હું શું કહું છું. સાંભળો.

ત્યારે બુદ્ધિસાગરે કહ્યું કે આપ દીક્ષાના કાર્ય માટે જવાને અનુમતિ આપો તો હું ઊઠું. ત્યારે ભરતજીએ કહ્યું કે પગે પડેલા માણસને, જવાનું કેમ કહી શકું ? ઊઠયા વિના તે કેવી રીતે જઈ શકશે ? ત્યારે બુદ્ધિસાગર ઊઠીને ઊભા થયા.

ભરતજીએ કહ્યું કે મંત્રી ! અંતિમ સમયમાં તપશ્ચર્યા કરવી તે યોગ્ય છે. પરંતુ થોડાક વખત પછી જાઓ, હમણાં ન જાઓ.

ત્યારે બુદ્ધિસાગરે કહ્યું કે સ્વામી ! બોલ ચાલ ને ઈન્દ્રિયોમાં શક્તિ રહે ત્યાં સુધીમાં હું કર્મોનો નાશ કરવા ઈચ્છું છું, તેથી હવે જવાની અનુમતિ મળવી જોઈએ.

ભરતજીએ ફરી કહ્યું કે મંત્રી ! વિશેષ નહિ તો કૈલાસમાં રચેલાં જિનમંદિરોની પ્રતિષ્ઠા થાય ત્યાં સુધી તમે રોકાઓ પૂજાસમારંભ જોયા પછી દીક્ષિત થઈ જાઓ. પછી હું તમને નહિ રોકું.

બુદ્ધિસાગર મંત્રીએ કહ્યું કે સ્વામી ! નકામી મારી આશા કેમ રાખો છો ક્ષમા કરો. મારે જાવું છે, જવા દ્યો. આમ કહીને ભરતજીના ચરણોમાં ફરી પોતાનું મસ્તક નમાવ્યું. ભરતજી સમજી ગયા કે હવે આ ગયા વિના નહિ રહે.

મંત્રી ! તમારા તંત્રને હું સમજી ગયો. હવે ઊઠો. આજ સુધી તમે મને નમસ્કાર કરતા હતા હવે તમારા ચરણોમાં મને નમસ્કાર કરાવા ઈચ્છો છો. હું સમજી ગયો. સારું તમારી જેવી મરજી હોય તેમ જ થવા દ્યો.

આ રીતે કહીને ભરતજીએ તેને ઉઠાડીને દુઃખપૂર્વક આલિંગન કર્યું ને તેને જવાની અનુમતિ આપી. ત્યારે બુદ્ધિસાગરે પોતાની પટ્ટમુદ્રિકાને હાથમાંથી કાઢીને સમ્રાટને સોંપતા થકા કહ્યું કે મારા સહોદરોનું દયાર્દ્રદષ્ટિથી રક્ષણ કરો. જ્યારે તેણે મુદ્રિકા કાઢી દીધી તે વખતે એમ લાગતું હતું કે કદાચ બુદ્ધિસાગર રાગાંકુરને જ કાઢીને આપતા હોય.

સમ્રાટની આંખોમાંથી આંસુ પડવા લાગ્યા. બુદ્ધિસાગર મંત્રીના મિત્ર, સહોદર વગેરે ચિંતામગ્ન થઈ ગયા. પરંતુ બુદ્ધિસાગરના હૃદયમાં યથાર્થ વૈરાગ્ય હોવાથી તેઓએ કોઈના તરફ ન જોયું. પણ એકવાર હાથ જોડીને તે સભાથી બુદ્ધિસાગર છાનામુના દીક્ષા માટે નીકળી ગયા.

ભરતજી પોતાના મનમાં ધીરજ ધારીને બુદ્ધિસાગરના ભાઈને સમજાવવા લાગ્યા કે વિપ્રવર ! તમે દુઃખી ન થાઓ. તમારા ભાઈને હવે વૃદ્ધાવસ્થામાં આત્મસિદ્ધિ કરી લેવા દ્યો. નાહક ચિંતા કરવાથી શું પ્રયોજન છે ? જ્યારે તમારા ભાઈ યોગ માટે ચાલ્યા ગયા તો હવે અમારા માટે બુદ્ધિસાગર તમે છો. આમ કહીને અનુરાગપૂર્વક સમ્રાટે તે પટ્ટમુદ્રિકાને તેને ધારણ કરાવી. વળી અનેક પ્રકારના વસ્ત્રાભૂષણોથી તેનો સત્કાર કર્યો. અને કહ્યું કે હવે સમસ્તપૃથ્વીનો ભાર તમારા પર જ છે. આમ કહીને બહુ સંતોષપૂર્વક તેને ત્યાંથી મોકલ્યા.

અનેક પ્રકારના મંગલદ્રવ્ય, હાથી, ઘોડા, ધ્વજપતાકા અને મંગલ વાદ્યોની સાથે મિત્રગણ નવીન મંત્રીને જિનમંદિરમાં લઈ ગયા. ત્યાં દર્શનપૂજન થયા પછી ફરી સમ્રાટની પાસે આવીને તેમના ચરણોમાં ભક્તિથી અનેક ભેટ રાખીને નમસ્કાર કર્યા. આ રીતે યુવરાજના ચરણોમાં પણ ભેટ રાખીને નમસ્કાર કર્યા. સર્વ સભાસદોએ જયજયકાર કર્યો. બુદ્ધિસાગર મંત્રી ત્યારપછી મહાજનોની સાથે મળીને પોતાના ઘરની તરફ ચાલ્યા ગયા.

બધા લોકો ગયા પછી સમ્રાટ પોતાના મહેલમાં સુખે પોતાનો સમય વ્યતીત કરી રહ્યા છે.

પાઠક ! ભરતજીના જીવનના વૈચિત્ર્યને જોતા હશો. ક્યારેક ચિંતા અને ક્યારેક આનંદ આ રીતે વિવિધ પ્રસંગ તેમના જીવનમાં દેખવામાં આવે છે. તેઓએ બ્રાહ્મણોની રચના કરી તો તેથી ભવિષ્યમાં થવાવાળી દુર્દશા સાંભળીને તેઓ કાંઈક ખેદ પામ્યા હતા ત્યાર પછી સોળ સ્વપ્નનાં ફળ સાંભળીને થોડું દુઃખ થયું. પરંતુ તેમાં પણ તેઓએ પોતાના હૃદયને શાંત કરી લીધું. ભગવાનના દર્શન મળ્યાપછી દુઃસ્વપ્ન પણ સુસ્વપ્ન થઈ જાય છે. ભરતજીને દુસ્વપ્નના દર્શન થયા. તેથી લોકના સમસ્ત રાજા અનેક શાંતિક આરાધના હોમહવનાદિક કરે છે. ભરતજી તેમને પણ ઉદાસીનભાવથી જ જુએ છે. તેમની ધારણા છે કે આ દુનિયા જ સ્વપ્નમય છે. મેં નિદ્રામાં સોળ સ્વપ્ન જોયા, પરંતુ જાગતા મનુષ્ય રોજ હજારો સ્વપ્ન જુએ છે, તે બધાને સત્ય સમજે છે, તેથી સંસારમાં પરિભ્રમણ કરે છે. જો તેમને સ્વપ્ન જ સમજે તો દીર્ઘ સંસારી કદી ન થાય. તેથી ભરતજી હંમેશાં આ પ્રકારની ભાવના કરે છે કે :-

‘‘હે પરમાત્મા ! પ્રતિનિત્ય સમય સમય પર પ્રાપ્ત થવાવાળા સુખ, દુઃખ, મિત્ર, શત્રુ, ધન ને દારિદ્ર એ બધું સ્વપ્ન જ છે. આ ભાવના જાગૃત કરીને મારા હૃદયમાંસદાય વર્ત્યા રહો. હે ચિદંબરપુરુષ ! તમે આ ભાવનાથી સુખમાં બિરાજમાન થયા છો.

હે સિદ્ધાત્મા ! આપ સ્વચ્છ ચાંદનીની મૂર્તિ સમાન ઉજ્જવલ છો, સચ્ચિદાનંદ છો, ભવ્યોના આરાધ્ય દેવ છો, તેથી મને સન્મતિ આપો.’’

આ ભાવનાનું ફળ છે કે ભરતજીને આવા વખતે કોઈ પણ પ્રકારનાં દુઃખ-સુખજન્ય શોક ઉત્પન્ન થતો નથી.

## ૯. જિનવાસનિર્મિત સંધિ

કૈલાસ પર્વત ઉપર સમ્રાટની આજ્ઞાનુસાર બહોંતેર જિનમંદિર બનાવ્યા. ભદ્રમુખે પોતાનું કામ પૂરું કરીને સમ્રાટની સેવામાં પ્રાર્થના કરી કે હે સ્વામી ! આપની ઈચ્છાનુસાર તમામ કામ બની ગયું છે. ભરતજી પણ ખૂબ પ્રસન્ન થયા. મંગલ કાર્ય સુખરૂપે પૂર્ણ થયું, આ સાંભળીને કોને હર્ષ ન થાય ?

ભરતજીએ ભદ્રમુખને હર્ષપૂર્વક બોલાવીને તેનો અનેક પ્રકારે રત્ન વસ્ત્રાભૂષણોથી સત્કાર કર્યો, ઉપસ્થિત રાજા પણ પ્રસન્ન થયા. આ રીતે યુવરાજે પણ અનેક ઉત્તમ પદાર્થ તેને ઉપહારમાં આપ્યા. આ રીતે યુવરાજના બધા સહોદર અને ઉપસ્થિત બધા રાજાઓએ તે સુરશિલ્પીનો સત્કાર કર્યો. અર્હંત મંદિર પુરું થયાના સમાચાર સાંભળીને જે દાન નથી દેતા તે જિનભક્ત-જૈન કેમ હોઈ શકે ? જેમના હૃદયમાં આવા અવસરોમાં હર્ષ નથી થતો. તે જૈન કેવી રીતે કહી શકાય ? તે સુરશિલ્પીને પહેલેથી જ સંપત્તિની કોઈ ખામી નહોતી, તોપણ તેઓએ પોતાની જિનભક્તિના દ્યોતનથી જે ઉપચાર કર્યો તેનાથી તે પ્રસન્ન થઈને ચાલ્યા ગયા. હવે ભરતજી પંચકલ્યાણિક પૂજાની તૈયારી કરવા લાગ્યા.

યોગ્ય મુહૂર્ત જોઈને પૂજા પ્રારંભ કરાવાનો નિર્ણય કર્યો. અને પોતાના મંત્રી, મિત્રોની સાથે યુવરાજને મોકલ્યા અને એમ કહ્યું કે તમો જઈને સર્વ વિધિ વિધાનનો પ્રારંભ કરાવો. હું મુખ વસ્ત્રનું જે દિવસે ઉદ્‌ઘાટન કરાવવાનું હોય તે દિવસે આવું છું. આ રીતે પૂજા પ્રારંભ થયા પછી ભરતજી મહેલમાં આ વાતની રાહ જોતા હતા કે કન્યાઓ અને બહેનો હજુ સુધી કેમ નથી આવ્યા ? એવામાં બહુ વૈભવપૂર્વક ભરતજીની પુત્રીઓ પોતપોતાના પતિની સાથે ત્યાં આવીને દાખલ થઈ.

કનકાવલી, રત્નાવલી, મુક્તાવલી, મનુદેવી વગેરે બધી કન્યાઓ આવી અને પિતાના ચરણોમાં મસ્તક નમાવ્યું. માતાઓની સાથે યુક્ત થઈને જ્યારે તે પુત્રીઓ ભરતજીના ચરણોમાં નમસ્કાર કરવા લાગી ત્યારે ભરતજીએ અનેક રૂપો ધારીને પુત્રીઓને આલિંગન કર્યું. પોતાના ખોળામાં બેસાડીને તેમના કુશળ સમાચાર પૂછતા હતા અને કહેતા હતા કે બેટા ! તમે આવ્યા તે બહુ સારું થયું. એવામાં તે પુત્રીઓની દાસીઓ આવીને તેમના પતિગૃહના ગંભીરપૂર્ણ વ્યવહારનું વર્ણન કરવા લાગી. આ સાંભળીને ભરતજીને વિશેષ હર્ષ થયો. તેઓએ પોતાની પત્નીઓને બોલાવીને કહ્યું કે સાંભળો ! દેવીઓ ! સાંભળો ! પોતાની પુત્રીઓના સન્માર્ગ પૂર્ણ વ્યવહાર સાંભળો. ત્યારે તે રાણીઓએ કહ્યું કે આપ જ સાંભળીને પ્રસન્ન થાઓ.અમે શું સાંભળીએ. બેટી ! તમે બહુ થાકી ગઈ છો જાઓ, વિશ્રાંતિ લ્યો. આ રીતે કહીને તે પુત્રીઓને રાણીઓની સાથે મહેલમાં મોકલી.

એવામાં ભાઈનું વિશાલ રાજ્ય જોઈને સંતુષ્ટ થતી થકી બે બહેનો ત્યાં આવી. તેઓએ હર્ષપૂર્વક આવીને ભાઈને તિલક કર્યું. ભરતજીએ પણ સહોદરીઓને જોઈને હર્ષ વ્યક્ત કરતા થકા, 'આવો ! સિંધુદેવી ! ગંગાદેવી ! આવો બેસો ! આ રીતે કહીને યોગ્ય મંગલાસન અપાવ્યું. બંને બહેનો બેસી ગઈ બહેન ! તમારો દેશ બહુ દૂર છે. તમે આવ્યા એ બહુ સારું થયું. ઉત્તરમાં તે બન્ને દેવીઓએ કહ્યું કે ભાઈ ! દૂર કયાં છે, તમારું દર્શન થયું એ સારું છે, દૂર કયાં છે.

એવામાં રાણીઓને બન્ને દેવીઓના આવવાના સમાચાર મળ્યા. તેઓએ અંદર બોલાવવા મોકલ્યા. ભરતજીએ અંદર જવા માટે બન્ને બહેનોને કહ્યું. બે દેવીઓ મહેલમાં આવી. પટ્ટરાણીને આગળ કરીને બધી રાણીઓ તેમના સ્વાગત માટે આવી. સામે તેને જોઈને વિનોદથી કાંઈ કહેવા લાગી.

તે રાણીઓ કહેવા લાગી કે ક્યા દેશની સ્ત્રીઓ અમારા મહેલમાં ઘૂસીને આવી છે ? ત્યારે ઉત્તરમાં તે બન્ને દેવીઓ કહેવા લાગી કે જે મહેલમાં અમારો જન્મ થયો છે તેમાં ઘૂસીને રહેવાવાળી તે સ્ત્રીઓ કોણ છે કહો તો ખરા ? પટ્ટરાણી અને તે બન્ને દેવીઓએ પરસ્પર પ્રેમથી આલિંગન દઈને ત્યાં બેઠા. બાકીની સ્ત્રીઓ સાથે હસીને ખુશીની વાતચીત કરતી થકી ત્યાં કુશલ પ્રશ્નાદિક કરે છે. તેમને આજે નવીન તહેવાર જ છે.

જ્યારે સ્ત્રીઓ અહીં આનંદ વિનોદમાં હતી ત્યારે ભરતજીની પાસે કનકરાજ, કાંતરાજ, શાંતરાજ આદિ જમાઈ આવ્યા. આ રીતે ગંગાદેવ, સિંધુદેવ પણ ભરતજી પાસે આવ્યા. તે બધાએ ભરતજીના ચરણોમાં અનેક પ્રકારના રત્ન વસ્ત્રાદિક ભેટમાં રાખીને નમસ્કાર કર્યા. ગંગાદેવ ને સિંધુદેવને યોગ્ય આસન આપવાનું કહીને જમાઈઓને શેતરંજી ઉપર બેસવા કહ્યું. બધા લોકો આનંદથી બેસી ગયા.

તેમની ઈચ્છાનુસાર કેટલાક દિવસ ભરતજીએ તેમનો સત્કાર કર્યો. ત્યાર પછી તે બધાને સાથે લઈને ભરતજી કૈલાસ પર્વત તરફ જવા નીકળ્યા, જતી વખતે કોણ જાણે કેટલો મોહ ? તેઓએ પૌદનપુરથી બાહુબલિના પુત્રને તથા વહુઓને પણ બોલાવ્યા હતા. તેમને લઈને ભરતજી બહુ આનંદપૂર્વક કૈલાસપર્વત તરફ ચાલ્યા ગયા. સાથે પોતાના સહોદરના પુત્ર અને તેમની વહુ વગેરે બધા પરિવારને લઈને ગયા. સમસ્ત કુટુંબ પરિવારને લઈને અનેક કરોડ વાદ્યોના શબ્દ સાથે મુખવસ્ત્રનું ઉદ્‌ઘાટન કરવા શુભ દિવસે ત્યાં પહોંચ્યા.

ત્યાં બધું વિધાન પહેલેથી યુવરાજે કરાવ્યું હતું. ભરતજીએ જઈને મુખવસ્ત્રનું ઉદ્‌ઘાટન કરાવ્યું. બધા લોકોએ તે વખતે જયજયકાર કર્યા. ક્રમે બહોંતેર જિનમંદિરમાં સ્થિત સુંદર અર્હંત પ્રતિમાઓને ભરતજીએ ભેટ મૂકીને પોતાના પુત્ર, મિત્રો સાથે વંદના કરી. આ રીતે રાણીઓએ, બહેનોએ, પુત્રીઓએ તે માણિકય અને સુવર્ણની પ્રતિમાઓને મણિરત્નાદિક ભેટ કરીને વંદના કરી. નવરત્નથી નિર્મિત જિનમંદિર છે, સુવર્ણથી નિર્મિત જિનપ્રતિમાઓ છે. આ રીતે અત્યંત સુંદરતાપૂર્વક સિદ્ધાસનમાં બિરાજમાન અર્હંત પ્રતિમાઓ શોભી રહી છે. ત્યાંનું વર્ણન શું કરીએ ?

પૂજાવિધાન થયા પછી નિત્ય નૈમિત્તિક પૂજા માટે યોગ્ય શાસન લખીને વ્યવસ્થા કરવામાં આવી. ભરતજી તેજોરાશિ મુનિરાજે જે વખત બતાવ્યો હતો તેની રાહ જોઈ રહ્યા હતા.

ઋષિવાકયમાં કોઈ અંતર હોઈ શકે છે ? તે વખતે ભગવાનના સમવસરણમાંથી દેવ, નર, નારી, તપસ્વીજન વગેરે સર્વ સમુદાય ગંગા નદીના તીર તરફ જવા લાગ્યા છે. ભગવાનના નિર્વાણકલ્યાણને જોવાની ઉત્કટ ભાવનાથી નિમિષમાત્રમાં તે પર્વત પરથી બધા જનો બીજી ભૂમિ

ઉપર ચાલ્યા ગયા. હવે ભગવાનની પાસે કોઈ નથી. કોઈ વૃદ્ધ તપસ્વીજન માત્ર હાજર છે, બાકીના બધા ચાલ્યા ગયા છે. આ અવસરને યોગ્ય સમજીને ભરતજી પોતાની બહેનોને પુત્રીઓને અને રાણીઓને તથા ઈતર જમાઈ આદિ પરિવારોને લઈને સમવસરણમાં દાખલ થયા. દ્વારપાલ અનુમતિ આપીને કેટલેક દૂર ચાલ્યો ગયો. ભરતજી સમજી ગયા કે તે સ્ત્રીઓના ઉગ્ર વ્રતનો પ્રતાપ છે.

નવવિધ પરકોટા, માનસ્તંભ, ખાઈ, વેદિકા, વિવિધ વન આ સંબંધમાં પહેલાં તે સ્ત્રીઓએ શાસ્ત્રોથી શ્રવણ કર્યું હતું. હવે આંખોથી જોઈને તેમના હર્ષનો પાર નહોતો. બહુ આનંદપૂર્વક તેમને જોતી જોતી આગળ જાય છે.

સમવસરણમાં રહેલાં અસંખ્યજન ગંગાતટની તરફ ચાલ્યા ગયા હતા, તેથી સમવસરણ ખાલી થઈ ગયું હતું. હવે ભરતજીના અગણિત પરિવાર પહોંચવાથી તે સમવસરણ ફરી ભરાઈ ગયું. ભરતજીનો પરિવાર શું થોડો છે ? દેવોનો તિરસ્કાર કરનાર (-દેવોને સૌંદર્યમાં નીચું જોવડાવનાર) તેમના પરિવારમાં સુંદર પુરુષ છે. દેવાંગનાઓને પણ નીચું જોવડાવનારી સ્ત્રીઓ તેમની રાણી અને પુત્રીઓ છે. આ બધાથી જ્યારે તે સમવસરણ ફરી ભરાઈ ગયું તો તેમાં એક નવીન શોભા બની. સ્વર્ગના દેવ દેવાંગનાઓની સાથે મળીને દેવેંદ્ર સમવસરણમાં પ્રવેશ કરતા હોય તેવી રીતે ભરતજી પોતાના સુંદર પરિવારની સાથે તે સમવસરણમાં પ્રવેશ કરી રહ્યા હતા.

જમાઈ, પુત્ર અને ગંગાદેવ, સિંધુદેવ એમને બહાર જ ઊભા રાખીને કહી દીધું કે તમે પછી દર્શન કરો. પહેલાં સ્ત્રીઓ દર્શન કરી આવે. આ વિચારથી બધી નારીઓને સાથે લઈને સુવિવેકી ભરતજી ભગવાનની પાસે ચાલ્યા ગયા.

ભગવાનના દર્શન થતાં જ હર્ષથી બધાએ જયજયકાર કર્યો ને તેમના ચરણોમાં ઉત્તમ ભેટ અર્પીને ભરતજીએ સાષ્ટાંગ નમસ્કાર કર્યા. દિવ્યવાણીશ ! વૃષભેશ ! પરમાત્મા ! આપ સદા જયવંત રહો, આ રીતે પ્રાર્થના કરી.

તે વખતે તે દેવીઓએ પણ ભગવાનના ચરણોમાં નમસ્કાર કર્યા. તે વખતે ભૂમિ પર પડેલી તે દેવીઓ નવીન લતાઓ સમાન લાગતી હતી. એકદમ ઊઠીને બધા હાથ જોડીને ભગવાનની શોભા જોવા લાગ્યા. આનંદાશ્રુ પડતા હતા. શરીરમાં બધેય રોમાંચ થયા. તેમના હર્ષાતિરેકનું શું વર્ણન કરવું, સમજવામાં નથી આવતું. કમલને ન સ્પર્શતાં ચાર આંગળ ઉપર નિરાધાર ઊભેલા ભગવાનને તે સ્ત્રીઓ નમી નમીને જોતી હતી. આશ્ચર્ય પૂર્વક જોતી હતી. પ્રદક્ષિણા દઈને સ્ત્રીઓ સમજી ગઈ કે ચારે તરફ એક સરખું મુખ છે. અહાહા ! આ કેવું આશ્ચર્ય છે ! શું આને જ ચતુર્મુખબ્રહ્મા કહે છે. દીર્ઘકેશની સુંદરતા, સૂર્યચંદ્રમાના સમૂહને પણ તિરસ્કૃત કરનારી શરીરકાંતિને જોઈને તે સ્ત્રીઓ આનંદ અનુભવતી હતી. ભગવાનના ભદ્રાકારને એક વાર જોતી, તો પદ્માસન મુદ્રાને એકવાર જોતી. આ રીતે ભગવાન તરફ સદ્ભક્તિથી જોઈને તે સ્ત્રીઓ આનંદ સમુદ્રમાં જ ડુબકી મારી રહી હતી.

દેવગણ જે વખતે ત્યાંથી ચાલ્યા ગયા હતા તે વખતે તેઓએ પોતાની વિદ્યા દેવતાઓને પ્રેરિત કરી હતી કે ભગવાનની ઉપર ચામર બરાબર ઢાળે. તે વિદ્યાદેવતાઓના વિદ્યાબલથી જ ત્યાં કોઈ

ન રહેવા છતાં પણ ચામર તો વીંઝાઈ રહ્યાં હતાં. આ રીતે પુષ્પવૃષ્ટિ થઈ રહી હતી. ધવલછત્ર શોભી રહ્યાં હતાં. ભામંડલની કાંતિએ બધી દિશાઓ વ્યાપ્ત કરી લીધી હતી. આ બધી બાબત જોઈને તે દેવીઓને બહુ જ હર્ષ થઈ રહ્યો હતો.

તે દેવીઓએ પહેલાં ક્યારેય સમવસરણ જોયું નહોતું. અર્હંત પ્રતિમાઓના જ દર્શન તેમને થયા હતા. હવે અહીંયા સાક્ષાત્ ભગવાનના ને સમવસરણના દર્શન થવાથી તેમને અપાર આનંદ થઈ રહ્યો હતો. વિશેષ શું ! નરલોકના એક મનુષ્યને સુરલોકમાં લઈ જઈને મૂકે તો તેની જેવી હાલત થાય તેવી તે સ્ત્રીઓની હાલત થઈ રહી હતી.

ભગવાનને તેમના પ્રત્યે કોઈ મમકાર નથી, પરંતુ તે માત્ર મોહી હોવાથી કહે છે એ આ અમારા મામા છે, અમારા દાદા છે, અમારા પિતા છે. આ રીતે પોતપોતાનો સંબંધ કાઢીને વિચાર કરે છે. જેવી રીતે બાળક ચંદ્રમાને જોઈને અનેક પ્રકારની કલ્પનાઓ કરે છે.

ગંગાદેવી ને સિંધુદેવીને પણ આજે પરમસંતોષ થયો હતો. તે મનમાં ને મનમાં વિચારવા લાગી કે સમ્રાટે અમને પોતાની બહેન બનાવી તે આજે સાર્થક થયું. આજે પિતાશ્રીના ચરણોના દર્શન થયા. અમને ધન્ય છે.

ભગવાનની પાસે વીશ હજાર કેવલી હતા, તે સ્ત્રીઓએ તે બધાને વંદન કર્યું. તેની વચ્ચે કચ્છકેવલી, મહાકચ્છકેવલીના દર્શન વિશેષ ભક્તિપૂર્વક પટ્ટરાણીએ કર્યા. તેમને જોઈને નમિરાજ, વિનમિરાજની પુત્રીઓએ પણ તે બન્ને કેવલીઓને વિશિષ્ટ ભક્તિથી વંદના કરી કેમકે તેમના તે દાદા હતા.

તે સ્ત્રીઓએ ભુજબલિ યોગી ને અનંતવીર્યયોગીને પણ ઘણો કાળ શોધ્યા. પરંતુ તેઓ તે કૈલાસ પર્વત પર નહોતા. અન્ય ભૂમિપર વિહાર કરતા હતા. આ રીતે રતિઅર્જિકાબાઈ, બ્રાહ્મી, ઈચ્છામહાદેવી, સુંદરીઅર્જિકાઓને પણ જોવાની ઈચ્છા હતી. પરંતુ એ તપસ્વિની પણ તે સમવસરણમાં નહોતી. અન્યત્ર વિહાર કરી ગઈ હતી. બાકીના સર્વ તપોનિધિઓને વંદના કરીને ભગવાનની પાસે આવ્યાં ને પ્રાર્થના કરવા લાગ્યા કે ભગવાન ! આપના ચરણોના દર્શન થતાં સુધી અમને એક ગૂઢવ્રત હતું, તે આજે ફળ્યું.

વિસ્તારપૂર્વક પૂજા કરવામાં આવે તો ક્યાંક દેવસમૂહ ન આવી જાય એવા ભયથી સમસ્ત સ્ત્રીઓ પાસે સંક્ષેપમાં જ ભરતે પૂજા કરાવી.

ત્યારપછી ભગવાનને ભરતજીએ પ્રશ્ન કર્યો કે સ્વામી ! અમારી સ્ત્રીઓમાં કેટલી અભવ્ય છે ? અને કેટલી ભવ્ય છે ? કહો. ઉત્તરમાં ભગવાને ફરમાવ્યું કે ભવ્ય ! તમારી સ્ત્રીઓમાં કોઈ પણ અભવ્ય નથી, બધી દેવીઓ ભવ્ય જ છે. તેઓ ક્રમશઃ અવ્યય સિદ્ધિને પ્રાપ્ત કરશે. ચિદ્દ્રવ્યનો તેમને પરિચય છે. આ જન્મ તેમનો સ્ત્રી જન્મ છે. આગળ હવે તેમનો સ્ત્રીજન્મ નહિ થાય. આગળ પુરુષલિંગને પામીને તેઓ બધી મુક્તિ પામશે. તમારી પુત્રીઓ, વહુઓ, પુત્ર અને જમાઈ બધા તમારા સંબંધી હોવાથી પુણ્યશાલી છે. ભવ્ય છે, અભવ્ય નથી.

ભરતજી આ સાંભળીને આનંદ પામ્યા. સ્ત્રીઓને પણ પરમ હર્ષ થયો. હવે આ સ્થાનમાં અધિક રોકાવું યોગ્ય નથી એમ સમજીને તે સ્ત્રીઓને રવાના કરી. અને બહાર ઊભેલા ગંગાદેવ, સિંધુદેવ, જમાઈ, પુત્ર વગેરેને બોલાવ્યા. બધાએ ભગવાનના દર્શન કર્યા, સ્તુતિ કરી, ભક્તિ કરી, અને પોતાને કૃતકૃત્ય માન્યા.

ભરતજીએ તેમને કહ્યું કે ફરી ક્યારેક આવીને આનંદથી પૂજા કરજો. આજે બધા સ્ત્રીઓને લઈને અયોધ્યા નગર તરફ જાઓ. તે બધા ભગવાનના ચરણોમાં નમસ્કાર કરીને ત્યાંથી નીકળ્યા અને બધી સ્ત્રીઓની સાથે વિમાનારુઢ થઈને અયોધ્યા તરફ ચાલ્યા ગયા. ભરતજી હજી સમવસરણમાં જ છે.

સમવસરણથી ગંગાતટપર ગયેલા મહાગણ પાછા આવ્યા. 'કલ્યાણ-મહોત્સવ બહુ સારો ઉજવાયો.' પ્રત્યેકના મુખથી આવા શબ્દો નીકળી રહ્યા છે. ભરતજીએ પૂછયું કોનો કલ્યાણ મહોત્સવ ઉજવાયો. ઉત્તરમાં દેવગણોએ કહ્યું કે 'ગંગાના તટપર ત્રણ દેહરહિત થઈને ભગવાન અનંતવીર્ય કેવલી મુક્તિ પધાર્યા. તેમનો નિર્વાણ કલ્યાણ !'

સમવસરણમાં દુઃખ પેદા થતું નથી તેથી ભરતજીને કાંઈ દુઃખ ન થયું. નહિતર નાના ભાઈ સદાને માટે જતા રહ્યા, તે સિદ્ધશિલાની તરફ ચાલ્યા ગયા તો દુઃખ કેમ ન થાય ? તેઓ જો અન્ય ભૂમિ પર સાંભળત તો ભરતજી એકદમ મૂર્ચ્છા પામી જાત. ભરતજીએ ફરી ધૈર્યપૂર્વક પ્રશ્ન કર્યો કે તેમની ગંધકુટીમાં સ્થિત યશસ્વતી માતા ક્યાં ચાલ્યા ગયા ? ત્યારે યોગીઓએ ઉત્તર આપ્યો કે તેઓ બાહુબલિ કેવલીની ગંધકુટીમાં ચાલ્યા ગયા.

ભરતજીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે પ્રભુ ! અનંતવીર્ય યોગી આટલી જલદી કેમ મોક્ષે ચાલ્યા ગયા ? ભગવાને ઉત્તર આપ્યો કે ભવ્ય ! આ કાલમાં તે અલ્પાયુષી છે, જવા દ્યો.

ભગવાનનાં ચરણોમાં નમસ્કાર કરીને ભરતજી મંત્રી મિત્રોની સાથે સમવસરણથી બહાર નીકળ્યા. એવામાં સામેથી પરાક્રમી જયકુમાર આવ્યા. તેઓ કહેવા લાગ્યા કે સ્વામી ! એક પ્રાર્થના છે. ભરતજીએ કહ્યું કે કહો, શું વાત છે ?

જયકુમારે કહ્યું કે સ્વામી ! દેવગણોએ મારા પર ઘોર ઉપસર્ગ કર્યો. મેં પ્રતિજ્ઞા કરી કે જો ઉપસર્ગ દૂર થયો તો હું દીક્ષા લઈ લઈશ. તો ઉપસર્ગ દૂર થયો. તો દીક્ષાને માટે રજા આપો. એમ કહીને ભરતજીના ચરણોમાં તેઓએ મસ્તક નમાવ્યું. ભરતજીએ કહ્યું કે ઊઠો. જ્યારે તમે વ્રત જ લીધું ત્યારે તમને કોણ રોકી શકે ? વિજય, જયંત તમારા બે ભાઈ છે. તેમને તમારા પદ પર નિમણૂંક કરીશ.

જયકુમારે કહ્યું કે સ્વામી ! તેઓએ સ્વીકાર ન કર્યો તો ?

ભરતજીએ કહ્યું કે જો તેઓ માન્ય ન રાખે તો પછી તમે જેમની નિમણૂંક કરશો તે મારા સેનાપતિ થશે. જાઓ, હું એ વાત કબૂલ રાખું છું.

જયકુમારે ફરી નમ્રતાથી કહ્યું કે સ્વામી ! મોટા તો નથી, પાંચ છ વર્ષના મારા પુત્ર છે. તેની આપ રક્ષા કરો.

ભરતજીએ કહ્યું કે મેઘેશ ! ચિંતા ન કરો. નાના હોય તો શું થયું ? તે મોટા નહિં થાય ? જાઓ, તમારા કરતા પણ અધિક ચિંતાથી (કાળજી રાખીને) હું તેમનું રક્ષણ કરીશ.

જયકુમારને સંતોષ થયો હું ભગવાનના દર્શન કરીને એકવાર નગરમાં જઈ આવીશ. ફરી ને દેવગિરિવર આવીને મુનિ દીક્ષાથી દીક્ષિત થઈ જઈશ. આમ કહીને જયકુમાર ત્યાં ગયા અને ચક્રવર્તી આ તરફ આવ્યા.

અયોધ્યા નગરમાં પહોંચીને મંત્રીમિત્રોને પોતપોતાના સ્થાન પર મોકલ્યા. મહેલમાં રાણીઓમાં એક નવીન આનંદ ને આનંદ જ મચી રહ્યો હતો. જ્યાં જુઓ ત્યાં સમવસરણની જ ચર્ચા. એકાંતમાં જિનેંદ્રના દર્શનના અવસર, જિનેન્દ્રના દિવ્ય આકાર, વિશિષ્ટ શાંતિ, કમલને સ્પર્શ ન કરતા સ્થિત ભગવાનની વિશેષતા, આદિ વાતોને સ્મરણ કરતી તે દેવીઓ આનંદ પામતી હતી. ગંગાદેવીને સિંધુદેવીને પણ પૂછયું કે બહેન ! પિતાજીને આપે જોયા. ઉત્તરમાં તે બહેનોએ કહ્યું કે ભાઈ ! તમારી કૃપાથી આજે અમને મુક્તિના જ દર્શન થયા. બીજું એથી વિશેષ શું જોઈએ ? અમારું પુણ્ય પ્રબલ છે. આપે બહેન બનાવ્યાને કારણે અમારા ભાગ્યનો ઉદય થયો.

ભરતજીએ કહ્યું કે બહેન ! એક ગર્ભમાંથી કષ્ટ સહન કરીને શું આવવાની જરૂર છે ? કેવલ સ્નેહથી બહેન કહેવાથી પર્યાપ્ત નથી શું ?

ત્યારપછી જુદો મહેલ આપીને તેમને ત્રણ માસ સુધી ત્યાં જ સુખે રાખ્યા, ફરી વિશેષ રોકાવા કહેવા લાગ્યા. પરંતુ ગંગાદેવ ને સિંધુદેવ કહેવા લાગ્યા કે અમે જઈશું. ફરી ભરતજીએ તેમનો રત્ન, વસ્ત્રાદિકથી યથેષ્ટ સત્કાર કર્યો. તે સંતોષાય ત્યાં સુધી ઉત્તમોત્તમ રત્નોથી તેમનો સત્કાર કર્યો. સાથોસાથ બહેનોને પણ બસ ! બસ ! કહ્યું ત્યાં સુધી રત્નાદિક આપીને તેમને વિદાય આપી. તેઓ પોતાના નગરની તરફ ચાલ્યા ગયા.

આ રીતે પુત્રીઓને પણ યથેષ્ટ આદર કરીને તેમને રવાના કર્યા. પૌદનપુરના પુત્ર ને વહુઓને પણ અનેક ઉત્તમોત્તમ વસ્ત્રાભૂણોથી સત્કાર કર્યો. તેમને પણ વિદાય આપવામાં આવી. બાકીના સહોદરના પુત્રોને, વહુઓને યોગ્ય શિખામણ આપીને ઉત્તમ ઉપહાર આપીને રવાના કર્યા.

દૂરથી આવેલા બધાને રવાના કરીને પોતે રાણીઓને, પુત્રોને અને સ્ત્રીઓને સુખ પહોચાડતા થકા પોતાનો વખત ગાળી રહ્યા હતા.

આગળ પુત્રોને દીક્ષાપૂર્વક એકદમ મોક્ષબીજના અંકુર ફાલશે. પાઠકગણ તેની રાહ જુઓ. અહીં આ અધ્યાય પૂર્ણ થાય છે.

પ્રજાઓ આનંદમય જીવન વીતાવી રહી છે. પરિવાર સુખી છે, રાજાગણ આનંદ પામી રહ્યા છે, પરંતુ ભરતજી પોતાના ભોગ ને યોગ બન્નેમાં મગ્ન છે. અહીં યોગવિજય નામનો ત્રીજો કલ્યાણ સમાપ્ત થાય છે.

સંસારમાં ભોગનો ત્યાગ કરવા માટે મહર્ષીઓએ આદેશ દીધો છે. પરંતુ ભરતજી તે વિશાલ ભોગમાં મગ્ન છે. અગણિત સુખનો અનુભવ કરે છે. તોપણ યોગવિજયી કહેવાય છે, તેનું કારણ શું છે ? તેનું એક માત્ર કારણ આજ છે કે યોગ હોય કે ભોગ પરંતુ કોઈ પણ અવસ્થામાં ભરતજી પોતાને ભૂલી જતા નથી. વિવેક છોડતા નથી. તેમને સતત્ ભાવના રહે છે કે :–

''હે પરમાત્મા ! યોગ હોય કે ભોગ તે બન્નેમાં જો તમારો સંયોગ હોય તો મુક્તિ જ થાય છે, અન્યથા નહિ. હે ગુરુનાથ ! આપ મહાભોગી છો, મારા હૃદયમાં સદાય વર્ત્યા રહો.

હે સિદ્ધાત્મા ! આપ ભક્તોના નાથ છો. ભવ્યોના સ્વામી છો, વિરકતોનાં અધિપતિ છો, વીરોના અધિનાયક છો, શક્તિના નેતા છો, શાંતિના પ્રભુ છો. આપ મને સન્મતિ આપો.''

આ ભાવનાનું ફળ છે કે તેઓ મહાભોગી હોવા છતાં પણ યોગવિજયી કહેવાય છે.

# તૃતિય ખંડ સમાપ્ત

# મોક્ષ વિજય
## ચતુર્થ ખંડ

# ૧. સાધના સંધિ

**परम परंज्योति ! कोटिचंद्रादित्य किरण ! सुज्ञानप्रकाश ! ।।**
**सुरमुक्टमणिंरजितरचरणब्ज ! शरण श्री प्रथमजिनेश ! ।।**

હે નિરંજન સિદ્ધ ! આપ સાક્ષાત્ મોક્ષના કારણ છો, સર્વજ્ઞ છો, મોક્ષગામીઓના આરાધ્ય છો, મોક્ષવિજય છો, ત્રિલોકચક્ષુ છો. તેથી મોક્ષવિજયના પ્રારંભમાં મને સન્મતિ આપો.

કૈલાસમાં જિનેંદ્રમંદિરોનું નિર્માણ તથા બહુ વૈભવપૂર્વક તેમની પૂજા, પ્રતિષ્ઠા વગેરે થયા પછી સમ્રાટ પોતાના હજારો પુત્રોના અને રાણીઓના પ્રેમસંમેલનમાં બહુ આનંદપૂર્વક પોતાનો સમય વ્યતીત કરી રહ્યાં છે. પ્રજાઓનું પાલન પુત્રવત્ થઈ રહ્યું છે.

ભરતજીના પુત્ર આપસમાં પ્રેમવિનોદથી રમી રહ્યા છે. એક એક જગ્યાએ સો સો પુત્ર કોઈ તળાવને કિનારે, કોઈ નદીના કિનારે રેતી પર, કોઈ ઉદ્યાનમાં રમે છે. તેમની શોભા અપૂર્વ છે. ચૌદ, પંદર, સોળ, સત્તર, અઢાર વર્ષના તેઓ છે. ઝાઝી ઉંમર નથી. હજી વિવાહ નથી થયા તેમને જોતાં ખૂબ આનંદ આવતો હતો.

રવિકીર્તિરાજ, રતિવીર્યરાજ, શત્રુવીર્યરાજ, દિવિચંદ્રરાજ, મહાજયરાજ, માધવચંદ્રરાજ, સુજયરાજ, અરિંજયરાજ, વિજયરાજ, કાંતરાજ, અજિનંજયરાજ, વીરંજયરાજ, ગજસિંહરાજ વગેરે સો પુત્ર કે જે સૌંદર્યમાં સ્વર્ગોના દેવોને પણ તિરસ્કૃત કરનારા છે, અનેક શાસ્ત્રોમાં પ્રવીણ છે, તેઓ પોતાનું સાધન સામર્થ્ય દર્શાવવા તે દિવસે તૈયાર થયા.

ગેડી, પુસ્તક, ચાખડી, લાઠી અને અનેક અસ્ત્ર ને વીણા વગેરે સામગ્રીઓને નોકરો લઈને સાથે જઈ રહ્યા છે. નાના ભાઈઓએ મોટા ભાઈઓને પ્રાર્થના કરી કે સ્વામી ! અહીં નદીના કિનારે રેતી બહુ સારી છે, જમીન પણ ચોખ્ખી છે. અહીંયાં કસરત, કવાયત વગેરેની સાધના કરો તો ઘણું સારું સ્થળ છે. ત્યારે મોટા ભાઈઓએ કહ્યું કે ભાઈ ! તમારો જ્યારે આટલો ઉત્સાહ છે તો અમે કેમ રોકી શકીએ ? તમારી જેવી ઈચ્છા. અમે પણ આવીએ છીએ. ત્યારપછી લંગોટી, પેટી વગેરે આવશ્યક પોષાક પહેરીને તેઓ તૈયાર થયા.

તે કુમારો નૈસર્ગિકરૂપે જ સુંદર હતા. આ વખતે જ્યારે તેઓએ કસરતનો પોષાક ચડાવ્યો તો વિશેષ સુંદર દેખાવા લાગ્યા. તેમના શરીરની સુગંધ પર ગુંજાર કરતા ભમરાઓ આવવા લાગ્યા. તેમના શબ્દથી એવું જણાતું હતું કે જાણે કે તેઓ આ કુમારોની સ્તુતિ જ કરી રહ્યા હોય.

સિદ્ધ જ શરણ છે, જિનેંદ્ર જ રક્ષક છે. 'निरंजन सिद्धाय नमो' (-નિરંજન સિદ્ધને નમસ્કાર) ઈત્યાદિ શબ્દોનું ઉચ્ચારણ કરીને તેઓ સાધના માટે સન્નદ્ધ (તૈયાર) થયા. જ્યારે તેઓ એક એક કૂદીને તે રેતી પર આવ્યા તો એવું લાગતું હતું કે ગરુડ આકાશ ઉપરથી ઊડીને નીચે આવી રહ્યા હોય. અથવા સુરલોકના અમરકુમાર આકાશ પર ઊડીને ભૂમિ પર આવી રહ્યા હોય. જ્યારે તેઓ એક બીજાની સાથે કુસ્તી કરવા તૈયાર થયા તો શંકા પડતી હતી કે બે કામદેવ જ તો નથી ઊભાને ! આપસમાં વિનોદ માટે બે પાર્ટી પાડીને રમી રહ્યા છે. તલવારથી લાઠીથી, ફરસીથી અનેક પ્રકારની કલા બતાવી રહ્યા છે.

ભાઈ ! જુઓ, આમ કહેતા થકા એક બાલકે મસ્તક તરફ બતાવીને પગ ઉપર પ્રહાર કર્યો. પરંતુ જેમના પ્રત્યે પ્રહાર કર્યો હતો તે પણ નિપુણ હતો. ભાઈ, ભૂલ્યા એમ કહેતા થકા તેઓ તે પ્રહારને પગથી ધક્કો મારીને છટકી ગયા. હવે નહિ ભૂલું એમ કહીને ફરી મસ્તક પર પ્રહાર કર્યો. તો અમે ચૂકીશું નહિ, બરાબર સામા રમીશું એમ કહીને તે ભાઈએ ફરી તેનો પ્રતિકાર કર્યો. પ્રભુ ! જુઓ આ ઘા નિશ્ચિત છે એમ કહીને ફરી પગ ને છાતી ઉપર પ્રહાર કર્યો. તે ત્યાં જ રહેવા દ્યો, અહીં જરૂર નથી એમ કહીને ભાઈએ તેનો પ્રતિકાર કર્યો.

આ રીતે પરસ્પર અનેક પ્રકારની કુશલતાથી એક બીજાને આશ્ચર્ય પમાડી રહ્યા છે. વળી એક ભાઈએ પોતાના નાના ભાઈ તરફ એક દંડ પ્રહાર કર્યો ત્યારે તેણે પણ એક લાઠી લઈને કહ્યું કે ભાઈ મને આજ્ઞા આપો. ત્યારે મોટા ભાઈએ કહ્યું કે ભાઈ તમે પરાક્રમી છો. મારા તરફ તમારી ભક્તિ છે એમ હું જાણું છું. જરાક વાર ભક્તિ એક કોર રાખો. શક્તિ બતાવો નાના ભાઈએ કહ્યું કે તો પછી તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કેમ કરું ? કૃપા કરીને જુઓ. એમ કહીને ભાઈએ એક પ્રહાર કર્યો તો એ તેને બેથી જવાબ દેવા લાગ્યા. ભાઈએ શાબાશ કહીને બે પ્રહાર કર્યા તો એ ચારથી જવાબ દેવા લાગ્યા. આ રીતે તે પ્રહારની સંખ્યા વધતા કેટલી થઈ એ અમે નથી કહી શકતા, બ્રહ્મા જ જાણે. પરંતુ નાના ભાઈ જરાય ગભરાયા નહિ. બધા લોકો શાબાશ ! શાબાશ ! એમ બોલી રહ્યા છે. આ રીતે અનેક જોડીઓમાં અનેક પ્રકારની રમત ચાલી રહી છે, જોનારા વીર, વિક્રમ, ધીર, સાહસી, અભ્યાસી, શૂર, શાબાશ ઈત્યાદિ ઉત્તેજનાત્મક શબ્દ કહી રહ્યા છે. કોઈ પુરુનાથ શાબાશ ! ગુરુનાથ વાહ વા, વાહ વા. હંસનાથ બસ કરો. કમાલ કરી. ઈત્યાદિ પ્રકારે કહી રહ્યા છે. આ રીતે જલક્રીડા, વનક્રીડા આદિમાં પણ વિનોદ થઈ રહ્યો છે. કોઈ ધનૂર્વિદ્યામાં કોઈ અસ્ત્ર શસ્ત્રમાં કોઈ શરીરસાધનમાં પોતપોતાની પ્રવીણતા બતાવે છે. આકાશ તરફ ઉડવાની અદ્ભુત કલા જોઈને એવી શંકા પડે છે કે તેઓ ખેચર છે કે ભૂચર છે ? તેમનું લંઘનચાતુર્ય, અંગલઘુતા જોઈને તેઓ દેવકુમાર છે કે રાજકુમાર છે એ ખબર પડતી નથી. નાનાભાઈની કલાનિપુણતા જોઈને મોટા ભાઈ આનંદથી આલિંગન કરે છે. શોકના પુત્ર છીએ તેનો તો તેના હૃદયમાં વિચાર જ નથી. તેમનો આપસઆપસનો પ્રેમ પ્રસંશનીય છે. કોઈ મલ્લવિદ્યા સાધી રહ્યા છે, કોઈ લાઠીના દાવનો પ્રયોગ કરી રહ્યા છે. કોઈ ગદાવિનોદ કરી રહ્યા છે, કોઈ ચંદ્રાયુધથી, કોઈ વજ્રયુધથી. કોઈ રવિહાસથી, કોઈ ચંદ્રહાસથી સાધન કરી રહ્યા છે. સુકાયેલા પાંદડાની સમાન મોટા મોટા વૃક્ષોને ઊખેડીને ફેંકી દે છે. એમની કલાનું શું વર્ણન કરવું ? અર્ધચક્રવર્તી મોટા મોટા પર્વતોને ઉઠાવે છે. પરંતુ આ તો પૂર્ણ ચક્રવર્તીના કુમાર છે. અને તદ્ભવ મોક્ષગામી, વજ્રમય દેહને ધારણ કરનારા છો. ફરી વૃક્ષોને ઉખેડી ફેંક્યા તો એમાં આશ્ચર્યની શી વાત છે ?

આ રીતે સાધતાં સાધતાં બપોર થઈ ગયા સેવકોએ તે રાજકુમારને પ્રાર્થના કરી કે સ્વામી ! આપની વીરતાથી ગભરાઈને સૂર્ય ભાગીને આકાશ ઉપર ચડી ગયો છે, ત્યારે બધાને ખબર પડી કે બહુ મોડું થયું છે. હવે ઘરે જવું જોઈએ. શરીર બધું ધૂળ ને રેતીથી ભરાઈ ગયું છે. પરસેવાથી ભીંજાઈ ગયું છે. આનંદથી એક બીજાના સમાચાર પૂછે છે. હાથીના બચ્ચાની સમાન તે કુમારોએ તળાવમાં પ્રવેશ કરીને સ્નાન કર્યું. ત્યાર પછી શૃંગાર રચીને જિનેંદ્ર ભગવાનની સ્તુતિ કરી.

આત્મધ્યાન કર્યું. ત્યારપછી ભોજન કરીને તે નદીની પાસે આવેલા જંગલમાં ચાલ્યા ગયા. આ રીતે નદીના કિનારા પર ચક્રવર્તીના પુત્રોએ પોતાની વિદ્યાસાધના બતાવી.

મહા પુરુષોની લીલા અપાર છે. ભરતજીના એક એક પુત્ર એક એક રત્ન જ છે. તેઓ અનેક કલાઓમાં નિપુણ છે. આવા સત્પુત્રો પામવા પણ સંસારમાં મોટા ભાગ્યની જરૂર છે. કેમકે સાતિશય પુણ્ય વિના ગુણવાન સુપુત્ર, સુશીલ ભાર્યા ને ઈષ્ટ પરિકર પ્રાપ્ત નથી થતા, તેને માટે પૂર્વોપાર્જિત પુણ્યની જરૂર પડે છે. ભરતજી સદા આ ભાવનામાં રહે છે.

''હે પરમાત્મા ! આપ ચિંતામણીની સમાન ઈચ્છિત ફલના દેનાર છો તેથી ચિંતારત્ન છો, અને રત્નાકર સ્વામી છો, મનોહર અને નિશ્ચિંત છો. તેથી મારા હૃદયમાં સદાય વર્ત્યા રહો.''

આ પવિત્ર ભાવનાનું ફળ છે કે તે હરેક રીતે સુખી છે.

## ૨. વિદ્યાગોષ્ટિ સંધિ

**વ**નની શીતલ છાયા, શીતલ પવનમાં થોડી નિંદ્રા લઈને બધા કુમાર જિનસિદ્ધ, ગુરુનિરંજનસિદ્ધ, કહેતાં થકા ઊઠયા. ત્યાર પછી મોઢું ધોઈને ગુલાબજળ, કપુર વગેરે છાંટીને સેવકોએ પાનનો કરંડીઓ આગળ કર્યો. પાન ખાઈને શીતલ પવનમાં બેસીને સંગીત કલા બતાવવા માટે તેઓ તૈયાર થયા. યોગ્ય કલાને જાણીને ભિન્ન ભિન્ન રાગોના સ્વરોને ધ્યાનમાં લઈને ગૌડરાગ, શ્રીરાગ, માલવરાગ ઈત્યાદિ રાગથી આલાપ કરવા લાગ્યા. તેઓએ પોતાના મસ્તક પર જે પુષ્પ ધારણ કર્યું છે તેની સુગંધ લેવા, શરીર પર લગાવેલી શ્રીગંધ લેપન લેવા માટે. શ્વાસોચ્છવાસ ને મુખની સુગંધ લેવા માટે ત્યાં જે ભમરાનું ટોળું આવી પડયું તેણે સુસ્વરથી તે ગાયનમાં પોતાનો સૂર મેળવ્યો.

સાતસ્વર, ત્રણ ગ્રામ, ચોસઠ સ્થાનોમાં એકસો આઠ રાગોથી ગાયન કરાવતા થકા તેઓ ભરતશાસ્ત્રમાં ભ્રમણ કરવા લાગ્યા. ભરત ચક્રવર્તીના પુત્ર જો ભરતશાસ્ત્રમાં પ્રવીણ ન હોય તો બીજા કોણ હોઈ શકે ? એક કુમારે મેઘરંજી રાગ ગાઈને આલાપ કર્યો તો ગ્રીષ્મઋતુ હોવા છતાં પણ આકાશમાં મેઘાચ્છાદન થઈને પાણી વરસવા લાગ્યું. ત્યારે તેઓએ તે રાગના આલાપને બંધ કરી દીધો. એક કુમારે પત્થર ઉપર બેસીને ગુંડાક્રી નામના રાગનો આલાપ કર્યો તો તે પત્થર ઓગળીને પાણી થઈ ગયું તો પછી કોમલ હૃદય પીગળી જાય તેમાં શી નવાઈ ? એક કુમારે બિંદુવરાલિ નામના રાગનો આલાપ કર્યો તો તે જંગલ એક ક્ષણમાં. પુષ્પ, ફળ વગેરેથી ભરાઈ ગયું. નાગવરાલિ રાગ ગાવાથી તેમની સામે પોતાની ફેણને ખોલીને અનેક સર્પ આવીને ગાયન સાંભળવા લાગ્યા. તે વખતે એક કુમારે ગરુડગાંધારી નામનો રાગ ગાઈ બતાવ્યો તો તે સર્પ આમતેમ ભાગવા લાગ્યા, અને આકાશથી ગૃદ્ધ પક્ષી આવીને તે ગાયન સાંભળવા લાગ્યા. વિશેષ શું ? તે જંગલમાં સ્થિત કોયલ, પોપટ, મોર અને અનેક પ્રાણી કાન દઈને સ્તબ્ધ થઈને તેમના સુંદર ગાયનો સાંભળી રહ્યાં છે. સ્વરમંડલમાં, કિન્નરીઓમાં અને ત્રિવિધ વીણામાં અનેક પ્રકારના રાગાલાપને તેઓ કરવા લાગ્યા. અત્યંત સુંદર તેમનો સ્વર છે, સુંદર રાગ છે, તાન પણ સુંદર છે, આલાપ પણ સુંદર છે અને ગાવાવાળા તેનાથી પણ વિશેષ સુંદર છે. તેની બરાબરી કોઈ પણ કરી નથી શકતું.

કેતારગૌળમાં, અને ઉત્તરગૌળમાં આદિ ભગવંતે ધાતિકર્મોનો નાશ જે ક્રમે કર્યો તેનું ચાતુર્યપૂર્વક વર્ણાન કર્યું. બોધનિધાન ભગવાન આદિનાથ સ્વામીના કેવલજ્ઞાનના વર્ણાનને કાંબોધિ રાગથી ગાયન કર્યું. સુંદર દિવ્યધ્વનિ ને મધુમધવી રાગથી વર્ણાન કર્યું. શુદ્ધ રાગોથી જિનસિદ્ધોની સ્તુતિ કરીને તેમને બંધ રાખીને શુદ્ધ સંકીર્ણ રાગના ભેદને જાણવાવાળા તે કુમારોએ સંકીર્ણરાગથી વૃદ્ધસંપન્ન યોગીઓનું વર્ણાન કર્યું. છ દ્રવ્ય, પાંચ શરીર, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, નવ પદાર્થ એમનું વર્ણાન કરીને એમાં એક માત્ર આત્મતત્ત્વ જ ઉપાદેય છે. આ રીતે ચિદ્દ્રવ્યનું બહુ ખૂબીપૂર્વક વર્ણાન કર્યું.

પાષાણમાં સુવર્ણ છે, કાષ્ઠમાં અગ્નિ છે, દૂધમાં ઘી છે, આ રીતે આ શરીરમાં આત્મા છે. પાષાણમાં કનક છે એ વાત સત્ય છે, પરંતુ સર્વ પાષાણમાં કનક નથી રહેતું. સુવર્ણ પાષાણમાં દેખાતી કતિ તે સુવર્ણનો ગુણ છે. કાષ્ઠમાં દેખાતો કાઠિન્ય ગુણ તે અગ્નિનું સ્વરૂપ છે. દૂધમાં દેખાતી મલાઈ તે ઘીનું ચિહ્ન છે. આ રીતે આ શરીરમાં જે ચેતનસ્વભાવ ને જ્ઞાન છે તે આત્માનું

ચિહ્ન છે. વળી તે પત્થરનું શોધન કરીને જેવી રીતે સુવર્ણને પામે છે. દૂધને જમાવીને વલોવાથી જેવી રીતે ઘી મળે છે અને કાષ્ઠને જોરથી પરસ્પર ઘસવાથી અગ્નિ જેવી રીતે નીકળે તેવી રીતે આ શરીર ભિન્ન છે, હું ભિન્ન છું, એમ સમજીને ભેદ વિજ્ઞાનનો અભ્યાસ કરે તો આ આત્માનું પરિજ્ઞાન થાય છે; કહેવાનું તાત્પર્ય એ છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનને સમ્યગ્ચારિત્રનો ક્રમે તદ્રૂપે જ આત્માનો અનુભવ કરે તો આ ચિદ્રૂપનું શીઘ્ર પરિજ્ઞાન થાય છે.

આ આત્મા પાણીથી ભીંજાતો નથી, અગ્નિથી બળતો નથી, કોઈ પણ તલવારની તીક્ષ્ણ ધારથી પણ તે કપાતો નથી. પાણી, અગ્નિ, શસ્ત્ર, રોગ વગેરે શરીરને બાધા પહોંચાડે છે, આત્માને નહિ. આત્મા શરીરમાં આકાશરૂપે પુરુષાકાર થઈને રહે છે. આ શરીર નાશશીલ છે, આત્મા અવિનશ્વર છે, શરીર જડ રૂપ છે આત્મા ચેતનરૂપે છે, આ શરીર ભૂમિ સમાન છે, આત્મા આકાશ સમાન છે. આ રીતે આત્મા અને શરીર પરસ્પર વિરુદ્ધ પદાર્થ છે. આકાશ નિરાકાર રૂપ છે, આત્મા પણ નિરાકાર રૂપ છે, આકાશ પુરુષાકારરૂપે નથી અને જ્ઞાન પણ આકાશ નથી, આટલો જ આકાશ અને આત્મામાં ભેદ છે.

આકાશની સમાન આ આત્માને શરીર નથી. ચિદ્રૂપ આનું સ્વરૂપ છે અને સુંદર પુરુષાકાર છે. આ રીતે ત્રણ ચિહ્ન હોવાથી આ આત્માનું નામ ચિદમ્બર પુરુષ એવું પાડયું છે. આ શરીર કારાગૃહવાસ છે, આ આયુષ્ય હાથકડી છે વૃદ્ધાવસ્થા, જન્મ, મરણ, આદિ અનેક બાધાઓ ત્યાં કષ્ટરૂપે આવે છે. પોતાનું મહત્ત્વપૂર્ણ સ્વરૂપ ન સમજીને આ આત્મા નાહક આ શરીરમાં કષ્ટ ઉપજાવી રહ્યો છે. એ મહા દુઃખની વાત છે.

આ આત્મા ત્રણ લોકની સમાન વિશાલ છે. ત્રણ લોક પોતાના હાથે ઉઠાવવા સમર્થ છે. પરંતુ કર્મવશ થઈને બીજમાં રહેલા વૃક્ષની સમાન આ જડ દેહમાં છુપાયો છે. આશ્ચર્ય છે. ત્રણ લોકની અંદર ને બહાર તે જાણે છે. ને દેખે છે. કરોડો સૂર્ય ને ચંદ્રમાની સમાન ઉજ્જવલ પ્રકાશયુક્ત છે. પરંતુ ખેદ છે કે વાદળથી ઢંકાયેલા સૂર્ય સમાન કર્મદ્વારા ઢંકાયેલ છે.

આ આત્મા શરીરમાં રહે છે. પરંતુ તેમાં કોઈ શરીર નથી. તેને કોઈ શરીર હોય તો જ્ઞાનરૂપી જ શરીર છે. શરીરમાં રહેવા છતાં તે શરીરને સ્પર્શ નથી કરતો પરંતુ શરીરમાં તે સર્વાંગ વ્યાપ્ત છે. કમલનાલમાં જેવી રીતે તેનો દોરો નીચેથી ઉપર બરાબર ભરેલો રહે છે તેવી રીતે આ આત્મા આ શરીરમાં અંગૂઠાથી માંડીને મસ્તક સુધી સર્વાંગે ભરેલો છે. કમલનાલમાં તે દોરો નીચેથી ઉપર સુધી રહે છે, પરંતુ મૂળ ને પાંદડાંમાં તે દોરો નથી રહેતો. તેવી રીતે આ આત્મા અને શરીરમાં પગથી માથાસુધી સર્વાંગ વ્યાપ્ત છે. પરંતુ નખ ને કેશમાં તે નથી. શરીરના કોઈપણ પ્રદેશમાં સ્પર્શ કર્યો કે ચીણોટી ભરી તો ઝટ ખબર પડે છે અથવા વેદના થાય છે. અર્થાત્ ત્યાં આત્મા રહેલો છે પરંતુ નખકેશને સ્પર્શ કરવાથી કે ચીણોટી ભરવાથી ખબર નથી પડતી કે વેદના પણ નથી થતી. અર્થાત્ તે અંશમાં આત્મા નથી.

કમલનાલ જેવી રીતે વધે છે તેવી રીતે અંદરનો દોરો પણ વધતો રહે છે. આ રીતે બાલ્યકાલથી

જ્યારે આ શરીર વધીને  જુવાન થાય છે ત્યારે તે આત્મા પણ તે પ્રમાણે જ ફેલાતો જાય છે.

કમલનાલ મેલા કાંટાયુક્ત હોવાથી કઠોર જરૂર છે, પરંતુ અંદરનો દોરો મૃદુ, નિર્મલ ને સરળ છે. આ રીતે અત્યંત અપવિત્ર રક્ત, ચામડું, માંસ, હાડકા આદિવાળું આ શરીરમાં આત્મા રહેવા છતાં પણ તે પોતે અત્યંત પવિત્ર છે.

બહારનું આ શરીર સાત ધાતુમય છે. એની અંદર બીજા બે શરીર આવેલાં છે. તેને તેજસ ને કાર્મણ કહે છે આ રીતે ત્રણ પરકોટાથી વેષ્ટિત કારાગૃહમાં આ આત્મા નિવાસ કરે છે. સાતધાતુમય શરીરને ઔદારિકના નામથી કહે છે. પરંતુ અંદરનું શરીર કાલકૂટ વિષ સમાન ભયંકર છે અને તે અષ્ટકર્મસ્વરૂપ છે. મનુષ્ય, પશુ, પક્ષી આદિ અનેક યોનિઓમાં ભ્રમણ કરતા થકા આ આત્માને ઔદારિક શરીરની પ્રાપ્તિ થાય છે, પરંતુ તૈજસ કાર્મણ શરીર તો મરણ હોવા છતાં પણ તેની સાથે જ બરાબર લાગ્યું રહે છે. આ પર્યાય (શરીર) ને છોડીને અન્ય પર્યાયમાં જન્મ લીધા.

પહેલાં વિગ્રહગતિમાં જ્યારે આ આત્મા ગમન કરે છે ત્યારે તેને તૈજસ, કાર્મણ બે શરીર રહે છે. પરંતુ બીજે જન્મ લેવાથી બીજા નવા શરીરની પ્રાપ્તિ થાય છે. આ રીતે આ આત્માને આ સંસારમાં ત્રણ શરીર હરહંમેશ રહે છે.

ધારણ કરેલા આ, શરીરરૂપી કોથળીની અંદર જ્યાંસુધી આત્મા રહે છે ત્યાંસુધી તેને જીવન કહેવાય છે. તે થેલીને છોડવાથી મરણના નામે કહેવાય છે. અને ફરી નવીન થેલીને ધારણ કરવાથી જન્મના નામે કહેવાય છે. આ જન્મ-જીવન-મરણની સમસ્યા છે.

આ ઘર છોડીને બીજે ઘરે જેવી રીતે મનુષ્ય જાય છે તેવી રીતે આ શરીરને છોડીને બીજા શરીરમાં આ આત્મા જાય છે. જ્યાંસુધી આ શરીરને ધારણ કરે છે ત્યાંસુધી તે સંસારી બન્યો રહે છે. શરીરનો અભાવ થવાથી તેને મુક્તિ મળે છે. શરીરના અભાવની અવસ્થાને જ મુક્તિ કહે છે કોઈ ચીજની અંદર ભરેલી હવાને દબાવી શકાય છે. પરંતુ ઉપર કોઈ કોથળી વગેરે ન હોય તો તે હવાને દબાવી નથી શકાતી. તેવી રીતે શરીરની અંદર જ્યાંસુધી આ આત્મા રહે છે ત્યાંસુધી રોગાદિક પીડા આવે છે, જ્યારે આ શરીરને છોડીને ચાલ્યો જાય છે. ત્યારે તેને કોઈ પણ બાધાઓ આવતી નથી. અગ્નિ, હાથકડી, પત્થર, અસ્ત્ર, શસ્ત્રાદિકના આઘાતથી આ ઔદારિક શરીર બગડે છે અને નષ્ટ પણ થાય છે. પરંતુ તૈજસ કાર્મણ શરીરનો તેનાથી નાશ થતો નથી. એ બન્ને શરીર ધ્યાનાગ્નિથી જ બળે છે. તૈજસ કાર્મણ શરીરના નષ્ટ થવાથી જ વાસ્તવિક આ આત્માની મુક્તિ થાય છે. તૈજસ કાર્મણ શરીર નાશ કરવાને માટે શ્રીજિનેંદ્રભક્તિ જ યથાર્થ યુક્તિ છે.

ભક્તિ બે પ્રકારની છે. એક ભેદભક્તિ અને બીજી અભેદભક્તિ. આ રીતે ભેદાભેદભક્તિના સ્વરૂપને બહુ આદરપૂર્વક તેઓએ વર્ણન કર્યું. સમવસરણમાં જે શ્રી જિનેંદ્રભગવાન છે, અમૃત લોક અર્થાત્ મોક્ષમંદિરમાં શ્રી સિદ્ધભગવાન બિરાજમાન છે. આ રીતે ક્રમે તેમને જુદા ગણીને ધ્યાન કરવું તેને ભેદભક્તિ કહે છે. તે જિન સિદ્ધને ત્યાંથી લાવીને પોતાના આત્મામાં જ તેમનું સંયોજન કરે અને પોતાના આત્મામાં ને હૃદયમંદિરમાં જિનસિદ્ધ બિરાજમાન છે એ રીતે ધ્યાન કરવું તો તેને અભેદભક્તિ

કહે છે. તે મુક્તિનું કારણ છે. જિનેંદ્રભગવાનને પોતાથી અલગ રાખીને ધ્યાન કરવું તે ભેદ ભક્તિ છે. પોતામાં રાખીને (સ્થાપીને) ધ્યાન કરવું તેને અભેદભક્તિ કહે છે. આ જિનશાસન છે. આ રીતે બહુ ભક્તિપૂર્વક વર્ણન કર્યું.

ભેદભક્તિને ધ્યાનના અભ્યાસ કલામાં આદર કરવો જોઈએ જ્યાંસુધી આ આત્માને ધ્યાનનું સામર્થ્ય પ્રાપ્ત ન થાય ત્યાંસુધી ભેદભક્તિનું અવલંબન કરવું જોઈએ. ત્યાર પછી અભેદ ભક્તિનો આશ્રય કરવો જોઈએ. અભેદ ભક્તિમાં આત્માને સ્થિર કરવો તે અમૃતપદ અર્થાત્ સિદ્ધસ્થાનનું કારણ છે. આત્મા જિનેંદ્ર અને સિદ્ધની સમાન જ શુદ્ધ છે. આ રીતે પ્રતિદિન પોતાના આત્માનું ધ્યાન કરવું તે જિનસિદ્ધ ભક્તિ છે, નિશ્ચયરત્નત્રય છે, મુક્તિનું સાક્ષાત્ કારણ છે. શિલા, કાંસુ પિત્તળ આદિ દ્વારા જિનમુદ્રા તૈયાર કરાવીને તેમનો આદર ને ઉપાસના કરવી તેને ભેદભક્તિ કહે છે. અચલ થઈને પોતાના આત્માને જ જિન સમજવો તેને અભેદ ભક્તિ કહે છે.

ચર્મ, લોહી, માંસથી યુક્ત અપવિત્ર શરીરમાં રહેવા છતાં પણ દૂધ જેવી રીતે પવિત્ર છે તેવી રીતે કર્મ, કષાય અને અનેક રોગાદિ બાધાઓ યુક્ત શરીરમાં રહેવા છતાં પણ આ આત્મા નિર્મળ છે, પવિત્ર છે. અગ્નિ કાષ્ટમાં રહેલી છે, જો તે અગ્નિ પ્રજ્વલિત થઈ તો તે લાકડાને બાળી નાખે છે. અર્થાત્ જે તે અગ્નિનું નિવાસ સ્થાન છે. તેને જ બાળી નાખે છે. આ રીતે કઠોર કર્મની વચ્ચે જ આ આત્મા રહે છે, પરંતુ ધ્યાન કરવાથી તે આત્મા તે કર્મોને જ બાળી નાખે છે.

દશ વાયુ ને વશ કરીને પ્રાભૃતશાસ્ત્રના રહસ્યને સમજીને, આંખો મીચીને ત્રણ શરીરને પોતાથી ભિન્ન સમજીને અંદર જુએ તો આત્મા સહજ જ દેખાવા લાગે છે. વિશેષ શું કહીએ ! પ્રાણવાયુને મસ્તક પર ચઢાવીને ત્યાં સ્થિર કરે તો અંદરનો અંધકાર એકદમ દૂર થઈને શુભ્ર ચાંદનીની પૂતલી સમાન આત્મા દેખાય છે.

કોઈ કોઈ પવનાભ્યાસ (પ્રાણાયામ) વગર જ ધ્યાનને હસ્તગત કરે છે અને કોઈ કોઈ તે વાયુને પોતાને વશ કરીને આત્મધ્યાન કરે છે. જ્યારે આ ધ્યાનની સિદ્ધિ થાય છે ત્યારે તૈજસ, કાર્મણ શરીર ખરવા લાગે છે અને ચામડાનું આ શરીર પણ નાશ પામે છે ત્યાર પછી આ નિર્મળ આત્મા મુક્તિને પામે છે. આ રીતે આત્મધર્મનું તેઓએ ભક્તિપૂર્વક વર્ણન કર્યું.

આ પ્રકારનું અધ્યાત્મિક વિવેચન સાંભળીને ત્યાં ઉપસ્થિત બધા કુમાર અત્યંત પ્રસન્ન થયા. વાહ, વાહ ! ઘણું સારું ગાયું. હવે તે ગાયનમાં બહુ વખત વ્યતીત કર્યો. હવે સાહિત્યકલાનો સ્વાદ લ્યો એમ કહેતા થકા સાહિત્યકલાની તરફ વિહાર કરવાની ઈચ્છા કરી.

વ્યાકરણમાં, તર્કશાસ્ત્રમાં, ન્યાસભાષામાં, પ્રાકૃત, ગીર્વાણ અને દેશીય ભાષામાં તેઓએ અનેક વિષય લઈને ભાષણ કર્યું. રસશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, નાટક, અલંકાર, છંદશાસ્ત્ર, કામશાસ્ત્ર, રસવાદ, કન્યાવાદ, વગેરે અનેક વિષયોના વિચારની આપલે કરી.

એક શબ્દના અનેક અર્થ થાય છે. તે અનેક અર્થોમાં એક શબ્દ વાપરીને એક વાર ઉચ્ચારણ કરેલા શબ્દનો ફરીથી ઉચ્ચારણ ન કરતા નવા નવા શબ્દોનો પ્રયોગ કરતા ગયા અને તત્ત્વ ચર્ચા કરી.

કાવ્યનિર્માણમાં વર્ણક, વસ્તુકનિયમને ધ્યાનમાં રાખીને કર્ણરસામૃતના રૂપમાં સુંદર કવિતાઓનું નિર્માણ કર્યું વિશેષ શું ? ગણ, પદ, સંધિ, સમાસ વગેરે વિષયોમાં નિર્દોષ લક્ષણને ધ્યાનમાં રાખીને એક ક્ષણમાં સો શ્લોક અને એક ઘડીમાં એક સંપૂર્ણ કાવ્યને જ તે લીલામાત્રથી તૈયાર કરતા હતા. લોકોને આ સાંભળીને આશ્ચર્ય લાગશે. પરંતુ અંતમુહૂર્તમાં દ્વાદશાંગ આગમને સ્મરીને, રચીને ફેરવી જનારા મહાયોગીઓના શિષ્યોને કાવ્યનિર્માણ કરવાનું આવું સામર્થ્ય હોય તે શું આશ્ચર્ય ઉપજાવે છે ?

તેમને અષ્ટાવધાન તે શા હિસાબમાં ? લક્ષાવધાનની દૃષ્ટિ જ તેમનું શરીર છે, સુબુદ્ધિ જ તેમનું મુખ છે. આ રીતે બહુ ચાતુર્યથી તેઓએ કાવ્યનું નિર્માણ કર્યું. અડતાલીશ ગાઉ પ્રમાણ વિશાળ મેદાનમાં વ્યાપ્ત સેનામાં જે કાંઈ થાય તેને પોતાના મહેલમાં બેસીને જાણવાવાળા સમ્રાટના ગર્ભમાં આવનારા આ પુત્રોને લક્ષાવધાન જ્ઞાન રહે એમાં આશ્ચર્યની શી વાત છે ?

કંડમાલાઓની સમાન નવી નવી કૃતિઓ, લખાણ થાય એવી રીતે, રચી રહ્યા છે. જે વખતે કાવ્યપઠન કરે છે તે વખતે ગળું જરાય સંકોચાતું નહોતું. એક કુમારે વિનોદથી વિષવાણી દ્વારા એક વૃક્ષનું વર્ણન કર્યું. તો તે વૃક્ષ એકદમ સુકાઈ ગયું. ફરી અમૃતવાણીથી વર્ણન કરવાથી ફળ પુષ્પથી ખીલી નીકળ્યું. એક કુમારે પોપટનું વર્ણન ઉગ્રવાણીથી કર્યું તો પોપટ કાગડાની જેમ કર્કશ સ્વરથી બોલવા લાગ્યો. ફરી શાંત વાણીથી વર્ણન કરવાથી તે ફરી શાંત થઈને મધુર શબ્દ કરવા લાગ્યો. આ રીતે અનેક પ્રકારના વિનોદપૂર્વક ફળ વગરના વૃક્ષને ફળયુક્ત બનાવીને, ફળ સહિત વૃક્ષને ફળ રહિત બનાવીને પોતાના રાજધર્મની શિક્ષા, રક્ષા આદિ ગુણને કવિતાઓ દ્વારા પ્રગટ કરી રહ્યા છે.

કવિતા તો કલ્પવૃક્ષ સમાન છે. જે વિદ્વાન તેના રહસ્યને જાણે છે તે ખરેખર કલ્પવૃક્ષ સમાન જ તેનો ઉપયોગ કરે છે. તેનું રહસ્ય તે રાજકુમારોએ જાણી લીધું હતું. હવે તેમની બરાબરી કોણ કરી શકે તેમ છે ?

એક કુમાર દેખાવ માટે એક કોરા પુસ્તકમાં જોતાં જોતાં કવિતા બોલી રહ્યા હતા. તે સાંભળીને ઉપસ્થિત અન્ય કુમાર આશ્ચર્ય પામતા હતા. તે બધા લોકોએ એમ પૂછ્યું કે વાહ ! ઘણું સારું લાગે છે, આ કોની રચના છે ? ત્યારે તે કુમારે ઉત્તર આપ્યો કે તેની મને ખબર નથી. ત્યારે તે કુમારોએ પુસ્તક ઝૂંટવી લઈને જોયું તો તે કોરું જ હતું. ત્યારે તેની વિદ્વત્તાને જોઈને તેઓ પ્રસન્ન થયા.

વિશેષ શું ? ભરતપુત્ર જે કાંઈ બોલે છે તે આગમ છે, જરાક હોઠ હલાવ્યો તો તેમાંથી વિચિત્ર અર્થ નીકળે છે. ગમે તેવું તેનું આચરણ તે પુરાણ બની જાય છે. આમ હોવાથી કાવ્યસાગરમાં તેઓ ગોથા ખવડાવવા લાગ્યા તેનું વર્ણન શું કરવામાં આવે ?

મુક્તક, કુલક ઈત્યાદિ કાવ્યમાર્ગથી ભગવાન અર્હતનું વર્ણન કરીને મુક્તિગામી તે પુત્રોએ આત્મકલાનું ભેદાભેદ ભક્તિના માર્ગથી વર્ણન કર્યું. બહારના વિષયોને જાણવો તે વ્યવહાર છે. અંતરંગ વિષયને અર્થાત્ પોતાની અંદર જાણવું તે નિશ્ચય છે. બહારની બધી ચિંતાઓને દૂર કરીને પોતાના આત્માના સ્વરૂપનું તેઓએ બહુ ભક્તિથી વર્ણન કર્યું.

ભૂમિની અંદર આકાશને સમાડીને દાટવાની સમાન આ શરીરમાં આત્મા ભરેલો છે. એ અત્યંત

આશ્ચર્ય છે. જો ઘરમાં આગ લાગી તો ઘર બળી જાય છે પરંતુ ઘરની અંદરનો આકાશ નથી બળતો. આ રીતે રોગશોકાદિ બધી બાધાઓ આ શરીરમાં આવે છે, આત્મામાં તેનાથી કાંઈ કષ્ટ ઊપજતું નથી. અનેક વર્ણના વાદળાંઓ રહેવા છતાં પણ તેમની સાથે ન મળીને જેવી રીતે આકાશ રહે છે તેવી રીતે રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિક વિકારોની વચ્ચે આત્માં રહેવા છતાં પણ તે પોતે નિર્મળ છે.

આત્મા પંચેન્દ્રિય નથી તે સર્વાંગે સુખનો અનુભવ કરે છે. પંચવર્ણ તેને નથી, કેવલ ઉજ્જવલ પ્રકાશમય છે. એ આશ્ચર્ય છે. આત્માને કોઈ રસ નથી, ગંધ નથી. શરીરમાં રહેવા છતાં પણ તે શરીરમાં મળેલો નથી. તો તે કેવો છે ? અત્યંત સુખી છે, સુજ્ઞાન ને ઉજ્જવલ પ્રકાશથી યુક્ત હોઈને માનો કે આકાશે જ પુરુષરૂપ ધારણ કર્યું હોય તેવો છે. આત્માને મન નથી, વચન નથી, શરીર નથી, ક્રોધ, મોહ, સ્નેહ, જન્મ, મરણ, રોગ, વૃદ્ધાવસ્થા આદિ કોઈ આત્માને નથી. એ તો શરીરના વિકાર છે.

જ્ઞાનાવરણાદિ આઠકર્મરૂપી બે શત્રુ (-દ્રવ્ય,ભાવ) આઠગુણયુક્ત આ આત્માના ગુણોને આવરીને કષ્ટ પહોંચાડી રહ્યો છે. રાગ, દ્વેષ મોહ એ તો ભાવકર્મ છે, અષ્ટકર્મ છે, દ્રવ્યકર્મ છે, ચામડાનું આ શરીર નોકર્મ છે. આ રીતે આ ત્રણ કર્મકાંડ છે. ભાવકર્મોદ્વારા આ આત્મા દ્રવ્યકર્મોને બાંધે છે, અને દ્રવ્યકર્મોદ્વારા નોકર્મને ધારણ કરે છે. તેનાથી જન્મ, મરણ, રોગ, શોકાદિકને પામીને આ આત્મા દુઃખી થાય છે.

બહુરૂપીઓ જેવી રીતે અનેક વેષોને ધારણ કરીને લોકમાં બહુરુપો દર્શાવે છે તેવી રીતે આ આત્મા લોકમાં બહુ પ્રકારે શરીર ધારણ કરીને ભ્રમણ કરે છે. એક શરીરને છોડે છે તો બીજું શરીર ધારણ કરે છે. તેને પણ છોડે છે તો ત્રીજું ધારણ કરે છે. આ રીતે શરીરની લે મૂક કરીને આ સંસારનાટકશાલામાં ભિન્ન-ભિન્નરૂપે જોવામાં આવે છે. આ આત્મા ક્યારેક રાજા થાય છે તો ક્યારેક રંક થાય છે, ક્યારેક સ્વામી થાય છે તો ક્યારેક સેવક બને છે. કોઈક વખતે ભિખારી તો કોઈક વખતે પૈસાદાર બને છે. ક્યારેક પુરુષના રૂપે તો ક્યારેક સ્ત્રીના રૂપે જોવામાં આવે છે. આ કર્મચરિત (-કર્મની રચના) છે. વિશેષ શું ? આ સંસારમાં આ આત્મા નર, સુર, ખગ, મૃગ, વૃક્ષ, નારકાદિ અનેક યોનિઓમાં ભ્રમણ કરતા થકા પરમાત્માકલાને ન જાણીને દુઃખ ઉઠાવે છે.

પંચેન્દ્રિયના સુખને આધીન થઈને આ આત્મા પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. શરીરને જ આત્મા સમજવા લાગે છે. જે શરીરને જ આત્મા સમજે છે તે બહિરાત્મા છે. આત્મા અલગ છે ને શરીર અલગ છે આ પ્રકારનું જ્ઞાન જેને હોય છે તેને અંતરાત્મા કહે છે. ત્રણેય શરીર જેમને નથી તે પરમાત્મા છે તે સર્વશ્રેષ્ઠ નિર્મળ પરમાત્મા છે. આત્મતત્ત્વને જાણતો થકો આત્મા અંતરાત્મા બન્યો રહે છે, પરંતુ તે આત્માનું ધ્યાન જે વખતે કરવામાં આવે છે તે વખતે તે આત્મા પરમાત્મા છે. એવો પરમાત્મા જિનેંદ્ર ભગવાનનો દિવ્ય આદેશ છે.

જેવીરીતે સૂર્ય વાદળાની વચ્ચે રહેવા છતાં પણ સ્વયં અત્યંત ઉજ્જવળ રહે છે તેવી રીતે કર્મોની વચ્ચે રહેવા છતાં પણ આ આત્મા નિર્મળ છે. આ રીતે આત્માના સ્વરૂપને સમજીને નિત્ય તેનું ધ્યાન કરે તો કર્મોનો નાશ થઈને મુક્તિની પ્રાપ્તિ થાય છે. 'આત્મા શુદ્ધ છે' એવું કથન નિશ્ચયનયાત્મક છે. આત્મા કર્મબદ્ધ છે એવું કથન વ્યવહારનયાત્મક છે. આત્માનાં સ્વરૂપનું કથન કરતા થકા સાંભળતા

તે બદ્ધ છે પરંતુ ધ્યાનની વખતે તે શુદ્ધ છે. આત્માને શુદ્ધસ્વરૂપે જાણીને ધ્યાન કરવાથી આ આત્મા કર્મ રહિત થઈને શુદ્ધ થાય છે. આત્માને સિદ્ધ સ્વરૂપે જોનારા પોતે સિદ્ધ થાય છે એમાં આશ્ચર્યની શી વાત છે ?

સિદ્ધબિંબ, જિનબિંબ આદિને શિલાદિમાં સ્થાપિત કરીને પ્રતિષ્ઠિત કરવું તે ભેદભક્તિ છે. પોતાના શુદ્ધાત્મામાં તેમને સ્થાપિત કરવા તે અભેદભક્તિ છે. તે સિદ્ધપદ પ્રાપ્ત કરવાની યુક્તિ છે. ભેદાભેદ ભક્તિનો અર્થ ભેદાભેદ રત્નત્રય છે. ભેદાભેદભક્તિ વડે કર્મોને દૂર કરીને મુક્તિ પામવી તે કોઈ અઘરી વાત નથી. આત્મતત્ત્વ પ્રાપ્ત કરવાની યુક્તિ જાણીને ધ્યાનના અભ્યાસ કાલમાં ભેદભક્તિનું અવલંબન કરવું પછી ધ્યાનનો અભ્યાસ થયા પછી તે નિષ્ણાત યોગીએ તે ભેદ ભક્તિનો ત્યાગ કરવો અને અભેદ ભક્તિનું અવલંબન કરવું. તેનાથી મુક્તિની પ્રાપ્તિ અવશ્ય થશે.

સ્ફટિકની પ્રતિમા જોઈને ''હું પણ એવો જ છું'' એમ વિચારીને આંખ મીંચીને ધ્યાન કરે તો આ આત્મા ઉજ્જવલ ચાંદનીની પૂતલી સમાન સર્વાંગે દેખાય છે. આત્મયોગ વખતે સ્વચ્છ ચાંદનીની અંદર છુપાયેલા જેવો અનુભવ થાય છે. અથવા ક્ષીરસાગરમાં પ્રવેશ કર્યા સમાન લાગે છે. વિશેષ શું ? સિદ્ધ લોકમાં ઐકય થઈ ગયું હોય તેવો અનુભવ થાય છે. આત્મયોગનું સામર્થ્ય વિચિત્ર છે, આત્માના જે વખતે દર્શન થાય છે, તે વખતે કર્મ ખરવા લાગે છે. સુજ્ઞાન ને સુખનો પ્રકાશ વધે છે. અને આત્મામાં અનંત ગુણોનો વિકાસ થવા લાગે છે. આત્માનુભવીના મહિમાનું કોણ વર્ણન કરી શકે ?

ધ્યાનરૂપી અગ્નિ દ્વારા તૈજસ ને કાર્મણ શરીરને ભસ્મીભૂત કરીને આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવી જોઈએ. તેથી ભવ્યોને સંસાર કાંતારને પાર કરવા ધ્યાન જ મુખ્ય છે. તેથી કોઈએ પ્રશ્ન કર્યો કે શું આ સાચું છે કે ગૃહસ્થ અને યોગીજન બન્ને ધર્મધ્યાનના બળથી ઉગ્રકર્મોનો નાશ કરે છે ? કૃપા કરીને કહો.

ત્યારે ઉત્તર આપ્યો કે તદ્દન સાચું છે. આત્મસ્વરૂપનું પરિજ્ઞાન ધર્મધ્યાનના બળથી ગૃહસ્થ અને યોગીઓને થાય છે. પરંતુ શુદ્ધાત્મ સ્વરૂપમાં પહોંચાડનારું શુકલધ્યાન યોગીઓને જ હોઈ શકે છે. તે શુકલધ્યાન ગૃહસ્થોથી નથી થઈ શકતું.

ધર્મધ્યાનને શુકલધ્યાનમાં અંતર શું છે ? ઘડામાં ભરેલા દૂધની સમાન આત્મા ધર્મધ્યાન દ્વારા દેખાય છે. સ્ફટિક પાત્રમાં ભરેલા દૂધની સમાન આત્મા શુકલધ્યાનમાં ગોચર થાય છે. અર્થાત્ શુકલધ્યાનમાં આત્મા અત્યંત નિર્મળ ને સ્પષ્ટ થઈને દેખાય છે. આટલું જ ધર્મ ને શુકલમાં અંતર છે. ધર્મધ્યાન યુવરાજ સમાન છે, શુકલધ્યાન અધિરાજ સમાન છે. યુવરાજ જેવી રીતે અધિરાજ બને છે તેવી રીતે ધર્મધ્યાન જ્યારે શુકલધ્યાન રૂપે પરિણમે છે ત્યારે મુક્તિ મળે છે.

જ્યાંસુધી યુવરાજ રહે છે ત્યાંસુધી તે સ્વતંત્ર નથી, પરંતુ જ્યારે તે અધિરાજ બને છે ત્યારે પૂર્ણસત્તાનાયક સ્વતંત્ર બને છે. તેવી રીતે ધર્મધ્યાન આત્મયોગના અભ્યાસ કાળમાં હોય છે, તે અવસ્થામાં આત્મા મુક્ત નથી થતો; શુકલધ્યાન પ્રાપ્ત થયા પછી તે સ્વતંત્ર થાય છે, મુક્તિ સામ્રાજ્યના અધિપતિ બને છે. ત્યારે કર્મ બંધનની પરતંત્રતા તેને નથી રહેતી.

જાણે આદિ પ્રભુના વાક્ય હોય તેવી રીતે તે કુમારોએ બહુ આદરપૂર્વક આત્મધર્મનું વર્ણન કર્યું. એવામાં એક અત્યંત વિચિત્ર સમાચાર ત્યાં આવ્યા, જે સાંભળીને તે બધા કુમાર આશ્ચર્યથી સ્તબ્ધ થયા.

ભરતજીના કુમારોનું વિદ્યાસામર્થ્ય જોઈને પાઠક આશ્ચર્ય-ચકિત થયા હશે. પ્રત્યેક શાસ્ત્રમાં તેમની ગતિ છે (-તેમનો પ્રવેશ છે.) અસ્ત્રવિદ્યામાં, શસ્ત્રવિદ્યામાં અશ્વવિદ્યામાં, ધનુર્વિદ્યામાં જેમાં દેખો તેમાં તે પ્રવીણ છે. કાવ્યકલા, સંગીતકલા, ને નાટયકલામાં પણ તેઓ પ્રવીણ છે. વ્યાકરણ, છંદશાસ્ત્ર અને આગમમાં તેઓ નિષ્ણાત છે. તેમાં પણ વિશેષતા એ છે કે આ બાલ્યકાલમાં પણ અર્હંત્ ભક્તિ, ભેદભક્તિ, અભેદભક્તિ આદિનું રહસ્ય સમજીને તેઓએ આત્મધર્મનો અભ્યાસ કર્યો છે. તેઓ આત્મતત્ત્વનું નિરૂપણ મોટા મોટા યોગીઓની સમાન કરે છે. એવા સત્પુત્રોને પામનારા ભરતજી સદૃશ મહાપુરુષોના જીવનને ખરેખર ધન્ય છે. એમનું સાતિશય પુણ્ય જ એવું છે કે જેના ફળથી આવા સુવિવેકી પુત્રોને પામે છે. તેઓ સદા આવા પ્રકારની ભાવના કરે છે કે :–

‘હે પરમાત્મા ! આપ વિદ્યારૂપ છો. પરાક્રમી છો, સદ્યોજાત છો, શાંત સ્વરૂપ છો, શ્રેષ્ઠ પુરુષ છો અર્થાત્ લોકાતિસાયી સ્વરૂપના ધારણ કરનારા છો, ભવરોગવૈદ્ય છો, તેથી આપની જય થાઓ.

હે સિદ્ધાત્મા ! આપ સાતિશયી સ્વરૂપી છો, રૂપાતીત છો, દેહરહિત છો, ચિન્મયદેહના ધારણ કરનારા છો, મતિગમ્ય છો, અપ્રતિમ છો, જગતગઅઅરુ છો, તેથી મને સન્મતિ આપો.’

આવી વિશુદ્ધ ભાવનાનું ફળ છે કે ભરતજી આવા વિવેકી સત્પુત્રોને પામે છે. આ બધું અનેક ભવોપાર્જિત સાતિશય પુણ્યનું ફળ છે.

## ૩. વિરક્તિ સંધિ

ભરતજીના કુમાર સાહિત્યસાગરમાં મગ્ન થઈ રહ્યા હતા. એવામાં એક નવા સમાચાર આવ્યા. હસ્તિનાપુરના અધિપતિ મેઘેશ્વરે સમવસરણમાં પહોંચીને જિનદીક્ષા લીધી છે, આ સમાચાર પહોંચતા જ ત્યાં સણસણાટ જાગ્યો. લોકો એકદમ સ્તબ્ધ થઈ ગયા. 'આમ કેમ ? એમ કેમ ? એકદમ આમ કેમ થયું ?' વગેરે ચર્ચાઓ થવા લાગી. 'જતી વખતે રાજ્ય કોના હાથમાં સોપ્યું ? શું પોતાના સહોદરને રાજ્ય આપ્યું કે પોતાના પુત્રને રાજ્યના અધિપતિ બનાવ્યા ?' એવામાં ખબર પડી કે તેઓએ જતી વખતે પોતાના નાના ભાઈ વિજયરાજને બોલાવીને કહ્યું કે ભાઈ ! હવે તમે રાજ્યનું પાલન કરો ત્યારે વિજયરાજે ઉત્તર આપ્યો કે ભાઈ ! તમને મૂકીને હું રાજ્યપાલન કેમ કરું ? મારે માટે ધિક્કાર હો ! તેથી હું તમારી સાથે જ આવું છું.' ત્યારપછી તેના નાના ભાઈ જયંતરાજને બોલાવીને કહ્યું કે તમે રાજ્યનું પાલન કરો. ત્યારે જયંતરાજે કહ્યું કે ભાઈ ! જે રાજ્યને સંસારવર્ધક સમજીને તમે છોડયું છે તે રાજ્ય શું મારે માટે કલ્યાણકારી છે ? તમારે માટે જે ચીજ ખરાબ છે તે મારે માટે સારી કેમ હોય ? તેથી તમારો જે માર્ગ છે તે મારો માર્ગ છે. હું પણ તમારી સાથે જ આવું છું.

'જ્યારે જયકુમાર પોતાના ભાઈઓને રાજ્યપાલન કરવાનું મનાવી શકયા નહિ ત્યારે તેઓએ પોતાના પુત્ર અનંતવીર્યને રાજ્ય આપીને તેનો પટ્ટાભિષેક કર્યો, અને પોતાના બન્ને સહોદરની સાથે દીક્ષા લીધી. જયકુમારના પુત્ર અનંતવીર્ય સાવ બાલક છે, છ વર્ષના છે. તેથી નિયમપૂર્તિને વાસ્તે પટ્ટાભિષેક કરીને મંત્રીઓને આધીન રાજ્યની વ્યવસ્થા કરી અને તેમને યોગ્ય માર્ગદર્શન કરીને જાતે નિશ્ચિંત થઈને દીક્ષા માટે ચાલ્યા ગયા. અનંતવીર્ય બાલક હતા તેથી તેને બધી વ્યવસ્થા કરી જવી પડી. જો તે યોગ્ય ઉમરના હોત તો તે તુરત જ ચાલ્યા જાત અસ્તુ.'


આ સમાચાર સાંભળતાં તે બધાને આશ્ચર્ય થયું. બધાએ લમણે હાથ મૂકીને ''જિન, જિન, તેને ખરેખર ધન્ય છે. તેમનું જીવન સફળ છે'' કહેવા લાગ્યા. અને તે બધાએ પરોક્ષ નમસ્કાર કર્યા.

તે બધામાં જ્યેષ્ઠકુમાર રવિકીર્તિરાજ છે. તેઓએ કહ્યું કે તદ્દન સાચું છે. ડહાપણ, વિવેક ને જ્ઞાનનું ફળ તો મોક્ષકાર્યમાં ઉદ્યોગ કરવો તે છે. આત્મકાર્યનું સાધન કરવું એ જ સમ્યગ્જ્ઞાનનું પ્રયોજન છે. આત્મતત્ત્વ પામવા માટે જ્ઞાનની જરૂર છે. પરમાત્માનું જ્ઞાન હોવા છતાં પણ તેની શ્રદ્ધાની જરૂર છે. શ્રદ્ધા ને જ્ઞાન હોવા છતાં પણ કામ નથી થતું. શ્રદ્ધા ને જ્ઞાન હોવા છતાં પણ સંયમ પાળવા માટે જે લોક પોતાના સર્વસંગનો પરિત્યાગ કરે છે તેને ધન્ય છે.

મઘેશ્વરે ખૂબ સંસારસુખનો અનુભવ કર્યો. રાજ્યભોગ ભોગવી લીધો અનેક વૈભવનો અનુભવ કર્યો. આવી સ્થિતિ હોવાથી તેને હેય સમજીને છોડી દીધા તે યોગ્ય જ થયું. પરંતુ તેમના સહોદર વિજય ને જયંતરાજે (રાજ્ય ભોગ ન ભોગવીને) આ રાજ્યલક્ષ્મીને મેઘમાલા સમજીને તેનો ત્યાગ કર્યો તે મોટી વાત છે. આશ્ચર્ય છે.

પોતાની યૌવનાવસ્થા ને શક્તિને શરીર સુખ માટે ન બગાડીને બહુ સંતોષપૂર્વક આત્મ સુખમાટે પ્રયત્ન કરનારા અને આ શરીરને તપશ્ચર્યામાં જોડનારા તેઓ ખરેખર મહારાજ છે. ધન્ય

આ ચિત્રમાં ગંધકૂટી ઉપર જે બિરાજમાન છે. તે ભગવાન ઋષભદેવ છે. હાથ જોડીને ઊભા છે તે હસ્તિનાપુરના રાજા અને ભરત ચક્રવર્તીના સેનાપતિ જયકુમાર છે, સંસારથી વિરકત થઈને તેઓ આદિનાથપ્રભુ પાસે મુનિદીક્ષા લઈ રહ્યાં છે.



જે રાજકુમારો દેખાય છે તે ભરત ચક્રવર્તીના પુત્રો છે. નાની ઉંમરના સો રાજકુમારો (રવિકીર્તિ વગેરે) વનમાં ખેલવા ગયા હતાં... તે વખતે એક ઘોડેસવાર ત્યાં આવીને તેમને જયકુમાર સેનાપતિની દીક્ષાના સમાચાર આપ્યાં. તે સાંભળતાં જ એ નાનકડા રાજકુમારો એકદમ આશ્ચર્ય પામ્યા. ને તેમનું ચિત્ત સંસારથી વિરકત થયું....તેઓ પણ, ત્યાંથી ઘરે જવાને બદલે સીધા (આદિનાથ દાદાના) ભગવાનના સમવસરણમાં દીક્ષા લેવા માટે જઈ રહ્યાં છે. વૈરાગ્યવંત નાનકડા સો રાજકુમારોની દીક્ષાનું કેવું મઝાનું દૃશ્ય છે.

છે. જો કે અમે બધા ચક્રવર્તીના પુત્ર છીએ તોપણ અમે ચક્રવર્તી નથી. પરંતુ તે ત્રણે ભાઈ ચક્રવર્તીને માટે વંદ્ય બન્યા છે. તેથી તે સુજ્ઞાન ચક્રવર્તીને ધન્ય છે. આજ સુધી તેઓ અમારા પિતાને વશ રહીને તેમના ચરણોમાં વિનયથી નમસ્કાર કરતા હતા, અને રાજ્યપાલન કરતા હતા. પરંતુ આજ અમારા પિતાજી પણ તેમના ચરણોમાં નમસ્કાર કરે છે. ખરેખર જિનદીક્ષાનું મહત્ત્વ અવર્ણનીય છે. પરબ્રહ્મ સ્વરૂપને ધારણ કરવાવાળા યોગીઓને અમારા પિતાજી નમસ્કાર કરે એમાં મોટી વાત શું છે ? જેવી રીતે ભમરો જઈને સુગંધિત પુષ્પોની તરફ નમે છે તેવી રીતે તેમના ચરણોમાં ત્રણ લોક જ નમી જાય છે.

સુજયાત્મ ! સાંભળો. સુકાંતાત્મક ! અરિવિજયાત્મ ! વગેરે બધા કુમાર બરાબર સાંભળો. દીક્ષાની બરાબરી કરનારો લાભ દુનિયામાં બીજો કોઈ નથી. શુકલધ્યાન માટે તે જિનદીક્ષા સહકારી છે, શુકલધ્યાન મુક્તિ માટે સહકારી છે. શુકલધ્યાન દ્વારા કર્મોનો નાશ કરીને મુક્તિમાં ન જઈને સંસારમાં પરિભ્રમણ કરનારા ખરેખર અવિવેકી છે. આ રીતે બહુ ખૂબીપૂર્વક જિનદીક્ષાનું વર્ણન રવિકીર્તિરાજે કર્યું.

આ કથન સાંભળીને ત્યાં ઉપસ્થિત બધા કુમારોયે તેનું સમર્થન કર્યું. અને બહુ હર્ષ વ્યક્ત થકા પોતાના મનમાં દીક્ષા લેવાનો વિચાર કરવા લાગ્યા. તેઓએ વિચાર કર્યો કે જુવાની ગયા પહેલાં, શરીરનું સામર્થ્ય ઘટવા પહેલાં, અને સ્ત્રીપુત્ર આદિની છાયા પડવા પહેલાં જ જાગૃતિ કરી લેવી જોઈએ. હવે અમે યોગ્ય ઉમરના થયા છીએ એમ વિચારીને પિતાજી અમોને એક એક કન્યા પરણાવશે સ્ત્રીઓની પાશમાં પડવાનું જીવન માખી તેલની અંદર પડે તેના જેવું છે.

સ્ત્રીને[૧] ગ્રહણ[૨] કર્યા પછી સુવર્ણ ભેગું કરવું જોઈએ, સુવર્ણને ગ્રહણ કર્યા પછી જમીન[૩] એકઠી કરવી પડે. સ્ત્રી, સુવર્ણ ને જમીનને ગ્રહણ કરનારા સજ્જન કાટ લાગેલા લોઢાની સમાન થાય છે. વસ્તુતઃ આ ત્રણ પદાર્થોના કારણે મોહની વૃદ્ધિ થઈને તેને દીર્ઘ સંસારી બનવું પડે છે. સૌથી પહેલાં પોતાની ઈન્દ્રિયોની તૃપ્તિ માટે તેને કન્યાના બંધનમાં પડવું પડે છે. અર્થાત્ વિવાહ કરવા પડે છે. ત્યારપછી કન્યાગ્રહણ કર્યા પછી તેને માટે આવશ્યક ઘરેણાં બનાવવા પડે છે. અને પૈસો ભેગો કરવો પડે છે અને પછી તેને ભાવના ઊપજે છે કે કાંઈક જમીન મિલ્કત-સ્થાવર સંપત્તિ-વસાવીએ આ રીતે આ ત્રણેય વાતોથી મનુષ્ય સંસાર બંધનથી સારી રીતે બંધાય છે.

અમે કન્યાનું પાણિગ્રહણ કર્યું હોય તોયે અમને સુવર્ણસંપત્તિ, રાજ્ય આદિ માટે ચિંતા કરવાની જરૂર નથી કેમકે પિતાજી દ્વારા ઉપાર્જિત કરવામાં આવેલી વિપુલસંપત્તિ ને અગણિત રાજ્ય તો તૈયાર છે. પરંતુ તે બધાથી આત્મહિત તો નથી થઈ શકતું. તે બધાં પોતાનું અધઃપતન કરનારા ભવપાશરૂપે છે.

વિપુલ સંપત્તિ હોવા છતાં તેનો પરિત્યાગ કરવો એ મોટી વાત છે. જુવાનીમાં દીક્ષાલેવી એમાં મહત્ત્વ છે, અને પરમાત્મતત્ત્વને જાણવું એ જીવનનો સાર છે. આ બધાની પ્રાપ્તિ થવાથી અમારાથી

૧. સ્ત્રીને : હેણ્ણું (કન્યા), ૨. ગ્રહણ : હોન્નુ (સુવર્ણ) ૩. જમીન : મોણ્ણું (જમીન) જર, જોરુને જમીન એ ત્રણ કજીઆના ઘર એ કાહે . વત પ્રમાણે મૂળ ગ્રંથકાર હેણ્ણું, હોન્નુ, મણ્ણુ એ ત્રણ શબ્દથી અનુપાપ્ત મેળવીને એ ત્રણે ય સંસારના મૂળ છે એવો અભિપ્રા. બતાવ્યો છે.

શ્રેષ્ઠ બીજું કોણ હોઈ શકે ? કુલ, બલ, સંપત્તિ, સૌંદર્ય વગેરે હોવા છતાં તે બધા ઉપરથી મોહ ઉતારી નાખીને તપશ્ચર્યામાં પોતાને લગાડે તો રૂપવતી સ્ત્રીની પતિવ્રતા થયાની જેમ વિશિષ્ટ ફલદાયક છે. કેમકે સંપત્તિ વગેરે હોવા છતાં તેના પ્રત્યેથી મોહ ઉતારવો તેમાં વિશિષ્ટતા છે.

સ્ત્રીઓના પાશમાં જ્યાંસુધી આ મન નથી ફસાતું ત્યાંસુધી તેમાં એક વિશિષ્ટ તેજ રહે છે. તે પાશમાં ફસાયા પછી ધીરે ધીરે દીપકની શોભા જોઈને ફસાઈ જનારા કીડાની સમાન આ મનુષ્ય પોતાના જીવનને ખોઈ નાખે છે. હાથણી જોઈને જેવી રીતે હાથી ફસાઈને જબરજસ્ત ખાડામાં પડે છે અને જીવનભર પોતાની સ્વતંત્રતાને ખોઈ નાખે છે તેવી રીતે સ્ત્રીઓના મોહમાં પડીને ભવસાગરમાં ફસાઈ જનારા અવિવેકી નેત્ર હોવા છતાં પણ આંધળા છે, માછલી જેવી રીતે જરાક માંસની કટકીના લોભમાં ફસાઈને ગળામાં રહેવાથી પોતાનું ગળું રુંધી નાખે છે અને પોતાનો પ્રાણ ખૂએ છે તેવી રીતે સ્ત્રીઓના અલ્પ સુખના લોભથી જન્મમરણરૂપી સંસારમાં પડવું તે શું ડહાપણ ભર્યું કાર્ય છે ?

પહેલાં તો સ્ત્રીઓનો સંગ જ ભારરૂપ છે. તેમાં પણ જો સંતાન થાય તો તે ઘોર ભાર છે. આ રીતે વિચાર કરીને તે કુમાર સંસાર જંજાલથી ભયભીત થયા.

સ્ત્રી તો પાદની શુંખલારૂપ છે અને તેમાં સંતાન થયા તો તે ગળાની શૃંખલા છે. આ રીતે તે સ્ત્રીપુત્રોનું બંધન ખરેખર મજબૂત બંધન છે.

લોકો બાળક પર પ્રેમ કરે છે. ખોળામાં બેસાડે છે. ખોળામાં જ તે બચ્ચાંઓ ઝાડો પેશાબ કરે છે તે વખતે ‘છી, છી’ કહેવા મંડે છે. આવો પ્રેમ એક ભ્રાન્તિરૂપ છે. પ્રેમવશીભૂત થઈને બચ્ચાંની સાથે બેસીને ભોજન કરે છે, પરંતુ તે બચ્ચાં ભોજનને વખતે ઝાડા (ઝાજરૂ) કરે છે, તે વખતે પ્રેમમાં ભંગ પડે છે. આ એક વિચિત્રતા છે.

સ્ત્રીઓમાં કોઈ રોગ આવે તો તેમનું શરીર દુર્ગંધથી ભરેલું રહે છે. ત્યારે પતિ પોતાનું મુખ દુર્ગધને લીધે આઘું ખસેડી લે છે. પરંતુ એમ વિચાર નથી કરતો કે આ મોહ જ માયાજાળસ્વરૂપ છે. નાહક તે એવા દુર્ગંધમય શરીર ઉપર મુગ્ધ થાય છે. સ્ત્રીઓ જ્યારે ગર્ભ ધારણ કરે છે, પ્રસૂતિ આવે છે, અને માસિક ધર્મથી બહાર બેસે છે ત્યારે તેમના શરીરમાંથી શુકલ, શોણિત (લોહી) અને દુર્ગંધ નીકળે છે. તે અત્યંત ઘૃણાસ્પદ છે. પરંતુ આવા શરીરમાં પણ ભેંસ જેમ કીચડમાં પડે છે તેવી રીતે અવિવેકી જન સુખ માને છે, ખેદ છે.

મૂત્રોત્પત્તિના સ્થાનભૂત જઘનસ્થાનમાં મોહિત થઈને મુક્તિને ભૂલીને તે અવિવેકી જન નિંદ્યજીવન ધારણ કરે છે, પરંતુ અમે સદાચારી થઈને તેમાં ફસાઈએ તો કેટલી લજ્જાસ્પદ વાત થાય ? આ રીતે તે કુમારોએ વિચાર કર્યો.

સુખને માટે સ્ત્રી ને પુરુષ બન્ને એકાંતમાં ક્રીડા કરે છે. પરંતુ ગર્ભ રહ્યા પછી તે વાત છાની રહેતી નથી, લોકમાં તે પ્રગટ થઈ જાય છે, ગર્ભિણીનું મુખ મ્લાન થઈ જાય છે, તે રુવે છે. કષ્ટ ઉઠાવે છે, પ્રસવની વેદનાથી વિશેષ બીજું કોઈ લોકમાં દુઃખ નથી, સુખનું ફળ જ્યારે દુઃખ છે ત્યારે તે સુખને ધિક્કાર હો, એક બિંદવા સમાન સુખને માટે પર્વત સમાન દુઃખ ભોગવવા તે મનુષ્ય તૈયાર થાય છે.

આશ્ચર્ય છે. જો દુઃખના કારણભૂત તે પંચેદ્રિય વિષયોને છોડે તો સુખ પર્વત જેટલું થઈ જાય છે. અને સંસાર સાગર બિંદુ સમાન થઈ જાય છે. પરંતુ અવિવેકી જન આ વાતનો વિચાર નથી કરતા.

સ્વર્ગની દેવાંગનાઓના સુંદર શરીરના સંસર્ગથી પણ આ આત્માને તૃપ્તિ ન થઈ. તો આ દુર્ગંધમય શરીરને ધારણ કરનારી માનવ સ્ત્રીઓના ભોગથી શું આ તૃપ્ત થાય ? અસંભવ છે. સુરલોક, નરલોક, નાગલોક અને તિર્યંચ લોકની સ્ત્રીઓને અનેકવાર ભોગવતા થકા આ આત્મા ભવમાં પરિભ્રમણ કરે છે. તેથી શું તેની તૃપ્તિ થઈ ? ના, ન થઈ ને એમ થાય પણ નહિ. જેમને તરસ લાગે છે તે જો મીઠું નાખેલું પાણી પીએ તો જેવી રીતે તેની તરસ વધતી જ જાય છે તેવી રીતે પોતાના કામ વિકારની તૃપ્તિ માટે જો સ્ત્રીઓને ભોગવે તો તે વિકાર વિશેષ વધતો જાય છે, તૃપ્તિ થતી નથી, અને સ્ત્રીઓની આશા જ વધતી જાય છે.

અગ્નિ પાણીથી બુઝાય છે પરંતુ ઘી થી વધે છે. આ રીતે કામાગ્નિ સચ્ચિદાનંદ આત્મરસથી બુઝાય છે અને સ્ત્રીઓના સંસર્ગથી વધે છે. ભોગ ભોગવવાથી ભોગની ઈચ્છા વધે છે એ નિયમ છે. કેવલ કામાગ્નિ નહિ. પંચેન્દ્રિય નામથી પ્રસિદ્ધ પંચાગ્નિ તેમને ઈષ્ટ પદાર્થ આપવાથી વધે છે. પરંતુ તેનાથી ઉપેક્ષિત થઈને આત્મારામમાં મગ્ન થવાથી તે પંચાગ્નિ આપોઆપ બુઝાય છે. સ્નાન, ભોજન, ગંધ, પુષ્પ, ભૂષણ, પાન, ગાન, તાંબૂલ, વસ્ત્ર વગેરે આત્માને તૃપ્ત નથી કરી શકતા. આત્માની તૃપ્તિ તો આત્મધ્યાનથી જ થાય છે.

તેથી આજે અલ્પ સુખની ઈચ્છા ન રાખવી જોઈએ. જો સંસારનો મોહ છોડીને ધ્યાનનું અવલંબન કરે તો તે ધ્યાન આગળ જતાં અવશ્ય મુક્તિ આપે. તેથી આજે જે તે વિચાર કરવા મૂકી દઈને દીક્ષા લેવી જોઈએ. આ વાત સાંભળતાં જ બધા લોકોએ તેને હર્ષપૂર્વક સમર્થન કર્યું.

આપણે બધા કૈલાસપર્વત ઉપર જઈએ, ત્યાં મેરુપર્વત સમાન ઉન્નતરૂપે બિરાજમાન ભગવાન આદિપ્રભુના ચરણોમાં પહોંચીને દીક્ષા લઈએ.

આ વચન સાંભળતાં જ બધા કુમાર આનંદથી ઊભા થયા તેમાં કોઈ કોઈ કહેવા લાગ્યા કે અમે પિતાજીની પાસે પહોંચીને તેમની અનુમતિ લઈને દીક્ષા લેવા જઈએ. ઉત્તરમાં કોઈ કહેવા લાગ્યા કે જો પિતાજીની પાસે જઈશું તો દીક્ષાની રજા આપશે નહિ તો તે કાર્ય નહિ બને. બીજા કોઈ કહેવા લાગ્યા કે પિતાજીને એક વખત સમજાવી દઈએ પરંતુ અમારી માતાઓની રજા મળવી અસંભવ છે, તેથી તેમની પાસે જવું યોગ્ય નથી. આપણે આપણી માતાઓ પાસે જઈને કહીએ કે દીક્ષાની અનુમતિ આપો. તો શું તે સીધી રીતે એમ કહેશે કે બેટા ! જાઓ તમે બહુ સારો વિચાર કર્યો છે.' એમ કદી ન બની શકે ઊલટા તેઓ અમારે ગળે પડીને રોશે તો આપણું નીકળવું મુશ્કેલ થઈ પડશે.

કોઈ કહેવા લાગ્યા કે અમારે ચિંતા કરવા જેવી શું વાત છે ? શું ઘરેણાં લઈ જઈને તેમને સોંપવા છે ? અથવા અમારે બાલ બચ્ચાંને સંભાળવાનું કહેવા જવાનું છે કે અમારી સ્ત્રીઓનું રક્ષણ કરવાનું કહેવા જવાનું છે ? તો પછી શું ? તેમની અમને ચિંતા જ ક્યાં છે ? અમને જો તેમની ચિંતા

નથી તો તેમને પણ અમારી ચિંતા જ ક્યાં કરવાની છે ? કેમકે તેમને અમારા જેવા હજારો પુત્ર છે. અમારી ચિંતા કરવાની તેમને જરૂર નથી, અમારી જરૂર તેમને નથી. તેમની જરૂર અમને નથી. તેમને માટે તેઓ છે, અમારે માટે અમે છીએ. વિચાર કરવાથી આ ભવમાળામાં કોણ કોના છે ? આ બધી ભ્રાન્તિ છે. પુત્ર પિતા થાય છે, પિતા તે જ જન્મમાં પોતાના પુત્રના જ પુત્ર બને છે. પુત્રી માતા થાય છે, તેવી રીતે તે જ જન્મમાં માતા પુત્રીની પુત્રીની થાય છે. મોટાભાઈ નાનાભાઈ બને છે. નાનાભાઈ પણ મોટાભાઈ બને છે. સ્ત્રી પુરુષ થાય છે, પુરુષ સ્ત્રીયોનિમાં ઉત્પન્ન થાય છે. આ બધું કર્મચરિત્ર છે. શત્રુ ક્યારેક મિત્ર બને છે, મિત્ર પણ શત્રુ બને છે, પરિવર્તનશીલ આ સંસારની સ્થિતિનું શું વર્ણન કરવું ! અહીં બધી વ્યવસ્થા પરિવર્તનરૂપ છે, અનિશ્ચિત છે તેથી કોને કોનો ભરોસો કરવો.

માતાના ગર્ભથી આવતા, સાથે આવેલું આ શરીર પણ અમારાથી ભિન્ન છે. અમારું નથી, તો માતા-પિતાઓની વાત જ શી ? તેથી વિશેષ વિચાર કરવાની જરૂર નથી. ''हंसनाथाय नमः स्वाहा'' આ દીક્ષા માટે ઉચિત સમય છે. હવે વાર લગાડયા સિવાય દીક્ષા લેવી જોઈએ. આપણે બધા જઈએ.

જો નોકર અહીંથી જશે તો પિતાજીને જઈને કહેશે, અને તેથી અમને દીક્ષામાં વિઘ્ન ઉપસ્થિત થશે. આ વિચારથી તેમને અનેક તંત્રને ઉપાયથી ફસાવીને પોતાની સાથે જ તે કુમારો લઈ ગયા. તેમને વચ્ચે અનેક વાતોમાં લગાડીને પાછા ફરવા નથી દેતા.

વીરયોદ્ધા યુદ્ધને માટે રજા મેળવવાના હેતુથી જેવી રીતે પોતાના સ્વામીની પાસે જાય છે તેવી રીતે 'સ્વામી ! દીક્ષા આપો, અમે યમને મારીને ભગાડી દેશું' એમ કહેવાને માટે પોતાના દાદાની પાસે તેઓ જતા હતા. 'સ્વામી ! અરિકર્મોને અમે બાળી નાખીશું, મોક્ષરૂપી કિલ્લાને અમે વશ કરીશું એ અમારી પ્રતિજ્ઞા છે, એ આપ લખી રાખો.' એમ કહેવા માટે આદિપ્રભુની પાસે તેઓ જઈ રહ્યા હતા. તેઓ જે વખતે જતા હતા ત્યારે માર્ગમાં અનેક નગરોમાં પ્રજાજન પૂછતા હતા કે 'સ્વામી ! ક્યાં જાઓ છો ?' ઉત્તરમાં તે કુમારો કહે છે કે 'કૈલાસ પર્વતપર આદિપ્રભુના દર્શન માટે જઈએ છીએ.' ફરી તેઓ પૂછે છે કે 'ચાલતા ચાલતા કેમ જાઓ છો. વાહનાદિનો ઉપયોગ કરો.' ઉત્તરમાં તેઓ કહે છે કે 'ભગવાનના દર્શન જ્યાં સુધી નહિ થાય ત્યાં સુધી માર્ગમાં ચાલીને જવું એવો નિયમ છે. તેથી વાહનાદિકની જરૂર નથી.'

આ સમાચાર સાંભળતા જ પ્રજાજન આગળ જઈને સર્વ નગરવાસીઓને સમાચાર પહોંચાડતા હતા કે 'આજે અમારા સ્વામીના કુમાર કૈલાસવંદના કરવા જાય છે. તે નિમિતે તેમનું સર્વત્ર સ્વાગત કરો ને ગ્રામનગરાદિકની શોભા કરો. આ રીતે સર્વત્ર હર્ષથી ઉત્સવ ઉજવવા લાગ્યા. સ્થાન સ્થાન પર તે કુમારોનું સ્વાગત થઈ રહ્યું છે. નગર, મંદિર, મહેલ વગેરે શણગારી દેવામાં આવ્યા છે. પ્રજાજનોની ઈચ્છાનુસાર અનેક મુકામોમાં વિશ્રાંતિ લઈને તે કુમાર કૈલાસ પર્વત તરફ પહોંચ્યા.

ભરતજીના સુકુમારોની ચિત્તવૃત્તિ જોઈને પાઠકોને આશ્ચર્ય થયાવિના નહિ રહે. પુણ્ય પુરુષોને જ આટલી અલ્પ વયમાં જ આટલો ઉચ્ચ વિચાર, સંસારભિરુતા, વૈરાગ્યસંપન્ન વિવેક હોઈ શકે છે.

કામ, ક્રોધાદિક વિકારો ઉત્પન્ન થવાની જે સાધક્તમ અવસ્થા છે તે વખતે આત્માનુભવ કરવા યોગ્ય શાંત વિચાર આવવા બહુ જ કઠણ છે. આવા સુપુત્રોને પામનાર ભરતજીને ધન્ય છે. આ તો તેમના અનેક ભવોપાર્જિત સાતિશય પુણ્યનું જ ફળ છે કે તેઓ આવા વિવેકી જ્ઞાનગુણસંપન્ન સુપુત્રોને પામ્યા છે કે જેઓએ બાલ્યકાલમાં જ સંસારના સારનું સારી રીતે જ્ઞાન કરી લીધું છે. એનું એક માત્ર કારણ એ છે કે ભરતજી સદા તદ્રૂપ ભાવના કરે છે.

''હે પરમાત્મા ! આપ સુજ્ઞાન સ્વરૂપી છો. સુજ્ઞાન જ આપનું શરીર છે. સુજ્ઞાન જ આપનો શૃંગાર ને ભૂષણ છે. તેથી હે સુજ્ઞાનસૂર્ય ! મારા અંતરમાં સદાય વર્ત્યા રહો.

હે સિદ્ધાત્મા ! આપ મુક્તિલક્ષ્મીના અધિપતિ છો, જ્ઞાનના સમુદ્ર છો, દિવ્ય ગુણના આધારભૂત છો, વચનથી અગોચર છો, ત્રણ લોકના અધિપતિ છો, સૂર્યની સમાન ઉજ્જવળ પ્રકાશથી યુક્ત છો. તેથી હે નિરંજનસિદ્ધ ! મને સન્મતિ આપો.''

## ૪. સમવસરણ સંધિ

**ભ**રતજીના સો કુમાર આપસમાં પ્રેમથી વાતચીત કરતા થકા ભગવાન આદિપ્રભુના દર્શન માટે કૈલાસ પર્વત તરફ જતા હતા. દૂરથી કૈલાસપર્વતને જોઈને તેઓ આનંદ પામ્યા.

સફેદ આકાશભૂમિની અંદર અંકુરિત થઈને ઉપર ખીલી નીકળીને પર્વતના રૂપે બની ગયો હોય એ રીતે તે કૈલાસપર્વત અત્યંત સુંદર દેખાતો હતો. અને ચાંદની રાત હોવાથી વિશેષ અધિક ચળકતો હતો. અનેક ચંદ્રમંડલ મળીને આ એક પર્વત તો નહિ હોયને ! અથવા આ ચંદ્રગિરિ છે કે રજતગિરિ છે ? એ રીતે ઈંદ્રવૈભવયુક્ત તે કુમાર વિચાર કરવા લાગ્યા. ક્ષીરસમુદ્ર જ પર્વતના રૂપે નથી બન્યોને ? આ તો ચિત્તને બહુ વિશેષ આકર્ષી રહ્યો છે. શું એ ક્ષીરપર્વત છે અથવા રજતપર્વત છે ? કેવો મજાનો છે ! આ રીતે પ્રશંસા કરવા લાગ્યા. ભગવાન આદિપ્રભુની ધવલકીર્તિ જ મૂર્તસ્વરૂપ પામીને આ પર્વત તો નહિ બન્યો હોય ને ! અથવા શું ભવ્યોનું પુણ્ય પર્વત બની ગયો છે ? જિન જિન આશ્ચર્ય છે. એમ કહેતા થકા તેઓ તે પર્વત પાસે પહોંચ્યા.

તે પર્વત જોઈને તેમના હૃદયમાં તેના પ્રતિ આદર ઉત્પન્ન થયો. સુવર્ણપર્વત પાંચ છે. રજતાદ્રિ તો એકસો સત્તર છે. પરંતુ હે પર્વતરાજ ! તમારા જેવું સમવસરણને ધારણ કરવાનું ભાગ્ય તે પર્વતોને ક્યાં છે ?

સિદ્ધ લોકમાં જવાને માટે આ એક સૂચના છે. આનીપર ચડવું તે સિદ્ધશિલા પર ચડવાની સમાન છે. આમ વિચારતા થકા અને વચનથી 'सिद्धाय नमः' (સિદ્ધને નમસ્કાર) એમ ઉચ્ચારણ કરતા થકા તેઓએ તે પર્વત ઉપર ચડવાનો પ્રારંભ કર્યો. મનમાં અત્યંત સુંદર વિચાર કરતા થકા, પંક્તિબદ્ધ થઈને તે કુમાર તે કૈલાસ પર્વત પર હાલ ચડતા હતા. તે વખતે પોતાના મનમાં કાંઈક વિચાર કરીને વીરંજય રાજકુમારે મોટા ભાઈ રવિકીર્તિરાજને એક પ્રશ્ન કર્યો. 'ભાઈ ! આપે એક વાર પિતાજીની સાથે ભગવાનના દર્શન કર્યા છે તો ભગવાનનો દરબાર કેવો છે તેનું કૃપા કરીને વર્ણન કરો.'

રવિકીર્તિરાજે ઉત્તરમાં કહ્યું કે 'ભાઈ ! ઠીક, તમે આવો પ્રશ્ન કર્યો છે કે જેવી રીતે કોઈ કોઈ વિશાળ નગરને જોવા જાય છે તો બહારની ગલીમાં પહોંચ્યા પછી નગરનું વર્ણન સાંભળવા ઈચ્છે છે, આ રીતે આપણે કૈલાસ પર્વત પર ચડીએ છીએ અને શીઘ્ર સમવસરણમાં પહોંચવાના છીએ. હવે તો બિલકુલ પાસે જ છે. આવી અવસ્થામાં સમવસરણનું વર્ણન સાંભળવા ઈચ્છો છો, તમે ચાલો ત્યાં જઈશું એટલે સમવસરણ કેવું છે એ તો તમે પોતાની આંખોથી જ જોશો.'

ત્યારે વિજયકુમારે કહ્યું કે 'ભાઈ ! આપ જો સમવસરણનું વર્ણન કરશો તો આપણે તે સાંભળતા સાંભળતાં આપણો રસ્તો જલદી કપાશે અને લોકૈક ગુરુ શ્રી ભગવાનનું પુણ્યકથન અમે શ્રવણ કરીએ તો તેમાં આપનું શું જવાનું કહો તો ખરા !'

ત્યારે રવિકીર્તિએ કહ્યું કે 'ભાઈ ! તો તો સાંભળો હું આપના પિતાની સાથે ભગવાનનું દર્શન કરી આવ્યો છું. તે પ્રભુ જે સમવસરણમાં બિરાજમાન છે તે તો લોકને માટે એક વિચિત્ર વસ્તુ છે. જિનસભા, જિનવાસ, સમવસરણ ને જિનપૂર આ બધું એક જ અર્થવાચક શબ્દ છે. જિનેંદ્ર ભગવાન જે સ્થાનમાં રહે છે, તે સ્થાન આ નામથી ઓળખાય છે. તેનું હું વર્ણન કરું છું. સાંભળો.'

'આ કૈલાસને સ્પર્શ ન કરતાં અર્થાત્ પર્વતથી પાંચ હજાર ધનુષ્ય ઊંચા આકાશ પ્રદેશમાં તે સમવસરણ આવેલું છે, તેના અતિશયનું શું વર્ણન કરું ? તે સમવસરણને કોઈ આધાર નથી, પરંતુ ત્રણ લોકને આધારરૂપ તે રાજમહેલ સમાન છે. આમ હોવાથી આ ભૂલોકને તે અત્યંત આશ્ચર્યકારક છે.

'દુનિયામાં દરેક રીતે કોઈ નિસ્પૃહ હોય તો ભગવાન અર્હંતપ્રભુ છે. તેથી તેમને કોઈ પણ પ્રકારની પરાધીનતા નથી. તે પોતાના રહેવા માટે પણ મહેલ, સમવસરણ, પર્વત આદિના આધારની અપેક્ષા નથી કરતા, તેથી લોકોત્તર મહાપુરુષ કહેવાય છે. દેવેંદ્રોની આજ્ઞાથી કુબેર ઈંદ્રનીલમણિની ફરસીથી સમવસરણની રચના કરે છે. તે ચંદ્રમંડલની સમાન વૃત્તાકાર છે અને તે દિવસેંદ્રયોજનના વિસ્તારથી યુક્ત છે.

દેખાય છે કે કહેવાય છે તો બાર ગાઉ પ્રમાણ, છતાં ગમે તેટલા લોક તેમાં આવે તો પણ સમાઈ જાય છે. કરોડો યોજનના વિસ્તારનો આકાશપ્રદેશ જેવી રીતે અવકાશ આપે છે તેવી રીતે આવેલા ભવ્યોને માટે સ્થાન દેવાનું તેમાં સામર્થ્ય છે. જેવી રીતે હજારો નદીઓ આવીને મળે અને પાણી કેટલુંય વરસે તો પણ સમુદ્ર તે પાણીને પોતામાં સમાવી લે છે અને પોતાની મર્યાદાની બહાર જતો નથી તેવી રીતે આ સમવસરણમાં આવેલા સમસ્ત ભવ્યોને સ્થાન (અવકાશ, જગ્યા) આપે છે.

'સમવસરણની જમીન તો ઈંદ્રનીલમણિથી નિર્મિત છે. પરંતુ ત્યાનું ગોપુર, દ્વાર, વેદિકા, પરકોટા વગેરે તો નવરત્ન ને સુવર્ણથી નિર્મિત છે તેથી અનેક મિશ્રવર્ણથી સુશોભિત બને છે. ઈન્દ્રગોપથી નિર્મિત આ ક્ષેત્ર તો નથી ને ? અથવા શું ઈન્દ્રચાપથી નિર્મિત ભૂમિ છે ? આ રીતે લોકોને આશ્ચર્યમાં નાખતા ચંદ્રકોટિ પ્રકાશથી યુક્ત જિનેંદ્ર ભગવાનની નગરી શોભી રહી છે. અંબર (આકાશ) રૂપી સમુદ્રમાં સ્થિત કદંબવર્ણના કમલની સમાન તે સમવસરણ સુશોભિત થઈ રહ્યું છે. તેનો પ્રકાશ દશે દિશાઓમાં ફેલાઈ રહ્યો છે. તેથી પ્રકાશમંડલની વચ્ચે તે કદંબવર્ણના સૂર્યની સમાન દેખાય છે.

'ભાઈ ! વિશેષ શું કહું ? તે સમવસરણ ઉષ્ણતા રહિત સૂર્યબિંબની સમાન છે. કલંકરહિત ચંદ્રબિંબની સમાન છે. અથવા પર્વતરાજને માટે ઉપયુક્ત દર્પણ સમાન છે. આ રીતે આદિપ્રભુનું પુર અત્યંત સુંદર છે. પોતાની કાંતિથી વિશ્વભરમાં વ્યાપ્ત થઈને સમુદ્રમાં એક જગ્યાએ રહેલા નવરત્નનિર્મિત જહાજની સમાન લાગે છે. જે વખતે તેમનો આકાશમાં વિહાર થાય છે, ત્યારે પ્રકાશરૂપી સમુદ્રમાં જહાજની સમાન દેખાય છે અને જ્યાં થંભવાનું હોય છે ત્યાં થંભી જાય છે. જેવી રીતે નાવિકની ઈચ્છાનુસાર જહાજની ગતિસ્થિતિ થાય છે.

'પુણ્યાત્માઓનાં પુણ્યબલથી તીર્થંકરનો વિહાર તેમના પ્રાન્તમાં થાય છે, તો પુણ્યની સમાન તે પણ તેમની પાછળ જ જાય છે. જ્યારે ભગવાન કૈલાસ પર્વતપર બિરાજે છે ત્યારે તે પણ ત્યાં જ આવીને થંભી જાય છે. ભાઈ ! જેવી રીતે કોઈ વાહનને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય છે તેવી રીતે ભગવાન તો એક વિશાળ નગરને જ એક જગ્યાએથી બીજી જગ્યાએ, બીજી જગ્યાએથી ત્રીજી જગ્યાએ લઈ જાય છે. શું એમનો મહિમા સામાન્ય છે ?

'ચારે દિશાઓમાં રત્ન સોપાન બનાવ્યા છે અને રત્ન સોપાનને અડીને તે જિનનગર બિરાજમાન છે. એવું લાગે છે કે આ કૈલાસ પર્વતની ઉપર નવરત્નમય એક પર્વત જ ઊભો હોય, ભાઈ ! આ

સમવસરણને નવ પરકોટા છે. તેમાં એક તો નવરત્નથી નિર્મિત છે, એક માણિક્ય રત્નથી નિર્મિત છે. પાંચ સુવર્ણથી નિર્મિત છે અને બે સ્ફટિક રત્નથી નિર્મિત છે. આ રીતે નવપરકોટાથી તે દેવનગરી વેષ્ટિત છે.

'પહેલી પરકોટા નવરત્ન નિર્મિત છે, ત્યાર પછી બે સુવર્ણદ્વારા નિર્મિત છે, આગળની એક પદ્મરાગમણિથી નિર્મિત છે, ત્યાર પછી ત્રણ સુવર્ણથી નિર્મિત છે. ત્યારપછી બે સ્ફટિકથી નિર્મિત છે. સમવસરણના વર્ણનમાં ચાર સાલ ને પાંચ વેદિકાઓનું વર્ણન કરે છે. આ નવપરકોટાથી જ ચાર સાલ અને પાંચ વેદિકાઓના વિભાગ થાય છે. ચારે દિશાઓમાં ચાર દ્વાર છે. અને ચારે દ્વારની બહાર અત્યંત ઉન્નત ચાર માનસ્થંભ બિરાજમાન છે. નવપરકોટામાંની આઠ પરકોટાની દ્વાર ઉપર દ્વારપાલક છે નવમી પરકોટાના દ્વાર પર દ્વારપાલક નથી. તે પરકોટાની વચ્ચેની ભૂમિનું વર્ણન સાંભળો.

'પહેલા પ્રકારમાં સુવર્ણથી નિર્મિત ગોપુર, રત્નથી નિર્મિત જિનમંદિર શોભી રહ્યું છે. તેનાથી આગળ ઉત્તમ તીર્થગંધોદક નદીના રૂપે બીજી પ્રાકાર ભૂમિમાં વહી રહ્યો છે. અત્યંત હૃદ સુગંધથી યુક્ત ફૂલનો બગીચો અનવદ્ય ત્રીજા પ્રાકારભૂતલ પર આવેલો છે. અને ચોથી પ્રાકાર ભૂમિમાં ઉદ્યાન વન ચૈત્યવૃક્ષ વગેરે આવેલ છે. પાંચમી ભૂમિમાં હાથી, ઘોડા, બળદ વગેરે ભવ્ય તિર્યંચ પ્રાણી રહે છે. છઠ્ઠી વેદિકામાં કલ્પવૃક્ષ, સિદ્ધવૃક્ષ આદિ શોભી રહ્યાં છે. સાતમી વેદિકા જિનગીતવાદ્ય, નૃત્ય આદિ દ્વારા શોભી રહી છે. આઠમી વેદિકામાં મુનિગણ, દેવગણ, મનુષ્ય વગેરે ભવ્ય બિરાજમાન છે. આ રીતે સમવસરણની આઠ વેદિકાઓનું વર્ણન થયું.

'હવે નવમા દરવાજાની અંદરની વાત સાંભળો તેનું વર્ણન કરું છું. દ્વારપાલ વગરના નવમા પ્રાકારમાં ત્રણ પીઠ આવેલ છે. ભાઈ ! વીરજય ! તેમની શોભા સાંભળો.

'એક પીઠ વૈડૂર્યરત્નનિર્મિત છે, તેની સુવર્ણદ્વારા નિર્મિત બીજી પીઠ છે. તેની ઉપર અનેક રત્નોથી નિર્મિત પીઠ છે. આ રીતે રત્નત્રય સમાન એકની ઉપર એક, પીઠત્રય બિરાજમાન છે. સૌથી ઉપરની પીઠ ઉપર અનેક રત્નોદ્વારા જડેલા ચાર સિંહ છે. તેમની આંખો ખુલ્લી ને લાલ, પૂછડી ઊંચી ને કેશવાળી જટાજાલ છૂટીછવાયી છે. પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશાની તરફ તેમાંના દરેક સિંહની દૃષ્ટિ છે, તેમને જોવાથી જણાય છે કે તે કૃત્રિમ નથી. સાક્ષાત જીવસહિત સિંહ જ છે. તે સિંહો ઉપર એક સુવર્ણ કમલ હજાર દલથી યુક્ત છે. કેસર ને કર્ણિકાથી યુક્ત હોવાને કારણે દશે દિશાને પોતાની સુગંધથી વ્યાપ્ત કરી રહ્યો છે. તે પદ્મકર્ણિકાથી ચાર આંગળ છેટે આકાશમાં પદ્મરાગમણિની કાંતિથી યુક્ત પાદકમલને ધારણ કરનારા ભગવાન આદિપ્રભુ પદ્માસનમાં બિરાજમાન છે.

'બે કરોડ બાલસૂર્યોના ભેગા મળવાથી જેવી કાંતિ પડે છે તેવી સુંદર દેહકાંતિથી યુક્ત ભગવાન કાંતિ સમુદ્રમાંજ બિરાજમાન છે. ત્રણ લોકને માટે આ એક જ દેવ છે એમ લોકને સૂચવનાર મોતીઓથી નિર્મિત છત્રત્રય શોભી રહ્યા છે. દેવગણ શુભ્ર ચોસઠ ચામર ભગવાનની ઉપર વીઝાંઈ રહ્યા છે. એવું લાગે છે કે ભગવાને ક્ષીરસમુદ્રના તરંગની ઉપર જ પોતાનો દરબાર ભર્યો છે. જિનેંદ્રના રૂપને જોઈને ઈન્દ્રચાપે સ્થિરતા ધારણ કરી લીધી હોય એવી રીતે ભામંડલ શોભી રહ્યું છે. ભગવાનના દર્શન કરવાથી શોક નથી. એ વાત જાણે કે પોતાના આકારથી લોકને ઘંટાનાદથી કહેતા હોય એવા નવરત્નમય અશોકવૃક્ષ બિરાજમાન છે.

'આકાશમાં ઊભા રહીને 'સ્વર્ગીય દેવગણ, વૃષભપતાક ! હે ભગવાન ! આપની જય હો' એમ કહેતા થકા સ્વર્ગ લોકના પુષ્પોની વૃષ્ટિ લોકનાથના મસ્તક પર કરી રહ્યા છે. ધમધમ, ધણધણ ઢમધણ, ઢમઢમ, ભૂં ભૂં ભૂં ઈત્યાદિ રૂપે તે સમવસરણમાં શંખ, દુદુંભિ વગેરે સુંદર વાદ્યોના શબ્દ સંભળાય છે. દિવ્યવાણીશ ભગવાનના મુખકમલથી નવ્ય, દિવ્ય, મૃદુ, મધુર, ગંભીરતાથી યુક્ત અને ભવ્ય લોકોને માટે હિતકર દિવ્યધ્વનિ છૂટે છે.

'પુષ્પવૃષ્ટિ, અશોકવૃક્ષ, છત્રત્રય, ચામર, દિવ્યધ્વનિ, ભામંડલ, ભેરી, સિંહાસન એ જ ભગવાનના સાતિશય આઠ ચિહ્ન છે. એ અષ્ટ મહાપ્રતિહાર્યના નામથી પણ ઓળખાય છે.

'ભાઈ ! બીજી એક આશ્ચર્યની વાત સાંભળો. સમવસરણમાં બિરાજમાન ભગવાનને એક જ મુખ છે તોપણ ચારે દિશાઓથી આવીને ભવ્ય ઊભા રહીને જુએ તો ચારે તરફથી મુખ દેખાય છે. તેથી તે પ્રભુ ચતુર્મુખની સમાન દેખાય છે.

'ભગવાનને દશ અતિશય તો જન્મતી વખતે જ સાથે હોય છે અને દશ અતિશય ઘાતિયા કર્મના નાશ કરવાથી પ્રાપ્ત થાય છે. તથા દેવોદ્વારા ભક્તિથી નિર્મિત અતિશય ચૌદ છે. આ રીતે ભગવાન ચોત્રીસ અતિશયોથી યુક્ત છે.

'આઠમી ભૂમિ અને નવમી ભૂમિ એ બન્ને ભેગી કોઈ કોઈ લક્ષ્મીમંડપના નામથી વર્ણન કરે છે. તેમાં મુનિગણ લઈને દ્વાદશાંગ સભાની સંપત્તિ ને ત્રિલોકનાથ હોવાથી તે પ્રદેશને લક્ષ્મીમંડપ અથવા શ્રીમંડપના નામથી કહેવામાં આવે તો તે યોગ્ય જ છે. અત્યંત સુંદર સુવર્ણ નિર્મિત સ્થંભ ને નવરત્નથી નિર્મિત શિખર અને માણિકયથી નિર્મિત કલશ હોવાથી તે ગંધકુટીના નામથી પણ કહેવાય છે. ચાર સિંહોની ઉપર જે સહસ્રદલકમલ બિરાજમાન છે તેની સુગંધ, દેવોદ્વારા થતી પુષ્પવૃષ્ટિની સુગંધ અને ત્રિલોકાધિપતિ તીર્થંકર પ્રભુના શરીરની સુગંધ-એનાથી તે ભરેલી છે તેથી તેને ગંધકુટી કહે છે.

'આઠમી ભૂમિને ગણભૂમિના નામથી પણ કહે છે. કેમકે ત્યાં ગણધરાદિ યોગી બિરાજમાન છે, ત્યાં બાર કોષ્ટક છે. તે બાર કોષ્ટકોમાં ગણધરાદિ બાર પ્રકારના ભવ્ય બિરાજમાન થઈને તત્ત્વશ્રવણ કરે છે. મુનિગણ, દેવાંગનાઓ અર્જિકાઓ, જ્યોતિર્લોકની દેવાંગનાઓ, વ્યંતરદેવીઓ, નાગકન્યાઓ, ભવનવાસીદેવ, વ્યંતરદેવ, જ્યોતિષ્કદેવ, વૈમાનિકદેવ, મનુષ્ય ને અંતિમ કોષ્ટકમાં સિંહ આ રીતે બાર ગણ (-સભા) ક્રમે બિરાજમાન છે.

'ભગવાન પૂર્વાભિમુખ થઈને બિરાજમાન છે. પરંતુ દ્વાદશગણ તેમની પ્રદક્ષિણા કરીને પોતપોતાને સ્થાને બેસે છે. જિનેંદ્ર ભગવાનની સામે જ બધા બિરાજે છે. સૌથી પહેલાં ઋષિ, અંતિમ કોષ્ટકમાં સિંહ. આ રીતે ત્યાંની વ્યવસ્થા છે. આસન્ન ભવ્ય વીરંજય ! સાંભળો ! ગણભેદથી બાર વિભાગ છે, ગુણભેદથી તેર ભેદ છે. તેના રહસ્યને પણ ખોલીને કહું છું સારી રીતે સાંભળો.

'જેવી રીતે રાજાને મંત્રીગણ હોય છે તેવી રીતે ત્રણ લોકના પ્રભુના દરબારમાં પણ ચોરાશી મંત્રીસ્થાને (ગણધર તરીકે) રહે છે. તે ગણધરના નામથી વિખ્યાત છે. અનુજ સાંભળો. શ્રુતજ્ઞાનસાગર

અને ચૌદપૂર્વ શાસ્ત્રોના ધારણ કરનારા યોગી આ દરબારમાં ચાર હજાર સાતસો પચાસ (૪૭૫૦) છે. સાત તત્ત્વોમાં ચાર તત્ત્વ અર્થાત્ જીવ, સંવર, નિર્જરા ને મોક્ષ એ ઉપાદેય છે અને અજીવ, આસ્ત્રવબંધ એ ત્રણ તત્ત્વ હેય છે. ત્યાં એવા યોગીગણ છે કે જે ભવ્યોને સદા એમ ઉપદેશ આપે છે કે 'ચાર તત્ત્વોને આદરો અને ત્રણ તત્ત્વોની જાલમાં ન ફસાઓ.' આ રીતે ઉપદેશ દેનારા શિક્ષક યોગીગણ તે સમવસરણમાં ચાર હજાર એકસો પચાશ (૪૧૫૦) બિરાજમાન છે.

'ઉત્તમ ધ્યાન તે કોઈ ચીજ નથી. તે પ્રાપ્ત થઈ શકે નહિ-એમ તત્ત્વવિરુદ્ધ ભાષણ કરનારાઓના વાદથી મોઢું બંધ કરનારા વાદી યોગીરાજ ત્યાં બારહજાર સાતસો પચાશ (૧૨૭૫૦) છે, અણિમા, મહિમા, આદિ વિક્રિયાઓમાં ક્ષણમાં એક વિક્રિયાને દેખાડવામાં સમર્થ વિક્રિયા ૠદ્ધિના ધારક યોગીરાજ ત્યાં છવીશ હજાર (૨૬૦૦૦)ની સંખ્યામાં છે.

'યુવરાજ ! સાંભળો ! પાછલા ને આગલા જન્મના વિષયને પ્રત્યક્ષ જોયા સમાન પ્રતિપાદન કરનારા અવધિજ્ઞાનના ધારણ કરનાર યોગીગણ ત્યાં નવહજાર (૯૦૦૦)ની સંખ્યામાં છે. ભાઈ ! કોઈ મનમાં કાંઈ પણ વિચાર કરે તો કહ્યા પહેલાં જ બતાવવામાં સમર્થ મનઃપર્યય જ્ઞાનના ધારી મુનિરાજ તે સમવસરણમાં બારહજાર સાતસો પચાસ (૧૨૭૫૦)ની સંખ્યામાં છે. ભગવાનની ચારે તરફ વીસહજાર (૨૦૦૦૦) કેવલી વિદ્યમાન છે. ભગવાન સમાન જ તેમનું સુખ છે, શક્તિ ને જ્ઞાન છે.

'પવિત્ર સંયમને ધારણ કરવાવાળી અર્જિકાઓ ત્યાં સાડાત્રણ લાખ બિરાજી રહી છે. તે સમવસરણમાં તદ્ભવમોક્ષગામી ને ભેદાભેદ ભક્તિના ભાવક સુવ્રતના ધારક શ્રાવક ત્રણ લાખની સંખ્યામાં છે. ભાઈ ! સાંભળો ! ભગવાનના દરબારમાં સુવ્રતા આદિથી માંડીને બધી સ્ત્રીઓ પાંચ લાખ છે.

'સુર, નાગ, નક્ષત્ર, યક્ષ કિંપુરુષ ગંધર્વ એ દેવ ને દેવાંગનાઓની સંખ્યાની ગણના થઈ શકતી નથી તેથી તે અસંખ્યાત છે. ભાઈ ! લોકના મનુષ્યો પર પ્રભાવ પાડવો તેમાં તો શું મોટી વાત છે. છેલ્લા કોષ્ઠમાં પક્ષી, સિંહ, મૃગ આદિ ભવ્યતિર્યંચ પ્રાણી અગણિત પ્રમાણમાં છે.

'આ રીતે ભગવાનના દરબારમાં ગણધર, શ્રુતધર, વાદિ, શિક્ષક, જિન, અણિમાૠદ્ધિધારક, અવધિજ્ઞાની મનઃપર્યયજ્ઞાની આદિ ઉપર્યુક્ત વિવેચન કર્યું તે પ્રમાણે તેર ગણ વિદ્યમાન છે.

'દેવગણ ને સિંહગણની તો કોઈ સંખ્યા જ નથી. તેની સાથે બાકીના અગિયાર ગણની સંખ્યા મેળવીએ તો પાંચ હજાર નવસો સોળ ન્યૂન બારલાખ ચાલીશ હજાર થાય છે.

'પહેલા બાર ગણોના ભેદ કહ્યા અને પછી તેર ગણોના ભેદનું વર્ણન કર્યું. હવે બીજા એક દૃષ્ટિકોણથી વિચાર કરવામાં આવે છે તો ત્યાં સો ઈન્દ્ર અને એક આચાર્યગણ એ રીતે એકસો એક ગણના ભેદથી વિભાગ થાય છે.

અહીંયાં સુધી જે કાંઈ પણ વર્ણન કર્યું તે ભગવાનની બાહ્ય સંપત્તિનું છે. હવે સાંભળો. હું ભગવાનની અંતરંગ સંપત્તિનું વર્ણન કરું છું.

તે પરમાત્મા તેમના દિવ્ય ચરણકમલથી મસ્તક પર્યંત સર્વાંગે વ્યાપ્ત થઈને રહે છે. પગથી માથા સુધી ઉજ્જવલ પ્રકાશ ! રત્નદીપકની સુંદર કાંતિ સમાન તે દેખાય છે. પ્રકાશ ને રત્નદીપક

જેવી રીતે જુદાજુદા નથી તેવી રીતે આત્મપ્રકાશના રૂપે જ તે વિદ્યમાન છે. તે જ પ્રકાશનું તો નામ સુજ્ઞાન છે. બોલવામાં બે પદાર્થ દેખાય છે પરંતુ યથાર્થમાં વિચાર કરવાથી એક જ પદાર્થ છે, અગ્નિને ઉષ્ણ કહે છે, પ્રકાશયુક્ત કહે છે. વિચાર કરવાથી અગ્નિ એક જ પદાર્થ છે. આ રીતે સુપ્રકાશ ને સુજ્ઞાન એ રીતે બે પદાર્થો રૂપે ઉલ્લેખ હોવા છતાં પણ વસ્તુતઃ તે બન્ને પદાર્થ એક જ છે. ક્યારેક ક્યારેક અગ્નિ, પ્રકાશ ને ઉષ્ણતા એ ત્રણ વિભાગથી પણ અગ્નિનું કથન થાય છે પરંતુ અગ્નિમાં તો બધું અન્તર્ભૂત થાય છે. એ રીતે જીવ, જ્ઞાન ને પ્રકાશ એ ત્રણ પદાર્થ દેખાવા છતાં પણ આત્માના નામથી કહેતા એક જ પદાર્થ છે, તેમાં બધા અંતર્ભૂત થાય છે.

'પુરુષાકારના રત્નના બીબાંમાં રાખેલા સ્ફટિકથી નિર્મિત પુરુષની સમાન તે આત્મા શરીરની અંદર રહે છે. તે સ્ફટિકની જેમ પુરુષ હોવા છતાં પણ આ ચર્મચક્ષુથી ગોચર નથી. તે તીર્થંકર આત્મા આકાશરૂપે પ્રકાશમય સ્વરૂપે વિદ્યમાન છે.

'કાચના પાત્રમાં દીપક રાખવાથી જેવી રીતે તેમની જ્યોતિ બહાર નીકળે છે ને બહાર સ્પષ્ટ દેખાય છે તેવી રીતે ભગવાનના પરમૌદારિક દિવ્ય શરીરથી તે આત્મકાંતિ બહાર પ્રકાશી રહી છે. સૂર્યકિરણ જેવી રીતે શોભે છે તેવી રીતે અનંતજ્ઞાન અને અનંતદર્શના કિરણ સર્વત્ર વ્યાપી રહ્યા છે. કેમકે પરમગુરુ ભગવાને પૂર્વોક્ત ધ્યાનના બળથી જ્ઞાનાવરણ ને દર્શનાવરણ કર્મનો નાશ કર્યો છે. અંગૂઠાથી તે માથા સુધી તે ભગવાન સુજ્ઞાનથી શોભી રહ્યા છે. અંગૂઠાના અણુમાત્ર પ્રદેશમાં જેટલું જ્ઞાન છે તેનાથી તેમને સમસ્ત લોકનું પરિજ્ઞાન થાય છે. હવે સર્વાંગ પરિપૂરિત (પૂર્ણ ભરેલા) જ્ઞાનનું શું વર્ણન કરવું ? અનંતજ્ઞાન સર્વાંગ પરિપૂરિત છે. અનંતદર્શનગુણ પણ અત્યંત શોભા પામી રહ્યો છે. ત્રણ લોકની અંદર ને બહારનું તે ભગવાન સદા જાણે છે ને દેખે છે.

'અત્યંત સ્વચ્છ રત્નદર્પણની સામે રાખેલા પદાર્થ જેવી રીતે તેમાં પ્રતિબિંબિત થાય છે તેવી રીતે પગથી માંડીને મસ્તક સુધીના આત્મપ્રદેશમાં ત્રણલોક જ પ્રતિબિંબિત થાય છે (જણાય છે) કાંસાનો સ્વચ્છ પાટો હોય તો તેમાં એક તરફથી પદાર્થ દેખાય છે. પરંતુ સ્વચ્છ રત્નદર્પણમાં તો બન્ને તરફથી પદાર્થ પ્રતિબિંબિત થાય છે. આ રીતે ભગવાનને પણ જ્ઞાન ને દર્શનથી ચારે તરફના પદાર્થ દેખાય છે. સર્વાંગ પરિપૂર્ણજ્ઞાન ને દર્શનથી ચારો તરફથી વિશ્વના સમસ્ત પદાર્થોને જાણવા ને દેખવા તે સર્વજ્ઞનો સ્વભાવ છે. તેથી તેમને સર્વતોલોચન, સર્વતોમુખના નામથી સર્વ જન કહે છે તે સત્ય છે.

'પાછલા અનાદિકાલને, આગળના અનંત કાલને અને આજથી સમસ્ત ગત, અનાગત તે વર્તમાનના વિષયોને એક જ ક્ષણમાં જિનેન્દ્ર ભગવાન જાણે છે ને દેખે છે. ભાઈ ! તે ભગવાન ત્રણ લોકની અંદર સમસ્ત પદાર્થોને એક જ સમયમાં જાણે છે, દેખે છે. એટલું જ નહિ, ત્રણ લોકના બહારના આકાશને પણ અંત સુધી જાણે છે ને દેખે છે. તોપણ તેમને તે પદાર્થો પર મોહ નથી. એક પદાર્થને જાણ્યા પછી બીજા પદાર્થને જાણે પછી ત્રીજાને-આ પ્રકારની ક્રમવૃત્તિ ત્યાં નથી. બધાને એકી સાથે જ જાણે છે.

'સંસારી જીવોનું જ્ઞાન ને દર્શન પરિમિત છે. તેથી પદાર્થોને જાણવા દેખવાની ક્રિયા ક્રમે થાય છે. પરંતુ જે કર્મરહિત છે એવા ભગવાનને ક્રમે ક્રમે જાણવાની જરૂર નથી; એક જ સમયમાં બધા

પદાર્થોને જાણી શકે છે ને દેખી શકે છે. ભાઈ ! જુઓ ! એક દીપકથી જો અનેક ઘરમાં પ્રકાશ પાડવો હોય તો ક્રમે ક્રમે બધાને ઘેર પહોંચાડી શકાય છે. પરંતુ સૂર્ય તો ઉદયાચલ પર્વત પર રહીને એક જ ક્ષણમાં સમસ્ત વિશ્વને પ્રકાશિત કરે છે.

'ભાઈ ! લોકમાં આંખથી દેખે છે ને મનથી જાણે છે. પરંતુ ભગવાનના જ્ઞાન, દર્શન આંખ ને મન ઉપર અવલંબતા નથી. તેઓ આંખ ને મનની સહાયતા વિના આત્મજ્ઞાન ને દર્શનથી જ સમસ્ત લોકનું જ્ઞાન કરે છે ને દેખે છે. કેમકે આત્મા સ્વયં જ્ઞાનદર્શનથી સંયુક્ત છે. કર્માંગીઓમાં જ પરાધીન થઈને રહેવું પડે છે. તેથી તેમને જાણવા ને દેખવા માટે આંખોને મનને આધીન થવું પડે છે. પરંતુ સમસ્ત કર્મનો જેઓએ નાશ કર્યો છે એવા ભગવાનના જ્ઞાન ને દર્શનને પરાધીનતા કેવી ? રાત્રિમાં આમ તેમ જવા માટે સર્વ જન દીપકની અપેક્ષા રાખે છે. શું સૂર્યને દીપકની આવશ્યકતા છે ? નહિ. આ રીતે કર્મબદ્ધ ને શુદ્ધોના વ્યવહારમાં અંતર છે.

'સૂર્યનો પ્રકાશ લોકમાં બધી જગ્યાએ પહોંચે છે તોપણ ગુફાની અંદર પહોંચતો નથી. પરંતુ તે જિનસૂર્યનો પ્રકાશ તો લોકની અંદર ને બહાર સમસ્ત પ્રદેશમાં પહોંચે છે. આદિ ભગવાન લોક અને અલોકને જરા પણ બાકી રાખ્યા સિવાય જાણે છે ને દેખે છે તેથી તે સુજ્ઞાનસૂર્ય જગભરમાં વ્યાપ્ત છે એમ કહે છે તે ઉપચાર છે.

'ગુરુ ને શિષ્યના તત્ત્વપરિજ્ઞાનના વ્યવહારમાં ઉપચાર દૃષ્ટાંત દેવું પડે છે. જ્યાં સુધી તત્ત્વનું જ્ઞાન નથી હોતું ત્યાંસુધી દૃષ્ટાંતની જરૂર છે. મૂલ તત્ત્વનું જ્ઞાન થયા પછી દૃષ્ટાંતની આવસ્યકતા નથી. જેવી રીતે વાછરડાને બતાવીને વાછરડાનું જ્ઞાન કરાવવામાં આવે અથવા લોહરસથી અર્હંત્પ્રતિમા બનાવીને અર્હંતને દર્શાવવામાં આવે તેવી રીતે દૃષ્ટાંતદ્વારા મૂળતત્ત્વનું જ્ઞાન કરાવવામાં આવે છે.

'ઉપચાર દૃષ્ટાંત તો કેટલોક વખત રહે છે. ઉપમિત નિશ્ચય દૃષ્ટાંત જ યથાર્થ રીતે ગ્રાહ્ય છે. ઉપદેશનું અંગ હોવાથી તે નિશ્ચય દૃષ્ટાંતનું કથન કરું છું. સાંભળો.

દર્પણમાં સામેના પદાર્થ પ્રતિબિંબિત થાય છે, પરંતુ શું તે પદાર્થો દર્પણની અંદર છે અથવા તે પદાર્થોથી તે સ્પર્શાયેલો છે, નહિ. આ રીતે સંપૂર્ણ પદાર્થ કેવલીના જ્ઞાનમાં ઝળકે છે પરંતુ ભગવાન તે પદાર્થોને સ્પર્શ્યા વિના બિરાજે છે. પરમૌદારિક દિવ્ય શરીરમાં ભગવાન રહે છે. પરંતુ તેનો પણ તેમને કઈ સંબંધ નથી, તેમનું શરીર તો અનંત જ્ઞાન જ છે. ભવ્યોની ઈષ્ટ સિદ્ધિને માટે તેમના પુણ્યથી તેઓ બિરાજે છે. કાલે અવ્યય સિદ્ધિને તેઓ પ્રાપ્ત થાય છે.

'ભાઈ ! બીજા પદાર્થોની અપેક્ષા રાખ્યા સિવાય જેવી રીતે ભગવાન અનંતજ્ઞાની ને અનંતદર્શનથી શોભે છે તેવી રીતે પરવસ્તુઓની અપેક્ષાથી રહિત થઈને અનંતસુખથી તેઓ સંયુક્ત છે. તેનું પણ વર્ણન કરું છું. સાંભળો.

અષ્ટ કર્મોની જાળમાં જે ફસાયેલા છે તેઓ અઢાર દોષો દ્વારા સંયુક્ત છે અઢાર દોષ જયાં છે ત્યાં દુઃખ પણ છે. જેમને દુઃખ છે તેમને સુખ ક્યાંથી મળે ! પહેલાં ભગવાને આઠ કર્મોમાં રહીને તેમાંથી આત્મધ્યાન દ્વારા ચાર કર્મોને બાળ્યા. જ્યારે અઢાર દોષોનો પણ અંત થયો. તેનાથી તેમને

અનંત સુખની પ્રાપ્તિ થઈ. તે અઢાર દોષ કયા છે, તે કહું છું, સાંભળો.

ક્ષુધા, તૃષા, નિદ્રા, ભય, પરસેવો કામોદ્રેક, રોગ, વૃદ્ધાવસ્થા, રૌદ્ર, મમતા, મદ, જન્મ, મરણ, ભ્રાંતિ, વિસ્મય, શોક, ચિંતા, કાંક્ષા-એ અઢાર દોષ છે. ભગવાન આ અઢાર દોષોથી રહીત છે, તેથી તેઓ સદા સુખી છે. અને પોતાના આત્મસ્વરૂપમાં બિરાજે છે.

'જેમને ક્ષુધા નથી. તેમને ભોજનની શી જરૂર છે ? તરસ જ્યાં નથી ત્યાં પાણીની શી જરૂર છે ? ક્ષુધા, તૃષારૂપી રોગ જેમને છે તેમને માટે ભોજન પાન ઔષધિની સમાન છે. તેથી એવો રોગ જ્યાં નથી ત્યાં ઔષધિની પણ જરૂર નથી. ક્ષુધા તૃષા આદિ રોગોનો ઉદ્રેક હોવાથી ભોજન, પાણીરૂપી ઔષધિનો પ્રયોગ કરવામાં આવે છે. પરંતુ આ ઔષધિઓથી તે રોગ સદાને માટે દૂર થતો નથી. કેટલોક વખત શાંત રહીને ત્યારપછી ફરી દેખાય છે. તેથી તે રોગને સદાને માટે દૂર કરવો હોય તો પોતાની આત્મભાવના જ દિવ્ય ઔષધ છે.

'ભાઈ ! આપણી ઉપર આક્રમણ કરવા માટે આવેલા શત્રુને પ્રત્યેક વખતે કાંઈ લાંચ વગેરે આપી-અપાવીને પાછા કાઢે તો તેનું પરિણામ કેટલા દિવસ સુધી ટકે ? તે કોઈ ને કોઈ વખતે ફટકો ખાધા વિના નહિ રહે. આ રીતે ક્ષુધા તૃષાદિ રોગોને કેટલોક વખત દબાવીને વર્તવું તે શું યોગ્ય છે ?

'ક્ષુધાતૃષાદિકની તો વાત જ શી ? કામક્રોધાદિક વ્યસન જ્યારે સારી રીતે પીડા કરે છે ત્યારે તે જીવન દુઃખમય જ રહે છે સુખની કલ્પના કરવી વ્યર્થ છે.

'ભોજન, સ્નાન, સુગંધ, દ્રવ્ય લેપન, સ્ત્રીઓની સંગતિ ઈત્યાદિથી આ શરીરસુખ તદ્દન પરાધીન છે. પરંતુ આત્મીય સુખ માટે કોઈ પરાધીનતા નથી. શરીરસુખ, ઈન્દ્રિસુખ અથવા સંસારસુખ આ શબ્દોનો અર્થ એક સરખો છે. તે દુઃખયુક્ત છે, કેમકે ભાઈ ! પર પદાર્થોના સંસર્ગથી દુઃખ થવું સાહજિક છે. નિર્વાણસુખ , નિજસુખ, આત્મસુખ આ શબ્દ સમાનાર્થક છે. આત્મા આત્મામાં લીન થઈને સુખનો અનુભવ કરે છે તેને કોઈની પરાધીનતા નથી. તે લોકમાં અપૂર્વ સુખ છે. પોતાના આત્મા માટે આત્મા જ પોતાની વસ્તુ છે. પોતે ધારણ કરેલા શરીર, મન, ઈન્દ્રિય, વચન, સ્ત્રી પુત્ર આદિથી માંડીને સર્વ પદાર્થ પરવસ્તુ છે. શરીરસુખને માટે આ બધા પદાર્થોની અપેક્ષા છે.

'પરવસ્તુઓની અપેક્ષા રહિત આત્મજન્ય સુખને આત્માનુભવી જ જાણી શકે છે. અથવા કર્મશુન્ય જિનેન્દ્ર ભગવાન જ તેને જાણી શકે છે, બીજા જાણી શકતા નથી.

'દીપપાત્ર, તેલ, બત્તી વગેરેની અપેક્ષા અગ્નિદીપકને માટે રહે છે, રત્નદીપકને કોની અપેક્ષા રહે છે ? આ રીતે કર્મસહિત સંસારીઓને જ સુખની પ્રાપ્તિ માટે પરપદાર્થોની અપેક્ષા રહે છે. કર્મરહિત જિનેંદ્રને આ વાતની જરૂર નથી.

'જેવી રીતે અગ્નિદીપક દીપપાત્રમાં સ્થિત તેલને વાટદ્વારા ગ્રહણ કરીને પ્રકાશ આપે છે તેવી રીતે સંસારીજીવ દાળ, ભાત, લોટ વગેરે આહાર દ્રવ્યો દ્વારા શરીર, ઈન્દ્રિય આદિનું પોષણ કરીને સ્વયં મસ્ત બને છે. દીપકમાં તેલ હોય તો પ્રકાશ તેજ પડે છે. જો તેલ ન હોય તો મંદ પ્રકાશ પડે છે. તેવી રીતે લોકમાં પણ મનુષ્ય ખાય તો મસ્ત ને ન ખાય તો સુસ્ત રહે છે. આ લોકની રીત છે.

પરંતુ ભાઈ ! જેવી રીતે રત્નદીપક તેલબત્તી વગેરે વિના જ પ્રકાશે છે તેવી રીતે રત્નાકર સિદ્ધના પરમપિતા આદિ પ્રભુનું સુખ પરવસ્તુઓની અપેક્ષાથી રહિત છે.

'વ્યંતર, સુર, નાગ, જ્યોતિષ્ક આદિ દેવોના અનેક જન્મનાં સુખને એકઠું કરી ભગવાન આદિ પ્રભુના સુખની સામે રાખવામાં આવે તો તે, સુખસમુદ્રની આગળ બિંદુ સમાન લાગે છે.

'ત્રણ લોકને ઉઠાવીને હથેલીમાં રાખી લેવાની શક્તિ ભગવાનને છે તોપણ તે તેમ કરે નહિ. પ્રભુ થઈને ગંભીરહીન વાત કરીએ તો તે ઉચિત નથી. તેથી તે જિનસભામાં ગંભીરતાથી તે રહે છે.

'હે વીરંજય ! અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય ને અનંતસુખ આ પ્રકારના ચાર વિશિષ્ટ ગુણો પ્રભુમાં છે. તેમને વિદ્વાન લોક અનંતચતુષ્ટયના નામથી કહે છે. ભાઈ ! ઉપર કહેલી જિનેંદ્રભગવાનની ચાર અંતરંગ સંપત્તિ છે. એથી અલગ નવકેવલ લબ્ધિઓનું વર્ણન મુનિગણ કરે છે. સાંભળો.

'ભાઈ ! પરમાત્મ તત્ત્વને જાણવાવાળા ભવ્યોને તે પરમાત્મા પોતાના દિવ્ય ધ્વનિદ્વારા તત્ત્વના જ્ઞાનનું દાન દે છે. તેને અક્ષયદાન કહે છે. ભગવાનના દિવ્ય વાક્યથી સંસારનો ભય છોડી દઈને ભવ્યજન આત્મામૃતનું પાન કરે છે. અને અનેક સુખોને પામીને આત્મરાજ્ય મેળવે છે. તેથી આહાર, અભય, ઔષધને શાસ્ત્રદાનનું વિધાન શાસ્ત્રમાં કર્યું છે. આ આત્માને મુક્ત થતા સુધી શરીર રહે છે. શરીરના પોષણને માટે આહારની જરૂર છે. પરંતુ કેવલી ભગવાન આહાર લેતા નથી. લાભાંતરાય કર્મનો અત્યંત ક્ષય હોવાથી પ્રતિસમય સૂક્ષ્મ, શુભ, અનંત પુદ્‌ગલપરમાણુરૂપી અમૃત તેમને સાતા ઉપજાવતા જાય છે. તે જિનેંદ્રને માટે દિવ્ય લાભ છે. સુગંધ પુષ્પોની વૃષ્ટિ આદિ ભગવાનના દિવ્ય ભોગ છે. અને છત્ર, ચામર, વાદ્ય, સિંહાસન આદિ બધા દિવ્ય ઉપભોગ છે. જે પદાર્થ એકવાર ભોગવાય તેને ભોગ કહે છે અને વારંવાર ભોગવવાને ઉપભોગ કહે છે. આ ભોગ ને ઉપભોગનું લક્ષણ છે. યથાર્થરૂપે વિશ્વતત્ત્વનો નિશ્ચય થવો તેને ક્ષાયિક સમ્યક્‌ત્વ કહે છે. અને શરીર તરફથી મોહ હટાડીને આત્મામાં મગ્ન રહેવું તે ક્ષાયિકચારિત્ર છે.

'આ રીતે ક્ષાયિકભોગ ને ઉપભોગ, ક્ષાયિક લાભ, ક્ષાયિકદાન, ક્ષાયિકચારિત્ર ને સમ્યક્‌ત્વ અને પૂર્વોક્ત અનંત ચતુષ્ટય આ નવ ગુણોને નવકેવલ લબ્ધિના નામથી કહે છે.

'સુખના જ ભોગ, ઉપભોગ ને લાભગુણની અપેક્ષાથી ત્રિમુખભેદથી વિભાગ પડયા. અર્થાત્ ક્ષાયિક ઉપભોગ ને દિવ્યલાભ એ આત્માના અનંતસુખ નામના ગુણમાં જ અંતર્ભૂત થાય છે. અને અનંતજ્ઞાનગુણના દાન, જ્ઞાન, સમ્યક્‌ત્વ ને ચારિત્રના રૂપે ચાર ભેદોથી વિભાગ પડયા. અર્થાત્ દાનને સમ્યક્‌ચારિત્ર એ અનંત જ્ઞાન ગુણમાં અંતર્ભુત થાય છે. તેથી ભાઈ ! મૂલભૂત ગુણ બે હોવા છતાં ભેદવિવક્ષાથી ક્યારેક ચારભેદ કરે છે ને ક્યારેક નવભેદ કરે છે. આ કથન કરવાની શૈલી છે.

'આ રીતે સર્વાંગ સુંદર, અંતરંગ બહિરંગ, સંપત્તિથી યુક્ત ભગવાનને મેં ભરી આંખે જોયા.

'ભાઈ ! બહાર તો શરીર અત્યંત દેદીપ્યમાન થઈને દેખાય છે ને અંદર આત્મા ઉજ્જવલ થઈને દેખાય છે. અંદર ને બહાર બન્ને જગ્યાએ સુજ્ઞાનથી યુક્ત થઈને શોભા પામનારી તે અનાદિ

વસ્તુ છે. ભગવાનનું શરીર દિવ્ય છે, આત્માદિવ્ય છે તેથી દેહ અને આત્માનું અસ્તિત્વ માણિક્ય રત્નથી નિર્મિત પાત્રની અંદર સ્થિત જ્યોતિની સમાન દેખાય છે.

'કંઠના ઉપરના ભાગને ઉત્તમાંગ કહે છે, કટિ પ્રદેશ સુધીના ભાગને મધ્યમાંગ કહે છે, કટિ પ્રદેશથી નીચેના ભાગને કનિષ્ઠાંગ કહે છે. આ લોકનો નિયમ છે. પરંતુ ભગવાનનું શરીર તેવું નથી. તેમનું શરીર તો મસ્તકથી માંડીને પગસુધી પણ સર્વત્ર પરમોત્તમાંગ છે. મરવાના પુષ્પમાં નીચું, ઉપર ને મધ્યના ભેદ છે. પરંતુ સુગંધમાં તે ભેદો નથી, અને ન્યૂનાધિક્ય પણ નથી. પરમૌદારિક દિવ્ય દેહમાં સ્થિત આત્મા મસ્તકથી માંડીને પગ સુધી આદિ, મધ્ય, અંતમાં બધેય સુપવિત્ર સ્વરૂપમાં શોભી રહ્યો છે. શું રત્નદર્પણમાં ઉપર, નીચે, આદિ અંત આ પ્રકારના ભેદ છે ? નહિ. તે આત્મા દિવ્યજ્ઞાન ને દર્શનથી યુક્ત છે. તેના સ્વરૂપમાં ક્યાંય પણ ન્યૂનતા નથી.

'અંતરંગ સંપત્તિ, બહિરંગ સંપત્તિથી યુક્ત જિનેંદ્ર ભગવાનનું વર્ણન હું શું કરું ? ભાઈ ! કેવલ તેમને ઉભય શ્રી યુક્ત કહી શકું છું. ભાઈ ! ભગવાનનું વર્ણન શું કરું ? તેઓ કાંતિની ખાણ છે, સુજ્ઞાનના તીર્થ છે. ત્રણ લોકમાં શાંતિના સાગર છે. આ રીતે ભવ્યોના સંદેહને દૂર કરતા થકા કામવિજયી ભગવાન બિરાજમાન છે.

'નિંદ્રા એક પ્રકારની મૂર્ચ્છા છે અને નિદ્રિત મનુષ્ય મડદાની જેમ પડયા રહે છે. ભગવાનને નિંદ્રા ને જાડય (આલસ્ય) નથી. તેઓ ચિદ્રૂપ ભગવાન ક્યારેય સૂતા નથી. હંમેશાં ભદ્રાસનમાં બિરાજમાન છે.

દુનિયામાં જેમને શત્રુ છે તેમનાં નાશને માટે લોક અસ્ત્ર શસ્ત્રાદિકને ધારણ કરે છે અને પોતાનું રક્ષણ કરે છે પરંતુ ભગવાનને કોઈ શત્રુ નથી, બીજાઓથી તેમનો નાશ થતો નથી. તેઓ પણ કોઈની પ્રત્યે પ્રહાર નથી કરતા તેથી તેમને અસ્ત્રશસ્ત્રાદિની આવશ્યકતા નથી. આ ભવમાં જે સંસારી જીવ છે તે પોતાના આત્મહિત માટે પોતાના દેવના નામને જપે છે તેથી તેમને જપમાલાની આવશ્યકતા હોય છે. પરંતુ ભગવાનને ભય નથી અને તેમને કોઈ દેવ જ નથી. એમ હોવાથી પરમ શિવના હાથમાં જપમાલા નથી. જપ કરતી વખતે ચિત્ત ચાંચલ્ય થવાથી ભૂલ થાય છે. તેથી એક્સો આઠ મણિથી નિર્મિત જપમાલાને હાથમાં લઈને જપ કરે છે. તે લોકની અંદર ને બહાર કેવી રીતે જાગી શકે ? પરમાત્મ સુખથી જે રહિત છે તે કામ સુખને આધીન થઈને સ્ત્રીઓની જાળમાં ફસાય છે. પરંતુ જિનેંદ્ર ભગવાનને પરમાત્મ સુખની પ્રાપ્તિ થઈ છે. ભાઈ ! તેથી તેમને રાણીઓની આવશ્યકતા નથી.

'લોકમાં પોતાના દેહને સજાવવા માટે શૃંગાર રચે છે. પરંતુ નિસર્ગ સુંદર જિનેંદ્રના સુંદર શરીર માટે શૃંગારની શી જરૂર છે ? વસ્ત્ર, આભરણ આદિની અપેક્ષા તો સૌંદર્ય રહિત શરીરને માટે છે. ભાઈ ! વિચાર કરો કરોડો ચંદ્રસૂર્યને પ્રકાશથી યુક્ત શરીરને જો વસ્ત્રથી ઢાંકે તો શું તે શોભે છે ? કદી નહિ. તે તો ઉત્તમ દિવ્ય રત્નને વસ્ત્રની અંદર બાંધીને રાખવા સમાન છે. તેમાં કોઈ શોભા નથી ભગવાનના દિવ્ય- પ્રકાશયુક્ત શરીરને સામે રત્નાદિકની શોભા જ કયાં છે ? સામાન્ય દીપકને માણિકય રત્નનો સંયોગ કેવો ? જિનેંદ્ર ભગવાનને રત્નાભરણની આવશ્યકતા કેવી ?

'ભગવાનને કાંતિ જ દેહ છે, કાંતિ જ વસ્ત્ર છે અને કાંતિ જ આભૂષણ છે. તેથી ભગવાનને કાંતિનાથ, માણિકયનાથ, આદિ દિવ્ય નામોથી ઉચ્ચારણ કરે છે. દેવગણ ભગવાનનાં દર્શન કરીને આનંદ પામે છે અને પાદકમલમાં પંક્તિબદ્ધ થઈને નમસ્કાર કરે છે. તે વખતે ભગવાનના પાદનખોમાં તે દેવગણો પ્રતિબિંબિત થાય છે તેથી તેમને રુંડમાલાધરના નામથી પણ કહે છે, ભગવંતે ભવ્યોના ભવબંધનને ઢીલા કરીને પાપરૂપી અંધકારને દૂર કર્યા. તેથી તેમને પુણ્યબંધ કરવાની ઈચ્છા કરનારા ભવ્યો ભક્તિથી અંધકારસુરને મર્દન કરનારા કહે છે. અષ્ટમદરૂપી મદગજોને નષ્ટ કરનારા આદિભગવાનને, હે ગજાસુર મર્દન ! અમારા ઈષ્ટની પૂર્તિ કરો, એમ શિષ્ટજન પ્રાર્થના કરે છે.

ભગવાન કોપરૂપી વ્યાઘ્રને શીઘ્ર જ નષ્ટ કરે છે, તેથી તેમને વ્યાઘ્રાસુરવૈરીના નામથી કહીને જયજયકાર કરે છે. ચંદ્રમંડલની સમાન છત્રત્રય ભગવાનના મસ્તક ઉપર રુદ્ર વૈભવથી શોભે છે, તેથી તેમને ચંદ્રશેખર કે ચંદ્રમૌલીના નામથી કહીને સ્તુતિ કરે છે. ભગવાનના શરીરમાં જમણી અને ડાબી તરફ બે નેત્ર તો વિદ્યમાન છે. વચ્ચે સુજ્ઞાન નામનું ત્રીજું નેત્ર છે. તેથી તેમને ત્રિનેત્રના નામથી પણ કહે છે. લલાટમાં પોતાના મનને સ્થિર કરીને આત્માને દેખતા થકા ક્ષણભરમાં જેઓએ કર્મજાલને બાળ્યા એવા ભગવાનને લલાટનેત્ર પણ કહે છે. આ બધા ગુણકૃત નામ છે.

'કનકકમલની ઉપર ભગવાન બિરાજમાન છે, તેથી તેમને કમલાસન કહે છે. ચારે તરફથી પદાર્થોને તે જાણે છે, જુએ છે તેથી તેમને ચતુર્મુખના નામથી કહીને દેવગણ સ્તુતિ કરે છે. જે નષ્ટમાર્ગી છે અર્થાત્ ધર્મકર્મને ન માનીને મોક્ષમાર્ગને ભૂલી જાય છે. તેમને ભગવાન સ્પષ્ટરૂપે કૈવલ્યમાર્ગ બતાવે છે. તેથી તેમને ભક્તિથી ભવ્યગણ સૃષ્ટિ કર્તારના નામે કહે છે. બ્રહ્માને કમંડલ છે એમ કહે છે તેથી એમ લાગે છે કે તે પવિત્ર દેહથી યુક્ત નથી. પરંતુ આદિબ્રહ્માનું શરીર અત્યંત પવિત્ર છે, તેમને તરસ પણ નથી તેથી તેમની પાસે કમંડલ નથી હોતું. ભગવાનના નિર્મલ જ્ઞાનરૂપી કમલમાં ત્રણ લોકના સમસ્ત પદાર્થ એકી સાથે પ્રતિબિંબિત થાય છે. તેથી તે આદિમાધવ ભગવાનને લોક ત્રણ લોકને પોતાના ઉદરમાં ધારણ કરવાવાળા પુરુષોત્તમના નામથી કહે છે.

'ભાઈ ! જય શબ્દનો અર્થ જીતવું છે. લોકને શત્રુઓને જીતવાથી જિન નથી બની શકાતું; પરંતુ અષ્ટાદશ દોષોને જીતનારા જ જિન કહેવાય છે. ભગવાનની પાસે વીશહજાર કેવલી જિન રહે છે. તે બધામાં ભગવાન મુખ્ય છે. તેથી તેમને જિનનાયકના નામથી કહે છે. પરમાત્મા, શિવ, પરિશિવ, જિન, પરબ્રહ્મા, પુરુષોત્તમ, સદાશિવ, અર્હ, દેવોત્તમ, વૃષભનાયક. આદિપરમેશ આદિ અનેક નામોથી તેમની સ્તુતિ કરે છે. અને ક્યારેક આદિજિનેશ, આદિબ્રહ્મા, આદીશ્વર, આદિવસ્તુ, આદિ. મધ્ય અંતને પામીને પણ તેમને સ્પર્શ ન કરનારા મહાદેવના નામથી કહે છે.

'આ રીતે ભાઈ ! દેવગણ અનેક નામોથી ભગવાનનો ઉલ્લેખ કરીને ભક્તિથી તેમની સ્તુતિ કરે છે. આ બધી વાતને આ તમો તમારી આંખોથી જોશો. હું શું વર્ણન કરું ! એ રીતે રવિરાજે કહ્યું.'

આ રીતે રવિકીર્તિકુમાર જે વખતે સમવસરણનું વર્ણન કરતા હતા તે વખતે બાકીના કુમારોમાં કોઈ 'હૂં', કોઈ 'જી' કોઈ 'વાહ' ! એમ કહેતા થકા આનંદથી તે પર્વત પર ચઢતા હતા.

કોઈ કહેવા લાગ્યા કે ભાઈ ! આપે બહુ સારું કહ્યું. પહેલાં એકવાર આપે ભગવાનના દિવ્ય

દર્શન કર્યા છે તેથી આપ સારી રીતે વર્ણવી શકો છો. પરંતુ અમને આપના વર્ણન કૌશલથી સાક્ષાત્ દર્શન કર્યા હોય તેવો આનંદ મળ્યો. આપે જે વર્ણન કર્યું તેનાથી અમને એક વખતના દર્શનનો પૂર્ણ અનુભવ થયો. તેથી અમને જે દર્શન થશે તે પુનર્દર્શન છે. ભાઈ ! અમને આજે ધન્ય છે. વીરંજયકુમારે આપને પ્રશ્ન કર્યો, આપે પ્રેમપૂર્વક વર્ણન કર્યું. રસ્તો બહુ સરલતાથી કપાયો વિશેષ શું ? સમવસરણને આંખોથી જોયા જેવું થયું.

હા ! નૂતન દર્શનને માટે આવ્યા હતા. પરંતુ અમારે માટે પુરાતન દર્શન જ થયું. રવિકીર્તિકુમારના વાક્ચાતુર્યનું શું વર્ણન કરીએ ! કમાલ કરી છે. વચનની ગંભીરતા, કોમલતા, જિનસભાને વર્ણન કરવાની શૈલી ઈત્યાદિ એમના સિવાય બીજાને ન હોય એમ તે વિચાર કરવા લાગ્યા.

શિષ્યગણ ગુરુઓને આદર કરતા થકા જેવી રીતે જાય છે તેવી રીતે ભગવાનના દિવ્ય ચારિત્રનું વર્ણન કરનારા રવિકીર્તિરાજની પ્રતિ આદર વ્યક્ત કરતા થકા તે કુમાર તે પર્વત પર ચઢતા હતા. ''ભાઈ જુઓ ! આગળ રત્નશિલાની રાશિ છે, પગને લાગે નહિ ધ્યાન રાખજો, અહીં ફુલ છે. 'હોશિયાર' વગેરે આદરપૂર્વક કહેતા થકા તે કુમાર ઉપર ચઢી રહ્યા છે.

કેવી આશ્ચર્યની વાત છે ? કથા કહેવા સાંભળવામાં ભંગ ન પડયો અને દૃષ્ટિ પણ માર્ગમાં બરાબર હતી. આ રીતે તે શિથિલકર્મી પોતાના ચિત્તને સ્થિર કરીને કર્મમંથન (કર્મનાશક) ભગવાનના દર્શન માટે ઉત્કંઠિત થઈને તે પર્વત પર ચડી રહ્યા છે. કોઈ કહે છે કે ભાઈ ! આ કથાને આ યોગ સુક્ષેત્ર છે, આ માર્ગ સંસારને દૂર કરીને મુક્તિ પહોંચાડવાનો માર્ગ છે. તેથી હવે બસ કરો. બંધ કરો. આપ બહુ થાકી ગયા હશો આમ કહેતા થકા આનંદપૂર્વક તે કૈલાસપર્વત પર ચડી રહ્યા હતા.

જ્યારે આ પ્રકારની આનંદપૂર્ણ તત્ત્વચર્ચાની સાથે તે સો કુમાર તે પર્વતપર ચઢતા હતા. ત્યારે સમવસરણથી સુરભેરીનો શબ્દ ધણણ, ડંબડંબ, ભોં, ભોં રૂપે દૂરથી સાંભળવામાં આવ્યો. કુમારને વિશેષ આનંદ આવ્યો.

પાઠક ! ભરતકુમારોની વિદ્વત્તાથી ચકિત થયા વિના નહિ રહે. અત્યંત અલ્પવયમાં વિરક્તિનો પ્રાદુર્ભાવ થવો સાથમાં વિશિષ્ટ જ્ઞાનનો પણ ઉદય થવો તે સામાન્ય વાત નથી. ખાસ કરીને જે તારુણ્યમાં આ ચંચલ મન વિકૃત થઈને સ્ત્રીઓની જાળમાં ફસાય છે. એવા વિકટ સમયમાં વિવેક જાગૃતિ કરનારા પુત્રો પામવા તે ખરેખર પૂર્વજન્મનું સાતિશય પુણ્યનું જ ફળ સમજવું જોઈએ. સામાન્ય જનોને તેવા પુત્રો પ્રાપ્ત થવા સાધ્ય જ નથી. એવા ઈન્દ્રવિજયી, વિવેકી, વિદ્વાન પુત્રો પામનારા ભરતજી પણ અસદશ પુણ્યશાલી છે. તેઓ સદા પોતાના આરાધ્ય દેવને આ રીતે સ્મરણ કરે છે કે–

''હે પરમાત્મા ! આપ કામવિરોધી છો, કામિત ફલદાયક છો, વ્યોમ સન્નિભ છો, ચિન્મય છો, ક્ષેમંકર છો. તેથી હે ચિદંબર રામ ! સ્વામી મારા અંતરંગમાં સદાય વર્ત્યા રહો.

હે સિદ્ધાત્મા ! આપ પાપરૂપી ઘઉંને દળવા માટે ચક્કી સમાન છો. કિટ્ટકાલિમાદિ દોષોથી રહિત સુવર્ણ સમાન શુદ્ધ સ્વરૂપી છો. હે રત્નાકર ! સિદ્ધના ગુરુ નિરંજનસિદ્ધ ! મને સન્મતિ આપો.''

## ૫. દિવ્યધ્વનિ સંધિ

**સ**મવસરણના ભેરીના અવાજ સાંભળતાં જ કુમાર આનંદથી નાચવા લાગ્યા. જેવી રીતે મેઘના શબ્દથી મયૂર નાચે છે. વિશેષ શું ? તે રાજપુત્રોએ સમવસરણ પ્રત્યક્ષ જોયું.

સમવસરણનાં દેખવાથી હાથ જોડીને ભક્તિથી મસ્તક પર ચડાવ્યો ને 'दृष्टं जिनेन्द्र भवनम्' ઈત્યાદિ ઉચ્ચારણ કરતા થકા અને માણિકય તીર્થનાયક જય જય આદિ ભગવાનની સ્તુતિ કરતા થકા આગળ વધ્યા. સમવસરણને જોવાથી લાગતું હતું કે ચાંદીના પર્વત ઉપર ઈન્દ્ર ધનુષનો પર્વત ઊભો છે, તોપણ તે ચાંદીના પર્વતને સ્પર્શ નથી કરતો. આશ્ચર્ય છે. રુપ્ય ગિરિની ઉપર નવરત્ન ગિરિની સ્થાપના કોણે કરી હશે ? ખરેખર જિનમહિમા ગોપ્ય છે. એ રીતે વિચાર કરતા થકા અવિલંબ જઈ રહ્યા છે.

ત્રણ લોકની સમસ્ત કાંતિ એકત્રિત થઈને ત્રણ લોકના પ્રભુ આદિ ભગવાનનાં પુરમાં જ આવી ગઈ હોય એમ સમવસરણને જોવાથી જણાય છે. આનંદથી તેમનું વર્ણન કરતા થકા તેઓ જતા હતા. અંદર આઠ પરકોટોથી વેષ્ટિત ધૂલીસાલ નામના મજબૂત પરકોટા જોતા હતા. તે નવરત્નની કાંતિથી ઈન્દ્રચાપની સમાન લાગતું હતું. ત્યાં ચારે દરવાજાની અંદર અત્યંત ઉન્નત ગગનસ્પર્શી સુવર્ણથી નિર્મિત ચાર માનસ્થંભ છે, તેમાંથી એક માનસ્થંભને કુમારોએ જોયો.

આ ધૂલીસાલ પરકોટના મૂળ પાર્શ્વમાં એક હસ્ત પ્રમાણ છેટે રજતાદ્રિ છે. અર્થાત્ પર્વતને સમવસરણ સ્પર્શીને બિરાજમાન નથી, એક હસ્ત પ્રમાણ અંતર છોડીને રચાયું છે. ત્યાંથી વળી પાંચ હજાર ધનુષ્ય ઉન્નત છે. જ્યાં એનાં પર ચડવાને માટે સોપાન પંકિતની રચના છે. પર્વતની ઉપર ધુલીસાલ સુધી અર્ધો ગાઉ દૂર છે, જોરથી અવાજ કરવાથી સંભળાય છે. તોપણ વીશ હજાર સોપાનની વ્યવસ્થા છે. પરંતુ ત્યાં વીસ હજાર પગથિયાઓને ક્રમસર ચડવાની જરૂર નથી. પહેલા પગથિયા પર પગ મૂકતા જ ત્યાંના પાદલેપનના પ્રભાવથી ક્ષણમાત્રમાં એકદમ છેલ્લા પગથિયા પર જઈને પહોંચી જવાય છે, સમવસરણ ને જિનેંદ્રનાં દર્શન કરે છે. આ ત્યાંનો અતિશય છે. ભરતકુમાર જે હજુ સુધી કાંઈક છેટા હતા તેઓ તે સોપાન પંક્તિની પાસે આવ્યા, અને સીડી ઉપર પગ રાખતા જ ઉપર ધૂલીસાલમાં પહોંચી ગયા. બધાને મુખે જિનશરણ ! જિનશરણ ! શબ્દનું ઉચ્ચારણ સાંભળવામાં આવી રહ્યું છે.

દરવાજામાં રત્નદંડને હાથમાં લઈને દ્વારપાલક ઊભા છે. દ્વારપાલકોનું પગથી માથા સુધી તેમનું શરીર આભરણોથી ભરેલું છે. એવા ઉદ્દંડ દ્વારપાલકોની અનુમતિ પામીને બધા કુમાર અંદર દાખલ થયા. ત્યાં ઉન્નત માનસ્થંભના એક પાર્શ્વમાં જ સુવર્ણકુંડમાં જલ ભર્યું હતું. ત્યાં પગ ધોઈને આગળ વધ્યા.

આગળ જતા તે પરકોટાના દરવાજામાં સ્થિત દ્વારપાલકોની અનુમતિ લેતા થકા ચારે બાજુની શોભા જોઈ રહ્યા છે. કાંતિના સમુદ્રમાં જ ચાલી રહ્યા છે અથવા શીતલ નદીમાં ડૂબકી મારી રહ્યા છે. આનો અનુભવ કરતા થકા કાંતિમય ને સુગંધી સમવસરણ ભૂમિ પર તેઓ આગળ વધી રહ્યા હતા.

આઠ પરકોટાની મધ્યમાં સ્થિત સાત વેદિકાઓને ઓળંગીને સ્ફટિક મણિથી નિર્મિત આઠમા પરકોટામાં દાખલ થયા. લાવણ્યરસ, યોગ્ય શૃંગાર, યોગ્ય વૈભવથી યુક્ત સુંદર આ કુમારોને ભગવાનની તરફ આવતા દેવેન્દ્રે જોયા. બીબું જ પડયું હોય એવા પ્રકારનું સાદશ્યરુપ, સુવર્ણની સમાન દેહ કાંતિ, ભરેલી જુવાની આદિ જોઈને તેમના સૌંદર્યથી દેવેંદ્ર એકદમ આશ્ચર્યચકિત થયા. ગમનનું ગમક બોલવા ને જોવાની ઠાવકાઈ, આલ્યસ્ય રહિત પટુત્વ, વિનય ને ગાંભીર્ય જોઈને દેવેંદ્ર આકર્ષાયા. આંખોની કાંતિ, દંતપંક્તિની કાંતિસુવર્ણાભરણોની કાંતિ, શરીરની કાંતિ, રત્નાભરણોની કાંતિ, શરીરની કાંતિને મળવાથી તેઓ જ્યોતિરંગ પુરુષ લાગતા હતા. દેવેંદ્ર આશ્ચર્યથી અવાક્ થઈ ગયા, ને મનમાં વિચાર કરવા લાગ્યા.

''આ કોણ છે, સ્વર્ગલોકમાં તો ક્યારેય જોયા નહિ, મૃત્યુલોકમાં આવા સુંદર કુમાર ઉત્પન્ન ન થાય. જો થાય તો એક બે જ આવા રૂપાળા હોય, તો આ કોણ છે ? આશ્ચર્ય છે. આનાથી એ સુંદર છે. એનાથી આ સુંદર છે. આ બન્નેથી પેલા સુંદર છે. આ, તે, કેમ કહેવાય, આ તો બધા સુંદર ને સુંદર જ છે. તો લોકમાં આ કોણ છે ?''

આ રીતે મનમાં વિચાર કરવાથી અવધિજ્ઞાનનાં બળથી દેવેંદ્ર સમજી ગયા કે એ તો ભરતેશ્વરના કુમાર છે. આ રાજરત્નને છોડીને આ કુમારરત્ન બીજી જગ્યાએ ઉત્પન્ન ન થાય. ત્રિલોકીનાથના પુત્ર ભરતેશ છે. તે રત્નશલાકાની ખાણમાં આ કુમારરત્ન ઉત્પન્ન ન થાય તો બીજે ક્યાં થાય ? ભરતેશ ! તમને ધન્ય છે. આ રીતે દેવેંદ્ર માથું હલાવ્યું.

આ તરફ દેવેંદ્ર વિચાર કરતા હતા. તે તરફ તે કુમાર આગળ વધીને નવમા પરકોટાની અંદર પ્રવેશ કરીને તેઓ ત્યાં કેવું જુએ છે. ત્રણ પીઠની ઉપર સિંહના મસ્તક ઉપર સ્થિરકમલ છે. તેને સ્પર્શ કર્યા વગર સુજ્ઞાન કરડંક ભગવાન બિરાજમાન છે. લોકાલોકનાં સમસ્ત પદાર્થોને એક અણું માત્રમાં સુજ્ઞાનરૂપી ઓરડામાં રાખ્યું છે એવા ऐको देव ऐषोडद्वेतरूपी ब्रह्माकिर्णकना (એક દેવ અદ્વૈતરૂપી બ્રહ્મકીર્ણના) તેઓએ દર્શન કર્યા. અજ્ઞાનરૂપી અંધકારને નસાડી તે વિજ્ઞાનસૂર્યને ધારણ કરનારા સુજ્ઞાનને દર્શનરૂપી શરીરને ધારણ કરનારા સર્વજ્ઞને તેઓએ જોયા.

સાતિશય ભોગમાં રહેવા છતાં પણ પોતાના આત્માને જોવાથી ને ધ્યાનગ્નિના બળથી જન્મ, જરા, મરણરૂપી ત્રિપુરને બાળનારા દેવને તેઓએ જોયા. વેદ, સિદ્ધાંત, તર્ક, આગમ વગેરેનું જ્ઞાન હોવા છતાં પણ તેના જઘડાથી રહિત, આદિ, અનાદિ કલ્પનાઓથી પર આદિવસ્તુને તેઓએ જોયા. વસ્ત્રાભૂષણોથી રહિત થઈને સુંદર, સ્નાન ભોજન કર્યા વગરના સુખી, સ્ત્રીઓ વિના જ આનંદ પ્રાપ્ત, જોવામાં, બોલવામાં ને મનના વિચારમાં આવવા છતાં પણ વર્ણન કરવામાં અસમર્થ એવા જગન્પતિના તેઓએ દર્શન કર્યા. કોટિ ચંદ્ર, સૂર્યોને એકત્રિત કરીને સામે રાખવા છતાં તેનાથી પણ વિશેષ ચડિયાતા દેહકાંતિને ધારણ કરનારા કાલકર્મના વૈરી ભગવાનને તે કુમારોએ જોયા. નિર્મિત, નિર્ભેદ ભક્તિ માતા છે, શ્રીમંધરસ્વામી જ ખાસ પિતા છે. આ પ્રકારના વિચારને રાખનારા રત્નાકર સિદ્ધના મોટા મહાન પિતાને તે કુમારોએ જોયા.

માર્ગમાં તે કુમાર વિચાર કરીને આવ્યા હતા કે આપણે ગયા પછી સાષ્ટાંગ નમસ્કાર કરીશું. સ્તુતિ કરીશું. વગેરે પરંતુ અહીંયાં ભગવાનના ત્રિલોકાતિશાયીરૂપને જોઈને તેઓ એ બધી બાબત

ભૂલી ગયા. આશ્ચર્યથી ઊભા રહીને ભગવાનની તરફ જોવા લાગ્યા. ભગવાનનાં શ્રીમુખમાં, કંઠમાં, દીર્ઘ ભુજાઓમાં, હૃદયમાં, નાભિકૂપમાં, ચરણોમાં, સુંદર પાદકમલોમાં તેમની દૃષ્ટિ પડી. ત્યાંથી પાછી ફરવા માગતી ન હોતી.

વસ્ત્રાભુષણની વાત જ નથી. રત્નદર્પણ જ જિનેંદ્ર બન્યા છે. આ રીતે સુંદર રૂપને ધારણ કરનારા ભગવાનના દેહમાં જ તેમની આંખો ફરવા લાગી. માથાથી પગ સુધી, પગથી માથા સુધી બરાબર તેમની આંખો જોવા લાગી. કેવલ આંખો જ કામ કરી રહી છે. એ કુમાર તો આશ્ચર્યથી અવાક્ થઈને પૂતલીઓની સમાન ઊભા છે. ત્યાંની નિસ્તબ્ધતા ને કુમારોનું મૌન છોડાવતા થકા સ્વર્ગાધિપતિ દેવેંદ્રે પ્રશ્ન કર્યો કે કુમાર ! તમે ભગવાનને જોઈને તેમના ચરણોમાં નમસ્કાર કર્યા વિના આમ મૌન કેમ ઊભા છો ! એવામાં તે કુમાર જાગૃત થયા અને આનંદથી કહેવા લાગ્યા કે 'હા ! ભૂલી ગયા, અમારા લોકોની બાલ્યલીલા હજી સુધી ગઈ નથી. ત્રણ છત્રના સ્વામી હે ભગવાન ! બાળકની ભૂલ ન જોતાં અમારી રક્ષા કરો.' આ પ્રકારની પ્રાર્થના કરી.

ભર્યા હાથે સુવર્ણ રત્નોના પુષ્પોથી પુષ્પાંજલિ કરીને, ભર્યા દેહે સાષ્ટાંગ નમસ્કાર કરીને, ભર્યા મોઢે ભક્તિથી તેઓએ ભગવાનની સ્તુતિ કરી.

नित्यनिराश निरंजन निरुपम सत्य सदानंद सिंधो ।
अत्यंत शांत सुकांत विमुक्ति साहित्याय ते नमः स्वाहा ।।
कायाकार कायातीत सुज्ञान काय शुद्धात्म सुद्दष्टि ।
श्रेयोनाथाय लोकनाथाय निर्मायाय ते नमः स्वाहा ।।
वीतरागाय विद्यासंयुजे परंज्योतिषे श्रीमते महते ।
भूतहिताय निष्प्रीताय भव कुलोद्धताय ते नमः स्वाहा ।।

ઈત્યાદિ પ્રકારે ભક્તિથી સ્તુતિ કરીને ભગવાનને ત્રણ પ્રદક્ષિણા કરી. અને ત્યાં બિરાજમાન અન્ય કેવલીઓને પણ વંદના કરી. ગણધરોને પણ નમન કરીને સભામાં સ્થિત સર્વ સમુદાયની સાથે શિષ્ટાચાર બતાવીને અગિયારમાં નિર્મળ કોઠામાં તેઓ બેસી ગયા. સભાની અતુલ સંપત્તિ ને ભગવાનના દેહની દિવ્યકાંતિને જોતા થકા, જિનેંદ્રની સામે જ બેસીને તે કુમાર આનંદથી ફુલાઈ ગયા છે. જાણે કે ત્રણ લોકના અગ્રભાગમાં જ તેઓ ચડી ગયા હોય એટલો આનંદ તેમને થઈ રહ્યો છે.

રવિકીર્તિરાજે હાથ જોડીને પ્રભુને પ્રાર્થના કરી કે સ્વામી ! અમને આત્મસિદ્ધિનો ઉપાય બતાવો. ત્યારે મૃદુ, મધુર, ગંભીર, વિનોદથી યુક્ત, સાતસો અઢાર ભાષાઓથી યુક્ત દિવ્યધ્વનિ ભગવાનનાં મુખકમલમાંથી નીકળી, તે રાજરૂપી રાજબિંબ (ચંદ્રબિંબ) ને જોઈને કૈલાસનાથ આદિ પ્રભુરૂપી સમુદ્ર એકદમ ઊછળી નીકળ્યો અને દિવ્યધ્વનિરૂપી સમુદ્રઘોષ શરૂ થયો. ગરમીના તાપથી સુકાયેલા વૃક્ષોને જો વરસાદનું પાણી મળે તો જેવી રીતે ફળે છે તેવી રીતે સંસારતાપથી સંતપ્ત ભવ્યોને તે દિવ્યધ્વનિએ શાંતિપ્રદાન કર્યું.

તે દિવ્યધ્વનિ એક બોલી જ છે. પરંતુ બધાની બોલી સમાન તે સામાન્ય બોલી નથી. અરહંતની બોલીની બાબતમાં હું શું બોલું ? ગળા, જીભ, હોઠ આદિને ન હલાવતા થકા બોલનારી તે એક અપૂર્વ બોલી છે. મેઘના શબ્દને, સમુદ્રના ઘોષને હોઠ, જીભની આવશ્યકતા જ ક્યાં છે ? ત્રિજગત્પતિની દિવ્યધ્વનિ માટે ઈતર પદાર્થોની અપેક્ષા જ ક્યાં છે ? દૂરથી સાંભળનારાઓને સમુદ્રધોધની સમાન સાંભળવામાં આવે છે. પાસે સાંભળનારાઓને સ્પષ્ટ સંભળાય છે. કોઈ પણ ભવ્ય કોઈ પણ પ્રશ્ન કરે, બધાનો ઉત્તર તે દિવ્યધ્વનિથી મળી જાય છે.

વિવાહ પ્રસંગમાં ઘરની બહાર સવાર પડયાનાં શબ્દો સાંભળવામાં આવે છે, પરંતુ અંદર જઈને સાંભળવાથી સ્ત્રીઓનાં ગીત, વાદ્ય અને ઈતર શબ્દ વગેરે સાંભળવામાં આવે છે. એક જ ધ્વનિને સામે અનેક વ્યક્તિ સાંભળી રહી છે. તોપણ તે ધ્વનિનું એક જ રૂપ નથી કહી શકાતું. જે વિભિન્ન પરિણામવાળા સાંભળનારા ભવ્યો છે, તેના ચિત્તમાં વિભિન્ન રૂપે જ તેનું પરિણામ થાય છે. તેથી અનેક રૂપે તે પરિણમે છે.

જેવી રીતે નદીનું પાણી એક હોવા છતાં પણ તેને બગીચામાં વાળીને આમ્ર, ચિકુ, ફણસ, નાળિએર આદિ અનેક વૃક્ષોને પાવાથી તે પાણી એક જ રૂપે હોવા છતાં પાત્રોની અપેક્ષાઓ વિભિન્ન પરિણતિને પ્રાપ્ત કરે છે તેવી રીતે દિવ્યધ્વનિ પણ અનેક રીતે પરિણિત થઈ જાય છે. જેવી રીતે રસાયનમાં સુગંધ, માધુર્ય આદિ અનેકનું સંમિશ્રણ હોવા છતાં પણ તે એક જ છે તેવી રીતે નર, સુર, નાગેંદ્ર આદિ ભાષાઓથી યુક્ત થઈને તે દિવ્યભાષા એક જ છે.

સર્વ પ્રાણીઓને માટે તે હિતકારક છે. સર્વ તત્ત્વોનું મૂલ છે. તેને પ્રગટ કરનારા જિનેંદ્ર એકલા છે, બધા સાંભળનારા છે. લાખો ભવ્યો હોવા છતાં પણ ત્યાં અલૌકિક નિસ્તબ્ધતા છે. બીજું એક આશ્ચર્ય છે. આદિ દેવોત્તમનું નિરૂપણ, કોઈ પાસે હોય કે દૂર હોય, ગાઉના ગાઉ સુધી એક સરખું સાંભળવામાં આવે છે. ભવ્યોને જોઈને તે નીકળે છે, અભવ્યોને જોઈને તે નીકળતું નથી. એ સ્વાભાવિક છે. આદિ ચક્રવર્તી ભરતેશના પુત્ર ભવ્ય છે. તેથી તે દિવ્યધ્વનિ ફેલાઈ.

તે દિવ્યધ્વનિ નિત્ય પ્રાતઃકાલ, મધ્યાન્હ, સાયંકાલ અને મધ્યરાત્રિ એ રીતે ચાર સંધિકાલમાં છ ઘડી છૂટે છે. બાકીના વખતમાં તે નથી નીકળતી. પરંતુ બાકીના સમયમાં કોઈ આસન્ન ભવ્ય આવીને પ્રશ્ન કરે તો નીકળે છે. આ કુમારોના પુણ્યાતિશયનું શું વર્ણન કરવું, તેમના પુણ્યાતિશયથી જ દિવ્યધ્વનિનો ઉદય થયો.

દિવ્યધ્વનિમાં ભગવાને ફરમાવ્યું કે હે રવિકીર્તિરાજ ! આત્મસિદ્ધિને પામવું તે કોઈ કઠિન નથી. ભવ્યોને માટે તે અતિ સુલભ છે. સંસારમાં અનેક પદાર્થોને જાણીને મનને પોતાના આત્મામાં સ્થિર કરવાથી તેની સિદ્ધિ થાય છે. કાલ અનાદિ છે, કર્મ અનાદિ છે, જીવ પણ અનાદિ છે. આ જીવ કાલ ને કર્મનાં સંબંધને પોતાથી દૂર કરે તો આત્મસિદ્ધિ સહેજે થાય છે. અથવા તે આત્મસિદ્ધિ છે. આ રીતે ત્રિલોકીનાથ ભગવાને નિરૂપણ કર્યું.

રવિકીર્તિ રાજાએ ફરી વિનયથી પ્રશ્ન કર્યો કે સ્વામી ! કાલ કોને કહે છે, કર્મ કોને કહે છે; આત્મા કોને કહે છે. જરા વિસ્તારથી નિરૂપણ કરો. અમે બાળક શું જાણીએ, ધ્યાનનિધિ ! જરાક કહો.

ત્યારે ભગવાને ઉત્તરમાં કહ્યું કે હે ભવ્ય, સાંભળો. સૌથી પહેલાં છ દ્રવ્યોના લક્ષણનું નિરૂપણ કરીશ. છેવટે દિવ્યાત્મસિદ્ધિનું વર્ણન કરીશ.

'લોકમાં જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ આ રીતે છ દ્રવ્ય ત્રણ વાયુથી વેષ્ટિત થઈને વિદ્યમાન છે. વિશાળ અનંત આકાશની વચ્ચે એક થેલીની સમાન ત્રણ વાત વિદ્યમાન છે. તે થેલીમાં આ છ પદાર્થ ભરેલા છે. આ ત્રણ વાત મળીને એક યોજનમાં જરાક ન્યૂન છે અને એક એક વાયુ તળે વીશહજાર કોશ પ્રમાણ મોટાઈમાં છે. તે છ દ્રવ્યનો આધાર લોક છે, તે ત્રણ વાયુની બહાર સ્થિત આકાશ અલોકાકાશ કહેવાય છે. એટલું તમે ધ્યાનમાં રાખજો. હવે ક્રમશઃ આત્મસિદ્ધિ કહીશ.

લોક એક હોવા છતાં પણ તેના ત્રણ વિભાગ છે. અધો લોક, મધ્ય લોક, ને ઊર્ધ્વ લોક એવા ભેદથી ત્રણ છે. પરંતુ લોક તો એક જ છે, કેવલ આકાર ને નામથી ભેદ છે, એક થેલીમાં ત્રણ થપ્પીના ખાના રાખતાં જેવી રીતે ભાસે છે તેવી રીતે ત્રણ વાતોથી વેષ્ટિત આ ત્રણ લોકનો વિભાગ છે.

નીચે સાત નરકની ભૂમિ છે. ત્યાં ઘણું વિશેષ દુઃખ છે. તે ભૂમિ ઉપર કાંઈક સુખનું સ્થાન નાગલોક છે. નાગલોકથી ઉપર મધ્ય લોકની ભૂમિ સુધી અધોલોકનો વિભાગ છે. હે ભરતકુમાર ! મેરુપર્વતને વલયાકૃતિથી પ્રદક્ષિણા દઈને અનેક દ્વીપસમુદ્ર છે. તે મધ્યલોક છે. મેરુગિરિની ઉપર અનેક સ્વર્ગવિમાન મોજૂદ છે. તે સ્વર્ગસામ્રાજ્યની ઉપર મુક્તિ છે. મેરુપર્વતની ઉપર વાતવલયપર્યંતનો પ્રદેશ ઊર્ધ્વલોક કહેવાય છે. અધો લોક અર્ધમૃદંગની સમાન છે, મધ્ય લોક ઝાલરના આકારમાં છે અને ઊર્ધ્વલોક પૂર્ણ ઊભા મૃદંગની સમાન છે. હવે સમજી ગયા ને ? ત્રણ લોકના વિસ્તારને રજ્જુ નામના પ્રમાણથી અમે હવે કહીશું.

એક સમયમાં અસંખ્યાત યોજનપ્રમાણ જનારા દેવવિમાન સતત અસંખ્યાત વર્ષ સુધી રાતદિવસ જાય તો જેટલું દૂર જાય તેટલા પ્રમાણનું નામ એક રજ્જુ છે. લોકના નીચેના છેડાસુધી ચૌદરજ્જુપ્રમાણ, દક્ષિણોત્તર ભાગમાં નીચે સાત રજ્જુ, વચ્ચે એક રજ્જુ, કલ્પવાસી વિમાનોમાં પાંચ રજ્જુ, અને છેવટે એક રજ્જુ પ્રમાણ છે. આ પ્રકારના પ્રમાણથી યુક્ત લોકમાં ષડ્‌દ્રવ્ય ખીચોખીચ ભરેલા છે. હે ભવ્ય ! હવે તેમના સ્વરૂપને અમે કહીશું. ધ્યાન દઈને સાંભળો.

વચ્ચે જ રવિકીર્તિરાજે પ્રશ્ન કર્યો કે સ્વામી ! આપે જે નિરૂપણ કર્યું તે બધું સમજવામાં આવ્યું. પરંતુ એક વાત પૂછવાની છે. વાયુ તો ચંચલ છે. તે એક જગ્યાએ ઠરી નથી શકતો, તો તેની સાથે આ લોક કંપતો કેમ નથી એ સમજવામાં નથી આવતું. કૃપા કરીને એનું નિરૂપણ કરો.

ભવ્ય ! વાયુમાં એક ચલ વાયુ, એક નિશ્ચલ વાયુ આ રીતે બે ભેદ છે. ચલ વાયુ તો લોકમાં આમતેમ વ્યાપ્ત છે પરંતુ આ ત્રણે વાયુ ચલ વાયુ નથી, સ્થિર વાયુ છે. શીતલતા, નિસ્સંગત્વ, સૂક્ષ્મત્વ આદિ ગુણોમાં તો કોઈ અંતર નથી. ચલવાયુમાં કંપન છે. સ્થિરવાયુમાં કંપન નથી. આટલો જ ભેદ છે. સ્વર્ગલોકમાં સ્થિર વિમાન, ચલવિમાન આ રીતે બે પ્રકારના વિમાન વિદ્યમાન છે. તેમના નામ આદિમાં કોઈ ભેદ નથી. બધાના નામ એક સરખા છે. આ રીતે સ્થિર વાયુ અને ચલવાયુનું નામ સાદૃશ્ય હોવા છતાં પણ ચલાચલનો ભેદ છે. તારાઓમાં પણ એક સ્થિર તારા, અને એક ચલ

તારા આ પ્રકારના ભેદ છે. સ્થિર તારા ફરતા નથી. ચલ તારા તો આમ તેમ જાય છે. આ રીતે વાયુમાં પણ ભેદ છે.

સ્વામી ! મારી શંકા દૂર થઈ. હવે છ દ્રવ્યોનું આગળ વર્ણન કરો આ રીતે વિનયથી મંદસ્મિત થઈને રવિકીર્તિરાજે પ્રાર્થના કરી.

ઉત્તરમાં ભગવાને કહ્યું કે 'હે ભવ્ય જીવ ! સૌથી પહેલા જીવપદાર્થનું વર્ણન કરીશું. પહેલાં જે દશ પ્રાણોથી જીવ્યો છે, જીવી રહ્યો છે, જીવે છે ને જીવશે તેને જીવ કહે છે. તે દશ પ્રાણ ક્યા છે ? મન, વચન, કાય, શ્વાસોચ્છવાસ, આયુષ્ય અને પાંચ ઈન્દ્રિય અર્થાત્ સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત આ રીતે આ દશ પ્રાણ છે.

આ આત્મા ક્યારેક પાંચ ઈન્દ્રિયોથી યુક્ત રહે છે, ક્યારેક એક, બે, ત્રણ અથવા ચાર ઈન્દ્રિયોથી યુક્ત રહે છે, તેથી તે પ્રાણોમાં પણ ચાર, છ, સાત, આઠ, નવ, આ પ્રકારના વિભાગ હોય છે. એક-એક ઈન્દ્રિયની આદિ લઈને પાંચ ઈન્દ્રિય સુધી જે જીવ ધારણ કરે છે તેમાં પ્રાણોના વિભાગ પણ ચાર, છ, સાત, આઠ, નવનાં રૂપે કેવી રીતે હોય છે તેનું વર્ણન સાંભળો, વૃક્ષ, લતા આદિ એકેન્દ્રિય જીવ છે તે સ્પર્શન ઈન્દ્રિય માત્રથી યુક્ત છે તેથી સ્પર્શ ઈન્દ્રિય, કાય, શ્વાસોચ્છવાસ, આયુષ્ય આરીતે તે જીવોના ચાર પ્રાણ છે. વાયુ, અગ્નિ, જલ, ભૂમિ, એ ચાર જેમને શરીર છે તે પણ એકેન્દ્રિય જીવ છે. તેઓ આ સંસારમાં વિશેષ દુઃખને પ્રાપ્ત થાય છે.

કોઈ કીડા વગેરે બે ઈન્દ્રિય અર્થાત્ સ્પર્શન રસથી યુક્ત છે. તે સ્વરમાત્ર વચનથી પણ યુક્ત છે. તેથી પૂર્વોક્ત ચાર પ્રાણોની સાથે રસનેંદ્રિયને વચનને મેળવવાથી પ્રાણ થાય છે. કીડી આદિ પ્રાણી ત્રણ ઈન્દ્રિયોના ધારી છે. સ્પર્શનથી, રસનાથી, અને વાસ દ્વારા તેઓ પદાર્થોને જાણે છે, તેથી ત્રણ ઈંદ્રિય ધારી પ્રાણીઓમાં સાત પ્રાણ હોય છે. માખી, ભમર આદિ સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ આ રીતે છે ચાર ઈન્દ્રિયોને ધારણ કરવાવાળા જીવ છે તેઓ આઠ પ્રાણોને ધારણ કરે છે. કોઈ તીર્યંચ પ્રાણીઓમાં સાંભળવાનું સામર્થ્ય છે, તેથી તેને પાંચ ઈન્દ્રિય થઈ, પરંતુ મન ન હોવાથી તે નવ પ્રાણોને ધારણ કરે છે.

મન નામનું પ્રાણ હૃદયમાં અષ્ટદલાકાર કમલની સમાન રહે છે તેનાથી આ જીવ વિચાર કર્યા કરે છે. વનગજ, પશુ, ઘોડા આદિઓમાં પણ કેટલાક પ્રાણીઓમાં મન છે કેટલાકમાં નથી. તેથી તે પંચેન્દ્રિય પ્રાણીઓને જ્યાં મન છે અર્થાત જે સમનસ્ક છે તેમને દશ પ્રાણ હોય છે. મનુષ્યોને પણ દશ પ્રાણ હોય છે. તિર્યંચોમાં કોઈ સમનસ્ક, કોઈ અમનસ્ક આ રીતે બે ભેદ છે. પરંતુ નારકી દેવ મનુષ્ય આ દશ પ્રાણોને ધારનાર હોય છે.

હે ભવ્ય ! એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી લોકમાં જીવ જીવે છે, તેમની રીતિ આ છે. આ તમે બરાબર ધ્યાનમાં રાખો.

કર્મોની મૂળ પ્રકૃતિ આઠ છે, તે આઠકર્મ ઉત્તર ભેદથી એકસો અડતાલીશ ભેદથી યુક્ત છે. વળી ઉત્તરોત્તર ભેદથી તે કર્મ અસંખ્યાત વિકલ્પોથી વિભક્ત થાય છે. પરંતુ મૂલમાં આઠ જ ભેદ

જાણવા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, વેદનીય, આયુષ્ય નામ ગોત્ર ને અંતરાય આ પ્રકારના આઠ કર્મ તે તેજસ કાર્માણશરીરમાં છુપાયેલા છે. તેમની ઉપર આ ઔદારિક શરીર છે. આ રીતે ત્રણ શરીરરૂપી થેલીમાં આ આત્મા છે. આઠકર્મ જ બધા કર્મોનું મૂળ છે. આ કર્મોના મૂળમાં ત્રણ પદાર્થ છે. તે ક્યા છે તે સાંભળો. રાગ, દ્વેષ, મોહ એ ત્રણ કર્મોના મૂળ છે. તેમને ભાવકર્મના નામથી પણ કહે છે.

ઉપર્યુક્ત આઠ કર્મ તે દ્રવ્યકર્મ છે, અને ત્રણ ભાવકર્મ છે, અને જે શરીર દેખાય છે તે નોકર્મ છે. તેથી કર્મકાંડ ત્રણ પ્રકારના છે. દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મ-નોકર્મ ઘાણીની સમાન છે. દ્રવ્યકર્મ તો ખલની સમાન છે, અને ભાવકર્મ તેલની સમાન અને આત્મા આકાશની સમાન છે. જેવી રીતે ઘાંચીને ત્યાં ઘાણી, ખલ, તેલ ને આકાશ એ ચાર પદાર્થ એકઠા રહે છે એવી રીતે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ને આત્માનો એકત્ર સંયોગ છે. અર્થાત્ આત્મા આ ત્રણની વચ્ચે સ્થાન પામીને રહે છે. ત્રણ કર્મકાંડોમાં વર્ણ, રસ, ગુણ, મોજૂદ છે. પરંતુ આત્માને વર્ણાદિક નથી, તે તો કેવલ સુજ્ઞાન જ્યોતિથી યુક્ત છે.

આ ઘાણીની વચ્ચે સ્થિત આકાશની સમાન આ આત્મા આ શરીરમાં પગથી માંડીને મસ્તક સુધી સર્વાંગે સંપૂર્ણ ભર્યો છે. ગમે તો લાકડું મોટું હોય કે નાનું હોય તેના પ્રમાણે અગ્નિ રહે છે, એવી રીતે આ શરીર મોટું હોય કે નાનું હોય તેના પ્રમાણે આત્મા ગુરુદેહ, લઘુદેહમાં રહે છે. લાકડીના ભાગને ઓળંગીને અગ્નિ નથી રહી શકતી. જેટલા પ્રમાણમાં કાષ્ટ હોય છે તેટલા પ્રમાણમાં જ અગ્નિ હોય છે. આ રીતે આ આત્મા પણ જેટલાં અંશમાં દેહ છે તેટલા અંશમાં સર્વત્ર ભરેલો છે. દેહ પ્રમાણે આત્મા છે.

વૃક્ષના અંદરના ભાગમાં અર્થાત્ કાષ્ઠભાગમાં અગ્નિ છે. પરંતુ બહારના પાંદડાંઓમાં અગ્નિ નથી. આ રીતે આત્મા આ શરીરમાં અંદર ભરેલો છે. પરંતુ બહારના રોમ સમૂહ, કેશ અને નખોમાં તે આત્મા નથી. શરીરના ભાગમાં નખથી દબાવતા જ્યાં સુધી દુઃખ લાગે છે ત્યાં સુધી આત્મા છે એમ સમજવું જોઈએ. જ્યાં દુઃખ નથી થતું ત્યાં આત્મા નથી. નખ, કેશ ને રોમમાં દરદ હોતું નથી તેથી ત્યાં આત્મા પણ નથી. આ વાતને હે ભવ્ય ! બરાબર ધ્યાનમાં રાખો.

છ દ્રવ્યોમાં દ્રવ્ય, ગુણ ને પર્યાયના ભેદથી ત્રણ વિકલ્પ પડે છે. તેમનું પણ દૃષ્ટાંત પૂર્વક હવે વર્ણન કરીશ.

કનક અર્થાત્ સુવર્ણનામનું દ્રવ્ય છે, તેનો ગુણ પીતવર્ણ છે. હાર, કંકણ, કુંડલ આદિ તેના પર્યાય છે. આ પ્રકારના ત્રણ વિકલ્પોને બધા દ્રવ્યોમાં ઉપાડી લેવા. દૂધ નામનો પદાર્થ રસ દ્રવ્ય છે. મધૂર, શ્વેત, આદિ તેના ગુણ છે. દહીં, છાશ, માખણ આદિ તેની પર્યાય છે. નિરાકારરૂપી પદાર્થ જીવદ્રવ્ય છે. તેના ગુણ જ્ઞાન દર્શન છે. કર્મને વશીભૂત થઈને મનુષ્ય, દેવ આદિ ગતિઓમાં ભ્રમણ કરવું તે પર્યાય છે.

દ્રવ્યદૃષ્ટિથી પદાર્થ એક હોવા છતાં પણ પર્યાય ભેદથી અનેક વિકલ્પોથી વિભક્ત બને છે. દ્રવ્યપર્યાય કે ગુણસમુદાય જ એક પદાર્થ છે, આવો બધા દ્રવ્યોનો સ્વભાવ છે. જેવી રીતે કંકણનું કુંડલ બનાવી શકાય છે, કુંડલને ભાંગીને હાર બનાવી શકાય છે. હારને પણ તોડીને સોનાની થાળી

બનાવી શકાય છે. આ રીતે સોનાના અનેક પર્યાય થયા. પરંતુ બધામાં સુવર્ણ નામનું દ્રવ્ય એક જ છે, તેમાં કોઈ અંતર નથી.

આ મનુષ્ય એક વાર મૃગ થાય છે, મૃગ જ દેવ બને છે, દેવ વૃક્ષ થાય છે. મનુષ્ય, મૃગ, દેવ ને વૃક્ષના ભેદથી જીવના ચાર પર્યાય થયા, પરંતુ બધામાં ભ્રમણ કરનારો જીવ એક જ છે. પુરુષ સ્ત્રી બની જાય છે, સ્ત્રી પુરુષ બની જાય છે અને તે ક્યારેક નપુંસક પર્યાયમાં જાય છે, આ રીતે આ ત્રણ પર્યાય છે. પરંતુ તે ત્રણમાં જીવ એક જ છે.

અણુમાત્ર દેહને ધારણ કરનારો જીવ હજાર યોજન પ્રમાણના શરીરને ધારણ કરતા એટલો જ ફેલાય છે. વચ્ચેના અનેક પ્રમાણના શરીરને ધારણ કરવાથી તે પ્રમાણે બને છે.

હે ભવ્ય ! આ બધું વર્ણન કોઈ એક જીવને માટે નથી. બધા સંસારી જીવોની આ રીત છે. સમસ્ત કર્મોને દૂર કરીને જે આત્મા દેખે છે ત્યાં કોઈ ઝંઝીલ (વિઘ્ન) નથી. જુઓ ! સ્ફટિકરત્ન તો બિલકુલ શુભ્ર છે. જેવી રીતે તેની પાછળ અન્ય રંગના પદાર્થો રાખવાથી તેનો પણ વર્ણ બદલતો રહે છે. તેવી રીતે ત્રણ શરીરરૂપી ઘડાના સંબંધથી આ આત્મા અતિકલુષિત થઈને સંકટો વેઠે છે. આ આત્મા શરીરમાં રહે છે, પરંતુ તેને કોઈ શરીર નથી. સુજ્ઞાન જ તેનું શરીર છે, આત્મા શરીરને સ્પર્શ કરવા છતાં પણ તેનાથી અસ્પૃષ્ટ છે. તોપણ શરીરના સર્વાંગમાં ભરેલો છે. આ આત્માનું અંગ છે.

તે આત્મા અગ્નિથી બળી શકતો નથી, પાણીથી ભીંજાઈ શકતો નથી, અસ્ત્ર, શસ્ત્ર, કુહાડી આદિથી છેદાઈ શકતો નથી. ભેદાઈ શકતો નથી. પાણી, અગ્નિ અસ્ત્ર, શસ્ત્રાદિકની બાધા શરીરને છે, આત્માને નથી. માંસ, લોહી, ચર્મમય પ્રદેશમાં રહેવા છતાં પણ દૂધ, માંસ ચર્મમય નથી, પણ સંસેવ્ય છે. તેવી રીતે માંસાસ્થિચર્મ કર્મરૂપી શરીરમાં રહેવા છતાં પણ આત્માશુદ્ધ છે, પરમ નિર્મલ છે.

આ આત્મા લોકની અંદર ને બહાર જાણે છે ને દેખે છે. કોટિ સૂર્યને ચંદ્રના પ્રકાશથી યુક્ત છે. જેવી રીતે મેઘથી આચ્છાદિત થઈને પ્રતાપી સૂર્ય રહે છે તેવી રીતે આ આત્મા કર્મમેઘથી આચ્છાદિત થઈ ને રહે છે.

પુદ્‌ગલમાં સ્થિર અને અસ્થિર પર્યાય નામના બે ભેદ છે. પૃથ્વી, મેરુપર્વત આદિ સ્થિર પર્યાય છે. બાકીના અલગ અલગ ગમન કરનારી અસ્થિર પર્યાય છે.

ત્રણ લોકને હાથથી ઉઠાવીને હથેલીમાં રાખવાની શક્તિ આ આત્માને છે. ત્રણ લોકનું જેટલું પ્રમાણ છે તેટલું જ આનું પણ પ્રમાણ છે. અર્થાત્ ત્રણ લોકમાં સર્વત્ર તે વ્યાપ્ત થઈ શકે છે, પરંતુ જેવી રીતે બીજમાં વૃક્ષ છુપાયેલું છે. તેવી રીતે સર્વ શક્તિમાન આ આત્મા આ નાના શરીરમાં રહે છે.

રવિકીર્તિ ! કર્મનો નાશ કરવાથી તો બધા અમારી જેવા જ બને છે. તે કર્મોનો નાશ જેવી રીતે કરી શકાય તેનું વર્ણન આગળ કરીશું. આ જીવના સ્વરૂપનું કથન છે. હવે પુદ્‌ગલના સંબંધમાં કહીશું. તે પણ બરાબર સાંભળ.

રવિકીર્તિરાજે વચ્ચે જ કહ્યું કે પ્રભુ ! અહીં એક શંકા થાય છે. આપશ્રીએ ફરમાવ્યું કે આઠ કર્મ તો તૈજસ કાર્મણ શરીરની અંદર રહે છે, તો પછી બહારનું શરીર (ઔદારિક) તો તે કર્મોથી

બહાર છે, એવો અર્થ થયો અર્થાત્ ઔદારિક શરીરને કર્મોનો કોઈ સંબંધ નથી. ભગવાને ઉત્તરમાં ફરમાવ્યું કે એમ નથી. સાત કર્મ તો અંદરના તૈજસ કાર્મણ શરીર સાથે છે. પરંતુ નામકર્મ તો બહાર ને અંદરના બન્ને શરીરો સાથે સંબંધ રાખે છે અર્થાત્ સાત કર્મ તો તૈજસ કાર્મણમાં રહે છે. પરંતુ નામ કર્મ તો ઔદારિક ને તે અંતરંગ શરીરમાં પણ રહે છે. હવે સમજી ગયા ?

રવિકીર્તિરાજે કહ્યું કે 'સમજી ગયો, લોકનાથ !'

હવે પુદ્‌ગલદ્રવ્યનું વર્ણન કરે છે. પૂરણ ને ગલનથી યુક્ત મૂર્તવસ્તુનું નામ પુદ્‌ગલ છે. પૂરાઈને ને વિખરાઈને તે પદાર્થ ત્રણ લોકમાં સર્વત્ર ભરેલો છે. પાંચ વર્ણ, આઠ સ્પર્શ, બે ગંધ અને પાંચ રસ આ વીસ ગુણોથી તે પુદ્‌ગલયુક્ત છે. પાંચ ઈન્દ્રિયોના વિષય ભૂત પદાર્થ, પાંચ ઈન્દ્રિય, આઠ કર્મ, પાંચ શરીર, મન આદિ મૂર્તપદાર્થ બધા પુદ્‌ગલ છે.

તે પુદ્‌ગલ સ્થૂલ, સૂક્ષ્મના ભેદથી ફરી છ ભેદથી વિભક્ત થાય છે. તે સ્થૂલ, સૂક્ષ્મોના ભેદને પણ સાંભળો.

સ્થૂલસ્થૂલ, સ્થૂલ, સ્થૂલસુક્ષ્મ, સૂક્ષ્મસ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મસૂક્ષ્મ, આ પ્રકારના છ ભેદ છે. પત્થર, જમીન આદિ પદાર્થ સ્થૂલસ્થૂલ છે. જલ, તેલ વગેરે સ્થૂલ છે. ચક્ષુરિંદ્રિય છોડીને બાકીના ચાર ઈન્દ્રિયોને ગોચર થનારા શીતલ પવન, ધ્વનિ, સુગંધ આદિક સૂક્ષ્મસ્થૂલ છે. કર્મરૂપી પુદ્‌ગલ સૂક્ષ્મ છે. આનાથી પણ અધિક સૂક્ષ્મસૂક્ષ્મ ગુણથી યુક્ત બીજો એક પુદ્‌ગલનો ભેદ છે. આ રીતે પુદ્‌ગલના છ અંગ છે.

સરળતાથી દૂર થાય એવા જરા સાવકાશથી દૂર થાય એવા દૂર કરવા જતાં પણ નહિ દૂર થતાં, મૃદુ, ચાર ઈન્દ્રિયોથી ગમ્ય, કર્મગમ્ય એ પાંચ ભેદ છે. પરંતુ છઠ્ઠા સૂક્ષ્મસૂક્ષ્મ નામના ભેદમાં આ નથી આવી શકતા.

પુદ્‌ગલના ત્રણ ભેદ છે. અણુ, પરમાણુ ને સ્કંધના ભેદથી ત્રણ પ્રકાર છે. પરમાણુ, પાંચે ઈન્દ્રિયોને ગોચર નથી થતા, તેનાથી સૂક્ષ્મ પદાર્થ લોકમાં નથી, તેને જ સૂક્ષ્મસૂક્ષ્મ કહે છે. અનંત પરમાણુના મળવાથી એક અણુ બને છે. બે, ત્રણ, ચાર આદિ અણુઓના મળવાથી પિંડરૂપ સ્કંધ બને છે. આ પ્રકારના પર્યાય પુદ્‌ગલના છે. અણુના નિમ્ન શ્રેણીમાં સ્થિત પરમાણુ એક, બે, ત્રણ આદિ સંખ્યામાં મળીને અણુસુધી પહોંચી જાય છે. તે પણ એક પ્રકારનો સ્કંધ છે, કેમકે અણુ પણ કારણ સ્કંધ કહેવાય છે. પુદ્‌ગલના ક્યારેક અણુ, પરમાણુ, સ્કંધના રૂપે ત્રણ ભેદ પાડે છે. તો ક્યારેક અણુ શબ્દને છોડીને પરમાણુ ને સ્કંધના નામથી બે જ ભેદ પાડે છે.

પરમાણુમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ રહેલા છે પરંતુ શબ્દ નથી. પરમાણુ મળીને જ્યારે સ્કંધ બને છે ત્યારે શબ્દની ઉત્પત્તિ થાય છે તે પર્યાય છે. પુદ્‌ગલપર્યાયમાં સ્થિર પર્યાય અને અસ્થિર પર્યાય નામના બે ભેદ છે. પૃથ્વી, મેરુ પર્વતાદિ સ્થિર પર્યાય છે. બાકીનાને પૃથક્ પૃથક્ ગમન કરનારો અસ્થિર પર્યાય છે.

અહીં સુધી પુદ્‌ગલનું વર્ણન કર્યું. હવે પછી દ્રવ્યનું વર્ણન કરીશું.

''પ્રભુ ! જરાક થંભો મારે અહીંયા એક શંકા છે, હે ચિદ્ગુણાભરણ ! કૃપા કરીને કહો. આપે ફરમાવ્યું કે શરીર પાંચ પુદ્ગલ છે પરંતુ કર્મના વર્ણનમાં ત્રણ જ શરીરનું વર્ણન કર્યું. આ બે શરીર બીજા ક્યા છે ? કૃપા કરીને કહો.'' રવિકીર્તિરાજે કહ્યું.

ઉત્તરમાં ભગવાને કહ્યું કે સાંભળો. 'નારકીઓને, દેવોને ઔદારિક શરીર નથી. તેમને વૈક્રિય શરીર છે. અને વૈક્રિયની સાથે તેમને ક્રૂર તૈજસ ને કાર્મણ શરીર કહે છે. આ રીતે તેમને ત્રણ શરીર છે. મનુષ્યો ને તિર્યંચોનાં શરીર પ્રાપ્ત આકારમાં જ રહે છે તેને ઔદારિક શરીર કહે છે. પરંતુ દેવ, નારકી ઈચ્છિતરૂપે પોતાના શરીરનું પરિવર્તન કરી શકે છે, તે વૈક્રિયિક છે.

ઉત્તમ સંયમને ધારણ કરનારા મુનિઓને તત્ત્વમાં સંશય ઉત્પન્ન થતાં મસ્તકમાં એક હસ્ત પ્રમાણ શુભ્ર સૂક્ષ્મ શરીરનો ઉદય થઈને અમારી સમીપ આવે છે અને સંશય નિવૃત્ત થઈને જાય છે, તેને આહારક શરીર કહે છે. તત્ત્વ વિષયનો સંદેહ દૂર થતાં આપમેળે જ અંતર્મુહૂર્તની અંદરનાશ પામે છે. પછી તે મુનિરાજ હંમેશની માફક રહે છે. તેને આહારક શરીર કહે છે.'

આ રીતે આહારક, ઔદારિક, વૈક્રિયિક, તેજસને કાર્મણના ભેદથી શરીરનાં પાંચ ભેદ છે.

આ રીતે લોકમાં ધર્મ ને અધર્મ નામના બે દ્રવ્ય સર્વત્ર ભરેલા છે. નિર્મલ આકાશની સમાન અમૂર્ત છે, અખંડ છે. ધર્મદ્રવ્ય જીવપુદ્ગલોને ગમન કરવામાં સહકારી છે અને અધર્મદ્રવ્ય સ્થિર થવામાં સહકારી છે. જેવી રીતે કે પાણી માછલીને ચાલવા માટે સહકારી છે ને વૃક્ષની છાયા તાપમાં ચાલનારને સ્થિર થવામાં સહકારી છે.

જે નથી ચાલતા તેને ધર્મદ્રવ્ય જબરજસ્તીથી ચલાવતું નથી, ચાલનારને રોકતું નથી, જેવી રીતે પાણીમાં માછલી ચાલે છે તે જો ચાલતી અટકી જાય તો પાણી તેને જબરજસ્તીથી ચલાવી શકતું નથી અને ચાલનારી માછલીને રોકી પણ શકતું નથી. પરંતુ ત્યાં ચાલવામાં પાણી સહકારી છે. કેમકે પાણી વિના કેવલ જમીન પર તે માછલી ચાલી નથી શકતી. આ રીતે જીવપુદ્ગલ ચારે તરફ ગતિ કરવાવાળા પદાર્થ છે. તેમને ગમન કરવા માટે બાહ્ય સહકારી ધર્મદ્રવ્ય છે.

વૃક્ષની છાયા ચાલનારને હાથ પકડીને બેસવા નથી કહેતી. બેસનારને રોકતી પણ નથી. પરંતુ થાકેલા પથિક વૃક્ષની છાયામાં જ બેસે છે. સખત તાપમાં બેસતા નથી. તેથી સ્થિર થતા જીવ ને પુદગલોને સ્થિર થવામાં બાહ્ય સહકારી જે દ્રવ્ય છે તે અધર્મદ્રવ્ય છે.

આકાશ નામનું એક દ્રવ્ય છે કે જે લોક, અલોકમાં અખંડરૂપે ભરેલો છે અને બધા દ્રવ્યોને જેટલો જોઈએ તેટલો અવકાશ આપીને મહાકીર્તિશાલી સમાન છે. કાળ નામનું દ્રવ્ય પરમાણુરૂપે ત્રણ લોકમાં સર્વત્ર ભરેલો છે. તે પરમાણુ અનંત સંખ્યામાં હોવા છતાં પણ એક બીજાને મળતા નથી. રત્નરાશિ સમાન ભિન્ન ભિન્ન છે.

સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ તે કાલાણુઓને નથી. આકાશના રૂપે જ છે. જાણે કે આકાશના જ પરમાણું રૂપે ખંડ ખંડ કરી નાખ્યા હોય તેમ ભાસે છે. લોકમાં તે સર્વત્ર ભર્યા છે.

તેમાં વ્યવહારકાળ ને નિશ્ચયકાળના ભેદથી બે વિભાગ છે. લોકમાં વ્યવહાર માટે ઉપયુક્ત દિન, માસ, ઘડી, નિમિત્ત, વર્ષ, યામ, પ્રહાર આદિ બધા વ્યવહારકાળ છે આ અમિત લોકમાં સર્વત્ર ભરેલો નિશ્ચયકાળ છે. પદાર્થોમાં નવીન, પુરાણા આદિ પરિવર્તનમાં તે કાળદ્રવ્ય કારણ છે. (નિમિત્ત છે) અન્ય દ્રવ્યોના વર્તનમાં તે કારણ છે, જેવી રીતે વિદૂષક પોતાનું મોઢું વાકુંચુકું કરીને હસીને બીજાને હસાવે છે.

હે ભવ્ય ! જીવ પુદ્‌ગલથી લઈને છ દ્રવ્યોનું વર્ણન કર્યું તે છ દ્રવ્યોના મૂળમાં કાંઈક તરતમ ભાવ છે તેમને હવે બરાબર સાંભળો.

આકાશ, ધર્મ અને અધર્મદ્રવ્ય એક એક સ્વતંત્રરૂપે અખંડ છે. પરંતુ જીવ, પુદ્‌ગલ ને કાળ એ ત્રણ દ્રવ્ય આખા લોકમાં સર્વત્ર અખંડરૂપે વ્યાપેલા નથી. અનેક જીવોની અપેક્ષાએ જીવ ખંડરૂપ છે પરંતુ એક જીવની અપેક્ષાએ અખંડરૂપ છે. કાલાણુ પણ અનેકના અપેક્ષાએ ખંડરૂપ છે, પરંતુ એક અણુની અપેક્ષાએ તો અખંડ જ છે. પુદગલના સ્કંધને ભિન્ન કરવાથી તેનો ખંડ થાય છે. અને મળેલા અણુઓને પણ ભિન્ન કરવાથી ખંડ થાય છે. પરમાણુમાત્ર અખંડરૂપ જ છે. તેના ખંડ નથી પડી શકતા.

છ દ્રવ્યોમાં પુદ્‌ગલ જ મૂર્ત છે. બાકીના પાંચ દ્રવ્યો મૂર્ત નથી. વળી હે રવિકીર્તિ ! તે છ દ્રવ્યોમાં જ્ઞાનથી યુક્ત દ્રવ્ય તો જીવ એક જ છે. અન્ય દ્રવ્યોમાં જ્ઞાન નથી. ગતિમાં સહકારી ધર્મ દ્રવ્ય જ છે. સ્થિતિમાં સહકારી અધર્મ જ છે. સ્થાન દેવામાં આકાશ જ સમર્થ છે. વર્તના પરિણતિમાં કાળ જ કારણ છે. અર્થાત્ તે દ્રવ્યો પોતપોતાના સ્વભાવાનુસાર જ કાર્ય કરે છે પોતાના કાર્યને છોડીને બીજાનું કાર્ય તેઓ નથી કરી શકતા.

જીવ, પુદ્‌ગલ બે પદાર્થ ગમનશીલ છે, અર્થાત્ તે આકાશ-પ્રદેશમાં ગમેતેમ ગમન કરે છે. પરંતુ બાકીના ચાર દ્રવ્ય આમતેમ ગતિ કરતા નથી. પરસ્પર બંધ પણ જીવ પુદ્‌ગલોમાં છે, બાકીના દ્રવ્યોમાં તે નથી. જીવના ગમન કરવામાં પુદ્‌ગલ કારણ છે. પુદ્‌ગલને ચાલવામાં કાળ કારણ છે. આ રીતે કાળ, કર્મ, ને જીવની ત્રિપુટી મળીને સંસાર ચાલે છે.

જીવદ્રવ્ય જ્યાં સુધી કર્મની સાથે યુક્ત રહે છે ત્યાંસુધી તે ચતુર્ગતિ ભ્રમણરૂપ સંસારમાં ચાલે છે. પરંતુ રત્નત્રયદ્વારા કર્મોનો નાશ કરીને મુક્ત સામ્રાજ્યમાં જ્યારે જઈને બિરાજમાન થાય છે ત્યારે તે સંસાર રહેતો નથી. લોકમાં છ દ્રવ્ય એકમેક મળીને સર્વત્ર ભરેલા છે. પરંતુ એકનો ગુણ બીજાનો નથી થઈ શકતો. પોતપોતાના સ્વરૂપે સ્વતંત્ર છે.

પંક્તિબદ્ધ થઈને જો લોકના સમસ્ત જીવ ઊભા રહી જાય તો લોકનું સ્થાન પર્યાપ્ત નથી. પુદ્‌ગલદ્રવ્ય તો તેનાથી પણ અધિક સ્થૂલ છે. આ રીતે કાળદ્રવ્ય, ધર્મ, અધર્મ આકાશમાં સર્વત્ર ભરેલો છે. જેવી રીતે દૂધના ઘડામાં મધ ભરવામાં આવે તો તે તેમાં સમાય જાય છે. તેવી રીતે આકાશ દ્રવ્યના વચ્ચે બાકીના દ્રવ્ય સમાય જાય છે. ગૂઢનાગરાજની વચ્ચે છૂપાયેલા ગૂઢનિધિ સમાન ત્રણ ગાઢ વાતની વચ્ચે આ છ દ્રવ્ય છુપાયેલા છે.

એક પરમાણું જેટલા સ્થાનમાં રહે છે તેને એક પ્રદેશ કહે છે. પુદગલ સંખ્યાત, અસંખ્યાત, અનંત અને અનંતાનંત પ્રદેશી છે. આકાશ અનંત પ્રદેશી છે, જીવ, ધર્મ અને અધર્મદ્રવ્ય અસંખ્યાત પ્રદેશી છે. હે ભવ્ય ! કાળદ્રવ્ય એક જ પ્રદેશી છે કાળદ્રવ્યના પ્રદેશ અત્યંત અલ્પ છે કેમકે તે એક જ પ્રદેશને ઘેરીને રહે છે, તેથી તે કાય નથી. બાકીના પાંચ દ્રવ્ય અસ્તિકાયના નામથી કહેવાય છે. ગુણ, પર્યાય વસ્તુત્વ આ ત્રણ લક્ષણોથી કાળદ્રવ્યને છ દ્રવ્યોમાં ગણ્યા છે. પરંતુ કાળદ્રવ્ય એક પ્રદેશી છે અનેક પ્રદેશી નથી. તેથી અસ્તિકાય પાંચ જ છે.

હે રવિકીર્તિ ! દ્રવ્ય છ છે ત્યાં પાંચ અસ્તિકાય છે. હવે તત્ત્વ સાત છે. તેમનું પણ વિવેચન સારી રીતે સાંભળો. આ રીતે ભગવાન આદિપ્રભુ ષડ્દ્રવ્ય, પંચાસ્તિકાયોનું નિરૂપણ દિવ્યધ્વનિદ્વારા કરીને સાત તત્ત્વનું નિરૂપણ કરવા લાગ્યા.

આદિ ચક્રેશ ભરતના પુત્રને ખરેખર ધન્ય છે. જેઓએ સમવસરણમાં જઈને સાક્ષાત્ તીર્થંકરના દર્શન કર્યા. દિવ્યધ્વનિ સાંભળવાનું ભાગ્ય પામ્યા. અનેક જન્મોથી જેઓએ જ્ઞાનાર્જન કરવાનો અભ્યાસ કર્યો છે, વિશિષ્ટ તપશ્ચર્યા કરી છે તે જ આવા સાતિશય જ્ઞાનધારી કેવલજ્ઞાની તીર્થંકરોના પાદમૂલમાં પહોંચે છે. આવા પુત્રોને પામનારા ભરતજીને પણ ધન્ય છે. તેઓ સદા આ પ્રકારની ભાવના કરે છે કેઃ–

''હે પરમાત્મા ! આપ અક્ષરાભરણ છો, નિરક્ષર જ્ઞાનને ધારણ કરનાર છો પાપનો ક્ષય કરનાર છો, પરમ પવિત્ર છો, વિમલાક્ષ છો. તેથી હે ચિદંબર પુરુષ ! મારા અંતરંગમાં સદાય વર્ત્યા રહો અને મારી રક્ષા કરો.''

''હે સિદ્ધાત્મા ! આપ આકાશરૂપી પુરુષ છો, આકાશના આકારમાં છો, આકાશરૂપી છો, આકાશરૂપી શરીરથી યુક્ત છો આકાશાધાર છો. તેથી હે નિરંજન સિદ્ધ ! મને સન્મતિ આપો.''

## ૬. તત્ત્વાર્થ સંધિ

દેવાધિદેવ ભગવાન આદિપ્રભુએ તે રવિકીર્તિરાજને આત્મકલ્યાણને માટે જીવાદિ સાત તત્ત્વોનું નિરૂપણ કર્યું કેમકે લોકમાં તીર્થંકરોથી અધિક ઉપકારી બીજું કોઈ નથી.

હે ભવ્ય રવિકીર્તિ ! સાંભળો, હવે સાતતત્ત્વના મૂલ, સૂક્ષ્મ આદિ બધાનું વર્ણન કરીશ. પછી કર્મોનો નાશ કરીને કૈવલ્ય પામવાના વિધાનને પણ કહીશ. બરાબર સાંભળો.

તત્ત્વ સાત છે, જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ આ રીતે સાત તત્ત્વોનું સ્વરૂપ સાંભળો.

જીવ બદ્ધાત્મા ને શુદ્ધાત્માના ભેદથી બે પ્રકારે છે. ત્રણ શરીરથી યુક્ત જીવ બદ્ધાત્મા કહેવાય છે. ત્રણ શરીરથી રહિત જીવ શુદ્ધાત્મા કહેવાય છે. સિદ્ધ પરમાત્મા મુક્ત છે. તેમને કોઈ શરીર પણ નથી. સિદ્ધ, મુક્ત નિર્દેહી આ બધા શબ્દોના એક જ અર્થ છે સંસારી, બદ્ધ, સદેહી આ શબ્દોના અર્થ એક જ છે. સ્પર્શન રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર આ રીતે પાંચ ઈન્દ્રિય ને દશ પ્રાણોને ધારણ કરનારા શરીર ને કર્મથી યુક્ત જીવ સંસારી જીવ કહેવાય છે. ઈન્દ્રિય, શરીર, કર્મ, પ્રાણ એમનો નાશ થઈને જ્યારે આ આત્મા જ્ઞાનેંદ્રિય ને જ્ઞાનશરીરને પામીને મુક્તિનું સુખ પામે છે ત્યારે શુદ્ધ જીવ અથવા મુક્ત જીવ કહેવાય છે.

હે ભવ્ય ! જેટલા જીવ મુક્ત થયા છે તે બધા પૂર્વે સંસારયુક્ત હતા. પછી યુક્તિથી કર્મનો નાશ કરીને શરીર રહિત થઈને મુક્ત થાય છે. મુક્ત જીવ સદાય મુક્તિમાં જ રહેતા આવ્યા નથી, પણ વિચાર કરવાથી તેઓ પેલા આ સંસારમાં જ રહેતા હતા. પરંતુ કર્મનો નાશ કરીને મુક્તિમાં ગયા છે. તેઓ સંસારમાં પછી પાછા નથી આવતા, તેમને નિત્ય જ મુક્તિ છે. હે રવિકીર્તિ, તમો પણ આત્મસ્વરૂપમાં રમણ કરીને કર્મનો નાશ કરો તો તમે પણ તેમની જેમ જ મુક્ત થશો. આ સંસાર નિત્ય નથી. ભવ્યોને માટે તે અવિનશ્વર મુક્તિ જ નિત્ય છે.

હે ભવ્ય ! તે જીવોમાં ભવ્ય ને અભવ્યોના ભેદ છે. ભવ્ય તો મુક્તિ પામે છે. અભવ્ય મુક્તિ પામી શકતા નથી. ભવ્યોમાં પણ સારભવ્ય અને દૂરભવ્ય એવા બે ભેદ છે. સારભવ્ય તો શીઘ્ર મુક્તિ પ્રાપ્ત કરે છે. દૂર ભવ્ય તો વિલંબથી મુક્તિમાં જાય છે. થોડાક ભવમાં મુક્તિ પામનારા સાર ભવ્ય છે. અનેક ભવમાં મુક્તિ પામનારા દૂરભવ્ય છે. આટલો જ અંતર છે. સારભવ્ય હો. કે દૂર ભવ્ય હો જે મોક્ષ કલાને પામે છે તે સુખી છે.

અભવ્ય જીવ આ જન્મમરણરૂપી સંસારમાં પરિભ્રમણ કરે છે. તેઓ દુઃખ ઉપજાવનારા કર્મનો નાશ કરીને મુક્તિ પ્રાપ્ત નથી કરતા. તે અભવ્ય જીવ શરીરને કષ્ટ દઈને ઉગ્ર તપ કરે છે, અહંકારથી શાસ્ત્રપઠન કરે છે ને પોતાની વિદ્વતાનું પ્રદર્શન કરે છે, સ્વર્ગમાં જાય છે. આ રીતે સંસારમાં જ પરિભ્રમણ કરે છે. મુક્તિમાં જતા નથી, આત્મસિદ્ધિને પામતા નથી. સ્વર્ગમાં તે ગ્રૈવેયક વિમાન પર્યંત જાય છે. ફરીને દુર્ગતિઓમાં જ પડે છે. તે અજ્ઞાની અપવર્ગમાં ચડી શકતા નથી. તે નરક, તિર્યંચ, નિગોદરાશિ આદિ નીચ યોનિઓમાં અને મનુષ્ય, દેવ આદિ ગતિઓમાં વારંવાર જન્મે છે. પરંતુ મુક્તિ પ્રાપ્ત નથી કરી શકતા.

વચ્ચે જ રવિકીર્તિએ પ્રશ્ન કર્યો કે સ્વામી ! તપશ્ચર્યા કરીને અને અનેક શાસ્ત્રોનું અધ્યયન કરીને પણ તે મુક્તિ કેમ નથી પામતા ?

ઉત્તરમાં ભગવાને કહ્યું કે તપશ્ચર્યા ને શાસ્ત્રપઠન બાહ્યચરણ છે. તે આત્મવિચાર નથી. આત્મહિતને માટે તો આત્મધ્યાનની જ આવશ્યકતા છે. તેનું નિરૂપણ આગળ કરીશું. અસ્તુ તે ભવ અભવ્યોને માટે ધ્રુવ છે. ભવ્યોને માટે ધ્રુવ નથી. તેમને તો મુક્તિ જ ધ્રુવ છે. જીવોમાં મુક્ત જીવ સંસારી જીવના નામભેદ હોવા છતાં પણ શક્તિની અપેક્ષાએ કોઈ અંતર નથી. આત્માની શક્તિને જે વ્યક્તિમાં લાવે છે તે મુક્ત જીવ છે. વ્યક્તિમાં ન લાવનારા સંસારીજીવ છે કેમકે આત્માની શક્તિ તો એક સરખી જ છે.

સિદ્ધોના નિર્મલ આત્માનો ગુણ ચિદ્‌ગુણ છે, બદ્ધાત્માઓનો ગુણ પણ તે જ છે. સિદ્ધાત્મા જ્ઞાની છે, બદ્ધાત્મા પણ જ્ઞાની છે. શુદ્ધ ને બદ્ધનો જ ભેદ છે. બીજો નહીં. એક ઉત્તમ સોનું, બીજું હલકું સોનું, બન્ને સોનું જ કહેવાય છે. પિત્તળ, કાંસુ વગેરે નહિ. કીટકાલિમાદિ દોષોથી યુક્ત સોનું હલકું સોનું કહેવાય છે. સર્વથા દોષ રહિત સોનું ઉત્તમ કહેવાય છે ઉત્તમ ને હલકાનો ભેદ છે. નહિતર સુવર્ણ તો બન્ને જ છે.

તાપ દેવાથી છ સાત ટચનું સોનું પણ શુદ્ધ થઈને સો ટચનું સોનું બને છે તેવી રીતે કર્મમલને બાળવાથી આ આત્મા પણ શુદ્ધ થઈને મુક્ત થાય છે. દોષયુક્ત અવસ્થામાં સોનાનો રંગ છુપાયો હતો પરંતુ તાપ આપ્યા પછી દોષ બળી ગયો. તેનો રંગ બહાર આવ્યો ત્યારે તેને વિશુદ્ધ સોનું કહે છે. આ રીતે છુપાયેલા ગુણ દોષોનાં નાશ થવાથી જ્યારે બહાર આવે છે ત્યારે તેને મુક્તાત્મા કહે છે. શક્તિની અપેક્ષાએ સર્વ જીવોમાં જ્ઞાન, દર્શન, શક્તિ ને સુખ રહેલા છે. પરંતુ સામર્થ્યથી કર્મને દૂર કરીને જે બહાર તે ગુણોને પ્રગટ કરે છે તે જ મુક્ત થાય છે, તે જ વ્યક્તિનું જ નામ મુક્તિ છે. બીજની અંદર રહેલું વૃક્ષ શક્તિગત છે. તેને વાવીને ઉગાડીને, ફાલ લાવીને જ્યારે વૃક્ષ બનાવવામાં આવે છે ત્યારે તેને વ્યક્ત કહે છે. આ રીતે જીવોમાં જ પણ શક્તિવ્યક્તિનો ભેદ છે.

જીવતત્ત્વની કલાને ધ્યાનમાં રાખવી. હવે નિર્જીવતત્ત્વનું નિરૂપણ કરીશું. જીવતત્ત્વને છોડીને બાકીના પાંચ દ્રવ્ય નિર્જીવ છે. આકાશ, ધર્મ, અધર્મ, કાળ, પુદ્‌ગલ આ પાંચ દ્રવ્યને સુખદુઃખનો અનુભવ નથી થતો તેમાં દેખવા જાણવાની શક્તિ નથી તેથી તેમને નિર્જીવ અથવા અજીવ કહે છે. તેમનામાં ચાર દ્રવ્ય તો દૃષ્ટિગોચર થતા નથી. પરંતુ પુદ્‌ગલ તો દૃષ્ટિગોચર થાય છે. લોકમાં તે પુદ્‌ગલ દ્રવ્ય સર્વત્ર ભરેલું છે. પુદ્‌ગલના છ ભેદનું વર્ણન પહેલાં કરી ચુકાયું છે.

સ્થૂલસ્થૂલ, સ્થૂલ, સ્થૂલસૂક્ષ્મ, આ પુદ્‌ગલના ત્રણ ભેદ તો બધાને દૃષ્ટિગોચર થાય છે. પરંતુ બાકીના ત્રણ ભેદ તો કોઈને દૃષ્ટિગોચર નથી થતા. કર્મવર્ગણા નામનું સૂક્ષ્મ પુદ્‌ગલ સ્નિગ્ધ ને રૂક્ષ રૂપે છે. સ્નિગ્ધ પુદ્‌ગલ તો રાગરૂપ છે, અને રૂક્ષ પુદ્‌ગલ દ્વેષરૂપ છે. આ પુદ્‌ગલ આત્મપ્રદેશમાં બંધાય છે. ભોજન કરવું, સ્નાન કરવું, સૂવું ઈત્યાદિ વિષયને મનુષ્ય પ્રત્યક્ષ દેખે છે. આ બધું પુદ્‌ગલની જ ક્રિયામાં છે, બાકીના પાંચ દ્રવ્યોને તો કોણ જુએ છે ? નદી, પાણી, વરસાદ, ખેતર, ઘર, તંબૂ, હવા, શીત, ગરમી, પર્વત, મેઘ, શરીર, ખાટા, મીઠા, કડવા, તીખા, લાલ, પીળા, કાળા, સફેદ,

વગેરે પદાર્થો પુદ્ગલ છે. રત્નહાર, કંકણ નથ, હાર, વગેરે આભરણ, ધન, કનક, પિત્તળ, તામ્ર, ચાંદી વગેરે સર્વ પુદ્ગલ છે.

મોટા ઘડામાં જેવી રીતે પાણી ભર્યું રહે છે તેવી રીતે લોકમાં આ પુદ્ગલ ભર્યું છે, સમુદ્રમાં જેવી રીતે માછલીઓ રહે છે તેવી રીતે તે જીવગણ વિદ્યમાન છે. પૂર્વે કહેવાઈ ગયું છે કે ત્રણ પુદ્ગલ દૃષ્ટિગોચર થાય છે. અને ત્રણ થતા નથી. જે દૃષ્ટિગોચર નથી થતા તે સર્વત્ર ભરેલા છે. તેમની વચ્ચે જીવ છુપાયેલો છે.

પર્વત, વૃક્ષ, ભીંત આદિ જે પુદ્ગલ છે તે ગમન કરનારા જીવાદિકને રોકે છે. પરંતુ પરમાણુ, અણુ તો સૂક્ષ્મ પુદ્ગલ છે. તે કોઈને પણ રોકી નથી શકતા. ધર્માદિ ચાર દ્રવ્ય તો કાંઈ હા, ના નહિ કહેતા થકા, મૌન રહે છે, પરંતુ જીવપુદ્ગલ તો આપસમાં લડવાવાળા પહેલવાનોની જેવા છે. તેમનો બિલકુલ સંબંધ નથી એમ નથી કહી શકાતું.

કાળદ્રવ્ય પુદ્ગલની પરિણતિનું કારણ છે. તેથી જણાય છે કે તેના જ નિમિત્તથી જીવપુદ્ગલનો વ્યવહાર ચાલી રહ્યો છે તેથી જીવ, પુદ્ગલ ને કાળ આ ત્રણ દ્રવ્યોને અનાદિ કહે છે. નહિ તો જ્યારે છ જ દ્રવ્ય અનાદિ છે તો ત્રણ જ દ્રવ્યોમાં આ ભિન્નતા કેમ આવી ? તેથી લોકમાં આ વાતની પ્રસિદ્ધિ થઈ કે કર્મ, આત્મા ને કાળ એ ત્રણ પદાર્થ અનાદિ છે અને તેમના નિમિત્તથી ધર્મ, અધર્મ ને આકાશ કાર્યકારી થયા. તેથી તે આદિ વસ્તુ છે એમ પણ કોઈ કહે છે.

આ બધા દ્રવ્યોના યથાર્થ સ્વરૂપને કૈવલ્યધામમાં સ્થિત સિદ્ધપરમેષ્ઠી વસ્તુસ્વભાવ સમજીને પ્રત્યક્ષ નિરીક્ષણ કરે છે. મોક્ષ જીવ દ્રવ્યનો જ થાય છે, પુદ્ગલનો નહિ. કેમકે તે અજીવતત્ત્વ છે. આ વાત તમે નિશ્ચયથી જાણો.

મન, વચન, કાયનું પરિસ્પંદ થવાથી તે અત્યંત સૂક્ષ્મ કાર્મણરજ આત્મામાં આવીને પ્રવેશે છે તેને આસ્રવ કહે છે. જેવી રીતે જહાજમાં છિદ્ર હોવાથી અંદર પાણી આવે છે તેવી રીતે મન, વચન, કાયાની ચેષ્ટા રૂપી છિદ્ર હોવાથી કાર્મણરજ આત્મપ્રદેશમાં પ્રવેશે છે. તેને આસ્રવ કહે છે. આસ્રવના મૂળ ભેદ પાંચ છે, અને ઉત્તર ભેદ સતાવન છે. પરંતુ આ બધું આ મન, વચન, કાયદ્વારા જ થાય છે. તેને યોગ કહે છે. પહેલા અંદર આવતી વખતે પુદ્ગલરજની રૂપે રહે છે, ને ભાવકર્મનો સંબંધ જ્યારે થાય છે ત્યારે કર્મરૂપે પરિણમે છે આ આસ્રવ તત્ત્વ છે. હવે બંધતત્ત્વનું નિરૂપણ કરીશું.

મન, વચન, કાયના સંબંધથી અંદર પ્રવિષ્ટ તે રજ ક્રોધ, રાગ, મોહના સંબંધથી કર્મરૂપ પરિણત થઈને તે વખતે આત્મપ્રદેશમાં બદ્ધ થાય છે. તેને બંધ કહે છે. આત્મપ્રદેશમાં પ્રવિષ્ટ કરતા થકા આસ્રવ કહેવાય છે. પરંતુ ત્યાં જીવાત્માના પ્રદેશમાં બદ્ધ થયા પછી બંધ કહેવાય છે. આસ્રવ ને બંધમાં આટલો જ અંતર છે.

તે સૂક્ષ્મરજમાં બે ગુણ વિદ્યમાન છે. એક સ્નિગ્ધ ને એક રૂક્ષ. સ્નિગ્ધ ગુણ જ મમકાર છે અને રૂક્ષ જ ક્રોધ છે, આ બન્ને ગુણોના નિમિત્તથી આત્મપ્રદેશમાં તે બંધાય છે. અગ્નિથી સારી રીતે તપ્ત લોઢાનો ગોળો જેવી રીતે ચારે તરફથી પાણી શોષી લે છે તેવી રીતે ભાવ કર્મરૂપી અગ્નિથી તપ્ત

આ જીવ સર્વાંગે કર્મ જલને ગ્રહણ કરે છે. ક્ષુધાની નિવૃત્તિ ને તૃપ્તિ માટે ગ્રહણ કરાયેલો આહાર શરીરમાં પહોંચીને ઉદરાગ્નિના સંબંધથી સપ્તધાતુઓના રૂપે પરિણમે છે. તેવી રીતે પુદ્‌ગલપરમાણુ આત્મપ્રદેશમાં પહોંચીને ભાવકર્મના સંબંધથી અષ્ટકર્મરૂપે પરિણમે છે.

જે વખતે કર્મ બંધાય છે તે વખતે તે ફળ નથી દેતા. આત્મ પ્રદેશમાં બંધાયા પછી કેટલોક વખત રહીને સ્થિતિપૂર્ણ થતાં જે વખતે તે છૂટે છે તે વખતે જીવને સુખ દુઃખનો અનુભવ થાય છે. બીજ વાવવાથી ગમે તો તે કડવું બીજ હોય કે મધુર હોય, વાવતાં જ ફળ મળતું નથી. પરંતુ કાલાંતરમાં જ ફળ પ્રાપ્ત થાય છે. એ રીતે પુણ્યપાપ કર્મના ફળસ્વરૂપ સુખદુઃખ સંગ્રહ પામીને કાલાંતરમાં જ અનુભવમાં આવે છે. સુખ વખતે ફુલાવાથી, દુઃખ વખતે ખિન્ન થવાથી ફરી કર્મો બંધાય છે. સુખદુઃખ વખતે સમતાભાવથી આત્મવિચાર કરવાથી બંધ થતો નથી.

પેલાના કર્મ જર્જરિત થઈને ચાલ્યા જાય છે અને નવીન કર્મ આવીને બંધાય છે. આ કર્મના નિમિત્તથી શરીરનો સંબંધ થાય છે. તે કર્મના કારણથી જૂના શરીરને છોડીને નવા શરીરને ગ્રહણ કરે છે. અને આવી રીતે કર્મના નિમિતથી શરીરનું પરિવર્તન કરતાં થકા આ આત્મા કર્મમાં મગ્ન રહે છે. જેવી રીતે એક તળાવમાં એક તરફથી પાણી આવે અને બીજી તરફથી જાય તો જેવી રીતે હંમેશાં તે પાણીથી ભરેલું જ રહે છે તેવી રીતે કર્મરજ જીવ પ્રદેશમાં આવે છે, જાય છે અને બન્યા રહે છે. નવીન કર્મ પહેલાં દ્રવ્યકર્મની સાથે બંધાય છે. અને તે દ્રવ્યકર્મ ભાવકર્મની સાથે મળી જાય છે અને ભાવકર્મનો આત્મા પ્રદેશમાં બંધ થાય છે. આ રીતે બંધ પરંપરા છે.

નવીન કર્મનો પૂર્વ કર્મની સાથે બંધ છે. પૂર્વ કર્મનો ભાવકર્મની સાથે બંધ છે. ભાવકર્મનો જીવની સાથે બંધ છે. આ રીતે બંધના ત્રણ ભેદ છે. વળી બંધના, પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશ ને અનુભાગના ભેદથી ચાર ભેદ છે પરન્તુ વિશેષ વર્ણન કરવાથી શો લાભ ? બંધતત્ત્વના કથનને સંક્ષેપથી આટલું જ સમજો. હવે સંવર તત્ત્વનું નિરૂપણ કરીશું.

આવનારા કર્મોના ત્રણ દ્વારને ત્રણ ગુપ્તિઓ દ્વારા બંધ કરીને પોતાના આત્માને સ્વયં જોવો તે સંવર છે. મૌન ધારણ કરીને, વચન ને કાયની ચેષ્ટાને બંધ કરીને, આંખ મીંચીને મનને આત્મામાં લગાડવું તે સંવર છે. તેને જ ત્રિગુપ્તિ કહે છે. જહાજના છિદ્રને જેવી રીતે બંધ કરવાથી તેમાં પાણી અંદર નથી આવતું તેવી રીતે તીવ્ર યોગથી જવાવાળા યોગોને મુદ્રિત કરવાથી કર્મ અંદર પ્રવેશતા નથી. અર્થાત્ ગુપ્તિ થવાથી સંવર થાય છે. ત્રણ ગુપ્તિઓમાં ચિત્તગુપ્તિની પ્રાપ્તિ થવી તે બહુ જ કષ્ટ સાધ્ય છે. જે સંસારની સમસ્ત વ્યાપ્તિઓને છોડીને આત્મામાં મન લગાવે છે. તેમને આ ગુપ્તિની સિદ્ધિ થાય છે.

બંધ ને નિર્જરા તો આ આત્માને પ્રતિસમય થયા કરે છે. પરંતુ બંધવૈરી સંવરની પ્રાપ્તિ થવી બહુ જ કઠણ છે. નિજાત્મ સંપતિની પ્રાપ્તિ માટે તે અનન્ય બંધુ છે. પહેલા બંધાયેલા કર્મ તો નિર્જરા દ્વારા ખરી જાય છે.

નવીન કર્મને આવતાં રોકવાથી આત્માની સિદ્ધિ આપોઆપ થાય છે. હે રવિકીર્તિ ! એમાં આશ્ચર્યની શી વાત છે ? શ્રીમંતનો ખજાનો ગમે તેટલો મોટો કેમ ન હોય, આવકને રોકવાથી ખર્ચ

ચાલુ રાખવાથી. એક દિવસ તે ખાલી થયા વિના નહિ રહે. આરીતે આવનારા કર્મોને રોકવાથી પૂર્વસંચિત કર્મ નીકળી જાય તો આ જીવ એક દિવસ અવશ્ય કર્મ રહિત થાય છે.

આ રીતે આ સંવરતત્ત્વનું કથન છે. પૂર્વસંચિત કર્મોને થોડા થોડા અંશે બહાર કાઢવા ને નાશ કરવા તેને નિર્જરા કહે છે. નવા આવવાળા કર્મોને રોકવા તે સંવર છે, જૂના કર્મોને આત્મપ્રદેશમાંથી ખેરવવા તેને નિર્જરા કહે છે. સંવર ને નિર્જરામાં આટલો જ અંતર છે. પરમાણુમાત્ર પણ સ્નેહ ને કોપને ધારણ ન કરતાં એકાકી થઈને પરમહંસ પરમાત્માને જોવાથી તે કર્મ ખરી જાય છે, એમાં આશ્ચર્યની શી વાત છે ? ઉપવાસાદિ સંયમને ધારણ કરીને મનમાં ઉપશાંતિને પ્રાપ્ત કરતા થકા શુદ્ધાત્માનું નિરીક્ષણ કરે તો તે કર્મ ખરી જાય છે.

નિર્જરાનાં બે ભેદ છે. એક સવિપાક નિર્જરા અને બીજી અવિપાક નિર્જરા, સવિપાક નિર્જરા તો બધા પ્રાણીઓમાં હોય છે. પરંતુ અવિપાક નિર્જરા મુનિઓમાં જ હોય છે. બધાને નહિ. આપોઆપ હૃદયમાં આવીને જે પ્રતિનિત્યકર્મ નીકળી જાય છે તેને સવિપાક નિર્જરા કહે છે. અનેક પ્રકારની તપશ્ચર્યાદ્વારા શરીરને કષ્ટ દઈને કર્મ ઉદયમાં લાવવામાં આવે છે અને કર્મ નિર્જરી જાય છે તેને કૃતપાક અથવા અવિપાક નિર્જરા કહે છે. એક ફળ તો એવું છે કે જે આપોઆપ પાકીને વૃક્ષથી પડે છે ને એક ફલ એવું છે કે જે અનેક ઉપાયોથી પકાવીને ખરે છે. બન્ને ફળ પાકી જાય છે આ રીતે કર્મના પણ ફળ દઈને ખેરવવાના બે પ્રકાર છે.

સતત્ સંવરપૂર્વક જે નિર્જરા થાય છે તે આ આત્માને મોક્ષમાં લઈ જાય છે અને તે સંવરને છોડીને જે નિર્જરા થાય છે તે આ આત્માને સંસાર બંધનમાં નાખે છે. અને ભવરૂપી સમુદ્રમા ભ્રમણ કરાવે છે.

આ આત્માને ધ્યાનમાં મગ્ન થઈને પ્રતિનિત્ય જોવો જોઈએ. ધ્યાન જે વખતે ન બને અર્થાત્ ચિતચંચલ થઈ જાય તે વખતે પહેલાં જે ધ્યાનની વખતે આત્માનું દર્શન કર્યું છે તેનું સ્મરણ કરતા થકા મૌન રહેવું જોઈએ. ધ્યાન વખતે નિર્જરા થાય છે. ધ્યાન જે વખતે ન થાય તે વખતે ધ્યાન શાસ્ત્રને છોડીને અન્ય વિચારમાં સમય વિતાવે તો હાથીના સ્નાનની સમાન છે. વચન ને કાયમાં ચંચલતા આવવા છતાં પણ મનને તો આત્મામાં જ લગાડવું જોઈએ. આત્મામાં તે મનને લગાડે તો રાગદ્વેષની ઉત્પત્તિ નથી થતી. રાગદ્વેષના અભાવથી સંવરની સિદ્ધિ થાય છે.

આ આત્માને એક તરફથી કર્મ આવે છે ને એક તરફ જાય છે. આવેલું કર્મ બંધાય છે. આ રીતે આત્મા સદાય કર્મથી બંધાતો રહે છે તેથી આવેલા કર્મોના દ્વારને બંધ કરીને, પહેલાં આવેલા કર્મોને આત્મપ્રદેશથી બહાર કાઢી નાખે તો આ આત્મા મોક્ષમંદિરમાં જઈ બિરાજે છે. તેના માર્ગને ન સમજીને આ આત્મા વ્યર્થ જ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. સરોવરમાં આવનારા પાણીને રોકીને પહેલા સંચિત જલને કાઢી નાખે તો જેવી રીતે તે ખાલી થાય છે તેવી રીતે સંવર ને નિર્જરા મળવાથી આત્મસિદ્ધિ થાય છે. ધૂળ ચડેલા મલીન દર્પણને સાફ કરવાથી જેવી રીતે તેમાં મુખ દેખાય છે તેવી રીતે કર્મધૂલથી મલીન લેપને સુધ્યાનના બળથી દૂર કરાય તો તે આત્મા પરિશુદ્ધ થાય છે.

હે ભવ્ય ! આ નિર્જરા તત્ત્વ છે. એને પ્રાપ્ત કરીને આ આત્મા આઠ કર્મની નિર્જરા કરતા થકા સમસ્ત કર્મોને જ્યારે દૂર કરે છે અને પોતાના આત્મામાં સ્થિર થાય છે. તેને મોક્ષ કહે છે. એકદેશે કર્મોને ખેરવવા તેને નિર્જરા કહે છે. સમસ્ત કર્મોનો ક્ષય થવો તેને મોક્ષ કહે છે. મોક્ષ ને નિર્જરામાં આટલો જ અંતર છે.

કોઈ કોઈ આત્મા પહેલાં ઘાતિયા કર્મનો નાશ કરે છે અને પછી અઘાતિયા કર્મનો નાશ કરે છે, અને કોઈ ઘાતિયા ને અઘાતિયા આ કર્મોનો તુરંત જ નાશ કરીને મોક્ષ જાય છે. કોઈ દંડ, કપાટ, પ્રતર લોકપૂરણ કરીને મુક્તિ જાય છે અને કોઈ આ ચાર સમુદ્‌ઘાતની અવસ્થાને પ્રાપ્ત ન કરીને જ મુક્તિ જાય છે. ત્રણ શરીરરૂપી કારાગૃહને બાળીને અષ્ટગુણોને જ્યારે આ આત્મા વશ કરી લે છે ત્યારે તે અશરીર આત્મા એક જ સમયમાં અમૃતલોકમાં પહોંચી જાય છે.

તે સિદ્ધલોક આ ભૂલોકથી સાત રજ્જુ ઉન્નત સ્થાન પર છે. પરંતુ સાત રજ્જુઓના સ્થાનને આ આત્મા લીલામાત્રથી એક જ સમયમાં ઓળંગી જાય છે. ત્રણ શરીર જ્યારે જુદા પડી જાય છે ત્યારે, જેવી રીતે કે એરંડ ફલના સુકાવાથી તેનું બીજ ઉપર ઊડી જાય છે તેવી રીતે આ આત્મા લોકાગ્ર ભાગમાં નિરાધાર પહોંચી જાય છે. ઉપરના વાતવલયમાં કેમ થંભી જાય છે, તેની ઉપર કેમ જતો નથી ? તેનો ઉત્તર એટલો જ છે કે તે વાતવલયની ઉપર ધર્માસ્તિકાય નથી તેથી ત્યાં સિદ્ધાત્મા બિરાજમાન થાય છે.

તે સંપત્તિ અવિનશ્વર છે, બાધા રહિત આનંદ છે. અનંત વૈભવનું તે સામ્રાજય છે. વિશેષ શું ? વચનથી તેનું વર્ણન થતું નથી. આ લોકાતિશાયી સંપત્તિ છે. નિશ્રેયસ છે. આ સાત તત્ત્વોમાં અંતિમ તત્ત્વ છે.

આ રીતે હે ભવ્ય ! સાત તત્ત્વોના સ્વરૂપને જાણીને તેમાં પુણ્યપાપ મેળવવાથી નવ પદાર્થ થાય છે. તેનો પણ વિભાગ સાંભળો.

આસ્રવ ને બંધતત્વમાં તો તે પુણ્યપાપ અંતર્ભૂત છે. કેમકે આસ્રવમાં પુણ્યાસ્રવ, પાપાસ્રવ આ રીતે બે ભેદ છે. અને બંધમાં પણ પુણ્યબંધ અને પાપબંધ આ રીતે બે ભેદ છે.

ગુરુ, દેવ, શાસ્ત્રચિંતન, પૂજા આદિમાં જે મન, વચન, કાયનો ઉપયોગ લગાડવામાં આવે છે. તે બધો પુણ્યયોગ છે, મદ્યપાન, જુગાર, શિકાર આદિમાં ઉપયુક્ત યોગ પાપયોગ છે. તીર્થવંદન, વ્રતારાધના, જપ, દેવતા વંદન આદિમાં ઉપયુક્ત યોગ પુણ્ય છે. અનર્થના કાર્યમાં અને જાર ચોરાદિ કથામાં ઉપયુક્ત યોગ પાપયોગ છે. પુણ્યાચરણને માટે ઉપયુક્ત યોગ પુણ્યાસ્રવસ્વરૂપ છે. પાપમાર્ગમાં પ્રવૃત્ત યોગ પાપાસ્રવ કહેવાય છે.

રાગદ્વેષ અને મોહના સંયોગથી બંધ થાય છે. રાગ અને મોહનો પુણ્ય ને પાપમાં ઉપયોગ થાય છે પણ ક્રોધ અથવા દ્વેષ તો પાપબંધનું જ કારણ છે. દેવભક્તિ, ગુરુભક્તિ, શાસ્ત્રભક્તિ, સદ્‌ગુણ, વિનયસંપન્નતા આદિ પુણ્યબંધનું કારણ છે. સ્ત્રી, પુત્ર, ધન, કનક આદિ તરફ જે મમતા છે તે પાપબંધનું કારણ છે, વ્રત, દાન, જપ, તપ, સંઘ આદિ તરફ જે મમતા પરિણતિ છે તે પુણ્ય બંધનું

કારણ છે. અને હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર અને પરિગ્રહ આદિ તરફ જે સ્નેહ છે તે પાપબંધનું કારણ છે. આત્મા પોતે જ આત્માનો છે. એ છોડીને અન્ય પદાર્થો તરફ આત્મબુદ્ધિ કરવી તે મોહ છે. દેવ, શાસ્ત્ર, ગુરુઓ પ્રતિ મમત્વબુદ્ધિ કરવી તે પુણ્ય છે. શરીર તરફ મમતા રાખવી તે પાપ છે. જિનબિંબ, પુસ્તક, જપસર આદિ પ્રતિ મમત્વબુદ્ધિ કરવી તે પુણ્ય છે. ક્ષિતિ, હેમ, નારી આદિઓ તરફ જે અતિ મોહ છે, તે પાપ છે. મોહને મિથ્યાત્વ પણ કહે છે. મોહને અજ્ઞાન પણ કહે છે. આ બધા આગમને અધ્યાત્મ ભાષાના ભેદથી કથન છે.

હે રવિકીર્તિ ! આ રીતે સ્નેહ ને મોહ પુણ્ય ને પાપના જન્મગેહરૂપે છે. પરંતુ તે કોપ આ આત્માને બાળે છે તેથી તે પાપરૂપ છે અને રાહુ સમાન છે.

પાપ આ આત્માને નરક ને તિર્યંચ ગતિમાં લઈ જાય છે, પુણ્ય સ્વર્ગલોકમાં લઈ જાય છે. બન્નેની સમાનતા હોતાં આ આત્માને મનુષ્યગતિમાં લઈ જાય છે. હે ભવ્ય ! એ બન્ને પાપ ને પુણ્ય કર્મલેપ છે, આત્માના નિજ ભાવ નથી. તે પાપપુણ્ય આઠ કર્મોરૂપે પરિણમીને આત્માને આ સંસારમાં પરિભ્રમણ કરાવે છે. તે કર્મ ક્યારેક આ આત્માને સુંદર બનાવે છે. તો ક્યારેક કુરૂપી બનાવે છે. ક્યારેક આ આત્મા જ્ઞાની છે તો ક્યારેક મૂર્ખ કહેવાય છે. ક્યારેક દેવ, ક્યારેક નારકી અને ક્યારેક મનુષ્ય અને ક્યારેક તે તિર્યંચનારૂપે આ આત્મા દેખાય છે આ બધું તે પાપપુણ્યનું તંત્ર છે. ક્યારેક આ આત્મા ક્રૂર કહેવાય છે, તો ક્યારેક શાંત કહેવાય છે, ક્યારેક વીર કહેવાય છે અને ક્યારેક ડરપોક કહેવાય છે. ક્યારેક સ્ત્રી બને છે, અને ક્યારેક પુરુષ. આ બધી વિચિત્રતાએ કર્મજનિત છે.

શુભ અને અશુભ કર્મને વશીભૂત થઈને સંસારનાં સમસ્ત પ્રાણી આ ભવબંધનમાં પડીને દુઃખ ઉઠાવે છે. જ્યારે આ અશુભ ને શુભ કર્મને પોતાના આત્મપ્રદેશથી દૂર કરે છે ત્યારે તે મુક્તિ પામે છે. સુકૃત અને દુષ્કૃત બન્ને પદાર્થ આત્માને ઉપયોગી નથી. તે બન્નેને સમાનરૂપે જોઈને જે પરિત્યાગ કરે છે તે વિકૃતિને દૂર કરીને મુક્તિ પામે છે.

એક સુવર્ણની શૃંખલા છે, બીજી લોઢાની શૃંખલા છે. પરંતુ બન્ને બંધનના જ કારણ છે. આવા પુણ્યપાપ આત્માનાં વિકારના કારણ છે. આ રીતે જીવપુદ્ગલના સંસર્ગથી સાત તત્ત્વના વિભાગ બન્યા. અને તેમાં પુણ્યપાપને મેળવવાથી નવ પદાર્થ થયા.

આ રીતે સાત તત્ત્વ ને નવપદાર્થનું વિવેચન થયું. હવે તેમાં હેય ને ઉપાદેય આ રીતે બે વિભાગ છે. અજીવ, પુણ્યાસ્રવ, પાપાસ્રવ, પુણ્યબંધ, પાપબંધ, એને હેય સમજીને છોડવા જોઈએ. નિર્જરા, સંવર, જીવ અને મોક્ષ આ તત્ત્વોને ઉપાદેય સમજીને ગ્રહણ કરવા જોઈએ.

જીવાસ્તિકાય, જીવતત્ત્વ, જીવપદાર્થ આ બધા એકાર્થ છે. તેને આત્મકલ્યાણ માટે ગ્રહવા જોઈએ. બાકી બધા પદાર્થ હેય છે. આગમને જાણવાનું આ ફળ છે. જીવદ્રવ્યને ઉપાદેય સમજીને અન્ય દ્રવ્યને છોડવા તે જ લોકમાં સાર છે. જેવી રીતે સોનાની ખાણને ખોદીને, માટીનો ઢગલો કરીને અને શોધન કરીને પછી તેમાંથી સોનું લેવામાં આવે છે, ને બાકી બધા પદાર્થને છોડી દેવામાં આવે છે, તેવી રીતે સાત તત્ત્વોને જાણીને તેમાંથી છ તત્ત્વોને છોડીને જીવતત્ત્વનું ગ્રહણ કરવું તે જ બુદ્ધિમાનોનું કર્તવ્ય છે.

આસ્રવ ને બંધથી આ આત્માને સંસારની વૃદ્ધિ થાય છે. આસ્રવ ને બંધને છોડીને સંવર ને નિર્જરાનો આશ્રય કરવાથી મુક્તિ થાય છે. ક્ષમા જ ક્રોધનો શત્રુ છે, નિરસંગભાવના જ મોહનો વૈરી છે. પરમ વૈરાગ્ય જ મમકારનો શત્રુ છે. આ ત્રણને સંયમી ગ્રહણ કરે તો તેને બંધ કેવી રીતે થાય ?

પહેલા પાપને છોડીને પુણ્યમાં રોકાવું અર્થાત્ અશુભને છોડીને શુભમાં રોકાવું. ત્યારપછી તેને પણ છોડીને સુધ્યાનમાં મગ્ન થવું. કેમકે ધ્યાનથી જ મુક્તિ થાય છે.

હે રવિકીર્તિ ! આ રીતે ષટ્દ્રવ્ય, પંચાસ્તિકાય, સાત તત્ત્વ, નવ પદાર્થોનું નિરૂપણ કર્યું. હવે આત્મસિદ્ધિ કેવી રીતે થાય છે તેનું કથન કરવામાં આવશે. આ રીતે ભગવાન આદિપ્રભુએ પોતાના મૃદુ-મધુર-ગંભીર દિવ્યનાદ દ્વારા તત્ત્વોનું નિરૂપણ કર્યું, અને હવે આત્મસિદ્ધિનું નિરૂપણ શરૂ થયું. ઉપસ્થિત ભવ્યગણ બહુ આતુરતાપૂર્વક તે સાંભળી રહ્યા છે.

ભરતનંદનને ખરેખર ધન્ય છે કે જેઓ તીર્થંકર કેવલીના પાદમૂલમાં પહોંચીને એવા પુણ્યમય, લોકકલ્યાણકારી ઉપદેશ સાંભળવાનું ભાગ્ય પામ્યા છે. તત્ત્વશ્રવણમાં તન્મયતા, વચ્ચે તર્કણાપૂર્ણ, સરલ શંકાઓ આદિ કરવાની કુશલતા અને બધાથી અધિક આત્મકલ્યાણ કરી લેવાની સંલગ્નતા જોઈને તેમના સાતિશય મહત્ત્વ પર આશ્ચર્ય થાય છે. એવા સુપુત્રો પામનાર ભરતજી પણ અસદૃશ પુણ્યશાલી છે. પૂર્વજન્મમાં ઉચ્ચ ભાવનાઓ દ્વારા પુણ્યોપાર્જન કર્યું છે. તેથી તેઓ આવા લોકવિજયી પુત્રરત્ન પામ્યા છે. ભરતજી સદા આ પ્રકારની ભાવના કરે છે કે :-

''હે પરમાત્મા ! આપ વિમલલોચન છો, વિમલાકાર છો, વિમલાંગ છો, વિમલ પુરુષ છો, વિમલાત્મા છો, તેથી લોક વિમલ છે. માટે નિર્મલ મારા અંતઃકરણમાં સદા વર્ત્યા રહો.''

''હે સિદ્ધાત્મા ! આપ ત્રિભુવનસાર છો, દિવ્યસાર છો, અને અભિનવ તત્ત્વસાર છો, વિભવૈકસાર છો, વિદ્યાસાર છો, તેથી હે નિરંજન સિદ્ધ ! મને સન્મતિ આપો.''

## ૭. મોક્ષમાર્ગ સંધિ

**ભ**ગવાન આદિપ્રભુએ તે કુમારને પહેલાં વિશ્વના સમસ્ત તત્ત્વોને સમજાવીને પછી આત્મસિદ્ધિનું પરિજ્ઞાન કરાવ્યું કેમકે આત્મજ્ઞાન જ લોકમાં સાર છે.

હે ભવ્ય ! પરમાત્મસિદ્ધિની કલા સાંભળો. અમે અત્યાર સુધી જે તત્ત્વનું વિવેચન કર્યું છે તે તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન કરતાં થકા જે તેમને જાણે છે અને યથાર્થ સંયમને ધારણ કરે છે તેમને આત્મસિદ્ધિ થાય છે.

શ્રદ્ધાન, જ્ઞાન ને ચારિત્રને રત્નત્રયના નામથી પણ કહે છે. આ રત્નત્રયને ધારણ કરવાથી અવશ્ય આત્મકલ્યાણ થાય છે. તે રત્નત્રયમાં ભેદ ને અભેદ આ રીતે બે ભેદ છે. કારણકાર્યમાં વિભિન્નતા હોવાથી આ બે ભેદ પડયા છે તેમને વ્યવહારરત્નત્રય ને નિશ્ચયરત્નત્રયના નામથી પણ કહે છે. નવપદાર્થ, સાતતત્ત્વ, પંચાસ્તિકાય, ષડ્દ્રવ્ય, એમને ભિન્ન, ભિન્ન રૂપે જાણીને સારી રીતે શ્રદ્ધાન કરવું અને વ્રતોનું વિકલ્પરૂપે આચરણ કરવું તેને ભેદરત્નત્રય અથવા વ્યવહારરત્નત્રય કહે છે. પરપદાર્થોની ચિંતાને છોડીને પોતાના આત્માનું જ શ્રદ્ધાન અને તેના સ્વરૂપનું જ્ઞાન ને મન મારીને (-ચિત્તને રોકીને) તેમાં મગ્ન થવું તે અભેદરત્નત્રય છે. એને નિશ્ચયરત્નત્રય પણ કહે છે આત્માથી ભિન્ન પદાર્થોના અવલંબનથી જે રત્નત્રય થાય છે તેને ભેદરત્નત્રય કહે છે, અભેદરૂપે પોતાના જ શ્રદ્ધાન, જ્ઞાન ને ધ્યાનનું અવલંબન તે અભિન્ન રત્નત્રય અર્થાત્ અભેદરત્નત્રય છે.

પહેલાં વ્યવહારરત્નત્રયના આલંબનની આવશ્યકતા છે. વ્યવહારરત્નત્રયનું ધારણ કરીને વ્યવહારમાર્ગના આચરણમાં નિષ્ણાત હોવા છતાં નિશ્ચયાર્થ સાધવો જોઈએ કે જેથી નિશ્ચયસિદ્ધિ થાય છે, હે રવિકીર્તિ ! સ્વલક્ષે વ્યવહારમાર્ગદ્વારા નિશ્ચયમાર્ગની સિદ્ધિ કરી લેવી જોઈએ, અને તે વિશુદ્ધ નિશ્ચય માર્ગથી આત્મસિદ્ધિ સાધી લેવી જોઈએ. એ આત્મકલ્યાણનો રાજમાર્ગ છે. આ ચિત્ત હવાની જેમ અત્યંત ચંચલ છે, દુનિયામાં સર્વત્ર તે વિહાર કરે છે. એવા ચિત્તનો નિરોધ કરીને તત્ત્વવિચારમાં લગાડવું. પછી તે તત્ત્વોથી હટાડીને પોતાના આત્મામાં લગાડવું. મનને યથેચ્છસંચાર કરવા દેવામાં આવે તો તે ગમે ત્યાં ચાલ્યું જાય છે. જો રોકે તો રોકાઈ પણ જાય છે. તેથી આવા ચંચલ મનને તત્ત્વવિચારમાં લગાડવું અને પોતામાં સ્થિર કરવું તે વિવેકીઓનું કર્તવ્ય છે.

રવિકીર્તિ ! લોકમાં ઘોર તપશ્ચર્યા કરવાથી શું પ્રયોજન ! અનેક શાસ્ત્રોના પઠનથી શી મતલબ ? આ ચપલ ચિત્તને જ્યાંસુધી સ્થિર નથી કરતો ત્યાંસુધી તે તપશ્ચર્યા ને શાસ્ત્રપઠનનું કોઈ પ્રયોજન નથી. જે વ્યક્તિ તે ચંચલ ચિત્તને રોકીને પોતાના આત્મવિચારમાં લગાવે છે તે વાસ્તવમાં તપસ્વી છે અને શાસ્ત્રના જ્ઞાતા છે.

મનના વિકલ્પ ઈન્દ્રિયોના વિષય કષાયોને ઉત્પન્ન કરે છે અને પોતે અલગ રહે છે તેથી યોગના નિમિત્તે આત્મપ્રકાશનું પરિસ્પંદ થાય છે અને આસ્રવબંધ થાય છે. તેથી મન જ કર્મોનું ઘર છે. આ મનને આત્મામાં ન લગાવીને પરપદાર્થોમાં લગાડે તો તેથી કર્મબંધ થાય છે. તે જેવી રીતે એક, એક પદાર્થનો વિચાર કરે છે તેવી રીતે નવા નવા કર્મનો બંધ થાય છે. તેને રોકીને આત્મામાં લગાડવાથી કર્મની એકદમ નિર્જરા થાય છે.

આ દુષ્ટ મનના સ્વેચ્છાવિહારથી કર્મબંધ થાય છે. આ આત્મા આઠ કર્મોની જાલમાં ફસાય છે. તેનાથી સંસારની વૃદ્ધિ થાય છે. તેથી તે દુષ્ટ મનને જ જીતવું જોઈએ. ચતુરંગના ખેલમાં રાજાને જ બાંધવાથી જેવી રીતે ખેલ ખતમ થઈ જાય છે તેવી રીતે આ ચંચલ મનને બાંધવાથી આસ્રવ થતો નથી, બંધ થતો નથી, પણ આપોઆપ સંવર ને નિર્જરા થાય છે.

પ્રાણવાદ પૂર્વ નામના મહા શાસ્ત્રને ભણીને કોઈ દશ વાયુઓને વશ કરી લે છે. અને તેમાંથી હરણની સમાન ચંચલ વેગથી યુક્ત ચિત્તને રોકીને આત્મામાં લગાડે છે અને કોઈ આ પ્રાણાયામના અભ્યાસ વિના જ આ ચંચલ મનને સ્થિર કરીને આત્મામાં લગાડે છે અને આત્માનુભવ કરે છે. આ રીતે મનનો અનુભવ બે પ્રકારે છે. પ્રાણીઓના ચિત્તના બે વિકલ્પ છે, એક મૃદુચિત્ત અને બીજું કઠિન ચિત્ત. મૃદુચિત્તને માટે પ્રાણાયામયોગની આવશ્યકતા નથી અને કઠિન ચિત્તને વાયુયોગથી મૃદુ બનાવી આત્મામાં લગાડવું યોગ્ય છે. હે રવિકીર્તિ ! આ બ્રહ્મયોગ છે અને બ્રહ્મયોગનું મૂળ છે. નાભિથી લઈ તે વાયુને જિહ્વાની ઉપર સ્થિત બ્રહ્મરંધ્ર ચડાવે તો તે પરબ્રહ્મનું દર્શન થાય છે.

તે પ્રાણાયામમાં કલા, નાદ, બિંદુ ઈત્યાદિ અનેક વિધાન છે. તેમને ઉક્ત વિષયક શાસ્ત્રોથી જાણી લેવો. અહીં અમે એટલું જ કહીએ છીએ કે અનેક ઉપાયોથી મનને રોકીને આત્મામાં લગાડવાથી આત્મસિદ્ધિ થાય છે.

ધ્યાન વિના કર્મની નિર્જરા નથી થતી. સહજ પ્રશ્ન થાય છે કે તે ધ્યાન શું છે ? ચિત્તના અનેક વિકલ્પોને છોડીને એ મનનું આત્મામાં સંધાન થવું તેને ધ્યાન કહે છે. બોલ, ચાલ, દૃષ્ટિ, શરીરની ચેષ્ટા આદિને રોકતા થકા લેપની પૂતલીની સમાન નિશ્ચલ બેસીને આ ચંચલ મનને આત્મવિચારમાં લગાડવું તેને સર્વજન ધ્યાન કહે છે. અનેક પ્રકારથી તત્ત્વચિંતવન કરવું તે સ્વાધ્યાય છે. એક જ વિચારમાં તે મનને લગાડવું તે ધ્યાન છે. તે ધ્યાનમાં પણ ધર્મ ને શુકલના ભેદથી બે વિકલ્પ છે. આંખ મીંચીને મનની એકાગ્રતાથી ધ્યાન કરવામાં આવે છે. જ્યાં આત્માની કાંતિ દેખાય છે અને અદૃશ્ય થાય છે અને અલ્પ સુખનો જે અનુભવ કરાવે છે તેને ધર્મધ્યાન કહે છે. ક્યારેક એકદમ આખા દેહમાં પ્રકાશ દેખે છે અને ત્યાર પછી હૃદય ને મુખમાં દેખે છે. આ રીતે કાંઈક અધિક પ્રકાશ પાડતા તે પરબ્રહ્મને પ્રાપ્ત કરવાના બીજરૂપ તે ધર્મયોગ છે.

જેમ જેમ ધ્યાનનો અભ્યાસ વધે છે તેમ તેમ તે પ્રકાશ દિન પ્રતિદિન વધતો જ રહે છે અને કર્મરજ આત્મપ્રદેશથી ખરી જાય છે મનમાં સુજ્ઞાનની માત્રા વધે છે અને સુખના અનુભવમાં પણ વૃદ્ધિ થાય છે. તે સુખને આ લોકની આગળ બોલીને બતાવી નથી શકાતું. કેવલ તેને જાતે અનુભવીને ખુબ તૃપ્ત થઈ જાય છે. આ જગતની બોલચાલની બધી ચેષ્ટાઓ તેને જડ લાગે છે. તેને સર્વ લોક પાગલ જેવું લાગે છે. તે લોકોની દૃષ્ટિમાં પાગલ જેવો જણાય છે. તે આત્મયોગી ક્યારેક મૌન રહે છે, ફરી ક્યારેક બોલીને મૂંગા જેવો થઈ જાય છે, તેમની વૃત્તિ વિચિત્ર છે.

એકાંતની અપેક્ષા કરનારી વૃત્તિઓની તે અપેક્ષા કરતો નથી, પરંતુ તે એકાંગી રહે છે. એકવાર લોકના અગ્રભાગમાં પહોંચે છે. અર્થાત્ સિદ્ધલોક ને સિદ્ધાત્માઓનો વિચાર કરે છે. વળી પોતાના આત્મલોકમાં વિચરે છે. પોતાના આત્માને પોતાથી પોતે જોઈને પોતાના સુખનો અનુભવ

કરે છે અને તેથી ઉત્પન્ન હર્ષથી ફુલાય છે, હસે છે, બીજાને કહેતો નથી. તે ધર્મયોગના સાધન કરનાર લક્ષણ છે.

તે ધર્મયોગ જો સાધ્ય થયું તો ભવ્યોના હિતને માટે કાંઈક ઉપદેશ આપે છે. જો ભવ્યોએ ઉપદેશ આનંદથી સાંભળ્યો તો તેને કાંઈ આનંદ નથી થતો અને ન સાંભળ્યો તો કાંઈ તેને દુઃખ પણ થતું નથી. જાતે જે કાંઈ પણ અનુભવ કરે છે તે મિષ્ટ સુખને ક્યારેક કૃતિના રૂપે લોકની આગળ મૂકે છે અને પ્રત્યક્ષ જે કાંઈપણ જોયું તેને ક્યારેક ઉપદેશમાં બોલી બતાવે છે. આ રીતે કોઈ કોઈ આત્મકલ્યાણની સાથે લોકોપકાર પણ કરે છે પરંતુ કોઈ ઝઘડામાં નથી પડતા. તે ધર્મયોગના બળથી પોતાના કર્મનું સંવર ને તેની નિર્જરા કરતા થકા આગળ વધે છે. હે ભવ્ય ! આ ધર્મધ્યાન છે.

દશવિધ ધર્મના ભેદોથી અને ચાર પ્રકારના (આજ્ઞા વિચય, અપાય વિચય, વિપાક વિચય, સંસ્થાન વિચય) ધ્યાનના ભેદોથી આ ધ્યાનનું વર્ણન કરવામાં આવે છે. તે બધો વ્યવહાર ધર્મ છે. આ ચિત્તને આત્મામાં લગાડવો તે નિશ્ચય-ઉત્તમ-ધર્મયોગ છે.

આ ચર્મદૃષ્ટિને બંધ કરીને આત્મસૂર્યને દેખવાથી તે સૂર્ય મેઘમંડળની અંદર ઉજ્જવલરૂપે જેવી રીતે દેખાય છે. તેવી રીતે દેખાય છે. અને સાથે સુજ્ઞાન ને સુખનો વિશેષ અનુભવ કરાવે છે તે શુક્લયોગ છે. જ્ઞાન, પ્રકાશ, સુખ કાંઈક અલ્પ પ્રમાણમાં દેખાતાં અદૃશ્ય થતા થકા જે આત્માનુભવ થાય છે તે ધર્મયોગ છે. અને તે સુજ્ઞાન, પ્રકાશ ને સુખને વિશાલરૂપે દેખતા થકા સ્થિરતા જેમાં પ્રાપ્ત થાય છે તે શુકલયોગ છે. આ શરીરમાં કોઈ કોઈ વિશેષ સ્થાનને પામીને પ્રકાશનું પરિજ્ઞાન થવું તે ધર્મયોગ છે. ચાંદનીની પૂતલી સમાન આ આત્મા સર્વાંગ જ્યારે દેખાય છે ત્યારે તે શુકલયોગ છે. હવામાં સ્થિત દીપકની સમાન ડોલતા ચંચલરૂપે જેમાં આત્માનું દર્શન થાય છે તે ધર્મયોગ છે. અને હવાથી રહિત નિશ્ચલ દીપકની સમાન નિષ્કંપરૂપે આત્માનું દર્શન થયું તે શુકલયોગ છે. એકવાર પુરુષાકારરૂપે દેખાય છે, વળી તે અદૃશ્ય થઈ જાય એ રીતે જે પ્રકાશ દેખાય છે તે ધર્મયોગ છે. પરંતુ તે પુરુષાકાર અદૃશ્ય ન થતાં શરીરમાં સર્વાંગે પ્રકાશરૂપે સ્થિર રહે તેને શુકલયોગ કહે છે.

ચંદ્રની કલા જેવી રીતે ક્રમસર ધીરે ધીરે વધે છે તેવી રીતે ધર્મધ્યાનમાં ધીરે ધીરે આત્માનુભવ વધે છે. પ્રાતઃકાલનો સૂર્ય તેજપૂંજ થઈને મધ્યાન્હે જેવી રીતે પોતાના પ્રતાપને લોકમાં વ્યક્ત કરે છે તેવી રીતે શુકલધ્યાન આ આત્માને પ્રભાવિત કરે છે. વરસાદનું પાણી જેવી રીતે આ જમીનને ખોદી નાખે છે તેવી રીતે આ ધર્મયોગ કર્મને ખેરવે છે. નદીનું જલ જેવી રીતે આ જમીનને ખોદે છે તેવી રીતે આ શુકલયોગ કર્મસમૂહની નિર્જરા કરે છે. બુઠ્ઠો અર્થાત્ તીક્ષ્ણધારથી યુક્ત નથી એવો ફરસો જેવીરીતે લાકડીને કાપે છે તેવી રીતે કર્મોને ધર્મયોગ કાપે છે. તીક્ષ્ણધારથી યુક્ત ફરસાની સમાન શુકલયોગ કર્મને કાપે છે. વિશેષ શું ? એક અલ્પકાંતિ છે, બીજી મહાકાંતિ છે, એટલું જ અંતર છે. વિચાર કરવાથી તે બન્ને એક જ છે કેમકે તે બન્નેને આત્મા સિવાય બીજો કોઈ આધાર નથી.

સિંહના બચ્ચાને બાલસિંહ કહે છે. મોટો થતાં તેને જ સિંહના નામથી કહે છે. પરંતુ બાલસિંહ જ સિંહ બન્યો છે ને ? આ રીતે ધ્યાનના બાલ્યકાલમાં આ ધ્યાન ધર્મધ્યાન કહેવાય છે અને પૂર્ણતાને પ્રાપ્ત થવાથી તેને જ શુકલધ્યાન કહે છે. આ ભવગજના સમૂહને નાશ કરવા માટે સમર્થ છે.

વ્યંજનાર્થથી લઈને જ્યારે આ ધ્યાનના ચાર ભેદથી ભેદ પડે છે તે વ્યવહાર છે. તે વિકલ્પોને હટાવીને આત્મામાં જ મગ્ન થઈ જવું તે નિરંજન. નિશ્ચય શુકલધ્યાન છે.

ધર્મધ્યાન બહુશાસ્ત્રી (વિશેષ વિદ્વાન), અલ્પશાસ્ત્રી મુનિ, શ્રાવક બધાને થાય છે. પરંતુ શુકલધ્યાન તો વિશિષ્ટ જ્ઞાની અને અલ્પજ્ઞાની

યોગીને જ થાય છે. ગૃહસ્થોને થઈ શકતું નથી. આજથી માંડીને કલિકાલના અંતસુધી પણ ધર્મયોગ તો રહેશે જ, પરંતુ શુકલધ્યાન આજથી કેટલાક કાલસુધી રહેશે. પરંતુ કલિકાલમાં આ (ભરતભૂમિમાં) શુકલધ્યાનની પ્રાપ્તિ નહિ થઈ શકે.

ધર્મધ્યાનથી વિકલ નિર્જરા થાય છે અને શુકલધ્યાનથી સકલનિર્જરા થાય છે. વિકલનિર્જરાથી દેવલોકની સંપત્તિ મળે છે અને સકલનિર્જરાથી મોક્ષ સામ્રાજયનો વૈભવ મળે છે. એક જ જન્મમાં ધર્મયોગ પામીને ફરી શુકલયોગમાં પહોંચીને કોઈ ભવ્ય મુક્ત થાય છે અને કોઈ ધર્મયોગથી આગળ ન વધીને સ્વર્ગમાં પહોંચે છે ને સુખથી જીવન વ્યતીત કરે છે.

ધર્મયોગને માટે તે કાલ, આ કાલ વગેરેની આવશ્યકતા નથી. તેનો ગમે ત્યારે અનુભવ થઈ શકે છે. જે નિર્મલ ચિત્તથી તે ધર્મયોગનો અનુભવ કરે છે તે લૌકાંતિક, સૌધર્મેંદ્ર આદિ પદવીને પામીને બીજે ભવે નિશ્ચયથી મુક્તિ પામે છે. વ્યવહારધર્મનો જે અનુભવ કરે છે તેમને સ્વર્ગસંપત્તિ તો નિયમથી મળશે એમાં કોઈ શંકા નથી, ભવનાશ અર્થાત્ મોક્ષપ્રાપ્તિનો કોઈ નિયમ નથી. આત્માનુભવ જ તેમને માટે નિયમ છે. આત્માનુભવ થયા પછી નિયમથી મોક્ષની પ્રાપ્તિ થશે. આજે નિશ્ચયધર્મયોગની પ્રાપ્તિ ન થઈ તો શું થયું ? પોતાના ચિત્તમાં તેની શ્રદ્ધાપૂર્વક દુઃચરિતનો ત્યાગ કરતા થકા શુભાચરણ કરે તો કાલ નિશ્ચયધર્મયોગને અવશ્ય પ્રાપ્ત કરશે.

સંસારમાં અવિવેકી મૂઢાત્માઓને આ નિશ્ચયધર્મયોગ પ્રાપ્ત નથી થતો. જો કે સ્વતઃ તે નિશ્ચયધર્મયોગથી શૂન્ય રહે છે અને નિશ્ચય ધર્મને ધારણ કરનારા સજ્જનો તરફ તે વૃશ્ચિક સમાન રહે છે અને તેમની નિંદા કરે છે, એવા દુશ્ચિત્તને તે ધર્મયોગ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ?

ભવ્યોમાં બે ભેદ છે. એક સાર ભવ્ય, બીજો દૂરભવ્ય, સારભવ્ય (આસન્ન ભવ્ય) તે આત્માને ધ્યાનમાં દેખે છે, પરંતુ દૂરભવ્યોને તે આત્માનું દર્શન થતું નથી. તોપણ તે સારભવ્યોની વૃત્તિ પ્રત્યે અનુરાગને વ્યક્ત કરે છે. તેથી તે કાલ આત્મસિદ્ધિને પ્રાપ્ત કરે છે. સારભવ્ય આત્માના દર્શન કરે છે ત્યારે દૂરભવ્ય પ્રસન્ન થાય છે. તે વખતે અભવ્ય તેમની નિંદા કરે છે. તેમનો દ્વેષ કરે છે. ફલતઃ તે નરકગતિમાં જાય છે. ક્યારેક વ્યવહારનો વિષય તેમની સામે આવે તો મહા ઉત્સાહ દેખાડે છે પરંતુ સુવિશુદ્ધ નિશ્ચયનયનો વિષય તેમની સામે આવે તો ચુપચાપ નીકળી જાય છે. તેનો તિરસ્કાર કરે છે. સ્વાભાવિક જ તે અભવ્યોને આત્મયોગ પ્રાપ્ત નથી થતો. જે સ્વાત્માનુભવ કરે છે તેમને જોવાથી તેમનાં હૃદયમાં ક્રોધોદ્રેક થાય છે. તે ભવ્યોની નિંદા કરે છે, જો તેમની નિંદા ન કરે તો તેમને ધ્રુવ ને અવિનાશી સંસાર કેમ પ્રાપ્ત થાય !

તે અભવ્ય દ્વાદશાંગ શાસ્ત્રોમાં એકાદશાંગ સુધી ભણે છે. પરિગ્રહને છોડીને નિર્ગ્રંથ તપસ્વી

પણ થાય છે. પરંતુ બાહ્યચરણમાં જ રહે છે. શરીરને નગ્ન કરવું તે દેહનિર્વાણ છે. શરીરની અંદર સ્થિત આત્માને શરીરરૂપી થૈલીથી અલગ કરીને જોવું તે આત્મનિર્વાણ છે. કેવલ બાહ્ય નગ્નતાથી શું પ્રયોજન ? દેહનગ્નતાની સાથે આત્મનગ્નતાની પરમ આવશ્યકતા છે, મૂર્તિનિર્વાણ અર્થાત્ દેહ નિર્વાણની સાથે હંસનિર્વાણ અર્થાત્ આત્મનિર્વાણને ગ્રહણ કરે તો મુક્તિની પ્રાપ્તિ થાય છે. તે ધૂર્ત અભવ્ય મૂર્તિનિર્વાણનો સ્વીકાર કરે છે. હંસનિર્વાણને માનતા નથી. અંદરના કષાયોનો ત્યાગ કરીને બહારથી બધું કાંઈ છોડે તો તેથી શું પ્રયોજન સધાય ? સર્પપોતાની કાંચલીનો પરિત્યાગ કરે તો શું તે વિષરહિત થઈ જાય છે ? આત્મસિદ્ધિને માટે અંદર તલમાત્ર પણ રાગદ્વેષના મોહનો અંશ ન હોવો જોઈએ. અને સ્વયં આત્મા આત્મામાં લીન થઈ જવો જોઈએ.

આ પ્રકારનો ઉપદેશ અભવ્ય નથી માનતો. ધ્યાનની અનેક પ્રકારથી નિંદા કરે છે. તેની મઝાક ઉડાવે છે. જે ધ્યાન કરે છે તેમની હંસી કરે છે, ''આ ધ્યાન કેમ કરે છે, કેવી રીતે કરે છે, આત્મા, આત્મા ક્યાં છે ?'' એ રીતે વિવાદ કરે છે. ધ્યાનસિદ્ધિ પોતાને નથી, આ મત્સર્યથી ''આને આત્મધ્યાન નથી થઈ શકતું, તેને આત્મધ્યાન નથી. આ કાલ ઉચિત નથી, એવો કાલ જોઈએ તેને માટે અમુક સામગ્રી જોઈએ, અમુક જોઈએ, આપનું ધ્યાન, અમારું ધ્યાન અલગ છે'' ઈત્યાદિ અનેક પ્રકારે તે અભવ્ય બહાના બતાવે છે. તે અભવ્ય શરીરને કષ્ટ દે છે, ભણાવે છે, ભણે છે. અનેક કષ્ટ સહન કરે છે. આ બધી વાતોના ફળમાં સંસારમાં કોઈક સુખનો અનુભવ કરે છે, પરંતુ મુક્તિસુખને તેઓ ક્યારે ય પણ નથી પ્રાપ્ત કરી શક્તા.

વચ્ચે જ રવિકીર્તિરાજે પ્રશ્ન કર્યો કે ભગવાન ! એક પ્રાર્થના છે. આત્માને આત્માનું દર્શન ન થયું તો મુક્તિ થતી નથી એવું આપે કહ્યું. એ સમજવામાં ન આવ્યું. સદાકાલ આપની ભક્તિમાં જ પોતાનો વખત વ્યતીત કરે છે તેમને આત્મસિદ્ધિ થવામાં આપત્તિ શું છે ?

ભવ્ય ! સાંભળો ! ભગવાને ફરીથી નિરૂપણ કર્યું અમારી તરફ જે ભક્તિ છે તે મુક્તિનું કારણ જરૂર છે. પરંતુ તે ભક્તિને માટે યુક્તિની આવશ્યકતા છે. અમારી વાત સાંભળીને તે પ્રમાણે ચાલવું તે અમારી ભક્તિ છે. પોતાની ઈચ્છાનુસાર ભક્તિ કરવી તે મૂર્ખ ભક્તિ છે.

''સ્વામી ! તે સ્વેચ્છાચારપૂર્ણ ભક્તિ કેવી છે ? પોતાના આત્માના વિચારથી યુક્ત ભક્તિ સ્વેચ્છાપૂર્ણ કહી શકાય, પરતું મુક્તિમાં જિનેંદ્ર જ શરણ છે. આ રીતે આપની ભક્તિ કરે તો સ્વેચ્છા પૂર્ણ ભક્તિ કેવી રીતે હોઈ શકે.'' આ રીતે ફરી રવિકીર્તિએ વિનયથી પૂછયું.

''હે રવિકીર્તિ ! તમારો આત્મયોગ જ અમારી ભક્તિ છે એમ તમે જાણવા છતાં પણ પ્રશ્ન કરી રહ્યા છો, બધો વિષય સ્પષ્ટ રૂપે કહું છું. સાંભળો. યુક્તિને જાણીને જે જે ભક્તિ કરે છે તે મુક્તિને નિયમથી પ્રાપ્ત કરે છે. યુક્તિ રહિત ભક્તિ ભવની વૃદ્ધિ કરે છે. તેથી ભક્તિના રહસ્યને જાણીને ભક્તિ કરવી જોઈએ'' આ રીતે આદિપ્રભુએ નિરૂપણ કર્યું.

ફરી રવિકીર્તિરાજે હાથ જોડીને વિનયથી પ્રાર્થના કરી કે પ્રભો ! અમે મંદમતિ અજ્ઞાની શું જાણીએ કે તે યુક્તિસહિત ભક્તિ શું છે ? અને યુક્તિરહિત ભક્તિ શું છે ? હે સર્વજ્ઞ ! તેના સ્વરૂપનું નિરૂપણ કરો.

ત્યારે ''હે ભવ્ય ! સાંભળો'' એમ ભગવાને પોતાના ગંભીર દિવ્યનાદથી નિરુપણ કર્યું.

હે ભવ્ય ! તે ભક્તિ ભેદ ને અભેદના ભેદથી બે ભેદોમાં વિભક્ત છે. તેમના રહસ્યને જાણીને ભક્તિ કરે તો મુક્તિ થાય છે. અહીં સમવસરણમાં અમે રહીએ છીએ, સિદ્ધપરમેષ્ઠી લોકાગ્રભાગમાં રહે છે ઇત્યાદિ પ્રકારે પોતાના આત્માથી અમને ને સિદ્ધપરમેષ્ઠીઓને અલગ રાખીને વિચાર કરવો, પૂજા કરવી તે ભેદભક્તિ છે. અમને અને સિદ્ધપરમેષ્ઠીઓને આમ તેમ ન રાખતા પોતાના આત્મામાં જ રાખીને (-સ્થાપીને) ભાવપૂજા કરવી તે પરબ્રહ્મની અભેદભક્તિ છે. અમને અલગ રાખીને જોવા તે ભેદભક્તિ છે. ભક્તિપૂર્વક પોતાના આત્મામાં જ અભિન્નરૂપે અમને જોવા તે કર્મોનો ધ્વંસ કરવામાં સમર્થ અભેદ ભક્તિ છે. લેપ, કાંસુ, પિત્તળ આદિ દ્વારા અમારી મૂર્તિ બનાવીને ઉપાસના કરવી તે ભેદભક્તિ છે. આત્મામાં બિરાજમાન કરીને અમને જોવા તે અમારી પસંદગીની અભેદ ભક્તિ છે.

સિદ્ધ ને અરિહંતની સમાન જ મારો આત્મા પણ પરિશુદ્ધ છે એ રીતે પોતાના આત્માને જોવો તે સિદ્ધ ભક્તિ છે. તે અમારી ભક્તિ છે. ત્યારે સિદ્ધ અને અમે ત્યાં નિવાસ કરીએ છીએ. ભેદભક્તિ અનેક સજ્જન કરે છે. પરંતુ અભેદભક્તિ  નથી કરતા. ભેદભક્તિનો પહેલા અભ્યાસ કરીને પછી અભેદભક્તિનું અવલંબન કરવું જોઈએ. ભેદભક્તિને તો બધા અભવ્ય પણ કરે છે પરંતુ અભેદભક્તિ તો  તેમને માટે અસાધ્ય છે મોક્ષસામ્રાજ્યને મેળવી આપનારી તે ભક્તિ અભાગીઓને કેમ પ્રાપ્ત થાય ?

પોતે ભક્તિ ન કરી શકે તો શું થયું ? જે ભક્તિ કરે છે તેમના પ્રતિ મનથી પ્રસન્ન થાય અને અનુમોદના આપે તો કાલ તે ભક્તિ પ્રાપ્ત થઈ શકે છે પરંતુ તેમને ભક્તિ સિદ્ધ થતી નથી. અને બીજાની ભક્તિ જોઈને પ્રસન્ન પણ નથી થતા. તેથી તે મુક્તિથી દૂર રહે છે.

ભિન્નતાથી યુક્ત ભક્તિ જ ભેદભક્તિ છે, તે આત્માને તે ભક્તિથી ભિન્ન કરે છે અને ભેદરહિત ભક્તિ છે તે અભેદભક્તિ છે. તે આત્માથી અભિન્ન જ છે. તેનું એક દૃષ્ટાંત કહીશું. સાંભળો. ગુરુના ઘરમાં જઈને તેમની પૂજા કરવી તે ગુરુભક્તિ છે. પરંતુ ગુરુને પોતાના ઘરમાં બોલાવીને પૂજા કરવી તે વિશિષ્ટ ગુરુભક્તિ છે.

ભક્તિમાં શ્રેષ્ઠ અભેદભક્તિ છે. સર્વસંપત્તિઓમાં શ્રેષ્ઠ મુક્તિસંપત્તિ છે. મુક્તિને યોગ્ય ભક્તિ કરવી તે આવશ્યક છે. એ યુક્તિ સહિત ભક્તિ છે. એમ સારી રીતે જાણો. ભિન્ન ભક્તિ અર્થાત્ ભેદભક્તિનું ફલ સ્વર્ગસંપદાની પ્રાપ્તિ થવી તે છે. પરંતુ અભેદભક્તિનું ફલ તો મુક્તિસામ્રાજયને પ્રાપ્ત કરવી તે છે. કદાચ ભિન્ન ભક્તિથી સ્વર્ગમાં પણ પહોંચે તો વળી સ્વર્ગસુખનો અનુભવ કરીને તે બીજા જન્મે મુક્તિ જશે. આ મારી આજ્ઞા છે. એની શ્રદ્ધા કરો.

ભેદરત્નત્રય, વ્યવહાર રત્નત્રય, શુભયોગ, ભેદભક્તિ, આ બધાનો અર્થ એક જ છે. અભેદ રત્નત્રય, નિશ્ચય, શુદ્ધોપયોગ અભેદભક્તિ આ બધાનો એક જ અર્થ છે.

ધ્યાનના અભ્યાસકાલમાં ચિત્તનું ચાંચલ્ય દૂર કરવા માટે શુભયોગનું આચરણ કરવું આવશ્યક

છે. ત્યારપછી ચિત્તક્ષોભ દૂર થવા પછી આત્મામાં સ્થિર થવું તેને શુદ્ધોપયોગ કહે છે. ચૈતન્યરહિત શિલાદિમાં મારો ઉદ્યોત કરે તો સામાન્ય ભક્તિ છે. ચૈતન્ય સહિત આત્મામાં રાખીને મારી જો પ્રતિષ્ઠા કરવામાં આવે તો તે વિશેષ ભક્તિ છે.

રવિકીર્તિકુમારે વચ્ચે જ એક પ્રશ્ન કર્યો. ભગવાન ! પાષાણ અચેતનસ્વરૂપ છે એ સત્ય છે. તોપણ તેમાં મલાદિક દૂષણ નથી. પરંતુ જે અનેક મલદૂષણોથી યુક્ત છે એવા દેહમાં આપને સ્થાપવા તેમાં ભૂષણ શું ?

ઉત્તરમાં ભગવાને ફરમાવ્યું કે ભવ્ય ! આ દેહ અપવિત્ર જરૂર છે. પરંતુ તે દેહમાં અમારી કલ્પના કરવાની જરૂર નથી. દેહમાં જે શુદ્ધ આત્મા છે તેમાં અમારા રૂપની કલ્પના કરો. સમજ્યા !

ફરી રવિકીર્તિએ કહ્યું કે સ્વામી ! એ સમજી ગયા. અંદર તે આત્મા પરિશુદ્ધ છે તે સત્ય છે. તથાપિ માંસાસ્થિચર્મરક્ત ને મલથી પૂર્ણ અપવિત્ર દેહના સંસર્ગદોષ વિના આપની સ્થાપના તેમાં અમે કેવી રીતે કરી શકીએ ? કૃપા કરીને કહો.

પ્રભુએ કહ્યું કે ભવ્ય ! આટલું જલદી ભૂલી ગયા ? એને પહેલા જ કહ્યું હતું કે ગાયના સ્તનભાગમાં સ્થિર દૂધ સમાન શરીરમાં સ્થિત આત્મા પરિશુદ્ધ છે. શરીરની અંદર રહેવા છતાં પણ તે આત્મા શરીરને સ્પર્શ્યા વગર રહે છે. તેથી તે પવિત્ર છે. તે સ્થાનમાં અમારી સ્થાપના કરો. ગાયના ગર્ભમાં સ્થિત ગોરેચન લોકમાં પવિત્ર છે ને ? જીવ શરીરમાં રહ્યો તો શું થયું ! તે નિર્મલસ્વરૂપી છે, તેને પ્રતિનિત્ય જોવાનો પ્રયત્ન કરો. મૃગની નાભિમાં રહેવામાત્રથી શું ? કસ્તુરી તો લોકમાં મહાસેવ્ય પદાર્થ માન્યો છે. આ રીતે આ ચર્માસ્થિમય શરીરમાં રહેવાથી પણ આત્મા સ્વયં પવિત્ર છે.

છીપમાં રહેવા છતાં પણ મોતી જેવી રીતે પવિત્ર છે. તેવી રીતે રક્તમાંસના શરીરમાં રહેવા છતાં પણ વિરક્ત જીવાત્મા પવિત્ર છે. આની શ્રદ્ધા કરો. તેથી જેવી રીતે દૂધ, મોતી, કસ્તુરી આદિ પવિત્ર છે તેવી રીતે આ મન જ જેમનું શરીર છે તે આત્મા જ પવિત્ર છે. આ વિષયમાં વિચાર કરવાની શી જરૂર છે ? અજ્ઞાનીની દૃષ્ટિમાં આ આત્મા અપવિત્ર છે, સત્ય છે. પરંતુ આત્મજ્ઞાની સુજ્ઞાનીની દૃષ્ટિમાં તે પવિત્ર છે. અજ્ઞાન ભાવનાથી અજ્ઞાન થાય છે, સુજ્ઞાનથી સુજ્ઞાન થાય છે.

જ્યાં સુધી આ આત્માને બદ્ધરૂપે દેખે છે ત્યાંસુધી તે આત્મા ભવબદ્ધ જ છે. જ્યારથી એને શુદ્ધરૂપે દેખવા લાગે છે. ત્યારથી તે મોક્ષમાર્ગનો પથિક છે. 'શરીર જ હું છું એમ સમજનારા અથવા શરીરને જ આત્મા સમજનારા બહિરાત્મા છે. આત્મા અને શરીરને ભિન્ન સમજનારા અંતરાત્મા છે. શરીર રહિત આત્મા પરમાત્મા છે. આત્માના દર્શન જે વખતે થાય છે તે વખતે બધા પરમાત્મા છે. બહિરાત્મા બદ્ધ છે, પરમાત્મા શુદ્ધ છે, અંતરાત્મા પોતાના હિતમાં લાગેલા છે. તે બાહ્યચિંતામાં જ્યારે રહે છે ત્યારે બદ્ધ છે. પોતાના આત્મચિંતવનમાં જ્યારે મગ્ન થાય છે ત્યારે શુદ્ધ છે.

પોતાના આત્માને અલ્પ સમજનારા સ્વયં અલ્પ છે. પોતાના આત્માને શ્રેષ્ઠ સમજીને આદર કરનારા અલ્પ નથી, તે મારી સમાન લોકપૂજિત છે. આ મારી આજ્ઞા સમજીને શ્રદ્ધાન કરો.

દર્શન, જ્ઞાન, ચારિત્ર, અને તપના ભેદથી ચાર વિકલ્પ આચારના વ્યવહારથી હોવા છતાં પણ નિશ્ચયથી પરમાત્મયોગમાં જ બધા અંતર્ભૂત થાય છે. તે નિશ્ચયમાર્ગ છે, મૂલગુણ, ઉત્તરગુણ આદિના વિકલ્પ બધા વ્યવહાર છે. મૂલગુણ તો અનંતજ્ઞાનાદિક આઠ છે અને મારા સ્વરૂપમાં છે. આ રીતે સમજીને આત્મામાં આરામ કરવો તે નિશ્ચય છે. હે ભવ્ય ! જે વ્યક્તિ સર્વવિકલ્પોને છોડીને ધ્યાનમાં મગ્ન થતા થકા મને દેખે છે તે દેવવંદના છે, અનેક વ્રતભાવના છે.

વાયુવેગથી જાણનારા આ ચિત્તને આત્મમાર્ગમાં સ્થિર કરવું તે ઘોર તપશ્ચર્યા છે, ઉગ્ર તપશ્ચર્યા છે, શ્રેષ્ઠ તપશ્ચર્યા છે. એનો વિશ્વાસ કરો. અધ્યાત્મને જાણીને ચિત્તસાધ્ય કરતા થકા પોતાના આત્મામાં ઠરવું તે સ્વાધ્યાય છે, તે પંચાચાર છે, તે મહાધ્યાન છે, જપ છે, તપ છે, પારાની સમાન આમતેમ જતાં ચિત્તને લાવીને આત્મામાં સંધાન કરવું તે દ્વાદશાંગ શાસ્ત્રાધ્યયન છે. તે ચતુર્દશપૂર્વાભ્યાસ છે. સામ્યભાવનાથી ચિત્તને રોકીને આત્મગમ્ય કરવું તે સમ્યક્ત્વ છે, સમ્યગ્જ્ઞાન છે, સમ્યગ્ચારિત્ર છે અને સમ્યગ્તપ છે. ભિન્ન ભિન્ન સ્થાનમાં ભાગતા ચિત્તને આત્મામાં અભિન્નરૂપે લગાડવું તે મારી મુદ્રા છે, તે તીર્થવંદના છે, અને તે મારી ઉપાસના છે એની શ્રદ્ધા કરો. દુર્જય ચિત્તને જીતીને સર્વવિકલ્પોથી વર્જિત કરતા થકા જે પોતાને દેખે છે તે નિર્જરા છે, સંવર છે, તે પરમાત્માની ઊર્જિત (પ્રબલ, ઉન્નત, ઉત્કૃષ્ટ) મુક્તિ છે દાક્ષિણ્ય (વ્યવહાર વર્તન) છોડીને ચિત્તને દબાવતા થકા આત્મસાક્ષીથી અંદર જોવું તે મોક્ષપદ્ધતિ છે, તે મોક્ષસંપત્તિ છે. વિશેષ શું ? તે મોક્ષ છે એનો વિશ્વાસ કરો વિશ્વાસ કરો.

હે રવિકીર્તિ ! આ આત્મ ચિંતવન પરમરહસ્યપૂર્ણ છે અને મને પ્રાપ્ત કરવા માટે સન્નિકટ માર્ગ છે. જે આ દુષ્ટ મનને જીતે છે તે શિષ્યોને આનો અનુભવ થઈ શકે છે.

'પ્રભુ ! એક શંકા છે,' વચ્ચે જ રવિકીર્તિ કુમારે કહ્યું.

જ્યારે આ પરમાત્માનું આટલું અલૌકિક સામર્થ્ય છે, તો તે આ સંકુચિત શરીરમાં ફસાઈને કેમ રહે છે ? જન્મ અને મરણોના સંકટોનો કેમ અનુભવ કરે છે ? શ્રેષ્ઠ મુક્તિમાં કેમ નથી રહેતા ?

ભગવાને ઉત્તર આપ્યો કે ભવ્ય ! આ અતુલ સામર્થ્યથી યુક્ત છે એ સત્ય છે તોપણ પોતાના સામર્થ્યને ન જાણવાથી વિકારી થયો. મિથ્યાત્વ ને રાગદ્વેષને છોડીને પોતે પોતાને જુએ તો તે તીવ્ર સુખનો અનુભવ કરે છે. વૃક્ષને બાળવાનું સામર્થ્ય અગ્નિમાં છે પરંતુ તે આગ વૃક્ષમાં જ છૂપી રહે છે. જ્યારે બે વૃક્ષોનું પરસ્પર ઘર્ષણ થાય છે ત્યારે તે અગ્નિ તે વૃક્ષને બાળી નાખે છે. સારું, આ રીતે કર્મને બાળવાનું સામર્થ્ય આત્માને છે પરંતુ તે કર્મની અંદર જ છૂપાયો છે. કર્મને જાણીને પોતે પોતાને જુએ તો તે કર્મને તે બાળી નાખે છે.

આત્મામાં અનંત શક્તિ છે પરંતુ તે શક્તિરૂપે જ વિદ્યમાન છે તેને વ્યક્તિરૂપે લાવવાની આવશ્યકતા છે. શક્તિને વ્યક્તિરૂપે લાવવા માટે વિરક્તિથી યુક્ત ધ્યાન જ સમર્થ છે. અંકુર તો બીજની અંદર મોજૂદ છે, ભૂમિનો સ્પર્શ ન થવાથી તે વૃક્ષ કેવી રીતે બને ? પંકયુક્ત ભૂમિ (કીચડથી યુક્ત જમીન)ના સંસર્ગથી તે બીજ ઊગીને વૃક્ષ બને છે. જ્ઞાન સામર્થ્ય આ શરીરમાં સ્થિત આત્મામાં વિદ્યમાન છે. તો પણ ધ્યાન વિના તે પ્રગટ નથી થતું. તેને આનંદ રસના સુધ્યાનમાં રાખવાથી ત્રણ લોકમાં જ તે વ્યાપ્ત થઈ જાય છે.

ટંકણખારને સુવર્ણશોધક સંચામાં નાખીને અગ્નિથી તે અશુદ્ધ સુવર્ણને તપાવે તો કીટકાલિમાદિ દોષથી રહિત શુદ્ધસુવર્ણ બની જાય છે, તેવી રીતે આત્મશોધન કરવું જોઈએ. શરીર સુવર્ણશોધક સંચો છે. રત્નત્રય અહીં ટંકણખાર છે અને સુધ્યાન જ અગ્નિ છે. આ બધાના મળવાથી કર્મનો વિધ્વંસ થાય છે અને આ આત્મા શુદ્ધ સુવર્ણની સમાન ઉજ્જવલ થાય છે. હલકા સોનાને જ્યાં શુદ્ધ કરવામાં આવે છે ત્યાં તે ટંકણખાર, સંચો, અગ્નિ, કીટ, કાલિમાં આદિ બધું અલગ અલગ જ છે, અને તે સિદ્ધ (શુદ્ધ) કરવાવાળા અલગ જ છે. પરંતુ તે આત્મશોધન કાર્ય તેનાથી વિચિત્ર છે, આ તે સુવર્ણપુરની સમાન નથી.

''સિદ્ધોઽહમ્ ! સોઽહમ્'' ઇત્યાદિરૂપે જે આ આત્મા શોધનમાં તત્પર છે તેમને સમજવા માટે નિરૂપણ કરે છે. બરાબર સાંભળો અને સમજો.

આત્મપુટકાર્યમાં તે યંત્ર, કીટ, કાલિમા, આ આત્માથી ભિન્ન છે. બાકી સુવર્ણ ઔષધિ અને શોધક સિદ્ધ એ બધું આત્મા પોતે છે. આ વિષય પર વિશેષ વિચાર કરવાની આવશ્યકતા નથી. ભવ્ય ! આ વસ્તુસ્વભાવ છે. સમસ્ત તત્ત્વોમાં આ આત્મતત્ત્વ પ્રધાન તત્ત્વ છે તેમના દર્શન થવાથી અન્ય વિકલ્પ હૃદયમાં ઉત્પન્ન નથી થતાં. નિક્ષેપ, નય, પ્રમાણ એ બધું આત્મ પરીક્ષણના કાલમાં રહે છે, સર્વપક્ષને છોડીને આત્મ નિરીક્ષણ પર જ્યારે તે મગ્ન થઈ જાય છે ત્યારે તેમની આવશ્યકતા નથી.

મદગજ જો ખોવાઈ જાય તો તેના પાદના ચિહ્નોને જોતાં જોતાં તેને શોધે છે પરંતુ સામે જ તે મદગજ જુએ તો પછી તે ચિહ્નોની આવશ્યકતા નથી રહેતી. અનેક શાસ્ત્રોનું અધ્યયન, મનન આદિ આત્માન્વેષણને માટે માર્ગ છે. ધ્યાનના બળે આત્માને દેખ્યા પછી અનેક વિકલ્પ ને ભ્રાંતિની શી જરૂર છે ? આત્મસંપર્કમાં જે રહે છે તેમને તર્ક પુરાણાદિક આગમ રુચતા નથી. અર્કની સમીપ જે રહે છે તે દીપકને કેમ પસંદ કરે ? શું રાજ શર્કરાથી પણ બલ (ખોળ)ની કિંમત અધિક હોઈ શકે ?

હે ભવ્ય ! આ મારી પસંદની ચીજ છે. સિદ્ધ પણ એને પસંદ કરે છે. હું છું તે એ છે, એ છે તે હું છું. તેથી તમે આનો વિશ્વાસ કરો. પસંદ કરો. નિરીક્ષણ કરો. આ મારી આજ્ઞા છે. પહેલા જેટલા પણ સિદ્ધ, મુક્ત થયા છે તે બધા આ આચરણથી મુક્ત થયા છે, અને એમને ને આગળ થવાવાળા સિદ્ધને પણ આ મુક્તિનો રાજમાર્ગ છે. આ પદ્ધતિ છે, આ આજ્ઞાનું તમે દૃઢતા પૂર્વક પાલન કરો.

હે ભવ્ય ! આત્મસિદ્ધિને અને એક કલાને જ્ઞાનની આવશ્યકતા છે. તેને પણ જાણી લેવું જોઈએ. આ લોકમાં કાર્મણ વર્ગણાઓ (કર્મરૂપ બનવા યોગ્ય પુદ્ગલ પરમાણુ) સર્વત્ર ભરેલ છે. તે પુદ્ગલ પરમાણુરૂપી સમુદ્રની વચ્ચે માછલીઓની સમાન આ અસંખ્યાત જીવ ડૂબકી મારી રહ્યા છે. રાગ-દ્વેષ મોહ આદિઓ દ્વારા તે પરમાણુઓનો આત્માની સાથે સંબંધ થાય છે, પરસ્પર સંબંધ થઈને તે જ કાર્માણરજ આઠ કર્મોનાં રૂપને ધારણ કરે છે. તે કર્મોનાં બંધનને તોડવું તે સરલ વાત નથી.

તે બંધનને ઢીલું કરવા માટે આ આત્મા પોતે જ સમર્થ છે. એકની ગાંઠ બીજા ખોલીને છોડાવા ચાહે તો તે અસંભવ છે. પોતે પોતાના આત્મા પર મગ્ન થઈને જો આ ગાંઠને ખોલવા ચાહે તો

આત્મા ખોલી શકે છે. હું તમારી ગાંઠને ખોલું છું એમ જો કહેવામાં આવે તો તે મોહ છે. તેનાથી તો બંધન ઢીલું ન થઈને ફરી મજબૂત થાય છે. તેથી કોઈના બંધનને ખોલવા કોઈ જાય તો તે મોહના કારણે ઊલટો બંધનથી બદ્ધ થાય છે. એક ગાંઠને ખોલવા જતાં તે ત્રણ ગાંઠથી બંધાય છે. તેથી વિવેકીઓને ઉચિત છે કે તે અનેક વિષયોને જાણી આત્મયોગમાં સ્થિર થઈ જાય. ત્યારે તેને સુખ મળી શકે છે. અણુમાત્ર પણ ભાવ કર્મોને અપનાવવા તે ઉચિત નથી. ધ્યાનમાં મગ્ન થવું તે જ આત્માનો ધર્મ છે. તમે પણ ધ્યાની બનો.

હે રવિકીર્તિ ! તમને, તમારા સહોદરોને અને તમારા પિતાને હવે સંસાર દૂર નથી, આ ભવમાં મુક્તિની પ્રાપ્તિ થશે. આ રીતે આદિ પ્રભુએ પોતાની અમૃતવાણીથી ફરમાવ્યું.

આ વાત સાંભળતાં જ રવિકીર્તિના મુખમાં હાસ્યની રેખા ઉત્પન્ન થઈ, તેનો આનંદ ન સમાયો. સ્વામી ! મારા હૃદયની શંકા દૂર થઈ, ભક્તિનો ભેદ હવે ઠીક સમજવામાં આવ્યો. આપના ચરણોના દર્શનથી મારું જીવન સફળ થયું, આ રીતે કહેતા થકા બહુ ભક્તિથી ભગવાનના ચરણોમાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા ને પુનઃ હર્ષાતિરેકથી કહેવા લાગ્યા કે ‘ભગવાન ! હું જીતી ગયો, હું જીતી ગયો.’

ચિદ્રૂપને જિન સમજીને ઉપાસના કરવી તે ઉત્તમ ભક્તિ છે. તે ચિદ્રૂપને ન જોતાં આ ક્ષુદ્રશરીરને જ જિન સમજવા તે કોની ભક્તિ છે ? કદાચિત્ શિલામય મૂર્તિને કોઈ અપેક્ષાથી જિન કહી શકાય છે. શુદ્ધાત્મકલાને તો જિન કહેવા જ જોઈએ, મલપૂર્ણ શરીરને વસ્ત્રાભૂણોથી અલંકૃત કરીને તેને જિન કહેવા ને પૂજવા તે તો મૂર્ખ ભક્તિ છે. હંસમુદ્રાને પસંદ કરવાથી આ દેહમુદ્રા આત્મસિદ્ધિમાં સહકારી થાય છે. હંસમુદ્રાને છોડીને દેહમુદ્રાને જ ગ્રહણ કરે તો તે શું કામનું ?

પ્રભુ ! યુક્તિરહિત ભક્તિની અમને આવશ્યકતા નથી. અમને યુક્તિયુક્ત ભક્તિની આવશ્યક્તા છે. તે યુક્તિયુક્ત ભક્તિ અર્થાત્ મુક્તિમાર્ગ આપની દ્વારા વ્યક્ત થયો. તેથી આપની ભક્તિ તો અલૌકિક ફલને પ્રદાન કરનારી છે. અમને ધન્ય છે. સ્વામી ! આપે પિતાજીને (ચક્રવર્તીને) એક વાર આ રીતે તત્ત્વોપદેશ આપ્યો હતો. તે વખતે તેમની સાથે હું પણ આવ્યો હતો. તે ઉપદેશ હજુ સુધી મારા હૃદયમાં અંકિત છે. આજ તે દ્વિગુણિત થયો. આજ અમે બધા બુદ્ધિવિક્રમ બની ગયા. પ્રભુ ! કર્મકર્દમમાં જે ફસાયેલા છે તેમને ઉપર ઊંચકીને ધર્મજલથી ધોવામાં અને તેમને નિર્મલ કરવામાં સમર્થ આપની સિવાય દયાનિધિ બીજા કોણ છે ?

વિષય (પંચેંદ્રિય)ના મદરૂપી વિષનો વેગ જેમને ચડે છે તેમને તુષમષ માત્ર બોધમંત્રથી જાગૃત કરીને વિષને દૂર કરનારા આપ પરમનિર્વિષરૂપ છો. આઠકર્મરૂપી આઠ સર્પોના ગળામાં ફસાયેલા જીવોને બચાવીને તેમને મુક્તિ પંથમાં પહોંચાડનારા લોકબંધુ આપના સિવાય બીજા કોણ હોઈ શકે ? ભવરૂપી સમુદ્રમાં યમરૂપી મગરના મુખમાં જે અમે ફસાયેલા હતા તેમને ઊંચકીને મોક્ષ પથમાં લગાવવામાં દક્ષ આપ જ છો, બીજું કોઈ નથી.

સ્વામી ! અમે બચી ગયા. આપના પાદકમલોના દર્શનથી આત્મસિદ્ધિનો માર્ગ પણ સરળ થયો છે. એનાથી અધિક લાભની અમને આવશ્યકતા નથી. હવે અમારા માર્ગને અમે જ વિચારી લઈએ છીએ.

ત્યારપછી રવિકીર્તિએ પોતાના ભાઈઓને કહ્યું કે શત્રુંજય ! મહાજય ! અરિંજય ! આપ બધાએ ભગવાનના દિવ્ય વાક્યને સાંભળ્યા ? રતિ વીર્ય આદિ બધા ભાઈઓએ સાંભળ્યા ? ત્યારે તે ભાઈઓએ વિનયથી કહ્યું કે ભાઈ ! સાંભળવામાં સમર્થ આપ છો, આત્મસિદ્ધને કહેવામાં સમર્થ મહાપ્રભુ છે. અમને સાંભળતાં શું આવડે ? આપ જે કહો તે સાંભળવાનું અમે જાણીએ છીએ. તેનાથી અધિક અમે કાંઈ પણ નથી જાણતા. ભાઈ ! કેવું સારું નિરૂપણ થયું ? ભગવાનનો આ દિવ્યતત્ત્વોપદેશ કેવો છે ? તે તો કર્મરૂપી ભૂમિની અંદર છૂપાયેલી પરમાત્મનિધિને દેખાડનાર દિવ્યાંજન છે. આ પરમાત્માનું દિવ્ય વાક્ય કેવું છે ? દેહકૂપ પાપાંધકારમાં મગ્ન પરમાત્માના સ્વરૂપને દેખાડનાર રત્નદીપ છે. કલિલહર ભગવાનનો તત્ત્વોપદેશ કેવો છે ? ભવરૂપી સંતાપથી સંતપ્ત પ્રાણીઓને ગુલાબજલની નદી સમાન છે.

અમારા શરીરમાં જ અમને પરમાત્માનું દર્શન થયું. અગાધભવસમુદ્ર અમને અંજલિના પાણી જેટલું લાગે છે. ભગવાન ! અમે હવે આ ફંદામાં પડયા નહિ રહીએ. મોટા ભાઈ જેવીરીતે ચાલે છે તેવી રીતે ઘરભરની ચાલ હોય છે. તેથી ભાઈ ! આપ જે કહેશો તે અમારો નિશ્ચય છે. અમારો ઉદ્ધાર કરો.

રવિકીર્તિરાજે કહ્યું કે ઠીક છે. હવે આપણે બધા કૈલાસનાથપ્રભુના હાથથી દીક્ષા લઈએ. એ આગળનો માર્ગ છે. ત્યારે બધાએ એક સ્વરથી હા પાડી.

ભગવાનની પૂજા કર્યા પછી દીક્ષા લઈશું એવા વિચારથી તેઓ બધા પહેલા ભગવાનની પૂજામાં લવલીન થયા.

આ રીતે વ્યવહાર ને નિશ્ચયમાર્ગ જાણીને તે ભરતકુમાર આગળની તૈયારી કરવા લાગ્યા.

તે કુમારને ધન્ય છે જેમના હૃદયમાં આવા બાલ્યકાલમાં પણ વિરક્તિનો ઉદય થયો. આવા પુત્રોને પામનારા ભરતજીને પણ ધન્ય છે કે જેમને સદા આ પ્રકારની ભાવના રહે છે કે :–

''હે પરમાત્મા, આપ સકલવિકલ્પવર્જિત છો. વિશ્વતત્ત્વ દીપક છો, દિવ્ય સુજ્ઞાન સ્વરૂપી છો, અકલંક છો, ત્રિભુવનને માટે દર્પણ સમાન છો, તેથી મારા હૃદયમાં સદાય નિવાસ કરો.

હે સિદ્ધાત્મા ! આપ મોક્ષમાર્ગ છો, મોક્ષ કારણ છો. સાક્ષાત્ મોક્ષરૂપ છો, મોક્ષસુખ છો, મોક્ષ સંપત્સ્વરૂપ છો. હે નિરંજન સિદ્ધ ! મને સન્મતિ આપો.''

આ ભાવનાનું ફળ છે કે તેમને આવા લોકવિજયી પુત્ર પ્રાપ્ત થાય છે.

# ૮ દીક્ષા સંધિ

**ભ**ગવાન ! ભરતચક્રવર્તીના પુત્રોના ભવ્ય વિનયનું શું વર્ણન કરું ? ભગવાનના મુખથી પ્રત્યક્ષ ઉપદેશ સાંભળીને પણ દીક્ષાની યાચના ન કરી પરંતુ ભગવાનની પૂજાને માટે તેઓ તૈયાર થયા.

જો કે તે વિવેકી આ વાતને સારી રીતે જાણતા હતા કે ભગવાન આદિપ્રભુ પૂજાના ભૂખ્યા નથી. તોપણ મંગલાર્થે તેઓએ પૂજા કરી. સારા કાર્યના પ્રારંભમાં પહેલાં મંગલાચરણ કરવું તે આવશ્યક છે. આ વ્યવહારને એકદમ ન છોડવો એવા વિચારથી તેઓએ પૂજા કરી.

થોડાક વખતમાં જ સ્નાન કરીને પૂજાને યોગ્ય શૃંગારથી યુક્ત થયા. પૂજા સામગ્રી લઈને દેવેંદ્રની અનુમતિથી પૂજા કરવા લાગ્યા. તેમાં કોઈ સ્વયં પૂજા કરી રહ્યા હતા, તો કોઈ પૂજામાં પરિચારક વૃત્તિનું કાર્ય કરી રહ્યા હતા. અર્થાત્ સામગ્રી વગેરે તૈયાર કરી રહ્યા હતા. કોઈ તેમાં અનુમોદના આપીને આનંદ પામી રહ્યા હતા. તેમની ભક્તિનું શું વર્ણન કરીએ ?

ૐકારપૂર્વક મંત્રોચ્ચારણ કરતા થકા હીંકાર અર્હંકારની સાથે હૂંકારની સૂચનાથી જલપાત્રના જલને ઝેંકારના શબ્દથી અર્પવા લાગ્યા. બન્ને હાથોથી સુવર્ણકલશને ઊંચકીને મંત્રસાક્ષીથી ભગવાનના ચરણોમાં જલધારા આપી રહ્યા હતા. તે વખતે ત્યાં ઉપસ્થિત દેવગણ જયજયકાર શબ્દ કરી રહ્યા હતા. સુરભેરી, શંખ, વાદ્ય આદિ લઈને સાડાબાર કરોડ પ્રકારના વાજાં તે વખતે વાગવા લાગ્યાં. વિવિધ પ્રકારથી તેમનો જ્યારે શબ્દ નીકળતો હતો ત્યારે એવું લાગતું હતું કે સમુદ્રના જ ઘોષ હોય. ગંધગજારિ અર્થાત્ સિંહની ઉપર જે કમલાસન હતું તેમના સુગંધથી સંયુક્ત ભગવાનના ચરણોમાં ભરતકુમારોએ દિવ્ય ગંધનું સમર્પણ કર્યું કે જે વખતે ગંધર્વ જાતિના દેવ જયજયકાર શબ્દ કરી રહ્યા હતા. અક્ષયમહિમાથી યુક્ત વિમલાક્ષ, વિજિતાક્ષ શ્રી ભગવાનના ચરણોમાં જ્યારે તેઓએ ભક્તિથી અક્ષતનું સમર્પણ કર્યું ત્યારે સિદ્ધયક્ષ જાતિના દેવ જયજયકાર શબ્દ કરી રહ્યા હતા.

પુષ્પબાણ કામદેવની સમાન સુંદર રૂપને ધારણ કરનારા તે કુમાર કોટિ સૂર્યચંદ્રોનાં પ્રકાશને ધારણ કરનારા ભગવાનને પુષ્પનું જ્યારે સમર્પણ કરતા હતા ત્યારે તેમના શરીરનાં રુંવાડા ઊભા થતાં હતાં અર્થાત્ અત્યંત આનંદ પામતા હતા, પરસંગથી રહિત થઈને આનંદથી લીન થવાવાળા ભગવાનને તેઓ અનુરાગથી પરમાન્ન નૈવેદ્યને નવીન સુવર્ણપાત્રથી સમર્પી રહ્યા હતા. સૂર્યને દીપક દેખાડવાની સમાન ત્રણ લોકના સૂર્યની કર્પૂરદીપથી આરતી તે કુમાર ઉતારતા હતા તે વખતે આર્યજન જયજયકાર કરતા હતા. ભગવાનને તે ધૂપનું અર્પણ કરતા હતા. તે ધૂપનો ધૂમાડો કૃષ્ણવર્ણ રહિત કાંતિથી યુક્ત થઈને આકાશ પ્રદેશમાં જે વખતે જતો હતો તે વખતે સુગંધથી યુક્ત ઈંદ્રધનુષ સમાન લાગતો હતો.

સ્વામી ! વિફલ થવાવાળો આ જન્મ આપના દર્શનથી સફળ થયો. તેથી કર્મનાટક અફલ થાય. ને મુક્તિ સફળ થાય. આ રીતે કહેતા થકા ઉત્તમ ફલને અર્પવા લાગ્યા. ઉત્તમ રત્નદીપ, સુવર્ણ ને રત્નનિર્મિત્ત ઉત્તમ ફલોથી યુક્ત મેરુપર્વતની સમાન ઉન્નત અર્ધ્યથી ભગવાનની પૂજા કરી. સંતાપને પામનારા સમસ્ત પ્રાણીઓનાં દુઃખની શાંતિ થાય એવા વિચારથી ભગવાનનાં ચરણોમાં શાંતિ ધારા કરી. તે શાંતિ ધારા ન હતી પણ મુક્તિકાંતાની સાથે પાણિગ્રહણ થતી વખતની થનારી જલધારા

હતી. અને ચાંદી, સોના આદિથી નિર્મિત ઉત્તમ પુષ્પોથી ભગવાનની પુષ્પાંજલિ કરી. સાથે જ મોતી, માણેક, નીલ, ગોમેધિક હીરા, વૈડૂર્ય, પુષ્પરાગ આદિ ઉત્તમોત્તમ રત્નોને ભગવાનના ચરણોમાં સમર્પ્યા.

હવે વાદ્યઘોષ (વાજાનો અવાજ) બંધ થઈ ગયો. વિદ્યાનંદ કુમાર પ્રભુની આગળ ઊભા રહીને સ્તુતિ કરવા ઉધુક્ત થયા.

'भगवन् ! अद्यावयं सुखिनो भूम जयजय जातिजशंतक मृत्यु संचय दूर दुःख संहार ! जयजय निश्चिंत शांत निर्लेप । આપનાં ચરણો અમારું શરણ છે, पापांधकार विद्रावण मदनदर्पाहरण भवमथन ! कोपाग्नि शीतल जलधर ! અમારા સંતાપ દૂર કરો. कर्ममहारण्यदावाग्नि ! शविधधर्मोद्धार सुसार ! धर्मोधर्म स्वरुपं दर्शय ! અમે નિર્મળ થઈએ.

હે મહાદેવ ! આ જગત અત્યંત વિશાલ છે. તે જગતથી પણ વિશાલ આકાશ છે. તેનાથી પણ ચડિયાતું વિશાલ આપનું જ્ઞાન છે. આપની સ્તુતિ અમે શું કરી શકીએ ! કલ્પવૃક્ષને પ્રાપ્ત દિવ્યાન્નના સુખથી પણ ચડિયાતું નિરુપમ નિજસુખનો અનુભવ કરનારા આપને અમે સામાન્ય વૃક્ષના ફલ ને ભક્ષ્યોને અર્પીને પ્રસન્ન થઈએ છીએ એ અમારા બાળકોની ચંચળ ભક્તિ છે. સ્વામી ! ધ્યાનમાં આત્માની અંદર આપને લાવીને ભાવશુદ્ધિપૂર્વક જ્ઞાનપૂજા જ્યાંસુધી અમે નથી કરી શક્તા ત્યાંસુધી આપની આ ફળોથી પૂજા કરીશું. ફરી ફરી સાષ્ટાંગ નમસ્કાર કરતા થકા હાથ જોડીને સ્તુતિ કરે છે. ભક્તિથી હર્ષિત થતા થકા ભગવાનની પ્રદક્ષિણા દે છે. હેમગિરિને પ્રદક્ષિણા દેતા થકા જનારી સોમસૂર્યની સેના સમાન તે હેમવર્ણનાં કુમાર ભગવાનને પ્રદક્ષિણા દેતા હતા તેમની ભક્તિનું વર્ણન શું કરવું !

ભગવાનની શરીરકાંતિ ત્યાં સર્વત્ર વ્યાપ્ત થઈ ગઈ છે, તે વચ્ચે કુમાર જઈ રહ્યાં હતા. લાગતું હતું કે તે કાંતિના તીર્થમાં જ જઈ રહ્યા હતા. અત્યંત ઠંડા પ્રકાશના માર્ગમાં ચાલવા સમાન તથા ઠંડા પ્રકાશને ધારણ કરનારા દીપકના પ્રકાશમાં ચાલવા સમાન તે કુમાર ત્યાં પ્રદક્ષિણા દઈ રહ્યા હતા.

રત્ન સુવર્ણ દ્વારા નિર્મિત ગંધકુટિમાં રત્નગર્ભ તે કુમાર જિનરત્નોની વચ્ચે રત્નદીપ સમાન જઈ રહ્યાં હતા તે શોભાનું શું વર્ણન કરીએ ? જિનેંદ્ર ભગવાનનાં સિંહાસનની ચારે તરફ બિરાજમાન હજારો કેવલીઓને વંદના કરતા થકા તે વિનયરત્ન કુમાર રવિકીર્તિરાજને આગળ રાખીને જઈ રહ્યા હતા. તેમની ભક્તિનું શું વર્ણન કરીએ ? તે કેવલીઓમાં અનેક કેવલી રવિકીર્તિરાજનાં પૂર્વપરિચયમાં આવેલ હતા. તેથી પોતાના ભાઈઓને પણ પરિચય દેવાના ઉદ્દેશ્યથી રવિકીર્તિ કુમારે તેમને આ ક્રમે નમોસ્તુ કર્યા.

તે મહાયોગીઓની વચ્ચે સૌથી પહેલાં એકી યોગીરાજને રવિકીર્તિરાજે જોયા કે જે પોતાની કાંતિથી સૂર્યચંદ્રને પણ તિરસ્કારી રહ્યા હતા. તેમને જોઈને કુમારે કહ્યું કે 'હું -સ્વામી અકંપકેવલીને નમસ્કાર કરું છું. બધા ભાઈ તે વખતે સમજી ગયા કે આ વારાણસી (કાશી) રાજ્યના અધિપતિ રાજા અકંપ છે. તેઓએ રાજ્ય વૈભવનો ત્યાગ કરીને તપશ્ચર્યા કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. સાથોસાથ બધાએ અકંપ કેવલીની વંદના કરી. યુવરાજ અર્કકીર્તિને પોતાની કન્યા આપી અને રાજ્ય

પોતાના પુત્રને આપ્યું અને પોતે તપોરાજ્યનાં આશ્રયમાં આવીને કેવલી થયા. ધન્ય છે. આથી ચડિયાતા દૃષ્ટાંતની અમને શી જરૂર છે ? આ રીતે વિચાર કરતા થકા તે કુમાર આગળ વધતા હતા. એવામાં ત્યાં તે જિનસમૂહમાં બે યોગીરાજ જોવામાં આવ્યા, એવું લાગતું હતું કે સ્વયં ચંદ્ર ને સૂર્ય જ જિનરૂપ ધારીને ત્યાં ઉપસ્થિત હોય.

રવિકીર્તિકુમારે કહ્યું કે સોમપ્રભજિન જયવંત રહો. શ્રેયાંસ સ્વામીને નમોસ્તુ. આ વચનથી તે બધા કુમાર તે કેવલીઓથી પરિચિત થયા. હસ્તીનાપુરના રાજા સોમપ્રભ તે શ્રેયાંસ સહોદર છે. તેઓએ પોતાની સર્વ રાજ્ય સંપત્તિને મેઘેશ્વરને (જયકુમારને) સોંપીને દીક્ષા લીધી હતી અને આજે આ વૈભવને પામ્યા. જિન, જિન, ધન્ય છે. જિનદીક્ષા કોઈ સામાન્ય ચીજ નથી. તે તો લોકપાવન છે. આ રીતે કહેતા થકા બન્ને કેવલીઓને ભક્તિથી પ્રણામ કર્યા અને આગળ વધ્યા. આગળ વધતા અત્યંત કાંતિયુક્ત બે કેવલીઓના દર્શન થયા. રવિકીર્તિકુમારે કહ્યું કે કચ્છ ને મહાકચ્છ જેમને હું ભક્તિથી વંદન કરું છું તે તો બન્ને ચક્રવર્તી ભરતના ખાસ મામા છે. અને પોતાના રાજ્યનો મોહ ત્યાગ કરીને તે કેવલી થયા, તેને ધન્ય છે. આ રીતે વિચાર કરતા થકા તે કુમાર આગળ વધ્યા. ત્યાં તેઓએ એક કેવલીનાં દર્શન કર્યા કે જે ત્યાં ઉપસ્થિત સર્વ કેવલીઓથી શરીરમાં હૃષ્ટપૃષ્ટ દીર્ઘકાય હતા, સુંદર હતા. વિશેષ શું ! તે સમયના કામદેવ જ હતા. રત્નપર્વત જ આવીને જિતરૂપે ઊભા હોય એ રીતે લોકોને આશ્ચર્ય ઉપજાવી રહ્યા હતા. રવિકીર્તિરાજે ભક્તિથી કહ્યું કે ભગવાન બાહુબલિ સ્વામીના ચરણોમાં નમસ્કાર હો, સર્વકુમારોએ આશ્ચર્ય ને ભક્તિપૂર્વક તેમને વંદના કરી.

આગળ વધતા બીજા પણ અનેક કેવલી મળ્યા જેમાં આ કુમારોનાં કોઈ કાકા પણ હતા,–જે ભરતેશના સહોદર છે. પરંતુ અમે ચક્રવર્તીને નમસ્કાર નહિ કરીએ એવા વિચારથી પોતપોતાના રાજ્યને છોડીને દીક્ષા લીધી. આવા સો રાજા છે. તેમાંથી કેટલાકને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. તે કેવલીઓને તેઓએ ભક્તિથી વંદના કરી અને મનમાં વિચાર કરતા થકા આગળ વધ્યા કે જ્યારે અમારા આ પિતૃસમુદાયે દીક્ષા લઈને કર્મનાશ કર્યો તો શું અમારું કર્તવ્ય નથી કે અમે પણ તેમની સમાન જ થઈએ.

અંદરના લક્ષ્મીમંડપમાં આનંદપૂર્વક ત્રણ પ્રદક્ષિણા દઈને બહારના લક્ષ્મી મંડપમાં આવ્યા. ત્યાં બાર સભાઓની વ્યવસ્થા છે. ત્યાં સૌથી પહેલી સભા આચાર્યસભા કહેવાય છે. તે કુમાર બહુ આનંદપૂર્વક તે સભામાં દાખલ થયા. તે ઋષિ કોષ્ઠકમાં હજારો મુનિજન છે. તોપણ તેમાં ચોરાશી મુખ્ય છે, તે ગણનાયક કહેવાય છે તેમાં પણ મુખ્ય વૃષભસેન નામના ગણધર હતા. તેમને કુમારોએ બહુ ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. સાર્વભૌમ ચક્રવર્તી ભરતના તો તે નાનાભાઈ છે પરંતુ બાકીના સો અનુજોના તો મોટાભાઈ છે. અને સર્વજ્ઞ ભગવાન આદિપ્રભુના તેઓ પ્રધાનમંત્રી છે. એવા અપૂર્વયોગી વૃષભસેન ગણધરને તેઓએ ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. ત્યાં ઉપસ્થિત ગણધરોને ક્રમથી નમસ્કાર કરતા થકા તે કુમાર આગળ વધ્યા. એવામાં તેઓએ ત્યાં અનેક તત્ત્વચર્ચામાં ચિત્તવિશુદ્ધિ કરનારા એકવીશમાં ગણધરને જોયા. તેમની સામે તે કુમાર ઊભા થઈને કહેવા લાગ્યા કે હે મેઘેશ્વર યોગી ! આપ વિચિત્ર મહાપુરુષ છો આપ જયવંત રહો. આ રીતે વિજય, જયંતયોગી જે મેઘેશ્વર (જયકુમાર) ના સહોદર છે તેને પણ ભક્તિથી વંદના કરી. અને કહેવા લાગ્યા કે દીક્ષાકાર્યનો

દિગ્વિજય અમને થઈ ગયો. હવે અમને નિશ્ચય થઈ ગયો છે. તે વખતે તે કુમાર ફુલાઈ રહ્યા ને તેનો આનંદ માતો નહોતો.

મુનિસમુદાયને વંદના કરીને તે કુમાર અનિમિષરાજ દેવેંદ્રની પાસે આવ્યા અને બહુ વિનયપૂર્વક તેઓએ પોતાનો અનુભવ દેવેંદ્રને વ્યક્ત કર્યો. દેવરાજ ! અમારું નિવેદન સાંભળો. તે કુમારોએ પ્રાર્થના કરી ''આપ આપના સ્વામીને નિવેદન કરીને અમને દીક્ષા અપાવો, તેથી તમને સાતિશય પુણ્ય મળશે. તે પુણ્ય તેમને મુક્તિ અપાવશે, અમોએ ભગવાનનાં ક્યારેય દર્શન નથી કર્યા, તેમની પાસેથી દીક્ષા લેવાને માટે વિનંતી કરવાનો ક્રમ પણ અમે જાણતા નથી. તેથી હે ઊર્ધ્વલોકના અધિપતિ મૌન રહીને અમને જોતા થકા કેમ ઊભા છો ? ચાલો, પ્રભુને કહો.'' ત્યારે દેવેન્દ્રે ઉત્તર આપ્યો કે કુમાર ! આપ લોકોનો અનુભવ ને વિચાર પરમાત્માનાં જ્ઞાનને પૂરેપૂરા દર્શાવી રહ્યા છે તેથી મને આપ કેમ પૂછી રહ્યા છો ! તમે જે કાંઈ કરશો તેમાં મારી સંમતિ છે. જાઓ.

ત્યારપછી તે કુમાર ત્યાંથી આગળ વધ્યા અને ગણધરોના અધિપતિ વૃષભસેનાચાર્યને ફરી વંદના કરીને કહેવા લાગ્યા કે મુનિનાથ ! કૃપા કરીને જિનનાથથી અમને દીક્ષા અપાવો. ત્યારે વૃષભસેન સ્વામીએ કહ્યું કે કુમાર ! આપનું પુણ્ય જ આપની સાથે આવીને દીક્ષા અપાવી રહ્યું છે, તો તમે બીજાની અપેક્ષા કેમ રાખો છો ? જાઓ તમે સ્વયં ત્રિલોકપતિ પાસે દીક્ષાની યાચના કરો તેઓ વિધિપૂર્વક દીક્ષા આપશે, સાથે એમ પણ કહ્યું કે અમારી અનુમતિ છે તે ત્યાં દ્વાદશગણને પણ સંમત છે. લોકને પુણ્યનું કારણ છે, તમો જાઓ, તમારું કામ કરી આવો. આમ કહીને ગણનાયક વૃષભસેનાચાર્યે તેમને આગળ રવાના કર્યા.

ગણની અનુમતિથી આગળ વધીને તે ભગવાન આદિપ્રભુની સામે ઊભા રહીને ને કરબદ્ધ થઈને વિનયથી પ્રાર્થના કરવા લાગ્યા કે હે ફણિસુરનરલોકગતિના અને વિશ્વના સમસ્ત જીવોના રક્ષણ કરનારા હે પ્રભુ ! અમારી વાતનો અનુગ્રહ કરો.

ભગવાન ! અનાદિકાલથી આ ભયંકર ભવસાગરમાં રખડતા રખડતા થાકી ગયા છીએ. હેરાન થઈ ગયા. હવે અમારા દુઃખોની અરજ કરવા માટે આપ દયાનિધિની પાસે આવ્યા છીએ. સ્વામી ! આપના દર્શન પહેલાં અમે બહુ દુઃખી હતા. પરંતુ આપના દર્શન થયા પછી અમને કોઈ દુઃખ નથી રહ્યું. આ વાતને અમે સારી રીતે જાણીએ છીએ તેથી અમારી પ્રાર્થના સાંભળવાની અવશ્ય કૃપા કરો.

ભગવાન ! કાલને ભગાડીને, કામને લાત મારીને, દુષ્કર્મજાલનો નાશ કરીને અમે મુક્તિરાજ્યની તરફ જવા ઈચ્છીએ છીએ. તેથી અમને જિનદીક્ષા આપો. દીક્ષા આપ્યા પછી મનને કાબૂમાં રાખીને આત્મામાં લગાવીશું અને ધ્યાનદંડથી કર્મોના ખંડ ખંડ કરી બતાવીશું. આપ જુઓ તો ખરા અર્હન ! અમે ગરીબ અથવા નાના જરૂર છીએ પરંતુ આપની દીક્ષાને હસ્તગત કર્યા પછી અમારી બરાબરી કરનારા લોકમાં કોણ છે ? એ વાત કહેવાની શી જરૂર છે ? આપ દીક્ષા આપો, ત્યાર પછી જુઓ. અમે શું કરીએ છીએ ?

પ્રભુ ! આ આત્મપ્રદેશમાં વ્યાપ્ત કર્મોને બાળીને કોટિ સૂર્યચંદ્રોના પ્રકાશને પામીને જો આપની સમાન લોકમાં અમે લોકપૂજિત ન બનીએ તો આપના પુત્રના પુત્ર અમે કેમ કહેવાએ ? જરા જુઓ તો ખરા. અમારા પિતા છ ખંડના વિજયી થયા. અમારા દાદા (આદિપ્રભુ) ત્રેસઠ કર્મોના વિજયી થયા. તો અમને ત્રણ લોકના કર્મની શી પરવા છે ? આપ દીક્ષા આપો, પછી જુઓ. ભગવાન ! મોક્ષને માટે ધ્યાનની પરમ આવશ્યકતા છે. ધ્યાન માટે જિનદીક્ષા જ બાહ્ય સાધન છે. તેથી 'સ્વામી ! દીક્ષાં દેહિ ! દિક્ષાં દેહિ ! (દીક્ષા આપો, દીક્ષા આપો)' એમ કહેતા થકા બધાએ સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

ભક્તિથી બદ્ધ દીર્ઘબાહુ, વિસ્તારિત પાદ ભૂમિને સ્પર્શ કરતા થકા લલાટ પ્રદેશ એકાગ્રતાથી જગદીશની સામે રાખીને તે કુમાર તે વખતે સોનાની પૂતલી સમાન લાગતા હતા.

''અસ્તુ ભવ્યાઃ સમૃત્તિષ્ઠન (-બસ, ભવ્યો ઊભા થાઓ)'' આદિપ્રભુએ નિરૂપણ કર્યું. ત્યારે તે કુમાર ઊઠીને ઊભા થયા. ત્યાં ઉપસ્થિત અસંખ્ય દેવગણ જય જયકાર કરવા લાગ્યા, દેવદુદુંભી વાગવા લાગી. દેવાંગનાઓ મંગલગાન કરવા લાગી.

સમય ઓળખીને વૃષભસેનયોગી અને દેવેંદ્ર ત્યાં હાજર થયા. નીલરત્નની સપાટ જમીન ઉપર મોતીના અક્ષતોથી નિર્મિત સ્વસ્તિક ઉપર તો સો કુમારોને પૂર્વ ને ઉત્તર મુખે બેસાડી દીધા. તેઓ બહુ આતુરતાથી ત્યાં બેસી ગયા. તેમના હાથમાં રત્નત્રયયંત્રને સ્વસ્તિક ઉપર રાખીને તેમના ઉપર પુષ્પફૂલાક્ષતાદિ મંગલદ્રવ્યોને મૂક્યા, એવામાં વાતચીત બંધ થઈ ગઈ, હવે દીક્ષાવિધિ થનાર છે તે સુકુમાર ભગવાનના તરફ જ બહુ ભક્તિથી જોઈ રહ્યા હતા. એવામાં મેઘપટલથી જેવી રીતે વરસાદ વરસે છે તેવી રીતે ભગવાનના મુખકમલમાંથી દિવ્યધ્વનિ છૂટી.

તે કુમાર ભવના મૂલ, ભવનાશના મૂલ કારણ અને મોક્ષ સિદ્ધિના સાધ્યસાધનને કાનદઈને સાંભળતાં હતાં. ભગવાન વિસ્તારથી નિરૂપણ કરી રહયા હતા. હે ભવ્ય ! મોક્ષમાર્ગ સંધિમાં વિસ્તારથી જેનું કથન કરાઈ ચૂકયું છે તે મોક્ષનો ઉપાય છે. પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવો તે જ જિનદીક્ષા છે. તે બાહ્યપરિગ્રહ દશ પ્રકારના છે, અતરંગ પરિગ્રહ ચૌદ પ્રકારના છે. તે ચોવીશ પરિગ્રહ આત્માની સાથે લાગેલા છે. આ ચોવીશ પરિગ્રહનો ત્યાગ કરવો તે જ જિનદીક્ષા છે. ક્ષેત્ર, વાસ્તુ, ધન, ધાન્ય, હિરણ્ય, સુવર્ણ, દાસીદાસ, પશુ, વસ્ત્ર, વરતન આ બાહ્ય પરિગ્રહોથી મોહનો ત્યાગ કરવો જોઈએ. આ પ્રકારના રાગ, દ્વેષ, મોહ હાસ્યાદિક ચૌદ અંતરંગ પરિગ્રહનો પણ ત્યાગ કરવો જોઈએ. જે અત્યંત દરિદ્ર છે તેમની પાસે બાહ્ય પરિગ્રહ કાંઈ પણ નથી રહેતો તોપણ અંતરંગ પરિગ્રહનો ત્યાગ કર્યા વિના કોઈ ઉપાય નથી. અંતરંગ પરિગ્રહનો ત્યાગ કરવાથી કર્મ પણ આત્માનો ત્યાગ કરે છે, તેથી બાહ્ય પરિગ્રહનો ત્યાગ તે જ ત્યાગ છે એમ ન સમજવું જોઈએ. બાહ્ય પરિગ્રહના ત્યાગથી જે આત્મવિશુદ્ધિ થાય છે તેના બલથી અંતરંગ મોહ રાગાદિકનો ત્યાગ કરે તો તેનાથી ધ્યાનની ને સુખની સિદ્ધિ થાય છે.

આ આત્માને શરીરની ભિન્નતા છે આ વાત દઢ કરવા માટે મુનિને કેશલોચ અને ઈન્દ્રિયોના દમન માટે એક ભુક્તિની આવશ્યકતા છે. શરીર શુદ્ધિ માટે કમંડલની ને જીવરક્ષા માટે પીંછીની

આવશ્યકતા છે અને પોતાના જ્ઞાનની વૃદ્ધિને માટે આચારસૂત્રની આવશ્યકતા છે આ યોગીઓનું ઉપકરણ છે. શાસ્ત્રોમાં વર્ણિત મૂલગુણ, ઉત્તરગુણાદિ ધ્યાનને માટે બાહ્ય સહકારી છે. આ બધું ધ્યાનની સિદ્ધિ માટે આવશ્યક છે.

આ રીતે ગંભીર નાદથી નિરુપણ કરતા થકા ભગવાને એમ પણ કહ્યું કે હવે અધિક ઉપદેશની જરૂર નથી. હવે પોતાના શરીરના આભૂષણો ત્યાગો, રાજવેષ છોડીને તાપસી વેષ ધારણ કરો.

બધા પુત્રોએ 'इच्छामि इच्छामि' કહેતા થકા હાથના ફૂલાક્ષતોને ભગવાનના પાદમૂલમાં અર્પણ કરવા પાસે ઊભેલા દેવોના હાથમાં આપ્યા. પોતાના શરીરના વસ્ત્રને તેઓએ ઉતારી નાખ્યા. આ રીતે કંઠહાર, કર્ણાભરણ, સુવર્ણમુદ્રિકા, કટીસૂત્ર, રત્નમુદ્રિકા આદિ બધા આભૂષણો ઉતારી નાખ્યા. તિલક, યજ્ઞોપવિત, આદિનો પણ ત્યાગ કર્યો. અમે કોણ છીએ, આ શરીર કોણ છે એમ વિચાર કરતા થકા પોતાના કેશપાશનો પોતાના હાથથી લોચ કરતા થકા ત્યાં રાખવા લાગ્યા. તે કેશપાશને સંકલેશપાશ, દુર્મોહપાશ, આશાપાશ અને માયાપાશની સમાન તોડવા લાગ્યા. વિશેષ શું ? જન્મ્યા વખતની જેમ તેઓ જાતરૂપધર બન્યા. જેવી રીતે માણેકને બાળવાથી તેમાં રંગ ચડે છે તેવી રીતે શરીરનું આવરણ દૂર થતાં જ શરીરમાં નવીન કાંતિ ઉત્પન્ન થઈ છે.

કાંતિ ને શાંતિ બન્નેમાં તે કુમાર જાતરૂપધર બન્યા. હવે તો કાંતિ પહેલાંથી પણ વધી ગઈ. તેઓ બહુ જ ભાગ્યશાલી છે. ભગવાન આદિપ્રભુ દીક્ષાગુરુ છે, કૈલાસપર્વત દીક્ષાક્ષેત્ર છે. દેવેંદ્ર અને ગણધર દીક્ષાકાર્યમાં સહાયક છે. આવો વૈભવ લોકમાં કોને પ્રાપ્ત થાય.

સ્વસ્તિક ઉપરથી ઊઠીને બધા કુમાર આદિપ્રભુના ચરણોમાં ! પહોંચ્યા, અને ભક્તિથી નમસ્કાર કરવા લાગ્યા. ત્યારે વીતરાગે આશીર્વાદ આપ્યો કે 'आत्मसिद्धि रेवास्तु'. (આત્મસિદ્ધિ પ્રાપ્ત થાઓ.) આ વખતે દેવગણ આકાશપ્રદેશમાં ઊભા રહીને પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા, અને જયજયકાર કરવા લાગ્યા. આ વખતે કરોડો વાજાં વાગવા લાગ્યા. અને મંગલગાન કરવા લાગ્યા. વૃષભસેન ગણધરે ઉપકરણોને વૃષભનાથ સ્વામીની સામે રાખ્યા તો નવા ઋષિઓએ 'वृषभनाथाय नमः स्वाहा' કહેતા થકા ગ્રહણ કર્યા. તેમના હાથમાં પીંછી તો વિજલીના ગુચ્છની સમાન લાગતી હતી. આ રીતે સ્ફટિક દ્વારા નિર્મિત કમંડલને પણ તેઓએ ગ્રહણ કર્યા. અને બાલ્યવયના તે સો મુનિ ત્યાંથી આગળ વધ્યા. વૃષભસેનાચાર્યની સાથે તે જ્યારે આગળ વધ્યા ત્યારે તે બધા જયજયકાર કરવા લાગ્યા. એવું લાગતું હતું કે સમુદ્ર જ ઊછળીને ઘોષણા કરી રહ્યો હતો.

'રવિકીર્તિયોગી આવો, ગજસિંહયોગી આવો. દિવિજેંદ્રયોગી આવો.' આ રીતે કહેતા થકા યોગીજન તેમને પોતાની સભામાં બોલાવતા હતા. તેઓએ પણ તેમની વચ્ચે આસન લીધું. દેવેંદ્રશચી મહાદેવીની સાથે આવ્યા અને તેઓએ તે નવા યોગીઓને બહુ ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. તે યોગીઓએ પણ 'धर्मवृद्धिस्तु' (-ધર્મની વૃદ્ધિ થાઓ) કહ્યું. દેવેંદ્ર પણ મનમાં એમ કહેતા થકા ગયા કે સ્વામી ! આપના આશીર્વાદથી વૃદ્ધિમાં કાંઈ વાંધો નહિ આવે, અવશ્ય તેની સિદ્ધિ થશે. આ રીતે યક્ષ, સુર, ગરુડ, ગંધર્વ, નક્ષત્ર, દેવ, મનુષ્ય આદિ બધાએ આવીને તે યોગીઓને નમસ્કાર કર્યા.

મુનિકુમારોએ જે વસ્ત્રાભરણ, કેશ આદિનો ત્યાગ કર્યો હતો તેમને દેવગણોએ બહુ વૈભવપૂર્વક સમુદ્રમાં પહોંચાડયા. જતી વખતે તેમના વૈરાગ્યની ખૂબ ખૂબ પ્રશંસા થઈ રહી હતી. બાલ્યકાળમાં સૌંદર્યયુક્ત શરીર પામીને એકદમ મોહનો પરિત્યાગ કરનારા કોણ છે ? આ રીતે ઠેકઠેકાણે દેવગણ પ્રશંસા કરી રહ્યા હતા.

હજાર સુવર્ણમુદ્રા મળી તો બસ, તેને ખર્ચી ખાઈને મરે છે પરન્તુ સંસાર છોડતા નથી. ભૂવલયને એક છત્રાધિપત્યથી પાલનારા સમ્રાટના પુત્ર આ રીતે પરિગ્રહોનો ત્યાગ કરે એ શું ઓછી વાત છે ? મૂછ ધોળી થઈ જાય તો તેને કલપ વગેરે લગાડીને ફરી કાળા દેખાડવાનો શોખ લોકોને રહે છે. પરંતુ સારી રીતે મૂછ આવ્યા પહેલાં જ સંસાર છોડનારા અતિથિ આ કુમારોની સમાન બીજા કોણ છે ? દાંત ન હોય તો પાન ખલબત્તામાં કૂટીને જરૂર ખાય છે. પરંતુ છોડતા નથી. આ કુમારોએ બાલ્યાવસ્થામાં ત્યાગ કર્યો. આશ્ચર્ય છે.

પોતાના વિકૃત શરીરને તેલ, સાબુ, અત્તર વગેરે ભૂસીને સુંદર બનાવવા માટે પ્રયત્ન કરનારા લોકમાં ઘણા છે. પરંતુ સાતિશય સૌંદર્યને ધારણ કરનારા શરીરને તપમાં જોડનારા આ કુમારો જેવા લોકમાં કોણ છે ? કાળા શરીરને પાઉડર ચોપડીને સફેદ કરવા માટે પ્રયત્ન કરનારા લોકમાં ઘણા છે. પરંતુ પુરુષ પણ મોહ પામે એવા શરીરને ધારણ કરનારા આ કુમારોની સમાન દીક્ષા લેનારા કોણ છે ?

ભરત ચક્રવર્તીની સેવા કરવાનું ભાગ્ય મળે તો તેનાથી ચડિયાતું બીજું પુણ્ય નથી એમ સમજનારા લોકમાં ઘણા છે. પરંતુ ખાસ ભરત ચક્રવર્તીનાં પુત્ર થઈને સંપત્તિનો તિરસ્કાર કરે એ આશ્ચર્યની વાત છે. આ કુમારોને મોક્ષપ્રાપ્તિ કરવી શું મુશ્કેલ છે ? એ જરૂર જલદી મોક્ષધામમાં જશે. એવા પ્રકારથી ત્યાં દેવગણ તે કુમારોની પ્રશંસા કરી રહ્યાં હતા. એ દીક્ષિત કુમાર આત્મયોગમાં મગ્ન હતા.

ભરતચક્રવર્તી મહાન ભાગ્યશાલી છે. અખંડ સામ્રાજયના અતુલ વૈભવ ભોગવતા થકા સમ્રાટને રંચમાત્ર પણ ચિંતા ને દુઃખ નથી કારણ તે સદા વસ્તુસ્વરૂપનો વિચાર કરતા રહે છે. તેમના કુમાર પણ પિતાની સમાન જ પરમભાગ્યશાલી છે. નહિતર, ઉદ્યાનવનમાં ક્રીડા કરવા જાય કેમ ? ત્યાંથી સમવસરણમાં જાય કેમ ? ત્યાં તીર્થંકર યોગીનાં હસ્તથી દીક્ષા લ્યે કેમ ? આ બધી અજબ વાત છે ! આ પ્રકારનો યોગ મહા પુણ્યશાલીઓને જ પ્રાપ્ત થાય છે. ભરતજીએ અનેક ભવોથી આ સાતિશય પુણ્યનું અર્જન કર્યું છે. તે સદા ચિંત્તવે છે કેઃ–

''હે ચિદંબરપુરુષ ! આપ આગળ પાછળ, આજુ બાજુ, બહાર અંદર, ઉપર નીચે બધેય ભેદ વિરહિત થઈને અમૃતસ્વરૂપ છો. તેથી હે સચ્ચિદાનંદ ! મારા ચિત્તમાં સદાય નિવાસ કરો.

હે સિદ્ધાત્મા ! આપ સ્વચ્છ પ્રકાશના તીર્થસ્વરૂપ છો, ચાંદનીથી નિર્મિત બિંબ સમાન છો તેથી મને સદા સન્મતિ આપો.''

## ૯. કુમારવિયોગ સંધિ

**ભ**રતજીના સો કુમાર દીક્ષિત થયા. ત્યારપછી તેમના સેવક બહુ દુઃખપૂર્વક પાછા ફર્યા. તે વખતે તેમને એટલું દુઃખ થતું હતું કે જેવી રીતે કોઈ વ્યાપારીને સમુદ્રમાં પોતાના માલથી ભરેલા જહાજનાં ડૂબવાથી દુઃખ થાય છે. તે વ્યાપારી જેવી રીતે જહાજ ડૂબવાના દુઃખથી પોતાના ગામમાં પાછો ફરે છે તેવી રીતે તે સેવકો અત્યંત દુઃખથી અયોધ્યા તરફ પાછા જતા હતા. કૈલાસ પર્વતની નીચે ઊતરતા જ તેમનું દુઃખ ઊભું થયું. રસ્તામાં મળનારા અનેક ગ્રામવાસીઓ તેમને પૂછતા હતા, તે સેવકો દુઃખભર્યા અવાજથી રોતા રોતા પોતાના સ્વામીઓનાં વૃતાંતને કહેતા હતા. પોતે રોતા થકા ને બધાને રોવરાવતા થકા તે સેવકો માંડમાંડ નગર પાસે આવ્યા.

રવિકીર્તિ રાજકુમારનાં સેવક અરવિંદ હતા. તેને જ બધાએ આગળ કર્યા. બાકી બધા તેની પાછળ પાછળ ચાલતા હતા. તેઓ દુઃખથી ચાલતાં ચાલતાં પતિઓને ગુમાવેલ બ્રાહ્મણ સ્ત્રીઓની સમાન લાગતા હતા. કલા રહિત ચહેરો, પટુતારહિત ચાલ, પ્રવાહિત અશ્રુ, મૌનમુદ્રાથી યુક્ત મુખ ને ઉત્તરીય વસ્ત્રથી ઢાંકેલા મસ્તકયુક્ત થઈને તેઓ બહુ દુઃખપૂર્વક નગરમાં દાખલ થયા. તેમની બગલમાં તે કુમારોનાં પુસ્તક, આયુધ વીણા વગેરે હતા. નગરવાસી જન આગળ આવીને પૂછતા હતા કે રાજકુમાર કયાં છે ? તો તે સેવક મૌન થઈને જતા હતા. બુદ્ધિમાન લોક સમજી ગયા કે રાજકુમાર બધાય દીક્ષા લઈને ચાલ્યા ગયા. એમ કેમ ? એમના હાથમાં જે ખડ્ગ, કુહાડી, વીણા વગેરે છે, એ તો એ વાતની સાક્ષી છે. નહિ તો, એ સેવક પોતાના સ્વામીઓને છોડીને કદી પાછા ન આવે. અમારા સમ્રાટના સુપુત્રોને પરથી બાધા પણ ન થાય. અર્થાત્ શત્રુઓના અસ્ત્રશસ્ત્રાદિકથી તેમનું અપમરણ પણ ન થઈ શકે કેમકે તે મોક્ષગામી છે. તેમની મુખમુદ્રા જ કહી રહી છે કે કુમારોએ દીક્ષા લીધી છે. બધા લોકોએ આ વાતનો નિર્ણય કર્યો. કોઈ એ વાતમાં સંમત છે, કોઈ અસંમત છે. તોપણ બધાએ એમ નિર્ણય કર્યો કે આ સેવકો જોકે અમને નથી કહેતા તો રાજા ભરતને તો જરૂર કહેશે. ચાલો, આપણે ત્યાં સાંભળીએ. આમ કહેતા થકા બધા નગરવાસી તેમની પાછળ ગયા.

તે વખતે ચક્રવર્તી ભરત તદ્દન બહારના દીવાનખાનામાં બેઠા હતા. તે વખતે સેવકોએ ત્યાં આવીને પોતાના હાથમાં રાખેલ કુહાડી, ખડ્ગ, વીણાદિકને ચક્રવર્તીની સામે રાખ્યા ને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ત્યાં ઉપસ્થિત બધા આશ્ચર્યચકિત થયા. સમ્રાટ ભરત પણ આશ્ચર્યદૃષ્ટિથી જોવા લાગ્યા. આંસુથી ભરેલી આંખોએ તે સેવક ઊઠયા. ઉપસ્થિત સર્વજન સ્તબ્ધ થયા. હાથ જોડીને સેવકોએ પ્રાર્થના કરી કે સ્વામી ! શ્રીસંપન્ન સો કુમારોએ દીક્ષા લીધી ને ચાલ્યા ગયા.

આ વાત સાંભળતાં જ ચક્રવર્તીને હૃદયમાં એકદમ આઘાત પહોંચ્યો. તે અવાક્ બન્યા, હાથમાં રહેલું પાન નીચે પડી ગયું. તે દરબારમાં ઉપસ્થિત બધા જન જોર જોરથી રોવા લાગ્યા. ત્યારે સમ્રાટે અરવિંદને પૂછયું 'શું ખરેખર ગયા ? અરવિંદ બોલો તો ખરા' અરવિંદે ઉત્તરમાં નિવેદન કર્યું કે સ્વામી ! 'કૈલાસપર્વતમાં દીક્ષા લીધી અમે અમારી નજરે જોઈને આવ્યા. તેઓએ દીક્ષા લીધી, એટલું જ નહિ. પણ દેવેંદ્રને નમસ્કાર કરવાથી તેઓએ 'ધર્મવૃદ્ધિરસ્તુ' એવો આશીર્વાદ પણ આપ્યો.

જોત જોતામાં બચ્ચાઓની દીક્ષા લેવાના સમાચાર સાંભળીને સમ્રાટનું મુખ એકદમ મલિન થયું, બોલતા બંધ થઈ ગયા. હૃદયમાં એકદમ થડકાર ઊપજ્યો. દુઃખનો ઉદ્‌ભવ થયો.

લમણે હાથ મૂકીને મુગુટને હલાવીને એક દીર્ઘ નિશ્વાસ નાખ્યો. તે વખતે આંખો આંસુથી પણ ભરાઈ ગઈ, દુઃખનો વેગ વધ્યો. તેને શાંત કરવાનો યત્ન કર્યો. તરત જ મૂર્ચ્છા આવી રહી હતી, તેને પણ રોકવાનો યત્ન કર્યો. પુત્રોનો મોહ જરૂર દુઃખ ઉત્પન્ન કરે છે. પરંતુ હાથથી ગયા પછી હવે શું કરી શકે ? અધિક દુઃખ કરવું તે વિવેક શૂન્યતા છે. આ રીતે વિચાર કરતા થકા દુઃખને શાંત કરવાનો યત્ન કર્યો. પહેલાં એક વાર આંખમાંથી આંસુ જરૂર આવ્યા. પણ ચિત્તના સ્થૈર્યથી તેને રોકી લીધું. હૃદયમાં શોકાગ્નિ પ્રજ્જવલિત થઈ રહી હતી પરન્તુ શાંતિજલથી તેને બુઝાવા લાગ્યા.

ભરતજી તે સમયે વિચાર કરવા લાગ્યા કે આપત્તિને વખતે ધૈર્ય, શોકાનલના ઉદ્રેકને વખતે વિવેક ને શાંતિ, ત્યક્ત પદાર્થોમાં હેયપણું, ગૃહીત વિષયોમાં દૃઢતા રહેવી જોઈએ. આ શ્રેષ્ઠ મનુષ્યોનું કર્તવ્ય છે. શરીર ભિન્ન છે, આત્મા ભિન્ન છે, આ રીતે ભાવના કરનારા ભાવકોને સ્વપ્નમાં પણ ભાન્તિનો ઉદય થતો નથી. જો અસ્થિરતા આવે તો તે વખતે દૂર થઈ જાય છે. આત્મવેદીની પાસે દુઃખ આવતું જ નથી. જો તેમની પાસે દુઃખ આવે તો આત્માના દર્શનમાત્રથી દુઃખ દૂર ભાગી જાય છે. આત્મભાવનાની આગળ અજ્ઞાન કેમ ટકી શકે ? શું ગરુડની સમાન સર્પ ટકે છે ? હૃદયમાં વ્યાપ્ત સૂર્યના મોહાંધકારને સામર્થ્યથી સમ્રાટે દૂર કર્યો અને એક બે ઘડી પછી હૃદયને સાંત્વન આપીને ફરી બોલવા લાગ્યા.

'જિન ! જિન ! જિન સિદ્ધ ! તેમનું સાહસ ગુરુહંસનાથ જ જાણે છે. શું આ તેમની દીક્ષા લેવાની અવસ્થા છે ? આ દીક્ષોચિત દિવસો છે ? આશ્ચર્ય છે. કોમલ મૂછો પણ હજી વધી નથી, અંગનાં બધા અવયવ હજી પૂરા વિકસ્યા પણ નથી, હજી યુવાની આવે છે, એવામાં આ શું થયું ? આ લોકોએ હજુ માત્ર માતાના હાથનું જ ભોજન કર્યું છે. ઉંમર થઈ ગઈ છે. હમણાં જ વિવાહ કરવાના વિચારમાં હતા. એવામાં આ શું થયું ? પોતાના ભાઈઓની સાથે જ રમતગમતમાં તેઓએ કાળ ગાળ્યો છે, પોતાની સ્ત્રીઓ સાથે એક રાત પણ ન ગાળી. એમનો વિવાહ કરીને પોતાની આંખો ઠારવાના વિચારમાં હતા એવામાં આ બન્યું. આશ્ચર્ય છે. સુજયને છોડીને સુકાંત નહોતો રહેતો. રિપુવિજયની સાથે હમેશાં મહાજયકુમાર રહેતા હતા. આ રીતે અનેક પ્રકારથી પોતાના પુત્રોનું સ્મરણ કરવા લાગ્યા. વીરંજય ને શત્રુવીર્ય, રતિવીર્ય ને રવિકીર્તિ પરાક્રમમાં બરાબરિયા હતા. તેમની જેવા કોણ છે ? આ રીતે પોતાના પુત્રોનું ગુણસ્મરણ કરવા લાગ્યા. હાથીની સવારીમાં રાજમાર્તંડ અને ઘોડાની સવારીમાં વિક્રમાંક અને રાજમંદર હાથી ઘોડા બન્નેની સવારીમાં શ્રેષ્ઠ હતા. રથમાં રત્નરથ, પદ્મરથની બરાબર કરનાર કોણ છે ! પૃથ્વીમાં મારા પુત્ર સર્વશ્રેષ્ઠ છે એમ સમજતો હતો. પરન્તુ એ એક વાતરૂપે રાખીને ચાલ્યા ગયા. અનેક વ્રતવિધાનોનું આચરણ કરીને, બાળકોની આશા રાખીને પંચનમસ્કારમંત્રને જપતા થકા આનંદપૂર્વક જે માતાઓએ તેમને જન્મ આપ્યો તેમના દિલને શાંત કરીને ચાલ્યા ગયા ! આશ્ચર્ય છે. રાત દિવસ અર્હંતદેવની આરાધના કરીને યોગીઓની પાદપૂજા કરીને જે સ્ત્રીઓએ પુત્ર થવાની હાર્દિક કામના કરી તેમના હૃદયને શાંત કર્યું ! હા ! આ સ્ત્રીઓના ઉપવાસ વ્રત, આદિના પ્રભાવને સૂચવવા માટે જ કે આ પુત્રો પણ શીઘ્ર જ ચાલ્યા ગયા.

આશ્ચર્ય ! અતિ આશ્ચર્ય ! તેમના વ્રત ઠીક થયા, વ્રતોના ફળને યોગ્ય પુત્ર ઉત્પન્ન થયા. પરન્તુ તે વ્રતોનું ફળ માતાઓને ન મળ્યું. પરંતુ સંતાનોને મળ્યું. આશ્ચર્ય છે સ્ત્રીઓની સાથે સંસાર ભોગવીને પછી દીક્ષા લેવી યોગ્ય હતી. પરંતુ જ્યારે તે લોકોએ એમ ન કરતાં બાલ્ય કાળમાં જ દીક્ષા લીધી તો કહેવું પડે છે કે ક્યાંક માતાઓ એ દૂધ પિવડાવતી વખતે એવો આશીર્વાદ તો નથી આપ્યો કે તમે બાલ્યકાલમાં જ સમવસરણમાં જાઓ !

આ મારા પુત્રનો દોષ નથી. મેં પૂર્વ ભવમાં જે કર્મોપાર્જન કર્યું છે તેનું આ ફળ છે. તેથી ફોગટ દુઃખી શા માટે થવું ? આ રીતે વિચાર કરતા થકા અરવિંદને સમ્રાટે કહ્યું હે 'અરવિંદ ! તમે હમણાં આવીને મને કહ્યું, પહેલા આવીને મને કહેવું તું ને ! એમ કેમ ન કર્યું ?' ઉત્તરમાં અરવિંદે કહ્યું કે સ્વામી ! અહીં ! અમે પહેલાં અહીં કેવી રીતે આવી શકીએ તેમ હતા ! અમને તેઓ કેવા ચાતુર્યથી કૈલાસપર લઈ ગયા તે પણ જરા સાંભળવાની કૃપા કરો. ''અમે પાછળ રહીશું તો ક્યાંક જઈને પિતાજીને કહેશે એવા વિચારથી અમને બોલાવીને આગળ રાખ્યા, તેઓ અમારી પાછળ આવતા હતા'' અરવિંદે રોતા રોતા કહ્યું.

''ક્યાંક પાછળના ભાગથી નીકળી જશે તો પિતાજીને જઈને કહેશે એવા વિચારથી અમને તે બધાની વચ્ચે રાખીને ચાલતા હતા. અમને તે બધાની ચારે તરફ તેઓએ ઘેરી લીધા.'' અરવિંદે આંસુ વહેવડાવતા કહ્યું.

''અમે નિર્ણય કર્યો કે આ જ તપશ્ચર્યા કરનારાઓની સાથે અમે કેમ જઈએ ? અમે પાછળ ફરવા લાગ્યા તે અમને હાથ પકડીને ખેંચીને લઈ ગયા. બહુ પ્રેમથી અમારી સાથે બોલવા લાગ્યા. પોતાના હાથના આભરણો કાઢી આપીને અમારા હાથમાં પહેરાવવા મંડયા અને કહેતા હતા કે 'તમને આપી દીધા.' આ રીતે જેમ બને તેમ અમને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરતા હતા. અમારી સાથે બહુ નમ્રતાથી બોલતા હતા ક્રોધથી નહોતા બોલતા. અમોને હાલતા જોઈને હસતા હતા, પોતાની વાત કહીને આગળ વધતા હતા. રાજા ! અમારા બધા સેવકોનાં મુખ દુઃખથી કાળા પડી ગયા. પરંતુ આશ્ચર્ય છે કે તે બધાના મુખ હર્ષયુક્ત થઈને કાંતિમાન થવા લાગ્યા.

''સ્વામી ! આવા બાલ્યાવસ્થામાં જ તમો કેમ દીક્ષા લ્યો છો ? થોડાક દિવસ રોકાઈ જાઓ. આ રીતે પ્રાર્થના કરવાથી તે વાતને ભુલાવી બીજા જ પ્રસંગો ઊભા કરતા હતા અને અમને ધીરે ધીરે આગળ લઈ જતા હતા. 'હે સુરસેન ! વરસેન ! પુષ્પક, અરવિંદ ! આવો.' ઈત્યાદિરૂપે અનેક પ્રકારથી અમને બોલાવીને, એક કહાણી કહીશું, તે સાંભલો ઈત્યાદિ બોલતા બોલતા જતા હતા. રાજા ! તેમનું તંત્ર તો જુઓ ! હે રામ ! રંજક ! રત્ન ! સોમ ! હોન્નલ ! હોન્ન ! ભીમ ! ભીમાંક ! ઈત્યાદિ નામ લઈને બીજા પ્રસંગની વાત કાઢીને અમને આગળ લઈ જતા હતા. અને એક બીજાને કહેતા હતા કે ભાઈ ! તમારા સેવક સુમુખ બહુ સારા છે. તે સાંભળીને બીજા ભાઈ કહેતા હતા કે બધા સેવક સારા છે આ રીતે અમારી પ્રશંસા કરવા લાગ્યા.

સ્વામી ! આપના સુકુમાર અમારી સાથે એક બે વાતથી અધિક બોલતા જ નહોતા. પરંતુ આજ કોણ જાણે કેમ અગણિત વાક્ય બોલતાં હતા. અમે તેમના તંત્રને નહોતા જાણતા એમ નહતું.

જાણવા છતાં પણ અમે શું કહી શકીએ ? માલિકોના કાર્યમાં અમે કેવી રીતે વિઘ્ન નાખી શકીએ ? સામે જે પ્રજા મળતી હતી તેમને અમે ક્યાંક વાત કહી દેશું એવા વિચારથી તેઓએ અમને કહ્યું કે તમને પિતાજીના શપથ છે, કોઈને નહિ કહેશો. તેથી અમે મોઢું બંધ રાખીને કેદીઓની સમાન જતા હતા. સ્વામી ! ખરેખર અમે એમ વિચારતા હતા કે ચાલો અમે શું કરીશું ? ભગવાન આદિપ્રભુ આ બચ્ચાઓને દીક્ષા કેમ આપશે ? સમજાવીને તેને પાછા મોકલશે. આવી ભાવનાથી અમે ગયા. રાજા ! આશ્ચર્ય છે કે ભગવાને તે કુમારોને ઈષ્ટની પૂર્તિ કરી. અમે પરમ પાપી છીએ આ રીતે કહેતા થકા રવિકીર્તિથી વિયુક્ત અરવિંદ રવિથી વિયુક્ત અરવિંદ સમાન રોવા લાગ્યા. રોતા રોતા પોતાના સાથીઓની તરફ જોતા હતા. તેઓ પણ બધા રોતા હતા. સમ્રાટે કહ્યું કે તમો કેમ આટલા દુઃખી થાઓ છો ? શાંત થાઓ, ઉત્તરમાં તેઓએ કહ્યું કે સ્વામી ! જન્મદાતાઓને ભૂલાવતા થકા અમારું તેઓએ પાલન કર્યું. અમારા મનની ઈચ્છાની પૂર્તિ કરતા થકા તેઓએ સદા પોષણ કર્યું. લોકમાં સર્વ શ્રેષ્ઠ અમારા સ્વામી જ્યારે આ રીતે અમને છોડીને ચાલ્યા ગયા ત્યારે દુઃખ કેમ રોકી શકાય ?

ભરતજીએ ફરી પ્રશ્ન કર્યો કે અરવિંદ કહો તો ખરા, તેમને વૈરાગ્ય કેમ ઉત્પન્ન થયો ? ત્યારે અરવિંદે કહ્યું કે સ્વામી ! હસ્તિનાપુરના રાજા દીક્ષિત થયાના સમાચાર સાંભળીને તે સન્યસ્ત થવા અર્થાત્ દીક્ષા લેવા ઉદ્યુક્ત થયા. 'ત્યારે શું રવિકીર્તિકુમારે પણ એમ ન કહ્યું કે કેટલાક દિવસ પછી દીક્ષા લેશું ?' ભરતજીએ પ્રશ્ન કર્યો. ઉત્તરમાં અરવિંદે કહ્યું કે 'સ્વામી ! ત્યારે સાંભળો. અમારું બધાથી અધિક બગાડનારા તો તે કુમાર છે. તે રવિકીર્તિકુમારે જ ધ્યાનની ખૂબ પ્રશંસા કરી. દીક્ષાની સ્તુતિ કરી. મનુષ્ય જન્મની નિંદા કરી. તેની વાતથી બધા કુમાર પ્રસન્ન થયા તેથી તો અમારી ને આ દેશની આજે આવી દશા થઈ.'

ભરતજીએ કહ્યું કે 'સારું ! અમે સમજી ગયા. દીક્ષા લેવાનો વિચાર થયો ત્યારે પિતાને પૂછીને દીક્ષા લઈશું એમ શું તેમાંના એકે પણ મારું સ્મરણ ન કર્યું ?' ઉત્તરમાં અરવિંદે કહ્યું કે 'સ્વામી ! કેટલાક કુમારોએ જરૂર કહ્યું કે પિતાજીને પૂછીને દીક્ષા લેશું. ત્યારે કેટલાક કહેવા લાગ્યા કે પિતાજીને પૂછવાથી અમારું કામ બગડી જશે. તે ક્યારેય સંમતિ નહિ આપે.' આ રીતે તેઓ જ વિચારવા લાગ્યા. તેમાં કોઈ કોઈ કુમાર કહેવા લાગ્યા કે પિતાજી તો કદાચ સંમતિ આપી દેશે, પરંતુ માતાઓ ક્યારેય નહિ આપે. જ્યારે આપણે દીક્ષા લેવા જઈ રહ્યા છીએ ત્યારે તેમને પૂછવાની જરૂર જ ક્યાં છે ? તે કોણ ? અમે કોણ ? અમારો ને તેમનો સંબંધ જ ક્યાં છે ? આ રીતે બોલતા થકા આગળ વધ્યા.

તે વાત સાંભળીને ભરતજી હસતા હસતા કહેવા લાગ્યા કે એ તેઓ તો અમારું અતંરંગ પણ જાણતા હતા. કહો, ફરી કહો, તેઓએ શું કહ્યું ? અરવિંદે કહ્યું કે 'સ્વામી ! તેઓ કહેતા હતા કે કદાચિત્ પિતાજી એકવાર ના પાડશે તો ફરી સમજાવતાં જવા દેશે. પરંતુ અમારી માતાઓ કદી રજા નહીં આપે. તેઓ તો મોક્ષાંતરાયમાં સહાયક થઈ જશે ચક્રવર્તી પણ આશ્ચર્યાન્વિત થયા. વયમાં તેઓ નાના હોવા છતાં પણ આત્માભિપ્રાયમાં તે નાના નથી. એનામાં આટલો વિવેક હતો એમ હું પહેલા નહોતો જાણતો. આ રીતે ભરતજીએ આશ્ચર્ય દર્શાવ્યું.

ત્યાં ઉપસ્થિત ચક્રવર્તીનાં મિત્રોએ કહ્યું કે સ્વામી ! રત્નની ખાણમાં ઉત્પન્ન થતાં રત્નોને કાંતિ મળવી તે શું મુશ્કેલ કામ છે ? આપના પુત્રોમાં વિવેક ન હોય એ તો નવાઈની વાત છે. ત્યારે ભરતજીએ કહ્યું કે નાગર ! દક્ષિણ ! જુઓ તો ખરા તેમના રહેવાની કે જવાની વાત નથી કહેતો. પરંતુ જતી વખતે અખિલ પ્રપંચને જાણવાનું ચાતુર્ય જે તેમાં આવ્યું તેને માટે હું પ્રસન્ન થયો. સેવકોને ઠપકો આપ્યા વગર તેમના લઈ જવાનો પ્રકાર. મને ને તેમની માતાઓને પૂછયા વગર તેમનો જવાનો વિચાર એ વગેરે જોવાથી ચિત્તમાં આશ્ચર્ય થાય છે.

સ્વામી ! યુક્તિમાં તે સામાન્ય હોત તો આ ઉંમરમાં દીક્ષા લઈને મોક્ષને માટે પ્રયત્ન કેમ કરત ? તેમની કીર્તિ ખરેખર દિગંત (ચારે દિશામાં) વ્યાપી ગઈ છે. આ રીતે ચક્રવર્તીનાં મિત્રોએ તેમની પ્રશંસા કરી. તે વખતે મંત્રીએ કહ્યું કે પોતાના પિતા પ્રતિષ્ઠાપૂર્વક ષટ્ખંડ રાજ્યનું પાલન કરે છે તો અમે અમૃત-સામ્રાજ્યના અધિપતિ બનીશું. આવા વિચારથી પ્રાજ્ય (ઉત્કૃષ્ટ) તપ તેઓએ ધારણ કર્યું હશે ?

અર્કકીર્તિ દુઃખપૂર્વક કહેવા લાગ્યા કે 'પિતાજીનાં સો ભાઈ તે દિવસે દીક્ષા લઈ ચાલ્યા ગયા. આજ મારા સો ભાઈઓએ દીક્ષા લઈને મને દુઃખ પહોંચાડયું. અમે મોટા છીએ. અમે દીક્ષા લીધા પછી તેમને દીક્ષા લેવી જોઈએ આ રીત છે.' 'તે દુષ્ટ છે. અમારી પેલા ચાલ્યા ગયા. એમ ન કહેતા આશ્ચર્ય છે કે તમે તેમની પ્રશંસા કરો છો.' અર્કકીર્તિનો શોકાવેશ જોઈને ભરતજીએ સાંત્વના આપી કે બેટા ! શાંત રહો. મારા ભાઈઓની સમાન એ ક્યાં અહંકારથી ચાલ્યા ગયા છે ? ઉત્તમ વૈરાગ્ય ધારણ કરીને તેઓ નીકળ્યા છે તેથી દુઃખી થવાની જરૂર નથી.

'જો અમે ને તમે બન્ને દુઃખી થઈએ તો અમારી સેના ને પ્રજાઓ પણ દુઃખી થશે અને અંતઃપુરમાં પણ બધા દુઃખી થશે તેથી સહન કરો.' આ રીતે ભરતજીએ અરવિંદ આદિને બોલાવીને અનેક રત્નાભરણાદિ ઉપહારમાં આપ્યા. ને કહ્યું કે તમે દુઃખી ન થાઓ. યુવરાજની પાસે હવે તમો રહો. યુવરાજ અર્કકીર્તિને પણ કહ્યું કે પહેલાના માલિકોએ જેવી રીતે આમને પ્રેમથી પાળ્યા પોષ્યા તેવી રીતે તમારે પણ તેમના તરફ વ્યવહાર કરવો. ત્યાર પછી બધા લોક ત્યાંથી ચાલ્યા ગયા.

હવે સાર્વભૌમ મહેલમાં અંદર ચાલ્યા ગયા, ત્યારે તેમની સામે શોકાવેગથી સંતપ્ત રાણીઓનો સમુદાય ઉપસ્થિત થયો. નિસ્તેજ શરીર, વિખરાયેલા કેશપાશ, મ્લાનમુખ અને અશ્રુપાતથી યુક્ત થઈ તે અંગનાઓ ભરતજીના ચરણોમાં પડીને રોવા લાગી. 'પતિદેવ ! અમારા પુત્ર અમારાથી દૂર ચાલ્યા ગયા. આંખ અને મનનો આનંદ ચાલ્યો ગયો. અમે તેમને અમારું સર્વસ્વ સમજી રહ્યા હતા. હાય ! તેઓએ અમારો ઘાત કર્યો. અમે અમારા માણિકયરૂપી પુત્રોને દેખતા નથી, રાજા ! અમારી પેલાની દશા ક્યાં રહી છે ? અમારી કામના હતી કે તેઓ રાજ્યનું પાલન કરશે. પરંતુ તેઓ જંગલના રાજ્યનું પાલન કરવા ચાલ્યા ગયા. અંતિમ વયમાં દીક્ષા ન લેતા અત્યારે દીક્ષાને માટે ચાલ્યા ગયા અને અમને આ રીતે કષ્ટમાં નાખી ગયા. અમે તેમનાં વિવાહનો વૈભવ જોવા ઈચ્છતા હતા. પરંતુ અમારી ઈચ્છા પૂર્ણ ન થઈ. જેવી રીતે ફળની અભિલાષાથી કોઈ વૃક્ષને પાણી પાઈને પાળે પોષે ને ફળ આવવાના વખતે જ તે વૃક્ષ ચાલ્યું જાય એવા પ્રકારની આ દશા થઈ. સ્વામી ! આપને પણ ન

કહેતાં, અમને પણ ન કહેતાં છાનામાના તપશ્ચર્યા માટે જઈને તેઓએ અમને આવું દુઃખ કેમ પહોંચાડયું ? જુઓ તો ખરા અમારા વ્રત, નિયમ આદિનું ફળ નકામું ગયું. તેનું અમને અલ્પ ફળ મળ્યું, સંપત્તિ કેવલ દેખાઈને ચાલી ગઈ. હાય ! અમે કેટલી પાપિણીઓ છીએ. આ રીતે સમ્રાટની સામે અત્યંત દીનતાપૂર્વક તેઓ દુઃખી થવા લાગ્યા.

ભરતજીએ તેમને સાંત્વન આપતા થકા કહેવા લાગ્યા કે દેવીઓ ! 'શાંત રહો. તેઓ આપને કષ્ટ દઈને જવા માટે આવ્યા હતા. હવે દુઃખ ઉપજાવવાથી શું પ્રયોજન છે ? તે કુમારોના વિવાહમંગલનો અમે વિચાર કરી રહ્યા હતા. તેઓએ બીજો વિચાર કર્યો, પોતે અમુક વિચાર રાખવા છતાં વિધિ તો બીજું જ વિચારી રહી છે આ વચન પ્રત્યક્ષ અનુભવમાં આવ્યું.

'હું આ પુત્રોને યોગ્ય કન્યાઓનાં સંબંધમાં વિચાર કરી રહ્યો હતો, પરંતુ તેઓ કહે છે કે અમારે કન્યા નથી જોઈતી. પિતાજી કન્યા કોને માટે જોઈ રહ્યા છે ? પૂર્વજન્મના કર્મનું કોણ ઉલ્લંઘન કરી શકે ! નહિતર શું આ ઉંમરમાં આવો વિચાર ? હાથથી જે બાજી છટકી ગઈ તેને માટે દુઃખ કરવાનું શું પ્રયોજન ? હવે તમો દુઃખી થાઓ તો શું તેઓ આવી શકે છે ? કદી નહિ. તો નકામું રડવું શા માટે ? તેથી તમે હવે ભૂલવાનો પ્રયત્ન કરો નહિતર તમારો વિવેક શા કામનો ?

પુત્રોના રહેવાથી રત્નોની સમાન સમજીને પ્રેમ કરવો જોઈએ. તેમના ગયા પછી કાચની સમાન સમજીને તેમને ભૂલી જવા જોઈએ. તેઓ તપ માટે ગયા છે ને ? તો સારું કર્યું તેમ કહેવું જોઈએ. કુપથ માટે તો નથી ગયા ? અપકીર્તિ કરી હોય તો રોવું જોઈએ, નિર્મલ માર્ગમાં જવાથી દુઃખી શા માટે થવું ? એક વાત બીજી છે. તપ લઈને પણ મરીચિકુમારની સમાન મિથ્યામાર્ગનું અવલંબન નથી કર્યું. પોતાના દાદા (આદિપ્રભુ)ની પાસે જ ગયા છે. તેને માટે દુઃખ કેમ ઉપજાવું જોઈએ ? બીજી એક વાત સાંભળો ? રાજા હોત તો તેમને મારા રાજ્યની પ્રજાઓ નમસ્કાર કરત. પરંતુ હવે તો પન્નગામરનર લોકની સમસ્ત જનતા તેમના ચરણોમાં મસ્તક નમાવે છે.

અનેક સ્ત્રીઓના પુત્રો રાજ્યનું પાલન કરી રહ્યા છે. પરંતુ આપના પુત્ર સમસ્ત વિશ્વને તેમના ચરણોમાં ઝુકાવે છે. તેથી વિશેષ આપનું ભાગ્ય બીજું કયું હોઈ શકે ? દુઃખથી શરીર મ્લાન થાય છે, આયુષ્ય ઘટે છે, ભયંકર પાપનું બંધન થાય છે. તમો વિવેકી હોઈને આ પ્રકારનું દુઃખ કેમ ઉત્પન્ન કરો છો ? બસ, શાંત રહો, વીણાજી ! વિદ્રુવતી ! સુમનાજી ! પ્રિયા વીણા દેવી ! આવો ઈત્યાદિ પ્રકારથી બોલાવતા થકા તેમની આંખોને પોતાના હાથથી લૂછતા થકા ભરતજીએ કહ્યું કે હવે દુઃખી ન થાઓ. તમને મારા શપથ છે.

હે માણિકયદેવી ! મંદ્રાણી ! ચંદ્રાણિ ! કલ્યાણાજિ ! મધુમાધવાજી ! જાણાજી ! કાંચનમાલા ! આવો. દુઃખ છોડો. આ રીતે કહેતા થકા તેમને ભરતજીએ આલિંગન કર્યું. મંગલવતી, મદનાજી, રત્નાવતી, શૃંગારવતી, પુષ્પમાલા, ભૃંગલોચના, નીલલોચના, તમે પુત્રોના શોકને ભૂલી જાઓ, તેમને સાંત્વન આપતા થકા ભરતજી તેમના કેશપાશ બાંધતા હતા, શરીર પર હાથ ફેરવતા થકા આંસુઓ લૂછી રહ્યા હતા, મીઠું મીઠું બોલી રહ્યા હતા. અને ફરી તે વખતે આલિંગન કરતા હતા. આ રીતે તે સ્ત્રીઓને સંતોષ આપતા થકા ભરતજીએ ફરી કહ્યું દેવીઓ ! તમો શોક કેમ કરો છો ? જો

તમોએ મારી સેવા બરાબર કરી તો હું ફરી તમને બાળક દઈશ. તમે ચિંતા ન કરો. તે સાંભળીને તે સ્ત્રીઓ હસી.

ત્યારે તે સ્ત્રીઓ ભરતજીને એમ કહીને દૂર ઊભી રહી 'કે દેવ ! રોનારાને હસાવવાનો ગુણ આપમાં જ અમે જોયો. જવા દ્યો. આપને હરેક વખતે હસવું જ આવે છે. બહાર જ્યારે આપ જાઓ ત્યારે મહા ગંભીર બનો છો. પરંતુ અંદર આવવાથી અહીંયાં રમત સૂઝે છે. નાના બાળકો જવા છતાં પણ આપને દુઃખ નથી થતું. આપનાં વચન જ એ વાતને સૂચવે છે.'

ભરતજી ત્યારે કહેવા લાગ્યા કે તમો શોક કરતા હતા તેથી હસવું લાવવા વિનોદથી એક વાત કહી દીધી. દુઃખ તો મને પણ થાય છે. પરંતુ હવે રોવાથી શું લાભ ? તમને એક એકને એક એક પુત્રના વિયોગનું દુઃખ છે. પરંતુ મને તો એકદમ સો પુત્રોના વિયોગનું દુઃખ છે. મારું દુઃખ અધિક છે કે તમારું ? તોપણ મેં સમતા રાખી છે. બીજી મારી રાણીઓને એક એક પુત્ર સિવાય બીજો પુત્ર ન થાય એ દુનિયા જાણે છે તેમ છતાં ઉપચાર ને વિનોદથી મેં આ વાત કહી. દુઃખી ન થાઓ.

આ રીતે રાણીઓને સાંત્વન આપી પોતપોતાના મહેલમાં મોકલીને ભરતજી સ્વયં આનંદથી પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા.

ખરેખર ભરતજી મહાન પુણ્યશાલી છે. તે દુઃખમાં પણ સુખનો અનુભવ કરે છે. જંગલમાં પણ મંગલ માને છે. આ તો વિવેકીનું કર્તવ્ય છે. સર્વગુણસંપન્ન સો પુત્રોના વિયોગનું તે દુઃખ સામાન્ય નહોતું, તોપણ વસ્તુસ્વરૂપનો વિચાર કરીને તેને ભૂલવું એ અતુલ સામર્થ્યનો જ પ્રભાવ છે. તેથી તેઓ સદા આ પ્રકારની ભાવના કરે છે કે :–

''હે ચિદંબર પુરુષ ! આપ સંસાર દુઃખને દૂર કરનારા છો, સદ્‌ગુણની વૃદ્ધિ કરનારા છો. હે નિર્મલજ્ઞાનાંશુ ! મારા હૃદયમાં અંશરૂપે તો આપ બિરાજમાન રહો.''

''હે સિદ્ધાત્મા ! અણિમાદિ મહર્દ્ધિઓને તૃણની સમાન સમજીને આઠ સદ્‌ગુણોને પ્રાપ્ત કરનારા લોકદર્પણ ! આપ મને સન્મતિ આપો.''

# ૧૦. પંચૈશ્વર્ય સંધિ

**રા**ણીઓનું દુઃખ શાંત કરીને ભરતજી દીક્ષિતપુત્રોને જોવા માટે બીજે જ દિવસે કૈલાસપર્વત પર પહોંચ્યા. પિતાને કેમ ચેન પડે ! યુવરાજથી માંડીને ઘણા પુત્રોને સાથે લીધા અને પવન (આકાશ) માર્ગે જઈને સમવસરણમાં પહોંચ્યા. ત્યાં દ્વારપાલક દેવોની અનુમતિ લઈને અંદર દાખલ થયા. ભગવાનના દર્શન કરીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. અને દુરિનારિ, દુઃખસંહારિ, પુરુનાથ, આપનો જયજયકાર હો ! ઈત્યાદિ શબ્દોથી પોતાના પુત્રોની સાથે સ્તોત્ર બોલ્યા. મુનિરાજોની વંદના કરતા થકા નૂતન દીક્ષિત યતિઓને પણ વંદના કરી. તે મુનિરાજોએ આશીર્વાદ આપ્યો. અહીં દુઃખનો ઉદ્દભવ કોઈને પણ નહોતો થતો, આશ્ચર્ય છે. મહેલમાં દુઃખ થયું પણ સમવસરણમાં દુઃખની ઉત્પત્તિ ન થઈ. જિન મહિમા છે. આ રીતે બુદ્ધિસાગરમુનિ, મેઘેશ્વરમુનિને પણ ત્યાં તેઓએ વંદના કરી. તેમને જોઈને હર્ષથી સમ્રાટે કહ્યું કે સંસારને આપે જીતી લીધો, ધન્ય છે. ત્યારે તે લોકોએ ઉત્તરમાં કાંઈ પણ ન કહેતા કેવલ આશીર્વાદ આપ્યો. આ રીતે ભક્તિથી બધાની વંદના કરીને ભરતજી પોતાના પુત્રોની સાથે આદિદેવની પાસે આવીને બેસી ગયા.

ભગવાનને ભરતજીએ હાથ જોડીને પ્રાર્થના કરી કે સ્વામી ! મોક્ષ કોને કહો છો ને તેની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે ? કૃપા કરીને કહો. ત્યારે ભગવાને પોતાના દિવ્યનાદથી નીચે પ્રમાણે કહ્યું.

'મોક્ષનો અર્થ છૂટકારો છે. કર્મથી છૂટકારો થઈને જ્યારે આ કેવલ આત્મા જ રહે છે ત્યારે તેને મોક્ષ કહે છે. કર્મ કેવી રીતે દૂર થાય તે પણ જરાક સાંભળો. ત્રણ શરીરની અંદર સ્થિત આત્મા સંસારી છે. જ્યારે ત્રણ દેહનો નાશ થઈ જાય છે, ત્યારે તે આત્મા મુક્ત થઈ જાય છે. આ રીતે શરીર ભિન્ન છે, હું ભિન્ન છું. આ રીતે ધ્યાનનો અભ્યાસ કરવાથી શરીર છૂટીને મુક્તિની પ્રાપ્તિ થાય છે. કાષ્ટમાં અગ્નિ છે. તેને ઘસવાથી તે કાષ્ટને બાળી નાંખે છે. આ રીતે આત્મા ધ્યાનઅગ્નિદ્વારા આત્માનું નિરીક્ષણ કરે તો ત્રણ શરીર બળી જાય છે. કર્મને ત્રણ શરીર આ બન્નેનો એક અર્થ છે. ધર્મનો અર્થ નિર્મલ આત્મા છે. ધર્મને ગ્રહણ કરો, કર્મનો પરિત્યાગ કરો. ધર્મને ગ્રહણ કર્યા પછી કર્મ આપોઆપ દૂર થઈ જાય છે અને મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

બાહ્ય ધર્મ બધો વ્યવહાર અથવા ઉપચાર ધર્મ છે. પરંતુ આત્મા જ ઉત્કૃષ્ટ ધર્મ છે. બાહ્ય ધર્મોથી દેહભોગાદિકની પ્રાપ્તિ થાય છે. અંતરંગધર્મથી દેહ નાશ પામીને મુક્તિની પ્રાપ્તિ થાય છે. ત્રણ રત્ન અર્થાત્ રત્નત્રયનું ધ્યાન કરવું તે જ મારી અભિન્ન ભક્તિ છે. ત્યારે હે ભવ્ય ! મારો વૈભવ તમને પણ પ્રાપ્ત થાય છે. જુઓ ! તમે પોતાને જ પોતાથી જુઓ. આકાશની સમાન આત્મા છે, ભૂમિની સમાન આ શરીર છે. આકાશ ભૂમિની અંદર છુપાયું છે. કેવું આશ્ચર્ય છે. આ રીતે વિચાર કરવાથી આત્મદર્શન થાય છે.

ચંચલ ચિત્તને રોકીને, બન્ને આંખો મીંચીને, નિર્મલ ભાવદૃષ્ટિ દ્વારા વારંવાર જોવાથી દેહની અંદર તે પરમાત્મા સ્વચ્છ પ્રકાશની જેમ દેખાય છે. બેસીને ધ્યાન કરવાથી શરીરમાં બેઠેલી સ્વચ્છ પ્રતિમાની સમાન આત્મા દેખાય છે. સૂઈને ધ્યાન કરવાથી સૂતેલી પ્રતિમાની સમાન અને ઊભા થઈને ધ્યાન કરવાથી ઊભેલી પ્રતિમાની સમાન દેખાય છે. પહેલા વહેલા બેસીને કે ઊભા રહીને

ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ. અભ્યાસ થયા પછી બેસો, ઊભા થાઓ અથવા સૂઓ પણ આત્મદર્શન થશે. શરીર ગમે તેમ કેમ ન રહે પણ આત્મામાં લીન થઈ જાય ત્યારે તે દેદીપ્યમાન આત્મા નિકટ ભવ્યોને જોવા મળે છે.

હે ભવ્ય ! આ જ્ઞાનસાર છે, આ ચારિત્ર સાર છે, આ સમ્યક્ત્વ સાર છે, આ ઉત્તમ તપસાર છે. ધ્યાનથી ચડિયાતી કોઈ ચીજ નથી. આનો વિશ્વાસ કરો. મતિજ્ઞાનથી કેવલજ્ઞાન સુધીનું જ્ઞાન પણ તે ધ્યાનરૂપ છે. સિદ્ધોના આઠ ગુણ પણ તે રૂપે છે. વિશેષ શું ? સિદ્ધ સ્વયં આ સ્વરૂપે છે. આ મારી આજ્ઞા છે. વિશ્વાસ કરો. જેમ જેમ સૂર્યબિંબનું ઉપરથી મેઘાચ્છાદન ખસી જાય છે તેમ તેમ સૂર્યનો પ્રકાશ વધતો જાય છે એવી રીતે આત્મસૂર્યથી કર્માવરણ જેમ જેમ ખસી જાય છે તેમ તેમ મતિજ્ઞાનાદિ જ્ઞાનોમાં નિર્મલતા વધતી જાય છે. ત્યારે જ્ઞાનના પાંચ ભેદ બને છે.

જેવી રીતે મેઘપટલ તદ્દન દૂર થયા પછી સૂર્ય પૂર્ણ ઉજ્જવલ પ્રગટે છે તેવી જ રીતે કર્મમેઘ અશેષરૂપે ટળી જાય છે. ત્યારે સમસ્ત વિશ્વને જાણવામાં સમર્થ કૈવલ્ય બોધની (કેવલજ્ઞાનની) પ્રાપ્તિ થાય છે. ધૂલ વગેરે ખરી જવાથી જેવી રીતે દર્પણ નિર્મલ થાય છે તેવી રીતે ધ્યાનના બલથી આ આત્મયોગી જ્યારે નોકર્મને દૂર કરે છે ત્યારે કેવલદર્શનની પ્રાપ્તિ થાય છે. મને મારા આત્માથી મહિમાવંત બીજો કોઈ પદાર્થ નથી એમ દૃઢીભૂત થઈને જ્યારે તે ભવ્ય આત્મામાં મગ્ન થાય છે ત્યારે સાત પ્રકૃતિઓનો અભાવ થાય છે. તે વખતે ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

જેવી રીતે પાણીમાં મીઠું એક રસ થઈ જાય છે તેવી રીતે આત્મામાં આ મનને તલ્લીન કરવાથી જ્યારે મોહનીય કર્મની એકવીશ પ્રકૃતિઓનો અભાવ થાય છે. ત્યારે યથાખ્યાત ચારિત્ર આવે છે. રોગના દૂર થવાથી રોગી સામર્થ્ય સંપન્ન થાય છે. આ રીતે આત્મયોગી જ્યારે પાંચ અંતરાય કર્મોને દૂર કરે છે ત્યારે ત્રણ લોકને ઊચકવાનું સામર્થ્ય પ્રાપ્ત કરે છે, તે અનંતવીર્ય છે. બે ગોત્રનો અભાવ થયા પછી તે આત્મા સિદ્ધક્ષેત્ર ઉપર પહોંચી જાય છે, ત્યાર પછી આ ભૂપ્રદેશ પર નીચે આવતો નથી. અગુરુલઘુ નામના મહાન ગુણોને પ્રાપ્ત કરે છે. બે વેદનીય કર્મોને જ્યારે આ ધ્યાનના બલથી છેદી નાંખે છે, ત્યારે અવ્યાબાધ નામના ગુણને પ્રાપ્ત કરે છે જેથી તેને કોઈથી પણ બાધા પહોંચતી નથી.

જ્યારે આ આત્મા ધ્યાનના બલથી ચાર પ્રકારના આયુ કર્મને દૂર કરે છે ત્યારે અનંત સિદ્ધોને પણ પોતાના પ્રદેશમાં સ્થાન દેવા યોગ્ય અવગાહન ગુણને પ્રાપ્ત કરે છે. આ રીતે નામ કર્મની ત્રાણું પ્રકૃતિઓનો ધ્યાનના બળથી જ્યારે તે નાશ કરે છે ત્યારે પંચેન્દ્રિયોને માટે અગોચર, અતિસૂક્ષ્મ નામના ગુણને પ્રાપ્ત કરે છે. આ રીતે એકસો અડતાલીશ કર્મ પ્રકૃતિઓને દૂર કરવાથી આત્મા સંપૂર્ણ આત્મયોગને પ્રાપ્ત કરે છે, અને લોકપ્રવાસી બને છે. તે તો મોક્ષ છે. આ સિવાય મોક્ષપ્રાપ્તિનો અન્ય માર્ગ નથી.

હે ભરત ! હું પણ અહીં વિહાર કરું છું; અનંત સિદ્ધ ત્યાં રહે છે. તે બ્રહ્માનંદ છે. તેનો વિશ્વાસ કરો. અનેક અર્થોને છોડીને મને જ જોવાનો પ્રયત્ન કરો. તે તમને મુક્તિ તરફ લઈ જશે. અનેક શાસ્ત્રોનું અધ્યયન કરીને, તપશ્ચર્યા કરીને પણ જો ધ્યાનની સિદ્ધિ નથી થતી તો મુક્તિ નથી

થતી. આ સારભવ્યોનું કૃત્ય છે. દૂર ભવ્યોને આની પ્રાપ્તિ નથી થતી. તેથી હે ભવ્ય ! ધ્યાનાલંકારને ધારણ કરો. આગળ તમને મુક્તિ સ્ત્રીની પ્રાપ્તિ થશે. આજે પંચૈશ્વર્યની પ્રાપ્તિ થશે. હવે તેમાં વાર નથી, બિલકુલ સમય નજીક આવી ગયો છે. હાલ તે પંચસંપત્તિઓનાં નામ શું કહું ! આત્મયોગ્ય ધારણ કરો. અત્યારે જ તમને તે પંચસંપત્તિઓનાં દર્શન થશે. વિચાર કરીને આંખો મીંચીને ધ્યાનમાં બેસો. આમ કહીને ભગવાનની દિવ્યવાણી નીકળતી બંધ થઈ.

ઉત્તરીય વસ્ત્રને કાઢી નાખીને કેડે બાંધ્યું અને સ્વયં સિદ્ધાસનમાં બિરાજમાન થઈને સુવર્ણની પૂતલી સમાન એકાગ્રતાથી બેઠા. વાયુને બ્રહ્મરંધ્રે ચડાવ્યો, આંખો મીંચીને મનને આત્મામાં લગાવ્યું. અંદર પ્રકાશનો ઉદય થયો. વસ્ત્ર, આભરણાદિ શરીરમાં હતા, પરંતુ આત્મા નગ્ન હતો. જેવી રીતે હંસ પાણી મૂકીને દૂધ ગ્રહણ કરે છે તેવી રીતે પરમહંસ સમ્રાટે શરીરને છોડીને હંસનું (-આત્માનું) જ ગ્રહણ કર્યું. અત્યંત ગુપ્ત ભોંયરામાં એક વીજળીની બત્તી બળવાથી જેવી હાલત થાય છે તેવી આજે સમ્રાટની દશા છે. તેને કોઈ નથી જાણતા. અંદર આત્મપ્રકાશ એવો દેદીપ્યમાન થઈ રહ્યો છે, જાણે કે ભરતજીએ તે વખતે ઉજ્જવલ ચાંદનીનાં વસ્ત્રો પહેર્યાં હોય ! વીજળીને આખા શરીરમાં ધારણ કરી હોય ! એટલું જ કેમ ! ઉત્તમ મોતીને મુક્તિકાંતાને આલિંગન દઈ રહ્યા હોય ! આકાશમાં વિહાર કરવાની સમાન સિદ્ધલોકમાં વિહાર કરી રહ્યા હોય ! એટલું જ નહિ, જાણે કે સિદ્ધ સાથે એકાંતમાં વાતચીત કરી રહ્યા હોય ! એ પ્રમાણે લાગતું હતું. ત્યાં વચન નથી, મન નથી, તન નથી, ઈન્દ્રિય સમૂહ નથી. કર્મલેશ પણ નથી. કેવલ જ્યોતિસ્વરૂપ જ્ઞાન જ આત્મસ્વરૂપમાં તે વખતે જોઈ રહ્યા છે. એક વાર સ્વચ્છ ચાંદની સમાન આત્મા દેખાય છે, જ્યારે કર્મનો અંશ આવે છે તો પાછો જ ઢંકાય જાય છે, ફરી પ્રકાશે છે.

આ રીતે ઘાસની અગ્નિ સમાન તે આત્મા ચમકે છે. તેજ પ્રકાશ હોતા શુકલધ્યાન છે. તેમાં વળી ઓછોવત્તો નથી થતો. મંદ પ્રકાશ ધર્મધ્યાન છે, તેમાં ક્યારેક તીવ્ર મંદ થાય છે. જ્યારે આત્મદર્શન થાય છે ત્યારે આનંદ થાય છે. કર્મનો પિંડ એકદમ ખરવા માંડે છે. બહારના લોક તે નથી સમજી શકતા. કાં તો ભગવાન જાણે છે અથવા તે સ્વયં ધ્યાતા જાણે છે. જ્ઞાનનો અંશ વધતો જાય છે. લાખના ઘરમાં અગ્નિ લગાવતા જેવી રીતે તે ઓગળી જાય છે તેવી રીતે ધ્યાનાગ્નિના બલથી તૈજસકાર્મણ શરીર ઓગળવા લાગ્યા. ક્ષણ ક્ષણમાં ચિત્પ્રભા વધવા લાગી. ધ્યાનગ્નિએ તુરંત જ મતિજ્ઞાનાવરણીયને બાળી નાખ્યું. ત્યારે ભરતજીને મતિજ્ઞાનસંપત્તિની પ્રાપ્તિ થઈ. અર્થાત્ સાતિશય જ્ઞાનની પ્રાપ્તિ થઈ. પરોપદેશ ને શાસ્ત્રની સહાયતા વિના જ આત્મામાં જ પદાર્થના નિર્ણયનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે તેને સાતિશય મતિજ્ઞાન કહે છે. તે સુજ્ઞાન તેમને પ્રાપ્ત થયું.

મતિજ્ઞાનના આવરણને બાળ્યા પછી તે ધ્યાનરૂપી અગ્નિ શ્રુતાવરણમાં લાગી ગઈ. તત્કાલ જ શ્રુતાવરણ બળી ગયું. સાતિશય શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થઈ. મતિજ્ઞાનપૂર્વક શાસ્ત્રોના અધ્યયનથી પદાર્થોને વિશેષપણે જાણવા તે શ્રુતજ્ઞાન છે, તે ચતુર્દશપૂર્વરૂપે છે. તે જ્ઞાન આત્મયોગના બલથી સમ્રાટને થઈ ગયું. ત્યાર પછી તે ધ્યાનાગ્નિ અવધિદર્શનાવરણ ને અવધિજ્ઞાનાવરણ પર લાગી ગઈ. તરત જ બન્ને બળીને ખાક થઈ ગયા. સમ્રાટને અવધિજ્ઞાન ને અવધિદર્શનની પ્રાપ્તિ થઈ. અવધિજ્ઞાનનો અર્થ સીમિતિ

જ્ઞાન છે (-મર્યાદિત જ્ઞાન છે). તેનાથી સમસ્ત લોક નથી જણાતો. તેથી તેમને તે વખતે સીમિત જ્ઞાનદર્શનની પ્રાપ્તિ થઈ. પાછલા કેટલાક ભવોને ને આગામી કેટલાક ભવોને તેઓ તેના બળથી જાણી શકે છે, તો ધ્યાનથી ચડિયાતું બીજું કયું તપ હોય !

હવે મનઃપર્યય જ્ઞાન રહ્યું. પણ તે ગૃહસ્થોને પ્રાપ્ત નથી થતું. વળી મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાન ક્ષાયિક જ્ઞાન નથી, ક્ષાયોપશમિક છે. જેવી રીતે માર્ગમાં પડેલા જૂના ઘાસને જેવી રીતે બાળે છે. તેવી રીતે આ ચાર જ્ઞાનના આવરણને બાળવાથી ચાર જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, પરંતુ જ્યારે પાંચમું જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે યથાર્થ આત્મસિદ્ધિ થાય છે. આવરણનાં ક્ષયના કારણે તે ચાર જ્ઞાન ક્ષાયિક કહેવાય છે. પરંતુ વસ્તુતઃ ક્ષાયિક નથી. ક્ષાયિક જ્ઞાન તો સ્વયં કેવલજ્ઞાન છે. હવે એનું વર્ણન પુરું થયું. તે ધ્યાનાગ્નિ હવે મોહનીયકર્મ તરફ વળી. ત્યાં આત્માના ધ્રૌવ્યગુણને દૂર કરનારી સાત પ્રકૃતિઓને બાળવાનો તેણે પ્રારંભ કર્યો. તે સાત પ્રકૃતિઓને એવી બાળી નાખી કે તેનો ફરી ઉદ્ભવ ન થાય. અનંતાનુબંધી કષાય ચાર, મિથ્યાત્વ, સમ્યક્ત્વ, ને સમ્યક્મિથ્યાત્વ આ સાત પ્રકૃતિઓને તેણે બાળી નાખી. સિદ્ધ ને અરિહંતના સમ્યક્ત્વથી તે જરાય ઊતરતું નથી. તેમની વૃદ્ધિની બરાબરી કરનારું તે સમ્યક્ત્વ છે. તેને ક્ષાયિક સમ્યક્ત્વ કહે છે. તેની પ્રાપ્તિ ભરતજીને થઈ. આત્માથી ચડિયાતો કોઈ પદાર્થ નથી. આત્માથી જ આત્માની મુક્તિ થાય છે. આ રીતે આત્મસંપત્તિમાં તે ભરતયોગી મગ્ન થયા. હવે અવ્યય સિદ્ધિનો માર્ગ તેમને સરલ બની ગયો.

આ રીતે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિદર્શન, અવધિજ્ઞાન ને ક્ષાયિક સમ્યક્ત્વરૂપે ભરતજીને પંચૈશ્વર્યની પ્રાપ્તિ થઈ. શું જગત્પતિ ભગવાનનું કથન અન્યથા થઈ શકે છે ? અગિયાર કર્મોને બાળીને પંચૈશ્વર્ય પ્રાપ્ત કર્યું. હવે બાકીના કર્મોને આટલા જ કાળમાં હું દૂર કરીશ એ પણ સમ્રાટ તે વખતે જાણી લીધું. આજનો આટલો જ લાભ છે, આગળ પછી ક્યારેક જોઈશ આ વિચારથી હૃદયમંદિરના અચલ સચ્ચિદાનંદને વંદના કરીને ભરતજીએ આનંદથી આંખો ખોલી નાખી ને ઊઠીને ઊભા થયા.

જય ! જય ! ત્રિભુવનનાથ ! મારા સ્વામી ! આપ જયવંત રહો. આપની કૃપાથી કર્મોને જીતીને પંચૈશ્વર્યને પ્રાપ્ત કર્યું. આમ કહેતા થકા ભરતજીએ ભગવાનના ચરણોમાં મસ્તક નમાવ્યું. તે વખતે કરોડો દેવવાદ્ય વાગવા લાગ્યા. દેવગણ પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા અને સમવસરણમાં સર્વત્ર જયજયકાર થવા લાગ્યો. અંતરંગ આત્મકલા વધવાથી શરીરમાં પણ નવીન કાંતિ વધી ગઈ. તેને દેખીને કુલપુત્ર આનંદથી નૃત્ય કરવા લાગ્યા, અને આદિપ્રભુના ચરણોમાં નમસ્કાર કર્યા. હે ભરતેંદ્ર ! ભવ્યાંબુજ ભાસ્કર ! પરમેશાગ્રકુમાર ! પરમાત્મરસિક કર્મારિ ! તમે જયવંત રહો. આ રીતે વેત્રધરદેવ ભરતની પ્રશંસા કરવા લાગ્યા.

ભગવાન અરહંતને ફરી સાષ્ટાંગ નમસ્કાર કરીને મુનિઓને વંદના કરીને અને શેષ અને બાકીના બધાની સાથે યથાયોગ બોલતા થકા ભરતજી પોતાના પુત્રોની સાથે નગરની તરફ રવાના થયા. ત્યારે બધા લોકો કહેતા હતા કે શાબાશ, રાજા ! (કર્મોને) જીતી લીધા. તનને દંડિત ન કરતાં મનને દંડિત કરનારા અને પોતાના આત્મામાં મગ્ન થઈને કર્મોને જિતનારા ભરતજી હવે પોતાના

નગરની તરફ જઈ રહ્યા છે. વર્ષોસુધી રટણ કરીને ગ્રંથોનો પાઠ કરતા થકા મોઢું સૂકવી નાખનારા શાસ્ત્રોની વૃત્તિ પર હસતા થકા અને ક્ષણભરનાં આગમ સમુદ્રને પાર પહોંચનારા સમ્રાટ જઈ રહ્યા છે.

બહુ દિવસ સુધી ઘોર તપશ્ચર્યા ન કરીને અને દીર્ઘકાલ સુધી ચિત્તરોધ કર્યા વગર જ અવધિજ્ઞાનને પ્રાપ્ત કરનારા ભરતજી જઈ રહ્યા છે. માયાને દૂર કરીને શરીરમાં સ્થિત આત્મામાં શ્રદ્ધા કરતા થકા ક્ષાયિક સમ્યક્ત્વને પામનારા ભરતજી પોતાના નગર તરફ જઈ રહ્યા છે. શરીર ને મસ્તકે વસ્ત્ર ને આભૂષણ હોવા છતાં પણ આત્માને નગ્ન કરીને પંચૈશ્વર્યને પ્રાપ્ત કરનારા કાલકર્મના વિજયી રાજા જઈ રહ્યા છે. નૂતન દીક્ષિત પોતાના પુત્રોને જોવા ગયેલા પરંતુ સાક્ષાત્ આત્માને જોઈને તત્ક્ષણ પંચ સંપત્તિને પામીને આવ્યા, એવા અતિદક્ષ સમ્રાટ જઈ રહ્યા છે. ધ્યાન જ મહા ભારી તપશ્ચર્યા છે. તે યોગીને પણ થઈ શકે છે ને ગૃહસ્થને પણ થઈ શકે છે. એનું હું દૃષ્ટાંત છું. આ રીતે લોકની સામે ઢંઢેરો પીટતા ભરતજી જઈ રહ્યા છે. પોતાના આત્માને જાણનાર લોકને જાણી શકે છે. પોતાને જાણનાર જ યથાર્થ તપસ્વી છે. બધા લોકો મને દેખીને આ વાતનો વિશ્વાસ કરો એમ સ્પષ્ટ કરતા થકા તે નરનાથ જઈ રહ્યા છે. અનેક વિમાનોમાં ચડીને પુત્ર ને ગણબદ્ધદેવ પણ તેમની સાથે જઈ રહ્યા છે.

આનંદપૂર્વક ધીમે ધીમે જ્યારે સમ્રાટનું વિમાન જાય છે ત્યારે યુવરાજે કાંઈક વિચારીને ભરતજીને કહેતા થકા કેટલાક લોકોની સાથે આગળ પ્રસ્થાન કર્યું અને વીજળીની સમાન અયોધ્યાનગરીમાં પહોંચ્યા. ને ત્યાં મંત્રી મિત્રોને પંચૈશ્વર્યની પ્રાપ્તિના સમાચાર આપ્યા. બધાને આનંદથી રોમાંચ થયા. નગરમાં આનંદભેરી બજાવવામાં આવી. સર્વત્ર શૃંગાર રચવામાં આવ્યો, ધ્વજ પતાકાદિ બધેય ફરકવા લાગ્યા અને અનેક હાથી, ઘોડા, રથ વગેરેને લઈને ભરતજીના સ્વાગત માટે યુવરાજ આવ્યા. ભરતજીની સામે પહોંચીને યુવરાજે ભેટ ચડાવી ને નમસ્કાર કર્યા. તે જોઈને બધા કુમારોએ પણ તેવું જ કર્યું. આ રીતે રાજપુત્ર, મંત્રી, મિત્રોએ પણ અનેક ભેટ ચડાવીને ચક્રવર્તીને અભિનંદન કર્યું.

સમ્રાટે બહુ વૈભવપૂર્વક નગરમાં પ્રવેશ કર્યો. સ્તુતિપાઠકોની સ્તુતિ, કવિઓની સ્તુતિ, વિદ્વાનોની શ્રુતિ અને બ્રાહ્મણોનો આશીર્વાદ આદિ સાંભળતાં થકા આનંદથી ભરતજી આવી રહ્યા છે. આ રીતે પાઠક, મલ્લ, વેશ્યાઓ, વેત્રધર આદિની ક્રીડાને જોતા થકા તેઓ જઈ રહ્યા છે. નગરમાં અગાશીઓ પર ચડીને સ્ત્રીઓ ભરતેશનો વૈભવ જોઈ રહી છે. પરંતુ ચક્રવર્તીની દૃષ્ટિ તેમની તરફ નથી. મહેલમાં પહોંચીને બહારના દીવાનખાનાથી જ બધા પુત્ર, મિત્ર, મંત્રી આદિને પોતાના સ્થાને રવાના કર્યા અને સ્વયં મહેલની તરફ ચાલ્યા ગયા. ત્યાં રાણીઓએ બહુ આનંદપૂર્વક સ્વાગત કર્યું, અને ભક્તિથી રત્નની આરતી ઉતારી. પોતપોતાના કંઠાભરણને ઉતારીને ભરતજીના ચરણોમાં મૂક્યા. પટ્ટરાણીએ પણ પતિનો યોગ્ય સત્કાર કર્યો. ભરતજીએ પણ પંચૈશ્વર્યની પ્રાપ્તિનું સર્વવૃત્તાંત કહેતા થકા આનંદથી તે દિવસ વિતાવ્યો.

ભરતજીના ભાગ્યનું શું વર્ણન કરીએ ? એક ગૃહસ્થ હોવા છતાં તેઓ મોટા મોટા યતિઓને પણ કષ્ટસાધ્ય સંપદાને પ્રાપ્ત કરે એ કોઈ સામાન્ય વાત નથી. નૂતન દીક્ષિત પુત્રોને જોવા માટે

સમવસરણમાં જાય છે, ત્યાં ધ્યાનના બળથી વિશિષ્ટ કર્મનિર્જરા કરે છે અને સાતિશય પંચસંપત્તિને પ્રાપ્ત કરે છે. આ બધી વાતો તેમના મહાપુરુષત્વને વ્યક્ત કરે છે. તેમને વિશ્વાસ છે કે આત્મયોગ રહેવાથી કોઈ પણ વૈભવની ખામી ન રહે. તેથી તેઓ સદા આ પ્રકારની ભાવના કરે છે કે :–

''હે ચિદંબરપુરુષ ! મારી પાસે આપ રહેતાં સંપત્તિ, સુખ, સૌંદર્ય, શૃંગાર આદિ કઈ વાતની ખામી રહી શકે ? તેથી આપ મારા અંતરંગમાં સદાય વર્ત્યા રહો.''

''હે સિદ્ધાત્મા ! અચ્યુતાનંદ ! સદ્‌ગુણવૃંદ, ચંડમરીચ્યમૃત્તાંશુ પ્રકાશ ! સુચ્યુતકર્મ ! ગુરુદેવ ! હે નિર્વાચ્ય ! મને સન્મતિ આપો.''

આ ભાવનાનું ફળ છે કે તેમને નિત્ય નવા વૈભવની પ્રાપ્તિ થાય છે.

# ૧૧. તીર્થેશપૂજા સંધિ

**ભ**રતજીએ પંચસંપતિ પ્રાપ્ત કર્યા પછી સેનાધિપતિ મેઘેશના પુત્રને બોલાવ્યો. પોતાના મંત્રી, મિત્ર અને રાજાઓની સામે તેમનું સન્માન કર્યું. અને આનંદપૂર્વક કહેવા લાગ્યા કે આ બાલકના પિતાના જયકુમાર, અયોધ્યાંક એ પ્રકારના નામ હતા. પરંતુ તેની વીરતાથી પ્રસન્ન થઈને મેં તેને વીરાગ્રણી એ ઉપાધિની સાથે મેઘેશ્વર નામ આપ્યું હતું. હવે તે જ્યારે દીક્ષા લઈને ચાલ્યા ગયા છે તો તે બાલક મારે તેના સ્થાને છે. તેના પિતાને પાછળ આપેલા નવા નામની જરૂર નથી. તેનું પુરાતન નામ જ રહેવા દ્યો. તેને આજથી અયોધ્યાંક કહીશું. તે પુત્રને એમ પણ કહ્યું કે 'બાલક ! તમારી સેવાને જોઈને પિતાથી પણ અધિક તમારો વૈભવ બનાવી દઈશું. આ વખતે તમે પિતાના ભાગ્યમાં રહો (પિતાની જગ્યાએ રહો.)

વળી એમ પણ કહ્યું કે જ્યાં સુધી તે ઉંમરલાયક ન થાય ત્યાં સુધી મેઘેશ્વર દ્વારા નિયત વીર જ સેનાપતિનું કાર્ય કરે. પરંતુ હું વિધિપૂર્વક સેનાપતિનો પટ આ બાળકને બાંધુ છું. આ રીતે કહેતા થકા તે બાળકનું સન્માન કર્યું. પહેલાનું અનંતવીર્ય નામ હવે ચાલ્યું ગયું, હવે તેને લોકો અયોધ્યાંક કહે છે. તે દિવસથી તે બાળક આનંદથી વધીને યૌવનવેદી પર પગ રાખવા લાગ્યા. 'રાજાનો હાથ લાગવાથી તૃણ પણ પર્વત બની જાય છે' આ લોકોક્તિ ખોટી કેમ થઈ શકે ? તે બાળક સમ્રાટની સેનાના અધિપતિ બન્યા, પુણ્યવંતોના સ્પર્શથી માટી પણ સોનું બની જાય છે.

આનંદપૂર્વક કેટલોક કાળ ગયો. એક દિવસ રાત્રિના અંતિમ પ્રહરની વાત છે. ભરતજીએ એક સ્વપ્ન જોયું, જેમાં તેઓએ મેરુપર્વતને લોકાગ્ર પ્રદેશ પર ઊડતો જતો જોયો. 'શ્રી હંસનાથ' કહેતા થકા ભરતજી પલંગથી ઊઠયા. સૂતેલી પટરાણી ગભરાટથી ઊઠી અને ધ્રૂજવા લાગી. કેમકે તેઓએ તે વખતે સ્વપ્નમાં ભરતજી રોતા જોયા હતા. તે સુંદરી ભયભીત થઈને કહેવા લાગી કે સ્વામી ! મેં મહાભારે કષ્ટદાયક (અશુભ) સ્વપ્ન જોયું, ત્યારે ઉત્તરમાં ભરતજીએ કહ્યું કે દેવી ! ગભરાઓ નહિ. મેં પણ આજે એક વિચિત્ર સ્વપ્ન જોયું છે, એમ કહેતા થકા તત્ક્ષણ તેઓએ અવધિજ્ઞાનથી વિચાર કર્યો ને કહેવા લાગ્યા કે દેવી ! વૃષભેશ્વર હવે જલદી મુક્તિ જનાર છે. એની આ સૂચના છે. ત્યારે રાણીએ કહ્યું કે અમને હવે કોનું શરણ છે ?

ઉત્તરમાં ભરતજીએ કહ્યું કે અમને અમારો હંસનાથ (પરમાત્મા) જ શરણ છે. તેમની સમાન જ આપણે પણ મુક્ત થવું જોઈએ. આ સંસાર એક સ્વપ્ન છે. તેથી તેમાં એવું સ્વપ્ન આવે તો ગભરાવાની શી જરૂર છે ? આ રીતે પટરાણીને સાંત્વન આપતા થકા કૈલાસપર્વત તરફ અવધિદર્શન મૂક્યું. ત્યાં નરનાથ ભરતજીએ પ્રત્યક્ષ પુરુનાથના દર્શન કર્યા. હવે આદિપ્રભુ સમવસરણનો ત્યાગ કરી ચૂક્યા છે. તે પર્વત પર એક નિર્મલ શિલાપટપર બિરાજમાન છે. પૂર્વદિશા તરફ મુખ રાખીને સિદ્ધાસનમાં બેઠા છે. ભરતજીએ જાણી લીધું કે હવે ચૌદ દિવસમાં તે મુક્તિ જશે. તે વખતે સભામાં પહોંચીને બધાને તે સમાચાર દીધા, યુવરાજ, મંત્રી, સેનાપતિ ને ગૃહપતિએ પણ રાત્રે એક એક સ્વપ્ન જોયું હતું, તેઓએ પણ સભામાં નિવેદન કર્યું. સમ્રાટે કહ્યું કે આ બધા સ્વપ્નોમાં આદિપ્રભુને મોક્ષ જવાની સૂચના છે. આ રીતે ભરતજી બોલતા હતા, એવામાં વિમાનમાર્ગથી આનંદ નામનો એક

વિદ્યાધર આવ્યો. તેઓએ એવા જ સમાચાર આપ્યા ત્યારે ભરતજીના જ્ઞાન તરફ લોકોને આશ્ચર્ય ઊપજ્યું.

સમ્રાટે બધા દેશોમાં તરત જ પત્ર મોકલ્યા કે હવે ભગવાનની પૂજા મહાવૈભવથી ચક્રવર્તી કરશે. તેથી તે લોકો પોતાના રાજ્યથી ઉત્તમોત્તમ પૂજાદ્રવ્યોને લઈને આવ્યા. મારી બહેનો અહીં નગરમાં જ રહે. ગંગાદેવ, સિંધુદેવ આવે. નમિરાજ, વિનમિરાજ, ભાનુરાજ આદિ બધા આવે. મારા જમાઈ બધા કૈલાસપર્વત પર આવે. મારી પુત્રીઓ અહીં મહેલમાં આવીને રહે. આ રીતે બધાને પત્ર મોકલીને પોતે મહેલમાં ગયા. ત્યાં રાણીઓને કહ્યું કે હું ત્યાં પૂજા કરીશ, તમે અહીંયા સામગ્રી ને આરતી વગેરે બનાવીને મોકલતા રહો. આથી તમને વિશિષ્ટ પુણ્યની પ્રાપ્તિ થશે. આ રીતે સ્ત્રીઓને કામ સોંપ્યું. આનંદ ને પ્રસ્થાનની ભેરી બજાવવામાં આવી. કૈલાસપર્વતથી થોડેક છેટે પોતાની સમસ્ત સેનાનો મુકામ કરાવ્યો.

સ્વયં પોતાના પુત્ર, મિત્ર, રાજા અને બ્રાહ્મણ આદિ આપ્તબંધુઓને લઈને વિમાનમાર્ગે કૈલાસપર્વત તરફ ચાલ્યા ગયા. કૈલાસપર્વતના તટે જરાક રોકાઈને સમ્રાટે જરાક વિચાર કર્યો. નિર્ણય કર્યો કે દિવસે વૈભવથી પૂજા કરીશું અને રાતના વખતે રથોત્સવ કરાવીશું. આવા વિચારથી વિશ્વકર્મને આજ્ઞા આપી કે રથોની તૈયારી કરો. આ રીતે ઉચિત સામગ્રી આદિ મંગાવી, રથોનો શૃંગાર કરવો, બધાને સમાચાર દેવા આદિ કાર્ય ત્યાં ઉપસ્થિત રાજાઓને સોંપી દીધું. ગંગાના તટમાં પોતે એક વખત આહાર લેશે એવી સૂચના રસોઈઆઓને આપવામાં આવી. અને આવેલી બધી જનતાને ભોજનાદિથી તૃપ્ત કરવાનું કાર્ય ગૃહપતિને સોંપવામાં આવ્યું.

મુનિઓને આહારદાનનો પ્રબંધ અને આવેલા રાજાઓનો વિનય અને આદરસત્કાર કરવાનું કામ ‘હે યુવરાજ ! તમને સોપું છું. મને પૂજાની ચિંતા છે, તમારે એ કાર્યમાં સાવધાન રહેવું.’ આ રીતે અર્કકીર્તિને કામ સોંપ્યું. વીરાગ્રણી જમાઈ અને રાજપુત્રોની સાથે પંક્તિભોજન અને તેમનો આદરસત્કાર કરવાનું કાર્ય મહાબલકુમારને સોંપી દીધું. બ્રાહ્મણભોજન ને શ્રી બલિનૈવેદ્યની ચિંતા બુદ્ધિસાગરને સોંપવામાં આવી. આવેલ સર્વજનતાઓનો યોગક્ષેમનો વિચાર કરવાનું કામ માકાલવ્યંતરને સોંપવામાં આવ્યું. અયોધ્યાનગરીમાં વિમાનથી પહોંચીને રોજ આરતી લાવવાનું શૂરવીર વિશ્વસ્તજનોને સોંપ્યું. અન્ય મહાજનોને એ આદેશ આપ્યો કે હું ભગવાનની પૂજા કરવા મંડી જાઉં છું. તમો વ્યંતર, વિદ્યાધર રાજાઓની સાથે મને પૂજા સામગ્રી આપતા જાઓ. ચિંતિત પદાર્થને દેનારા ચિંતામણિ રત્નને સંતોષપૂર્વક આદિ રાજકુમારના હાથમાં સોંપી દીધું. વિવિધ ઈચ્છિત પદાર્થને પ્રદાન કરનારા નવનિધિઓને વૃષભરાજ ને હંસરાજને આપ્યા. બાકીના પુત્ર જમાઈઓને ચામર લઈને ઊભા રહેવાનો આદેશ કર્યો. આ રીતે પૂજાસમારંભની બાહ્ય સર્વ વ્યવસ્થા કરીને સમ્રાટ પર્વત ઉપર ચાલ્યા ગયા.

સમવસરણ આકાશ પ્રદેશમાં હતું. કોઈ મંદિરથી દેવ ચાલી જવાથી મંદિરની જે હાલત થાય છે. તેવી દશા તે વખતે તેની હતી. જગદીશ આદિપ્રભુ પર્વત પર અલગ બિરાજમાન હતા. જેવી રીતે કોઈ નિસ્પૃહ યોગી ઘરના જંજાલને છોડીને એકાંતવાસ કરતા હોય. આ રીતે અન્ય કેવલીઓની ગંધ કુટિ આકાશમાં આમતેમ દેખાતી હતી. દ્વાદશગણ આશ્ચર્યપૂર્વક ભગવાન તરફ જોઈ રહ્યા હતા.

સિદ્ધશીલાની સમાન એક સ્વચ્છ શિલાની ઉપર ભગવાન બદ્ધપલ્યંકાસને બિરાજમાન હતા. સિદ્ધની સમાન યોગમાં મગ્ન ભગવાનને જોઈને 'જિનસિદ્ધ' કહેતા થકા ભરતજીએ નમસ્કાર કર્યા. ભગવાનની સામે દુઃખ થતું નથી તેથી ચક્રવર્તીને કોઈ દુઃખ ન થયું. ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરીને સાર્વભૌમે પૂજા સમારંભ શરૂ કર્યો. એક બે દિવસ પૂજા સમારંભ ચાલ્યો ત્યાં તો આસપાસના વ્યંતર વિદ્યાધર દેવ વગેરે બધા અનર્ધ્યસામગ્રીઓ સાથે લઈને આવ્યા. મહાભારે યાત્રા ભરાઈ ગઈ.

વિશેષ શું ! પૂર્વસમુદ્રાધિપતિ માગધામરને લઈને હિમવંત સુધીના વ્યંતરદેવ અને અન્ય વિદ્યાધર આવીને ભરતજીની પૂજામાં સામેલ થયા. ભરતજીને તેઓ પૂજા સામગ્રી તૈયાર કરી દેતા હતા. સમ્રાટ પણ પ્રસન્ન થયા. નમિ, વિનમિ, ગંગાદેવ, સિંધુદેવ, ભાનુરાજ અને વિમલરાજે એવી ભાવના બતાવી કે અમે પણ પૂજા કરીશું. ત્યારે ભરતજીએ સંમતિ આપીને પોતાની સાથે જ તેમને પૂજામાં સામેલ કર્યા.

શુચિ સાથે ચક્રવર્તીએ પોતાના કોટિકોટિરૂપ બનાવી દીધા. આખા પર્વતમાં બધેય ભરતજી દૃષ્ટિગોચર થતા હતા. ફરી વ્યંતર વિદ્યાધર આદિ જે પદાર્થો આપતા હતા તે બધાથી વૈભવપૂર્વક પૂજા કરતા હતા. તેનું શું વર્ણન કરીએ ? ધરા, ગિરિને આકાશમાં બધે દેવ ઊભા થઈને જયજયકાર કરી રહ્યા હતા. સાડાત્રણકરોડ વાદ્ય તો ચક્રવર્તીની સેવામાં દેવેંદ્રદ્વારા નિયોજિત સાડાબાર કરોડ વાદ્ય આ વખતે એકદમ વાગવા લાગ્યા. આ સંભ્રમનું શું વર્ણન કરીએ. અંબરચરિ ગંધર્વ કન્યાઓ, નાગ કન્યાઓ આકાશમાં નાચી રહી હતી. તે વખતે જંબુદ્વીપમાં બધાને આશ્ચર્ય થઈ રહ્યું હતું. તે પૂજાસમારંભનું શું વર્ણન કરીએ ? સૌથી પહેલાં મંત્રોચ્ચારણપૂર્વક સમ્રાટે જલધારાનું સમર્પણ કર્યું. ત્યારપછી સુગંધયુક્ત ચંદન સમર્પ્યું. ચંદન કોઈ નાની મોટી વાટકીમાં નહોતું. તે પર્વત ચંદનમાં ડૂબી ગયો. હવે તે કૈલાસપર્વત નથી રહ્યો, મલયજ પર્વત (ચંદનપર્વત) બની ગયો. અગણિતરૂપોને ધારણ કરેલા ભરતજી પોતાનાં વિશાલ બન્ને હાથોથી ચંદન લઈને જ્યારે અર્ચન કરી રહ્યા હતા ત્યારે તે ચંદન પર્વતથી જમીનમાં પણ ઊતર્યું. જ્યાં જુઓ ત્યાં સુગંધ ને સુગંધ જ છે જ્યારે અગણિત દેવો જયજયકાર કરી રહ્યા હતા. ત્યારે ભરતજી પોતાના વિશાલ હાથોથી ઉત્તમ અક્ષતોને અર્પણ કરી રહ્યા હતા. તે વખત ત્યાં તંદુલ પર્વતની રચના થઈ. સુરસિદ્ધયક્ષ જયજયકાર કરી રહ્યા હતા.

ભરતજી સુગંધયુક્ત પુષ્પોને લઈને જ્યારે અર્પણ કરતા હતા ત્યારે ત્યાં પુષ્પપર્વત બની ગયો. અત્યંત સુગંધ ને સૌંદર્યથી યુક્ત નૈવેદ્ય, ભક્ષ્યને જે વખતે ભરતજીએ અર્પણ કર્યું ત્યારે તે કૈલાસપર્વત પંચવર્ણનો બની ગયો. આશ્ચર્ય છે. દીપાર્ચનમાં વહુઓ દ્વારા પ્રેષિત આરતીઓ છે, આ પુત્રોદ્વારા પ્રેષિત આરતીઓ છે એમ ઉલ્લેખ કરતા થકા, તેમને સમર્પણ કરી. આ રીતે પોતાના અવધિજ્ઞાનથી જાણતા થકા ને હંસતા થકા ને સંતોષથી અગણિત આરતીઓ સમર્પી. સમ્રાટની પુત્રીઓ બત્રીશ હજાર છે, છન્નું હજાર રાણીઓ છે. આ રીતે હજારો સ્ત્રીઓ છે. બધા તરફથી આરતીઓ આવી હતી.

બહુ ભક્તિપૂર્વક ધૂપનું સમર્પણ કર્યું, તે વખતે ધૂપનો ધૂમાડો જિનેંદ્રની કાંતિથી યુક્ત થઈને આકાશમાં જઈ રહ્યો હતો. તો લોક એમ સમજતા હતા કે સ્વર્ગનું તે સુવર્ણસોપાન છે. સમ્રાટના કરતલમાં

ઉત્પન્ન એક રત્નલતા ઈન્દ્રપૂરીમાં પહોંચી રહી હોય એવી રીતે ધૂમરાજિ દેખાતી હતી. જે વખતે તેઓએ ફળ સમર્પ્યા તે વખતે અનેક પર્વત જ તૈયાર થયા મોટા મોટા ગુચ્છા ને ફળોથી યુક્ત ઉત્તમ ફળોને સમ્રાટે અર્પણ કર્યા, દેવગણ તે વખતે જયજયકાર કરી રહ્યા હતા. ત્યાં જેમ જેમ ફળ વધવા મંડયા તેમ તેમ વ્યંતર તે ગંગામાં લઈ લઈને નાખતા હતા. વળી અર્ચન કરવા માટે તેમના હાથમાં નવા ફળ આપતા હતા. બહુ આનંદપૂર્વક પૂજા થઈ રહી હતી. ભરતજીને ચોસઠ હજાર પુત્ર છે. તેમાં દીક્ષા લઈને જે ગયા છે, તેમના સિવાય બાકીના કુમાર ચામર લઈને ભયભક્તિ ને આનંદથી ઢાળે છે. આ રીતે ભરતજીના જમાઈ બત્રીશહજાર છે. તેઓ પણ તેમની સાથે ભક્તિથી ચામર ઢાળી રહ્યા છે. આ રીતે ભગવાનના પૂજાસમારંભમાં સમ્રાટે કંઈક ન્યૂન એક લાખ ચામરને તે વખતે ઢાળ્યા. આ રીતે ભરતજીના મિત્ર પણ અનેક પ્રકારે પૂજાસમારંભમાં સાથ આપી રહ્યા હતા !

ફળપૂજા કર્યા પછી રત્નસુવર્ણાદિક દ્વારા નિર્મિત ફળપર્વતની સમાન કરોડો અર્ઘ્યનું સમર્પણ કર્યું. દેવગણ જયજયકાર કરી રહ્યા હતા. તેઓએ ભગવાનને અર્ઘ્ય કેટલો ચડાવ્યો એ સમજવું એટલું જ બસ છે કે તે અર્ઘ્યોની ઉપર જે કર્પૂર બળી રહ્યું હતું તેમને જોતાં કર્પૂરપર્વતની પંક્તિઓને જ અગ્નિ લાગી હોય એવું લાગતું હતું. સુંદર મંત્રપદનું ઉચ્ચારણ કરતા થકા રત્નકલશોથી સમસ્ત વિશ્વને શાંતિ થાય એવા ઉદ્દેશ્યથી ભરતજીએ શાંતિધારા કરી. આ રીતે રત્ન, સુવર્ણ, ચાંદી આદિ દ્વારા બનાવેલા અને સુગંધિત પુષ્પોથી પુષ્પવૃષ્ટિ કરી. તે વખતે દેવગણ જયજયકાર કરી રહ્યા હતા. આ રીતે રત્નવૃષ્ટિ કરવામાં આવી. પછી દ્વાદશગણ પોતાના પુત્ર, મિત્રોની સાથે બહુ આનંદપૂર્વક આદિનાથ સ્વામીને ત્રણ પ્રદક્ષિણા કરી. ચક્રવર્તીનાં ભક્તિપ્રમોદને જોઈને દેવગણ પ્રસન્ન થઈ રહ્યા હતા.

જિનેંદ્રની વંદના કરીને, યોગીગણ, બ્રાહ્મણ, નરેંદ્રવર્ગ આદિ બધાનો યથાયોગ્ય સત્કાર કરીને સમ્રાટ આનંદ પામ્યા. વળી બધાને ભોજનથી તૃપ્ત કર્યા.

''અમને પૂજાની ચિંતા છે, આપનો આપના ભાણેજ યોગ્ય સત્કાર કરી રહ્યા છે. આ વાત હું જાણું છું'' આ રીતે નમિરાજ આદિ બાંધવોની સાથે સમ્રાટે કહ્યું. યુવરાજ, બાહુબલીના પુત્ર મહાબલ, ગૃહપતિ આદિઓએ બધાની ઈચ્છા જાણતા થકા બધાનો સત્કાર કર્યો. આ રીતે માનવ, સુર, વ્યંતરાદિકોની સાથે યોગ્ય વિનય વ્યવહાર કરીને સ્વયં સાર્વભૌમ ગંગાતટમાં પહોંચ્યાં, ત્યાં પોતાના પુત્રોની સાથે એક વખત ભોજન કર્યું. આ રીતે દિવસ તો આનંદથી વ્યતીત થયો. રાત્રિ પણ ભગવાનની દેહકાંતિથી દિવસની જેવી જ હતી. પહેલેથી નિશ્ચિત થયેલા વખતે બધા લોકો એકત્રિત થયા.

અવધિજ્ઞાનધારી તો બધા જાણતા જ હતા, બાકીના લોકોને સૂચના આપવામાં આવી. બધા લોકો રથોત્સવ માટે ઉપસ્થિત થયા. ત્યાં કૈલાસને અડીને અત્યંત સુંદર આઠ રથ ઊભા રાખ્યા છે. લાગે છે કે આઠ પર્વત જ હોય. દેદીપ્યમાન પંચરત્નના કલશ, પ્રકાશમાન નવરત્નની માલાઓથી યુક્ત સુવર્ણના રથ, પ્રકાશપુંજ સમાન હતા. તેમને જોવાથી કલ્પવૃક્ષ અથવા સુરગિરિ સમાન લાગતા હતા. મેરુપર્વતનીચારે તરફ આઠ પર્વત છે, તેમનો તિરસ્કાર કરતા થકા કૈલાસને અડીને આ આઠ પર્વત શોભી રહ્યા છે. બહુ જ સૌંદર્યયુક્ત છે.

અગણિત વાદ્યોની ઘોષણા થઈ. ભરતજીનો ઈશારો થવાથી તે રથ આઠ દિશાઓમાં ચાલ્યા ગયા. ઈન્દ્ર, અગ્નિ, યમ, નૈઋત્ય, વરુણ, વાયવ્ય, કુબેર, ઈશાન, આ રીતે આઠ દિશા તરફ આઠ રથ ચાલ્યા ગયા. તે આ વાત કહી રહ્યા હતા કે ભગવાન આઠ કર્મોનો નાશ કરીને આઠ ગુણો પ્રાપ્ત કરનારા છે. એની સૂચના ભરતજીએ આઠ દિશાઓમાં મોકલી આપી છે. આકાશથી દેવગણ પુષ્પવૃષ્ટિ કરી રહ્યા છે. એમની સાથે જ રથોનાં ચક્રોનાં અવાજ થઈ રહ્યા છે.

એની વચ્ચે વ્યંતર અને વિદ્યાધરોએ પણ અગણિત સુંદર રથો બનાવ્યા હતા. તેઓ ભરતજીની અનુમતિની રાહ જોતા હતા. તેને જાણીને ભરતજીએ તેમને નિશ્ચિંત બનાવ્યા. 'દેવગણ મારા રથ જમીન પર ચાલે, તમારા રથ આકાશમાં ચલાવો. ઉત્સવમાં પ્રભાવના જેટલી અધિક પ્રમાણમાં હોય તેટલું જ ઉત્તમ છે. તમો કોણ છો ? મારા જ છોને ? ષટ્ખંડની અંદર રહેનારા છો. તેથી આનંદથી ચલાવો. મને એમાં હર્ષ છે.' આ રીતે કહેવાથી બધાને આનંદ થયો.

દેવ દુંદુભિપૂર્વક દેવનૃત્ય થવા લાગ્યું, ત્યારે ગંગાદેવ ને સિંધુદેવના રથ ચાલવા લાગ્યા. આ રીતે વિદ્યાધરીઓનાં નૃત્ય વૈભવપૂર્વક નમિરાજ ને વિનમિરાજના રથ ચાલવા લાગ્યા. બધા લોક જયજયકાર કરી રહ્યા છે. ગણબદ્ધ દેવોના રત્નરથ જવા લાગ્યા. આ રીતે મહાવૈભવથી વરતનુ, પ્રભાસેંદ્ર, વિજ્યાર્ધદેવના રથ જવા લાગ્યા. હિંમવંત દેવનાં રથ પ્રત્યક્ષ હિમવાન પર્વતની સમાન જ દેખાતા હતા, ત્યારપછી કૃતમાલ, નાટયમાલ દેવના રથ ચાલ્યા. આ રીતે બાર મિત્રોના રથોત્સવ થવાથી સમ્રાટે તેમને બોલાવ્યા અને હર્ષથી આલિંગન કર્યું અને તેમને અનેક રત્નાદિક આપીને સંતુષ્ટ કર્યા.

ત્યારે તે માગધાદિ વ્યંતરમુખીઓએ સમ્રાટના ચરણમાં નમસ્કાર કર્યા અને કહેવા લાગ્યા કે- રાજા ! આપના જ પ્રસાદથી અમારી મહત્તા છે. મોટા હાથી આગળ વધતા તેની પાછળ બાકીના નાના નાના હાથી જાય છે, તેવી રીતે આપની સાથે અમે પણ આત્મસુખનો અનુભવ કરીએ છીએ. આ રીતે પ્રતિનિત્ય નવીન રથ, નવીન પૂજા, નવીન નૃત્ય અને નવીન રસરસાયનનું ભોજન. આ રીતે તે યાત્રાસાગરમાં નવીન નવીન આનંદ ! આ રીતે ચૌદ દિવસ વ્યતીત થયા.

અંતિમ દિવસનાં ત્રીજા પ્રહરમાં ઉપસ્થિત સર્વપ્રજાઓના સત્કાર માટે સાર્વભૌમે સંઘપૂજાની વ્યવસ્થા કરી. તેનું શું વર્ણન કરું ? ચોર્યાશી ગણધરોને ભક્તિથી નમસ્કાર કરીને તેમની અનુમતિથી ચારે સંઘનું ભરતજીએ સન્માન કર્યું. જપસર, પુસ્તક, પીંછી આદિ ઉપકરણો મુનિઓને, વસ્ત્રાદિ અર્જિકાઓને અને વ્રતીઓને આપીને તેમનું સન્માન કર્યું. આ રીતે બ્રાહ્મણોને સુવર્ણ, રત્ન ને દિવ્યવસ્ત્ર આપતા થકા કરોડો બ્રાહ્મણ દંપતીઓનું સન્માન કર્યું. આનંદ પામતા બ્રાહ્મણો ભરતજીની શુભકાંક્ષા રાખતા થકા આશીર્વાદ દઈ રહ્યા છે. પરદાર સહોદર અમારા રાજા પોતાના પુત્ર, કલત્રોની સાથે હજારો વર્ષ જીવે એ રીતે બ્રાહ્મણ સ્ત્રીઓ આશીર્વાદ આપી રહી છે. આ રીતે માગધાદિ વ્યંતરોનું પણ ફરી સન્માન કર્યું. ચિંતામણિ રત્ન હોવાથી કંઈ વાતની ખામી હોય ? એ રીતે ગંગાદેવ, સિંધુદેવ, નમિ, વિનમિ આદિનું પણ રત્નાભરણોથી સન્માન કર્યું. બાકીના રહેલા જમાઈ, રાજપુત્રાદિના સન્માન માટે પોતાના પુત્રને નિયત કર્યા. ભરતજીએ તેને કહ્યું કે દાન, પૂજા,

સ્વહસ્તે થવા જોઈએ તેથી તમો મારા પ્રતિનિધિ થાઓ. બધાનું યથાયોગ્ય સન્માન કરો. પુત્રોએ પણ આનંદથી આ કાર્યનો સ્વીકાર કર્યો. આકાશમાં કોઈ વિમાન લઈને ઊભા રહ્યા. અને ઉપરથી બધાને વસ્ત્રરત્નાદિ દેવા લાગ્યા. 'દાતાનો હાથ ઉપર. પાત્રનો હાથ નીચે' આ લોકોકિત તે વખતે ચરિતાર્થ થઈ ભૂમિપર ઊભા રહીને જે હાથ લાંબો કરતા હતા તે બધાને તેઓએ ઈચ્છિત પદાર્થ આપ્યા. સમુદ્રના જહાજની સમાન તેમનું વિમાન આકાશમાં સર્વત્ર જઈ રહ્યું છે, અને લોકોને કિમિચ્છક દાનથી તૃપ્ત કરી રહ્યા છે. અનેક પ્રકારના દિવ્ય વસ્ત્રોનો વરસાદ વરસી રહ્યો છે. કલ્પવૃક્ષ સ્વયં ઉપરથી ઊતરી રહ્યું હોય તેવી રીતે તે ઈચ્છિત પદાર્થોની વૃષ્ટિ કરી રહ્યા છે. આદિરાજના હાથમાં જે ચિંતામણિ રત્ન છે તે ચિંતિત પદાર્થને આપવાવાળું છે. ફરી કંઈ વાતની ચિંતા છે. તે વિશાલ પ્રજાને તેઓ વિનોદમાત્રથી સંતુષ્ટ કરી રહ્યા છે. સાર્વભૌમે નવનિધિઓને બે પુત્રોને સોંપી હતી તે તો ઈચ્છિત પદાર્થને તત્ક્ષણ આપે છે. તેથી નિમિષમાત્રમાં બધાને સંતુષ્ટ કર્યા. વિવિધ આભરણોને પિંગલનિધિ, વસ્ત્રને પદ્મનિધિ, સુવર્ણરાશિને શંખનિધિ, રત્નરાશિને રત્નનિધિ, ભિન્નરસથી યુક્ત ધ્યાન્યને પાંડુક નિધિ જ્યારે આપે છે ત્યારે તે પુત્રોને અગણિત પ્રજાઓને તૃપ્ત કરવામાં મુશ્કેલી જ ક્યાં છે ?

ત્યારપછી સમ્રાટે ગંગાદેવ, સિંધુદેવ, નમિ, વિનમિ આદિનું સન્માન કરતા થકા કહ્યું કે તમે અને અમે પૂજક હતા. તેથી પહેલાં તમારું સન્માન નથી કર્યું. હવે આપનું હું સન્માન કરું છું. લ્યો આ રત્નાદિક. ત્યારે તેઓએ તે આભૂષણો ન લીધા તો સમ્રાટે કહ્યું કે તો તમે જ આપો. હું લઈશ. ત્યારે તેઓએ ભરતજીને ભેટમાં અનેક અનર્ઘ્ય, વસ્ત્રાભરણાદિ આપ્યા, તો ભરતજીએ આનંદપૂર્વક લીધા, અને ભરતજીના આપવાથી તેઓએ પણ લીધા. આ રીતે નમિ, વિનમિ, ભાનુરાજ, વિમલરાજ વગેરેએ પણ પરસ્પર વિનોદપૂર્વક સન્માન કર્યું.

વિશેષ શું ? લોકમાં હવે દરિદ્રતા ન રહી. ચૌદ દિવસ મહાવૈભવથી પૂજા થઈ. કિમિચ્છક દાન થયું. સમ્રાટના પૂજાવ્રતનું તે ઉદ્યાપન[1] જ છે. તે ચૌદમીરાત્રિએ પણ રથોત્સવ થયો. ચૌદ દિવસ સુધી રાત દિવસ ધર્મનો અતુલ ઉદ્યોત થયો. કરોડો વાદ્યોની ધ્વનિથી સર્વત્ર આનંદ છવાઈ રહ્યો. સમુદ્રની સમાન જ ગંગાતટની હાલત થઈ ગઈ. એક દિવસ નહિ, બે દિવસ નહિ, ચૌદ દિવસ સુધી જે મહાવૈભવથી પર્વતપ્રાય સામગ્રીઓથી પૂજા થઈ રહી હતી. અર્પિત પદાર્થોને દેવોએ સમુદ્રમાં નાખી દીધા. ત્યાં તે ફલાક્ષતાદિકોને મગરમચ્છ, તિમિંગિલ આદિ પણ પુરું ખાઈ ન શકયા. બચેલા પર્વતપ્રાય પદાર્થો પાણીની ઉપર તરી રહ્યા. ગુલાબજલ ચંદન આદિના કારણથી બધી દિશા સુગંધિત થઈ રહી હતી. આ કારણથી વાયુ પણ સુગંધી થઈ રહ્યો હતો. ત્યારે વાયુનું ગંધવાહક નામ પડી ગયું.

સ્વર્ગના દેવ ભરતના વૈભવની પ્રશંસા કરવા લાગ્યા. રથોત્સવ થયા પછી તે અંતિમ રાત્રિએ દેવેંદ્ર ઐરાવત પર ચડીને સ્વર્ગથી નીચે ઊતર્યા. અનર્ઘ્ય રત્નાભરણને ધારણ કરીને રત્નમય મુકુટની પ્રભાને દસે દિશાઓમાં ફેલાતી થકી અને રંભા મેનકાનું નૃત્ય જોતા થકા દેવેંદ્ર આવી રહ્યા છે.

---

૧ ઉદ્યાપન : પૂજાની સમાપ્તી

દેવેંદ્રની સાથે સ્વર્ગની તે દેવીઓ આવી રહી છે. અને ગાઈ રહી છે, નૃત્ય કરી રહી છે. પૂર્વ સમુદ્રમાં પડેલી પૂજાની વસ્તુઓ, પર્વતોની સમાન ઉપસ્થિત રથ અને વિશ્વમાં વ્યાપ્ત જનતાને જોઈને દેવેંદ્ર આશ્ચર્યચક્તિ થઈ રહ્યા છે. ચક્રવર્તીદ્વારા કરેલા પૂજનના ચિહ્ન સર્વત્ર દૃષ્ટિગોચર થઈ રહ્યા છે, ભૂમિ અને પર્વત સર્વ સુગંધમય થઈ ગયા છે. ચક્રવર્તીની અતુલભક્તિ તરફ દેવેંદ્ર પ્રસન્ન થઈ રહ્યા છે. શિર ઝુકાવી રહ્યા છે, ને વળી આશ્ચર્ય કરી રહ્યા છે કૈલાસની પાસે આવવાથી દેવેંદ્ર હાથીથી નીચે ઊતર્યા ને તેઓએ ભગવાન આદિપ્રભુ ને મુનિઓને શચીમહાદેવીની સાથે નમસ્કાર કર્યા. પછી શચીદેવીને અલગ રાખીને પોતે ભરતજીની પાસે ગયા ને પૂજા વૈભવથી પ્રસન્ન થઈને સાર્વભૌમને આલિંગન કર્યું. અને પ્રશંસા કરી કે ખરેખર આદિ પ્રભુએ લોકમાં અનર્ઘ્યતા પ્રાપ્ત કરી, તેમજ સાથોસાથ તેઓએ ત્રણ લોકને ચક્તિ કરનારા પુત્રરત્ન પ્રાપ્ત કર્યા. ધન્ય છે. આ રીતે ભગવાન આદિ દેવ આત્મયોગમાં મગ્ન છે, ઉપસ્થિત સર્વભક્તગણ આનંદથી પુણ્યસંચય કરી રહ્યા છે.

પાઠકે આ પ્રકરણમાં ભરતેશનો વૈભવ જોઈ લીધો છે. તે સુવિશુદ્ધ આત્મજ્ઞાની છે તોપણ તેઓએ વ્યહારધર્મની ઉપેક્ષા નથી કરી. વ્યવહારધર્મમાં પણ તે એટલા ચતુર છે કે તેમના પૂજા વૈભવને જોઈને વિશ્વની પ્રજાઓ ચકિત થઈ જાય અને દેવેંદ્ર પણ આશ્ચર્ય પામે. તેથી તેઓ સદા વ્યવહારને ન ભૂલતા થકા જ નિશ્ચયની આરાધના કરે છે. તેમને સદા આ ભાવના રહે છે કે :–

''હે ચિદંબર પુરુષ ! વ્યવહારધર્મનું ઉદ્યાપન કરીને સુવિશુદ્ધ નિશ્ચયની પ્રાપ્તિ માટે હે અમૃતમાધવ ! મારા હૃદયમાં સદાય અવિચલરૂપે વર્ત્યા રહો.''

''હે સિદ્ધાત્મા ! આપ વિશ્વવિદ્યાધર છો, વિશ્વતોલોચન છો, વિશ્વતોમુખ છો, વિશ્વતોંડશુ છો, વિશ્વેશ છો. તેથી હે દુષ્કર્મતૃણલોહિતાશ્વ ! પ્રભુ નિરંજનસિદ્ધ ! મને સન્મતિ આપો.''

# ૧૨. જિનમુક્તિગમન સંધિ

**ભ**ગવાનના પૂજામહોત્સવમાં રાત વીતી ગઈ. પ્રાતઃકાલમાં સૂર્યોદર્ય થઈ ગયો. ઉપસ્થિત સર્વ જનતા જયજયકાર કરતી થકી ભગવાનની વંદનાને માટે સન્નદ્ધ થઈ. સૂર્યનો ઉદય થવા છતાં પણ કોટિસૂર્યચંદ્રનાં પ્રકાશને ધારણ કરવાવાળા ભગવાનની સામે સૂર્યનું તેજ ફિકકું દેખાય છે, એક નજીવા દિપકની સમાન લાગે છે. એક સુવર્ણની થાળી સમાન લાગે છે. ઘાતિક ચતુષ્ટયનો નાશ કરીને ભગવાન પહેલાં પરંજ્યોતિસ્વરૂપ બની ગયા છે. હવે ચાર અઘાતિયા કર્મો નાશ કરવા માટે ભગવાન તૈયાર થયા. ઘાતિયા કર્મોની ત્રેસઠ પ્રકૃતિ તો પહેલેથી દૂર થઈ ગઈ છે. હવે અઘાતિયા કર્મોની પંચ્યાશી પ્રકૃતિઓને નાશ કરવા માટે ભગવાને તૈયારી કરી. આ પંચ્યાસી પ્રકૃતિઓનો સમૂહ હવે બે ભેદથી વિભક્ત થઈને નાશ પામે છે. ભગવાન તેમને પોતાના આત્મપ્રદેશથી દૂર કરે છે.

અસાતા વેદનીય, દેવગતિ, ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ, કાર્મણ શરીર, પાંચ બંધન, પાંચ સંઘાત, છ સંસ્થાન, ત્રણ આંગોપાંગ, છ સંહનન, પાંચ પ્રશસ્ત વર્ણ, (પાંચ અપ્રશસ્ત વર્ણ), ગંધદ્વય, પાંચ પ્રશસ્તરસ, (પાંચ અપ્રશસ્ત રસ) આઠ સ્પર્શ, દેવગત્યાનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત ઉચ્છવાસ, પ્રશસ્ત વિહાયોગતિ, અપ્રશસ્ત વિહાયોગતિ અપર્યાપ્તક, પ્રત્યેક શરીર, સ્થિર, અસ્થિર, શુભ અશુભ, દુર્ભગ, સુસ્વર, દુસ્વર, અનદેય, અયશઃકીર્તિ, નિર્માણ અને નીચ ગોત્ર, આ રીતે બહોતેર પ્રકૃતિ અયોગી કેવલી ગુણસ્થાનના દ્વીચરમ સમયે આત્માથી દૂર થઈ જાય છે. આ રીતે સાતાવેદનીય, મનુષ્યાયુ, મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, મનુષ્યગતિ, પ્રાયોગ્યાનુપૂર્વી, ત્રસ, બાદર, પર્યાપ્તક, સુભગ, આદેય, યશઃકીર્તિ, તીર્થંકર અને ઉચ્ચ ગોત્ર આ પ્રકૃતિઓનો અયોગીગુણસ્થાનના ચરમ સમયમાં નાશ થાય છે. આ રીતે અઘાતિકર્મોની અવશિષ્ટ પંચ્યાશી પ્રકૃતિનો તીર્થંકર યોગી નાશ કરે છે. આત્મા સિવાય બાકીના બધા પદાર્થ મારા નથી, તેની સાથે મારો કોઈ સંબંધ નથી. આ વાતનો નિશ્ચય પહેલેથી તીર્થંકર યોગીને છે. જગતના અગ્ર ભાગમાં સ્થિત સિદ્ધગણ જ્યારે તેનાથી ભિન્ન છે તો જગતની વાત જ શી ? હવે ત્રણ શરીર રહિત થઈને મુક્તિ પ્રાપ્ત કરવી તે જ બાકી છે. તેથી તે કાર્યમાં ભગવાન તત્પર થયા.

હવે તો તેમની દશા એવી છે કે સ્ફટિકના પાત્રમાં દૂધ ભર્યું હોય તો જે નિર્મળતા દેખાય છે તેનાથી પણ ચડિયાતી નિર્મળતાને પ્રાપ્ત શરીરમાં આત્મા વિશુદ્ધ ભાવોમાં ડૂબકી મારી રહ્યો છે. અત્યંત વિશાલ ક્ષીરસમુદ્રને એક ઘડામાં ભર્યા સમાન વિશાલ આત્માને આ દેહમાં ભર્યો છે. તેનો સાક્ષાત્કાર ભગવાન કરી રહ્યા છે. આકાશના એક ગજના માપની સમાન ત્રિલોકને ગણીને અર્થાત્ ત્રિલોકને પણ કાંઈ ન સમજવા સમાન અને કરોડો સમુદ્રોને સરલતાથી પાર કરનારની સમાન અત્યંત નિરાકુલતા ત્યાં છવાઈ ગઈ છે. શરીરરૂપી ઘડામાં સ્થિત આત્મારૂપી ક્ષીરસમુદ્રમાં સમ્યક્‌તા પર્વતરૂપી મંથનને ચિદ્‌ભાવની રસ્સી લગાવીને વલોવી રહ્યા હોય તેવી તે ધ્યાનની દશા છે, ત્યાં ઘડો, દૂધ, રવાઈ, રસ્સી વગેરે બધું ભિન્ન ભિન્ન છે. અહીંયાં કેવલ ઘડો ભિન્ન છે, બાકી સર્વ એકરૂપ થઈને મંથનક્રિયા થઈ રહી છે. આઠ ક્ષાયિક ગુણોમાં ચાર ગુણોની પ્રાપ્તિ તો પહેલેથી જ ભગવાનને થઈ ચૂકી છે હવે બાકીના પહેલા ચાર ગુણોની પ્રાપ્તિ માટે ગુણગુણી ભેદને ભૂલીને ભગવાન

પોતાના આત્મસ્વરૂપી તરફ જોઈ રહ્યા છે, અને દુર્ગુણ કર્મોને દૂર કરી રહ્યા છે. કર્મના સ્વરૂપમાં જ સ્થિત તૈજસ કાર્મણને પરમાત્માએ હવે નિસ્તેજ બનાવી દીધા છે. હવે તો તેઓ પ્રકાશમાં જ ડૂબકી લગાવી રહ્યા છે, પ્રકાશમાં જ સ્નાન કરી રહ્યા છે. પ્રકાશમાં જ જલક્રીડા કરી રહ્યા છે. આ રીતે પ્રકાશમય પરમાત્મામાં તેઓ મગ્ન છે. એક વાર પ્રકાશ તેજ ને એકવાર મંદ, આ પ્રકારના પરિવર્તનથી યુક્ત ધર્મધ્યાન ત્યાં નથી. ત્યાં પરમશુકલધ્યાન છે, તેથી શરીરમાં સર્વત્ર નિર્મલાત્માનું જ દર્શન થઈ રહ્યું છે. શરીરરૂપી ઘડો ફૂટીને આત્મારૂપી દૂધ લોકમાં સર્વત્ર વ્યાપ્ત થઈ રહ્યું છે. આ રીતે ત્યાં આત્મદર્શનમાં નિર્મલતા વધી રહી છે. તે ધ્યાનના મહિમાને ભગવાન જ જાણે.

આયુકર્મ તો વૃદ્ધ (ક્ષીણ) થઈ ચૂક્યું છે. વેદનીય, નામ અને ગોત્રકર્મ તો હજુ સુધી જુવાન છે. તેમને હવે પ્રયત્નથી વૃદ્ધ કરવા જોઈએ. તેથી હવે ભગવાને વેદનીય, નામ ને ગોત્રને વૃદ્ધ બનાવવાનો ઉદ્યોગ કર્યો. વિશેષ શું ? દંડના બળથી ત્રણ શત્રુઓને દમન કરીને ચોથા શત્રુને વશમાં લેતા થકા ચારોને એકદમ નષ્ટ કરવાના ઉદ્યોગમાં હવે વીતરાગ લાગ્યા છે. ત્યારપછી તે નિર્મલ આત્મા શરીરની બહાર દંડના આકારે ઉપસ્થિત થયો. પાતાલ લોકથી માંડીને સિદ્ધલોક સુધી તે આત્મા અત્યંત શાંત રૂપે ચૌદ રજ્જુ પ્રમાણમાં દંડાકારે ઉપસ્થિત છે. પોતાના શરીરથી ત્રણગણા આયત પ્રમાણમાં પરમાત્મા તે વખતે ત્રણ લોકના એક સ્ફટિકનાં સ્થંભ સમાન ઊભા છે. તેને હવે હસ્તપાદાદિક નથી. ત્યાર પછી એકદમ દક્ષિણોત્તર ફેલાઈને ત્રણ લોકના એક કમાડની જેવા બની ગયા. હવે સાત રજ્જુ પહોળાઈમાં, ચૌદ રજ્જુ ઊંચાઈમાં અને સ્વશરીરના ત્રણગણા ધન પ્રમાણમાં હવે તે પરમાત્મા, વિદ્યમાન છે. તેમને બાદર પ્રતરનો પ્રયોગ થયો તો ત્રણલોકરૂપી વિશાલ કુંભમાં આત્મામૃત તત્ક્ષણ ભરાઈ ગયો.

જેવી રીતે ઓસ ત્રણલોકમાં ભરાઈ જાય છે તેવી રીતે આત્મા ત્રણલોકમાં ભરાઈ ગયો છે. હવે લોકપૂરણની તરફ વળ્યા, પહેલાં જે વાતવલયનાં પ્રદેશ ખાલી રહ્યાં છે તેને બાકી રાખ્યા સિવાય આત્મા સર્વત્ર ભરાઈ ગયો. ત્રણ લોકમાં હવે જરાય સ્થાન બાકી નથી રહ્યું. કૈલાસની શિલાપર ઔદારિક હતું. પરંતુ તૈજસ કાર્મણ તો ત્રણ લોકમાં વ્યાપ્ત થઈ ગયું છે, અને તેમની સાથે જ પરમાત્મકલા પણ છે. ત્યારપછી લોકપૂરણ થયા પછી ફરી પ્રતર, કપાટ અને દંડાકારમાં આવીને પોતાના શરીરમાં તે પરમાત્મા પ્રવિષ્ટ થયા. જેવી જેવી રીતે ભીનું વસ્ત્ર સુકાય જાય છે. તેવી રીતે પરમાત્માના કર્મરૂપીદ્રવ્ય-પરમાણુ સુકાઈ જાય છે.

હવે ત્રણ કર્મોની દશા આયુષ્યની બરાબરી સ્થિતિમાં આવ્યા. હવે ત્રણ શરીર છોડીને ભગવાન સિદ્ધલોકમાં ચડવા તૈયાર થયા. તેરમા ગુણસ્થાનવર્તી પરમાત્મા જ ચૌદમાં ગુણસ્થાનમાં પહોચ્યાં છે તેનો અત્યંત સૂક્ષ્મકાળ છે. અ, ઈ, ઉ, ૠ, લૃ આ પાંચ હસ્વાક્ષરોના ઉચ્ચારણના અલ્પકાલમાં જ તેઓ બધી વિધિ પૂરી કરીને સિદ્ધલોકમાં જાય છે. પ્રથમ સમયમાં ત્યાં બહોંતેર પ્રકૃતિઓનો નાશ થયો ને અંત્યસમયમાં તેર પ્રકૃતિઓનો અભાવ થયો. સાથે ત્રણ શરીર પણ અદૃશ્ય થયા. તે સકલ પરમાત્મા લોકાગ્ર પર પહોંચ્યા. તેમાં એક ત્રીજું શુકલધ્યાન અને એક ચોથું શુકલધ્યાન છે એમ કહે છે, પરન્તુ આ બધું કથન કરવાની કુશલતા છે. તેનો સીધો અર્થ તો એ છે કે આત્મા આત્મામાં મગ્ન થયો.

આદિપ્રભુના ત્રણ શરીર જ્યારે વીજળીની જેમ અદૃશ્ય થયા ત્યારે પ્રભુ ત્રણ લોકને અગ્રે એક સમયમાં પહોંચ્યા. તેમને સાત રજજુસ્થાન ઓળંગવા માટે એક સમય પણ વધારે ન જોયો. કૈલાસપર્વતપર પલ્યંકાસનમાં બિરાજમાન હતા, તેથી મુક્તિસ્થાનમાં પણ આત્મપ્રદેશ તે રૂપે પુરુષાકારે સિદ્ધોની વચ્ચે પ્રવેશ્યા. તનુવાતવલય નામના અંતિમ વાતવલયમાં ભગવાન સિદ્ધોની વચ્ચે બિરાજમાન થયા. અહીંથી સિદ્ધ નામે ઓળખાયા. આઠ કર્મોનો નાશ થવાથી આઠ ગુણોનો અહીંયાં ઉદય થયો. હવે તે પરમાત્મા સંસાર સમુદ્રનો પાર પામીને આઠમી પૃથ્વીમાં પહોંચ્યા.

હવે, ક્ષાયિકસમ્યક્ત્વ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, સૂક્ષ્મ, અવગાહ, અગુરુલઘુ અને અવ્યાબાધ. આ રીતે ઉત્તમ અષ્ટગુણોને પરમાત્માએ પ્રાપ્ત કર્યા. હવે ત્યાંથી આ સંસારમાં પાછા ફરતા નથી. અનંત સુખ છે. સામાન્ય નર, સુર અને ઉરગને તે અપ્રાપ્ય છે. એવા મુક્તિસામ્રાજ્યમાં તેઓ રહે છે.

ભગવાનની મુક્તિ થયા પછી તેમનો દેહ અદૃશ્ય થયો ત્યારે સમવસરણ પણ અદૃશ્ય થઈ ગયું-જેવી રીતે મેઘપટલ વ્યાપ્ત થઈને અદૃશ્ય થાય છે. સમવસરણ અદૃશ્ય થવાથી કેવલીઓની ગંધકુટીઓ પણ જ્યાં ત્યાં ચાલી ગઈ. આદિપ્રભુ ન રહેવાથી હવે ત્યાં કોણ રહે ? પિતાના યોગને એકીટશે ભરતજી જોઈ રહ્યા હતા. જ્યારે આદિપ્રભુ લોકાગ્રવાસી બન્યા અને આ તરફ તેમનું શરીર અદૃશ્ય થતું ત્યારે સમ્રાટનું મુખ પડી ગયું. અંતરંગમાં દુઃખનો ઉદ્ભવ થયો. મૂર્ચ્છા આવવા લાગતી હતી, ધૈર્યથી સમ્રાટે તેને રોકવાનો પ્રયત્ન કર્યો. પિતૃમોહની પરાકાષ્ટા થઈ, સહન ન થયું, મુર્ચ્છા આવી. ઊભા રહેવાથી મૂર્ચ્છા આવે છે એમ જાણીને તેઓ મૌન બેસી ગયા. તોપણ દુઃખનો ઉદ્રેક થતો હતો. પિતૃવિયોગનું દુઃખ કોઈ સામાન્ય નથી થતું. મિત્રોએ શીતોપચારથી ભરતજીને ઉઠાડયા. વળી આંસુ વહાવતા થકા તે શિલાની તરફ જોવા લાગ્યા. હા, હા ! સ્વામી ! મારા પિતા. મોહાસુરદર્પમથન ! મને બાહ્ય સંસારમાં નાખીને આપ મુક્તિ ગયા, શું તે યોગ્ય છે ? મને પટ્ટરૂપી પાશમાં બાંધીને મારા પર વધારામાં રાજ્યરૂપી ભાર લાધ્યો તેમ છતાં છેવટે મુક્તિમાં ન લઈ જતાં અહીં છોડી ચાલ્યા ગયા. મહાદેવ ! શું તે યોગ્ય છે ? મને ઈચ્છિત પદાર્થોને આપીને બહુ કાલ સુધી મારું રક્ષણ કર્યું. તો આ રીતે છોડી ગયા તો શું મારો અપરાધ થયો છે ? આપની સભા ક્યાં ગઈ ? આપનું શરીર ક્યાં છે ? આપની સાથેની ગંધુકુટી ક્યાં છે ? કૈલાસપર્વતની શોભા પણ હવે ચાલી ગઈ, બાકીના જીવનની વાત જ શી ? આપને જોઈને હું પણ આજે જ સર્વસંગ પરિત્યાગી બનું ને દીક્ષા લઉં-એ મારું કર્તવ્ય છે. પરન્તુ આ પુણ્યકર્મે મને ઘેર્યું છે તે મને છોડતું નથી. શું કરું ? હવે દુઃખી થવાથી શું પ્રયોજન છે ? આપે બતાવેલા યોગમાર્ગમાં જ હું પણ જઈશ. 'श्री गुरू हंसनाथाय नमोस्तु' આમ કહેતા થકા હૃદયને સમજાવ્યું. દુઃખમાં શાંતિ ધારી.

વૃષભસેન ગણધરે ચક્રવર્તીને સમજાવ્યા કે ભવ્ય ! વૃષભેશ ગયા તો શું થયું ? તેઓ ચર્મચક્ષુથી અગોચર બની ગયા. આત્મલોચનથી તેમનાં દર્શન થઈ શકે છે. તો તમે દુઃખી કેમ થાઓ છો ? સમજાતું નથી. તમારા પિતાએ તમને કહ્યું હતું કે ભરત ! તમને મુક્તિમાં જવા માટે મારા જેટલું દુઃખ નહિ પડે. તમે બહુ વિનોદપૂર્વક મુક્તિમાં પહોંચશો. તેથી જલદી તમે પિતાને જોઈ શકશો.

સિદ્ધ લોકમાં જ્યારે પિતાજી બિરાજે છે તો તમારે આનંદ માનવો જોઈએ, એમ ન કરતાં અજ્ઞાનીની જેમ દુઃખી થવું તે શું તમારો ધર્મ છે ? આ રીતે યોગીંદ્રે ભરતજીને વિશુદ્ધમાર્ગનું પ્રદર્શન કર્યું કે યોગીરાજ ! આપનું કહેવું બિલકુલ સત્ય છે, પરંતુ મોહમાં જોડાવાથી દુઃખ ઉદ્ભવે છે, તેથી મોહ ઉપજવાના કારણે જરાક દુઃખ થયું. શું કરીએ, માતાએ દીક્ષા લીધી, મારા ભાઈનો મોક્ષ થયો. પરંતુ તે સમયનું દુઃખ સમવસરણે ન થવા દીધું. કારણ કે જિનેંદ્રની સામે દુઃખની ઉત્પત્તિ થતી નથી. પરંતુ હવે અહીં જિનેંદ્ર ન રહેવાથી શોકનો ઉદ્ભવ થયો, પરન્તુ સમજાવાથી ચાલ્યો ગયો.

દેવેંદ્ર પણ આશ્ચર્યચકિત થયા. ત્રિલોકપતિ પિતાનો વિયોગ આવા પુત્ર કેમ સહી શકે ? દુઃખ ઊપજવા છતાં પણ આના હૃદયને સમજાવ્યું તે કોઈ સાધારણ વાત નથી. ધન્ય છે.

દેવેંદ્ર ચક્રવર્તીના કૃત્ય પર અધિક પ્રસન્ન થઈને કહેવા લાગ્યા કે સાર્વભૌમ ! લોકમાં લોકો મોટી મોટી વાતો કરે છે. પરન્તુ બોલ પ્રમાણે ચાલવું બહુ મુશ્કેલ છે. પરંતુ તમારી બોલ અને ચાલ બન્ને સરખી છે. તેમાં કોઈ આંતરો નથી. આ રીતે ધરણેંદ્ર બોલ્યા, કે સુખમાં આનંદમાં હોય ત્યારે બધા લોકો લાંબાચૌડા ગપ્પા મારે છે મોટી મોટી વાતો કરે છે, પરન્તુ અસહ્ય દુઃખનો પ્રસંગ જ્યારે આવે છે ત્યારે તે મુખથી કહેવું પણ અશકય થઈ જાય છે. વખત ઓળખીને નમિરાજ બોલ્યા કે ભગવાન અમૃતલોકમાં છે, અમને અહીંયાં મોહ કેમ ! ત્યાં આપણે પણ જવું જોઈએ. સમ્રાટે દુઃખમાં સમતા રાખી તે મહા આશ્ચર્ય છે. આ રીતે બાકીના સાળા ને મિત્ર, રાજાગણ વગેરેએ મિષ્ટ ભાષણ કરતા થકા સમ્રાટને ગુલાબજલ છાંટીને શાંત કર્યા. ઉત્તરથી ભરતજીએ પણ બધાને સંતોષ્યા.

બધા મિત્રોએ કૈલાસનાથના પૂજામહોત્સવમાં સાથ આપ્યો તે બહુ સારું કર્યું. બહુ આનંદ થયો. ભગવાનનું સમવસરણ જ્યારે અદૃશ્ય થઈ ગયું તો મારી સંપતિ શા હિસાબમાં ! પરન્તુ તમે મારા પરમ બંધુ છો. આપે મને આ કાર્યમાં સાથ આપ્યો છે. આપ અને અમે ભગવાનની પૂજાથી પાવન થઈ ગયા. હવે તમે તમારા નગર તરફ જાઓ. આ રીતે બધા ઈષ્ટ મિત્ર, નમિ, વિનમિ, માગધામરાદિ વ્યંતરોને ત્યાંથી વિદાય આપી. કૈલાસ પર્વતથી બધા વ્યંતર, વિદ્યાધર આદિ ચાલ્યા ગયા. દેવેંદ્ર ધરણેંદ્રની સાથે વિનયથી બોલીને યોગીઓને વંદના કરીને ભરતજી પણ અયોધ્યા તરફ ગયા. યાત્રાનિમિત ઉપસ્થિત સર્વ પ્રજાઓ ચાલી ગઈ. ભરતજી પુત્ર, મિત્ર ને પ્રધાન મંત્રી આદિ સાથે ગુરુ હંસનાથની ભાવના કરતા થકા અનવધ સાર્વભૌમ પોતાના નગરની તરફ આવી રહ્યા હતા. સુખદુઃખમાં પોતાને ન ભૂલનારા પરમાત્મ સુખને જ સૌથી ઉત્તમ સુખ સમજનારા અને આ ભવે જ મુક્તિ જનારા તે સુખી સાર્વભૌમ પોતાના નગરની તરફ જઈ રહ્યા હતા દર્પણમાં જોનારની અનેક પ્રકારની આકૃતિ વિકૃતિઓ દેખાય છે, તોપણ દર્પણ પોતાના સ્વભાવમાં જ છે. આ રીતે પોતાના કર્મો હોવા છતાં પણ પ્રસન્ન રહેનારા તે સુપ્રસન્ન સમ્રાટ જઈ રહ્યા હતા. જગતની દૃષ્ટિમાં રાજ્યનું પાલન કરવા છતાં પણ સુજ્ઞાન રાજ્યનું પાલન કરનાર તે વિચિત્ર રાજા જઈ રહ્યા હતા. આ રીતે મહાવૈભવપૂર્વક આકાશ માર્ગે આવીને ચક્રવર્તી સાકેતપુરમાં દાખલ થયા. અને બધાને હિતમિત વચનથી વિદાય આપી અને સ્વયં પોતાના મહેલની તરફ ચાલ્યા ગયા.

મહેલમાં વ્યાકુલતાપૂર્વક નમસ્કાર કરતી રાણીઓને સમ્રાટે અનેક રીતે સાંત્વન આપ્યું. અહીં

કૈલાસમાં દેવેંદ્રને એક લીલા કરવાનું સૂઝયું. ભગવાને જેવી રીતે કર્મને બાળ્યા છે એ વિષય હું દુનિયાને બતાવું આવા વિચારથી ત્રણ વિશાલ હોમકુંડની રચના કરી, અને શ્રીગંધનાં કાષ્ઠ પણ એકઠા કર્યા. અનલકુમાર દેવના મુકુટની ઉત્પન્ન અગ્નિથી દેવેંદ્રે અગ્નિ સંઘર્ષણ કરીને (અગ્નિ પ્રગટાવીને) બહુ વૈભવપૂર્વક હોમ કર્યો. ત્રણ કુંડ તો ત્રણ દેહની સૂચના છે. ને પ્રજ્વલિત અગ્નિધ્યાનની સૂચના છે. ભગવાને ત્રણ શરીરમાં સ્થિત કર્મોને ધ્યાનના બળથી જેવી રીતે નાશ કર્યા તેવા પ્રકારનું સામર્થ્ય અમને પ્રાપ્ત થાઓ. આવી ભાવનાથી બધા દેવતાઓએ તે હોમ ભસ્મને કંઠ, લલાટ, હૃદય, બાહુ આદિ પ્રદેશોમાં ધારણ કરી. આ રીતે દેવેંદ્ર ભક્તિથી અંતિમ કલ્યાણક મહોત્સવ કર્યો. દેવોનો હર્ષ સમાતો નહોતો. અમે પંચકલ્યાણકમાં ભાગ લીધો છે.

હવે અમને મુક્તિની પ્રાપ્તિ થશે. તેમાં શંકા નથી. આ રીતે કહેતા થકા દેવગણ આનંદ સમુદ્રમાં ડૂબકી મારી રહ્યા હતા.

દેવેંદ્ર તો નાચી ઊઠયા. આવો મેનકા ! આવો રંભા ! આવો તિલોત્તમા ઈત્યાદિ અપ્સરાઓને બોલાવીને સુરગાનને લયપૂર્વક દેવેન્દ્ર હવે નાચવા લાગ્યા. એકવાર તે દેવાંગનાઓની સાથે, એકવાર પોતે એકલા બહુરૂપોને ધારણ કરીને નાચી રહ્યા હતા. પર્વતપર, આકાશપર, એકવાર માથું નીચું કરીને પગને ઉપર રાખીને નાચી રહ્યા હતા. લોકો આશ્ચર્યચકિત થતા હતા. નૃત્યકલાનું અજીવ પ્રદર્શન જ ત્યાં થઈ રહ્યું હતું. ''મારા સ્વામી મુક્તિ ગયા છે તેથી મને નૃત્ય કરવાનો અનુરાગ થયો અને તેમના ચરણોની ભક્તિ જ મને નૃત્ય કરાવી રહી છે. આ વાતને વ્યક્ત કરાવતા થકા બહુ આસક્તિથી  નાચી રહ્યા હતા. નૃત્યક્રિયાથી નિવૃત્ત થઈને દેવેંદ્ર ગણધરોને વંદન કરીને ધરણેંદ્ર, જ્યોતિષ્ક, આદિ દેવોને વિદાય આપી અને સ્વયં શચીમહાદેવીની સાથે સ્વર્ગ લોક તરફ ચાલ્યા ગયા.

માઘકૃષ્ણચતુર્દશીને રોજ ભગવાન આદિપ્રભુએ મોક્ષધામ પ્રાપ્ત કર્યું. તે દિવસે રાતદિવસનો ભેદ ન ગણતાં લોકમાં બધે ય આનંદને આનંદ છવાઈ ગયો. ભગવાન આદિપ્રભુને જિન પણ કહે છે શિવ પણ કહે છે તેથી તે રાત્રિનું નામ જિનરાત્રિ અથવા શિવરાત્રિ પડી ગયું. અને લોકમાં માધકૃષ્ણચતુર્દશીને શિવરાત્રિના નામથી લોકોએ પ્રચલિત કર્યું.

ભરતજી સાતિશય પુણ્યશાલી છે. તેઓએ તીર્થંકર પ્રભુના મોક્ષસાધનને વખતે અપૂર્વ વૈભવથી પૂજા કરી. તેના પૂજાવૈભવ જોઈને દેવેંદ્ર પણ વિસ્મય પામ્યા, તો શું સાર્વભૌમના પુણ્યનું વર્ણન થઈ શકે ? આદિપ્રભુની મુક્તિ થયા પછી થોડુંક દુઃખ જરૂર થયું. પરંતુ વિવેકના બળથી તેને પાછું શાંત કરીને સ્વસ્થ થયા. આવા જ ટાણે વિવેક કામમાં આવે છે. અને તે જ મહાપુરુષોની વિશિષ્ટતા છે. તેથી ભરતજી પરમાત્માને નીચે પ્રમાણે આરાધના કરે છે.

''હે ચિદમ્બર પુરુષ ! ગુણાકર ! આપ ક્રમે ક્રમે ધીરે ધીરે આવીને મારા અંતરગંમાં સદાય વર્ત્યા રહો.''

''હે સિદ્ધાત્મા ! અષ્ટકર્મરૂપી અરણ્યને બાળવામાં આપ અગ્નિ સમાન છો નિર્મલ અષ્ટગુણોના ધારણ કરનાર છો, શિષ્ટારાધ્ય છો, નિત્ય સંતુષ્ટ છો તેથી હે નિરંજન સિદ્ધ ! મને સન્મતિ આપો.''

## ૧૩. રાજ્યપાલન સંધિ

**ભ**ગવાન આદિપ્રભુ મુક્તિ ગયા પછી સમ્રાટ ભરતે મહેલમાં પહોંચીને પોતાની પુત્રીઓનો સત્કાર કરીને તેને વિદાય આપી. અને રત્નાભરણાદિ આપીને સંતોષ્યા. કેટલાક દિવસ આનંદમાં ગયા. એક દિવસ ભરતજી પોતાના મહેલમાં સુખે બિરાજતા હતા, એવામાં સમાચાર મળ્યા કે નમિરાજ ને વિનમિરાજ દીક્ષા લઈને ચાલ્યા ગયા. તે વખતે મોઢાનું પાન થૂંકી નાખ્યું. હૈયું ભરાઈ આવ્યું. દુઃખનાં આવેગથી અશ્રુધારા વહી, કેમકે નમિ વિનમિનો વિયોગ તેમને માટે અસહ્ય હતો, તેઓ પ્રિતીપાત્ર સાળા હતા તોપણ વિવેકના ઉપયોગથી સમતા રાખી. ત્યાર પછી અવધિજ્ઞાન મૂકયું તો ખબર પડી કે પોતાની મામીઓએ[1] પણ ભરતની બહેનોની સાથે દીક્ષા લીધી છે. નમિવિનમિએ કનકરાજ ને શાંતરાજને રાજ્ય આપીને દીક્ષા લીધી છે. એ જાણીને ભરતેશને દુઃખ પણ થયું, ને તેમનું ધૈર્ય જોઈને તેમને પ્રસન્નતા પણ થઈ. તેમના મામાના પુત્ર છે. વિચાર કરવા લાગ્યા કે મારાથી ઘણા વધી ગયા. મારાથી પહેલાં જે વંદનીય બની ગયા. તેમને 'નમોસ્તુ'. એમ કહીને નમસ્કાર કર્યા. નમિ વિનમિએ કચ્છ કેવલી પાસે દીક્ષા લીધી. અને માતાઓની અને સ્ત્રીઓની દીક્ષા ભગવાન બાહુબલિ પાસે થઈ, ધન્ય છે. એમ વિચાર કરતા થકા અંદર ગયા તો મહેલમાં પટરાણી સુભદ્રાદેવી અત્યન્ત દુઃખમાં ડૂબી ગઈ હતી. ઉત્તમને સંતોષદાયક વચનોથી ભરતજીએ તેને સાંત્વના આપી ભરતજીને માટે એ કોઈ નવી વાત નથી. નમિ વિનમિના બાળકોનું રક્ષણ કરનાર અમે છીએ. કોઈ ગભરાવાની જરૂર નથી. ઈત્યાદિ પ્રકારે પટરાણીને સાંત્વન આપીને વિજ્યાર્ધને તે આશયનો પત્ર મોકલ્યો અને બધાને સંતુષ્ટ કર્યા, આ રીતે કેટલોક વખત બહુ આનંદપૂર્વક ગાળ્યો.

એક દિવસે બેઠા બેઠા ભરતજીએ વિચાર કર્યો કે હવે આગળ આવનારો કાળ ઘણો ખરાબ છે. કૈલાસપર્વતમાં રત્ન, સુવર્ણાદિકથી મંદિરોની રચના કરી છે. ત્યાં આગળ ઉપર મનુષ્યોનું આવવું થાય તે યોગ્ય નથી. તે મંદિર ઉપર કાંઈ આંચ ન આવે તે માટે વ્યવસ્થા કરવી જોઈએ. પર્વતની વચ્ચેથી નીચે સુધી દંડરત્નથી કોરીને મનુષ્યો તેને ઓળંગી ન શકે એમ કરવું જોઈએ. એવા વિચારથી તે વખતે માગધામરને બોલાવ્યો. અને ભદ્રમુખને બોલાવીને યુવરાજ અર્કકીર્તિની દેખરેખ નીચે આ કાર્ય તેમને સોંપ્યું. દંડરત્નદ્વારા વિશ્વકર્મે પર્વતને ઉપર્યુક્ત પ્રકારે કોરી દીધો. હવે પર્વત એક કલશ જેવો બની ગયો. એવામાં યુવરાજે ભદ્રમુખને એમ કહ્યું કે પર્વતના આઠમાં ભાગમાં આઠ પાદો સમાન રચના કરો. ભદ્રમુખે તત્કાલ આઠ પાદોની રચના આઠ દિશાઓમાં કરી. તે આઠ સ્થંભ સમાન લાગતા હતા. યુવરાજની બુદ્ધિ ચતુરાઈ પર બધાને પ્રસન્નતા થઈ. હવે મનુષ્ય તો વંદના માટે અત્રે આવી શકતા નથી. પરંતુ રજતાદ્રિ અષ્ટપાદનો પર્વત બની ગયો. તેથી તેમનું નામ અષ્ટાપદ પડયું છે. તે વખતે તે કોતરેલા ભાગની બહાર બીજો ચાંદીનો એક પરકોટ બનાવી દીધો. બધું કામ પૂરું થયા પછી ચક્રવર્તીને ખબર આપી. તેઓ પણ પ્રસન્ન થયા. માગધામર, ભદ્રમુખ ને યુવરાજનું વસ્ત્રરત્નાભરણાદિ આપીને સન્માન કર્યું. અને કહ્યું કે તમોએ બહુ શૂરવીરતાનું કામ કર્યું છે. અમારા વખતમાં મનુષ્ય વિમાનમાં બેસીને જશે ને પૂજા કરશે. પછી આગળના કાળમાં વિદ્યાધર ને દેવ જઈને પૂજા કરી શકશે. જિનાલયોની રક્ષા યુવરાજ દ્વારા થઈ. પરન્તુ આગળ પરકોટની ચાંદીને

---

૧ નમિ વિનમિની માતાઓને કચ્છ મહાકચ્છની સ્ત્રીઓ.

માટે લોકો આપસમાં કલહ કરશે એવા વિચારથી સગરપુત્ર ત્યાં ખાઈનું નિર્માણ કરશે. વ્યંતરાગ્રણી માગધામરને વિદાય કરીને આ માંતરાગ્રણી ભરતજી અત્યંત આનંદપૂર્વક રાજ્યવૈભવને ભોગવતા થકા સૌખ્યવિશ્રાંતિથી સમય વ્યતીત કરી રહ્યા છે. તેનું શું વર્ણન કરીએ ?

મંત્રીરત્ન ભૂભારની ચિંતાનું વહન કરી રહ્યા છે, પરિવાર અર્થાત્ સેનાની દેખરેખ અયોધ્યાંકની જવાબદારી પર છે, નગરની રક્ષા માકાલ કરી રહ્યા છે. ભરતજી આત્મયોગમાં છે. રાજપુત્રોનું આતિથ્ય વગેરે યુવરાજ કરી રહ્યા છે. અને વ્યંતરોનો યોગક્ષેમ માગધામર ચલાવી રહ્યા છે. ભરતજી આત્મયોગમાં છે. હાથી, ઘોડા વગેરેની દેખરેખ, ઘર અને મહેલની દેખરેખ, વિશ્વકર્મા કરી રહ્યા છે. સ્નાનગૃહ, ભોજનગૃહની વ્યવસ્થા ગૃહપતિના હાથમાં છે. ભરતજી આત્મયોગમાં છે. ભરતના સેવક બહાર દરવાજા પર પહેરો ભરે છે. ત્યારે સમ્રાટ પોતાની રાણીઓની સાથે આનંદપૂર્વક સુવર્ણના મહેલમાં નિવાસ કરે છે. સૌનંદક ખડ્ગ અને સુદર્શન શત્રુઓનો સમૂળગો નાશ કર્યો છે એમ, સૂચવી રહ્યા છે, ત્યારે દંડરત્ન પર્વતના પણ ચૂરેચૂરા કરવા તૈયાર છે. આ રીતે ભરતજી નિર્ભય થઈને રાજ્યવૈભવ ભોગવી રહ્યા છે.

સેના ઉપર આવનારી ઉપર અને નીચેની આપત્તિને છત્ર અને ચર્મરત્ન દૂર કરે છે. સમ્રાટ પોતાનાં નગરમાં અખંડ લીલામાં મગ્ન છે. ચિંતામણિરત્ન ચિંતિત પદાર્થને આપનારું છે. આ રીતે મહત્ત્વપૂર્ણ નવનિધિ છે. ગુફામાં પણ પ્રકાશ કરનારું કાકિણી રત્ન છે. વળી મહેલમાં ભરતજી સુખી હોય તેમાં આશ્ચર્ય શું હોય ? બારગાઉ સુધી કૂદનારો ઘોડો છે, ઉત્તમ હસ્તિરત્ન છે. પરિપૂર્ણ ઈન્દ્રિય સુખને આપનાર સ્ત્રીરત્ન છે. વળી ભરતજીના આનંદનું શું વર્ણન કરવું ? અસિ, દંડ, ચક્ર, કાકિણી, છત્ર, ચર્મ અને ચિન્તામણિ આ સાત અજીવરત્ન છે. વિશ્વકર્મ, મંત્રી, સેનાપતિ, ગૃહપતિ, સ્ત્રીરત્ન, અશ્વરત્ન અને ગજરત્ન એ સાત જીવરત્ન છે સમ્રાટના ભાગ્યનું શું વર્ણન કરીએ ? ચૌદ રત્ન છે. નવનિધિ છે, અપારસેના છે તેની સામે કોણ થઈ શકે ? અત્યંત આનંદમાં છે. ત્રણ સમુદ્ર અને હિમવાન પર્વતના પ્રદેશમાં સ્થિત પ્રજાઓ વારંવાર તેમની સેવામાં હાજર રહે છે. શૂરવીરગણ ભરતજીની સેવા કરે છે. પોતે ભરતજી વિલાસમાં મગ્ન છે. રોજ જળક્રીડા, વિવાહ, મંગળાદિની પરંપરા ચાલી રહી છે. ક્ષીણતા, દુષ્કાળ, આગ, ઉત્પાત, પૂર વગેરેની કોઈ પીડા ભરતના દેશોમાં નથી. બલાત્કાર કરવાનું કાર્ય તો કામીપુરુષોનું હોય છે. સજ્જનોનું નથી હોતું. કોઈને મારવાની ક્રિયા શેતરંજના ખેલમાં છે. મનુષ્યોમાં નથી, બોલવા ચાલવામાં ભૂલ કરનારા ત્યાં વિયોગી પુરુષો જ હતા, પરંતુ લોકો પોતાની વૃત્તિમાં કદીપણ વચનનો ભંગ કરતા ન હતા. જેવું બોલતા તેવું આચરણ કરતા. વૃદ્ધ પુરુષો લાકડી રાખતા હતા. કોઈને મારવા પીટવા માટે લાકડીનો કદી ઉપયોગ ન હતો. ત્યાં આળસ કામસેવનને અંતે અથવા નિદ્રામાં હતું, પરંતુ લોકોમાં બીજે પ્રસંગે જરાપણ આળસ ન હતું. દરેક નગરમાં પ્રજાઓ સુખથી પોતાનો વખત વીતાવે છે. સ્થળે સ્થળે શાસ્ત્રાભ્યાસના મઠો, બ્રાહ્મણોના આશ્રમો આવેલાં છે. કે જ્યાં મંત્રપાઠ વગેરે ચાલી રહેલા છે. ગંધકુટિનો વિહાર ત્યાં વારંવાર થાય છે, અને ચારણ મુનિઓનું પણ આગમન વારંવાર ત્યાં થાય છે. તે સુખમય રાજ્યમાં ઉત્તમજાતિના ઘોડા અને હાથી ઉત્પન્ન થાય છે. મનુષ્યોને જ્યાં ત્યાં રત્નોની

પ્રાપ્તિ થાય છે. અને ભૂમિમાં દાટેલી સંપત્તિ મળે છે. જંગલમાં સર્વત્ર શ્રીગંધ અને કર્પૂરલતાઓ છે. નગરમાં સર્વત્ર ત્યાગી અને ભોગીઓનો સંપ્રદાય જોવામાં આવે છે.

મોટામોટા ઘડા ભરીને દૂધ દેનારી ગાયો, વિશ્વને મોહિત કરનારી દેવીઓ, નીલકમલથી યુક્ત તળાવો, ગંધશાલિથી યુક્તખેતરો, સુંદર અને સુગંધિત પવનથી યુક્ત ઉપવનાદિથી તે વિશિષ્ટ શોભી રહ્યું છે. નગરમાં અન્નક્ષેત્ર, ધર્મશાલા અને માર્ગમાં લીલાં નાળીએરનાં પાણી, સાકર અને પાણીનાં પરબોની વ્યવસ્થા કરવામાં આવી છે. જુદાજુદા વાર અને તિથિ આદિના દિવસે વ્રતઆરાધના વગેરેની વિધિપૂર્વક મુનિભુક્તિ, બ્રાહ્મણભોજન સન્માનાદિ થઈ રહ્યાં છે. આજ કલિયુગ હોવાથી દેવ અને વ્યંતર મનુષ્યોની દૃષ્ટિએ પડતા નથી, પરંતુ ભરતેશનો યુગ કૃતયુગ હતો. તે વખતે દેવગણમનુષ્યની સાથે હળીમળીને રહેતા હતા. ક્રીડા કરતા હતા. જ્ઞાનકલ્યાણકને માટે અને નિર્વાણ કલ્યાણકને માટે જ્યારે તે દેવગણો આ ધરા પર ઊતરતા ત્યારે મનુષ્યો તેમને જોતા હતા. અને તેમની સાથે મળીને ભગવાનની પૂજા કરતા હતા. તે વખતના ઉત્સવનું શું વર્ણન કરાય ? ભૂમિ અને સ્વર્ગનો પરસ્પર વ્યવહાર ચાલી રહ્યો હતો. સર્વત્ર સંપતિનું સામ્રાજ્ય જ હતું. ભરતેશને રાજ્યપાલનની ચિંતા બિલકુલ નથી.

જેવી રીતે મંદિરના ભારને ભીંત, થાંભલા વગેરેની ઉપર નાખીને ભગવાન અલગ રહે છે. તેવી રીતે ભરતેશ ષટ્ખંડભારને પોતાના આપ્ત મંત્રીમિત્રાદિ ઉપર નાખીને પોતે સુખે કાળ ગાળે છે. કોઈને ત્યાં નિમંત્રણ આવવાથી ભોજન કરવા જવાની પેઠે બહાર સેના અને પ્રજાઓને સુખી સ્થિતિમાં જોઈને અંતરંગમાં પોતાની દેવીઓની સાથે આનંદથી વર્તે છે. જેવી રીતે કોઈ મુનિ તપોવનને દેખે છે તેવી રીતે તેઓ પ્રજાઓને દેખે છે. પોતાના પુત્રો ઉપર એમનો એટલો મોહ છે કે જેટલો એક મુનિને પોતાના શિષ્ય ઉપર હોય. જે દૃષ્ટિથી કોઈ રાજ્યનો ખજાનચી ખજાનાને જુએ છે તે દૃષ્ટિથી તેઓ ખજાનો-તિજોરી વગેરેને જુએ છે. લોકો તે નિધિને સમ્રાટનો નિધિ કહે છે, પરંતુ સ્વયં સમ્રાટ તેને પોતાનો સમજતા નથી. તેઓ ષટ્ખંડપદને એક પુણ્યના સબંધથી ભેગા થયેલા મેળાની સમાન જુએ છે. તેને પોતાનાથી ભિન્ન માનીને ભોગવી રહ્યા છે.

ભરતેશ પોતે ધારણ કરેલા શરીરને પણ જ્યારે પોતાથી ભિન્ન માને છે તો અન્ય વૈભવની જાળમાં તેઓ કેમ ફસાય ? પરમાત્મરસિકના રહસ્યને કોણ જાણી શકે ? પુણ્ય ફળનો અનુભવ તેમ કરીને ખપાવી રહ્યા છે. અને આત્મ લાવણ્યનો સાક્ષાત્કાર કરી રહ્યા છે. તો તેમને મુક્તિ પ્રાપ્ત કરવી શી વિસાતમાં છે, તેમને તો સરલ જ છે. આ રીતે તેઓ પોતાનો સમય વ્યતીત કરી રહ્યા છે.

ક્યારેક ક્યારેક વખત ઓળખીને ભરતજી છન્નુહજાર સ્ત્રીઓની ક્રીડામાં રત થઈને તેમને તૃપ્ત કરે છે અને પોતે તૃપ્ત થાય છે. ભરત ચક્રવર્તીનાં રાણી વાસમાં બત્રીશ હજાર વિદ્યાધર સ્ત્રીઓ છે. બત્રીશ હજાર ભૂમિગોચર સ્ત્રીઓ છે અને બત્રીશ હજાર મ્લેચ્છ ભૂમિની સ્ત્રીઓ છે. આ રીતે છન્નુહજાર દેવીઓ છે. બધી સ્ત્રીને એકેક સંતાન છે; પરંતુ પટરાણીને કાંઈ સંતાન નથી; તેથી તેમના શરીરમાં પ્રસવક્રિયાજન્ય હાનિ થતી નથી. તેમનું સૌન્દર્ય જેવુંને તેવું જ રહે છે. તેથી ભરતજીને પટરાણીમાં જ વિશેષ સુખનો અનુભવ માલમ પડે છે. યોનિયોના ભેદ જે કહેવામાં આવ્યા છે તે

બધામા સંતાનની ઉત્પત્તિ થાય છે, પરંતુ શંખયોનિમાં પ્રજોત્પત્તિ થતી નથી. તે પટરાણીને શંખયોનિ હોય છે. તેથી તેને પ્રસવ વેદનાનું દુઃખ નથી આવતું. તેથી તે મહાન સુખી છે.

બધી સ્ત્રીઓની સાથે ક્રીડા કરવા છતાં પણ પટરાણી સાથે ક્રીડા કર્યા વગર તે સાર્વભૌમને તૃપ્તિ નથી થતી. એક તરફ લોકની બધી સંપત્તિ અને એક તરફ તે સુંદરી. આટલું અદ્ભુત સામર્થ્ય તે સુભદ્રા દેવીમાં છે. જેવી રીતે ષટ્ખંડના સમસ્ત પુરુષોમાં ચક્રવર્તી અગ્રણી છે તેવી જ રીતે ષટ્ખંડની સમસ્ત સ્ત્રીઓમાં તે પટરાણી અગ્રણી છે. જેવી રીતે દેવેન્દ્રને શચી, ધરણેન્દ્રને પદ્માવતી છે તેવી જ રીતે ભરતજીને પટરાણી છે. પટરાણીથી માંડીને છન્નુ હજાર રાણીઓની સાથે અનુભવ કરતા થકા પોતાનો કાળ વિતાવે છે. સ્ત્રીઓનાં શરીરમાં કાંઈક શિથિલતા આવે છે, પરંતુ ભરતજીનાં શરીરમાં તો જુવાની જ દૃષ્ટિગોચર થાય છે. પવનાભ્યાસ, યોગાભ્યાસ, અને ધ્યાનમાર્ગને જાણીને જે સદાચરણથી વર્તે છે તેમના શરીરનું તેજ ક્યારેક પણ મોળું પડતું નથી. રોગ પણ તેમને સ્પર્શ કરી શકતો નથી અને નવયૌવનની વૃદ્ધિ થાય છે. પ્રાણ અને અપાન વાયુને તે વશ કરે છે અને વીણાનાદની સમાન નિત્ય હંસનાથનાં દર્શન કરે છે. તેમને શું આ અશકય હોય ?

આ રીતે ધ્યાન, યોગ અને વાયુ ધારણના સામર્થ્યથી કાળી મૂછોથી શોભતા થકા સત્યાવીશ-અઠયાવીશ વર્ષનાં જુવાનની સમાન તેઓ સદાય દેખાય છે.જે સ્ત્રીઓને વૃદ્ધાવસ્થાની જરા અસર પહોંચે તેમને મંદિરમાં લઈ જઈને અર્જિકાઓ પાસે વ્રત અપાવે છે, અને તેમની પાસે જ તેમને રાખે છે. અને ભરતજી નવી અને યુવાન સ્ત્રીઓની સાથે આનંદ કરે છે. ઊતરેલા ઘોડાને કાઢી નાખીને જેમ સવારીમાં નવાનવા ઘોડાઓનો ઉપયોગ લેવામાં આવે છે તેવી રીતે વૃદ્ધસ્ત્રીઓને મંદિરમાં મોકલીને જુવાન સ્ત્રીઓની સાથે વિવાહ કરી લે છે. તે સ્ત્રીઓ સમ્રાટની જુવાની અને પોતાનું ઘડપણ જોઈને લજ્જા પામે છે અને પોતે મંદિરમાં ચાલી જાય ત્યારે રાજાઓ સમ્રાટને યોગ્ય જુવાન કન્યાઓને લાવીને પરણાવે છે. જે સ્ત્રીઓ વ્રત લેવાની રજા માગે છે તેને હસીને રજા આપે છે, અને તેમને યોગ્ય જુવાન કન્યાઓને લાવી દે છે તેને હસીને તેનું પાણિગ્રહણ કરે છે. બુઢ્ઢી સ્ત્રીઓ ક્યારેક ક્યારેક કહ્યા વગર એકદમ મંદિરમાં ચાલી જાય છે અને તે વખતે અકસ્માત્ નવી કન્યાઓ વિવાહને માટે આવે તો ગુરુ હંસનાથનો મહિમા સમજીને તેમનો સ્વીકાર કરી લે છે. સુંદર કન્યાઓને જોઈને આસપાસના રાજાઓ સાર્વભૌમને યોગ્ય વસ્તુ (કન્યા) લાવી દે છે. ત્યારે ભરતજી તેમની સાથે વિવાહ કરી લે છે. એમ દેશદેશાવરથી હંમેશાં કન્યાઓ આવે છે, અને ભરતજીનાં વિવાહ થઈ રહે છે. આ રીતે હંમેશાં તેઓ વરરાજા બન્યા જ કરે છે. આ રીતે તેમના વૈભવનું શું વર્ણન કરીએ ? જૂની સ્ત્રીઓ જાય છે નવી સ્ત્રીઓ આવે છે. સારાંશ એ છે કે હર વખતે એટલે જેતે વખતે તેમને છન્નુ હજાર સ્ત્રીઓ હોય છે જ ઓછી હોતી નથી. પોતાના પતિઓની સાથે દીક્ષા લેનારી પુત્રીઓ અને દીક્ષા લેનારા કુમારોને બાદ કરતાં ષટ્ખંડે દિગ્વિજય કાર્ય પછી સમ્રાટને એક ન્યૂન (ઓછું) છન્નુહજાર સંતાનો હોવા જોઈએ. પટરાણી વિદ્યાધર લોકની છે, વંધ્ય છે, સ્ત્રી રત્ન છે. કોઈ પણ વખત પાતળી જાડી કે શિથિલ થતી નથી.

જેવી રીતે પાણીમાં પ્રવેશ કરીને મદોન્મત્ત હાથી ક્રીડા કરે છે તેવી રીતે મદોન્મત્ત જુવાન સ્ત્રીઓની સાથે ભરતજી યથેચ્છ ક્રીડા કરી રહ્યા છે. શૃંગાર અને સૌન્દર્યથી યુક્ત સ્ત્રીઓમાં તે

રાજમોહી એવા લીન થઈ ગયા છે કે જેવી રીતે પુષ્પવાટિકામાં ભ્રમર આનંદ અનુભવે છે. તેમનો સ્પર્શ કરવા માત્રથી સ્ત્રીઓને રોમાંચ થાય છે, તેમને પરવશ કરી દે છે. મૂર્ચ્છિત કરે છે. અને ફરી આનંદથી જાગૃત કરે છે. જુદી જુદી સ્ત્રીઓની ઈચ્છાનુસાર રમણ કરીને ત્યાર પછી પોતાની ઈચ્છાનુસાર તેમને મોહ પમાડે છે. ભરતરાજેન્દ્રના ગુરુનું વર્ણન શું કરીએ ? હજારો સ્ત્રીઓને હજારો રૂપો ધારણ કરીને તેઓ એકી સાથે ભોગવતા થકા ઈન્દ્રજાળની સમાન દેખાય છે. તે અનુપમ સૌન્દર્યયુક્ત સ્ત્રીઓનાં શરીર સંપર્કથી ઉત્પન્ન થતા સુખનો અનુભવ કરતા થકા ભરતજી સાતિશય પુણ્યફળને ભોગવી રહ્યા છે. અને તેને આત્મ પ્રદેશથી ખેરવી રહ્યા છે. જેવી રીતે અનેક દેશના લોકો આવીને કોઈ મંદિરની પૂજા કરતા હોય તેવી રીતે હજારો સ્ત્રીઓ ભરતજીની સેવા કરે છે. તો તેઓ તેમનો આનંદથી સ્વીકાર કરી લે છે તે વખતે એક મેળા જેવો દેખાવ થતો લાગે છે. જેવી રીતે પાકેલા એક ફોલ્લાને દાબીને એકદમ પરૂ બહાર કાઢી નાખે છે તેવી રીતે તે સ્ત્રીઓના સાથે ક્રીડા કરીને પુંવેદકર્મરૂપી ફોલ્લાનું પરુ બહાર કાઢી નાખે છે. અર્થાત્ પુંવેદ કર્મની નિર્જરા કરે છે. જેવી રીતે કસરત દ્વારા પોતાના શરીરના આલસ્યને દૂર કરીને મનુષ્ય પ્રસન્નતાથી રહે છે તેવી રીતે માધુર્ય વચનથી યુક્ત સ્ત્રીઓની સાથે ક્રીડા કરીને હમેશાં હંસસમાધિમાં તેઓ વર્તે છે. ભેદ વિજ્ઞાનીનું સુખ બધું કર્મનિર્જરાનું કારણ છે. તે બીજાને જાણી શકાય તેવી કલા નથી. કેવલ સ્વસંવેદનગમ્ય છે. સ્ત્રીઓનાં સ્તનપર પડેલો યોગી રહી શકે છે, પણ પર્વતની શિલા પર રહેલો યોગી મોહ પામે છે. આ બધું પરિણામનું વૈચિત્ર્ય છે, લલિત આત્મયોગના રહસ્યને કોણ જાણી શકે ? પોતાની સ્ત્રીઓની સાથે આનંદ કરતાં પોતાના સાડાત્રણ કરોડ બન્ધુઓને સંતોષ આપતા ષટ્ખંડમાં સત્કીર્તિ પામતા સાર્વભૌમ ભરત અયોધ્યામાં આનંદપૂર્વક પોતાનો સમય વિતાવી રહ્યા છે. ચર્મચક્ષુદ્વારા પોતાના રાજ્યને જોતા અને જ્ઞાનચક્ષુથી નિર્મલ આત્માને જોતા થકા રાજા ભરત અપાર આનંદપૂર્વક રાજ્યનું પાલન કરી રહ્યા છે. આ તેમની રાજ્યપાલન વ્યવસ્થા છે.

ભરતજીનું પુણ્ય અસદૃશ્ય છે. અપ્રતિમ આનંદ, અતુલ ભોગ, અદ્વિતીય વૈભવ હોવા છતાં પણ ભરતજી તેને હેય બુદ્ધિથી અનુભવે છે. કેવલ કર્મનોનિયોગ છે. તેમને ભોગવી પૂરો કરવો જોઈએ. તે વિના તે કર્મનો નાશ કેવી રીતે થાય ? શરીર, ભોગ, વૈભવાદિ બધું કર્મજનિત સુખ સાધન છે. તેમની હાનિ ગૃહસ્થાશ્રમમાં તો દાનથી થાય છે અથવા ભોગથી થાય છે. પૂર્ણનાશ તો તપથી જ થાય છે. તેમને માટે યોગ્ય સમયની જરૂર છે, તેથી ભરતેશ સંસારી જીવનમાં વૈભવનો દાન અને ભોગદ્વારા નાશ કરી રહ્યા છે; પરંતુ વિશાળ ભોગોની વચ્ચે રહેવા છતાં પણ તેઓ આ ભાવના ભાવે છે કે :–

''હે ચિદમ્બરપુરુષ ! અનુપમ સુજ્ઞાન રાજ્યને દશે દિશાઓમાં વ્યાપ્ત કરીને પાલન કરતા થકા અને નવીન કાન્તિ અને રુપને ધારણ કરીને મારા હૃદયમાં સદાય વર્ત્યા રહો.

હે સિદ્ધાત્મા ! આપ ગરીબોના આધાર છો. વિદ્વાનોનાં મનોહર છો, વિવેકીઓને માન્ય છો. તેથી હે પારસની સમાન ઈચ્છિત ફળ દેનારા નિરંજન સિદ્ધ ! મને સન્મતિ આપો.''

# ૧૪. ભરતેશનિર્વેગ સંધિ

**ભ**રતની કીર્તિ ત્રિભુવનમાં વ્યાપી ગઈ છે. ભરતના તેજની સામે સૂર્યપણ ઝાંખો પડતો હતો. આ પ્રકારની વૃત્તિથી સમ્રાટ રાજ્યનું પાલન કરતા હતા. ચતુરરંગના ખેલ સિવાય લોકમાં યુદ્ધક્ષેત્રમાં તેની બરોબરી કરી શકે તેવો કોઈ યોદ્ધો ન હતો. સમુદ્ર પોતે પોતાના કિનારાને દબાવતો જાય છે, પરંતુ મદથી લોકમાં કોઈ તેને દબાવી શકે તેવું નથી. તેની વીરતાથી જુદાજુદા દેશના રાજાઓ પ્રથમથી જ તેમને વશ થઈ ગયા હતા. હવે તેઓ ભરતના શૃંગાર અને ઉદાર ગુણ ઉપર પણ મોહિત થયા હતા. અને સદા તેની સેવા કરવા મંડયા હતા. ભરતજીનું સૌન્દર્ય, શૃંગાર અને તેની ચતુરાઈ તથા ગાંભીર્ય ઉપર પાતાલ લોક, નરલોક અને સુરલોકમાં પ્રસન્ન ન થનારા કોઈ નથી. અંતરંગમાં પંચ સંપત્તિ અને બહાર અતુલભાગ્યની સાથે સામ્રાજ્ય વૈભવ ભૌગવતા થકા એઓએ બહુ આનંદપૂર્વક ઘણો વખત વીતાવ્યો.

ભરતજીનું આયુષ્ય ચોરાશી લાખ પૂર્વ વરસનું હતું સિત્તેર ખર્વ અને છપ્પન અર્બૂદ વર્ષનું એકપૂર્વ થાય છે. એવા ચોરાશીલાખ પૂર્વ વર્ષની સ્થિતિ ભરત ચક્રવર્તીની હતી. આવા લાંબા વખત સુધી તેઓએ સુખનો અનુભવ કર્યો હતો. યોગના સામર્થ્યથી શરીરનું તેજ જરાયે ઓછું નહોતું થતું. જુવાનીની જ કોમળ મૂછો, બાલ પણ સફેદ નહોતા થયા. સારાંશ કે ભરતજી સદા ભરજુવાનીમાં જ ભોગો ભોગવી રહ્યા હતા. ધન્ય છે. આ શું પ્રાણાયામનું સામર્થ્ય છે. અથવા બ્રાહ્મણોના આશીર્વાદનું ફળ છે અથવા જનનિના આશીર્વાદનું ફળ છે કે જિન સિદ્ધ અથવા હંસનાથ પરમાત્માનો મહિમા છે. કોણ જાણે છે શું હોય, પરંતુ તેની જુવાનીમાં કાંઈ પણ ફેર નહોતો પડતો. ''ચિન્તા જ વૃદ્ધાવસ્થા છે અને સંતોષ જ યોવન છે'' આ પ્રકારની લોકોકિત છે. ખરેખર ભરતજીને ક્યારેક કોઈ પણ પ્રકારની ચિંતા ન હતી. સદાએ આનંદ ને આનંદ જ વર્તતો હતો. તો વૃદ્ધાસ્ત્રીઓ સાથે ભોગ કરવાથી વૃદ્ધાવસ્થા જલદી આવે છે યુવાન સૌન્દર્યવાન સ્ત્રીઓ સાથે ભોગ કરવાથી ભરતજીને વૃદ્ધાવસ્થા કેમ આવે ? તેથી હંમેશાં જુવાની જ દેખાતી હતી.

રાજાઓ ઉત્તમોત્તમ કન્યાઓને લાવીને ભરતજીની સાથે વિવાહ કરાવે છે. તેમને ભરતજી ભોગવતા હતા. જ્યારે તે સ્ત્રીઓ વૃદ્ધ થતી હતી ત્યારે તેમને છોડીને નવી જુવાન સ્ત્રીઓની સાથે ભોગ ભોગવતા હતા. તે તરુણીઓની સાથે સંભોગ કરતા થકા અને આનંદ અનુભવતા થકા બુદ્ધિમાન ભરતજી શરીરનો મદ ઉતારતા હતા. અને એ રીતે તે પરમાત્માના દર્શનથી કર્મની નિર્જરા કરતા હતા. અંતઃપુરની દેવીઓ જો માંહે માંહે આનંદથી રમવા ઈચ્છતી તો તેમને ભરતેશ રમત ગમતમાં જોડીને પોતે રાજ દરબારમાં પહોંચીને ત્યાં રાજાઓને પ્રસન્ન કરતા હતા.

એક દિવસની વાત છે. ભરતેશ બત્રીશ હજાર મુગટબદ્ધ રાજાઓના દરબારમાં સિંહાસનપર બિરાજમાન હતા તે વખતે એક ઘટના બની. ત્યાં જે મુખચિત્રક હતો તેણે ભરતજીને દર્પણ દેખાડયું, તે એવા હેતુથી કે સમ્રાટ જુએ કે પોતાનું મુખ કેવું છે. ભરતેશે અરીસામાં બરાબર જોયું તો મુખ જરાક ઢીલું દેખાયું. ભરતજીએ વિચાર કર્યો કે આ રાજ્ય પાલનની હવે જરૂર નથી. બારીકાઈથી જોયું તો ભરતજીને કપાળમાં કરચલી જોવામાં આવી જાણેકે તે મુક્તિ કાન્તાની દૂતિ જ ન હોય ! તેને મુક્તિલક્ષ્મીએ ભરતેશને શીઘ્ર બોલાવવા માટે મોકલી ન હોય એમ લાગતું હતું.

ભરતજીએ આ વખતે વિચાર કર્યો કે ધ્યાનયોગના ધારણ કરનારના શરીરમાં આવા પ્રકારનો ફેર ન પડે તો આમ શાથી થયું હશે ? આશ્ચર્ય પૂર્વક જ્યારે તેઓએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો તો ખબર પડી કે આયુષ્યકર્મ ઘણું ઓછું રહ્યું છે. હવે મારી મુક્તિ ઘણી નિકટ છે, કાલ જ મારે મોક્ષ સામ્રાજ્યના અધિપતિ થવાનું છે. આ પ્રકારનો યોગ છે. ઘાતિયાકર્મોનો તો આજે જ નાશ થવાનો છે. આ રીતે તેમને નિશ્ચિતરૂપે જણાયું.

ભરતેશ અંદરથી હસતા હસતા જ વિચાર કરવા લાગ્યા કે અહો ! હું ભૂલી જ ગયો હતો, હવે આ કરચલીએ મને યાદ દેવરાવ્યું. સારું થયું. ચાલો હવે આગળનું કર્તવ્ય કરીએ.

સંસાર સુખની આશા ટળી ગઈ. હવે સમ્રાટના હૃદયમાં વૈરાગ્યનો ઉદય થયો. તે વિચાર કરવા લાગ્યા કે, મુક્તિ હવે અત્યંત નિકટ છે. સંસાર અને ભોગમાં કાંઈ સાર નથી. જ્યારે શરીરમાં જીર્ણતા જોવામાં આવી ત્યારે આ કન્યાઓની સાથે ક્રીડા કરવી તે શું વાજબી છે ? બસ રહેવા દ્યો. મને ધિક્કાર હો ! તપશ્ચર્યારૂપી દુગ્ધનું સેવન ન કરતાં કેવળમુગ્ધોની જેમ વિષય વિષનું સેવન કરતો થકો હું આજસુધી દગ્ધ થયો. હાય ! કેટલી દુઃખની વાત છે !

''મારા વર્તનને માટે ધિક્કાર હો ! તપશ્ચર્યારૂપી ક્ષીર સમુદ્રમાં ડૂબકી ન મારતાં જડ દેહસુખરુપી લવણ સમુદ્રને પીતાં છતાં પણ હું તરસ્યો જ રહ્યો ! હાય ! કેટલા દુઃખની વાત છે. ધ્યાનરુપી અમૃતનું પાન કર્યા વગર આત્માનંદનો અનુભવ ન કર્યો. કેવળ શરીરના જ સુખમાં હું મગ્ન થયો. જુઓ ! મારા સહોદર તો મૂછ આવ્યા પહેલાં જ દીક્ષા લઈને ચાલ્યા ગયા, અને અમૃતપદને પામી ગયા. પરંતુ મેં જ ઢીલ કરી. સહોદરની વાત તો જવા દો. મારા શરીરથી ઉત્પન્ન થયેલા મારા પુત્રોએ દીક્ષા લઈને મુક્તિસ્થાન પ્રાપ્ત કર્યું. આનાથી અધિક મારી મૂર્ખતા બીજી કઈ હોઈ શકે ? મારા પિતાજી, શ્વસુર, મામા, સાળાદિ બધા આપ્ત પુરુષો આગળ વધી ગયા, હું એકલો જ પાછળ રહી ગયો. હાય ! અત્યંત ખેદની વાત છે. સારું તેઓ આગળ ગયા, મારો પણ રસ્તો છે, હું પણ જઈશ. મને તપશ્ચર્યાનો યોગ છે, તપશ્ચર્યાને યોગ્ય સ્વપર તત્ત્વનું જ્ઞાન છે, અને વિપુલ આત્મયોગ છે. તે દ્વારા કર્મોનો નાશ કરીને હું મુક્તિ પામીશ.'' આ રીતે સમ્રાટે દૃઢ નિશ્ચય કર્યો.

મંત્રીએ હાથ જોડીને પ્રાર્થના કરી કે 'સ્વામી ! આપ આવો કેમ વિચાર કરી રહ્યા છો. આ ષટ્‌ખંડાધિપત્યથી અધિકસંપત્તિ ક્યાં છે ? તેથી આપ સુખનો અનુભવ કરો. તપ તપવાની હાલ શી જરૂર છે ? આપને અહીં કઈ વાતની ખામી છે ? પૃથ્વીપરના બધા રાજયકર્તાઓ આપના ચરણોમાં મસ્તક નમાવે છે, મનુષ્યલોકના સર્વ શ્રેષ્ઠ શ્રીમંતોને છોડીને અન્ય વિચાર આપ કેમ કરી રહ્યા છો ? રાજા ! જવાદો એવા વિચારોને.''

સમ્રાટે કહ્યું કે ''જે દિવસે પિતાજી દીક્ષા લઈને ચાલ્યા ગયા તે દિવસે શું તેમની પાસે કાંઈ પણ સંપત્તિ નહોતી તેથી ચાલ્યા ગયા હતા ? આ શરીર નાશવાન છે તેથી બદ્ધિશાળી પુરુષોએ પોતાનું હિત વિચારી લેવું જોઈએ. એ તો તદ્દન સાચી વાત છે કે જેમના હૃદયમાં વૈરાગ્ય નથી, કેવળ તપશ્ચર્યાને માટે જાય છે તેમને તો તે તપ ભારરૂપ છે. પરંતુ જ્ઞાની વિરક્તને માટે તો તે તપશ્ચર્યા ગોળના જેવી ગળી છે. જ્ઞાન રહિત આત્માનું કર્મ પત્થરના સમાન કઠન છે, પરંતુ જ્ઞાન પ્રાપ્ત થયા

પછી તે કઠન નથી પણ અત્યંત મૃદુ છે. ષટ્ખંડ જીતવાથી શું થયું ? જ્યાં સુધી કર્મના ત્રણ કાંડોને નથી જીતી લેતાં ત્યાં સુધી ત્રણ રત્નો (રત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર્ય) આદરવાં જોઈએ. આ ચૌદ મણિઓ શા કામના છે ?'' સમ્રાટ જ્યારે બોલતા હતા ત્યારે તે દરબારમાં એવું લાગતું હતું કે જાણે અમૃતની વર્ષા થઈ રહી ન હોય ! મંત્રીએ કહ્યું ''સ્વામી ! અમે તો આપના વિવેક ઉપર મુગ્ધ થયા છીએ. અમૃતની આગળ ગોળની કિંમત જ શી છે ? ડહાપણ, વીરતા આદિમાં આપની બરોબરી આ લોકમાં કોણ છે ? આપની વૃત્તિ જોઈને બુદ્ધિમાન લોકો, જ્ઞાની લોકો, વીર પુરુષો એ બધાં પ્રસન્ન થાય છે.''

''રાજેન્દ્ર ! આપના સોગન છે, મારા જેવો મૂર્ખ તેને શું જાણે ? મેં અજ્ઞાનથી એક વાત કહી નાખી આપ મને ક્ષમા કરો. આપે જ વિચાર કર્યો છે તે બરાબર છે મારા અપરાધને આપ ભૂલી જાઓ.'' આ રીતે પ્રાર્થના કરીને મંત્રી પોતાને સ્થળે બેઠા.

સમ્રાટે પોતાના પુત્રોને બોલાવ્યા. ''મોટા ભાઈ ! અહીં આવો આ રાજ્ય તમે લો, મને દીક્ષા માટે જવા દો.'' આ રીતે અર્કકીર્તિકુમારને આલિંગન કરીને ભરતજીએ કહ્યું. તે વખતે આંસુ પાડતા અર્કકીર્તિ મૂર્ચ્છિત થઈ ગયા. શીતલોપચારથી તેને જાગૃત કરી સમ્રાટે કહ્યું કે બેટા ! ''ગભરાઓ છો શું ? ક્ષત્રિયપુત્રો ડરે ? દુઃખ શા માટે માનો છો ? મને ધીરજપૂર્વક જવા દો.''

અર્કકીર્તિ કુમારે હાથ જોડીને કહ્યું કે ''પિતાજી, શું હાથીનો ભાર હાથીનું બચ્ચું ઉપાડી શકે ? આપના સામર્થ્યથી મળેલી આ રાજ્યધુરા કેવી રીતે ઉપાડી શકું ? તો આપ આવો વિચાર કેમ કરી રહ્યા છો ?''

સમ્રાટે કહ્યું ''બેટા ! તમે આ રાજ્યધુરા ધારણ કરવામાં સર્વ પ્રકારે સમર્થ છો. આ વાતનો વિચાર કરીને જ મેં તમને બધી વાત કરી છે, બેટા ! શું તમે ભૂલી ગયા ? જ્યારે હું તે દિવસે ઋષભરાજને મારા ખોળામાં લઈને બેઠો હતો. ત્યારે તમે મને ભાર લાગશે એમ માનીને તેને તમારા ખોળામાં લઈ લીધો હતો. તો આજે આ રાજ્યનો ભાર ઉપાડવા કેમ તૈયાર નથી થતા ?''

અર્કકીર્તિ કહેવા લાગ્યા કે ''પિતાજી મોટી મોટી વાતો કરીને આપ મને ફુલાવી રહ્યા છો અચલિત શિવપદ તરફ આપનું ધ્યાન છે. અને મને આ મલિન રાજ્યપદમાં નાખી રહ્યા છો તે શું ન્યાય છે ? આજ સુધી આપને જે ઈષ્ટ હતાં એવાં અન્ન, વસ્ત્ર અને આભૂષણોથી આપે મારું પાલન પોષણ કરેલું છે પરંતુ આજ આપને જે રાજ્ય તરફ તિરસ્કાર વર્તે છે એવું રાજ્ય મને શા માટે આપી રહ્યા છો ? આજ સુધી અમને ઈષ્ટ પદાર્થો વારંવાર આપીને અમારું પાલન પોષણ કર્યું છે. પરંતુ આજ આપ અમને અને આપને ઈષ્ટ નથી એવું રાજ્ય આપી રહ્યા છો તો અમે આપને શું કષ્ટ પહોંચાડયું છે ?''

''બેટા ! તમે બોલવામાં ચતુર છો એ વાત હું જાણું છું. આ રાજ્ય મૂર્ખને કષ્ટદાયક છે, બુદ્ધિમાન વિવેકીને કષ્ટદાયક નથી. ઈષ્ટ જ છે તેથી તમે રાજ્યને સંભાળો ઢીલ ન કરો.'' એ રીતે સમ્રાટે કહ્યું.

ઉતરમાં કુમારે છાતી રાખીને કહ્યું કે સ્વામી ! આપ તો મોક્ષરાજ્યને ઈચ્છો છો અને અમને તો આ ભૌતિક રાજ્યમાં રહેવાની અનુમતિ આપી રહ્યા છો. તે અમને શી રીતે માન્ય થઈ શકે ! તેથી મને પણ દીક્ષાનું જ શરણ છે. હું પણ આપની સાથે જ આવું છું.

ફરી સમ્રાટે કહ્યું કે બેટા ! મારા પિતાજીએ મને રાજ્ય આપીને દીક્ષા લીધી અને હું તમને રાજ્ય આપીને દીક્ષિત થાઉં એ જ ઉચિત છે. તેથી આ વાતનો સ્વીકાર કરો. થોડો સમય રાજ્યમાં રહ્યા પછી અમારી માફક તમે પણ તપશ્ચર્યા માટે આવજો.

બેટા ! સંસારમાં રાજ્યનું સુખ આનંદથી ભોગવ્યા પછી પોતાના પુત્રને રાજ્ય સોપીને દીક્ષા લેવી જોઈએ અને મુક્તિ રાજ્ય પ્રાપ્ત કરવું જોઈએ. અમારો આનુવંશિક કુલાચાર છે. શું તેનું તમે ઉલ્લંઘન કરશો ? માટે તમે મને આગળ જવા દો. પછી તમે આવો. આ જ તમારું કર્તવ્ય છે.

અર્કકીર્તિકુમાર નિરુપાય થઈને કહેવા લાગ્યા કે ''પિતાજી ! સારું કપાળમાં એક કરચલી જોવાથી શું થયું ? તેમાં આટલી ધમાલ શાની ? થોડાક વખત રાજ્ય કરો પછી દીક્ષા લેજો. હાલ ઉતાવળ ન કરો.''

જવાબમાં સમ્રાટે કહ્યું, સારું. પરંતુ આયુષ્યકર્મ તો નજીકમાં પુરું થવા આવ્યું છે. આજે જ ઘાતીયા કર્મનો નાશ કરીશ. અને કાલે જ સૂર્યોદય થતાં જ મુક્તિ પ્રાપ્ત કરવાનો યોગ છે.

આ વાત સાંભળતાં જ અર્કકીર્તિનાં હૃદયમાં મહાભારે આઘાત લાગ્યો. એકદમ સ્તબ્ધ થઈ ગયા. કંઈ કહેવા જતા પહેલાં સમ્રાટે તેને પોતાના સોગન આપી અને બોલતા બંધ કર્યા. અને કહ્યું આ રાજ્ય તમારા માટે. યુવરાજપદ આદિ રાજ્યને માટે છે. અને બાકીના કુમારોને નાનું નાનું રાજ્ય આપું છું. આમ કહીને રાજાએ પોતાના બીજા પુત્રો તરફ જોયું.

વૃષભરાજ ! તમને ક્યા રાજની ઈચ્છા છે ? બોલો જવાબમાં તે કુમારે મક્કમતાથી કહ્યું કે મને મોક્ષરૂપી રાજ્યની ઈચ્છા છે. હું તો પિતાજીની સાથે જ આવીશ. આ રાજ્યમાં તો કોઈ વાતે નહીં જ.

હંસરાજને બોલાવીને પૂછવામાં આવ્યું તો બેધડક તેણે કહ્યું કે હું સિદ્ધ લોક સિવાય બીજા કોઈ રાજ્યથી પ્રસન્ન નહિ થાઉં. આ વાત હું હંસનાથની સાક્ષીપૂર્વક કહું છું. બાકી કુમારોએ પણ સામે આવીને નિશ્ચલ ચિત્તે કહ્યું કે સ્વામી ! અમે તો આપની પાસે જ રહીશું. અહીંયાં નહીં રહીએ.

સમ્રાટભરતે વિચાર્યું કે બધાને સમજાવીને સાંત્વન આપવાનો વખત મારી પાસે નથી, હવે જે થવાનું હશે તે થશે. આ રીતે સિંહાસનમાંથી ઊઠીને ઊભા થયા. અર્કકીર્તિકુમારનો હાથ પકડીને સિંહાસન પર બેસાડી દીધા અને પોતાના મુગટને ઉતારીને તેના મસ્તક પર મૂક્યો. ઉપસ્થિત સર્વ જનતાએ જયજયકાર કર્યો. કંઠહારને ધારણ કરાવીને દુપટ્ટો ધારણ કરાવ્યો. અને જાહેર કર્યું કે તમે જ હવે આ રાજ્યના અધિપતિ છો. એ રીતે રાજતિલક કરીને તેનાં પટ્ટાભિષેકનું કાર્ય પૂર્ણ કર્યું. પાસે જ આવેલા નાના સિંહાસન ઉપર આદિરાજને બેસાડયા અને તેને રત્નહાર પહેરાવીને તીલક કરતાં જાહેર કર્યું, કે આ યુવરાજ છે. છેવટે કહ્યું કે બેટા ! પ્રજા છે, પરિવાર છે, દેશ છે, રાજય છે. બધાનાં

મન જાણીને તેમને પ્રસન્ન કરીને રાજ્યનું પાલન કરવું તે તમારી ફરજ છે. હવે મને વધારે કહેવાનો સમય નથી. આ રીતે પુત્રને સંકેત કર્યો.

તે કુમારને આંસુ વહેતાં હતાં. આ બાજુ સમ્રાટે રાજસમૂહને જોઈને કહ્યું કે, તમે હવે મારી ચિન્તા ન રાખો. હવે આ કુમારો તરફ ધ્યાન દઈને તેને અનુકૂળ રહીને વર્તજો. આ રીતે બધાને સૂચવ્યું.

દુનિયાની જંજાલ દૂર થઈ ગઈ. હવે ભરતેશને કોઈ વાતની ચિંતા રહી નથી. પોતાની સ્ત્રીઓ, મંત્રી, મિત્રો વગેરે કોઈનું ધ્યાન ન રહ્યું. પરમાત્માનું સ્મરણ કરતા થકા તે જ ક્ષણે આગળ વધ્યા. અર્કકીર્તિ આદિ રાજકુમારો મોઢા આગળ આવીને તેમના ચરણોમાં પડયા અને અશ્રુપ્રવાહ ચલાવતા તેમને આગળ વધતા રોકવા લાગ્યા. પિતૃવિયોગને કેમ સહન કરી શકાય ? શું ભરતરાજેન્દ્રે તે રોતા પુત્રો તરફ નજર નાખી ? ના, હવે તો તેમના હૃદયમાં જરાએ મોહનો અંશ નહોતો રહ્યો. તે પુત્રોને રોતાં જ મૂકીને મદોન્મત હાથીની પેઠે આનંદપૂર્વક તપોવન તરફ ચાલી નીકળ્યા. દરબારમાં રહેલા રાજાઓ, પ્રજા અને પરિવાર તો તેમની સાથે આગળ વધ્યા. અને સમ્રાટની સામે પાલખી લાવીને મૂકવામાં આવી. ભરતેશ આત્મલીલાપૂર્વક તેના ઉપર આરુઢ થયા.

સમ્રાટ દીક્ષાવનમાં ચાલ્યા ગયા એમ ખબર પડતાં જ અંતઃપુરમાં એકદમ હાહાકાર મચ્યો ધૂપમાં પડેલા કોમળ પાંદડાંની પેઠે રાણીવાસમાં રહેલી દેવીઓ મૂર્ચ્છિત થઈને ઢળી પડી. તે વખતે તેમના પ્રાણ જ નીકળી જાત, પરંતુ હજુ સુધી સમ્રાટ જીવતા છે તેથી અમે તેમને દેખી શકીશું એવી અભિલાષાથી તેઓ આકુલ બની રહી હતી. ''હાય ! ષટ્‌ખંડાધિપતિ સમ્રાટનું ભાગ્ય જોતજોતામાં જ અદૃશ્ય થઈ ગયું ? આ સંસારને ધિક્કાર હો. આ રીતે તે સ્ત્રીઓ દુઃખી થઈ રહી હતી. લોકો કહેતા હતા કે ષટ્‌ખંડાધિપતિની બરોબરી કરનાર આ લોકમાં કોઈ નથી, તેની સંપત્તિ અતુલ છે. તોપણ એક ક્ષણમાં તે સંપત્તિ અદૃશ્ય થઈ ગઈ. આશ્ચર્યની વાત છે.'' આ રીતે બોલીને દુઃખી થવા લાગી. હંમેશાં પતિદેવ અમને કહેતા હતા કે આયુષ્યક્રમનો ક્ષય થયા પછી કોણ રહી શકે ? તે વાત તેઓએ આજે પ્રત્યક્ષ કરી બતાવી. જીવન બગાડીને તેઓ નથી ચાલ્યા ગયા પણ કાલે પ્રાતઃસમયે જ મુક્તિમાં જશે એમ કહીને ચાલ્યા ગયા છે. તેથી અમને પણ દીક્ષાની જ ગતિ છે. હવે બધાં ઊઠો એમ કહીને બધી દેવીઓ જવા તૈયાર થઈ. જો સમ્રાટ મહેલમાં હોત તો આપણે પણ મહેલમાં રહીને સુખનો અનુભવ કરત. પરંતુ હવે તેઓ તપોવનમાં ચાલ્યા ગયા તેથી હવે આપણે અહીં રહેવું યોગ્ય નથી. તેઓ જે જંગલમાં ગયા તે અમારા માટે પરમ સુખનું સ્થાન છે.

અમારી આંખો અને મનની તૃપ્તિ જે રીતે થાય તેવી રીતે અમે સુખનો અનુભવ કર્યો. હવે તપશ્ચર્યા કરીને સ્ત્રીપર્યાયનો નાશ કરવો જોઈએ અને સ્વર્ગલોક મેળવવું જોઈએ. આ રીતે નિશ્ચયથી ઉદાસીન વૃદ્ધસ્ત્રીઓ, અંતઃપુરની રાણીઓ વગેરે બધીએ દુઃખમાં ધૈર્ય ધારણ કરીને દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. જતી વખતે પોતાના પુત્રોને આશીર્વાદ આપ્યો કે બેટા ! તમે તમારા પિતાની સમાન જ સુખથી રાજ્ય પાલન કર્યા પછી મોક્ષ સુખ પ્રાપ્ત કરો. અમે આજે સુખ માટે દીક્ષાવનમાં જઈએ છીએ. આ રીતે કહેતી આગળ ચાલી.

કુસુમાજી અને કુંતુલાવતી રાણી પણ પોતાના રડતા પુત્રોને આશીર્વાદ આપીને ધૈર્યપૂર્વક આગળ ચાલી. પુત્રોએ પણ વિચાર કર્યો કે, આવા વખતે તેમને રોકવા વાજબી નથી. પોતાના પતિના હાથે જ તેમને દીક્ષા લેવા દો. એવા વિચારથી તે માતાઓને પાલખી ઉપર બેસાડી વિદાય કર્યાં. જે ભાઈઓ દીક્ષા લેવા ગયા હતા તેમની સ્ત્રીઓ પણ દીક્ષા લેવા માટે તૈયાર થઈ. તેમને પણ માતાઓની સાથે જ પાલખીઓમાં મોકલી.

નગરમાં સર્વત્ર સ્ત્રીવર્ગ પોતાના ઘરમાં ઉપરની મેડી પર ચઢીને રોતી હતી, પ્રજા પરિવારમાં શોક સમુદ્ર જ ઊછળી રહ્યો હતો. સ્ત્રીઓ પાછળ આવી રહી છે. સમ્રાટ આગળ જઈ રહ્યા છે. લોકો આશ્ચર્યચકિત થઈને આ દૃશ્ય જોઈ રહ્યા છે.

હાય ! અમારા સ્વામીની સંપતિ તો ઈન્દ્ર ધનુષ્યની સમાન દેખાઈને અદૃશ્ય થઈ ગઈ. સંસારી પ્રાણીના સુખને ધિક્કાર હો. આ રીતે નગરમાં ચર્ચા થઈ રહી હતી.

વૃદ્ધાવસ્થા ન પામતા તમે આજ સુધી જીવન વ્યતીત કર્યું, તમારી સ્ત્રીઓને જરા પણ દુઃખ ન આપ્યું પરંતુ આજ તો વગર બોલ્યે જંગલમાં જાઓ છો, કેટલી આશ્ચર્યની વાત છે ! નગરમાં જતા થકા અમે ક્યારેક આપને જોતા હતા ત્યારે અમને સ્વર્ગ સુખનો જ આનંદ મળતો હતો, પરંતુ હાય હવે તો અમારી સંપત્તિ ચાલી જતી દેખાય છે. સ્ત્રીઓ, પુત્રો અને પુત્રવધુઓ આદિ તમે ષટ્ખંડ વશ કરીને મેળવ્યા હતાં હવે તો તે બધાની સાથે લઈને આપ તપ કરવા ચાલી નીકળ્યા છો. હાય ! હાય ! આ રીતે ત્યાં સ્ત્રીઓ દુઃખી થઈ બોલતી હતી. શોક કરનારા નગરવાસીઓ તરફ નજર ન રાખતાં સમ્રાટ પોતાના નિશ્ચયથી દૃઢપણે પોતાના પરિવાર સહિત ભયંકર વનમાં ચાલી નીકળ્યા. ત્યાં એક ચંદનનું વૃક્ષ હતું. તેના મૂળમાં એક શીલાપટ હતી. ત્યાં ભરતેશ પાલખીમાંથી ઊતર્યા, એટલે ત્યાં રહેતા લોકોએ જયજયકાર કર્યો. તે શીલાપટ ઉપર ઊભા રહીને એકવાર બધા તરફ નજર નાખીને જોયું. એટલે મ્લાન મુખે તે લોકોએ નમસ્કાર કર્યા. પાસે અર્કકીર્તિ અને આદિરાજ પણ હતા. તેમનું મોઢું પણ ફિકકું પડી ગયું હતું. પણ બાકીના પુત્રો તો હસતા હતા. અર્થાત તેમનું ચિત્ત તો પ્રસન્ન જ હતું. તેમને જોઈને સમ્રાટને પણ હસવું આવ્યું. મિત્રગણ પ્રસન્ન હતા. અનેક રાજાઓ પણ પ્રસન્ન હતા. ભરતેશ સમજી ગયા કે આ બધા દીક્ષા લેવાના છે. સ્ત્રીઓની પાલખીઓ પણ આવી પહોંચી. હવે શૃંગાર યોગી ભરતેશે દીક્ષા લેવા માટે અંતરંગમાં તૈયારી કરી. સમસ્ત પરિવારને દૂર ઊભા રહેવાનો ઈશારો કરીને પોતાના પુત્ર, મિત્ર, મંત્રી આદિ જે નજીકમાં હતા. તેમને એક પડદો ધરી રાખવા કહ્યું અને પોતે દીક્ષા વિધિ માટે તૈયાર થયા.

ભરતેશનું આત્મબળ અચિન્ત્ય છે. તેમનું પુણ્ય અમાપ છે. તે લઘુ કર્મી છે. જીવનના અંતિમ વખત સુધી સાતિશય ભોગો ભોગવીને વખતસર પોતાનું આયુષ્ય જાણી લીધું અને પોતાના આત્મહિતની તરફ પ્રવૃત થયા. આ અલૌકિક મહા પુરુષોનું જ કાર્ય છે. આ દરેક મનુષ્ય માટે સાધ્ય હોતું નથી.

આજે પ્રાતઃકાળે દરબારમાં પહોચ્યાં ત્યાં સુધી સમ્રાટને ખબર નહોતી કે મારું આયુષ્ય પૂરું થવા આવ્યું છે. મારા ઘાતિયા કર્મ જર્જરિત થઈ ચૂકયાં છે. આજે મારે ઘાતિયા કર્મનો નાશ કરવો છે. કાલે પ્રાતઃકાળે સૂર્યોદય થતાં જ બાકીનાં બધાં કર્મોનો નાશ કરીને મારે સિદ્ધ લોકમાં પહોંચવાનું

છે. અંતઃપુરથી દરબારમાં આવ્યા ત્યાં સુધી તેમને આ જાતની ખબર નહોતી. પરંતુ અકસ્માત્ દરબારમાં આવતાં જ આ બધું જણાઈ આવ્યું. તેઓએ પોતાનું આત્મહિત સંભાળી લીધું અને વિચાર્યું કે હવે ઢીલ કરવામાં લાભ નથી. તે વખતે રાજ્ય લોભ નથી, રાણીઓની ચિન્તા નથી, પુત્રોનો મોહ નથી, હજાર વર્ષના અભ્યસ્ત યોગીની સમાન ચાલી નીકળવું તે ખરેખર આશ્ચર્યની વાત છે. ભરતેશ હંમેશાં આવી ભાવના ભાવતા હતા કે :–

''હે પરમાત્મા ! તમે તો અદૃશ્ય પદાર્થોને પણ દશ્યમાન કરી દેનારા પરમ જ્યોતિ છો. તેથી સદા પ્રજલિત થઈને મારા હૃદયરુપી કોટડીમાં વર્તો. જો ચાલ્યા જશો તો તમને મારા સોગન છે.

હે સિદ્ધાત્મા ! આપ દાનીઓના દેવ છો, રક્ષકોના દેવ છો, ભવ્યોના દેવ છો. મારે માટે સર્વથી શ્રેષ્ઠ દેવ છો. વિશેષ શું ?

હે નિરંજન સિદ્ધ ! આપ દેવોના પણ દેવ છો તેથી સન્મતિ આપો. આ ભાવનાથી તેઓ લોક વિજયી થાય છે.''

## ૧૫. ધ્યાનસામર્થ્ય સંધિ

**પ**ડદાની અંદર સુંદર શિલાપટપર ભરતેશ સિદ્ધાસને બેસીને હવે દીક્ષા લેવા માટે તૈયાર થયા. તેમનો નિર્ણય હતો કે મારે માટે કોઈ ગુરુ ન હોય મારો તો હું જ ગુરુ છું. એવા વિચારથી પોતે સ્વયં દીક્ષિત થયા.

વસ્ત્રાભૂષણો ઉપરનો તેમણે બધો મોહ છોડી દીધો. વસ્ત્રાભૂષણની શોભા આ શરીર માટે છે. આત્માને માટે શરીર પણ નથી. તો આભરણોની શી જરૂર છે ? આ રીતે તેમણે વસ્ત્રાભૂષણ ઉપરનો મોહ છોડી દઈને શરીર ઉપરથી તે ઉતારી નાખ્યાં.

કોટિ સૂર્યચંદ્રનો પ્રકાશ મારા આત્મામાં છે તો આ જરાક પ્રકાશયુક્ત શરીર શોભાની શી જરૂર છે ? એમ સમજતા થકા સર્વ પરિગ્રહોનો તેમણે ત્યાગ કર્યો. પછી કેશલોંચ કર્યો. ભગવાન આદિનાથને કેશ હોવા છતાં કર્મક્ષય થયો. તોપણ ઉપચારને માટે કેશલોંચની આવશ્યકતા છે. એવા વિચારથી તેમણે કેશલોંચ કર્યો. તેને કેશલોંચ કેમ કહેવો ? તેમણે મનના સંકલેશનો લોંચ કર્યો. તે શૂર ભરતયોગી આંખમીંચીને પોતાના આત્માની તરફ જોવા લાગ્યા. એવામાં અત્યંત પ્રકાશયુક્ત મનઃપર્યય જ્ઞાનની પ્રાપ્તિ થઈ.

હવે મુનિરાજ ભરત મહાસિદ્ધબિંબની સમાન નિશ્ચલ આસન લગાવીને આત્મનિરીક્ષણ કરી રહ્યા છે. બાહ્ય સામગ્રી પરિકર વગેરે અત્યંત સુંદર હતા. ધ્યાનમાં જરાપણ ચંચલતા ન હતી. તેઓ આત્મામાં સ્થિર થઈ ગયા. જેવી રીતે બાહ્ય સાધન શુદ્ધ છે તેવી રીતે અંગ ભિન્ન છે, આત્મા ભિન્ન છે. એ રીતે ભેદ પાડીને અનુભવ કરનારા અંતરંગ સાધન પણ પરિશુદ્ધરૂપે તેમને પ્રાપ્ત થયાં હતાં. તેથી ભંગુર કર્મોનો અષ્ટાંગ યોગમાં રત થઈને ભંગ કરી રહ્યા હતા.

યોગી પોતે પોતાને જોઈ રહ્યા હતા. પરંતુ તેથી ગભરાઈને કર્મ તો જ્યાં ત્યાં ભાગવા લાગ્યાં હતા. જેમ જેમ કર્મ નાસી જતાં હતાં તેમ તેમ આત્મામાં સુજ્ઞાન પ્રકાશનો ઉદય થતો હતો. કર્મરેણુ અલગ થઈને જ્યારે આત્મદર્શન થતું તે વખતે જમીનમાં દાટેલી રત્નની પ્રતિમા માટીને ખોદવાથી મળી હોય એવું લાગતું હતું. કલ્પના કરો. મુશળધાર વૃષ્ટિના વરસવાથી માટીનો પર્વત જેમ મળીગળીને પડવા લાગે છે તેમ પરમાત્માનાં ધ્યાનથી કર્મપિન્ડ ગળતો જોવામાં આવતો હતો. બળતા અગ્નિમાં જો લાકડાં નાખવામાં આવે તો જેમ તે અગ્નિ વધતો જ જાય છે. તેવી રીતે કર્મોના સમૂહને કારણે તે ધ્યાનરૂપી અગ્નિ પણ તેજસ્વી બનતો ગયો.

ઘોર કર્મો જ કાષ્ઠ છે, શરીર જ હોમકુંડ છે, ધ્યાન જ અગ્નિ છે. આ દીક્ષિત ધીર યોગીએ તે હોમદ્વારા સંસારરુપી શત્રુનો નાશ કરવાનો નિશ્ચય કર્યો હતો. બન્ને આંખો મીંચવા છતાં પણ તેમણે સુજ્ઞાનરૂપી મહાચક્ષુને ખોલી હતી. તે નેત્ર અગ્નિસ્વરૂપ છે તે દ્વારા કર્મ વેરીના નિવાસસ્થાન ભૂત ત્રણ શરીરરુપી ત્રણ નગરોને બાળવાનું કામ થઈ રહ્યું હતું. પ્રલયકાળના અગ્નિથી જેવી રીતે લોકના સમસ્ત પદાર્થ બળીને ખાખ થઈ જાય છે, તેવી રીતે આ તપોવનનાં ધ્યાનાગ્નિદ્વારા કર્મ બળીને ખાખ થઈ રહ્યાં છે, અને પોતાનું ક્ષેત્ર છોડી રહ્યાં છે. તે પ્રતાપી દિગ્વિજયના વખતે વિજ્યાર્ધમાં વજ

કપાટને તોડીને અંદરથી નીકળેલા ભિષણ અગ્નિને ઘોડા ઉપર ચઢીને જેવી રીતે જોતા હતા. તેવી રીતે કર્મ-કપાટને તોડીને પોતાના ભાવોમાં સ્થિર રહીને તે કર્મને બાળનારા અગ્નિને જોઈ રહ્યા છે.

દિગ્વિજયને વખતે કાકિણી રત્ન દ્વારા ગુફાના અંધકારનો નાશ કર્યો હતો, એ વાતને ભરતેશ હજુ ભૂલી નથી ગયા એમ જણાય છે. તેથી તેનો પ્રયોગ અહીં પણ કરી રહ્યા છે. અહીં ધ્યાન રૂપી કાકિણી-રત્ન દેહરૂપી ગુફામાં મહાન પ્રકાશ પાડી રહેલ છે. ભરતેશે સંસારથી વિરકત થઈને ચક્રરત્ન છોડયું તો અહીં ધ્યાન ચક્રનો ઉદય થયો. હવે આગળ શક્ર (દેવેન્દ્ર) આવીને તેની સેવા કરશે, અને મુક્તિ સામ્રાજ્યના અધિપતિ બનશે, તેમને હંમેશાં વૈભવ ને વૈભવ વર્તે છે. આશ્ચર્ય છે. મુનિ કુલોત્તમ ભરત ધ્યાન પરાક્રમથી હંસનાથ (પરમાત્મા) ને જોઈ રહ્યા છે. તે વખતે કર્મનો વિધ્વંસ થઈ રહ્યો છે અને આત્માંશુ (ક્રાન્તિ) વધતી જાય છે. જેવી રીતે પાળ તૂટવાને રોકાએલું પાણી એકદમ વહીને ચાલ્યું જાય છે. તેવી રીતે બંધ તૂટવાથી રોકાયેલું પાણી એકદમ વહીને ચાલ્યું જાય છે, તેવી રીતે બંધ તૂટવાથી રોકાયેલું કર્મજડ નીકળીને ચારે તરફ જવા લાગ્યું છે. માથા પર મૂકેલી ધાન્યની ગાંસડીમાંથી થોડું ધાન્ય કાઢી નાખવાથી જેમ જરા હળવી થઈ જાય છે, તેવી જ રીતે કર્મનો અંશ કાંઈક મોળો પડતાં યોગીને પોતાનો ભાર ઓછો થતો જણાય છે. કેટલાક પડદાની અંદર રાખેલો દીવો જેવી રીતે અકેક પડદો ખસેડતાં વધુ ને વધુ પ્રકાશિત થાય છે તેવી જ રીતે કર્મોનું આવરણ હઠવાથી આત્મજ્યોતિ વધતી ગઈ અને બહાર પણ તેની કાન્તિ જણાવા લાગી. પહેલાં અક્ષરાત્મક ધ્યાનથી રત્નમાલાની સમાન આત્માનો અનુભવ કરતા હતા, હવે તે અનુભવ મરી ગયો છે. કેવળ આત્મનિરીક્ષણનું જ કાર્ય થઈ રહ્યું છે. પહેલાં ધર્મ ધ્યાન હતું તેથી તેમાં વિશેષ પ્રકાશ નહોતો અને પદસ્થ પિંડસ્થ આદિ અક્ષરાત્મક રુપે તેનો વિચાર થઈ રહ્યો હતો. પરંતુ હવે તે યોગીના હૃદયમાં પરમ શુકલ ધ્યાન છે. તેમાં અક્ષરોનો વિકલ્પ નથી. કેવળ આત્મકલાનું જ દર્શન થઈ રહ્યું છે. સૂર્યની સમાન શુકલ ધ્યાન છે. ચંદ્રમાની સમાન ધર્મ ધ્યાન છે. ચંદ્રમાની સામે નક્ષત્રો દેખાય છે, પરંતુ સૂર્યની સામે નક્ષત્રો દેખાતાં નથી તેવી રીતે શુકલ ધ્યાનની સામે અક્ષરાત્મક વિચાર રહી શક્તો નથી, કેવળ આત્મપ્રકાશની વૃદ્ધિ થઈને સુજ્ઞાનનો અનુભવ થઈ રહ્યો છે.

વિવિધ શબ્દબ્રહ્મ તે પરબ્રહ્મમાં અંતર્લીન થઈ ગયો હોય એ રીતે સૂચવતા થકા તે પરમાત્મયોગી આ વખતે વ્યવહાર છોડીને નિશ્ચય પર આરુઢ થયા છે. અને આત્માનુભવમાં મગ્ન છે. ધ્યાનને વખતે ધ્યાન, ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનું ફળ આ રીતે ચાર વિકલ્પ હોય છે; પરંતુ ત્યાં તે દિવ્યયોગી એકલા પોતે પોતામાં મગ્ન થતા થકા પરમાત્માયોગનો અનુભવ કરી રહ્યા છે. ભેદ દૃષ્ટિનો વિચાર બંધનું કારણ છે. અભેદાત્મક અધ્યવસાય મોક્ષ છે. આ મોક્ષ સમ્યગ્જ્ઞાન સિદ્ધાંતનાં દ્વારા જ સાધ્ય છે તેથી તે યોગી તે વખતે સ્વસંવેદનમાં મગ્ન છે.

તે આત્મયોગનું વચનદ્વારા કેવી રીતે વર્ણન કરી શકીએ ? કેમકે વચન તો જડ છે. અને આત્મા જ્ઞાનરુપ છે. તેથી જે આત્માથી જ આત્માને જાણે છે, અનુભવ કરે છે તે આત્માને આત્મસિદ્ધિ થાય છે. મસ્તકથી માંડીને પગસુધી નિર્મળ જ્ઞાન જ પુરુષાકાર રુપે ભર્યું રહે છે. અને ઉજ્જવળ કાન્તિને વધારે છે. તે ધ્યાનની મહત્તા ભરત-યોગીન્દ્ર જ જાણી શકે છે. મુખની છાયા

પ્રસન્નતાથી યુક્ત છે. શરીર અત્યંત સ્થિર છે. ઉન્નત યોગીઓનાં શરીરમાં નવી કાન્તિ વધી રહી છે. કર્મ રેણું તો ખરતા જ જાય છે આત્મકાન્તિ તો વધતી જ જાય છે. બાલસૂર્યના પ્રકાશમાં થનાર ઐક્યની પેઠે તે યોગીરત્ન પરમાત્મકલામાં મગ્ન છે.

બાહ્ય સર્વ જંજાળ છોડીને પોતાનાં ઘરમાં જઈને વિશ્રાન્તિ લેનાર વ્યક્તિની માફક તે વખતે દુનિયાની ચિન્તાને છોડીને રાજા પોતાના આત્મામાં વિશ્રાંતિ લઈ રહ્યા છે. સંસારના અસ્થિર ભવોમાં ભ્રમણ કરતા થકા અનેક પરસ્થાન પ્રાપ્ત કર્યા અને તેનો દુષ્થાન રુપે અનુભવ કર્યો. તેથી તેમને છોડીને હવે સ્વસ્થાનમાં નિવાસ કર્યો છે.

ત્રણ લોકમાં સ્થાનલાભ ઘણા કાળ લગી અનેક વાર થયો, પરંતુ આત્મસ્થાનલાભ તો વારંવાર નથી થતો. તે તો કવચિત્ જ થાય છે. હવે તેની પ્રાપ્તિ થઈ છે. તેનાથી વિશેષ બીજું કયું ભાગ્ય હોય ? અનેક રાજ્યો ઉપર અમલ ચલાવ્યો પરંતુ તે બધો રાજ્યવૈભવ નશ્વર જ જણાયો, તેથી તે રાજ્ય વૈભવમાં કોઈ મહત્ત્વ નથી. તેથી આ અનુપમ રાજ્યવૈભવ ઉપર સમ્રાટ આરુઢ થઈ રહ્યા છે.

આજે આ આત્મા પોતાના શરીરનાં પ્રમાણમાં છે પરંતુ કાલે તે ત્રણલોકમાં વ્યાપ્ત થાય છે. પરમાત્મ સામ્રાજ્યની મહત્તા અનુપમ છે. તે સામ્રાજ્યનાં હવે તે રાજા છે. પહેલાં મંત્રી, સેનાપતિ આદિ દ્વારા પરતંત્રતાથી રાજ્યપાલન થતું હતું. તેનાથી ભરતેશને તૃપ્તિ થતી હતી. હવે આત્મરાજ્ય પામીને સ્વતંત્રતાથી તેનું પાલન કરી રહ્યા છે. પહેલાંના રાજ્યને નરેશે અસ્થિર ગણ્યું હતું અને આત્મરાજ્યને સ્થિર માન્યું હતું. અસ્થિર તો અસ્થિર જ ઠર્યું અને સ્થિર તો સ્થિર જ રહ્યું. ભરતેશનું જ્ઞાન અન્યથા કેમ થઈ શકે ? ભરતેશ ગૃહસ્થાશ્રમમાં રહેતા થકા પણ માતૃપ્રેમ, પિતૃપ્રેમ, પુત્રમોહ અને સ્ત્રીઓના મોહને માયા જ માનતા હતા. અને હમેશાં પોતાના આત્મામાં રત રહેતા હતા, આ વિચાર સાચો ઠર્યો.

બાહ્યમાં લોક પ્રસન્ન થાય તેવો વ્યવહાર રાખીને અને અંતરંગમાં આત્મસુખનો અનુભવ કરીને વિવેકથી કામ લેતા. આવો વિવેક આજે કામમાં આવ્યો. હવે તો ભરતેશના શરીરમાં અણુમાત્ર પણ પરસંગ અર્થાત્ પરિગ્રહ ન હતો. હવે શરીર ભિન્ન છે, આત્મા ભિન્ન છે, કર્મવર્ગણા પણ આત્માથી ભિન્ન છે. આ પ્રકારના અનુભવથી સ્વયં પોતાના આત્મામાં સ્થિર થઈ ગયા છે. કર્મ વર્ગણાઓ નીકળીને આમ તેમ નાસવા લાગી છે. ઈન્દ્રિય, શરીર, મન, વચન અને કર્મ સમૂહ વગેરે આત્માથી ભિન્ન છે. આત્મા તેનાથી ભિન્ન છે. હું તો દ્રવ્યભાવથી પરિશુદ્ધ છું. આ પ્રકારના વિચારોથી તે યોગીન્દ્ર પોતાને જ દેખી રહ્યા છે.

આત્માને શુદ્ધ વિકલ્પથી જોવામાં આવે તો તે શુદ્ધ છે અને બદ્ધ વિકલ્પથી જોવામાં આવે તો તે બદ્ધ છે. સિદ્ધાંતદ્વારા તે જોવામાં નથી આવતો. આત્મદ્વારા આત્મામાં દૃષ્ટિ લગાડવાથી આત્મદર્શન થાય છે. શાસ્ત્રોમાં આત્મ ગુણોનું વર્ણન છે. અને આત્મામાં આત્માને સ્થિર કરવાનો પણ ઉપાય બતાવ્યો છે. પરંતુ આત્મા વચનગોચરાતીત છે તેથી વચનથી તેનો સાક્ષાત્કાર કેમ થઈ શકે ? મતલબ થઈ શકે નહિ. અનુભવથી જ તેનું દર્શન થઈ શકે છે.

ધ્યાનના પ્રારંભમાં તેમણે વિચાર કર્યો હતો કે કર્મ ભિન્ન છે અને આત્મા ભિન્ન છે. આત્મધ્યાનમાં મગ્ન થયા પછી તે વિકલ્પ પણ મટી ગયો. કેવળ આત્મામાં લીન થયા. ત્યારપછી 'ગુરુ હંસનાથ જ હું છું' એવા પ્રકારનો વિકલ્પ રહ્યો. પરંતુ ધ્યાનની વિશુદ્ધિમાં તે વિકલ્પ પણ દૂર થઈ ગયો. હવે તો તે યોગી નિર્વિકલ્પ સમાધિમાં મગ્ન છે.

કર્મ તો ક્રમે ક્રમે ઢીલાં થઈને ખરી જાય છે અને આત્મવિજ્ઞાન વધતું જાય છે, તે તપોધન જ્યારે એકાગ્ર ચિત્તથી ધ્યાનમાં અવિચલિત થઈને રહ્યા ત્યારે ત્રણ લોક કંપવા લાગ્યા. ચંચલ મનને અત્યંત નિશ્ચલ બનાવીને આત્મામાં વિલિન કરી દીધું. તે વીર આત્મધ્યાનમાં મગ્ન થાય ત્યારે ત્રણ લોક કંપે તેમાં નવાઈ શી ? તે વખતે સ્વર્ગમાં દેવેન્દ્રને શચી મહાદેવી પુષ્પ આપી રહી હતી. તે વખતે બેઠેલા આસન સાથે તે પુષ્પ પણ એકદમ કંપવા લાગ્યું. ત્યારે દેવેંદ્રે તેના કારણનો વિચાર કર્યો અને પોતાની દેવીને આશ્ચર્યપૂર્વક કહેવા લાગ્યા કે ભરતેશ મુનિ થયા છે. ધન્ય છે. અધોલોકમાં ધરણેન્દ્રનું આસન કંપવા લાગ્યું ત્યારે તેની દેવી ગભરાઈને પતિને આલિંગન કરીને ઊભી થઈ ગઈ ત્યારે ધરણેન્દ્ર અવધિના બળે વિચાર કર્યો અને ભરતેશ મુનિ થયા તેના સમાચાર પોતાની દેવીને સમજાવ્યા–

એક જગ્યાએ એક પત્થરની ઉપર સિંહ હતો. તે પત્થર એકદમ ધ્રૂજવા માંડયો તો તે પત્થરની સાથે સિંહ ઊંધે મસ્તક ઊથલી પડયો, અને ગભરાઈને એક જગ્યાએ ઊભો રહ્યો. જેવી રીતે ઝંઝાવાત થવાથી વૃક્ષ લતાદિક ઊખડી પડે છે તેવી જ રીતે આ ભૂલોક પણ એકદમ કંપવા લાગ્યું. ભરતેશના ધ્યાનના સામર્થ્યનું ક્યાં સુધી વર્ણન કરીએ ? ભોગમાં રહીને જે વીર સમ્રાટે વ્યંતર, વિદ્યાધર આદિના મસ્તકોને પોતાના ચરણોમાં ઝુકાવ્યા તે આજે યોગમાં રત થઈને ત્રણ લોકમાં જઈને પોતાનો પ્રભાવ પાડે એમાં નવાઈ શી ?

આત્મ જ્યોતિ બરાબર વધતી હતી. આ બાજુ કર્મરેણું શિથિલ થઈને ખરવા લાગ્યા હતા એને આગમમાં શ્રેણ્યારોહણનાં નામથી કહે છે. તેનું પણ અહીં વર્ણન કરવું પ્રાસંગિક ગણાશે. સિદ્ધાંતમાં ચૌદ ગુણસ્થાનનું કથન છે, પરંતુ અધ્યાત્મ દૃષ્ટિથી તે ચૌદ ગુણસ્થાનોનાં ત્રણ જ વિભાગ થઈ શકે છે. બહિરઆત્મા, અંતરઆત્મા અને પરમાત્માના ભેદથી ત્રણ વિભાગ કરાય છે. તેથી ચૌદ ગુણસ્થાનોમાં વિભક્ત બધા જીવો અંતર્ભૂત થઈ શકે છે. પહેલા ત્રણ ગુણસ્થાન વાળા બહિરાત્માના નામે ઓળખાય છે. આગળનાં નવ ગુણસ્થાનવાલા અર્થાત્ બારમા ગુણસ્થાન સુધીના જીવો અંતરાત્મા કહેવાય છે અને છેલ્લા બે સયોગી અને અયોગી કેવળી પરમાત્મા કહેવાય છે. આ રીતે તે ચૌદ ગુણસ્થાન આ ત્રણ ભેદોમાં અંતર્ભૂત થાય છે. ભરતેશ બહિરાત્મા ન હતા. અંતરાત્મા હતા. પરંતુ શીઘ્ર જ તે પરમાત્મા થઈ ગયા. અધ્યાત્મનો મહિમા વિચિત્ર છે.

રાજવૈભવ છોડીને યોગી બનવા છતાં પણ રાજવૈભવે, ક્ષાત્રધર્મે ભરતેશનો સાથ ન છોડયો. તે તેજસ્વી છે. ત્યાં તેમણે કર્મોની સેનાની સાથે વીરતાથી યુદ્ધ કરવાનો પ્રારંભ કર્યો ત્યાં અશ્વરત્ન નથી પરંતુ મનરુપી અશ્વપર આરુઢ થઈને ધ્યાન ખડ્ગને પોતાના હાથમાં લીધું અને કર્મરુપી પ્રબળ શત્રુ ઉપર તે વીરે ચઢાઈ કરી. યુદ્ધનો પ્રારંભ થતાં જ ત્રણ આયુષ્યરુપી યોદ્ધાઓ ત્યાં જ થંભી ગયા

હવે તે વીરે પોતાનાં ઘોડાને આગળ ધપાવ્યો તો અગ્નિનાં પ્રભાવથી પીગળનાર લોઢાની સમાન કુગતિઆદિ સોળ દુષ્ટ કર્મો પીગળી ગયા.

આગળ વધવાથી આઠ કષાય યોદ્ધાઓ હાર્યા. નપુંસકવેદ અને સ્ત્રીવેદ તો જરાક ધમકાવાથી જ્યાં ત્યાં નાસી છૂટયા. વીરખડ્ગ સામે આવવાથી સ્ત્રી નપુંસક તેની સામે કેવી રીતે ટકી શકે ? એ રીતે તે વીર વિશેષ આગળ વધ્યા તો અરતિ શોકાદિક છ નોકષાય નીકળી છુટયા અને વિશેષ આગળ વધવાથી પુંવેદ પણ સામે ટકી શક્યો નહિ, તે પરાક્રમીનો સામનો કોણ કરી શકે ?

ત્યારપછી સંજ્વલન, ક્રોધ, માન અને માયાએ મોઢું સંતાડીને નાસવા માંડયું, ત્યારે કેવળ સંજ્વલન લોભ બાકી રહી ગયો હતો. ત્યાંથી આગળ વધતાં તે લઘુ લોભનો પણ આખરે નાશ થયો. તે વખતે મોહ રાક્ષસને લાત મારીને તે વીર યોગીએ વિજય પ્રાપ્ત કર્યો. જ્ઞાનાવરણીયની ચાર પ્રકૃતિઓનો નાશ તો પ્રથમથી જ થઈ ચૂક્યો હતો. અવધિ જ્ઞાનાવરણીયનો પણ નાશ પહેલાં થઈ ચૂક્યો છે. હવે બાકી રહેલા ધૂર્ત કર્મોને પણ હું મારીને નસાડી મૂકીશ, એવા સંકલ્પથી આગળ વધ્યા. ધ્યાન ખડ્ગના બલથી પ્રચલા અને નિદ્રાનો નાશ કર્યો. સાથે પાંચ અન્તરાય અને દર્શનાવરણની શેષ પ્રકૃતિઓનો પણ નાશ કર્યો. ત્યારે ત્રેસઠ કર્મ પ્રકૃતિરૂપ સામનો કરનારા યોદ્ધાઓ ખસી ગયા. હવે તે વીર અંતરાત્મા નથી રહ્યા. પરમાત્માનો વૈભવ તેઓ જોવા લાગ્યા છે. હવે તે ધીર મુનિ નથી જિન બની ગયા છે.

ચિત્ત વાહન હતું, ધ્યાન ખડ્ગ હતું અને તે મુનિએ માર્યા અને નસાડયા વગેરે જે વર્ણન કરવામાં આવ્યું છે તે બધી કલ્પના જાળ છે. વસ્તુતાએ તે મુનિરાજને સ્વયંપોતાના આત્માને જોતાં જ કર્મની નિર્જરા કરવામાં જ લંબાણ થયું પરંતુ તે કર્મ નિર્જરા કરવામાં અંતર્મુહૂર્ત જ સમય લાગ્યો છે. તે પરમાત્મ યોગીના સામર્થ્યનું શું વર્ણન કરીએ ?

ચાર ઘાતિયા કર્મોનો નાશ થવાથી અનંત ચતુષ્ટયની સાથે પાંચ બાબતો મેળવીને નવ કેવલી લબ્ધિના નામથી ઉલ્લેખ કરે છે. તે વિભૂતિ તે નિરંજનને પ્રાપ્ત થઈ ગઈ છે. કેવળજ્ઞાન, કેવળવીર્યને અનંત ચતુષ્ટયના નામથી કહેવાય છે. તે અનુપમ સંપત્તિ તેને વશ થઈ ગઈ છે. મદ, નિદ્રા, ક્ષુધા, મરણ અને તૃષાદિ અઢાર દોષ તો હવે દૂર થઈ ગયા છે. દેવેન્દ્ર, ચક્રવર્તી ધરણેન્દ્રથી પણ વધીને અગણિત સુખના તેઓ અધિપતિ બની ગયા છે. વિશેષ શું ? તેમને નિજ સુખની પ્રાપ્તિ થઈ ગઈ છે.

તે વખતે તે પરમાત્મા જ્ઞાનદ્વારા સમસ્ત લોક અને અલોકને એકી સાથે જાણે છે. અને દર્શન દ્વારા એકી સાથે દેખે છે. માટીની થાળીને ઉઠાવવાની સમાન આ સમસ્ત પૃથ્વીને ઉઠાવવાનું અતુલ સામર્થ્ય તેમને હવે પ્રાપ્ત થયું છે. કર્મનું આવરણ હવે તેને દૂર થયું છે. તેથી શુદ્ધ આત્મ વસ્તુની ચિત્તપ્રભા બહાર ઊછળી આવી છે. કોટિ સૂર્યચંદ્રનો પ્રકાશ તે વખતે પરમાત્માના શરીરમાંથી બહાર નીકળીને લોકમાં ભરાઈ ગયો છે. કર્મનો ભાર જેમ જેમ ખસતો ગયો તેમ તેમ શરીર પણ હલકું થતું ગયું. તેથી પરમાત્મજ્યોતિમય પરમાત્મા તે શિલાપટથી એકદમ ઉપર આકાશ પ્રદેશને ઓળંગીને ચાલ્યા ગયા. સુંદર સિદ્ધલોકમાં ગમન કરવાનો આ ઉપક્રમ છે તેથી તે શુદ્ધાત્મા તે વખતે આ પૃથ્વી તળીઆથી પાંચ હજાર ધનુષ્ય પ્રમાણ ઉપર આવીને આકાશ પ્રદેશમાં સ્થિર થયા. જેમણે પડદો ધરી

રાખ્યો હતો તેઓએ હવે તેને ખસેડી લીધો. આશ્ચર્યચકિત થતાં જયજયકાર કરતા જોયું તો ભરતજિનેંદ્ર આકાશ પ્રદેશ પર બિરાજે છે. બધાએ તેમને ભક્તિપૂર્વક વંદના કરી.

સ્વર્ગમાં દેવેન્દ્રે ભરતેશની ઉન્નતિપર આશ્ચર્ય બતાવ્યું અને પોતાની દેવીની સાથે ઐરાવત હાથી ઉપર સવારી કરીને ભૂતલ ઉપર ઊતરવા લાગ્યા. દેવેન્દ્ર ઉપરથી નીચે આવે છે તે વખતે પાતાલ લોકથી ધરણેન્દ્ર પદ્માવતી અને પરિવાર સહિત અનેક ઠાઠમાઠથી-ઉપર આવી રહેલાં છે. એ પ્રમાણે અનેક દિશાએથી કિન્નર વા કિંપુરુષ દેવ ભરત જિનેન્દ્રની સ્તુતિ કરતા આનંદથી આવવા લાગ્યા છે. તેઓ કહી રહ્યા હતા કે હે ભરત જિનેશ્વર ! ભવરોગ વૈદ્ય ! સુંદરોનાં પણ સુંદર ! આપ જયવંત રહો.

આ વખતે કુબેરે એક ગંધકુટીની રચના કરી અને તેની વચ્ચે સુંદર સુવર્ણ કમળ બનાવ્યું તેને સ્પર્શ ન કરે એવી રીતે થોડે છેટે તેના ઉપર કમલાસનમાં ભરત જિનેન્દ્ર શોભાને પ્રાપ્ત થઈ રહ્યા છે.

ભગવાન આદિ પ્રભુના મોક્ષ જવા વખતે તેમની સાથે જે કેવલી ચારણ મુનિ વગેરે હતા તેઓ બધા જ્યાં ત્યાં ચાલ્યા ગયા હતા. ભરત જિનેન્દ્રની ગંધકુટીનું નિર્માણ થયા પછી સર્વ લોકો ત્યાં આગળ આવીને એકઠા થયા. જણાઈ આવતું હતું કે પિતાજીની સંપત્તિ પુત્રને મળવાની પદ્ધતિ જ અહીં પણ દેખાતી હતી. પિતાના મંત્રી પુત્રને પણ મળે એ સ્વાભાવિક જ છે અને એ જ શોભાસ્પદ છે, એટલા માટે તેજોરાશિ મુનિનાથ પણ ત્યાં આવ્યા અને ભરત જિનેન્દ્રને વંદના કરી ત્યાં બેસી ગયા.

દેવેન્દ્ર અને ધરણેન્દ્રે પણ પોતાની દેવીઓની સાથે ચરણમાં પગે પડીને તે દુરિતનિર્ધૂમધામ ભરત કેવલીની અનેક વિધ ભક્તિથી સ્તુતિ અને વંદના કરી પૂજા કરી. દેવગણ પણ ભક્તિ કરવા માટે ત્યાં આવ્યા. ભૂતલપર જે ભવ્ય હતા તેઓ પણ સોપાન માર્ગેથી ગંધકુટીમાં આવ્યા. એ રીતે જિનેશ્વરને સંતોષ અને ભક્તિની સાથે બધા લોકોએ નમસ્કાર કર્યા.

અર્કકીર્તિ અને આદિરાજ કુમારનાં મુખ અર્ક (સૂર્ય)નાં દર્શનથી ખીલી ઊઠતા કમળની સમાન હર્ષિત થયા. બાકીના મંત્રી મિત્રોને પણ જિનેન્દ્રના દર્શનથી અત્યંત આનંદ થયો.

દેવેન્દ્રે હાથ જોડી પ્રાર્થના કરી કે સ્વામી ! પરમાત્મા સિદ્ધિ કેવી રીતે થાય છે ? કૃપા કરી ફરમાવો. એટલામાં ભરત સર્વજ્ઞે દિવ્યધ્વનિથી વિસ્તારપૂર્વક વર્ણન કર્યું. તેનું શું વર્ણન કરવું ?

''હે દેવેન્દ્ર ! સાંભળો ! આત્મસિદ્ધિને પ્રાપ્ત કરવી કોઈ કઠણ કામ નથી, આત્મા ભિન્ન છે, શરીર ભિન્ન છે. આ પ્રકારના વિવેકથી પોતે જ પોતાને જોવાથી આત્મસિદ્ધિ થાય છે. આ પ્રમાણે આત્માર્થી દેવેન્દ્રને સમજાવ્યું.

''પંચાસ્તિકાય, ષડ્દ્રવ્ય, સપ્તતત્ત્વ અને નવ પદાર્થોમાં આત્મા જ ઉપાદેય છે. બાકીના સર્વ પદાર્થો હેય છે. ચેતન હોવા અચેતન હો, ચેતનની સાથે અચેતન મિશ્ર થઈને જ્યારે રહે છે ત્યારે તે પદાર્થ છે કેવળ પવિત્ર આત્મા જ સ્વપદાર્થ છે.

પરવસ્તુમાં જે રત છે તેઓ પરસમયી છે અને આત્મામાં નિરત એટલે લીન રહે છે તેઓ સ્વસમયી છે પરવસ્તુઓનાં અવલંબનથી બંધ છે અને પોતાના આત્માના અવલંબનથી મોક્ષ છે. એ

તેનું રહસ્ય છે.

આપ્ત, આગળ અને ગુરુની ઉપાસના કરવાથી શરીર સુખની પ્રાપ્તિ થાય છે. કૈવલ્ય સુખને માટે પોતે પોતાને જોવો જોઈએ અન્ય ભાવોદ્વારા મોક્ષની સિદ્ધિ નથી થઈ શક્તી. ધ્યાનના અભ્યાસ વખતે પરવસ્તુઓના અવલંબનથી કામ લેવું જોઈએ. પરંતુ આત્મા આત્મામાં સ્થિર થયા પછી અન્ય સંગનો પરિત્યાગ કરવો જોઈએ.

ખાવા, પીવા અને પહેરવાથી શું થાય ? સ્ત્રીઓની સાથે ભોગ કરવાથી પણ શું બગડે છે ? પરંતુ તે બધાંને પોતાના સમજીને ભોગવે તો બગડે છે. જો તેઓને પરવસ્તુ સમજીને ભોગવે તો કોઈ ચિન્તાની વાત નથી.

પરિણામમાં આત્માને જોતાં જોતાં આત્મસુખનો જે અનુભવ કરે છે. તેને પોતાનું સુખ સમજવું. એ રીતે આત્મવસ્તુને છોડીને બાકીના અન્ય સર્વ પર પદાર્થ છે. આ પ્રકારની ભાવનાથી તે આત્માની હાનિ થઈ શક્તી નથી.

ભવ્યોમાં બે ભેદ હોય છે. એક તીવ્રકર્મી અને બીજો લઘુકર્મી, જેમનું કર્મ તીવ્ર છે, કઠણ છે તેઓ પહેલાં બાહ્ય પદાર્થોને છોડીને પછી આત્મસુખનું સાધન કરે છે. અને જે લઘુકર્મી છે અર્થાત્ જેમનાં કર્મો મૃદુ છે તેઓ બાહ્ય સંપત્તિ વૈભવમાં રહેતા છતાં આત્મનિરીક્ષણ કરી સરલતાથી મુક્તિને પામે છે. તેને માટે દૂર જવાની શી જરૂર છે ?

જુઓ ! આદિ પરમેશ, બાહુબલિ આદિએ કઠણ તપશ્ચર્યા દ્વારા આ ભવનો નાશ કર્યો; પરંતુ અમે તો બહુ જ સરલતાથી આ ભવબંધનને અલગ કર્યું એ જ તેના માટે સાક્ષી રૂપ છે.

ધ્યાનસામર્થ્યને કોણ જાણે ? પોતે પોતાને જુએ તો જ તે જાણી શકે છે. હે ભવ્ય ! અનેક વિચારોનો એ સાર છે. વિવિધ વિચારોનો ત્યાગ કરીને આત્મામાં મનને લગાડવું એ જ મુક્તિ માટે ખરું સાધન છે.

જેમ જેમ આત્માનુભવ વધતો જાય છે. તેમ તેમ જ શરીર સુખ આપોઆપ ઘટવા માંડે છે. આત્મા આત્મામાં મગ્ન થઈ જાય છે. બાહ્ય પદાર્થોનાં પરિત્યાગથી આત્મસુખની વૃદ્ધિ થાય છે.

આત્મામાં આત્માના ઠર્યાપછી કર્મની નિર્જરા થાય છે. શરીર આત્માથી ભિન્ન દેખાવા લાગે છે. આત્મસિદ્ધિને કોઈ બહારથી આવીને આપી જતું નથી. પોતે પોતાથી જ આ ભવ્ય પ્રાપ્ત કરી લે છે. પરમાણું માત્ર પણ પરવસ્તુ અથવા પુદ્ગલનો સંસર્ગ ન રહે એવી રીતે પોતે શુદ્ધ આત્મા રહે. તેને આત્મ સિદ્ધિ કહે છે.'' આ પ્રકારે ભરત જિનેન્દ્રે દેવેન્દ્રને સમજાવ્યું.

એવામાં વચમાં જ આવીને પુત્ર, મિત્ર અને મંત્રીઓમાંથી કોઈએ કહ્યું કે હે દેવેન્દ્ર ! જરા ખમો અમોને પણ એક કામ છે. આગળ આવીને ભરત કેવળી પાસે એ લોકોએ પ્રાર્થના કરી કે સ્વામી ! અમોને દીક્ષા આપીને અમારો ઉદ્ધાર કરો. આ પ્રકારે વૃષભરાજ કુમારને આગળ કરીને બધાએ પ્રાર્થના કરી.

કેવલીએ પણ ''ભલે તૈયાર થાઓ'' આ પ્રકારે આદેશ કરીને દિવ્યધ્વનિની વૃષ્ટિ કરી. વિશેષ શું કહીએ ? દેવેન્દ્ર ધરણેન્દ્ર અને તેજોરાશિ આદિ મુનિઓની હાજરીમાં તેમનું દીક્ષા વિધાન થયું. સર્વ લોકો તે વખતે જય જયકાર કરી રહ્યા હતા.

જે દિવસે રવિકીર્તિકુમાર આદિ લઈને ૧૦૦ કુમારોને આદિ શિવે જે પ્રકારે દીક્ષા આપી તે જ પ્રકારે આજ આ પુત્રોને આ સ્વામીએ દીક્ષા આપી. એટલું કહેવું બસ થશે. વધારે વર્ણનની શી જરૂર છે ?

અર્કકીર્તિ અને આદિરાજે એમ કહેતાં કહેતાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા. અને કહ્યું કે, અર્હન ! અમારી માતાઓ અને ભાભીઓને દીક્ષા પ્રદાન કરો. તેને ભગવાને સંમતિ આપી. શચીદેવી પદ્માવતી આદિએ આગળ આવી પડદો હાથમાં લીધો. અને મુનિઓને પણ ત્યાં આવવા માટે ઈશારો કરી દીધો. તે પછી તે પુણ્યકાન્તાઓને તે પડદાની અંદર પ્રવેશ કરાવ્યો.

પુરુષ તો સમવસરણમાં અનેકવાર દીક્ષા લેતા હતા, પરંતુ આજ સ્ત્રીઓની દીક્ષા છે. તેમાં વળી સમ્રાટની સ્ત્રીઓ તો પુરુષ સમાજની વચ્ચે કોઈ દિવસ આવેલી ન હતી. આજે જ તે પુરુષ સમાજની વચ્ચે હાજર થયેલ છે.

દેવતાનાં વાદ્યો વાગવા માંડયાં અને તેજોરાશિ આદિ મુનિઓની હાજરીમાં તે સતીઓની દીક્ષાવિધિ થઈ. તે દિવસે માતા યશસ્વતી અને સુનંદાને જે પ્રકારે દીક્ષાવિધાન થયું તે જ પ્રકારે આજ પણ આ સ્ત્રીઓને વૈભવથી દીક્ષા આપવામાં આવી. એટલું કહેવું પૂરતું છે.

તે વખતે એ દેવીઓએ સમસ્ત આભૂષણોનો ત્યાગ કર્યો, હાર, પદક, બિલવર, કાંચીધામ અને વીરમુદ્રિકાદિ આભરણોને દૂર ફેંકી દીધાં એવી રીતે કે જાણે કે કામ વિકારને દૂર ફેંકી દેતી હોય. કંઠમાં ધારણ કરેલ એકસર, પંચસર, ત્રિસર, આદિને તોડીને છૂટા છૂટા મૂકી રહેલ છે. રખેને કદાચ કામ દેવ પોતાની પાસે ન આવે માટે દિશા બંધન કરી રહી હોયની ! જ્યારે સર્વ અંગનો પરિત્યાગ કરવા બેઠી છે, તો આ બોજારૂપ આભરણોની શી જરૂર છે ? એ રીતે કર્ણાભરણ, નાસિકાભરણ આદિને પણ કાઢીને ફેંકી રહી છે. હવે ફરીથી સ્ત્રી જન્મની અભિલાષા તે દેવીઓને નથી. મસ્તક ઉપર ધારણ કરેલા રત્નાભરણાદિકને જ્યાં ત્યાં ફેંકવા માંડયા છે. જાણે કે કદાચ વિરહાગ્નિની ચીનગારીઓ જ નીકળીને ભાગવા માંડી ન હોય ! એવું દેખાતું હતું વિશેષ શું કહીએ ? સર્વ આભૂષણોને તણખલા સમાન સમજીને ફેંકી દીધા જે આભરણોની શોભા શરીરને માટે હતી તે શોભાને પતિના ગયા પછી શા માટે ધારણ કરે ? એટલે બહુ જ ધીરજ સાથે તેમણે મોહ ત્યાગી દીધો તેમના હૃદયમાં અત્યંત વૈરાગ છે. ચિત્તમાં અનુપમ ધૈર્ય છે. કેમકે તે ક્ષત્રિય સ્ત્રીઓ છે. સાસુઓને જોઈને વહુ દેવીઓ અને વહુઓને જોઈને સાસુરાણીઓ પરસ્પરના ધૈર્યને જોઈને મનમાં જ પ્રસન્ન થઈ રહી છે. ઘરેણાંઓને ત્યાગીને જ્યારે કેશપાશનું પણ મુંડન કર્યું ત્યારે પાસે રહેનારાંઓને કાંઈ દુઃખ ન થયું. કેમકે તે જિનસભા હતી. ત્યાં શોકનો ઉદ્‌ભવ થઈ શકે જ નહિ. માણિકય રત્ન હવે અલગ થઈ ગયા છે. હવે તેમના કરકમલમાં કમંડલ અર્થાત્ જપસર આવી ગયા છે. હવે તેમને

રાણીઓના નામથી કોઈ સંબોધન કરી શકતું નથી. હવે તો તેમને સહુ માજી કહે છે. આર્જિકા અથવા કંતિકાના નામથી સંબોધનો કરવા માટે કેશલોંચ સ્વતઃ કરવાની જરૂર છે તે કઠણ છે. આથી આવી અવસ્થામાં રહીને તેનો અભ્યાસ કરો. આ પ્રકારનો આદેશ આપવામાં આવ્યો.

પડદો ખસી ગયો વાજાના શબ્દો પણ બંધ થઈ ગયા, હવે અંદર સફેદ સાડીઓ પહેરેલી સાધ્વીઓ બિરાજી રહી છે. જાણે કે કોમલ પુષ્પાચ્છાદિત વેલીએ જ દીક્ષા લીધી છે. એમ દેખાય છે.

ધરણેન્દ્રની દેવીઓ, દેવેન્દ્રની દેવીઓ આદિ આગળ આવી અને તેમના ચરણોમાં મસ્તક નમાવ્યાં. એ પ્રમાણે સમસ્ત સભાએ તેમની વંદના કરી. વિશેષ શું કહીએ ? દેવતાઓએ હર્ષાતુર થઈ નૃત્ય કરી આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી. એ વખતનું દૃશ્ય કોણ વર્ણવી શકે ! નવીન મુનિગણ મુનિઓના સમૂહમાં અને એ જ પ્રમાણે નવીન સાધ્વીગણ અર્જિકાઓનાં સમૂહમાં બેસી ગઈ. આ સમાચાર વાતની વાતમાં દિશાઓમાં ફેલાઈ ગયા.

ચક્રવર્તીનું સ્ત્રીરત્ન અર્થાત્ પટરાણી નરકગામિની હોય છે આ પ્રમાણે કેટલાક અજ્ઞાન લોકો માને છે, પરંતુ તે બરાબર નથી. એના માટે એક સિદ્ધાંતનો નિયમ છે.

દુર્ગતિએ જવાવાળા ચક્રવર્તીની પટરાણી દુર્ગતિને પામે છે. એ સત્ય છે પણ સ્વર્ગ અને મોક્ષમાં જનારા ચક્રવર્તીનાં સ્ત્રીરત્નોને તો સ્વર્ગની જ પ્રાપ્તિ થાય છે. આ સિદ્ધાંતનો નિયમ છે. પુરુષોનાં પરિણામો અનુસારજ સ્ત્રીઓને પણ પરિણામ થાય છે, એટલા માટે પુરુષોનાં ગમનની પેઠે જ તે સ્ત્રીરત્નો કાંઈ આગળ વધે છે.

પુત્રમોક્ષગામી, ભાઈમોક્ષગામી, પોતાના પતિ ભરતેશ મોક્ષગામી. પછી તો સુભદ્રાદેવી દુર્ગતિ કેવી રીતે પામે ? અવશ્ય તે સ્વર્ગને જ પ્રાપ્ત થવાની. એટલા માટે સુભદ્રા દેવીએ પણ બહુ જ વૈભવની સાથે દીક્ષા ગ્રહણ કરી.

ભરત ચક્રવર્તીની પાલખી ઊઠાવનારા જે સેવકો હતા તેઓ પણ સ્વર્ગ જનારા છે તો પછી પટરાણીની દુર્ગતિ શી રીતે હોઈ શકે ? તે તો નિર્મળ શરીરવાળી છે તેને આહાર છે. નિહાર નથી. એટલા માટે તેને કમંડલ નથી. હવે તે અર્જિકાઓની વચ્ચે શોભી રહી છે. દેવેન્દ્ર અર્કકીર્તિ આદિરાજ આદિ ગંધકુટીમાં ભગવદ્ભક્તોમાં લીન છે અને ભગવાન ભરત-કેવલી પોતાના કમલાસનમાં વિરાજી રહ્યા છે.

ભરતેશનું સામર્થ્ય અચિન્ત્ય છે, ષટ્ખંડ વૈભવના લીલામાત્રથી પરિત્યાગ કરવો, દીક્ષિતનું, દીક્ષિત થઈને અંતર્મુહૂર્તમાં મનઃપર્યય જ્ઞાનની પ્રાપ્તિ અને પાછી કેવળજ્ઞાન પ્રાપ્તિ આ સર્વ તે આત્માની મહત્તાની સાક્ષાત સૂચનાઓ જ છે. કર્મનાં પર્વતના અર્ધક્ષણમાં ચૂરો કરી દેવો એ સામાન્ય માણસને સાધ્ય નથી. ભરતેશના થોડા વખતના ધ્યાનથી જ તે કર્મ વેરી નીકળીને ભાગવા લાગ્યો છે. જ્યાં તેમણે દિગ્વિજય કરીને ષટ્ખંડને જીતી લઈ તાબે કર્યો ત્યાં કર્મ દિગ્વિજય કરીને નવખંડ (નવકેવલ લબ્ધિ) ને પ્રાપ્ત કર્યા. આ સામર્થ્ય તેમને અનેક ભવોના અભ્યાસથી પ્રાપ્ત હતું. ભરતેશ સદા ભાવના કરે છે કે :–

''હે પરમાત્મા ! ચિદંબરપુરુષ ! તણખલાને બાળી નાખનાર અગ્નિ સમાન અષ્ટકર્મને ક્ષણભરમાં ભસ્મ કરવાનું સામર્થ્ય તમારી અંદર છે, તમે ગણનાતીત છો. અમૃતના નિધિ છો, એટલા માટે મારા હૃદયમાં કાયમ રહો.''

''હે સિદ્ધાત્મન્ ! આપ ચિન્તામણિ છો ! ગુણરત્ન છો, દેવ શિરોરત્ન છો. ત્રિભુવન રત્ન છો. અને રત્નત્રયરૂપ છો એટલા માટે હે સહજશૃંગાર નિરંજન સિદ્ધ ! મને સન્મતિ પ્રદાન કરો.''

એજ ભાવનાનું ફળ છે કે ભરતેશે કર્મપર્વતને અર્ધક્ષણમાં નષ્ટ કરવાનું ધ્યાનસામર્થ્ય પ્રાપ્ત કરી લીધું.

# ૧૬. ચક્રેશકૈવલ્ય સંધિ

**પ**રમાત્મન્ ! મહાદેવ ! એ ભરતેશના મહિમાનું શું કહેવું ? હંસારાધ્ય તે સમ્રાટયોગીએ જ્યારે આ પ્રકારે ઉત્તમ પદને પ્રાપ્ત કર્યું તે જ વખતે દીક્ષા પ્રાપ્ત કરેલી છે એવા પુત્ર મિત્રાદિઓએ પણ ઉત્તમ પદને પ્રાપ્ત કરી લીધું. બપોરના વખતે ભરતેશે ઘાતિયા કર્મોને દૂર કરીને સાથેના લોકોને દીક્ષા આપી. આશ્ચર્ય છે કે એમાંથી વૃષભરાજ યોગીએ સાંજના વખતે ઘાતિયા કર્મોને નાશ કર્યો. પિતાએ બહુ જલદી ઘાતિયા કર્મોનો નાશ કર્યો, તો પછી હું આળસુ બની રહું એ ઉચિત્ નથી. એવા વિચારથી કદાચ સ્પર્ધાની સાથે તેણે ઘાતિયા કર્મોને દૂર કર્યા હોય. આ રીતે તે ધીરયોગી વૃષભરાજ પરમાત્મા બની ગયા છે. બચપણમાં જ્યારે પોતાના પિતા ભરતેશે તેમનો હાથ જોયો હતો ત્યારે તેણે પણ ભરતેશનો હાથ જોયો હતો. ત્યારે પિતાએ કહ્યું હતું કે બેટા ! તમે અને હું બન્ને એક સરખા જ છીએ તે વાત આજે સાચી ઠરી. ચંદ્રિકાદેવી આદિ અર્જિકાઓ તે વખતે આનંદ સમુદ્રમાં મગ્ન હતી અને ઈન્દ્રાર્ચિત અન્ય અર્જિકાઓનો પણ આનંદ માતો નહોતો. વધારે શું ? ગંધકુટીમાં સ્થિત બધા ભવ્ય પ્રશંસા કરવા લાગ્યા. અર્કકીર્તિ અને આદિરાજ પિતા ને સહોદરો, દીક્ષિત થવાથી ચિંતા કરવા લાગ્યા, પરંતુ જ્યારે વૃષભરાજ કેવળી થઈ ગયા ત્યારે તેમના આનંદનો પાર ન રહ્યો; હર્ષથી નાચવા લાગ્યા. પિતાજીએ તેમનું નામ વૃષભરાજ રાખ્યું હતું. અર્થાત્ દાદાના નામથી બોલવતા એ આજે સાર્થક થયું. વાહ ! વૃષભરાજ સંસારનો તમે નાશ કર્યો શાબાશ તમે સાહસિક છો. એમ કહીને વૃષભરાજ યોગીના ચરણોમાં નમસ્કાર કર્યા. તે વખતે નાગરમુનિ, અનુકૂળયોગી, બુદ્ધિસાગરમતિ અને દક્ષિણાંક સ્વામીને પણ અવધિજ્ઞાન અને મનઃપર્યાય જ્ઞાનની પ્રાપ્તિ થઈ. ચક્રવર્તીનાં બંધુઓને કઈ વાતની ખામી હોય ? તે વખતે બીજા પણ કેટલાક પુત્રોને, રાજાઓને, અવધિજ્ઞાન આદિ ઉત્તમ સિદ્ધિઓની પ્રાપ્તિ થઈ. આત્મારામમાં વિહાર કરનારાઓને મોટી વાત છે ? તે વખતે દેવોદ્વારા ગંધકુટીની રચના કરવામાં આવી અને નરસુર તથા ઉરગ લોકના વાસીઓએ ભક્તિથી પૂજા કરી. વિશેષ શું ? ભરત જિનેંદ્રનો નજીકમાં જ વૃષભ જિનેશનો મહેલ તૈયાર થઈ ગયો છે.

તે રાત્રિ વીતી ગઈ સૂર્યોદય થવાથી તે આરાધ્ય ભરત સર્વજ્ઞ અઘાતિયા કર્મો દૂર કરવા તૈયાર થયા, તેનું શું વર્ણન કરીએ ? ગંધકૂટીનો ત્યાગ કર્યો. પહેલાના શ્રીગંધવૃક્ષના મૂળમાં જ ફરી પહોંચ્યા. ત્યાં સુંદર શીલાતલ પર પર્યંક યોગાસનમાં બિરાજમાન થયા.

પરમઔદારિક દિવ્ય શરીરમાં ભરેલા ક્ષીર સમુદ્રને આ ભૂમિથી સુરલોકના અગ્રભાગ સુધી ઉઠાવી જવાની ભાવના તે વખતે તે મહાત્માના હૃદયમાં હતી.

આયુકર્મની સ્થિતિ થોડી હતી, પરંતુ શેષ નામ ગોત્ર અને વેદનીયની સ્થિતિ અધિક હતી. તેથી કાપીકૂપીને તેમની સ્થિતિ આયુષ્યની બરાબર થાય એ રીતે તે વખતે ચાર સમુદ્ઘાત થવાનું જ્ઞાન થયું. ઉત્તમ સોનાને જેવી રીતે ખાણથી અલગ કરવાથી જેમ અલગ થઈ શકે છે. તેવી રીતની તે આત્માની સ્થિતિ હતી. સુવર્ણ ભિન્ન છે, તેનો કાઢનાર જુદો છે. આ ઉદાહરણ કેવળ ઉપચારરૂપ છે. અહીં આત્મા જ કાઢનારો અને નીકળનારો છે.

સૌથી પહેલા આત્માને દંડાકારરૂપે પરિવર્તન કર્યું. આ આત્મા શરીરમાંથી નીકળીને ત્રણ લોકસમી જહાજના થાંભલાની જેમ ત્રણ લોકમાં દંડની સમાનવ્યાપી ગયો. તે શીલા તટપર તૈજસ કાર્મણથી યુક્ત બહિરશરીર જરુર હતું. પરંતુ નિર્મળ આત્મા ત્રણલોકમાં વ્યાપ્ત થયો હતો. ઔદારિક શરીરથી ત્રિગુણ ધન થઈને તે વખતે આદ્યન્ત હતો તોપણ ખરું કહીએ તો ચૌદ રજ્જુ પરિમિત લોકાકાશમાં નીચેથી ઉપર સુધી તે આત્મા વ્યાપ્ત થઈ ગયો છે તેને કપાટરૂપે પરિણત કર્યો. તે તે વખતે લોકના એક દરવાજા સમાન જણાતો હતો.

તે વખતે દક્ષિણોત્તર સાત રજ્જુ પહોળાઈમાં અને મોક્ષ થી પાતાલ સુધી ચૌદરજ્જુ લંબાઈમાં તે આત્મા વ્યાપી રહ્યો હતો. ત્યાર પછી પ્રતર ક્રિયા કરવા આત્મા વળ્યો તો ત્રણ વાતવલયોની અંદર તે આત્મા ત્રણલોકમાં ઘડામાં ભરેલા દૂધની સમાન સર્વત્ર ભરાઈ ગયો. તેનું શું વર્ણન કરીએ ? સવારની ગરમી, શુભ્રઆકાશ, પ્રાતઃકાળમાં વ્યાપ્ત હીમપૂજ અથવા રાત્રિની ચાંદની આદિ જેવી રીતે સર્વત્ર વ્યાપી રહે છે તેવી રીતે તે આત્મા ત્રણ લોકમાં વ્યાપી ગયો. આગળ લોકપૂરણ માટે તે આત્માનું વળવું થયું તો ત્રણ વાતવલયોમાં પણ વ્યાપી ગયો. લોક સર્વત્ર તે વખતે શુદ્ધ આત્મા પ્રદેશોથી વ્યાપી ગયો. લોકો કહે છે કે ભગવાનના પેટમાં ત્રણ લોક હતા, કદાચ આ કથન ત્યારથી પ્રચલિત થયું હોય.

લોકાકાશને તે વખતે અનંતજ્ઞાન અને અનંતદર્શનથી વ્યાપ્ત કર્યું. અને લોકના બાહ્ય ત્રિવાતવલયને પણ તે અદ્વૈત પરમાત્માએ વ્યાપ્ત કરી લીધો.

ગુરુહંસ નાથનો મહિમા, ભગવાન આદિપ્રભુ અને ભરતેશ જ જાણે છે, અન્ય મનુષ્યોને તેનું પરિજ્ઞાન શી રીતે થઈ શકે ?

જેવી રીતે ષટ્ખંડ દિગ્વિજય માટે સમ્રાટ નીકળ્યા હતા અને ષટ્ખંડ વિજય પ્રાપ્ત થયા પછી પોતાના નગરની તરફ જવા નીકળ્યા તેવી રીતે અહીંયાં ત્રણલોક વિજયી થઈને પોતાના શહેર તરફ પાછા ફર્યા. ભૂવનપૂરણથી–પ્રતર, પ્રતરથી કપાટ, અને કપાટથી દંડક્રિયાની તરફ વળીને પોતાના મૂળ શરીરમાં જ આત્મપ્રદેશે દાખલ થયા. સ્થૂલ વાઙ્ગમનોદેહની ચંચલતાને ક્રમશઃ દૂર કરીને તે પરમાત્મ યોગીએ નામ, ગોત્ર અને વેદનીયને આયુષ્યની બરાબર કર્યા. ઘાતિયા કર્મોનો નાશ કરવાથી જિનનામ પ્રાપ્ત થયું. તેને જ અર્હંત પદના નામથી જ સંબોધે છે. ત્યારપછી બાકીનાં કર્મોનો પણ નાશ કરવાનો ઉદ્યોગ તે વીરાગ્રણીએ કર્યો.

તેરમા ગુણસ્થાનના અંતમાં બોંતેર પ્રકૃતિઓનો નાશ થયો અને પછી તેર પ્રકૃતિઓ પણ એકદમ નાશ પામી. તે વખતે વીજળીની સમાન શરીર અદૃશ્ય થયું. અને તે પરમાત્મા લોકગ્ર ભાગપર જઈને બિરાજમાન થયા.

આ વાતનું લંબાણ વર્ણન કરવામાં થયું. પરંતુ યોગબળથી તે કર્મોનો નાશ કરવામાં તો પાંચ હસ્તાક્ષરોનો ઉચ્ચાર કરવા જેટલો વખત લાગ્યો. એટલા જ અલ્પ વખતમાં તે વીરે કર્મદાનવનું મર્દન કર્યું સમ્રાટ અત્યંત સૂક્ષ્મ છે. એ જ સમયમાં સાત રજ્જુ જેટલા લોકાકાશના માર્ગને કાપીને તે

પરમાત્મા લોકાગ્ર ભાગમાં પહોંચ્યા. તેના સામર્થ્યનું કેમ વર્ણન કરી શકાય ? બાંધેલા આઠ કર્મોનો નાશ થયો. હવે વિશુદ્ધ આઠ ગુણ ત્યાં ઉત્પન્ન થયા તે વખતે ઉદ્ધત (ઉત્તમ) મુનિ, જિન આદિ સંજ્ઞા પણ નાશપામી હવે તો તે પરમાત્માને સિદ્ધ કહેવામાં આવે છે. દિવ્યસમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, વીર્ય, સૂક્ષ્મ, અવગાહ, અગુરુલઘુત્વ, અવ્યાબાદ, આ રીતે આઠ ગુણ તે સિદ્ધ યોગીને પ્રાપ્ત થયા. આને જ નવકેવલલબ્ધિ કહેવામાં આવે છે. આ રીતે આઠગુણોથી તે પરમાત્મા શોભી રહ્યા હતા. જોકે દંડ, કપાટ આદિ અવસ્થામાં તે આત્મા વિશાળ આકૃતિરૂપે હતા તોપણ હવે તો તે અંતિમ શરીરથી કંઈક ઓછા આકારમાં મોક્ષમાં બિરાજે છે. ભરતેશ્વર એવું નામ તો શરીરની સાથે જ મટી ગયું. હવે તો તે પરમાત્મા સિદ્ધોના સમૂહમાં પરમાનંદમાં મગ્ન થઈને બિરાજે છે. ત્યાંથી હવે કોઈ પણ હાલતમાં પાછા ફરી શકતા નથી. તે પરમ સુખનો માર્ગ છે.

પરમાત્મા ભરત યોગીને જે વખતે કેવલ્યધામની પ્રાપ્તિ થઈ ત્યારે નવાઈની વાત છે કે ભરતેશ્વરના પાંચ પુત્રોએ પણ ઘાતિયા કર્મોનો નાશ કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. હંસયોગી, નિરંજન સિદ્ધમુનિ, મહાંશુયતિ, રત્નમુનિ અને સંસુખી મુનિને કેવલજ્ઞાન એક જ સાથે થયું. તે પાંચેનો જન્મ પણ એક સાથે જ થયો હતો. અને હવે કેવળજ્ઞાન પણ એક જ સાથે થયું. તેથી ભરતેશ્વર મુક્તિ ગયા. તેનું દુઃખ તેમને ન થયું. ભરતેશ્વરે પંચમગતિને પ્રાપ્ત કરી તો પાંચ પુત્રોએ ઘાતિયા કર્મોને પંચત્વ (નાશ) પમાડયા. લોકમાં સમ્રાટનો મહિમા અપાર છે.

શ્રીમાલા, મનમાલા, મણિદેવી, હેમાજી અને ગુણમાલા સાધ્વીઓએ પરમ આનંદ પ્રાપ્ત કર્યો એ તો તે પુત્રોની માતાઓ છે, તેમને હર્ષ થાય તે તો સ્વાભાવિક છે, પરંતુ બાકીની સાધ્વીઓને પણ આનંદ થયો. બધાએ તે પુત્રોની પ્રશંસા કરી તેમની કીર્તિ દશે દિશાઓમાં ફેલાઈ ગઈ. પિતાજી ભરતેશ્વર મુક્તિ ગયા એ વાતનું દુઃખ અર્કકીર્તિ અને આદિરાજને ન થયું. કારણકે પાંચ સહોદરોએ એકી સાથે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું એના આનંદમાં તેઓ મગ્ન હતા. તે વખતે કેટલાક રાજાઓને, કેટલા કુમારોને, કેટલાક સમ્રાટના મિત્રોને અવધિજ્ઞાનાદિ સંપત્તિઓની પ્રાપ્તિ થાય તેમાં આશ્ચર્ય શું છે ? ભરત ચક્રવર્તીની સંગતિમાં રહેનારને માટે આવી પ્રાપ્તિ થાય તે કોઈ મોટી વાત નથી.

માગધામરને પરમ સંતોષ થયો. સંતોષભરમાં તેઓ કહેવા લાગ્યા કે મારા સ્વામીએ આલોકમાં રહેતા થકા બધાને સંતોષ્યા. અને અહીંયાં જતી વખતે પણ બધાને આનંદ કરાવ્યો. ધન્ય છે. આ રીતે વરતનુદેવ, વિજ્યાર્ધ હિમવંત આદિ દેવે પણ સમ્રાટની પ્રસંશા કરી રહ્યા હતા. ગંગાદેવ અને સિંધુદેવ પણ વારંવાર આનંદથી ભરતેશ્વરનું સ્મરણ કરી રહ્યા છે.

તે વખતે જે પાંચ પુત્રોને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ તેમની ગંધકુટીની રચના કરવામાં આવી. મનુજ, નાગ, અમરોએ તેમની પૂજા કરી. ત્યાં મોટી ભારે પ્રભાવના થઈ રહી છે. આ તરફ ભરતસર્વજ્ઞ જે શીલાપટથી મુક્તિ પામ્યા તેની પાસે જઈને દેવેન્દ્રે હોમ વિધાન કર્યું અને આનંદથી નાચવા લાગ્યા. તે જોઈને અર્કકીર્તિ અને આદિરાજપણ આનંદ પામી રહ્યા છે. ધરણેન્દ્ર પ્રશંસા કરે છે કે ક્યાં આ ષટ્ખંડનો ભાર અને ક્યાં છન્નુ હજાર રાણીઓ સાથેનો આનંદપૂર્વક ખેલ અને ક્યાં ક્ષણમાત્રમાં કૈવલ્યપ્રાપ્ત કરવાનું સામર્થ્ય. ધન્ય છે ! પોતે પોતાનો સ્વયં જ ગુરુ બનીને દીક્ષા લીધી

અને પોતાના આત્માને સ્વયંજ જોઈને શરીરનો નાશ કર્યો અને અમૃતતત્ત્વને પ્રાપ્ત કર્યું. શાબાશ ! શું ? શરીરને કંઈ કષ્ટ આપ્યું ? નહિ. ભિક્ષા માટે કોઈ આગળ હાથ લંબાવ્યો ? નહિ. ચક્રવર્તીનાં વૈભવમાં જ મોક્ષ સામ્રાજ્યને પ્રાપ્ત કર્યું. વિશેષ શું ? હિંડોળે હિંચવાની માફક મુક્તિ સ્થાને જઈ બિરાજ્યા. ધન્ય છે. સિંહાસનથી ઊતરીને આવ્યા તો અહીં કમલાસનપર બિરાજમાન થયા. રત્નમયગંધ કુટી હતી તો તેનો પણ ત્યાગ કરીને અમૃત લોકમાં પહોંચ્યા. લોકવિજયી ભરતેશ્વરને નમસ્કાર.

ભ્રમણ કરીને આહાર ન લીધો. તપોમુદ્રાને પ્રાપ્ત કરીને થોડો વખત પણ દેશમાં વિહાર ન કર્યો. વૈભવમાં જ પહોંચીને મુક્તિ સામ્રાજ્યના અધિપતિ બન્યા આશ્ચર્ય છે.

આ રીતે ધરણેન્દ્ર આનંદથી પ્રશંસા કરી રહ્યા હતા ત્યાં દેવેંદ્રે વિનોદથી કહ્યું કે હવે બસ કરો. કલિયુગના રત્નાકર સિદ્ધને માટે પણ કાંઈક બાકી રહેવા દો. તે પણ ભરતેશ્વરની પ્રશંસા કરશે. ધરણેંદ્રે કહ્યું કે દેવેન્દ્ર ! ચક્રવર્તીની મહત્તાનુ વર્ણન કરવાનું સામર્થ્ય નથી મારામાં કે નથી રત્નાકરસિદ્ધમાં અને નથી તમારામાં. તે તો એક અલૌકિક વિભૂતિ છે.

દેવેન્દ્રે કહ્યું કે તમે સાચું કહો તો ગુણમાં મત્સરની શી જરૂર છે ? સમ્રાટસમા બહુ વૈભવને ધારણ કરીને ક્ષણમાં મુક્તિ જવાવાળા કોણ છે ? તેની સમાન જ અમને પણ સામ્રાજ્ય પ્રાપ્ત થાવો. આવી ભાવનાથી દેવેન્દ્ર હોમ ભસ્મને મસ્તક પર લગાવી અને તે રીતે ધરણેન્દ્રે પણ આનંદથી તે હોમ ભસ્મ માથે ચડાવી. ત્યાં હાજર રહેલાં અર્કકીર્તિ આદિ બધાએ ભક્તિથી હોમભસ્મને માથે ચઢાવી. અહીં સુધી ભરતેશ્વરનો મોક્ષ કલ્યાણ થયો. બધાને આનંદ થયો.

શરીર અદૃશ્ય થતાં જ ગંધકુટી પણ અદૃશ્ય થઈ ગઈ. મુનિગણ અને અર્જિકાઓ આદિ સંયમી જન ત્યાંથી અન્ય સ્થાને ચાલ્યા ગયાં અને સુખથી વિહાર કરવા લાગ્યાં. આ રીતે દેવેન્દ્ર, ધરણેન્દ્ર, ગંગાદેવ, સિંધુદેવાદિ વ્યંતરો પણ કેવલી, જિન, મુનિગણાદિનાં ચરણોની વંદના કરીને અને અર્કકીર્તિ આદિરાજ સાથે મિષ્ટ ભાષણ કરીને પોત પોતાને સ્થાને ગયા. આ રીતે અર્કકીર્તિ અને આદિરાજ પણ તે કેવલીઓની વંદના કરીને પોત પોતાના નગરમાં ચાલ્યા અને ગંધકુટિઓનો પણ જ્યાં ત્યાં વિહાર થઈ ગયો.

માગધામર જ્યારે પોતાના મહેલમાં પહોંચ્યા ત્યારે વારંવાર તેમને પોતાના સ્વામીનું સ્મરણ થયા કરતું હતું. દુઃખનો ઉદ્વેગ થવા લાગ્યા હતો. જિન સભામાં શોક ઉત્પન્ન નથી થતો, પરંતુ અહીંયાં સહન કરી શકાયું નથી. શોકોદ્રેકથી તે પ્રલાપ કરવા લાગ્યા કે, હે ભરતેશ્વર ! મારા સ્વામી ! દેવેન્દ્રનો પણ તિરસ્કાર કરવાવાળા ગંભીર ! વિશેષ શું. પુરુષરૂપી કલ્પવૃક્ષ ! આપ આ પ્રકારે ચાલ્યા ગયા ! અમે ભારે હતભાગી છીએ ! આપ વીરતા, વિનય, વિદ્યા, પરીક્ષા, ઉદારતા, શૃંગાર, ધીરતા આદિને માટે લોકમાં અભેદ છો. અમે કમનસીબ છીએ કે આપની સાથે ન રહી શક્યા.

રાજસભામાં આવીને જ્યારે હું તમારાં દર્શન કરતો હતો, ત્યારે સ્વર્ગ લોકનો જ આનંદ મને આવતો હતો. પોતાના સેવકને આ પ્રમાણે છોડીને મોક્ષસ્થાનમાં ચાલ્યા જવું શું આપને ઉચિત છે ? સ્વામી ! કોઈવાર મારી પ્રાર્થના તરફ ઉપેક્ષા આપે નથી કરી. મને અન્ય ભાવનાથી કદી જોયા

નહોતો. આજ પર્યન્ત મારો સત્કાર ઘણો કર્યો. એવી સ્થિતિમાં મુક્તિ જઈને મને આપે મારેલ જ છે. આ પ્રમાણે માગધામર એક તરફ દુઃખી થઈ રહ્યો છે. ત્યારે બીજી બાજુ ગંગા-દેવ અને સિંધુ-દેવ (ગંગા સિંધુ કાંઠાના અધિપતિ) પણ પોતાના દુઃખને સહન ન કરી શક્યા. તેઓ પણ શોકાતુર બન્યા.

''હાય ભાવાજી ! આપ અમને છોડીને ચાલ્યા ગયા તો હવે અમારું જીવવું શું સાર્થક છે ? અમને યમદેવ આવીને કેમ નથી લઈ જતો ? આપના સાળાના રૂપમાં જ્યારે અમને લોકો ઓળખતા હતા તે વખતના અમારા વૈભવનું શું વર્ણન કરવું. કોઈ ચુંકારો પણ કરી શકતા નહોતા, હવે અમારે કોનો આશ્રય છે ? કોના જોરથી અમે લોકો અમારા વૈભવને બતાવીએ ?'' આ પ્રકારે રોઈ રહ્યા હતા. જેમ કોઈ કંજુસે પોતાના સોનાને ખોયું હોય તેવી સ્થિતિ અમારી થઈ. હે સ્વામી અમો તો આપના સેવક બનીને દૂર જ રહેવા ઈચ્છતા હતા, પરંતુ અમારી સેવાથી પ્રસન્ન થઈને આપે જ અમને પોતાના સાળા બનાવ્યા, પરંતુ આશ્ચર્ય છે કે હવે પોતાના સાળાને આ પ્રકારે કષ્ટ દીધું. આપના સ્નેહને અમે કેવી રીતે ભૂલીએ ? આ પ્રકારે બહુ જ દીલગીરી સાથે સર્વ વૃતાંત પોતાની પત્ની ગંગાદેવી અને સિંધુદેવી સાથે કહ્યું. ત્યારે તે દેવીઓનાં દુઃખનો પાર ન રહ્યો.

ભાઈ અમે તો બહુ દુઃખી થયાં. અમારા ઉદરમાં તો તમે અગ્નિ જ પ્રકટાવીને ચાલ્યા ગયા. આ રીતે જમીન પર આળોટતી રોતી હતી. સહોદરોનું દુઃખ શું કાંઈ ઓછું હોય છે ? ભરતેશની આ બે માનેલી બહેનો હતી. ભાઈ તમે તો અપૂર્વ હતા. વિદ્વાનો માટે માન્ય હતા. આંખ અને મનને પ્રસન્ન કરનારા રાજા હતા. આવી સ્થિતિમાં તમે અમને આ રીતે દુઃખી કરીને એક રીતે અમારી હત્યા કરી છે.

ભાઈ અમારી સાથે તમારો પ્રેમ શું ઓછો હતો ? અમે રસ્તામાં રોકતાં તો તમે રોકાતા હતા. પ્રેમથી તમારા દુપટ્ટાને ખેંચતાં. અમારી વાતને તમે ક્યારેય ઉથાપી નથી. આમ હોવા છતાં છેવટે અમારી સાથે ન રહેતાં ચાલ્યા ગયા તે શું તમારે માટે યોગ્ય છે ? પટરાણીના પ્રેમને તમે ભૂલી ગયા, સહોદરીઓની ભક્તિ પણ તમે ભૂલી ગયા. આ રીતે માર્ગમાં અધવચ્ચે મૂકીને ચાલ્યા જવું તે શું યોગ્ય છે ભૂલોકની સંપત્તિ આજે નાશ પામી, પિયર જવાની અભિલાષા પણ અદૃશ્ય થઈ ગઈ અમે તો પાપી છીએ, અમારી સાથે તમે કેવી રીતે રહી શકો ? તમારી બધી વાત દર્પણના જેવી છે આ રીતે ગંગાદેવી અને સિન્ધુદેવીનું રુદન ચાલી રહ્યું હતું. બીજી તરફ ભરતેશ્વરની પુત્રીઓ પણ દુઃખથી મૂર્ચ્છિત થઈ ગઈ હતી.

પિતાજી શું અમોને અહીં છોડીને તમે લોકાગ્ર ભાગમાં ચાલ્યા ગયા ? હાથે કરીને જેવી રીતે કોઈ બાળક ગરમા ગરમ ઘી ભૂલથી પી ગયું હોય અને દુઃખ થતું હોય તેમ તે દુઃખથી વિલાપ કરી રહી હતી. પુત્ર, પુત્રવધુઓ અને પોતાની સ્ત્રીઓને લઈને તમે ચાલ્યા ગયા. એક રીતે અમારા પિયરને તમે વીંખી નાખ્યું. ષટ્ખંડાધિપતિ શું આમ કરવું તમને ઘટે છે ? સ્વામી ! કોઈ પણ કાર્યમાં તમે આજદિન સુધી અમને ભૂલ્યા નથી. તો આજે આ કાર્યમાં અમને કેમ વિસરી ગયા ? હાય ! દૂર્દૈવ છે ! આ રીતે બત્રીશ હજાર પુત્રીઓએ વિલાપ કર્યો.

આ રીતે ભરતેશ્વરના બત્રીશ હજાર જમાઈઓ અને હજાર સસરાઓ જ્યાં ત્યાં દુઃખી થઈ રહ્યા હતા. એટલું જ નહિ પણ બાહુબલિના ત્રણ પુત્રો પણ દુઃખથી મૂર્ચ્છિત થયા. ફરી ઊઠી ઊઠીને વારંવાર શોક કરવા લાગ્યા. ચાલો દીક્ષાવનમાં સ્વામીને જોઈશું. આવા વિચારથી ચાલવા લાગ્યા તો સમાચાર મળ્યા કે તેઓ મોક્ષ ગયા છે, વળી ત્યાં તેઓ પાંખ તૂટી ગયેલા પક્ષીની પેઠે નીચે પડયા, અને વિલાપ કરવા લાગ્યા કે હાય ! પિતાજી અમે તો દુર્દૈવી છીએ. આપ અમારી ચિંતા તજીને આ રીતે ચાલ્યા ગયા. થોડો વખત પછી ગયા હોત તો આપને શું ખોટું હતું ? આટલા જલદી જવાની શી જરૂર હતી. અમારા ખરાં માતાપિતાના પ્રેમને અમે નથી જાણતાં. કેમકે તેને ભૂલાવીને આપે અમારું પાલન પોષણ કર્યું છે. ઘણા ભારે વૈભવપદમાં અમને મૂક્યા, સંતોષપૂર્વક અમારો જીવનક્રમ ચલાવ્યો. પિતાજી ! છેવટે એમ કેમ કર્યું ? આ સંપત્તિને ધિક્કાર હો. આપના હાથથી જ દીક્ષા લેવાનું ભાગ્ય પણ અમને ન મળ્યું. અમારો તિરસ્કાર કરીને આપ ચાલ્યા ગયા તેથી અમને ધિક્કાર હો. આ રીતે ત્રણે કુમારો વિલાપ કરી રહ્યા હતા.

અહીં અર્કકીર્તિ, આદિરાજ ગંધકુટીથી પાછા ફરીને પોતાની સેનાને મૂકી નગરમાં દાખલ થયા. નગરમાં સર્વત્ર શૂન્યકાર જણાતો હતો, પ્રજાને આંખોમાંથી આંસુધારા વહી રહી હતી. આ બધી સ્થિતિ જોઈને દીર્ઘશ્વાસ નાખતા તેઓ મહેલ તરફ આગળ ગયા. ત્યાં સમ્રાટનું સિંહાસન જોઈને તેમનો શોક ખાળ્યો ન રહ્યો, એકદમ શોકપ્રદ થઈ આંસુ વહાવી જોરથી રડવા લાગ્યા. સ્વામી અમે દુર્દૈવી છીએ એવા ઉદ્‌ગારો આપોઆપ નીકળી પડયા.

પિતાજીના સુંદર રૂપની ઝાંખી ન થવાથી તેમનું ધૈર્ય ખૂટી ગયું. તેજ નષ્ટ પામ્યું. વચનનું ચાતુર્ય જતું રહ્યું. સૂર્ય હોવા છતાં પણ રાત્રિનો આભાસ થવા લાગ્યો. પિતાજી ! આપ કયાં છો ? ષટ્‌ખંડના સમસ્ત રાજાઓ ભેટ ધરીને ઊભા છે. તેનો આપ સ્વીકાર કરો. તમારામાં કદી અમે આલસ્ય જોયું નથી. તમારો દરબાર કદી ખાલી ન રહેતો. લોકોનો અવર જવર સદાએ રહ્યા કરતો હતો. હવે તો આ બિલકુલ શુન્યાકાર લાગે છે તે અમે કેવી રીતે જોઈ શકીએ ? આપને અમે અહીં નથી જોતા અને અમારા ઘણા સહોદરો પણ અહીં નથી. રત્નના મહેલમાં પણ હવે કાન્તિ રહી નથી. હવે અમે કોને શરણે જઈએ ? આ રીતે અનેક પ્રકારે દુઃખી થઈને અને પરિસ્થિતિને સમજીને પોતાના આત્માને સાન્ત્વન આપ્યું. ભરત પુત્રોને આ સહજ સાધ્ય છે. સેવકોને અને આપ્ત જનોને પોત પોતાના સ્થાનમાં મોકલીને બન્ને કુમારો મહેલમાં દાખલ થયા. ત્યાં તો રાણીઓ દુઃખનાં સાગરમાં ડૂબેલી જણાઈ. ''સ્વામી સ્ત્રીઓનો અપાર સમૂહ અહીંયાંથી ચાલ્યો ગયો, હવે તો અમે અહીં રહ્યા છીએ। અમને તો આ મહેલ હવે રાક્ષસભૂવન જેવો લાગે છે. એમાં અમે કેવી રીતે રહી શકીએ ? તેમની સાથે જ જો અમે ચાલ્યા ગયાં હોત તો અમને પરમ સુખ પ્રાપ્ત થાત. અમારું અહીં રહેવું યોગ્ય નથી થયું. અમારો અનુભવ તો એવો છે પરંતુ આપના મનનો વિચાર શું હશે તે કોણ જાણે. અહીં અમારી સાસુ દેવીઓ નથી, અમારી બહેનો અદૃશ્ય થઈ ગઈ છે, મામાજીનો પતો નથી. આવી હાલતમાં આ બધી સંપત્તિ ક્ષણભંગુર છે. એના પર મોહ કરવો તે યોગ્ય નથી. બસ ધિક્કાર હો ! આ રીતે ભરતેશ્વરની પુત્રવધૂઓ વિલાપ કરી રહી હતી.

ભરતેશ્વરની પુત્રવધૂઓને દુઃખ થાય એમાં આશ્ચર્ય જેવું શું છે ! લોકોની સમસ્ત સ્ત્રીઓ જ્યારે તે વખતે દુઃખમાં ડૂબતી હતી ત્યારે આમને તો અસર કેવી થાય ? કેમકે ભરતેશ્વર પરદાર સહોદર કહેવાતા. લોકનાં સમસ્ત બ્રાહ્મણ ગણોને પણ ભરતેશ્વરનાં વિયોગથી દુઃખ થઈ રહ્યું હતું, હે ગણ્ય ! ભરતેશ્વર ! આપનું આ રીતે ચાલ્યું જવું શું યોગ્ય છે ? વસ્ત્ર, રત્ન, હિરણ્ય, ભૂમિના આપનારનો આ રીતે વિયોગ ! શું કરીએ અમારા પુણ્ય નાશ પામ્યાં છે.

વિશેષ શું ? માર્ગમાં ચાલનારા પથિક, નગરમાં રહેનારા નાગરિક, પરિવાર જન વિદ્વાન, કવિજન, રાજા મહારાજા, માંડલિક વગેરે બધાં કામ દેવના અગ્રજ ભરતેશ્વર મુક્તિ પામવાથી રાત દિવસ શોકાતુર રહ્યાં મનુષ્યને દુઃખ થાય એ તો આશ્ચર્ય ન કહેવાય, પરંતુ હાથી, ઘોડા, ગાય આદિ પશુઓએ પણ ઘાસ ખાવાનું મૂકી દઈને આંસુ વહેવરાવીને દુઃખ પ્રગટ કર્યું. વિજયપર્વત નામનો પટ્ટ હાથી અને પવનજય નામનો પટ્ટ ઘોડો એ પણ બહુ દુઃખી થયા, તે બન્નેએ પણ આહારનો ત્યાગ કર્યો અને શરીરનો ત્યાગ કરીને સ્વર્ગમાં ગયા. ભરતેશ્વરનો સંસર્ગ સર્વનું કલ્યાણ જ કરે છે.

ગૃહપતિએ દીક્ષા લીધી, વિશ્વકર્મા ઘરમાં જ રહીને વૃત્ત સયંમી થયા. આગળ અયોધ્યાંક પણ પોતાના હિતનો વિચાર કરીને દીક્ષા લેશે.

ચંદ્રરત્ન વગેરે સાત રત્ન જે અજીવ રત્ન છે, તે શુક્રના અસ્તની પેઠે અદૃશ્ય થયાં. ચક્રવર્તીના અભાવમાં તે કેમ રહી શકે ? એ રત્નો તેમને કોણે લાવી આપ્યાં હતાં ? તેને કોણે ઉત્પન્ન કર્યાં હતાં ? સમ્રાટના પુણ્યથી તેની ઉત્પત્તિ થઈ હતી, અને સમ્રાટના જવાથી તેનો નાશ થયો. મતલબ કે જેવા આપ્યા તેવા ગયા. તેમાં આશ્ચર્ય જેવું કોઈ ન હતું. ચક્રવર્તીનાં પુણ્ય ઉદયથી વિજયાર્ધમાં જે વજ્ર કપાટ ઊઘડી ગયા હતાં, તે આજે આપોઆપ બંધ થઈ ગયાં. ચક્રવર્તીનો વૈભવ લોકમાં એક નાટકના પ્રયોગની સમાન બન્યો.

આ રીતે મોહના કારણે લોકો ભરતેશ્વરની મુક્તિથી દુઃખી થઈ રહ્યાં પણ પોતે આનંદ ભોગમાં મગ્ન થયા. તેમનું વર્ણન કરવું પણ આ પ્રસંગે અનુચિત નહિ ગણાય.

પ્રતિદિન શૃંગાર પામીને પોતાના આત્માને જોતાં જોતાં તે ભરતેશ્વરે કર્મનો નાશ કર્યો તેથી તેમનું નામ શૃંગારસિદ્ધ પ્રસિદ્ધ થયું.

શૃંગારસિદ્ધ ભરતેશ્વર જ્યારે મોક્ષે પહોંચ્યા ત્યારે મુક્તિ લક્ષ્મીની દૂતિઓએ આવીને તેને ખબર આપ્યા તે મુક્તિ લક્ષ્મી એકદમ પોતાના પલંગમાંથી ઊઠીને ઊભી થઈ ગઈ, અને આનંદથી તેનાં રુંવાડાં ઊભા થયાં. મુક્તિ લક્ષ્મીને ખબર આપનાર ક્ષમા અને વિરક્તિ નામની દૂતિઓ હતી, પોતાના પતિના આવવાના સુંદર સમાચાર તે દૂતિઓએ આપ્યા તેથી મુક્તિ કાન્તાએ તેમને આનંદથી આલિંગન કર્યું અને વિશેષરુપે તેમનો સત્કાર કર્યો ત્યાર પછી પોતાના વીર પતિના સ્વાગતને માટે તે પોતાની સખીઓની સાથે આગળ વધી. ભરતેશ્વર જેવા શૃંગારસિદ્ધને વરવા માટે અને તેવા શિકારને પોતાના વશ કરવા માટે તે બહુ દિવસથી રાહ જોઈ રહી હતી. જ્યારે તે વીર જાતે જ પોતાની સાથે વરવા આવી રહ્યા છે તો આનંદ કેમ ન થાય ? તે હસતી હસતી આગળ વધી તે વખતે તેનો આનંદ માતો નહોતો.

સહિષ્ણુતા, શાંતિ, કાંતિ, સન્મતિ, ઋદ્ધિ અને બુદ્ધિમાનની પવિત્ર દેવીઓએ છત્ર, ચામર, દર્પણ, કલશ વગેરે મંગળ દ્રવ્યોને હાથમાં રાખીને તેમની સાથે તે મુક્તિ લક્ષ્મી ભરતેશ્વરના સ્વાગત માટે આવી રહી છે. શૃંગાર પ્રાપ્ત વિદ્યા દેવીઓ આગળથી જ શૃંગારના પદો ગાઈ રહી છે. તેમની સાથે શૃંગાર રસની વર્ષા કરતી કરતી તે મુક્તિ દેવી આવી રહી છે. કલ્યાણ દેવીઓ વીણા વેણુને લઈને સ્વરમંડળની સાથે મંગળ પદો ગાઈ રહી છે. તેમને અનેક સન્માન પૂર્ણ વચનોને સાંભળતી થકી તે આગળ વધી રહી છે.

તે મુક્તિ લક્ષ્મીની સાથે અણિમા આદિ સિદ્ધિને પ્રાપ્ત થયેલી દેવીઓ પણ છે. તેમાંથી કોઈ મુક્તિ દેવીને વંદના કરી રહી છે, તો કોઈ ચરણ સ્પર્શ કરતી રહી છે, કોઈ આભૂષણોને સરખાં ગોઠવી રહી છે. આ રીતે બહુ આનંદપૂર્વક તેઓ શોભી રહી છે. તેની બોલ ચાલ વગેરે આનંદદાયક છે. પરિવાર દેવીઓ કાનમાં કહી રહી છે કે તમારા પતિ બહુ બુદ્ધિમાન છે. કુશળ છે, આ બધી વાતો સાંભળીને તે પ્રસન્ન થઈ રહી છે. તેના ચરણ કમળની કાંતિ તો ત્રણ લોકમાં વ્યતીત થઈ છે. અને દિવ્ય શરીરની કાંતિથી શૃંગાર સિદ્ધને પણ ઝાંખા પાડી દેશે એ વિચારથી તે સુંદરી આગળ વધી રહી છે.

ચંદ્ર સૂર્યની કાંતિ તો તે દાસીઓનાં શરીરમાં પણ છે. પરંતુ આ તો કોટિચંદ્ર સૂર્યની કાંતિથી યુક્ત છે.

કામિનીઓને વશ કરનાર કામદેવ તો તે દેવીના નિવાસ પ્રદેશમાં પ્રવેશ કરવા માટે અયોગ્ય છે. તે મુક્તિ કાન્તાની દાસીઓ પોતાની દૃષ્ટિથી હજારો કામદેવને વશ કરી શકે છે.

દિવ્યચરણોથી માંડીને મસ્તક સુધી સંજીવન અમૃત જ ભરેલું છે. તેને જન્મ, જરા અને મરણ નથી. આથી કરીને જ અમૃતકામિનીનાં નામથી તેને ઓળખાવામાં આવે છે. ૧૨ સુર અને નાગ લોકની ઉત્તમ સ્ત્રીઓ તો તેના ચરણની દાસીઓ છે. પગના અંગૂઠાને પૂજનારી સેવિકાઓ છે. ભગવાન પરમાત્મા જ જાણે તેની સૌભાગ્ય સામગ્રીને તેવી અમૃતકાન્તાના સૌન્દર્યને બીજું કોણ વર્ણાવી શકે તેમ છે.

તે અમૃતકામિની વિલાસ સહીત વીર ભરતેશ્વરના સ્વાગતને માટે આવી રહી છે. અને આ બાજુ પોતે શૃંગાર સિદ્ધ બહુ જ વૈભવની સાથે આવી રહ્યા છે.

ત્રણ લોકની ઉત્તમોત્તમ સ્ત્રીઓને ભોગવીને તિરસ્કાર ઉત્પન્ન થયા પછી ત્રણ શરીરનો જેણે નાશ કર્યો છે. કેવળ ચિત્તપ્રકાશને જ શરીર બનાવી લીધું છે તે શૃંગાર સિદ્ધ આવી રહ્યા છે.

ત્રણ લોકની ઉત્તમોત્તમ સ્ત્રીઓને ભોગવીને તિરસ્કાર ઉત્પન્ન થયા પછી ત્રણ શરીરનો જેણે નાશ કર્યો છે. કેવળ ચિત્તપ્રકાશને જ શરીર બનાવી લીધું છે તે શૃંગાર સિદ્ધ આવી રહ્યા છે.

અહીં તહીં ફરીને જોવાની દૃષ્ટિ હવે તેમની નથી. ચારે તરફની વાતોને જોવાને અને જાણવાને લાયક સામર્થ્ય રાખે તે પરમાત્માં આજે રહેલું છે. વળી ન્યૂનતાને ન પામે એવું યૌવન છે અને ત્રણ લોકમાં વ્યાપ્ત થાય તેવો પ્રકાશ છે.

કરોડો ઈન્દ્ર, કરોડો નાગેન્દ્ર, કરોડો નરેન્દ્ર અને કરોડો કામદેવની સંપત્તિ તથા લાવણ્ય મારા પગના અંગૂઠામાં રહેલ છે. એ વાતને જણાવતા થકા તેઓ આવી રહ્યા છે. તે વીર બુદ્ધિમાન છે, સુંદર છે અને ત્રણ લોકને ઉઠાવવાનું સામર્થ્ય રાખે છે. મહાસુખી છે, મુક્તિસતીને તેના સન્મુખ હાર ખાવી પડશે. એવા પ્રકારના વૈભવથી તેઓ ત્યાં જઈ રહ્યા છે. તેમની સાથે કોઈ નથી તે શૃંગારસિદ્ધ એકલા છે. વીરતાપૂર્ણ ઠાઠમાંઠમાં આગળ વધતા તેઓએ મુક્તિ કાન્તાને જોઈ ત્યારે મુક્તિ કન્યાએ પણ શૃંગારસિદ્ધને જોઈ લીધા. બન્નેને એકદમ રોમાંચ થયાં આનંદપરવશ થઈને બન્ને મુર્ચ્છિત થયા હતા, એવામાં પરબ્રહ્મ શક્તિએ તે મૂર્ચ્છાને દૂર કરી તત્કાળ સરસ્વતી દેવીએ તેમને જાગૃત કર્યા. અને કહ્યું કે, તમે પતિની આરતી ઉતારે ત્યારે તે દેવીએ શૃંગાર સિદ્ધનો ચરણ સ્પર્શ કર્યો અને પતિસામે ઊભી રહી. પરિવાર દેવીઓએ કલશ અને દર્પણને હાથમાં રાખ્યાં હતાં પરંતુ સિદ્ધની દૃષ્ટિ તે તરફ ન હતી. તેમની દૃષ્ટિ મુક્તિ કાન્તાના રત્નકુચ કલશ અને મુખદર્પણ મણિના તરફ હતી તે જોઈ રહી હતી તે જ ક્ષણે દેવીએ પતિની આરતી ઉતારીને કંઠમાં પુષ્પમાળા આરોપી અને સ્ત્રીઓની સાથે ધવલગીત સાથે શૃંગારસિદ્ધનાં ચરણ કમળોમાં નમસ્કાર કર્યા.

જ્યારે મુક્તિ અંગના શૃંગારસિદ્ધના ચરણોમાં પડી તો તેને હાથથી પકડીને ઉઠાડવાની ઈચ્છા તો એકવાર રહી પરંતુ ફરી વિચારીને સિદ્ધ એમને એમજ ઊભા રહ્યા. કોણ જાણે તેમનાં હૃદયમાં શું હશે ? વિવાહ તો કન્યાદાન પૂર્વક થાય છે. હવે તે કન્યાનું દાન દેવાવાળા માતા પિતા નથી. એમ જાણી સ્વયં પ્રસન્ન થઈને આવેલી કન્યાની સાથે હું પાણિગ્રહણ કેમ કરી શકું ? એવા વિચારથી તે શૃંગાર યોગી તેના તરફ જોઈ ઊભા રહ્યા.

મુક્તિ-કાન્તાની સખીઓએ સિદ્ધના હૃદયને જાણી લીધું અને કહેવા લાગી કે સ્વામી ! તમારા ઉપર મોહ પામીને આવેલી કન્યાનું પાણિગ્રહણ કરો. સુવિખ્યાત મુક્તિકાન્તાને દેનારું કોણ છે ? તેના પિતા કોણ ? માતા કોણ ? તે સ્વયં સિદ્ધ વનિતા છે. કેટલાએ વખતથી આપના આગમનની તે રાહ જોઈ રહી છે, હવે આપના આવવાથી આનંદથી ચરણોમાં પડેલી પ્રેમિલાનું પાણિગ્રહણ ન કરતાં આપ ઊભા ઊભા જોઈ રહ્યા છો. હે નિષ્કરણી ! આપના હૃદયમાં શું છે ?

કાનના શિકારરૂપે આપને સાંભળતી, આંખના શિકાર રૂપે આપને જોતી અને પ્રત્યક્ષ સંસર્ગ માટે ઈચ્છા રાખતી યુવતી-કામિનીને જ્યારે આપ ઉઠાવીને આલિંગન આપતા નથી તો આપ આત્માનુભવી કેવી રીતે હોય શકો ? હાય ! દુઃખની વાત છે. તે મુક્તિકામિની પ્રસન્ન થઈને આપના ચરણોમાં પડી છે. અમારા સ્વામીની મહા પતિભક્તા છે, તેથી તેને આપની સ્ત્રી બનાવો.

આ વાત સાંભળવા છતાં પણ તે શૃંગારસિદ્ધ હસતા થકા ઊભા જ રહ્યા. એવામાં હૃદયમાં બિરાજમાન ગુરુ હંસનાથે કહ્યું કે હે ચતુર ! આ કન્યા હું તમને આપું છું તેનું પાણિગ્રહણ કરો. તેજ ક્ષણે તેમણે તેમનો હાથ જાલ્યો. મસ્તક પર હાથ લગાડીને બેઠા કર્યા, વિશાળ બાહુઓથી ગાઢ આલિંગન કર્યું. પરિવાર દેવીઓએ આનંદથી જય જયકાર કર્યો. હવે તે કુશલસિદ્ધ વધારે વાર ન લગાડતાં તેનો હાથ પકડીને શય્યાગૃહ તરફ લઈ ગયા. હવે બધી દાસીઓ બહાર જ રહી. તે શય્યાગૃહમાં બે જ દાખલ થયાં. ત્યાં તે બન્ને યોગી અથવા પરમયોગી નિર્વાણ રતિના આનંદમાં તૃપ્ત થતાં સુધી મગ્ન થયાં.

પરમ સમ્યક્ત્વ ત્યાં શય્યાગૃહ છે. અગુરુલઘુ જ ત્યાં ચંદરવો છે. અવ્યાબાધરુપી પડદો ત્યાં મોજૂદ છે, તેની અંદર તેઓ ચાલ્યાં ગયાં. અનંત દર્શન રુપી દિપક છે, અનંતવીર્યરુપી પલંગ છે, સૂક્ષ્મગુણરૂપી સુંદર તકીઓ છે. અવગાહન ગુણરુપી કોમળ ગાદી છે. ત્યાં સુજ્ઞાન સંયુક્ત બન્ને સુંદર ભોગી ભોગમાં મગ્ન થયા. શરીર શરીરની અંદર દાખલ થઈ જાય એ રીતે એક બીજાને આલિંગન કરીને સાકરથી પણ વધારે મીઠા હોઠોથી ચુંબન કરી રહ્યાં હતાં. આ રીતે બહુ આનંદપૂર્વક તે બન્નેએ સંભોગ કર્યો. આનંદપૂર્વક આલિંગન કરતી વખતે પરસ્પર હોઠનો સ્પર્શ થતો હતો ત્યારે કરોડો ક્ષીર સમુદ્રો પીવા જેટલો આનંદ થતો હતો. જ્યારે મુક્તિ દેવીના સ્તનોને હાથથી પકડી રહ્યા હતા ત્યારે ત્રણ લોકનો વૈભવ હાથમાં આવી ગયો હોય એટલો આનંદ તે શૃંગારસિદ્ધને થઈ રહ્યો છે.

તેમનું મુખ જોતાં જ ત્રણ લોકના મોહન સ્વરુપ જોયા જેવો આનંદ થઈ રહ્યો છે. તેમનાં સ્મિત નેત્રોને જોતાં તો અર્વખર્વ કામદેવના દરબારમાં બેઠા હોય તેવો આનંદ થઈ રહ્યો છે.

સુંદર કૃશકટિ, પ્રૌઢભૂજ, મૃદુજંઘાઓને સ્પર્શ કરતાં જ્યારે તેઓ ભોગ ભોગવી રહ્યા છે, ત્યારે ત્રણ લોકમાં મોહન રસ છલોછલ્લ ભર્યા હોય તેટલો આનંદ થઈ રહ્યો છે. લાવણ્ય ભરેલા તેના રૂપને જોવાને માટે અને તેના મનોભાવને જાણવા માટે કેવળજ્ઞાન અને કેવળદર્શન જ સમર્થ છે. ઈંદ્રિયોની શક્તિ ત્યાં સુધી પહોંચતી નથી.

સરસ સંલાપ, ચુંબન, યોગ્યહાસ્ય, નેત્રકટાક્ષક્ષેપ, પ્રેમ અને આલિંગનદ્વારા તે મુક્તિઅંગનાદ્વારા તે મુક્તિઅંગના તે સિદ્ધની સાથે એકી ભાવને પ્રાપ્ત થઈ રહી હતી. ઈંદ્રનીશચી, નાગેન્દ્રની દેવી, ચક્રવર્તીની પટરાણી સાથે જે ઈંદ્રિય સુખ થાય છે તે આ સુખ આગળ કોઈ ગણતરીમાં નથી, આની બરોબરી કોણ કરી શકે ? સુખમાં તેઓ પરવશ થયા વિશેષ શું ? તે તેની સાથે અદ્વૈતરૂપ બની ગયા. મોહને વશીભૂત થઈને અનેક જન્મમાં અનેક સ્ત્રીઓની સાથે ભોગ ભોગવતા છતાં પણ ત્યાં તૃપ્તિ ન થઈ તે તૃપ્તિ મુક્તિ કાન્તાને ભોગવતાં થઈ. તેથી સુખપૂર્વક તેમની સાથે રહ્યા. તે પરમાનંદ સુખ આજે તેમને મળ્યું તેથી આજ તેની આદિ છે. પરંતુ તે ક્યારેય નાશ પામતું નથી તેથી અનંત છે. આ રીતે અવિનેશ્વર અમૃત કાન્તાનું સુખ તે શૃંગારસિદ્ધે મેળવ્યું.

હવે તેનાં રુપો બે રહ્યા નથી. એક રૂપ થઈને રહ્યાં છે, તેમનો અદ્વૈત પ્રેમ જોઈને આસપાસ રહેલાં સિદ્ધ અને મુક્તિકાન્તાઓ પ્રસન્ન થઈ રહ્યા છે-તે શૃંગાર સિદ્ધે ત્રણ પ્રકારના રત્ન કહ્યાં છે તેમનો એક જ રુપે અનુભવ કર્યો, તેને પણ ત્યાં અમૃતસ્ત્રી રત્નના રુપે જોયું, આ પ્રકારના તે રત્નાકરસિદ્ધ હંસનાથના મનોરત્ન ઘરમાં પરમ આનંદમય સુખમાં બિરાજી રહ્યા છે.

આ તરફ અયોધ્યાના મહેલમાં સ્ત્રીઓની વચ્ચે જે દુઃખ સમુદ્ર ઊછળી રહ્યો હતો તેને અર્કકીર્તિ અને આદિરાજે શાન્ત કર્યો. તેને અનેક પ્રકારે સાન્ત્વન આપીને ઉપદેશ દીધો. સંસારસુખ કોને સ્થિર થયું છે ? કેવલ્ય સંસિદ્ધિનો નાશ ક્યારે પણ થતો નથી. હંસનાથની ભક્તિ શું ન આપે ? તેથી હંસનાથજ આપણું શરણ છે. આ રીતે તેઓએ તે સ્ત્રીઓને સમજાવી.

હવે થોડા વખતમાં જ વિલંબ કર્યા વગર અર્કકીર્તિ અને આદિરાજ પણ પરમ દીક્ષા લેશે. તેને કલાવંત સજ્જન અર્કકીર્તિવિજયના નામથી વર્ણન કરશે.

આ તરફ પરાક્રમીઓના સ્વામી ભરતેશ્વરની નિર્વાણ પૂજા શક્ર વગેરે પ્રમુખોએ વિધિપૂર્વક કરી અને પોત પોતાના સ્થાને ગયા–

જીવનભરમાં જરા પણ ન્યૂનતાનો અનુભવ ન કરતાં દીર્ઘકાળ સુધી સુખોનો અનુભવ કરીને એકદમ ભરતેશ્વર મોક્ષ સામ્રાજ્યના અધિપતિ બન્યા. અહીં મોક્ષવિજય નામનો ચોથો કલ્યાણ પૂર્ણ થાય છે.

ભરતેશ્વરનો મહિમા અપાર છે તે અલૌકિક વિભૂતિ છે. સંસારમાં રહ્યા ત્યાં સુધી સમ્રાટના વૈભવથી રહ્યા, વનમાં ગયા તો ધ્યાન સામ્રાજ્યના અધિપતિ બન્યા. ત્યાંથી પણ કર્મો ઉપર વિજય પામીને મોક્ષ સામ્રાજ્યના અધિપતિ બન્યા. તેમનું જીવન સાતિશય પુણ્યમય છે. તેથી મોક્ષ સામ્રાજ્યમાં તેમને સ્થિત થતાં વાર ન લાગે. તેમને સદા ભાવના રહેતી હતી કે :–

''હે પરમાત્મા ! અનેક ચિંતાઓ છોડીને હું એક જ યાચના કરું છું કે, તમે હર સમયે મારી રક્ષા કરજો.

હે સિદ્ધાત્મા ! આપ વિસ્મયસ્વરુપ છો, વિચિત્ર સામર્થ્ય યુક્ત છો, આકસ્મિક મહિમાસંપન્ન છો, મહેશ, અસ્મદારાધ્ય ! દશદિશારશ્મિ ! હે નિરંજન સિદ્ધ મને સન્મતિ આપો.''

આ ભાવનાનું ફળ છે કે તેઓએ અલૌકિક પરમાનન્દમય પદ પ્રાપ્ત કર્યું.

# ચતુર્થ ખંડ સમાપ્ત

## આ જંબુદ્વીપના ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીમાં થયેલા ૬૩ શલાકા પુરુષો

દરેક ચોવીસીમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ બળદેવ, ૯ વાસુદેવ તથા ૯ પ્રતિવાસુદેવ થાય છે; આ કુલ ૬૩ મહાપુરુષોને ૬૩ શલાકા પુરુષ કહેવાય છે. તેઓ બધાય જો કે મોક્ષગામી તો હોય છે. પણ તેમાંથી ૨૪ તીર્થંકરો નિયમથી તે જ ભવમાં મોક્ષ પામે છે, ૧૨ ચક્રવર્તીઓમાંથી ઘણા તો તે જ ભવમાં મોક્ષ પામે છે. કોઈ સ્વર્ગમાં જાય છે તો કોઈ નરકમાં પણ જાય છે. બળદેવો કાં તો તેજ ભવે મોક્ષ પામે છે; અથવા સ્વર્ગે જાય છે, નરકમાં નથી જતા; નવ વાસુદેવ તથા પ્રતિવાસુદેવ (પૂર્વે કરેલા નિદાનને કારણે) નરકમાં જાય છે. તે પછી અલ્પભવે મોક્ષને પામે છે. મહાપુરાણમાં આવા ૬૩ શલાકા પુરુષોના જીવન ચરિત્રનું તેમ જ તેમના પૂર્વભવોનું વર્ણન છે.

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીમાં થયેલા ચક્રવર્તીઓ

આ ભરતક્ષેત્રના પ્રથમ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવ થયા. તેમના પુત્ર ભરત પ્રથમ ચક્રવર્તી થયા. ત્યારબાદ બીજા તીર્થંકર શ્રી અજિતનાથ થયા ને તેમના તીર્થમાં સગર નામના બીજા ચક્રવર્તી થયા. મિત્ર-દેવના પ્રતિબોધથી જિનદીક્ષા લઈ, કેવળજ્ઞાન પ્રગટ કરી મોક્ષ પામ્યા.

ભગવાન ધર્મનાથનાં તીર્થમાં મઘવા નામના ત્રીજા ચક્રવર્તી અયોધ્યામાં થયા. તેઓ જિનદીક્ષા લઈ, કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા. ત્યારપછી ચોથા સનતકુમાર ચક્રવર્તી હસ્તિનાપુરમાં ધર્મનાથ પ્રભુના તીર્થમાં થયા; ઈન્દ્રે જેના રૂપની પ્રશંસા કરી, છતાં તેનોય મોહ છોડીને તેમણે અશરીરી મોક્ષપદને જ સાધ્યું. ત્યારપછી ૧૬-૧૭-૧૮ શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી કુંથુંનાથ ભગવાન, શ્રી અરનાથ ભગવાન એ ત્રણ તીર્થંકરો પોતે જ પાંચમા-છઠ્ઠા-સાતમા ચક્રવર્તી હસ્તિનાપુરમાં થયાં.

ત્યારપછી અરનાથપ્રભુના શાસનમાં સુભૌમ નામનો આઠમો ચક્રવર્તી થયો; ફળના સ્વાદની લોલુપતાથી, સમુદ્ર વચ્ચે ધર્મની વિરાધના કરીને તે નરકે ગયો.

ત્યારબાદ ભગવાન મલ્લિનાથ તીર્થમાં 'પદ્મ' નામના નવમા ચક્રવર્તી થયા, તેઓ મોક્ષ પામ્યા. (વાત્સલ્યમાં પ્રસિધ્ધ વિષ્ણુકુમાર તેમના જ પુત્ર હતાં.)

પછી મુનિસુવ્રતપ્રભુના તીર્થમાં, દશમાં 'હરિષેણ' ચક્રવર્તી થયા. તે સર્વાર્થસિધ્ધિમાં ગયા.

૨૧મા નમિનાથ તીર્થંકરના શાસનમાં અગીયારમાં ચક્રવર્તી 'જયસેન' નામના થયા. વરદત્ત કેવળી પાસે જિનદીક્ષા લઈ સમાધિમરણ કરી જયંત નામના અનુત્તર વિમાનમાં અહમિન્દ્ર થયા.

નેમનાથ અને પાર્શ્વનાથ ભગવંતોની વચ્ચેના કાળમાં બારમો અને છેલ્લો ચક્રવર્તી બ્રહ્મદત્ત કમ્પિલા નગરીમાં થયો. વિષયોના રસની લોલૂપતાને ધર્મની વિરાધના કરીને બ્રહ્મદત્ત મરીને સાતમી નરકે ગયો.

# અર્કકીર્તિવિજય

## પંચમ ખંડ

# ૧. સર્વનિર્વેગ સંધિ

**परमपरंज्योति कोटिचंद्रगादित्यकिरणसुज्ञानप्रकाश ।**
**सुररमकुटमणिरंजितचरणाब्ज शरण श्रीप्रथमजिनेश ।।**

**હે** પરમાત્મા ! આ ભરતેશનો મહિમા શું કહું ! તેમણે જ્યારે મુક્તિ પ્રાપ્ત કરી ત્યારે લોકમાં બધા જીવ વૈરાગ્ય પામ્યા. લોકમાં અગ્રગણ્ય ભરતેશ્વરનું ભાગ્ય જ્યારે આ પ્રકારનું છે ત્યારે અમારી સંપત્તિ શા હિસાબમાં ? તે કદી સ્થિર રહી શકે છે ? ધિક્કાર છે, આવા વિચારથી લોકો પોતાની સંપત્તિ છોડીને દીક્ષિત થઈ રહ્યા છે.

ષટ્ખંડાધિપતિ સમ્રાટે જ્યારે ભોગનો ત્યાગ કર્યો ત્યારે અમે આ અલ્પ સુખમાં ફસાઈ રહીએ એ ગોવાળ વૃત્તિ જ છે. બુદ્ધિમાન એને પસંદ કરે નહિ. આવા વિચારથી બુદ્ધિમાન લોક પોતાના પરિગ્રહને છોડીને કોઈ તપસ્વી બની રહ્યા છે.

ભરતેશ્વર તો મહા વિવેકી હતા, બુદ્ધિમાન હતા, જ્યારે તેઓએ આ વિશાળ ભોગનો ત્યાગ કર્યો ત્યારે તેને જાણતા દેખતા છતાં પણ મોહમાં ફસાઈ રહીએ તો તે ગાડરીઆ પ્રવાહ જેવી સ્થિતિ ગણાય. તેનો ત્યાગ કરવો જોઈએ. એવા વિચારથી કોઈ કોઈ તપશ્ચર્યા કરવા જઈ રહ્યા છે.

ભરતેશ્વર રહ્યા હોત તો સંસારમાં ઉચિત હતું. પરંતુ તેઓ ચાલ્યા ગયા તેથી ભિક્ષાન્નથી ભોજન કરવું ઉચિત છે, તેમ તેમાં જ ઉત્તમ સુખ છે આવા વિચાર થકા તપસ્વી બની રહ્યા છે.

સ્ત્રી પુરુષ બધા વૈરાગ્યવાન બની રહ્યાં છે કેટલાક લોક ભેગા થઈને ચિંતાથી વિચાર કરવા લાગ્યા કે આ રીતે બધા સ્ત્રી પુરુષ દીક્ષિત થઈ જાય તો અમને આહાર દેનારા કોણ રહેશે ? આવા પ્રકારની ચિંતા કરવાનો વખત આવ્યો.

જેનું કર્મ શિથિલ થયેલ છે તેઓ તો દીક્ષા લઈને ચાલ્યા ગયા. જેનું કર્મ આકરું હતું તેઓ તો પોતાના ઘરમાં જ રહીને નિર્મળ મુનિઓની સેવા શુશ્રુષા કરવા લાગ્યા, ધર્મને માટે દરિદ્રતા શાની ?

પોદનાપુરના અધિપતિ મહાબલરાજા વિરક્ત થઈને દીક્ષાને માટે તૈયાર થયા. તેઓએ પોતાના બન્ને ભાઈઓને રાજ્યપાલન કરવા આગ્રહ કર્યો. તે બન્ને ભાઈઓએ ચોક્ખી ના પાડી. હવે ત્રણેએ વિચાર કર્યો કે અર્કકીર્તિ અને આદિરાજને બધી પરિસ્થિતિ સમજાવીને આપણે ત્રણે દીક્ષિત થઈશું; ત્રણે અયોધ્યા તરફ રવાના થયા. તેમની સાથે અગણિત સેના હતી. બેંડવાજા ન હતા. સુંદર અલંકારો પણ ન હતા. સર્વ શૃંગારોથી રહિત થઈને તેઓ અયોધ્યા નગરીમાં દાખલ થયા.

પિતાની હાજરીમાં તો તે નગરની શોભા જ જુદી જાતની હતી હવે તો તે નગર તદ્દન શૂન્ય જેવું થઈ રહ્યું છે. તેથી પુત્રોને ઘણુંજ દુઃખ થયું. તેઓ કહેવા લાગ્યા કે આ નગરમાં રહેવા કરતાં અરણ્યમાં રહેવું વધારે સુખકર છે, હાય ! પિતાજી પોતાની સાથે જ નગરની સંપત્તિને પણ લઈ ગયા ! નહિં તો તેના અભાવમાં આ નગરની આવી હાલત કેમ હોય ! અયોધ્યા નગરની આવી હાલત થઈ એમાં આશ્ચર્યની શી વાત છે ? આખો દેશ જ કલાહીન થઈ ગયો છે. આમ દુઃખિત દિલે ભરતેશ્વરના રાજ્યાશાસનની મહત્તા પર પણ ગર્વ કરતા દેખાય. આગળ વધતાં સામે કાન્તિ વિહીન

રત્નગોપુર તેની નજરે પડયું. તે જોઈને વિશેષ આશ્ચર્યચકિત થયા કે પિતાજીની સાથે જ તેનો પણ શૃંગાર ચાલ્યો ગયો. આવા તેજ વિહીન રાજ્યભવનમાં અને પ્રજાના આંસુદ્રવિત અયોધ્યામાં અમારા ભાઈ અર્કકીર્તિ; આદિરાજ હજુ સુધી પડયા રહ્યા છે તે આશ્ચર્યની વાત છે.

દૂરથી જ જ્યારે ત્રણે કુમારો અર્કકીર્તિની પાસે ચાલતા હતા ત્યારે પાસે બેઠેલા લોકોને અર્કકીર્તિએ પૂછયું કે આ કોણ છે ? વળી જ્યારે છેક પાસે આવ્યા ત્યારે ખબર પડીકે તેઓ મારા ભાઈ છે. પિતાજીના ચાલ્યા જવાથી રાજવૈભવ પણ તેમની સાથે તેઓએ રવાના કર્યો હોય એમ લાગતું હતું. પિતાજી જ્યારે રાજમાં હતા ત્યારે જો આ કુમારો કદાચ આવ્યા હોત તો બહુ વૈભવ અને શૃંગારપૂર્વક આવત. એમના શૃંગારને જોવાનું ભાગ્ય પિતાજીને હોત. પરંતુ મારું ભાગ્યતો દારિદ્રથી ભરેલા ભાઈઓ જોવાનું રહ્યું છે હાય ! કેવા દુઃખની વાત છે !

નજીક આવીને ભાઈના ચરણોમાં ત્રણેએ મસ્તક નમાવ્યા અને ત્રણે કુમાર મળીને દુઃખથી રોવા લાગ્યા. ભાઈ ! પિતાજીને ક્યાં મોકલ્યા ? અમને જો અગાઉથી કહ્યું હોત તો શું બગડી જાત ? અમે તમારો એવો શો અપરાધ કર્યો છે. આ રીતે પગે પડીને રોવા લાગ્યા.

અર્કકીર્તિની આંખોમા પણ આંસુ ભરાઈ આવ્યા. ત્રણે કુમારોને ઉઠાડીને કહેવા લાગ્યા કે ભાઈ મારી ભૂલ થઈ, ક્ષમા કરો. ત્રણે કુમારોએ આદિરાજને નમસ્કાર કર્યા. દુઃખદ સ્થિતિમાં આલિંગન કરીને ત્રણેને બેસવા કહ્યું અને તે ત્રણે પાસેના જ આસનપર બેસી ગયા. અર્કકીર્તિરાજે કહ્યું કે ભાઈ મહાબલ ! પિતાજીના મોક્ષ જવામાં કોઈવાર ન લાગી, નહિંતર હું તમોને શું ખબર ન આપું એમ કેમ જ બને ! ભાઈ ! આયુષ્ય એકદમ ખલાસ થયું તેથી પિતાજીએ આ ભૂભારને જબરજસ્તીથી મારા ઉપર નાખીને વાયુ વેગે કર્મોને બાળ્યાં અને કૈવલ્યધામમાં પધાર્યા.

ઉત્તરમાં બુદ્ધિમાન મહાબલરાજાએ કહ્યું કે મોટાભાઈ આપનો એમાં શો દોષ છે ? અમને કાંઈ દુઃખ થયું તેથી એમ બોલાયું. અમે પુણ્યહીન છીએ તેથી અમને પિતાજીના અંતિમ દર્શન ન થયા.

મોટાભાઈ પિતાજી ગયા તો શું થયું ? હવે તો અમારે માટે પિતાજીના સ્થાને આપ જ છો તેથી અમારે આપને એક નિવેદન કરવાનું છે, એમ કહેતા થકા ત્રણે કુમારો એકદમ ઊઠયા અને મહાબલ રાજાએ મોટાભાઈને હાથ જોડીને કહ્યું કે મોટાભાઈ ! કૃપા કરીને અમારી પ્રાર્થના સ્વીકારવી જોઈએ. પિતાજી જ્યારે ગયા ત્યારે અમારા મનનું સુખ પણ તેમની સાથે જતાં મનમાં મહાન વ્યથા થઈ રહી છે. શરીર અમને ભારરૂપ લાગે છે. હવે તો આજીવન અમને સ્વપ્ન જેવું લાગે છે.

હિમવાન પર્વત અને સાગરના અંત સુધીની પૃથ્વીને પાલન કરનાર પિતાજીનો અખંડષટ્ખંડ વૈભવ જ્યારે અદૃશ્ય થયો તો પછી જીવન ઉપાયને માટે આપેલી અમારી થોડી સંપત્તિને સ્થિર કેમ માની શકાય ? મોટાભાઈ ! પિતાજીએ અવધિજ્ઞાનના બળથી પોતાના આયુષ્યના અંતને ઓળખી લીધો અને મોક્ષ ઉપાયવડે મુક્તિ પામ્યા. અમને તો અમારા આયુષ્યને જાણવાનું સામર્થ્ય જ ક્યાં છે ?

મોટાભાઈ ! શરીર નાશવાન છે, આત્મા અવિનશ્વર છે. આ વાત વારંવાર પિતાજી અમને કહેતા હતા. આવી હાલતમાં નાશવાન શરીરનો જ વિશ્વાસ કરીને પોતાનું જીવન વેડફી નાખવું તે

શું બુદ્ધિમાનોનું કર્તવ્ય છે ! આપ જ કહોને ? આથી જ અમે દીક્ષાવનમાં જઈએ છીએ, અમને સંતોષપૂર્વક રજા આપો. આમ કહેતા થકા ત્રણે કુમારો અર્કકીર્તિનાં ચરણોમાં સાંષ્ટાંગ નમસ્કાર કરવા લાગ્યા. રાજા અર્કકીર્તિના હૃદયમાં ભારે આઘાત પહોંચ્યો. તેમણે ભાઈઓને કહ્યું. હે ભાઈ ઊઠો. આપણે વિચાર કરીશું ત્યારે ત્રણે કુમારે કહ્યું કે અમે એમ નહિ ઊઠીએ અમારી પ્રાર્થનાનો સ્વીકાર કરો તો ઊઠીશું, નહિતર નહિ ઊઠીએ.

ફરી અર્કકીર્તિએ કહ્યું કે ભાઈ એમાં વાદ કરવાની શી જરૂર છે. આદિરાજ તમે અને અમે મળીને યોગ્ય વિચાર કરીશું. ઊઠો ! ત્યારે તે કુમારો ઊઠીને ઊભા થયા. ફરીથી અર્કકીર્તિએ કહ્યું કે તમોએ જે વિચાર કર્યો છે તે ઉત્તમ છે. તેમ કરવામાં કોઈ જાતનો વાંધો નથી. પિતાજીના ચાલ્યા જવાથી રાજ્યવૈભવ ભોગવવો યોગ્ય નથી. દીક્ષા લેવી એ જ ઉચિત છે તો પણ એક વાત સાંભળો- પિતાજીના વિયોગથી બધી પ્રજા ફરીવાર દુઃખ સાગરમાં મગ્ન છે તેથી ઓછામાં ઓછા એક વરસ આપણે રહીને બધાનું દુઃખ શાન્ત કરી એ પછી તમે અને અમે બધા મળીને દીક્ષા લઈને તપશ્ચર્યા કરીએ. આવી મારી ઈચ્છા છે, ત્યાંસુધી થોભવું જોઈએ સાથે સાથે અર્કકીર્તિએ આદિરાજના તરફ સંકેત કરતાં કહ્યું કે મોટાભાઈ, બરાબર કહે છે કેવલ એક જ વરસની વાર છે વધારે નહિ. તેથી તમારે માનવું જોઈએ.

મોટાભાઈનાં વચન સાંભળીને મહાબલ રાજાએ કહ્યું કે મોટાભાઈ ! મનુષ્યને ક્ષણમાં એક પરિણામ ઉત્પન્ન થાય છે અને બીજી ક્ષણમાં બીજો વિચાર થાય છે. ચિત્ત ચંચલ છે. જીવને જો આજે વિરક્તિ જાગૃત થઈ અને જો તે વિલીન થઈ જાય તો ફરી લાવતાં પણ તે આવી શકતી નથી બધાને સંતોષ આપીને તમે યોગ્ય સમયે દીક્ષા માટે આવો. પણ અમારું નિવેદન સ્વીકારીને આજે જ અમને મોકલવા જોઈએ. આમ કહેતાં કહેતાં ફરીને ચરણોમાં મસ્તક નમાવ્યું આપને પિતાજીના સોગન છે આપ બન્નેના ચરણોના સોગન છે અમે તો અહીં નહિ રહીએ, અમને સંતોષપૂર્વક મોકલો.

અર્કકીર્તિ રાજાએ તરત સંમતિ આપી. ભાઈ તમો આગળ થાઓ. અમે પાછળ આવશું. ત્રણે ભાઈઓને આ વચન સાંભળી હર્ષ થયો. અને કહેવા લાગ્યા કે મોટાભાઈ અમે જઈએ છીએ. પોદનાપુરમાં અમારા કુમારો છે તેમનું તમારા પુત્રો સમાન રક્ષણ કરજો. હવે તેમના મનમાં કોઈ પણ જાતનો સંકલ્પ વિકલ્પ નથી રહ્યો.

અર્કકીર્તિએ કહ્યું કે આજે અમારા સાથે બેસીને ભોજન કરો, અને કાલે જજો, તેના ઉત્તરમાં મહાબલ રાજાએ કહ્યું કે ભાઈ, પિતાજીના મહેલને જોઈને શોકનો વધારો થાય છે. તેથી અમે અહીં ભોજન માટે નહિ રોકાઈએ. એમ કહી બન્ને ભાઈઓના ચરણોમાં મસ્તકો નમાવીને નમસ્કાર કરી તેઓ ત્રણે ત્યાંથી ચાલી નીકળ્યા. અર્કકીર્તિ અને આદિરાજના નેત્રોમાં અશ્રુધારાઓ ચાલી નીકળી છે પરંતુ તે ત્રણે સહોદર રમતા હતા આનંદથી પ્રફુલ્લિત થતા જઈ રહ્યા છે. સંસાર વિચિત્ર છે.

તેમના ચાલ્યા જવાથી ભરતેશ્વરના બાકીના સહોદરના પુત્રો ત્યાં શણગાર રહિત બનીને આવ્યા અને તેમની પેઠે શોકથી આકુળ વ્યાકુળ બન્યા. ઋષભસેનના પુત્ર અનંતસેનેન્દ્રથી માંડીને બધા ભાઈઓ ત્યાં આવ્યા અને પોતાના દુઃખને જાહેર કરવા લાગ્યા. કે તેમને તેમના પિતાઓએ

માત્ર જન્મ આપ્યો છે પરંતુ તેઓ બાલ્યકાળમાં જ તેમને મૂકીને ચાલ્યા ગયા છે. પાછળથી ભરતેશ્વરે જ તેમનું પ્રેમપૂર્વક પાલન કર્યું હતું તેથી તેમને દુઃખ કેમ ન થાય ?

ભરતેશ્વરે પોતાના પુત્રો અને આની વચ્ચે કોઈ ભેદ જ રાખ્યો ન હતો અને પુત્રોની સમાન જ એમનું પણ પોષણ કર્યું હતું તો તેમને પિતાજીના મોક્ષ જવાથી શોક કેમ ન થાય ? તેઓ દુઃખપૂર્વક સ્ત્રીઓની સમાન વિલાપ કરવા લાગ્યા, કે અમોને પિતાજીનાં દર્શન ન થયાં. તેમના દર્શન થયાં હોત તો તેના આગળ દીક્ષા લીધા વિના ન રહેત. તેઓ તો અમને માર્ગમાં અધવચ્ચે મૂકીને ચાલ્યા ગયા.

પૂર્વે અમોએ કોના વ્રતાચરણનો તિરસ્કાર કર્યો હશે ! ક્યા સુખી માણસોની નિંદા કરી હશે ? કે જેથી અમને આવા ધીર યોગીના હાથથી દીક્ષા લેવાનું ભાગ્ય ન મળ્યું.

સંતોષકારક જ્ઞાન પ્રાપ્ત કરીને પિતાજીના હાથથી મનવાંચ્છિત દીક્ષા લેવાને માટે અમે લોકોએ શું વૃષભરાજ, હંસરાજ આદિ પુત્રોનું અતુલ ભાગ્ય મેળવ્યું છે ? ના. અસ્તુ હવે કમભાગી અમે લોકો જો એ આશા કરીએ તો તે ગુરુ અમને કેમ કરી પ્રાપ્ત થાય ? અમારે હવે ભોગની જરૂરિયાત નથી. દીક્ષાને માટે અમે હવે જઈશું. એ પ્રકારે ઉદ્ગારો કાઢીને તેમણે મોટા ભાઈને પ્રાર્થના કરી.

અર્કકીર્તિએ થોડા દિવસ જાળવવા કહ્યું, પરંતુ તેઓએ તે કબૂલ ન રાખ્યું. ત્યારે અર્કકીર્તિએ કહ્યું કે ભલે ! જાઓ અમને પણ હવે વિશેષ આશા રહી નથી. અમે પણ તમારી પાછળ આવશું. જતી વખતે તે ભાઈઓએ પોતાના પુત્રોને પાળી પોષી યોગ્ય કરવા કહ્યું. અને બધા અલગ અલગ દિશાએ દીક્ષા માટે ચાલ્યા ગયા. જાણે પક્ષીઓ જુદી જુદી દિશાઓમાં ઊડી જતાં હોય નહિ !

આ ભાઈઓના ચાલ્યા ગયા પછી અર્કકીર્તિની બહેનો સાથે અર્કકીર્તિનાં બત્રીશ હજાર સાળાઓ આ દુઃખના વખતે સાન્તવના આપવા માટે આવ્યા. કનકરાજ, કાંતિરાજ આદિ સાળાઓ શણગાર રહિત થઈને અર્કકીર્તિની પાસે આવ્યા. બીજી બાજુ બહેનો અંદર મહેલમાં ચાલી ગઈ. અર્કકીર્તિ તેઓને જોઈને ઊભા થયા તે વખતે તે સાળાઓએ પણ દુઃખની સાથે અશ્રુપાત કરતાં કરતાં મળ્યા. અને પછી બધા બેસી ગયા. અર્કકીર્તિ આદિરાજ તરફ જોઈને તેને સાન્ત્વન દેતાં કહેવા લાગ્યાં કે મામાની વૃત્તિ આશ્ચર્યકારક છે કેટલી જલદી દીક્ષા લીધી. કર્મને કેટલું જલદી બાળી નાખ્યું અને મોક્ષ કેવા જલદીથી ચાલ્યા ગયા. એમના સમાન અતુલ મહીમાને ધારણ કરવાવાળું બીજું કોણ છે ? ધન્ય છે ?

ષટ્ખંડને જીતતાં મામાને થોડો સમય લાગ્યો. પરંતુ મોક્ષને પ્રાપ્ત કરવા માટે તો પોણી ચાર ઘડી જ લાગી. આશ્ચર્ય છે !

તે દિવસે લીલાની સાથે જ રાજ્યને જીતી લીધું તો આજે લીલાની સાથે મુક્તિ સામ્રાજ્ય અધિપતિ બન્યા. મામા તો ખરેખરા કાળકર્મનાં પણ સ્વામી છે. સર્વલોકો જયજયકાર કરે એ પ્રકારની અતુલ કીર્તિને પામીને મુક્તિ પહોંચી ગયા. આ કાર્યથી બધાને સંતોષ થવો જોઈએ. આપ સર્વ શા માટે વ્યર્થ દુઃખ માનો છો. સંસારમાં સ્થિર થઈને કોણ રહ્યું છે ? મામા જ્યાં રહે છે તેજ સ્થિર સ્થાન છે. થોડો વખત વિશ્રાંતિ લઈ આપણે બધા મુક્તિને માટે પ્રયાણ કરશું. મામા ગયા તો શું થયું ? આપણને આત્મ સંવેદન જ્ઞાન આપીને ચાલ્યા ગયા છે. એટલાં માટે તેમના માર્ગનું

અનુકરણ કરીને આપણે પણ જઈશું. વ્યર્થ દુઃખ શા માટે માનવું જોઈએ.

એ પ્રકારે અર્કકીર્તિ અને આદિરાજને સાળાઓએ સાંત્વના આપી. અર્કકીર્તિએ ઉત્તર દેતાં કહ્યું કે અમે દુઃખ માનતા નથી. થોડું એક દુઃખ હતું તે આપ સર્વેએ આવીને સાંત્વન આપવાથી ચાલ્યું ગયું. આપ ઘણે દૂરથી આવેલા હોવાથી થાકયા હશો એટલું મને દુઃખ થાય છે. આપ સહુ પોતાના મામાના મહેલમાં વૈભવથી આવતા હતા અને વૈભવથી જતા હતા. પરંતુ આજ આપ ક્ષોભ સાથે આવી કષ્ટ પામી રહ્યા છો. મારું ભાગ્ય આવું જ છે.

જવાબમાં સાળાઓએ કહ્યું કે આપ બેઉ હાજર છો જેથી અમને તો મામાના સમાન આનંદ રહેશે. એટલા માટે આપ કોઈ અમારા માટે ચિન્તા કરો નહિ. આ પ્રમાણે કહીને બત્રીશ હજાર સાળાઓનું દુઃખ ઓછું કરવા લાગ્યા. આદિરાજને ત્યાં તેમની પાસે મૂકીને અર્કકીર્તિ પાસે પોતાની બહેનોને મળવા માટે મહેલની અંદર ચાલ્યા ગયા. ત્યાં શોક સાગર ઊલટી રહ્યો હતો. કનકાવલી, રત્નાવલી આદિ બહેનોએ અશ્રુપાત કરતાં કરતાં અર્કકીર્તિનાં ચરણોમાં પડી અને પૂછવા લાગી કે ભાઈ ! પિતાજી ક્યાં છે ? આ મહેલ આ પ્રકારે તે વગરનો કેમ થઈ રહ્યો છે ? ભાઈ તમારા જેવા મનુમાર્ગિઓની હાજરી છતાં આવું કેમ બન્યું ? આમ થવું શું ઉચિત છે ?

જતી વેળાએ તમારા માટે તેઓએ શું કહ્યું હતું ? અને તેઓ કેમ ચાલ્યા ગયા ? અમારું હતભાગ્ય છે ! અર્કકીર્તિનું હૃદય પણ આ વખતે શોકાતુર થયું. તથાપિ ધીરજ ધારણ કરીને બહેનોને ઉઠાડી ધીરજ સાથે તેમને શાંતિ આપવાનો અનેક રીતે પ્રયત્ન કર્યો.

બહેનો ! હવે દિલગીરી કરવાથી શું વળવાનું છે ? જે મુક્તિએ ગયા છે તેઓ પાછા ફરીને આપણી સાથે પહેલાંની માફક હવે શું પ્રેમ કરવાનાં છે ? માટે શોકાતુર થઈ વ્યર્થ દુઃખ પામવા કાંઈ પ્રયોજન નથી.

તેઓએ કલ્યાણ-શાશ્વત સુખ માટે પ્રયત્નો કર્યા છે. સંસાર સુખ માટે નહિ. એવી સ્થિતિમાં આપણે આનંદ માનવો જોઈએ. અવિવેકથી દુઃખી થવાનું કોઈ કારણ નથી.

બહેનો ! સંપત્તિને છોડીને. રાજ્ય કરવા યોગ્ય દેહને છોડીને તેઓ મોક્ષ સામ્રાજ્યમાં આનંદ મગ્ન છે. તો પછી આપણે દુઃખ શા માટે માનવું જોઈએ.

બુદ્ધિમતી બહેનો ! નાશ પામવા યોગ્ય રાજ્યનું પિતાએ પાલન કર્યું તો તે દિવસે તમે બહુ જ પ્રસન્ન રહેતી હતી હવે અવિનશ્વર મુક્તિ સામ્રાજ્યને પિતા સંભાળે છે તો કેમ સંતોષ માનતી નથી ? દુઃખ કેમ પામો છો ?

આપણા પિતાની શક્તિને તો જુઓ ! તપશ્ચર્યામાં પણ શક્તિની ન્યૂનતા નથી. અર્ધ ઘડીમાં કર્મોનો નાશ કરી મુક્તિ ચાલ્યા ગયા. ત્રણ લોકમાં તેની સર્વત્ર પ્રશંસા થઈ છે.

આપણા પિતાજી સુખથી રહીને સુખથી મુક્તિ ગયા છે. આપણા બધા ભાઈઓ મુક્તિ જશે. એટલા માટે આપણે દુઃખ માનવાની જરૂર નથી. માટે સહન કરો અને આપણે પણ કાલે જઈને તેમને મળી શકીશું.

બહેનો શોક કરવાથી શરીર કૃશ થાય છે. આયુષ્ય ક્ષીણ થઈ જાય છે. તમને બધાને મારા સોગન છે કે દુઃખ માનશો નહિ. કલ્યાણમય વિચાર કરો. મંગલ કાર્ય કરો. આ પ્રમાણે સમજાવીને બહેનોનું દુઃખ દૂર કર્યું. ઉત્તરમાં બહેનોએ પણ કહ્યું કે ભાઈ ! પહેલાં કાંઈ થોડું દુઃખ જરૂર હતું હવે તમારાં વચનો સાંભળીને તમારા સોગન ખાઈને કહીએ છીએ કે તે દુઃખ હવે દૂર થઈ ગયું છે. આદિરાજ અને તમે હવે સુખથી જીવો એમ અમે ઈચ્છીએ છીએ. આ પ્રમાણે બધી બહેનોએ કહીને ભાઈને પ્રણામ કર્યા.

ત્યારપછી સર્વ બહેનોને સ્નાન દેવાર્ચનાદિ કરાવવા માટે પોતાની સ્ત્રીઓને કહીને અર્કકીર્તિ પોતાની સભામાં આવ્યા. ત્યાં પોતાના બત્રીશ હજાર સાળાઓને મીઠાં વચનોથી સંતુષ્ટકરીને નોકરો સાથે સ્નાનગૃહમાં સ્નાન કરવા માટે મોકલ્યા, આદિરાજે તથા પોતે પણ સ્નાન દેવપૂજાદિ વિધિ કરી પછી બધા સાળાઓની સાથે બેસીને ભોજન કર્યું. આ પ્રકારે પિતૃવિયોગના દુઃખને બધાએ વિસારે પાડયું.

ત્યારપછી તે સાળાઓને અર્કકીર્તિએ કહ્યું કે અમારાં માતા પિતાઓએ આજે અમને છોડીને દીક્ષાવન તરફ પ્રયાણ કર્યું. તેથી હવે મહેલ સૂના જેવો ભાસે છે. તેથી થોડા દિવસ આપ લોકો અહીં રહો અને અમને આનંદ આપો. તે લોકો તેમની પરિસ્થિતિ જાણીને થોડા દિવસ ત્યાં નિવાસ કર્યો. ગુણી એવા અર્કકીર્તિએ પણ તેમને તથા તેની બહેનોને વખતો વખત અનેક ઉત્તમ ભોગવાળી વસ્તુઓ આપીને તેમનું સન્માન કર્યું અને આનંદથી પોતાનો સમય વીતાવ્યો.

એક દિવસ ભાનુરાજ, વિમલરાજ અને કમલરાજ પોતાના પુત્ર કલત્ર અને પરિવાર સાથે ત્યાં આવ્યા. તેઓ અર્કકીર્તિ, આદિરાજના મામા થતા હતા. તેથી અર્કકીર્તિ આદિરાજે સામે જઈને તેમનું સ્વાગત કર્યું.

વિશેષ શું કહીએ ? તેમનો પણ યથાવત્ સ્વાગત સત્કાર કર્યો. અને સ્ત્રીઓનો પણ સ્ત્રીઓ દ્વારા સત્કાર કરાવ્યો. આ રીતે થોડો સમય તેઓ આનંદથી રહ્યા.

એ પ્રકારે અર્કકીર્તિને મળવા આવનાર બાકીના સાડા ત્રણકરોડ બંધુ વર્ગનો પણ તેમણે પોતાના પિતાની પેઠે જ આદર, આતિથ્ય અને સત્કાર બધાનો કરાવ્યો.

સર્વને સરખા આદર સત્કારથી સંતુષ્ટ કરીને તથા પોતાની બહેનો અને સાળાઓને પણ સત્કાર કરીને રાજેન્દ્ર અર્કકીર્તિએ થોડા વખત પછી બધાની ઈચ્છાથી વિદાય આપી. ભરતજીનાં મુક્તિ જવા પછી લોકોમાં એકવાર દુઃખમય વાતાવરણ છવાઈ ગયું. પરંતુ ભરતેશ્વરનાં વિવેકી પુત્ર અર્કકીર્તિએ પોતાના વિવેકથી તેને વિખેરી નાખ્યું. સમ્રાટ ભરત એવા સમયમાં હંમેશાં તે ગુરુ હંસનાથના શરણમાં પહોંચતા હતા. ત્યાં હંમેશાં સુખ જ સુખનો તેમને અનુભવ થતો હતો. તેમની હંમેશાં એ ભાવના રહેતી હતી કે–

''હે પરમાત્મન્ ! દુઃખ મમકાર અને વિસ્મૃતિ બધા જુદા જુદા ભાવે છે. આવા વિવેકને જાગૃત કરીને મારા હૃદયમાં સદા બની રહો.

હે સિદ્ધાત્મન્ ! ચંદ્રને જીતવાની ઉજ્જવલ કીર્તિથી ચંદ્ર અને સૂર્યના સમાન વિશિષ્ટ તેજને ધારણ કરવાવાળા ચંદાર્કકીર્તિવિજય ! હે મોક્ષેન્દ્ર નિરંજન સિદ્ધ ! મારો ઉદ્ધાર કરો.''

## ૨. સર્વમોક્ષ સંધિ

હંમેશાં આવતા પોતાના બંધુઓને યોગ્ય સત્કાર કરીને રાજેન્દ્ર અર્કકીર્તિ તેમને વિદાય આપતા હતા. એક દિવસ રાજસભામાં સિંહાસન ઉપર બેઠા હતા. તે વખતે એક નવીન સમાચાર આવ્યા-

વિમલરાજ, ભાનુરાજ અને કમલરાજે પોતાના પુત્ર કલત્રની સાથે દીક્ષા લીધી છે, એવા સમાચાર મળ્યા. પોતાના ભાણેજોને સાન્ત્વન આપવા માટે જ્યારે તેઓ અયોધ્યામાં આવ્યા હતા તે જ વખતે મહેલમાં ચક્રવર્તીની સંપત્તિને જોઈને તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. એ જ પ્રકારે અર્કકીર્તિના બંધુઓમાંના ઘણાક લોકોએ દીક્ષા લીધાના સમાચાર તે જ વખતે મળ્યા. અર્કકીર્તિ અને આદિરાજના હૃદયમાં પણ વૈરાગ્ય જાગૃત થયો. ભાઈના મોં સામું જોઈને અર્કકીર્તિ હસ્યા અને આદિરાજ પણ તેમનાં મુખને જોઈને હસ્યા. જાણે કહેવા લાગ્યા કે આપણાં બધા ભાઈઓ આપણી પહેલા ચાલ્યા ગયા. હવે આપણે વિલંબ શા માટે કરવો જોઈએ ? અમને ધિક્કાર છે!

અર્કકીર્તિએ ભાઈને કહ્યું કે તમે બરાબર કહો છો, તમે કાંઈ સામાન્ય નથી કૈલાસ નાથના જ વંશના છો. હું પણ આજ સુધી ફસાઈ જ રહ્યો છું હવે હું પણ જુઓ ! નીકળી જાઉં છું.

પિતાજીની નવ નિધિ, ચૌદ રત્ન અને અપરિમિત સંપત્તિ જ્યારે એકદમ અદૃશ્ય થઈ તો આ સામાન્ય રાજપદ પર વિશ્વાસ રાખવો એ અધમપણું છે. મારા પ્રભુની હૈયાતિમાં યુવરાજ પદમાં જે ગૌરવ હતું તે મને આજે રાજપદમાં પણ નથી ભાસતું. એટલા માટે મારા આ ગૌરવહિન અધિરાજ પદને બાળી દો. એને ધિક્કાર છે !

પહેલાં ષટ્ખંડના સમસ્ત રાજાઓ આમ જ અમારી સેવા કરતા અને હવે તો ફક્ત અયોધ્યાની આસપાસના રાજાઓ જ મારે તાબે છે. શું એને મહત્ત્વનું ઐશ્વર્ય કહેવાય કે ? ધિક્કાર છે !

જે પિતાએ મને જન્મ દીધો છે, તેની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું જોઈએ. આટલા જ માટે મેં ભૂભારને ધારણ કર્યા છે. આ રાજ્યપદ ઉત્તમ છે, એમાં સુખ છે. એવી ભાવનાથી મેં રાજ્યપદ ધારણ નથી કર્યું. હવે તેને કોઈને દાન કરી દઉં. ઘાસની મોટી ગંજી જેટલું સોનું ઢગલે ઢગલા મોજૂદ છે. ઘાસના મોટા ડુંગરો સમાન ઘરેણાનો સમૂહ છે પરંતુ તે સર્વને અર્કકીર્તિ આજે તૃણ સમાન ગણી રહ્યા છે.

સોપારીના પર્વતની સમાન આભરણોનો સમૂહ છે. સમુદ્ર કાંઠાની રેતી સમાન ધાન્યના કોઠારો ભર્યા છે; પરંતુ તે સર્વની કિંમત અત્યારે અર્કકીર્તિના હૃદયમાં એક સૂકી સોપારીના અર્ધ ભાગની બરાબર પણ નથી.

સુવર્ણનિર્મિત મહેલ, રત્નનિર્મિત ગોપુર, નાટકશાલાદિ તો અત્યારે તેને સ્મશાન ભૂમિ અને કારાવાસ જેવાં લાગે છે.

સૌન્દર્યયુક્ત અનેક સ્ત્રીઓ તો હવે તેને કુરૂપી સ્ત્રી વેષ ધારણ કરવાવાળા પાત્રોની સમાન દેખાય છે. રાજ્યપદ તો હવે તેને એક બંદીખાનાના પહેરા સમાન દેખાવા લાગ્યું છે.

ભરતેશ્વરના વખતે સર્વ કોઈ મહા ભાગ્યશાળી જેવા હતા; પરંતુ તેના મુક્તિ જવા પછી વિક્રિયાની પેઠે સર્વ વૈભવ અદૃશ્ય થયો હતો. હાથી, ઘોડા, રથ આદિ સર્વ તે વખતે તેને ઈંદ્રજાલની પેઠે ભાસવા લાગ્યા-વૈરાગ્યનો તીવ્ર ઉદય થયો.

અર્કકીર્તિનાં પુત્રો મોટી વયના હતા તેમને રાજપ્રદાન કરવાનો વિચાર કર્યો તો તેઓએ ચોકખી ના પાડીને પ્રતિજ્ઞા કરીકે અમે તો આ રાજ્યમાં નહિ રહીએ. આદિરાજના પ્રૌઢ પુત્રોને પટ્ટ બાંધવાનો વિચાર કર્યો તો તેઓએ પણ માન્ય ન રાખતાં બધા દીક્ષા લેવા તૈયાર થયા. જ્યારે પ્રૌઢ પુત્રોએ રાજ્યપદનો સ્વીકાર ન કર્યો ત્યારે છ વર્ષના બે બાળકોને અર્ધિરાજ અને યુવરાજપદમાં સ્થાપ્યા. મનુરાજ નામના પોતાના કુમારને અધિરાજનો પટ્ટ અને ભોગરાજ નામના આદિરાજના પુત્રને યુવરાજપટ્ટ બાંધીને તેમના પાલન પોષણ માટે અન્ય આપ્તજનોને નીમ્યા.

આ બન્ને કુમારોના મામા શુભરાજ, મતિરાજ નામના સરદારોને બહુ વિનયથી સમજાવીને તેમના હાથમાં બન્ને પુત્રોને સોંપ્યા-બાકીના બધા બાંધવો અને મિત્રો દીક્ષાને માટે તૈયાર થયા. પરંતુ સન્મતિ નામના મંત્રીને આગ્રહથી રોક્યા કે તમે આ પુત્રો મોટા થાય ત્યાં સુધી અહીં જ રહો, પછી દીક્ષા લેજો. સાથો સાથ તેનો યથેષ્ટ સત્કાર પણ કરવામાં આવ્યો. દેશ, મહેલ, હાથી ઘોડા, પ્રજા પરિવાર, ખજાના, નિધિ વગેરે જે કાંઈ પણ છે તેને આપ સંભાળતા રહેજો અને સુખથી રહેજો. એ રીતે નિરાશાથી તેઓએ તેને કહ્યું.

આદિરાજને તપોવનમાં ચાલવાનું કહ્યા પહેલાં જ તે ઊભા થયા અને બન્ને દીક્ષા માટે નીકળ્યા. સેવકોએ ચામર ઢાળતાં ઢાળતાં બે સુંદર વિમાનો લાવીને સામે રાખી દીધા તો એક વિમાન ઉપર અર્કકીર્તિ બેઠા અને બીજા વિમાન ઉપર આદિરાજને બેસવા કહ્યું. આદિરાજે તેનો નિષેધ કર્યો કે હું સાદાઈથી આવીશ. ત્યાં જ તેણે કહ્યું કે તે રાજનીતિ છોડવા નથી ઈચ્છતા. ચામર, વિમાન વગેરે તો પટ્ટાભિષેક થયેલા રાજાને માટે છે યુવરાજને માટે શી જરૂર છે. અવિવેકી આચરણ કોણ કરે ? તેથી હું નથી ઈચ્છતો.

અર્કકીર્તિએ આગ્રહ કર્યો કે ભાઈ, હવે તો આપણે મોક્ષપથિક છીએ. તેથી મોક્ષયાન સમજીને બેસવામાં વાંધો નથી. તોપણ તેઓ તૈયાર ન થયા અને કહેવા લાગ્યા કે દીક્ષા લેતા સુધી રાજ્યાંગના સંરક્ષણની આવશ્યકતા છે.

મોટાભાઈ તે વિમાનમાં ચામરયુક્ત ચાલવા લાગ્યા એટલે આદિરાજે પણ એક પાલખી પર બેસીને ચાલવા પ્રયાણ કર્યું. મહેલમાં તે નાનાં બાળકોને પાળનારી બે દાસીઓ રહી હતી. બાકી બધી સ્ત્રીઓ પોત પોતાને યોગ્ય સુવર્ણ પાલખીપર બેસીને તેમની પાછળ ચાલી નીકળી. આખો દેશ જ નિર્વેગરસમાં મગ્ન બન્યો છે. તેથી ત્યાં રોનારાં અને છાનાં રાખનારાં કોઈ જ નથી. તેથી વિશેષવાર ન થતાં રાજેન્દ્ર અર્કકીર્તિ આગળ વધ્યા. નગરની બહાર પહોંચીને ભરતેશ્વરે જે જંગલમાં દીક્ષા લીધી હતી. તે જંગલમાં દાખલ થયા ત્યાં એક ચંદન વૃક્ષની સમીપ પોતાના વિમાનમાંથી ઊતર્યા. બધા લોકો જયજયકાર કરી રહ્યા હતા. પાલખીમાંથી ઊતરેલા આદિરાજને બોલાવી પોતાની પાસે ઊભા રાખ્યા, બાકીના બધા જરા ફરી ખસીને ઊભા રહ્યા અને સ્ત્રીઓ પણ થોડેક દૂર અલગ ઊભી રહી.

ગુરુહંસનાથને જ પોતાના ગુરુ સમજીને બીજાની અપેક્ષા ન રાખતાં પોતાની મેળે જ દીક્ષિત થવા તૈયાર થયા તેઓ તો ભરતેશ્વરના જ પુત્ર છે.

પિતાજીની દીક્ષા વખતે જેવી રીતે પડદો ધરવામાં આવ્યો હતો તેવી જ રીતે આમાં પણ પડદો રાખવામાં આવ્યો. પિતાએ જે દીક્ષા લીધી તેવી જ તમોએ પણ લીધી એટલું કહેવું બસ થશે-ભરતેશની પેઠે જ દીક્ષા લીધી પરંતુ ભરતેશની સમાન અંતર્મુહૂર્તમાં કર્મનો નાશ તેઓ જ કરી શક્યાં. જરા વખત વધારે લાગ્યો.

નિર્મળ શીલાપટ પર બન્ને ભાઈ કમલાસનમાં બેસી ગયા. અને સમરુજા દેહથી વિરાજમાન થઈને આંખો મીંચી અને ચંચલ મનને સ્થિર કર્યું. આંખ મીંચવા માત્રથી જ ભાઈ ભાઈનો સંબંધ ભૂલી ગયા. હવે અહીં કોઈ ભ્રાતૃમોહ નથી. મનની સ્થિરતા આત્મામાં થતાં જ તેમને શરીર ભિન્ન છે, એવું અનુભવમાં આવવા લાગ્યું. પર પદાર્થનો મોહ તો પ્રથમથી જ નષ્ટ થયો હતો. સહોદર સ્નેહ પણ હવે દૂર થઈ ગયો તેથી હવે તે યોગીઓને પરમાત્મકલાથી વૃદ્ધિપૂર્વક કર્મની નિર્જરા થઈ રહી છે. લોકમાં સ્નેહ (તેલ)નો સ્પર્શ થવાથી અગ્નિ અધિક પ્રજવલિત થાય છે પરંતુ ધ્યાનાગ્નિ તો સ્નેહ (મોહ)ના સંસર્ગથી બુજાય જાય છે. સ્નેહ જેટલો દૂર થઈ જાય તેટલું જ આ ધ્યાન વધે છે ખરેખર એમાં વિચિત્રતા જ છે.

બહારના લોકો સમજતા હતા કે આ મોટાભાઈ છે. મોટા તપસ્વી છે. આ નાનાભાઈ છે, નાના તપસ્વી છે. પરંતુ અંદરમાં કોઈ નાનું કે કોઈ મોટું નહોતું. બન્નેના હૃદયમાં ચિદાનંદમય પ્રકાશ બરાબર જ વધી રહ્યો જ છે લોકમાં વય, શરીર, વેશાદિ દ્વારા મનુષ્યોમાં ભેદ જોવામાં આવે છે. પરંતુ પારમાર્થિક દષ્ટિએ આત્માને જોતા ત્યાં કોઈ પણ ભેદ નથી.

હાય ! તેમના ધ્યાન નિષ્ઠુરતાનું શું વર્ણન કરવું. કપાસના ઢગલાપર પડેલી ચીણગારીની સમાન કર્મરાશિને તે ધ્યાનાગ્નિ લાગી ગઈ-વર્ણન કરતાં વિલંબ શું કરીએ. તે બન્ને તપોધનોએ પોતાના વિશુદ્ધ ધ્યાનબળદ્વારા ઘાતિયા કર્મનો એકસાથે નાશ કર્યો. આશ્ચર્ય છે, અઢી ઘડીમાં કર્મોનો નાશ કરવાનું મહત્ત્વ પિતાજીની પાસે રહેવા દો. કદાચ તેમને માટે થોડો વધારે સમય એટલે સાડીપાંચ ઘડીમાં તેઓએ ઘાતિયા કર્મોનો નાશ કર્યો.

પિતાએ દીક્ષા લેતાં જ શ્રેણી આરોહણ કર્યું. પરંતુ પુત્રોએ દીક્ષા લઈને ચાર ઘડી સુધી આત્મારામમાં વિશ્રાંતિ લીધા પછી શ્રેણીઆરોહણ કર્યું. શ્રેણીમાં તો અંતર મુહૂર્ત જ લાગ્યું.

તેઓએ કર્મોનો જે ક્રમે નાશ કર્યો તે ક્રમે ભુજબલિ યોગીના શ્રેણીઆરોહણના વખતે કહ્યો છે તેવો જ સમજી લેવો કર્મોનો નાશ થયા પછી ભરતે બાહુબલિની સમાન ગુણો પ્રાપ્ત કર્યા.

કર્કશ કર્મો દૂર થયા પછી અર્કકીર્તિ અને આદિરાજે કોટિચંદ્રાર્કના પ્રકાશને પામીને આ ભૂતલથી ૫૦૦૦ ધનુષ્ય પ્રમાણ આકાશના પ્રદેશમાં જઈ બિરાજ્યા.

આ તરફથી સુર, નરોરગ, દેવ જયજયકાર કરતા આવ્યા. વિશેષ શું ? બન્ને કેવલીઓની જુદીજુદી ગંધકુટિ રચવામાં આવી. કમલને ન સ્પર્શતા કમલાસનપર બન્ને પરમાત્મા બિરાજમાન છે.

બધા ભવ્ય જનોએ આવીને પૂજા કરી, સ્તોત્ર કર્યું. ત્યાં મહોત્સવ થયો.

દેવેન્દ્રને પ્રશ્ન પૂછવાથી ભરત સર્વજ્ઞે જેવી રીતે ઉપદેશ આપ્યો હતો તેવી રીતે તે કેવલીઓએ પણ ધર્મવર્ષા કરી. ભરતે જેવી રીતે સ્ત્રીઓને દીક્ષા દીધી હતી તેવી જ રીતે તેઓએ પણ સ્ત્રીઓને દીક્ષા આપી.

ઉદ્દંડમતિ, અષ્ટચંદ્ર રાજા, અયોધ્યાંક, અને કેટલાક બીજા રાજાઓએ પણ દીક્ષા લીધી. જ્ઞાનકલ્યાણકની પૂજા કરીને દેવેન્દ્ર સ્વર્ગ લોકમાં ચાલ્યા ગયા. પરંતુ હર હંમેશ અનેક ભવ્યગણ, તપોધન આનંદથી ત્યાં આવતા હતા, અને કેવલીઓનાં દર્શન કરતા હતા. શ્રી કુંતલાવતી અને કુસુમાજી સાધ્વીને બહુ જ હર્ષ થઈ રહ્યો છે. હજુ તેના હૃદયમાં પુત્ર ભાવનાનો અંશ વિદ્યમાન છે. એ બન્નેના હૃદયમાં માતૃ મોહ નથી. પરંતુ માતાઓના હૃદયમાં હજુ સુધી પુત્ર ભાવના વિદ્યમાન છે. તે તો કર્મની વિચિત્રતા છે. તે શરીરના અસ્તિત્વમાં બરાબર રહે જ છે.

વાચકોને પહેલેથી જ ખ્યાલ આપેલો છે કે બાહુબલિના ત્રણ પુત્રો અને અનંત સેનેંદ્રાદિ રાજા પહેલેથી જ દીક્ષા લઈને ચાલ્યા ગયા છે. અર્કકીર્તિ અને આદિરાજે જાતે જ દીક્ષા લીધી પરંતુ તે બધાએ ગંધકુટિમાં પહોંચીને જિનગુરુની સાક્ષીપૂર્વક દીક્ષા લીધી. જ્યારે આમણે તો પિતાના તત્ત્વોપદેશને વારંવાર સાંભળીને પિતાની સમાન જ આત્માને જોતાં થકા જાતે જ દીક્ષા લીધી, બીજા લોકોને એવું સામર્થ્ય ક્યાંથી પ્રાપ્ત થાય ?

પોતાના અંતરંગને જોઈને જે આત્માનુભવ કરે છે તેનો ગુરુ આત્મા જ છે પરંતુ જેને આત્માનુભવ નથી, તેના દીક્ષિત થવાને માટે બીજા ગુરુની આવશ્યકતા રહે છે. આજ સિદ્ધાંત વ્યવહાર કલામાં પણ લાગુ પડે છે. સ્યાદ્વવાદનું રહસ્ય છે.

કોઈ ખોવાએલી વસ્તુ પોતાની શોધથી ન મળી શકે તો બીજા પોતાના સ્નેહી બંધુઓનો સાથ મેળવીને ખોળવી ઉચિત ગણાય છે. જો તે ચીજ પોતાની શોધથી જ મળી જતી હોય તો બીજાની મદદની શી જરૂર છે ?

આ ભાઈઓના દીક્ષિત થયા બાદ કનકરાજ, કાંતરાજ આદિ સાળાઓએ પણ દીક્ષા લઈ લીધી. એ રીતે તેમના માતા પિતા ભાઈ વગેરે બધાં દીક્ષિત થયાં અને બધી બહેનોએ પણ દીક્ષા લીધી. ભાવાજી, રત્નાજી, કનકાવલી આદિ બહેનોએ પણ પોતાના પતિઓની સાથે વૈરાગ્યપૂર્ણ બનીને દીક્ષા લીધી.

ભરતેશ્વરની હાજરીમાં તો આ ભરતભૂમિ સંપત્તિ અને વૈભવથી પૂર્ણ હતી, પરંતુ તેમના જવા પછીથી વૈરાગ્યનો સાગર ઊલટયો હતો અર્થાત્ સર્વત્ર વૈરાગ્ય જ વ્યાપી રહ્યો હતો.

મોહમય કર્મનો જ્યારે સર્વથા અભાવ થયો, ત્યારે મમત્વનો પણ અભાવ થયો. હવે તો તેઓ કેવલી પરમ નિસ્પૃહ છે એટલા માટે બેઉ કેવલીઓની ગંધકુટિ ભિન્ન ભિન્ન દેશોના પ્રાણીઓના પુણ્યાનુસાર ભિન્ન ભિન્ન દિશામાં ચાલી ગઈ. સર્વલોકો જયજયકાર કરી રહ્યા હતા.

પિતાજીએ ઘાતીઆ કર્મનો નાશ કરી બીજે જ દિવસે મોક્ષને પ્રાપ્ત કર્યો હતો. પરંતુ એમને

ઘાતીઆ કર્મોનો નાશ કર્યા પછી થોડા સમય વિહાર કરવો પડયો હતો. પિતાજીની પેઠે ઘાતીઆ કર્મનો તો તરત નાશ કર્યો. પરંતુ અઘાતીઆ કર્મોને દૂર કરવા માટે થોડો વધુ વખત લાગ્યો.

પિતાજીએ પોતાના આયુષ્યનું અવસાન જાણીને દીક્ષા લીધી હતી. પરંતુ એમણે તો આયુષ્યનો ઘણો ભાગ બાકી હતો છતાં દીક્ષા લીધી હતી. એથી જ આયુષ્યને વ્યતીત કરવા માટે ગંધકુટિમાં રહીને થોડો સમય વિહાર કરવો પડયો કે જેનાથી જગતને પરમાનંદ પ્રાપ્ત થયો.

અર્કકીર્તિ અને આદિરાજે કેવલીનો વિહાર કલિંગ, કાશ્મીર, લાટ, કર્ણાટક, પાંચાલ, સૌરાષ્ટ્ર, નેપાલ, માલવા, હુરમુનિ, કાશી, હમ્મીર, બંગાલ, બર્બર, સિંધુ, મગધ અને તુર્કસ્થાન આદિ સર્વ દેશોમાં થયો. એ રીતે સર્વત્ર ઉપદેશામૃતનું પાન કરાવીને બધાને સંતુષ્ટ કર્યા.

જ્યાં ત્યાં ભવ્યોએ હાજર રહીને કેવલીઓની અર્ચા પૂજા કરી વંદના કરી હતી. અને આત્મહિતના પ્રશ્નો પૂછેલા તેમને દિવ્યધ્વનિથી આત્મસિદ્ધિના માર્ગનું નિરુપણ કરીને ઉદ્ધારના માર્ગો બતાવ્યા–

વિશેષ શું વર્ણન કરીએ ? ઘણો વખત ધર્મવર્ષા કરતાં કરતાં બેઉ કેવલીઓએ વિહાર કર્યો. અને લોકોમાં ધર્મ પદ્ધતિનો પ્રકાશ કર્યો. જ્યારે આયુષ્યની સીમા દેખાવા લાગી ત્યારે તેઓએ સમાધિ યોગને ધારણ કર્યો.

અર્કકીર્તિ કેવલીએ રૌપ્યપર્વત પાસે અઘાતીઆ કર્મોને નષ્ટ કરી મુક્તિ પ્રાપ્ત કરી. દેવેન્દ્ર આવ્યા અને નિર્વાણ પૂજા કરીને ચાલ્યા ગયા. એ રીતે થોડા દિવસો પછી આદિ કેવલીએ પણ અઘાતીઆ કર્મોનો નાશ કર્યો. અને તે જ પર્વત પાસે મુક્તિ મેળવી અંતિમ મંગળવિધિ તો આગળ કહ્યા પ્રમાણેની વિધિથી જ કરવામાં આવી, વૃષભનાથ, હંસનાથ આદિ ભરત પુત્રો અને બાહુબલિના પુત્રોએ પણ જ્યાં ત્યાં ગિરિવનોમાં અને નદી કાંઠાપર તપશ્ચર્યા કરી ને મુક્તિ પ્રાપ્ત કરી.

અર્જિકાઓએ ઘોર તપશ્ચર્યા કરીને સ્ત્રી પર્યાયને નષ્ટ કરતાં પુરુષ થઈને સ્વર્ગમાં જન્મ લીધો.

આદિ પ્રભુના નિર્વાણ પછી ચક્રવર્તીની માતાઓને સ્વર્ગ લોકની પ્રાપ્તિ થઈ. ભરતેશના મોક્ષ ગયા પછી એની રાણીઓને પણ સ્વર્ગ લોકમાં પુરુષત્વની પ્રાપ્તિ થઈ. આદિનાથની પછી જ કચ્છ, મહાકચ્છ યોગીઓને મોક્ષની પ્રાપ્તિ થઈ. અને ભરતેશની પછી બાહુબલિ, નમી, વિનમી અને વૃષભસેનને મુક્તિની પ્રાપ્તિ થઈ પ્રણવચંદ્ર ગુણવસંતક મંત્રીએ આદિચક્રેશની સલાહથી આદિનાથ પાસેથી દીક્ષા લીધી અને તપશ્ચર્યા કરીને મોક્ષ ગયા. દક્ષિણ નાગર આદિ ભરતેશના આઠ મિત્રો મંત્રી અને સેનાપતિ પણ દીક્ષિત થઈને મુક્તિએ ચાલ્યા ગયા. કેમકે ભરતેશને છોડીને અન્ય સ્થાને કેમ રહી શકે ?

હવે કોનાં કોનાં નામ લેવાં ? મરીચિ કુમારને બાદ કરતાં ભરતેશ્વરનાં સર્વપુત્રો અને ભાઈઓએ સર્વે મોક્ષ ધામમાં પહોંચી ગયા.

સમ્રાટના જમાઈઓમાંના કેટલાક સ્વર્ગમાં અને કેટલાક મોક્ષમાં ચાલ્યા ગયા. અને પુત્રીઓએ કઠિન તપશ્ચર્યા કરીને સ્વર્ગમાં પુરુષત્વને પ્રાપ્ત કર્યું.

વિમલરાજ, કમલરાજ અને ભાનુરાજે મુક્તિ પ્રાપ્ત કરી લીધી. બાકી રહેલા ભાઈઓમાંથી કોઈએ સ્વર્ગ અને કોઈએ મોક્ષને અનુક્રમે પ્રાપ્ત કરી લીધાં.

દેવકુલને દીક્ષા હોતી નથી. એટલા માટે ગંગાદેવ અને સિંધુદેવ પોતાની દેવીઓ સાથે ઘરમાં જ રહ્યાં. નહિ તો તેઓ પણ ઘરમાં ન જ રહી શકત. આ પ્રકારે માગધામરાદિ વ્યંતરેન્દ્ર પણ વિવશ થઈને મહેલમાં જ રહ્યાં. તેઓ દીક્ષિત થઈ શકે નહિ, નહિ તો તે ઉત્તમ ગુણવાળાઓ ચક્રેશનો વિયોગ સહન કરી ન શક્ત તો પછી આ ભૂભાગમાં કોણ રહી શક્ત ?

તે ભરતેશ્વર ગુરુ હંસનાથ ઉપર મુગ્ધ થઈને ચિત્તરંગમાં તેમને જોતા હતા તેથી સમુદ્રના છેડા સુધીના પૃથ્વીના પ્રજાજન તેમની વૃતિ ઉપર પ્રસન્ન રહેતાં હતાં. આત્મારામ ઉપર કોણ પ્રસન્ન ન થાય ?

એ વાતને જવા દઈએ. વાયુના સામર્થ્યથી વૃદ્ધત્વને પ્રાપ્ત ન થતાં સદા જુવાનીમાં રહેવું શું આશ્ચર્ય જેવું નથી ? છન્નુ હજાર રાણીઓમાં યત્કિંચિત્ પણ મત્સર ઉત્પન્ન ન થવા દેનારા વિવેકી ઉપર કોણ મોહ નથી પામતું ? પરિગ્રહનો ત્યાગ કરીને બધાં મનઃ શુદ્ધિને પ્રાપ્ત કરે છે.પરંતુ પરિગ્રહને ગ્રહણ કરતાં છતાં પણ આત્મશુદ્ધિ કરનારા કેટલા છે ? કોણ છે ? સંપત્તિ હોવા છતાં હલકી વૃતિથી રહેનારા આ લોકમાં ઘણાં છે, પણ ભરતેશ્વરના સમાન સકલ ઐશ્વર્ય સંપન્ન હોવા છતાં ગંભીરતાથી વિષયને જાણવાના પ્રકાર, બુદ્ધિપૂર્વક બોલાવાનો ક્રમ, પ્રજાપરિવારના પાલન પોષણની વ્યવસ્થા આજના સુખ અને આત્મસિદ્ધિ તરફ નજર કરવી એ સર્વગુણ ભરતેશ્વરમાં ભરેલા હતા. મિત્રોનો વિનય, મંત્રીઓને સલાહ, સેનાપતિ માગધામરાદિનો સ્નેહ, સત્કવિ અને વિદ્વાનોનો આદર સત્કાર એ લોકમાં ચક્રેશના સમાન બીજે ક્યાં પ્રાપ્ત થઈ શકે ?

માતાપિતાઓની ભક્તિ, બહેનોની પ્રીતિ, સાળાઓની સરલતા, પુત્ર પુત્રીઓનો પ્રેમ અને સૌથી વધારે સ્ત્રીઓનો સ્નેહ-સંતોષ ભરતેશ્વરના સમાન બીજો કોણ પ્રાપ્ત કરી શકે તેમ છે રાજ્યપાલની બાબતમાં નિશ્ચિંતપણું તપશ્ચર્યા વખતે કાંઈ દુઃખ નહિ હતું સંતોષ જ હતો. અને એ રીતે સંતોષના સાથે જ મુક્તિ ગયા. ધન્ય છે !

મુક્તાત્મા બધા સરખા હોય છે, પરંતુ સંસારમાં અતુલ ભોગની વચ્ચે રહીને પણ આત્મશક્તિને જાણીને ક્ષણ માત્રમાં મુક્તિને પ્રાપ્ત કરવાની યુક્તિ તરફ મારું હૃદય ખેંચાયું. પિતાને બે રાણીઓ હોવા છતાં પણ હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી મુક્તિ જવું પડયું. થોડા લાખમાં ઓછી રાણીઓ હોવા છતાં પણ ભરતેશ્વરે ક્ષણ માત્રમાં મોક્ષ પ્રાપ્ત કરી લીધો એ આશ્ચર્ય છે. પ્રથમાનુયોગમાં પ્રસિદ્ધ ત્રેસઠ શલાકા પુરુષોમાં આ પુરુષોત્તમ ભરતેશ્વરને સર્વશ્રેષ્ઠ માનીને તેની પ્રશંસા સંતોષથી મેં કરી.

ભોગોની વચ્ચે રહેવા છતાં પણ હંસનાથના સમાગમમાં મગ્ન થઈને ક્ષણ માત્રમાં મુક્તિનો પ્રાપ્ત કરનાર ભરત ભાસ્કરનું વર્ણન જો ન કરવામાં આવે તો રત્નાકરસિદ્ધ આત્મસુખી કેવી રીતે થઈ શક્ત. તે તો ગમાર કહેવાને યોગ્ય છે.

શૃંગારને વશીભૂત થઈને, ભોગકથાઓને સાંભળીને ભવ્યગણો ન બગડે એ હેતુથી અંગસુખી

અને મોક્ષસુખી ભરતેશ્વરનું કથન શૃંગાર સાથે વર્ણાવ્યું છે.

મેં કાવ્યમાં દુષ્ટ, દુરાચારી અને નીચ સતીઓનું વર્ણાન નથી કર્યું. અતિશય પુણ્યશાળી ભરતેશ્વર અને તેની સ્ત્રીઓનું વર્ણાન કર્યું જે એનું સ્મરણ કરશે તેના પુણ્યનો બંધ થશે.

આ કથાનું જ્યારે મેં વર્ણાન કર્યું ત્યારે લોકોમાંથી ઘણાને હર્ષ થયો, પરંતુ આઠચાર ગુંડાઓને ઘણું જ દુઃખ થયું. મેં કોઈ લાભની આશાથી કે કીર્તિની લોલુપતાથી આ કૃતિની રચના કરી નથી. કીર્તિતો આપોઆપ આવી મળે છે. પરંતુ કેટલાક ધૂતારા કીર્તિની આશાએ તેની વાટ જોઈ બેસે છે. કીર્તિની ઈચ્છાથી કવિતા બનાવવા લાગી જાય છે, પરંતુ તેઓ આગળ વધી શકતા નથી. તેની કવિતા આગળ વધી શકતી નથી. તેની કવિતા આગળ જઈ શકતી નથી, તેમ નથી કાનને પણ શોભતી લાગતી. પછી કાંઈ પણ ન બની શકે તો થાકીને ''જવા દો આ નવીન કવિતાને'' એમ કહીને જૂનાં શાસ્ત્રોમાં ગરબડ કરે છે. તેવા લોકો એક મહિનામા જે શાસ્ત્રનું અધ્યયન કરી લે છે તે હું એક જ દિવસમાં મેળવી શકું છું. તો પણ એ બાહ્ય વિષયોના પ્રતિપાદનથી શો લાભ છે. શો હેતુ છે ? એમ સમજીને હું અંતરંગમાં મગ્ન રહ્યો. બાહ્ય વાણી પ્રપંચને છોડીને હું રહું છું. પરંતુ ખાઈ, પી, મસ્ત ભટ્ટારકોની પેઠે અનેક બોજાથી તેઓ મુક્ત હોવા છતાં પણ ભવસેન ગુરુની માફક બોલતા હતા.

શરીરમાં રહેલા આત્માને ઉઘાડો કરી તેનું હું નિરીક્ષણ કરતો હતો. પરંતુ તેઓ શરીરને ઉઘાડુ પાડી આત્માને અંધકારમાં રાખતા દુનિયામાં ફરી રહ્યા હતા. ગમે તે પ્રયત્નોથી પણ તેઓ મારું કાઈ બગાડી શક્તા નથી. ઊલટી તેમની જ નિંદા લોકોમાં થવા લાગી. તેનાથી નિરાશ થઈ તેઓ અજ્ઞાની મારા કાવ્યની નિંદા કરવા લાગ્યા. સૂર્યનો તિરસ્કાર કરનાર ઘુવડની પેઠે તર્ક, પુરાણ, આદિના બહાના નીચે મારી કૃતિની નિંદા કરવા લાગ્યા. હું તો તેની પરવા ન કરતાં મૌન રહું છું. પરંતુ વિદ્વાન અને રાજાઓએ પણ તેમને દબાવ્યા. ધ્યાનમાં જ્યારે ચિત્ત ન લાગતું ત્યારે મારા આત્મલીલાની વૃદ્ધિને માટે મેં કાવ્યની રચના કરી. કોઈની સાથે ઈર્ષ્યા કે સ્પર્ધાને વશ થઈ ગ્રન્થ લખ્યો નથી. એટલા માટે મૌનથી રહું છું.

હંસનાથની શક્તિએ કરીને રચેલા કાવ્યને લોકોનો આદર મળવામાં શું શંકા હોય ? મારી સુચના પહેલાં જ વિદ્વાન મુનિગણ અને રાજાધિરાજ એની ચાહના કરીને ઉઠાવી લઈ ગયા.

## કવિ-પરિચય

**મ**ને લોકમાં ક્ષત્રિય વંશ જ, કર્ણાટક ક્ષેત્રના આધાર કહે છે પરંતુ એ બધાં મારાં વિશેષણ નથી એને હું મારા શરીરનાં વિશેષણો સમજું છું. હું સિદ્ધપદ પ્રત્યે મુગ્ધ છું. એટલા માટે રત્નાકરસિદ્ધ કહેવામાં ક્યારેક ક્યારેક મને પ્રસન્નતા થાય છે.

શુદ્ધ નિશ્ચય વિચારથી નિરંજન સિદ્ધ જ હું કહેવાઉં છું. જન્મ, મરણ, રોગ, શોકાદિકથી યુક્ત માતા પિતાના પરિચયથી પોતાનો પરિચય એટલે ઓળખ કરાવે છે. પરંતુ હું તો શ્રીમંધર સ્વામીને જ મારા પિતા કહેવામાં આનંદ માનું છું. મારા જીવનમાં એક રહસ્ય છે. સિદ્ધાંતના તત્ત્વને સમજીને લોકોમાં વિશેષ વાત ન કરતાં તેનું હું આચરણ કરું છું. ચરિત્રમાં બતાવેલું રહસ્ય કોઈ બીજું વિશેષ નથી. આત્મરહસ્ય વળી વિશેષ અધિક છે તેની તો કોઈ હદ નથી.

મારા દીક્ષાગુરુ ચારુકીર્તિ યોગી છે, મોક્ષાગ્ર ગુરુ હંસનાથ છે. આ અક્ષુણ્ણભવ્ય રત્નાકરસિદ્ધ વ્યવહાર નિશ્ચયમાં બહુ દક્ષ છે. દેશના અગ્રગણ્ય ચારુકીર્તિ આચાર્યજીને જ્યારે દીક્ષા આપી ત્યારે શ્રી ગુરુ હંસનાથે તેમા પ્રકાશ આપીને મારી. રક્ષા કરી ગુરુ હંસનાથની કૃપાથી સિદ્ધાંતના સારને સમજીને આત્મલીલાને માટે ''ભરતેશ-વૈભવ'' કાવ્યની રચના કરી છે. આત્મસુખના અભિલાષીઓ તેનું અધ્યયન કરે.

જેની ઈચ્છા હોય તેઓ સાંભળો, જેની ઈચ્છા ન હોય તે ન સાંભળે. ઉપેક્ષા કરે. મને તેમાં કાંઈ વ્યાકુળતા નથી. તેમ સંતોષ પણ નથી. હુંતો કોઈપણ જાતની ઈચ્છા રહિત છું.

ભોગવિજ્ય આદિ લઈને દિગ્વિજય, યોગવિજય, મોક્ષવિજયનું વર્ણન કર્યું છે અને આ પાંચમું અર્કકીર્તિ વિજય છે. આ સ્થળે પંચકલ્યાણકની સમાપ્તિ થાય છે. પાંચવિજયોનું ભક્તિથી અધ્યયન કરીને પ્રભાવના કરે છે નિયમથી પંચકલ્યાણકને પામીને મુક્તિ જાય છે. આ નિશ્ચિત સિદ્ધાંત છે.

ભરતેશ વૈભવ અનુપમ છે. ભરતેશના સમાન જ ભરતેશના પુત્ર પણ રાજ્ય વૈભવનો ભોગ કરીને સામ્રાજ્યના અધિપતિ બન્યા. તે ભરતેશના સાતિશય પુણ્યનું ફળ છે.

આ જિન કથાને જે કોઈ સાંભળે છે તેના પાપ બીજનો નાશ થાય છે. આ લોકમાં તેનું તેજ વધે છે. પુણ્યની વૃદ્ધિ થાય છે. એટલું જ નહિ પણ આગળ વધીને તેઓ નિયમથી અપરાજિતેશ્વરનું દર્શન કરશે.

પ્રેમથી જે કોઈ આ ગ્રન્થનું અધ્યયન કરશે–સ્વાધ્યાય કરશે, ગાશે, સાંભળશે અને સાંભળીને આનંદ પામશે તેઓ નિયમથી દેવલોકમાં જન્મ લઈને કાલ શ્રીમંધરસ્વામીનું દર્શન કરશે.

વૃષભ મહિનાથી આરંભીને કુંભ મહિનામાં આ કૃતિ પૂરી કરી છે. એટલા માટે હે વૃષભાંક હંસનાથ ! ચિદંબર પુરુષ પરમાત્મન્ ! તમારી જય હો.


''હે સિદ્ધાત્મન્ ! આનંદ નાટયાવલોકનમાં દક્ષ હો. બ્રહ્માનંદ સિદ્ધ હો ! સમૃદ્ધ હો ! ધ્યાનૈક ગમ્ય હો ! હે મોક્ષ સંધાન ! નિરંજન સિદ્ધ ! મને સન્મતિ આપો એ જ મારી પ્રાર્થના છે.''

ભરતની પુણ્યભૂમિ ઉપર જે અનેકાનેક નરરત્નો વિચર્યા છે તેઓમાંના એક મહાન આત્મવિજ્ઞાની ભરતેશનું મંગલ-જીવન, આ ભવાટવીના ગાઢ અંધકારમાં ભટકતા આત્મજ્ઞાન વિહીન માનવીઓને યથાર્થ વસ્તુસ્થિતિનું સ્વરૂપ સમજાવી રહ્યું છે. ભરતની અપૂર્વ સંસ્કૃતિ દર્શાવતા વાસ્તવિક ઈતિહાસમાંથી ભરતેશનું ઉદાત્ત, ધીર અને ધાર્મિક જીવનપુષ્પ ચૂંટીને તેની મુક્તિપ્રેરક સુવાસ ગ્રંથકારે માનવ સમુદાયમાં ફેલાવવાનો મહાન પ્રયાસ કર્યો છે.

ભરતેશના અનેકવિધ વૈભવ સર્જનના પાયારૂપ બે તત્ત્વો છે. પુણ્ય અને ધર્મ. પુણ્યના નિમિત્તે વૈભવ અને સાનુકૂલ સંયોગો પ્રાપ્ત થયા અને ધર્મના નિમિત્તે શ્રદ્ધા, જ્ઞાન, ઉદાસીનતા ને વૈરાગ્ય પ્રગટયાં. આ બે તત્ત્વોના કેન્દ્રમાં જ ભરતેશનું જીવન રચાયું છે.

ધરતીના એક છેડાથી બીજા છેડા સુધી પોતાના સૈનિકોને દોરતો ભરતેશ અપૂર્વ સમ્રાટ છે. અને તે જ ભરતેશ ભૂલ્યા-ભટક્યા માનવીઓને આત્મજ્ઞાનના પંથે દોરતો સન્માર્ગદર્શી પણ છે. છ ખંડોનો મહાન સમ્રાટ પણ ભરતેશ છે. અને છતાં તે પ્રત્યે ઉદાસીનતાથી વર્તતા યોગી જેવો પણ તે જ છે. છ ખંડના ધન-દોલતનો સંયોગ હોવા છતાં તે તો આત્મસંપત્તિનો જ સ્વામી રહ્યો છે. સંપત્તિના ઝાળાં, વિભવનો પંક અને રણવાસની લપસણી ખીણમાં રહેવા છતાં પણ ભરતેશના આત્મજ્ઞાન ને આત્મધ્યાનની પુનિત આદર્શ આત્મજ્યોત અવિચલ અખંડ પ્રજ્વલિત રહી છે. એ આત્મવિજ્ઞાની સંસારની અનેક વિકલતાઓની મધ્યમાં પણ પોતાના આત્માને ભૂલ્યો નથી. ભરતેશનું જીવન એટલે સામાન્ય માણસને વિરોધાભાસી લાગે છતાં ધર્મ ને સજ્જનતામય નીતિપૂર્ણ મહાન ગુણોનો તે ભંડાર છે. એમનું જીવન બતાવે છે કે વિલાસની મધ્યમાં જલકમલવત્ રહીને દરેક પ્રસંગમાં તેમનું આત્મવિજ્ઞાન નીતરી રહ્યું છે. ભરતેશ એટલે આ અપૂર્વ સિદ્ધિનું મૂર્તિમંત પ્રતિક, ભરતેશ એટલે બાહ્ય ભોગ હોવા છતાં આંતરિક ત્યાગ, સત્તા હોવા છતાં સંયમ, આસક્તિ દેખાવા છતાં યોગ, સંપત્તિ હોવા છતાં વૈરાગ્ય, સામ્રાજ્યનો સંબંધ હોવા છતાં સંત; આ બધાનું મેળબદ્ધ એકત્રિત પ્રસંગોનું ચરિત્ર ભરતેશ કે જે અનુકરણીય એક આદર્શ વ્યક્તિ છે.

ભરતેશ પુણ્યાત્મા પણ છે અને ધર્માત્મા પણ છે. પુણ્યના નિમિત્તે તેને અખૂટ અને અમાપ બાહ્ય સંપત્તિનો સંયોગ થયો, પણ ધર્માત્મા ભરતેશ એ બધામાં જ્ઞાનથી અધિક થઈને સદા નિર્મોહી અને આત્મશ્રદ્ધાળુ રહીને ધર્મબળે પુણ્યનો જ્ઞાતા રહી આત્મજ્ઞાનની મશાલ હાથમાં લઈ ધર્મના પંથે પ્રયાણ કરી ગયા. તેની પ્રતીતિ ભરતેશના જીવન ઈતિહાસનું પ્રત્યેક પૃષ્ઠ આપી રહ્યું છે.



ભરતેશ ચક્રવર્તી છે - છ ખંડના અધિરાજ છે. છ ખંડના અધિપતિની બાહ્ય સંપત્તિની કથાનું બ્યાન કરતાં ગ્રંથકારે સર્વત્ર ભરતેશે નિશ્ચયની-શુદ્ધ આત્માની જ-શ્રદ્ધા અંતરંગમાં નિરંતર કેવી રીતે પરોવી રાખી છે, તેઓએ પોતાનું અંતરંગ હૃદય પરથી કેવી રીતે નિરાળું રાખ્યું છે, ઉદાસીન રહીને આત્મવિજ્ઞાનની જ ધારા કેવી રીતે વહાવી રાખી છે, દરેક કાર્યને પ્રસંગમાં આત્મસન્મુખપણું કેવી રીતે સાધ્યું છે તે સચોટ ને સુગમપણે દર્શાવ્યું છે.

અદ્ભુત શક્તિશાળી, મહાન વિજેતા, અદમ્ય સત્તાધીશ, અદ્વિતીય નરેન્દ્ર ને વૈભવી સમ્રાટ ભરતેશના વૈભવોનું વર્ણન કરવાની સાથે ગ્રંથરચિતા કવિ 'રત્નાકરે' તેનું આત્મજ્ઞાન, વિનમ્રતા, વિવેકીતા, વૈરાગ્ય, ઉદાસીનતા ને નિરપેક્ષતાનું સ્પષ્ટ દર્શન કરાવ્યું છે. આવા ધાર્મિક અને આત્મજ્ઞ પાત્રની કથાને રજૂ કરવાનો અહીં એક નમ્ર પ્રયાસ કર્યો છે.